# બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

## ભાગ-૩

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવ પ્રકાશન

# બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

## ભાગ-૩

લેખક
સાધુ ઈશ્વરચરણદાસ

પ્રકાશક
**સ્વામિનારાયણ અક્ષરપીઠ**
શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

# BRAHMASWARUP YOGIJI MAHARAJ, PART-3

(Biography of Brahmaswarup Yogiji Maharaj)

By Sadhu Ishwarcharandas

**Inspirer:** HDH Pramukh Swami Maharaj

**Presented by:**
Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

**Publishers:**
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

**3rd Edition:**
May 2005. Copies: 5,000 (Total copies: 11,000)



**ISBN:** 81-7526-284-2

**રજૂકર્તા :** બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

**પ્રેરણામૂર્તિ :** પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

**લેખક :** સાધુ ઈશ્વરચરણદાસ



**તૃતીય આવૃત્તિ :** મે ૨૦૦૫

**પ્રત :** ૫,૦૦૦ (કુલ પ્રત : ૧૧,૦૦૦)

**મુદ્રક અને પ્રકાશક :**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ**
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

# ક્રમિકા

## પ્રેમલધારા - ૫



## પ્રેમલધારા - ૬

## પ્રેમલધારા - ૭



## પ્રેમલધારા - ૮



## પ્રેમલધારા - ૯

## પ્રેમલધારા - ૧૦



## પ્રેમલધારા - ૧૧



## પ્રેમલધારા - ૧૨

**પ્રેમલધારા - ૧૩**



**પ્રેમલધારા - ૧૪**



**પ્રેમલધારા - ૧૫**



**પ્રેમલધારા - ૧૬**

**પ્રેમલધારા - ૧૭**



**પ્રેમલધારા - ૧૮**

## પ્રેમલધારા - ૧૯



## પ્રેમલધારા - ૨૦

## પ્રેમલધારા - ૨૧



## પ્રેમલધારા - ૨૨

**પ્રેમલધારા - ૨૩**



**પ્રેમલધારા - ૨૪**

## પ્રેમલધારા - ૨૫



## પ્રેમલધારા - ૨૬



# અંધારખંડમાં ગુણાતીત ઉજાસ

આફ્રિકાની ભાગ્યવતી ભૂમિ પુનઃ એક વાર સંત-ચરણરજથી પાવન થઈ. સત્સંગના ઇતિહાસમાં નવું પ્રકરણ ઉમેરાયું. દેશમાંથી આવી વસેલા, છતાં પરદેશી રહેણીથી ટેવાયેલા સત્સંગી અથવા મુમુક્ષુઓ માટે સત્સંગનો વારસો ટકાવવો સાચે જ મુશ્કેલ બન્યો હતો. પરંતુ નિર્ગુણ સ્વામીના પ્રેરક પત્રો, મગનભાઈની નિષ્ઠાસભર વાતો અને શાસ્ત્રીજી મહારાજની કૃપાદૃષ્ટિથી વિદેશમાં પણ ગુણાતીત જ્ઞાનના બાગ ખીલ્યા.

સ્વામીશ્રીના પ્રથમ પ્રવાસે તેમાંથી વિશાળ ઉદ્યાન બન્યું. અનેક ભાવિકો આકર્ષાયા. મોમ્બાસામાં પ્રતિષ્ઠા થઈ. કંપાલા, જિન્જા અને ટરોરોના ભક્તો પણ મંદિર કરવા કટિબદ્ધ થયા. પ્રતિદિન વિકાસ થતો ગયો. ભક્ત-સમૂહ વધતાં સ્વામીશ્રીનાં દર્શનની ખેંચ વધી. સમાગમની ભૂખ પણ વધી અને ફરી એક વાર સ્વામીશ્રીના આગમનના સમાચારે સૌ પુલકિત થઈ ગયા.

તા. ૨૪-૧૦-'૫૯, શાંતાક્રુઝ ઍરપોર્ટ પર વિદાય આપવા આવેલા ૩,૦૦૦થી વધુ હરિભક્તોએ જયનાદ અને હારતોરાથી સ્વામીશ્રી પ્રત્યે શુભેચ્છા વ્યક્ત કરી. બે કલાક સૌને દર્શન-સુખ આપી, સ્વામીશ્રીએ અહીં કથાવાર્તા પણ કરી. વિમાન એક કલાક મોડું હતું. હરિભક્તો સ્વામીશ્રીની મૂર્તિને જાણે પી રહ્યા હતા. એકાએક વિમાનમાં બેસવાનું તેડું આવ્યું અને નિઃસ્તબ્ધ શાંતિ છવાઈ ગઈ. ગદ્ગદ થતા હરિભક્તો સ્થિર અને મૌન બની ગયા અને સ્વામીશ્રીએ વિદાય લીધી.

સવારે ૫-૪૫ વાગ્યે એડન આવતાં ગિરધરભાઈ, પુરુષોત્તમભાઈ વગેરે ૨૦૦ જેટલા હરિભક્તોએ સ્વાગત કર્યું. વિમાની મથક ઉપર ૪૫ મિનિટના રોકાણમાં પ્રાતઃક્રિયા બાદ આશીર્વચન આપી, સ્વામીશ્રી પ્લેનમાં બિરાજ્યા. બપોરે ૧૨-૩૦ વાગ્યે સુખરૂપ નૈરોબી પહોંચ્યા.

સ્વામીશ્રી તેમજ પ્રમુખસ્વામી, સંતવલ્લભ સ્વામી, બાલમુકુન્દ સ્વામી તથા વિનુ ભગતને મુશ્કેલી ન નડે, તે માટે નૈરોબીથી ખાસ લેવા આવેલા વિનોદભાઈ એચ. પટેલ તથા વિમાનના કર્મચારીઓનો પણ સહકાર સારો હતો.

સ્વામીશ્રી કહે : '૧૫ હજાર ફીટ પ્લેન ઉપર ચઢે તે આ માનવીએ શું કર્યું છે !' પછી કહે : 'અક્ષરધામમાં જવા આથી પણ મોટાં ગરુડ અને વિમાનો આવતાં હશે. ત્રણ માઈલ ચઢ્યા તે કેવી બીક રહે છે ! તો અક્ષરધામ તો બહુ જ છેટું છે. પણ આત્મારૂપ થઈએ તો કાંઈ ન થાય.'

પછી જાણે ભગવાનનો આભાર માનતા હોય તેમ કહેવા લાગ્યા : 'આમાં તો લાખોપતિ બેસે; પણ કોઈને એમ થતું હશે કે 'આ સાધુ ક્યાંથી ગરી ગીઆ ?' અહોહો ! કેવો મોટો ભગવાનનો પ્રતાપ ! ભગવાનની કૃપા જ છે !'

સ્વામીશ્રી પધાર્યાથી સર્વત્ર આનંદ હતો. પોતાની પ્રેયસ્ અને શ્રેયસ્ મૂર્તિના આગમને હરિભક્તોનો ઉત્સાહ હિલોળા લેતો હતો. પાંચ વર્ષે થતાં આ દર્શન માટે હજારો આંખો આતુર હતી. અહીંના પ્રતિષ્ઠિત મહાનુભાવો માનનીય મદન ત્રવાડી, 'કેન્યા ડેઈલી મેલ'ના તંત્રી રવિભાઈ પંડ્યા, 'આફ્રિકા સમાચાર'ના તંત્રી ભટ્ટ સાહેબ, સત્સંગ મંડળના ઉપપ્રમુખ રણછોડભાઈ, ગિરધરભાઈ વગેરેએ સ્વામીશ્રીને ઍરપોર્ટ ઉપર જ સન્માન્યા. જયનાદોથી વાતાવરણ ભક્તિભીનું બન્યું. સૌ મોટરકાર દ્વારા મંદિરે આવવા નીકળ્યા ત્યારે જાણે મોટરોની લાંબી સ્વાગતયાત્રા નૈરોબીના માર્ગો ઉપર સરકી રહી હતી.

'લુહાણા મહાજન વાડી'ના નિવાસ સ્થાને બાળકો-યુવકોએ પણ વંદના કરી સલામી આપી. હારતોરા તથા પૂજન બાદ સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા.

વિમાનમાં સંતોની તમામ મર્યાદા સચવાઈ હોવા છતાં સ્વામીશ્રી સહિત સૌએ ઉપવાસ કર્યો હતો. હરિભક્તોએ સમૂહ ભોજન કર્યું. સાંજે 'લુહાણા મહાજન હૉલ'ની જાહેર સભામાં લાભ આપી, રાત્રિસભામાં સ્વામીશ્રીએ વચનામૃત સા. ૧૮ વંચાવી સંગશુદ્ધિ, સુહૃદભાવ અને સ્વભાવ જીતવા ઉપર પ્રેરક વાતો કરી.

તા. ૨૬-૧૦-'૫૯, પુષ્કળ ઠંડી હોવાથી સ્વામીશ્રી દસથી બાર ગરમ ધાબળા વગેરે ઓઢી પોઢ્યા હતા. એનાથી ગરમી વધી જાય એટલે થોડાં ઓઢણ કાઢી નાખે. તો ઠંડી લાગે. એમ 'ઠંડી-ગરમી લાગે છે' એવી મનુષ્યલીલા કરીને પણ સ્મૃતિ આપતા.

મુંબઈથી નીકળ્યા ત્યારથી સ્વામીશ્રીએ હજુ પાણી પણ લીધું નહોતું. તેથી

સખત ઉપવાસ લાગ્યો હતો. મોડી રાત્રે બે વાગ્યે સ્વામીશ્રીએ વિનુ ભગત તથા મને ઉઠાડ્યા. અમે ભર ઊંઘમાં હતા, તેથી ઝોલાં ખાતાં સૂઈ ગયા. તો ફરી જગાડ્યા. દેશમાં ટ્રેનની બારી પડવાથી સ્વામીશ્રીની આંગળીનું નૈયું પાક્યું હતું. તેથી હાથ ધોવડાવવા, કૌપીન ધોવડાવવી, નવરાવવા વગેરે દેહક્રિયામાં મદદ આવશ્યક જ હતી. વળી, અજાણ્યો ઉતારો, તેથી ન છૂટકે સ્વામીશ્રીએ અમને ઉઠાડ્યા હતા.

વહેલી સવારે ૩-૩૦ વાગ્યે પ્રાતઃકર્મ બાદ પૂજા કરી, પારણામાં નહિવત્ લીંબુનું શરબત લીધું. અનેક જ્યુસ અને ફળો તૈયાર હતાં, પણ અરુચિ બતાવી અન્ય સંતોને વહેંચી દીધું. સવારે સ્વામિનારાયણ મંદિરે ખાસ દર્શને પધાર્યા. ઉતારે આવી ખીચડીનાં પારણાં કરી, સી.એમ. પટેલની ગાડીમાં ટરોરો જવા નીકળ્યા. ઘણા હરિભક્તો વળાવવા સાથે આવ્યા હતા. સ્વામીશ્રીએ તો મોટરમાં જ કથા શરૂ કરી દીધી.

રસ્તામાં નૈવાસામાં એક દુકાને પધરામણી કરી, નકુરુ હીરજીબાપાના આગ્રહથી રામજી મંદિરમાં દર્શન કરી, એલ્ડોરેટ ચુનીભાઈ તથા કેશવભાઈને ત્યાં પધરામણી કરી, રાતે ટરોરો આવી પહોંચ્યા.

સરહદ ઉપર જ યુગાન્ડાના અનેક હરિભક્તો, યુવકોએ સ્વાગત કર્યું. શોભાયાત્રા દ્વારા મંદિરે આવી, મોડી રાત સુધી કથાવાર્તાનો લાભ આપ્યો. અરવિંદભાઈ, કનુભાઈ, જશભાઈ, બળભદ્રભાઈ[૧] વગેરે યુવકોએ અહીં ખૂબ સેવા કરી. વળી મ્બાલે, બુકેડિયા, કીડન્ગોલી, બુશિયા, મઘોડસ, મજાન્જી, ગોન્ગેરા વગેરે ગામોના હરિભક્તોએ પણ લાભ લીધો.

તા. ૨૭-૧૦-'૫૯, મગનભાઈના સમાધિ સ્થાને દર્શને ગયા ત્યારે સ્વામીશ્રી કહે : 'આ અક્ષર દેરી જેવું ચમત્કારિક સ્થાન છે.'

બુગેરી થઈ જિન્જા પધાર્યા. રેલવે સ્ટેશને શાનદાર સ્વાગત થયું. મણિભાઈના ઘરે ઠાકોરજી જમાડી સાંજે કંપાલા જવા નીકળ્યા. રસ્તામાં રણછોડભાઈને અહીંનું વાતાવરણ, જમીન, પાક તથા વસતી વિશે અનેક પ્રશ્નો પૂછી આનંદ કરાવ્યો.

## કંપાલામાં ભવ્ય સ્વાગત

સ્વામીશ્રી કંપાલા આવતાં જ જયનાદનો બુલંદ ઉદ્‌ઘોષ થયો. સ્વામીશ્રીને

---

૧. હાલ, શ્રીહરિ સ્વામી.

સુશોભિત ખુલ્લી કારમાં બિરાજિત કરી સૌ ઉમંગભેર નગરયાત્રામાં જોડાયા. બૅન્ડ અને ધૂન બોલતાં બાળકો-યુવાનો પછી કચ્છી અને સુરતી ભજન મંડળીઓ, સ્વામીશ્રી અને સંતો બાદ હરિભક્તો તથા સકળશ મહિલા-વૃંદથી શોભાયાત્રા વધુ સુંદર દેખાતી હતી. સનાતન ધર્મ મંદિરે દર્શન કરી, સૌ નવા બંધાયેલા સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. રસ્તામાં હજારો ભાવિકો, યુરોપિયનો અને આફ્રિકનોએ આતુરતાપૂર્વક દર્શન કરી, અપૂર્વ દશ્યો કૅમેરામાં ઝડપી લીધાં.

આશીર્વાદ બાદ સ્વામીશ્રી રણછોડભાઈને બંગલે ઉતારે પધાર્યા. સ્વામીશ્રી શ્રમિત હોવાથી આરામ માટે બધાનો આગ્રહ હોવા છતાં રાત્રિસભા અને ચેષ્ટાગાન બાદ જ આરામમાં પધાર્યા.

સ્વામીશ્રી અહીં વહેલી સવારે ઊઠીને તરત હું તથા વિનુ ભગત સૂતા હોઈએ ત્યાં બહારના બેઠક ખંડમાં અમારી પાસે આવે. નીરવ શાંતિ હોય, સૌ સૂતા હોય. સ્વામીશ્રી ધીરે ધીરે રૂમમાં પધારે. અમારો એક પગનો અંગૂઠો પકડે, સહેજ હલાવે અને હળવા સાદે બોલે : 'ઊઠો, ઊઠો...' અમે સફાળા બેઠા થઈ જઈએ અને સ્વામીશ્રી આ બ્રાહ્મમુહૂર્તમાં એમની આગવી શૈલીમાં શિષ્યો સાથે ગોઠડી માંડે. નિયમની દૃઢતા, ગુરુમહિમા, સાધુ થવાની વાતો, એમના શબ્દે શબ્દે પ્રતીતિનો રણકાર, બ્રહ્માનંદની મોજ આપી દેવાની ઉદારતા, તેમજ આત્મિક આનંદની ખુમારી ઝરતી રહેતી.

નિત્યક્રમ પછી પૂજા કરે તે પહેલાં કેટલાંક હરિભક્તો અને બહેનો વહેલાં આવી, ટેકરી પર આવેલા એ બંગલાની પ્રદક્ષિણા પણ ફરતાં, કેમ કે આ તો જંગમ-તીર્થ સ્વામીશ્રીનું નિવાસ સ્થાન હતું.

પછી ઉકાળા સાથે વઘારેલા મમરાનો સામાન્ય નાસ્તો લઈ મંદિરે સભામાં પધારે. પધરામણીઓ બાદ ઉતારે આવી, ઠાકોરજી જમાડી, બે વચનામૃત અને જ્ઞાન-ગમ્મતની રસલહાણ અચૂક કરાવે. જેમ જ્ઞાન પીરસવાનો ઇશક તેમજ પ્રસાદ જમાડવાનો પણ ઇશક. સ્વામીશ્રી કહેતા : 'એકલા જમવામાં શું સવાદ ? આપણને એકલા મજા ન પડે.' એમ સૌને આગ્રહ કરી સાથે જમવા બેસાડે અને પ્રસાદ પણ આપે.

સાંજે મંદિરમાં આરતી-કથા અને રાતે જ્ઞાનગોષ્ઠિ અને ચેષ્ટાગાન થતાં. વચ્ચે વચ્ચે ઊડતી રમૂજની છોળો, દૃષ્ટાંતોનો રસાળ આસ્વાદ, ઊંડો અધ્યાત્મ-બોધ એટલો સાહજિક અને આનંદદાયી રહેતો કે દિવસ જાણે પલકારામાં પસાર થઈ જતો.

ઠંડી હોવાથી ઇલેક્ટ્રિક સગડી સ્વામીશ્રી પાસે રાખવામાં આવે, તો કહે : ‘એનાથી માથું દુ:ખે છે.’ એમ કહી કોલસાની સગડી પસંદ કરતા. એ તૈયાર કરવાની સેવાનો હંમેશાં લાભ મળતો.

એક દિવસ ઉતારે રણછોડભાઈના બંગલે સ્નાન કરવા જતાં, આગળના ઓરડામાં પાંજરામાં એક પોપટ રાખેલો તેને જોવા લાગ્યા. સ્વામીશ્રી ક્યારેય પશુ-પક્ષીઓને દૃષ્ટિ માંડીને જોતા નહીં, પણ આજે એને સામેથી બોલાવવા માંડ્યા : ‘પોપટ ! બોલ.’ તે કાંઈ બોલ્યો નહીં, જાણે દર્શનમાં લીન ન હોય ! સ્વામીશ્રી હસતાં હસતાં કહે : ‘રણછોડભાઈ બોલાવે તો બોલે, આપણાથી ન બોલે. કાંઈ નહીં, સંસ્કાર પડ્યા !’ પછી સ્નાન કરવા પધાર્યા.

## અદ્‌ભુત અન્નકૂટોત્સવ

છેલ્લાં ૩૦ વર્ષથી ગોંડલ ઊજવાતો આ ઉત્સવ સ્વામીશ્રીએ આર.યુ. પટેલ તથા આફ્રિકાના હરિભક્તોના ભાવને વશ થઈ અહીં ઊજવવા સંમતિ આપી હતી. ૫૦૦ જેટલી વાનગીઓ બનાવવામાં બહેનોની સેવા અભૂતપૂર્વ રહી. સાથે આશાભાઈ, પ્રભુદાસભાઈ તેમજ ચંદુભાઈ વગેરે હરિભક્તોનો સહકાર પણ ઘણો હતો.

તા. ૩૧-૧૦-’૫૯, દિવાળીએ લક્ષ્મી-પૂજન તથા ગણેશ-પૂજન થયું. સ્વામીશ્રીના આશીર્વાદ લઈ સૌએ ચોપડા-પૂજનનો લાભ લીધો.

બેસતા વર્ષના શુભ દિવસે સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે યુવકોએ આખી રાત જાગી ભવ્ય અન્નકૂટ ગોઠવી દીધો હતો, જે ખરેખર ભવ્ય હતો ! ૪૦ ફૂટ લાંબાં અને ૧૨ ફૂટ ઊંચાં પગથિયાં ઉપર ગોઠવાયેલો અન્નકૂટ, કદાચ સંપ્રદાયના ઇતિહાસમાં આજ લગી નહીં થયો હોય !

સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને પધરાવી આરતી કરી. થાળ પણ કર્યો. આ પર્વનો લાભ લેવા મોમ્બાસા, નૈરોબી, જિન્જા, ટરોરો એમ દૂર દૂરથી હરિભક્તો આવી પહોંચ્યા હતા. નૂતન વર્ષના આશિષ આપતાં સ્વામીશ્રીએ અમૃત વચનો કહ્યાં :

‘ભગવાન ભજીએ છીએ, બહુ મોટો લાભ થયો છે... કોટિ કલ્પે ભગવાનનું ધામ ન મળે, તે આવા સાધુને હાથ જોડવાથી મળે છે. શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ છે. (૧) આપણા મંડળમાં સંગઠનભાવ, સંપ અને સુહૃદભાવ સૌને વધે; અને શાસ્ત્રીજી મહારાજ તન, મન, ધનથી સૌને સુખી

રાખે. (૨) મહારાજ જમે. (૩) નિર્દોષબુદ્ધિ ભગવાનના ભક્તમાં થાય; હરિભક્તનો પક્ષ રાખવો, સુખ-દુઃખમાં ભીડો ખમવો. (૪) અહીંથી સત્સંગીઓ દેશમાં જઈને બેસી ન રહે, સત્સંગ કરે. અને (૫) ભક્તચિંતામણિ, પ્રકરણ ૬૪ સિદ્ધ થાય. આ પાંચ આશીર્વાદ શાસ્ત્રીજી મહારાજે આપ્યા છે.'

અહીંથી ૮-૦૦ વાગે નીકળી સ્વામીશ્રી જિન્જા પધાર્યા. 'ઓવન ફૉલ્સ' પાસે સ્વાગત થયા બાદ મંદિરે આવ્યા. અહીં પણ બહેનોએ દર વર્ષની જેમ અન્નકૂટ તૈયાર કર્યો હતો. દર્શન-આરતી બાદ જયંતભાઈ માધવાણી વગેરેને આશીર્વાદ આપી, મોટરમાં કથાવાર્તા કરતા કંપાલા આવ્યા. યુવકોના સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ, આરતી કરી સૌને પ્રસાદ વહેંચ્યો. સાંજે ફરીથી અન્નકૂટની આરતી કરી, ઉતારે પધાર્યા.

## પૂર્વના સંસ્કાર ભેળાવા ન દેવા

આ શુભ દિવસે દેશના સત્સંગીઓને સ્વામીશ્રી કેમ ભૂલે ? એથી નૂતન વર્ષના આશીર્વાદનો એક પત્ર દેશના તમામ યુવકો તથા હરિભક્તોને સંબોધીને લખ્યો, જે આ પ્રમાણે હતો :

*'હવે તમો યુવકો કટિબદ્ધ તૈયાર થાવ. આખા દેશના યુવકો કટિબદ્ધ તૈયાર થાવ. આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ ને પક્ષમાં શૂરવીરપણું રાખો. ને જે જે તમારા સંબંધમાં આવે તેને જ્ઞાનની વાત કરવી, ધર્મની વાત કરવી, ભક્તિની વાત કરવી. નિર્દોષબુદ્ધિ રાખવી. તમારો મહિમા હું એટલો બધો સમજી ગયો છું કે તમો બધા બ્રહ્મવિદ્યા માંહીલા પુરુષ આવ્યા છો, તો આટલી નિષ્ઠા બેઠી છે. તો હવે તમો આખા દેશના યુવકો પૂર્વના સંસ્કારી છો, એમ માનીએ છીએ. માટે તમે કોઈ કુસંગના જોગે કરીને પૂર્વના સંસ્કાર ભેળાવા ન દેવા. મહારાજ-સ્વામીનું બળ રાખવું. આપણને સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજ સ્વામી મળ્યા છે. તો તેમનું બળ રાખવું.*

*'જે યુવકો અભ્યાસ કરતા હોય તેમણે આઠ કલાક વાંચવું, જરાપણ તેમાં વિરામ ન પામવો, ને કોઈ વખત નપાસ ન થવું, એ અમારી ખાસ આગ્રહભરી વિનંતી છે. જો કોઈ યુવક નપાસ થાશો ને પરિણામ સારું નહીં લાવો, તો સ્વામીશ્રીનો રાજીપો ઓછો થઈ જાશે. માટે નિશાન ઉપર સૂરત રાખવું. બાકીના ભાગમાં કથાવાર્તા કરવી. રવિવારે સભા ભરવી. યુવકો વધારવા. જો તમે યુવકો વધારશો ને સ્વામી-શ્રીજીની પ્રેરણા મળશે, તો ધાર્યા કરતાં ઘણા*

*યુવકો એકાંતિક ધર્મ સિદ્ધ કરશે ને આધિ, વ્યાધિ ને ઉપાધિથી નિવૃત્ત થશે. અમે આફ્રિકા આવ્યા છીએ તો મારા વતી તમામ યુવકોએ બબ્બે માળા ફેરવવી. એટલે આફ્રિકાનું નિશાન પાડીને, સત્સંગનો પ્રચાર કરીને, સત્સંગ વધારીને અમે દેશમાં આવી જઈએ. માટે આ આશીર્વાદ આપ બધાને લખ્યો છે તે માન્ય રાખશો ને તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરશો.*

*'આનંદ કરવો. પોતાને બ્રહ્મરૂપ માનવું. દેહનો અનાદર રાખવો. ને જે પત્રિકામાં દોરવણી લખે તે પ્રમાણે દર રવિવારે સભા ભરવી ને બળ રાખવું. તો તમારા જીવમાં સાક્ષાત્ સ્વામી-શ્રીજી બિરાજશે, શાસ્ત્રીજી મહારાજ બિરાજશે. ને તમોને કાંટો ચડી જશે કે તમો બીજા યુવકોને એકાંતિક બનાવશો. આ નૂતન વર્ષના, બેસતા વર્ષના મારા અંતરના આશીર્વાદ છે. ને અમે જ્યારે આવીએ ત્યારે તમને જોઈને રાજી થઈએ. તો સહુ સિદ્ધાંત પર નજર રાખી, ગ.મ. ૨૨મું વચનામૃત સિદ્ધ કરવું.*

*'શ્રીજીમહારાજે સિંધુડા વગાડ્યા છે. અજ્ઞાનરૂપી અંધારું કાઢી નાખ્યું છે અને સૌને શાંતિ આપી દીધી છે. તો હવે બળ રાખીને બેસતા નવા વર્ષમાં પત્રિકા દ્વારે આ અમારો સંદેશો પહોંચાડજો. તેથી તમામ યુવકો તથા મોટાં મંડળોને લાભ મળે. મોટા મંડળને માલૂમ થાય જે, તમો પણ તૈયાર થાવ. ગ.મ. ૨૨નું સિદ્ધ કરશો ને આજ્ઞા, ઉપાસના દૃઢ રાખો. આ મારી આટલી ભલામણ છે, તો જીવમાં ઉતારશો ને ખુમારી રાખજો. ને મોળા ન પડવું, બળ રાખવું. તમારે પણ દૂર દેશમાં જઈને દૂર દેશમાં નિષ્ઠા - સત્સંગની, મહારાજના સ્વરૂપની કરાવવી પડશે. બળ મહારાજ-સ્વામી પ્રેરશે. માટે આટલી અમારી ઈચ્છા પૂરી કરજો. થોડું લખ્યું ઘણું કરીને માનવું. પ્રકાશ ને પત્રિકાના ઘરાક થજો, એમાં સ્વામીનો બહુ રાજીપો છે.*

*'એ જ દ. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી જય સ્વામિનારાયણ.'*

✧

આ દિવસોમાં દેશમાં રૂંદેલ ગામે નરસિંહભાઈ લલ્લુભાઈ પટેલના ૨૮ વર્ષના યુવાન પુત્ર કનુભાઈ ફટાકડાથી ખૂબ દાઝી ગયા હતા. જલદી જલદી ફટાકડા ફોડવાના વેગમાં એક તણખો કનુભાઈના ખિસ્સામાં ભરેલા ફટાકડામાં પડ્યો. તે એકાએક ફૂટતાં જ કનુભાઈનો આખો જમણો પગ સખત દાઝી ગયો. તેથી તેમને તાત્કાલિક બોચાસણના સાર્વજનિક દવાખાનામાં દાખલ કર્યા અને સારવાર શરૂ કરી.

નરસિંહભાઈનાં બહેન ચંચળબાને આ ખબર મળતાં તેઓ દવાખાને આવ્યાં. તેમણે ભક્તિભાવે નરસિંહભાઈને કહ્યું : 'તમે બોચાસણ પૂનમ ભરવાની માનતા રાખો, તો મટી જશે.' પણ નરસિંહભાઈએ એ વાત બહુ કાને ધરી નહીં. ચંચળબાને દુઃખ તો થયું, પણ તેમણે પ્રાર્થના કરવા માંડી.

અવિરત પ્રાર્થનાના બળે સ્વામીશ્રીએ એક રાતે કનુભાઈને દર્શન આપ્યા. એક સંત સાથે પધાર્યા અને કનુભાઈને માથે હાથ ફેરવી કહ્યું : 'તમારે બોચાસણ મંદિરે દર્શન કરવા આવવું.'

'પણ સ્વામીજી ! હું પગે દાઝ્યો છું ને ચાલી શકાતું નથી. તો કેવી રીતે આવું ?' તેમણે કહ્યું.

સ્વામીશ્રીએ તેમના પગે હાથ ફેરવ્યો ને કહે : 'ક્યાં દાઝ્યા છો ? કાંઈ થયું નથી. કાલે દર્શને આવજો.'

આ દરમ્યાન જ નરસિંહભાઈ આવી પહોંચ્યા. તેમને થયું કે કનુ એકલો કોની સાથે વાત કરે છે ? તેમને કોઈ દેખાયું નહીં, એટલે કનુનો હાથ પકડ્યો ને પૂછ્યું : 'શું થાય છે ?'

તે જાણે ઝબકી ગયો હોય તેમ બેઠો થઈ ગયો અને નરસિંહભાઈને વાત કરી. પગની પીડા શમવા લાગી. રાતે તો હૉસ્પિટલમાંથી રજા મળી ગઈ અને બીજા દિવસે સૌ બોચાસણ મંદિરે દર્શને ગયા. વર્તમાન ધરાવી સત્સંગી પણ થયા. બહેનનો ઘણા વખતનો ભાઈને સત્સંગી કરવાનો સંકલ્પ, સ્વામીશ્રીએ દૂર દેશમાં રહ્યા પણ રક્ષા કરીને પૂરો કરી દીધો. નરસિંહભાઈ સારા સત્સંગી બની ગયા.

✧

આ બાજુ કંપાલામાં એક દિવસ કથાવાર્તા કરતાં સ્વામીશ્રી કહે : 'દેશમાં હરિભક્તો ઘણી ના પાડતા હતા કે 'માંદા છો, તે જાવ મા.' પણ અમારે બેય આંખ સરખી. તે તમને રાજી કરવા આવ્યા. માટે સંપ રાખી, સેવા કરી લેવી. સારંગપુર ૭ વચનામૃત પ્રમાણે જ્યાં એવા સંત હોય ત્યાં જપ, તપ, દાન કરવાં; તો બહુ પુણ્ય મળે.'

તા. ૫-૧૧-'૫૯, લાભપાંચમે સાંજે ૩૦ માઈલ દૂર લુગાઝી, ખાંડના કારખાને પધરામણીએ ગયા. અહીં સુંદરિયાણાના હિમરાજ શાહના વંશજ બાપાલાલભાઈના ભત્રીજા કાંતિલાલ શાહ તથા રમેશભાઈએ સૌને સમાગમનો લાભ અપાવ્યો. સ્થાનિક અધિકારીઓને ત્યાં પધરામણી કરી. ઘણાને વર્તમાન ધરાવ્યાં. આમંત્રણ તો એક જ હતું, પણ અનેક પધરામણી થઈ. કેટલાકને દારૂ-

બીડીના નિયમો આપ્યા.

ક્યારેક સ્વામીશ્રી વધુ આત્મીયતા પ્રગટાવવા સ્થાનિક ભાષા સ્વાહિલીના શબ્દો પણ વાપરતા. એક ભાઈ બીમાર હતા. તેમને કહે : 'તમે 'છૂપો' લાવજો. પ્રસાદીનું જળ આપશું !' સ્વાહિલીમાં છૂપો એટલે શીશો. આ શબ્દ સાંભળતાં સૌને આશ્ચર્ય થયું. આનદ પણ થયો.

અહીં કાંતિભાઈને ત્યાં સભા કરી મંડળ સ્થાપ્યું. બપોરે જમતાં કહે : 'અમે સાડા ચાર વર્ષ પહેલાં અહીં જ જમવા બેસતા. હું ને મોટાસ્વામી ફર્સ્ટ રેન્કમાં બેસી જતા.' એમ બોલતાં હસી પડ્યા.

સ્વામીશ્રીના આનંદમાં, હસવા-હસાવવામાં દુન્યવી કોઈ જ માધ્યમનો સમાવેશ નહોતો ! ન કટાક્ષ, ન ગ્રામ્યવાર્તા, કોઈની નકલ નહીં કે હાંસી પણ નહીં. કદાચ કોઈ એવો વિષય છેડે તો એકદમ નારાજ થઈ જાય, ઉદાસ થઈ ગંભીરપણે ઠપકો પણ આપે, જેથી ફરી એવી ભૂલ થવા ન પામે.

## 'હોલ હિન્દુસ્તાનમાં જઈ આવ્યા'

બીજે દિવસે સવારે ઊઠ્યા ત્યારે એક હરિભક્તે પૂછ્યું : 'કયા બ્રહ્માંડમાં ગયા હતા ?'

'હોલ હિન્દુસ્તાનમાં જઈ આવ્યા !' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું.

એમનો કેફ ક્યારેય ઊતરતો નહીં. વહેલી સવારે એ જ 'મૂડ'માં હોય અને મોડી રાતે પધરામણીઓ કરી થાકીને આવ્યા હોય તોપણ એ જ કેફમાં હોય. કેમ કે, એ તો *'રામ અમલ રંગ'* રાચનાર પુરુષ હતા.

કંપાલામાં એક દિવસ પધરામણી બાદ હરિભક્તોના આગ્રહથી એક બહુ જૂનું ચર્ચ જોવા સ્વામીશ્રી પધાર્યા હતા.

બપોરે ઉતારે ત્રણ આફ્રિકન દર્શને આવ્યા તેમને વર્તમાન ધરાવ્યાં અને આજ્ઞા કરી : 'પૂજા કરના, માળા કરના, દીવા કરના. તમારો મોક્ષ થઈ ગયો.' જાણે આ ભાઈઓ હિન્દી સમજતા હોય, તેમ સ્વામીશ્રી લાક્ષણિક હિન્દીમાં બોલવા લાગ્યા. પછી સ્થાનિક ભક્તોએ તેમને સ્વાહિલીમાં સમજાવ્યું. તેઓ સ્વામીશ્રીની ભાષા ભલે ન સમજી શક્યા, પરંતુ સ્વામીશ્રીનાં દર્શનથી તેમને જરૂર આનંદ થયો હતો.

સુદ નોમ, હરિજયંતીનો ઉત્સવ અહીંથી ૮૦ માઈલ દૂર મસાકા નજીક રણછોડભાઈના ચાના શાંભા(ખેતર)માં ઊજવવાનો હતો. તારીખ ૮-૧૧-'૫૯ના

સવારે મોટરમાં જ કથાવાર્તા કરતા નીકળ્યા. પ્રાકૃતિક સૌંદર્ય, રસ્તા કે આજુબાજુના વાતાવરણથી સ્વામીશ્રી જાણે તદ્દન નિર્લેપ રહેતા.

રસ્તે વિષુવવૃત્તના રેખાચિહ્ન પાસે વિરામ લઈ, ૧૧-૦૦ વાગે શાંભામાં પહોંચ્યા. કંપાલા, જિન્જા, મસાકાથી પણ હરિભક્તો અહીં આવી પહોંચ્યા હતા. થાળ બાદ સભા કરી.

બપોરે ૪-૦૦ વાગે ઠાકોરજીના ઉત્થાપન સમયે ધ્યાન કરી, સ્વામીશ્રી ચાના વિશાળ ખેતરમાં એકલા જઈ રહ્યા હતા. રસ્તામાં ચાના છોડ પરથી એમણે બે પાન તોડ્યાં. સાથે એમણે ઊંચે જોયું. હું પાછળ જ હતો. અમારી નજર એક થતાં જ તેઓ હસી પડ્યા. જાણે પાન તોડવાની ચેષ્ટાનું રહસ્ય છુપાવી ન દેતા હોય ! એમની આવી વિશિષ્ટ ચેષ્ટામાં આપણે જીવ શું સમજીએ ?

અહીં ચાની ફેક્ટરીમાં બધે પગલાં કર્યાં. ચાની વિવિધ જાતો જોઈ. સ્નાનાદિથી પરવારી, આરતી-નિયમ બાદ કંપાલા આવી પહોંચ્યા.

સ્વામીશ્રીના અહીંના નિવાસ દરમ્યાન પત્રકારો પણ રસ લઈ સ્થાનિક દૈનિકમાં સ્વામીશ્રીના સમાચાર અવારનવાર લેતા હતા.

રણછોડભાઈ ડાયાબિટીસને લીધે ઘઉંનાં છોડાંની રોટલી જમતા. સ્વામીશ્રી રોજ તે અંગે રમૂજ કરતા અને પોતે પણ એક વખત ચાખી જોવાની ઇચ્છા દર્શાવતા. તેથી રણછોડભાઈએ છોડાંની રોટલી ખાસ દૂધમાં તૈયાર કરાવી.

સ્વામીશ્રી કહે : 'આપણે જોઈએ તો ખરા, કેવી લાગે છે !' એમ કહી બે રોટલી છોડાંની જમ્યા. જમતાં જાય ને હસતાં જાય. એમ સૌને સ્મૃતિ આપી.

બપોરે યુવકો સ્વામીશ્રીના પગ દાબતા હતા. ત્યારે સૌને ઠાકોરજીનો પ્રસાદ વહેંચાયો. પ્રસાદ વધારે હતો તેથી યુવકો સાચવી રાખતા હતા, પણ સ્વામીશ્રીએ યુવકોને ખાઈ જવા કહ્યું : 'બધો પ્રસાદ યુવકોને ખવડાવી દીધો અને બોલ્યા : 'યુવકો ખાશે, તો મહારાજ જમશે.' એમ કહી યુવકોને આનંદ કરાવ્યો.

તા. ૧૧-૧૧-'૫૯, આજે દેવદિવાળીનો તહેવાર સૌએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવ્યો. મંગળ પ્રભાતે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા :

'આજે પાંચસો પરમહંસોની દિવાળી છે. નિર્દોષબુદ્ધિ અને સંપ સુહૃદભાવ રાખશું તો તે ઊજવી ગણાશે.'

સ્વામીશ્રીની આજ્ઞા મુજબ આખો દિવસ પ્રમુખસ્વામી તથા સંતસ્વામી તેમજ હરિભક્તો દ્વારા કથાવાર્તાનો અલભ્ય લાભ મળતો રહ્યો. બપોરે

ભક્તચિંતામણિનાં ૧૫ જેટલાં પ્રકરણો વંચાવી, સ્વામીશ્રી જૂના મંદિરમાં પ્રભુદાસભાઈ લાલાજીને ઘેર ગોઠવાયેલી લીલાં શાકભાજીની હાટડીએ દર્શન કરવા પધાર્યા. રાતે ઉતારે હંમેશ મુજબ સભા કરી.

એક બપોરે કથા પ્રસંગે રણછોડભાઈનો નાનકડો પૌત્ર સ્વામીશ્રીની બાજુમાં આવી ચઢ્યો. સ્વામીશ્રીએ તેને માથે હાથ ફેરવ્યો. ત્યાં એણે સ્વામીશ્રીની આંગળી મોઢામાં નાંખી જોરથી દબાવી. 'અલ્યા રહેવા દે, રહેવા દે.' એમ ધીરે સાદેથી સ્વામીશ્રી બોલે, પણ પોતાનો હાથ ખેંચી ન લે કે આંગળી તેના મોંમાંથી છોડાવી ન લે. પછી એક હરિભક્તે તેને ખેંચી લીધો ત્યારે સ્વામીશ્રીની આંગળી છૂટી. જો કે તેને દાંત ન હતા તેથી સ્વામીશ્રીને કાંઈ ઈજા થઈ ન હતી.

આ બાબો ઘણી વાર સ્વામીશ્રી સાથે સોફા ઉપર બેસી જતો. ત્યારે સ્વામીશ્રી તેને હાર પહેરાવતા, પ્રસાદી આપતા અને કહેતા : 'મુગત (મુક્ત) છે.'

બીજે દિવસે જિન્જા પધારી, 'ઓવન ફોલ્સ' પર નદી કિનારે સમાગમ-દર્શનનો લાભ આપ્યો. રાતે સત્સંગ સભા કરી.

અહીંથી ટરોરો આવી પહોંચ્યા. ઘણા હરિભક્તો એકત્ર થઈ ગયા હતા. સ્વામીશ્રીએ સૌને ખૂબ બ્રહ્માનંદ કરાવ્યો.

સ્વામીશ્રી જેને અહીંની 'અક્ષર દેરી' કહી મહત્ત્વ આપતા, તે મગનભાઈના સમાધિ સ્થાને ભક્તોએ ફૂલઝાડ ઉગાડી, તીર્થને અનુરૂપ વાતાવરણ સર્જ્યું હતું. સ્વામીશ્રીએ અહીં સૌને આદર્શ ભક્ત બનવા આદેશ આપ્યો. પછી સનાતન મંદિરે પધારી મૂર્તિઓનું પૂજન કર્યું. જો કે આ મૂર્તિઓની હજુ પ્રતિષ્ઠા થઈ ન હતી.

તા. ૧૬-૧૧-'૫૯ના રોજ ૩૫ માઈલ દૂર આવેલા મજાન્જી, વિક્ટોરિયા સરોવરને કિનારે પધાર્યા. પ્રકૃતિની ગોદમાં હરિકૃષ્ણ મહારાજ સાથે સ્નાન કરી, સભા બાદ સૌ બુશિયા થઈ, સાંજ ઢળતાં પહેલાં ટરોરો આવી પહોંચ્યા.

અહીં આ છેલ્લી સાંજ હતી, તેથી સ્વામીશ્રીનો લાભ લેવા યુગાન્ડાના ઘણા હરિભક્તો ઉપસ્થિત રહ્યા.

❀ ❀ ❀

# ટાન્ગાનિકામાં વિચરણ



તા. ૧૭-૧૧-'૫૯ની સવારે કંપાલાના એન્ટેબે ઍરપોર્ટથી ખાસ વિમાનમાં ટાન્ગાનિકા (હાલ ટાન્ઝાનિયા) દેશના નાનકડા શહેર મ્વાન્ઝા જવા નીકળ્યા. વચ્ચે બુકોબામાં પ્લેન ઊતરતાં સવાસો જેટલા સત્સંગી તથા ભાવિકોએ ઍરપોર્ટ પર દર્શન-લાભ લીધો.

વિક્ટોરિયા સરોવરના કિનારે આવેલું મ્વાન્ઝા ખરેખર રમણીય અને કુદરત-કૃપાથી સમૃદ્ધ છે. સ્થાનિક હરિભક્તોને આ શહેરમાં વ્યાપક સહકાર મળવાની ખાસ આશા નહોતી; પણ ભક્તોના ભાવ પૂરા કરવા સ્વામીશ્રી તો આવી પહોંચ્યા. 'હિન્દુ યુનિયન'નો સહકાર સાંપડ્યો અને વિમાની મથકે જ ભવ્ય સ્વાગત થયું. જયનાદોથી દિશા-ઉપદિશાઓ ગાજી ઊઠી. સૌનાં આશ્ચર્ય વચ્ચે, ક્યારેય આવા સમારંભોમાં ન જોયા હોય તેવાં હિન્દુ ભાઈઓ અને બહેનો આવવા લાગ્યાં. મ્વાન્ઝાના ઈતિહાસમાં આ પ્રથમ વાર કોઈ હિન્દુ સતનું આવું ભવ્ય જાહેર સન્માન થતું હતું.

'સનાતન ધર્મ' મંદિરે દર્શન કરી, સ્વામીશ્રી 'હરજી હાઉસ'માં મોહનભાઈ તથા વૃંદાવનભાઈના ઘરે ઉતારે પધાર્યા. શ્રીહરિના કૃપાપાત્ર ભક્તરાજ દાદુભક્તના વંશજો આટલે દૂર આવીને વસ્યા હતા. તેમની પાછળ એ જ સત્સંગ-સંજીવનીનો રંગ લગાડવા, પુષ્ટિ આપવા સ્વામીશ્રી પધાર્યા. ડૉ. દલ, વિઠ્ઠલભાઈ, વડગામા ભાઈઓ, યાદવ સાહેબ વગેરે હરિભક્તોની હામ પણ સ્વામીશ્રીએ પૂરી.

રાતે ભવ્ય જાહેર સભા થઈ. હજારથી વધુ ભાવિકોએ લાભ લીધો. બુદ્ધિશાળી વર્ગની કસોટી હતી, પણ પૂર્વસંસ્કારે સૌનાં પાસાં સીધાં પડ્યાં અને પ્રમુખસ્વામી, સંતસ્વામી વગેરે સંતો સાથે હેત થયું, વાત સમજાઈ અને સ્વામીશ્રીની અમૃત વાણીથી સત્સંગમાં સૌને વધુ ને વધુ રસ જાગ્યો.

પ્રાત:પૂજામાં જ ઘણા બધા ભાવિકો હાજર થઈ જતા, કથાનો લાભ લેતા અને ક્યારેક પોતાની મૂંઝવણોના ખુલાસા પણ મેળવતા.

એક વખત કથાવાર્તાના પ્રસંગ પછી એક હરિભક્ત કહે : 'જરા દુકાને જઈ આવું.'

ત્યારે એકાએક સ્વામીશ્રી બોલ્યા : 'જરાક જજો પણ આખા ન જતા !' એમ રમૂજ કરી સ્વામીશ્રીએ માર્મિક જ્ઞાન આપ્યું.

એક ભાઈ દુખિયા હતા તેમને સ્વામીશ્રીએ કહ્યું : 'કંઠી બાંધો, આશરો કરો, તો તરત ધડાકો.'

કેવળ વડીલો અને યુવકો જ નહિ, બાળકોને પણ આ ભગવાંધારી સંતનું ઘેલું લાગ્યું હતું. સ્વામીશ્રીના હેતભર્યા વર્તાવથી તેમજ ક્યારેક સ્વામીશ્રી પોતે જ 'સ્વામીની વાતો' તથા કીર્તનનો મુખપાઠ લઈ, બાળકોની પરીક્ષા લઈ લેતા અને હેત કરી પ્રસાદી આપતા. તેથી થોડા દિવસમાં તો તેમનામાંય વર્તનની ઠાવકાઈ અને સંસ્કારની પીઢતા જણાવા લાગી.

આ ઉપરાંત, બિનસત્સંગી અને પ્રતિષ્ઠિત મહાનુભાવોમાં પણ સ્વામીશ્રી રસનો વિષય બન્યા હતા. ડૉ. હિંમતભાઈ દલે પોતાના મિત્રમંડળમાં બૅરિસ્ટર લક્ષ્મણ, ડૉ. શાહ તથા ઈશ્વરભાઈ વગેરેને રસ લેતા કર્યા. વળી, જે હંમેશાં દારૂથી મસ્ત બની પડ્યા રહેતા, તે હવે સ્વામીશ્રીની સભામાં બેસવા લાગ્યા. તે જોઈ કેટલાકને લાગ્યું કે સ્વામીશ્રી તો નેવાનાં પાણી મોભે ચડાવે છે !

તા. ૧૯-૧૧-'૫૯ના રોજ એક શીખભાઈ સ્વામીશ્રીનાં દર્શને 'હરજી હાઉસ'માં ઉતારે આવ્યા. તેમને થોડા સમય પહેલાં સ્વપ્નમાં સ્વામીશ્રીએ દર્શન આપ્યાં હતાં. તે જ સંતનાં અહીં દર્શન કરતાં તેઓ ભાવવિભોર થઈ ગયા. તેમણે પોતાનાં સ્વપ્ન-દર્શનની વાત કરી. આથી સૌ સ્વામીશ્રીનો વિશેષ મહિમા સમજવા લાગ્યા.

એક સવારે ઉકાળો લેતાં અમને સંબોધીને સ્વામીશ્રી કહેવા લાગ્યા :

'હું પહેલાં ત્રણ-ત્રણ કલાક બોલતો, આખી રાત બોલતો, જરાય થાકું નહીં. કોઈનો વારો જ આવવા ન દઉં, કોઈને દખલ કરું નહીં. હવે અવસ્થા થઈ તેથી બોલાતું નથી. એટલે મોટાસ્વામી... બધાને (બોલવાનું) કહેવું પડે છે. પ્રમુખસ્વામી સારું બોલ્યા. સંતસ્વામી પણ સર્વદેશી વાતો કરે છે.

'આપણે આ નવો દેશ છે, તેથી ભાર પાડવો છે. પછી બધાને સંભારવા થાય કે આમ બધા વાતો કરતા હતા. વિનુભાઈ ! તમારે પણ વાતો કરવી. તૈયારી

કરી રાખવી. બાલમુકુન્દ સ્વામી ! તમે પણ દાખલા બે-ચાર મોઢે કરશો. અરુણ ! તમારે પણ દસ મિનિટ વાતો કરવી. તેમાં અંગ્રેજી શબ્દ પણ આવવા દેવા. મને અંગ્રેજી નથી આવડતું; નહીં તો હું અંગ્રેજીમાં જ બોલું. એક શબ્દ ગુજરાતી ન આવવા દઉં. વિનુભાઈ ! તમારે જોસમાં બોલવું; મરતી મરતી નહીં !'

સ્વામીશ્રીના શબ્દોમાં બ્રહ્માંડને સત્સંગી કરી દેવાનો ઉત્સાહ હતો. એકાંતની પળોમાં આવો ઉપદેશ સૌને સોંસરો ઊતરી જતો. આટલી ઉંમરે પણ એવા પરભાવમાં આવી બળની વાતો કરે કે એમ લાગે સ્વામીશ્રી તો સદાય યુવાન જ છે !

## અહીં શું નથી ? ભગવાન છે !

સ્વામીશ્રી જમાડવામાં, પધરામણીમાં બધે સાવધાન રહે. સત્સંગનો આગ્રહ પણ એટલા જ પ્રેમથી કરે કે મુમુક્ષુને સત્સંગ વિના કાંઈ જ કરવાનું નથી, તેની પ્રતીતિ થાય.

ઉકાળો લેતાંય સ્વામીશ્રીએ વાત ચાલુ રાખી. તેમાં વાત કરતાં કહે : 'આપણામાં એક સાધુ હતા. એ એમ જ બોલ્યા કરે : 'અહીં તો કંઈ છે જ નહિ. કોઈ પ્રકારની શિસ્ત નથી. કોઈને શાસ્ત્રનું જ્ઞાન જ નથી. બધા ગામડિયા છે.' તે સત્સંગમાંથી નીકળી ગયા. અહીં શું નથી ? ભગવાન છે ! શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ છે ! તો બધું આવી ગયું. કેમ સંતસ્વામી ખરુંને !'

સંતસ્વામી કહે : 'એ તો મોટો ડોળી હતો. સારું થયું, તે ગયો.'

અહીં ત્રિભુવનદાસ જોબનપુત્રાને સત્સંગ થયો. તેમને કથાવાર્તાનો બહુ ઈશક. તેથી સ્વામીશ્રી તેમને 'અલીખાં પઠાણ' નામે સંબોધતા. તેમના પુત્ર અશોકને સ્વામીશ્રીએ વર્તમાન ધરાવતાં 'કાળ, માયા, પાપકર્મ...' એમ બોલવા કહ્યું.

અશોક બોલવા લાગ્યો : 'કાળ, માયા, બાપકર્મ...'

સ્વામીશ્રી કહે : 'બાપકર્મ નહીં, પાપકર્મ ! બાપા (ત્રિભુવનદાસ) તો સામે બેઠા છે !' એમ કહી નિર્દોષભાવે હસી પડ્યા. સાથે સૌ હસી પડ્યા.

તા. ૨૩-૧૧-'૫૯, સવારે ખાસ પ્લેન દ્વારા સ્વામીશ્રી નાન્સીઓ પધાર્યા. સ્વાગત બાદ મંદિરે આવી, પ્રાસંગિક પ્રવચનો પછી આશીર્વાદ આપ્યા. ખાસ પ્લેનમાં મુસાફરી છતાં સ્વામીશ્રીનો આગ્રહ દર વખતે રહેતો કે સ્નાન તો કરી જ લેવું. તેથી સ્નાન બાદ ઠાકોરજી જમાડી, પધરામણી કરી. રાતે હરિમંદિરે

જાહેર સભામાં લાભ આપ્યો.

બીજે દિવસે હરિમંદિરમાં અક્ષરપુરુષોત્તમ તથા રાધાકૃષ્ણ દેવની મૂર્તિઓ પધરાવી, ધામધૂમથી પ્રતિષ્ઠા વિધિ કરી, સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

હરિકૃષ્ણ મહારાજને થાળ ધરવાનો હતો. દાળ, ભાત, શાક, રોટલી વગેરેનો થાળ તૈયાર કરીને મૂક્યો. શીરો તપેલીમાં રાખીને જ ધરવા મૂક્યો.

આ જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'શીરો થાળમાં મૂકો. ઠાકોરજી કહે છે : 'શીરો નથી મૂક્યો. તપેલીમાંથી લેતાં હાથ દાઝી જાય.'

'એમ ! ઠાકોરજી કહે છે ?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'હા, ઠાકોરજીએ મને હમણા કહ્યું.'

પછી શીરો થાળમાં મૂક્યો. એટલે સ્વામીશ્રી કહે : 'ઠાકોરજી કહે છે - હવે જમશું.' એમ પોતાની અને હરિકૃષ્ણ મહારાજની એકતા જણાવી.

બપોરે પ્લેનમાં જ મ્વાન્ઝા પાછા ફર્યા. નાન્સીઓમાં મોહનભાઈ, ગોરધનભાઈ તથા ખીમજીભાઈ વગેરેએ સારી સેવા કરી. ગામમાં ઘણા નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવવામાં આવ્યાં. સૌને સારો ભાવ થયો.

રાત્રિસભામાં *'ખોળી ખોળીને ખોળિયું...'* એ પદ સમજાવી, દૃષ્ટાંત-સભર અદ્‌ભુત વાતો કરી. બૅરિસ્ટર લક્ષ્મણ, યાદવ તથા તન્ના વગેરે સ્વામીશ્રીના ઉપદેશથી જાણે અવાક્ બની ગયા. અધ્યાત્મના સિદ્ધાંતોને ખૂબ ઓછા શબ્દોમાં સમજાવવાની સ્વામીશ્રીની અદ્‌ભુત શક્તિ હતી.

સ્વામીશ્રી સમજાવતા : 'ભક્તિમાં મોટું વિઘ્ન શું ? મન નોખું રહે તે. સત્પુરુષનો સમાગમ મન નોખું ન પડવા દે.'

બપોરે જમતાં જમતાં સ્વામીશ્રીએ બધાને પૂછ્યું : 'તમને ક્યું શાક ભાવે ? શેમાં વધારે રુચિ ?' પછી પોતે બોલ્યા : 'મને પહેલાં ભીંડા બહુ ભાવતા. પછી તાવ આવતો એટલે બંધ કર્યા.'

મેં પૂછ્યું : 'અત્યારે સરગવો ભાવે ?'

ત્યારે કહે : 'હા, સરગવા ઉપર વધારે રુચિ.' એમ સૌને આનંદ કરાવ્યો.

જમીને ઊઠ્યા ત્યાં પ્રમુખસ્વામીએ ફ્રીઝ ખોલ્યું. અંદરથી વરાળ નીકળતી જોઈ સ્વામીશ્રી કહે : 'આ કેળાં કાઢો, કેળાં કાઢો. સળગી જશે !'

એટલે કોઈ બોલ્યું : 'બાપા ! આ તો ઠંડી વરાળ છે !'

પરંતુ સૌને આનંદ કરાવતી સ્વામીશ્રીની નિર્દોષ મૂર્તિથી સૌને અલૌકિક સુખ મળતું.

આજે સ્વામીશ્રી જમીને મારો હાથ પકડી બેઠક ખંડમાં જઈ રહ્યા હતા. ત્યારે સહેજ મને કહ્યું કે 'મીઠું માપમાં નાખવું.' હું જમવા બેઠો ત્યારે ખબર પડી કે ભાજીમાં ડબલ મીઠું પડી ગયું હતું, પણ સ્વામીશ્રી તો પ્રેમથી ભાજી જમ્યા હતા. પોતે કોઈ દિવસ રસોઈ અંગે ફરિયાદ કરે નહિ. ઊલટું વખાણ કરે, એવો અતિ દયાળુ એમનો સ્વભાવ હતો.

## મહારથીને પાડ્યા

તા. ૨૭-૧૧-'૫૯, અહીંના પ્રસિદ્ધ બૅરિસ્ટર લક્ષ્મણને ત્યાં આજે સાંજે સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા. અહીં નજીકમાં જ આવેલી હીરાની ખાણના માલિકના પુત્ર અને અહીંના પ્રખ્યાત ડૉ. અર્જુન તથા બીજા કેટલાક વકીલો મિ. બલરામ વગેરે લક્ષ્મણના મિત્રો પણ સ્વામીશ્રીનાં દર્શને અહીં આવ્યા હતા. લક્ષ્મણ અને તેમના સર્વ કુટુંબીજનોએ સ્વામીશ્રીનું પૂજન કર્યું.

લક્ષ્મણે ડૉ. અર્જુન આવ્યા ત્યારે સ્વામીશ્રીને પગે લાગવા સૂચવ્યું. પણ તે તેમને રુચ્યું નહિ, તેથી 'Its all right' (ચાલશે !) કહીને તેઓ બેસી ગયા. બલરામ કે જેઓ પંજાબી હતા તેમને સ્વામીશ્રીને કેટલાક પ્રશ્નો પૂછવાની ઇચ્છા હતી. સ્વામીશ્રીએ સંમતિ આપી. તેઓ હિંદીમાં પૂછવા લાગ્યા. લક્ષ્મણ દુભાષિયા તરીકે રહ્યા. પ્રશ્નોત્તર શરૂ થયા :

'મનુષ્ય જડ છે કે ચૈતન્ય ?'

'જડ.'

'તો પછી ક્રિયા કેવી રીતે કરી શકે છે ?'

'તેમાં રહેલો આત્મા છે તે ચૈતન્ય છે.'

'આ સૃષ્ટિ કોણે બનાવી છે ?'

'ઈશ્વરે બનાવ્યા હૈ.' સ્વામીશ્રી પોતાની લાક્ષણિક હિંદીમાં બોલ્યા.

'ભગવાન સાકાર છે કે નિરાકાર છે ?'

'ભગવાન સાકાર હૈ.'

'અમે બધું જાણીએ છીએ કે આ સંસારમાં કાંઈ માલ નથી, છતાં એમાં કેમ લપેટાઈ જવાય છે ?'

'જેમ નદીઓનો પ્રવાહ સમુદ્ર તરફ ચાલે છે, તેમ જીવનો અનાદિ કાળનો ઢાળો છે. તેને સત્પુરુષ મળી જાય, તો તેમાંથી મુક્ત કરે.'

સ્વામીશ્રીએ તેમના દરેક પ્રશ્નનું સંક્ષિપ્તમાં સમાધાન કર્યું. આ વાર્તાલાપ

દરમ્યાન ત્યાં બેઠેલ શ્રોતાગણ સ્વામીશ્રીના બ્રહ્મસભર છતાં મુક્ત વાતાવરણમાં એવો તો અંજાઈ ગયો કે સૌ દિવ્યાનુભવમાં ડૂબી ગયા, સંતૃપ્ત થયા. જ્યારે જાગ્રત થયા ત્યારે સૌ સહજ જ બોલી ઊઠ્યા કે 'ગુરુજી બહુ મોટા. આપણે જ માયામાં ગ્રસ્ત છીએ. જ્યાં સુધી આ અનુભવ ન થાય, ત્યાં સુધી બધું નકામું છે.'

તેમણે સ્વામીશ્રીને સ્ત્રી-ધનના ત્યાગ સંબંધી પ્રશ્ન પૂછ્યો. જેના ઉત્તરથી તેમની ભ્રાંતિ ટળી ગઈ.

આ પછી સૌને વિશેષાનુભવ કરાવવો હોય તેમ સ્વામીશ્રીએ *'અનુભવી આનંદમાં, બ્રહ્મરસના ભોગી રે...'* એ કીર્તન પોતાની બ્રહ્મસહજ લાક્ષણિક શૈલીમાં ઉપાડ્યું અને એક પછી એક કડીઓ સમજાવવા લાગ્યા. લક્ષ્મણ તેનો અંગ્રેજીમાં સુંદર ભાવાનુવાદ કરવા લાગ્યા.

તેમાં સૌના આશ્ચર્યની વાત તો એ બની કે સ્વામીશ્રી જે બોલે, તેમાં કોઈક વાત અનુવાદ કરવામાં લક્ષ્મણ ચૂકી જાય તો તરત સ્વામીશ્રી તેમને ટકોર કરીને કહે કે 'આ વાત રહી ગઈ, તે ફરીથી સૌને અંગ્રેજીમાં સમજાવો.' ત્યારે ત્યાં બેઠેલા સૌને પ્રતીતિ થઈ કે બ્રાહ્મીસ્થિતિવાળા સત્પુરુષને ભાષાનું કોઈ આવરણ નથી, બધું જ હસ્તામલકવત્ છે. માત્ર લૌકિક અજ્ઞાન જેવું બતાવે છે.

સ્વામીશ્રીએ ચારેય પદ પોતાની બ્રહ્મસ્થિતિનું દર્શન કરાવતાં અદ્ભુત રીતે ગાઈ સમજાવ્યાં. ત્યારપછી વિનુ ભગત તથા મને અંગ્રેજીમાં બોલવા આજ્ઞા કરી. એમની પ્રેરણાથી સર્વે બોલ્યા.

સોનું જેમ અંદરથી ઓગળે તેમ ડૉ. અર્જુન તો સ્વામીશ્રીના સાંનિધ્યમાં અંદરથી ઓગળવા લાગ્યા હતા, ખૂબ પ્રભાવિત થયા હતા. તેમને કેટલીક અંગત વાત સ્વામીશ્રીને કરવી હતી, તેથી તેઓ તથા લક્ષ્મણ સ્વામીશ્રી સાથે એકાંતમાં બેઠા. સ્વામીશ્રીએ અંતર્યામીપણે તેમના મનનું સમાધાન કરી ખૂબ આશીર્વાદ આપ્યા.

ડૉ. અર્જુન બહાર નીકળ્યા ત્યારે તો એકદમ ગળગળા થઈ ગયા હતા. સ્વામીશ્રીનાં ચરણોમાં પ્રણિપાત કરી સહસા બોલી ગયા : 'અમે આપના અને ભગવાનના ઘણા જ ગુનેગાર છીએ. તમે તેમાંથી અમને બચાવો અને અમને સન્માર્ગે જવાનું બળ આપો. મારાથી સિગારેટની આદત છૂટતી નથી. તે છૂટી જાય તેવા આશીર્વાદ આપો.'

આ પ્રકારની અંતર્વૃત્તિ અને આવો નિષ્કપટભાવ જ સાચા સત્પુરુષના સાંનિધ્યની પ્રતીતિ દર્શાવે છે.

લક્ષ્મણ રોજ કથામાં આવતા, પણ તેમણે હજુ સુધી વર્તમાન નહોતાં લીધાં. આજે લક્ષ્મણ અને ડૉ. અર્જુન બંનેએ સામે ચાલીને સ્વામીશ્રી પાસે વર્તમાન લીધાં. આ બંને ભાઈઓએ કંઠી પહેરી, તેથી આખા મ્વાન્ઝા ગામમાં સૌનાં હૃદયમાં છાપ પડી ગઈ કે 'યોગીજી મહારાજ ખરા ! મહારથીને પાડ્યા.'

તા. ૨૮-૧૧-'૫૯ની સાંજે ૩૦ માઈલ દૂર મિસુન્ગ્વેમાં ગિરધરભાઈ તથા જેઠાભાઈના આમંત્રણથી પધાર્યા. અહીં મિસુન્ગ્વેમાં સાંજે સ્નાન કરતાં કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આ લોકો (આફ્રિકન અને એશિયન) લૂગડાં ઊજળાં પહેરે, બાકી દેશ બહુ ખરાબ. ધર્મ-નિયમ જરાપણ નહિ. એ તો આપણે આવ્યા એટલે સહુને સંસ્કાર પડશે, બીજ રોપાશે. દેશમાં ભલે લોકો ગરીબ, પણ ધર્મ-નિયમ ખરા.'

બીજે દિવસે રવિસભા તથા સત્સંગ મંડળની મિટિંગ નિયમિત શરૂ કરવામાં આવી. અહીંથી ખાસ મોટરબોટ દ્વારા સ્વામીશ્રી કરૂમો લક્ષ્મણભાઈને ત્યાં પધાર્યા. આ ગામડાંઓમાં આપણા એવા હિન્દુભાઈઓ પણ મળતા, જેમણે ભારત દેશ જ જોયો ન હોય; અને અહીંની જ પ્રણાલી અને સંસ્કારો પ્રમાણે જીવતા હોય. આ સૌને સ્વામીશ્રીના સંસ્પર્શથી જાણે નવજીવન મળતું, અને ઘણા શુદ્ધિના માર્ગે વળી જતા. સ્વામીશ્રીનું આ વિચરણ આ જ કારણોસર અત્યંત સમસામયિક બની રહ્યું.

સંધ્યા સમયે વિક્ટોરિયા લેક પરથી પસાર થતી મોટરબોટ ભગવા ઓજસ્થી સંધ્યાની ગરિમાને કંઈક શરમાવી રહી. થોડી જ વારે સૌ મ્વાન્ઝાના કિનારે આવી પહોંચ્યા.

તા. ૧-૧૨-'૫૯, બપોરે જમતાં જમતાં સ્વામીશ્રીએ બાલમુકુંદ સ્વામીને કહ્યું : 'વાતું શીખતા રહેજો. નવરા ન બેસી રહેવું, નહિ તો પાઠ લેવા પડશે.'

ત્યારે બાલમુકુન્દ સ્વામીએ હાથ જોડી નમ્રભાવે કહ્યું : 'બાપા ! પાઠ લેજો, તો જ ખટકો રહેશે.'

પછી સ્વામીશ્રી કહે : 'વિજ્ઞાનદાસ સ્વામી તો પાઠ ન કર્યો હોય, તો માળા છૂટી મારતા. તે ખટકો ખૂબ રખાવતા. તે અમે ૧૭ વર્ષ તેમનો ભીડો સહન કર્યો છે. પણ બોલવાનું નહિ, કોઈને કહેવાનું નહિ. તો આટલા વધ્યા છીએ. પણ તેઓ અમારી ખબર બહુ રાખતા. અમને જમાડતા...' સ્વામીશ્રીએ તો એમનો ગુણ જ લીધો.

આ સાંભળી સંતસ્વામી કહે : 'અત્યારે તો કોઈ ઊભો જ ન રહે.'

સ્વામીશ્રી જમતાં જમતાં હળવું હળવું હસવા લાગ્યા.

ઠાકોરજી જમાડી ક્યારેક દેશમાંથી આવેલા પત્રો જુએ. પ્રેરક લાગે તો બોલે : 'સાંભળો, દેશના સમાચાર છે.' એમ કહી જાતે મોટેથી વાંચે. અમુક શબ્દો પર ભાર મૂકી, વિરામચિહ્નો આગળ અટકી, એવી રીતે વાંચે કે સૌ આનંદિત થઈ જાય.

દારેસલામના એક પત્રમાં હતું કે અમે પ્રચાર માટે 'પૅમ્ફલેટ' છાપ્યાં છે. સ્વામીશ્રીએ વાંચ્યું : 'ભેંસલેટ છાપ્યાં છે.' સૌ ખડખડાટ હસી પડ્યા અને સાથે સ્વામીશ્રી પણ !

## 'તમને અનાદિ પુરુષ મળ્યા છે'

બીજે દિવસે વહેલી સવારે ઊઠીને તરત સ્વામીશ્રી અમારા ઓરડામાં પધાર્યા અને ધૂન કરવા લાગ્યા. અમે જાગી ગયા. આજે અમે મોડા પડ્યા હતા. પછી થોડી વાર ધૂન કરાવી સ્વામીશ્રી વાત કરવા લાગ્યા :

'ધર્મ-નિયમ સાચવવા, અખંડ ગંભીરપણું રાખવું અને 'હું બ્રહ્મરૂપ છું' એમ માની આત્મારૂપે વર્તવું. અંગ્રેજી અને હિંદીમાં પ્રશ્ન-ઉત્તર કરવા. વચનામૃત મોઢે કરવાં, તેથી તે જ્ઞાન પણ દૃઢ થાય. અને જ્યાં જ્યાં આપણે જઈએ ત્યાં યુવક મંડળ સ્થાપવાં, પણ બેસી ન રહેવું. એ મુખ્ય કામ છે.

'અમને શાસ્ત્રીજી મહારાજ 'જોગી' કહીને બોલાવે, તે એકદમ કાંટો ચઢી જાય કે 'મને શાસ્ત્રીજી મહારાજે બોલાવ્યો !' અને કાગળ લખતો હોઉં તો પેન મૂકી દઉં અને જમતો હોઉં તો કોળિયો મૂકી દઉં. તો તમને પણ અનાદિ પુરુષ મળી ગયા છે. તો તે પ્રમાણે ખટકો રાખી રાજીપો લઈ લેવો.' આમ, સ્વરૂપની વાત કરી ખૂબ સુખ આપ્યું.

પછી હું સ્નાન કરાવતો હતો ત્યારે પણ કેટલીક વાત કરી : 'આળસ-પ્રમાદ જરાપણ ન રાખવાં અને સેવાનો લાભ મળ્યો છે તે પૂરો ઉઠાવી લેવો. થાય છે, રહે છે, એમ આળસ-પ્રમાદમાં રહી જાય છે.' એમ હળવેકથી મીઠો ઠપકો આપી, અવારનવાર સજાગ કરતા.

તા. ૩-૧૨-'૫૯, ગુરુવારે અહીંથી ૬ માઈલ દૂર એક મિલમાં પધરામણીએ જઈ રહ્યા હતા. સડકની બંને બાજુ મોટા મોટા પથ્થરો જોઈ સ્વામીશ્રી કહે : 'સંતસ્વામી ! દેશમાં આપણને મ્વાન્ઝાનું વર્ણન પૂછશે તો શું કહેશું ? પાણાનાં વર્ણન કરવાં ને ! બીજું શું ! પાણા મોટા-લાંબા-ટૂંકા...' એમ

કહી પથ્થરોને નિહાળતા રહ્યા. એક મોટો પથ્થર જોઈ કહે : 'અહોહો ! આ પાણો તો સાવ અધ્ધર છે. શું ભગવાનની અકળ લીલા ! આવું કોઈ ન કરી શકે.'

જીનરીમાં પધારી કીર્તનો શરૂ કરાવ્યાં. એક આફ્રિકન સામેથી પગે લાગ્યો. તેને તથા અન્ય દસેક આફ્રિકનોને વર્તમાન ધરાવી સ્વામીશ્રી કહે : 'ગયે વખતે આ દેશમા ૧,૫૦૧ને વર્તમાન ધરાવ્યાં હતાં.'

## કુંડને તીર્થ કર્યું

અહીં આફ્રિકનોના આસ્થા સ્થાન સમો એક કુંડ છે. સ્વામીશ્રી કહે : 'ચાલો, આપણે બધાંનું કલ્યાણ કરવું છે. ત્યાં ઠાકોરજીને નવડાવશું.'

કમાન્ડો નામે એક નેટિવની પાછળ પાછળ સૌ જંગલમાં, પથરાળ રસ્તે થઈ, હજારેક માણસ બેસી શકે તેવા એક લાંબા-પહોળા-સપાટ પથ્થર પાસે આવી પહોંચ્યા. તેની વચમાં પધારી સ્વામીશ્રી સભા ભરી સંબોધવા લાગ્યા : 'આ પાણો અબજો વર્ષથી તપ કરી રહ્યો છે. તે વચનામૃતમાં કહ્યું છે, આસુરી જીવનો પાણાનો - પર્વતનો દેહ આવે ને એ જીવ નાશ થઈ જાય, કોઈ કાળે કલ્યાણ ન થાય. પણ આ સંબંધ થઈ ગયો. કારણ, બહુ તપ કર્યું છે. આ પણ જીવ છે. આ ભૂમિનાં કેટલાં પુણ્ય ઉદય થયાં, તો ભગવાનનો ને સંતનો જોગ થઈ ગયો ! અહીં જે આવશે, કુંડમાં પાણીનો જોગ કરશે, એ બે જન્મમાં ભગવાનનો ભક્ત થઈ જશે. કરો ધૂન્ય. 'સ્વામિનારાયણ'... સહજાનંદ મહારાજની જય, શાસ્ત્રીજી મહારાજની જય...'

પછી અહીં પથ્થરો ગોઠવી આફ્રિકનોએ એક નાનું મંદિર બનાવ્યું છે, ત્યાં પધારી, પુષ્પ છાંટી, ધૂન બોલતાં પાછા ફર્યા. આફ્રિકનોને પ્રેમજીભાઈ પબારી તથા મોતીભાઈ ચગે સ્વાહિલીમાં સ્વામીશ્રીનો મહિમા કહ્યો.

હરિભક્તોની ઇચ્છાથી શરૂ થયેલી ભાગવત પારાયણની આજે પૂર્ણાહુતિ હતી. લક્ષ્મીનારાયણ મંદિરમાં રોજ સવારે ૧૦-૦૦ થી ૧૧-૩૦ સુધી પ્રમુખસ્વામીએ લાભ આપ્યો હતો. પૂર્ણાહુતિ કરી, સ્વામીશ્રી ઉતારે પધાર્યા અને ઠાકોરજી જમાડી આરામમાં પધાર્યા.

બપોરે આરામમાંથી એકદમ જાગ્રત થઈ ટપાલ લખવી શરૂ કરી. થોડી વારે પૂછ્યું : 'કેટલા વાગ્યા ?'

'સાડા ચાર.'

'જુઓ, ત્રણથી સાડા ચાર - દોઢ કલાક આ આંગળી દુઃખતી હતી, છતાં

કાગળમાં સહી કરી છે. અમારે તો સત્સંગની સેવા કરવી પડે ને !' સ્વામીશ્રીને જમણા હાથની આંગળીનું નૈયું પાક્યું હતું.

આજે સવારે સ્નાન કરતી વખતે પણ પોતે કહ્યું : 'હું તો જેમ બને તેમ ઓછી સેવા આપું, કારણ કે માળા ફેરવવી પડે ને ! ગોપાળાનંદ સ્વામી કહેતા કે 'હું ત્રણસો માળા ફેરવું છું તેમાં મારી પાંચ જ માળા રહે છે. નવડાવનારો, કપડાં ધોનારો, એમ જુદી જુદી સેવા કરનારા સૌ માળાનું પુણ્ય લઈ જાય છે.' તેમ અમારે પણ માળા ફેરવવી પડે ને !'

સાંજે મંદિરના એક વિભાગમાં વિશ્વકર્માની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી. મોડે સુધી સભા થઈ. પછી ઉતારે પધાર્યા.

રાતે ઉકાળો પીતાં પીતાં કહે : 'સંતસ્વામીને ગરમ ઉકાળો આપો. દરેકની રુચિ સાચવવી અને અંતર્યામી થવું. હું પાંચસો માણસોને પીરસવું હોય તો દરેકની રુચિ જાણીને પીરસું. કોને શું જોઈએ, તે અંતર્યામી થઈએ તો ખબર પડે. પચ્ચીસ વાર પીરસું, પણ ખૂબ જમાડું. તેમ આપણે પણ દરેકને રાજી કરતાં શીખવું.'

સ્વામીશ્રીને આંગળી પાકી હતી તેથી હાથ ધોવરાવવા, નવરાવવા વગેરે સેવાનો લાભ અમને મળતો હતો. આજે સવારે સ્નાન કરતાં પહેલાં સ્વામીશ્રી પોતાની કૌપીન પોતાને હાથે ધોવા જતા હતા. મેં કહ્યું : 'હું ધોઈ નાખીશ.'

'ના, હવે હાથે સારું છે, તેથી હું જ ધોઈ નાખીશ. નહિ તો પછી બધી સેવા તમને આપીએ તો દેહાભિમાન વધી જાય.' એમ કહેતાં સ્વામીશ્રીએ આગ્રહ રાખી, જાતે જ કૌપીન ધોઈ નાખી.

એક દિવસ વિનુ ભગત તથા મને કહે : 'આ બધું કરું છું, તે મારા માટે નથી કરતો. મારે કોઈ પાસે સેવા મારા દેહની કરાવવી નથી. પણ શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ છે કે અક્ષરપુરુષોત્તમનો ડંકો એવો વગાડવો કે ન પૂછો વાત. તેથી તમોને બધાને તસ્દી આપું છું. કોઈ ભીડો પડે તો માફી માગું છું. તમો બધાને મારા માથાના મુગટ ગણ્યા છે ને મહિમા સમજું છું અને થોડી કઠિનાઈ રાખીને અતિ શુદ્ધ કરવા છે, જગતની કોઈ વાસના રાખવી નથી. એકાંતિક શિરોમણિ બનાવવા છે, જેથી શ્રીજીમહારાજ તથા સ્વામી તથા શાસ્ત્રીજી મહારાજ તમોને બધાને જોઈને રાજી રાજી થઈ જાય. હું તો બધાનાં દર્શન અખંડ ઇચ્છ્યા કરું છું. અહોહો ! શું નિરંજન, શું રાયજી, શું કિશોરભાઈ, શું નારણભાઈ, શું મધુભાઈ, શું ગોરધનભાઈ, શું હરિકૃષ્ણભાઈ, શું જગદીશભાઈ, શું શિવલાલ !' એમ ઘણા ઘણા યુવકોનાં નામ લઈ યાદ કર્યા.

તા. ૭-૧૨-'૫૯, મ્વાન્ઝાના હરિભક્તોની ભાવભીની વિદાય લઈ શિયાન્ગા જવા નીકળ્યા. ટૂંકા ગાળામાં જ મ્વાન્ઝાની પ્રજાને સ્વામીશ્રીને વિશે અસાધારણ ભાવ થયો હતો.

વરસાદ ખૂબ હતો, પરંતુ રસ્તામાં મીસુન્ગ્વે, ઈલુલા, રૂનેરૌ વગેરે ગામોમાં પધારી, લાભ આપી, સાંજે શિયાન્ગા આવી પહોંચ્યા.

રસ્તામાં એક ગામમાં એક ભાઈને વર્તમાન ધરાવતાં કહે : 'અમે હજારો માઈલથી તમને સંસ્કાર પાડવા આવ્યા છીએ, તે વર્તમાન લો.' સ્વામીશ્રીનો હંમેશાં આ આગ્રહ રહેતો : જીવનાં પાપ કેમ બળે અને તે કેમ ભગવાનના શરણે આવે.

સ્વાગત બાદ રાત્રિસભામાં સૌને ખૂબ આનંદ કરાવ્યો. બીજે દિવસે પધરામણીઓ કરી, થોડા માઈલ દૂર ઉઝોગરે જિનરીમાં પણ સત્સંગ-લાભ આપ્યો. પછી હીરાની ખાણમાં કામ કરતા કચ્છી ભક્તો ૨૫ માઈલ દૂરથી દર્શને આવ્યા હતા. તેમને મળી, બીજે દિવસે સવારે મોટરમાં જ ટબોરો પધાર્યા.

રસ્તે ઝેન્ગા ગામે પધારી ટબોરો આવતાં, હરિભક્તોએ મનોલે ગામ પાસે સ્વાગત કર્યું. 'હિન્દુ યુનિયન'ના પ્રમુખ ચંપકભાઈ કામદાર તથા પલાણાના ચીમનભાઈનો ખૂબ જ ઉત્સાહ હતો.

સાંજે 'લુહાણા મહાજન વાડી'માં જાહેર સભામાં ઘણા ભાવિકોએ લાભ લીધો.

## પ્રગટની એક આજ્ઞા કરોડ આજ્ઞા કરતાં વધારે

અહીં રાતની સભા પૂરી થઈ. હું તથા વિનુ ભગત વાતો કરતા હતા. ત્યાં અમારા વિચારો પકડી, અંતર્યામીપણે સભામાંથી ઊઠીને સ્વામીશ્રી અમારી પાસે પધાર્યા અને રસોડામાં બેસાડીને અમને વાત કરી :

'જુઓ, બે દિવસથી હિંદીમાં અને અંગ્રેજીમાં વાત નથી કરતા (પ્રશ્નોત્તર). એક વાર આજ્ઞા આપી, પછી તેનો જરા લોપ ન જ થવો જોઈએ. ગમે ઈ કામ પડતું મૂકીને પણ કરી લેવું. રાજાએ આજ્ઞા કરી. તે કૂવામાં પડીને કોરો કોણ બહાર નીકળે ? છતાં નોકર પડ્યો - શું ? આજ્ઞા માટે. આપણે પણ આજ્ઞા ઉપર તાન રાખવું. પ્રગટની એક આજ્ઞા કરોડ આજ્ઞા કરતાં વધારે છે.' એમ કહી હસતા જાય.

ફરી અમને ઉદ્દેશીને કહે : 'કહો, કરીશું. પછી આગળ ઉપર બહુ બળ

આવશે. હમણાં જણાશે નહિ. તમારે વાત કરવી જોઈએ. તમને નવા જમાના પ્રમાણે વાત કરતાં આવડે. અમારી તો ગામડિયા વાતું, તે સમાસ ન થાય. ગુજરાતમાં હતા ત્યાં વાત કરતા, પણ અહીં લોકો ભણેલા તે આપણી વાત ન રુચે. અને અમારાં કોઈનાં શરીર સારાં નહિ.'

'અમને સ્વામીએ એક વાર કહ્યું : 'જોગી !' તે ખાવાનું પડતું મૂકીને ધોડતા ! એવો કાંટો ચડી જતો ! તે પાંત્રીસ વર્ષ થયાં છતાં નથી ઊતર્યો. તૈયે સ્વામીએ પચાસ સાધુની આગળ મૂકી દીધો. ગાદી સોંપી દીધી. નહિ તો જોગીને શું આવડતું ? પાંત્રીસ વર્ષ લગણ દેહને ગણ્યો નથી, પણ આ સારણગાંઠ થઈ તે સ્વામીની આજ્ઞાથી ઉકાળો લઉં છું, તે પચે છે. નહીં તો મારી ઇચ્છાથી કાંઈ લઉં તો પચે નહિ.

'હું અગિયાર વર્ષે આવ્યો... પંદર સદ્‌ગુરુની સેવા કરી છે. વિજ્ઞાનદાસ સ્વામીના ભીડામાં કોઈ ન રહી શકે. છતાં સત્તર વર્ષ રહ્યો અને રાજીપો લીધો. નિર્ગુણ સ્વામીને પણ રાજી કર્યા...' એમ ઘણી વાતો કરી.

## શ્રીજીમહારાજ સાક્ષાત્ પ્રગટ મળ્યા છે

પછી સ્વામીશ્રીએ હું રસોઈ કરતો તેથી મને ઉદ્દેશીને કહ્યું : 'બૈરાંના હાથનું બનાવેલું કાંઈ (રસોઈ) ન લેવું. આપણે સેવા જતી કરીએ તો મોક્ષ ખોઈ બેસીએ. મૂંઝવણ ન રાખવી. દેહનાં દુઃખ સામે જોવું નહિ. દેહને રોજ વઢવું. મન સાથે લડાઈ લેવી. મન નકામું છે, ભગવાન નહિ ભજવા દે. 'તારા ભુક્કા કાઢી નાખીશ' – એમ મન સાથે લડાઈ લેવી, પણ મૂંઝવણ ન રાખવી. હવે આપણે શું બાકી છે ? શ્રીજીમહારાજ સાક્ષાત્ પ્રગટ મળ્યા છે, તો મૂંઝાવું નહિ અને શ્રદ્ધાથી મંડવું. દોષનો શું ભાર છે ? આમ ટળી જશે ! સંતસ્વામીએ શાસ્ત્રીજી મહારાજની એવી સેવા કરી, દેહને જરાય ગણ્યો નહિ, તો રાજીપો થયો.'

એકદમ પરભાવમાં આવી જઈ, લગભગ અડધો કલાક સુધી સ્વામીશ્રીએ અમને આવી શિખામણની, બળની અદ્‌ભુત વાતો કરી.

બીજે દિવસે પત્ર લખતાં સ્વામીશ્રી કહે : 'કંઈ પરસો-બરસોય થાતો નથી.' એમ કહેતાં હસી પડ્યા ને કહે : 'નહીં તો લોકો બહુ ખેંચાય. મહારાજની શું ઇચ્છા છે તે સમજાતું નથી. આ જી.કે. સ્વામી જાણે. બોલો જી.કે. સ્વામી.'

સ્વામીશ્રીની એવી રીત કે અસમર્થપણું જણાવે, છતાં જે દિવ્ય દૃષ્ટિ રાખે તેનું કામ નીકળી જાય.

સવારે લિવિંગ્સ્ટન મેમોરિયલ પ્લેસ જોવા હરિભક્તોના આગ્રહથી પધાર્યા.

આ જ સમયે પૂર્વ આફ્રિકામાં એક સંતે પોતાની રીતે સંસ્થા અને સ્વામીશ્રી વિરુદ્ધ ભારે ઊહાપોહ મચાવ્યો હતો. આમ તો સ્વામીશ્રીએ તેમને આજ્ઞા આપી સત્સંગ-પ્રચારાર્થે મોકલ્યા હતા, પણ અહીં આવી તેમની વૃત્તિ બગડી. તેથી હરિભક્તોમાં કુસંપ કરાવવા પ્રયત્ન કર્યો. હરિભક્તોએ સ્વામીશ્રીની આજ્ઞા મેળવી તેમને સત્સંગમાંથી દૂર કર્યા. એટલે કેટલાક અસંતુષ્ટો સાથે ભળી જઈ, એક સમયે જેના ગુણ ગાતા હતા તેવા પોતાના ગુરુ સ્વામીશ્રીની સામે તેઓ થઈ ગયા. સ્વામીશ્રીના આફ્રિકામાં આગમન પહેલાં તેમણે ઘણાં વિઘ્નો ઊભાં કર્યાં. નિર્દોષ મૂર્તિ સ્વામીશ્રી વિરુદ્ધ પત્રિકાઓ છપાવી, પૂર્વ આફ્રિકાનાં ઘણાં શહેરોમાં મોકલી. લોકોમાં ભ્રાંતિ પાડવા પ્રયત્ન કર્યો, પણ તેનું કાંઈ ખાસ પરિણામ આવ્યું નહિ.

અહીં ટબોરોમાં પણ એક બપોરે એક હરિભક્ત સ્વામીશ્રી વિરુદ્ધ છપાયેલી પત્રિકાઓ તથા 'આફ્રિકા સમાચાર'નું છાપું લઈને આવ્યા. તેઓ ઘણા અકળાઈ ગયા હતા, તેથી સ્વામીશ્રીને કહે : 'આ વાંચો, કેવું લખ્યું છે ? આપણે જરૂર કાંઈ પગલાં લેવાં જોઈએ.'

સ્વામીશ્રીએ તે છાપાં તથા પત્રિકાઓ તરફ દૃષ્ટિ સુધ્ધાં કરી નહિ. તે હરિભક્તને શાંત પાડીને કહ્યું : 'આપણે કાંઈ જ કરવું નથી. મહારાજ બધું સારું કરશે. તેનું કાંઈ ચાલશે નહિ.' એમ કહી કથાવાર્તા શરૂ કરી દીધી.

## બેઠા એ બ્રહ્મ, અંદર રહ્યા એ પરબ્રહ્મ

સંતો તથા ત્રિભોવનદાસ, જી.કે. સ્વામી વગેરે બેઠા હતા. સ્વામીશ્રીએ પ્રશ્ન-ઉત્તર કરી ગોષ્ઠિ શરૂ કરી : 'બ્રહ્મને વિશે પરબ્રહ્મ કેમ દેખાય ?'

સંતસ્વામી કહે : 'બેઠા એ બ્રહ્મ, અંદર રહ્યા એ પરબ્રહ્મ.'

ત્યારે સ્વામીશ્રી કહે :

'સર્વમાન્ય ઉત્તર કરો. એવું મનાય તો કેફ રહેવો જોઈએ. દેખાય છે પણ મનાતું નથી. કેફ કેમ રહે ? સ્વપ્નમાં સંત કે શ્રીજીમહારાજ દેખાય ત્યારે કેવો કેફ આવી જાય છે ! કારણ, એમાં દિવ્યભાવ રહે છે. તેજ દેખાય છે અને ક્ષણિક વાર રહે છે, તેથી મનુષ્યભાવ નથી આવતો. હજાર રૂપિયા માંગે તો સ્વપ્નમાં આપી દે, પણ જાગ્રતમાં કહે 'સ્વામી લોભિયા છે.' જાગ્રતમાં મનુષ્યભાવની ક્રિયા દેખાય. ઘણા વખત ભેગા રહીએ, પણ કોઈ ક્રિયામાં દોષ

ન દેખાય, તો તો કામ પાકી જાય.

'એવો મહિમા કેમ નથી થતો ? કેવળ સમાગમની ખામી. સમાગમ એટલે ? જ્યારે સ્વામી સૂઈ ગયા હોય ત્યારે વાતો થાય ? સભામાં ઝોલાં ખાય ? સ્વામી વાતો કરતા હોય ત્યારે આઘાપાછા હોઈએ, તો એ ઘમાઘમ. પણ પંગતમાં લાડુ પીરસતા હોય ત્યારે પત્તર ખોળવા ન જાય. હાથ ધરી દે તો બે લાડુ મળી જાય. એમ સમાની ગમ એ સમાગમ.'

'ઘેર બેઠાં સમાગમ થાય કે ભેળા રહેવું પડે ?' તેનો ઉત્તર આપતાં કહ્યું : 'જેવી મુમુક્ષુતા. ઘરે બેઠાં પણ થાય. તોપણ ઉત્તમ મુમુક્ષુ હોય તે સમાગમ ખોળવા નીકળી જાય. ભેગો ફરીને સમાગમ કરે. નહીં તો બીજો ઘેર આવે ત્યારે સમાગમ કરે. પણ બનેમાં મન દઈને સમાગમ કરે, તો લાભ થાય.

'મહિમા સમજવામાં શું આડે આવે છે ? દેહ તો આડે આવે છે, પણ બીજુંય છે; મોટાની ક્રિયા ન ગમે. દેહ, મન ને જીવથી અંતરાય રહે. માનીનતા ફેરવવા જાય તેમાં શંકા કરે. દિવસને રાત કહે એમાં શંકા થાય નહિ, તો ખરું. પણ આ તો ઠરાવ કરીને આવે એટલે તેવું કહેવું પડે. પણ કોઈ ઠરાવ જ નહિ. એ વાત જુદી રહી. 'બુદ્ધિવાળો છું' એમ માની બેસે, તેની બુદ્ધિ બહુ દુઃખ દે છે. એમ બુદ્ધિનાં બીબાં છોડે નહિ. બુદ્ધિ લડાવીને પણ મનુષ્યભાવ લાવે છે અને ભોળો સમજે નહિ. તે નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે *'મેલી ડહાપણ, ભોળાપણ, રહીએ દાસના દાસ થઈને રે...'* ભેગા રહીને મહિમા સમજવો એ પણ ઘાંટી છે. ભેગો રહે તો ખબર પડે. છેટે રહે કાંઈ ન વળે.

'નિર્દોષબુદ્ધિ કેમ કાયમ રહે ? ખોટું કર્યું હોય તોપણ સત્પુરુષમાં સારામાં સારો ભાવ રહે, ત્યારે નિર્દોષબુદ્ધિ કહેવાય. શાસ્ત્રીજી મહારાજે ચરો ખોદાવ્યો તેમાં ઘણાંનાં ઘર જતાં રહ્યાં. અને કહે કે સ્વામી કાંઈ સમજતા નથી. અત્યારે તો લાખો રૂપિયા આવે છે. કેટલાકનું પોષણ થાય છે. આ તો સારું છે. તોય પણ મનુષ્યભાવ આવી ગયો. સારામાં સૌને સારો ભાવ રહે, પણ ખોટામાં ભાવ રહે તો ખરો. ભીડો ખમી લે પરંતુ જણાવે નહિ તો ખરું.'

એક હરિભક્તે પૂછ્યું : 'પ્રથમ સારામાં સારો હોય ને કેટલાકને નિષ્ઠા કરાવતો હોય, તે ફરી જાય એ શું ?'

સ્વામીશ્રી કહે : 'એમાં થર આવી ગયો. સત્સંગ કરતાં કરતાં સાત થર આવે છે. મનુષ્યભાવનો થર, દિવ્યભાવનો થર, એકાંતિકપણાનો થર, એમ થર આવે. જે થર જે વખતે આવે-જાય, એમ થઈ જાય. પહેલાં સત્સંગમાં આવે,

દિવ્યભાવ રહે, અહોહો જણાય; પણ ઝાઝો વખત ભેગો રહે, વખત પાકે ક્રિયા જુએ, ત્યારે મનુષ્યભાવ આવી જાય. માટે, 'સંત દરેક ક્રિયામાં ગુણાતીત વર્તે છે, એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવા માટે જ બધું કરે છે, એમાં જોવા જેવું નથી' એમ વર્તાય, તો પછી અખંડ નિર્દોષબુદ્ધિ રહે.

'અમદાવાદના એક હરિભક્તને જ્યારે બ્રહ્મ-નિરૂપણ થાય ત્યારે એવો થર આવી જાય. ત્યારે કહે : 'લાખો રૂપિયા આપી દઉં.' પછી ફરી જાય : 'સ્વામી ! મારા પૈસા પાછા લાવો.' એવા પથ્થરના થર આવે નહિ, એ બ્રહ્મ-સ્થિતિ. એટલા માટે સમાગમની ખાસ જરૂર છે. સ્વામીના સંબંધવાળાનો મહિમા ન જાણીએ, તો થઈ રહ્યું. જેવી મર્યાદા સ્વામીની રખાય તેવી તેના સંબંધવાળાની રખાય, તો ઊંચી કોટિમાં જતા રહ્યા કહેવાય. નહિ તો પ્રગટ સ્વરૂપનો મહિમા જેમ છે એમ જાણ્યો ન કહેવાય.

'સંબંધવાળા કોને જાણવા ? તો જે સ્વામીસ્વરૂપ થયો હોય તે. પ્રગટના સંબંધવાળા ઓળખાયા તે જ પાકું જ્ઞાન, તે જ પરિપક્વ નિષ્ઠા. ને તેવા હરિભક્તોનો અપાર મહિમા સમજાય તો નિર્દોષબુદ્ધિ દૃઢ ગણાય ને અંતરે અહોહોપણું રહે. અતિશય મોટાપુરુષ મળ્યા છે, પણ અખંડ અહોહોપણું નથી રહેતું તે જ મોટી કસર છે. તે સમાગમ કરીને કસર ટાળવી.'

અહીંના ચાર દિવસના રોકાણ દરમ્યાન ભજન-કીર્તન, જાહેર સભા અને સ્વામીશ્રીની અમૃત વાણીનો અમૂલ્ય લાભ મળતો રહ્યો. પધરામણીઓ દ્વારા શહેર તીર્થીભૂત થયું અને સત્સંગ મંડળ તેમજ યુવક મંડળની પણ સ્થાપના થઈ.

✧

તા. ૧૩-૧૨-'૫૯, ટ્રેન દ્વારા ડોડોમા જવા વિદાય લીધી. બાર કલાકની મુસાફરી હોવાથી સ્વામીશ્રીએ કથા-કીર્તન શરૂ જ રખાવ્યાં. બપોરે થોડો આરામ કર્યો. વચ્ચે વચ્ચે પસાર થતાં સ્ટેશનોના નામ પૂછે, અને તેના અઘરા ઉચ્ચારણોને કારણે હસી પડે. આરતી, નિયમ અને સભા બાદ ચેષ્ટા પણ ટ્રેનમા જ કરી. ૯-૦૦ વાગે ડોડોમા શશિકાંતભાઈ બ્રહ્મભટ્ટના બંગલે ઉતારે આવતાં, સ્વાગતયાત્રામાં મોટરોની હારમાળા નીકળી હતી તેટલા ભાવિકો જોડાયા હતા.

બે દિવસના અહીંના નિવાસથી બાળ-યુવક મંડળ સ્થપાયું. હિન્દુ એશિયનોએ લાભ લીધો. સૌને અત્યંત સદ્ભાવ થયો. બાબુભાઈ, રતિલાલભાઈ, ખીમચંદભાઈ તથા કાંતિભાઈ ભટ્ટ વગેરેની સેવાથી સ્વામીશ્રી ખૂબ રાજી થયા.

તા. ૧૪-૧૨-'૫૯, બપોરે એક ઓરડામાં હું તથા વિનુ ભગત બેઠા

હતા. મારા હાથમાં સામયિક હતું. બાજુના ઓરડામાં, બાથરૂમમાં લઘુ કરીને સ્વામીશ્રી અચાનક અમારા ઓરડામાં પધાર્યા. હું તરત ચોપડી મૂકી ઊભો થયો.

સ્વામીશ્રીએ પૂછ્યું : 'શું વાંચો છો ?'

'અખંડ આનંદ.'

સ્વામીશ્રીએ તે હાથમાં લીધું અને પછી કહે : 'આવું ન વાંચવું.' એમ કહી પુસ્તક બાજુના પલંગ ઉપર ફેંકી દીધું. કહે : 'આપણે 'વચનામૃત', 'સ્વામીની વાતું' સિવાય બીજું કાંઈ ન વાંચવું. એમાં સર્વ સારમાત્ર છે. આવું વાંચવાથી જગત વધુ પેસે. માટે વેદાંતનાં કે એવાં બીજાં-ત્રીજાં પુસ્તકો પણ ન વાંચવાં. આપણાં પુસ્તકો 'સત્સંગિજીવન' વગેરે વાંચવામાં બાધ નહિ. બીજા મોટા હોય તે ભલે વાંચે.'

બે દિવસ પછી અહીંથી મોરોગોરો જતાં બપોરે કોંગ્વે આવી પહોંચ્યા. ઠાકોરજી જમાડી, મોરોગોરો નજીક ચીમનભાઈના શાંભામાં આવ્યા. સ્નાન કરી સાંજે મોરોગોરો આવી પહોંચ્યા. સ્વાગત બાદ જાહેર સભામાં સૌને સ્વામીશ્રીના અલૌકિક વ્યક્તિત્વની ઊંડી છાપ પડી. બાદ મણિભાઈ વી. પટેલના બંગલે પધાર્યા. શિવાભાઈ, વિઠ્ઠલભાઈ વગેરે સેવામાં હતા.

## આત્મબુદ્ધિ વધે કે પ્રીતિ ?

તા. ૧૭-૧૨-'૫૯, બપોરે ઠાકોરજી જમાડી કથા કરી. વડતાલનું ૧૧મું વચનામૃત સમજાવતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'આત્મબુદ્ધિ વધે કે પ્રીતિ વધે ?'

તેનો ઉત્તર આપતાં પોતે જ કહ્યું : 'ઘરનાં પાંચ માણસ ભેગાં રહેતાં હોય - આત્મબુદ્ધિ હોય, પણ જો બોલાચાલી થતી હોય તો અંતરાય પડી જાય; ને દૃઢ પ્રીતિ હોય તો અંતરાય ન પડે. માટે ગોપીઓના જેવી પ્રીતિ વધે. પ્રીતિ શું ? પ્રિયતમની મરજી લોપાય નહિ.'

પછી અમને સંબોધીને કહ્યું : 'આ તો જરાક આજ્ઞા કરીએ તો મૂંઝવણ ન થવી જોઈએ. શ્રદ્ધાથી સેવા કરવી.'

બીજે દિવસે સવારે મોરોગોરો હિલ્સ ઉપર પગલાં પાડી, ઉતારે પધાર્યા. બપોરે શિયાન્ગાની હીરાની ખાણ પર ગયેલા તે સંભારી પ્રમુખસ્વામી જમતાં જમતાં કહે : 'હીરાની ખાણ જોઈ આવ્યા એમ હકાભાઈને પત્ર લખવો છે.'

સ્વામીશ્રી કહે : 'હા, હા, લખજો કે હીરાની ખાણનો પવન આવ્યો હતો.' પછી થોડું જમીને કહે : 'પણ એકે પઈ મળી નથી !'

સૌ ખડખડાટ હસી પડ્યા અને મર્મ પણ સમજ્યા કે હીરાની ખાણનો પવન પણ કેફ ચડાવી દે, તો સત્પુરુષનો પવન તો શું ન કરી શકે ?

✧

અહીંથી સ્વામિનારાયણ મંદિરનો 'વાર્ષિક પ્રતિષ્ઠા મહોત્સવ' ઊજવવા દારેસલામ જવાનું હતું. સ્થાનિક હરિભક્તોના આગ્રહને વશ થઈ સ્વામીશ્રીએ સંમતિ આપી હતી. નાતાલની રજાઓમાં અહીં સમાગમનો લાભ સર્વેને મળે એવું આયોજન થયું.

સ્વામીશ્રી પધારતાં જ આફ્રિકન નગરપતિ અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા સન્માન થયું. કાશીભાઈ, ડાહ્યાભાઈ, અંબાલાલ વગેરેએ ખૂબ જહેમત લઈ કાર્યક્રમ સફળ બનાવ્યો. શોભાયાત્રા દ્વારા લક્ષ્મીનારાયણ તથા શિવ મંદિરે દર્શન કરી, મંદિરમાં ઉતારે પધાર્યા.

દેશમાં જે યુવકો રજાઓમાં સ્વામીશ્રી પાસે દોડી આવતા અને એમના સત્સંગ-પ્રસંગમાં સાથે ફરતા, સત્સંગનો લાભ લેતા, એવી જ રીતે અહીં પરદેશમાં પણ યુવાનો આવી પહોંચ્યા હતા. નૈરોબીથી વડીલ હરિભક્તો ગિરધરભાઈ તથા હરમાનભાઈ સાથે કુમુદભાઈ, શાંતુભાઈ અને રમેશભાઈ, મ્બાલેથી બલભદ્રભાઈ, ટરોરોથી જશભાઈ વગેરે સમાગમનો લાભ લઈ રહ્યા હતા. નાનકડા રમેશભાઈ પોતાનું સ્થૂળ શરીર, છતાં સાથેના યુવકોનાં કપડાં ધોવાની સેવા હોંશે હોંશે કરતા.

એક દિવસ આ રીતે મંદિરના બાથરૂમમાં બધા યુવકોનાં કપડાં ભેગાં થયેલાં અને સ્વામીશ્રી બાથરૂમમાં લઘુ કરવા પધાર્યા. યુવકોનાં ધોવાનાં કપડાં એમ ને એમ પડેલાં જોઈ સ્વામીશ્રીએ બાથરૂમનું બારણું અંદરથી બંધ કરી દીધું અને જાતે કપડાં ધોવા બેસી ગયા. આજે આ સેવાનો અવસર મળ્યો તેથી એમનો હર્ષ સમાતો ન હતો. કપડાં ધોઈને જ્યારે સ્વામીશ્રી બહાર પધાર્યા ત્યારે સૌને ખબર પડી કે આજે તો સ્વામીશ્રીએ સૌનાં લૂગડાં ધોઈ નાખ્યાં. સ્વામીશ્રીની સેવાભાવના આગળ સૌ શરમિંદા પડી ગયા, પણ સાથે સેવાનો મહિમા જાણ્યો. સ્વામીશ્રી વાતો કરતાં આચરણથી સૌને વધુ સમજાવતા.

અહીં વહેલી સવારે સ્વામીશ્રી ગોષ્ઠિ કરતા. રાતે કથા પછી અંગ્રેજીમાં પ્રશ્નોત્તર કરાવતા અને કહેતા : 'છાતી કાઢી પ્રશ્નોત્તર કરવા.' આ વાત કરતાં ખડખડાટ હસી પડ્યા, નેત્રો મીંચાઈ ગયાં ને શ્વાસ રોકાઈ ગયો ! જે જુસ્સાથી બોલે તેના પર સ્વામીશ્રી ખૂબ રાજી થતા, પછી ભલેને તે સામાન્ય બોલે ! અને

કોઈ ગમે તેવું સારું બોલે, છતાં મરતાં મરતાં બોલે તો એમને છાપ પડે નહીં.

પધરામણી, કથા અને જાહેર સભાઓથી દારેસલામ શહેરમાં ભક્તિનું મોજું ફરી વળ્યું હતું. સંતસ્વામીની દૃષ્ટાંતસભર સચોટ વાતો, પ્રમુખસ્વામીની શાસ્ત્રોક્ત વાણી, અને સ્વામીશ્રીની અમૃત વાણીના પડકારા અનેકના સંશયો છેદી શાંતિ આપતા.

તા. ૨૫-૧૨-'૫૯થી પ્રમુખસ્વામીના મધુર કંઠે 'સત્સંગિજીવન'ની પારાયણ મંદિરમાં શરૂ થઈ. મંગલ પ્રારંભે મંડળના વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ અગ્રણી રવિશંકરભાઈ ઠાકરે મંદિરના શિખર ઉપર ધજા વિધિ કર્યો. પૂર્ણાહુતિ પ્રસંગ સુધીમાં ઘણા મુમુક્ષુઓ ગુણાતીત જ્ઞાનમાં રસ લેતા થયા તેમજ સંતોનાં નિર્મળ વ્યક્તિત્વથી આકર્ષાયા.

## વિશ્વશાંતિ-વાંચ્છુને દર્શનથી શાંતિ

એક દિવસ અરવિંદાશ્રમના ઉપક્રમે ચાલતા વિશ્વશાંતિ મંડળના સંચાલક અંગ્રેજ સજ્જન ડૉ. સ્મિથ તથા બંગાળીબાબુ મુખરજી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓને દર્શનમાત્રે શાંતિ થઈ ગઈ અને ટૂંકા પરિચયમાં જ કહે : 'અમારે કાંઈ જ કહેવું નથી, પૂછવું નથી. એમનાં દર્શનથી જ શાંતિ થઈ ગઈ છે. એમની વાણી આત્માની છે તે અમે સમજી શકીએ છીએ. તેઓ આત્મ-દર્શનવાળા પુરુષ છે તેમાં જરાય શંકા નથી. એટલે તેઓ અમને અંતરના આશીર્વાદ આપે એ જ બસ છે !'

બંનેએ સ્વામીશ્રીના ચરણસ્પર્શ કરી, અત્યંત ભાવથી લળી લળીને નમસ્કાર કરી, આશીર્વાદ મેળવ્યા.

સૌ સંતો-હરિભક્તો સાથે સ્વામીશ્રી એકાદશીએ દરિયાસ્નાન માટે પધાર્યા. અહીંના યુવકો ભાસ્કરભાઈ વગેરે સ્વામીશ્રીને શહેરમાં તેમજ દરિયા-કિનારે ઘણી વાર ફરવા લઈ જતા અને ભૂમિને વિશેષ પાવન કરાવતા.

તા. ૩૦-૧૨-'૫૯, સભામાં ગ.અં. ૭ વંચાવતાં સ્વામીશ્રીએ પ્રશ્ન કર્યો કે 'ભગવાનનાં ચરણારવિંદમાં મન રાખ્યું કેમ કહેવાય ?' પછી ઉત્તર કરતાં કહે : 'આપણો ભાવ નીકળી જાય ને ગુણાતીત પોતાનું સ્વરૂપ મનાય એટલે મરવાનું નીકળી ગયું. દેહરૂપ મનાય જ નહીં, પછી ધામમાં જવાનું ક્યાં રહ્યું ? મહારાજનાં ચરણારવિંદ જ સેવી રહ્યાં છીએ એમ મનાય તો મન સોંપ્યું કહેવાય. જો એ રૂપ ન થવાય તો જ્યારે મન કાબૂમાં ન રહે ત્યારે ન કરવાના

સંકલ્પ-વિકલ્પ કરે. ગોપીઓ એ રૂપ થઈ હતી તો 'અહમ્ કૃષ્ણ' પોકારતી.'

પછી કહે : 'આ વચનામૃતમાં મહારાજે છેલ્લે ઊઠવાની આજ્ઞા કેમ કરી ?' તેનો ઉત્તર કર્યો કે 'પ્રગટની વાત સદવી બહુ કઠણ છે. એટલે મહારાજે કહ્યું કે બહુ કહીશ તો પાત્ર છલકાઈ જશે. એટલે ઊઠવાનું કહ્યું.

'મન અમન ક્યારે થાય ? જ્ઞાન થાય ત્યારે અમન થાય અથવા સમજણે થાય. અનુવૃત્તિ પાળે એટલે રાજીપો થાય અને રાજીપો થાય એટલે મન અમન થઈ જાય અને મન અખંડ ચરણારવિંદમાં નિમગ્ન રહે.'

## મહારણમાં વીરડી

તા. ૧-૧-'૬૦, આજે નવા વર્ષનો પ્રથમ દિવસ. સ્વામીશ્રી વહેલી સવારે આરતી કરી સભામાં બિરાજ્યા. પ્રભાતિયાં બોલી, આખા દેશમાં શાંતિ સ્થપાય અને દેશકાળ સુધરે એમ સંકલ્પ કરાવી, એક કલાક ધૂન કરાવી.

અહીં પંદર દિવસનું અદ્‌ભુત જ્ઞાનસત્ર યોજાયું. જાહેર સભા અને સત્સંગ સભામાં અનેક ભાવિકોએ નિયમિત લાભ લીધો. આ અંગે આભારની લાગણી વ્યક્ત કરતાં માનનીય ડી.કે. પટેલે (O.B.E.) ભાવવાહી રીતે સ્વામીશ્રી તથા સંતોના ગુણાનુવાદ ગાયા કે –

'યોગીજી મહારાજ ભજન ગાય અને તે ઉપર વિવેચન કરે ત્યારે એ હૃદયને સ્પર્શે છે.

'આપણને મહારણમાં વીરડી જડે તેમ આવા સંતો આપણને ધર્મ પ્રત્યેની આપણી ભાવના, ફરજ સમજાવે અને જીવનને ઉચ્ચ કક્ષાએ લઈ જવાનો રસ્તો બતાવે છે.

'આ જ મંદિરમાં હિન્દુસ્તાનથી આવેલા ઘણા પવિત્ર સાધુ-સંતોને ઘણી વખત આપણે સાંભળ્યા છે, પરંતુ બધામાં સ્વામિનારાયણ સંતમંડળ જુદું જ છે. ફેર એ જ છે કે અહીં સંન્યાસી થયા ત્યારથી સેવા કરવા માટે જ જીવન અર્પણ કરેલાં છે. તેથી તેમનો ઉપદેશ વાતોમાં નહીં, વર્તનમાં પરિણમે છે.

'આ સંતોની પ્રવૃત્તિ યુવાનો, નાનાં-મોટાં ભાઈ-બહેનો તમામને માટે જીવન ઉન્નત બનાવનારી હોય છે. સ્વામીશ્રી પાસે પણ જ્યારે જઈએ ત્યારે ધર્મની જ વાતો હોય છે.'

આ સાથે જૂના પીઢ સત્સંગી અને સત્સંગ મંડળના ઉપપ્રમુખ રવિ-શંકરભાઈ ઠાકરે પણ ગૌરવ વ્યક્ત કર્યું કે 'આ દેશમાં આવા સંતો હજુ સુધી

આવ્યા જ નથી. સંપ્રદાયમાં આવા સંતો ખરેખર અજોડ છે.'

આ પંદર દિવસ દારેસલામના ભક્તો માટે અક્ષરધામનાં સુખ સમા પુરવાર થયા.

✧

તા. ૩-૧-'૬૦ના રોજ ભક્તોની ભાવભીની વિદાય લઈ, પ્લેન દ્વારા સૌ લવિંગના પાક માટે જાણીતા ઝાંઝીબાર ટાપુ ઉપર આવી પહોંચ્યા. સ્વાગત-યાત્રારૂપે માર્ગો પરથી સરકી રહેલી મોટરો દ્વારા કરમશીભાઈ વડગામાના બંગલે ઉતારે પધાર્યા.

અહીંની વ્યાયામશાળાના વિશાળ ચોગાનમાં રાતે જાહેર સભા યોજાઈ. સંતસ્વામીના 'હિન્દુ સંસ્કૃતિ' વિષયક મનનીય વ્યાખ્યાન પછી સ્વામીશ્રીએ આશીર્વચનો કહી સૌને મંત્રમુગ્ધ કર્યા.

બીજે દિવસે ખાસ વિમાન દ્વારા ૮૦ માઈલ દૂરના પેમ્બા ટાપુ ઉપર પધાર્યા. વીરસદના હરિભાઈ અમીનના પુત્ર વાસુદેવભાઈ તથા બોચાસણના પુરુષોત્તમભાઈના આમંત્રણથી અત્રે પધાર્યા હતા.

વારંવાર થતી હવાઈ મુસાફરી સ્વામીશ્રીને અનુકૂળ રહેતી નહિ, પણ હરિભક્તોનો ભાવ અને મનોરથ પૂરા કરવા ન છૂટકે કરતા.

બપોરે ઠાકોરજી જમાડી, આરામ બાદ ચાકેચાકે પધાર્યા. અહીંથી સ્વામીશ્રીએ મુંબઈ, ઘાટકોપરમાં ભણતા પોતાના જીવનપ્રાણ યુવકો ઉપર આ રીતે બળનો પત્ર લખ્યો :

*'ચાકેચાકે (પેમ્બા)'*

*તા. ૪-૧-'૬૦,*

*દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો.*

*'પાચ યુવકો, તમો અમારા જીવનપ્રાણ છો, તો અખડ સાભરો છો. રા.રા. મધુભાઈ તથા નારણભાઈ તથા રાયજીભાઈ તથા સૂર્યકાંતભાઈ તથા નિરંજનભાઈ પાંચે યુવકો તમો સંસ્કૃત અભ્યાસ બરાબર કરશો. તે મૂકવાનો નથી. બીજું તમોને બધાને આશીર્વાદ આપીએ છીએ તો આળસ-પ્રમાદ તમારો બધાનો નાશ પામી જશે. ખરું શૂરાતન આવશે. અર્જુનનાં બાણ ધગધગાટ લોહી નીતરતાં વહી જાય, તેમ ગુણાતીતનાં બાણ વાગે તો આળસ-પ્રમાદ ઊડી જાય. માટે ૮ કલાક વાંચશો. 'ઘાટકો' તે જ 'અક્ષરધામ' માનજો. અક્ષરથી પર વસ્તુ કોઈ નથી તેમ માનવાનું છે.*

*'ખાસ આજ્ઞા જે રાત્રે બે વચનામૃત વાંચવાં ને સ્વભાવિક ચેષ્ટાનાં પદો બોલીને સૂવું. ૨૫ વાતું બધાને બોલી લેવી. સ્વામી તમારી સાથે છે. હંમેશાં પાંચ વચનામૃત, ૨૫ વાતું જૂની બોલી લેવી. સ્નાન કરતાં કરતાં બોલવી.'*

સાંજે ચાકેચાકે ગામે જાહેર સભા થઈ. પછી પેમ્બા આવી સભાને સંબોધી. પેમ્બાના પ્રતિષ્ઠિત નેતા ઈશ્વરભાઈ રાવળે, દૂર ખૂણાના ટાપુને પણ સ્વામીશ્રીએ લાભ આપી કૃતાર્થ કર્યો, તે બદલ સ્વામીશ્રીનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

બીજે દિવસે ઝાંઝીબાર પધાર્યા. અહીં કેશુભાઈ, મનસુખભાઈ તથા બાબુભાઈ - ત્રણેય વડગામા ભાઈઓએ સારી સેવા કરી હતી.

તા. ૬-૧-'૬૦ના દિવસે કરમશીભાઈની નવી ફેક્ટરીનું ખાત કરી, ટાન્ગા આવી પહોંચ્યા.

અહીં 'હિન્દુ યુનિયન' તરફથી સ્વાગત થયું. અન્ય શહેરોમાંથી આવેલા હરિભક્તોને પણ સ્વામીશ્રીએ ખૂબ સુખ આપ્યું. સાંજે હિન્દુ મંદિરમાં જાહેર સભા કરી. ઉતારે આવી મોમ્બાસાના ભક્તોને વચનામૃત ગ.મ. ૧૭ સમજાવી બ્રહ્માનંદ કરાવ્યો. ઠાકોરભાઈ તથા ઈશ્વરભાઈએ બધી સેવા ઉપાડી લીધી હતી.

શુક્રવારે મોશી આવતાં ટ્રેનમાં રાત્રે સ્વામીશ્રીએ યુવકોને ભેગા કરી અંગ્રેજીમાં પ્રશ્નોત્તર કરાવ્યા હતા. પછી યુવકોને કહે : 'આખી દુનિયામાં બધાનું ચાલે છે, તો આપણી વાત સાચી છે તે કેમ ન ચાલે ?! શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ મળ્યા છે તોપણ ગેંગેં ફેંફેં કરાય છે. બધા નીકળી પડો. ઉત્તમ મુમુક્ષુને ઉત્તમ પ્રકારની સેવા કરી લેવી. બીજા ઊતરતા સામું જોવાનું ન હોય.'

મોશીમાં ઘણા ભક્તોએ સ્ટેશને સ્વાગત કર્યું. અહીં ત્રણ દિવસનો મુકામ હતો. આ ગામ કિલિમાંજારો પર્વતની તળેટીમાં વસ્યું હોવાથી અમાપ પ્રાકૃતિક સૌંદર્ય વેરાયેલું છે. તે માણવા વિદેશમાંથી પણ લોકો ખેંચાઈને આવે છે. સતત વાદળોની તથા બરફની ચાદર ઓઢીને સૂઈ રહેતો કિલિમાંજારો આજે સ્વામીશ્રીનાં દર્શનની આતુરતા હોય તેમ સ્પષ્ટ દેખાવા લાગ્યો.

અહીંની ગુફાઓ પણ પ્રસિદ્ધ છે. સ્વામીશ્રીની આજ્ઞા લઈ યુવકો તે જોઈ આવ્યા. પછી સ્વામીશ્રી કહે : 'તમે ગુફા જોવા ગયા હતા તે કેવી હતી ? અમને સાધુને ગુફામાં લઈ જવા જોઈએ અને અંદર બેસાડવા જોઈએ. અમે જાત્રામાં ગયા હતા ત્યારે ગુફાઓ જોઈ હતી.'

સ્વામીશ્રી એવી નિર્દોષતાથી યુવકોના આત્મીય થઈ જતાં કે યુવકો ઘડીભર તો ભૂલી જતા કે આપણા મોક્ષદાતા ગુરુહરિ વાત કરી રહ્યા છે.

## બીજા સમર્થ મળે તો ગુરુ કરાય

ત્રણેય દિવસ રમણીય વાતાવરણમાં સ્વામીશ્રીની પ્રાતઃપૂજા, ધૂન, કથા અને પધરામણીનો સતત લાભ હરિભક્તો માટે ચિરંજીવ બની ગયો. વસોના રાવજીભાઈ અમીન, તેમના પુત્ર વાસુદેવભાઈ તેમજ જશભાઈ વગેરે હરિભક્તો ખડે પગે સેવામાં રહ્યા.

રાવજીભાઈને સત્સંગ નહીં, પણ સ્વામીશ્રીના કાર્યથી પૂરા પ્રભાવિત. સ્વામીશ્રી પોતાના ઘરે પધાર્યા ત્યારે તેમણે પ્રશ્ન કર્યો : 'સ્વામીજી ! મારે એક ગુરુ છે, તો બીજા કરી શકાય ?'

'એક કરતાં બીજા સમર્થ મળે તો કરાય.' સ્વામીશ્રીએ કહ્યું.

'તો પ્રથમ ગુરુ છોડી દેવા ?'

સ્વામીશ્રી કહે : 'સર્વગુણ-સંપન્ન ગુરુ મળે ત્યાં જ જોડાવું જોઈએ. જેમાં વધુ માલ મનાય ત્યાં જ મન દૃઢ કરવું જોઈએ. કોઈમાં એક ગુણ હોય, કોઈમાં બે ગુણ હોય. માટે,

*'એક ગુરુકા આશરા, એક ગુરુકી ટેક, ઔરન સે ઉદાસ.'*

'આ સર્વગુણ-સંપન્નને માટે જ લખ્યું છે. બીજા માટે લખ્યું નથી.'

રાવજીભાઈને સંતોષ થયો. તેમણે સ્વામીશ્રીની સાધુતા નજીકથી નિહાળી હતી, તેથી જ તેમને આ પ્રશ્ન ઉદ્‌ભવ્યો હતો. તેમણે તરત જ સ્વામીશ્રીને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા.

તા. ૧૨-૧-'૬૦, મોટર રસ્તે અરૂશા જવા નીકળ્યા. માર્ગમાં ઉષારીવર થઈ, અરૂશા નરસિંહભાઈ પટેલના ઘરે આવી પહોંચ્યા. સ્વાગત બાદ મોતીભાઈ માસ્તરના ઘરે ઉતારે આવી, રાતે હિન્દુ હૉલમાં જાહેર સભા કરી. દેવશીભાઈ, ચતુરભાઈ વગેરેના સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો.

ટાન્ગાનિકાના બે માસના આ વિચરણમાં, પૂર્વેની યાત્રા દરમ્યાન વવાયેલાં સત્સંગનાં બીજ વધુ અંકુરિત થયાં હતાં. પ્રથમ જ વાર સ્વામિ-નારાયણીય સંતોના પરિચયમાં આવતા હોવાથી ઘણાને રીત-રસમો તેમજ પ્રણાલી જુદી લાગતી. પછી તો એવા આત્મીય થઈ જતા કે વિદાયના દિવસે એ પ્રેમ આંખોમાં અશ્રુ બની છલકાતો. આ વિદાયમાં કંઈક આવું જ બન્યું હતું.

અનેકને મોક્ષભાગી બનાવી ગુણાતીત જ્ઞાન અને ઇષ્ટદેવની મહિમા-સભર વાતોના પડકારાથી સદાચાર અને સંસ્કાર પ્રવર્તાવી, સ્વામીશ્રીએ નૈરોબી

જવા વિદાય લીધી.

ઉત્તરાયણનો દિવસ નૈરોબી ઊજવવાનું નક્કી કર્યું હતું. આથીરીવર પધરામણી કરી, નૈરોબી 'લુહાણા મહાજન'ની વાડીમાં ઉતારે આવી પહોંચ્યા.

## જે મળે ટાણે, તે ન મળે નાણે

તા. ૧૪-૧-'૬૦, ઉત્તરાયણ પુણ્યપર્વણી પ્રસંગે સવારે ૮-૦૦ વાગે ઉત્સવ સભામાં જીવનદોરીનું વચનામૃત ગ.મ. ૨૮ વંચાવી સ્વામીશ્રીએ વાત કરી :

'મહારાજ પોતાની પ્રકૃતિ આખી સભાને જાહેર કરે છે. અમારો દયાળુ સ્વભાવ છે ખરો, પણ હરિભક્તોનું ઘસાતું બોલે તેના ઉપર દયા રહેતી નથી. આમાં વાંકું બોલવું, એ સિદ્ધાંત આવ્યો ને ? ગુણાતીત બચ્ચા - અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠાવાળા આપણે, શાસ્ત્રીજી મહારાજને આપણો આત્મા માનીએ, પછી વાંકું બોલાય ? પણ દેહ-પ્રકૃતિને લીધે બોલાય છે. આપણે તો સંબંધ જોવાનો છે. નિર્માનીપણે વર્તાય તો સારું.

'હવે મહિમાની વાત. કેવો સમજવો ? ઉદ્ધવ ને ગોપીઓ જેવો. ગોપીઓ ક્ષુદ્ર જાતિ - ભરવાડ હતી, તોપણ તેનો મહિમા ઉદ્ધવજી સમજ્યા. તેમની ચરણરજ મારા ઉપર પડે તેમ માંગ્યું. શ્રીકૃષ્ણ ભગવાનની ચરણરજ ન માંગી. આપણે મહિમા નથી સમજ્યા એટલે મનુષ્યભાવ આવે છે. 'મહારાજ આપણા સામું નહિ જુએ' - એટલું સમજે તોપણ બસ છે. સેવા શું ? તો ગુણ ગાવા તે; અને ચાકરી શું ? ફેરો-ફાંટો કરવો, લૂગડાં ધોઈ દેવાં વગેરે. સેવા અને ચાકરી બંને જોઈએ.

'ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો મહારાજ કહે છે - 'તેની હું ભક્તિ કરું છું.' ભગવાનના ભક્તના ભક્ત થાવું; દાસના દાસ થાવું; પગરખાં ઉપાડવાં; એ સિદ્ધાંત છે. ભક્તિ એટલે સંભારે, યાદ કરે. ભક્તના ભક્ત થાવું તે જ મોટપ છે.

'રાજીપો શેમાં છે ? નિર્દોષબુદ્ધિમાં. આવો રાજીપો શું કામ છોડવો જોઈએ ? આ કોણ કહી ગયા તે તો જુઓ. શ્રીજીમહારાજે રાધા-કૃષ્ણની મૂર્તિઓ પધરાવી છે, પણ જો સાંબેલું પધરાવ્યું હોય તો તેને પણ દંડવત્ કરવા જોઈએ. હવે અહીં રસ્તો જ બંધ કરે છે. 'રસ્તા બંધ' એમ કહે છે ને ? આમ ફરીને જાવ. આપણે ફરીને જવું.'

ત્યારે ગિરધરભાઈએ પ્રશ્ન પૂછ્યો કે 'છીંડું કરીને ના પેસાય ?'

તેનો ઉત્તર સ્વામીશ્રીએ કર્યો કે 'પકડાઈ જાય તો દંડ થાય. માટે મહારાજે જે જે બંધ કર્યું તેમાં આપણે ન જવું.'

'સંતની સેવા કરે છે તે ભગવાનના ગમતામાં છે. તે જ ભગવાનની સમીપે જઈને રહેશે. સ્વામી અત્યારે કેવા રાજી થતા હશે ? ઊંધો ધંધો કરીએ કે કાંઈ ખાનગી કરીએ તો રાજી ન થાય, પણ તેમનું કાર્ય પૂરું કરીએ તો રાજીપો થાય. જન્મોજન્મ ભગવાનના ભક્તની સેવા માંગી છે. શાસ્ત્રીજી મહારાજ વાત કરતા કે ફરી જન્મ લઈને પણ અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી ડંકો મારવો છે.

'શ્રીજીમહારાજ આ ઉત્તરાયણનો ઉત્સવ જેતલપુરમાં કરતા. શાસ્ત્રીજી મહારાજ અમદાવાદમાં કાયમ ઉત્તરાયણ કરતા, તે નૈરોબીમાં કર્યો. તો કેટલો કેફ રાખવો જોઈએ ? દિવ્યભાવ આવે તો અવગુણ નીકળી જાય છે. નિર્દોષ-ભાવ કરવાનો છે. અક્ષરધામમાં છે તેવો ભાવ, ગુણાતીતભાવ રહે. ભીડો આપે, કારસામાં લે, તોય અભાવ ન આવે. ભગવાનના ભક્ત થવું એ સારનું સાર; બીજું નહીં. આ વાર્તા પરમ રહસ્યનું રહસ્ય; જીવનદોરી છે. નિર્દોષબુદ્ધિ કરીએ તો આખો આફ્રિકા દેશ રંગાઈ જાય; કોઈને એમ ન થાય કે આ ગુણાતીત જ્ઞાનમાં ન ભળીએ.

'આપણે મનુષ્યભાવ કાઢી નાંખવો. સદ્‌ભાવ, પક્ષ રાખશું તો શ્રીજી-મહારાજ હૃદયમાં નિવાસ કરીને રહેશે. મગનભાઈએ કેટલો દાખડો કર્યો છે ! અઢાર કલાક વાતો કરતા, ત્રણ ત્રણ દિવસના સમૈયા ભરતા. ટરોરોમાં ખાવા-પીવાવાળા હતા. તે કઢાવી નાંખ્યું. પરચા આપતા. ગાડીમાં પેટ્રોલ ખૂટ્યું; તે ધૂન કરાવી તો પેટ્રોલ વગર ગાડી હાલી.

'નિર્ગુણ સ્વામી બધાના કાગળ અમને વંચાવતા. તેનો હેતુ શું હતો ? સત્સંગ વધારવાનો. અહીંનું સુખ ત્યાં આપતા. તેમણે બી નાંખેલાં તે આજે ઝાડ થયાં. નિર્ગુણ સ્વામીને અહીં આવવું હતું, પણ શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે કાગળથી સત્સંગ કરાવો. હવે પ્રતિષ્ઠાનો પ્રસંગ બન્યો; તે સંતસ્વામી, નારાયણ સ્વામી વગેરે આવી પહોંચ્યા. શાસ્ત્રીજી મહારાજ નહિ પધારેલા, પણ તેમનો સંકલ્પ મૂર્તિમાન થયો.

'માંગરોળના આણંદજીભાઈને ખોરી જાર મળે. તે મહારાજને વાત કરી કે 'મુંબઈ જાઉં. અહીં દર્શનનો લાભ છે પણ ત્યાં સારું મળે.' ત્યારે મહારાજ કહે : 'આજે સવારે તમારું પ્રારબ્ધ મળ્યું. તે કહે, 'હું ખોરી જાર તૈયાર રાખવા આગળ જાઉં છું.' તે જવાનું માંડી વાળ્યું. દેવ-દર્શનનો લાભ મળે તો અર્ધો

રોટલો મળે તો ત્યાં રહેવું, પણ આખો ખાવા ન જવું. રામાનંદ સ્વામીએ વર આપ્યો છે, તે રોટલો આપે છે.

'પ્રત્યક્ષ લાભ મળે તે ફરી નથી મળતો. રહી જવાય છે. જે મળે ટાણે, તે ન મળે નાણે. કંપાલાનું મંદિર સ્વામીના સંકલ્પે તૈયાર થયું. ટરોરોમાં સી.એમ. પટેલે કર્યું. મંદિર હોય તો દર્શન થાય, થાળ ધરાય વગેરે સેવા થાય.

'બંધિયામાં મહારાજને મોટું મંદિર કરવું હતું, પણ નદી નહિ તે ન કર્યું અને ગઢડે કર્યું. શાસ્ત્રીજી મહારાજે પણ ગઢડામાં કર્યું. દેશવાળાએ ચાર મંદિર કર્યાં અને ગઢડાનો લાભ તમને આપ્યો. કેટલી દયા ? છેલ્લી સેવા આફ્રિકા-વાળાને આપી. પથ્થરનું તો પૂરું કરી દેત, પણ દાજીએ કાગળ છ પાનાંનો લખ્યો ને સ્વામીએ આરસનું કરવા હા પાડી અને હોલા-ઉપાડ કર્યા. ત્રણ શિખર અને ઘુમ્મટ બાકી રહ્યાં છે. બૈરા-છોકરાં સત્સંગી ન હોય તોપણ આપવું પડે છે ને ?

'ગઢડાના કણબી ભગત સ્વામિનારાયણના નહિ, બીજ પંથી. તે ગોકીરો થયો કે 'સ્વામિનારાયણ ભગવાન છે તે ગઢડામાં મંદિર કરે છે.' તેણે છોકરાને કહ્યું કે 'છોકરા, જા ઊઠ અને બે મણ દાણા નાંખી આવ. સાચા હશે તો લેખે લાગી જશે.' ગોકીરામાં ભળ્યા તો આજે ૨૦૦ વર્ષે પણ સંભારીએ છીએ. તેમ 'ગઢડા મંદિર આરસનું થાય છે' તે ગોકીરો થાય છે, તેમાં ભળવું. આ મંદિર માટે શ્રીજીમહારાજે દોરી ભરી હતી, તે શાસ્ત્રીજી મહારાજ દ્વારા સંકલ્પ પૂરો થયો. મોટાપુરુષના વચનમાં તથા હરિભક્તોમાં સદ્‌ભાવ તે સેવા છે. મહિમા સમજાય ત્યારે લોયા ત્રીજું સિદ્ધ થાય; નિશ્ચય પાકો જોઈએ. હઠ, માન, ઈર્ષા તે ઘટવાનાં સાધન છે. માટે તે ન કરવું.'

પ્રાસંગિક પ્રવચનો અને સ્વામીશ્રીના આશીર્વાદ પછી હરિભક્તોએ ઠાકોરજીની પૂજા કરી, સંતોને ધોતિયાં ઓઢાડ્યાં.

## બ્રહ્મસ્થિતિ કરવા ભરતખંડમાં મોકલ્યા છે

રાત્રે નવ વાગે ઉત્તરાયણ પૂજનનો કાર્યક્રમ થયો. સ્વામીશ્રી કહે : 'સત્પુરુષના સમાગમથી કાયમ બળ રહે છે. આંટા મારે, ફરે, તે ધમાધમ. આવો એક દિવસ ઊજવી લઈએ તો આખા વર્ષનું ભાથું. પાંચ-પંદર શિલિંગ ખોટા કરીને, રજા લઈને પણ લાભ લઈ લેવો. પ્રત્યક્ષભાવ રાખવો; પરોક્ષ ન માનવા. સત્સંગ એવો કરવો કે જીવમાં ભગવાન પધરાવાઈ જાય.'

પછી *'અનુભવી આનંદમાં ગોવિંદ ગાવે રે...'* એ પદ બોલ્યા. તે ઉપર

વાત કરી :

'આમાં શું આવ્યું ? બ્રહ્મ થઈને પરબ્રહ્મને જુએ ને જાણે. આપણે બ્રહ્મરૂપ થાવું છે; દેહભાવ ટાળવો. શબ્દ લાગી જાય; 'અક્કલ નથી' એમ કહો, તો લાગે. માટે દેહભાવ ટાળવો.

'જાગા સ્વામીને ગુણાતીતાનંદ સ્વામીએ કહેલું કે 'વરતાલ જાઉં છું, પણ તમારું અપમાન કરે તે ઠીક નહિ.' તો જાગા સ્વામી કહે : 'કહેશે તો દેહને કહેશે, જાતિને કહેશે, સ્વભાવને કહેશે. મારે શું ?' ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે : 'આવો ઠરાવ કર્યો હોય તો ચાલ્યા આવો.' આપણે પણ આવો ઠરાવ કર્યો હોય તો વાંધો નહિ.

'ગામ વચ્ચે કૂવો હોય તેને ઊંડો કહે કે છીછરો, પણ પાણી ભરનારા બે દેગડા ધમકાવીને ભરી જાય. તેમ આપણે આવું જ્ઞાન શીખી લેવું, તો આનંદના ફુવારા છૂટે. અપમાન કરે તેને ઘરેણું પહેરાવ્યું માને, ખોટું ન લાગે. બ્રહ્મની સ્થિતિ આવે ત્યારે આત્મનિષ્ઠા આવે. ખાવા-પીવાનું તો સૌને મળે છે, પણ બ્રહ્મસ્થિતિ કરવા ભરતખંડમાં મોકલ્યા છે. શાક લેવા ગયા, પૈસા દઈ દીધા, પછી બે મૂળા ખેંચ્યા તેના કાંઈ પૈસા દેવાના ન હોય. તેમ આપણે બે મૂળા ખેંચવા. તે શું ? તો સત્પુરુષનો સમાગમ કરવો.

'આજે પર્વણીનો દિવસ, સમાગમનો દિવસ, બ્રહ્મરૂપ થવાનો દિવસ - એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનો દિવસ છે. બે દિવસને બદલે ચાર દિવસનું ગોઠવ્યું. કેટલું હેત ? ત્રિભોવનદાસ અને રણછોડભાઈની કેટલી દયા તે નૈરોબીને લાભ મળ્યો. આપણે તો મૂર્તિપ્રતિષ્ઠા માટે આવ્યા છીએ. મુદ્દો એ છે કે જેમાં આ બે મૂળા ખેંચ્યા.'

સવાર-સાંજ પધરામણી, રાતે કથાવાર્તા અને દિવસ દરમ્યાન મુલાકાતો તથા પત્રલેખનમાં વ્યસ્ત રહેતા સ્વામીશ્રી હરિભક્તો માટે આનંદની ખાણ સમાન હતા. પળે પળે ભક્તિભાવ પ્રગટાવતી એમની માધુરી મૂર્તિ પાસેથી જ્ઞાનરસની લહાણ લેવા ગિરધરભાઈ, હરમાનભાઈ, અંબાલાલ, ભટેસા, રણછોડભાઈ, જીવાભાઈ, છોટાભાઈ, વજુભાઈ, છગનભાઈ પી. પટેલ, વીરચંદ શાહ તથા અનેક નાનાં-મોટાં ભાઈ-બહેનો અચૂક આવી જતાં.

## અસિધારા વ્રતના નિશ્ચલ ટેકધારી

તા. ૧૭-૧-'૬૦, રવિવારે પ્લેન દ્વારા કંપાલા જવા નીકળ્યા. પ્લેનમાં

દરેક વખતે સ્વામીશ્રી માટે આગળના ભાગમાં ખાસ સગવડ કરવામાં આવતી. પ્લેન ઊપડવાની તૈયારીમાં હતું અને સ્વામીશ્રીને બેસવા માટે બોલાવવામાં આવ્યા. પ્લેન નજીક આવી પહોંચતાં સ્વામીશ્રીએ એકાએક પૂછ્યું : 'બીજા ક્યાં ?' પ્લેનમાં મુસાફરીના ઘણા પ્રસંગોમાં સ્વામીશ્રીએ આવો પ્રશ્ન કદાચ પહેલી વાર જ પૂછ્યો હતો.

'બીજાં મુસાફરો બેસી ગયાં છે. આપણે જ બાકી છીએ.' મેં કહ્યું.

સ્વામીશ્રીએ સી.ટી. પટેલને અને બીજા હરિભક્તોને એકદમ બોલાવ્યા અને કહ્યું : 'આપણે આ પ્લેનમાં નથી જવું.'

'કેમ બાપા ?' બધા આશ્ચર્યથી બોલી ઊઠ્યા.

'બધાં બૈરાં બેઠાં હોય ને આપણે તેમને અડીને જવું પડે તે બને જ નહિ.' એવા મક્કમભાવથી સ્વામીશ્રી બોલ્યા કે કોઈ વિશેષ દલીલ કરી શક્યું જ નહિ.

એક હરિભક્તે હિંમત કરી સ્વામીશ્રીને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે 'બાપા ! આપણે માટે જુદી વ્યવસ્થા કરી છે.'

હંમેશાં હસતા, આનંદ કરાવતા સ્વામીશ્રી કંઈક આકળા થઈ જતાં બોલ્યા : 'બધાં બેઠાં હોય ને અમારાથી જવાય જ નહિ. એ લોકોએ પહેલાં આપણને બેસાડવા જોઈએ ને પછી બીજાને બેસાડે એમાં બાધ નહિ. હરમાનભાઈ હંમેશાં એવી ગોઠવણ કરતા.'

બીજી બાજુ વિમાનમાં પાયલટ અને ચાલકો ઉતાવળ કરી રહ્યા હતા. સૌ સ્વામીશ્રીના આ નિર્ણય પર સ્તબ્ધ થઈ ગયા હતા.

'બધાં નીચે ઊતરી જાય પછી આપણાથી ચડાય. નહિ તો આપણે આજે જવું જ નથી, આપણે કાલ જઈશું. નહિ તો ટ્રેનમાં જઈએ, મોટરમાં જઈએ, પણ પ્લેનમાં તો આજે જવું જ નથી.' સ્વામીશ્રીએ ફરી વાર દૃઢતાના સૂરો ઉચ્ચાર્યા અને હરિભક્તોની રહીસહી આશા પણ છેદ કરી નાખી.

આ બાજુ પ્લેનમાં પંખાએ ઊપડવાની ગતિ પકડી લીધી હતી. એક ક્ષણનો પણ વિલંબ થઈ શકે એમ નહોતો, એવી કટોકટી સર્જાઈ હતી. પ્લેનના પાયલટને તથા બેસી ગયેલાં વિદેશી મુસાફરોને કોણ સમજાવે ? સ્વામીશ્રીને તો સમજાવી શકાય એમ હતું જ નહિ. એમના નિયમોમાં બાંધછોડ અસંભવિત હતી. આખરે સૌએ પાયલટને સંતોના સ્ત્રી-પુરુષ મર્યાદાના નિયમ વિશે સમજાવ્યું. જાણે ભગવાનનો પ્રવેશ થયો હોય એમ તેણે વાત સ્વીકારી લીધી અને મહિલા મુસાફરોને ઊતરી જવા વિનંતીરૂપે જાહેરાત કરી.

મુસાફરોમાં પણ મહારાજનો પ્રવેશ થયો અને લેશપણ દલીલ વગર સૌ અંગ્રેજ મહિલાઓ નીચે ઊતરી ગઈ. ત્યારપછી જ સ્વામીશ્રીએ પ્લેનની સીડી ઉપર પગ મૂક્યો અને પોતાની બેઠકમાં ગોઠવાયા. પડદા પડી ગયા અને બાકીના મુસાફરો બેઠા પછી લગભગ દસથી પંદર મિનિટ મોડું થયેલું પ્લેન ઊપડ્યું.

વર્તમાનની આવી દઢતા જોઈ સૌ મુસાફરોને પણ સ્વામીશ્રી પ્રત્યે માન થયું અને હરિભક્તો તો વચનામૃતના મહારાજના શબ્દો, ‘ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંત કેવા હોય ? તો... પંચ વર્તમાનમાં દઢ રહેતા હોય’ એ વિચારતાં સ્વામીશ્રી પ્રત્યે અહોભાવમાં ડૂબી ગયા.

વિમાન કિસમુ રોકાતાં હરિહરભાઈ વગેરે હરિભક્તોએ સ્વામીશ્રીની જ્ઞાનવાણીનો લાભ લીધો.

બપોર થતાં એન્ટેબે આવી પહોંચ્યા. અહીંથી મંદિરે ઉતારે પધાર્યા. મૂર્તિ-પ્રતિષ્ઠાની તડામાર તૈયારી ચાલતી હતી. નાનાં-મોટાં સૌ તે સેવામાં મશગૂલ હતાં. સ્વામીશ્રી પણ પ્રત્યેક સમયની કથાવાર્તામાં આ જ વાત વધુ ને વધુ દઢાવતા.

❀ ❀ ❀

# યુગાન્ડામાં મંદિરોની પ્રતિષ્ઠા



## કંપાલામાં મૂર્તિપ્રતિષ્ઠા

પૂર્વ આફ્રિકામાં યુગાન્ડામાં મંદિરોની પ્રાણપ્રતિષ્ઠા સમગ્ર સત્સંગ માટે મહત્ત્વપૂર્ણ પ્રસંગો બની રહ્યા. શાસ્ત્રીજી મહારાજે અંત સમયે આફ્રિકાના ભક્તોને બે ભવ્ય મંદિર કરવા ઇચ્છા દર્શાવી હતી, તે આજે પૂર્ણરૂપે સાકાર થતી હતી. પ્રથમ યાત્રા વખતે મોમ્બાસા પ્રતિષ્ઠા થઈ અને આ યાત્રા વખતે કંપાલા પ્રતિષ્ઠા થઈ. વળી તે સમયે જિન્જા, ટરોરો વગેરે મંદિરો માટે આપેલા આશીર્વાદ પણ ફળીભૂત થયા હતા.

ગુણાતીત જ્ઞાન દરિયાપાર તો પહોંચ્યું, પણ મંદિરો વિના કાર્યસિદ્ધિ અધૂરી ગણાય. આટલી ખામી પૂરવા હરિભક્તોએ ખૂબ મહેનત કરી. રણછોડ-ભાઈના શુભ હસ્તે સ્વામીશ્રી પૂજિત શિલાને કંપાલા મંદિરના ખાત વિધિમાં પધરાવી. મોકાની જમીન મળી હતી. જગદીશપ્રકાશ અને નિરંજનસિંગે સેવા-ભાવે જ મંદિરના સુંદર નકશા તૈયાર કરી આપ્યા. ત્રિભોવનદાસ, વાલજીભાઈ, હરમાનભાઈ, રામજીભાઈ, આશાભાઈ, ચંદુભાઈ, પ્રભુદાસ લાલાજી, કાશીભાઈ, સોમાભાઈ, ઈશ્વરભાઈ વગેરે હરિભક્તોનું સમર્પણ કંપાલાના વિશાળ મંદિર પાછળ કારણભૂત હતું. તેમાંથી આશાભાઈ અને ચંદુભાઈએ તો નોકરી-ધંધાને પણ પડતાં મૂકી સેવા સાધી લીધી અને સ્વામીશ્રીને પ્રસન્ન કરી લીધા.

મોમ્બાસાથી યજ્ઞ માટે ખાસ બોલાવેલા વિદ્વાન શાસ્ત્રીએ યજ્ઞમંડપ, હવન તથા વેદી તૈયાર કરાવ્યાં. તા. ૧૯-૧-'૬૦ના શુભ દિને ધામધૂમથી યજ્ઞ શરૂ થયો. સ્વામીશ્રી પણ અવારનવાર આવી સૌને દર્શન આપી જતા.

બીજી તરફ રસોઈની તડામાર તૈયારીઓ ચાલતી હતી. જમવાની વ્યવસ્થામાં અન્નપૂર્ણા સમી ગુર્જર નારીને કોણ પહોંચે ? રોજ પાંચથી છ હજાર માણસોનું ભોજન જાતે તૈયાર કરવું એ પરદેશના સત્સંગની વિશેષતા છે. ત્યાં

ક્યારેય રસોઈયા રોકવામાં નથી આવતા. આ સાથે સુશોભન અને અન્ય સેવાઓમા યુવકો અને હરિભક્તો વહેંચાઈ ગયા. બાળકો પણ ચીંધે તે કરવા તત્પર રહેતા. આમ સંપ, સુહૃદભાવને જીવનમાં અપનાવી કંપાલા મંડળે અદ્ભુત દૃષ્ટાત પૂરું પાડ્યું.

બીજે દિવસે બપોરે મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા નીકળી. હરિભક્તો, યુવકો અને બાળકો સાથે સકળશ મહિલા મંડળનો ભક્તિભાવ સાચે જ અપૂર્વ હતો. સુશોભિત મંદિર રોશનીથી ઝળહળી રહ્યું હતું. મંદિરનાં ધર્મદ્વાર ખુલ્લાં મૂકવાના મંગલ પ્રસંગને સૌએ ભક્તિભાવથી - જયનાદોથી વધાવી લીધો. મોમ્બાસાના શેઠ માણેકલાલ કાળીદાસ કાનજીએ મોટી સેવા કરી દ્વાર ઉદ્ઘાટિત કર્યાં.

તા. ૨૧-૧-'૬૦, સં. ૨૦૧૬, પોષ વદિ સાતમ, ગુરુવારના મંગલ દિવસે બપોરે ૧૨-૦૦ વાગે ધામધૂમથી નગારાની પડઘમ અને ઝાલરના રણકારથી ઠાકોરજીની પ્રતિષ્ઠા થઈ. પ્રથમ આરતીની સેવા કરનાર દારેસલામના નારણભાઈ સંજોગોવશાત્ ન આવી શક્યા. સ્વામીશ્રીએ કહ્યું : 'પ્રગટાવો; આપણે ઉતારીએ.'

જો કે આ મૂર્તિપ્રતિષ્ઠા પહેલાં રણછોડભાઈ પટેલે સ્વામીશ્રી પાસે ખાસ માગણી કરેલી કે 'પ્રતિષ્ઠાની આરતી થાય ત્યારે મંદિરને કાંગરે કાંગરે ઝાલર અને નગારાં એની જાતે જ વાગે એવો પરચો આપજો.'

સ્વામીશ્રીએ એમના સંતોષ ખાતર કહેલું : 'હા, જાવ એમ થશે.'

આરતી પ્રગટી ગઈ હતી. સ્વામીશ્રીએ હાથમાં લીધી અને કહે : 'ઝાલર-નગારાં વગાડો.'

રણછોડભાઈ કહે : 'કોઈ ઝાલર-નગારાંને અડશો નહીં, 'એની જાતે વાગશે' એવું સ્વામીશ્રીએ વચન આપેલું છે.'

સ્વામીશ્રી કહે : 'હમણાં વગાડો. પછી વાત કરીશું.'

આરતી થઈ અને યુવકોએ ઝાલર-નગારાં વગાડ્યાં.

અદ્ભુત દર્શન ! આરતીના એક એક આંટે મૂર્તિમાંથી જાણે તેજની ધારા છૂટતી હોય તેવું જણાતું હતું. આરતીના એક એક આંટે મૂર્તિમાં જાણે પ્રાણનો સચાર થતો હતો.

ત્યારબાદ સભા થઈ. સ્વામીશ્રી આસને બિરાજ્યા. રણછોડભાઈ કહે : 'આપે વચન આપ્યું હતું તે કેમ ન પાળ્યું ?'

'એમ ન થાય.' સ્વામીશ્રીએ કહ્યું.

બે-ચાર હરિભક્તો બોલ્યા : 'આપના સામર્થ્યથી કેમ ન થાય ?'

સ્વામીશ્રી કહે : 'તમને બધાને મારામાં વિશ્વાસ છે કે નહીં ? અમે કહીએ છીએ 'મહારાજ બિરાજી ગયા.' તમારે ઝાલર-નગારાં વાગે એવી ઇચ્છા શા માટે રાખવી ?'

'પણ બાપા ! શહેરના લોકોને પ્રતીતિ આવે ને સત્સંગી થાય, સત્સંગ ઘણો વધી જાય.' રણછોડભાઈએ કહ્યું.

સ્વામીશ્રી કહે : 'અહીં કોઈ બહારનું નથી, બધાય આપણા જ છે. અને બધાને વિશ્વાસ છે. ઝાલર-નગારાં વાગે અને તમે છાપાંમાં આપો, તો જેના માટે તમે કરો છો તેણે કોઈએ જોયું નથી. તો સમાસને બદલે અસમાસ થાય. બધા કહે : 'પોતાનો સંપ્રદાય વધારવા માટે ખોટું ખોટું છાપ્યું છે.' માટે આપણે આપણું બરાબર છે. બધા રાજી થાવ.'

એમ કહી જાહેરમાં બધાને પૂછ્યું : 'બધા રાજીને ?' પરંતુ બરાબર જોશથી ઉત્તર ન મળ્યો. તેથી સ્વામીશ્રી હસી પડ્યા ને બોલ્યા : 'ખોંખારીને બોલો, 'અમે રાજી છીએ.' અને સૌ સ્વામીશ્રીની રુચિમાં ભળી ગયા.

જયકાર સાથે મંદિર ગાજી ઊઠ્યું. જાણે એક દિવ્ય સમાધિનો સૌને અનુભવ થયો. મોડી રાત સુધી સૌને જમાડ્યા. યુવકોની સેવાભાવના પાસે મોટા મોટા પણ નતમસ્તક થઈ જતા. ચાર હજારની રસોઈમાંથી આઠથી દસ હજાર ભાવિકો જમ્યા.

આ ઉત્સવમાં ભારતીય કમિશનર અને સહાયક કમિશનર શ્રીયુત બહાદુરસિંગ અને કે.આર. સિંગ પણ ઉપસ્થિત રહ્યા.

પ્રતિષ્ઠા પછી તો કંપાલામાં પધરામણીનો દોર લાગ્યો. સ્વામીશ્રી સવાર-સાંજ પધરામણીએ જતા. સંધ્યા આરતી પછી મંદિર આરતી, નિયમ અને કીર્તન-કથાથી ગાજતું રહેતું.

## રોકડી વાત, ઉધાર નહિ

બીજે દિવસે સત્સંગીઓ સમક્ષ વચનામૃત ગ.પ્ર. ૫૭ સમજાવતાં સ્વામીશ્રી કહે : 'બે વાત વચનામૃતમાં આવી : ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનું માહાત્મ્ય જાણવું, એ બે મોક્ષના અસાધારણ હેતુ છે. સાધારણ કારણો ઘણાં છે, પણ તત્કાળ કામ કરે તેવું તો સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનુ માહાત્મ્ય હોય તો જ બને.'

ત્યાં ડૉ. દલે પૂછ્યું : 'મોક્ષ એટલે શું ?'

સ્વામીશ્રી કહે : 'બ્રહ્મરૂપ થવું તે.'

'દેહ છતાં ?' ડૉ. શાહે પૂછ્યું.

સ્વામીશ્રી કહે : 'બધી વાત દેહ છતાં જ કરવા ઉપર ચાલે છે, દેહ મૂકીને નહિ. હમણાં જ કરવાની છે. જ્ઞાન સિદ્ધ કરી લેવાનું છે, જેથી ભૌતિક દેહ પડી જાય ત્યારે ચૈતન્ય દેહ અખંડ રહે અને ભગવાન આકારે થઈ જાય. માટે જ્ઞાનની સમજણ પંચાળા ૭માં, લોયા ૭માં બતાવી છે. એમ મુક્તો અને અક્ષરધામ ભગવાનનું સ્વરૂપ છે, પણ *'ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકમ્'* તે મુજબ ગુણાતીત મૂળ અક્ષર - પરમસત્ય સ્વરૂપ છે અને મહારાજ તો વ્યતિરેક, પરના પર રહે છે. તેના સ્વરૂપનો એટલે ગુણાતીતનો મહિમા જાણીએ, ત્યારે જ જેવો છે એવો યથાર્થ મહારાજનો મહિમા સમજાય. બ્રહ્મરૂપ થાય ત્યારે જ પરબ્રહ્મની સેવાનો અધિકારી બને. માટે ભગવાનનો મહિમા અપરંપાર છે. તે ગુણાતીતથી જેવો છે તેવો ઓળખાય.'

'ભગવાનનું માહાત્મ્ય શું છે ?' ડૉ. દલે પૂછ્યું.

સ્વામીશ્રીએ લોયા ૩ ઉપર વાત કરી કે 'જેને ખરેખર માહાત્મ્ય છે તેનાથી ભગવાન ને સંતને અર્થે શું ન થાય ? લોકનો, ભોગનો, સગાંનો, દેહનો તત્કાળ ત્યાગ કરવો હોય તો કરી દે ને કોઈ જ સ્વભાવ નડે નહિ. સંતને અર્થે જ જીવન કરી નાખે જેથી ભગવાન વરણીય બની જાય, જીવ બ્રહ્મરૂપ બની જાય. ને તેવા એકાંતિક ભક્ત તે જ ભગવાનનું માહાત્મ્ય છે. માટે તેમની સેવા કરી તેમનું ખમી લેવું ને રાજી કરી લેવા; તો મોક્ષનું અસાધારણ કારણ સિદ્ધ થઈ જાય.

'સત્પુરુષ છે તે ભગવાનનું સ્વરૂપ છે અને મહારાજ અખંડ વડવાનળ અગ્નિ સમા સાચા સત્પુરુષમાં મૂર્તિમાન સાંગોપાંગ રહેલા છે, જ્યારે બીજે સર્વત્ર અંતર્યામી શક્તિએ રહ્યા છે. અને વ્યતિરેક સ્વરૂપે અપરંપારપણે વર્તે છે. તેથી તેમના સ્વરૂપનું માહાત્મ્ય જાણવા માટે, તેમના એકાંતિક ભક્તનો સમાગમ કરીએ તો જ યથાર્થ મહિમા સમજાય અને આત્યંતિક મુક્તિને દેહ છતાં જ પમાય. તે જ સાચો જ્ઞાનપ્રલય ગણાય.'

આવો અદ્‌ભુત કથાલાભ લેવા જે જે ગૃહસ્થો આવતા તે તેમના બાળકોને પણ સાથે લેતા જ આવે. તેમને મન સત-સમાગમ જ બાળકોનું જીવન-ઘડતર કરવાનો શ્રેષ્ઠ ઉપાય હતો.

અહીંના મણિભાઈનો પુત્ર સુરેશ હંમેશાં લાભ લેવા આવતો. વળી,

સ્વામીશ્રી પણ બધા બાળકોને વાત કરે તેમ તેને પણ વાત કરે, બોલાવે, હેત કરે, ગળામાં હાથ નાખી કંઠી જુએ અને કાનમાં આંગળી નાખી સ્નેહ વરસાવે.

એક વાર સ્વામીશ્રી પધરામણી કરી મંદિરે પધાર્યા. સુરેશને સંકલ્પ થયો કે 'સ્વામી કારમાંથી ઊતરીને મારો હાથ પકડે તો ?'

તરત જ સ્વામીએ તેને બોલાવ્યો અને તેનો હાથ પકડી ચાલવા લાગ્યા. બાળક તો મધુર રોમાંચમાં ખોવાઈ ગયો. સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેટલા ભાઈ ?'

'હેં !' જાણે તંદ્રામાંથી જાગતો હોય તેમ સુરેશે કહ્યું : 'ત્રણ.'

'તેમાં તમે સાધુ થશો ?' બાળકોને પણ 'તમે' કહેવાની સ્વામીશ્રીની ખાસિયત હતી. અત્યંત સહજતાથી આ અસંગત જણાય તેવો પ્રશ્ન પુછાતાં સુરેશ તો ડઘાઈ ગયો અને સ્વામીશ્રીનું પ્રેમસભર મુખ જોતાં 'હા' પડાઈ ગઈ.

સ્વામીશ્રી એકદમ રાજી થઈ ગયા : 'લ્યો થાપો, બળની વાત કરી !' એમ કહી બાથરૂમ તરફ જતાં કહે : 'વિનુ ભગત અને અરુણભાઈની વાતો સાંભળજો.'

સુરેશ પણ આટલા વાર્તાલાપમાં રાજી રાજી થઈ ગયો.[૨]

## સંતની સેવામાં સર્વસ્વ જોડી દેવું

તા. ૨૪-૧-'૬૦, સવારમાં રણછોડભાઈ, જી.કે. સ્વામી તથા હું બેઠા હતા ત્યારે જ્ઞાનવાણી રેલાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ધન, ધામ, કુટુંબ, પરિવાર સર્વસ્વ સત્સંગમાં જોડી દેવું, તો નિર્દોષભાવ થઈ જાય; પણ આપણી મોટર, ગાડી, ઘર, માલ-મિલકત જો સંતની સેવામાં ન આપે તો જીવ બળને પામે નહિ અને માયા નડે, વિઘ્ન કરે. માટે સર્વસ્વ ભગવાનનું ને સંતનું જ કરી રાખીને વ્યવહાર કરવો; તો જરાય તકલીફ ન પડે અને સદાય સુખિયા રહેવાય. માટે નિષ્ઠાની પક્વતા હોય, તે સેવામાં જે કાંઈ આડે આવે તેનો તત્કાળ ત્યાગ કરી દે.

'શાસ્ત્રીજી મહારાજના વખતમાં મોજીદડના એક હરિભક્ત હતા. તે ડોસા ધામમાં જતાં તેમના છોકરા નારણભાઈને તથા પુંજાભાઈને કહેતા ગયા કે મારી ત્રણ વાત રાખજો : '(૧) રસોઈ આપવી, (૨) ધોતિયાં ઓઢાડવાં ને દસોંદ આપવી, અને (૩) બળદ વાવણી કરી હોય તોય બંધ કરી દઈને, છોડી દઈને પણ સંતની સેવામાં જ લગાડી દેવા. ને તેટલો વખત - વાવણી વખત હોય, વરસાદ હોય, ખેતી હોય, તોપણ બંધ કરી, છોડી દઈ, શાસ્ત્રીજી

૨. સ્વામીશ્રીના અક્ષરધામગમન પછી સુરેશભાઈએ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે દીક્ષા ગ્રહી સૂર્યપ્રકાશ સ્વામી નામ ધારણ કર્યું અને સ્વામીશ્રીની આજ્ઞા યથાર્થ પાળી.

મહારાજની સેવામાં લાગી જવું.' તે આજ પણ છોકરા કહે : 'અમારા બળદ લો.' ને બીજા કહે : 'ના, અમારા લો.' એમ સેવા માટે પડાપડી થાય. ને વ્યવહાર દૂબળો હતો તોય આજ સુખિયા થઈ ગયા, જમીનો થઈ ગઈ. માટે સંતની સેવામાં સર્વ સોંપી દેવું, તો તે જાળવે ને આગળ લે.'

બીજે દિવસે સવારે ૮-૩૦ વાગે સ્વામીશ્રીએ બે વચનામૃત ગ.પ્ર. ૬૭ તથા સા. ૭ કંઠે બોલી કથા શરૂ કરી. તેમાં ડૉ. દલે પ્રશ્ન પૂછ્યો કે 'ભગવાનનાં ચરણારવિંદમાં મન દૃઢ કેમ રહે ?'

સ્વામીશ્રી કહે : 'મધ્ય દરિયે પડ્યા પછી વહાણ વિના કોઈનો આધાર રહે છે ? ના. તો એવી રીતે ભગવાન ને સત્પુરુષનો જ આધાર થઈ જાય, એક સંત વિના કોઈનો આશરો ન રહે. એમ જાણે જે - આ સંત છે તે મોક્ષદાતા છે, ભવજળ તારનાર છે, અને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવનાર આ સંત જ છે. એમ જાણે તો ભગવાનનાં ચરણારવિંદમાં મન દૃઢ રહે.'

સ્વામીશ્રીના અહીંના નિવાસ દરમ્યાન અનેક અગ્રગણ્ય ગૃહસ્થો તેમજ ઈતર કોમના સજ્જનો, જેમણે એક યા બીજી રીતે મંદિર અને ઉત્સવના કાર્યક્રમોમા સહયોગ આપ્યો હોય તેમનું આભાર-દર્શન યોજાયું હતું. સ્વામીશ્રીના આશીર્વાદથી સૌ ખૂબ જ રાજી થયા.

## જિન્જામાં મૂર્તિપ્રતિષ્ઠા

યુગાન્ડાની કુબેર નગરી તરીકે પંકાયેલું જિન્જા ધનાઢ્ય છતાં શાંતિપ્રિય શહેર. અહીંના મણિભાઈને મગનભાઈના સંપર્કે સત્સંગ થયો અને તેમનાં પત્ની મણિબહેનની ભક્તિનિષ્ઠાએ પણ તેમનામાં પરિવર્તન આણ્યું. તેઓની ધગશ તેમજ પ્રતિષ્ઠાને કારણે અહીંના મંદિરની જવાબદારી તેમના માથે આવી, જે નિષ્ઠાપૂર્વક પાર પાડી તેમણે સ્વામીશ્રીને રાજી કર્યા.

અહીં ચતુર્ભુજ દાલિયાએ મંદિરના પ્લોટની કિંમત ચૂકવી. સ્વામીશ્રીની આજ્ઞાથી મણિભાઈએ ખાતમુહૂર્ત કર્યું. આ સાથે જ રાવજીભાઈ, શિવાભાઈ, ચતુરભાઈ, નાનજીભાઈ, વેલજીભાઈ, મનજીભાઈ વગેરે હરિભક્તોએ સેવામાં ખૂબ ફાળો આપ્યો.

પ્રતિષ્ઠા-ઉત્સવ નજીક આવવા લાગ્યો. સેવાની વહેંચણી સાથે તૈયારીઓ પણ ઉમંગપૂર્વક શરૂ થઈ. નાજુક છતાં આધુનિક ઢબના આ મંદિર પાછળ ભાઈઓ-બહેનોનાં સંપ તેમજ નિષ્ઠા કારણભૂત હતાં. મુકુંદભાઈ, રમણભાઈ,

પ્રભુદાસભાઈ વગેરે યુવકો પણ તનતોડ મહેનત કરતા.

શાસ્ત્રોક્ત રીતે યજ્ઞ વિધિ થયો. ગામોગામથી આવેલા હરિભક્તોએ તેમાં લાભ લીધો. તા. ૩૦-૧-'૬૦ની સાંજે મૂર્તિઓની સુંદર શોભાયાત્રા નીકળી. સ્વામીશ્રી અને સંતો પણ સાથે રહ્યા.

બીજે દિવસે બપોરે સમસ્ત હિંદુ જનતાને ભોજન લેવા આમંત્રણ આપ્યું હતું. ૬,૦૦૦ જેટલા ભાવિકોને જમાડવાની સેવામાં યુવકો સાથે સી.ટી. પટેલ વગેરે મોટેરા હરિભક્તો પણ જોડાઈ ગયા હતા. સ્વામીશ્રીના સાંનિધ્યનો આ પ્રતાપ હતો. સૌ કોઈને તેમની સેવા-ભાવનાનો જીવંત સ્પર્શ અનુભવાતો અને સૌ દિન-રાત એક કરી સેવામાં મંડ્યા રહેતા; અને તે પણ થાક, આળસ અને કંટાળાને કોરે મૂકીને - સદા તાજગી સાથે !

સાંજે મંદિરમાં મંગલપ્રવેશ વિધિ યોજાયો. શહેરના પ્રતિષ્ઠિતો મનુભાઈ મૂળજીભાઈ માધવાણી તથા જયંતભાઈ માધવાણી વગેરે પણ ઉપસ્થિત રહ્યા. તેમણે પોતાના પિતા મૂળજીભાઈના અક્ષરવાસ નિમિત્તે મોટી રકમ દાનમાં આપી. પ્રવચનો અને સ્વામીશ્રીના આશીર્વાદથી સમારંભ સમાપ્ત થયો.

તા. ૧-૨-'૬૦, વસંત પંચમીનો દિવસ હતો. આ દિવસે પ્રગટ થઈ શાસ્ત્રીજી મહારાજે ઉપાસનાની જ્યોત દિગંતમાં પ્રસારવા સંકલ્પ કર્યો હતો, તે જ દિવસ જિન્જા મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાનો દિવસ હતો. પ્રાણપ્રતિષ્ઠાના અદ્‌ભુત સમારોહમાં સૌ આતુર નજરે સ્વામીશ્રીનાં, આરતીનાં, ઠાકોરજીનાં અને હેલે ચડેલી દિવ્યતાનાં દર્શન કરી રહ્યાં હતાં.

વી.એચ. કંપનીવાળા ચતુરભાઈ ઝવેરભાઈ પટેલે સ્વામીશ્રી સાથે પ્રથમ આરતી ઉતારી, જયનાદોથી શ્રીહરિને વધાવ્યા. સ્વામીશ્રીના આશીર્વાદ મેળવ્યા.

ટરોરોમાં મૂર્તિપ્રતિષ્ઠાને હજુ વાર હતી. તેથી સ્વામીશ્રીએ અત્રે રોકાઈ હરિભક્તોને ખૂબ સુખ આપ્યું; જો કે સંતસ્વામીને અહીંની આબોહવા માફક ન આવતાં તેમને તથા બાલમુકુંદ સ્વામીને મ્બાલે જવું પડ્યું. તેઓ ત્યાં પંદર દિવસ રહ્યા અને સૌને જ્ઞાનલાભ આપ્યો, જેથી વિદ્વદ્‌વર્ગમાં સારો સમાસ થયો.

## તમારા જોડા મને માથામાં મારો

એક દિવસ મણિભાઈના ઘરે સ્વામીશ્રીનો ઉતારો હતો. ત્યાં એક હરિભક્તે નિષ્કપટ થતાં વાત કરી : 'બાપા ! આપનામાં મનુષ્યભાવ આવે છે.'

સ્વામીશ્રી એકદમ ગંભીર થઈને બોલવા લાગ્યા : 'અમારાં પંચ

વર્તમાનમાં ફેર હોય તો તમારા જોડા લાવીને મને માથામાં મારો. એ સિવાય મને બીજું કાંઈ ન આવડે. પરચા વગેરે મને ન આવડે.'

પેલા હરિભક્ત તો ખૂબ ઝંખવાણા પડી ગયા અને તરત જ સ્વામીશ્રીનાં ચરણમાં માથું મૂકીને માફી માગી. તેમણે સંકલ્પ કર્યો કે 'કદી પંચ વર્તમાનયુક્ત આવા સંતનો સ્વપ્નમાંય મનુષ્યભાવ નહિ લઉં !'

સારધાર સાધુતાની એક રહેણીએ જીવનપર્યંત રહેવું એ અતિ દુર્લભ છે. મન, કર્મ, વચને પંચ વર્તમાન પાળવાં એથી બીજો કોઈ મોટો પરચો નથી કે એથી મોટી કોઈ સિદ્ધિ નથી; કેમ કે એ સંતમાં તો શ્રીહરિ અખંડ નિવાસ કરીને રહે છે. એમનામાં દિવ્યતા સિવાય બીજું જોવા જતાં જરૂર ભૂલા પડાય.

સ્વામીશ્રી જિન્જામાં સમાગમનો અપાર લાભ આપતા હતા. વળી, પ્રતિષ્ઠિતોને આકર્ષી કલ્યાણ-ભાવનાને પુષ્ટિ આપતા હતા. અહીંના અગ્રગણ્ય શીખ વેપારી ઇન્દ્રજિતસિંહ ગીલને ત્યાં પધરામણી કરી, સ્વામીશ્રીએ તેમના વિશાળ કારખાનામાં દરેક જગાએ પગલાં કર્યાં.

તા. ૮-૨-'૬૦ના રોજ ૧૦ માઈલ દૂર બુઝુટા પધારી મણિભાઈની ઓઈલ મિલમાં પધરામણી કરી. બીજે દિવસે ૧૪ માઈલે આવેલા બીકવે ગામે લાભ આપ્યો.

જિન્જાથી ૭ માઈલ દૂર કકીરામાં યુગાન્ડાના જાણીતા ઉદ્યોગપતિ શેઠ મૂળજીભાઈ માધવાણીના પુત્ર મનુભાઈના આગ્રહથી સ્વામીશ્રી તથા સંતો પધાર્યા. મનુભાઈ જાતે જ કાર ચલાવી રહ્યા હતા. શેઠના સમાધિ સ્થાને મૌન રાખી પ્રાર્થના કરી. તેમના મુખ્ય અધિકારીઓ પણ આ પ્રાર્થનામાં જોડાયા. લગભગ પંદર-વીસ મિનિટ મૌનમાં વીતી ગઈ. છેવટે એક હરિભક્તે જય બોલાવી. સૌને સમાધિનું દિવ્ય સુખ અનુભવાયું. તેમના બે પુત્રોને પણ આશિષ આપ્યા. પછી તેમનાં ખાંડનાં કારખાનાં વગેરે જોઈ સ્વામીશ્રી ખૂબ રાજી થયા અને કહે : 'જેમ શેરડીમાંથી ખાંડ થતાં વાર નથી લાગતી, આ શેરડી નાખી અને આ ખાંડ કાઢી, તેમ સત્પુરુષ જીવને બ્રહ્મરૂપ કરી દે છે. આવા મશીન જેવા સત્પુરુષ મળવા જોઈએ ! સત્પુરુષના પ્રસંગથી ફટ બ્રહ્મરૂપ થઈ જવાય; પણ પિલાવું પડે, ભીડો ખમવો પડે.'

આવી માર્મિક વાતો સ્વામીશ્રી લૌકિક દૃષ્ટાંતોથી ગમે ત્યારે, ગમે તે સ્થળે કરી દેતા. મુમુક્ષુ જીવને તેની અર્થસભરતા અને રહસ્યો સમજાતાં; બાકીના સ્વામીશ્રીની મૂર્તિનો આનંદ તો પામતાં જ.

બપોરે જિન્જા થઈ, સાંજે ફરી કકીરા પહોંચ્યા. અહીં એકત્રિત થયેલા ફેક્ટરીના ઘણા અમલદારોને સ્વામીશ્રીએ સદાચારની વાતો કહી સંસ્કાર પાડ્યા.

તા. ૧૨-૨-'૬૦ના રોજ જિન્જાથી ૪૦ માઈલ દૂર આવેલા બુલોપા ગામે વિમળાબહેન વગેરે બાઈ-હરિભક્તોના આગ્રહ અને ભક્તિથી આવવાનું થયું હતું. રસ્તે નાઈગોબિયામાં પધરામણી કરી, બપોરે બુલોપા આવી પહોંચ્યા. બંધૂકો અને દારૂખાનું ફોડી ભક્તોએ સ્વામીશ્રીનું સુંદર સ્વાગત કર્યું. પૂનમ હોવાથી રાત્રિ જાહેર સભા દિવ્ય બની હતી. અનેક ગામના ભાવિકો અત્રે એકઠા થયા હતા.

બીજે દિવસે કૉફીના શાંભામાં પધરામણી કરી, સાંજે કમુલી આવ્યા. મંદિરે દર્શન કરી દુર્લભજીભાઈને ત્યાં ઉકાળા-પાણી કર્યાં. રાત્રે જાહેર સભામાં કંપાલાથી આવેલા ભક્તો તથા સ્થાનિકોએ સારો લાભ લીધો. સભા પછી તરત જ બુલોપા પાછા ફર્યા. વળતે દિવસે કરસનભાઈ કુરજીના આગ્રહથી નમેન્ડવા ગામે પણ પધરામણી થઈ.

એક દિવસ મીઠા જળના મહાસાગર સમા વિક્ટોરિયા સરોવરમાંથી નીકળતી નાઈલ નદીમાં સમૂહ-સ્નાન કર્યું. એકાંત આરો શોધી, હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવી, સ્વામીશ્રીએ હરિભક્તોને પણ પ્રસાદી-જળે સ્નાન કરાવ્યું. પછી કાંઠે સભા કરી આશીર્વચનો કહ્યાં.

## ટરોરોમાં મૂર્તિપ્રતિષ્ઠા

જેમણે પૂર્વ આફ્રિકામાં સત્સંગ-પ્રવર્તન કર્યું, એ મગનભાઈની ભૂમિને આંગણે અક્ષરપુરુષોત્તમની મૂર્તિપ્રતિષ્ઠાના પડઘા વાગવા લાગ્યા. ઉત્સાહી અને શૂરવીર હરિભક્ત સી.એમ. પટેલે વડીલ હરિભક્તો મોતીભાઈ, ઈશ્વરભાઈ, સોમાભાઈ, છોટાભાઈ તથા કાલીદાસભાઈ વગેરેના સહકારથી આ મંદિરનું કાર્ય સાહસ અને હિંમત સાથે ઉપાડ્યું. જોતજોતામાં યુવક મંડળ તૈયાર થયું અને આ કાર્યમાં ભળી ગયું.

સૌને દહેશત હતી કે આ છેલ્લી પ્રતિષ્ઠા હોવાથી હરિભક્તો બહુ નહીં આવે, પરંતુ શ્રીહરિની ઇચ્છા અને સ્વામીશ્રીની પ્રેરણાથી કેન્યા તરફથી યુગાન્ડામાં પ્રવેશતાં જ પ્રથમ આવતા ટરોરોમાં પ્રતિષ્ઠા પ્રસંગે ગામોગામથી મંડળો આવવા લાગ્યાં. સૌએ સેવાઓ વહેંચી લીધી. સ્વામીશ્રી પણ દરેક કાર્ય પર અવારનવાર દેખરેખ રાખી માર્ગદર્શન તથા પ્રેરણા આપતા. સમૈયાના બે દિવસ પૂર્વે ખૂબ જ વરસાદ થયો, પરંતુ સ્વામીશ્રીના આશીર્વાદે તે વિઘ્ન પણ દૂર થયું.

મહા વદ આઠમે વેદોક્ત રીતે યજ્ઞ વિધિ શરૂ થયો. સ્વામીશ્રીએ યજ્ઞમાં પધારી, મૂર્તિપૂજન કરી, યજમાનોને આશીર્વાદ આપ્યા.

તા. ૨૧-૨-'૬૦ના રોજ મંદિરના આગળના ભાગે દુકાનોનું ખાત થયું. મગનભાઈના સમાધિ સ્થાનનું પણ ઉદ્‌ઘાટન થયું. અહીં ઓટા ઉપર શ્રીજી-મહારાજનાં આરસનાં ચરણારવિંદ પધરાવી, સ્વામીશ્રીએ મંગલ વાતાવરણમાં આરતી ઉતારી.

સાંજે અદ્‌ભુત શોભાયાત્રા નીકળી. શણગારેલા રથમાં સ્વામીશ્રી તથા સંતો બિરાજ્યા. સૌથી આગળ રહેલાં બૅન્ડ, ભજન મંડળી તથા અંતે કળશવતી મહિલાઓથી સુંદર શોભા રચાઈ. મંદિરે શોભાયાત્રાના વિરામ પછી મંદિરમાં મંગલપ્રવેશ વિધિ થયો. જે પ્રસંગે મસીન્ડીના શીખ નારણસિંગે મોટી સેવા જાહેર કરી. જયનાદ અને ભજન-કીર્તનની રમઝટ વચ્ચે મંદિર ખુલ્લું મુકાયું. આ સાથે 'મુક્તરાજ મગનભાઈ સ્મારક પુસ્તકાલય' પણ અત્રેના ભાવિક સજ્જન પીતાંબરભાઈએ ખુલ્લું મૂક્યું.

મહા વદ ૧૦નો પ્રતિષ્ઠાનો શુભ અવસર આવી પહોંચ્યો. સવારથી હરિભક્તો અને યુવાનો વિવિધ સેવામાં લાગી ગયા હતા. સ્વામીશ્રી મંદિરે પધારતાં જાણે ચૈતન્ય રસની છોળો ઊડી. સૌ એકાગ્ર થઈ ગયા. પૂજા વિધિ બાદ પ્રાણપ્રતિષ્ઠા થઈ. મૂર્તિઓ દૈવી તેજથી તેજસ્વી થઈ ઊઠી. પ્રાણનો સંચાર થતાં જ જયઘોષ થયો. માંગલિક આરતી વિધિની પવિત્રતાએ સૌને દિવ્યતામાં મૂકી દીધા. નાઈગોબિયાના હરિભક્તોએ સ્વામીશ્રી સાથે પ્રથમ આરતી ઉતારી. સૌ આનંદ સાથે સમૂહ-ભોજન માટે પધાર્યા. આશરે ૪,૦૦૦થી વધુ માણસોએ પ્રસાદ લીધો. સ્વામીશ્રીના આશીર્વાદથી અને છોટાભાઈ, જશભાઈ, ગુણવંત-ભાઈ, ઠાકોરભાઈ, ભાનુભાઈ, અરવિંદભાઈ, નવનીતભાઈ વગેરે યુવકોની સેવા-નિષ્ઠાથી આ અકલ્પ્ય મહોત્સવ અભૂતપૂર્વ ઊજવાઈ ગયો.

સમૈયો વિખરાતા બીજે દિવસે સ્વામીશ્રી મ્બાલે પધાર્યા. રસ્તામાં મઘોડસ પધરામણી કરી. મ્બાલેમાં શંકરભાઈ પારેખનો ખૂબ પ્રેમ, તેથી આજના એકાદશીના પર્વે આખો દિવસ કથાવાર્તા થઈ. પધરામણી તથા આજુબાજુનાં ગામડેથી આવેલા ભાવિકો માટે સત્સંગ-લાભ તો ચાલુ જ હતો.

એક દિવસ બપોરે ૩૦ માઈલ દૂર બુકેડિયા ગામે પધારી, ધર્મજના અંબાલાલભાઈ, તેમના પુત્ર કનુભાઈ, ભાદરણના શિવાભાઈ, જયકૃષ્ણભાઈ વગેરેને ખૂબ લાભ આપ્યો. બાદ મ્બાલેમાં શિવરાત્રી ઊજવી, સાંજે ૨૨ માઈલ

દૂર શીરોકો ગામે સભા કરી, મ્બાલે પાછા ફર્યા.

વળી, કકોરોમાં મૂળજીભાઈના પુત્ર રજનીકાંતને આશીર્વાદ આપી, કીડન્ગોલી, પટેટે, વડૂડા થઈ બુકેડિયા આવી પહોંચ્યા. અહીં સ્વાગત અને સમૂહ-ભોજન બાદ સાંજે સૌ છૂટા પડ્યા.

અહીંથી સ્વામીશ્રીએ દેશમાં એક હરિભક્ત ઉપર અધ્યાત્મલક્ષી સુંદર પત્ર લખ્યો :

*તા. ૨૫-૨-'૬૦*

*'પોતાના આત્માને બ્રહ્મરૂપ માનવો. દેહ ને આત્મા જુદા છે. દેહના ગુણ જુદા છે. આ બધો વ્યવહાર દેહ ઉપર છે. આપણો આત્મા બ્રહ્મચેતન છે. સા. ૪થું વચનામૃત વાંચીને વિચારવું. સા. ૧લું વચનામૃત મન જીતવાનું વાંચીને વિચારવું. હવે આપણે બ્રહ્મકિલ્લોલ કરવો. હિંદુ-મુસલમાન જેમ જુદા છે, તેમ આત્મા-દેહ નોખા છે. સગાંવહાલાં બધું દેહ ઉપર છે. આત્મજ્ઞાન ચૈતન્ય ભૂમિકાનું જ્ઞાન છે, તે રૂપ આપણે માનવાનું છે. અખંડ આનંદમાં રહેવું. શોક, માન, ઈર્ષ્યા, ક્રોધ, દોષમાત્ર હૃદયમાંથી કાઢી નાખવાં. લોયા ૧૨ વચનામૃત સિદ્ધ કરવું. દૃઢ નિશ્ચય સિદ્ધ કરવો. એમાં કોઈ બ્રહ્માંડ ઊભું રહેતું નથી, તો દેહનો વ્યવહાર ક્યાં ઊભો રહે ? માટે બળમાં રહી દ્ઉમું સિદ્ધ કરવું. જીવ બળિયો થાય તો કોઈ વ્યવહાર ઊભો રહે નહીં. આત્મનિષ્ઠામાં ગુણમાત્ર રહ્યા છે.*

*'માટે સમજ્યા ત્યાંથી સવાર. જ્ઞાન ક્યારે કામ આવે ? તો આવો દેશ-કાળ આવે ત્યારે. લોયા ૧૦ વચનામૃતની છેલ્લી ૨૦ લીટીઓ વાંચવી. તેમાં બધો મુદ્દો આવી જાય છે. માટે વચનામૃતના શબ્દોની હારો કરવી. જ્ઞાન શીખે તેને દેશકાળ ન લાગે અને કોઈનો અવગુણ ન આવે. પોતાની સ્થિતિમાં અલમસ્ત રહેવું; આપણે બ્રહ્મની સ્થિતિ માનવી.*

*'શાસ્ત્રીજી મહારાજ જેવા મહાન ગુરુ મળ્યા છે તો કોઈ વાતે અધૂરું રહેવા દેશે નહિ. જાણપણારૂપ દરવાજે રહેવું. ભગવાન અને સંત મળ્યા તેનો સાક્ષાત્કાર કરવો. પ્રાપ્તિ મોટી છે. જોગ મોટો છે. માટે આટલાં વચનામૃત વાંચી વિચારવાં. છે. ૧૧મું વચનામૃત સિદ્ધ કરવું, સીતાજીના જેવી સમજણ કરવી. મહારાજ છતાં કેટલા સંતો-હરિભક્તોને ભીડો પડ્યો, છતાં આત્મારૂપે માનતા હતા તો પરમ શાંતિ રહી અને સુખ રહ્યું. બ્રહ્મકિલ્લોલ કરનારા બધા સંતો હતા. દેહના અનાદર કરવાવાળા હતા. તો આપણે એના ગુણ ગાઈએ છીએ. માટે સ્વામીની વાતો અને વચનામૃતનો અભ્યાસ રાખવો, જેથી પરમ શાંતિ મળશે.'*

પરમ શાંતિના સચોટ ઉપાયનું નિરૂપણ કરતાં સ્વામીશ્રી કેવળ મોટી મોટી વાતો જ કરનાર નહોતા; આશ્રિતનું નાનામાં નાની રીતે પણ હિત થતું હોય, તો તે માટે ગમે તે પરિસ્થિતિમાં તૈયાર હતા.

અહીં જયકૃષ્ણભાઈને સિગારેટનું જબ્બર વ્યસન હતું. જ્યારે સ્વામીશ્રીએ તે મૂકવા કહ્યું, ત્યારે તેમણે ઉદ્ધતાઈથી કહેલું : 'બીડી તો સ્વર્ગની સીડી છે. તે તો નહીં છૂટે.'

સ્વામીશ્રીએ તેમને પીવાથી નુકસાન અને મૂકવાથી લાભ બન્ને સમજાવ્યાં. ઘણી મથામણ પછી તેઓ સંમત થયા અને ૨૭ વર્ષ જૂની બદી સ્વામીશ્રીના સાંનિધ્યમાં દૂર થઈ ગઈ. વ્યસનનું વળગણ જીવનમાંથી નીકળી ગયું, ખરા ભક્ત થયા !

મ્બાલેના સાત દિવસના નિવાસ દરમ્યાન જાહેર સભાઓ દ્વારા, ગામડે વિચરણ દ્વારા અને વ્યક્તિગત મુલાકાતો દ્વારા સ્વામીશ્રીએ અભૂતપૂર્વ કાર્ય કર્યું, જેમાં અહીંના શંકરભાઈ તથા યુવકોમાં બળભદ્રભાઈ તથા રમેશભાઈ વગેરેની ખૂબ સારી સેવા રહી.

તા. ૨૯-૨-'૬૦, સવારે ટરોરો થઈ મજાન્જી પુરુષોત્તમદાસ, રામભાઈ તથા ગોરધનભાઈને ત્યાં પહોંચ્યા. ટરોરો મંદિરની પ્રતિષ્ઠા પૂર્વેની જૂની મૂર્તિઓ અહીં પધરાવાઈ હતી. તેની આરતી ઉતારતાં સ્વામીશ્રી કહે : 'આજે ગઢડામાં પણ ફાગણ સુદ ૩, ગોપીનાથજીની પ્રતિષ્ઠા થાય છે.'

બપોરે કથા પછી ટરોરો મગનભાઈના સમાધિ સ્થાને દર્શન કર્યાં.

અહીંથી મધ્ય આફ્રિકા તરફ જવાનું હોવાથી યુગાન્ડાના સર્વ હરિભક્તો દર્શને આવી પહોંચ્યા હતા.

સૌની ભાવભીની વિદાય લઈ ટ્રેનમાં બીજે દિવસે વહેલી સવારે બુસંબાટિયા આવ્યા. જ્યાં ચતુરભાઈના આગ્રહથી ઠાકોરજીને થાળ જમાડી, નૈરોબી થઈ, સીધા મોશી પહોંચવાનું હતું. પછી દારેસલામ જવા નીકળવાનું હતું.

આ સમયે એક અલૌકિક ઘટના બની ગઈ. નૈરોબીથી વારંવાર સમાચાર આવતા હતા કે 'જો સ્વામીશ્રી નૈરોબી આવશે તો પેલા વિરોધી સંત અને અસંતુષ્ટો સ્વામીશ્રી ઉપર પણ કોર્ટમાંથી સમન્સ બજાવી નાહકની મુશ્કેલી ઊભી કરશે.' આ વાત સ્વામીશ્રીને કરી ત્યારે એમણે ભારે ચિંતા વ્યક્ત કરી. સૌના આગ્રહથી, 'નૈરોબી જવું જ નહિ' એવો નિર્ણય લેવાયો. તેથી બુસંબાટિયા સ્ટેશનથી બારોબાર મોટરમાં મોશીનો રસ્તો લેવો તેમ નક્કી કર્યું. સ્વામીશ્રી

પણ જાણે મુસાફરી દરમ્યાન ભયભીત હોય તેમ વર્ત્યા.

પણ જ્યારે નૈરોબી શહેર આંતરીને મોશી તરફ જવાનું થયું ત્યારે એકાએક સ્વામીશ્રીએ ઇચ્છા દર્શાવી કે 'અમારે નાહવું છે.' તેથી ન છૂટકે નૈરોબી શહેરમાં જવું પડ્યું. હરમાનભાઈને ત્યાં પાર્કલેન્ડમાં પધાર્યા. સ્નાન વિધિ કરી, સૌને નાસ્તો કરાવ્યો. સ્વામીશ્રી એટલા બધા પ્રફુલ્લિત હતા કે જાણે કાંઈ છે જ નહિ. સ્વામીશ્રીનું આગમન સાંભળી ઘણા હરિભક્તો હરમાનભાઈને ઘેર ભેગા થઈ ગયા. સૌ સાથે સ્વામીશ્રીએ અલૌકિક આનંદ કર્યો.

આમ, સ્વામીશ્રીએ પણ સૌ સાથે ભળી જઈ ભારે મનુષ્ય ચરિત્ર કર્યું. '*જે વડે આ જક્ત છે તેને કોઈ ન જાણે રે...*' એવા સ્વામીશ્રી અમારી સાથે હતા, પણ સૌ તે ભૂલી ગયા ! નૈરોબીમાં જ્યારે સ્વામીશ્રીએ સૌ સાથે બ્રહ્માનંદ લૂંટ્યો ત્યારે જ સૌને ભાન થયું કે આપણે સૌ સ્વામીશ્રીના મનુષ્ય ચરિત્રમાં ભૂલા પડ્યા. નૈરોબીમાં ધારેલી કોઈ અઘટિત બીના બની નહિ, ત્યારે સૌનો ભ્રમ ભાંગી ગયો અને સુખેથી અમે સૌ મોશી જવા નીકળ્યા.

બીજે દિવસે મોશીથી સ્વામીશ્રી, પ્રમુખસ્વામી, વિનુ ભગત તથા હરમાનભાઈ વગેરે પ્લેનમાં દારેસલામ જવા નીકળ્યા.

પ્લેનમાં હું સ્વામીશ્રીની બાજુમાં બેઠો હતો. મોશી ઍરપોર્ટ ઉપર દૂર એક બીજું પ્લેન ઊપડતું હતું. તે જોતાં સ્વામીશ્રી કહે : 'અક્ષરધામનું પ્લેન આમ ઊપડશે. મહારાજ હાંકશે.'

'બાપા ! આપ સાથે હશો ?' મેં પૂછ્યું.

'અમે તો હોઈએ જ ને !' સ્વામીશ્રી હસી પડ્યા અને મર્મ જણાવી દીધો.

પછી કહે : 'વાતું, કીર્તન બોલો.' મેં બોલવાનું શરૂ કર્યું, પણ ઘોંઘાટને કારણે તેમને સંભળાતું નહીં. તેથી કહે : 'ઠેઠ કાન પાસે આવીને બોલો. બરાબર સંભળાય.' આ જ રીતે આરતી-નિયમ કર્યાં.

માળા સતત ફરતી રાખે. વૃત્તિ અંતર્મુખ કરી દે. નેત્રો મીંચી સ્વામીશ્રી શ્રીજી-સ્મરણમાં લીન થઈ જાય. કીર્તનો, વાતો અટકવાં ન દે. પ્લેનની મુસાફરીનો ભારે કંટાળો બતાવે. ક્યારેક તો કહે : 'બહુ અવાજ આવે છે. કાનમાં પૂંભડાં નાખો.' વળી, વારે વારે બાથરૂમમાં જવાનું પણ થાય.

આ પ્રવાસમાં તા. ૩-૩-'૬૦ના બપોરે દારેસલામથી બ્લાન્ટાયર - ન્યાસાલૅન્ડ દેશમાં જવા પ્લેનમાં બેઠા.

❀ ❀ ❀

# મધ્ય આફ્રિકામાં સત્સંગ-પ્રચાર



પૂર્વ આફ્રિકામાં ત્રણ-ત્રણ મંદિરોની પ્રતિષ્ઠા, સમર્પિત હરિભક્તો અને સ્વામીશ્રીની અપ્રતિમ પ્રતિભાના પડઘા મધ્ય આફ્રિકામાં પડ્યા. અહીં સૌને સત્સંગ-અભિલાષા જાગી. શ્રીહરિએ છપૈયાથી પશ્ચિમમાં દૃષ્ટિ કરી, તેમ સ્વામીશ્રીએ પણ પોતાના 'પુષ્પક' વિમાનમાંથી દૃષ્ટિ કરી હશે. જેથી એમના સકલ્પ પ્રમાણે 'ખાલી પડેલા ખેતરમાં સત્સંગનું વાવેતર કરવા' સ્વામીશ્રીને આ તરફ આવવાનું થયું.

પૂર્વ આફ્રિકાથી બે હજાર માઈલ દૂરના આ વિસ્તારમાં પહોંચવા, પ્લેન સિવાય તમામ માધ્યમ નિરર્થક હોવાથી, અંતે નિરુપાયે પ્લેનમાં જ અહીં પહોંચવાનું થયું. સ્વામીશ્રીને તે માટે ઘણું સમજાવ્યા : 'મોટરમાં મુશ્કેલી નડે, જંગલોમાંથી જવાનું થાય,' એમ ઘણી વાત પછી પ્લેનમાં જવા તેઓ સંમત થયા. સ્વામીશ્રી કહેતા : 'હરિભક્ત ખર્ચ આપતા હોય છતાં આપણે એટલી દેવની સેવા જાય છે ને ! એટલો પૈસો હરિભક્તનો દેવને ધર્માદામાં આવે તો ?' દેશમાં તો સ્વામીશ્રી સુખી હરિભક્તોને પણ થર્ડ ક્લાસમાં જ મુસાફરી કરવાનું કહેતા.

સંતમંડળ સાથે મોમ્બાસાથી આવેલા જી.કે. સ્વામી, સી.એમ. પટેલ તથા પ્રફુલ્લભાઈ દારેસલામથી જોડાયા. પ્લેનમાં સંપૂર્ણ વ્યવસ્થા સંપ્રદાયની પ્રણાલી મુજબ કરવામાં આવી. સાંજે ૫-૦૦ વાગે સૌ ન્યાસાલૅન્ડના ચીલેકા ઍરપોર્ટ પર ઊતર્યા. સ્વાગત કરવા ભાવિકો એકત્ર થયા હતા. પણ અહીંના કાયદા અને રંગભેદની નીતિને કારણે, હિન્દુઓને હંમેશાં ગોરાઓના શાસનથી અને શંકાથી દબાયેલા રહેવું પડતું. તેથી સ્વાગત વિધિ માટે પણ કાયદાકીય પ્રશ્નો હલ કરવા પડ્યા.

સત્કાર પછી બ્લાન્ટાયર શહેરમાં હિન્દુ મંદિરે આવી પહોંચ્યા. અત્રેના પ્રમુખ પી.ટી. પટેલ, ચતુરભાઈ, હરમાનભાઈ, જમનાદાસભાઈ, કાનાબાર

વગેરેના સ્વાગત તથા સ્વામીશ્રીના આશીર્વચન પછી સૌ જમનાદાસભાઈના બંગલે ઉતારે પધાર્યા.

દૂરના દેશમાં પણ ભારતીય સંસ્કારોને નહીં ભૂલેલા હરિભક્તોને સંતોના આગમનથી વાતાવરણ ઘણું આત્મીય લાગ્યું; જાણે નિકટનાં સગાં આવ્યાંનો સૌને આનંદ થયો. સુખી અને ચિંતામુક્ત જીવન, છતાં અહીં સંસ્કારો જાળવવા કઠિન હોય છે અને તેથી જ તો સ્વામીશ્રી જેવા સંતનું વિચરણ આવશ્યક બને છે.

આ દેશમાં રહેતા મહેળાવના હરમાનભાઈ જાણીતા વેપારી. વળી, જમનાદાસભાઈનું કુટુંબ પણ સત્સંગના ગાઢ પરિચયમાં. આ સાથે તેમના ભાઈ મણિભાઈ વગેરે પણ પ્રેમાળ અને સેવાભાવી. તેથી કાર્યક્રમો પણ ખૂબ સફળ ગયા.

રોજ રાત્રે જાહેર સભા તથા દિવસે કથાવાર્તા તેમજ પધરામણીનો લાભ સૌ લેતા. અહીંથી ૪૦૦ માઈલ દૂર મઝીમ્બા ગામે વસતા તારાપુરના નાથાભાઈના પુત્ર શાંતિભાઈ તથા મનુભાઈ પણ ખાસ લાભ લેવા બ્લાન્ટાયર સુધી આવી પહોંચ્યા હતા. આ જ સમયે ગઢપુરમાં સમૈયો થઈ રહ્યો હતો. તેની નિર્વિઘ્ન સફળતા માટે સ્વામીશ્રીએ અત્રે ધૂન કરાવી.

પ્રફુલ્લભાઈ પાસે રોજ સવારે વચનામૃત વંચાવી સ્વામીશ્રી સમજાવે; નિષ્ઠા અને ગુરુમહિમાની વાતો કરી અદ્ભુત સુખ આપે.

એક દિવસ કાનાબારે શરૂ કરેલા ગુરુકુળમાં પધાર્યા, બાળકોને આશીર્વાદ આપ્યા. વળી, કાનાબારને ત્યાં પણ એક દિવસ પધરામણી કરી. મારી પાસે સત્યનારાયણની પૂજા કરાવી. તેઓ સત્યનારાયણના ઉપાસક અને સ્વામીશ્રીને પણ તેઓ સત્યનારાયણરૂપે જ જોતા.

અહીં જંગલોમાં અનેક કષ્ટો વેઠીને વેપાર કરતા હિન્દુભાઈઓને દર્શન આપવા સ્વામીશ્રી પણ આજુબાજુનાં ગામોમાં પધારી તેમને લાભ આપતા. ચિંઝામાં વલ્લભભાઈને રાજી કરી, હરમાનભાઈને ત્યાં મચોમા પણ પધાર્યા. તેમના બન્ને પુત્રો જશભાઈ અને નરસિંહભાઈને ત્યાં ઠાકોરજી જમાડી તેમનો ભાવ પણ પૂરો કર્યો. તેઓ સ્વામીશ્રીને હંમેશાં પોતાની ગાડીમાં જ ફેરવતા.

✧

અહીંથી તા. ૧૦-૩-'૬૦ના ગુરુવારે રોડેશિયા દેશમાં સોલ્સબરી આવી પહોંચ્યા. આફ્રિકાના અદ્યતન બહુમાળી ઇમારતોથી શોભતા આ શહેરમાં લાખથી વધુ યુરોપિયનો તથા ઘણા હિન્દુઓ વસે છે, પરંતુ હિન્દુઓની લઘુમતીને કારણે તથા સમૃદ્ધ જીવનને કારણે તેમના સંસ્કારો પાશ્ચાત્ય બનતા

ગયા. રહીસહી હિન્દુત્વની ખુમારી માંડ માંડ જીવી રહી હતી. એવામાં અહીં સ્વામીશ્રીનાં પગલાં પડ્યાં અને ફરી સંસ્કારી જીવન નવપલ્લવિત થયું.

ઍરપોર્ટ પર સ્વાગત બાદ આશાભાઈના બંગલે ઉતારે પધાર્યા. અત્રે મોતીભાઈ, ભીખાભાઈ, હરિભાઈ, સોમાભાઈ, જશભાઈ વગેરે ધર્મજના હરિભક્તોએ 'પટેલ સમાજ'ના વિશાળ હૉલમાં ચાર દિવસ જાહેર સભા યોજી સૌને સત્સંગ-લાભ અપાવ્યો.

ફૂલદોલોત્સવ નિમિત્તે સભામાં પ્રમુખસ્વામીએ 'ભક્તચિંતામણિ'ના પ્ર. ૬૪ અને ૬૫ વાંચી ભગતજી મહારાજના જીવન પ્રસંગો કહ્યા. અંતે સ્વામીશ્રીએ આરતી કરી આશીર્વચનો કહ્યાં. ફગવાં વહેંચી વિશેષ સ્મૃતિ આપી.

આશાભાઈના પુત્ર રજનીભાઈને ગુજરાતી આવડે નહીં, છતાં સ્વામીશ્રી તેમને બોલાવે, હેત કરે અને સત્સંગની વાતો કહે. એમને ખૂબ આગ્રહ કે જીવ સત્પુરુષના સંગે આવ્યો અને કોરો ન રહી જાય. છેવટે તેને વર્તમાન ધરાવ્યાં.

આમ, સ્વામીશ્રીના સંબંધે અનેક નિર્વ્યસની થયા, સત્સંગમાં જોડાયા અને મહિમા સમજ્યા.

આઠ દિવસના સોલ્સબરીના રોકાણે સૌને સ્વામીશ્રીનું ઘેલું લગાડ્યું. રામકૃષ્ણ મિશનના સંન્યાસી નિશ્ચલાનંદજી પણ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

અહીં સવારે કથા પછી પધરામણી ન હોય તો સ્વામીશ્રી ટપાલ લખતા. લગભગ ૧૧-૦૦ વાગે અચૂક રસોડામાં આવે અને મારી પાસે બેસે. આવી રીતે એક વખત રસોડામાં આવી મારી સામે નીચે બેસી ગયા. મને સૂઝ પડતાં મારો પાટલો સ્વામીશ્રીને બેસવા આપ્યો. પછી ફૂલકાં કરતો હતો તે ફુલાવીને નીચે જમીન ઉપર ન પછાડતાં, વાસણમાં કે છાપું રાખી પછાડવા સૂચના આપી. સાથે સાથે સ્વામીશ્રી મહિમાની અને બળની વાતો કરતાં કહે :

'આપણે ભગવાન ભજી લેવા. મનુષ્ય દેહે કરીને આ જ કરવાનું છે. આવો લાભ ફરી નહીં મળે. અમે નાના હતા ત્યારે કૃષ્ણચરણદાસ સ્વામીનું મંડળ ગામમાં આવે. અમે એમની સેવા કરીએ. એમના વચને સાધુ થયા તો કેવા સુખી છીએ ! તમારે સાધુ થવાનું છે. કહો 'થઈશ !' આ સેવા મોટા દેવતાઓને પણ મળતી નથી.'

બીજી રસોઈ બનાવી હોય તે પણ સ્વામીશ્રી જોતા ને યોગ્ય સૂચનો આપતા.

આ દેશમાં થોડો પણ નવરાશનો સમય મળતાં કે મોટર મુસાફરીમાં સ્વામીશ્રી અમને સાધુ થવાની ઘણી વાતો કરતા. એકની એક વાત વારંવાર

કરવામાં એમને કંટાળો નહિ. વાત કર્યા જ કરે. પોતે ભગવાનના સુખે સુખિયા હતા. એ આનંદ અહર્નિશ લેતા હતા. આનંદઘન મૂર્તિ હતા. તેથી એ આનંદમાં બીજાને ભાગીદાર બનાવતા કેમ થાકે ?

એક દિવસ બપોરે સ્વામીશ્રી જમીને બહારના બેઠક રૂમમાં પધાર્યા. કોઈ હરિભક્તો નહોતા. હું અને વિનુ ભગત સ્વામીશ્રી માટે પથારી પાથરી રહ્યા હતા. પરંતુ સ્વામીશ્રીને બપોરની કથા કરવી હતી. તેથી કથામાં કોઈને બોલાવીએ, એવા આશયથી આજુબાજુ જોયું. એક સાતેક વર્ષનો બાળક રમતો હતો. તેને બોલાવી સ્વામીશ્રી કહે : 'આવો, વાત કરીએ.'

તેને કંઈ સમજ પડે નહિ, પણ તે સામે બેઠો એટલે સ્વામીશ્રીએ કેફથી મંગલાચરણ કરી વચનામૃત મોઢે બોલવાનું શરૂ કર્યું. પછી કહે : 'હવે જાવ.' એમ કહી આરામ માટે પધાર્યા અને અમારી પાસે આવી ઉત્સાહથી કહેવા લાગ્યા : 'આજે તો અમે સભામાં ત્રણ વચનામૃત મોઢે બોલ્યા.'

સામાન્ય રીતે સ્વામીશ્રી બપોરે એક કે બે જ વચનામૃત વંચાવતા, પરંતુ જાણે મોટી સભામાં ઘણા હરિભક્તો બેઠા હોય એવા કેફથી સ્વામીશ્રીએ વાત કરી.

## સાચા યોગીનાં દર્શન

અહીં ભાઈલીના રાવજીભાઈના પુત્ર જશભાઈ યોગના વર્ગો ચલાવતા. ઘણા યુરોપિયનો તેમની પાસે યોગનો અભ્યાસ કરતા. રાવજીભાઈએ તેમને પત્ર લખેલો કે 'સ્વામીશ્રી ત્યાં પધારે છે તો સેવા-સમાગમનો લાભ લેવો. આવા મોટાપુરુષનાં દર્શન ત્યાં દૂર દેશમાં ન થાય.'

સ્વામીશ્રી તથા સંતોનાં ભગવાં વસ્ત્રો તથા પોટલાં જોઈને જશભાઈના મનમાં થયું કે 'આ સાધુઓ પોટલાં લઈને અહીં ક્યાં આવી ચડ્યા ?' તેમને બહુ ભાવ થયો નહીં. વળી, તેઓ યોગનું શિક્ષણ પામેલા, તેથી સત્સંગના સિદ્ધાંતો અને નિયમો તેમને સાવ જુદા લાગે.

છતાં તેમના પિતાશ્રીની ભલામણ હતી. તેથી દરરોજ સવારે કથામાં આવે, પણ લગભગ ચાલુ કથાએ ઊભા થઈને સરકી જાય.

એક વાર વહેલી સવારે તેઓ આવ્યા. એ વખતે સ્વામીશ્રી પૂજા કરી રહ્યા હતા. સ્વામીશ્રીનો ભક્તિભાવ તથા પૂજામાં એકાગ્રતા જોતાં જશભાઈના હૃદયમાં ઊંડી અસર થઈ. આજ સુધી યોગની ક્રિયાઓથી નહીં પ્રાપ્ત થયેલી શાંતિ તેમણે થોડી ક્ષણોમાં સ્વામીશ્રીનાં દર્શનમાં અનુભવી. તેઓ ખૂબ

પ્રભાવિત થયા અને સભામાં નિયમિત હાજરી આપવા લાગ્યા. સ્વામીશ્રીએ પણ તેમના ઉપર ઘણું હેત વરસાવ્યું.

એક યોગ વિશારદના હૃદયને જીતી લઈને યોગીએ તેને સાચો યોગ શીખવ્યો. સ્વામીશ્રીએ તેમના અંતરમાં શાંતિ સ્થાપી ગજબનું પરિવર્તન કરી દીધું.[૩]

## બધું ફીફાં ખાંડવા જેવું છે !

અહીં એક બપોરે હું તથા વિનુ ભગત થોડો ફાજલ સમય મળતાં બેઠક ખંડમાં બેઠા હતા. ભારતમાંથી પ્રકાશિત થયેલો એક પ્રસિદ્ધ અધ્યાત્મ-ગ્રંથ અહીં અમને જોવા મળ્યો. સુંદર ચિત્રો સાથે આકર્ષક રીતે તેનું મુદ્રણ કરાયેલું હતું. અમે રસપૂર્વક તે નિહાળી રહ્યા હતા. તેની ચર્ચા પણ કરતા હતા. ત્યાં એકાએક સ્વામીશ્રી બેઠક ખંડમાં આવી પહોંચ્યા અને પૂછ્યું : 'શું કરો છો ?' અમે ચિત્રાત્મક ધર્મગ્રંથ બતાવી, ઉત્સાહપૂર્વક જણાવ્યું કે આ જોઈ રહ્યા છીએ.

સ્વામીશ્રીએ એના પર દૃષ્ટિ કરી - ન કરી ને કહે : 'વચનામૃત અને સ્વામીની વાતું સિવાય બીજું બધું ફીફાં ખાંડવા જેવું છે.' એમ કહી અમારો બુદ્ધિનો ડોળ ઉતારી દીધો. મહારાજ અને સ્વામીની વાણી મૂકી, બીજે ક્યાંય માલ નથી, બીજે ક્યાંય વિશેષ જાણવા જેવું નથી. અર્થાત્ આ આત્યંતિક કલ્યાણની વાત એમાં જ છે, એમ જણાવ્યું. તે પુસ્તક ત્યાં મુકાવી દઈ, અમારા હાથ પકડી, સ્વામીશ્રી અમને અંદર ઓરડામાં સાથે લઈ ગયા.

✧

અહીંથી વિદાય લઈ ગટુમા પહોંચવાનું હતું. સ્વામીશ્રી તૈયાર થયા ત્યારે ઘણા સત્સંગી તથા ભાવિકો ગદ્‌ગદ થઈ ગયા અને ભારે હૈયે સ્વામીશ્રીને વિદાય આપી.

તા. ૧૬-૩-'૬૦ના રોજ ગટુમા, વસોના બાબુભાઈ પુરુષોત્તમભાઈને ત્યાં પધાર્યા. અન્ય સુરત જિલ્લાના ભાઈઓનું પણ આમંત્રણ હતું. જાહેર

---

૩. સ્વામીશ્રી નોર્થ રહોડેશિયામાં વિચરી, ફરી અહીં આવી, દારેસલામ પાછા જઈ રહ્યા હતા ત્યારે તેઓ એરપોર્ટ પર સ્વામીશ્રીનાં દર્શને આવ્યા અને સ્વામીશ્રીનાં ચરણ પકડીને રડી પડ્યા હતા. તેમને સ્વામીશ્રીમાં અત્યંત હેત થઈ ગયું હતું. તેઓ સ્વામીશ્રી અને સંતોનાં પોટલાં ખભે ભેરવીને એરપોર્ટ પર ફરતા હતા. પ્રથમ જે સૂગ અને શરમ હતી તે નીકળી ગઈ અને તેમના પૂર્વના સંસ્કારો સત્પુરુષના યોગથી જાગ્રત થઈ ગયા.

સત્સંગમાં દેશના ઉત્સવોની ફિલ્મ બતાવવામાં આવી, જેથી ઘણા સત્સંગી વધુ પરિચયમાં આવ્યા. બીજે દિવસે નજીક આવેલી સોનાની ખાણ જોવા ભક્તો લઈ ગયા. પછી ટાઉનની પાણીની ટાંકીએ પુષ્પો છાંટી, પ્રસાદીભૂત કરી, શુભ સંકલ્પો કર્યા. વળી ઉતારાની ચોતરફ બાગમાં ઉગાડેલાં શાકભાજી નિહાળી સ્વામીશ્રી ઘણા પ્રસન્ન થયા.

અહીં પત્રલેખન કરતાં સ્વામીશ્રીએ ફરિયાદ કરી : 'આ દેશમાં ટપાલ બરાબર મળતી નથી. આ લોકો શું કામ ટપાલ સંભાળે ? અહીં તો સોનાની ખાણો છે. એટલે એમને શું પડી હોય ?' એમ રમૂજ કરી પત્ર-વ્યવહારમાં કાળજી જણાવી.

## શાસ્ત્રીજી મહારાજનો સંપ્રદાય ચારે ખંડમાં પ્રવર્તે

મુંબઈ - ઘાટકોપરમાં સંસ્કૃત અભ્યાસ કરતા યુવકો ઉપર સ્વામીશ્રીએ એક પ્રેરણાસભર પત્ર લખ્યો; જેમાં લખ્યું :

*આશીર્વાદ પત્ર*

*'રોડેશીયા, ગટુમા ગામ, સોલ્સબરીથી ૮૦ માઈલ દૂર. તા. ૧૭-૩-'૬૦, ફાગણ વદી ૪, વાર ગુરુવાર. સવારના ૮ાા.*

*'સ્વસ્તિ શ્રી ઘાટકોપર મહાશુભ સ્થાને પરમ ભગવદી રા.રા. નારણભાઈ તથા રાયજીભાઈ તથા નિરંજન તથા મધુભાઈ તથા સૂર્યકાંતભાઈ તથા અનુપમ આદિ ૬ યુવકોની ચડતી કળા સ્વામી-શ્રીજી અખંડ રાખે. પ્રત્યે.*

*'સોલ્સબરીથી પાસે ૮૦ માઈલ દૂર ગટુમાથી લિ. સાધુ જ્ઞાનજીવનદાસજી તથા પ્રમુખસ્વામી તથા વિનુ ભગત તથા જી.કે. સ્વામી, અરુણભાઈ સર્વના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો.*

*'વિ. તમારો પત્ર મધુભાઈ મળ્યો છે. તેમજ અરુણભાઈ ઉપરનો પણ મળ્યો છે. વાંચીને અંતર્દષ્ટિ કરીને એમ થીયું જે ખરી સ્થિતિમાં યુવકો આવી જાશે.'ખૂબ રાજીપો થીયો. તો હવે બરાબર વાંચન કરશો. જે ભગવતાચાર્ય પાઠ આપે, તુરતમાં સારી રીતે ગોખીને મોઢે કરી જ લેવો. તે ખરી સરધાથી, ખરી ખંતથી, ખરા ઉમંગથી, જે મારાં મોટાં ભાગ્ય જે આ સંસ્કૃત વિદ્યાનું ભણવાનું મળ્યું. સ્વામી શાસ્ત્રીજી મહારાજ બહુ જ વાર જે કે'તાં 'બધાને હું સંસ્કૃત વિદ્યા ભણાવી દઉં.' તે સ્વામીને બહુ ઉમંગ. તે ભાદરણમાં ૬ જણને રાખ્યા; ખંભાતમાં રાખ્યા; ને ગોંડલમાં વડ છે ત્યાં સામો રૂમ છે, તેમાં ૬ જણ ભણતા.*

એમ સ્વામી બહુ જ ઉત્સાહથી સંસ્કૃત વિદ્યા ભણાવતા. તે જ સ્વામીને સંકલ્પે તમો ભણી રહ્યા છો. તો નિરંજન તમોને યાદશક્તિ ઘણી જ છે. તો તમારો પાઠ કરીને પાછલા ૫ જણને તમારે ટ્યુશન-લેશન આપવું, જેથી તમોને પાકું થાય.

'શ્રીજીમહારાજને ૮ કવિ હતા ને ૮ શાસ્ત્રીજી હતા, તો કોઈ સભા જીતવી હોય તો મોકલે. મુક્તાનંદ સ્વામીને ૪૦ વરસ પછી ભાગવત ભણાવ્યા. ને સ્વામી શાસ્ત્રીજી મહારાજ વાત કરતા - તે વડોદરાની સભા જીતવા મુક્તાનંદ સ્વામીના મંડળને મોકલ્યું, તે મોટા મોટા શાસ્ત્રી વિદ્વાન તેમને જીતી લીધા; ગાયકવાડ સરકારને ભાર પડ્યો. ને નિત્યાનંદ સ્વામીએ જૂનાગઢની સભા જીતી. ને બધો સરંજામ હોય તો જ પરોક્ષવાળાને આપણો ભાર પડે. તેમજ વર્તન પણ સારાં હોવાં જોઈએ. તો હવે તમોને સ્વામીની દયાથી જોગ ભણવાનો સારો મળ્યો છે. મુને નિરંજનભાઈ કહેતા કે ભગવતાચાર્ય સારા છે ને ખૂબ સમજે છે. તો નિરંજનભાઈને સંકલ્પે આ જોર થઈ ગયું છે. માટે ખરું ચિત્ત પરોવીને આપેલો પાઠ પૂરો કરવો. એક જ વૃત્તિ તેમાં પરોવવી. તો થોડી મુદતમાં તમો સારું ભણી જાશો.

'અમારા અંતરની ઈચ્છા છે કે ૧૧ શાસ્ત્રી સંસ્કૃતના પ્રોફેસર કરવા; ૧૧ કવિ કરવા; ને ૧૧ સંસ્કૃતમાં ભાષણ કરે તેવા કરવા; ૧૧ ઈંગ્લિશમાં પારંગત, જે ગમે તેવો કૂટપ્રશ્ન હોય તે ઈંગ્લિશમાં બોલીને સમાધાન કરે; ૧૧ વચનામૃતના પ્રોફેસર કરવા; આવી રીતે સ્વામી શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા. ને સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સંપ્રદાય, ગુણાતીત જ્ઞાનનો સંપ્રદાય સ્વામીએ સ્થાપન કરેલો છે, તેમનો વાવટો આખા ચારે ખંડમાં પ્રવર્તે; ને સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ છે, તેમનું પ્રતિપાદન શાસ્ત્રથી સૌને સમજાવી દેવું. તેમાં કોઈ ના ન પાડી શકે. ને સ્વામી મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે તે શાસ્ત્રથી ને મોટાનાં વચને સાખે કરીને સમજાવી દેવા. ને 'અક્ષરપુરુષોત્તમ જ્ઞાન સાચું છે' એમ હા પાડે, તો જ આપણો સંકલ્પ સીધ થયો કહેવાય.

'તે માટે દેશોદેશ ફરવું ને ભીડો વેઠવો. તે માટે ફરવાનું છે. તે માટે વિનુ ભગત તથા અરુણભાઈને એક સંપથી ઈગ્લીશ વચનામૃત પ્રશ્ન-ઉત્તર દરરોજ કરાવીએ છીએ. તે દરરોજ રાતે ઈગ્લીશમાં પ્રશ્ન-ઉત્તર થાય છે, તે બધો એ જ હેતુ છે. તો તમોને સ્વામીને પ્રતાપે ભણાવીએ છીએ. હજી વધારે યુવકોને ભણાવવાના છે. જેમ જેમ સ્વામીની ઈચ્છા થશે, તેમ તેમ ગોઠવાતા જવાશે. માટે ડકો મારવો છે.

*'તો હે યુવકો ! તમો ગમે તેટલું દુઃખ પડે તે સહન કરીને, ઊંઘ-ઉજાગરા વેઠીને પણ પારંગત થાવ. આળસ-પ્રમાદને સાવ કાઢી નાખવા. એક જ ધ્યેય ઉપર મન રાખવું, તો જ આપણું કાર્ય પાર પડે. તો હવે હર્ષદરાયભાઈ જેવા આપણને સાચા જ્ઞાનના દાતા મળ્યા છે. છગનભાઈ, માણેકલાલભાઈ વગેરે તમોને ભણાવવાને અરથે કેટલું કામ કરી રહ્યા છે ! ખર્ચ ઉપાડે છે તેથી ધન્ય છે ! તમારે કાંઈ અડચણ હોય તો હર્ષદરાયભાઈને કહેશો, તે પૂરી પાડશે. માટે બળમાં રહીને અભ્યાસનું કાર્ય પૂરું કરો તે ખાસ અમારા અંતરની ઈચ્છા, નારણ સ્વામી તથા મારી, વિનુ ભગત, અરુણભાઈની ઈચ્છા છે. તમોને દરરોજ સંભારીએ છીએ. ખાતાં-પીતાં, 'કેમ અરુણભાઈ ! અત્યારે યુવકો શું કરતા હશે ?' 'અત્યારે કેટલા વાગ્યા, યુવકો અત્યારે જમતા હશે;' 'અત્યારે વાંચતા હશે;' તેમ સ્મૃતિ કરીએ છીએ. જેમ તમો કરો છો, તેમ અમો બધા કરીએ છીએ. માટે બધા રાજી રહેશો. અક્ષર સુધારીને વાંચશો. બે વખત વાંચશો. રા.રા. મધુભાઈ તમોને યાદ રહેશે. નારણભાઈને ખૂબ યાદ રહેશે. નિરંજન તો પારંગત થઈ જાશે. રાયજીભાઈને યાદ રહેશે. સૂર્યકાંતભાઈને પણ યાદ રહેશે. અનુપમને પણ તમારી જોડે કરી દેશો. તેને પાછળ ન રાખજો...'*

આવો પ્રેમાળ પત્ર કોને સ્વામીશ્રીની સ્મૃતિ ન કરાવે ? આ વાંચતાં જ યુવકો સામે સ્વામીશ્રીની મધુરી મૂર્તિ ખડી થઈ જતી. બળ મળી જતું. લાગતું કે સ્વામીશ્રી સાથે જ છે - સામે જ છે.

✧

બીજે દિવસે રાત્રે ટ્રેનમાં બુલવાયો આવી પહોંચ્યા. સુરત જિલ્લાના નટુભાઈ વશીના વિશાળ બંગલામાં ઉતારો હતો. જગદીશભાઈ પટેલ તથા અન્ય પટેલ ભાઈઓ તેમજ મુલતાની ભાઈઓએ સેવા કરી, સમાગમનો લાભ લઈ, સ્વામીશ્રીને રાજી કર્યા.

## રોડ્સની સદ્ગતિ

એક દિવસ હરિભક્તોના અતિ આગ્રહથી સાંજે અહીંથી ૨૫ માઈલ દૂર રોડ્સ ગ્રેવ-વર્લ્ડવ્યૂ જોવા પધાર્યા. આજથી લગભગ પોણોસો વર્ષ પૂર્વે 'રોડ્સ' નામના અંગ્રેજ પાદરીએ કેટલીક યાતના વેઠીને આ દેશ શોધ્યો હતો. વળી, પોતાના મરણ પછી દફન માટે પણ તેણે આ જગા બતાવી હતી. તેથી તે કેપટાઉનમાં મરણ પામ્યો હોવા છતાં અહીં દફનાવવામાં આવ્યો હતો.

કુદરતી સુંદરતાથી શોભતી આ પર્વતીય ઢોળાવોવાળી ભૂમિ પર માઈલો સુધી ગાઢ જંગલો પથરાયેલાં છે. અહીં નીચેના ભાગે મોટરો રાખી સ્વામીશ્રી સૌની સાથે ચાલીને ટોચ ઉપર ચડવા લાગ્યા. અહીંના એક ભાવિક મુલતાની ભક્ત મિ. નગરી સ્વામીશ્રીને ખૂબ આગ્રહ કરીને અહીં જોવા લાવ્યા હતા. ટેકરી ચડતાં ચડતાં તેઓ સ્વામીશ્રીને આ સ્થળનો ઈતિહાસ કહેવા લાગ્યા કે રોડ્સને એક સ્ત્રી સાથે 'લવ' (પ્રેમ) થયો...

તેણે સ્વામીશ્રીને પૂછ્યું કે 'આપ 'લવ' તો સમજો છો ને ?'

ખૂબ જ નિર્દોષતાથી-સહજતાથી સ્વામીશ્રી બોલ્યા : 'હા, લવ એટલે થોડું.'

માયિક સંબંધો અને શબ્દોથી પર સ્વામીશ્રીએ તો 'લવ' શબ્દનો ગુજરાતી કોશ પ્રમાણે અર્થ કહ્યો. સાથે ચાલતા બીજાને તો આ રમૂજી વાર્તાલાપમાં સ્વામીશ્રીની અમાયિક પ્રતિભાનાં દર્શન થયાં. મુલતાની ભક્તે ખાસ સાંભળેલું નહીં, તેથી વાત આગળ ચલાવી.

અહીં ટોચ ઉપર રોડ્સ ગ્રેવ સુધી પહોંચ્યા. પવન ખૂબ હતો તેથી મહાકાય પથ્થર નીચે બેસી સ્વામીશ્રીએ ધૂન-પ્રાર્થના કરાવી. પછી અચાનક ઊભા થઈ, કબર નજીક પુષ્પો છાંટ્યાં અને કહે : 'ઘણાં વર્ષોથી અહીં તપ કરે છે. તેથી દસ વર્ષમાં બદરિકાશ્રમમાં તપ કરીને સત્સંગમાં જન્મ લેશે.' સૌ આ અકારણ દયા ઉપર, સ્વામીશ્રીની કલ્યાણ-ભાવના ઉપર વારી ગયા.

સાંજે પાછા ફર્યા ત્યારે ખૂબ શ્રમિત જણાયા. ઘણાં વર્ષે આવી રીતે ટેકરી ચડ્યા એટલે થાક વધુ લાગ્યો.

રાત્રે આપણી ધર્મ-મર્યાદા સચવાય એવી રીતે અહીં જાહેર સભા યોજવામાં આવી હતી. અહીંના સ્ત્રી-સમાજમાં તેની જાણ થઈ કે 'આ સંતો સ્ત્રીઓને જોતા નથી અને તેની સાથે વાતચીત પણ કરતા નથી.' તેથી તેમણે સભાનો બહિષ્કાર કર્યો. કોઈએ આ ખબર સ્વામીશ્રીને આપ્યા ત્યારે સ્વામીશ્રીએ પણ એટલા જ જુસ્સાથી કહ્યું કે 'આપણે પણ સભાનો 'બોઈકોટ' કરો !' આથી તેઓ સભામાં નહોતા પધાર્યા.

રાતે સ્વામીશ્રીએ એક મુલતાની વેપારીને ત્યાં જ પોતાની અમૃત વાણીનો લાભ આપ્યો અને હરિભક્તોએ જાહેર સભામાં જઈ જાહેર જનતાને સ્વામિનારાયણ સંપ્રદાય અને તેના સંતો વિશે ખ્યાલ આપ્યો. જો કે સભાનો બહિષ્કાર છતાં ઘણી બહેનો આવી હતી અને સ્વામીશ્રીનાં દર્શન ન થતાં તેમજ સાચી સમજ મળતાં તેમને પસ્તાવો પણ થયો હતો.

અહીં સત્સંગ મંડળની સ્થાપના કરી, સત્સંગ વિસ્તારમાં એક વધુ ડગલું આગળ વધ્યા.

## દક્ષિણ આફ્રિકામાં સત્સંગ-પ્રવૃત્તિ

સ્વામીશ્રી રોડેશિયા પધાર્યા છે તે સમાચાર મળતાં જ, દક્ષિણ આફ્રિકાના સત્સંગીઓ પણ સ્વામીશ્રીને બોલાવવા કટિબદ્ધ થયા. પરતુ રાજકીય કાયદાઓને કારણે તે શક્ય ન થયું, તેથી દક્ષિણ આફ્રિકાની સરહદે જ સૌએ લાભ લેવો એ નિર્ણય લેવાયો. તેથી તા. ૨૦-૩-'૬૦ના રોજ સ્વામીશ્રી દક્ષિણ આફ્રિકાની સરહદે - બાઈટ બ્રિજ જવા નીકળ્યા. ૨૦૦ માઈલનું અંતર સુંદર રસ્તા અને સારી મોટરકારમાં સહેજે કપાઈ ગયું. મુસાફરી દરમ્યાન સ્વામીશ્રીએ મોટરના માલિક નટુભાઈના કેટલાક પ્રશ્નોનું સમાધાન કર્યું. કીર્તનો ગવરાવ્યાં. ૧૧-૦૦ વાગે બાઈટ બ્રિજ આવી પહોંચ્યા.

સામે જ જયંતીભાઈ ધર્મજવાળાની આગેવાની હેઠળ, અમારી કલ્પના બહાર ૧૨૫ થી ૧૫૦ જેટલાં ભાઈ-બહેનો આવી ગયાં હતાં. આ એક આશ્ચર્યકારી ઘટના હતી !

જયઘોષ સાથે રાવજીભાઈ, જશભાઈ, બાબુભાઈ, રાણા સાહેબ વગેરે ભક્તોએ સ્વામીશ્રીનો સત્કાર કર્યો. જોહ્નિસબર્ગ તથા લુઈસ ટ્રીચાર્ડથી પણ ભાવિકો આવ્યા હતા. સ્વામીશ્રીની કૃપાથી કસ્ટમમાંથી નિર્વિઘ્ન પસાર થઈ સૌ આફ્રિકાની સરહદ ટ્રાન્સવાલમાં આવી પહોંચ્યા. ઘણાં સ્ત્રી-પુરુષો અહીંની સંસ્કૃતિ પ્રમાણે નજરે ચડ્યાં.

બંને દેશને વિભાજિત કરતી વિશાળ લીમ્પોપો નદીના પટમાં પુલ નીચે સભા થઈ. સ્વામીશ્રીએ સદાચાર સંબંધી સિદ્ધાંતો સમજાવી, સૌને ભગવાનનો આશરો કરવા આદેશ કર્યો. અહીં 'સ્વામી શિવાનંદ આશ્રમ'ના યુરોપિયન સંન્યાસી આત્માનંદે પણ હાજરી આપી હતી. આરતી તથા મુમુક્ષુઓને વર્તમાન ધારણ કરાવી તેમજ લીમ્પોપો નદીમાં ઠાકોરજીને સ્નાન કરાવી, સ્વામીશ્રીએ થોડી પ્રસાદી લીધી. બાદ બે વચનામૃત સમજાવી, બુલવાયો આવવા નીકળ્યા. આ અણધાર્યો લાભ સૌને અત્યંત આનંદકારી નીવડ્યો.

✧

સાંજે ૫-૦૦ વાગે સૌ વીખરાયા અને સ્વામીશ્રી બુલવાયો થઈ, તા. ૨૧-૩-'૬૦ના સવારે સોખડાના અંબાલાલભાઈ તથા સારસાના

મહીજીભાઈ સાથે લિવિંગ્સ્ટન જવા નીકળ્યા.

માર્ગમાં લુકોસી નદીએ ઠાકોરજીને સ્નાન કરાવી, સૌ સંતોએ પણ સ્નાન વિધિ કર્યો. ભજન-કીર્તન તથા આરતી-નિયમ પણ રસ્તામાં જ કર્યાં.

સોજિત્રાના નટુભાઈનાં બહેન તારાબહેને અહીં સુંદર બાળ મંડળ તૈયાર કર્યું હતું. બાળકોએ સલામી આપી, સ્વામીશ્રીનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું. ડી.કે. પટેલના ઘરે ઉતારે પધારી, સ્વામીશ્રીએ અમૃત વચનો કહ્યાં. અહીં ૧૫૦ થી ૨૦૦ ભાવિકોએ લાભ લીધો. બાળ મંડળના સુંદર સંવાદ તથા ધૂન-પ્રાર્થનાથી સૌ પ્રસન્ન થયા. વળી સ્વામીશ્રીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સૌને બ્રહ્માનંદ પીરસ્યો.

અહીં એક સુરતી ભાઈ ખૂબ દારૂ પીધેલી અવસ્થામાં એક જાહેર સભામાં આવી બૂમો પાડવા લાગ્યો કે ‘બંધ કરો સભા. બાઈ-ભાઈની સભા જુદી કેમ કરો છો ?’ તેના મિત્રોએ તેને સમજાવ્યો પણ તે માન્યો નહિ, તેથી તેને દૂર લઈ ગયા. ત્યારપછી તેને ઘણો પસ્તાવો થયો અને બીજે દિવસે સવારે પૂજામાં સ્વામીશ્રી પાસે આવી, તે ગદ્‌ગદ થઈ માફી માગવા લાગ્યો : ‘મેં આ શું કર્યું ? તમારો અપરાધ કર્યો.’

સ્વામીશ્રી તો હસતાં હસતાં તેને કહેવા લાગ્યા : ‘હવે આ બધું (દારૂ) છોડી દેવું.’ પછી વર્તમાન ધારી, તે સત્સંગી પણ થયો.

અહીં રોજ સવારે બાળકો પૂજામાં આવી જતા. તેમનો મુખપાઠ લઈ, હેત કરી, પ્રસાદી આપી, સ્વામીશ્રી તેમની સાથે ભળી જતા. બધા નિશાળે જાય પછી વડીલોને વચનામૃતનો વર્ગ શરૂ થાય. સ્વામીશ્રી પોતે સમજાવે. ક્યારેક પત્રલેખનમાં રત થઈ જાય. સાંજે આરતી પછી જાતે જ બાળકોને ભેગા કરી ધૂન ઝિલાવે. સ્વામીશ્રી નાના-મોટા સૌ સાથે એવા તો ઓતપ્રોત બની જતા કે એમની બ્રાહ્મીસ્થિતિનો ભાવ ભૂલી જઈ આપણે પણ એમને મનુષ્ય-સહજભાવે જોતાં થઈ જઈએ !

## લિવિંગ્સ્ટનનો ઉદ્ધાર

અહીં વિશ્વમાં દ્વિતીય ક્રમે આવતો સુપ્રસિદ્ધ વિક્ટોરિયા ફૉલ્સ છે. હરિભક્તોના આગ્રહથી સ્વામીશ્રી એક દિવસ અહીં પધાર્યા.

૧૦૫ વર્ષ પૂર્વે (આશરે ૧૮૫૫) લિવિંગ્સ્ટન નામના અંગ્રેજે અચાનક જ આ ધોધ શોધી કાઢ્યો હતો. તેથી તેનું નામ આ સ્થળે જોડવામાં આવ્યું છે

અને તે અંગ્રેજનું મોટા કદનું કાંસાનું પૂતળું અહીં બાગમાં રખાયું છે.

તે જોતાં જોતાં સ્વામીશ્રી મહીજીભાઈનો હાથ પકડી થોડા નજીક ગયા. ઘણા વિદેશીઓ આ ભગવત્સ્વરૂપ સંતની સ્મૃતિને કેમેરામાં ઝડપી રહ્યા હતા. સ્વામીશ્રી એકદમ પૂતળાની નજીક ગયા અને તેના પર હાથ ફેરવીને કહે : 'બહુ તપ કર્યું ! હવે બદરિકાશ્રમમાં જાવ, ત્યાં ૨૦ વર્ષ તપ કરીને સત્સંગમાં જન્મ ધરજો.' સ્વામીશ્રી એવી હળવાશથી બોલ્યા જાણે સચેતન વ્યક્તિના આત્માને ઢંઢોળતા ન હોય !

આજુબાજુ રમણીય પ્રકૃતિને નિહાળતાં સૌ ધોધ નજીક આવ્યા. કોન્ગોથી આવતી ઝામ્બેઝી નદી સવા માઈલના ઘેરાવામાં ખીણને કારણે ૩૦૦ ફૂટ ઊંચેથી ૫૦૦ થી ૬૦૦ ફૂટ ઊંડે પડે છે, જેની છોળો એટલી ઊંચે ઊડે છે કે સાત માઈલ દૂરથી પણ જોઈ શકાય છે ! અને આજુબાજુના પ્રદેશમાં જાણે સતત વરસાદનું વાતાવરણ અને મેઘધનુષ્યનો આકાર હંમેશાં જોવા મળે છે. આ દૃશ્ય માણવા વિદેશીઓ હજારોની સંખ્યામાં રોજ ઊમટે છે.

સ્વામીશ્રીએ દૂરથી તે જોયો. મને કહે : 'ઠાકોરજીને સ્નાન કરાવો.'

ભયાનક પાણીનાં વમળો જોતાં કંપારી છૂટે એવું દૃશ્ય હતું. છતાં સ્વામીશ્રીની કલ્યાણ-ભાવના, તેથી સંસ્કાર પાડવા આગ્રહપૂર્વક કહ્યું : 'સ્નાન કરાવો.' આજ્ઞા પાળી ઠેઠ ખીણમાં સાંકડી સીડી વાટે જઈ ઠાકોરજીને સ્નાન કરાવ્યું.

## આપણે ઠોઠબોઠ આવી પડ્યા

તા. ૨૪-૩-'૬૦ના સ્વામીશ્રીએ ગ.મ. ૨૯નું વચનામૃત વંચાવી વાત કરી :

'જે ભક્તનું ચિત્ત ભગવાનના સ્વરૂપમાં અતિ આસક્ત થયું હોય એટલે કે એ રૂપ થયો હોય, તેનાં આવાં લક્ષણ હોય; પોતે માર્ગે ચાલીને અતિશય થાકી ગયો હોય, ને વાંસો ફાટતો હોય, બેઠું થવાની પણ શરીરમાં શક્તિ ન રહી હોય, પણ કથાનો પ્રસંગ નીકળે તો સાવધાન થઈ જાય.

'કેટલાક કહે : 'મોટરથી સેંકડો માઈલ આવ્યા. મોડું થઈ ગયું છે, થાક બહુ લાગ્યો છે, એટલે કથા નથી કરવી.' પણ કથાની આસક્તિવાળો થાકને ન ગણે. આવું નિર્ગુણ સ્વામીનું અંગ હતું.

'લાખ રૂપિયા મળી જાય તો એવો કેફ આવે કે રોગ, થાક નીકળી જાય. તેવો કેફ જો કથાવાર્તામાં હોય તો રોગ, થાક, અપમાન કશું લાગે નહિ અને કથામાં મન પરોવાઈ જાય.

'જમવામાં જો દહીં આપવું રહી ગયું હોય તો કહે : 'દહીં રહી ગયું. મને ન આપ્યું.' કદાચ બોલે નહિ તો મનમાં રાખે. અને સ્વાદ વખાણે : 'અહોહો, શું દાળ ? શું શાક ?' એમાં કેવો સ્વાદ આવી જાય છે ! એમ કથા પ્રસંગમાં તત્પર થઈ જવું જોઈએ, તો સ્વાદ આવે.

'રોગાદિક પીડાને પામ્યો હોય અથવા ગમે તેવું અપમાન થયું હોય કે રાજસમૃદ્ધિને પામીને અવરાઈ ગયો એવો જણાતો હોય અને જે ઘડીએ એ ભગવાનની વાર્તા સાંભળે તો તે ઘડીએ જાણીએ એને કોઈનો સંગ જ નથી. એવો થકો ભગવાનની વાર્તા સાંભળવામાં સાવધાન થઈ જાય.

'આ વચનામૃતમાં મહારાજે માંદાને પણ લીધા છે, કોઈને બાકી નથી રાખ્યા. રોગી, ભોગી, રાજસત્તાવાળો ગમે તે હોય, કોઈની ગણતરી નથી રાખી. ભગવાનના સ્વરૂપમાં આસક્ત હોય તો આવાં લક્ષણ હોવાં જ જોઈએ.

'નાના અક્ષરપુરુષોત્તમ સ્વામી ત્રણ વચનામૃત ગણાવતાં : કા. ૧૦ ઈશકનું, મ. ૨૯ આસક્તિનું અને અં. ૩૯ વેગનું. આ ત્રણે વચનામૃતના ઉપાય જોરદાર ને સરખા છે. જે કરવાથી આપણું કાર્ય સિદ્ધ થાય.

'મોટાસ્વામીને કથાવાર્તા કરવાનો કેવો ઈશક ! ગમે તે હાથ આવવો જોઈએ. પછી એક હોય કે બે હોય, નાનો હોય કે મોટો હોય, પણ તેમને કથાવાર્તા કર્યા વગર રહેવાય નહિ. નિર્ગુણ સ્વામી તો બહુ જબરા. આફ્રિકા આવ્યા હોત તો શેર લોહી ચઢી જાત ને પાંચ વર્ષ વધુ જીવત. આખું આફ્રિકા રંગી નાખત. હાલીને જાત, ગમે તેમ કરત, પણ ખૂબ ઉત્સાહમાં આવી જાત. આ તો આપણે ઠોઠબોઠ આવી પડ્યા. ભગવાન ગાડું હલાવે છે; નહિ તો આપણાથી શું થાય ?'

## અક્ષરધામનું લેસન

એ પછી ગ.મ. ૩૦ વચનામૃત વંચાવી સ્વામીશ્રીએ વાત કરી :

'એક વખત ગુણાતીતાનંદ સ્વામી ઘોઘાવદર પધાર્યા. પછી નદી કાંઠે શંકરના દેરામાં આરામ કરતા હતા અને જાગા સ્વામી વચનામૃત વાંચતા હતા. તેમણે પાંચ વચનામૃત – પ્રથમનું ત્રેવીસમું, મધ્યનું ત્રીસમું ને પિસ્તાલીસમું તથા અમદાવાદનું બીજું ને ત્રીજું વાંચ્યાં. ત્યારે સ્વામી બેઠા થઈને બોલ્યા : 'આ વચનામૃત જાણે સાંભળ્યાં જ નહોતાં.' એમ કહીને બોલ્યા જે, 'ફરીથી વાંચો.' ત્યારે ફરીથી વાંચ્યાં. શું સ્વામીએ કોઈ વાર નહોતાં સાંભળ્યાં ? સાંભળ્યાં હતાં, પણ એવો પ્રેમ આવી ગયો ને પોતાને વાત કરવાની ઇચ્છા થઈ, કેમ જે,

પાચેયનો ભાવ ને સાર એકસરખો છે અને એક જ દોર ચાલ્યો આવે છે.

'જુઓ, શ્રીજીમહારાજ ભાગવતના આધારે કહે છે. પરોક્ષના કહેશે કે સ્વામિનારાયણ સંપ્રદાય તો વાડો છે, પરંતુ શ્રીજીમહારાજ બધાં સત્શાસ્ત્રનો સાર લઈને લેખે છે. વાડો હોય તો બીજાનો મત મહારાજ લે ? બધું એકનું એક. પણ કોઈને સમજવું નથી.

'મહારાજ આ વચનામૃતમાં કહે છે જે, 'શાસ્ત્રમાં જેમ કહ્યું છે તે પ્રમાણે જ થાય છે, પણ તેથી બીજી રીતે નથી થતું. તે શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે જે, સુવર્ણને વિષે કળિનો નિવાસ છે.' તે આપણે નજરે જોયું. અહીં સોનાની ખાણો છે તેમાં કળિ બેઠો જ છે, તે કોઈને દેશ છોડવો નથી. તૂટાતૂટ થાય છે, મારકૂટ થાય છે. મોટાઓને જુઓ તો પૈસાનો ઠઠારો બહુ, દેખાવ પૂરતો; પણ એ ધર્માદા માટે વાપરી શકે નહિ. કુબેર ભંડારીની ભારે ચોકી છે.

'આપણે બેઈટ બ્રિજ ગયા. બધા દુખિયા. એમના ત્રણે દીકરા ગાંડા થઈ ગયા, એકને દેવું વધી ગયું. ખાનગીમાં બેઠા પણ એ જ વાત થઈ; પણ ભગવાન ભજવા છે એવી તો કોઈએ વાત જ કરી નહિ. તેથી તો આપણે ઘણા સુખિયા. લાખ રૂપિયા મળે તો કોઈ સમાગમ કરવા આવે ? પણ આપણે કરી શકીએ. માટે સુવર્ણ ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે. અતિ એટલે કેવાં ? તો એમાં વૃત્તિ ખૂંચે તો નીકળે નહિ; ભૂત થવું પડે. મહારાજ કહે : 'હું એવો માર્ગ બતાવું કે જેમાં કોઈ બંધન ન થાય.

'પોતાને શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ માને. તે કોણ ? તો 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર' એમ માને તે. અને એમ જે ન માને તે ગોબરો બ્રહ્મ ! શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ નહિ. પોતાની મેળે માવજીભાઈ થાય ને બ્રહ્મ માને, પણ બ્રહ્મના એકેય ગુણ ન હોય. માટે ગુણાતીતને બ્રહ્મ માન્યા વિના બ્રહ્મરૂપ થવાય જ નહિ. શ્રીજી-મહારાજ કે અક્ષરબ્રહ્મ કે અક્ષરરૂપ સંતની સાક્ષાત્ પ્રાપ્તિ વગર કોઈ બારોબાર પરોક્ષભાવે બ્રહ્મરૂપ થઈ શકતો નથી; પણ સાક્ષાત્ બ્રહ્મરૂપ સંતનાં શ્રવણ, મનન ને નિદિધ્યાસથી એ માર્ગ હાથ આવે. આપણે કાંઈ માનવાથી થઈ ગયા નથી, પણ થવાશે. છઠ્ઠી ચોપડીમાં બેઠો ઈ છઠ્ઠી ભણે છે એમ કહેવાય, તેમ અક્ષરધામનું લેસન ચાલતું હોય તો અક્ષરરૂપ મનાય અને થઈ જાય.

'પછી બેસી રહેવું ને ? ના, પરબ્રહ્મનું ભજન કરે અને ભગવાનની પર કોઈને જાણે જ નહિ. બીજું, પ્રકૃતિનું કાર્યમાત્ર નાશવંત જાણે. કાળનું ભક્ષણ, અસત્ય, ખોટું ને તુચ્છ ને નમાલું માને. એમ અતિશય દોષદૃષ્ટિ રાખે, થોડો પણ

માલ ન માને. પછી એને લાખ મણ સોનું કોઈ આપે તોપણ મોહ ન થાય.'

તા. ૨૫-૩-'૬૦ના સવારે ૫૦ માઈલ દૂર અંબુભાઈના ફાર્મમાં ઝિમ્બા ગામે લાભ આપી, દુકાનોમાં પધરામણી બાદ જમીને ૨૦ માઈલ દૂર આવેલા કલોમો ગામે કાંતિભાઈ માસ્તરના ઘરે આવી પહોંચ્યા. ગામના ભાવિકો દર્શન-લાભ આપી, રાતે લિવિંગ્સ્ટન પધાર્યા.

અહીં ધર્મજના ચુસ્ત સત્સંગી રમણભાઈના આગ્રહથી ઝામ્બેઝી નદીના કિનારે વનરાજીમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં આનંદ-પર્યટનનું આયોજન થયું. સવારે જ સૌ ત્યાં પહોંચી ગયા. સભા પ્રસંગમાં કથા, કીર્તન સાથે હરિભક્તોએ આનંદ માણ્યો.

ઠાકોરજીનો થાળ તૈયાર થયો ત્યારે સ્વામીશ્રી ખાસ પધાર્યા અને નદી કિનારે ખૂબ પ્રેમથી વિવિધ થાળ બોલી, ઠાકોરજીને ખીચડી, કઢી, રોટલીનો સાદો થાળ જમાડ્યો. સ્વામીશ્રીને જમાડીને હું જમવા બેઠો, ત્યાં એકાએક તેઓ આવ્યા. જોયું તો પાપડ ખૂટી ગયા હતા, એટલે જાણે સેવા મળી ગઈ એમ આનંદમાં આવી ગયા અને જાતે જ સગડી ઉપર પાપડ શેકી આગ્રહથી મને જમાડ્યો. આવી સ્મૃતિ આપી પોતાની મૂર્તિ સ્વામીશ્રી હૃદયમાં સ્થિર કરી દેતા.

બપોરની કથા બાદ ઉતારે આવ્યા. રાતે અરવિંદ સર્કલના ભાઈઓએ સ્વામીશ્રીને પોતાની મિટિંગમાં બોલાવી લાભ લીધો.

## જીવનચાલક મળી ગયા

અહીં મિ. જહોન સ્મિથ નામે એક અંગ્રેજ એન્જિન ડ્રાઇવર સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમને સ્વપ્નમાં સ્વામીશ્રીનાં દર્શન થયાં હતાં અને કોઈ અગમ્ય સંકેતથી તેઓ અહીં આવી પહોંચ્યા. તેમને જોઈ સ્વામીશ્રી મર્મમાં હસ્યા. મિ. સ્મિથે અભિવાદન કરી, ઘૂંટણભેર પડી પ્રણામ કર્યા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. સ્મિથને શાંતિ થઈ ગઈ. તેણે સ્વપ્નમાં જોયેલી મૂર્તિ પોતાની સામે પ્રત્યક્ષ નિહાળી તે ગદ્ગદ થઈ ગયા અને સ્વામીશ્રીને એકાંતમાં મળવા ઈચ્છા વ્યક્ત કરી. સ્વામીશ્રીએ સંમતિ આપી.

દુભાષિયા વિના આ વાર્તાલાપ થઈ નહિ શકે તેમ વિચારી, મહીજીભાઈ કહે : 'બાપા ! હું સાથે બેસું ?'

સ્મિથે તેમને રોક્યા અને કહ્યું : 'સ્વામીજી મારી ભાષા સમજી જશે અને હું એમની ભાષા સમજી શકીશ.'

સ્વામીશ્રી સાથે તેઓ બેઠા. અડધા કલાકે બંને બહાર આવ્યા ત્યારે મિ. સ્મિથના મુખ પર અપાર આનંદની અનુભૂતિ હતી. જાણે તેની બધી મુશ્કેલી દૂર થઈ ગઈ હોય, તેને કાંઈ લાધ્યું હોય, તેમ તેના ચહેરા પર સ્વામીશ્રીએ કરેલી વાતનો શબ્દેશબ્દ સમજી ગયાનો સંતોષ હતો.

સાંજની સભામાં આવી પ્રવચન કરતાં મિ. સ્મિથે કહ્યું : 'મેં ઘણું આધ્યાત્મિક વાચન કર્યું છે, પણ આધ્યાત્મિક અનુભવ મારી પાસે નથી. તમે ઘણા ભાગ્યશાળી છો કે તમને એવા સાચા ગુરુ મળ્યા છે. મારી જેમ તમારો સમય ખોટો વેડફાશે નહીં. માટે તમે સારી રીતે ઓળખી રાખશો. આવા પુરુષ આ દેશમાં ક્યાંથી મળે ?'

સ્વામીશ્રીના આકર્ષણનો પ્રભાવ આ એક જ નહીં, અનેક પ્રસંગે અનેકે અનુભવ્યો છે અને કૃતાર્થ થયા છે.

સ્વામીશ્રીએ એક દિવસ પ્રાતઃપૂજાથી પરવારીને પોતાની પ્રસાદીની માળા મહીજીભાઈને ભેટ આપી. તેમને ઘણો આનંદ થયો. સ્વામીશ્રીએ તેમના દેશકાળ સંબંધે પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું : 'બાપા ! અહીંના આફ્રિકન લોકોમાં ઉઘરાણીના ઘણા જ પૈસા બાકી રહે છે અને માંડી વાળવા પડે છે. તેના કારણે આર્થિક પરિસ્થિતિમાં ઓટ આવતી રહે છે.'

સ્વામીશ્રી કહે : 'મુઝાશો નહિ. પરિસ્થિતિ સારી થઈ જશે, પૈસા આવી જશે. છ મહિનામાં બધું સારી રીતે પતી જશે અને દેશકાળ સારા થઈ જશે.'

બહુ જ ટૂંક સમયમાં સ્વામીશ્રીના આશીર્વાદ ફળ્યા અને તેઓ સુખી થયા.[૪]

અહીં સૌને સત્સંગનું ખૂબ સુખ મળ્યું. વિદાય વેળાએ સૌની લાગણી આંસુરૂપે વહી આવી. ડી.કે. પટેલ અને દેવળિયા સાહેબ તો સ્વામીશ્રીને લુસાકા સુધી વળાવવા આવ્યા હતા.

✧

લુસાકા આવતાં ૨૦૦ માઈલની મુસાફરી દરમ્યાન ઝિમ્બા, કલોમો થઈ, ખુશાલભાઈને ત્યાં ચોમા, જયંતીભાઈના ફાર્મમાં મોંઝે થઈ, લુસાકામા

૪. તેમનો પુત્ર યશવંત પાઈલોટની ટ્રેનિંગમાં ગયો હતો, તેથી સગાં-સંબંધી ઘણાનો અભિપ્રાય એવો હતો કે 'આ નોકરી જોખમી છે માટે ન જવું;' પણ સ્વામીશ્રીએ પત્રથી આશીર્વાદ આપીને જણાવેલું કે 'તેમની બધે રક્ષા થશે. મહારાજ રક્ષામાં છે. મોટો ઑફિસર બની જશે.' સ્વામીશ્રીના આશીર્વાદથી આજે તે મોટી એરવેઝ કંપનીમાં છે. સત્સંગમાં જાળવ્યો છે. સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ છે.

દોલતભાઈના વિશાળ મકાનમાં ઉતારે પધાર્યા. અહીંના યુવાનોને સંતોમાં અનાયાસે રસ જાગ્યો અને બે દિવસના આ રોકાણમાં સ્વામીશ્રીએ સૌને બ્રહ્મ-રસનો આસ્વાદ ચખાડ્યો.

## વન વે ! રસ્તો બંધ !

તા. ૩૧-૩-'૬૦ની સાંજે રજનીભાઈની મોટરમાં બ્રોકનહીલ જવા નીકળ્યા. વચ્ચે એક જગ્યાએ ડાયવર્ઝનનું પાટિયું હતું અને ડામરનાં પીપ મૂકી રસ્તો બંધ કર્યો હતો, પણ રજનીભાઈએ નીચે ઊતરી તે દૂર કરીને મોટર એ માર્ગે લીધી. સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : 'ગુરુ ! નીચે કેમ ઊતર્યા હતા ?'

'બાપા ! આ લોકો ઘણી વખત રિપેર થયા પછી પણ પીપ રાખીને રસ્તો બંધ જ રાખતા હોય છે. તેથી પીપ ખસેડવા ઊતર્યો હતો.'

સ્વામીશ્રી કહે : 'એવું નહિ હોય, રસ્તો બંધ હોય તો જ રાખે ને ! આપણે ગાડી નીચે ઉતારીને (ડાયવર્ઝન) લો.'

પણ રજનીભાઈ કહે : 'બાપા ! વાંધો નહિ આવે. આપણે આ મેઈન રોડ ઉપર જતા રહીશું.' સ્વામીશ્રીએ ફરી આગ્રહ ન કર્યો.

એક માઈલ ગયા ત્યાં રસ્તો તૂટેલો આવ્યો. આગળ જવાય તેમ ન હતું. રસ્તો સાંકડો અને આજુબાજુની જમીનથી ઊંચો હતો. તેથી મોટર પાછી વાળી શકાય તેમ પણ ન હતું. નીચે પણ ઉતારી શકાય નહિ. ગાડી રિવર્સમાં લેવી પડી.

સ્વામીશ્રીએ પૂછ્યું : 'શું થયું ?'

'બાપા ! આગળ જવાય એમ નથી, ને ગાડી પાછી વળાય એમ નથી.'

સ્વામીશ્રી હસી પડ્યા ને એક હાથ ઊંચો કરી, આંગળી બતાવતાં લટકું કરી કહે : 'વન વે ! રસ્તા બંધ !' પછી કહે : 'એમ અક્ષરધામમાં વન વે ! રસ્તા બંધ ! અભાવ-અવગુણ લેવાય જ નહીં; ગુણ જ લેવાનો. અવગુણ લે તેના રસ્તા બંધ. ગુણ લેવાનો જ રસ્તો !'

બ્રોકનહીલ પહોંચ્યા ત્યારે થોડું મોડું થઈ ગયું હતું. લલ્લુભાઈને ત્યાં ઉતારો કરી સભા ભરી. ખેડાનાં કેટલાંક ગામોના હરિભક્તો અને ભાવિકોએ લાભ લીધો.

બીજે દિવસે રાત્રે એન્ડોલા પહોંચ્યા. મોડી રાત સુધી કથાવાર્તા કરી સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજના સમયની પ્રસાદીની વાતો કરી, સૌને સુખ આપ્યું. શાસ્ત્રીજી મહારાજના કુટુંબી ચંદુભાઈ વગેરેને પણ તે સાંભળી ઘણો

આનંદ થયો. જેમને ત્યાં ઉતારો હતો તે વલ્લભભાઈ સ્વામીશ્રી પ્રત્યે અત્યંત આકર્ષાયા. સાથેના સંતોનું વર્તન, વિનુ ભગત જેવા શિક્ષિત સંત તથા સાથે ફરતા વિનમ્ર યુવકોને જોઈ તેમને ઊંડી છાપ પડી. તેમને કંઠી બાંધતાં સ્વામીશ્રી કહે : 'આપણે ઘરે રવિવારે સભા ભરવી. સત્સંગ અહીંથી ઘણો વધારવો છે.'

આમ તો સંતોને પોતાનો ઉતારો આપ્યો અને સ્વામીશ્રી પધાર્યા ત્યારે પ્રથમ જ પ્રસંગે તેમણે સ્વામીશ્રીની વર્તમાન-નિયમોની દૃઢતા જોઈ લીધી હતી.

બંગલામાં પ્રવેશતાં જ સ્વામીશ્રીએ કહેલું : 'વલ્લભભાઈ ! આ કાર્પેટ કાઢી નાખો. આના પર ડોસીઓ ચાલે તો અમારે ઉપવાસ પડે.'

આ વચન તેમણે તરત જ ધારી લીધું અને તેમને સંતોના આ અસિધારા વ્રતનો પરિચય થયો. તેઓ ત્યારથી જ સ્વામીશ્રી અને સંતો તરફ મનથી ઢળી પડ્યા. તેમને થોડા સમાગમમાં જ સ્વામીશ્રી મોક્ષદાતા ગુરુ હોવાની પ્રતીતિ થઈ અને ખૂબ ગુણ આવ્યો.

વળતે દિવસે ૨૫ માઈલ દૂર લુઆન્સીઆ પધારી, દુનિયાનું ચાલીસ ટકા તાંબું જ્યાંથી નીકળે છે તેવી ખાણો પર દૃષ્ટિ કરી. બાદ ૬૦ માઈલ દૂર મુફલીરા - વલ્લભભાઈના ઘરે પધાર્યા. સમાગમનો લાભ આપી, રાતે જ એન્ડોલા આવી પહોંચ્યા. બીજે દિવસે પધરામણીઓ કરી લુસાકા આવ્યા ત્યારે દોલતભાઈને ત્યાં સત્સંગનો લાભ આપ્યો.

## અવધૂત પીવત પ્રેમ પિયાલા

હવે ફેડરેશનની મુલાકાત પૂરી થઈ હતી, તેથી પાછા ફરવાનું હતું. લુસાકાથી નીકળી એ જ દિવસે સાંજે સોલ્સબરી પહોંચી જવું એવો કાર્યક્રમ ઘડાયો, કારણ કે બીજે દિવસે રામનવમી હરિજયંતીનો મહોત્સવ સોલ્સબરીમાં ઊજવવો એવું અગાઉથી નક્કી થયું હતું.

લગભગ ૪૦૦ માઈલની મુસાફરી હશે. એટલે વહેલા નીકળવાનું થયું. સાધારણ રીતે મુસાફરી કરવાની હોય ત્યારે સ્વામીશ્રી ખાસ કશું જમતા નહિ. રસોઈ તો બધી જ બનાવી હતી, પરંતુ સ્વામીશ્રીએ માત્ર નહિવત્ ખીચડી-કઢી અંગીકાર કર્યાં. લુસાકા સત્સંગ મંડળને આશીર્વાદ આપી, મોટર રસ્તે શહેર છોડ્યું. પંડોળીના શિવાભાઈના દીકરા ગિરીશભાઈ મોટર ચલાવતા હતા.

પોતાની બધી જ ક્રિયામાં ચંચળ ને તત્પર સ્વામીશ્રી મોટરની મુસાફરીમાં અતિ વેગને પસંદ ન કરતા. તેથી જ તો અદ્યતન મોટી મોટરમાં બેઠા હોવા

છતાં, ધોરીમાર્ગ ઉપર પણ અમે મધ્યમ ગતિએ જઈ રહ્યા હતા. દરમ્યાન મોટરમાં પણ સ્વામીશ્રી કોઈને નવરા બેસી રહેવા ન દેતા. કથા-કીર્તનનો પ્રવાહ ચાલુ જ રખાવતા.

બરાબર મધ્યાહ્નનો સમય થયો હશે. અને અમે ચીરન્ડુ બ્રિજ ઉપર આવી પહોંચ્યા. આ પુલ ઉત્તર અને દક્ષિણ રોડેશિયાને જોડે છે. પુલ નીચે ઝામ્બેઝી નદી ખૂબ જ વેગમાં પડતી-આખડતી આગળ વધી રહી છે. પ્રકૃતિની રમણીયતાનું અહીં અદ્ભુત દર્શન થાય છે.

હજુ તો અમે પુલ ઉપરથી પસાર થતા હતા ને સ્વામીશ્રીએ પોતાનો વિચાર દર્શાવ્યો કે 'આપણે નદી કિનારે જવું છે.' જો કે અમારે પાછળની ગાડીઓની રાહ જોવાની જ હતી. તેથી તુરત ગિરીશભાઈએ મોટરની દિશા મરોડી. નદી તરફ ઊતરવાનો એક પહોળો કેડી જેવો રસ્તો હતો, પણ આગળ જતાં એ રસ્તો ખાડા-ટેકરાવાળો બનતો હતો એટલે મોટર આગળ જઈ શકી નહિ.

નદી સુધી પહોંચતા સ્વામીશ્રીને તકલીફ પડશે, એવું વિચારતાં બીજી મોટરો આવતાં સુધીમાં ત્યાં જ ઊભા રહેવાનું સૌએ પસંદ કર્યું. થોડી વાર થઈ હશે. ફરીથી સ્વામીશ્રીએ નદી સુધી જવા માટે આગ્રહ બતાવ્યો. સૌ તૈયાર થયા. ધીરે ધીરે નદી ઊતરતાં સૌ નદી કાંઠે આવી પહોંચ્યા. બેસી શકાય એવી એક સુંદર જગ્યા શોધી સ્વામીશ્રીને બેસાર્યા. અહીં પહોંચતાં જ નદીનાં જળથી ઠાકોરજીને સ્નાન કરાવવાની સ્વામીશ્રીએ આજ્ઞા કરી અને ત્યારે જ સૌને ખ્યાલ આવ્યો કે સ્વામીશ્રી નદી કાંઠે આવવા શા માટે ઉત્સુક હતા. કારણ કે ઠાકોરજીના સ્નાન વડે પવિત્ર બનેલું એ જળ આફ્રિકાના એ અંધાર ખંડમાં ક્યાં ક્યાં પહોંચીને જીવ-સૃષ્ટિને પાવન કરશે, એની તો કલ્પના જ કરવાની રહી !

પ્રમુખસ્વામી તથા વિનુ ભગતે હરિકૃષ્ણ મહારાજની નાનકડી મૂર્તિને સ્નાન કરાવ્યું. સ્વામીશ્રીએ ઠાકોરજીને લીલા મેવાનો થાળ ધર્યો. પછી અમને સૌને પ્રસાદ આપી, મધ્યાહ્નના એ સખત તાપમાં દેહથી ને મનથી સુખિયા કર્યા. છતાં પોતે કંઈ જ ગ્રહણ કર્યું નહિ. મુસાફરીમાં પોતે કંઈ લેતા પણ નહિ. પછી ટપાલ વંચાવી. એટલી વારમાં બાકીની મોટરો આવી પહોંચતાં અમે રસ્તા પર આવ્યા અને સૌની સાથે આગળ વધ્યા.

આગળ જતાં ધોરીમાર્ગની અંદરના ભાગમાં 'કરિબા ડેમ' આવે છે. સૌની ઈચ્છા ત્યાં જવાની હતી. સ્વામીશ્રીને તેમાં કોઈ પ્રકારે રસ ન હતો, છતાં સૌને રાજી રાખવા ત્યાં જવા અનુમતિ આપી. અમારો રસ્તો બદલાયો. નમતો પહોર

થઈ ચૂક્યો હતો. રસ્તો ખરાબ છતાં જવાનો ઉમંગ; તેથી ૫૦ માઈલનો રસ્તો કાપી, નિયત સ્થળે જઈ પહોંચ્યા. અહીં ડેમ સુધી પહોંચવા કેટલીક પ્રાથમિક પરવાનગીઓના અભાવે રોકાણ લંબાયું. ઠેઠ મોડી સાંજે સૌ ડેમ ઉપર પહોંચ્યા.

હંમેશાં ભગવાન સંબંધી જ ક્રિયા કરતા સ્વામીશ્રીએ ડેમની પાછળ તૈયાર થયેલ વિશ્વના સૌથી વિશાળ માનવસર્જિત મહાસરોવરમાં ઠાકોરજીનાં પ્રસાદીનાં પુષ્પો, સૌનું કલ્યાણ થાય એવી ભાવનાથી નાખ્યાં. આશ્ચર્યની વાત તો એ બની કે આ જ જગ્યાએ સરોવર બનાવતાં પહેલાં, વરસાદનું પાણી એકઠું થતાં, લાખોની સંખ્યામાં જંગલનાં ભયાનક પણ લાચાર પ્રાણીઓ તણાઈને મૃત્યુ પામ્યાં હતાં, તે આજે સદ્‌ગતિ પામ્યાં. મહાપુરુષોની ગતિ અકળ હોય છે.

પાછા ફરતાં મોડું ઘણું જ થયું. વળી સો માઈલની મુસાફરી વધી. તેથી સોલ્સબરી સમયસર પહોંચવું અશક્ય હતું. રાત્રે જો મોડા પહોંચીએ ને જમવાનો પ્રબંધ ન થાય, તો બીજે દિવસે હરિજયંતીના નિર્જળા ઉપવાસમાં સ્વામીશ્રીને કેટલી તકલીફ પડશે એ વિચાર જ કરવો અશક્ય બન્યો. તેથી ઠાકોરજીને થોડો લીલો મેવો ધરાવી સ્વામીશ્રીને આપ્યો, પણ સ્વામીશ્રીએ તો તે લેવાની પણ ના પાડી. બધાએ આગ્રહ કરી જોયો પણ અફળ !

ઊલટાનું સ્વામીશ્રીએ આગ્રહ કરીને બીજા બધાને પ્રેમથી બધો જ પ્રસાદ ખવડાવી દીધો અને એમાં જ પોતે તૃપ્તિ અનુભવી. રસ્તામાં ગોડી-આરતી વગેરે નિયમો કર્યા.

રાતના ૧૧-૩૦ વાગે સોલ્સબરી નજીક આવી પહોંચ્યા. શહેરના રસ્તાઓથી બધા જ અજાણ્યા હતા. તેથી મોડી રાત્રે નાછૂટકે કેટલીક પ્રદક્ષિણાઓ ગામ ફરતી દેવી પડી. અમે ઉતારે પહોંચ્યા ત્યારે રાતના ૧૨ ઉપર ૧૫ મિનિટ થઈ ચૂકી હતી. સ્વામીશ્રીએ સ્નાન કર્યું. થોડોક ઉકાળો ગ્રહણ કરવા સૌએ સ્વામીશ્રીને ઘણી વિનંતી કરી, પણ સ્વામીશ્રીએ એક જ વાત મૂકી કે ‘બાર વાગી ગયા છે. બીજો દિવસ શરૂ થઈ ગયો ગણાય. તેથી અમારે કંઈ લેવાય જ નહિ.’ સૌ આથી નિરુપાય બન્યા.

આખા દિવસની મુસાફરીથી સ્વામીશ્રી ઘણા જ શ્રમિત જણાતા હતા. તેથી તુરત પોઢી ગયા.

હરિજયંતીનો બીજો દિવસ, સ્વામીશ્રીને માટે અતિ મંગળકારી દિવસ હતો. સવારથી જ સ્વામીશ્રી આનંદવિભોર જણાતા હતા. તેમના ઉત્સાહિત મુખારવિંદ ઉપર ગઈકાલનો થાક જરા સરખો પણ જણાતો ન હતો. કોઈને પણ

એમ ખ્યાલ ન આવે કે સ્વામીશ્રીને આજે બીજો ઉપવાસ હશે !

લગભગ આખો દિવસ કથા-કીર્તનમાં કેવી રીતે પસાર થયો તે ખબર ન પડી. સાંજે સ્વામીશ્રીની આજ્ઞાથી મોટો ઉત્સવ ગોઠવ્યો હતો. એક પછી એક સત્સંગીઓ અને આમંત્રિત મહેમાનો દેખાવા લાગ્યા. ભારત ખાતેના આસિસ્ટન્ટ કમિશનર કોરાના સાહેબ તેમજ કેટલાક અંગ્રેજભાઈઓ પણ હાજર હતા.

આશાભાઈના સુંદર મકાનના વિશાળ બેઠક ખંડમાં સભા યોજી હતી. ધૂન-ભજનથી સભાની શરૂઆત થઈ. ત્યારપછી હરમાનભાઈએ શ્રીહરિના ચરિત્ર-મહિમાનું ગાન કર્યું. બાદ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનું ષોડશોપચારે પૂજન કરીને ચાંદીના સુંદર પારણામાં ઝુલાવ્યા. પ્રમુખસ્વામીએ આ પ્રસંગે ‘ભક્ત-ચિંતામણિ’માંથી શ્રીહરિના જન્મ પ્રસંગનું પ્રકરણ સંભળાવ્યું. અંતમાં સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા. પશ્ચિમની રોનકવાળા આ સોલ્સબરી શહેરમાં ઉત્સવની આ ભવ્યતા ને દિવ્યતા સૌનાં દિલમાં વસી ગઈ. સ્વામીશ્રીની સંનિધિમાં સૌ ધન્યતા અનુભવતા રાત્રે આરતી કરી, પંજરી વગેરે પ્રસાદ લઈ વીખરાયા.

ત્રીજે દિવસે દશમની સવારે પારણામાં સ્વામીશ્રીએ માત્ર આધાર પૂરતાં નહિવત્ ખીચડી-કઢી લીધાં, કારણ કે આજે અમારે દારેસલામ જવા પ્લેનમાં નીકળવાનું હતું. એક માસ સુધી અનેરું સુખ પામેલા મધ્ય આફ્રિકાના હરિભક્તોએ ભગ્ન-હૃદયે સ્વામીશ્રીની વિદાય સ્વીકારી. સૌ વિમાન મથકે મૂકવા આવ્યા. સવારે ૧૦-૦૦ વાગે અમારું પ્લેન ઊપડ્યું. પ્લેનમાંયે સ્વામીશ્રીનો ભજનનો દોર ચાલુ જ રહેતો. બ્લાન્ટાયર વિમાની મથકે ન્યાસાલેન્ડના પ્રમુખ ડૉ. બાન્ડા પ્લેનમાં સાથે જ હતા, જેમણે સ્વામીશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા.

✧

લગભગ સાંજે ૫-૩૦ વાગે અમે દારેસલામ પહોંચ્યા. પ્લેનમાં સ્વામીશ્રી અને સંતો માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી. છતાં દારેસલામ પહોંચ્યા પછી સ્વામીશ્રીએ તે દિવસે કંઈ જ લીધું નહિ. હરિભક્તોએ ઘણી વિનંતી કરી, પણ હમેશ મુજબ નિરાશા !

જ્યારે સ્વામીશ્રીની મુખમુદ્રા બ્રહ્માનંદનો એકધારો છક છલકાવી રહી હતી, ત્યારે હરિભક્તોને માત્ર એક જ પ્રશ્ન મૂંઝવતો હતો : ‘હજુ ચોથો ઉપવાસ એકાદશીનો ઊભો છે. ને ત્રણ ઉપવાસ થઈ ચૂક્યા છે, છતાં બ્રહ્મદશામાં અલમસ્ત વિચરતા સ્વામીશ્રીની એ સુખ સરવાણી ક્યાં હશે ?’

પ્રત્યુત્તરમાં બ્રહ્મમુનિના શબ્દો મનમાં ગુંજી ઊઠ્યા :

*'પીવત પ્રેમ પિયાલા, અબધૂત પીવત પ્રેમ પિયાલા,*
*ચકનાચૂર રહત નિત્ય છાકે, મગન ગગન મતવાલા.'*

સ્વામીશ્રી ઘણી વાર કહેતા : 'આપણે નવો પ્રદેશ ખેડવો છે.' એ નવા પ્રદેશનું ખેડાણ કરી જ્યારે વિદાય લીધી, ત્યારે સમજાયું કે નવું ખેડાણ એ નાની વાત નથી. વેદ-મર્યાદાના નીતિ-નિયમોને મહત્ત્વ ન આપી લોકરંજન માટે પ્રવચનો કરવાં અને શાસ્ત્ર-મર્યાદામાં રહી સૌને સદાચારના માર્ગે લઈ જવા તેમાં બહુ જ મોટો ભેદ છે. કેમ કે તેમાં સ્ત્રી-ધનના ત્યાગને જૂનવાણી કહેનારા મળે, તો વ્રતો ને નિયમો પાળનારને પણ આધુનિકતાથી દૂર માનવામાં આવે. આવા સમયે સ્વામીશ્રી અને સંતોએ જરાપણ બાહ્યાડંબર વિના, સહજતાથી શ્રીજીકથિત સિદ્ધાંતો સાથે વિચરી ભૌતિકવાદીઓને આકર્ષ્યા. એ શ્રીહરિના પ્રૌઢ-પ્રતાપ અને સ્વામીશ્રીના નિર્મળ જીવનનું જ પરિણામ હતું. સંપ્રદાયની પ્રણાલી ગુણાતીત સંત દ્વારા પુષ્ટ નહિ થાય તો કોના દ્વારા થશે ? વળી ઉપાસનાના સિદ્ધાંતો પણ એ પુરુષને જ હસ્તામલકવત્ હોય છે, તેથી જે જે તેમના સંપર્કમાં આવે તેને મોક્ષપ્રાપ્તિનું સાચું હાર્દ પ્રાપ્ત થતું.

સ્વામીશ્રીના ટૂંકા, સરળ વાર્તાલાપો, પારમાર્થિક જીવન ભાવના અને ભક્તિપ્રધાન વ્યક્તિત્વની સાથે, પ્રમુખસ્વામીની જ્ઞાન-ગંભીરતા, પ્રભાવશીલ મુખમુદ્રા, ધીરજ ને શાંતિના સંગમ સમું વ્યક્તિત્વ અનેકને સદ્‌ભાવના પ્રેરતાં. જેનાથી અસંખ્ય ભાવિકો વ્યસનમુક્ત થયા, દિવ્ય-ચેતના અનુભવી કૃતાર્થ બન્યા અને ભગવાન સ્વામિનારાયણના ગુણાનુવાદ ગાવા લાગ્યા.

તા. ૫-૪-'૬૦ના દારેસલામ પધારી, મધ્ય આફ્રિકાના વિચરણ પર પૂર્ણવિરામ મૂક્યું. સૌને સ્વામીશ્રીની અમૃત વાણીનો લાભ મળ્યો. પધરામણીની સાથે આરતી અને કીર્તનાદિનો પણ લાભ આપ્યો.

## નિશ્ચયરૂપી થાંભલો હલાવી જોયો

સ્વામીશ્રીએ અહીં ભક્તોની એકાએક કસોટી કરી. સ્વામીશ્રી કહે : 'આપણે મોમ્બાસા જવું જ નથી; અહીંથી સીધા દેશમાં ચાલ્યા જઈએ. ઓલ્યો આપણો વિરોધ કરે છે તે સાધુ કાળો વાવટો લઈને આવવાનો છે, તે ઠીક નહિ પડે.' સાથે રહેનારા હરિભક્તોનાં મનમાં જે વાત ઘોળાતી હતી તે સ્વામીશ્રીએ રજૂ કરી.

હરમાનભાઈ તરત જ એરવેઝ ઑફિસે જઈને મુંબઈ માટેની પ્લેનની

ટિકિટ બદલાવી લાવ્યા.

ત્યાં સ્વામીશ્રીએ વાત ફેરવી : 'આપણે મોમ્બાસા જવું જ છે. આ ફેરે મોમ્બાસા ગયા જ નથી. ઓલ્યો શું કરી લેવાનો છે ? મહારાજનું ધાર્યું થાય છે.'

પછી સાખી બોલ્યા :

*'માનવ જાણે મેં કર્યું કરતલ બીજો કોઈ,*
*આદર્યાં અધૂરાં રહે, હરિ કરે સો હોઈ.'*

હરિભક્તો કહે : 'બાપા ! આવું ચરિત્ર કેમ કર્યું ?'

સ્વામીશ્રી કહે : 'તપાસી જોયું કે (નિશ્ચયરૂપી) થાંભલો હાલે છે કે કેમ ? મંડપનો થાંભલો રોપીએ ત્યારે હલાવી જુએ છે. હલતો હોય તો બે પથરા નાખીને ટીપે અને જો હલે તો બીજા પથરા નાખીને મજબૂત કરવો પડે. એમ તમને બધાને હલાવી જોયા. થાંભલા બધા પાકા છે.'

સાંજે મણિભાઈને ત્યાં મોરોગોરો થઈ, બીજે દિવસે સવારે ટ્રેનમાં ડોડોમા જવા નીકળ્યા. થોડો સમય વચનામૃતની કથા કરી, પત્રલેખન કર્યું.

સ્વામીશ્રીને પત્ર દ્વારા જાણ થઈ હતી કે 'નાગરદાસ રાજગુરુને ત્યાં પૌત્રનો જન્મ થયો છે.' સ્વામીશ્રીએ તરત જ અહીંથી હેતભાવે નર્મદાશંકરભાઈને પત્ર લખ્યો કે 'લાભશંકર રાજગુરુના નાના પુત્ર શશિકાન્તને અમારા વતી જઈને ચાંદલો કરી આવજો અને સાકરનો ગાંગડો પણ મોઢામાં મૂકજો.'

જ્યારે લાભશંકરભાઈને આ સમાચાર મળ્યા ત્યારે એક કુટુંબ પર સ્વામીશ્રીનો આવો અદ્‌ભુત વાત્સલ્યભાવ નિહાળી તેઓ ગદ્‌ગદ થઈ ગયા. સ્વામીશ્રીની મમતા સત્સંગીઓના વ્યાવહારિક પ્રસંગો સુધી વિસ્તરેલી હતી.

સ્વામીશ્રીએ ટ્રેનમાં જ આરામ કર્યો. સાંજે ડોડોમા આવી પહોંચ્યા. આ પહેલાં અહીં આવ્યા ત્યારે શશિકાન્તભાઈ અને કાન્તિભાઈ ભટ્ટ બે જ સત્સંગી; પરંતુ આ વખતે તો જયનાદોથી પ્લૅટફૉર્મ ગાજી ઊઠ્યું. બાળકોના મંડળ સાથે વડીલોમાં પણ સત્સંગ-વિકાસ થયો હતો. શશિકાન્તભાઈના બંગલે ઉતારે પધાર્યા ત્યાં સુધી ગણવેશધારી બાળકોએ સ્વામીશ્રીનું હારતોરાથી અને જયનાદોથી સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ પણ સૌને હેતથી બોલાવ્યા, હૈયે ચાંપ્યા, જાણે 'બાળકોના યોગીરાજ'નું બિરુદ સાર્થક થઈ રહ્યું હતું.

અહીંથી તા. ૧૨-૪-'૬૦, સ્વામીશ્રીએ 'સ્વામિનારાયણ પ્રકાશ'માં પત્ર લખી આફ્રિકા-વિચરણની સફળતા પોતાની જ કલમે આલેખી :

*'અમોએ રોડેશિયા, ન્યાસાલેન્ડ, આખોય આફ્રિકા ફરી લીધો છે. તેમાં*

*ઘણા મુમુક્ષુ જીવો છે. તે બધાને સ્વામિનારાયણ ભગવાનની ઓળખાણ કરાવી છે. બીજ ઊગશે.'*

*'ટાન્ગાનિકામાં પણ ઘણા જ મુમુક્ષુ જીવો છે. તેમણે નિયમ ધરાવીને વર્તમાન લીધાં છે. ઘણાં જ વ્યસનો છોડ્યાં છે. કેટલાક યુરોપિયનોએ પણ સત્સંગ ધારણ કર્યો છે. તે બધો સ્વામી-શ્રીજી તથા સ્વામી શાસ્ત્રીજી મહારાજનો પ્રતાપ છે.'*

## મ્વાન્ઝાને ફરીથી મોજ

પછી ટબોરો પધારી, ચંપકભાઈ, ધીરુભાઈ વગેરેને કથા-કીર્તનથી રાજી કરી, તા. ૧૫-૪-'૬૦ના રોજ ફરી મ્વાન્ઝા આવી પહોંચ્યા.

સ્ટેશને કેટલાય બાળકો ટ્રેન ઊભી રહેતાં જ ડબ્બામાં ધસી આવ્યા. સ્વામીશ્રી સૌને વહાલથી મળ્યા. આ બાળકો મ્વાન્ઝા શહેરથી સ્ટેશન સુધી ચાલીને દર્શન કરવા આવ્યા હતા.

હરિભક્તોને સ્ટેશને દર્શન આપી સ્વામીશ્રી ગિરધરભાઈ વાલજીભાઈના મકાનમાં ઉતારે પધાર્યા. રાતે જાહેર સભા બાદ આરામ કર્યો.

અહીં આઠ દિવસનો અવિસ્મરણીય લાભ આપ્યો, અનેકને આકર્ષ્યા, અનેક હરિભક્તોના મનોરથ પૂરા કર્યા. યાદવ સાહેબ, વડગામા સાહેબ, વિઠ્ઠલભાઈએ ખૂબ જ સેવા કરી. સ્વામીશ્રીની નિત્યપૂજાથી માંડી વચનામૃત-કથા, વચ્ચે વચ્ચે પ્રશ્નોત્તર અને બ્રહ્માનંદી અલમસ્તાઈ સાથે વાતાવરણ ભક્તિથી ધબકતું રહેતું. સ્વામીશ્રીનાં ઘણાં પ્રવચનો અહીં રેકોર્ડ થયાં. બપોરે પત્રલેખન અને સાંજે પધરામણી પછી સંધ્યા-આરતી કરી સ્વામીશ્રી બાળ મંડળને લાભ આપતા.

રાત્રિસભા તો ભરચક થઈ જતી. સૌ એકચિત્તે સ્વામીશ્રીની વાણી સાંભળી રહેતા. વળી, પ્રમુખસ્વામી પણ અદ્‌ભુત લાભ આપતા. નિયમ-ચેષ્ટા કરી સૌ ઘરે જાય ત્યારે જરૂર અનુભવતા કે દિવ્યતાની સૌરભ અને શ્રીહરિનું સાંનિધ્ય માણીને જ નહિ, પણ તેમને જ સાથે લઈને આવ્યા છીએ.

આવો લાભ લેવા જિન્જા વગેરે ગામોમાંથી પણ હરિભક્તો આવી પહોંચ્યા હતા.

એક સાંજે શાન્તિલાલ તન્નાના સ્કૂલ-બોર્ડિંગમાં પગલાં કરી, ૭૦ જેટલા વિદ્યાર્થીઓને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. વળી, યાદવ સાહેબ તથા હિન્દુ મંડળના પ્રમુખ સી.કે. પટેલના મકાને પણ પધરામણી કરી.

આ એક જ અઠવાડિયાના રોકાણે સૌ ઉપર ગજબનાં કામણ કર્યાં હતાં. સ્વામીશ્રીથી અળગા થવાનું વિચારતાં ઘણા ગદ્‌ગદ થઈ જતા, તો કેટલાકની વાણી વિરામ થઈ જતી અને આંખો આંસુ સારતી.

અહીંના નગરપતિ સગુણભાઈ, બૅરિસ્ટર લક્ષ્મણ તથા અન્ય ડૉક્ટરો, વકીલો અને સજ્જનો સ્વામીશ્રીને વળાવવા વિક્ટોરિયા સરોવરે આવી પહોંચ્યા.

સ્વામીશ્રી સ્ટીમરમાં બિરાજ્યા ત્યાં મેઘરાજા મન મૂકીને તૂટી પડ્યા. પળવારમાં સૌ ભીંજાઈ ગયા; પણ સ્વામીશ્રીનાં દર્શન કોણ મૂકે ? સ્ટીમરે કાંઠો છોડ્યો પછી જ સૌ વીખરાયા.

શનિવારે બુકોબા ઊતર્યા. રમણભાઈને ત્યાં ઉતારે આવી, પ્રાતઃકર્મ તથા ઉકાળા-પાણી બાદ, સાંજે હિન્દુ મંદિરમાં જાહેર સભા કરી.

અરવિંદ સર્કલની મિટિંગમાં પધારી સૌને રાજી કર્યા. વળી અહીંના અગ્રણી સમાજ-સેવક સ્વ. એન.સી. દેસાઈના સમાધિ સ્થાને જઈ સ્વામીશ્રીએ ધૂન પણ કરાવી. બપોરે આરામ બાદ મંદિરમાં ખાસ મિટિંગ બોલાવાઈ, જેમાં સત્સંગ મંડળ વધુ સુદૃઢ અને સંગીન બનાવવા હરિભક્તોએ સ્વામીશ્રીને બાંયધરી આપી.

પછી એક ખાસ નાના પ્લેનમાં એન્ટેબે આવી પહોંચ્યા. મધ્ય આફ્રિકાના પ્રવાસ બાદ પુનઃ બે મહિને અહીં આવ્યા હોવાથી હરિભક્તો નવા ઉમંગમાં હતા. જિન્જા, ટરોરો અને કંપાલાથી પણ સૌ સ્વામીશ્રીના સ્વાગત માટે આવી પહોંચ્યા હતા. લંડન જતા ડૉ. કે.સી. પટેલના પુત્ર કિરીટભાઈને સ્વામીશ્રી વત્સલભાવે ભેટી પડ્યા. તેમને ધર્મમાં રહેવા આજ્ઞા આપી. ટરોરોથી સંતસ્વામી તથા બાલમુકુંદ સ્વામી પણ આવ્યા હતા. તેમને મળી કંપાલા મંદિરે આવ્યા.

✧

મૂર્તિપ્રતિષ્ઠા પછી સ્વામીશ્રી ટરોરો રોકાઈ શક્યા ન હોવાથી સૌ યુવકોને ખૂબ જ આગ્રહ હતો કે સ્વામીશ્રી ટરોરો રોકાય અને સત્સગ વધુ દૃઢ થાય. તેથી કંપાલા, જિન્જાના કળશ વિધિ સુધી ટરોરો જવાનો કાર્યક્રમ ઘડાયો. સ્વામીશ્રી તા. ૨૭-૪-’૬૦ના રોજ ટરોરો આવી પહોંચ્યા.

શૂરવીર યુવક મંડળ અને સૌને કથાવાર્તાનો ઈશક, તેથી સ્વામીશ્રી ખૂબ ખીલતા. અહીં દરેકને સંબોધીને જ્ઞાન, ગમ્મત અને અધ્યાત્મનો એક અનોખો વર્ગ સર્જાતો. વચનામૃતના સિદ્ધાંતો સૌ વધુ દૃઢ કરતા. આ પ્રસંગે ટરોરોમાં શિક્ષક તરીકે સેવા આપતા પંજાબી યુવાન ફિરોઝચંદ્ર જૈન પણ સ્વામીશ્રીની વધુ નજીક આવ્યા અને ચુસ્ત સત્સંગી બન્યા.

પત્રલેખન પછી સાંજે સ્વામીશ્રી મગનભાઈની સમાધિએ જઈ વાતો કરતા. આરતી પછી મંદિરમાં જ સભા થતી. આજુબાજુથી મ્બાલે, મજાન્જી, કીડન્ગોલી, બુકેડિયા વગેરે ગામોના હરિભક્તો પણ લાભ લેતા. પછી ચેષ્ટા-નિયમ કરી, સી.એમ. પટેલને ત્યાં ઉતારે પધારતા.

તા. ૩૦-૪-'૬૦ના જિન્જા, કંપાલા, મોમ્બાસા અને નૈરોબીથી અનેક હરિભક્તો દર્શને આવ્યા હતા. સૌને કથાવાર્તાથી અદ્‌ભુત આનંદ કરાવ્યો.

બીજે દિવસે અહીં સત્સંગ સંમેલન થયું, જેમાં પૂર્વ આફ્રિકાના મોટા ભાગના હરિભક્તો ઉપસ્થિત રહ્યા.

રાત્રે મંદિર બાજુની ઓરડીમાં જ્યાં સ્વામીશ્રી અને સંતો રોજ રાત્રે ઉકાળા-પાણી લેતા, ત્યાં ઉકાળો લઈ રહ્યા પછી મને તથા વિનુ ભગતને સ્વામીશ્રીએ બાજુની ઓરડીમાં બોલાવ્યા. અમને બંનેને જ એકાએક બોલાવ્યા એટલે જરા વિચાર થયો કે 'શું કામ હશે ?'

સ્વામીશ્રીએ મને સામે બેસાડીને ધીરે રહીને વાત શરૂ કરી : 'સંતસ્વામી તથા પ્રમુખસ્વામી બધાની ઇચ્છા એવી છે કે આપણે બધાને સંસ્કૃત તો ભણાવીએ જ છીએ, તો પછી ત્યાગી થઈને ભણે તો સારું. એટલે આપણે અહીંથી મુંબઈ જઈએ પછી દિવસો બહુ થોડા છે, તે બે-ત્રણ દિવસમાં તમને દીક્ષા આપી દઈએ અને પછી અમે વડોદરા જઈએ તો કેવું ?'

આ બધી વાત માંડીને કરી. સ્વામીશ્રીની એ એક રીત હતી. પોતાનો અભિપ્રાય એકલો ન જણાવે પણ સાથે બે મોટા સંતોનાં નામ દઈ વાત રજૂ કરે, વાતને ભાર આપે. પોતાના મનમાં વાત નક્કી હોય, આયોજન સંપૂર્ણ હોય, ભાવિનો કાર્યક્રમ ઘડેલો જ હોય, પણ રજૂઆત બીજાને મિષે કરે.

વળી કહેવા લાગ્યા : 'હમણાં આપણે નવ જણા તૈયાર કરો. છ યુવકો ત્યાં ઘાટકોપર ભણે છે, એક તમે અને બીજા મહેન્દ્ર; પછી જે તૈયાર થાય તે... બોલો, તમારો શું મત છે ?'

વિનુ ભગતને પૂછ્યું. તેમણે માથું હલાવ્યું. હા કહી પછી ધીરે રહીને મારી તરફ જોયું. નિશાન તો મારું જ હતું, પણ વાતને ફેરમાં નાખી. દરમ્યાન મેં મનમાં વિચાર કરી લીધો કે 'થવાનું તો છે જ. વહેલું કે મોડું. તો પછી સ્વામીશ્રીને તુરત હા પાડી રાજી કરી લેવા.' તેથી મેં પણ હા પાડી.

સ્વામીશ્રી બહુ રાજી થયા. આશીર્વાદ આપ્યા. પછી કહે : 'વાત ખાનગી રાખવી. આપણે ત્રણ જણા જાણીએ. અને મુંબઈ રણછોડભાઈ, નિરંજનભાઈ,

નારણભાઈ, મધુભાઈ, અનુપમભાઈ, સૂર્યકાંતભાઈ તથા મહેન્દ્રભાઈને પત્ર લખી નાખો, પણ વાત બહાર પાડે નહિ; ખાનગી રાખે એમ લખજો.' એમ કહી ઊભા થઈ ગયા.

મુંબઈ જઈ તુરત વિનુ ભગત સાથે ૯ યુવકોને પ્રથમ દીક્ષા આપવાનો ઐતિહાસિક નિર્ણય અહીં આ રીતે લીધો.

તા. ૫-૫-'૬૦ની સવારે ગોન્ગેરા ગામે મગનભાઈ, કાશીભાઈ વગેરેને લાભ આપી, સભા બાદ ટરોરો આવી ગયા.

બીજે દિવસે બુકેડિયા થઈ, એકાદશીએ ટરોરો થઈ, કંપાલા જવા નીકળ્યા. સી.એમ. પટેલ, મોતીભાઈ, ઈશ્વરભાઈ, ગુણવંતભાઈ, ઠાકોરભાઈ, જશભાઈ, ભાનુભાઈ, અરવિંદભાઈ, નવનીતભાઈ ભગત, નટુભાઈ વગેરે અનેક ભક્તોએ સ્વામીશ્રીને ખિન્ન હૃદયે વિદાય આપી.

✧

તા. ૮-૫-'૬૦નો દિવસ કંપાલા મંદિરના કળશ વિધિનો હતો. આમ તો પ્રતિષ્ઠાને દિવસે જ સ્વામીશ્રીએ ઈશ્વરભાઈ માસ્તરને આજ્ઞા કરી હતી કે 'તમારે સોનાના કળશ ચડાવવાની સેવા કરવી.'

તેમને થયું : 'બીજું કોઈ સેવા કરનાર નથી ? મેં તો ઘણી સેવા કરી છે !'

આ બાજુ આગલી રાતે આર.યુ. પટેલના સાળા ચતુરભાઈને સ્વામીશ્રીએ દર્શન આપ્યાં અને મંદિરમાં સોનાના કળશની સેવા કરવા આજ્ઞા કરી. તેઓ તો બીજા દિવસે સેવા લઈ હાજર થયા. સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'ચતુરભાઈ ! ઈશ્વરભાઈને પૂછો કે આ સેવાનું શું કરવું ?'

ઈશ્વરભાઈ સમજી ગયા કે મારી સેવાનું મને અહમ્ હતું, પરંતુ સ્વામીશ્રી ધારે તો ગાતરિયું ખંખેરે ને સેવા આવી શકે તેમ છે, પણ કેવળ કરુણા કરી સેવા આપે છે. તેમણે હાથ જોડી કહ્યું : 'બાપા ! એ ભલે સેવા લાવ્યા, હું પણ આપીશ.' આમ, બંનેને કળશ વિધિના પૂજનમાં બેસવાનું નક્કી થયું.

એ મુજબ જ યજમાન તરીકે બંને દંપતીઓએ પૂજન કર્યું. સ્વામીશ્રીના પૂજન-સ્પર્શથી પવિત્ર થયેલા કળશ જયનાદો સાથે ધામધૂમથી શિખર ઉપર ચડાવ્યા, ત્યારે તમામ હરિભક્તો સંતોષ વ્યક્ત કરતા હતા કે 'આફ્રિકામાં કળશ ચડી ગયા !'

પ્રતિષ્ઠા પ્રસંગે આ મંદિર જેના હાથે ઉદ્‌ઘાટિત થયું હતું તે નારણસિંગને ઘણી ઇચ્છા હતી કે સ્વામીશ્રીને મસીન્ડી તેડાવી પોતાની મિલમાં પધરાવવા.

તેથી તા. ૯-૫-'૬૦ના રોજ મોટરકારો અને બસ લઈ ૭૫ હરિભક્તો સાથે સ્વામીશ્રી મસીન્ડી જવા નીકળ્યા.

સ્વામીશ્રી નારણસિંગની ગાડીમાં બિરાજ્યા હતા. થોડે ગયા એટલે સ્વામીશ્રીએ પૂછ્યું : 'અહીં કયા કયા પાક સારા થાય છે ?'

નારણસિંગ પંજાબી, તેથી પાક(ફસલ)ને બદલે પાર્ક સમજ્યા. તે કહે : 'અહીં નેશનલ પાર્ક છે. તેમાં હાથી, સિંહ એમ જંગલી જનાવરો બહુ છે.'

સ્વામીશ્રી આ સાંભળી રહ્યા ને માળા ફેરવવા લાગ્યા. પ્રમુખસ્વામી અને વિનુ ભગતને તો સ્વામીશ્રીની નિર્દોષતાથી હસવું માય નહિ.

મસીન્ડી પહોંચ્યા. સ્વાગત બાદ ગાઢ જંગલોની વચ્ચે આવેલી મિલમાં આવ્યા. નારણસિંગ સહકુટુંબ સેવામાં જોડાઈ ગયા. વળી, તેમનું વિશાળ મકાન પણ ઉતારા માટે આપી દીધું.

## ગજરાજને દર્શનદાન

મોડી રાત સુધી સમાગમનો લાભ આપી, બીજે દિવસે સ્વામીશ્રી ૩૦ માઈલ દૂર આવેલા 'મર્ચિસન ફોલ્સ' ઉપર પધાર્યા. મોટરકારમાં 'પ્રકાશ' વાંચ્યું. સૌ જંગલને રસ્તેથી પસાર થઈ રહ્યા હતા. ચોતરફ ઘેરાયેલી ગાઢ હરિયાળી અને છૂટા ફરતા મદમસ્ત હાથીઓનાં વૃંદ, વળી જંગલી ભેંસો અને કોન્ગોની પ્રાણીઓ પણ અહીં મોટાં પ્રમાણમાં ફરતાં હતાં.

સૌથી આગળ ધીરી ચાલે ચાલતી સ્વામીશ્રીની ગાડી અચાનક અટકી ગઈ. સામેથી દોડતો એક મહાકાય હાથી આવી રહ્યો હતો. કાર ઊભી રાખી કે તરત જ તે પણ મોટરની બરાબર સામે આવીને રસ્તા વચ્ચે ઊભો રહ્યો. બધાના જીવ ઊંચા થઈ ગયા, શ્વાસ થંભી ગયા. એવામાં હાથીએ સૂંઢ ઊંચકી. ફરી નીચે કરી. એમ બે-ત્રણ વાર કર્યું. જાણે સ્વામીશ્રીને સલામ ન આપતો હોય ! સ્વામીશ્રી તે જોઈ હસતાં હસતાં કહે : 'આ રહ્યા ગુરુ મહારાજ, હવે દર્શન દ્યો !' પછી જાણે તેને વિદાય આપતાં હોય તેમ કહે : 'જાવ.'

આ શબ્દો તેણે સાંભળ્યા હોય તેમ ભયંકર ચીસ પાડતો તે પાછો વળી ગયો. આવ્યો હતો તે કરતાં બમણા વેગે જંગલમાં અદૃશ્ય થઈ ગયો. જાણે સ્વપ્નમાંથી ઊઠ્યા હોય તેમ સૌને કળ વળી. સ્વામીશ્રી કહે : 'પૂર્વનો કોઈ સંસ્કારી જીવ હતો તે દર્શને આવ્યો હતો. મહારાજ તેનું સારું કરશે.'

આ ગાઢ વનમાં આવા અનેક સંસ્કારી જીવોને માટે જ સ્વામીશ્રીની

પધરામણી હતી. અનેક જન્મનાં તેનાં સુકૃત ઉદય થઈ ગયાં.

## મહિમા-દૃષ્ટિને કોઈ સીમાડા નથી હોતા

લગભગ ૧૧-૦૦ વાગે સૌ 'મર્ચિસન ફોલ્સ' આવી પહોંચ્યા. નાઈલ નદીનો ધસમસતો પ્રવાહ અહીં પથ્થરો તોડી ધોધરૂપે વહે છે. ખડકોની વચ્ચે ખીણમાં પાણીનો ગજબનાક વેગ જાણે મધુરું સંગીત સર્જે છે. સ્વામીશ્રી અહીં ધોધ ઉપરના એક નાનકડા લાકડાંના પુલ ઉપર થઈ સામા કાંઠે પધાર્યા. હરિભક્તો પણ સાથે જ આવી પહોંચ્યા. ઠાકોરજીને સ્નાન કરાવી સ્વામીશ્રીએ હરિભક્તો સાથે ધોધની ઉપરવાસના નદીના પ્રવાહમાં સ્નાન કર્યું.

આ જ જગાએ સંતસ્વામી તથા બાલમુકુંદ સ્વામી પહેલાં આવ્યા હતા. સાથે ત્રિભોવનદાસ, રસિકભાઈ ગુલુવાળા વગેરે હતા. તેથી સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : 'અહીં સંતસ્વામી અને તમે બધા બેઠા હતા તે જગા કઈ ? અમારે જોવી છે.'

'બાપા ! રસ્તો ખરાબ છે.' હરિભક્તોએ કહ્યું. છતાં સ્વામીશ્રીનો આગ્રહ જોયો એટલે તે જગ્યાએ લઈ ગયા.

સ્વામીશ્રી તો અહીં આવી એકદમ દંડવત્ કરવા લાગ્યા ને કહે : 'આ મહાપ્રસાદીનું સ્થાન ! અહીં સંતસ્વામી અને બાલમુકુંદ સ્વામી બેઠા'તા.'

હરિભક્તો તો મહિમાનો અવધિ જોઈ દિંગ થઈ ગયા.

પછી નારણસિંગની મિલ ઉપર આવી સૌ સંતો-હરિભક્તો સાથે ફરાળ કર્યું. વરસાદ ખૂબ પડ્યો, પણ વ્યવસ્થા થઈ ગઈ. સાંજે ગામમાં પધરામણી કરી. રાતે શાળામાં રાખેલી જાહેર સભાને સંબોધી.

બીજે દિવસે નારણસિંગના આગ્રહથી તેમની મિલમાં દરેક જગ્યાએ પગલાં કર્યાં. સૉમિલની વચ્ચોવચ એક મોટો જાડો લાકડાનો થાંભલો મુખ્ય આધારરૂપે ખોડ્યો હતો. તેને બે હાથ પહોળા કરી બથમાં લઈ સ્વામીશ્રી ભેટ્યા અને સૌને અલૌકિક સ્મૃતિ આપી. તેમના પુત્રને પણ વર્તમાન ધરાવી કંઠી બાંધી. ચુસ્ત શીખ હોવા છતાં સ્વામીશ્રી પ્રત્યે અત્યંત ભક્તિભાવવાળા અને નમ્ર પ્રકૃતિના આ ભક્ત સ્વામીશ્રીથી અત્યંત પ્રભાવિત થયા હતા.

## સર્વધર્મ સમાદર

તેઓ સ્વામીશ્રીને પોતાની બેઠક રૂમમાં લઈ ગયા. અહીં તેમના શીખ

ગુરુની મૂર્તિ જોઈ સ્વામીશ્રીએ તેમનો પરિચય પૂછ્યો. નારણસિંગ કહે : 'અમારા ગુરુ છે.'

'અહોહો !' સ્વામીશ્રી ખૂબ રાજી થયા અને કહે : 'પગે લાગવું છે.'

પછી ત્યાં જ પગે લાગ્યા, આરતી ઉતારી. સ્વામીશ્રીએ એટલા ભાવથી આ ક્રિયાઓ કરી કે નારણસિંગ તો વિચારમાં પડી ગયા. તેમને થયું : 'આધ્યાત્મિકતાની અમુક ઊંચાઈ એવી હોય છે જ્યાં પંથ, મત, સંપ્રદાય કે ધર્મોના કોઈ જ ભેદભાવ કે વાડાઓ નથી હોતા. સ્વામીશ્રી એવી જ ટોચ પર બિરાજે છે. અને તેથી જ એ વિરલ છે !'

અહીંથી કંપાલા પહોંચ્યા. તે રાતે ઘણી પધરામણી કરી, સ્વામીશ્રી મોડી રાતે મંદિરે પધાર્યા. યુગાન્ડા ખાતે આજે અંતિમ દિવસ હતો. સ્વામીશ્રીએ અંતિમ પ્રવચન આપતાં કહ્યું : 'અમે જઈએ છીએ, પણ તમારી ભેગા જ છીએ - જો અંતર્દષ્ટિ રાખશો તો. અને અંતર્દષ્ટિ ન હોય, તો ભેગા હોય પણ લાખ ગાઉ છેટા જ છીએ. માટે હરિભક્તો અંદરોઅંદર સંપ, સુહૃદભાવ, એકતાપણું રાખો, એ જ અંતર્દષ્ટિ છે. અહીં રણછોડભાઈ તથા ત્રિભોવનદાસભાઈને સત્સંગના મોટેરા સ્થાપીએ છીએ, તો તેમની આજ્ઞામાં સર્વેએ રહેવું.'

ભારે હૈયે અને અશ્રુભીની આંખે સૌએ સ્વામીશ્રીને વિદાય આપી. સાથે સ્વામીશ્રીની આજ્ઞા શિરે ધારવા નિર્ણય લીધો.

બપોરે જિન્જામાં મણિભાઈને ત્યાં ઉતારે પહોંચ્યા. આજે સાંજે જ કળશ વિધિનો ઉત્સવ હતો. ટરોરો અને કંપાલાથી અનેક હરિભક્તો બસ તથા પોતાનાં વાહનો લઈ આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રી મંદિરે પધારતાં જ જયનાદ થયો. નારણસિંગ તથા સ્વામીશ્રીના હસ્તે કળશ-પૂજન થયું. અક્ષર-પુરુષોત્તમ મહારાજના જયઉદ્ઘોષ સાથે શિખર ઉપર કળશ ચઢી ગયા.

રાતે યુવક મંડળના સાંસ્કૃતિક કાર્યક્રમો પછી સ્વામીશ્રીએ સુંદર આશીર્વચનો કહ્યાં.

અહીં રહેતા ઝારોળાના યુવક રમણભાઈ ડી. પટેલ પહેલાં દેશમાં રહેતા ત્યારે ઉનાળાની રજાઓમાં સ્વામીશ્રી સાથે ફરવા જતા. સ્વામીશ્રી સૌની સાથે તેમને પણ સાધુ થવાની પ્રેરણા આપતા. જો કે સંજોગોવશાત્ તેઓ સાધુ થઈ શક્યા નહિ.

કંપાલાના કાશીભાઈનાં દીકરી સાથે તેમનાં લગ્ન થયાં ત્યારે સ્વામીશ્રી આશીર્વાદ આપવા પધાર્યા અને બોલ્યા : 'તમને સાધુ કરવા હતા અને તમે

માયામાં ફસાયા ! કંઈ નહિ, હવે ભવિષ્યમાં સાધુ કરશું.'

તે પછી તેઓ આફ્રિકામાં જિન્જા આવી વસ્યા હતા.

સ્વામીશ્રી આ વખતે, પહેલાં જિન્જા આવ્યા ત્યારે તેમને સ્મૃતિ કરાવીને કહ્યું હતું કે 'તમારે ઘેર મુક્ત આવે તેનું નામ અમે પાડીશું.' રમણભાઈને ત્યાં પુત્રજન્મ થવાનો છે તે વાત એમણે અંતર્યામીપણે જ કરી હતી. તેમનાં પત્નીને રમણભાઈએ આ વાત કરી ત્યારે તેમને અત્યંત આનંદ થયો.

કંપાલા, જિન્જા, ટરોરોની મૂર્તિપ્રતિષ્ઠા કરીને સ્વામીશ્રી રોડેશિયા પધાર્યા ત્યારે રમણભાઈને ત્યાં પુત્રજન્મ થયો. સ્વામીશ્રીએ લખ્યું કે 'જિન્જા મંદિરના કળશ ચડાવીશું ત્યારે તેનું નામ પાડીશું.'

આજે સ્વામીશ્રીએ એ બાળકને ખોળામાં લઈ, ચાંદલો કરી, વર્તમાન ધરાવીને તેનું નામ 'યોગેશ' પાડ્યું અને તેમને કહ્યું : 'આને ભણાવી-ગણાવીને અમને સોંપજો. આ જીવ અમારા સાધુખાતાનો છે.'[૫]

અહીં નીકળતાં પણ ઘણી પધરામણીઓ થઈ. સાંજે મંદિરે પધાર્યા. અહીંથી એલ્ડોરેટ જવાનું હોઈ, વિદાય આપવા અનેક હરિભક્તો આવી ગયા હતા. દરેકને સ્વામીશ્રીએ ખૂબ જ સુખ આપ્યું હતું, તેથી વિદાયનું દુઃખ પણ એટલું જ તીવ્ર હતું. પરંતુ સ્વામીશ્રી શીખ સોહનસિંગની ગાડીમાં નીકળી ટરોરો આવી પહોંચ્યા. મગનભાઈના સ્મૃતિ સ્થાને સભા ભરી સ્વામીશ્રીએ છેલ્લે છેલ્લે પણ સમજણનું ભાથું બંધાવ્યું : 'અહીં સત્સંગ વધારો. કેમ ન વધે ? આપણે કોઈ સ્વાર્થ નથી. આઘુંપાછું સમજાવવું નથી. તે સૌના હિત માટે વાત કરવી છે અને ગુણાતીત સ્વામી મૂળ અક્ષર સાથે બેઠા છે; તો સૌએ બળ રાખવું.'

---

૫. ૧૯૬૧માં ગઢડા કળશ જયંતી વખતે રમણભાઈ તથા તેમનાં ધર્મપત્ની બધાં આફ્રિકાના હરિભક્તો સાથે ગઢપુર આવ્યાં. યોગેશ બીમાર હતો. તેથી તેમનાં માતુશ્રીને ઝારોળા સોંપીને આવ્યાં હતાં.

તેઓ દર્શને આવ્યાં ત્યારે સ્વામીશ્રીએ યોગેશને યાદ કર્યો. તેમણે બધી વાત કરી. ત્યારે સ્વામીશ્રી કહે : 'તેને ગોંડલ લઈ આવો. ત્યાં સારો થઈ જશે.'

તેઓ ગઢપુરથી ઝારોળા ગયાં, ત્યારે યોગેશ અત્યંત બીમાર હતો. તાવથી શરીર ધગતું હતું. પરંતુ પતિ-પત્ની બંને અત્યંત નિષ્ઠાવાળાં ભક્ત હતાં. તે યોગેશને આવી પરિસ્થિતિમાં ગોંડલ લાવ્યાં. અહીં સ્વામીશ્રીએ હાથ ફેરવીને તાવ ઉતારી દીધો. ને કેશની લટ સ્વામીશ્રીએ કાપી કહ્યું : 'આ અમારો છે.'

આ પછી ૧૯૮૧માં યોગેશને પ્રમુખસ્વામી મહારાજે દીક્ષા આપી મુકુંદચરણ સ્વામી નામાભિધાન કર્યું.

વિદાય વેળાએ પણ પ્રાપ્તિનો કેફ હરિભક્તોનાં હૈયે રમતો મૂકી દેવાનો એમનો ઉમંગ સૌને આદર જન્માવતો.

ઉકાળા-પાણી કરી, ૧૦-૩૦ વાગે નીકળી, રાતે ૧-૦૦ વાગે એલ્ડોરેટ ચુનીભાઈને ત્યાં આવી, ૨-૦૦ વાગે આરામમા પધાર્યા. ઘણા ભક્તો યુગાન્ડાથી સરહદ સુધી વળાવવા આવ્યા હતા.

તા. ૧૫-૫-'૬૦ની વહેલી સવારે પરવારી, ૭-૩૦ વાગે નૈરોબી જવા નીકળી ગયા. રસ્તે ટીંબરવામાં શીખભાઈ સોહનસિંગની લાકડાંની મિલમાં પગલાં કરી, ૧-૧૫ વાગે નકુરુ આવ્યા. અહીં શાંતિભાઈ, રાજ, પરમાર સાહેબ તથા સોહનસિંગના વેવાઈના પુત્રો - પ્યારેસિંગ તથા અન્ય શીખભાઈઓને ત્યાં પધરામણી કરી, ૩-૦૦ વાગે નીકળી ૫-૩૦ વાગે નૈરોબી આવી પહોંચ્યા.

ભટેશાએ સ્વામીશ્રીના આગમન નિમિત્તે ભોજન સમારંભ ગોઠવ્યો હતો, પરંતુ ઘણું મોડું થયું હોવાથી સ્વામીશ્રી ફક્ત પાંચ મિનિટમાં જ ઠાકોરજી જમાડીને તરત જ સ્ટેશને પહોંચી ગયા. જો કે ટ્રેનનો ઊપડવાનો સમય થઈ ગયો હતો, પરંતુ સ્વામીશ્રી ટ્રેનમાં બિરાજ્યા પછી પણ દસ મિનિટે ટ્રેન ઊપડી. ટ્રેન મોડી ઊપડી તે સૌની સ્મૃતિમાં પહેલી વાર જ બન્યું હતું. તેનું સૌને આશ્ચર્ય રહ્યું !

હરિભક્તો-યુવકો સાથે હતા. તેમને સ્વામીશ્રીએ વચનામૃત તથા કીર્તનનો લાભ આપ્યો. વળી આરતી-ચેષ્ટા પણ ટ્રેનમાં જ કર્યાં. સ્વામીશ્રી જ્યારે વચનામૃત કંઠે બોલતા ત્યારે હળવા સાદે ધીરે ધીરે, જાણે જોઈને વાંચતા હોય તેમ ભાવસભર શૈલીમાં અને અનુભૂતિના રણકાર સાથે, વર્ણન અને વાતમાં ઓતપ્રોત થઈને જાણે મહારાજ સામે બેઠા હોય તેમ બોલતા. તે સંતો-યુવકોની સ્મૃતિમાં ચિરંજીવ બની જતું.

બીજે દિવસે સવારે ૮-૦૦ વાગે સૌ મોમ્બાસા આવી પહોંચ્યા. આર.બી. પંડ્યા, લક્ષ્મીદાસભાઈ તથા કાન્તિભાઈ માધવાણી, માણેકલાલભાઈ, સી.ટી. પટેલ વગેરે સ્વામીશ્રીને સત્કારવા સ્ટેશને જ આવી પહોંચ્યા હતા. આફ્રિકામાં સાત મહિનાના વિચરણ બાદ સ્વામીશ્રી અહીં પ્રથમ વાર જ પધારતા હતા. સ્વામીશ્રી પધારતાં જ સૌને અપૂર્વ આનંદ થયો. મોટરોની યાત્રારૂપે સ્વાગત-યાત્રા થઈ ગઈ. મંદિરે પધારી સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા.

## મોમ્બાસામાં યોગી જયંતી

પૂજા, કથા, પધરામણી અને જાહેર સભા એ રોજનો જ ક્રમ હોવા છતાં

ભરચક કાર્યક્રમને કારણે સ્વામીશ્રી માટે પ્રતિકૂળતા ઊભી થતી, કેમ કે પધરામણીને સાચવવા જાય તો કથા કે જાહેર સભામાં મોડા પડે અને તેમાં સમયસર પહોંચવાનો આગ્રહ રાખે તો હરિભક્તોને અસંતોષ ઊભો થાય ! છતાં સ્વામીશ્રી હંમેશાં બધા કાર્યક્રમો સાચવતા અને સૌને સમાસ કરાવતા રહેતા.

કથામાં એવું જ વચનામૃત કઢાવે કે દરેકના અંગ ઉપર વાતો નીકળે. નિશાન પણ સામે જ રાખે. કોઈ હરિભક્તોને પણ ક્યારેક લક્ષ્ય બનાવે. આ મધુર અને અવિસ્મરણીય તથા શાશ્વત આનંદ આપનારા સંવાદો એવા આસ્વાદ્ય બની જતા કે જ્ઞાનભાગ પણ ઘીથી લચપચતા શીરાની જેમ ગળા નીચે ઊતરી જતો.

અહીં સ્વામીશ્રીનો ૬૯મો જન્મ મહોત્સવ ઊજવવાનો સૌને અત્યંત ઉમંગ હતો. તે હેતુથી બે દિવસનો 'યોગી જયંતી' ઉજવણીનો કાર્યક્રમ યોજાયો : વૈશાખ વદ ૧૧ તથા ૧૨, તા. ૨૧ અને ૨૨-૫-'૬૦. આ દિવસોમાં પ્રમુખ-સ્વામીએ 'સત્સંગિજીવન'ની અદ્‌ભુત પારાયણ કરી. પૂર્વ આફ્રિકાનો સઘળો સત્સંગ-સમુદાય અત્રે એકત્રિત થયો હતો.

બારસે વહેલી સવારથી જ વાતાવરણમાં સ્વામીશ્રી પ્રત્યે અનન્ય આત્મીયતા અને ભક્તિભાવનાં આંદોલનો ચોમેર ઘૂમતાં હતાં. બૅન્ડવાદનથી સલામી અપાઈ, વડીલોએ સ્વાગત કર્યું, અને પ્રાર્થના-ધૂન પછી પ્રાસંગિક પ્રવચનોથી મુખ્ય પ્રસંગનો પ્રારંભ થયો. અંતે ડી.કે. પટેલ વગેરે અગિયાર અગ્રગણ્ય હરિભક્તોએ ૭૦ દીવાની આરતી ઉતારી, સૌએ પૂજનનો લાભ લીધો.

તા. ૨૬-૫-'૬૦ના રોજ સ્વામીશ્રી લક્ષ્મીદાસભાઈ તથા કાન્તિભાઈને ઘેર ૪૦ માઈલ દૂર રામેશી ગામે ફેક્ટરીએ પધાર્યા. સૌને આશીર્વાદ આપી, સાંજે શાળામાં જાહેર સભાને સંબોધી, ફેક્ટરીમાં સર્વત્ર પગલાં કરી, સ્વામીશ્રીએ બંને ભાઈઓને સ્નેહવશ કરી લીધા.

શનિવારે બમ્બુરી બીચ ઉપર દરિયા-સ્નાન યોજ્યું હતું. અહીં શ્રીહરિને સ્નાન કરાવી સ્વામીશ્રીએ સૌને અપૂર્વ સુખની લહાણી આપી. બ્રહ્મસુખમાં તરબોળ કરી દીધા. પછી નારિયેળી નીચે સભા કરી સારંગપુરનું ૭મું નિરૂપ્યું.

અહીં પંદર દિવસની જ્ઞાન અને ભક્તિની હેલીમાં રસબસ થવાથી સૌ સત્સંગ અને સંતોના ગાઢ પરિચયમાં આવ્યા હતા. એનાથી જ હરિભક્તોનું આત્મીયતાસભર દિવ્યભાવનું આંતરિક કલેવર બંધાયું હતું. આવી બેનમૂન સિદ્ધિ સત્પુરુષના અલૌકિક સાંનિધ્યમાંથી નિષ્પન્ન થતાં દિવ્ય દર્શન અને વાણીનાં સ્પંદનોથી જ નીપજતી હોય છે. સ્વામીશ્રીનું વિચરણ સર્વદા-સર્વત્ર સાર્થક રહેતું.

સાંજે ૬-૦૦ વાગે અહીંથી વિદાય લઈ સૌ મોશી આવી પહોંચ્યા. જશભાઈના ઘરે બાળકોની સભા હતી. તે સૌ ૫-૦૦ વાગ્યાના પ્રતીક્ષા કરી રહ્યા હતા. સ્વામીશ્રી ૮-૦૦ વાગે પધાર્યા છતાં સૌ શ્રદ્ધાથી બેસી રહ્યા. સ્વામીશ્રી પધારતાં જ સૌ કેફમાં આવી ગયા. ઘણાએ વચનામૃત કે વાતો મોઢે કરી હતી તે સંભળાવી. સ્વામીશ્રી ખૂબ જ રાજી થયા. આ બધાનો વિકાસ બે જ મહિનામાં થયો હતો. એ શુક્લ સાહેબની કેળવણીને આભારી હતો. જો કે તેઓ અચાનક ખૂબ વરસાદ પડતાં અકસ્માતમાં પાણીમાં તણાઈ અક્ષરવાસી થયા હતા. તેથી તેમના આત્માની શાંતિ માટે ધૂન કરી, સ્વામીશ્રી રાવજીભાઈને ત્યાં ઊતારે પધાર્યા.

બીજે દિવસે અરૂશા પધરામણી કરી, ચતુરભાઈની મોટરમાં રાતે નૈરોબી આવી પહોંચ્યા. લુહાર વાડીમાં ઉતારો હતો અને કથાવાર્તા વગેરે પણ અહીં જ થતાં. હરમાનભાઈ, ગિરધરભાઈ, અંબાલાલભાઈ, વજુભાઈ, રણછોડભાઈ વગેરે ભક્તો તથા કુમુદભાઈ, શાંતુભાઈ વગેરે યુવકો હંમેશાં સેવામાં હાજર રહેતા.

✧

આ અરસામાં સ્વામીશ્રીએ ભાદરા-ગુણાતીતનગરમાં કુરજીભાઈ, માંડણ ભગત વગેરેને દસ હજાર વાર જમીન મંદિર માટે મળે તેનો પ્રયત્ન કરવા કહેલું. તે પ્રમાણે સૌ મામલતદાર પાસે ધક્કા ખાતા હતા. જે જમીનની ઇચ્છા હતી, તે ગામતળામાં ભળી ગઈ. ફરી માગણી કરી, પણ મામલતદારે ના પાડી કે 'એકસાથે દસ હજાર વાર જમીન ન અપાય.'

સૌ મૂંઝવણમાં હતા. તે જ રાતે સ્વામીશ્રીએ આફ્રિકા રહ્યા થકા કુરજીભાઈને મૂર્તિમાન દર્શન આપ્યાં અને કહ્યું : 'હું ગણાત્રા સાહેબને રાજકોટ કાગળ લખું છું કે 'જમીન લેવી છે.' તો તમે ગણાત્રા સાહેબને મળજો. અને કાલે જોડિયા જજો. મામલતદાર તમને જમીન આપી દેશે.'

બીજે દિવસે સવારે કુરજીભાઈ અને માંડણ ભગત સાઇકલ ઉપર જોડિયા ગયા. અરજીની વિગત જાણી મામલતદારે કહ્યું : 'મને ગણાત્રા સાહેબનો પત્ર મળ્યો છે અને એ જમીન મંજૂર થઈ ગઈ છે.' એમ કહી, તેમણે તાત્કાલિક સહીસિક્કા કરાવી, જાતે ભાદરા આવી, વારની આઠ આના કિંમત લેખે તે જમીન આપી દીધી. જેની સેવા જામનગરના શેઠ બારદાનવાળાએ કરી હતી.

કુરજીભાઈને અને અન્ય ઘણા હરિભક્તોને સ્વામીશ્રીની અદ્ભુત શક્તિનો ખ્યાલ આવ્યો.

✧

આ બાજુ કિસુમુ મંડળના ઉત્સાહ અને આગ્રહથી, તા. ૩-૬-'૬૦ના સ્વામીશ્રી નકુરુ ગોરધનભાઈને ત્યાં ઉતારે પધાર્યા. શાંતિભાઈને ત્યાં ભોજન લઈ જાહેર સભા કરી. અહીંથી એલ્બર્ગન થઈ કિસુમુ આવવા નીકળ્યા. સંતો-હરિભક્તો પણ બીજી ચાર-પાંચ મોટરોમાં સાથે હતા.

અચાનક છેલ્લી મોટરકારના ડ્રાઈવરે કંટ્રોલ ગુમાવ્યો અને ગાડી છ ફૂટ ઊંડા ખાડામાં ઊંધી ગબડી પડી; પણ પડી એવી આંચકા સાથે ફરી ઊભી થઈ ગઈ. અંદર બેઠેલા અંબાલાલભાઈ, જી.કે. સ્વામી, ગિરધરભાઈના પુત્ર પ્રવીણભાઈ તો 'મહારાજ-સ્વામી ! રક્ષા કરો,' એમ બોલતાં ભયથી સ્તબ્ધ બની ગયા હતા. ગાડી એવી અચાનક રીતે ફંગોળાઈ હતી કે બધા માટે બચવું અશક્ય હતું, પરંતુ કોઈને ખાસ ઈજા ન થઈ. સામાન્ય વાગ્યું. મોટર બહાર કાઢવામાં આવી ત્યારે એનું એન્જિન પણ સાબૂત !

આ બાજુ કિસુમુ પહોંચી, આ ગાડીની રાહ જોઈ સૌ અટકળો કરવા લાગ્યા. એટલે સ્વામીશ્રી કહે : 'હમણાં આવશે. આપણે સામે ગાડી મોકલીએ.' પછી સામે ત્રણ ગાડી મોકલી. સૌ સુખરૂપે કિસુમુ પહોંચ્યા. સૌના જીવમાં જીવ આવ્યો.

બધા સ્વામીશ્રીને મળવા ગયા તે જ સમયે સ્વામીશ્રી સભામાં વાત કરી રહ્યા હતા : 'ભગવાન અને સંત તેના ભક્તોની રક્ષામાં જ છે. તે માવતર દીકરાની રક્ષા કરે, હાથ કંઠની રક્ષા કરે...' આ સાંભળી અંબાલાલભાઈને અત્યંત આશ્ચર્ય થયું કે અંતર્યામીપણે આ તો આપણી જ વાત થઈ રહી છે. તેઓ મનોમન સ્વામીશ્રીનો આભાર માનવા લાગ્યા.

કિસુમુ આવતાં રસ્તામાં સ્વામીશ્રીએ એલ્બર્ગનમાં રાધાકૃષ્ણના નવા તૈયાર થયેલા મંદિરે ગામના ભાવિકોની ઇચ્છાથી શાસ્ત્રોક્ત પ્રાણપ્રતિષ્ઠા વિધિ કર્યો. પછી કિસુમુમાં 'પટેલ સમાજ'માં જાહેર સભાને સંબોધી. મોટરો દ્વારા સ્વાગતયાત્રા તથા ફૂલહારથી સન્માન થયા બાદ ઉતારે પહોંચ્યા.

રાતે સનાતન ધર્મ મંદિરની જાહેર સભાને સંબોધતાં પ્રમુખસ્વામીએ સુંદર સત્સંગ-લાભ આપ્યો. સ્વામીશ્રીએ પણ આશીર્વચનો કહ્યાં.

આજે યુગાન્ડાના ભક્તો અહીંથી વિદાય લઈ રહ્યા હતા. સૌને સંપીને કાર્ય કરવાનો આદેશ આપી, સ્વામીશ્રીએ સ્મૃતિરૂપે લાડુની પ્રસાદી પણ આપી. સૌ ભક્તો ગદ્‌ગદ થઈ ગયા.

બપોરે કેરીચો આવ્યા. સ્વાગત અને કથા બાદ મોડી રાતે નકુરુ પહોંચી, સવારે પધરામણીઓ કરી. એકાદશી હોવાથી આખો દિવસ સત્સંગ-લાભ આપ્યો.

સ્વામીશ્રી તપના દિવસે વધુ આનંદ-ગમ્મત કરાવતા, સૌને જાગૃત રાખી સત્સંગની વાતો કરતા. આમ ખૂબ લાભ આપી સ્વામીશ્રી નકુરુથી નૈરોબી પધાર્યા.

અહીં તા. ૯-૬-'૬૦ના રોજ સ્વામીશ્રીનો વિદાય સમારંભ યોજાયો. જેમ જેમ દિવસો પસાર થતા હતા, તેમ તેમ હરિભક્તોનાં અંતરમાં દુ:ખ થતું હતું : 'ફરી સ્વામીશ્રીનો આવો લાભ ક્યારે મળશે ?'

પ્રાસંગિક પ્રવચનો પછી સ્વામીશ્રીના આશીર્વાદથી સભાનું સમાપન થયું.

## સ્વામીની સેનામાં

આ પ્રવાસમાં અનેક યુવકો-હરિભક્તોએ સ્વામીશ્રીનો અપાર લાભ લીધો. બ્રહ્મના સંબંધના સાતત્યે તેમને પ્રભુમય જીવન જીવવાની રીતિ બતાવી, સૌના જેવા બની સૌની ઉપર વાત્સલ્યનાં અમી વરસાવતાં સ્વામીશ્રી ગોષ્ઠિમાં અને વાતોમાં સાંખ્ય ને મહિમાની અદ્‌ભુત વાતો કરતા. રાતે યુવકો પાસે પ્રશ્નોત્તર કરાવી બળની વાતોના એવા પડકારા કરે કે જગતનાં સુખ યુવકોને પણ ફિક્કાં લાગવા માંડે. વળી, અંગ્રેજી અને અન્ય ભાષાઓમાં પણ ભગવદ્‌-વાર્તા કરાવી યુવકોને વશ કરી લે.

નૈરોબીના છોટાભાઈના તેજસ્વી યુવાન પુત્ર કુમુદભાઈને સ્વામીશ્રીની બળની વાતોના પડકારા સોંસરા ઊતરી ગયા. પ્રથમ જ વારનો સ્વામીશ્રીનો સંબંધ હતો. છતાં 'રોયલ ટેકનિકલ કૉલેજ'ની એન્જિનિયરીંગની ઉજ્જ્વળ કારકિર્દી અને કેન્યા સરકાર તરફથી મળતાં ભાવિનાં અનેક પ્રલોભનોને ઠુકરાવી તેમણે સાપ કાંચળી ઉતારે તેમ સંસાર ત્યજી, સ્વામીશ્રીની ભગવી સેનામાં જોડાઈ જવા નિર્ધાર કર્યો. દેશમાં અમદાવાદ જિલ્લાના નવાગામ તાલુકાના તેઓ પ્રથમ ઈજનેર બનનાર યુવાન હતા, તેથી તે વિસ્તારના સામાજિક નેતાઓએ આ અંગે વિરોધનો સૂર ઉઠાવ્યો; પણ કુમુદભાઈ મક્કમ રહ્યા.[૬]

એવા બીજા શૂરવીર યુવાન બળભદ્ર સી. પટેલે પણ સ્વામીશ્રીની રુચિમાં ભળવા નિર્ણય લીધો. જિનરીના ધીકતા ધંધામાં ઓતપ્રોત થયેલા તેમના પિતાશ્રી ચીમનભાઈનો સખત વિરોધ તો હતો જ, પરંતુ કેમ્બ્રિજ સુધીનો ઉચ્ચ અભ્યાસ, તેજસ્વી વિદ્યાર્થી પ્રતિભાને કોરે મૂકી તેમણે સ્વામીશ્રીના રંગે રંગાવા બીડું ઝડપ્યું. માતા-પિતાની મમતા વિસારી, અનેક આવરણોનો શૂરવીરતાથી સામનો કરી, તેમણે સ્વામીશ્રીના ખોળે માથું મૂકી દીધું.[૭]

---

૬. હાલ, રામચરણ સ્વામી. ૭. હાલ, શ્રીહરિ સ્વામી.

વળી, આ જ અરસામાં આફ્રિકાથી દેશમાં અભ્યાસાર્થે આવેલા મહેન્દ્રભાઈ તો સ્વામીશ્રીની દૃષ્ટિમાં આવી ગયા હતા. સ્વામીશ્રીનું નિર્મળ, વત્સલ અને સેવા તથા ભક્તિમય જીવન તેમના હૃદયમાં જડાઈ ગયું. કંપાલા રહેતા તેમના પિતાશ્રી ચુનીભાઈને સ્વામીશ્રીએ પૂછી લીધું. સરળ સ્વભાવના પીઢ સત્સંગી ચુનીભાઈએ હસતે મોંએ સ્વામીશ્રીનાં ચરણોમાં પોતાના પુત્રનું સમર્પણ કર્યું.[૮]

આ ત્રણ રત્નોની ભેટ મેળવી સ્વામીશ્રીએ અપાર હર્ષ અને આનંદમાં આફ્રિકાના હરિભક્તોને અદ્ભુત આશીર્વાદ આપ્યા, અંતરનો રાજીપો બતાવ્યો અને ભારત તરફ પ્રયાણ કર્યું.

જેઠ વદ ૧, શુક્રવારે મોડી રાતે ૨-૪૫ વાગે સૌ એડન આવી પહોંચ્યા. આવી રાતે પણ ૧૨૫ જેટલા ભાવિકો સ્વાગત માટે આવી પહોંચ્યા હતા. સંતોની મર્યાદા જળવાય તે માટે વિનોદભાઈ એચ. પટેલ ‘ઈસ્ટ આફ્રિકન એરવેઝ’ના વિમાનમાં સાથે જ રહ્યા. વળી ત્રિભુવનભાઈ વગેરે હરિભક્તો પણ સાથે હતા.

ગિરધરભાઈ દેપાલાને ત્યાં ઉતારે પધારી, નિત્યક્રમ કરી, કથાવાર્તા અને પધરામણીઓ શરૂ થઈ ગઈ !

## એડનના તાપનાં ઈંધણમાં તપની આહુતિ

અહીંની સિતમ ગુજારતી આરબ દેશની રણભૂમિની સખત ગરમીમાં, ૭૦ વર્ષની વયે નિયમમાં જરાયે બાંધછોડ અથવા દેહાદિકના ભાવોને લેશપણ ગણકાર્યા વગર, સ્વામીશ્રીએ આગલા દિવસની પ્લેનની મુસાફરીને કારણે નિર્જળા ઉપવાસ કર્યો હતો. નારિયેળનું પાણી કે મોસંબીનો રસ પીવા બહુ જ સમજાવ્યા પણ સ્વામીશ્રીએ ઘસીને ના પાડી દીધી. છતાં કથા અને પધરામણી તો અટકવા ન દીધાં ! બાબુભાઈ અને રતિલાલભાઈની મોટર સેવામાં રહી હતી.

સાંજે ઈશ્વરભાઈના ઘરે સત્સંગ સભા કરી. પછી જલારામ ભક્ત મંડળ, વૈષ્ણવી હવેલી તથા સાંઈબાબા ભજન મંડળના આગ્રહથી તે તે કેન્દ્રોમાં પધરામણી કરી, સત્સંગ-લાભ આપ્યો.

અહીં સ્વામીશ્રી રાતે જીવનમાં પ્રથમ જ વાર પંખા નીચે સૂતા ! ઉપવાસ, શ્રમ અને ગરમી – આ ત્રણેને કારણે સ્વામીશ્રી અત્યંત શિથિલ થઈ ગયા હતા. બીજે દિવસે વહેલા ૩-૦૦ વાગે ઊઠી પૂજા બાદ પારણાં કર્યાં. મોસંબીનો રસ જરા જેટલો લઈ બીજાને આપી દીધો. દેશની હાફુસ કેરી સુધારીને આપી તે

---

૮. હાલ, ત્યાગવલ્લભ સ્વામી.

પણ અન્યને આપી દીધી. સહેજ ખીચડી જમી કથા કરવા પધાર્યા.

સાથે આવેલા વિનોદભાઈને સખત 'સનસ્ટ્રોક' લાગતાં ઝાડા-ઊલટી થઈ ગયાં હતાં. તાવ પણ આવતો હતો. તેથી તેમને અફસોસ રહ્યા કરતો કે 'હું સેવામાં આવ્યો ને આ શું થયું ? સમાગમનોય લાભ ખોયો.' આથી સ્વામીશ્રી હંમેશાં તેમને પાસે બેસાડી આશ્વાસન આપતા અને ધીરજ બંધાવતા.

તા. ૧૭-૬-'૬૦ની રાતે ૧-૩૦ વાગે ઊઠી, પૂજા બાદ સૌ ઍરપોર્ટ પહોંચ્યા. છેલ્લી ઘડીઓ હતી. હરિભક્તો ભારે હૃદયે સ્વામીશ્રીને વળાવવા આવ્યા હતા. પ્લેન મોડું થતાં સ્વામીશ્રીએ પ્રભાતિયાં ઉપાડ્યાં. ૩-૩૦ થી ૫-૦૦ સુધી પ્રભાતિયાં બોલ્યા. બાલમુકુન્દ સ્વામીએ થોડી વાત કરી ત્યાં સમય થઈ ગયો. જયનાદો તથા 'ફરી પધારજો'ની પ્રાર્થના સાથે સૌએ વિદાય આપી અને સ્વામીશ્રીએ પણ આશીર્વાદ આપ્યા.

વિમાનની પાછળના ભાગે પડદો બાંધી અલગ વ્યવસ્થા કરી હતી. ત્યાં સ્વામીશ્રી બિરાજ્યા. થોડી સંકડાશ હતી છતાં પાછળની ગોળાકાર બેઠકમાં સ્વામીશ્રી ટૂંકા પગ રાખી પોઢી ગયા; થોડો આરામ કર્યો. કરાંચી આવી પહોંચ્યા. વીસેક ભક્તોને દર્શન-સુખ મળ્યું. સાંજે ૬-૫૫ વાગે મુંબઈ આવી ગયું. હજારો હરિભક્તો દર્શને આવ્યા હતા. આનંદનો સાગર હિલોળા લઈ રહ્યો હતો. બુલંદ જયનાદોથી ઍરપોર્ટ ગાજી ઊઠ્યું. સ્વામીશ્રી ઊતર્યા, હારતોરા થયા અને કપોળ વાડીએ ઉતારે પધાર્યા.

૭ માસ અને ૨૩ દિવસ પૂર્વ, મધ્ય અને દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ ખેડી, ૧૦૩ જેટલાં જુદાં જુદાં શહેરો ને ગામો પાવન કરી, ૨૦,૦૦૦ માઈલ લાંબો પ્રવાસ કરી, સદાચારની પ્રેરણાથી સૌને વ્યસનમુક્ત કરી, ધર્માભિમુખ બનાવી, ભારતીય સ્થાપત્યથી શોભતાં ત્રણ સુંદર મંદિરોમાં પ્રતિષ્ઠા કરી, સ્વામીશ્રી અને સંતમંડળ તા. ૧૭-૬-'૬૦ની સાંજે મુંબઈ પહોંચી ગયા.

આફ્રિકાના શૂરવીર ભક્તોએ ૨૦ લાખ શિલિંગના ખર્ચે સુંદર ત્રણ મંદિરો કરી, ઉપાસનાનો ડંકો માર્યો. નવા દેશોમાં નિયમ-ધર્મની ટેક આપી સ્વામીશ્રીએ તેમને સુસંસ્કૃત કર્યા હતા, નિષ્ઠાનું બળ આપ્યું હતું. ૭૦ વર્ષની વયે આ પુરુષાર્થ ખરેખર અજોડ અને વિરલ હતો. અને તેથી જ એમની આ વિદેશયાત્રા સત્સંગના ઇતિહાસમાં અમર રહેશે.

❀ ❀ ❀

# ધૂણી રે ધખાવી અમે જોગીના નામની



સાંતાક્રુઝ ઍરપોર્ટ ઉપર મુંબઈ તેમજ બહારગામથી આવી પહોંચેલા હજારો ભક્તોએ તા. ૧૭-૬-'૬૦, સાંજે સાત વાગે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ઍરપોર્ટની લોંજમાં જ દોઢ કલાક સુધી ભક્તોએ સ્વામીશ્રીને હારતોરા કરી, દર્શન-આશીર્વાદની લાંબા સમયની તૃષા દૂર કરી. સ્વામીશ્રી પણ સૌને આતુરતાથી મળી તૃપ્ત કરતા હતા. પરસ્પર હેતથી ઊભરાતું આ મિલન અવર્ણનીય હતું. રાત્રે સ્વામીશ્રી ઉતારે કપોળ વાડીમાં પહોંચ્યા.

બે દિવસ પછી શહેરમાં સુંદર શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂના મંદિરે દર્શન કર્યા બાદ કપોળ વાડીમાં જાહેર સ્વાગત સભા થઈ હતી. જેમાં આશિષવર્ષા વહાવી સ્વામીશ્રીએ સૌને શીતળ કર્યા. પ્રમુખસ્વામીએ 'સત્સંગિજીવન' ગ્રંથનું મધુર પાન કરાવ્યું.

અહીં એક અલૌકિક - ઐતિહાસિક ઘટના બની ગઈ. છેલ્લાં સાત-આઠ વર્ષથી ઘણા યુવાન મુમુક્ષુઓ સ્વામીશ્રીની નજીક આવી રહ્યા હતા. રજાઓમાં એમની સાથે ગામડે ફરતા, મંદિરોમાં સેવા કરતા અને નિકટના સમાગમનો લાભ લેતા. સ્વામીશ્રીએ પણ જે તકની પોતે રાહ જોતા હતા તે સાંપડતાં ઘણા યુવાનોને પોતાનો અભિપ્રાય જણાવ્યો હતો. સાથે ફરતા યુવકોને સ્વામીશ્રી એમની સાદી-સરળ અનુભવ વાણીનો લાભ આપતા. એ વાણીમાં વિદ્વત્તા નહોતી, પણ આચરણના અર્કરૂપે અંતરમાંથી ઝરી આવતી એ વાણી, યુવકોનાં હૃદયને ભીંજવી જતી. એમની વાતોનો મુખ્ય સૂર — આ મનુષ્ય દેહે ભગવાન ભજી લેવાનો હતો. એમાં વિલંબ ન કરવો જોઈએ. જો કે એનું રહસ્ય તો એ વાતમાં હતું કે એક આદર્શ ગુરુના - પરમ એકાંતિક સંતના સાંનિધ્યમાં શ્રીજીના એકાંતિક ભક્ત બનવું. આ ગુરુયોગ દુર્લભ હતો. તેઓ અનેક વાર આ મતલબના ઉદ્ગારો ઉચ્ચારતા કે 'તમને બધાને બ્રહ્મવિદ્યાની કૉલેજમાં દાખલ

કરવા છે, એકાંતિક બનાવવા છે.'

કૉલેજમાંથી આવતા યુવાનો પાસે એમણે કૉલેજની કલ્પના મૂકી, જેથી યુવાનોને અતડું ન લાગે. વળી જણાવ્યું કે તેમાં દાખલ કરવા છે. દાખલ કઈ રીતે થવું તે યુવાનોને ખબર નહોતી, પણ સ્વામીશ્રીના મનમાં સ્પષ્ટ હતું કે 'સૌને સંસારનાં બંધનમાંથી છોડાવીને ત્યાગાશ્રમમાં વાળવા છે.'

જેમ જેમ યુવાનોને સ્વામીશ્રી સાથે વધુ હેત થતું ગયું, તેમ તેમ તેઓ પોતાનાં મનની વાત છતી કરતા ગયા. અને ધીરે ધીરે કેટલાક મુમુક્ષુ યુવાનોને કહેતા ગયા કે 'મારે તમને સાધુ બનાવવા છે.' શરૂઆતમાં આ એમનું વિધાન કેટલાકને થોડું વસમું લાગ્યું, પણ સ્વામીશ્રી સાથે કોઈ અમાયિક હેતને કારણે વાત સૌને ગળે ઊતરતી ગઈ. પછી તો તેઓ જાહેરમાં ઘણાને કહેવા લાગ્યા, ત્યાં સુધી કે 'ગઢડામાં જ્યારે મંદિર ઉપર સુવર્ણ કળશ ચઢે, એ મહોત્સવમાં મારે ભણેલા-ગણેલા ૫૧ યુવકોને દીક્ષા આપવી છે. સૌ તૈયાર થાવ.'

આમ, સાધુ થનારા યુવકોની એક વિશિષ્ટ ટુકડી એમની આસપાસ ભેગી થવા લાગી. યુવકોમાં કોઈ એવો વૈરાગ્ય નહોતો કે સહેલાઈથી સંસારનાં, મા-બાપનાં, સગાંવહાલાંનાં કે મહત્ત્વાકાંક્ષાઓનાં બંધનો છોડી શકે; પણ સ્વામીશ્રીમાં વિશિષ્ટ હેત અને અખૂટ વિશ્વાસને કારણે સૌ વૈચારિક રીતે તૈયાર થતા ગયા. વળી, માબાપની સંમતિ મેળવવી એ તો એક બહુ વિકટ કોયડો હતો; પણ સમય આવતાં બધું ગોઠવાતું ગયું. સાધુ થનાર એક એક યુવાનની આ કથા ઘણી લાંબી છે, એક ઇતિહાસ છે, ચમત્કાર છે. કારણ, ઘણી મુસીબતોમાંથી પસાર થયા પછી, મન અને મનના મળતિયાઓ, કહેવાતા હિતેચ્છુઓ સાથેના તુમુલ સંઘર્ષ પછી જ, મોટા ભાગના યુવાનોનું આ ધ્યેય પાર પડ્યું છે. સમાજને માટે, દેશને માટે મરણિયા થવું કદાચ સહેલું છે; પણ આત્માના ઉદ્ધારને માટેની આ કુરબાની કેવળ સાચા સંતની દયા અને સહાય વગર અશક્ય છે.

જેમ જેમ સમય નજીક આવતો ગયો, તેમ તેમ સ્વામીશ્રીની પ્રેરણાથી એક પછી એક યુવાન સંસારનાં બંધનો તોડીને, એમની પાસે હાજર થતો ગયો. સૌ પ્રથમ આણંદના વિનુ ભગતે ૧૯૫૭માં સ્વામીશ્રી પાસે પાર્ષદ દીક્ષા ગ્રહણ કરી. સ્વામીશ્રી તેમને પોતાની સાથે ફેરવવા લાગ્યા. બીજા પણ કેટલાક તૈયાર હતા; પણ સ્વામીશ્રીનું આયોજન ખૂબ જ ગણતરીપૂર્વકનું હતું. મેં પણ તે અરસામાં પૂછ્યું હતું કે 'જો આપે અમને સાધુ જ બનાવવા હોય તો કૉલેજનાં છેલ્લાં બે વર્ષ

પૂરાં કરવાની કોઈ જરૂર લાગતી નથી. ઊલટો સમય બગડતો હોય તેમ લાગે છે. ભણવાનું પણ ઘણું બોજારૂપ જણાય છે.' ત્યારે સ્વામીશ્રીએ મુંબઈમાં કપોળ વાડીમાં નાહતાં નાહતાં મને જણાવ્યું હતું કે 'મારે તમને ગ્રેજ્યુએટ બનાવવા છે. તમારાં સર્ટિફિકેટ મારે મઢાવીને ટિંગાડવાં છે.' કોઈ કારણોસર સ્વામીશ્રીએ એ વાતને ઠેલી. જો કે કોલેજનાં બાકીનાં બે વર્ષો પૂરાં થયાં પછી તુરત યુવક તરીકે સાથે રાખી સેવાનો લાભ આપ્યો. આમ, એમના આયોજનમાં દીર્ઘદૃષ્ટિની સાથે ઘણી બધી આલોચનાઓ સમાયેલી હતી. ભવિષ્યમાં આવનાર પ્રશ્નો અને મુશ્કેલીઓનું તેમાં આગોતરું નિરાકરણ હતું. ભવિષ્યની વાસ્તવિકતાઓ તેઓ જાણતા હતા. જેનો અનુભવ પાછળથી દરેકને થતો.

વિદેશ જતાં પહેલાં, સ્વામીશ્રીની આ ભગવી સેનામાં જોડાનાર કેટલાક યુવકોને પૂર્વભૂમિકારૂપે તેઓએ અનુબદ્ધ કરી દીધા. રામાનુજ સંપ્રદાયના એક વિદ્વાન ભાગવતાચાર્યજી ઘાટકોપરમાં સંસ્કૃત પાઠશાળા ચલાવતા. એમના 'બાલાજી આશ્રમ'માં એક નાનકડી ઓરડીમાં રહેવા-કરવાની અલાયદી વ્યવસ્થા ઊભી કરી, સ્વામીશ્રીએ છ યુવકોને અહીં સંસ્કૃત ભણવા મૂકી દીધા. જેમાં નિરંજન દવે, રણછોડભાઈ પટેલ, નારાયણભાઈ પટણી, અનુપમ રાઠોડ, સૂર્યકાંત પટેલ વગેરે મુખ્ય હતા.

આમાના પ્રત્યેક યુવકની કથા ત્યાગ અને શૂરવીરતાથી ભરેલી છે. નિરંજનભાઈનો સાધુ થવાનો ઠરાવ જબરો હતો. શરૂઆતમાં વડીલોને આ ઘૂંટડો જલદી ગળે નહોતો ઊતરતો. સૌ સંપ્રદાયના પાકા અનુયાયીઓ ખરા, પણ નાની ઉંમરમાં સંસાર છોડી ત્યાગી થયેલાના દાખલા ઘણા ઓછા હતા. તેમાં પણ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ત્યાગાશ્રમ સ્વીકારવો એટલે માબાપ વગેરે સ્વજનોથી સંપૂર્ણ છેડો ફાડી નાખવો. તેમની સાથે હળવા-મળવાનો તેમજ બોલવા-ચાલવાનો કોઈ વ્યવહાર જ રખાય નહિ. વળી, અષ્ટ પ્રકારે સ્ત્રી-ધનનો ત્યાગ સાચવવાનો. આવી કડક જવાબદારીમાંથી જો પાર ન ઊતરાય તો ઉભયભ્રષ્ટ થઈ જવાય. એ ચિંતા વડીલોને સતત સતાવતી હતી. વળી, માતાઓને તો પોતાના વહાલસોયા દીકરાઓની નજીક પણ ન અવાય. જનની સમ સ્ત્રીનાં હૃદયમાં આ સૌથી આકરો ઘા હતો. ઘણી માતાઓનાં મન જેનો પ્રતિકાર કરી રહ્યાં હતાં. આ સંજોગોમાં કોઈ રાજીખુશીથી ઝટ દઈને પોતાના લાડકવાયાને સંસાર છોડી, સાધુ થવા રજા આપી દે, એવી શક્યતાઓ બહુ ઓછી હતી.

નિરંજનભાઈ મક્કમ હતા. તેમને સાંસારિક પ્રતિકારોનો ઠીક ઠીક

સામનો કર્યો. પોતાના માર્ગમાંથી વિઘ્નો દૂર થાય તે માટે ૧૮,૦૦૦ માળા ફેરવી. સાંસારિક લાગણીઓની જબરદસ્ત અવહેલના કરી. તેમના આ મરણિયા પ્રયાસો ઘણા યુવાનોને ખૂબ જ પ્રેરણારૂપ બન્યા. શાસ્ત્રોમાં કહ્યું છે કે ‘ઘરનો ઉંબરો સાડા બાર કરોડ જોજન ઊંચો છે, તે ઓળંગવો દુષ્કર છે.’ એનાથી પણ વધુ અડચણોને આંબી વળવા નિરંજનભાઈ સ્વામીશ્રીની પ્રેરણાથી અડગ રહ્યા. એક તબક્કે જ્યારે મુશ્કેલીઓ પરાકાષ્ટાએ પહોંચી અને આશાનું કોઈ કિરણ તેમને દેખાયું નહિ, ત્યારે તો સ્વામીશ્રીને અરજ કરી કે ‘મને તમે ધામમાં લઈ જાવ અને ફરી જન્મ આપી સાધુ થવાની તક આપો.’ તેમનું આતર-કલેવર ઘડતા હોય એમ સ્વામીશ્રીએ કસોટી તો ખૂબ કરી, પણ સાથે આત્મબળ પણ એટલું જ પ્રેર્યું. છેવટે અનુકૂળતાઓ થવા લાગી.

‘નિરંજન સાધુ થશે,’ એ વિચારમાત્રથી જે માતા અત્યંત ઉદ્વિગ્ન થઈ જતાં અને લાગણીવશ ઊંડાં ઊતરી જતાં, તેમનું મન હવે હળવું થયું હતું. પિતા મહીપતરામ દવેનું મન તો પહેલેથી જ કૂણું હતું, પણ ઘરના સંજોગોને આધીન હોઈ અચકાતા હતા. પરિવારના ભાઈઓ કિશોરભાઈ, રમેશભાઈ તથા બહેનોનો તો સંપૂર્ણ સહકાર હતો જ. એ નિરંજનભાઈએ સંસારનો અંચળો ઉતારવામાં અદ્‌ભુત હિંમત દાખવી; એક આદર્શ દૃષ્ટાંત પૂરું પાડ્યું.

નારણભાઈ પટણી તો હજુ બે વર્ષ પહેલાં જ સ્વામીશ્રીના પ્રસંગમાં આવ્યા હતા. જૂના સંપ્રદાયના ચુસ્ત અનુયાયી. અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત અને સ્વામીશ્રીની કોઈ ઓળખ નહિ; પણ પૂર્વના મુમુક્ષુ, તેથી સ્વામીશ્રીનો પ્રથમ યોગ બોચાસણમાં થયો અને પ્રથમ દર્શને જ સ્વામીશ્રીએ આ રંગીલા યુવાનને આકર્ષી લીધા. પૂર્વની ઓળખાણ હોય એ રીતે જ સ્વામીશ્રીમાં હેત થઈ ગયું. તેમને ગામડાંઓમાં સાથે ફેરવ્યા અને બે મહિનાના ટૂંકા પરિચયને અંતે સ્વામીશ્રીએ અમરેલીમાં તેમને સાધુ થવાનો મંત્ર કાનમાં ફૂંક્યો. કેવળ એક મોટા સંત જાણી દર્શને આવેલા આ યુવાનને આવી કોઈ કલ્પના પણ નહોતી, પણ કોઈ અલૌકિક હેતથી સ્વામીશ્રીએ તેમને તદ્દન નજીક આણી દીધા.

પિતા નટવરભાઈ વેપારી, પણ વર્તમાન પરિસ્થિતિને ઓળખનારા સમજદાર સત્સંગી હતા. જો કે જૂના સંપ્રદાય સાથે તેમનો ઘરોબો ઘણો જૂનો હતો. શરૂમાં આ નવા સંપ્રદાય સાથે ભળવામાં અને એમાં પણ પોતાના એક તેજસ્વી પુત્રને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા-પ્રવર્તક સંતને સોંપી દેવામાં એમના મનમાં થોડો બળવો થયો. વળી જૂના સત્સંગીઓએ એમાં સાથ આપ્યો. એટલે

નારાયણભાઈ અચાનક જ સ્વજનોની ભીંસમાં આવી ગયા.

સંસારનાં બંધનોને તોડીફોડીને બહાર નીકળી જવાની કોઈ પૂર્વ તૈયારી તેમણે કરી નહોતી. કારણ, પહેલાં તો જીવનના ઊંચા કિલ્લાઓ સર કરવાના મનસૂબાઓ ગોઠવ્યા હતા. પણ સ્વામીશ્રીના અલ્પ સમાગમથી જ તેમને અસાધારણ આત્મબળ લાધ્યું. થોડો સમય કુટુંબથી દૂર ગુપ્તવાસ સેવ્યો. આકરી તપશ્ચર્યા કરી. જેથી કુટુંબીઓનાં તેમનાં પ્રત્યેનાં વળગણો ઢીલાં પડ્યાં. તેમણે પણ માતાપિતા તથા જૂના સત્સંગીઓને સ્વામીશ્રીનો મહિમા સમજાવ્યો. નટવરભાઈએ સત્સંગથી સંસારની અસારતા જાણી હતી. એટલે તેઓ ધીરે ધીરે સંમત થતા ગયા. પણ સ્વામીશ્રી આગળ તેમણે એક પ્રસ્તાવ મૂક્યો કે 'આપ મારા પુત્રને સંસ્કૃત ભણાવી સંપ્રદાયનાં શાસ્ત્રોનો જરૂરથી અભ્યાસ કરાવજો.' સ્વામીશ્રીએ તેમની ભાવના સહર્ષ સ્વીકારી લીધી.

રણછોડભાઈ જૂના સંપ્રદાય સાથે સંકળાયેલા ખરા, પણ સ્વામીશ્રીના વિશેષ યોગમાં છેલ્લાં બે વર્ષથી જ આવેલા. એમાં પણ નારાયણભાઈ પટણી સાથે, મુંબઈમાં વી.જે.ટી.આઈ. કૉલેજમાં ટેક્સ્ટાઈલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરવા બંને સાથે હૉસ્ટેલમાં રહ્યા. ઉત્કૃષ્ટ વિદ્યાવ્યાસંગી આ યુવાનને સંસારમાં તો કોઈ આસક્તિ નહોતી, પણ અભ્યાસની તીવ્ર રુચિ. સ્વામીશ્રીની પ્રેરણાથી તેઓ પણ સાંસારિક વિદ્યાશાખાઓનો મોહ ઓછો કરી, તેમને રાજી કરવા તત્પર થયા.

માતાપિતાની લાગણી હતી કે તેઓ ખૂબ અભ્યાસ કરી, કુટુંબને ઉજ્જ્વળ કરે; પણ મોટાભાઈ પ્રહ્લાદભાઈ, કેશુભાઈ તથા ડૉક્ટર પુરુષોત્તમભાઈના સહકારથી પિતા ત્રિભોવનભાઈ તથા માતુશ્રીએ સહર્ષ રજા આપી.

અનુપમભાઈના પિતા ચંદુભાઈ રાઠોડ સત્સંગના રંગે ઘડાયેલા હતા. અનુપમભાઈએ પણ સ્વામીશ્રીના સમાગમમાં સારી દઢતા કેળવી હતી. કૌટુંબિક પ્રશ્નો હતા પણ માતાપિતાએ દૈહિક સુખોને અવગણીને, વ્યાવહારિક મુસીબતોને વધાવી લઈને પણ પોતાના ઉદ્યમી યુવાન પુત્રને રાજી થઈને સ્વામીશ્રીને પ્રસન્ન કરવા પ્રેરણા આપી.

એવી જ રીતે ચરોતરના ઉત્તરસંડા ગામના સૂર્યકાંતભાઈને મોસાળમાંથી સત્સંગનો વારસો મળ્યો. સ્વામીશ્રીના સમાગમથી એને સંવર્ધિત કર્યો અને પોતાના ઉત્સાહથી જ સ્વામીશ્રીનાં ચરણે માથું અર્પણ કરી દીધું.

આમ, આ યુવાનોને સ્વામીશ્રીએ ઘાટકોપર મુકામે આશ્રમમાં સંસ્કૃત અભ્યાસાર્થે મૂકી દીધા અને સાધુ તરીકેના કેટલાક કડક નિયમો પણ આપી

દીધા. જેથી સૌને સારી તાલીમ મળતી રહે. મુંબઈના હરિભક્તોને ભલામણ કરી કે 'આ યુવકોને સાચવવા. કોઈ તકલીફ ન પડે તેનું પૂરું ધ્યાન રાખવું.' તેમને કથાવાર્તાનું પોષણ આપવા માટે હર્ષદભાઈને આજ્ઞા કરી.

મુંબઈ આવ્યા પછી કપોળ વાડીમાં એક સવારે મહેન્દ્રભાઈ કંપાલાવાળા પૂજા કરતા હતા. સ્વામીશ્રી તેમની બાજુમાં આવીને નીચે બેસી ગયા. ધીરે રહીને વાત માંડી કે 'અમે કંપાલામાં તમારા પિતાશ્રીને દીક્ષા માટે વાત કરી હતી અને તેઓએ તમને રજા આપી છે. તો તમારે દીક્ષા લઈ લેવાની છે.'

ખૂબ સ્વાભાવિકતાથી અને આત્મીયતાથી સ્વામીશ્રીએ વાત મૂકી. આ સમય દરમ્યાન મહેન્દ્રભાઈના મનમાં પણ આ અંગેનો વિચાર દૃઢ થતો ગયો હતો, એટલે આ વાતનું તેમને મન બહુ આશ્ચર્ય નહોતું. મનથી તો પોતે ક્યારનાય સ્વામીશ્રીને સમર્પિત થઈ ચૂક્યા હતા.

વિદેશ પ્રવાસ દરમ્યાન સ્વામીશ્રી મને અનેક વાર સાધુ થવાની દૃઢતા કરાવતા. ટ્રેન, પ્લેન કે મોટરોની લાંબી મુસાફરી દરમ્યાન કે હું રસોડામાં રસોઈ કરતો હોઉં ત્યારે, સ્વામીશ્રી સત્સંગના મહિમાની વાતો કરી, ખૂબ આત્મબળ આપતા.

રવિવાર, તા. ૧-૫-'૬૦ના દિને ટરોરો મંદિરના પ્રાંગણમાં આવેલા ઉતારામાં સ્વામીશ્રી રાત્રે ઉકાળો પીધા પછી મને કહે : 'એક વાત કરવી છે, વિનુ ભગતને બોલાવો.' બીજા સંતો ઊઠી ગયા પછી સ્વામીશ્રીએ મને નજીક બોલાવ્યો અને ધીરેથી વાત મૂકી કે 'તમે સાથે ફરો છો, સેવા કરો છો, તે સારું છે. અમારે ઘણી રાહત રહે છે. સંતસ્વામી તો કહે કે તમે રસોઈ કરી જમાડ્યા, તો નભ્યા. આ દૂર દેશમાં બધાની તબિયત સારી રહી. હવે મુદ્દાની વાત કરવાની કે આપણે ગઢપુર કળશના સમૈયા ઉપર ૫૧ યુવકોને દીક્ષા આપવી છે. તો તમે જે બધા તૈયાર છો તે પહેલાં તૈયાર થાવ અને દેશમાં જઈને પહેલાં તુરત તમને બધાને દીક્ષા આપી દઈએ. પછી ધીરે ધીરે સૌ તૈયાર થાય. બોલો, તમારો શું મત છે ? તૈયાર છો ને ?'

સ્વામીશ્રીએ અચાનક પ્રસ્તાવ મૂક્યો. દેશમાં પહોંચીને તુરત અમને બધાને દીક્ષા અપાવી સંસાર છોડવાની ઘડી નજર સામે દેખાતાં, એક હળવો આંચકો અનુભવ્યો. પછી સ્વસ્થ થઈ મેં જણાવ્યું કે 'બાપા ! તમે કહો તેમ.'

મારે રજાનો તો કોઈ પ્રશ્ન નહોતો. માતાપિતાની રાજીખુશીથી સંપૂર્ણ સંમતિ હતી. સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'હમણાં કોઈને વાત કરશો નહિ. મુંબઈ

જે યુવકો ભણવા રહ્યા છે તેમને કાગળ લખી દો. તેઓ પણ વાત જાહેર કરે નહિ ને મુંબઈ પહોંચીને અષાઢ સુદ નોમે (તા. ૩-૭-'૬૦) તમને પાર્ષદની દીક્ષા આપીને અમે બોચાસણ જઈશું. તમે બધા ઘાટકોપર રહેજો, ભણજો, કથાવાર્તા કરજો. પછી જેમ જેમ યુવકો તૈયાર થાય તેમ તેમ આપણે બધાને પાર્ષદની દીક્ષા આપીશું. ગઢડાના સમૈયા સુધી ૫૧ થઈ જાય. ત્યાં બધાને પાકી (ભાગવતી) દીક્ષા આપશું.' આમ, સંપૂર્ણ આયોજન સ્વામીશ્રીએ પ્રથમ વાર જાહેર કર્યું.

✧

દેશમાં આવી પહોંચતાં અષાઢ સુદ ૯નો શુભ દિવસ જોતજોતામાં આવી પહોંચ્યો. મુંબઈના હરિભક્તોમાં તથા સત્સંગમાં આ વાત વાયુવેગે પ્રસરી ગઈ હતી. તેથી સૌનાં મનમાં અપાર આનંદ હતો. આગલી રાત્રે પાર્ષદ દીક્ષા ગ્રહણ કરનાર યુવાનોનાં માતા-પિતા, સ્વજનો તથા અન્ય ઉત્સાહી હરિભક્તોએ દીક્ષાર્થી યુવાનોને હોંશે હોંશે ચાંદલા કરી, ત્યાગાશ્રમમાં પ્રવેશવાની, સ્વામીશ્રીને પ્રસન્ન કરવાની શુભ ભાવના સાથે પરવાનગી આપી. આમ, સંપ્રદાયના ઈતિહાસમાં એક અપૂર્વ પ્રસંગ યોજાયો.

કેવળ ભગવદ્-ભક્તિમાં આનંદતા સ્વામીશ્રીને માટે આજનો પ્રસંગ અવર્ણનીય હતો. વર્ષોથી જેને પ્રેરણા આપવા માટે જેમણે અકલ્પ્ય દાખડો કર્યો હતો, પ્રેમનો ધોધ વરસાવ્યો હતો, એ યુવાનો આજે પોતાના વચને જીવન સમર્પણ કરી રહ્યા હતા. એમને ઉમંગ હતો આવા નવલોહિયા યુવાનોને બ્રહ્મરૂપ કરવાનો, મહારાજમાં જોડાવાનો, અક્ષરપુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવવાનો. એ સમય આજે પાકી રહ્યો હતો. તેથી તેઓ અતિ આનંદિત હતા. મુમુક્ષુઓને જગતમાંથી ઉખેડી ભગવાનમાં જોડવા, એ જ સાચા સંતની પ્રવૃત્તિ. આવો પરમાર્થ સિદ્ધ થતો જોઈને સ્વામીશ્રીનાં અંગેઅંગમાં હેતના ઊભરા આવતા હતા.

સવારે નિત્યકર્મથી પરવારી સ્વામીશ્રીએ વિધિપૂર્વક દીક્ષાર્થી યુવકો પાસે ઠાકોરજીનું પૂજન કરાવ્યું. વેદમંત્રોના ધ્વનિ વચ્ચે, સ્વામીશ્રીના સાંનિધ્યમાં હજારો હૈયાં આજે હુલસી રહ્યાં હતાં. સૌ યુવકોને પાર્ષદનાં શ્વેત વસ્ત્રો પરિધાન કરવા સ્વામીશ્રીએ આજ્ઞા કરી. પછી વિનુ ભગત સાથે ૯ યુવકોને જનોઈ, કંઠી, ઉપવસ્ત્ર તથા પાઘ ધારણ કરાવી. તિલક કરી, કાનમાં ગુરુમંત્ર આપી, સ્વામીશ્રીએ સૌને દીક્ષિત જાહેર કર્યા. તાળીઓના ગડગડાટ અને જયનાદોથી વિરાટ જનમેદનીએ સૌને વધાવી લીધા. વિનુ ભગત સાથે રણછોડ ભગત,

નિરંજન ભગત, નારાયણ ભગત, મહેન્દ્ર ભગત, અનુપમ ભગત, મધુ ભગત, સૂર્યકાંત ભગત અને અરુણ ભગત એમ સૌનાં નામાભિધાન થયાં.

અમારે નવ પાર્ષદોને ઘાટકોપર જવાનું હતું. તે પહેલાં સ્વામીશ્રી સર્વને મળ્યા. ખૂબ હેત કર્યું. છેલ્લી શીખ આપી : 'ધારણાં-પારણાં, ઉપવાસ કરજો. ખૂબ સંસ્કૃત ભણજો.'

પછી વિનુ ભગત તથા હર્ષદભાઈને નજીક બોલાવ્યા. હર્ષદભાઈને કહે કે 'આ બધા તમને સોંપ્યા. ખબર રાખજો. કથા કરી બળ આપજો.' પછી વિનુ ભગતને કહે : 'રજા આપો.'

તેઓએ આશ્ચર્યથી પૂછ્યું : 'બાપા ! રજા શેની ?'

સ્વામીશ્રી બોલ્યા : 'તમારા બધાથી છૂટા પડવાનું મન થતું નથી...'

એ શબ્દો સાંભળી સૌ ગળગળા થઈ ગયા. જો કે અમારા સૌ કરતાં પણ વિનુ ભગત માટે તો આ શબ્દો ભારેખમ - યાદગાર બની ગયા. કારણ, ચાર વર્ષ પછી તેઓ આજે પહેલી વાર સ્વામીશ્રીથી છૂટા પડતા હતા. સ્વામીશ્રીના પ્રેમસભર શબ્દોથી અમારા સૌનાં હૃદયપાત્રો છલોછલ થઈ ગયાં અને ભારે હૈયે સૌ સ્વામીશ્રીથી છૂટા પડ્યા.

આશીના જૂના ભક્તરાજ ધનેશ્વરભાઈ વ્યાસના સુપુત્ર પ્રભુદાસભાઈને સ્વામીશ્રીએ અમારી સાથે સેવામાં, ઘાટકોપર મોકલ્યા હતા.

## જ્યાં પૂર્વગ્રહોની સીમાઓ ઓગળે છે

કપોળ વાડીમાં સ્વામીશ્રી હોય ત્યારે સવાર-સાંજ કથાવાર્તાનો બ્રહ્મયજ્ઞ ચાલતો. સાંજ પડે સ્વામીશ્રીની અમૃત વાણીનો લાભ લેવા મુંબઈના ખૂણે ખૂણેથી ભક્તો ઊમટતા. જેમાં જૂના મંદિરના અગ્રણી ભક્તો અભેચંદભાઈ ગાંધી, મોહનલાલ શ્રીજીના, હરિપ્રસાદ ચોકસી વગેરે અચૂક હાજર રહેતા. સ્વામીશ્રીની આ અમૃત વાણીનો લાભ એમને મન જીવનનો અમૂલ્ય લહાવો હતો.

એક વાર કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ કીર્તન ગાયું : *'ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં...'* તેમાં કડી આવી : *'મળ્યા હરિ મુખોમુખ...'*

તરત જ સ્વામીશ્રીએ હરિપ્રસાદ ચોકસીને પૂછ્યું : 'એ ચોકસી સાહેબ ! મળ્યા હરિ મુખોમુખ શું ? પાંચસો પરમહંસને મળ્યા હતા એમ ને ?' પછી સ્વામીની વાતો દૃષ્ટાંતો સાથે લાક્ષણિક અલમસ્તાઈમાં સમજાવવા લાગ્યા. 'મહારાજનું પ્રગટપણું સંત દ્વારા અખંડ છે' તે વાત કરી, *'શાંતિ પમાડે તેને સંત*

*કહીએ...'* એ કીર્તન ગાયું. નિરૂપણ પણ એવી રીતે કર્યું, જેમાં સંતનો અપાર મહિમા આવે. આખી સભા દિંગ થઈ સાંભળી રહી હતી.

સભા પછી મોહનલાલ શ્રીજીના અને અભેચંદ ગાંધી સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. કહે : 'મહારાજના સમયમાં પાંચસો પરમહંસોની ખુમારી અને ભગવાન મળ્યાનો આનંદ આપણે સાંભળ્યો છે. તેવો આનંદ, સ્વામી ! આપની પાસે આજે મૂર્તિમાન જણાય છે.'

સ્વામીશ્રીની ભલી-ભોળી મૂર્તિમાંથી ઝરતું પારલૌકિકપણું, દિવ્ય અલમસ્તાઈ અને પુરુષોત્તમ નારાયણના ધારકપણાની મહત્તમ પ્રતિભામાં લોકો એવા આકર્ષાતા જેમાં ભાન ભૂલી સ્વામીશ્રીનો મહિમા ગાવા લાગતા. વિરોધીના વિરોધ ઓસરી જતા અને નાના-મોટા વાડા કે પૂર્વગ્રહોની સીમાઓ ઓગળી જતી. બસ તેમને સ્વામીશ્રી જ દેખાતા... જાદુગરી મૂર્તિનું આથી વિશેષ કયું મોટું કામણ હોય ?

## 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ' શબ્દનું આકર્ષણ

આ અરસામાં સ્વામીશ્રીના સ્વદેશ આગમનના સમાચાર 'મુંબઈ સમાચાર'માં ગોપીચંદ મિસ્ત્રીએ વાંચ્યા. 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ' શબ્દ વાંચીને તેમને જિજ્ઞાસા થઈ અને કપોળ વાડીમાં દર્શને આવ્યા.

અહીં ત્રણ દિવસનું પારાયણ યોજાયું હતું. જેની પૂર્ણાહુતિમાં ગોપીચંદભાઈને ખૂબ જ શાંતિનો અનુભવ થયો. સૌથી મોટું આકર્ષણ તો સ્વામીશ્રીના વ્યક્તિત્વનું હતું. હજારો માણસો દર્શને આવ્યા જ કરતા, પરંતુ એમના હાસ્યમાં, વાતોમાં, કેફમાં કદી ફરક ન પડતો. તેઓ રંકથી રાય સુધી સૌને હેતપૂર્વક આશીર્વાદના ધબ્બા આપતા. જેનો લાભ લઈ ગોપીચંદભાઈ કૃતાર્થ થયા. પછી તો હરિભક્તો તથા કાર્યકર્તાઓના પરિચયમાં આવતાં તેઓ રાત્રે કપોળ વાડીમાં જ રહેવા લાગ્યા.

એક દિવસ તેમણે સંકલ્પ કર્યો કે 'સ્વામીશ્રીનું સાચું સ્વરૂપ કેવું છે ?' આ પ્રશ્ન એમને જ પૂછવો.

અને એક વાર સ્વામીશ્રી શૌચ ગયા ત્યારે સેવકો અન્ય સેવામાં હતા. તેથી તેમને એકાંત મળી ગયું. સ્વામીશ્રી બાથરૂમમાં આવ્યા ત્યારે તેમણે એ જ પ્રશ્ન પૂછ્યો. સ્વામીશ્રીએ તેમની મુમુક્ષુતા, દૈવી સંસ્કાર અને જિજ્ઞાસુ વૃત્તિને કારણે સ્પષ્ટ રીતે પોતાના સ્વરૂપની વાત કરતાં કહ્યું : 'સાક્ષાત્ ભગવાનનું

સ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ સંત જાણવા.'

થોડા વખતે સ્વામીશ્રીએ તેમને માતાની અનુમતિ લઈને સાધુ થવા કહ્યું કે 'સંસારમાં કોટિ કલ્પે પડવું જ નથી; એવો એક સંકલ્પ રાખજો. મહારાજ-સ્વામીની સેવા કરવી છે અને દેશ-વિદેશમાં ડંકો મારવો છે.'[૯]

અષાઢ સુદ એકાદશીથી શરૂ થતા ચાતુર્માસના નિયમો ધારણાં-પારણાં વગેરે અષાઢ સુદ નોમના દિવસે જ નવદીક્ષિતોને આપી દીધા. અને તે દિવસે જ સ્વામીશ્રીએ તે જ રાતે ગુજરાત તરફ પ્રયાણ કર્યું.

આખી રાત સ્ટેશને સ્ટેશને હજારો ભક્તો સ્વામીશ્રીનાં દર્શન માટે ભેગા થયા હતા. સ્વામીશ્રી પણ દરવાજે ઊભા રહી સૌને સમૂહમાં દર્શનનું સુખ આપતા.

## સિદ્ધપુરુષ

સ્વામીશ્રીના સ્વદેશ આગમન નિમિત્તે વડોદરામાં ભવ્ય સન્માન રાખવામાં આવ્યું હતું.

સ્વામીશ્રીના આગમનના આગલે દિવસે ખંડાલાવાળા કેવલાનંદજી અવધૂત મહારાજે તેમનો અવારનવાર સંપર્ક રાખનાર મહેન્દ્રસિંહ ચૌહાણને કહ્યું : 'આવતીકાલે મારે સ્ટેશન પર યોગીજી મહારાજનાં દર્શને જવું છે. તું પણ સાથે આવજે.'

પણ મહેન્દ્રસિંહને જૂના મંદિરના સંતોના સંપર્કને કારણે સ્વામીશ્રી અને સંસ્થા પ્રત્યે અમુક પૂર્વગ્રહ બંધાયા હતા. તેમણે કહ્યું : 'મહારાજ ! મેં વરતાલના કેટલાક સાધુ પાસે સાંભળ્યું છે કે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પાસે એવી વિદ્યા છે કે એમની આંખમાં આંખ મેળવતાં જ આપણને આકર્ષી લે. આ વિદ્યાના ગુટકા તેઓ પોતાની ભેગા જ રાખે છે...'

હજુ તો આ વાત ચાલુ જ હતી ત્યાં કેવલાનંદજી અવધૂત મહારાજ તાડૂકીને બોલી ઊઠ્યા : 'અરે ! તેરા દિમાગમેં ક્યા ગોબર ભરા હૈ ? ગુજરાતમેં દો હી સિદ્ધપુરુષ હૈ : એક યોગીજી મહારાજ ઔર દૂસરે રંગ અવધૂત મહારાજ ! તૂ કલ મેરે સાથ ચલના. તેરેકું દર્શન નહીં કરના હૈ તો દૂર ખડા રહના, લેકિન મુઝે દર્શન કરા દે !' મહેન્દ્રસિંહ તો સ્તબ્ધ બની ગયા.

બીજે દિવસે સ્વામીશ્રી મુંબઈથી ટ્રેનમાં વડોદરા પધાર્યા. સ્ટેશન ભક્ત-

---

એ પછી તેમનાં માતુશ્રીની રજા મળી અને પાછળથી સ્વામીશ્રીએ તેમને દીક્ષા આપી 'સાધુ હરિભૂષણદાસ' નામ પાડ્યું હતું.

સમૂહના જયનાદોથી ગાજી ઊઠ્યું. સ્વામીશ્રી પ્લેટફૉર્મ પર ઊતર્યા અને દૂરથી જ કેવલાનંદજી મહારાજને જોયા. તેથી નજીક બોલાવ્યા. હાર પહેરાવી નમ્રતાથી ખબર-અંતર પૂછ્યા.

એ જ વખતે મણિભાઈ સલાડવાળાએ સ્વામીશ્રી પાસે જઈ મહેન્દ્રસિંહની ઓળખાણ કરાવી. સ્વામીશ્રીના આ પ્રથમ દર્શને જ તેમને પ્રતીતિ આવી કે 'કેવલાનંદજી મહારાજનો પ્રત્યેક શબ્દ સત્ય હતો. યોગીજી સાચે જ સિદ્ધપુરુષ છે.' એ પછી તેમણે સત્સંગની ઘણી સેવા કરી.

મોટાસ્વામીના આગ્રહથી નિયમની એકાદશીનો સમૈયો અટલાદરા કર્યો.

હજુ તો સ્વામીશ્રી મુંબઈથી નીકળી, સંતોથી જુદા પડ્યા અને તુરત તેમના પત્રોની પરંપરા છૂટી. લગભગ એકાંતરા આ રીતે બળના-પ્રેરણાના પત્રો સંતો ઉપર આવતા. નાની નાની વાતમાં સ્વામીશ્રી નવા પાર્ષદોનું ધ્યાન દોરતા :

*ખાસ જરૂરી.*

*અટલાદરા.*

*દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો.*

*...બીજો મુદ્દો કે જે મે ચાતુર્માસના નિયમ લખી દીધા છે તે પ્રમાણે ટાઇમ-ટેબલ ગોઠવીને પાટિયા ઉપર લખવું. આટલા વાગે ઊઠવું. તે એક વે'લા ઊઠે તે બીજાને જગાડે; તે પ્રમાણે કરવું. ને તમો-અમો એક જ છીએ. રણછોડ ભગત તમો જેને લૂગડાં ઘટતાં હોય તેમને તાકામાંથી લઈને માપી દેવાં. ધોતિયાં સૌએ જાડાં પહેરવાં. વિનુ ભગત જેવાં કપડાં રાખે છે તેવાં રાખવાં. પણ હાલ ગાતરિયાં છે તે ઝીણાં આપેલાં છે, તે ફાટે એટલે જાડાં લેવાં.*

*...ત્રીજો મુદ્દો કે તમને જે માટે આશીર્વાદ દીધા છે તે સંસ્કૃત ભણવાના, તેમાં જે શાસ્ત્રીજી પાઠ આપે તે દરરોજ બરાબર ખૂણે બેસીને ભીંત તરફ જોઈને ગોખવો, એટલે તાજો પાઠ રહે. માટે તે ધ્યાન ખેંચવું. તમારે માટે મેં વિનુ ભગત તમારી પાસે રાખ્યા છે, તેમની મર્યાદા સાચવવી. મારે તો એક જ મુદ્દો છે - તમ દુવારે(દ્વારે) આખો સંપ્રદાય ચલાવવો છે. તમો શ્લોકો કરી શકો તેવા બનાવવાના છે. સંસ્કૃતમાં પારંગત કરવા છે. તે કોર્સ ચાર વર્ષનો છે, તે પારંગત થઈ જવાશે. સાથે સાથે કીર્તન, કથા, વાતું, વચનામૃત પણ રાખવાની વિનંતી છે. સૌને આપણો ગુણ આવે. તમારે વિદ્યાદાન માટે એક ફંડ કરીશું. તે તમારે પુસ્તક, જે ચીજ લાવવી હોય, તે રણછોડ કોઠારીને વાત કરવી તે હર્ષદરાયભાઈને કહીને લાવી આપશો, પણ કોઈ રીતે મૂંઝાવું નહિ. તમારી*

*સાથે સ્વામીશ્રીજી તથા ભગતજી મહારાજ તથા શાસ્ત્રીજી મહારાજ છે. તો ગુરુના બળે આપણે તરાશે. માટે જે વાત લીધી તે પાર ઉતારવા ખાસ ભલામણ છે. મરતી મરતી કાન હલાવે તેમાં માલ નથી.'*

## 'આ શું છે ?'

અહીં મુંબઈ રહેતા મૂળ પંડોળીના બાલુભાઈ ત્રિવેદી સ્વામીશ્રીએ કરેલી આજ્ઞા અનુસાર સમાગમ કરવા આવ્યા હતા. ૧૯૫૩ની સ્પેશિયલ ટ્રેનનું આયોજન તેમણે કર્યું હતુ.

સ્વામીશ્રી સાથે હેતના તાંતણે જોડાયેલા આ મુમુક્ષુને સિગારેટનું વ્યસન. તેમણે વિચાર્યું કે 'સ્વામીશ્રી બેને બદલે પાંચ દિવસ રોકી રાખે, તો ગામડા ગામમાં ઊંચા બ્રાન્ડની સિગારેટ ક્યાં શોધું ?' તેથી સિગારેટનું મોટું બંડલ સાથે લીધું હતું. કથામાં આવે ત્યારે બે સિગારેટ ખિસ્સામાં મૂકતા આવે અને કથા પછી દરવાજે જઈને પી આવે.

બીજે જ દિવસે તેઓ સિગારેટ પીતા હતા ત્યાં એક હરિભક્ત બોલાવવા આવ્યા : 'બાપા બોલાવે છે.'

તેઓ ઉતાવળે સિગારેટ ફેંકી સ્વામીશ્રી પાસે આવ્યા. સભામંડપમાં નીચે પાથરેલી ગાદી ઉપર બેઠાં બેઠાં સ્વામીશ્રીએ આવકાર આપ્યો. બાલુભાઈ નીચા વળી પગે લાગવા ગયા ત્યાં તેમના ખિસ્સામાં રહી ગયેલી બીજી સિગારેટ સ્વામીશ્રીના ખોળામાં પડી. સ્વામીશ્રીએ તે ઉપાડી બાલુભાઈને પાછી આપતાં કહ્યું : 'બાલુભાઈ ! આ શું છે ?'

બાલુભાઈ તો શરમના માર્યા એક શબ્દ પણ ન બોલી શક્યા. તેમણે સ્વામીશ્રી પાસે તે જ વખતે નિયમ લીધો : બાપા ! હવેથી ક્યારેય સિગારેટ નહીં પીઉં.'

પૂનમનો ઉત્સવ બોચાસણ કરી, આણંદ થઈ, નડિયાદ ગયા.

## 'પ્રેમ એ જ ઈશ્વર' અનુભવવા યોગીજીનો મેળાપ

સ્વામીશ્રી 'ગુજરાત ક્વીન'માં તા. ૯મીએ અમદાવાદ પધારવાના હતા. પ્લેટફૉર્મ ભક્તોથી ખીચોખીચ ભરાઈ ગયું હતું. ગુજરાત ક્વીન આવી ત્યારે તો સૌની આતુરતાનો પાર રહ્યો ન હતો, પણ ક્વીનમાં સ્વામીશ્રીને બદલે સંદેશો આવ્યો કે 'તેઓ મોટરમાં આવી રહ્યા છે.'

૧૧-૪૫ વાગે સ્વામીશ્રી પધાર્યા. બૅન્ડે સુમધુર સૂરો રેલાવ્યા. ગણવેશમાં સુશોભિત યુવક મંડળે હજારો ભક્તોનાં દર્શનની વ્યવસ્થા સાચવી. સૌ પ્રથમ મંડળ વતી ચંપકભાઈ શેઠે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. અખબારોમાં પ્રગટ થયેલા સમાચારને કારણે અન્ય મુમુક્ષુઓનો પણ દર્શન માટે ભારે ધસારો થયો હતો.

સાંજે ૫-૩૦ વાગે, 'જ્યોર્જ ધી ફીફ્થ હૉલ'માં સ્વામીશ્રીને સન્માનવાનો સમારંભ એમ.જી. સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ અને જાણીતા વૈજ્ઞાનિક આર.ડી. દેસાઈના પ્રમુખપદ સાથે યોજાયો. જગદીશ ત્રિપાઠી, અંબાલાલ તથા પ્રતાપભાઈ બ્રહ્મભટ્ટે પ્રાર્થના-ગાન કર્યું. વિનાયકરાવ ત્રિવેદી તથા ખેંગારજીભાઈનાં પ્રવચનો પછી સ્વામીશ્રી તથા સંતોને હારતોરા કર્યા.

પ્રૉ. ભગવતીપ્રસાદ પંડ્યાએ સુમધુર શૈલીમાં જણાવ્યું કે 'યોગીજીનું દર્શન પુણ્ય અર્પે છે; સ્પર્શ પાપ દૂર કરે છે; સંભાષણ શાંતિ આપે છે. શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'અહમ્ યોગી, યોગી અહમ્ !' ૨,૮૦૦ વર્ષ પહેલાં થયેલ વૈદિક વ્યાકરણની વ્યુત્પત્તિ પ્રમાણે 'યોગીજી' તે આચાર્ય, પ્રવક્તા, શ્રોત્રિય અને અધ્યાપક છે.'

ગુજરાત હાઈકોર્ટના સરકારી ધારાશાસ્ત્રી અને જૂના પીઢ સત્સંગી હરિપ્રસાદ ચોકસીએ જણાવ્યું કે 'આજના જેવો આનંદનો દિવસ બીજો કયો હોઈ શકે ? શાસ્ત્રીજી મહારાજમાં જે અંતર્યામી શક્તિ હતી, તે શક્તિ આજે યોગીજી મહારાજમાં છે. હું અને ચંપકભાઈ બૅકર કૉલેજમાં સાથે ભણતા હતા. ત્યારે હું ચંપકભાઈને કહેતો કે મંદિરે આવો; તો તે ના પાડતા. તે જ ચંપકભાઈ આજે સત્સંગમાં મારાથી આગળ વધી ગયા, તે પ્રતાપ શાસ્ત્રીજી મહારાજનો છે. આફ્રિકાવાસીઓમાં 'ધર્મ શું છે ?' 'સત્સંગ શું છે ?' વગેરેની અગત્યતા સમજાવી, દારૂ-માંસ છોડાવી દેનાર યોગીજીની શૈલી કેવી હશે તેનો વિચાર તો કરો ?! આવા સંત આ સંપ્રદાયમાં બિરાજે છે, તે સત્સંગના પુણ્યનો પાર નથી. આવા સત્પુરુષને સાચી રીતે ઓળખીએ તો જ મોક્ષભાગી થવાય.'

એચ.કે. આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ યશવંત શુક્લે કહ્યું : 'આ સન્માન-સમારંભ કરતાં દર્શન-સમારભ છે.'

અખિલ ભારત સંસ્કૃત પરિષદના અધ્યક્ષ, ગુજરાત કલ્ચરલ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ અને જાણીતા ધારાશાસ્ત્રી ગોપાલકૃષ્ણ મહેતાએ વિદ્વત્તાપૂર્ણ પ્રવચન કરતાં કહ્યું : 'યોગીજી મહારાજ અદ્વિતીય વિભૂતિ છે. પોતાના પ્રેમથી ભક્તોમાં પ્રેમ ઉત્પન્ન કરી, પાપાચારમાંથી, દુરાચારમાંથી

સત્સંગી બનાવનારા આવા પરમ પુરુષના ચરણસ્પર્શ કરવાનું માન ખાટી જાઉં તો મારા જેવો કોઈ સદ્ભાગી નહિ હોય.'

વિદ્વાન આચાર્ય અને ભક્ત પ્રૉ. નાગરદાસ બાંભણીઆએ કહ્યું : 'ગાંધીજીએ કહ્યું કે 'જે ક્ષણે Truth is God એવું મને ભાન થયું ત્યારે લાગ્યું મારા જીવનમાં સૂર્યોદય થયો;' પણ જ્યારે Love is God અનુભવાય ત્યારે જ યોગીજીનો મેળાપ થાય. તેમને વિશે જેટલું કહીએ, તેમને જેટલું માન આપીએ, તેટલું આપણે આપણી જાતને જ માન આપીએ છીએ. અરીસામાં આપણી જાતને જોઈએ છીએ. અરીસામાં આપણે આપણું મુખ જોઈને આપણી જાત ઉપર ઉપકાર નથી કરતા. તેમ આવા પાવનકારી સત્પુરુષને માન આપી કોઈ ઉપકાર નથી કરતા. ભગવાન કે સંત પૂર્ણ છે. જીવ સાધન કરીને મોટી સિદ્ધિઓ પામે, ત્યારે જ આવા યોગીજીની પ્રાપ્તિ થાય છે. આવા પુરુષને શરણે આવવાથી જ ઊગરી જવાય છે.'

શૅરબ્રોકર્સ ઍસોસિયેશનના ભૂતપૂર્વ પ્રમુખ અને પીઢ સત્સંગી શેઠ નંદુભાઈ મંછારામે જણાવ્યું કે 'યોગીજી મહારાજ સાથે વર્ષો જૂનો સંબંધ છે. હું વિધુર થયો ત્યારે મને ઊંઘ આવતી નહોતી. મેં શાસ્ત્રીજી મહારાજને વાત કરી. સ્વામી કહે : 'યોગીને લઈ જાવ.' યોગીજી મહારાજ મારે ત્યાં ત્રણ માસ રહ્યા. રાત્રે વચનામૃત સંભળાવે અને હું ઊંઘી જાઉં. ખૂબ જ લાડ મને લડાવ્યા છે. યોગી તે યોગી જ છે.'

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં *'હાંજી ભલા સાધુ...'* પદ પોતાની બ્રહ્મ-સુલભ લાક્ષણિક શૈલીમાં ગાઈ-સમજાવી, સભાજનોને મુગ્ધ કરી દીધા.

સભાપ્રમુખ ડૉ. આર.ડી. દેસાઈએ જણાવ્યું કે 'આવા વંદનીય પુરુષના સાંનિધ્યમાં આવવાનું અહોભાગ્ય પ્રાપ્ત થયું તે સુકૃત્યોને આભારી છે. શાંતિ આવા સંત પાસે છે. આવા પુરુષોએ સાચો સંદેશો આપી લોકોને સન્માર્ગે ચઢાવ્યા છે.'

પ્રૉ. શાંતિલાલ સ્વામિનારાયણે સૌનો આભાર માન્યો. શહેરના અગ્રણી મિલ-માલિકો, વેપારીઓ, અમલદારો, પ્રાધ્યાપકો, ડૉક્ટરો, વકીલો, પત્રકારો તથા યુવાન વિદ્યાર્થીઓથી હૉલ ચિકાર ભરાઈ ગયો હતો. સૌ અહોભાવથી સ્વામીશ્રીનાં દર્શન અને પ્રસંગ માણી રહ્યા હતા. ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ, મણિભાઈ બ્રહ્મભટ્ટ, દિનેશ ભગત, નિરુભા ઝાલા, ભગવાનદાસ ગોહિલ વગેરે યુવાન કાર્યકરોએ સારી વ્યવસ્થા કરી હતી.

પધરામણીઓ કરી રાત્રે ૧૦-૪૫ વાગે સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

## 'નિશાન'નો નિર્દેશ

મોડી રાત્રે અમદાવાદ યુવક મંડળનો સ્વામીશ્રી સાથે વાર્તાલાપ ગોઠવાયો. સ્વામીશ્રી મંડળ ઉપર ઘણા જ પ્રસન્ન થયા. એમણે અગાઉ દિનેશ ભગતને પત્રથી જણાવ્યું કે '૧૦૧ યુવકો 'દરવેશ' તથા બિલ્લા સહિત સ્ટેશને લાવજો.' તે મુજબ યુવકો સ્ટેશને હાજર થયા હતા. તેથી સ્વામીશ્રી કહે : 'આજે અમે બહુ રાજી થયા. ૧૦૫ યુવકો દરવેશ-બિલ્લા લગાડીને સ્ટેશને આવ્યા. આ પ્રતાપ સ્વામિનારાયણ ભગવાનનો છે.' આવી નાની વાતમાં પણ સ્વામીશ્રી પોતાના ઇષ્ટદેવનો પ્રતાપ વર્ણવવો ચૂકતા નહીં.

સ્વામીશ્રીએ આગળ જણાવ્યું કે 'ભવિષ્યમાં યુવકો દ્વારા ખૂબ કામ લેવું પડશે. તો શુદ્ધ વર્તન રાખવું. નાટક-સિનેમા ન જોવાં. હૉટલમાં ન જવું. રવિવારની સભામાં જવું જ. તમે બળ રાખશો તો ૫,૦૦૦ યુવકો થશે, પણ જો નિયમિત રહેશો તો. સહકાર આપવો. સંપ-સુહૃદભાવ રાખવો. આપણે બધા એક ગુણાતીતના - એવો ભાવ રાખવો. એકબીજાને માન આપવું, વિવેક રાખવો. ગોરધનભાઈની આજ્ઞામાં વર્તવું, તો જોતજોતામાં ૫,૦૦૦ યુવકો થશે. શ્રીજીમહારાજ છાણના ટોપલા ઉપાડતા; તો આપણે પણ દેહને ચામડા જેવો કરી નાખી, સત્સંગ અર્થે ઘસી નાખવો. દાસાનુદાસ થઈ સેવા કરવી.

'આપણું નિશાન 'એકાંતિક' છે. બ્રહ્મરૂપ માનવું. સારંગપુરનું ૪થું વાંચી વિચારવું. સારંગપુરનું ૧લું મન જીતવાનું છે, તે પણ વિચારવું. લોયાનું ૧૦ તથા ગઢડા પ્રથમ ૧૧ સિદ્ધ કરવું. 'સ્વામીની વાતું' તથા 'વચનામૃત'નો અભ્યાસ રાખવો; જેથી પરમ શાંતિ થાય.'

બે દિવસના ઝડપી અને ટૂંકા કાર્યક્રમોમાં જાહેર સભા, અન્ય સભાઓ, પધરામણીઓ વચ્ચે સ્વામીશ્રીએ ત્રણ સભાઓ સંબોધી હતી. શનિવારે બપોરે ૧-૩૦ વાગે, રાત્રે ૧૧-૩૦ વાગ્યે, રવિવારે વહેલી સવારે ૪-૩૦ વાગ્યે. આ ત્રણેય સભાઓમાં યુવકોએ સારી હાજરી આપી હતી. પીરસવાની સેવામાં કનુભાઈ ભટ્ટ, પિનાકીન જોષી; સભા વ્યવસ્થામાં ચાંપરાજભાઈ ખાચર, પોપટસિંહ વાઘેલા, પ્રકાશ પારેખ, બ્રહ્મભટ્ટ ભાઈઓ - હરિકૃષ્ણ, પ્રવીણ તથા કિરીટ તેમજ વેલજીભાઈ વગેરેની સેવા નોંધપાત્ર હતી.

✧

અમદાવાદથી સૌરાષ્ટ્ર તરફ જતાં ટ્રેનમાં વિરમગામ, વાંકાનેર વગેરે સ્ટેશનોએ ભાવિકો દર્શનનો લાભ ચૂક્યા નહિ. તા. ૧૧મીએ, સવારે રાજકોટમાં, સ્વામિનારાયણ મંદિરેથી સુંદર શોભાયાત્રા કાઢવામાં આવી, જે સભારૂપે 'કોનોટ હૉલ'માં વિરમી. મ્યુનિસિપાલિટીના પ્રમુખ ચંપકભાઈ વોરા તથા જાણીતા ઉદ્યોગપતિ પ્રાણલાલ જોશીએ સ્વામીશ્રીને વિરલ સંતપુરુષ તરીકે બિરદાવ્યા. ચુનીભાઈ ચાતુર્વેદીએ લક્ષ્મીદાસ ગણાત્રા તથા અન્ય ભક્તજનોનો આભાર વ્યક્ત કર્યો હતો. રાજકોટની ધર્મપ્રેમી જનતાએ મોટી સંખ્યામાં લાભ લીધો.

અહીં બે દિવસ લાભ આપી સ્વામીશ્રી ગોંડલ પધાર્યા. અક્ષર દેરીનાં દર્શન કરી, સ્વામીશ્રીએ યાત્રાની પૂર્ણાહુતિ જાહેર કરી. અહીંથી જ ઘનશ્યામ મહારાજને સાથે લઈને નીકળ્યા હતા. યાત્રા નિર્વિઘ્ને પૂરી થાય તે માટે સ્વામીશ્રી હંમેશાં અક્ષર દેરીનાં દર્શનની ને પ્રદક્ષિણાની માનતા રાખતા.

## સમર્પણનું સાચું સ્થાન

આ અરસામાં કરજણ તાલુકાના ધાવટ ગામના એક મુમુક્ષુ, જેઓ પુનિત મહારાજના શિષ્ય હતા, તેમણે પુનિત મહારાજને વિનંતી કરી હતી કે 'મારે સાધુ થઈને તમારી સેવામાં રહેવું છે.'

સાધુ થવાની વાત આવી એટલે પુનિત મહારાજને યોગીજી મહારાજ યાદ આવ્યા. એમની સાથે તેમને ખૂબ સ્નેહ હતો. તેમણે કહ્યું : 'તમારે સાધુ જ થવું હોય તો તમે ગોંડલ યોગીજી મહારાજ પાસે જજો. હું તમને ભલામણ પત્ર લખી આપીશ. એમના જેવા સાધુ ક્યાંય નથી. ભગવાનના સાચા સંત છે. માટે સાધુ થવું હોય તો એમની પાસે જ જજો.'

પુનિત મહારાજનો ભલામણ પત્ર લઈને તેઓ ગોંડલ આવ્યા. સાથે ધાવટ ગામના પંદર ભક્તો વિદાય આપવા આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમને મુમુક્ષુ જાણી, પોતાની પાસે રાખી, પાર્ષદની દીક્ષા આપી. પાછળથી તેમને સાધુની દીક્ષા આપીને 'સાધુ મુકુન્દજીવનદાસ' નામ પાડી, સ્વામીશ્રીએ તેમને બોચાસણ મંદિરમાં રહી સેવા કરવા આજ્ઞા કરી.

## દૂધ દેતો દીકરા દેતો, દેવા જનમિયો એ તો

અહીં અડવાળના દાદુભા બાપુના પુત્ર પ્રતાપસિંહ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમનાં લગ્નને આઠ વરસ થયાં છતાં શેર માટીની ખોટ હતી. તેથી

બીજું લગ્ન કર્યું, પરંતુ તે પત્ની થોડા વખતમાં ધામમાં ગયાં. હવે ત્રીજાં લગ્નની વાતચીત ચાલવા લાગી.

પ્રતાપસિંહ દ્વિધામાં હતા કે ત્રીજાં લગ્નની વાત સ્વામીશ્રીને કરું કે ન કરું ?

બીજે દિવસે તેઓ ઠાકોરજીનાં દર્શન કરીને નીચે ઊતર્યા, ત્યારે સ્વામીશ્રી પગથિયાં પાસે રાયણના ઝાડ નીચે ઊભા હતા. પ્રતાપસિંહ પગે લાગ્યા. સ્વામીશ્રીએ આશીર્વાદના થાપા આપ્યા અને એમનો હાથ ઝાલીને અંતર્યામીપણે કહે : 'મહારાજ-સ્વામી તમારે ત્યાં દીકરો દેશે. માટે ફેર બૈરાં લાવવાનો સંકલ્પ ન કરતા. અક્ષર દેરીએ એક હજાર ને એક રૂપિયાની માનતા રાખજો.'

પ્રતાપસિંહ તો આશ્ચર્યથી આ અકારણ કરુણાને જોતાં જ રહી ગયા. સ્વામીશ્રીના આશીર્વાદથી તેમણે ફરી લગ્ન કરવાનો સંકલ્પ છોડી દીધો. અને તેમના ઘરે ટૂંક સમયમાં પારણું બંધાયું. તેમણે હર્ષભેર માનતા પૂર્ણ કરી.

✧

સમયે સમયે સ્વામીશ્રી નવદીક્ષિત પાર્ષદોને પ્રેરણાત્મક પત્રો લખતા રહેતા. વૃત્તિદ્વારે ભક્તોને સેવતા છતાં સ્વામીશ્રીના દિવ્ય હસ્તાક્ષરો, ભક્તોને એમના સાંનિધ્યનો અદ્‌ભુત અનુભવ કરાવતા. આવો જ એક પ્રેરણા પત્ર અહીંથી લખાયો, જેના શબ્દે શબ્દ હેતથી ભીંજાયેલ અને આત્મીયતાથી મઢાયેલા હતા :

*તા. ૧૪-૭-'૬૦, ગોંડલ*

*'પરમ ભગવદીય વિનુ ભગત, અરુણ ભગત તથા રણછોડ ભગત, નિરંજન ભગત તથા આનોપમ ભગત તથા સૂર્યકાંત ભગત તથા નારણ ભગત તથા પ્રભુદાસભાઈ આદી ભક્તો તથા આચાર્ય મહારાજ ભગવત્પ્રસાદાચાર્ય મહારાજ. લિ. સાક્ષાત્ સ્થાન ગોંડલ અક્ષર મંદિરથી લિ. સાધુ જ્ઞાનજીવનદાસજી તથા પ્રમુખસ્વામીના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો. તમારો પત્ર તા. ૮ તથા ૯નો મળ્યો. વિ. તમારો અભ્યાસ બરાબર ચાલે છે તેથી અમો ઘણા જ રાજી થઈ ગયા છીએ.*

*'તો તમામ ભક્તોને એવું બળ મહારાજ તથા સ્વામી તથા શાસ્ત્રીજી મહારાજ આપશે. આખું બ્રહ્માંડ ડોલશે. આપણે છેલ્લો જન્મ કરીને આવરદા હવે પૂરી કરીને સ્વામીશ્રીજીને દેહ અર્પણ કર્યો છે. તેથી સ્વામીશ્રીજી, સ્વામી શાસ્ત્રીજી મહારાજ ઘણા જ રાજી થઈ ગયા છે. તો હવે આપ રાજી રહેશો.*

*'બીજું મારા જીવનપ્રાણ ! બધા અભ્યાસ બરાબર કરશો. વિનુ ભગતે બરાબર સમય ગોઠવ્યો છે તે પ્રમાણે કરવું. ત્રીજો મુદ્દો એ છે કે નિયમ-ધર્મ-*

*મેળાવીને જમવું, સ્ત્રી-ધનનો પૂરો અભાવ કરવો; તે સ્ત્રી બ્રહ્માંડમાં ઉત્પન્ન થઈ જ નથી, દ્રવ્ય છે જ નહિ, તેમ તેમનો અભાવ કરવો. તે ત્રણ મુદ્દા તમો રાખો છો, તો તમારો ત્યાગ સ્વામીશ્રીજી તથા ભગતજી મહારાજ, સ્વામી જાગા સ્વામી, કૃષ્ણજી અદા, સ્વામી શાસ્ત્રીજી મહારાજ આપનો ત્યાગ પૂરો પાડશે. હવે ૫૧ યુવકો થાય. તે જે તૈયાર થાય તેને વાત કરશો. તે ખરી સેવા છે. ગોરધનભાઈએ ૪ તૈયાર કર્યા છે, એમ રમણભાઈ સાહેબ ! યુવકો તૈયાર કરવા ને ડંકો વગાડે તે જ કરવાનું છે. આપ બધા રાજી રહેશો.*

*'હવે ટૂંકમાં કે આપણે ખૂબ બળ રાખવું. વારાફરતી ઉપવાસ પણ કરતા રહેશો. 'ત્યાગ શોભા સંતની એમ કહે છે વેદપુરાણ, તેને મૂકી તનસુખ ઇચ્છે એ જ મોટો અજાણ.' આપણે ત્યાગ તે જ શોભા છે. રાત્રે જમશો. કારણ, અભ્યાસ કરવો તે ખાવા જોઈએ. માટે દેરીમાં બેસીને આ આશીર્વાદ પત્ર લખ્યો છે. ૫૦૦ હરિભક્તો આવ્યા છે. સમૈયા જેવું થઈ ગયું છે. રમણભાઈ દાક્તર સાહેબ ! આપ બળ રાખીને ખૂબ વાતો કરશો. હવે સોમવારે જૂનાગઢ, જેતપુર દર્શન કરીને ગોંડલ, પછી મંગળવારે ગઢડા-સારંગપુર થઈ, અષાઢ વદ ૧૩ રાજકોટ પારાયણ. આપ બધા શૂરવીર થયા તો કામ થઈ ગયું. ધોતિયાં જાડાં પહેરવા ટેવ પાડી દેવી. ઝીણું કપડું ન રાખવું.'*

## 'કામને આમ બાળી દઉં'

અહીં નવા સંત ધર્મસ્વરૂપ સ્વામી પૂજારી તરીકે સેવા આપતા હતા. તેઓ મૂળ ભાવનગર જિલ્લાના મોણપરના વતની. નામ ભવાનભાઈ કરસનદાસ પટેલ.

ધર્મપરાયણ જીવન અને સરળ પ્રકૃતિના આ ભક્તને સચ્ચિદાનંદ માધવાનંદમાં આસ્થા; પરંતુ સ્વામીશ્રીની ૬૫મી જયંતીએ વાઘા પટેલના સંપર્કથી તેઓ સ્વામીશ્રી તરફ આકર્ષાયા. વર્તમાન ધાર્યાં અને વૈરાગ્ય-ભાવનાથી પ્રેરાઈ ટૂંક સમયમાં જ તેમણે સંસારનો અંચળો દૂર કર્યો.

પ્રથમ તો તેઓ સંતસ્વામી સાથે અને પછીથી બાલમુકુંદ સ્વામી સાથે ગામડે ફર્યા. તથા સારંગપુર અને ગોંડલમાં પૂજારી તરીકે પણ સેવા આપી.

અહીં ગોંડલમાં તેમણે સ્વામીશ્રી પાસે એકાંતમાં પ્રાર્થના કરી : 'બાપા ! કામ બહુ પીડે છે.'

સ્વામીશ્રી કરુણાદૃષ્ટિથી જોતાં તરત જ બોલ્યા : 'કામને આમ બાળી દઉં, નિષ્કામી કરી દઉં, પણ મહારાજના નિયમ-ધર્મમાં દેહે કરીને ફેર ન પાડશો.'

તેઓ તો આ આશીર્વાદથી ગદ્‌ગદ થઈ ગયા. તેમને અનુભવ થયો કે તે જ ક્ષણથી મન જાણે નિર્વિકારી બની ગયું !

તા. ૧૯મીએ સ્વામીશ્રી ગઢડા પધાર્યા. દાદાભાઈ દરબાર અક્ષરનિવાસી થયા હોવાથી સ્વામીશ્રીએ કોઈ સ્વાગત વિધિ કરવાની પહેલેથી જ સ્પષ્ટ ના કહેવડાવી દીધી હતી. કોઠારી ભક્તિજીવનદાસજીએ મંદિરમાં સ્વામીશ્રીને હારતોરા કર્યા. બીજે દિવસે સ્થાનિક અગ્રણીઓએ ખૂબ આગ્રહપૂર્વક કન્યા-શાળામાં સત્કાર સમારંભ યોજ્યો. જેમાં દરબાર ભાણભાઈ, મહેન્દ્રભાઈ, ગોવિંદભાઈ વકીલ, મણિલાલભાઈ કામદાર વગેરે નાગરિકો મુખ્ય હતા. દાદાખાચરના વંશજ દરબાર ભાણભાઈએ પ્રમુખપદેથી જણાવ્યું કે 'આપે ગઢપુરમાં મંદિર બાંધી સૌને ઋણી કર્યા છે. આપે ગઢપુર પોતાનું માન્યું છે એ જ રીતે ગઢપુરની અભિવૃદ્ધિ થાય એવા આશીર્વાદ આપજો.'

ગામોગામથી હરિભક્તોનાં મંડળો અહીં દર્શને ઊમટ્યાં હતાં.

સારંગપુરમાં કોઠારી હરિજીવનદાસજીએ સ્વામીશ્રીને સત્કારવાનો લાભ લીધો. અહીંથી પાળિયાદ આવી, ઉન્નડ બાપુનાં માતુશ્રી અક્ષરનિવાસી થયાં હોવાથી તેમને આશ્વાસન આપી, જસદણ ભૂપતસિંહને ત્યાં દરબારમાં પધરામણી કરી. મોડી રાત્રે સ્વામીશ્રી રાજકોટ આવી પહોંચ્યા.

અહીં લક્ષ્મીદાસભાઈ ગણાત્રાએ પોતાના નવા મકાન 'યોગીકુંજ'ના વાસ્તુ નિમિત્તે સુંદર પારાયણનું આયોજન સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં કર્યું હતું. દૂર દૂરથી ઘણા હરિભક્તો પારાયણનો લાભ લેવા આવ્યા હતા. ગણાત્રા સાહેબે પોતાના તમામ 'લાયન' મિત્રોને સ્વામીશ્રીનાં દર્શનનો લાભ અપાવ્યો, તેમજ પોતાના મિલનસાર સ્વભાવથી શહેરના અગ્રણી વેપારીઓ, અમલદારો વગેરેને પણ સ્વામીશ્રીનો યોગ કરાવ્યો. રતિભાઈ, ચુનીભાઈ, શંભુસિંહ, ઘનશ્યામભાઈ દલ વગેરે યુવાનોએ સારી સેવા બજાવી. વડીલોમાં નારણભાઈ શેઠ, અનડા સાહેબ, મોહનલાલ અજાગિયા, ભાનુભાઈ ગઢિયા વગેરેએ સારો સહકાર આપ્યો.

પારાયણની પૂર્ણાહુતિ કરી, સ્વામીશ્રી ગોંડલ થઈ, સુરેન્દ્રનગર ત્રિકમભાઈને ત્યાં પધાર્યા. અહીં સ્વાગતયાત્રા પછી પબ્લિક લાઇબ્રેરીમાં સાંજે સભા યોજાઈ. કલેક્ટર ચુડાસમા સાહેબ સ્વામીશ્રી સાથેના અપાર સ્નેહને કારણે શોભાયાત્રામાં ઠેઠ સુધી શહેરના રાજમાર્ગો ઉપર ચાલ્યા. આ જોઈ સુરેન્દ્ર-નગરની જનતા ભારે વિસ્મય પામી હતી. સૌને સ્વામીશ્રીનો વિશિષ્ટ મહિમા સમજાયો હતો.

## રમૂજમાં પણ દિવ્ય દૃષ્ટિ

બીજે દિવસે સવારે ધ્રાંગધ્રામાં એક હરિભક્તના ઘરે સ્વામીશ્રીએ પધરામણી કરી. સ્વામીશ્રીને પધરાવવા માટે સુંદર આસન તૈયાર કરેલું. તેના ઉપર એક બાળક સૂઈ ગયો હતો. તેને જોઈને સ્વામીશ્રી બોલ્યા : 'અહોહો ! આ તો મુક્તરાજ સૂતા છે.'

સ્વામીશ્રી આવતાં જ કોઈએ તેને જગાડી દીધો. તે આંખો ચોળતો સ્વામીશ્રી તરફ જોવા લાગ્યો. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અહીં સૂવા માટે તો સાધુ થવું પડશે.'

પોતાના જ આસન ઉપર સૂઈ ગયેલા એક નાનકડા બાળકને પણ સ્વામીશ્રી 'મુક્તરાજ' કહી સંબોધે છે. ગમે તે ક્ષણે, ગમે તે સ્થિતિમાં એમની દિવ્ય દૃષ્ટિ આપોઆપ છતી થઈ જતી. એમને કોઈ આસનનું બંધન નહોતું, છતાં નાની વાતને પણ રમૂજમાં વાળી લઈ એમણે સિદ્ધાંત પ્રદર્શિત કર્યો.

અહીંથી મૂળી મંદિરે પધાર્યા. કોઠારી સ્વામીએ બપોરે ૧૨-૩૦ વાગે સ્વામીશ્રી માટે ઠાકોરજી તથા હિંડોળાનાં દર્શન ખુલ્લાં રાખ્યાં હતાં. બપોરે ૩-૧૫ વાગે સુરેન્દ્રનગર જમીને સ્વામીશ્રી વઢવાણ મંદિરે દર્શન કરી, પધરામણીઓ કરી, ટ્રેનમાં રાત્રે ૧૨ વાગે અમદાવાદ આવી, ૧-૦૦ વાગે આરામમાં પધાર્યા.

## સ્મરણ કરતાં સુખ જ થાયે

બીજે દિવસે સાંજે ક્વીનમાં સ્વામીશ્રી આણંદ પધારવાના હતા. ચરોતરના કેન્દ્ર સમા આણંદમાં સ્વામીશ્રીના સ્વાગત માટે હરિભક્તોનો ઉત્સાહ અનેરો હતો. ગામેગામથી હરિભક્તો આવ્યા હતા. છેલ્લા ૧૦-૧૫ દિવસથી વરસાદ ન હતો, પણ આજે એકાએક વરસાદ શરૂ થયો. અમદાવાદથી બોરિયાવી સુધી ધોધમાર વરસાદ હતો. શોભાયાત્રામાં જરૂર વિક્ષેપ પડશે, એમ ધારી સૌ ભક્તો પ્રાર્થના કરવા લાગ્યા. આણંદની આજુબાજુ બધાં ગામોમાં વરસાદ ચાલુ હતો, પણ એકલું આણંદ શહેર જ વરસાદથી બચી ગયું. સાંજે ૬-૧૫ વાગે સ્ટેશનથી સ્વામીશ્રીની સ્વાગતયાત્રા શરૂ થઈ અને આખા શહેરમાં જયજયકાર થઈ ગયો.

આ પ્રસંગે ચરોતરના હરિભક્તોને સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ મળે એ હેતુથી, નાના અડધમાં, પાટીદારની વિશાળ ધર્મશાળામાં રાવજીભાઈ

નારણભાઈએ 'સત્સંગિજીવન'નું પારાયણ યોજ્યું. પ્રમુખસ્વામી કથામૃતનો લાભ આપતા હતા. સાંજે 'સ્વામીની વાતો'નું પારાયણ થતું.

અહીંથી એક દિવસ સ્વામીશ્રી બોચાસણ મંદિરે દર્શને પધાર્યા અને અક્ષર સ્વામી અને કોઠારી ભક્તિવલ્લભ સ્વામીને મળી, શ્રાવણ સુદ ૧૧ને દિવસે બપોરે ૨-૩૦ વાગે વરતાલ પધારી, ગોમતીએ દર્શન કરી, કોઠારી ગોવિંદ ભગતને મળ્યા. પરદેશયાત્રાને કારણે લાંબા સમયે સ્વામીશ્રીનાં દર્શન થતાં વડતાલના આ પીઢ કોઠારી એકદમ ગળગળા થઈ બોલ્યા : 'સ્વામી ! જ્યારે જ્યારે આપને સંભારીએ છીએ, ત્યારે અંતરમાં શાંતિ થાય છે અને મુશ્કેલીઓ દૂર થાય છે.'

આજે સૂતરના હિંડોળા શણગાર્યા હતા. તેમાં ઠાકોરજીનાં દર્શન કર્યાં. દરેક સ્થાનનાં દર્શન કરી, જ્ઞાનબાગમાં ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીના ઓટે પણ સ્વામીશ્રી દર્શને પધાર્યા. થોડા વખત પહેલાં અહીંના કેટલાક શિક્ષકોએ સ્વામીશ્રી પાસે નિશાળ માટે મકાન મળી જાય તેવા આશીર્વાદ માગ્યા હતા. સ્વામીશ્રીની પ્રાર્થનાથી આ પ્રસાદી સ્થાનમાં આવેલા મકાનમાં જ નિશાળનું આયોજન થઈ ગયું. મૅટ્રિકનો વર્ગ પણ અહીં શરૂ કરવો, એવા રૂડા આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'અહીં ભણતા વિદ્યાર્થી સંસ્કારી થાય, સદાચાર ને નીતિમય ધાર્મિક જીવન જીવે.'

વર્ષમાં એક-બે વાર સ્વામીશ્રીને વિદ્યાનગરમાં પધરાવતા, 'ભગત' તરીકે ઓળખાતા નાપાડના ઉત્સાહી યુવાન ગોરધનભાઈએ આ વખતે પણ સ્વામીશ્રીને વિનંતી કરી. તા. ૬-૮-'૬૦ના સાંજે, રામકૃષ્ણ મિશન હૉલમાં તેમણે સત્સંગ સભા યોજી હતી. હર્ષદભાઈ, મણિભાઈ વગેરે ભક્તોએ આગળ જઈ, યુવાનોને સંબોધ્યા. સ્વામીશ્રી પધરામણીને કારણે સાંજે છેક ૬-૪૫ વાગે સભામાં પધાર્યા. યુવાન વિદ્યાર્થીઓ તથા પ્રૉફેસરોથી હૉલ ચિકાર ભરાઈ ગયો હતો.

*'હાંજી ભલા સાધુ...'* એ કીર્તન પોતાની લાક્ષણિક શૈલીમાં નિરૂપી સ્વામીશ્રીએ સૌ યુવાનોને બ્રહ્મના આનંદની અનુભૂતિ કરાવી. ગણિતના પ્રો. ડી.એચ. પટેલ તથા દવે સાહેબે પ્રાસંગિક પ્રવચનો કર્યાં. આ કાર્યક્રમમાં જીવાભાઈ, શનુભાઈ વગેરેએ સારો સાથ આપ્યો.

શ્રાવણ સુદ ૧૫, સવારે પારાયણની પૂર્ણાહુતિ થઈ. આ શુભ પ્રસંગે વિદ્યાનગરમાં ગુરુકુળ સ્થાપવાનો નિર્ણય સભામાં જાહેર કરાયો. આ પહેલાં ભાઈકાકાએ પણ સ્વામીશ્રીને છાત્રાલય કરવા જમીન બતાવી હતી, પરંતુ આણંદના શાસ્ત્રીજી મહારાજના શૂરવીર ભક્તરાજ કેશવલાલ પ્રાગજીના પૌત્ર,

સેવાભાવી ભક્ત અંબાલાલ કરસનદાસે આણંદ-વિદ્યાનગરના માર્ગ ઉપર, સવા વીઘાની પોતાની કિંમતી અને મોકાની જમીન ગુરુકુળ માટે સંસ્થાને અર્પણ કરી.

સત્સંગી કુટુંબમાં જન્મ છતાં અંબાલાલભાઈ સત્સંગ-પ્રવૃત્તિથી ઘણા દૂર હતા. સામાજિક પ્રવૃત્તિમાં તેમનું જીવન વધુ વ્યસ્ત હતું. 'ગામ-સફાઈ' તથા 'અસ્પૃશ્યતા નિવારણ' જેવા ગાંધી ચીંધ્યા કાર્યક્રમોમાં તેઓ રત રહેતા.

તેમને સ્વામીશ્રીનાં સૌ પ્રથમ દર્શન અમદાવાદમાં થયેલાં. સવારે કથા ચાલુ હતી ત્યાં તેઓ સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. આમ તો સામાજિક પ્રતિષ્ઠાના લોભે તેઓ સમાજ-સેવામાં જોડાયા હતા. અને હરિજન-વાસમાં જઈ સમાજ-ઉત્કર્ષનાં કામોમાં સમય આપતા. વળી, ધનપ્રાપ્તિ માટે પણ કંઈ કેટલા નુસખાઓ અજમાવેલા. તેમાં જમીનની દલાલીના ધંધામાં પણ ઝંપલાવ્યું હતું. અંતે આ નીતિહીન અને દયાહીન ધંધાની તેમને સૂગ ચડવા લાગી. દેશકાળે પણ મોટો ધક્કો માર્યો. તેમાં વળી સંબંધીઓએ તેમની પાંચ લાખ રૂપિયાની કિંમતની મિલકત કેવળ પચાસ હજારમાં હડપ કરી લીધી. આ બધા ઉપરાઉપરી બનતા બનાવોથી અંબાલાલને કોઈ સમર્થ સહારાની જરૂર વર્તાવા લાગી. તેમને લાગ્યું કે 'આવી જિંદગી કરતાં તો મોત સારું.'

પૂર્વજોના સત્સંગના પુણ્ય પ્રતાપે તેઓ અહીં આવી પહોંચ્યા હતા. સભા પછી સ્વામીશ્રીનાં ચરણે લેખિત અરજી મૂકી : 'હે બાપા ! આજે મૃત્યુ માગવા આવ્યો છું. આવા ઘેરા ઘાની વેદના સહન થતી નથી.'

સ્વામીશ્રી આ ચિઠ્ઠી વાંચી કરુણાર્દ્રભાવે અંબાલાલ સામે જોઈ રહ્યા. માથે અને છાતીએ હાથ ફેરવ્યો અને ઊભા થઈને ભેટી પડ્યા. અંબાલાલને લાગ્યું કે આવી જ કોઈ દિવ્ય, અપૂર્વ શાંતિની જ મને જરૂર હતી. તેમની વેદના હળવી થતી ગઈ. તેમના અંતરમાં શાંતિનો શેરડો પડ્યો. સ્વામીશ્રીએ પૂછ્યું : 'સમાગમમાં રોકાશો ?' અને તેમણે સ્વામીશ્રીનો સમાગમ કર્યો. સાંખ્યની, સમજણની વાતોથી તેમને ખૂબ શાંતિ થઈ. જ્યારે રજા આપી ત્યારે સ્વામીશ્રી કહે : 'જાઓ, પેઢી મારી છે. મુનિમ તરીકે તમે કામ કરજો !'

અને સ્વામીશ્રીની કૃપાથી તેઓનાં તમામ દુઃખ વિસારે પડતાં ગયાં. તેમનું જીવન સત્સંગ પરાયણ અને સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર સાચા સત્સંગીનું જીવન બની ગયું. તેથી સ્વામીશ્રીની સાધુતાથી આકર્ષાઈ તેમણે સત્સંગને જ પ્રધાન કરી દીધો. અને પોતાની સારામાં સારી જમીન સંસ્થાને સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ માટે અર્પણ કરી.

પૂર્ણાહુતિના પૂજન પછી શોભાયાત્રા નીકળી. જેમાં ભક્તોએ ખૂબ ગુલાલ ઉડાડ્યો. મણિભાઈ નારણભાઈ, મણિભાઈ જીવાભાઈ, જીવાભાઈ ભગત તથા અંબાલાલ કરસનદાસ વગેરે ભક્તોએ સારો સહકાર આપ્યો.

સ્વામીશ્રી અટલાદરા પધાર્યા.

## અંતર્યામીના સહારે

વડોદરાથી ક્વીનમાં સુરત પધાર્યા. આ પ્રસંગે મુંબઈથી નવદીક્ષિત નવ પાર્ષદો - જેમને સ્વામીશ્રી 'નવ યોગેશ્વર'ના હુલામણા નામથી બોલાવતા, તેમને સ્વામીશ્રીએ ખાસ તેડાવ્યા હતા. વહેલી સવારે સ્વામીશ્રી નવા ભગતોની પ્રતીક્ષા કરી રહ્યા હતા. જેવા સૌ ટ્રેન ઉપરથી આવ્યા, સ્વામીશ્રી સૌને દૃષ્ટિદ્વારે એકીસાથે મળ્યા. પછી વિનુ ભગતથી શરૂ કરીને એક એક ભગતને પોતાના કોમળ બાહુપાશમાં સમાવી લઈને ભેટ્યા. સૌને જોઈને એટલો બધો હરખ એમના મુખારવિંદ ઉપર ઊભરાતો હતો કે પોતે બોલી શકતા નહોતા.

આટલી બધી અધીરાઈ શા માટે ? હજુ તો પોતે નિત્યકર્મથી પરવાર્યા નથી; પણ પોતાને માટે કુરબાનીને વરી ચૂકેલા નવલોહિયા સાધક ભક્તોને જોઈને એમના આનંદનો કોઈ અવધિ રહ્યો નહોતો. આંખ અને વાણીથી અત્યંત આદર આપ્યો અને અમારા સંસ્કૃત-અભ્યાસ વિશે પૂછવા લાગ્યા.

એ વખતે અમે મુખ્યત્વે વ્યાકરણમાં કૌમુદીનો અભ્યાસ હિંદીભાષી પંડિત નંદકિશોરજી પાસે કરતા. દેશમાં ભણેલા યુવકો શાળા-કૉલેજમાં હિંદી અને સંસ્કૃત ભણી ચૂકેલા એટલે સહેજે ફાવે; પણ મહેન્દ્ર ભગતે આફ્રિકામાં અભ્યાસ કરેલો, પોતે હિંદી જ બરાબર સમજી શકતા નહિ એટલે સંસ્કૃત સમજવામાં તેમને ઘણી મુશ્કેલીઓ પડતી. બીજા પાર્ષદોને સારું ફાવી ગયું હતું, પરંતુ મહેન્દ્ર ભગત અભ્યાસમાં પાછળ રહેવા લાગ્યા. પરિણામે તેમને મનમાં મૂંઝવણ રહ્યા કરે કે સંસ્કૃતનો અભ્યાસ કઈ રીતે થશે ?

સંસ્કૃત-અભ્યાસ અંગે સ્વામીશ્રીએ ખાસ પૂછપરછ શરૂ કરી અને સંસ્કૃતનો પાઠ લેવા લાગ્યા, ત્યારે સૌ પાર્ષદો કૌમુદીનાં સૂત્રો સારી રીતે બોલી જતા હતા. પરંતુ મહેન્દ્ર ભગત બરાબર રજૂ કરી શક્યા નહિ. આથી પોતે મનોમન બહુ નિરાશ થયા.

થોડા દિવસ સ્વામીશ્રીએ સૌને પોતાની પાસે રાખ્યા. દર્શન, સમાગમ ને સાંનિધ્યનું અપાર સુખ આપ્યું. પછી મુંબઈ જવાની રજા આપી. સૌ વારાફરતી

સ્વામીશ્રીને પગે લાગી રજા લઈ રહ્યા હતા. નિયમ-ધર્મ, કથાવાર્તા તથા સેવા-ભક્તિમાં દઢપણે રહીને સંસ્કૃતનો અભ્યાસ સારી રીતે કરવા સ્વામીશ્રીએ સૌને શિખામણ આપી.

એ વખતે મહેન્દ્ર ભગત નજીક આવ્યા. જાણે તેમનું અંતર વાંચતા હોય એમ સ્વામીશ્રીએ ઉત્સાહભેર થાપો મારતાં કહ્યું : 'જાવ, સંસ્કૃત આવડશે.'

તેમણે અત્યાર સુધી અભ્યાસ અંગેની પોતાની મુશ્કેલી સ્વામીશ્રીને જણાવી જ ન હતી, પણ સ્વામીશ્રીએ સામેથી આશીર્વાદ આપ્યા. મુંબઈ પહોંચ્યા બાદ મહેન્દ્ર ભગતને અભ્યાસમાં એકદમ સમજ પડવા લાગી. બધાની સાથે અભ્યાસમાં રહેવા લાગ્યા. જાણે ચમત્કાર થયો હોય, એવું તેમને લાગ્યું.

## જીવના માવતર

સુરતમાં એક દિવસ સંધ્યા આરતી પછી અમે નવ પાર્ષદો સ્વામીશ્રીને વીંટળાઈને બેઠા હતા. અમારી સાથે વાતો કરતાં સ્વામીશ્રી એકાએક બોલ્યા : 'અમે તમને કેવા ફોસલાવ્યા ?'

આ શબ્દો સાંભળતાં જ અમને સૌને આશ્ચર્ય થયું કે સ્વામીશ્રી આમ કેમ કહે છે ?! જો ફોસલાવ્યા હોય તો તો આપણે ફસાઈ ગયા કહેવાઈએ. એટલે તુરત અમે પૂછ્યું : 'બાપા ! ફોસલાવ્યા ગણાય ?'

'અમે તો તમને બધાને હેત કરીને, સમજાવીને, મોક્ષ માટે આ માર્ગે વાળ્યા છે...' સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી.

બાળકને ઘણી વાર સાચી વાત સમજાવવા માટે પણ માબાપ જેમ ફોસલાવે, એમ જીવનાં માવતર એવા સ્વામીશ્રી સૌને ફોસલાવે જ છે ને ! નહિતર માયાનો જીવ ભગવાનને માર્ગે ક્યારેય જાગ્રત થાય ખરો !

એક રાત્રિસભામાં સુરત યુવક મંડળે તૈયાર કરેલ હસ્તલિખિત અંક 'જ્ઞાન સ્મૃતિ' સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટિત કર્યો અને તે જ સમયે સભામાં સ્વામીશ્રીએ અંકમાંથી ચાર-પાંચ મનનીય લેખનું વાચન કરાવ્યું.

હસ્તલિખિત અંક પ્રકાશન પ્રવૃત્તિને સ્વામીશ્રી ખૂબ પ્રોત્સાહન આપતા. જાહેર સભામાં એવા તો ઉત્સાહથી એનું ઉદ્‌ઘાટન કરતા કે એક એક યુવકના અંતરમાં સ્વામીશ્રીની કદરદાનીનો આનંદ છવાઈ જાય. પોતે રસ લઈ લેખો ને કાવ્યો વંચાવતાં. અંકનું સુશોભન જોતાં અને સભા વચ્ચે જ યુવકો સાથે ઓતપ્રોત થઈ, અંકમાં આશીર્વાદ લખી આપતા. એમની આ આત્મીય ચેષ્ટાથી યુવકોમાં

એટલું બધું બળ પ્રેરાતું કે તેમને હંમેશાં રટણ રહેતું કે 'સારામાં સારો અંક તૈયાર કરવો છે, બાપાને રાજી કરવા છે.' આમ, યુવકો પણ સ્વામીમય બની જતા.

વલસાડ લોકલમાં તા. ૧૨મીએ રાત્રે ૮-૪૫ વાગે બિલીમોરા આવી પહોંચ્યા. મુંબઈથી ઘણા હરિભક્તો અહીં સમાગમનો લાભ લેવા આવ્યા હતા. પધરામણીઓ રાખી ન હતી તેથી સવારથી જ કથાવાર્તાનો અખાડો શરૂ થયો. એક પછી એક વચનામૃતો વંચાવી સ્વામીશ્રી સમજાવતા હતા. હરિભક્તો પ્રશ્નો પૂછે. સ્વામીશ્રી એના સચોટ જવાબો આપે. કેટલાંક રહસ્યોને ઉકેલવા સ્વામીશ્રી સામા પ્રશ્નો પૂછે. હરિભક્તોની પરીક્ષા થઈ જાય. સૌ એકબીજા સામું જુએ. પ્રશ્નોનું નિરાકરણ સૌ પોતાની સમજણ પ્રમાણે કરવા જાય પણ મૂંઝાય. છેવટે મંદ મંદ હસતાં સ્વામીશ્રી એનો એવો સચોટ ઉત્તર આપે કે સૌનો સાક્ષી ભેદાઈ જાય. લોયા ૧૭, કારિયાણી ૧૧, ૧૨ વગેરે વચનામૃતો અદ્‌ભુત રીતે નિરૂપી, બ્રહ્મરસયુક્ત પરાવાણીનો આસ્વાદ સ્વામીશ્રીએ સૌને કરાવ્યો.

પ્રાણલાલભાઈ, હીરાલાલ તથા શાંતિલાલ શેઠે સૌની સારી સરભરા કરી. નવા પાર્ષદોને સ્વામીશ્રીએ અહીંથી વિદાય આપી. અને રવિવારે વહેલી સવારે ગુજરાત ક્વીનમાં નીકળી તેઓ અટલાદરા પહોંચ્યા.

આજે અટલાદરામાં જન્માષ્ટમીનો સમૈયો ભારે ઉત્સાહપૂર્વક ઊજવાયો. નિર્જળા એકાદશી છતાં કથાવાર્તાનો અખાડો સ્વામીશ્રીએ ચાલુ રાખ્યો. આફ્રિકાના હરિભક્તો ત્રિભોવનદાસભાઈ, અંબાલાલભાઈ તથા લંડનથી બૅરિસ્ટર થઈ આવેલા મહેન્દ્રભાઈએ આફ્રિકા અને લંડનના સત્સંગની - મહિમાની સુંદર વાતો કરી. રાત્રે ૧૨-૦૦ વાગે જન્મોત્સવની આરતી પછી પણ સ્વામીશ્રીએ સભા ચાલુ રાખી હતી. 'સૌના દેશકાળ સુધરે અને સદાય સુખી રહે' તેવા રૂડા આશીર્વાદ પાઠવી, પ્રસાદ વહેંચાવી, મોડી રાતે સ્વામીશ્રીએ સભાની સમાપ્તિ કરી.

બીજે દિવસે સૌ વિખરાયા. સ્વામીશ્રી સભામંડપમાં બિરાજમાન હતા. ત્યારે ભંડારી સાધુ સ્વામીશ્રી પાસે આવ્યા ને પૂછ્યું : 'બાપા ! ખીચડી ઘણી વધી છે. તે શું કરશું ? ઢોરને નાખી દઈએ ?'

સ્વામીશ્રીએ તરત જ નડિયાદના પ્રેમજીભાઈ બેચરભાઈને બોલાવ્યા અને કહ્યું : 'નડિયાદ મંડળ સેવામાં છે તેમને કહો, ખીચડી-કઢી જમી લે.'

ત્યારે મંડળના મોવડી કૃષ્ણાભાઈ કહે : 'બાપા ! બધાને શ્રાવણ માસનાં એકટાણાં ચાલે છે.'

'તોપણ જમી લ્યો. આજ્ઞા પાળો.' સ્વામીશ્રીએ કહ્યું : 'સૌને એકટાણું થઈ ગયું. આપણે ખીચડી નાખી દેવી નથી. હરિભક્તોને જમાડવી છે.'

સૌએ પ્રેમપૂર્વક આજ્ઞા પાળી લીધી. 'આજ્ઞા સર્વ સાધનમાં શ્રેષ્ઠ છે,' તેવી સમજણ ભક્તોને દૃઢ થઈ.

આ અરસામાં ડૉ. પુરુષોત્તમભાઈ ફાઇનલ G.F.A.M.માં હતા. ત્યારે કૉલેજમાં હડતાલ હતી, તેથી સહકુટુંબ સ્વામીશ્રીનાં દર્શને અટલાદરા આવ્યા. અહીં સ્વામીશ્રીએ તેમને બોલાવીને પૂછ્યું : 'હું કહું તેમ કરશો ?'

'હા બાપા ! તમે જેમ કહેશો તેમ કરીશ.'

પોતાની મરજીમાં તેઓ ભળ્યા એટલે સ્વામીશ્રી રાજી થઈને બોલ્યા : 'મારે તમને ત્રણ સેવક આપવા છે. તેમાંથી બે તમારા અને એક અમારો. આપણે તો શાસ્ત્રીજી મહારાજની સંસ્થાને વધારવી છે. બોલો, હા પાડશો ને ?' તેમણે તરત જ હા પાડી.

આ વાત થઈ ત્યારે તેમને એક પુત્રી જ હતી, પરંતુ સ્વામીશ્રીના આશીર્વાદથી તેમને ત્રણ પુત્રો થયા.[૧૦]

## શ્રીનગરથી સ્વસ્તિ-વચનો

પછી આશી, હરમાનભાઈને ત્યાં ઠાકોરજી જમાડી, સાંજે બોચાસણ દર્શન કરી, રાત્રે ૧૧-૦૦ વાગે અમદાવાદ આવી પહોંચ્યા.

વિદેશયાત્રા પછી ગામોગામ પારાયણનું આયોજન થઈ રહ્યું હતું. જે નિમિત્તે હરિભક્તોને સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો વિશેષ લાભ મળતો. અમદાવાદના ભક્તરાજ દેવજીભાઈના અક્ષરનિવાસ નિમિત્તે તેમના સુપુત્ર ગોરધનભાઈ દ્વારા તથા શેઠ ચંપકભાઈ બૅંકરનાં ધર્મપત્નીના અક્ષરનિવાસ નિમિત્તે અહીં પારાયણનું આયોજન થયું. શ્રાવણ વદ ૧૦, તા. ૧૬મીથી 'હરિલીલાકલ્પતરુ'ના બીજા સ્કંધની પારાયણનો પ્રારંભ ચીમનલાલ શાસ્ત્રીએ કર્યો.

શહેરના દૂર દૂર ખૂણેથી હરિભક્તો પ્રભાતના મંગળ પ્રવચનનો લાભ લેવા દોડી આવતા. બ્રાહ્મમુહૂર્તમાં સત્સંગના મહિમાની અદ્‌ભુત વાતો કરી, સ્વામીશ્રી સૌને જ્ઞાનનું સારું ભાથું બંધાવતા. ખાસ કરીને યુવાનો આનો વિશેષ લાભ લેતા. રાત્રે જાહેર સભામાં પણ સ્વામીશ્રીની અમૃત વાણીનો લાભ લેવા મોટી સંખ્યામાં

---

૧૦. તેમાંથી સૌથી મોટા પુત્ર ચંદ્રકાંતને ૧૯૮૧માં પ્રમુખસ્વામીને અર્પણ કર્યા. પ્રમુખસ્વામી મહારાજે તેને દીક્ષા આપી, સાધુ ઉત્તમચરણદાસ નામ પાડ્યું.

સૌ એકત્રિત થતા. રાત્રે એક કલાક છગનભાઈ તથા જયંતભાઈ ટાંક તેમજ અમદાવાદ સંગીત મંડળ કીર્તન-ભક્તિનો લાભ આપતા. તે પછી સ્વામીશ્રી યુવકો પાસે ગુજરાતી તેમજ અંગ્રેજીમાં પ્રશ્નોત્તર કરાવતા; ગોરધનભાઈ બ્રહ્મભટ્ટની દોરવણી નીચે દિનેશ ભગત તથા જગદીશ ત્રિપાઠી વગેરે યુવકોએ સારું આયોજન ગોઠવ્યું હતું. વિવિધ સેવાઓમાં પણ યુવકો ખડે પગે રહેતા.

આ પારાયણ દરમ્યાન, તા. ૨૦-૮-'૬૦ના સ્વામીશ્રીએ 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સુંદર આશીર્વાદ પત્ર લખ્યો :

*'હરિલીલાકલ્પતરુ'ની પારાયણનો શુભ દિવસ.*

*'અહોહો ! અમદાવાદ 'હરિલીલાકલ્પતરુ'ની શુભ પારાયણ કરાવે છે, તે અમદાવાદના તમામ હરિભક્તોને અણમોલો ઉત્તમ અવસર આવ્યો છે, તો સૌએ લાભ લેવો. પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજને 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથ અતિ પ્રિય ને તેમની કથા કરાવતા ને જૂનાગઢમાં પોતે કથા કરેલી. તે સ્વામી શાસ્ત્રીજી મહારાજ કહેતા જે, આપણે તે ગ્રંથની કથા કરાવીએ, એમ ચંપકલાલ શેઠને વાત કરતા. તે સ્વામીને શુભ સંકલ્પે તે ગ્રંથ મળી આવ્યો, તે અત્યારે અમૃતનું પાન સૌ સંતો-હરિભક્તો કરી રહ્યા છે. તેમાં સૌને સાંભળનારને પરમ શાંતિ થાય છે ને સુખ આવે છે. તો આ શ્રાવણ માસ છે તથા સાબરમતીનો કિનારો છે. અમાસે પૂર્ણાહુતિ થઈ જશે ને જયજયકાર થઈ જશે. માટે અમદાવાદના હરિભક્તોને ધન્ય છે. આવો સમય સાચવ્યો છે તો ધન્ય છે. તો હવે આપણે એક સંપથી જો સત્સંગ વધારવાનું કામ ઉપાડીશું, તો સ્વામીશ્રીજી તથા સ્વામી શાસ્ત્રીજી મહારાજ ઘણા જ રાજી થશે. માટે આપણે સત્સંગ વધારવો. જુઓ અમો આફ્રિકાથી આવ્યા બાદ, ગામોગામ પારાયણ કરવા લહાવો લેવા આમંત્રણ આપે છે. જુઓ, કેટલો સત્સંગ વધ્યો છે તે ખાતરી થાય છે. તો હવે આપણે સૌ સંપીને સ્વામીશ્રીજી તથા પરમ પૂજ્ય સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજને ધારીને કામ કરવું. એ જ.'*

શ્રાવણ વદની સોમવતી અમાસે સવારે ૬-૦૦ વાગે લગભગ ૨,૦૦૦ જેટલા ભક્તો સાથે ધૂન-ભજન કરતાં સ્વામીશ્રી નારાયણ ઘાટ સ્નાન કરવા પધાર્યા હતા. સ્નાનાદિકથી પરવાર્યા પછી મંદિરના ચોગાનમાં સભા થઈ હતી. સૌ હરિભક્તોએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. ૯-૩૦ વાગે વાજતે-ગાજતે પાછા શાહીબાગ મંદિરે પધાર્યા. આજે પારાયણની પૂર્ણાહુતિ કરી. ત્યારે પણ ભક્તોએ પૂજનનો લાભ લીધો. આમ, હરિભક્તો ખૂબ ઉત્સાહથી જ્યારે તક મળે ત્યારે

સ્વામીશ્રીનાં પૂજનનો લાભ છોડતા નહીં. આજે સમગ્ર સત્સંગ-સમાજે મંદિરમાં પ્રસાદ લીધો હતો. ચરોતર, ઉત્તર ગુજરાત તથા કાઠિયાવાડના ઘણા ભક્તો આ પ્રસગે હાજર હતા.

અહીં એક વખત રાજપુરવાળા સોમચંદભાઈએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી : 'બાપા ! ધંધો-રોજગાર ચાલતો નથી અને દેશકાળ બહુ કપરા છે.'

એકદમ આનંદમાં આવી જઈ આશીર્વાદનો થાપો આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'મોટા શેઠિયા કરવા છે.' એમ કહી તેમને ઠાકોરજીનો હાર પહેરાવ્યો.

બાજુમાં અંબાલાલ બકરી પોળવાળા ઊભા હતા. તેમણે કહ્યું : 'બાપા ! તેમને શેઠિયા બનાવશો તો અમને નહીં ? અમારો શો ગુનો છે ?'

સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'ગુરુ ! તમે તો શેઠિયા છો જ ને !'

અને સ્વામીશ્રીના આશીર્વાદથી સોમચંદભાઈ કાપડના ધંધામાં ખૂબ આગળ વધ્યા અને ખરેખર શેઠિયા થઈ ગયા. તેમણે સ્વામીશ્રીના વચને ખૂબ સેવા કરી.

બીજે દિવસે સ્વામીશ્રી સૌરાષ્ટ્ર મેલમાં બપોરે ૧-૩૦ વાગે રાજકોટ આવ્યા. અદાની દેરીએ તથા મંદિરે દર્શન કરી, ગુરુકુળમાં શાસ્ત્રી ધર્મજીવન-દાસજીને મળીને રાત્રે ૮-૪૫ વાગે ગોંડલ આવી પહોંચ્યા.

ભાદરવા સુદ બીજ, તા. ૨૪મીથી આફ્રિકા નિવાસી ગોકુળદાસ વલ્લભદાસનાં માતુશ્રીની પાછળ 'સત્સંગિજીવન' તથા 'વાસુદેવ માહાત્મ્ય'ની પારાયણનો પ્રારંભ થયો.

## મને બીજી વાત નથી આવડતી

અહીં એક દિવસ સ્વામીશ્રીએ મંદિરના સંતો અને પાર્ષદોને બોલાવી કોઠારમાં વાત કરતાં કહ્યું :

'બધી સેવામાં આપણે ઘરધણી થવું. ગાદલાં-ગોદડાં જ્યાં ત્યાં પડ્યાં હોય તો ઠેકાણે મૂકીએ. સાધુએ સાત સમેલિયા થવું. બધે ફરવું ને કામ તપાસવું. મમત્વ રાખવું. હું વાતવાતમાં ભીડાની વાત કરું છું. મને બીજી વાત નથી આવડતી.

'પૂજારીએ વાઘા, સાફા સરખા સંકેલીને મૂકવા. ઉંદર કાપી ન જાય. ને થાળ લઈને જઈએ ત્યારે ઊની કઢી ન લઈ જાવી. ને થાળ મૂકીને સૂઈ ન જાવું. વીસ મિનિટ થાળ રાખવો. થાળ બોલવો. પંખો નાખવો ને ભાવથી થાળ જમાડવો. ને રસોઈ ખાંતે કરવી. લાડવામાં ખાંડ દળીને નાખવી. શાક પણ

ઠાકોરજીનું સારું કરવું. મરચું બહુ ન નાખવું. ચોખા, દાળ હાથે (પોતે) જોવા. લોટ ઉપર રોજ થાળી ફેરવવી. નળે ગળણું બાંધવું. ટાંકી અઠવાડિયે ધોઈ નાખીએ. ઠાકોરજીનું દાતણ સરખું કચરવું. રાત્રે પલાળી રાખવું. ઠાકોરજીને કોગળા કરાવવા. આમ, બધી સેવામાં ખટકો રાખવો. તો શાસ્ત્રીજી મહારાજ રાજી થાય, ને મહારાજ વરણીય થાય.'

પછી કહે : 'મારી એકની એક જ વાત છે. કોઈ સાધુ, ભગત કે હરિભક્ત માંદો-સાજો હોય એને નભાવી લેવો, સેવા કરવી, પણ હુંકારો-તુંકારો ન કરવો. સ્વામીએ શું કહ્યું છે કે 'આજનો આવેલો હોય ને વીસ વરસ માંદો રહે તોપણ નભાવવો.'

'બીજી વાત, પંગત-ભેદ ન કરવો. શાસ્ત્રીજી મહારાજ પોતા માટે સાધુએ ઢાંકી રાખ્યું હોય, ને હરિભક્ત આવે તો દૂધપાક, માલપૂઆ હોય તોપણ હરિભક્તોને જમાડી દે ને પોતે વધ્યું-ઘટ્યું જમી લેતા. અમે પણ શાસ્ત્રીજી મહારાજની રીત રાખી છે. અને આ પ્રમુખસ્વામી પણ એ જ રીતે વર્તે છે. પ્રમુખસ્વામી પણ ગમે તેવી સારી ચીજ બીજા હરિભક્તોને જમાડીને રાજી થાય છે અને પોતે વધ્યું-ઘટ્યું જમી લે છે. બીજાને ખબર પણ પડવા દે નહીં. આવું ઘણી વખત નજરે જોયું છે.'

પછી જૂની વાત સંભારતાં કહે : 'એક વાર મેંગણી દરબાર રાતે અગિયાર વાગ્યે જૂનાગઢ આવ્યા અને કહે : 'મારે રોટલો ને રીંગણાંનું શાક ખાવું છે.' પછી કરીને જમાડ્યા. તે અડધા શેર લોટમાં રૂપિયા ૫૦૦ની ભેંસ આપીને ગયા ! ને ન જમાડ્યા હોત તો ? આવો શુદ્ધભાવ હોય તો ભગવાન અખંડ રહે.'

સ્વામીશ્રીની વાતોનો સાર એ જ રહેતો કે ભીડો વેઠીને પણ સૌને સાચવી લેવા. જેથી ઠાકોરજીની સેવા પણ અવિરત વધતી રહે. અને એ વધે તે જ શુદ્ધભાવની ભક્તિ થઈ કહેવાય.

## 'મુક્તરાજ' જન્મે છે

અહીં ગોવિંદસિંહજી ચુડાસમા સાહેબે સ્વામીશ્રીને પ્રાર્થના કરી : 'મારાં દીકરી હર્ષદકુંવરબાને લગ્ન કર્યે સોળ-સત્તર વરસ થયાં પણ હજુ સંતાન નથી. મુંબઈના નિષ્ણાત ડૉ. શિરોડકરની બે વર્ષ દવા કરી છતાં પરિણામ ન આવ્યું. અને તેમણે કહ્યું કે હવે કોઈ ઉપાયે બાળક નહિ થાય. આ પછી પણ ઘણા નિષ્ણાતોની દવા કરી પણ કાંઈ પરિણામ આવ્યું નથી. જ્યોતિષીઓએ પણ કહ્યું

છે કે સંતાન યોગ નથી. તો અમને તેની બહુ ચિંતા છે.'

સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'કાલે મને મળજો.'

બીજે દિવસે સવારે ૮-૦૦ વાગ્યે તેઓ આવ્યા. ત્યારે રાજી થઈ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'દીકરો થશે અને મુક્તરાજસિંહ નામ રાખશો.'

આ સાંભળી ગોવિંદસિંહજીને ઘણું આશ્ચર્ય થયું અને આનંદમાં આવી જતાં પૂછ્યું : 'બાપા ! રાશિ નહીં આવે તો ?'

'રાશિ પણ તે જ આવશે.' સ્વામીશ્રીએ જણાવ્યું. અને સ્વામીશ્રીના વચન પ્રમાણે પુત્રજન્મ થયો ને તેમનું નામ પણ 'મુક્તરાજસિંહ' રાખવામાં આવ્યું.

સ્વામીશ્રીની વચનસિદ્ધિનો અદ્‌ભુત અનુભવ કલેક્ટર સાહેબને થયો.

તા. ૩૦મીએ પારાયણની પૂર્ણાહુતિ કરી, દેવચડી તથા શિવરાજગઢ પધરામણી કરી, ગોંડલ શયન આરતીનાં દર્શન કરી, રાજકોટ આવી, સારંગપુર જવા રાત્રે ૧૦-૦૦ વાગે કીર્તિ મેલમાં વિદાય લીધી. રાત્રે ૨-૩૦ વાગે સુરેન્દ્રનગર સ્ટેશને આવ્યા. મોડી રાત્રે પણ હરિભક્તો દર્શને ઊમટ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શનની તાલાવેલીમાં કોઈને ઊંઘ-ઉજાગરો જણાતો નહિ. સવારે ૫-૦૦ વાગે બોટાદ પહોંચ્યા. ટેક્સીમાં સારંગપુર પધાર્યા.

## પ્રેમ અને આશીર્વાદથી મૌન

રવિશંકર જોશી એ વખતે શામળદાસ કૉલેજ, ભાવનગરમાં પ્રાધ્યાપક હતા. તેઓ ભગવદ્‌ગોમંડળના કાર્ય અર્થે ગોંડલ આવેલા. શબ્દકોશની પ્રવૃત્તિના મુખ્ય સૂત્રધાર ચંદુલાલ વિદ્યાધિકારીએ રવિશંકર જોશીને એક વાર કહ્યું : 'અહીં અક્ષર મંદિરના અવધૂત યોગીજી મહારાજ છે. તે દર્શન કરવા જેવા સિદ્ધિવાળા મોટા સંતપુરુષ છે.'

'યજ્ઞપુરુષદાસજીનાં દર્શન મેં સારંગપુરમાં કરેલાં અને યોગીજીનું નામ અને અલૌકિક શક્તિ વિશે પણ સાંભળ્યું છે, પણ પરિચય નથી.' રવિશંકર-ભાઈએ જણાવ્યું.

તેઓ સૌ અક્ષર મંદિર દર્શને આવ્યા. તેમને સ્વામીશ્રીની તદ્દન નિરભિમાની મૂર્તિનાં દર્શન થયાં. બહુ જ ભાવપૂર્વક સ્વામીશ્રીએ તેમનો સત્કાર કર્યો અને શાસ્ત્રીજી મહારાજનાં તેમણે દર્શન કર્યાં હતાં તે જાણી, અધિક રાજી થયા. બીજે દિવસે પ્રસાદ લેવા આમંત્રણ આપ્યું. નિયત સમયે તેઓ પહોંચ્યા. સ્વામીશ્રી પોતે જ પંગતમાં પીરસવા નીકળ્યા. રવિશંકર જોશીને થયું કે

'આટલી સાદાઈ અને સરળતા - આટલી નિગૂઢ શક્તિઓ હોવા છતાં જેઓ રાખી શકે છે, તેમની મહત્તાનું મૂલ્ય શી રીતે આંકી શકાય ?'

તે પછી રવિશંકર જોશીને સ્વામીશ્રીનું બહુ આકર્ષણ રહ્યું. છતાં તેઓ પ્રૉફેસર કક્ષાની વ્યક્તિ અને નવા જમાનાના વિચારો સાથે ઓતપ્રોત; તેથી દેશમાં વિપુલ પ્રમાણમાં મંદિરો હોવા છતાં વધુ મંદિરો બનાવવા પ્રત્યે તેમને અણગમો હતો. જો કે સ્વામીશ્રીની શક્તિ પ્રત્યે તેમના અંતરમાં માન હતું.

આ વખતે, 'સ્વામીશ્રી સારંગપુર બિરાજે છે' તેમ જાણી, તેઓ અહીં દર્શને આવ્યા. સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. આટલું વિશાળ મંદિર અને આવું ભવ્ય પ્રવેશદ્વાર ! આ જોઈ તેમના મનમાં વારંવાર પ્રશ્નો ઊઠતા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'મનમાં એક પ્રશ્ન ઘોળાયા કરે છે. આજ્ઞા આપો તો પૂછું.'

'પૂછો.' હસતાં હસતાં સ્વામીશ્રીએ કહ્યું.

પ્રથમ ક્ષમા દર્શાવી તેમણે પૂછ્યું : 'આ નિર્જન જેવા ગામડામાં આ ભવ્ય દરવાજાનો ઉપયોગ શું ? આટલી મોટી રકમમાં તો બોટાદમાં તમારી ઇચ્છા મુજબ ધાર્મિક વલણ રાખતી એક કૉલેજ થઈ જાય અને હજારો વિદ્યાર્થીઓ જ્ઞાન પ્રાપ્ત કરી શકે !'

સ્વામીશ્રીએ અત્યંત નિખાલસતાથી ઉત્તર આપતાં કહ્યું : 'આપનો શુભ સંકલ્પ કૉલેજનો છે, તે બોટાદમાં કૉલેજ પણ થઈ જશે.' એમ કહેતાં સ્મિત વેર્યું. આ પ્રસન્ન નિર્મળ હાસ્ય પછી સ્વામીશ્રીએ પ્રવેશદ્વારની કોઈ વિશેષ આવશ્યકતાની આલોચના કરી નહીં.

રવિશંકરભાઈએ સ્વામીશ્રીની અલૌકિક યોગશક્તિઓ વિશે વાતો સાંભળી હતી. વચનસિદ્ધિનાં અનેક દૃષ્ટાંતો તેમને પ્રાપ્ત થયાં હતાં. વળી, ચંદુલાલ વિદ્યાધિકારીએ તો તેમને એવો મહિમા સમજાવ્યો હતો કે અક્ષર મંદિરમાં જેમણે દેહોત્સર્ગ લીલા કરી હતી, તે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ યોગીજી મહારાજ સ્વરૂપે ફરી પ્રગટ થયા છે, તેવો તેમનો સ્વ-અનુભવ હતો. સ્વામિનારાયણ સંપ્રદાયની આચારશુદ્ધિ અને શુદ્ધ ઉપાસના પદ્ધતિ, વળી કઠોર નિયમોના પાલનથી તેઓ ભક્તોને એક વિરલ દૃષ્ટાંત પૂરું પાડે છે. એ વિગતથી પણ તેઓ અજાણ નહોતા.

તેથી સ્વામીશ્રીના શબ્દોએ રવિશંકરભાઈના મનમાં પ્રતીતિ જન્માવી. 'સ્વામીશ્રી જે કાંઈ બોલે છે એ ત્રિકાલમાં પણ મિથ્યા થતું નથી અને એમની સિદ્ધિ લોકકલ્યાણ અર્થે જ છે,' એમ વિચારતાં તેઓ આગળ કંઈ જ પૂછી

શક્યા નહીં. પરંતુ બોટાદમાં ટૂંક સમયમાં જ કૉલેજના પાયા ગળાયા અને સ્વામીશ્રીનાં વચનો સત્ય ઠર્યાં. રવિશંકર જોશી સ્વામીશ્રી પ્રત્યે વધુ એક વખત નતમસ્તક બન્યા.

સ્વામીશ્રીએ તેમની આધુનિક વિચારસરણીની સહેજ પણ ટીકા-ટીપ્પણ વગર કેવળ પ્રેમ અને આશીર્વાદથી જ મૌન કર્યા. વળી, આવા અહંકારરહિત સંતપુરુષ પ્રત્યે તેમના અંતરમાં વિશેષ ને વિશેષ અહોભાવ જાગ્રત થયો !

સારંગપુરમાં કોઠારી હરિજીવનદાસ સ્વામીના કુશળ આયોજન નીચે, જળઝીલણીનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો. બીજે દિવસે પારણાં કરી, બપોરે સૌ બોટાદ આવ્યા.

પીયૂષભાઈ વગેરે યુવાન કાર્યકર્તાઓના ઉત્સાહથી ભરબપોરે સ્વાગતયાત્રા નીકળી. તા. ૩-૯-'૬૦, સાંજે ૫-૦૦ વાગે 'મોઢ મહાજન સેનેટોરિયમ'માં પ્રમુખસ્વામીએ 'સત્સંગિજીવન'ની પારાયણનો પ્રારંભ કર્યો. કથા દરમ્યાન સવાર-સાંજ સ્વામીશ્રી ગામમાં પધરામણીઓ કરતા. રાત્રે અડધો કલાક જ્ઞાનામૃતનો લાભ આપતા. કાનજીભાઈ સોની, ગોબરભાઈ સોની, શાંતિલાલ માસ્તર, જેરાજભાઈ પટેલ, માનજીભાઈ મિસ્ત્રી, છગનભાઈ તથા મગનભાઈ વગેરે ભડલીવાળા ભાઈઓ – આ તમામ ભક્તોએ સારું આયોજન કર્યું. ગોબરભાઈના મોટા દીકરા ઈશ્વરભાઈએ આ પ્રસંગે ખૂબ સેવા કરી. પૂર્ણાહુતિને દિવસે ગોબરભાઈએ યજ્ઞ કરાવ્યો હતો. કથા તથા યજ્ઞની પૂર્ણાહુતિ કરી. બોટાદમાં સુંદર શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગ બોટાદના ઈતિહાસમાં અવિસ્મરણીય બની રહ્યો. ઘણા દિવસથી વરસાદ ખેંચાયો હતો, તે પારાયણ પછી તરત ખૂબ વરસ્યો.

## 'બે વર્ષ પછી ધામમાં તેડી જાશું'

સારંગપુર તથા તાજપુર થઈ, સ્વામીશ્રી સાંગાવદર પધાર્યા. અહીંના ભાવિક ગોપાળભાઈ બંને આંખે અંધ હતા. તેમના પૌત્ર સ્વામીશ્રીને પધરામણી માટે તેડવા આવ્યા. સ્વામીશ્રી તેમના ઘરે પધાર્યા અને ગોપાળભાઈને વર્તમાન ધરાવી, માળા આપી કહ્યું કે 'રોજ સ્વામિનારાયણ નામનો મંત્ર જપજો.'

ગોપાળભાઈએ દીનભાવે હાથ જોડતાં સ્વામીશ્રીને પ્રાર્થના કરી : 'બાપા ! આપ મને તેડવા ક્યારે પધારશો ? અહીં હવે મને ગોઠતું નથી.'

સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'બે વરસ પછી તમને તેડી જશું.'

બરોબર બે વર્ષ પછી શ્રીજીમહારાજ, સ્વામીશ્રી તથા સંતોનાં તેમને દર્શન થયાં પણ શ્રીજીમહારાજે ગોપાળભાઈને તેડી જવાની ના પાડી, કારણ કે તેઓ બીડી પીતા હતા. આથી તેમણે મહારાજને કહ્યું કે 'મહારાજ મારી ભૂલ થઈ છે. મને માફ કરો. પણ હવે બીડીને અડીશ પણ નહીં અને પીવાનું પણ બંધ કરું છું.'

પછી તે જ દિવસે સાંજે તેઓ ધામમાં ગયા ! તે વખતે તેમને દર્શન થયાં કે શ્રીજીમહારાજ તથા સ્વામીશ્રી તેમને લેવા આવ્યા છે !

અહીંથી લાખિયાણી તથા કેરિયા પધરામણી કરી, નિંગાળા સ્ટેશનથી ગાડીમાં રાત્રે ૧૦-૦૦ વાગે નીકળી, ૧૨-૦૦ વાગે ચૂડા ઊતરી, ૧-૦૦ વાગે નવાગામ પહોંચ્યા.

ભાદરવા વદ ૧૦, મોજીદડમાં ભૂધરભાઈના નવા મકાનમાં 'સત્સંગિ-જીવન'નું ત્રણ દિવસનું પારાયણ પ્રમુખસ્વામીએ કર્યું.

અમદાવાદથી જયંતીભાઈ કોઠારી અહીં આવેલા. તેમના ઘરે પધરામણી થઈ. તે વખતે સ્વામીશ્રીને પગે લગાડવા અને આશીર્વાદ લેવા માટે પોતાના ત્રણેય દીકરાને તેમણે સામે બેસાડ્યા.

ત્યારે સ્વામીશ્રીએ વચેટ પુત્ર વ્રજકુમાર સામે આંગળી ચીંધીને કહ્યું : 'આને સાધુ કરવા જેવા છે.' એમ ભવિષ્યવાણી ઉચ્ચારી.[૧૧]

બાદ અચારડા તથા ચચાણા થઈ, અમાસે નારાયણ ઘરે સમૈયો કર્યો. કંથારિયા તથા વાગડ પધરામણી કરી. તા. ૨૨મીએ સાંજે ૪-૦૦ વાગે પાનરી જવા નીકળ્યા.

ઘનઘોર આકાશ અને વીજળીના ઝબકારા સાથે વરસાદ પડું પડું થઈ રહ્યો હતો. ખુલ્લા ટ્રેક્ટરમાં સૌ મુસાફરી કરતા હતા. તેથી ટ્રેક્ટરના ખૂણામાં ભલાભોળા ઓલિયાની જેમ બેસી ગયેલા સ્વામીશ્રી તરફ મીટ માંડી સૌ ભજન ગાતા હતા. સૌના અતરમા એક જ બીક હતી કે જે રીતે વરસાદ ઘેરાયો છે તે રીતે અનરાધાર પડવો જોઈએ. સૌને ભય હતો કે સ્વામીશ્રી પણ પલળી જશે તેમજ બધાં પોટલાં ભીનાં થશે. પણ સાંજે ૭-૪૫ વાગે સૌ ટ્રેક્ટરમાં સુખરૂપે પાનરી પહોંચ્યા ને તુરત જ ધોધમાર વરસાદ પડ્યો.

અહીંથી કારોલ પધરામણી કરી, લીંબડી પધાર્યા. અહીંથી ભલગામડા જઈને પણ લાભ આપ્યો હતો.

---

૧૧. સને ૧૯૮૧માં પ્રમુખસ્વામી મહારાજે વ્રજકુમારને દીક્ષા આપી, રાજેશ્વર સ્વામી નામાભિધાન કર્યું.

લીંબડીથી પેટ્રોલની ટેંકરમાં આગળ બેસી, વનમાળીદાસના આગ્રહથી ભોયકા પધાર્યા. પધરામણીઓ કરી, ઊંટડી પહોંચી, બપોરે ૩-૩૦ વાગે ઠાકોરજી જમાડ્યા. સાંજે ૭-૦૦ વાગે લીંબડી ગરાસિયા બોર્ડિંગમાં સભા કરી, યુવાનોને આશીર્વાદ આપી, ૯-૧૫ વાગે ખારવા પધાર્યા. વઢવાણ રોકાઈ, મૂળી દર્શન કરી, રાજકોટ થઈ, ગોંડલ આવી પહોંચ્યા.

## અરસપરસ સેવા કરવી પડે

દિવાળી વૅકેશનનો સદુપયોગ કરતાં કેટલાક યુવકો સ્વામીશ્રી સાથે વિચરણમાં જોડાઈ જતા. નગાસરના શિવેન્દ્રભાઈ આ વિચરણમાં સ્વામીશ્રી સાથે જોડાયા. તેમની ખાસ સેવા સ્વામીશ્રીની કેડ દાબવી તે રહેતી. તે દરમ્યાન સ્વામીશ્રી પત્રલેખન કરતા રહે.

એક વખત આ રીતે પોણો કલાક તેમણે કેડ દાબી. સ્વામીશ્રીને એકદમ ખ્યાલ આવ્યો ત્યારે કહે : 'હવે રાખો ગુરુ ! હાથ દુખવા આવ્યા હશે. લાવો તમારા હાથ દાબી દઉં.' એમ કહી શિવેન્દ્રના હાથ દબાવા લાગ્યા.

શિવેન્દ્રએ હાથ પાછો ખેંચી લીધો ને કહ્યું : 'બાપા ! અમારે આપની સેવા કરવાની હોય ! આપે અમારી ન કરાય.'

સ્વામીશ્રી આ સાંભળી હસતાં હસતાં કહે : 'અરસપરસ સેવા કરવી પડે.' સ્વામીશ્રીને પોતે ગુરુ હોવાનું જાણપણું પણ નહીં !

આવી મહિમા-દૃષ્ટિ જોતાં શિવેન્દ્ર ક્ષોભ અનુભવતો ગળગળો થઈ ગયો.

## સેવા મધરાતે સંભારી

ગોંડલમાં શરદ પૂર્ણિમાના ઉત્સવ નિમિત્તે તૈયારીઓ ચાલતી હતી. તેમાં મંડપ બાંધવાની જવાબદારી રાજુલા મંડળને સોંપી હતી. કામ ઘણું બાકી હતું. તેથી સ્વામીશ્રીએ તેમને આજ્ઞા કરી કે 'રાજુલા મંડળ સવાર સુધી મંડપ નાખે તો જ પૂરું પડશે.'

સ્વામીશ્રી રાત્રે ૧૨-૦૦ના ટકોરે એક યુવકનો હાથ પકડીને આવ્યા ત્યારે વલ્લભભાઈ તથા પ્રેમજીભાઈ જાદવ વગેરે રાજુલા મંડળના ભક્તો સેવા કરી રહ્યા હતા. સ્વામીશ્રી તેમની સેવા-ભક્તિ જોઈને રાજી થઈ ગયા. પછી વલ્લભભાઈને કહે : 'બધા બે કલાક આરામ કરો.'

'બાપા ! બે કલાક પછી કોઈ ઊઠશે નહીં. માટે કામ પતે પછી સૂઈએ.'

વલ્લભભાઈએ વિનંતી કરી.

સ્વામીશ્રી કહે : 'ના, તમે સૂઈ જાવ. હું ઉઠાડીશ.'

થાકને લીધે બધા ઘસઘસાટ ઊંઘી ગયા. બરોબર મોડી રાત્રે ૨-૦૦ વાગે સ્વામીશ્રી ઊઠ્યા અને એક યુવકને રાજુલા મંડળને ઉઠાડવા મોકલ્યા. પ્રથમ વલ્લભભાઈને જગાડ્યા. એટલે તેમણે મંડળના હરિભક્તો તથા યુવકોને જગાડીને સવાર થતાં સુધીમાં મંડપનું કામ પૂરું કરી નાખ્યું.

સ્વામીશ્રી તેમની સેવા-ભક્તિથી અત્યંત રાજી થઈ ગયા; પણ સાથે પોતે પણ કેટલો ખટકો રાખ્યો કે રાત્રે બે વાર ભક્તોની ખબર લીધી અને સેવા કરવાનું બળ આપ્યું.

નડિયાદના રામચંદ્રભાઈનાં પત્ની અક્ષરનિવાસી થયાં એ નિમિત્તે તેમના તરફથી આસો સુદ આઠમથી ગોંડલી નદીને કિનારે, અક્ષર ઘાટ ઉપર 'હરિ-લીલાકલ્પતરુ'નું પારાયણ ગોઠવાયું હતું. સાંજે હર્ષદભાઈએ લખેલ 'શાસ્ત્રીજી મહારાજના જીવન ચરિત્ર'ની કથા થતી. શરદ પૂનમને દિવસે સવારે પારાયણની પૂર્ણાહુતિ થઈ. રાત્રે આશરે ૧૦,૦૦૦ જેટલા ભક્તોની હાજરીમાં 'અક્ષર જન્મોત્સવ' ભારે ઉત્સાહપૂર્વક ઊજવાયો.

ખારવાના શનાભાઈ તરફથી આસો વદ બીજથી ડાંગરામાં પાંચ દિવસની કથાવાર્તાનું આયોજન થયું. ત્યારપછી શંભુસિંહના આગ્રહથી જાયવા થઈ, ભાદરા પધાર્યા. વહેલી સવારે જમાડીને સ્વામીશ્રીએ મુંબઈના હરિભક્તોને વિદાય આપી. પછી ગુણાતીતાનંદ સ્વામીના પ્રસાદીના ખેતરમાં શેરડી તથા મગફળીનો ઉત્સવ કર્યો.

અહીં કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ ગ.પ્ર. ૬૭ વચનામૃત ઉપર વાત કરી : 'અનુતાપ એટલે સાંધો ખરો. બે પાટા ભેગા કરી સાંધી દે તેવું. તેને દેશકાળ લાગે ખરો. અને પરિતાપ એટલે એકરસ થઈ ગયેલ. સાંધો જ ન મળે. દેશકાળ ન લાગે ને ગુણ આવવા માડે.'

## યા નિશા સર્વભૂતાનાં...

તા. ૧૨-૧૦-'૬૦, દેવરાજભાઈ તથા રવજીભાઈના અતિશય આગ્રહથી જામવંથળી પધાર્યા.

અહીં રાત્રે, યુવકોને સંબોધતાં સ્વામીશ્રી કહે : 'હું પહેલાં ત્રણ-ચાર કલાક વાત કરતો. મોજીદડ વગેરે ગામોમાં રાતે ૯ થી ૧૨ વાત કરતો. સવારે

પણ પ્રભાતિયાં, ભજન વગેરે કર્યા કરું.

'અમદાવાદમાં દાણાપીઠ - શાહપુરમાં ઊતર્યા ત્યારે રાતે મોડે સુધી વાત કરીએ અને વહેલી સવારે પણ ભજન કરીએ. તે બાજુમાં મિંયો રહેતો હતો. તે કહે કે 'આ બાજુમાં ફકીર આવ્યો છે, તે રાત આખી બોલ બોલ કર્યા કરે છે. સૂવા દેતો જ નથી.' એમ મગનભાઈને કહે. ત્યારે મગનભાઈ કહેતા કે 'ફકીર બહુ સારા છે. ભજન કરે છે.'

ત્યારે અંબાલાલભાઈ કહે : 'વિજ્ઞાનદાસ સ્વામી પણ બહુ વાતું કરતા, રાત્રે એક વાગ્યા સુધી વાત કરે.'

'હા.' સ્વામીશ્રીએ કહ્યું.

અંબાલાલભાઈ કહે : 'વિજ્ઞાનદાસ સ્વામી વાતું કરે ત્યારે સ્વામી સૂતા હોય તોપણ વિજ્ઞાનદાસ સ્વામી કહે કે 'જોગી ! ફલાણી વાત બોલો,' ને તરત જ સ્વામી બોલે.'

સ્વામીશ્રી કહે : 'હા, મને કહે - 'ત્રીજા પ્રકરણની ચૌદમી બોલો.' એમ કહે કે તરત જ હું બોલું. તે વખતે ઊંઘ નહિ.'

એક યુવકે પૂછ્યું : 'સ્વામી ! તે વખતે આપ સાચે જ સૂતા કે ધ્યાન કરતા ?'

સ્વામીશ્રી સ્મિત કરતાં કહે : 'ના, હું સૂતો હોઉં તોપણ સ્મૃતિ રહે. એ તો કાગનિદ્રા, અડધા સૂતા અડધા જાગતા એવી !'

પછી સ્વામીશ્રી જામનગર પધાર્યા. જામબાપુને સ્વામીશ્રીના આગમનની જાણ થઈ તેથી તેમણે દર્શને આવવા માટે ઇચ્છા વ્યક્ત કરી, પરંતુ સ્વામીશ્રી કહે : 'આપણે જ બાપુના બંગલે જઈશું.' એમ કહી ત્યાં જવા નીકળ્યા. શેઠ હરજીવનદાસ બારદાનવાળા સાથે હતા. પધરામણીમાં સ્વામીશ્રીએ પોતાની અલમસ્તાઈથી કીર્તન ગાયું : *'હે હરિ હરિ, પ્રભુ કરુણા કરી...'* સ્વામીશ્રીની મધુર વાણી સાંભળી સૌ ડોલી ઊઠ્યા.

જામબાપુને આંખની તકલીફ હતી. તેથી સ્વામીશ્રીએ તેમની આંખો પર હાથ ફેરવ્યો ને આશીર્વાદ આપતાં કહ્યું : 'બાપુને સારું થઈ જાવ.' પછી ધૂન કરાવી.

એ પછી બાપુની આંખની તકલીફ ઘણી દૂર થઈ ગઈ. આખા રાજ-કુટુંબમાં આનંદ થઈ ગયો. જામબાપુની મનોકામના સ્વામીશ્રીએ પૂર્ણ કરી.

જામબાપુએ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું હતું : 'બાપા ! જ્યારે આપનો મુકામ જામનગર હોય ત્યારે આપે દરબારમાં જરૂર પધરામણીએ આવી જવું.'

સ્વામીશ્રી તેમના ભક્તિભાવથી પ્રસન્ન થયા અને તે મુજબ વચન આપ્યું.

પછી શેખપાટ દર્શન કરી, બાણુંગાર થઈ, ધ્રોળ ઠાકોર સાહેબની દર્શનની ઇચ્છા પૂર્ણ કરી. રાજકોટ થઈ, રાત્રે ૧-૩૦ વાગે ગોંડલ પહોંચ્યા.

અહીં અન્નકૂટોત્સવની તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી.

## નિર્દોષબુદ્ધિનું પ્રકરણ ચલાવ્યું છે

કથા પ્રસંગમાં ગ.મ. ૭ વચનામૃત સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું કે –

'આજે નિર્દોષબુદ્ધિનું પ્રકરણ ચલાવ્યું છે. તે જીવમાં ઊતરી જાય તો જીવ સુખિયો થઈ જાય ને શાંતિ થઈ જાય. પોતાની બુદ્ધિમાં ન બેસે તોપણ ટૂક ટૂક થઈ જાય તો નિર્દોષબુદ્ધિ દૃઢ થાય અને મોટાપુરુષનો રાજીપો થાય. ભગવાન ને સંત ધારે તે કરે તેવા છે. માટે તેમની કોઈ ક્રિયામાં શંકા ન લાવવી. સત્સંગમાં બીજા કોઈ અપમાન કરે તો કદાચ નભાય, પરંતુ જેની નિષ્ઠા હોય તે જ અપમાન કરે તોપણ દિવ્યબુદ્ધિ રહે તો રાજીપો થઈ જાય. જે સરળ બુદ્ધિવાળો હોય તેનાથી આ થાય.'

એક સમયે ઉત્થાપનનાં દર્શન કરી, મધ્ય મંદિર સામે બિરાજી સ્વામીશ્રી કહે : 'વચનામૃત ગ.પ્ર. ૭૪ પ્રમાણે કર્તાપણું સમજીએ તો સુખ-શાંતિ રહે. દુ:ખ ન રહે. દાસના દુશ્મન હરિ કેદિ' ન હોય. *'જે ગમે તે જગત ગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો...'* કર્તાપણું જાણ્યું હોય તો બીજા સંકલ્પ થાય નહિ. દાસ થયા, તે જે કરશે તે સારું કરશે. વખાણ-કુવખાણ, માન-અપમાન સારું લાગવું જોઈએ. બ્રહ્મની સ્થિતિ છે. ભગતજી મહારાજ ત્રણ દિવસની ખીચડી ખાઈને રહ્યા. એ જ્ઞાનની સ્થિતિ. એમ અંતરમાં ટાઢું રહ્યા કરે. શૂળીએ ચઢાવ્યા હોય ને ભગવાન પાસે બેઠા હોય, તો સંકલ્પ ન થાય એ છેલ્લી કોટિનું જ્ઞાન છે.

'સેવા એ પરમ ધર્મ. જંતરડામાં આવ્યા સિવાય જ્ઞાન થાય નહિ. પહેલાં ભીડામાં આવવું પડે.

'કા. ૮ તથા ગ.મ. ૧૭ સમજે તો છતી દેહે અક્ષરધામ દેખાય.' આ વાત સ્વામીશ્રીએ ત્રણ વાર કરી.

ગોંડલમાં અન્નકૂટોત્સવ કરી, સ્વામીશ્રી તા. ૨૫મીએ સાંજે નીકળી રામોદ, મોટા માંડવા, ઘોઘાવદર, દેવચડી, ખોખરી થઈ, વડિયા કેશવલાલભાઈ તથા ચુનીભાઈ શેઠને સેવાનો લાભ આપી, ગોંડલ આવ્યા.

ગોંડળથી જસદણ, સારંગપુર થઈ, દશમે રાત્રે અમદાવાદ આવી પહોંચ્યા.

## ભક્તવત્સલની ભીડા-ભક્તિ

કાર્તિક સુદ એકાદશીનો સમૈયો તેથી ભારે દોડધામ. નવા વર્ષના આશીર્વાદ મેળવવા શહેરમાંથી તેમજ આજુબાજુનાં ગામડાંઓમાંથી હજારો ભક્તો એકત્રિત થયા હતા.

સ્વામીશ્રી સવારે મોટા મંદિરે દર્શને પધાર્યા. ત્યાંથી આંબલીવાળી પોળમાં હરિમંદિરે દર્શન કરી, પધરામણીએ નીકળી પડ્યા. ઉપવાસનો દિવસ હતો, છતાં લાભના લોભને કારણે સ્વામીશ્રીના કષ્ટનો વિચાર કોઈને આવે જ નહિ. વ્યવસ્થાપકો પણ મંદિરની સેવા થતી હોય, વળી નવા મુમુક્ષુઓનો આગ્રહ હોય, તેથી સ્વામીશ્રીની ફિકર કર્યા વગર એક પછી એક પધરામણી ઉમેરતા જતા હોય. સવારે ૯-૩૦ વાગે નીકળેલા સ્વામીશ્રી સાંજે ૬-૦૦ વાગે પધરામણીઓ કરી પાછા ફર્યા. મંદિરમાં તો ભક્તોની ભીડ જામી જ હતી. સવારના રાહ જોઈને બેઠા હોય તે સાંજ સુધીમાં તો તેમની ધીરજ અનેક વાર ખૂટી ગઈ હોય. પછી જ્યારે સ્વામીશ્રી પધારે ત્યારે દર્શન-સ્પર્શની કેવી પડાપડી થતી હશે તે સહેજે કલ્પના થઈ શકે ! શિસ્ત, શાંતિ, વ્યવસ્થા, મર્યાદા અને આમન્યા તો પ્રેમના અગાધ પ્રવાહમાં ક્યાંય અલોપ થઈ જતા. ખુદ સ્વામીશ્રીને જ પોતાનું પંડ સાચવવું પડે એટલે હદ સુધી દર્શન માટે ધમાલ થઈ.

પછી ૧૦ થી ૧૫ મિનિટ સ્વામીશ્રીએ આરામ કર્યો - ન કર્યો ને ફરી પધરામણી માટે તેડું આવ્યું. અને કાર્યકર્તાઓએ સ્વામીશ્રીને ઉઠાડ્યા !

ભક્તવત્સલ સ્વામીશ્રી કોઈને પણ કેમ દુઃખવે ? સાંસારિક કાર્યોમાંથી, ત્રિવિધ તાપમાંથી શાંતિ મેળવવા આવનાર હરિભક્તોની માંગણીઓનો અસ્વીકાર કેમ કરે ? કદાચ અવસ્થા, થાક કે સ્વાસ્થ્યને કારણે અસ્વીકાર કરે તો હરિભક્તને ખોટું લાગશે ! દુખાઈ જશે ! આમ સદાય સ્વામીશ્રી ભક્તોને વશ વર્તતા. નિર્જળા ઉપવાસ, ૭૦ વર્ષની ઉંમરે અથાગ પરિશ્રમ, શારીરિક પ્રકૃતિ નિર્બળ, છતાં આ અવિરત વિચરણ, પધરામણીઓ, નાના-મોટા અનેક પ્રશ્નોનું નિરાકરણ કરતા સ્વામીશ્રીની અદ્‌ભુત કાર્યશક્તિની કલ્પના થઈ શકે એમ ન હતી. રાત્રે ૮-૧૫ વાગે મંદિરે પધાર્યા. ૧૨-૦૦ વાગ્યા સુધી કથાવાર્તા કરી.

અહીં વડતાલથી કાનજી ભગત ખાસ સ્વામીશ્રીને મળવા આવ્યા અને પ્રાર્થના કરી કે 'વડતાલમાં ગોમતીને કાંઠે હરિલીલાચરિત્રોનું પ્રદર્શન ચાલુ છે

અને આપ જરૂર ને જરૂર પધારો.'

સ્વામીશ્રી તેમની વિનંતી સ્વીકારી, કારતક સુદ ૧૩, વડતાલ જવા નીકળ્યા. નડિયાદથી જમનાદાસભાઈ, કૃષ્ણાભાઈ, ગોવિંદભાઈ, નવનીતભાઈ પંચાલ, ચંદ્રકાંતભાઈ વગેરે પણ સાથે હતા. સવારે ૧૦-૦૦ વાગે ત્યાં પહોંચ્યા. કાનજી ભગતે સ્વામીશ્રીનો હાથ પકડી પોતે યોજેલું પ્રદર્શન સ્વામીશ્રીને પ્રેમ-પૂર્વક દેખાડ્યું. સ્વામીશ્રીએ તેમને રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા અને આ શુભ કાર્યમાં પુષ્ટિ આપવા આણંદના રાવજીભાઈ પાસે પાંચસો રૂપિયાની સેવા પણ કરાવી.

પછી આણંદ મોતીભાઈ ભગવાનદાસને માંદગીમાં આશીર્વાદ આપીને, અટલાદરા દર્શન કરી, રાત્રે ૧૦-૧૫ વાગે ગજેરા પહોંચ્યા. પાંચ કલાકથી ભક્તો અહીં રાહ જોતા ઊભા હતા પણ શ્રદ્ધા ગુમાવી નહોતી. બૅરિસ્ટર મહેન્દ્રભાઈ મીઠાભાઈ પટેલે સ્વામીશ્રી અને સંતોનું સ્વાગત કરી સામૈયું કાઢ્યું. રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી સૌને જાહેર સભામાં લાભ આપ્યો. ૨૭ વર્ષ પછી સ્વામીશ્રી આ ગામમાં પધારતા હોવાથી ગામલોકોમાં અનેરો ઉત્સાહ અને આનંદ હતો. બીજે દિવસે સવારે હાઈસ્કૂલમાં ફરીથી સત્સંગ સભા થઈ.

બાદ બોચાસણ, ભાદરણ, વાલવોડ થઈ, બામણગામ આવી પહોંચ્યા. નજીકમાં આવેલી મહી નદીએ સ્વામીશ્રીએ સ્નાન કર્યું. અહીં લગભગ ૧૦૦ જેટલી પધરામણીઓ થઈ.

ગંભીરા, શાપુર, પેટલાદ, પંડોળી, ડભોઉ થઈ, તા. ૧૨-૧૧-'૬૦, ગાડામાં સીંજીવાડા પધાર્યા. મહારાજની પ્રસાદીની વસ્તુઓનાં દર્શન કર્યાં. સીંજીવાડાથી તારાપુર પધાર્યા. અહીં લગભગ ૯૦ જેટલી પધરામણીઓ કરી.

બાદ મહેળાવ તથા વરતાલ દર્શન કરી, રાત્રે ચકલાશી પધાર્યા. નાપાડવાળા ગોરધનભાઈના મિત્ર ચંદુભાઈ તથા મથુરભાઈના જમાઈ ભાનુભાઈનો ઉત્સાહ ખૂબ જ હતો. એકાદશીને દિવસે આશરે ૮૫ ઘરે પધરામણીઓ થઈ. ચરોતરના ઘણા હરિભક્તો અહીં એકત્રિત થઈ ગયા હતા. વિદ્યાનગરથી ભાઈકાકા પણ ખાસ દર્શને આવ્યા હતા.

નડિયાદ થઈ, સ્વામીશ્રી અમદાવાદ આવી પહોંચ્યા.

❀ ❀ ❀



# સૌરાષ્ટ્રની પંચતીર્થી

સ્વામીશ્રી ઘણી વાર કહેતા : 'હોલાઉપાડ કરવો.' સ્વામીશ્રી સંઘનિષ્ઠાના સમર્થ અને પ્રબળ પ્રેરણામૂર્તિ હતા. સૌ સાથે મળીને, એકમના થઈને, સમૂહમાં ભક્તિ કરે, સેવા કરે અને સાધના કરે, એવું પોતે સદા ઇચ્છતા. એટલે જ તો સંપ, સુહૃદભાવ ને એકતાનો ત્રિશબ્દી મંત્ર એમનો ઉપદેશ-સાર હતો. સ્વામીશ્રી તેનું સદા પ્રવર્તન કરતા, તેની સામૂહિક સિદ્ધિ માટે સફળ આયોજનો પણ ગોઠવતાં. એમનું કાર્ય શરૂમાં કોઈ સમજી શકે નહિ, પણ પાછળથી તેના શુભ હેતુની અનુભૂતિ સર્વને થાય; ત્યારે જો કે ઘણું મોડું થઈ ગયું હોય ! પણ જે અવિચારીપણે આજ્ઞા પાળી લે તેને અદ્‌ભુત ફળની પ્રાપ્તિ ને રાજીપો મળે જ મળે. છતાં એમની દયા તો જુઓ ! પોતે જાણે છે કે જીવ તે જીવ ! તે સમજી શકવાનો નથી. તેથી આજ્ઞા તો સહજ સ્વભાવે કરે, પણ ઘણી વાર તો એની ઉપર મહત્તાનું વજન મૂકે ને સ્પષ્ટતા પણ કરે : 'આમ કરશો તો બહુ રાજીપો મળશે. પછી આ લાભ નહિ મળે, બળતરા રહી જશે.' તેમાં જે સમજે ને આજ્ઞા અધ્ધર ઝીલી લે, તે લાભ ખાટી જતા. બીજા કોરા રહી જતા.

આધ્યાત્મિક સાધનાના સામૂહિક બે પ્રયોગો - યાત્રા-પ્રવાસના આપણે આગળ અનુભવ્યા. જો કે ઉત્સવ-સમૈયાઓ, સ્થાનિક સત્સંગ-પ્રવૃત્તિઓ આ બધાં આયોજનો પણ એ પ્રયોગશાળાના સતત ચાલતા પ્રવાહો જ હતા; પણ ટૂંકા ગાળાના અભ્યાસક્રમોની જેમ યાત્રા-પ્રવાસનો પ્રયોગ સફળ રહેતો. હરિભક્તોને એમાં હરવા-ફરવાનું અને જોવાનું આકર્ષણ રહેતું, અને સાથે સ્વામીશ્રીનું સાંનિધ્ય ગૌરવ સમું બનતું. જો કે નિષ્ઠાવાન ભક્તોને સ્વામીશ્રીના લાભનું આકર્ષણ મુખ્ય રહેતું. પણ સ્વામીશ્રી આ આયોજનને દરેકના આધ્યાત્મિક-ઘડતરની એક અદ્‌ભુત તક બનાવી દેતા. એ જ આ સર્વજ્ઞ પુરુષનો મહિમા હતો.

છેલ્લા બે માસથી સૌરાષ્ટ્રની પંચતીર્થી સાથે રાજસ્થાનનાં તીર્થોની

યાત્રાનો કાર્યક્રમ ગોઠવાતો હતો, પણ તેને આખરી સ્વરૂપ નહોતું મળતું. સ્વામીશ્રી અને સંતોની સંપૂર્ણ યાત્રામાં સાથે ફરવાની અનુકૂળતા થતી નહોતી. આથી હરિભક્તો દ્વિધા અનુભવતા કે સ્વામીશ્રી સાથે આવશે કે કેમ ? સ્વામીશ્રીનો સંકલ્પ ખરો કે જવું છે, પણ સૌ પોતપોતાની રીતે અટકળો કરી, સ્વામીશ્રીના કાર્યક્રમ અંગે ગૂંચવણો ઊભી કરતા હતા. એટલે પૂરતી સંખ્યામાં હરિભક્તોની નોંધણી થઈ શકતી નહોતી.

સ્વામીશ્રીના આદેશથી તા. ૧૬-૧૧-'૬૦, યાત્રા-ટ્રેન અમદાવાદથી ઉપાડવાનો નિર્ણય લેવાયો. વસંત પ્રવાસીના આયોજક મહેન્દ્રસિંહે પણ નક્કી કર્યું હતું કે 'સ્વામીશ્રીને દ્વારકાની યાત્રા કરાવવી છે અને રાજી કરવા છે. તેથી ભલે નુકસાન થાય પણ ટ્રેન તો લઈ જ જવી.' આવી શુભેચ્છા સાથે કાર્યક્રમ સ્વામીશ્રી ઉપર છોડી દીધો. હજુ ૨૦૦ ટિકિટો જ નોંધાઈ હતી. ત્યાં આ જાહેરાત થતાં, સ્વામીશ્રીની કૃપાથી યાત્રિકોનો ધસારો વધી ગયો. વિસ્મય પમાડી દે એવી રીતે સ્વામીશ્રીની દૃષ્ટિથી આયોજન ગોઠવાઈ ગયું. છેવટની ઘડી સુધી ૫૫૦ ઉપરાંત ટિકિટો નોંધાઈ ગઈ. ૧૨ ડબ્બાની ટ્રેન નાની પડી. બીજા બે ડબ્બાઓ માટે પ્રયત્ન કરાયો. રેલવે અધિકારીઓ ના પાડતા રહ્યા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'જાઓ ડબ્બા મળી જશે.' તુરત ગોઠવણી થઈ ગઈ. સાંજને બદલે રાત્રે ૧૨-૦૦ વાગે લગભગ ૬૦૦ જેટલા ભક્તો સાથે ટ્રેને અમદાવાદથી વિદાય લીધી.

ગુરુવારે સારંગપુર તથા ગઢડા દર્શન કરી, ઘેલામાં સ્નાન કરી, બીજે દિવસે સવારે ૬-૦૦ વાગે જેતલસર સ્ટેશને આવ્યા. અહીં નાહી-ધોઈ ઉકાળા-પાણી લીધાં.

## દર્શનમાત્રથી 'બંડિયા' બન્યા

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા. અહીંના વેલજી મૂળજી ઝાલા જૂના સત્સંગી; તેથી નવા મંદિરના સાધુઓને તેઓ 'બંડિયા' ગણતા. વિરોધી સાધુઓના શબ્દોથી તેમનું વલણ પણ વિરોધી બની ગયું હતું.

પરંતુ સગાં-સંબંધીઓ સ્વામીશ્રીનું સામૈયું કરવા માટે જૂનાગઢ સ્ટેશને આવ્યા, ત્યારે તેમને પણ આગ્રહ કર્યો. તેમને થયું કે 'બધા બહુ વખાણ કરે છે, તો દર્શને જવામાં શો વાંધો ? આપણે ક્યાં તેમનામાં ભળી જવું છે ?' એમ વિચારી તૈયાર થયા અને સ્વામીશ્રીને અર્પણ કરવા માટે થોડાં ફળ લીધાં.

સ્વામીશ્રી જૂનાગઢ સ્ટેશને સભા કરીને બિરાજ્યા. લાઇનમાં સૌની સાથે તેઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ પોતાની લાક્ષણિકતાથી તેમને આશીર્વાદના બે ધબ્બા જોશથી વાંસામાં આપી દીધા. ઓળખાણ પૂછીને કરુણા-દૃષ્ટિથી જોઈ રહ્યા. વેલજીભાઈને તો સ્વામીશ્રીની હસતી મૂર્તિ જોઈ અજબ આકર્ષણ થયું. તેમનો વિરોધ એક જ ક્ષણમાં ગાયબ થઈ ગયો. તેઓ પણ 'બંડિયા' બની ગયા !

આ પછી તેઓ સ્વામીશ્રીનાં દર્શને સારંગપુર ગયા. સ્વામીશ્રી સૌ હરિભક્તોને વારાફરતી પાસે બોલાવી રસોઈ, મહાપૂજા વગેરે સેવાની આજ્ઞા કરતા હતા. વેલજીભાઈ પાસે આવ્યા ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'તમે એક જ મહાપૂજા કરાવજો !'

વેલજીભાઈ તો અચંબો પામી ગયા. કેમ કે સ્વામીશ્રીએ અંતર્યામીપણે જ તેમની વ્યાવહારિક મુશ્કેલી સમજીને નાની આજ્ઞા કરી હતી. તેમને સ્વામીશ્રીનો અપાર મહિમા સમજાયો. અને સ્વામીશ્રીની સેવા-સમાગમનો લાભ લઈ, સાચો માર્ગ અપનાવી લીધો.

જૂનાગઢથી યાત્રા-ટ્રેન શાહપુર સ્ટેશને આવી પહોંચી. અહીં વૈજનાથભાઈ સ્ટેશન માસ્તર હતા ત્યારે જાગા સ્વામી પધારેલા અને કથાવાર્તા કરેલી, તે સ્થળોનાં સ્વામીશ્રીએ સૌને દર્શન કરાવ્યાં.

બપોરે ૧૨-૦૦ વાગે ટ્રેન વેરાવળ આવી. બસમાં સૌ પ્રભાસપાટણ ગયા. ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું. સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર ચાલુ હતો. મંદિરની બહાર, પગથિયાં બાજુ છાંયડામાં સ્વામીશ્રીએ સભા કરી સૌને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. સૌએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. ગુજરાતના ગૌરવસમું આ મંદિર જલદી પૂરું થાય તથા ગઢપુર મંદિર પણ સત્વરે પૂર્ણ થાય, તે માટે સ્વામીશ્રીએ અહીં ખાસ ધૂન કરાવી.

મંદિરના કાર્યકર મહાદેવભાઈને ત્યાં ઠાકોરજી જમાડ્યા. નગરપાલિકાના પ્રમુખ તથા શહેરના અગ્રણીઓ દર્શને આવ્યા હતા. થોડી પધરામણીઓ કરી, સ્વામીશ્રી 'મજા' ઘીવાળા વજુભાઈ શેઠને ત્યાં પધાર્યા. અહીં ઉકાળા-પાણી લઈ રાત્રે સ્ટેશન ઉપર સત્સંગ સભા યોજી. મોટાસ્વામી તથા સ્વામીશ્રીએ સુંદર કથાવાર્તા કરી.

તા. ૧૯મીએ સવારે જૂનાગઢ પહોંચ્યા. મંદિરે તથા અન્ય પ્રસાદી સ્થળોએ દર્શન કર્યાં. પ્રાગજીભાઈને ત્યાં ઠાકોરજી જમાડી, સાંજે. દામોદર કુંડ

તથા નારાયણ કુંડે પ્રસાદી-જળ માથે ચઢાવ્યું. થોડી પધરામણીઓ કરી. રાત્રે સ્ટેશન પાસેના વિશાળ હૉલમાં સુંદર સત્સંગ સભા યોજાઈ.

બીજે દિવસે સવારે પંચતીર્થી માટે નીકળવાનું હતું. સ્વામીશ્રી અને સંતો ગણાત્રા સાહેબની ગાડીમાં હતા. બીજી ૧૧ બસોમાં સૌ હરિભક્તો હતા. વંથળી, અગતરાઈ, માંગરોળ તથા લોજ દર્શન કરી, ૧૨-૫૦ વાગે સૌ પંચાળા પહોંચ્યા. માધવજીભાઈ અને તેમના ભત્રીજા મથુરભાઈએ સંઘનું સ્વાગત કર્યું. આખું ગામ શણગાર્યું હતું. સભા માટે મોટો મંડપ બાંધ્યો હતો. દર્શન કરી, સ્વામીશ્રીએ સભામાં આશીર્વાદ આપ્યા. ઉકાળા-પાણી કરી, માણાવદર થઈ, રાત્રે જૂનાગઢ સ્ટેશને જમી-પરવારી, રાત્રે ૧૧-૧૫ વાગે ટ્રેન ગોંડલ આવી પહોંચી.

## દેહ ને આત્માની વિક્તિ સમજાય એ સમાસ

પોરબંદરનો કાર્યક્રમ રદ કરી, સ્વામીશ્રી ટ્રેન સાથે વહેલા ગોંડલ પધાર્યા. અક્ષર દેરીનાં દર્શન કરતાં સ્વામીશ્રી કહે : 'અહીં આપણો પંચતીર્થીનો પ્રવાસ પૂરો થયો.'

સ્વામીશ્રી અહીં ખૂબ પ્રસન્ન હતા. સભા ભરી. પછી કહે : 'અખંડ ભજન કરવાની ટેવ પાડવી. નામીએ સહિત નામ લેવું. નામ તે ફૂલ છે ને નામી તે ફળ છે. ભગવાનની સ્મૃતિ એ દુઃખની હરનારી છે. સમાસ બહુ થયો – એટલે શું ? તો દેહના ભાવ દેહમાં હોમવા અને આત્માના ભાવ આત્મામાં હોમવા. દેહ અને આત્માની વિક્તિ જુદી સમજાય, એ જ ખરો સમાસ થયો. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે વસ્તુવિચાર કરવો. એક તો દેહથી આત્મા જુદો છે અને બીજું પંચ વિષય ઝેર છે.'

વળતી સવારે ૬-૦૦ વાગે, અક્ષર દેરીમાં મંદ હાસ્ય કરતાં પધાર્યા. પૂજા-આરતી પછી કથાવાર્તાના પ્રસંગમાં, ગઢડા પ્રથમનાં ૧૫, ૧૬ તથા ૧૭ વચનામૃતો વંચાવી વાત કરી : 'શાસ્ત્રીજી મહારાજ આ ત્રણ વચનામૃતો ખૂબ વચાવતાં.'

ગ.પ્ર. ૧૬ સમજાવતાં સ્વામીશ્રી કહે : 'સત્‌-અસત્‌નો વિવેક ત્રણ પ્રકારનો છે : (૧) પોતાના અવગુણ જ જોવા ને બીજાના ગુણ જોવા. (૨) સંતના વચનને પરમ સત્ય કરીને માને. અને (૩) અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે અને સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે. કોઈનો અભાવ લેવાય એ જ અવળો વિચાર.'

અહીં પંચાળાના માધવજીભાઈનો પત્ર આવ્યો કે અંત અવસ્થા આવી ગઈ હોય તેમ લાગે છે. અને અસાધ્ય બીમારી છે તો ધામમાં લઈ જાવ.

સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ પાઠવતાં લખ્યું : 'તમને તો પાંચ વરસ વધુ રાખવા છે, માટે સારું થઈ જાશે.'

થોડા સમયમાં જ તેમને સારું થઈ ગયું. વળી, પાંચ વર્ષે ફરી એવો જ અસાધ્ય રોગ થયો, ત્યારે પણ સ્વામીશ્રીએ તેમને બે વર્ષ વધુ રહેવાના આશીર્વાદ આપ્યા હતા. આ સાત વર્ષનું આયુષ્ય બક્ષી સ્વામીશ્રીએ તેમને મહાકાળ આદિક પોતાની આજ્ઞામાં વર્તે છે તેની પ્રતીતિ કરાવી.

## નૈયામાં ભવનૈયા તર્યાનું મર્મજ્ઞાન

રાત્રે ગોંડલથી નીકળી સવારે ઓખા પહોંચ્યા. પવન અનુકૂળ હોવાથી લગભગ ૧૫ મિનિટમાં સૌ બેટ દ્વારકા પહોંચી ગયા. બધે દર્શન કરી પાછા ફર્યા ત્યારે પવન ઘણો જ પ્રતિકૂળ હતો, તેથી ૧૦-૩૦ વાગે નીકળેલા તે ૧૨-૩૦ વાગે ઓખા સ્ટેશને પહોંચ્યા.

શરૂઆતમાં પવન સાનુકૂળ થઈ જાય અને સૌ સમયસર સ્ટેશને પહોંચી જાય તે માટે હોડીમાં જ ધૂન કરાવી. થોડી વાર પછી સ્વામીશ્રીએ પ્રશ્ન પૂછ્યો કે 'બ્રહ્મની સ્થિતિનાં લક્ષણ શું ?'

પછી પોતે જ ઉત્તર કર્યો : 'માન-અપમાનમાં એકતા, સુખ-દુઃખમાં સમભાવ, હાણ-વૃદ્ધિ તથા જય-પરાજય બધું સમ થાય, દેહાભિમાન ટળી જાય, ગુણાતીતરૂપે વર્તાય, ભગવાન ને સંત વિના બીજું પ્રધાન ન રહે. ફક્ત મૂર્તિ જ રહે. જગત ખોટું થઈ જાય.'

એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો કે 'સ્થિતિ થતાં કેટલી વાર લાગે ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તત્કાળ થઈ જાય, વાર ન લાગે. ગુણાતીતાનંદ સ્વામીએ મોર ઉપર દૃષ્ટિ કરી, તો ૧૮ ભડાકા પારધીએ કર્યા તોપણ મોરને કાંઈ થયું નહિ. તેમ સંતની દૃષ્ટિથી તત્કાળ સ્થિતિ થઈ જાય.'

તે ઉપર ગ.મ. ૭મું વચનામૃત સમજાવ્યું. પછી પોતે જ પ્રશ્ન કર્યો કે 'દૃષ્ટિ પડી છે ને અનુવૃત્તિ પળાય છે, તેનું લક્ષણ શું ? તો મન સોંપાઈ જાય. કહે એમ કરે. સત્પુરુષ જે જે ક્રિયા કરાવે તેમાં રંચમાત્ર સંશય ન થાય. રાત કહે તો રાત અને દિવસ કહે તો દિવસ. શંકા ન કરે. તો જીવ સોંપ્યો કહેવાય. ઠરાવ તોડે, મનગમતું મુકાવે, તોય શંકા ન થાય.'

પવનની પ્રતિકૂળતામાં સ્વામીશ્રીએ સમાગમની અનુકૂળતા કરી આપી ! દરિયા કિનારાની આ ટૂંકી મુસાફરીમાં પણ જ્ઞાનની માર્મિક વાતો કરી, સ્વામીશ્રીએ સૌને અમૂલ્ય લાભ આપ્યો.

ઓખાથી મીઠાપુર આવી, નારણભાઈ ગોવિંદજીને ત્યાં પધરામણી કરી, બપોરે દ્વારકા પધાર્યા. દર્શનને વાર હતી, તેથી સ્વામિનારાયણ મંદિરે આવ્યા. અહીં કોઠારી સ્વામીએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. દ્વારકાધીશનાં દર્શન કરી, રાત્રે નીકળી, વહેલી સવારે ટ્રેન જામનગર આવી પહોંચી.

મંદિરે દર્શન કર્યાં. અહીંથી હડમતિયા આવ્યા. કેટલાક પગપાળા તથા કેટલાક ખટારામાં ડાંગરા પહોંચ્યા. અહીં દર્શન કરી, જમી કરીને ટ્રેન ઉપાડી. બીજે દિવસે સવારે ઊંઝા પ્રાતઃ વિધિ, ઉકાળા-પાણી કરી, સિદ્ધપુર આવ્યા. અહીં સ્વામીશ્રીએ સૌ સાથે મૂળા તથા દાળિયાનો ઉત્સવ કર્યો.

બપોરે આબુ પહોંચ્યા. અહીંથી કેટલાક અંબાજી દર્શન કરી આવ્યા. બીજે દિવસે સવારે સૌ માઉન્ટ આબુ ઉપર આવ્યા. સ્વામીશ્રીનો ઉતારો નખી તળાવ પાસે રઘુનાથજીના મંદિરમાં હતો. મહંતે પોતાના બંગલામાં જ સ્વામીશ્રીને ઉતારો આપ્યો અને ખૂબ જ ભાવથી સત્કાર કર્યો. થોડી વાતચીત બાદ સ્વામીશ્રી બાજુની અગાસીમાં ગયા. અહીં એક પાટ પડેલી તે ઉપર સ્વામીશ્રી બિરાજ્યા. હરિભક્તો એમની સામે જ નીચે બેસી ગયા. સ્વામીશ્રીએ મહંતજીને બાજુમાં બેસવાનું કહ્યું પરંતુ તેઓ ખૂબ જ નમ્રતાપૂર્વક બે હાથ જોડી નીચે જ સામે બેસી ગયા.

સ્વામીશ્રીએ વાત કરી કે 'હેત, વિશ્વાસ ને નિષ્કપટપણું, એ ત્રણ હોય તો બ્રહ્મરૂપ થવાય. હેતનું લક્ષણ શું ? ભગવાન ને સંત વિના ન રહેવાય. માછલાંને જેમ જળ જીવન તેમ સત્પુરુષ પોતાનું જીવન થાય. વિશ્વાસનું શું લક્ષણ ? રાત કહે તો રાત ને દિવસ કહે તો દિવસ. નિષ્કપટપણું શું ? મનની સર્વે વાતો સત્પુરુષને કહી દે.'

બપોરે અહીંનાં વિખ્યાત દેલવાડાનાં દેરાં તથા ગુરુશિખર વગેરે સ્થળોએ જઈને સ્વામીશ્રી આબુ સ્ટેશને પાછા ફર્યા. અહીં રાત્રે સ્ટેશન ઉપર સભાની વ્યવસ્થા થઈ શકી નહિ.

રાત્રે આબુરોડથી નીકળી, મારવાડ થઈ, ૧૧-૩૦ વાગે નાથદ્વારા આવી પહોંચ્યા. મંદિરે જવાની વાર હોવાથી સ્ટેશન ઉપર જ સ્વામીશ્રીએ સત્સંગ સભા યોજી. સ્વામીશ્રીએ કથા પ્રસંગમાં જણાવ્યું : 'સૌ જાત્રા કરવા આવ્યા છીએ, તો

વહેલું-મોડું થઈ જાય, કોઈ બોલી જાય, આઘુંપાછું થાય, કોઈની ભૂલ થઈ જાય, તો એકબીજાએ સહન કરી, સાચવી લેવું. જે જે લાભ લીધો હોય તે સંભારવો. ગુણગ્રાહક થવું.'

સ્ટેશનથી બસમાં સૌ શ્રીનાથજીના મંદિરે આવ્યા. દર્શનનો મેળ ૩-૪૫ થી ૪-૦૦ વચ્ચે જ થઈ શકે એમ હતો. એક કલાક સૌ મંદિર બહાર બેસી રહ્યા. સ્વામીશ્રી માટે દર્શનની અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી. ૧૫ મિનિટના ટૂંકા ગાળામાં દર્શન કરવાનાં. તેથી દર્શન માટે ખૂબ જ ધક્કામુક્કી થઈ. સ્વામીશ્રી અને સંતોને પણ માંડ માંડ ઝાંખી થઈ. સ્વામીશ્રીએ અહીં ઠાકોરજીને ખાસ ૭૫૧/- રૂપિયાનો થાળ કરાવ્યો. પછી અહીંથી જ બસમાં સૌ કાંકરોલી દર્શને ગયા. સાંજે ૭-૦૦ વાગે નાથદ્વારા સ્ટેશને પાછા ફર્યા. ઠંડી પુષ્કળ હતી. ટ્રેન અહીંથી અજમેર જવા ઊપડી.

## 'બંડિયા છે' એમ બોલશે તોય કલ્યાણ

છેલ્લા બે-ત્રણ દિવસથી જોવાની દોડધામને લઈને અને સ્થળ-પ્રતિકૂળતાને લીધે પણ સભા થઈ શકી ન હતી. તેનો રંજ સ્વામીશ્રીના મનમાં રહી ગયો હતો. યાત્રા-ટ્રેનમાં હરિભક્તો કથાવાર્તાથી વંચિત રહી જાય તે તેમને કેમેય ન પોસાય. કારણ, એમના મતે તો યાત્રાનો હેતુ જ કથાવાર્તા, સંત-સમાગમ અને ભીડો વેઠવો એ હતો.

રાત્રે ૮-૩૦ વાગે ચિત્તોડગઢ સ્ટેશને યાત્રા-ટ્રેનનું એન્જિન એકાએક બગડી જવાથી, ગાડી આગળ જઈ શકે એમ નહોતી. બીજું એન્જિન મેળવવા કાર્યકર્તાઓએ ઘણા પ્રયત્નો કર્યા, પણ તાત્કાલિક વ્યવસ્થા થઈ શકી નહિ. આ બધી જાણ સ્વામીશ્રીને થતાં, રાજસ્થાનની સખત ઠંડીની પરવા કર્યા સિવાય સ્વામીશ્રી ડબામાંથી નીચે ઊતર્યા. સ્ટેશન ઉપર પૂરતું અજવાળું તથા બેઠક-વ્યવસ્થાના અભાવે તેમજ 'સ્વામીશ્રીને ઠંડી લાગી જશે' એ બીકે કાર્યકર્તાઓ સભા ભરવા આનાકાની કરતા હતા; પણ સ્વામીશ્રીએ એકદમ વેઈટિંગ રૂમ તરફ કદમ માંડ્યાં અને ત્યાં જ સભા ગોઠવી દીધી. ખપવાળા ઘણા ભક્તો એકદમ દોડી આવ્યા. ઓરડો ભરાઈ ગયો. કેટલાક બહાર પણ ગોઠવાઈ ગયા, તો થોડા-ઘણા ઊભાં ઊભાં માત્ર દર્શનનું સુખ માણવા લાગ્યા.

આરામ કક્ષની લાંબી-મોટી ખુરશીમાં બેસી સ્વામીશ્રીએ વાતો શરૂ કરી. એટલામાં કોઈ પ્રેમી સેવક, તાપવા માટે સગડી પણ લઈ આવ્યા. આમ

સગડીના ધીમા તાપમાં તાપતા, મુખારવિંદ ઉપર પથરાયેલા રેલવેની ઝાંખી વીજળીબત્તી અને અંગારાના મિશ્ર પ્રકાશથી વધુ શોભતા સ્વામીશ્રીએ, સંબંધથી થતા કલ્યાણની વાત કરી :

'આજ તો કરોડો મનવારો ભરવી છે. જે ઝાડ નીચે આવા સંત બેસે, જે ઢોરનું દૂધ-દહીં જમે, એનું કલ્યાણ થાય. આ સાધુનો ગુણ લેશે તો કલ્યાણ થશે જ; પણ 'આ તો બંડિયા છે, ભગવાન થઈને પૂજાય છે' એમ બોલશે, તોય કલ્યાણ થશે.' એમ પરભાવમાં આવી ઘણી વાતો કરી. સ્વામીશ્રી કહે : 'પ્રત્યક્ષ સ્વરૂપના ગુણ આવ્યાનું કારણ નિર્દોષબુદ્ધિ છે, એ સિવાય ગમે તેટલાં સાધન કરે પણ ગુણ ન આવે.'

આ બાજુ મહેન્દ્રસિંહ બાપુ તથા બાલુભાઈ બ્રહ્મભટ્ટે ગાડી જલદી ઉપાડવા કોશિશ કરી. છેવટે રાત્રે ૧૨-૩૦ વાગે ટ્રેન ઊપડી. જાણે કથાવાર્તાનો નિયમ બે-ત્રણ દિવસથી તૂટ્યો હતો તે સાચવવા અને અલૌકિક લાભ આપવા જ આમ ન બન્યું હોય ! કારણ, કાર્યકર્તાઓએ તો અજમેર જલદી પહોંચવા જ ટ્રેન વહેલી ઉપાડી હતી, પણ તે શક્ય ન બન્યું.

સવારે ૧૧-૦૦ વાગે અજમેરથી સૌ પુષ્કરરાજ આવી પહોંચ્યા. દક્ષિણી ઢબના વિશાળ વૈષ્ણવ મંદિરમાં તથા ભારતના વિશિષ્ટ બ્રહ્માજીના મંદિરમાં દર્શન કર્યાં. પુષ્કરરાજ સરોવરમાં પાણી તો હિમ જેવું ઠંડું હતું. સ્વામીશ્રીએ પ્રસાદી-જળ સૌને માથે ચઢાવ્યું.

અજમેર થઈ જયપુર પધાર્યા. અહીંના હરિભક્તો ઘણાં વર્ષોથી સ્વામીશ્રીને તેડાવતા હતા, પણ આ વખતે મેળ થયો. વહેલી સવારે રાજસ્થાની હરિભક્તોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. સ્વામિનારાયણ મંદિરે સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે પધાર્યા.

અહીંથી સ્વામીશ્રી ટ્રેનથી છૂટા પડવાના હતા. યાત્રા-ટ્રેન સિદ્ધપુર થઈ અમદાવાદ પૂરી થવાની હતી. સાંજે જયપુર સ્ટેશન ઉપર ભવ્ય સભા થઈ. અનેક મુશ્કેલીઓ હોવા છતાં સુંદર સુવિધાઓ પૂરી પાડી, હેમખેમ યાત્રા કરાવવા માટે સૌ યાત્રાળુઓએ ટ્રેનના આયોજક મહેન્દ્રસિંહ બાપુને સન્માન પત્ર આપ્યું. બાલુભાઈ બ્રહ્મભટ્ટનો પણ ટ્રેનની વ્યવસ્થાના સહકાર બદલ સૌએ આભાર માન્યો.

સ્વામીશ્રીએ સર્વને આશીર્વાદ આપ્યા : 'જમાત કરામત. સંપ ત્યાં જંપ. કંઈ ભેગું નથી લઈ જવાનું; સત્સંગ છે તે ભેગો આવશે. એક બાવો ગિરનારને

દંડવત્ કરતાં કરતાં પ્રદક્ષિણા કરતો હતો. ગુણાતીતાનંદ સ્વામીએ બાવાને કહ્યું કે 'આ કૃપાનંદ સ્વામી મોટા સંત છે. તેમને એક દંડવત્ કર.' બાવો કહે : 'સામા આવી ઊભા રહે તો કરું.' એમ અવળો જીવ ! જાવું'તું દ્વારકા ને ગયો દીવ.'

અહીં સ્વામીશ્રીએ ડૉ. ગણપતભાઈ તથા રામસ્વરૂપજી, સત્યનારાયણજી વકીલ વગેરે સ્થાનિક ભક્તોને ત્રણ દિવસ લાભ આપ્યો. અહીંથી ડૌસા પધરામણી કરી, રામસ્વરૂપભાઈ વગેરે ભક્તોનો ભાવ પૂરો કર્યો.

તા. ૨-૧૨-'૬૦, સવારે જયપુરથી નીકળી, બપોરે ૧-૦૦ વાગે મકરાણા પધાર્યા. અહીં 'સ્વામિનારાયણ કારખાના'માં જ્યાં ગઢપુર મંદિરનું આરસ ઘડતરનું કામ ચાલતું હતું ત્યાં જ ઉતારો હતો. આફ્રિકાથી નિવૃત્તિ લઈ સેવાર્થે આવેલા ભાદરણના ભક્તરાજ ગોરધનભાઈ, જેઓ જી.કે. સ્વામીના હુલામણા નામથી ઓળખાતા હતા, તેઓ જંગલમાં ધૂણી ધખાવીને બેઠેલા. મિસ્ત્રી હરિપ્રસાદની મદદથી સર્વ કામ ચાલતું હતું. આરસની કેટલીક ખાણો સ્વામીશ્રીએ નિહાળી. આ આરસ-નગરીમાં ઠંડી પુષ્કળ હતી. દિવસે પણ હિમ જેવી ઠંડી પડે. એક ક્ષણ પણ તાપ્યા વિના ચાલે નહિ. છતાં સ્વામીશ્રી બધે ફર્યા. મુસલમાન કારીગરો પણ સ્વામીશ્રીની દુઆ મેળવી રાજી થયા.

અહીંથી રાત્રે નીકળી બીજે દિવસે સવારે સ્વામીશ્રી બિલાડા પહોંચ્યા. દાજી બાપુના દીકરી બાસાહેબ તો સ્વામીશ્રી અને સંતો-હરિભક્તોના આગમનથી હર્ષઘેલાં થઈ ગયાં હતાં. આવા દૂર દેશમાં પણ પ્રગટની નિષ્ઠાના બળથી તેમનો ભક્તિનો દોર ઢીલો પડ્યો ન હતો. રાત-દિવસ એ જ આલોચ કે 'સ્વામીબાપા ક્યારે અહીં પધારે ! સેવા અંગીકાર કરે !' તે ઘડી આવી મળતાં તેમના આનંદની કોઈ સીમા નહોતી. ઘનશ્યામસિંહ બાપુ તથા રાજ્યના કામદાર વગેરે સેવામાં ખડે પગે હતા. અહીં બિલાડા-દરબાર દીવાન સાહેબની સમાધિ તથા બાણગંગાએ સ્નાન કરવા સ્વામીશ્રી પધારેલા. બિલાડામાં બે દિવસ રહી, રાજકુટુંબને રાજી કર્યું. મોટા કુમાર માધવસિંહજી તથા નાના ગોપાલસિંહજીને તથા પરિવારને આશીર્વાદ આપી, સ્વામીશ્રી જોધપુર પધાર્યા.

## યે સારી આલમકા અબાજાન હૈ

બિકાનેર બૅન્કના મૅનેજર ગિરધરલાલ ભટ્ટ સાહેબના અથાક પ્રયાસથી શોભાયાત્રા તથા જાહેર સત્સંગ સભામાં ઘણા ભાવિકોએ અહીં લાભ લીધો.

નગરયાત્રામાં જોધપુર દરબારનો સ્ટાફ, ઘોડેસવારો, બંધૂકધારીઓ,

પોલિસ ઑફિસરો, અન્ય ઑફિસરો, સરકારી ઑફિસરો, વેપારીવર્ગ, મંદિરોના મહંતો, સંતો અને આમજનતા ઉત્સાહથી જોડાયા હતા. સ્વામીશ્રીનાં દર્શનનો સૌને ખૂબ ઉમંગ હતો.

નગરયાત્રા દરમ્યાન એક ક્રિશ્ચિયન બાઈને સ્વામીશ્રીની મૂર્તિમાં લક્ષ થઈ ગયું. અને તે સ્વામીશ્રીની ગાડી તરફ દોડતી બોલવાં લાગી કે 'ઓહ ગૉડ - માય ગૉડ !' જ્યારે તે બાઈને લોકોએ રોકી ત્યારે બોલી કે 'એ ગૉડ હૈ.' તે નગરયાત્રા વિરમી ત્યાં સુધી સ્વામીશ્રીનાં દૂરથી દર્શન કરતી ગાડી પાછળ ચાલી !

બીજી એક મુસ્લિમ મહિલા પણ સ્વામીશ્રીનાં દર્શન કરીને બોલવા લાગી કે 'યે ખુદાતાલા હૈ - યે સારી આલમકા અબાજાન હૈ.' જ્યારે તેને પણ લોકોએ રોકી, ત્યારે બોલવા લાગી કે 'મૈં તો દુવા કે લીએ ઉનકી પાસ જાઉંગી, મુઝે મત રોકો.' પછી તે બાઈને સમજાવીને માંડ માંડ ત્યાંથી દૂર કરી !

સ્વામીશ્રીએ નગરયાત્રા દરમ્યાન અનેકને પોતાની મૂર્તિમાં ખેંચ્યા અને દિવ્યતા-સાધુતાનાં દર્શન કરાવ્યાં.

બીજે દિવસે સાંજે સ્વામીશ્રી પાલી પધાર્યા. દાજી બાપુના સૌથી નાના સુપુત્ર અને સેવાભાવી ભક્તરાજ પૃથ્વીસિંહજીનો પ્રેમ અને આગ્રહ અનહદ હતા. તેમને પણ એક દિવસ દર્શન-સેવાનો લાભ આપી, ચેતનસિંહ વગેરે પરિવારને આશીર્વાદ આપી, અહીંથી ૨૫૦ માઈલ દૂર ધમોતર જવા નીકળ્યા.

## ધમોતરનાં રાજરાણીની માનતા સાચવી

ઘનશ્યામસિંહજી બાપુ, જેમણે ઘણાં વર્ષો ધમોતર સ્ટેટમાં નોકરી કરી હતી. તેમની આગ્રહભરી વિનંતીને માન આપી, આખો દિવસ સખત પરિશ્રમ વેઠી, અસહ્ય ઠંડીમાં સ્વામીશ્રી સંતોના નાનકડા સંઘ સાથે મારવાડ, માવલી, ચિત્તોડગઢ સ્ટેશન થઈ મંદસોર ઊતર્યા. ત્યાંથી પ્રતાપગઢ થઈ ધમોતર પહોંચ્યા. અહીં કુંવર સાહેબે બે દિવસ સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લીધો.

ધ્રાંગધ્રાનાં રાજકુંવરીને ધમોતર સ્ટેટમાં પરણાવેલાં. તેમનાં માતુશ્રી મેંગણીનાં હતાં અને સદ્. બાલમુકુંદદાસ સ્વામીએ પ્રસાદીની કરેલી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની સર્વ ઐશ્વર્ય સંપન્ન ચિત્રામણની મૂર્તિ, તેમને સાસરે વળાવતી વખતે માતાએ આપીને કહેલું કે 'ગમે તેવા સંકટ સમયે આ મૂર્તિને પ્રાર્થના કરજો, તો ધારેલું કાર્ય ફળીભૂત થશે અને સર્વમંગલ ફળશે.'

રાજ્યમાં દર વર્ષે નવરાત્રિમાં મોટી જીવહિંસા રાજ્ય પરિવાર તરફથી

થતી. કુંવરીને આ જોઈને અંતરમાં ઘણું દુઃખ થતું. એક વાર માતાએ આપેલી સ્વામીની મૂર્તિને કુંવરીએ પ્રાર્થના કરી કે 'હે સ્વામી ! મારી નજર સમક્ષ થતી આ જીવહિંસા આપ બંધ કરાવો.'

પછી થોડા સમય બાદ જ ધમોતરનાં કુળદેવી માતાજીએ દરબારને દર્શન આપ્યાં અને જીવહિંસા બંધ કરાવી.

ધમોતર સ્ટેટના સેક્રેટરી ઘનશ્યામસિંહ વખતસિંહ જાયવાવાળાની પ્રેરણાથી તેઓ બિલાડાનાં બાસાહેબની સાથે ગોંડલ પધાર્યા અને સ્વામીશ્રીનાં દર્શનથી અતિ પ્રભાવિત થયાં. તેમણે દૃઢ સંકલ્પ કર્યો કે 'સ્વામીશ્રી એક વખત ધમોતર સ્ટેટમાં પધારે પછી જ જમવામાં ઘી લેવું.'

રાજસ્થાનમાં તો બધી જ વાનગીમાં ઘીનો ઉપયોગ થાય. તેથી ઘણી તકલીફ પડે તેવી આ પ્રતિજ્ઞા હતી. આ તો રાજહઠ; તેમાં વળી ભક્તિભાવના ભળી. જો કે તેમણે આ પ્રતિજ્ઞાની વાત કોઈને પણ કરી ન હતી; 'સ્વામીશ્રી અંતર્યામી છે, એટલે તેમનો સંકલ્પ જાણીને જરૂર એક વાર સ્ટેટમાં પધારશે,' તેવો તેમને અટલ વિશ્વાસ હતો. સ્વામીશ્રી ધમોતર પધાર્યા. ત્યારબાદ જ રાજમાતાએ ઘીની માનતા પૂરી કરી.

તા. ૯મીએ અહીંથી બપોરે નીકળી, રાત્રે ૨-૩૦ વાગે સ્વામીશ્રી ઈન્દોર આવી પહોંચ્યા. રમેશ દલાલ, રાવજીભાઈ તથા મંદિરના કોઠારી શાંતિલાલ પરીખે સારી સેવા કરી. બિલાડા બાસાહેબના મોટા જમાઈ પોલીસ અધિકારી દેવેન્દ્રસિંહજીને પણ સેવાનો લાભ મળ્યો.

સ્વામીશ્રી તથા મોટાસ્વામી ઈન્દોરથી રતલામ આવી, 'દહેરાદૂન મેલ'માં ભગવત્સિંહજી સાથે વડોદરા જવા નીકળ્યા. આમ, યાત્રા નિમિત્તે રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં વસતા જૂના સત્સંગીઓને સારો લાભ મળ્યો.

## વૃત્તિઓના ધોખા મટાડવાની કવાયત

યાત્રા-પ્રવાસ દરમ્યાન સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન હતા. તેઓ કહે : 'પંચતીર્થી કરવાનો શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ હતો, તે પૂર્ણ થયો. દસ-વીસ હરિભક્તો સાથે પંચતીર્થીમાં ફર્યા હોઈશું, પણ સમૂહમાં ૬૦૦ હરિભક્તો સાથે શ્રીજી-મહારાજનાં પ્રસાદી સ્થાનોમાં વિચરણ કરવું, તે તેમની ઈચ્છા વગર ન બને.' દરેક વાતનો યશ ગુરુને અર્પણ કરવાનું સ્વામીશ્રી ચૂકતા નહિ.

યાત્રામાં ચંપકભાઈ શેઠ, ખેંગારજીભાઈ, વજુભાઈ શેઠ, હકાભાઈ,

મણિભાઈ સલાડવાળા, ત્રિભોવનભાઈ, ડાહ્યાભાઈ, બાલુભાઈ બ્રહ્મભટ્ટ વગેરે ભક્તો સાથે હતા. વખતોવખત સ્વામીશ્રી હરિભક્તોના ડબામાં જાય અને મૂળા તથા ચણાનો પ્રસાદ સૌને વહેંચે. કથાવાર્તા કરે. અદ્ભુત સ્મૃતિઓ આપી સૌને દિવ્યાનંદ કરાવે.

સમગ્ર યાત્રામાં અક્ષર મંદિરમાં સૌને અનેરો આનંદ આવ્યો. જ્યારે પરોક્ષનાં મંદિરોનાં દર્શનની ધક્કાધક્કી ભૂલાય એવી નહોતી. સેવા-ભક્તિ અને મર્યાદા પ્રશંસનીય હતાં, પણ કથાવાર્તાની કોઈ વ્યવસ્થા નહિ.

ગુણાતીત સંતના સાંનિધ્યમાં, એમના સંકલ્પે નીકળેલી યાત્રામાં આધ્યાત્મિક હેતુ મુખ્યત્વે સિદ્ધ થાય છે. જૂનાગઢથી પંચતીર્થીમાં નીકળવા માટે પહેલે દિવસે બસો નહોતી મળી. સ્વામીશ્રીએ જૂનાગઢ મંદિર અને પ્રસાદી સ્થાનોનાં દર્શનનો લાભ લીધો અને સૌને અપાવ્યો. બીજે દિવસે સ્વામીશ્રીની દયાથી ૧૧ બસો એકસાથે મળી ગઈ અને ૬૦૦ યાત્રિકોને એકસાથે પંચતીર્થીમાં સર્વ સ્થળે દર્શન કરાવ્યાં, અલૌકિક આનંદ કરાવી રાત્રે ગોંડલ પહોંચાડી દીધા હતા. ભગવાન ભગવાનનું કામ કરે છે. સૌના સંકલ્પો બંધ થઈ ગયા. પોરબંદર જવાને બદલે ડાંગરા તીર્થની યાત્રા થઈ ગઈ. સૌ રાજી થઈ ગયા. અશક્ત લાગતી બાબતો સત્ય બને, તે ભગવાન ભળે તો જ બને.

સ્વામીશ્રીની ઇચ્છાથી જે ગોઠવાતું તે સુગમ અને સરળ ઊતરતું. બીજામાં તકલીફો આવતી. જ્યાં વૃત્તિઓના પ્રવાહો રોકાય, ત્યાં સૌનાં અંતરની ખબર પડી જાય. સ્વામીશ્રી અલૌકિક વાતું કરી બ્રહ્માનંદ કરાવે, તેથી સર્વ સંકલ્પો શમી જાય.

યાત્રા-પ્રવાસનું આધ્યાત્મિક મૂલ્યાંકન આંકતાં સ્વામીશ્રી કહેતા 'વૃત્તિઓના ધોખા મટાડવાની કવાયત અહીં શીખવાની મળે છે.'

પળે પળે જાણપણું જતું રહે ને સ્વામીશ્રી શાંતિ સ્થાપી દે. દરેકના સ્વભાવનું દર્શન થાય, પણ ભેગા રહી સહન કરવાની શક્તિ કેળવવાથી મોટા-પુરુષનો રાજીપો મળે. વળી, આસક્તિઓ અને દેહાભિમાન ટાળે તેવા પ્રસંગો વારંવાર બને; પછી વાતાવરણ શાંત બની જાય, જાણે કંઈ થયું જ નથી. સૌ એકત્વભાવથી પ્રેમથી વર્તે, તેથી સૌને આશ્ચર્ય થતું. સ્વામીશ્રી આવાં વિસ્મયો દેખાડનાર મહાન આકર્ષક મૂર્તિ હતા. જેમની પાસે સ્વભાવ-પરિવર્તન અને પ્રકૃતિ-રૂપાંતર કરવાની જાદુઈ લાકડીઓ હતી : એમની દિવ્ય દૃષ્ટિ, સ્પર્શ ને વાણી. એથી જ વિવિધતામાં એકતા અને અશાંતમાં તદ્દન શાંત એવાં નવીન

દર્શન સૌને થતા.

સ્વામીશ્રી કહેતા કે આ યાત્રામાં ન આવી શક્યા તેમને જરૂર બળતરા થશે. કેમ કે અહીં થોડામાં ઘણો રાજીપો મળી જાત. તે તેમણે ગુમાવ્યો છે. જે આજ્ઞાથી આવ્યા તેને આશીર્વાદ મળ્યા. આમ, અક્ષરધામનું સુખ સ્વામીશ્રીના સાંનિધ્યમાં સૌએ અનુભવ્યું. ભીડો ખમી, ગુણબુદ્ધિ રાખનાર ઉપર સ્વામીશ્રીનો રાજીપો વિશેષ થતો. એવા મુમુક્ષુઓનો આત્યંતિક કલ્યાણનો માર્ગ ખુલ્લો થઈ જતો.

## યોગ-ક્ષેમના રખેવાળ

વડોદરા આવી સવારે અટલાદરા મંદિરના દરવાજાનું ખાત કર્યું.

અહીં જલાલપુરના બહાદુરસિંહજી સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા. આમ તો થોડા જ દિવસો પહેલાં તેઓ સ્વામીશ્રીનાં દર્શને ગોંડલ ગયા હતા, પરંતુ તે સમયે તેમની પાસે ભાડાના પૈસા પણ નહીં. તેથી ઢસાથી તેઓ વગર ટિકિટે ગોંડલ આવ્યા હતા. બે રૂપિયાની તેમની મૂડીમાંથી તેમણે એક રૂપિયાનું શ્રીફળ લીધું, અને મંદિરે પહોંચ્યા ત્યાં હકાભાઈ ખાચરનો ભેટો થઈ ગયો. તેઓ તેમને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. કોઈ જ પૂર્વ વાતચીત વગર સ્વામીશ્રીએ બહાદુરસિંહજીને આશીર્વાદ આપ્યા હતા કે 'તમે ઘરેથી જે નોકરીનો સંકલ્પ લઈને નીકળ્યા છો તે મળી જશે. માટે ચિંતા કરશો નહિ.'

આ વચનો ફળીભૂત થતાં તેઓ ફરી સ્વામીશ્રીનાં દર્શન કરવા ગઢડા, સારંગપુર થઈ છેવટે અહીં અટલાદરા પહોંચ્યા. તેમને જોતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'બાપુ ! નોકરી મળી ગઈ ને ?'

બહાદુરસિંહજી તો આ સંતની સિદ્ધિ અને સરળતા જોતાં દિંગ થઈ ગયા. તેમને સત્સંગનો રંગ લાગ્યો અને આવા અનુભવો પછી તેમના પાંચે ભાઈઓ માતાજીની ઉપાસના મૂકી શ્રીજીના આશ્રિત થયા.

સ્વામીશ્રીએ બહાદુરસિંહજીને કહ્યું હતું : 'અમારે તમને બે હજારના પગાર સુધી લઈ જવા છે.' અને તે વચનો પણ સાર્થક થયાં.

## 'તમારું કાર્ય પૂરું થયેલ છે'

અહીંથી સ્વામીશ્રી આણંદ પધાર્યા. અહીં શાસ્ત્રીજી મહારાજના લાડીલા ભક્તરાજ, મોતીભાઈ ભગવાનદાસ બે વર્ષથી સખત બીમાર હતા. દિવસે દિવસે લોહીનું પાણી થતું જતું હતું. ખાસ તેમને જોવા જ સ્વામીશ્રી આવ્યા

હતા. તેમના ઘેર પધારી, તેમને બેઠા કરાવડાવી, સ્વામીશ્રીએ ભીના કપડા વડે તેમનું શરીર લૂછ્યું. ગળામાં ફૂલનો હાર પહેરાવ્યો અને ખોળામાં ઠાકોરજી મૂક્યા. સ્વામીશ્રીએ તેમને અંતિમ ઇચ્છા જણાવવા કહ્યું. ત્યારે તેઓ બોલ્યા : 'ગઢડે જવું છે.'

'શાસ્ત્રીજી મહારાજની સાથે રહીને તમારું કાર્ય પૂરું થયેલું છે. અને દશમના દિવસે મહારાજ-સ્વામી તમને ધામમાં લઈ જશે.' સ્વામીશ્રીએ તેમને આશ્વાસન અને આશીર્વાદ આપ્યા. મોતીભાઈના મસ્તકે હાથ મૂકી, લાંભવેલ હનુમાનજી તરફ વિદાય થયા.

લાંભવેલ ગામમાં સ્વામીશ્રીએ હરિભક્તોને કહ્યું : 'મોતીભાઈ ભગવાન-દાસ બહુ બીમાર છે. તેમનાં દર્શન કરી આવજો. અને તેમને કહેજો કે દશમના દિવસે નહીં, પણ અગિયારસના દિવસે મહારાજ-સ્વામી ધામમાં લઈ જશે.'

મોતીભાઈ સ્વામીશ્રીના વચન પ્રમાણે બરોબર ૧૩ ડિસેમ્બર, અગિયારસના પવિત્ર દિવસે ધામમાં ગયા.

બપોરે ૧-૩૦ વાગે લાંભવેલ, મણિભાઈ દેસાઈભાઈના સુપુત્રના ક્ષૌરકર્મ વિધિ પ્રસંગે ઠાકોરજી જમાડી, નડિયાદ, ડભાણ, અમદાવાદ થઈ, રાત્રે ૧૧-૦૦ વાગે સ્વામીશ્રી હિંમતનગર પધાર્યા.

સમગ્ર સાબરકાંઠા સત્સંગ મંડળ તરફથી હિંમતનગર ખાતે તા. ૧૨મીએ 'સત્સંગિજીવન'ની કથાનો પ્રારંભ થયો. આ વિસ્તારના સર્વ ભક્તોને માટે આ અનુપમ લહાવો હતો. તેથી રોજ ગામેગામથી ભક્તોનો સમુદાય દર્શન-સમાગમ માટે ઊમટતો હતો.

આયોજનનો મુખ્ય ભાર આ વિસ્તારમાં સત્સંગ-પ્રચાર કરતા અ.નિ. શંકરલાલ ઠાકરના યુવાન સુપુત્ર મહેન્દ્રભાઈ ઠાકરે સંભાળ્યો હતો. અંબાલાલભાઈએ રસોડાની વિશિષ્ટ જવાબદારી સંભાળી લીધી હતી. અ.નિ. ચુનીભાઈના સુપુત્રો ગુણવંતભાઈ, નટુભાઈ, જયંતીભાઈ, રસિકભાઈ, મનુભાઈ તથા ડાહ્યાભાઈ લાતીવાળા, ડાહ્યાભાઈ સ્વરૂપચંદ, નારણભાઈ મોદી, પ્રભુદાસ મોદી વગેરે ભક્તો સેવામાં જોડાયા હતા. જિલ્લાના મુખ્ય એન્જિનિયર દામોદરભાઈ મૂળજીભાઈ ટાંક તથા ભાઈલાલભાઈ દવેએ પોતાની ગાડીઓ તથા વિશાળ આવાસો સેવામાં અર્પણ કર્યાં હતાં. પૂર્ણાહુતિને દિવસે સુંદર શોભાયાત્રા નીકળી. મહારાજા સાહેબ દલજિતસિંહજી ખાસ દર્શને આવ્યા હતા.

તા. ૧૯મીએ સવારે સ્વામીશ્રી પ્રાંતિજ પધાર્યા. અહીં પણ શાંતિભાઈ

શાહ તથા બાલુભાઈએ સર્વેને શોભાયાત્રા તથા જાહેર સત્સંગનો લાભ અપાવ્યો. ૪૦ ઘરે પધરામણીઓ થઈ.

બીજે દિવસે સ્વામીશ્રી જિલ્લાના આગેવાન કાર્યકર ચુનીકાકાને ત્યાં તલોદ પધાર્યા. ગઢપુર-ઉત્સવ માટે તેમણે ચોખાનો મોટો ધર્માદો કર્યો. ડૉ. કાંતિભાઈએ પણ સેવાનો લાભ લીધો.

વિલિયમપુરાના ભક્ત કુબેરભાઈએ અહીં સ્વામીશ્રીને પોતાને ગામ પધારવા વિનંતી કરી. સમયના અભાવે મોટાસ્વામીએ ના પાડી.

'બાપજી ! નહીં આવો તો હું ચુનીકાકાના કૂવામાં પડીશ.' કુબેરભાઈ એકદમ ભાવમાં બોલી ઊઠ્યા. તેમના ખૂબ આગ્રહથી સ્વામીશ્રીએ તેમને ગામ પધરામણી કરી. આમ, ગામોગામ હરિભક્તોનો ભાવ અમર્યાદિત રહેતો.

તલોદ 'સાયન્સ કૉલેજ'માં પણ ચુનીકાકાએ સ્વામીશ્રીની પધરામણી કરાવી સૌને સત્સંગનો લાભ અપાવ્યો હતો. પ્રિન્સિપાલ ભટ્ટ સાહેબને આશીર્વાદ આપી, નરોડા પધરામણી કરી, સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા.

ગઢપુર મંદિરનો 'સુવર્ણ-કળશ વિધિ મહોત્સવ' નજીકમાં આવતો હોવાથી, હરિભક્તોએ સારી સેવા નોંધાવી હતી. દેશકાળ ગમે તેવા નબળા હોય, પણ સ્વામીશ્રીની મરજી જાણતા નાના-મોટા સૌ હરિભક્તો, પોતાના વ્યવહારની પરવા કર્યા વગર સ્વામીશ્રીની ઇચ્છા મુજબ સેવા કરતા. તે ગામોગામ જોવા મળતું હતું.

અહીંથી જેતલપુર દર્શન કરી, સ્વામીશ્રીએ નેનપુર, સાંખેજ, ભાલીઆપુરા, સમાદરા, ભવાનપુરા, ડુંગરી ટીંબા, ખેડા, શાંતિપુરા, ગોવિંદપુરા, રઢુ વગેરે ગામોમાં ચાર દિવસ વિચરણ કર્યું હતું. સુવર્ણ-કળશ મહોત્સવ સાથે ગુરુજયંતી અને ૫૧ શિક્ષિત યુવાનોના દીક્ષા પ્રસંગને લીધે ગામોગામ હરિભક્તોનાં અંતરમાં અનેરો આનંદ હતો. સૌ ખૂબ ઉત્સાહથી ચોખાની તથા અન્ય સેવા કરતા હતા.

અમદાવાદ એક દિવસ નંદાજીને દર્શન, સમાગમ તથા આશીર્વાદનો લાભ આપી, સ્વામીશ્રીએ જેતલપુર દર્શન કરી, ફરી વિચરણ શરૂ કર્યું. પુરુષોત્તમપુરા, નાગજીપુરા, નવાગામ, નાયકા, નડિયાદ થઈ આણંદ પધાર્યા. અહીંના શૂરવીર ભક્તોએ ઉત્સવ માટે તુવેરદાળ તથા બીજી ઘણી મોટી સેવા કરી. સ્વામીશ્રી અમદાવાદ આવ્યા. ફરીથી નંદાજીને મળીને, તા. ૩-૧-'૬૧ સ્વામીશ્રી મુંબઈ આવી પહોંચ્યા.

શિયાળાની કડકડતી ઠંડીમાં છેલ્લા થોડા દિવસોમાં કરેલ અવિરત વિચરણથી સ્વામીશ્રીના સ્વાસ્થ્યને અત્યંત હાલાકી પહોંચી હતી. વળી, મુંબઈ આવતા આખી રાત સ્ટેશને-સ્ટેશને ભક્તોની દર્શન માટેની ભીડથી પણ ઉજાગરો થયો હતો. સખત પરિશ્રમ અને ઠંડી તથા પૂરતો આરામ ન મળતાં સ્વામીશ્રીને હાડમાં શરદી લાગી ગઈ હતી.

અહીં આવ્યા પછી તાવ પણ આવી ગયો. શરદીને લીધે અશક્તિ ઘણી વર્તાવા લાગી. એક કાગળ ઉપર સહી કરે ત્યાં શીત-પસીનો થઈ જાય. એથી હરિભક્તોએ સ્વામીશ્રીના આરામ માટે કડક બંદોબસ્ત કર્યો. ટપાલનું કામ પણ બંધ રખાવ્યું. ફક્ત દિવસમાં ત્રણ વખત સ્વામીશ્રી દર્શન આપે. ખાનગી મળવાનું બંધ તથા પધરામણી તો સંપૂર્ણ બંધ. આમ, મુંબઈમાં સ્વામીશ્રીને ઠીક ઠીક આરામ મળ્યો. તેથી ધીરે ધીરે સારું જણાવા લાગ્યું.

પાછળથી સાંજે ૧૦ મિનિટ વાતો કરતા, પણ હરિભક્તો સંપૂર્ણ શિસ્ત સાચવતા. દર્શન માટે કોઈ પડાપડી નહીં. સૌ દૂરથી જ દર્શન કરી બેસી જાય. આથી સ્વામીશ્રી અપાર પ્રસન્ન રહેતા અને ટૂંકી પણ મુદ્દાની અદ્‌ભુત વાતો કરતા.

આ વખતે સ્વામીશ્રીની નાદુરસ્ત તબિયતને લીધે પ્રમુખસ્વામીએ સુંદર વાતો કરી, હરિભક્તોને સુખિયા કર્યા. ગુણાતીતાનંદ સ્વામી તથા શાસ્ત્રીજી મહારાજનાં જીવન ચરિત્રના ગ્રંથોની પારાયણો થઈ. અમદાવાદથી આવેલા અર્જુનભાઈ અને અંબાલાલભાઈ તેમજ હર્ષદભાઈ અને વજુભાઈ શેઠ પણ વાતો કરતા.

## દુર્ગપુરની સેવાનો સાદ

સ્વામીશ્રી રોજ સંપ-સુહૃદભાવની જ વાતો કરતા. એક બાપના દીકરા થઈ, સાચું જીવન જીવવા સૌને આદેશ આપતા. તેઓ કહેતા કે 'આમ વર્તીશું તો મહારાજ ભળશે અને મહાકાળ પણ પ્રવેશી શકશે નહીં.'

ઉત્તરાયણનો ઉત્સવ સારો ઊજવાયો. બીજે દિવસે સ્વામીશ્રીએ સત્સંગ-સમાજને ગઢપુરની સેવા અંગે હાકલ કરતો પ્રેરણા પત્ર લખ્યો :

*તા. ૧૫-૧-'૬૧, રવિવાર*
*ટાઢી સંક્રાન્ત, ઉત્તમ દિવસ,*
*પુણ્યપર્વણી, કપોળ વાડી.*

*'અહોહો ! અત્યારે ગઢપુર મંદિર પૂરું થવાના ને શિખર ઉપર કળશ વિધિ*

*વેદોક્ત મંત્રથી થવાનો છે. સાથે સાથે કેટલાક યુવકો આ પ્રસંગે દીક્ષા વિધિ લઈને સંસ્કૃત ભણવાના છે. તે મહારાજે શિક્ષાપત્રીમાં કહેલ છે કે 'સંસ્કૃત વિદ્યાના પ્રવર્તન કરાવવા એક વિદ્વાન બ્રાહ્મણને ભણાવવા રાખીને સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી.' તેનાં નગારાં વાગી રહ્યાં છે. તે શુભ પ્રસંગ ઊજવાશે તે પણ પત્રિકાઓમાં જાહેર લખાઈ રહ્યું છે ને 'પ્રકાશ'માં પણ લખાઈ રહ્યું છે. તો ખરી તક છે. તો ગમે તેમ વખત લાવીને આ પ્રસંગ ઊજવવા કટિબદ્ધ તૈયાર થવું.*

*'આજે પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ 'આજે હું તો ધામમાં જાઉં છું, પણ બધા મળીને ગઢપુર પૂર્ણ કરવા તત્પર રહેશો.' તે માટે આફ્રિકા મંડળે બહુ જ ભોગ આપ્યો છે.'*

બારસને દિવસે પ્રમુખસ્વામીએ સૌને ખીચડીમાં છૂટી ધારે ઘી પીરસી આનંદ કરાવ્યો અને સ્મૃતિ આપી. ગઢપુર-ઉત્સવ માટે મુંબઈના હરિભક્તોએ ખૂબ સેવા કરી.

મુંબઈથી અટલાદરા પધારતાં સ્વામીશ્રીએ ફરીથી માંદગી ગ્રહણ કરી. ડૉક્ટરોએ અહીં પણ સંપૂર્ણ આરામ કરવા સલાહ આપી હતી. મુંબઈમાં માંદગીના સમાચાર મળ્યા પછી, અહીં હજારો ભક્તો સ્વામીશ્રીની તબિયત જોવા ને દર્શન કરવા ભેગા થઈ ગયા હતા. સ્વામીશ્રી સૌને મળ્યા અને દર્શન આપી રાજી કર્યા. પણ પછી ડૉક્ટરોની સૂચના પ્રમાણે વિશેષ આરામમાં રહેતા. યોગકળામાં ખેલતા હોય એમ સ્વામીશ્રી સ્વતંત્ર થઈ મંદવાડ ગ્રહણ કરતા અને છોડી દેતા. એવું વિશિષ્ટ દર્શન થયું. કદાચ, ભક્તોનાં અંતઃકરણના પ્રેમને જોતા હશે ! તપાસતા હશે ! થોડા દિવસ સુધી આમ ચાલ્યું.

## શાસ્ત્રીજી મહારાજના ગ્રંથનું ઉદ્‌ઘાટન

પાંચમની વહેલી સવારે યોગનિદ્રાનો ત્યાગ કરતા સ્વામીશ્રીએ એકાએક બીમારીના અંચળાનો પણ ત્યાગ કર્યો. પ્રસન્નતાપૂર્વક સૌને દર્શન આપ્યાં. વસંતોત્સવ માટે એકત્રિત થયેલો ચિંતામગ્ન વિશાળ જનસમુદાય હર્ષિત થઈ ગયો. ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રી સભામાં બિરાજ્યા.

ઘણા દિવસ પછી જાહેર સભામાં બિરાજેલા સ્વામીશ્રી તારાગણમાં પૂર્ણચંદ્ર સમ શોભી રહ્યા હતા. *'ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય'*ની અનુભૂતિ કરાવતી, એ જ દિવ્ય દેદીપ્યમાન કાંતિથી ઝગમગતી મુખમુદ્રા !

પ્રમુખસ્વામીને સાથે રાખી સ્વામીશ્રીએ આ ઉત્સવમાં દસેક નવયુવાનોને

દીક્ષા આપી. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રખર પ્રવર્તક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો વિસ્તૃત જીવન ચરિત્ર ગ્રંથ, જે હર્ષદભાઈ દવેએ લખ્યો હતો, તેનું સ્વામીશ્રીએ પૂજન કરી, ઉદ્‌ઘાટન કર્યું. નવદીક્ષિતોને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'જગતમાં દ્રવ્ય અને સ્ત્રી છે જ નહીં, તે સિદ્ધ કરી દેવું. શિક્ષાપત્રી, નિષ્કામશુદ્ધિ તથા ધર્મામૃતનું દૃઢ પાલન કરવું.'

મહોત્સવની સભા અલૌકિક શોભતી હતી. આશરે ૧૦,૦૦૦ જેટલા હરિભક્તો એકત્રિત થયા હતા. ખેંગારજીભાઈ, કાનજીભાઈ, હર્ષદભાઈ, મણિભાઈ તથા નંદાજીએ પ્રવચનો કર્યાં.

અસ્વસ્થતા હોવા છતાં પૂર્ણ પ્રસન્નતા દર્શાવતાં સ્વામીશ્રીએ સંજીવની સમી અમૃત વાણીના પ્રવાહને વહેતો મૂક્યો. *'જેનું નામ રટ્યા થકી'* એ ગુરુ સ્તવનથી જ્યાં સ્વામીશ્રીએ મંગળાચરણ કર્યું અને જયનાદ કરી જબરો ખોંખારો ખાધો, એટલામાં તો સમગ્ર સભામાં તાળીઓના ગડગડાટ પડઘાવા લાગ્યા. મ્લાન બનેલાં હજારો ભક્તહૃદય પરાવાણીના શ્રવણમાત્રથી જ પુલકિત થઈ ગયાં. સૂર્યોદય થતાં સૂર્યમૂખી ખીલી ઊઠે, એમ યોગીમુખી પુષ્પો સભામાં ખીલી ઊઠ્યાં.

સ્વામીશ્રીએ કહ્યું : 'ભજન કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે અને અંતરમાં ટાઢું જોઈ મોટા સાધુ રાજી થાય. આપણને સ્વામી શાસ્ત્રીજી મહારાજનો યોગ થયો તે મોટી પ્રાપ્તિ થઈ ગઈ. બીજા બધાં ઘણું કરે છે, પણ આવી પ્રાપ્તિ કોઈને થઈ નથી. આપણે સત્સંગ કરવા મંડી પડવું જોઈએ. ૪ વાગે ઊઠવું. ૧૨ વાગે સૂવું. રાત-દિવસ કથાવાર્તા કરવી. આપણને જે સત્પુરુષ મળ્યા છે તેમને સેવી લેવા, એ જ કરવાનું છે. સત્સંગ કરવામાં સૌ એકમના થાઓ, એ જ આ પ્રસંગે અમારા આશીર્વાદ છે.'

## જોગી નામનું રહસ્ય

જ્ઞાનગોષ્ઠિમાં યુવકોને સંબોધીને સ્વામીશ્રી કહે : 'અમારા ગુરુ કૃષ્ણ-ચરણદાસ સ્વામી નાના હતા ત્યારે સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) એમને ગામ (મોટી કુંકાવાવ) પધારેલા અને તેઓ તાંસળીમાં દહીં લઈને સ્વામી પાસે ગયા. તેમને મોઢા ઉપર શીળીનાં ચાઠાં ખૂબ હતાં. તે સ્વામી કોઈની સામું જુએ નહીં, પણ આ છોકરો આવ્યો તેની સામે ઊંચું જોઈ દૃષ્ટિ કરી. ત્યારથી નજર પડી ગઈ અને સાધુ થયા. પછી જે કોઈ દર્શન કરવા આવે તેને (કૃષ્ણચરણ સ્વામી)

કહે : 'છોકરા, ભગવાન ભજ... સાધુ થાવું છે ?' એમ કહી સાધુ થવા કહેતા.'

એટલે અમે સૌએ કહ્યું : 'અત્યારે પણ એવું જ છે.' ત્યારે સ્વામીશ્રી હસવા લાગ્યા.

'આપ નાના હતા ત્યારે ભાષણ કરતા કે નહીં ?' અમે પૂછ્યું.

'હા, અમે ખૂબ ભાષણ કરતા. જૂનાગઢમાં મોટી સભા થઈ હોય અને અમને સ્વામી બાળમુકુંદ સ્વામી કહે : 'જોગી ! વાતું બોલો.' એટલે અમે સભામાં ઊભા થઈને બોલતા.'

'આપ નિરૂપણ કરતા ?'

'વાતું બોલી પછી નિરૂપણ પણ કરતા. નળિયાં ગગડે એવું જોસથી બોલતા.'

'આપ તો કૃષ્ણચરણ સ્વામીના મંડળમાં હતા ને !'

'હા, પણ બાળમુકુંદદાસ સ્વામી અને કૃષ્ણચરણદાસ સ્વામી બંને ગુરુ-ભાઈ હતા. આ બંને મંડળ એક હતાં. જૂનાગઢમાં બધાં મંડળોમાં એકતા. બહુ તપ-ત્યાગ. અમે બધા સદ્‌ગુરુઓની ખૂબ સેવા કરી અને રાજીપો મેળવ્યો છે. દેહને ઘસી નાખ્યો છે.'

વળી યુવકોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'આપનું નામ જોગી ક્યારથી પડ્યું ?'

ત્યારે કહે : 'અમે જૂનાગઢમાં સંવત ૧૯૬૫માં આવ્યા પછી બહુ સેવા કરતા. તપ-ધારણાં-પારણાં કરતા. એટલે અમારા ગુરુ અમને 'જોગી' કહેવા લાગ્યા. પણ અમે કંઈ જોગ સાધ્યો નથી.

'અમે સરધાર પાસે હાજડિયાળા ગામમાં ગયા હતા. ત્યાં બપોરે વાસણ ઘસતા હતા. ત્યાં એક ગરાસિયો આવ્યો. તે જોષી હતો. તે અમારા પગ જોઈને કહે : 'આ તો મહાન થશે. આને સૌ માનશે.' પછી અમે કહ્યું : 'અમે તો સેવક છીએ. અમે વાસણ ઘસી જાણીએ, સેવા કરીએ, પાયખાનાં ધોઈએ, અમારે મહાન નથી થાવું.' તે કહે : 'તમારે ભલે મહાન નથી થાવું, પણ તમે મોટા થશો એટલે જરૂર મહાન થશો અને બહુ પૂજાશો. અત્યારે તમે ભલે બહુ સેવા કરો, પણ ચાલીસ વર્ષ પછી સૌ તમને પૂજશે.'

'અમે નાના સાત વર્ષના હતા. પછી ભણવામાં પહેલો નંબર જ આવે, તે પહેલો નંબર બીજાને આપી દઈએ અને અમે છેલ્લી પાટલીએ બેસીએ. અમે સાત ચોપડી ભણ્યા. તે ઈનામ બહુ મળતાં. સીસાપેન, ચોપડી વગેરે.'

આવી કેટલીક વાતો સ્વામીશ્રી યુવકોને બળ આપવા અને હેત પમાડવા ક્યારેક કરતા.

અહીં ધર્મજના એક યુવક જયેન્દ્રભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! મારે કલકત્તા જવું છે. તો આશીર્વાદ આપો.'

'બે દિવસ પછી જજો.' સ્વામીશ્રીએ કહ્યું.

'જરૂરી કામ છે બાપા ! કાલે જ જવું પડશે.' જયેન્દ્રભાઈએ આગ્રહ રાખ્યો.

'તો છેલ્લા ડબ્બામાં બેસજો, એટલું અમારું માનજો.' એમ હેતપૂર્વક ગળે હાથ ફેરવતાં ફેરવતાં સ્વામીશ્રીએ કહ્યું. અને તેમને જમાડીને રજા આપી.

જયેન્દ્રભાઈ સ્ટેશન પર આવ્યા. ત્યાં વિચાર થયો કે સ્વામીશ્રીએ આજ્ઞા કરી છે માટે છેલ્લા ડબ્બામાં જ બેસવું.

કલકત્તા નજીક ટ્રેનના પાટા પાસે કોઈએ બૉમ્બ ગોઠવ્યો હતો. તે ટ્રેન હાવરા સ્ટેશને પહોંચે તે પહેલાં જ ફૂટ્યો. તેથી એન્જિન અને તેની પાસેના ચાર-પાંચ ડબ્બાને ઘણું નુકસાન થયું. કેટલાક ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યા અને કેટલાક ગંભીર રીતે ઘાયલ થયા; પરંતુ જયેન્દ્રભાઈની રક્ષા થઈ. તેમને આજ્ઞા-પાલનનું મહત્ત્વ સમજાયું.

આ પછી તુરત નાપાડ હરિમંદિરમાં સ્વામીશ્રીના વરદ્ હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા વિધિ હતો. ગોરધનભાઈ તથા તેમના પિતાશ્રી ભુલાભાઈએ સ્વામીશ્રીને વિનંતી કરી. નાદુરસ્ત તબિયત હોવા છતાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગને સ્વામીશ્રી કેમ ભૂલી શકે ? આ કાર્ય માટે તો પોતાનું જીવન હતું. વડોદરા, આણંદ થઈ સ્વામીશ્રી નાપાડ પધાર્યા. અહીં સ્વામીશ્રીને માટે આરામનો સમય ખાસ સાચવવામાં આવ્યો. મોટાસ્વામી તથા ઘનશ્યામ સ્વામીએ સભા પ્રસંગમાં સૌને કથાવાર્તાનો લાભ આપ્યો. મહા વદ બીજે સ્વામીશ્રીના વરદ્ હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા વિધિ થયો. સર્વત્ર જયજયકાર થઈ ગયો.

બીજે દિવસે હરમાનભાઈને ત્યાં ગાના પધરામણી કરી. પછી સાંકરદા થઈ સોખડા પધાર્યા. અહીં 'હરિલીલાકલ્પતરુ' તથા 'શાસ્ત્રીજી મહારાજના જીવન ચરિત્ર' ગ્રંથનું પારાયણ સુંદર થયું.

## પત્રકારોને શાંતિની અનુભૂતિ

પારાયણના પ્રારંભમાં તારીખ ૫-૨-'૬૧, વડોદરાના પત્રકારોની સ્વામીશ્રી સાથે મુલાકાત ગોઠવી હતી. સ્વામીશ્રી ક્યારેય પત્રકારો સાથેનો વાર્તાલાપ સામેથી આવકારતા નહીં, પણ જો કોઈ મળવા આવે તો આદર આપી સંતોષ આપતા. રાજકારણમાં એમને કોઈ રસ નહોતો. એ અંગે કોઈ

દિવસ પૂછપરછ કે ચર્ચા કરતા જ નહીં. 'કોણ રાજ્ય કરે છે ?' 'કેવું રાજ્ય કરે છે ?' એ જાણવાની એમને લેશ જિજ્ઞાસા નહીં. 'ભારતમાં કેટલા રાજકીય પક્ષો છે ?' 'કોણ કોણ નેતા છે ?' – એ બધા અંગે પણ અજ્ઞાનતા રાખવી એમને ગમતી. છાપું કોઈ દિવસ વાંચતા-જોતા નહીં. સ્પર્શ સુધ્ધાં કરતા નહીં. છાપાને 'એઠવાડિયું' કહેતા ને જે સાધક હોય તેને છાપાં વાચવાનો વારંવાર ખૂબ નિષેધ કરતા.

છતાં સૌનું ભલું ઈચ્છતા ! દેશનું ભલું થાય, નેતાઓનું ભલું થાય, લોકોનું ભલું થાય, ખૂબ વરસાદ પડે, સૌ સુખી થાય, સંપીને રહે, ભગવાન ભજે – એ એમની કાયમની ભાવના રહેતી. તેથી હંમેશાં બોલતા : 'ભગવાન સૌનું ભલું કરો...' તથા 'ભગવાન ભજી લેવા...'

એટલે વર્તમાનપત્રોમાં પોતાની મુલાકાતો પ્રગટ થાય એવી એમને કલ્પના સુધ્ધાં નહોતી. જો કે છાપાંમાં વરસાદના કે ધર્મના સારા સમાચાર હોય ને કોઈ વાત કરે ત્યારે એટલો ભાગ વંચાવતા અને જાણીને રાજી થતા.

વડોદરાના પત્રકારો સામેથી દર્શને અને આશીર્વાદ લેવા આવેલા. શરૂમાં હર્ષદભાઈએ તેમને સંસ્થા તથા સ્વામીશ્રીનો વિશિષ્ટ પરિચય આપ્યો. તેમના કેટલાક પ્રશ્નોનું સમાધાન કર્યું.

સ્વામીશ્રીએ આદેશ આપ્યો હતો કે બધાને જમાડીને પછી બપોરે મારી પાસે લાવશો. સર્વને સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવાની ઉત્સુકતા હતી. એક પત્રકારભાઈના મનમાં તો શાંતિની પ્રાપ્તિ અંગેનો પ્રશ્ન ઘણા સમયથી ઘોળાતો હતો. સૌની ભાવનાને લક્ષમાં લઈને સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે

'ચાર વાતમાં સુખ-શાંતિ છે. એક તો ભગવાનની આજ્ઞા, બીજું ભગવાનની ઉપાસના, ત્રીજું સાધુનો સમાગમ અને ચોથું જીવે વિષયમાં સુખ માન્યું છે પણ તે ખોટું છે. સુખ-શાંતિ ત્રણ વાતમાં જ છે. જેવી રીતે ભમરો ઈયળમાંથી ભમરી બનાવે છે, તેવી રીતે સાચા સંતના સમાગમથી જ્ઞાન મેળવીને બ્રહ્મરૂપ થવાય છે. આત્માનો સાક્ષાત્કાર, પરમાત્માની પ્રાપ્તિ, કોઈ સત્પુરુષના આશીર્વાદ હોય તો જ થઈ શકે છે. ભગવાનનું ભજન કરવાથી અંતરમાં શાંતિ મળે છે. ભગવાન ઉપર ભરોસો રાખવો. તે ભૂખ્યા ઉઠાડશે ખરા, પણ ભૂખ્યા સુવાડશે તો નહીં જ. *'તું મારી જકરમાં તો હું તારી ફિકરમાં.'* ભગવાનને યાદ કરશું તો જરૂર આપણી ફિકર રાખશે.'

સ્વામીશ્રીના મુખકમળમાંથી નીકળતી આ અમૃત વાણીનું પાન કરતા

પત્રકારોનાં મન ઉપર ઊંડી છાપ પડી. એક ભાઈનો શાંતિ અંગેનો જવાબ આમાંથી સહેજે પ્રાપ્ત થયો. તેને ખરેખર આશ્ચર્ય થયું કે મારા મનમાં જે વાત હતી તે પકડીને જ યોગીજી મહારાજે સંબોધન કર્યું. આમ, પ્રશ્નો પૂછ્યા વગર પણ લોકોનાં મનનાં સમાધાન સ્વામીશ્રી કરતા. તે અનુભવ અનેક વાર ભક્તો ઉપરાંત બીજાને પણ થતો.

## છપૈયાના યાત્રીને સો સાષ્ટાંગ પ્રણામ

સોખડા પારાયણની પૂર્ણાહુતિ કરી. લાલજીપરા થઈ, સ્વામીશ્રી વાસણા પધાર્યા. અહીં એક પરોક્ષના ભક્ત પોતાના સત્સંગી મિત્ર સાથે છપૈયા યાત્રા કરીને આવ્યા હતા. એ વાત તેમણે સ્વામીશ્રીને કરી. સ્વામીશ્રી ખૂબ રાજી થયા અને તેમના ચરણસ્પર્શ કરવા લાગ્યા ! પેલા ભાઈ તો સંકોચ પામી દૂર ખસી ગયા અને કહે : 'મને ન હોય, મારે આપને પગે લાગવાનું હોય !'

સ્વામીશ્રી મહિમાથી બોલી ઊઠ્યા : 'ના, તમને તો સો સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કરીએ તોય ઓછા પડે. તમે અડસઠ તીર્થ કરીને આવ્યા !'

પેલા ભક્ત તો દીનભાવે આ સાંભળી રહ્યા અને ગદ્ગદ થઈ ગયા.

અહીં ભાઈલાલભાઈને ત્યાં ગંગાપૂજન કરી, જેતલપુર થઈ અમદાવાદ પધાર્યા.

આ અરસામાં અહીંના સંનિષ્ઠ સત્સંગી શિવલાલ પરમારને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. તેમને વાડીલાલ હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. દસ દિવસના ગાળામાં બે હુમલા આવી ગયા હોવાથી ડૉક્ટરોએ હલન-ચલનની પણ મનાઈ કરી હતી. સ્વામીશ્રીને આ વાતની જાણ થતાં જ મંદિરેથી લાલજી મહારાજનો પ્રસાદીનો હાર લઈ હૉસ્પિટલે પધાર્યા. તેમને હાર પહેરાવ્યો. શરીરે પ્રેમથી હાથ ફેરવ્યો અને તન્મય બની ધૂન કરવા લાગ્યા. પછી કહે : 'આજથી તમારું દરદ ગયું !' સ્વામીશ્રીના આ વચનમાં જાદુ હતો. સ્વામીશ્રીના આશીર્વાદથી બીજે જ દિવસે તેમને હૉસ્પિટલમાંથી રજા મળી ગઈ. એ પછી વરસો સુધી શિવલાલભાઈએ સત્સંગની સેવા કરી.

અહીં અમાસનું સૂર્યગ્રહણ હતું. અસ્વસ્થ હોવા છતાં સ્વામીશ્રીએ નારાયણ ઘાટે ગ્રહણ કરવા જવાની ઇચ્છા દર્શાવી. બપોરે ગ્રહણ શરૂ થતાં પહેલાં સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે નારાયણ ઘાટ આવી પહોંચ્યા. નદી કિનારે રેતીમાં સભા ભરી. બે કલાક ધૂન-ભજન તથા કથાવાર્તા થઈ.

ગ્રહણ છૂટતાં પહેલાં ૧૦ મિનિટ ધૂન કરાવતાં સ્વામીશ્રી કહે : 'આપણે ધૂન કરવી જોઈએ, જેથી સૂર્યને દુઃખ ન થાય.' એમ કહી સૌ પરસ્પર સંપ-સુહૃદભાવ રાખે તે ઉપર બહુ ભાર મૂક્યો. ગ્રહણ છૂટ્યા બાદ સૌએ સ્નાન કર્યું. હરિભક્તોએ સ્વામીશ્રીનું પૂજન કર્યું.

બીજે દિવસે રાજકોટ જવા નીકળ્યા. રસ્તામાં કીર્તનો ગવરાવ્યાં. વળી થોડી વાતો કરી. એમ અખંડ ભજન કરાવ્યું. વઢવાણ મંદિરે દર્શન કરી ચંદુભાઈને ત્યાં તથા સુરેન્દ્રનગર ત્રિકમભાઈને ત્યાં પધરામણી કરી. રાત્રે ૧૨-૦૦ વાગે રાજકોટ પહોંચ્યા.

બીજે દિવસે રસ્તા ઉપર ગુરુકુળમાં દર્શન કરી, સંતોને મળીને તા. ૧૭મીએ ગોંડલ પહોંચ્યા.

અહીં સ્વામીશ્રીએ એક દિવસ તો બરાબર દર્શન-સમાગમનું સુખ આપ્યું, પરંતુ બીજે દિવસે અચાનક રોગ ગ્રહણ કર્યો અને સર્વેને વિમાસણમાં મૂકી દીધા. મુંબઈ મૂક્યા પછી સારું એવું વિચરણ થયું. તેથી એમના શરીરને વધારે હાલાકી લાગી. અને અહીં આવતાં લોહીનું દબાણ એકદમ ઘટી ગયું. તેથી ડૉક્ટરોએ સંપૂર્ણ આરામની સૂચના આપી. આ પછી લોહીનું દબાણ તો 'નૉર્મલ' આવી ગયું, પણ હરસની તકલીફ શરૂ થઈ; જે સ્વામીશ્રીએ પાછળથી જણાવ્યું કે 'ચાર મહિનાથી આ તકલીફ છે, પણ અમે કોઈને કહેતા નહોતા.' આને લીધે અશક્તિ પણ વધતી જતી હતી.

બે દિવસ પછી સવારે ૫-૪૫ વાગે ઊઠ્યા, પણ વધારે અશક્તિને લીધે પથારીમાં બેઠાં બેઠાં જ આપમેળે સૂઈ ગયા. લગભગ ૭-૩૦ વાગે સફાળા જાગ્રત થયા. મોડું ઘણું થયું હતું તેથી સેવકોને ઠપકો આપ્યો કે 'અમને ઉઠાડી દેવા. અહીં મોડા સુધી સૂઈ ન રહેવું, પણ દેરીનો લાભ લેવો. આરામને કારણે નથી લેવાતો તો જીવમાં બળે છે.' એમ કહી સ્નાનાદિક માટે પધાર્યા.

## ગાતર ઢીલાં, પણ અસવાર ઢીલા નથી

દાતણ કરતાં કરતાં હસતા જાય ને કહે : 'મોટાસ્વામીને બધી ઇન્દ્રિય સુખદાયી અને આપણે બધી દુઃખદાયી. આપણે ઝાડા, પેશાબ, શરદી, ઉધરસનું દુઃખ, ડૉક્ટર બોલવાની ના પાડે.' એમ કહી હસી પડ્યા. પછી બોલ્યા : 'ભગવાન ભજી લેવા. બધાં ગાતર ઢીલાં થયાં, પણ અસવાર કાંઈ ઢીલા થયા છે ?'

પરવારી, દર્શન કરી, આરામમાં પધાર્યા.

બપોરે ૪-૦૦ વાગે ઊઠ્યા ત્યારે કહે : 'ઠાકોરજી જાગ્યા તોય નગારું કેમ કોઈ વગાડતું નથી ? નગારું વગાડવું.'

સ્વામીશ્રીને આરામમાં ખલેલ ન પડે એથી નગારું બંધ કરેલું, પણ પોતાના નિમિત્તે ઠાકોરજીનું નગારું વગાડે નહીં તે સ્વામીશ્રીને મન અપરાધ હતો.

વસંત પંચમીના ઉત્સવ પછી નાદુરસ્ત તબિયતને કારણે મને તથા મધુ ભગતને સ્વામીશ્રીએ સેવામાં સાથે લીધા હતા.

વૃદ્ધાવસ્થા અને માંદગી, અશક્તિ, ઉનાળાના દિવસો; તેથી મધુ ભગતે સ્વામીશ્રીને સહેજ પાતળાં ગાતરિયાં પહેરવા વિનંતી કરી. ત્યારે સ્વામીશ્રી એકદમ કહે : 'જો અમે ઝીણાં પહેરીએ તો આખો સંપ્રદાય ઝીણાં પહેરવા માંડે.'

એટલે મધુ ભગતે કહ્યું : 'અમે નવા સંતો આપનો વાદ નહીં લઈએ.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'નવા ન લે પણ જૂના તો લે ને ? માટે જાડાં સારાં.' એમ કહી જાડાં વસ્ત્રો જ પહેરવાનો આગ્રહ બતાવ્યો. જો કે એમને મન કોઈ વાદ લે કે ન લે એ વાત ગૌણ હતી, પણ પોતાની જ અભિરુચિ એવી કે મહારાજની આજ્ઞા પ્રમાણે જાડાં વસ્ત્રો જ પહેરવાં. સારા વિષયનો અતિશય અભાવ એમના જીવનમાં પળે પળે જણાતો.

સાંજના સમયે થોડાંક ફળ સુધારીને સ્વામીશ્રીને ધર્યાં. સંતોએ આગ્રહ કર્યો ત્યારે સ્વામીશ્રી કહે : 'રોગે હાથીને પાડ્યા.'

'એ શું બાપા ?' સંતોએ પૂછ્યું.

સ્વામીશ્રી કહે : 'અમે હરતાં-ફરતાં કથાવાર્તા કરતા, તે હવે બંધ પડી ગયું.'

પછી જમવા માટે અતિશય આગ્રહ કર્યો ત્યારે કહે : 'નખ-જમણા રાજા ! રાજા હોય તે નખ જેટલું જમે.' એમ કહી હસી પડ્યા ને થોડું જમી સૌને રાજી કર્યા.

## એંશી વર્ષ પછી આરામ કરવો છે

રાત્રે સ્વામીશ્રી ઉકાળો પી રહ્યા હતા. ત્યારે અમે સૌ સંતોએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'બાપા ! આપણે હવે એકધારું ફરવાનું બંધ રાખીએ તો ? થોડો સમય ફરવું, પછી થોડો સમય આરામ કરવો, એમ ગોઠવવું જોઈએ...'

તેટલામાં સ્વામીશ્રી કહે : 'આરામ એટલે શું ? સૂઈ રહેવું એમ ને ?' એમ કહી હસ્યા. પછી કહે : 'એંશી વર્ષ પછી આરામ કરવો છે, હમણાં તો વાત જ નહીં.'

આ મર્મવચન ત્યારે કોણ સમજી શકે ? પણ ભવિષ્યમાં સાચું ઠર્યું.

સ્વામીશ્રી માટે એમની તાસીરને અનુકૂળ સાદી રસોઈ રોજ બનતી. સ્વામીશ્રીએ અમને આજ્ઞા કરી હતી કે 'થાળ તૈયાર થાય ત્યારે દેરીમાં ધરાવી પછી મને જમવા બોલાવવો.'

એક દિવસ ઉતાવળ થતાં દેરીમાં થાળ ધરાવવો રહી ગયો ને સ્વામીશ્રીને જમાડી દીધા. તે દિવસે સાંજે સ્વામીશ્રીએ મને બોલાવ્યો ને કહ્યું : 'તમારે રોજ થાળ ધરીને મને જમવા બોલાવવો. આજે થાળ ધરાવ્યો હતો કે નહીં ?' એમ અંતર્યામીપણે મને પૂછ્યું. આત્મનિવેદી-ભક્તિનું આવું સતત જાણપણું સ્વામીશ્રી વારવાર આપતા.

રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળમાંથી શાસ્ત્રી ધર્મજીવનદાસ સ્વામીશ્રીની તબિયત જોવા આવ્યા. સ્વામીશ્રી તેમને મળીને બહુ રાજી થયા.

## તમે તો મારો વટ ઉતારી નાખ્યો

આફ્રિકાના છેલ્લા સત્સંગના પ્રવાસ પછી સ્વામીશ્રીને મસાની તકલીફ વધી અને લોહી પડતું. અશક્તિ ઘણી રહેતી. ૧૯૫૫ના પ્રવાસ વખતે છાતીમાં ઠંડી પેસી જતાં શરદી અને ગળામાં ખરેરી(કફને કારણે ગળામાં ખરખર થવું તે)ની તકલીફ કાયમી થઈ ગઈ હતી. આવી નાની-મોટી બીમારી, વળી અત્યંત તપસ્વી અને સંયમી જીવન, તથા સત્સંગ-પ્રચારાર્થે સતત ગામડાંઓનું વિચરણ, પરિશ્રમ વગેરેને કારણે સ્વામીશ્રીને વધારે પડતી અશક્તિ રહેતી. ઘર કરીં ગયેલી બીમારી અને વયોવૃદ્ધ અવસ્થા હોવા છતાં સ્વામીશ્રી મહારાજની આજ્ઞાપાલનનું સપૂર્ણ તાન રાખતા.

આ વખતે બીમારીને કારણે સૌ સંતો અને હરિભક્તોએ તથા ડૉક્ટરોએ પણ સ્વામીશ્રીને પાટ કે પલંગ ઉપર સૂવા બહુ સમજાવ્યા, પણ એમણે કોઈનું સાંભળ્યું નહીં. સ્વામીશ્રી હંમેશાં જમીન ઉપર આસન પાથરીને સૂતા.

સખા સમાન પ્રેમી હરિભક્ત નારણભાઈ શેઠનું સ્વામીશ્રી હંમેશાં રાખતા. આથી નારણભાઈ શેઠે અત્યંત હેતભાવ અને નમ્રતાથી સ્વામીશ્રીને વિનંતી કરી : 'બાપા ! તમારે પલંગ ઉપર સૂવું જ પડશે. આજે તો હું તમારું કંઈ સાંભળવાનો નથી.'

આજે પણ સ્વામીશ્રીએ તેમની વાત પણ જલદી કાને ધરી નહીં. ફરી સૌએ વિનંતી કરી : 'બાપા ! આપને સિત્તેર વરસ તો થયા છે. વળી, આપ માંદા છો, તેથી આપને પલંગ ઉપર સૂવામાં શાસ્ત્રનો (શિક્ષાપત્રી અને ધર્મામૃતનો)

કોઈ બાધ આવતો નથી.'

'મહારાજની આજ્ઞા નથી. એ બને જ નહીં.' એમ કહી સ્વામીશ્રી પોતાની લાક્ષણિક ઢબે ગળા ઉપર હાથ મૂકે અને ના પાડે. જાણે પોતાના ગળાના સમ ખાતા હોય એમ અતિ સાધુતાયુક્ત સ્વામીશ્રી અતિ આગ્રહની સામે આ પોતાનું છેલ્લું શસ્ત્ર વાપરતા. પણ આજે તો સૌએ નિર્ધાર કર્યો હતો એટલે આગ્રહનો ગજગ્રાહ ચાલુ રહ્યો.

છેવટે કચવાતે મને સ્વામીશ્રી પલંગ ઉપર સૂવા તૈયાર થયા, પણ એમને મનમાં જરાય રુચ્યું જ નહીં. એમણે અત્યંત દુઃખી હૃદયે નારણભાઈ શેઠને કહ્યું : 'તમે તો મારો વટ ઉતારી નાખ્યો, નીચે સૂવામાં જ મારો વટ હતો.'

મોટાપુરુષને વટ તો હોય નહીં. હા, માયા સામે વટ રાખે. પણ જ્યાં પોતે મહારાજની આજ્ઞા-પાલન માટે ઈન્દ્રિયો-અંતઃકરણને થરથર ધ્રુજાવતા હોય, એમને શું બાધ કરી શકે ? છતાં બીજાની શિક્ષાને માટે પોતે વ્રત-નિયમમાં અતિ દૃઢ રહેતા હોય.

ભક્તોના અતિશય આગ્રહથી સ્વામીશ્રીએ તા. ૨૩મીએ ખાટલામાં સૂવાનું શરૂ કર્યું.

હંમેશાં ભોંય પથારી કરનાર પુરુષે આજે સિત્તેર વર્ષે જીવનમાં સૌ પ્રથમ વાર ઢોલિયાનો સ્પર્શ કર્યો. એમનું અંતર ઘણું જ દુભાતું હતું, પણ ભક્તોના અતિશય આગ્રહ આગળ જીવનમાં કદાચ પહેલી જ વાર સ્વામીશ્રીએ નમતું જોખ્યું. પોતાના અડગ વર્તમાનમાં, હરિભક્તોને રાજી રાખવા છૂટ મૂકી. છતાં અડધી રાત્રે એકદમ જાગ્રત થઈ ગયા અને જાણે મહાન અપરાધ થયો હોય એમ એકધારું બોલવા લાગ્યા : 'બહુ દુઃખ થાય છે, બહુ દુઃખ થાય છે.' એમ કહી ખાટલો કાઢી નખાવ્યો ને નીચે પથારી કરાવી પોઢી ગયા.

બીજે દિવસે રાત્રે ફરીથી હરિભક્તોએ અને સંતોએ સ્વામીશ્રીને આગ્રહ કરી ખાટલામાં પોઢાડ્યા. છેવટે ભક્તોના પ્રેમ આગળ હાર કબૂલ કરી સ્વામીશ્રીએ ખાટલામાં પોઢવાનું માન્ય રાખ્યું. પોતે દુઃખી થઈ ભક્તોને સુખ દીધું.

## ભગવત્સંબંધની પ્રતીતિ

સવારે ઊઠીને સંતોને વાત કરે ત્યારે એમ જણાય કે રોગ નથી. પછી જેવા આરામ કરે ત્યારે મનુષ્ય ચરિત્રો શરૂ કરે અને સંતોને કહેવા લાગે કે 'મટશે કે નહીં ? ક્યારે મટશે ? ઊંઘ આવશે કે નહીં ? તમે સંકલ્પ કરો તો

મટી જાય. તમે સંકલ્પ કરજો, ઊંઘ આવે તે માટે માળા ફેરવજો, દેરીમાં મારા વતી પ્રદક્ષિણા કરજો.' વળી, રાત્રે બે આરતી વચ્ચે દેરીમાં સૌને ધૂન કરવા મોકલે ને કહે : 'બે આરતી વચ્ચે ઠાકોરજી આપણી અરજી સાંભળે.'

જમતી વખતે પણ એવું બોલે કે 'એમ થાય છે, જમવું નથી. પરસેવો વળે છે.' એમ બહાનાં બતાવી અતિ સૂક્ષ્મ આહાર કરે.

સ્વામીશ્રી કહે : 'ચાર મહિનાથી આવું ને આવું હતું. લોહી પડતું હતું, પણ કોઈને કહીએ નહીં.'

આવું ઘણું ઘણું દેહનું કષ્ટ સ્વામીશ્રી છુપાવતા. દેહે કરીને પોતે દુઃખ ભોગવતા અને ભક્તોને સુખિયા કરતા.

અહીં એક બપોરે સ્વામીશ્રી નિર્ગુણ સ્વામીને કહે : 'દેરીમાં પ્રાર્થના કરો, ઝટ સાજા થઈ જવાય.'

'જેને પ્રાર્થના કરવી છે તે તો રોગ ગ્રહણ કરીને બેઠા છે !' મધુ ભગતે વચમાં કહ્યું.

'એમ ન કરવું.'

'આપ ગુણાતીત ખરા કે નહીં !'

'એમ ન કહેવું.'

'આપ ભગવાનનું સ્વરૂપ ખરા કે નહીં !'

'એમાં ના નહીં.' ભક્તના પ્રશ્નની આંટી-ઘૂંટીમાં આવી જતાં સહજભાવે સ્વામીશ્રી બોલી ઊઠ્યા. એમના ભગવત્સંબંધની સૌને પ્રતીતિ મળી.

સ્વામીશ્રી માટે એક સુંદર ઍર-કુશનવાળી આરામખુરશી ડૉ. વિઠ્ઠલભાઈએ જર્મનીથી મોકલી હતી. લગભગ રોજ સવારે સભામંડપમાં પોતાના ઓરડાની સામે તડકામાં સ્વામીશ્રી તેના ઉપર બિરાજતા, ટપાલ વાંચતા, સહી કરતા, કથા કરાવતા અને દર્શનનું સુખ આપતા.

કથા પ્રસંગમાં સ્વામીની વાત વંચાતી હતી કે 'આથી કરોડ ગણો સત્સંગ થશે... વ્યવહાર પ્રધાન થઈ જશે...'

ત્યારે સ્વામીશ્રીએ સૌને પૂછ્યું : 'વ્યવહાર પ્રધાન શું ?'

પછી પોતે જ ઉત્તર આપતાં કહ્યું : 'સાંજના ૬-૦૦ વાગે કથાનો ટાઈમ હોય ત્યારે વ્યવહારનું કામ આવી પડે, તો જો કથા મૂકીને વ્યવહાર કરે તો વ્યવહાર પ્રધાન, પણ કથાનો સમય સાચવે તો તે વ્યવહાર પ્રધાન ન ગણાય. મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી કારખાનાનું કામ કરાવતા. તે સાથે

પુરાણી બેસાડતા અને અખંડ કથા કરાવતા.'

કથામાં આવા સૂક્ષ્મ અર્થો ઘણા સમજવાના મળતા. એટલે સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'મોટાપુરુષનો નિરંતર જોગ રાખવો. કયા સમયે કઈ વાત થઈ જાય ને આપણને ખપ લાગી જાય.'

સાંજે પણ કથા પ્રસંગમાં સૌને આનંદ કરાવતાં કહે કે 'જ્યારે બેસીએ એટલે રોગ જાય અને સૂઈએ ત્યારે માંદા.' આમ, એમની માંદગીની તાસીર અકળ હતી.

સવારમાં કથાવાર્તા ચાલતી હતી, ત્યારે એક વખત ઠાકોરજી પાસેથી પૂજારી યોગેશ્વરદાસ અને બીજા એક સંત સેવામાંથી પરવારીને સ્વામીશ્રી પાસે આવ્યા અને બેઠા. થોડી વાર પછી સ્વામીશ્રી તે બંને સંતોને કહે : 'તમે ઉપર જાવ, ઠાકોરજીની સેવામાં. મને હમણાં મહારાજે આવીને કહ્યું કે 'મારી સેવામાં કોઈ નથી.' તેથી ઉપર જાવ.' એમ કહી સંતોને ઠાકોરજી પાસે મોકલ્યા. ઠાકોરજીની સેવા-મર્યાદાનો સ્વામીશ્રી હંમેશાં બહુ ખટકો રાખતા અને રખાવતા.

## પ્રેમની ખેંચતાણમાં લોભ તૂટ્યો

આ પ્રસંગે સ્વામીશ્રી અહીં સારવાર માટે લગભગ ત્રણથી ચાર માસ રહ્યા. રોજ સવારે ઉકાળો લેતી વખતે સ્વામીશ્રી સ્થાનિક હરિભક્તોને પણ સાથે પ્રસાદી લેવા બોલાવતા અને ખૂબ તાણ કરીને સૌને ઉકાળો-નાસ્તો કરાવતા. કેટલીક વાર તો પરાણે સૌને પીરસાવે અને હરિભક્તોને રાજી કરે. આથી હરિભક્તોને પણ સ્વામીશ્રી પ્રત્યે સામો એવો જ ભાવ જાગ્રત થતો અને સૌ મન મૂકીને સેવા કરતા. ગોંડલમાં અનાજનો ધર્માદો પણ આ વખતે ઘણો સારો થયો.

સ્વામીશ્રી હરિભક્તોને ખૂબ તાણ કરીને પોતાને માટે ખાસ તૈયાર કરેલી વસ્તુ ઉકાળો વગેરે પણ આપી દે, તે તેમની સેવા કરતા સેવકોને ગમે નહીં. પરંતુ પાછળથી સ્વામીશ્રી તેમને સમજાવે કે 'હું તો મારું બધું જ આપી દઉં, જો કોઈ દેવની સેવા કરતા હોય તો ! આપણે તો એ તાન.'

આવા જ એક પ્રસંગે સ્વામીશ્રીએ અહીંના એક હરિભક્તને ખૂબ તાણ કરીને પોતાની પ્રસાદી આપી.

હરિભક્ત કહે : 'બાપા ! આપને માટે છે. આપ જમો.'

સ્વામીશ્રી કહે : 'ના, મારે તમને પ્રસાદી આપવી છે. તમે જમો તો મારો આત્મા ઠરે.' એમ કહીને અંતરથી હેત કર્યું.

તે ભક્તે કહ્યું : 'ના, બાપા ! આપ જમો ને આપ જલદી સાજા થઈ જાવ.'

એટલે સ્વામીશ્રી તેમને પ્રસાદી આપતાં કહે : 'ના, આપ સંકલ્પ કરો તો સાજા થવાય. આપ સંકલ્પ કરતા નથી. આપ સંકલ્પ કરો.' એમ સામે હેતનાં વચન કહ્યાં.

તેથી તે ભક્ત ખૂબ ગળગળા થઈ ગયા અને એકદમ પ્રેમમાં આવીને કહે : 'બાપા ! આપ સાજા થઈ જાવ તો સો મહાપૂજા કરાવું.' તે સાંભળી બીજા હરિભક્તોએ પણ મહાપૂજા કરાવી. આ હરિભક્ત ભાગ્યે જ સેવા કરતા, પણ સ્વામીશ્રીના પ્રેમથી પરાજિત થતાં તેમનો લોભ તૂટી ગયો ને અક્ષર દેરીની સેવા થઈ ગઈ.

પંચાળાના માધવજીભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ રજા લઈને ઘરે જઈ રહ્યા હતા. તેમને વિદાયની શીખ આપતાં સ્વામીશ્રી કહે : 'તમારે મંદિરમાં દર્શન કરવા બે ટાઈમ જવું. ત્યાં માનસી કરવી. સૌ સાથે હળીમળીને રહેવું.' આમ, પોતાના આશ્રિતને મંદિર, મૂર્તિ, આચાર્ય, શાસ્ત્ર વગેરેનું ગૌણપણું ક્યારેય થવા દેતા નહીં.

અક્ષર દેરીમાં હંમેશાં સવારે પ્રભાતિયાં બોલાતાં. માંદગીને કારણે સ્વામીશ્રીને આરામમાં ખલેલ ન પહોંચે એટલે કોઈ પ્રભાતીનાં પદો બોલતા નહીં. પરંતુ પથારીમાં આરામ કરતાં કરતાં પણ આવી સૂક્ષ્મ વાત સ્વામીશ્રીના ખ્યાલ બહાર જઈ શકતી નહીં. તુરત જ સ્વામીશ્રીએ આજ્ઞા ફરમાવી કે 'દેરીમાં પ્રભાતિયાં કેમ નથી બોલતા ? તાણીને બોલવાં. સવારે ચાર વાગ્યા પછી મારી ઊંઘ ઊડી જાય છે.'

આ ઉદ્ગારોમાં સૌને સ્વામીશ્રીની પરાભક્તિનાં દર્શન થયાં અને ફરીથી દેરી પ્રભાતિયાંથી ગાજવા લાગી.

રોજ મોટા મોટા ડૉક્ટરો આવી તપાસે, પણ યોગ્ય નિદાન કે દવા ન કરી શકે. તેથી એક વખત રમૂજ કરતાં સ્વામીશ્રી કહે : 'મોટા સત્પુરુષ મળે તો જનમ-મરણનો ફેરો ટળી જાય. તેમ જો મોટા સર્જન મળે, તો રોગ મટી જવો જોઈએ. પણ આ તો રોગ વધ્યો ! માટે *'વૈદ્યની ગોળી ખાધે રોગ રહે ઊભો, ત્યારે તેની ગોળી તે શીદ ખાઈએ...'* એમ કીર્તનની કડી બોલી સૌને સાચા વૈદ્યનું રહસ્ય સમજાવ્યું.

તા. ૧-૩-'૬૧, સવારે ગ.મ. ૫૬મું વચનામૃત વંચાવતાં 'અમારો આત્મા' એમ વાત આવી. તે સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'આત્મા કોણ ?

ગુણાતીત અર્થાત્ સર્વાત્મા બ્રહ્મ જે ગુણાતીત. વળી 'અમારી કોરનું' એટલે ગુણાતીતની કોરનું અને 'અમારું અંતઃકરણ' એટલે ગુણાતીત. આમ, મહારાજ તો સાક્ષાત્ ભગવાન છે, પણ ભગવાનમાં અતિશય પ્રીતિ જેવી ગુણાતીતને છે તેવી કોઈને નથી. એમનો મહારાજને વિશ્વાસ છે. બાકી ગોપાળાનંદ સ્વામી આદિક મોટા મોટાનું પણ ઠેકાણું રહે નહીં, એમ કહી મહારાજ ગુણાતીતના જામીન થાય છે.' સ્વામીશ્રી આવા વિલક્ષણ અર્થોથી કથા સરળ બનાવતા.

## અહં વૈશ્વાનરો ભૂત્વા...

આખા દિવસમાં અમુક પળો સ્વામીશ્રી સાથે બહુ હળવાશની રહેતી. ઘણું કરીને તો હરિભક્તો દર્શનાર્થીઓ હોય, તેથી છૂટથી વાતોચીતો થાય નહીં. જો કે સ્વામીશ્રી પાસે કોઈ સમયનું કે વાતાવરણનું જકડામણ નહોતું. પોતે તો સદાય એકધારી પ્રફુલ્લતામાં જ રહેતા, પણ આપણને જરા મર્યાદાની દૃષ્ટિએ સંકોચ રહે.

ખાસ કરીને સ્વામીશ્રીને જમાડતી વખતે, સ્નાન કરાવતી વખતે અથવા કોઈ એકાંતની પળોએ, જ્યારે માત્ર થોડા સેવકો જ હજૂરમાં હોય ત્યારે આનંદની વાતચીતોના પ્રસંગમાં કેટલીક મુદ્દાની રહસ્યની પણ વાતો થઈ જતી.

મોટાપુરુષના અલૌકિક જીવનનું પારખું કરવાની કોની ગુંજાશ છે ? માત્ર ભગવાન અને એ પોતે બે જ એકબીજાની લીલા પામી શકે; પણ દયાએ કરીને ક્યારેક પોતાના ભક્તોને પણ એનો સ્વાદ ચખાડે ખરા !

આવો જ એક પ્રસંગ બપોરે સ્વામીશ્રીને જમાડતી વખતે બન્યો.

સ્વામીશ્રી બહુ જ ઓછું જમતા. એટલે પ્રેમપ્રકાશ સ્વામીએ પૂછ્યું કે 'બાપા ! બીજે જમો છો ?'

'આખો દેશ જમાડે છે. બધા 'જોગી જમો, જોગી જમો,' એમ કહે છે. આ ઓડકાર પણ તેમાં આવે છે !'

'ઓડકાર તેના આવે છે એમ ?'

'હા ગુરુ !' સ્વામીશ્રીએ લહેકાથી ઉત્તર વાળ્યો. અને સૌને નિરુત્તર કરી દીધા.

*અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ।*
*પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્ ॥*

એ ગીતા-ધ્વનિ સૌનાં હૃદયમાં પડઘાઈ રહ્યો.

## મોટાપુરુષ જીવને ઓળખે ને ધબ્બા મારે

ઘણી વાર સ્વામીશ્રી પાસે કેટલાક યુવકો આવે. સ્વામીશ્રી તેમને સમાગમમાં આવવાની, સેવા કરવાની, સાધુ થવાની વાત કરે. ઘણાને સંશય થાય કે 'સ્વામીશ્રી તો જેને હોય તેને સાધુ જ બનાવવાની વાત કરે છે.'

આથી એક વાર કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ અંતર્યામીપણે જ સૌને ઉદ્દેશીને કહ્યું : 'મોટાપુરુષ લાકડાં સાથે માથું નથી અફાળતા; જીવને ઓળખે છે પછી ધબ્બા મારે છે.'

સ્વામીશ્રી હમણાં અલૌકિક ભાવમાં વર્તતા હતા. પહેલાં તો આરામનો સમય થયો હોય પણ કોઈક હરિભક્ત બેઠા હોય તો બેસી રહે, વાતો કરે; પણ હમણાં તો આરામનો સમય થાય એટલે પોતે જ સેવકોને સંભારી ઓરડામાં આરામમાં જતા. પહેલાં તો ઉઘાડે પગે ફરતા અને હમણાં તો લૂગડાની ગરમ સપાટ માગીને પહેરી લેતા.

પૂનમનું ગ્રહણ હતું. સાંજે ૫-૦૦ થી ૮-૩૫ સ્વામીશ્રી સભામાં પધાર્યા. ધૂન-ભજનની રમઝટ બોલતી હતી. સ્વામીશ્રી થોડી વાર બેઠા પછી કહે કે 'આરામ કરવો છે.' એમ કહી જે કંતાનના ગાદલા ઉપર બેઠા હતા તેના ઉપર જ પગ લંબાવીને માથે ઓઢી પોઢી ગયા. આમ, જાહેરમાં સૂઈ જવાનો આ પ્રસંગ પહેલી જ વાર બનેલો. એથી સૌ સંતો-હરિભક્તો પણ આ દિવ્ય લીલા નિહાળતાં ધૂન-ભજનમાં ગરકાવ થઈ ગયા.

બીજે દિવસે હોળીનો સમૈયો ઊજવ્યો. સવારે અક્ષર દેરીમાં ૬ યુવાનોને પાર્ષદ દીક્ષા આપી. સૌને આશીર્વાદ સાથે ફગવા વહેંચ્યા.

રાજકોટના નિષ્ણાત ડૉ. દસ્તૂર અને ડૉ. બોઘાણીના નિદાન પ્રમાણે ગોંડલના ડૉ. જમનાદાસભાઈ સ્વામીશ્રીની સારવાર કરતા. તેઓ રોજ સવાર-સાંજ ખબર કાઢવા આવી જતા. ડૉક્ટરોની સલાહ પ્રમાણે સ્વામીશ્રીને આરામ આપવો અત્યંત જરૂરી હતો.

છતાં ગઢડા મંદિરની સતત ચિંતા કરતા સ્વામીશ્રી પથારીમાં સૂતાં સૂતાં હરિભક્તોને કહેતા : 'ગઢડાની લખણીની રકમ જે બાકી હોય તે જલદી આપી દો. અમારું શરીર હવે બરાબર રહેતું નથી. સાક્ષાત્ શ્રીજી-સ્વામીની આ સેવા છે. કોઈનું જરાક રાખ્યું હોય તે ભૂલતું નથી, તો જે ભગવાન અર્થે કરશો તે કેમ ભૂલશે ?'

હોળીની રજાઓમાં અમદાવાદથી ચોકસી સાહેબ સ્વામીશ્રીની તબિયત જોવા ખાસ આવ્યા હતા. આમ, નાના-મોટા અનેક ભક્તો તથા ગુણાનુરાગીઓ સ્વામીશ્રીની તબિયત જોવા દોડી આવતા.

સવારે સ્વામીશ્રી દેરીમાંથી બહાર આવી ઑફિસમાં જરા બેઠા હતા. અહીં સેવક ઉકાળો લઈ આવ્યા તે પીતા હતા. તે વખતે વાતચીતમાં કોઈક કટાક્ષપૂર્વક કંઈક બોલ્યું, એટલે તુરત સ્વામીશ્રી કહે : 'માંદા આગળ આવું ન બોલવું.'

## ઇચ્છા પડે ત્યારે રોગ ઊંચો મૂકી દે

સાંજે સભા પ્રસંગમાં હરિભક્તો સ્વામીશ્રીને કહે : 'આપ કાલે (ગ્રહણની) સભામાં બહુ બેઠા. રોગ જણાતો નહોતો.'

'કાલે રોગ ઊંચો મૂકી દીધો હતો. ઊંચો મૂકી દેવો પડે ને ! પછી સાવ પોલ ન ચાલે.'

સૌએ કહ્યું : 'ત્યારે આપ ઇચ્છા પડે ત્યારે રોગ ઊંચો મૂકી દો છો ખરા !'

એ સાંભળી સ્વામીશ્રી કંઈ બોલ્યા નહીં, પણ મંદ મંદ હસતાં હસતાં જ એનો ઉત્તર વાળ્યો.

વળી, સેવકો આગળ વાત કરતાં સ્વામીશ્રી કહે : 'અમે દિવ્ય દેહે આજે ૩-૩૦ વાગે સારંગપુર કળશનાં દર્શન કરવા ગયા હતા. દરેક શિખરમાં (સુવર્ણ કળશનાં) દર્શન કર્યાં. પાંચ પાંચ દંડવત્ કર્યા. સમાધિ સ્થાને પણ દર્શન કર્યાં ને દંડવત્ કર્યા. અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ...'

કેવો અલૌકિકભાવ !

આજે સારંગપુરમાં શિખરો ઉપર સુવર્ણના કળશ ચઢી રહ્યા હતા. માંદગીને લીધે સ્વામીશ્રીની આજ્ઞાથી પ્રમુખસ્વામી તે મહોત્સવમાં પધાર્યા હતા; પણ સ્વામીશ્રીએ ગોંડલમાં બિરાજીને તે પ્રસંગનો લાભ લીધો અને પોતાની ભક્તિ ચૂક્યા નહીં !

સૂતી વખતે સ્વામીશ્રી કહે : 'રાત્રે મચ્છર કાન આગળ બહુ ગણગણતા હતા. મચ્છર કહે છે : 'આવું... આવું...' મેં કહ્યું : 'આવને ! તુંય બાકી ન રહીશ... દુનિયામાં જેટલા રોગ (દુઃખ) હોય એટલા બધાય આવે.' આમ, ક્યારેક રમૂજ કરાવી પોતાની સહનશક્તિ જણાવતા.

આગલે દિવસે ડૉક્ટર જમનાદાસે સ્વામીશ્રીને પૂનમનો ઉપવાસ કરવાની ના પાડી હતી. છતાં ગ્રહણને હિસાબે સ્વામીશ્રીએ આગલા દિવસની રાતથી

કંઈ જ લીધું ન હતું. જો કે સવારના ૭-૦૦ વાગ્યા સુધી જમવાની છૂટ હતી. રાત્રે ગ્રહણ છૂટ્યું ત્યારે ડૉક્ટરે લોહીનું દબાણ - બી.પી. - નોંધ્યું. તેઓ કહે : ‘મને બહુ નવાઈ લાગે છે કે આજે આખો દિવસ ઉપવાસ કર્યો છે, છતાં સ્વામીશ્રીની તબિયત એવી ને એવી જ છે. ઊલટાની વધારે સારી જણાય છે. ખરેખર ! મને તો આ એક ચમત્કાર જ લાગે છે.’

## અમારી પ્રાર્થના શાસ્ત્રીજી મહારાજને કરવી

શ્રીજીમહારાજ આ લોકને વિશે પધાર્યા અને પોતાના ભક્તોને સુખ આપવા અનેક ચરિત્રો કર્યાં. એમનાં ચરિત્રોમાં દિવ્યભાવ રહેવો એ જ ભક્તિ અને એમાં જ ભક્તપણું.

જેવો ભગવાનને વિશે દિવ્યભાવ તેવો જ એમના એકાંતિક સંતને વિશે દિવ્યભાવ રાખવો એ જ ભક્તિનું રહસ્ય ! સંત છે તે પોતે નિયમ-મર્યાદામાં જ સદા વર્તે છે, પણ પોતાના આશ્રિત-ભક્તની કસોટીને અર્થે મનુષ્યભાવ બતાવે ખરા ! એમાં અલૌકિકભાવ જોવાથી ભક્ત માયાને તરી ચૂકે છે.

માંદગી સમયમાં સ્વામીશ્રીએ પણ આવાં અનેક ચરિત્રો બતાવ્યાં, એનો મહિમા વિચારી ગાવો-સાંભળવો એ જ મોહની નિવૃત્તિનું કારણ છે. આ ચરિત્રોમાં પણ સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં એમના અમાયિક સ્વરૂપનું અને શ્રીજી સાથેના તાદાત્મ્યનું આપણને ગર્ભિત દર્શન થતું.

એક સવારે સ્વામીશ્રી ઉકાળો લેતા હતા ત્યારે સૌ સેવકો વીંટળાઈને બેઠા હતા. તેમને સ્વામીશ્રી કહે : ‘ક્યારે મટશે ? તમે સૌ પ્રાર્થના કરો તો મટે.’

વારે વારે સ્વામીશ્રી તરફથી પુછાતા એક જ પ્રકારના પ્રશ્નથી આપણને કદાચ એમ ભાવ ઊઠે કે ‘સ્વામીશ્રી શું દુ:ખથી કાયર થઈ ગયા હશે ?’ ‘શું એમનામાં પણ આપણી જેમ દેહભાવ હશે ?’ પણ વાસ્તવમાં એ આપણી જ સમજણને ઢંઢોળે છે. એમના આ પ્રકારના શબ્દોથી શું આપણામાં સંદેહ જાગ્રત થાય છે ? અથવા તો ભૂતકાળમાં એમનામાં જ નિહાળેલી દેહાતીત દશાની આપણે ઠાવકાઈથી ગેડ બેસાડી છે ? તેમજ આપણા જીવનપ્રાણ ગુરુહરિની આવી દેહદશામાં આપણું હૃદય કેટલું દ્રવિત થાય છે ? ને એક ભક્ત તરીકે આપણે ગદ્‌ગદભાવે શું પ્રાર્થના કરીએ છીએ ? આવું કંઈક સમજી શકીએ તો આપણે માટે બસ છે.

ઉપરોક્ત પ્રશ્નના ઉત્તરમાં સૌએ કહ્યું : ‘પ્રાર્થના કોને કરીએ ? રોગ

આપને ને પ્રાર્થના પણ આપને કરવાની ?!'

પ્રત્યુત્તરમાં જરા અણગમો બતાવતાં પોતે બોલ્યા : 'અમારી પ્રાર્થના શાસ્ત્રીજી મહારાજને કરવાની. અમને ન હોય... બીજા હરિભક્તોની પ્રાર્થના અમને કરાય; પણ અમારી પ્રાર્થના સ્વામીને કરવાની.'

ફરી એ જ દાસત્વ-ભક્તિનું દર્શન !

બીજે દિવસે બાઢડાથી હરિભક્તો આવ્યા હતા. નારણભાઈને માથે લાકડું પડ્યું હતું તેથી સારું એવું વાગ્યું હતું, પણ તેઓ દરકાર કરતા નહોતા. તેથી માવજીભાઈ સ્વામીશ્રીને કહે : 'આ નારણભાઈ (દુઃખને) બહુ સારે (ગાંઠે) એવા નથી.'

હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'હું પણ એવો હતો. થોડું હોય તો સારું (ગાંઠું) નહીં. પણ આ તો બહુ રોગ આવી પડ્યો.'

સ્વામીશ્રીએ હરસની તકલીફ તરફ નિર્દેશ કર્યો, કેમ કે તેનાથી લોહી બહુ પડતું અને અશક્તિ ખૂબ જણાતી.

કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ વાત કરી : 'સત્સંગ ખીલવવો એ તે કેમ ખીલે ? એક તો સંપ; બીજું સુહૃદભાવ; ને ત્રીજું રાખ-રખાવટ – સંતોએ હરિભક્તોની અપેક્ષા - તાણ રાખવી, ઉપેક્ષા ન રાખવી.'

વચનામૃત ગ.મ. ૧૨ સમજાવતાં પૂછ્યું : 'અવગુણ આવ્યો ક્યારે કહેવાય ? તો જ્યારે સારી-નરસી કોઈ ક્રિયા ન ગમે ત્યારે.'

સ્વામીશ્રીએ સ્વપ્ન-દર્શનની વાત કરતાં કહ્યું : 'આજે શાસ્ત્રીજી મહારાજ સ્વપ્નામાં આવ્યા હતા. ગ્રહણનો દિવસ હતો. સ્વામી ખુલ્લામાં, ખુલ્લે શરીરે ખાટલા ઉપર બેઠા હતા. પછી હું ત્યાં ગયો, સ્વામીને દંડવત્ કર્યા ને પગે લાગ્યો. સ્વામી કહે કે 'યોગી ! ગ્રહણ કેટલું બાકી છે ?' મેં કહ્યું કે 'આટલું.' (વચલી આંગળીનો પહેલો વેઢ બતાવતાં). પછી સ્વામી કહે કે 'મહીસાગરમાં નાહવા જવું છે.' (મહીસાગરના કાંઠાનું કોઈ ગામ હતું.)

## હરિભક્તોનાં દર્શનથી જલદી સાજા થવાય

ઘણા હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવતા અને ટાણે-કટાણે દર્શનનો આગ્રહ રાખતા. સ્વામીશ્રીને જોઈએ એવો આરામ મળતો નહીં. એટલે ભક્ત-પ્રવાહને ખાળવા અને આરોગ્ય સાચવવાની દૃષ્ટિએ, અમદાવાદથી આવેલા ડૉ. મધુભાઈએ રમૂજમાં સ્વામીશ્રીને કહ્યું કે 'આપનાં દર્શન માટે ચાર્જ રાખવો છે.'

'ગુરુ ! હરિભક્તોનાં દર્શન થાય (કરવા આવે ત્યારે) એ જ ચાર્જ ! તો જલદી સાજા થઈ જવાય. આપણે બીજો ચાર્જ ન હોય.' સ્વામીશ્રીએ ખૂબ સહજતાથી કહ્યું. ભક્તવત્સલતાનું આથી અધિક કયું દૃષ્ટાંત આપણે ખોળીશું ?

બપોરે પત્ર-વ્યવહાર કરતા ડૉ. રમણભાઈને સ્વામીશ્રી કહે : 'હું માંદો પડ્યો એટલે ટપાલ લખાતી નથી, ટપાલ મારા વગર રડે છે !'

ટપાલ જેવી જડ વસ્તુ પણ મોટાપુરુષના સંબંધથી વંચિત થતાં રડે, તો ચેતન જીવંત એવા મનુષ્યોને-ભક્તોને પણ રડવું આવવું જોઈએ. અથવા તો સ્વામીશ્રી પોતાને પક્ષે એમ સમજાવવા માગતા હોય કે અત્યારે એકમાત્ર મારી ટપાલ વડે મારો સંબંધ પામતા મારા ભક્તો, મારી ટપાલથી વંચિત બનતાં દુ:ખી થતા હશે, રડતા હશે. આખરે તો એ ભક્તાધીન છે ને !

સ્વામીશ્રીના સખા સમાન નારણભાઈ શેઠ આવ્યા અને સમાચાર આપ્યા કે 'એક હરિભક્ત આવવાના હતા, પણ તેની મોટરની બૅટરી બેસી ગઈ છે. એટલે કદાચ નહીં આવી શકે.'

આથી હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'આપણી પણ બૅટરી બેસી ગઈ છે, તે સાજી થાય ત્યારે ઉઠાશે.'

આવા રમૂજી વાર્તાલાપથી ઘણી વાર સ્વામીશ્રી દુ:ખદ વાતાવરણને હળવું કરતા.

## ઈજિન બંધ ! ડબ્બા છૂટા !

રાત્રે સૌ સ્વામીશ્રીના પગ દાબતા હતા. કોઈ બોલ્યું : 'હમણાં કોઈને મજા નથી આવતી. આપ માંદા પડ્યા એટલે બધાને ઉત્સાહ ઊડી ગયો છે.'

'ઈજિન બંધ પડી ગયું એટલે ડબ્બા છૂટા થઈ ગયા...' સ્વામીશ્રી બોલ્યા. બોલતાં બોલતાં એમના અશક્તિથી મ્લાન બનેલા મુખ ઉપર હાસ્યની આછી રેખાઓ ઊપસી આવી.

કારણ, સ્વામીશ્રી એટલે ઉત્સાહ ! ઉત્સાહનું મૂર્તિમાન સ્વરૂપ-પ્રતીક જોવું હોય તો સ્વામીશ્રીમાં નિહાળવા મળે. એ પણ એમના જીવનનું એક અલૌકિક પાસું હતું. ક્ષણે ક્ષણે એમના રોમેરોમમાંથી ઉત્સાહના સ્ફુલિંગો વેરાતા હોય. એમના ચાલવામાં, બોલવામાં, બેસવામાં, ઊઠવામાં દરેક ક્રિયામાં ઉત્સાહ ! ઉત્સાહ !! ભાગ્યે જ એમનું કોઈ એવું પ્રવચન હશે કે જેમાં એમના મુખેથી આ પંક્તિઓ નહીં નીકળી હોય :

*'બળભરી વાતો મુખે કરવી, મોળી વાત કે'દિ ન ઉચ્ચરવી;*
*મુખોમુખ થઈ ઓળખાણ, કોઈ વાતની ન રહી તાણ.'*

'મરતી મરતી કાન ન હલાવવા...'

'કટ કટ ક્રિયા કરવી...'

'બળમાં રહેવું...'

'ડંકો વગાડવો છે...'

આવાં ભારોભાર ઉત્સાહપ્રેરક વચનો એમના મુખેથી સૌ હંમેશાં સાંભળતા. મુઆને પણ જીવતા કરવાની શક્તિ એમની પ્રોત્સાહિત વાણીમાં હતી. તો પછી કોઈ જીવતા જીવને બળ - આત્મબળ આપવું, ઉત્સાહ પ્રેરવો એમને માટે કેટલું આસાન હશે ? કારણ એ જ કે એ ઉત્સાહનો સ્રોત ભગવત્-સાક્ષાત્કારનો હતો !

## ઉર ધારે પિયુ પ્યારો રે

ભક્તિ-માર્ગના પોષક સ્વામીશ્રી પોતાના ઇષ્ટદેવ પ્રત્યે ભક્તિમાં કેવા રસબસ હતા, તેનું દર્શન એમની કૃપાથી ક્યારેક એમના સમાગમમાં લાધતું હતું. શ્રીજીમહારાજથી લઈને આજપર્યંત ગુણાતીત પુરુષોએ ભક્તિ ઉપર વ્યાખ્યાનો નથી આપ્યાં, પણ પોતાના જીવનમાં ઇષ્ટ-ભક્તિનું - ગુરુભક્તિનું જીવંત દર્શન ભક્તોને કરાવ્યું છે. અને પ્રેમલક્ષણા-ભક્તિનું પ્રસ્થાપન કર્યું છે.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ સાચે જ ગાયું છે કે :

*'પ્રેમ-રસાયણ જે જન પામે, તેહનો તે રંગ ન્યારો રે;*
*પિંડ બ્રહ્માંડથી પ્રીત તજીને, ઉર ધારે પિયુ પ્યારો રે...'*

માંદગીને કારણે સ્વામીશ્રી સવારે મંદિરમાં ઠાકોરજીનાં દર્શને એક વાર પધારતા, પણ 'ઠાકોરજીની આરતી સમયસર થઈ કે નહીં ?' 'શું થાળ ધરાવ્યો ?' વગેરે વિગતો સેવકોને પૂછતા.

સંધ્યા આરતી કરીને યોગેશ્વર સ્વામી સ્વામીશ્રી પાસે આવ્યા કે તુરત સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : 'આજે શું થાળ ધરાવ્યો છે ?'

'દૂધ-પૂરી...'

'શાક શેનું કર્યું છે ?'

'સરગવાની શીંગનું.'

તુરત સ્વામીશ્રી બોલી ઊઠ્યા કે 'સાંજે તે શાક ન કરવું. કારણ,

મહારાજ સાંજે થોડો સમય જમે. તેમાં શીંગનું શાક ખેંચીને ખાવું પડે. તેથી સમય ઘણો લાગે...'

સ્વામીશ્રીની આ વાત સાંભળીને તો ત્યાં બેઠેલા સૌ આશ્ચર્યમુગ્ધ બની ગયા. સ્વામીશ્રીની કેવી પરાભક્તિ ! જાણે પોતાના પ્રિયતમને - મહારાજને પ્રત્યક્ષપણે જમાડતા હોય - તે પણ એમની રુચિ પ્રમાણે. એમને સહેજ પણ તકલીફ ન પડે – એવો અનન્યભાવ આ શબ્દોમાં જણાતો હતો.

એવા જ ભાવથી સ્વામીશ્રી ઘણી વાર કોઈ હાર પહેરાવવા આવે તેને કહેતા કે 'સંતને હાર પહેરાવે તો એક મિનિટ ગળામાં રહે અને મહારાજને પહેરાવે તો આખો દિવસ (એમના - મૂર્તિના) ગળામાં રહે. તેથી મહારાજની મૂર્તિને જ હાર પહેરાવવો.'

## દીકરાને ધોલ મારે ને બાપની આરતી ઉતારે

કથા પ્રસંગમાં ગઢડા મધ્ય પ્રકરણનું ૨૮મું 'વચનામૃત' વંચાતું હતું. તેમાં વાત આવી કે 'જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે. અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે.'

તે સાંભળી સ્વામીશ્રી એકદમ બોલ્યા : 'ગુણાતીતનો દ્રોહ કરે ને પછી મહારાજની આરતી ઉતારે, તે મહારાજ આરતી અંગીકાર કરતા હશે ?'

'ગુણાતીત જે ભગવાનના ઉત્તમ ભક્ત, એમના દ્રોહથી તો જીવનું સત્યાનાશ નીકળી જાય, જીવ જડ-સંજ્ઞાને પામી જાય. પછી એકલા શ્રીજીમહારાજની ગમે એટલી પૂજા વિધિ, શાસ્ત્ર વિધિ પ્રમાણે ઠાઠમાઠથી કરે, પણ મહારાજને તે અંગીકાર કરવી ગમતી નથી. જેમ દીકરાને ધોલ મારે ને બાપની આરતી ઉતારે, તે બાપ કેમ સ્વીકારે ? ન જ સ્વીકારે.'

માંદગી દરમ્યાન સ્વામીશ્રી હરિભક્તોને રાજી કરવા અવારનવાર મુદત આપતા ને કહેતા : 'હવે આ તિથિએ, આ સમૈયાએ, રોગ મૂળથી નીકળી જશે.'

તે પ્રમાણે સ્વામીશ્રીએ ગીધુભાઈ શેઠ, છોટુભાઈ વકીલ વગેરેને કહેલું કે 'આ ચૈત્ર સુદ ત્રીજથી રોગ મૂળથી કાઢવો છે.'

આ સાંભળી હરિભક્તો એકદમ આનંદમાં આવી ગયા ને ખુશાલીમાં સ્વામીશ્રી જે કહે તે સેવા કરવા ઉત્સુક બન્યા.

સ્વામીશ્રીને તો વહાલા ઘનશ્યામ મહારાજ હતા. તેથી ઘનશ્યામ

મહારાજને પાંચ પકવાનની સુંદર રસોઈ - થાળ કરવાની આજ્ઞા કરી. તદુપરાંત હરિભક્તોએ પણ ખુશાલીમાં ચાર મણ સાકર વહેંચવાનું વિચાર્યું. હરિભક્તોની ઇચ્છા એવી હતી કે બધી સાકર સ્વામીશ્રીના મસ્તકેથી ઉતારવી ને સૌને વહેંચવી. જ્યારે સ્વામીશ્રીને તે બધી સાકર ઠાકોરજીની સેવામાં - ઉપયોગમાં વાપરવાની ઇચ્છા હતી. બહુ રકઝક પછી સ્વામીશ્રીના મસ્તકેથી બે મણ સાકર ઉતારી, જે પ્રસાદીરૂપે હરિભક્તોને વહેંચી તેમજ થોડી ગોંડલીમાં પધરાવી. અને બાકીની બે મણ ઠાકોરજીના ઉપયોગ માટે જુદી રખાવી મૂકી.

સ્વામીશ્રી કહે : 'ઉનાળો આવે છે. ત્યારે ઠાકોરજીને માટે એમાંથી કંઈ શરબત બનાવાશે.'

ભગવત્સ્વરૂપ સાથેના તાદાત્મ્ય સિવાય ઈષ્ટદેવ પ્રત્યેનું આટલું અતૂટ અનુસંધાન બીજા કયા પુરુષોમાં જોવા મળે ?

## હું આખી કૉલેજ રંગી નાખું

તા. ૨૩મી માર્ચ, મૅટ્રિકની પરીક્ષાના દિવસો હતા. સ્વામીશ્રી આગળ કહ્યું કે મૅટ્રિકમાં આ વખતે ૭૦,૦૦૦ છોકરાઓ બેઠા છે.

તે સાંભળી સ્વામીશ્રીએ આશ્ચર્યપૂર્વક કહ્યું : 'એમ ! જો બધા સાધુ થાય તો કેવું ? બધાં મંદિર ભરાઈ જાય. મને તો કોઈ કૉલેજમાં નથી લઈ જતું, નહીં તો હું આખી કૉલેજ રંગી નાખું. બધાને સમજાવું એટલે સાધુ થઈ જાય. મેં ખેંગારજીભાઈને કહ્યું હતું કે મને હાઈસ્કૂલમાં લઈ જાવ.'

બાજુમાં ઘનશ્યામભાઈ બેઠા હતા. તેમને સમજાવતાં કહે : 'આ વખતે બની જાવ, આ ચાન્સ ફરી નહીં મળે.'

ઉપદેશના આ શબ્દોમાં સ્વામીશ્રીને સાધુ બનાવવાનું કેવું ને કેટલું તાન છે, તે સહેજે જણાઈ આવતું. આ વાર્તાલાપ જેણે સ્વામીશ્રીના મુખેથી પ્રત્યક્ષ સાંભળ્યો હોય, તેને સ્વામીશ્રીની તે સમયની મુખમુદ્રા ઉપરનો અદ્ભુત ઉલ્લાસ સહેજે જોવા મળતો. જાણે આખા જગતને સાધુ બનાવી દઈએ, એટલો બધો ઉમંગ એમની વાણી ને મુદ્રામાં છલકાઈ જાય. આખરે તો જે સાચા અર્થમાં સાધુ હોય તે જ બીજાને સાધુ જુએ ને બીજાને સાધુ કરી શકે.

ઘણી વાર બપોરે જમતી વખતે સ્વામીશ્રી કહે : 'જેનો હાથ પોલો એનો જગત ગોલો.'

સૌને છૂટે હાથે આપવામાં એમને અનેરો આનંદ આવતો.

આરામ કરતાં કહે : ‘નિંદર નથી આવતી. મેં પહેલાં બહુ અનાદર કર્યો હતો. બપોરના ઊંઘ આવે તો પાણી છાંટું, ફરું, એમ નસાડું. એટલે હવે રિસાઈ ગઈ છે.’

પછી અમે કહ્યું : ‘દેવતાઓ આપની આજ્ઞામાં રહે છે, તો આપણે એ નિદ્રાદેવીને શું શિક્ષા કરીશું ?’

‘શિક્ષા ન કરાય, એને રાજી કરીશું.’ સ્વામીશ્રીએ તરત જ કહ્યું.

આવા રમૂજી વાર્તાલાપમાં પણ એમની વાણીનો સંયમ અને મર્મ સમજવા જેવા, વિચારવા જેવા બની જતા.

પ્રસંગોપાત્ત સ્વામીશ્રી સંતોને પણ ઉપદેશની અદ્‌ભુત વાતો કરતા. સંતોને સ્વામીશ્રી કહે : ‘બાળમુકુંદ સ્વામી (જૂનાગઢના) કહેતા કે સાધુને પત્તર, તુંબડી અને કૌપીન એ ત્રણ ન હોય તો અડધો સાધુ કહેવાય. માટે એ ત્રણ અવશ્ય રાખવાં ને એકાવન માળા ફેરવવી.’

તા. ૨૫મીએ રાત્રે કલેક્ટર ગોવિંદસિંહજી ચુડાસમા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રી પ્રત્યે અનુરાગી એવા તેમણે સ્વામીશ્રીને જલદી બીમારી છોડી દેવા વિનંતી કરી. તે સાંભળી સ્વામીશ્રી તેમને હસતાં હસતાં કહે : ‘અમારાથી અમારા માટે પ્રાર્થના ન થાય - મહારાજને ન કહેવાય. મહારાજે વચનામૃત(ગ.અં. ૨૮)માં કહ્યું છે કે ‘ગમે તેવો આપત્કાળ પડે, તોપણ દેહપર્યંત મૂંઝાય નહીં. શૂળીએ ચડ્યા હોઈએ તોપણ પ્રાર્થના ન થાય. માટે આપ સૌ હરિભક્તો પ્રાર્થના કરો.’ એમ કહી ખૂબ હસ્યા.

આવા પ્રસંગોએ ઘણી વાર સ્વામીશ્રી સહજભાવે એવી તો મુખમુદ્રા દર્શાવતા કે પોતાને નખમાં પણ રોગ નથી એવું સૌને જણાય, તેમજ સૌને શાંતિ પણ થાય.

બપોરે કથામાં ‘ભક્તચિંતામણિ’ પ્રકરણ ૭૬મું વંચાતું હતું. તેમાં વાત આવી : *‘કોઈ ન પ્રીછે પરચો એવું કરવું મારે નિદાન છે...’* તે સમજાવતાં સ્વામીશ્રી કહે : ‘અખંડ પરચા જ દેખાય, એવું જ્ઞાન થઈ જાય એવું કરવું છે.’

કહેતા સંતની પ્રત્યેક ક્રિયા આશ્ચર્યકારી - પરચો જ લાગે - અહોભાવ થાય એ જ જ્ઞાન !

*‘દુઃસહ દુઃખ કાપિયું, અખંડ સુખ આપિયું...’* એમાં પ્રશ્ન કર્યો કે ‘કયું દુઃખ ?’ પછી પોતે જ કહ્યું : ‘મનનું દુઃખ.’

*‘તેમ સંત વચન કટુ કહે...’* એ સમજાવતાં કહે : ‘આપણે વાંચી જઈએ

છીએ, પણ સંત કઠણ વચન કહે તો આપણે કેટલા નભીએ ? પાસ જ થવું. પાછા ન પડવું. વાંક હોય ને સહુ ખમે, પણ વાંક ન હોય તો ખમવું એ ભીડો. સહન કરવું એ સાધુતા. ભીડો વેઠવો એ સાધુતા. દેહપર્યંત ન મૂંઝાય.

*'સુખી કર્યા જન જગતના...'* કઈ જાતના સુખી કર્યા ? સંકલ્પ-વિકલ્પનું દુઃખ ટાળી નાખ્યું. આ લોકમાં સંકલ્પ ને વિકલ્પનું બહુ દુઃખ. ઊપજે ને શમાવે એ સંત. ભગવાન ભજાવવા, જીવને માયા પર કરવા, એ ઉપર સંતને બહુ તાન. સુખ-શાંતિ આપી દે. અક્ષરધામ આપી દે.'

## એમને મન કોઈ દોષિત નહોતા

અહીં સ્વામીશ્રીનાં દર્શને ઘણા હરિભક્તો આવતા-જતા. મંદિરમાં ભીડ રહેતી. એમાં એક છોકરાએ કંઈ ચોરી કરવાનો પ્રયત્ન કર્યો અને તે પકડાઈ ગયો. કેટલાક તેને મારપીટ કરવા જતા હતા. એટલામાં તે સ્વામીશ્રીના ઓરડામાં દોડી આવ્યો અને કરગરવા લાગ્યો. જાણે કંઈ બન્યું જ નથી એવા દયાભાવથી સ્વામીશ્રી તેને સાંત્વન આપવા લાગ્યા.

એટલી વારમાં તેની પાછળ બીજા પણ કેટલાક ભાઈઓ દોડી આવ્યા અને સ્વામીશ્રીને ફરિયાદ કરી. સ્વામીશ્રીએ તો તેમને ખાસ સાંભળ્યા પણ નહીં અને તે ચોરીના આરોપવાળા છોકરાને પાસે બોલાવી, ઘરે જવાની રજા આપી. ઘરે સૌને 'જય સ્વામિનારાયણ' કહેવા ભલામણ કરી અને સાથે બે માણસ સ્ટેશને વળાવવા મોકલી તેને ટિકિટ પણ કઢાવી આપી !

સમાજનાં આવાં દોષિત પાત્રો તરફ પણ સ્વામીશ્રી કેવી કરુણાદૃષ્ટિ રાખતા. સહેજ પણ તરછોડ્યા વગર તેનો પક્ષ રાખતા, એનું અદ્‌ભુત દર્શન સૌને થયું.

એક સવારે નિત્ય વિધિમાં દાતણ કરતાં સ્વામીશ્રી સેવકોને કહે કે 'તમે મહારાજને પ્રાર્થના કરો કે જોગીને શું કામ માંદા પાડ્યા ? આ માંદા પાડ્યા તો તમે તમારું ખોયું છે. જો સાજા હોત તો ફરત ને ગઢડાની સેવા કરાવત. ગઢડા પછી નેવકા (સમૂળગા) માંદા પાડવા હતા ને ! આ માંદગી જાય પછી ૯૧ વર્ષ સુધી માંદગી આવવાની નથી.'

આવાં રહસ્યમય વિધાનો કરતા મોટાપુરુષને કોણ જાણી શકે ! ગુણાતીતાનંદ સ્વામીએ ખરેખર કહ્યું છે કે સૂર્યનો અભિપ્રાય પતંગિયું શું ધૂળ જાણી શકે ? તેમ મોટાનો અભિપ્રાય કોઈ જાણી શકતું નથી.

## ‘સદ્‌ગુરુ’ લખના

અહીં એક મુમુક્ષુ લખનૌથી સ્વામીશ્રીની ખ્યાતિ સાંભળી દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શનથી ખૂબ પ્રભાવિત થઈ તેમણે પોતાની માતૃભાષા હિંદીમાં સ્વામીશ્રીને સંબોધીને એક સ્તુતિ-કાવ્ય બનાવ્યું હતું. ખૂબ ભાવથી તેમણે તે કાવ્ય સ્વામીશ્રી સમક્ષ ગાયું.

કાવ્ય પૂરું થયું કે તરત સ્વામીશ્રીએ તેમને ધીરગંભીર સ્વરે કહ્યું : ‘હવે કીર્તન બનાના તો (અમને) ભગવાન નહીં લખના, સદ્‌ગુરુ લખના. એમાં શાસ્ત્રનો બાધ આવે છે. બધા અમને ભગવાન ઠોકી બેસાડે છે. અમારે તો ભગવાન થાવું નથી. ભગવાન એક સ્વામિનારાયણ છે અને અનાદિ બ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી એમને રહેવાનું ધામ છે. સંતમાં ભગવાન રહ્યા તેમ લખના. આ તો તમે નવા એટલે તમને કહેવું પડે.’

એક નવી જ વ્યક્તિ, વળી પરદેશી, જેને આપણા સંપ્રદાયના તત્ત્વજ્ઞાન કે પ્રણાલી વિષે લેશમાત્ર સમજ નથી, જે સ્વામીશ્રીની પ્રતિભામાં અંજાઈ ભાવવિભોર હૃદયે પોતાની ઊર્મિઓને વાચા આપવા નમ્રભાવે એક કૃતિ તૈયાર કરે છે, તેને પણ સ્વામીશ્રી કેવા નિર્દોષભાવે સ્પષ્ટતા કરતાં સાચી વાત સમજાવે છે ! કેવી નિખાલસતા ! પોતાના ઇષ્ટદેવ પ્રત્યે કેવો દાસત્વભાવ - સ્વામી-સેવકભાવ !

આ લખનૌવાસી ભાઈ પોતાને ઘરે જઈ રહ્યા હતા. તેમને આશીર્વાદ પત્ર લખી આપવા જશભાઈ સ્વામીશ્રી પાસે કાગળ લઈને આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને સહસા પૂછ્યું કે ‘શેમાં લખી દઉં ? અંગ્રેજીમાં કે ગુજરાતીમાં ?’

‘અંગ્રેજીમાં.’ જશભાઈએ તરત કહ્યું.

સ્વામીશ્રીએ થોડી વારમાં આશીર્વાદ પત્ર લખી ઝારોળાવાળા જશભાઈના હાથમાં મૂક્યો. પત્ર ગુજરાતીમાં લખ્યો હતો. તે જોઈ તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : ‘અંગ્રેજીમાં કેમ ન લખ્યું ?’

‘આ જ આપણું અંગ્રેજી !’ સ્વામીશ્રી મર્માળું હસી પડ્યા.

એમને માટે ભાષાનું કોઈ બંધન નથી, હૃદયની વાણી ને આંખની અમીદૃષ્ટિની ભાષાથી જે જગતના જીવોની સાથે બોલે છે ને લખે છે ! આવો જ મરમ એમના હાસ્યમાં કદાચ સમાયેલો હશે !

સભામાં સ્વામીની વાતો વંચાતી હતી. ત્યારે એક ભક્તે પ્રશ્ન પૂછ્યો કે

'મોટાપુરુષને વિષે દોષ પરઠ્યો એમ ક્યારે કહેવાય ?'

સ્વામીશ્રી કહે : 'ભુજમાં સુંદરજીને ત્યાં મહારાજે જમતાં જમતાં કોણી ઉપર ને ખોળામાં રેલા ઉતાર્યા. સુંદરજીને સંશય થયો. જ્યારે પઠાણ કહે : 'ખરેખર ! આ જ અલ્લા છે.' પછી દીવાન આવ્યો ત્યારે સુંદરજી કહે : 'ગંગારામ મલ્લને ત્યાં જાવ.' એમ દિવ્યભાવ ન રહ્યો. મોટા બૅરિસ્ટર હોય તે પણ જ્યારે કંઈ લખે ત્યારે તા. ૧... ૨... એમ આંકડા લખવા પડે; તેમ મોટાપુરુષ આ લોકમાં આવે ત્યારે સામાન્ય મનુષ્ય જેવાં ચરિત્ર કરે, લોકોમાં ભળી જાય, પણ તેને નિર્દોષ જ સમજવા. ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે હું લાડવો ખાઉં તો સૌ કહે - 'જો હવે ઘરડે ઘડપણ દેવા માંડ્યું છે.' એટલે ઠેઠ સુધી રોટલો ને છાશ ખાધાં.'

## હાર્યા હરિ, હેતે મનડું હરે

આફ્રિકાના એક યુવક વિનોદભાઈ સ્વામીશ્રી સાથે અને અન્ય યુવકો સાથે વિચરણમાં ફરે. સ્વામીશ્રી તેમને દરેક યુવકોની જેમ અવશ્ય પ્રશ્ન કરે : 'કો' સાધુ થઈશ.' વળી પૂછે : 'સાધુ થશો ને ?' પણ વિનોદભાઈ હા કે ના કોઈ જ જવાબ આપે નહીં.

એક વાર સ્વામીશ્રીએ એ જ પ્રશ્નો પૂછ્યા : 'સાધુ થશો ? કો' થઈશ.'

વિનોદભાઈ મૌન રહ્યા. ફરી સ્વામીશ્રીએ પૂછ્યું, પણ વિનોદભાઈ મક્કમ હતા. સ્વામીશ્રી વિનંતી કરતા હોય તેમ હાથ જોડીને કહે : 'તમે એક વાર હા તો પાડો. બસ !'

'ના, બાપા ! હું હા પાડું ને ન થાઉં તો મને ન ગમે.' વિનોદભાઈએ નિખાલસતાથી કહ્યું.

સ્વામીશ્રી કહે : 'તમે એક જ વાર હા પાડો ! પછી હું જ સામેથી તમને ના પાડીશ.'

'પણ બાપા ! મારાથી એવું ન થાય. હું હા તો ન જ પાડું. નહીં તો ફસાઈ જાઉં.' વિનોદભાઈ બોલ્યા.

સ્વામીશ્રી આખરે હારી ગયા. કદાચ આટલી રકઝક પછી પણ એમણે 'હા' પડાવવા પૂરતીય નિષ્ફળતા મેળવી હોય તેવો આ પહેલો પ્રસંગ હશે.

સ્વામીશ્રી હસી પડ્યા ને કહે : 'માળા, આપણને છેતરી પાડે તેવા છે !' એમ કહી આશીર્વાદ આપ્યા : 'ભલે સાધુ ન થાવ, પણ સત્સંગ ખૂબ સારો

સાચવવો.' એમ કહી ફરીથી ધબ્બા મારી હેત કર્યું.

## આફ્રિકાના ભક્તો સાથે દિવ્ય સ્વરૂપે યાત્રા

ગઢપુર કળશ વિધિ નિમિત્તે આફ્રિકાથી આવવા ઘણા હરિભક્તોએ અગાઉથી કાર્યક્રમ ઘડેલો. ગઢપુર મંદિરમાં આફ્રિકાના હરિભક્તોનો ફાળો મોટો હતો. તેથી પણ સ્વામીશ્રીનો તેમને આદેશ હતો કે 'બધાએ જરૂરથી આવવું.' આમ, કળશ વિધિ, ગુરુજયંતી અને નવયુવાનોનો દીક્ષા-મહોત્સવ – આ ત્રિવેણી ગંગામાં સ્નાન કરવાનું કોણ ચૂકે ? સાથે સાથે આફ્રિકાના ભક્તોએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે 'આપની સાથે અમારે છપૈયાની યાત્રા કરવી છે.' દૂર દેશથી આવતા આ ભક્તોની લાગણીને સ્વામીશ્રીએ સંમતિ આપી અને ગઢપુર મહોત્સવ પહેલાં યાત્રા-પ્રવાસનું આયોજન થયું.

પાછળથી એકાએક સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય કથળી ગયું અને યાત્રા-પ્રવાસમાં પોતે કોઈ રીતે જોડાઈ શકે એમ હતું જ નહિ. ડૉક્ટરોની પણ કડક સૂચના હતી. તેથી સ્વામીશ્રીનો કાર્યક્રમ રદ થયો. પ્રમુખસ્વામી કદાચ સાથે જઈ શકે, પણ ગઢપુર મહોત્સવની સમગ્ર જવાબદારી એમને શિરે હતી. તેથી તેઓ તો કોઈ સંજોગોમાં નીકળી શકે એમ હતું જ નહિ. આથી સ્વામીશ્રીએ નવદીક્ષિત પાર્ષદોને આફ્રિકાના ભક્તો સાથે યાત્રા-પ્રવાસમાં મોકલવા નક્કી કર્યું.

તા. ૧૬-૪-'૬૧, પરદેશથી પધારતા ભક્તોનું મુંબઈ બંદરે પ્રમુખસ્વામી, કોઠારી હરિજીવનદાસ વગેરે સંતો-ભક્તોએ સ્વાગત કર્યું. કપોળ વાડીમાં સૌનો ઉતારો હતો. સ્વામીશ્રી યાત્રામાં પધારતા ન હોવાથી રેકૉર્ડેડ કૅસેટ દ્વારા પોતાનો સંદેશો મોકલ્યો હતો. જે સૌ હરિભક્તોને સંભળાવ્યો. સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે 'વચનામૃત કારિયાણી ૧૧ પ્રમાણે આજ્ઞાથી જનાર સાથે મૂર્તિ ભેળી જ છે. દિવ્ય સ્વરૂપે સ્વામી-શ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજ સાથે જ છે.' એવા જાણપણા સાથે સંપ, સુહૃદભાવ, એકતા રાખી, યાત્રા કરવા સ્વામીશ્રીએ અનુરોધ કર્યો હતો.

બોરીબંદર સ્ટેશનથી ઉપડનાર યાત્રા-ટ્રેનને ૧૫ સંતો તથા ૩૬ નવદીક્ષિત પાર્ષદો સહિત આફ્રિકાના ભક્તોને તા. ૧૭-૪-'૬૧, સૌએ વિદાય આપી હતી. છપૈયા, અયોધ્યા સહિત ઉત્તર ભારતનાં તીર્થો ફરી તા. ૭-૫-'૬૧, વરતાલ દર્શન કરી, ટ્રેન અમદાવાદ વિરામ પામી હતી.

## મહારાજ, સ્વામીને રાખ્યા તો આપણું વધે છે

આ દિવસોમાં અહીં ગોંડલમાં 'સ્વામીની વાતો'નું પારાયણ ચાલુ હતું. પ્રથમ પ્રકરણની વાતમાં આવ્યું કે આ સાધુને અને ભગવાનને જે અનુકૂળ થશે તેને સૌ અનુકૂળ થશે અને જે પ્રતિકૂળ થશે તેને સૌ પ્રતિકૂળ થશે. ત્યારે સ્વામીશ્રી બોલ્યા કે 'આપણે મહારાજને અને ગુણાતીતને રાખ્યા તો આપણું દિવસે દિવસે વધતું જ જાય છે. જે પ્રતિકૂળ છે તેને સૌ પ્રતિકૂળ છે.'

પછી આગળ વાત આવી કે 'સ્વભાવ આ લોકમાં મોટા સંત પાસે ટળે અથવા શ્વેતદ્વીપમાં ટળે.'

ત્યારે કુમુદ ભગતે (રામચરણ સ્વામીએ) પૂછ્યું કે 'ઋષિમુનિઓએ બહુ તપ કર્યાં છતાં વાસના ઉદય કેમ થઈ ?'

'ગઢડા મધ્ય પ્રકરણનું ૭મું વચનામૃત સિદ્ધ કરે ત્યારે જ નિર્વાસનિક થાય.' સ્વામીશ્રીએ કહ્યું.

'સાધના કરીને નિર્વાસનિક થવાય ?'

'હા, થવાય ખરું, પણ એ ઝાડવાં જેવું, એમાં કાંઈ સુખ નહિ.' સ્વામીશ્રીએ ટૂંકમાં ઉત્તર આપ્યો.

'ઋષિમુનિઓને દેશકાળ કેમ લાગ્યા ?' મેં પૂછ્યું.

ત્યારે સ્વામીશ્રી કહે : 'આત્યંતિક કલ્યાણની વાત જુદી છે. તે સારુ મધ્ય ૭ સિદ્ધ કરવું પડે.'

હમણાં સ્વામીશ્રીએ રોજ બપોરે જમ્યા પછી સભામંડપમાં ફરવાનું (બે પૂરા આંટા મારવાનું) શરૂ કર્યું હતું.

બપોરની કથામાં પ્રથમ પ્રકરણની વાત વાંચતાં કહ્યું કે 'ભગવાન થવામાં સારું નથી. સાધુ થવામાં સારું છે. સાધુતાના ગુણ શીખવા, દાસાનુદાસ થવું, તેમાં સારું છે.'

'અનાદિ બ્રહ્મ ગુણાતીત એને સેવીને સંત થયા હોય એ સંતનું સ્વરૂપ. જેવા ગુણાતીત નિર્દોષ, એવા એ સંત પણ નિર્દોષ.

'જ્યાં સુધી પૃથ્વી ઉપર અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન રહે, ત્યાં સુધી એક પેઢી. એ જ્ઞાન અદૃશ્ય થાય એટલે એક પેઢી પૂરી થઈ કહેવાય.'

કોઈએ કહ્યું કે 'આ ગામના હરિભક્તો બહુ સેવા કરે છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'મારા સારુ ક્યાં કરે છે ? અક્ષરધામ મેળવવા માટે

કરે છે.'

એટલે કોઈ બોલ્યું કે 'બાપા ! આપનો રાજીપો મળે તો અક્ષરધામ મળે ને !'

'હા, રાજીપો મેળવવો પડે.' સ્વામીશ્રીએ સહજતાથી જણાવ્યું.

એક સવારે અમે સૌ સ્વામીશ્રીના પગ દાબતા હતા. ત્યારે સ્વામીશ્રીએ પોતાના હાથમાં સેવકનો હાથ લઈ, પોતાના પગની પિંડી ઉપર મૂકી, ભાર દઈ પિંડીઓ દાબવા કહ્યું અને સખેદ બોલ્યા : 'પિંડીમાં હવે કસ નથી રહ્યો. પહેલાં તીર્થોમાં ફરતા, તે એકે તીર્થ સ્થાન બાકી નથી મૂક્યું. તીર્થમાં બધી જગ્યાએ - દેરી હોય, બીજું જે કાંઈ હોય ત્યાં ફરી વળતા, દંડવત્ કરતા, કાંઈ બાકી નથી, આ શું કહેવાય !'

એ ખેદ હતો એમની શારીરિક ભગવદ્દુપાસનામાં દેહની શિથિલતાને કારણે જે ઓટ આવી હતી તેને લીધે. એમની શ્રીજી પ્રત્યેની માનસિક ઉપાસના-ભક્તિમાં તો અવિરત ભરતી જ હતી !

## અબજો પ્રણામ !

બપોરે મુંબઈથી યોગેશ્વરો(પાર્ષદો)ના પત્રો આવ્યા હતા. તે સાંભળી સ્વામીશ્રી કહે : 'આપણે બે કામ ભારે થયાં. એક તો રમણભાઈ ડૉક્ટર ભગત થયાં; નહિ તો તેમને ખૂબ જ ઉપાધિ હતી. મેં પૂછ્યું કે 'શું કરશું ?' તો કહે કે 'મારે થવું જ છે ને ઉપાધિ કાંઈ નહિ થાય.' તેઓ શૂરવીર થયા ને દીક્ષા લઈ લીધી. નહિતર કોઈ દિવસ થાય નહિ. પહેલાં આપણી મશ્કરી કરતા. ૨૦,૦૦૦ રૂપિયા ખરચીને ભણ્યા. ડૉક્ટર થયા. કેવાં કપડાં પહેરતા ? તે થઈ ગયા !

'ને બીજું, બળભદ્ર થઈ ગયા. નહિ તો નારિયો (નારનો) કોઈ દિવસ થાય જ નહિ ને આપણને બનાવે, પણ શૂરવીર થયા ને દેશમાં આવ્યા કે તુરત જ કોઈને મળ્યા પણ નહિ. મેં પૂછ્યું, તો કહે : તૈયાર છું. હવે બીજા કેટલા બાકી છે ?'

ગઢપુરમાં કળશ જયંતી મહોત્સવ પ્રસંગે સ્વામીશ્રીએ એકાવન શિક્ષિત નવયુવાનોને દીક્ષા આપી તે પહેલાંના એ દિવસોમાં સ્વામીશ્રી પાસે રાત્રિ-દિવસ આ જ પ્રવૃત્તિ - વિચાર ચાલતા. જેમ કાનુડાની મોરલીથી ગોપીઓ ઘરકામ મૂકી, ઘેલી બની દોડી આવતી, તેમ સ્વામીશ્રીની વાત્સલ્યરૂપી વાંસળીએ તો યુવકોને ભાન ભુલાવ્યું હતું. ગોપીઓ તો થોડી પળો માટે ઘરનો ત્યાગ કરતી, જ્યારે આ નવયુવાનોએ પોતાની દુન્યવી ભાવના-ઊર્મિ-અભિલાષાઓને

ક્ષણવારમાં કચડી નાખી સ્વામીશ્રીના ખોળે માથું મૂકી દીધું હતું. સ્વામીશ્રીના અંતરમાં પણ એ આનંદ સમાતો ન હતો. જાણે ઘડપણમાં કોઈને દીકરો આવે ને જે અનહદ આનંદ અનુભવાય એવો જ, બલ્કે તેથી પણ અધિક આનંદ સ્વામીશ્રી અનુભવતા હતા, કારણ કે આ નવલોહિયા યુવાનોએ એક પોતાને માટે જ મા-બાપનો - સર્વસ્વનો ત્યાગ કરી, અદ્ભુત સ્વાર્પણ કર્યું હતું.

યોગેશ્વરોના પત્રો વાંચ્યા. તેમાં દરેક પત્રમાં લખ્યું હતું કે 'અમારા કોટાનકોટિ દંડવત્-પ્રણામ સ્વીકારશો.'

તે સાંભળી સ્વામીશ્રી કહે : 'અબજો પ્રણામ !' એમ કહીને બે હાથ જોડી માનસિક પગે લાગ્યા. પછી કહે : 'બધા કેવા લાગતા હશે ? આખો ડિપાર્ટમેન્ટ (મકાન) ભરાઈ જતો હશે. કેવો દેખાવ લાગતો હશે ?' એમ કહેતા જાય ને પોતાના બે હાથ પહોળા કરી અભિનય કરતા જાય. કોઈ અકથ્ય આનંદ એમના મુખારવિંદ ઉપર છલકાઈ રહ્યો હતો.

બધા પત્રો વંચાઈ રહ્યા એટલે કહે કે 'સવા શેર લોહી ચડી ગયું... યોગેશ્વરોને બળના પત્રો લખી નાખો.'

## બ્રહ્મવિદ્યા એટલે શું ?

અહીં એક બપોરની કથામાં સ્વામીશ્રીએ પ્રશ્ન પૂછ્યો : 'બ્રહ્મવિદ્યા એટલે શું ?' સ્વામીશ્રી તરફથી જ ઉત્તરની અભિલાષા સેવતા ભક્તો મૌન રહ્યા. ત્યારે સ્વામીશ્રીએ જ કૃપા કરી ઉત્તર આપ્યો કે 'મૂર્તિમાન બ્રહ્મને ઓળખવા ને તેમાં હેત કરવું, એ બ્રહ્મવિદ્યા.'

વળી, કથામાં વાત નીકળી કે 'પ્રમુખસ્વામી બધે ફરતા હશે.'

'આપ અહીં બિરાજો છો એટલે ગઢપુરની (સમૈયાની) જવાબદારી બધી એમને માથે.' કોઈએ કહ્યું.

તે સાંભળી સ્વામીશ્રી તુરત બોલ્યા : 'આપણે અહીં ધૂન કરવા માંડીએ. તે વાયરલેસ (શક્તિ) છૂટશે, એટલે ત્યાં કામ થવા માંડશે.' આ રીતે પોતે પ્રમુખસ્વામી પાસે પ્રગટ જ છે, એમ સ્વામીશ્રીએ મરમમાં જણાવ્યું.

સવારે પૂજામાં બધી મૂર્તિઓ આગળ સુંદર રીતે પુષ્પો ગોઠવ્યાં. ફૂલદાનીમાં એક નાનકડો મોગરાનો હાર વધારાનો પડ્યો હતો. સૌને થયું કે 'સ્વામીશ્રી આ હારનું શું કરશે ?' ધીરેથી સ્વામીશ્રીએ એ હાર લીધો ને પૂજામાં જ્યાં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ મૂકી હતી તેની આજુબાજુ ફરતો સરસ રીતે

તે હાર પહેરાવ્યો અને ગુરુભક્તિનું સૌને દર્શન કરાવ્યું.

પ્રાતઃકાળે પોતાની નિત્ય પૂજા કરતા સ્વામીશ્રી કલાત્મક રીતે મૂર્તિની આસપાસ પુષ્પો ગોઠવતાં. મુંબઈમાં હરિભાઈ સોની રોજ તાજાં-સારાં સુગંધીમાન પુષ્પો વહેલી સવારે લઈ આવે તે સ્વામીશ્રી દરેક મૂર્તિની નીચે વચમાં ગુલાબનું પુષ્પ મૂકે ને ફરતાં મોગરાનાં પુષ્પો ગોઠવે. કારણ, પોતાના ઈષ્ટદેવ શ્રીજીમહારાજને મોગરો ને ગુલાબ વધારે વહાલાં હતાં !

પૂજામાં સૌ પ્રથમ સ્વામીશ્રી પોતાની સાથે હૈયે ને હાથે અખંડ રાખતા હરિકૃષ્ણ મહારાજની ધાતુની મૂર્તિની પૂજા ચંદન-પુષ્પથી કરતા. પછી એ પ્રસાદી ચંદનથી પોતે તિલક ને ચાંદલો કરી, હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સામે થોડો સમય માળા ફેરવે. પછી પોતાની પૂજાની મૂર્તિઓ વસ્ત્ર ઉપર પધરાવે. પુષ્પ ધરાવે - ગોઠવે. બાદ ઊભા થઈને બે હાથ ઊંચા રાખીને માળા ફેરવતા. પહેલાં એક પગે પણ ઊભા રહેતા. પછી પ્રદક્ષિણા કરી, દંડવત્ કરે. તદ્રૂપ થઈને બે બે હાથે પ્રસાદ ધરે.

પ્રસાદમાં લગભગ બદામની પૂરી તો હોય જ, તેમજ હરિભક્તોએ લાવેલી શુદ્ધ મીઠાઈઓ પણ ખરી; પણ સ્વામીશ્રી ધરાવેલા પ્રસાદની એક કણી સુધ્ધાં પોતાના મોઢામાં મૂકતા નહિ. બાળકો, યુવકો તથા હરિભક્તોને જ પ્રસાદ વહેંચાવી દે. ક્યારેક કોઈ ઉપવાસી યુવકને પારણાં નિમિત્તે બદામ-પૂરી કે એવો કોઈ પ્રસાદ આપી રાજીપો બતાવે. ત્યારબાદ પુષ્પો વહેંચે. છેલ્લે છેલ્લે તો આ પુષ્પ વહેંચવાનો કાર્યક્રમ એટલો તો રસપ્રદ બન્યો હતો કે પૂજામાં દર્શનાર્થે આવતા સેંકડો હરિભક્તોના સમૂહમાં, સ્વામીશ્રી એક એક પુષ્પ ઉછાળી ઉછાળીને દૂર ઊભેલા હરિભક્તોને આપતા. સૌને સ્મૃતિ આપવા ભક્તો સાથેની સ્વામીશ્રીની આ લીલા, નાના-મોટા સૌને બ્રહ્માનંદમાં તરબોળ કરી દેતી હતી. ત્યારપછી સેવક પૂજા બાંધે ને સ્વામીશ્રી ચશ્માં પહેરી શિક્ષાપત્રી વાંચે.

પૂજા દરમ્યાન સંતો કીર્તનોની રમઝટ બોલાવે. ખરેખર ! સ્વામીશ્રીની પૂજાનાં આ દર્શનમાં સૌ અક્ષરધામનું સુખ અનુભવતા.

માંદગીમાં અશક્તિને કારણે સ્વામીશ્રી દંડવત્ ઓછા કરતા. એક વાર સ્વામીશ્રીએ ખૂબ અશક્તિ હોવા છતાં બે દંડવત્ તો કર્યા જ. આ જોઈ ડૉક્ટરે કહ્યું કે 'આપ દંડવત્ ન કરો તો ચાલે.'

એટલે સ્વામીશ્રી હસતાં હસતાં એમની લાક્ષણિક શૈલીમાં બોલ્યા કે 'ગુરુ ! એમ પોલ ન હાલે. દંડવત્ તો કરવા જ પડે.'

## ભીડાનો અદ્ભુત અર્થ

કથામાં એક વાર વાત આવી કે અવતારના વખતમાં ત્રણ-ત્રણ ભીડામાં આવ્યા અને આજ તો સર્વને ભીડામાં લેવા છે. ત્યારે સ્વામીશ્રીએ કૃપા કરીને સમજાવ્યું કે 'ભીડામાં લેવા તે શું ? કોઈના છોકરા લેવા, ધર્માદો લેવો, રસોઈ લેવી...' એમ કહી પોતે હસવા લાગ્યા.

કેવી દયા ! જુદા જુદા અવતારોના સમયમાં ભક્તોની ખૂબ કસણી થઈ. એવી પરીક્ષા આજે તો ભગવાન કે મોટાપુરુષ લેતા નથી. જો કોઈ નિષ્કપટ-ભાવે ચોખ્ખો ધર્માદો આપે, સેવા કરે, તો રાજી થઈ જાય; ને દીકરો આપે તો અઢળક ઢળી જાય. કોઈ પોતાનો દીકરો સેવામાં ધરી દે તો સ્વામીશ્રી લાખો રૂપિયાથી પણ અધિક સેવા માની લેતા. નૈરોબીના નાગજીભાઈએ સ્વામીશ્રી સાથે સોદો કર્યો કે 'આપ મારા નાના દીકરા ઉપેન્દ્રને સેવામાં માગો છો, પણ તેના બદલે સવા લાખ રૂપિયા સેવા કરું તો ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'અમારે તમારા રૂપિયા જોઈતા નથી, પણ દીકરો જ જોઈએ છે. કારણ, આવા મુક્તો પોતાનું પણ કલ્યાણ કરે ને સાથે હજારો ભક્તોનું પણ કલ્યાણ કરે. પોતે તરે ને બીજાને પણ તારે.'

ભીડાભક્તિનો આવો અદ્ભુત અર્થ સ્વામીશ્રી વગર કોણ સમજાવી શકે ?

બપોરની કથામાં ઘણી વાર સ્વામીશ્રી સૌ સંતો-હરિભક્તો સાથે બેસી ઓળો વીણતા અને દર્શનનું સ્મરણીય સુખ આપતા.

અહીં રાજસ્થાનના એક જાણીતા રજવાડી કુટુંબના ભાવિક સદ્ગૃહસ્થ, પૂર્વના કોઈ બલિષ્ઠ સંસ્કારને યોગે ફરતાં ફરતાં આ તીર્થ સ્થાનમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં આવ્યા હતા. તેઓ મુમુક્ષુ હતા ને સદ્ભાવનાથી ઘણાં તીર્થોમાં ને આશ્રમોમાં મહાત્માઓ પાસે ગયા હતા, પણ કોઈ જગ્યાએ તેમનું મન માન્યું ન હતું. દરેક જગ્યાએ તેમને આધ્યાત્મિક પ્રદૂષણ જણાયું હતું. અહીંના વિશે તેમણે ઘણી વાતો સાંભળેલી અને સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શનથી જ તેમને અંતરમાં શાંતિનો ઊંડો અનુભવ થયો.

તેઓ સભામાં બેઠા હતા. સ્વામીશ્રીએ તેમને કંઈ શંકા હોય તો પૂછવા કહ્યું ને હિંદીમાં કંઈ પોતાના અનુભવની વાત કરવા જણાવ્યું. આથી નમ્રભાવે તેમણે કહ્યું : 'આપકે દર્શનસે શાંતિ હો ગઈ. અબ કોઈ શંકા હી નહિ. આપ હી સહજાનંદજી મહારાજ હૈ, શાસ્ત્રીજી મહારાજ હૈ, પરમાત્મા હૈ...'

સ્વામીશ્રી હસી પડ્યા ને એટલું જ બોલ્યા કે 'ખરું સમજી ગયા, બુદ્ધિશાળી છે.'

આખરે તો દરેક શિષ્યને ગુરુમાં ભગવાનનાં દર્શન કરવાનાં જ છે ને ! તે દર્શન આ પરદેશીને આપોઆપ લાધ્યું, તેનો આનંદ સ્વામીશ્રીએ વ્યક્ત કર્યો.

ગઢપુર મંદિરનું કાર્ય પૂરું થતાં સ્વામીશ્રીએ સત્સંગ-સમાજ ઉપર આનંદ વિજયનો પત્ર લખ્યો. તેમાં ગુરુઆજ્ઞા-પાલનનો પરિતોષ શબ્દે શબ્દે નીતરતો હતો. યશકળશ પણ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને પ્રમુખસ્વામી તથા હરિભક્તો ઉપર ધીરેથી ઢોળ્યો હતો.

*આશીર્વાદ પત્ર*

*સંવત ૨૦૧૭, ચૈત્ર વદ ૧૦,*<br>*બપોરના ૧૨ વાગે,*<br>*સોમવાર, અક્ષર મંદિર, ગોંડળ.*

*'અહોહો ! અત્યારે સ્વામીશ્રી પ્રૌઢ પ્રતાપ જણાવી રહ્યા છે. આફ્રિકાના ૪૦૦ હરિભક્તો ગઢપુરના કળશ વિધિ માટે આવી ગયા છે. તે વૈશાખ વદી ૧૨, તા. ૧૧મી મેના રોજ કળશ વિધિ વેદોક્ત મંત્રથી કરવાની છે. તે નિમિત્તે રા.રા. ગુલઝારીલાલ નંદા સાહેબ - જેમણે પ.પૂ. સ્વામી શાસ્ત્રીજી મહારાજને ઘણા જ રાજી કરીને સેવી લીધા છે તે પણ પધારશે ને ભારે ધામધૂમ થશે. આ નિમિત્તે સાક્ષાત્ સ્પેશિયલ ટ્રેન તથા શ્રીજીમહારાજ પ્રગટ થયા ત્યાં તે ટ્રેન દર્શન કરવા પધારશે. ૪૦૦ હરિભક્તો તમામ મળી દર્શન કરશે, આનંદ લેશે.*

*'તો, હવે ગઢપુર મંદિર સ્વામીના કૃપાપાત્ર આફ્રિકાના તમામ હરિભક્તોએ પોતાના પૈસાનો ભોગ આપીને તે પૂરું કર્યું છે. તે માટે તેમને ધન્યવાદ આપવા ઘટે છે. સાથે સાથે આ દેશના તમામ હરિભક્તો પ.પૂ. સ્વામી શાસ્ત્રીજી મહારાજના લાડીલા હરિભક્તો તથા સંતોએ ભોગ આપ્યો છે, તે માટે તેમને ધન્યવાદ આપવા ઘટે છે. જુઓ ! સ્વામી શાસ્ત્રીજી મહારાજનો શુભ સંકલ્પ સારંગપુરના કળશ ચઢાવવાનો, તે મોજીદડના પરમ ભગવદી ખત્રી રામજીભાઈએ, તેમનાં કુટુંબીઓએ સ્વામીનો સંકલ્પ સંપૂર્ણ પૂરો કર્યો છે. તેથી તેમના કુટુંબને ધન્યવાદ આપવા ઘટે છે.*

*'બીજું, ગઢપુર મંદિર પૂરું થાય છે. કળશ વિધિ થાય છે. એટલે આ સાલે સ્વામી શાસ્ત્રીજી મહારાજનો 'પાંચ મંદિર પૂરાં કરવાં' તે સંકલ્પ પૂરો થાય છે. તેથી આજે શાસ્ત્રીજી મહારાજ અક્ષરધામમાં બેઠા થકા ઘણા જ આશીર્વાદ*

*વરસાવે છે. ઘણાને સાક્ષાત્ દર્શન આપે છે. માટે એ સ્વામીનો સંકલ્પ પૂરો થઈ ગયો છે. મોટાસ્વામી તથા નારાયણ સ્વામીને ધન્ય છે, જે સ્વામીના સંકલ્પમાં પૂરા ભળી સંકલ્પ પૂરો કર્યો છે. બોલો સહજાનંદ સ્વામી મહારાજની જય !'*

આમ, શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે ગુરુઋણ અદા કરતો સ્વામીશ્રીનો આ ભાવપત્ર ઘણું ઘણું કહી જતો હતો.

❀ ❀ ❀



# કળશ મહોત્સવ પૂર્વે

ઉત્સવ નજીક આવ્યો. માંદગીને કારણે લાંબા સમય સુધી પથારીવશ રહેલા સ્વામીશ્રી ત્રણ માસ પછી ગોંડલથી સારંગપુર થઈ ગઢપુર જવા માટે નીકળ્યા. મોટરમાં સૂવાની ગોઠવણ કરી હતી.

રાજકોટ થઈ જસદણ પધાર્યા. અહીં ઠાકોરજી જમાડી, આરામ કરી, સ્નાનાદિકથી પરવારી, સાંજે આગળ ચાલ્યા. જસદણથી બોટાદનો રસ્તો સારો ન હતો. વળી, અંધારું થતું જતું હતું. એવામાં વરસાદ શરૂ થયો. મોટર ઉપર ગોઠવેલાં પોટલાં પલળવાં લાગ્યાં અને ઠંડીનો ચમકારો પણ વધવા લાગ્યો. મોટર ધીરે ધીરે જઈ રહી હતી. વરસાદ બંધ પડે એટલા માટે સ્વામીશ્રીએ મોટરમાં ધૂન શરૂ કરાવી, પણ વરસાદ તો ચાલુ જ રહ્યો.

એટલામાં પાળિયાદ પાસે એક ગામને પાદર સ્વામીશ્રી કહે કે 'અમારે લઘુ કરવા જવું પડશે.' એટલે ન છૂટકે સ્વામીશ્રીને શરીરે ધાબળા વગેરે ઓઢાડી, માથે છત્રી રાખી, ઠંડીમાં, દૂર અંધારામાં, બૅટરીના પ્રકાશમાં, વાડ પાસે લઈ ગયા. ઇંદ્ર રુઠ્યો હતો અને સ્વામીશ્રીએ પણ એની સામે લીલા વિસ્તારી હતી. સ્વામીશ્રી કહે કે 'અમારે તો શૌચ જવું પડશે.'

અમારા સૌના તો વિચારો જ થંભી ગયા. આ અંધારી રાતે, અજાણ્યા ગામમાં કેમ વ્યવસ્થા કરવી ? વળી, વરસાદ એકધારો પડે અને ઠંડીના સૂસવાટા તો ખરા જ. એમાં નાદુરસ્ત તબિયતને કારણે સ્વામીશ્રીનું અશક્ત શરીર, સામાન્ય સંજોગોમાં પણ ઠંડી સહન ન કરી શકે તો આવા સંજોગોમાં તો શું થશે ? એ સ્વાભાવિક ભય અમને સૌને ધ્રુજાવી દેતો હતો. પણ છેવટે એ ગામની સીમમાં અંધારામાં અથડાતાં દેહક્રિયા પતાવી, સ્વામીશ્રી મોટરમાં બેઠા. શરીરમાં ઠંડી વ્યાપી ગઈ હતી. તેથી શાલ, ધાબળા વગેરે ઓઢાડી સ્વામીશ્રીના શરીરને બરાબર ઢાંક્યું. મુસાફરી આગળ શરૂ થઈ.

પણ આજની રાત ભયંકર હતી. વરસાદ ચાલુ જ રહ્યો. વળી, વાદળાં ગડગડે, વીજળી ઝબકે. વરસાદને લીધે જમીન ચીકણી થઈ ગઈ હતી. તે વારે વારે મોટર 'સ્લીપ' થાય (સરી જાય). એક વાર તો મોટર રસ્તાની નીચે એક બાજુ ઊતરી ગઈ, પણ સૌ બચી ગયા. ધક્કા મારી મોટર રસ્તા ઉપર ચઢાવી. છેવટે બોટાદ થઈ, મોડી રાત્રે મહામુશ્કેલીએ સારંગપુર પહોંચ્યા.

માયાએ સારું જોર જણાવ્યું. કારણ નજીકના ભવિષ્યમાં અક્ષરપુરુષોત્તમનો દિગ્વિજય થવાનો હતો. સ્વામીશ્રીએ પણ અલૌકિક લીલા કરી !

## કળશ-ઉત્સવના કુશળ આયોજક

આ બાજુ, પ્રમુખસ્વામી, કોઠારી હરિજીવન સ્વામી વગેરે સંતો તથા મગનભાઈ સેક્રેટરી, રસિકભાઈ, હકાબાપુ વગેરે હરિભક્તોના સાથથી ગઢપુરમાં ઉત્સવની અનેકવિધ તૈયારીઓ ઝડપથી, કુશળતાપૂર્વક કરી રહ્યા હતા. ગુરુહરિ યોગીજી મહારાજનો જન્મોત્સવ એમને મન ગુરુભક્તિનો અમૂલ્ય અવસર હતો. એ એમનાં એક એક કાર્યમાં પ્રત્યેક પ્રસંગે જણાતું હતું. વળી, શાસ્ત્રીજી મહારાજના અંતિમ સંકલ્પ-સ્મારક સમા ગઢપુર મંદિરનાં સર્વાંગ સંપૂર્ણ ચિહ્ન સમા સુવર્ણ-કળશ સ્થાપન વિધિ સાથે, ૫૧ શિક્ષિત યુવાનોને દીક્ષા વિધિ ! આવા અનેકવિધ ઉત્તમોત્તમ પ્રસંગથી શોભાયમાન આ મહોત્સવ પ્રમુખસ્વામી માટે સેવા અને ભક્તિના શણગાર સમો થયો હતો. રાત-દિવસ જોયા વગર, એકવડી કાયાને આધારે, ઉત્સવની અનેકવિધ તૈયારીઓ અને આયોજનોનું કુશળતાપૂર્વક, નમ્રતાથી સંચાલન કરવાની એમની આગવી વિશેષતા હતી. કાર્યનો સંપૂર્ણ ભાર મહારાજ ઉપર છોડી, સ્વસ્થ અને શાંત ચિત્તે સર્વત્ર ઘૂમતા, જાતે સેવા કરતા પ્રમુખસ્વામી, ઉત્સવના આદર્શ આયોજક હતા. પોતાના સ્વામી અને સત્સંગના સૂત્રધાર યોગીજી મહારાજની અનુવૃત્તિપૂર્વકની ભક્તિની સુવાસ એમની ચોમેર પ્રસરતી હતી.

ઉનાળાનો સખત તાપ, તેમાં વળી વૈશાખના વાયરા ચારેકોર ધરતીના કણેકણને ફંગોળતા હોય, ઉત્સવની સાંકડી જગ્યા, નાનકડા એવા ગઢડા ગામની મર્યાદિત સુવિધાઓ, ગામની વસ્તી કરતા વધારે - અડધા લાખ જેટલા ભક્તોનો સમાવેશ કરતા ઉતારાઓની સમસ્યા, પાણીની સખત તંગી, આવી અનેક કટોકટીઓમાં અત્યંત ધીરજ, મહિમાથી, ભક્તિથી, દાસત્વપૂર્ણ અદ્ભુત કાર્યદક્ષતા જો ક્યાંય દેખાય, તો જાણવું કે એ પ્રમુખસ્વામી હશે ! મહા-

મુશ્કેલીઓનો સામનો કરી, સુંદરતાથી કાર્ય પાર પાડવાનું ગુણાતીત-કવચ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજે એમને બક્ષ્યું છે.

## ઉત્સવની અદ્વિતીયતા

ગઢપુરમાં ટેકરા ઉપર મંદિર કરવાનો મૂળ શ્રીજીમહારાજનો દૃઢ સંકલ્પ, શાસ્ત્રીજી મહારાજે ૩૫ વર્ષ સુધી અત્યંત ધીરજ રાખી, પૂર્ણ કરવા નિર્ધાર્યો હતો. સંપ્રદાય તેમજ સમાજનાં અનેક વિષમ પરિબળોનો શ્રીજી પ્રેરિત અપ્રતીમ શક્તિથી પ્રતિકાર કરી, પોતાના અક્ષરધામગમન પહેલાં એમણે પૂર્ણ કર્યો. પોતાના ઈષ્ટ-અભીષ્ટ શ્રીજીનો સંકલ્પ સર્વોપરી રીતે જ સાકાર થવો જોઈએ – એ હેતુથી, આર્થિક પ્રતિકૂળતા છતાં સંગેમરમરમાં મંદિર-નિર્માણનો એમણે પ્રારંભ કર્યો. આ જ એમની મહાનતા હતી અને શ્રીજીસંબંધની ગાથા હતી. સાથીદાર સંતો-હરિભક્તોને પણ આ સમજાયું નહીં. પણ એમનો નિર્ણય અફર રહ્યો. ભાવનગરનરેશના દફતરમાંથી જમીનની નામંજૂરી મળેલી, એ જ મહારાજના શુભ હસ્તે મંદિરનું ખાત કરાવ્યું. અને આજે એ જ રાજવીના ઉમદા હાથે, એ જ મંદિરની પૂર્ણતાના પ્રતીક સમા કળશ વિધિનું આયોજન થઈ રહ્યું હતું. આ પણ એક અલૌકિક ઘટના હતી.

આ ઐતિહાસિક સત્ય ઘટનાઓને કેટલાંક અવરોધક બળો સ્વીકારી શકતાં નહોતાં. તેથી આજે પણ આ સર્વોચ્ચ સિદ્ધિને, દ્વેષયુક્ત પ્રતિકારાત્મક શક્તિઓથી ખાળવા પ્રયત્ન કરી રહ્યા હતા, પરંતુ સ્વામીશ્રીની શ્રીજી પ્રત્યેની એકાંતિકી ભક્તિ અને અપાર સાધુતાનાં આંદોલનો, શ્રીજીની પ્રેરક શક્તિરૂપે સર્વત્ર સંરક્ષતાં હતાં.

## એના યોગીજી શૂરા સરદાર

સમગ્ર સંપ્રદાયના ઈતિહાસમાં અજોડ એવો પ્રસંગ હતો – શિષ્ટ સમાજના શિક્ષિત એવા ૫૧ નવયુવાનોને ભાગવતી દીક્ષા અર્પવાનો !

આજના કળિકાળમાં યુવાનોની સ્વાભાવિક દોટ ભૌતિક સુખો તરફ હોય. તેમાં પણ આધુનિક શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી આધ્યાત્મિક શિક્ષાની ભૂખ તો સંભવે જ નહીં. પણ સ્વામીશ્રીના કેવળ નિઃસ્વાર્થ પ્રેમ અને નિર્દોષ વાત્સલ્યની પ્રેરણાથી, સંસારનાં અતૂટ બંધનોનો ત્યાગ કરી, આજે એક નહીં, એકવીસ નહીં, પણ એકાવન - એકાવન નવલોહિયા તરવરતા યુવાનો દીક્ષા લેવાના

હતા. શ્રીજીએ કાલવાણીમાં એકસાથે ૫૦૦ સંતોને પરમહંસ દીક્ષા આપી હતી. એવા જ કાંઈક વિશિષ્ટ અનુભવથી હજારો પ્રગટ-ઉપાસી ભક્તો આજે ગજ ગજ ફુલાતા હતા. વાતને હૃદયમાં ન સમાવી શકતા હરખભેર ચોમેર ગાતા હતા. સમગ્ર ગુજરાતમાં જેના પડઘા પડી રહ્યા હતા.

પણ કેટલાક અભાગી જીવોને આ વાત માન્યામાં નહોતી આવતી. ઉપાસનાના ઉત્તરોત્તર અદ્‌ભુત રચાતાં સ્થાવર તીર્થો પછી, હરતાં-ફરતાં ચૈતન્ય મંદિરો સમી તૈયાર થતી આ સંતમાળ, યોગીજીને શું સ્વયં શ્રીજી પહેરાવી રહ્યા છે કે ? આવી દહેશતથી તેમનાં મન અને શરીર કંપી રહ્યાં હતાં. જ્યાં ભક્ત સહિત ભગવાનની સાચી ઉપાસના-ભક્તિ થાય છે, શુદ્ધ ધર્મ-નિયમ પળાય છે, એ અક્ષરપુરુષોત્તમ સંપ્રદાયનો ઉત્કર્ષ આજે આભ ફાડીને બ્રહ્માંડમાં પ્રસરી રહ્યો હતો.

સ્વામીશ્રીના જીવનનો આ અભૂતપૂર્વ પ્રસંગ ! ઉપાસના પ્રવર્તનના કાર્યને દિગંતમાં પ્રસરાવવા, વર્ષોથી એમણે યુવાનો તરફ મીટ માંડી હતી. પોતાના ઈષ્ટદેવ શ્રીજીમહારાજને અને ગુરુ શાસ્ત્રીજી મહારાજને તેઓ વારંવાર એ જ પ્રાર્થના કરતા કે 'યુવકો ઉપર દૃષ્ટિ કરો ! જેથી તેઓ સ્વામિનારાયણનું નામ વિશ્વના ખૂણે ખૂણે પ્રસરાવે !'

આ કાર્ય સ્વયં પાર ઉતારવા એમની પાસે અમોઘ શક્તિ હતી, પણ તે છુપાવીને વર્તવાની ગુણાતીતની અસલ રીત પ્રમાણે, બીજાને તેઓ નિમિત્ત બનાવતા. સેવાની તક આપતા. ગુરુભક્તિના પાઠો શિખવાડી શ્રીજીની સંનિધિમાં પહોંચાડતા. ગુણાતીત ગુરુપરંપરાની આ અસલ પ્રક્રિયા ! પોતાના યોગમાં આવનાર હરકોઈને અક્ષરમુક્તની ઉપાધિ પ્રાપ્ત કરાવવી !

શાસ્ત્રીજી મહારાજે અનેક કષ્ટો વેઠી, અક્ષરપુરુષોત્તમ મંદિરો રચી, બ્રહ્મવિદ્યાની પીઠો સ્થાપી દીધી હતી. હવે નવયુવાનો દ્વારા એનું પ્રવર્તન સદા થતું રહે - એ હેતુલક્ષી કાર્ય, સ્વામીશ્રીએ કોઈ ઝબકીને જોતા હોય એમ એકાએક સિદ્ધ કર્યું હતું. એકાદ દાયકાથી તેઓ યુવાનોની વચ્ચે આ વાતો કરતા. ધીરે ધીરે આ વિચાર યુવાનોની બહાર સત્સંગ-સમાજમાં પણ જાણીતો થયો. ત્યારે કોઈને પણ કલ્પના નહીં કે આ સંકલ્પ સિદ્ધ થઈ શકે ! ક્યાં મા-બાપ પોતાના પુત્રોને સંસાર ત્યજાવી સાધુ થવા માટે રાજીખુશીથી રજા આપે ! પણ યોગીનો સંકલ્પ ગુણાતીત ભક્તિરૂપી યોગશક્તિથી આજે સાકાર થતો હતો !

ઠેર ઠેર સ્વામીશ્રીની આ ભગવી સેનાના સૈનિક થવા ઉદ્‌ઘોષ થવા લાગ્યા. સ્વામીશ્રીના આ અમાયિક અને શૂરવીરતાભર્યા સંદેશને કવિ જયંત ટાંકે

સુંદર કાવ્યદેહ આપ્યો. જે સત્સંગનાં યુવક મંડળોના પ્રત્યેક હૃદયને ભારોભાર પ્રેરણા આપતો. સંસારની ક્ષુલ્લકતા સાથે સ્વામીશ્રીના નિઃસીમ વાત્સલ્યની - રાજીપાની છાયામાં રહેલા શાશ્વત સુખનું સૌને ભાન કરાવતો. એ કાવ્યદેહના પ્રથમ શબ્દો તો સત્સંગ-સમાજનાં હૈયે ને હોઠે ગૂંજતા થઈ ગયા હતા :

*સ્વામીની સેનામાં આવજો રે, તમે આવજો રે,*
*એના યોગીજી શૂરા સરદાર,*
*ભરતીમાં નામ નોંધાવજો રે, તમે આવજો રે,*
*એના યોગીજી શૂરા સરદાર. ૦ ટેક*

*ધારી ધીરજની ઢાલ વા'લે, ત્યાગ તણી તલવાર,*
*કાળ ને માયા થર થર કંપે, ભક્તિ ભાલાથી અપાર,*
*કેસરિયા કરવાને આવજો રે.*
*એના યોગીજી શૂરા સરદાર... સ્વામીની ૦ ૧*

*કંસ સરીખો ક્રોધને માર્યો, રાવણ સરીખો રાગ,*
*માન-ઈર્ષ્યાનું કીધું કચુબર, લગાડી લોભને આગ,*
*થઈને મરજીવા તમે આવજો રે,*
*એના યોગીજી શૂરા સરદાર... સ્વામીની ૦ ૨*

*શિયાળ સરીખાને સિંહ બનાવે, કાયરને બહાદુર,*
*શ્રદ્ધા ને સેવાના પાઠ પઢાવે, આપે અનુપમ નૂર,*
*રંગે રંગાવાને આવજો રે,*
*એના યોગીજી શૂરા સરદાર... સ્વામીની ૦ ૩*

*ખોળી ખોળીને મેં તો ખોળીયું, મળે જગમાં ન જોગીની જોડ,*
*નિઃશંક થઈને તમે આવજો, પૂરે 'જયંત'ના સ્વામી કોડ;*
*અર્પે અભયદાન આવજો રે,*
*એના યોગીજી શૂરા સરદાર... સ્વામીની ૦ ૪*

## ઉત્સવની અપૂર્વ તૈયારી

ગઢપુર, સુવર્ણ-કળશ જયંતી મહોત્સવનો કાર્યક્રમ સં. ૨૦૧૭, વૈશાખ વદ ૧૨ અને ૧૩, ગુરુવાર અને શુક્રવાર, તા. ૧૧ અને ૧૨-૫-'૬૧નો નક્કી થઈ ગયો. સંસ્થાના પ્રમુખ, શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીના દસ્તકયુક્ત આમંત્રણ પત્રિકાઓ ગામોગામ પહોંચી ગઈ હતી. સ્વામીશ્રી ઉત્સવના ચાર

દિવસ પૂર્વે જ પધારી ગયા હતા.

મંદિર ચોતરફની સજાવટથી સુંદર શોભી રહ્યું હતું. રાત્રિના ઘેરા નીલા આકાશની છાયામાં, જાણે સ્વર્ગમાંથી ઊતરી આવ્યું હોય એવું મંદિર, રોશનીથી અલૌકિક શોભતું હતું ! શ્રીજીના પ્રસાદીભૂત ઘેલાના ખળખળિયામાં પડતું એનું પ્રતિબિંબ, નદીના ખળખળ નિનાદથી, શ્રીજીની સંકલ્પ સિદ્ધિની હર્ષોર્મિઓ પ્રગટ કરતું જણાતું હતું. નદીના સામે કાંઠેથી મંદિરનું આ દર્શન અત્યંત આહ્‌લાદક લાગતું.

મંદિરના ચોકમાં ઉત્સવનો વિશાળ મંડપ બંધાયો હતો. મંદિર પાછળ પૂર્વાભિમુખે યજ્ઞમંડપ શોભતો હતો. રમા ઘાટ તરફના પાછળના ઢોળાવમાં રસોડાના મંડપો બાંધ્યા હતા.

ઉતારાની વ્યવસ્થા ટેકરા ઉપર મંદિરના સમગ્ર ઉતારા સહિત ગામમાં ગોપીનાથજીના મંદિરમાં તથા વંડામાં શેઠ મોહનલાલ હાઈસ્કૂલ, બૉર્ડિંગ, તાલુકા સ્કૂલ, રામજી મંદિર, સોમનાથ મઠ, દાદાભાઈનો દરબાર, મેડી તથા ઑફિસ, સહકારી મંડળની ઑફિસ, ગંગા ભુવન વગેરે તેમજ સંખ્યાબંધ ખાનગી રહેણાંકનાં મકાનોમાં કરવામાં આવી હતી.

અસંખ્ય લોકો ટ્રેનમાં, બસમાં, મોટરોમાં તેમજ ગાડાંઓમાં ગઢપુર તરફ આવી રહ્યા હતા. 'હાલો ગઢડા... હાલો ગઢડા... સ્વામિનારાયણ બાપાનો જગન થાય છે જગન...' સૌરાષ્ટ્રને ગામડે ગામડે આ નાદ થઈ રહ્યો હતો. ગઢડા ગામ જ મહોત્સવમાં ફેરવાઈ ગયું હતું. નદી કાંઠેથી ઠેઠ લક્ષ્મીવાડી સુધી અને રેલવે સ્ટેશન સુધી, માણસોની ભીડ જામેલી રહેતી.

પૂર્વ આફ્રિકાથી આશરે ૪૦૦ થી ૫૦૦ જેટલા ભક્તો સી.ટી. પટેલ હરમાનભાઈ, ત્રિભોવનદાસ, એ.પી. પટેલ, આર.યુ. પટેલ, સી.એમ. પટેલ, ઈશ્વરભાઈ માસ્તર, ઈશ્વરભાઈ કોઠારી, વજુભાઈ, હીમાભાઈ, જશભાઈ, મોતીકાકા, રાવજીભાઈ, પ્રેમજીભાઈ, ડૉ. શાહ વગેરે મોવડી મંડળની સાથે આવ્યા હતા. મુંબઈથી માંડી સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્ર તથા સમગ્ર ભારતમાંથી ભક્તો ઉત્સાહભેર આવી પહોંચ્યા હતા. મંદિરના ખૂણે ખૂણે, ઉતારાઓમાં, મંડપોમાં, રસોડામાં સર્વત્ર જ્યાં જુઓ ત્યાં ભક્તો એકબીજાને મળીને, સુહૃદભાવની ગંગામાં સ્નાન કરતા, આત્મીયતા ઊભરાવતા નજરે પડતા હતા. આબાલવૃદ્ધ સૌના ઉમંગનો આજે પાર નહોતો.

હજારો સ્વયંસેવકો બાલુભાઈ બ્રહ્મભટ્ટ, ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ તથા

કાનજીભાઈ સોનીની વ્યવસ્થા નીચે રાત-દિવસ સેવા આપી રહ્યા હતા. પીરસવાથી માંડીને વાસણ માંજવાની ને સાફસૂફીની, મજૂરીની તમામ સેવા યુવાનો હોંશે હોંશે કરી રહ્યા હતા. વડીલો અને શ્રીમંતો પણ તાપમાં ખડે પગે સેવામાં ઊભા રહેતા. કોઈ ટોકે, વઢે પણ સૌ હસતે મુખે સેવાનો મહિમા સમજી કાર્યભાર ઉપાડી રહ્યા હતા.

પ્રમુખસ્વામીની રાહબરી નીચે હરમાનભાઈ, ચંપકભાઈ શેઠ, ખેંગારજીભાઈ, હર્ષદભાઈ, મગનભાઈ સેક્રેટરી વગેરેની મહોત્સવની સમિતિ આયોજનમાં મુખ્ય હતી.

ઉતારાની વ્યવસ્થામાં હકાબાપુ સાથે ભાણભાઈ ખાચર, શેઠ મહેન્દ્રભાઈ મોહનભાઈ વગેરે હતા. પાગરણની વ્યવસ્થા આશાભાઈ શંકરભાઈ, ડાહ્યાભાઈ વલ્લભભાઈ તથા શાંતિભાઈ શાહ વગેરે ભક્તોએ સંભાળી હતી.

રસોડાની કપરી જવાબદારી ઠાકરશીભાઈ ડોસાભાઈ, બેચરભાઈ, અંબાલાલભાઈ છગનભાઈ, ભાઈલાલભાઈ તથા ઈશ્વરભાઈ મસાલાવાળા વગેરે અનુભવીઓએ માથે લીધી હતી.

ભોજન-વિતરણમાં ઈશ્વરભાઈ દાજી, એ.પી. પટેલ તથા હરમાનભાઈ વગેરે ભક્તો ખડે પગે ઊભા રહી સૌને તૃપ્ત કરતા હતા. બારસને દિવસે ૪૦ થી ૫૦ હજાર ભક્તોએ તથા તેરસને દિવસે ૩૦ થી ૪૦ હજાર ભક્તોએ પ્રસાદ લીધો હતો. શીરાના મોટા મોટા હોજ અખંડ ભરાતા હતા અને ખાલી થતા હતા. આ અંગે વિશાળ ભોજનશાળા તથા પાણીની ટાંકી ભક્તરાજ અર્જુનભાઈ ચાવડાએ રાત-દિવસ મહેનત કરાવી તત્કાળ ઊભી કરાવી હતી.

આટલા વિશાળ જનસમુદાયને તાત્કાલિક મૅડિકલ સહાય આપવા ડૉ. મધુભાઈ તથા ડૉ. શંકરભાઈ સેવા આપતા હતા. અને સંરક્ષણ તથા પોલીસ ખાતાની જ઼વાબદારી ભગવત્‌સિંહ બાપુએ સંભાળી હતી.

## જે ગમે જગદ્‌ગુરુદેવ જગદીશને...

એકાદશીનો પવિત્ર દિવસ હતો. ત્યાગી-જીવનનો ઉજાસ અનુભવવા આવેલા અનેક તરવરિયા યુવાનો સ્વામીશ્રીની નિશ્રામાં આવવા થનગની રહ્યા હતા. માતા-પિતાઓએ પણ પોતાના પુત્રોને પ્રેમથી સ્વામીશ્રીના ખોળે અર્પણ કર્યા હતા. ગિરધરભાઈ સેજપાલ તેમાંના એક. પોતાના બંને તરુણ પુત્રો ભગવાનજી તથા વિનોદને તેમણે સ્વામીશ્રીને સમર્પ્યા. અમદાવાદના

ચંદ્રવદનભાઈ જાનીના પુત્ર જ્યોતીન્દ્ર પણ સ્વામીશ્રીને ખોળે બેસવા ઉત્સુક હતા.

વહેલી સવારે સ્વામીશ્રીએ ત્રણેને પાસે બોલાવ્યા ! પૂજા પછી જાતે વર્તમાન ધરાવ્યાં. નવી કંઠી બાંધી અને આશીર્વાદ આપતાં કહ્યું : 'જાવ, હવે તમારું કામ પૂરું થયુ.'

ત્યારે પાસે બેઠેલા લક્ષ્મીદાસ ગણાત્રા કહે : 'બાપા ! ત્રણેને ફરી વર્તમાન કેમ ધરાવ્યાં ?'

'તેમનું કામ પૂરું થયું છે.' સ્વામીશ્રીએ મર્મમાં કહ્યું.

સ્વામીશ્રી યજ્ઞ વિધિમાં પધાર્યા તે દરમ્યાન અનેક યુવકો સાથે આ ત્રણે તરુણો ઘેલા નદીના રમા ઘાટની ઉપરવાસ નાહવા માટે ગયા, પરંતુ ખૂબ કાદવની વચ્ચે આ ત્રણે ફસાઈ ગયા. બૂમો પાડી, ઘણા લોકો તેમને બચાવવા દોડી આવ્યા, પરંતુ કાદવમાં ખૂંચી ગયેલા આ ત્રણે કિશોરો બહાર આવી શક્યા નહીં અને ઘટના સ્થળે જ અક્ષરનિવાસી થયા. વાતાવરણ શોકગ્રસ્ત બની ગયું. ઉત્સવના મંગલ વાતાવરણ પર શોકનો, દુઃખનો ઓથાર છવાઈ ગયો. આનંદમાં મહાલવું કે સ્વામીશ્રીની સેનાના સૈનિકો ગુમાવ્યાનો અફસોસ કરવો, તે ભક્ત-સમુદાયને સમજાતું ન હતું. સર્વત્ર પ્રસરી રહેલા આ સમાચારથી ઉત્સવની સફળતા વિશે સૌને દહેશત પેસી ગઈ. તેમાં વળી વૈશાખી વાયરાની ઉન્મત્તાઈએ સભામંડપ અને યજ્ઞમંડપના ચંદરવા ફાડી નાખ્યા. લૂ વરસતા એ પવનને નાથવા, વિઘ્નોને ટાળવા સૌ 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂનનો સહારો લેતા હતા.

સ્વામીશ્રીએ પણ ઉકાળા-પાણી ન કર્યા. તેમના કુટુંબીઓને સાંત્વન અને ધીરજ આપી. ગિરધરભાઈ તથા ચન્દ્રવદનભાઈ તો જાણે કાંઈ અઘટિત પ્રસંગ બન્યો જ નથી, એવી શાંતિથી બેઠા હતા.

બે દિવસ પછી જ્યારે ભાવનગર મહારાજા કૃષ્ણકુમારસિંહજી તથા મહારાણી ઉત્સવ પ્રસંગે પધાર્યાં અને આ સમાચાર જાણ્યા, ત્યારે હજુ પણ ઉત્સવ ચાલુ છે તેનું તેમને આશ્ચર્ય થયું. મહારાણીએ વિચાર્યું કે 'આવા દુઃખદ પ્રસંગે ઉત્સવમાં ઉપસ્થિત રહેવું યોગ્ય ન ગણાય, તેથી ચાલ્યા જવું.'

ભક્તરાજ હકાભાઈને આ વાતની જાણ થતાં જ મહારાણીને સમજાવ્યાં. શ્રીહરિના કર્તાહર્તાપણાની વાત કરી, પણ તેમને ગેડ ન બેઠી. છેવટે હકાભાઈ કહે : 'આ પ્રસંગનું આપને દુઃખ છે, પરંતુ સદ્ગતનાં માતા-પિતાને તો કોઈ પ્રશ્ન જ નથી !'

આ સાંભળી મહારાણીને ખૂબ આશ્ચર્ય થયું અને ત્રણેનાં માતુશ્રીને

મળવા ઇચ્છા વ્યક્ત કરી. મહારાણીના સંશયના ઉત્તરરૂપે તેમણે કહ્યું : 'રાણી સાહેબ ! અમે તો દીકરા બાપાને, શ્રીજીમહારાજને આપી જ દીધા હતા. તેમના હતા તેઓ લઈ ગયા, તેમાં શાનો શોક હોય ? મનથી તો બાપાને અર્પણ કર્યા હતા. હવે તો તે શ્રીજીમહારાજના ખોળે બેઠા. શાશ્વત સુખ મળ્યું એટલે જ અમે દુઃખ નથી માનતાં.

અધ્યાત્મવાદનાં પીઢ અને જીવન સાથે આત્મસાત્ થયેલાં આ વાક્યોએ મહારાણીને નતમસ્તક બનાવી દીધાં. તેમણે પોતાનો વિચાર માંડી વાળ્યો અને સમૈયાના અંત સુધી રોકાયાં. ભક્તોની આ ભાવના કોઈના આદર્શરૂપે હશે કે તે ભક્તની કસોટીરૂપે તે તો સ્વામીશ્રી જ જાણે !

એકાદશીએ નવા દીક્ષાર્થી પાર્ષદો સૌ ઉપવાસી હતા. નિર્જળા ઉપવાસ એ જ ખરો ઉપવાસ, એ સ્વામીશ્રીનો મત. વૈશાખની ગરમીને કારણે નિર્જળા ઉપવાસમાં સૌને પાણીનો શોષ પડવા લાગ્યો. દિવસ તો માંડ પસાર થયો, પણ સાંજ કેમેય પસાર થાય નહીં. મહેન્દ્ર ભગત અતિશય અશક્તિને કારણે ઉતારાની ઓસરીમાં આરામ કરતા હતા.

રાત્રે કથા પછી સ્વામીશ્રી ત્યાં પધાર્યા. સ્વામીશ્રીએ તેમને ખબર પૂછી, પણ તેઓ કંઈ બોલી શક્યા નહીં. ગળામાંથી અવાજ જ નીકળે નહીં. એટલે સ્વામીશ્રીએ તેમને આરામ કરવા જણાવ્યું અને કહ્યું : 'હમણાં ૧૨-૦૦ વાગશે એટલે નાહી-ધોઈ, પૂજા કરી પાણી પીજો.' પણ તે વખતે તો પાણી પીવાની છૂટ આપી જ નહીં. બધાને એમ કે 'બોલી નથી શકાતું એટલી અશક્તિ છે, તો જરૂર છૂટ આપશે;' પણ દયામૂર્તિ સ્વામીશ્રી વ્રત-ઉપવાસ માટે પણ એટલા જ કડક-કઠોર હતા. કેટલીક વાર ઉપવાસી યુવકોને ઊલટી થાય, અત્યંત બેચેની જણાય, તોપણ છૂટ આપતા નહીં. તેઓ હંમેશાં જીવની દયા ખાતા, દેહની નહીં. સદાય દેહભાવથી પર વર્તતા સ્વામીશ્રી પોતાના આશ્રિત મુમુક્ષુને પણ દેહભાવ દૂર કરાવવા તત્પર રહેતા. કોઈ મનમાં અત્યંત ઢીલા હોય તેવા યુવકોને જ સ્વામીશ્રી સંધ્યા આરતી પછી પાણી પીવાની છૂટ આપતા. બાકી તો પાણી વગર જ દિવસ પૂરો કરાવવા ઇચ્છતા. નિર્જળા ઉપવાસીને જ તેઓ હંમેશાં ફર્સ્ટ નંબર આપતા. બીજાને સામાન્ય કક્ષામાં ગણતા.

## પ્રથમ સભા બાળ-યુવક સંમેલન

વૈશાખ વદ એકાદશી ને તા. ૧૦-૫-'૬૧, સાંજે યુવક સભા યોજાઈ

હતી. જેમાં બાળકો તથા યુવકોએ ધૂન-પ્રાર્થના અને કંઠસ્થ ગીતા-શ્લોકો, વચનામૃતો અને સ્વામીની વાતો રજૂ કર્યાં હતાં. ખેંગારજીભાઈના સ્વાગત-પ્રવચન પછી સ્વયંસેવક દળના અગ્રણી બાલુભાઈ બ્રહ્મભટ્ટે સેવાનું આયોજન, સ્વયંસેવકોની સેવાભાવના, 'સેવા એ જ સત્કર્મ અને જ્ઞાન' સૌને જણાવી, વિશાળ ભક્ત-સમુદાયને સહકાર આપવા અનુરોધ કર્યો હતો. દિનેશ ભગત તથા ગોરધનભાઈ બ્રહ્મભટ્ટે યુવકોનાં સંગઠન અને સેવા-બળની પાછળ સ્વામીશ્રીની અસીમ પ્રેરણા જ કાર્ય કરે છે, તે ભારપૂર્વક જણાવ્યું હતું.

સી.ટી. પટેલે યુવક પ્રવૃત્તિનો હેતુ સમજાવતાં કહ્યું કે 'યુવકો જે અવિરત સેવા આપી રહ્યા છે તે પૂર્વના કોઈ સંસ્કારી મુક્તાત્માઓ છે, એ વગર આ ન બની શકે. અને જે યુવાનો દીક્ષા લઈ રહ્યા છે, તે પણ મુક્તો છે. આવા સુશિક્ષિત સંતો ગામડે ગામડે ફરશે ત્યારે તો રેતીના કણ કણ 'સ્વામિનારાયણ' કરશે.' અંતમાં સૌ ઉપર કૃપા વરસાવવા તેમણે સ્વામીશ્રીને પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે વસોથી ભક્તોનો સંઘ ધોમધખતા તાપમાં પગપાળા આવ્યો હતો. આ સંઘને વરસાદ તથા તોફાન ન નડે તે માટે અંતર્યામીપણે સ્વામીશ્રીએ ધૂન કરાવી હતી અને સંઘની રક્ષા કરી હતી. તેમની શ્રદ્ધાની સૌએ પ્રશંસા કરી હતી.

## યોગી જયંતી સભા

'યોગીજી મહારાજની ૭૦મી જન્મ જયંતી', વૈશાખ વદ ૧૨, ગુરુવાર તા. ૧૧-૫-'૬૧, પરમ પવિત્ર દિવસ આવી પહોંચ્યો. વહેલી સવારથી જ સમગ્ર વાતાવરણ પ્રભાતી પદો અને કીર્તનગાનથી મંગલમય બન્યું હતું. સવારે ૭-૦૦ વાગે તો સભામંડપ ખીચોખીચ ભરાઈ ચૂક્યો હતો.

અશક્તિને કારણે સ્વામીશ્રી પ્રસંગોપાત્ત જ બહાર પધારી સૌને દર્શન આપતા હતા. આજના મંગલ પ્રભાતે સ્વામીશ્રી પ્રથમ યજ્ઞમંડપમાં પધાર્યા. કરુણાશંકર શાસ્ત્રી તથા ચીમનલાલ શાસ્ત્રીએ યજ્ઞ વિધિનો પ્રારંભ કરાવ્યો.

૫૧ યુવાનો, સુકુમાર અવસ્થા અને ત્યાગના તેજથી શ્વેત વસ્ત્રોમાં શોભતા યજ્ઞમંડપમાં ગોઠવાયા. સંકલ્પ અને વિધિ બાદ, ભગવાં વસ્ત્રો પરિધાન કરી, દીક્ષાર્થીઓ સભામાં આવી પહોંચ્યા. સર્વત્ર જયજયકાર થઈ ગયો. સૌને જનોઈ, કંઠી અને ઉપવસ્ત્રો ધારણ કરાયાં.

મંચ ઉપર મધ્યમાં ઊંચી ગાદી ઉપર સ્વામીશ્રી રાજાધિરાજની અદાથી

બિરાજ્યા હતા. બાજુમાં નવી સંતમંડળી શોભતી હતી. સ્વામીશ્રીના મુખારવિંદ ઉપરનો આ સમયનો આનંદ કોઈ અલૌકિક હતો. અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન દ્વારા, શ્રીજીના આ પૃથ્વી ઉપરના પ્રાગટ્ય હેતુની સિધ્ધિ માટે અને સ્વામિનારાયણ યશોગાથાની ચહુદિશ વૃદ્ધિ માટે, સ્વામીશ્રીએ કરેલો મહાન સંકલ્પ આજે સ્વયં શ્રીજીમહારાજ પૂર્ણ કરી રહ્યા હતા.

મહોત્સવની અક્ષરધામતુલ્ય સભામાં બિરાજેલા અક્ષરમુક્તોનાં મન હુલસી રહ્યાં હતાં. આજે દેવોને દુર્લભ દર્શનનો લહાવ લેતા તેઓ ધરાતા નહોતા. સૌ ઊંચા ઊંચા થઈ જોઈ રહ્યા હતા કે શું આ સ્વપ્ન તો તેઓ નથી નિહાળતાને ?

સ્વામીશ્રીના મુખારવિંદમાંથી અલૌકિક તેજ અને દિવ્યાનંદની લહરીઓ સર્વત્ર વહી રહી હતી. તેઓ પોતાના સંકલ્પ પુત્રો સમા સંતો સામું જોઈ રહ્યા હતા અને સંતો સ્વામીશ્રી સન્મુખ નિર્નિમેષ નેત્રે નિહાળી રહ્યા હતા. પોતાના ગુરુને પ્રસન્ન કરવાની સર્વોચ્ચ તક આજે સાકાર બની હતી. સ્વામીશ્રી અને સંતોનો પ્રેમોર્મિસભર આનંદસાગર સમગ્ર સભામાં વ્યાપી રહ્યો હતો.

ભક્તોનાં મનમાં એક જ વિચાર : શું દર્શન ! શું અહોભાગ્ય ! યોગીજી મહારાજનાં દર્શન કરીએ તો ૫૧ યોગેશ્વરો દેખાય. અને યોગેશ્વરોને જોઈએ ત્યાં તેમનાં મસ્તક ઉપર અભયકર ધરી રહેલ યોગીજી દેખાય.

સમજપૂર્વક રાજીખુશીથી ત્યાગાશ્રમ સ્વીકારનાર યોગેશ્વરોને નમન કરીએ કે પછી જેમણે ઘડતર કરી, વૈરાગ્ય ઉપજાવી આવા શિષ્યો કર્યા, તે પ્રેરણામૂર્તિ યોગીજીને નમીએ ? કે પછી જેમણે હસતે મુખે ચાંલ્લો કરીને વિદાય આપી એવાં તેમનાં માતા-પિતાને નમીએ ?

*'જનુની જીવો રે ગોપીચંદની...'* એ તો એક જ જનની થઈ કે જેણે પુત્ર ગોપીચંદને ત્યાગી કર્યા. આ તો એવી ૫૧ જનની ધન્ય થઈ ગઈ !

અક્ષરધામનો છતી દેહે સાક્ષાત્કાર અનુભવ કરતાં હોય એમ અનેક ભાઈ-બહેનોનાં નેત્રોમાંથી હર્ષાશ્રુ દડ દડ વહી રહ્યાં હતાં. કલ્પનામાં સમાય નહીં તેવો આ અલૌકિક પ્રસંગ હજુ સૌને આશ્ચર્યમુગ્ધ કરી રહ્યો હતો. સ્વામીશ્રીના આ અદ્વિતીય કાર્યનાં દર્શનથી સૌ ધન્ય ધન્ય બની ચૂક્યા હતા. દિવ્યતાની સેર હજુ સૌનાં મનમાં સરી રહી હતી :

'આ કળિકાળમાં આ કેમ બને ? પોતાનો લાડકવાયો જો કલાક - બે કલાક ઘરે મોડો આવે તો મા-બાપને ખાવાનું ભાવે નહીં. ચિત્ત આકુળ-વ્યાકુળ થઈ

જાય. કઈ સમજણથી એ માતા-પિતાએ પોતાના વહાલસોયા અર્પણ કર્યા હશે ?

'આ યુવાનો નથી; કોઈ ઋષિમુનિઓ કે તપસ્વીઓ છે. નહીં તો ભોગ-વિલાસને આમ ઠોકરે કોણ મારી શકે ? આવું તો બની જ શકે નહીં. નક્કી અહીં શ્રીજી સાક્ષાત્ પ્રગટ જ છે. નહીં તો વીસ વીસ વરસના સંસાર મૂકીને ન આવે. ધન્ય છે એ શ્રીજીના અખંડ ધારક ગુણાતીત સંત યોગીજીને ! ધન્ય છે એ યોગીજીની ભગવી સેનાને !'

સ્વામીશ્રીએ સૌ ભાગવતી દીક્ષાર્થીને એક પછી એક ચંદનથી અર્ચાઓ કરી, ગુરુમંત્ર આપી, અંતરના રૂડા આશીર્વાદ આપ્યા. આજે પ્રમુખસ્વામીનો આનંદ પણ સમાતો નહોતો. પોતે હર્ષઘેલા બની નવા સંતોને ગળામાં પુષ્પ-માળા અર્પણ કરી વધાવી રહ્યા હતા ! મનોમન ધન્યવાદ આપી રહ્યા હતા.

હર્ષદભાઈ દવેએ સૌનાં નામો જાહેર કરતાં જણાવ્યું કે 'આજે ઉત્તરોત્તર સંપ્રદાયનો ઉત્કર્ષ થતો જાય છે. મંદિરો દ્વારા ઉપાસના પ્રવર્તનનું કાર્ય આજે શાસ્ત્રીજી મહારાજના સંકલ્પથી દિગંતમાં પ્રસરી રહ્યું છે. યોગીજી મહારાજે આરંભેલી કલ્યાણ-યોજના દ્વારા ગામેગામ યુવક મંડળો તથા સત્સંગ મંડળોનું વિસ્તરણ થઈ રહ્યું છે. અઠવાડિક સત્સંગ સભા દ્વારા સમજણ અને નિષ્ઠાની દૃઢતા તથા મોટા મોટા ઉત્સવો દ્વારા સેવા અને સંગઠનની ભાવના વિકસી રહી છે. ૫૧ યુવકોનો આ દીક્ષા પ્રસંગ જ સ્વામીશ્રીમાં રહી શ્રીજી અખંડ કાર્ય કરે છે તે દર્શાવે છે.'

હરમાનભાઈએ એમની જોશીલી શૈલીમાં જણાવ્યું કે 'આ ઉંમરે ગામોગામ વિચરણ કરી યોગીજીએ અક્ષરપુરુષોત્તમનું રણશિંગુ વગાડ્યું છે. અને જગમાં સ્વામિનારાયણને છતરાયા કર્યા છે. લાખો લોકોને આધ્યાત્મિક સુખ આપ્યું છે, ને આપી રહ્યા છે.'

રાષ્ટ્રના આયોજન મંત્રી અને ભક્તહૃદયી નંદાજીએ ભાવવાહી પ્રેરણાત્મક વાણીમાં વિશાળ સભાને સંબોધતાં કહ્યું કે 'નવા સંતોને હું પ્રણામ કરું છું. આપણે ઘણુંય જોયું છે, પણ આજે જોવા જેવા એક યોગીજી મહારાજ છે. દુનિયામાં ન મળી શકે તે લાભ અહીં છે. સત્સંગમાં ઘણા ઘણા પ્રસંગો હું સાંભળતો હતો અને સરકારમાં ઘણીય યોજનાઓ ઘડી છે, પણ આ યોજનાની કલ્પના નથી આવતી. પાંચ, પચીસ કે પચાસ લાખ ખરચીએ તે કરતાં મારી દૃષ્ટિએ એક યોગેશ્વર બહુ છે. અને આજે તો ૫૧ની સંખ્યામાં આપણે બધાનાં દર્શન કર્યાં. જેમણે પોતાના વહાલા બાળકો અર્પણ કર્યા, તેમણે આપણામાં

સૌથી મોટામાં મોટો લાભ લીધો છે.

'આપણે જેમ હવાની, પાણીની તથા ખોરાકની જરૂર છે, તેમ અને તેટલી જ આપણને આવા સંતોની જરૂર છે.

'દુનિયામાં કહે છે કે 'લાખ્ખો રૂપિયાનાં મંદિર થાય છે, શું કામ છે?' જાણું છું ! આજે પંચવર્ષીય યોજનાનાં કામો થાય છે ત્યાં કેટલી જરૂર છે. પણ તેની જરૂર છે, તેમ આની પણ જરૂર છે. આધ્યાત્મિક જ્ઞાનની અવશ્ય જરૂર છે.

'એનાં કરતાં પણ બહુ જરૂર છે શું કે આચાર, વિચાર, સદાચાર, નિયમ એ કોણ પ્રવર્તાવશે ? અને એ નહીં હોય તો બધું કાચું રહેશે.

'આ મહોત્સવ વગેરે બધું થાય તે શ્રીજીમહારાજ તથા શાસ્ત્રીજી મહારાજની ઇચ્છા વડે.

'આપણે યોગીજી મહારાજ પાસે આશીર્વાદ માગીએ કે અમને સારા બનાવો. આપણે સારા થઈએ એટલે આપણાં બાળકો સારાં બને. આપણને સારા જોઈ લોકો પણ કહે : એમના સંતો પણ સારા જ હશે, નહીં તો આવા સદાચારી બને નહીં. પછી એમ જ કહે કે સ્વામિનારાયણનું નામ લેનારા બધા સારા લાગે છે. પછી આખા દેશમાં જેને જેને ગુણ આવતો જશે તેમ સત્સંગ વધતો જશે.

'આપણી પાસે ભણેલા સંતો બહુ ઓછા છે. તે ખોટ આ એકાવન સંતોથી પૂરી થશે એવી ફરી પ્રાર્થના કરું છું.'

પછી હર્ષદભાઈએ જે નવા સંતો મુંબઈમાં ભણે છે તે માટે વિદ્યાદાનની વાત બહાર પાડતાં સભાએ તરત વધાવી લીધી હતી.

અંતમાં સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા હતા.

સાંજે યુવક મંડળની વિશિષ્ટ સભા યોજાઈ. રાત્રે રાસ, ભજન, પ્રવચનો બાદ નદીના પટમાં આજના અલૌકિક પ્રસંગની ખુશાલીરૂપે સુંદર આતશબાજી કરવામાં આવી હતી.

## મહારાજ પધાર્યા... !

સ્વામીશ્રીના જીવનમાં કેટલીક અલૌકિક પળો જોવા મળતી. ક્યારેક એકાંતમાં હોય, કોઈ સેવક બાજુમાં ન હોય, ત્યારે પોતે કોઈ અગમ્ય વાતો કરતા જણાતા. આજે પણ એવો જ એક પ્રસંગ બન્યો. કળશ જયંતીનો મહોત્સવ ધામધૂમથી ઊજવાઈ ગયો હતો. એકાવન સંતોએ દીક્ષા લીધી હતી. સ્વયં આનંદમૂર્તિ હોવા છતાં કોઈ વિશેષ આનંદ સ્વામીશ્રીના મુખારવિંદ ઉપર

ઊભરાતો હતો. અને એકાંતની પળો મળતાં સેવકો દૂર ઊભા હતા ત્યારે સ્વામીશ્રી નીચે પ્રમાણે અદૃશ્યમાં કોઈ સાથે બોલતા જણાતા હતા :

'... મહારાજ પધાર્યા ! પણ કોઈ ઓળખ્યું નહીં !... મહારાજે આપણો સંકલ્પ પૂરો કર્યો !... હવે શાંતિ થઈ... !'

જાણે મહારાજ સાક્ષાત્ પધાર્યા હોય ! અને આ અલૌકિક કાર્ય થયું હોય ! સંતોએ ભાગવતી દીક્ષા લીધી હોય ! એવો ભાવાર્થ ઉપરનાં તૂટક વાક્યોમાંથી સહેજે સમજાતો હતો અને એ પણ પ્રતીતિ આવતી હતી કે આ એકાંતિક સંત દ્વારા મહારાજે જ કાર્ય કર્યું !

## કળશ મહોત્સવ દિન

વૈશાખ વદ ૧૩ ને શુક્રવાર, તા. ૧૨-૫-'૬૧, સવારે ભાવનગર નરેશ કૃષ્ણકુમારસિંહજી પોતાનાં ધર્મપત્ની સાથે આવ્યા, ત્યારે ખૂબ દબદબાપૂર્વક તેમનું સ્વાગત કરવામાં આવ્યું. પ્રથમ તેઓ યજ્ઞમંડપમાં આવ્યા. તેમના શુભ હસ્તે મંદિરના સુવર્ણ-કળશોની વિધિપૂર્વક પૂજા થઈ. તેમણે કળશની આરતી ઉતારી. ત્યારબાદ કળશ મંદિર ઉપર ચઢાવવામાં આવ્યા અને ધર્મધજાઓ લહેરાવવામાં આવી. હજારો ભક્તોએ આ પ્રસંગને જયનાદોથી વધાવી લીધો. મોટાપુરુષોની કેટલી વિશાળતા અને દયા ! જે નરેશ, કારભારીઓની ગેરસમજ અને દખલગીરીથી ગઢપુરમાં મંદિર કરવા ટેકરાની જમીન આપવા સંમત થતા ન હતા; તેમના જ શુભ હસ્તે શાસ્ત્રીજી મહારાજે મંદિરનું ખાત કરાવ્યું, અને આજે યોગીજી મહારાજે મંદિર ઉપર સુવર્ણ-કળશ સ્થાપનનો યશકલગી સમો અંતિમ વિધિ પણ તેમના જ દ્વારા સંપાદન કરાવ્યો. આ ઘટનાઓએ જ સૌને પ્રતીતિ કરાવી : આ કાર્યમાં કેવળ શ્રીજીની પ્રેરણા અને કાર્યશક્તિ જ કારણભૂત હતાં.

આ પ્રસંગે દરેક દરબારે પાંચ દિવસનું પારાયણ બેસાડેલું, તેની તથા યજ્ઞની તેમના હાથે આજે પૂર્ણાહુતિ થઈ.

આજે પણ સવારની સભામાં ભક્તોની ભીડ અસાધારણ હતી. નવદીક્ષિત સંતોએ કીર્તનો ગાઈ સભાનો પ્રારંભ કર્યો. વાતાવરણમાં એકાગ્રતા છવાઈ ગઈ. પ્રસંગને અનુરૂપ પ્રકાશિત કરેલ સ્મરણિકા પ્રમુખસ્વામીએ ચાંદીના સુંદર પાત્રમાં મહારાજા સાહેબ તથા નંદાજીને અર્પણ કરી. ખેંગારજીભાઈએ તાર-સંદેશાઓનું વાચન કર્યું. જેમાં મુખ્યત્વે ચીફ જસ્ટીસ કે.ટી. દેસાઈ, ચેરિટી કમિશનર અનિરુદ્ધ શેલત, સ્વામી વિદ્યાનંદજી - દિલ્હી, ચરણતીર્થ મહારાજ -

ગોંડલ, નાનજી કાલિદાસ મહેતા - પોરબંદર વગેરે મહાનુભાવો તથા સત્સંગ મંડળો, કમ્પાલા, જિન્જા, મ્વાન્ઝા, એડન તથા દેશમાં હૈદ્રાબાદ વગેરે દૂર દૂરના શુભેચ્છકોનો સમાવેશ થતો હતો.

ગઢડાના નગરશેઠ અ.નિ. મોહન મોતીચંદના સુપુત્ર મહેન્દ્રભાઈ નગરશેઠે જણાવ્યું કે –

'જ્યારે મંદિરનો ખાત વિધિ થયો ત્યારે યોગીજી મહારાજ, નંદાજી તથા મહારાજા સાહેબ હાજર હતા; અને આજે પણ ત્રણેય હાજર છે. આવો અણમોલ અવસર ગઢડાને આંગણે, દેવ જેવા સંતોના સાંનિધ્યમાં ઊજવાઈ રહ્યો છે. આજે ચારે બાજુ 'ગઢડા, ગઢડા' થઈ રહ્યું છે, તે અમારાં અહોભાગ્ય છે !

'ઘણાં વરસ પહેલાં જે સંકલ્પ શ્રીજીમહારાજે કરેલો તે પૂર્ણ કરવાની શાસ્ત્રીજી મહારાજની ઇચ્છા આજે કળશ સહિત પૂર્ણ થઈ રહી છે. ૫૧ સંતો પણ આ સ્થાનમાં થયા. આવું વિશ્વમાં બન્યું હશે કે કેમ ? મારા સાંભળવામાં નથી આવ્યું કે શ્રીજીમહારાજના પછી સંપ્રદાયમાં એકસાથે એકાવને દીક્ષા લીધી હોય ! મારા પિતાને આ મંદિર શરૂ થયું ત્યારથી હોંશ હતી કે સમગ્ર સૌરાષ્ટ્રમાં પંકાય. આજે તે સિદ્ધ થયું.'

દાદાખાચરના વંશજ ભાણાભાઈ ખાચર, આફ્રિકા સત્સંગ મંડળ વતી હરમાનભાઈના પ્રવચન બાદ ગોંડલના ચંદુભાઈ વિદ્યાધિકારીએ જણાવ્યું કે 'શંકરાચાર્યે જેમ ચાર પીઠો સ્થાપી તેમ યજ્ઞપુરુષદાસજીએ પાંચ પીઠો સ્થાપી. તો હવે સાહિત્યનો પ્રચાર કરો તો જગતમાં સૌ સ્વામિનારાયણ ભગવાન કેવા થયા ? તેમના સંતો કેવા થયા ? વગેરે મહિમા સમજશે.'

સંસ્થા અને મહોત્સવના પ્રમુખ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીએ જણાવ્યું કે 'આપ સૌએ પધારી આ પ્રસંગને દીપાવ્યો તો શ્રીજીમહારાજ અને સ્વામી આપના ઉપર પ્રસન્ન રહેશે. શ્રીજીમહારાજને પ્રાપ્ત કરવાનું સ્થાન યોગીજી મહારાજ આપણી વચ્ચે બેઠા છે. તો તેમને રાજી કરી લેવા. નંદા સાહેબ, મહારાજા સાહેબ, ચુડાસમા સાહેબ તથા મુંબઈ, અમદાવાદ, ગુજરાત-સૌરાષ્ટ્રના સૌ ભક્તો પધાર્યા તો બહુ આનંદ થયો. જય સ્વામિનારાયણ.'

સમગ્ર સત્સંગ-સમાજના જીવનપ્રાણ સ્વામીશ્રીએ આશીર્વચનો કહ્યાં : 'આજે ભારે મહોત્સવ થયો. મહારાજ-સ્વામી આવી ગયા. અત્યારે ભગવાન પ્રગટ બિરાજે છે. સેવા, સમાગમ અને મોટા મોટાએ કરેલાં પ્રવચન વિચારજો, હૈયામાં શાંતિ થઈ જશે. આ લાભ લીધો તેના પુણ્યનો પારાવાર નથી. સૌ

સંભારજો, આનંદ આનંદ થઈ જશે. કેમ જે, આ સ્થાન પ્રતાપી છે. તેનો પ્રતાપ એવો છે કે દુઃખના ભુક્કા ઊડી જાય.'

સ્વામીશ્રીના એક એક શબ્દની પાછળ સાધુતાનો એવો તો પ્રાસાદિક રણકાર હતો કે એનું શ્રવણ કરતા ભક્તોને તત્કાળ ભક્તિનો નશો ચડતો ! સૌ મુગ્ધ થઈ જતા ! 'શાંતિ થઈ જશે' એ શબ્દોના શ્રવણમાત્રથી ભક્તોનાં હૃદયમાં શાંતિનો શેરડો પડતો. 'દુઃખના ભુક્કા ઊડી જશે' એ શબ્દો જ સૌનાં અંતરમાંથી દારુણ દુઃખ વિદારી દેતા. ભક્તો હર્ષ-પુલકિત થઈ તાળીઓના અસ્ખલિત અવાજથી એને વધાવી લેતા.

અંતમાં અતિથિવિશેષ મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ જણાવ્યું કે 'કળશ તો યોગીજી મહારાજના પવિત્ર હાથે ચડવો જોઈએ. કેમ કે, એમની અથાગ શ્રદ્ધા અને પરિશ્રમને કારણે મંદિર થયું છે. પણ એમની આજ્ઞાને માન આપી મેં આ વિધિ કર્યો છે. ગોપીનાથજીના આ યાત્રા સ્થાનમાં આ નવું મંદિર ને વધુ ધામ સ્થપાય તે ખુશીની વાત છે. યોગીજી મહારાજને શ્રીજીમહારાજ લાંબું આયુષ્ય આપે અને તેમનો લાભ અનેક વરસો સુધી મળતો રહે, એટલી મારી શ્રીહરિ પ્રત્યે પ્રાર્થના છે.'

સભાપ્રમુખ નંદાજીએ કહ્યું કે 'મંદિરના ખાતુમુહૂર્ત વખતે હું અને મહારાજા સાહેબ હતા. આજે ફરી ભેગા થયા છીએ. તે વખતે શાસ્ત્રીજી મહારાજ હતા. આજે નથી એમ લાગે છે. પણ સ્વામીજી હયાત છે, એમ હું માનું છું. અને જો એમ ન હોય તો આ મંદિર હોય નહીં. એ તો સાક્ષાત્ યોગીજીમાં નિવાસ કરી રહ્યા છે.

'પ્રગટથી કલ્યાણ છે. તે વાત હાથ ન આવી તો શું કામનું ? કેટલાક માનતા કે સ્વામી ગયા એટલે થઈ રહ્યું. તો સ્વામી તો આ પ્રગટ છે. નહીં તો આ ૫૧ સાધુ થાય નહીં. અને આવતે વરસે ૧૦૦ સાધુ પણ કરે. તેની શી વાત ! એટલે તે પ્રગટ છે.'

છેવટે આભાર વિધિ થયો. જેમાં મુખ્યત્વે, ભાવનગર કલેક્ટર તથા સૌરાષ્ટ્રના કમિશનર ચુડાસમા સાહેબ, રેલવેના મૅનેજર સાહેબ, બસ ટ્રાન્સપોર્ટના ત્રિવેદી સાહેબ, નરેન્દ્ર પાઠક તથા વજુભાઈ મહેતા, પોલીસ ખાતાના ડી.એસ.પી. અને અન્ય અધિકારીઓ, હોમગાર્ડ દળ, ગઢડા મ્યુનિ-સિપાલિટી વગેરેનો આભાર માનવામાં આવ્યો હતો. મહોત્સવના મુખ્ય સમાચારો અને દીક્ષા વિધિના ફોટાઓ જનસત્તા, સંદેશ, ગુજરાત સમાચાર તથા

મુંબઈ સમાચાર વગેરે વર્તમાનપત્રોમાં સારી રીતે પ્રસિદ્ધ થયા હતા. દેશમાં ઠેર ઠેર મહોત્સવની ધન્યતાનો મહિમા સૌ ગાઈ રહ્યા હતા !

## ભીડો નથી, આનંદના ફુવારા છે

ઉત્સવની અનેક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત, મંદિરના કોઠારી હરિજીવનદાસ સ્વામીશ્રીને મળી પ્રસંગની ખુશાલી સાથે સ્વામીશ્રીની નિષ્કપટભાવે માફી માગવા ઇચ્છતા હોય તેમ સ્વામીશ્રી પાસે આવ્યા. હાથ જોડી તેઓ કહે : 'બાપા ! આપે બહુ ભીડો વેઠ્યો છે. બધાનું બહુ ખમ્યા !'

તરત જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'આનંદના ફુવારા છે. ભીડો નથી. ખમવાની વાત ક્યાં છે ? તમોને શાસ્ત્રીજી મહારાજનો મહિમા છે તો આનંદની લહેરો છૂટે છે કે નહિ ?'

સ્વામીશ્રીનાં આ વચનોથી હરિજીવનદાસ આનંદિત થઈ ગયા. સ્વામીશ્રીનો આનંદ અનેકને બ્રહ્માનંદનો અનુભવ કરાવી જતો.

## બ્રહ્મદૃષ્ટિમાં નામરૂપનો ભેદ જ ન રહ્યો

સ્વામીશ્રી ઉતારામાં નવદીક્ષિત સંતો સમક્ષ બિરાજમાન હતા. આટલા બધા સંતોને એકસાથે ખોળામાં રમતાં જોઈ એમનું મુખ મરક મરક હસતું હતું. આનંદમગ્ન સ્વામીશ્રીએ એક સંતને બોલાવ્યા, પણ સંબોધન બીજા નામથી કર્યું. એટલે સંતોએ કહ્યું : 'બાપા ! એમનું નામ તો જુદું છે.'

વહાલસોયા આટલા બધા બાળકોનાં તરતમાં પાડેલાં નામ કદાચ સ્વામીશ્રીને યાદ ન પણ હોય, એ ભાવથી સંતોએ સ્વામીશ્રીની ભૂલ સુધારી.

ઘડીના પણ વિલંબ વિના સ્વામીશ્રી કહે : 'ગુરુ ! અમે તો સૌને બ્રહ્મરૂપ સમજીએ છીએ. પછી નામનો ભેદ ક્યાં રહ્યો ?'

સ્વામીશ્રીનો આ સ્વાભાવિક ઉત્તર સાંભળતાં જ સંતોને દૃષ્ટિ મળી કે નામરૂપનો એમને કોઈ ભેદ નથી. બધું જ બ્રહ્મરૂપે જુએ છે. અને બધાયને બ્રહ્મરૂપ કરવાની તત્પરતા પણ સેવે છે.

આ મહોત્સવમાં રાજુલાના જયંતીભાઈ દોશીને પણ દીક્ષા લેવાનો ઉમંગ હતો, પરંતુ સંજોગવશાત્ તેઓ દીક્ષા ન લઈ શક્યા. વળી, સંસારની તીવ્ર વાસના પણ ખરી. તેથી સ્વામીશ્રીએ આજ્ઞા કરી કે 'એક વાર સંસારમાં પડો, ફરી તેનો સંકલ્પ કરશો નહીં.'

તેમણે લગ્ન કર્યાં પણ એક જ વર્ષમાં ઘરભંગ થયા. તેમનાં ધર્મપત્નીને કોઈ વિશેષ રોગ પણ નહીં. છતાં અચાનક આમ થયું ત્યારે તેઓ સ્વામીશ્રીના વચનનો મર્મ સમજ્યા.

જો કે સ્વામીશ્રીની કૃપાથી તેમને વાસના જીર્ણ થઈ હોય તેવું લાગવા માંડ્યું અને સ્વામીશ્રીની આજ્ઞા પાળી આજીવન સંસ્થાની સેવામાં રહ્યા.

આ સમૈયાની પારાવાર ગિરદી અને ભીડો જોઈ એડનથી આવેલા નંદલાલ દેપાલા તો મૂંઝાઈ ગયા. તેમણે થયું : 'આમાં ક્યાં ઉતારો લેવો ? કોને મળવું ?'

એવામાં સ્વામીશ્રી આરતીનાં દર્શન કરી નીચે ઊતરતા હતા. એમણે તરત જ નંદલાલભાઈને બોલાવ્યા. ખબર-અંતર પૂછ્યા. અને બે યુવકોને મોકલી તેમની સંપૂર્ણ વ્યવસ્થા કરાવી, નાસ્તો કરાવી દેવા આજ્ઞા કરી.

સ્વામીશ્રી આવા મોટા ઉત્સવોમાંયે પ્રત્યેક હરિભક્તની રાખ-રખાવટ આટલી કાળજીપૂર્વક લેતા ત્યારે દરેકને સ્વામીશ્રીની આત્મીયતા સ્પર્શી જતી.

નવદીક્ષિત સંતોને સંસ્કૃત અભ્યાસ કરાવવા મુંબઈમાં જગ્યા પસંદ કરવાની હતી. વિશાળ અને પાણીની સગવડવાળી જગ્યા ક્યાં મળી શકે ? એ પ્રશ્ન ચર્ચાઈ રહ્યો હતો.

માણેકલાલ શેઠને આની જાણ થતાં જ તેમણે પ્રાર્થના કરી : 'બાપા ! કાંદીવલીમાં મારો બંગલો છે. તે આપનો જ માનીને સંતોને તેમાં રાખો.'

સ્વામીશ્રી ખૂબ રાજી થયા. સંતોને સારી અનુકૂળતા થઈ. થોડા જ વખતમાં દાદરમાં મંદિર થયું અને સંતો ત્યાં રહેવા લાગ્યા; પણ માણેકલાલ શેઠની સ્વાર્પણ ભાવના અને મહિમાયુક્ત ભક્તિથી તેમણે ટાણાની સેવા કરી સ્વામીશ્રીને પ્રસન્ન કરી લીધા.

આ દિવ્ય મહોત્સવ પછી સ્વામીશ્રીની આજ્ઞાથી નવદીક્ષિત સંતો મુંબઈ ગયા અને સ્વામીશ્રી આરામ નિમિત્તે ગોંડલ પધાર્યા.

## પુનઃ ગોંડલમાં

ગોંડલમાં તા. ૨૩-૫-'૬૧, સ્વામીશ્રીએ મને સૂચના કરતાં પૂછ્યું : 'આજની વાત લખી ? રોજ વાત થાય તે લખી લેવી. 'કૃષ્ણજી અદા કથા કરતા કેમ બેસતા ?' વગેરે હરગોવિંદભાઈએ લખ્યું. એમ બધી વાતચીત લખી લેવી...'

કારણ, સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે મોટાપુરુષની સ્મૃતિ છે એ દુઃખ હરનારી અને શાંતિ કરનારી છે.

રોજ રાત્રે સ્વામીશ્રી પોઢવા પધારે ત્યારે નાના સંતો-યુવકો પાસે બેઠા હોય. તેમને સૌને બળની વાતો કરાવી, ગમ્મત કરાવી, સ્વામીશ્રી સુખ આપતા.

એક આવી જ જ્ઞાન-ગમ્મતની સભા વખતે સ્વામીશ્રી રાત્રે સૂતાં પહેલાં દવાની ગોળી લઈ રહ્યા હતા. તે એકદમ કહે : 'યોગેશ્વર ! જાવ કથા કરો.'

પછી તુરત બોલ્યા : 'ભલે બેઠા, આ બધી લીલા જોઈને જાવ.'

આવા નાના પ્રસંગોએ, સ્વામીશ્રી દ્વારા બોલાયેલા સૂત્રોરૂપ વાક્યોમાં, કંઈ કેટકેટલી ભાવના રહેલી હતી. સત્પુરુષનાં નાનામાં નાનાં ચરિત્રો પણ લીલારૂપે સંભારી રાખવાં માટે ભક્તોને આ પ્રેરણા હતી !

એક યુવક સાથે સ્વામીશ્રી સાધુ થવાની વાત કરી રહ્યા હતા. તે સંવાદ રમૂજી બની ગયો.

'તમે સાધુ થવાની હા કહો.'

'સ્વામી ! હું બહુ નાનો છું.'

'તમારી ઉંમર કેટલી ?'

'સોળ વર્ષની.'

'હું ચૌદ વર્ષનો હતો, ત્યારે સાધુ થયો હતો.' સ્વામીશ્રીએ કહ્યું.

'સ્વામી ! આપ તો અનાદિના ખરા ને !'

'અમે અનાદિના અને તમે ક્યાં જમપુરીના છો ? બધાય અનાદિ મુક્ત છો ને, હા કહો !' એમ કહી સ્વામીશ્રી હસી પડ્યા.

હરકોઈ જીવને ભગવાનમાં જોડવાનો સ્વામીશ્રી બહુ ઈશક રાખતા.

એસ.એસ.સી.નું પરિણામ તા. ૫-૬-'૬૧નાં છાપાંઓમાં આવ્યું હતું. તે છાપું સ્વામીશ્રીને બતાવ્યું. ખાસ તો જે વિદ્યાર્થી પ્રથમ આવેલો, તેનો ફોટો સ્વામીશ્રીને બતાવ્યો. તે મરાઠી વિદ્યાર્થી હતો અને તેનું નામ હતું હેમચંદ્ર. સ્વામીશ્રી તેનો ફોટો ધારી ધારીને જોઈ રહ્યા. પછી આશ્ચર્ય વ્યક્ત કરતાં બોલ્યા : 'આ છોકરો બધામાં પહેલો આવ્યો. સિત્તેર હજારમાં... આને કંઠી પહેરાવવી પડશે !'

દરેક પ્રસંગમાં, સર્વ જીવને સત્સંગાભિમુખ કરવાની સ્વામીશ્રીને કેટલી ધગશ છે, તે આવા પ્રસંગે જણાઈ આવતી. તેમાં પણ બુદ્ધિશાળી કોને ન ગમે ? કારણ, મહારાજે જ કહ્યું છે કે અમને બુદ્ધિશાળી ગમે છે.

અધિક માસના છેલ્લા અઠવાડિયામાં રાજકોટના હરિભક્તોની વિનંતીને માન આપી, નાદુરસ્ત તબિયત છતાં સ્વામીશ્રી રાજકોટ પારાયણમાં પધાર્યા. જો

કે સ્વામીશ્રીએ આરામનો સમય જાળવ્યો હતો, પણ પ્રસંગોપાત્ત સૌને દર્શન દેવા કથામાં પધારતા. એમની એ સ્વાભાવિક પ્રકૃતિ હતી કે કોઈને નારાજ ન કરવા. ભલે પોતાને કષ્ટ પડે, પણ ભક્તોનાં મન સાચવવાનું, એમનો સત્સંગ જાળવવાનું, પોતે કદી ચૂકતા નહિ. હરિભક્તો પોતે રાજીખુશીથી એમને આરામ આપે અને દર્શન, કથા કે પધરામણીના અંગત લાભનો વિચાર ન કરે, તો સ્વામીશ્રી પોતાનું સ્વાસ્થ્ય સાચવે પણ ખરા. જ્યારે મોટા ગૃહસ્થ ભક્તો પોતાનો અંગત લાભ કે હક્ક જતો કરી શકે નહિ, ત્યારે મોટાપુરુષને વધુ સોસાવું પડે.

## મફત હસાતું નથી !

પારાયણ દરમ્યાન સ્વામીશ્રી અહીંના નારાયણભાઈ શેઠને ત્યાં બિરાજતા હતા. રાત્રે એક ફોટોગ્રાફર પોતાની સામગ્રીથી સજ્જ થઈ, સ્વામીશ્રીના ફોટા પાડવા આવેલા. પહેલાં તો સ્વામીશ્રીએ આનાકાની કરી. પછી શેઠના આગ્રહથી ફોટા પાડવા દેવાની સંમતિ આપી.

અમે વિનંતી કરી : 'બાપા ! જરા હસોને...' અને સ્વામીશ્રી હસી પડ્યા, પણ તુરત બોલ્યા : 'મફત હસાતું નથી...'

ફોટો પડી ગયો હતો. બધા રાજી થયા. પણ પછીથી સૌને સ્વામીશ્રીના શબ્દોનો ખ્યાલ આવ્યો કે ખરેખર આ પુરુષ અને આ હસતી મૂર્તિનાં દર્શનની કિંમત કંઈ સામાન્ય નથી. કેવળ કરુણાપૂર્વક ભક્તોને રાજી કરવા માટે જ સ્વામીશ્રીનો અનુગ્રહ હતો !

રાજકોટથી સ્વામીશ્રી ગોંડલ પધાર્યા.

## હજુ કોઈ ચેલો જ નથી થયો

સ્વામીશ્રી સામાન્યતઃ દરેકને 'ગુરુ' કહીને સંબોધતા. એક દિવસ મુંબઈના પિનાકીન બ્રહ્મભટ્ટે પૂછ્યું : 'બાપા ! તમે તો અમારા ગુરુ છો, તમે અમને કેમ 'ગુરુ' કહો છો ?'

ખડખડાટ હસતાં સ્વામીશ્રીએ જવાબ આપ્યો : 'હજુ કોઈ સેલો (ચેલો) જ નથી થ્યો ! બધાય ગુરુ જ છે !'

આ સચોટ વાક્ય પ્રગટ સ્વરૂપના પ્રત્યેક ઉપાસકને અંતર્દષ્ટિ કરાવે તેવું છે. આપણે ખરેખર એમના શિષ્ય થયા છીએ ?

સ્વામીશ્રીના આ વાક્યમાં આવો જ કોઈ ગૂઢ મર્મ છે.

## નદીયું ગઈ ?

અહીંથી અમદાવાદ ત્રણ દિવસ સૌને દર્શનનો લાભ આપી, તા. ૨૦-૬-'૬૧, સ્વામીશ્રી મુંબઈ આવવા નીકળ્યા.

ટ્રેનમાં નડિયાદના રમણભાઈ પંડ્યા સ્વામીશ્રી સાથે થઈ ગયા હતા. ટ્રેન એક પછી એક સ્ટેશનો વટાવતી જતી હતી. મહેમદાવાદ સ્ટેશન પસાર થતાં જ સ્વામીશ્રીએ રમણભાઈને પૂછ્યું : 'રમણભાઈ ! હવે નદીયું ગઈ ?'

'હા બાપા ! નદીયું ગઈ.' રમણભાઈએ કહ્યું : 'હવે આગળ મહીસાગર આવશે, પણ હજુ ઘણી વાર છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તો હવે લઘુ કરી લઈએ. હવે વાંધો નહિ.' એમ કહી, સેવકને સાથે લઈ બાથરૂમમાં ગયા.

રમણભાઈ અને ઈશ્વરભાઈ ટી.ટી. તો વિચારમાં પડી ગયા કે શિક્ષાપત્રીના વચન પ્રમાણે 'નદી, તળાવના આરે મળમૂત્ર કરવું નહીં,' એ આજ્ઞા સ્વામીશ્રીના જીવનમાં કેવી અદ્‌ભુત રીતે ચરિતાર્થ થાય છે ! સૌને આવા પ્રસંગે તેમની આજ્ઞાપાલનની સૂક્ષ્મ ચીવટનું દર્શન થઈ જતું.

ટ્રેન વલસાડ સ્ટેશને ઊભી રહી. અહીં ધારાસણાના છગનભાઈ પટેલ ઘણા ભક્તો સાથે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેમને ઇચ્છા કે સ્વામીશ્રીના હસ્તે વર્તમાન ધરાવી કંઠી બંધાવવી. તે સંકલ્પ સ્ટેશને જ પૂરો થયો. અને તેમણે સ્વામીશ્રીના હસ્તે કંઠી ધારી.

સ્વામીશ્રી તેમને ક્યારેક મીઠું લાવવાની કે એવી નાની વસ્તુ મગાવીને પણ સેવા આપતા.

એક વાર તેમની ભેંસ વિયાઈ, ત્યારે સ્વામીશ્રીને તેના દૂધની વાનગી જમાડવાનો અને ઘી આપવાનો તેમણે સંકલ્પ કર્યો. તે સંકલ્પ સ્વામીશ્રીએ અંતર્યામીપણે જ જાણીને તેમને પત્ર લખ્યો : 'ઠાકોરજી માટે બાસુંદી બનાવીને લાવશો અને પાંચ શેર ચોખ્ખું ઘી પણ લાવશો.'

તેમના આશ્ચર્ય વચ્ચે ઘી પૂરા પાંચ શેર જ હતું ! તેઓએ તે સ્વામીશ્રીને અર્પણ કર્યું, ત્યારે સ્વામીશ્રી ઘણા રાજી થયા. નાના ભક્તનાં આવાં ભક્તિસભર અરમાનો સ્વામીશ્રી નરસિંહ મહેતાની હૂંડી પૂરી કરે તેમ પૂરાં કરતા.

❀ ❀ ❀

# સ્વાસ્થ્યની પ્રથમ વાર ચિંતા



સ્વામીશ્રી મુંબઈ પધાર્યા. સૌએ ઉમળકાભેર સ્વામીશ્રીના આગમનને વધાવી લીધું.

જો કે ગઢપુરમાં આફ્રિકા તથા દેશના સૌ મોટેરા ભક્તોએ ભેગા મળીને સર્વાનુમતે ઠરાવ પસાર કરેલો કે 'સ્વામીશ્રી આપણી અમૂલ્ય સંપત્તિ છે, આપણા જીવનપ્રાણ છે. એમના સ્વાસ્થ્યને આપણે સંપૂર્ણપણે લક્ષ્યમાં રાખી, એમનું વિચરણ મર્યાદિત કરી, પધરામણીઓ બંધ કરાવવી જોઈએ. એમની હાજરીની જેમ જ એમના આશીર્વાદથી પણ એટલું જ કાર્ય સંપાદન થવાનું છે. તે હવે સૌએ સમજી લેવું જોઈએ. માટે સ્વામીશ્રીની પધરામણીઓ માટે હઠાગ્રહ સેવવો નહિ.' આ ઠરાવ સત્સંગ-સમાજે વધાવી લીધો હતો.

આજ દિન સુધી સ્વામીશ્રીનાં અતિશય દયાળુ પ્રકૃતિ અને વાત્સલ્યનો નાના-મોટા ઘણા ભક્તો ગેરલાભ ઉઠાવતા. જો કે નાના ભક્તો તો દૂરથી લાભ લેતા, પણ મોટા અને જૂના ભક્તો પોતાનો હક્ક સમજી, સ્વામીશ્રીનો અંગત રીતે વધારે લાભ ઉઠાવવાનો પ્રયત્ન હંમેશાં કરતા રહેતા. પોતાના ઘરે વાસ્તુ પ્રસંગ હોય કે વિવાહ; મકાનનું ખાત હોય કે ગંગાપૂજન; બાબાની બાબરી ઉતારવાની હોય કે પછી ઘરમાં કોઈ સભ્યનો જન્મ દિવસ; નાના-મોટા વ્યાવહારિક પ્રસંગોએ સ્વામીશ્રીને તેડાવવાનો તેઓ આગ્રહ સેવતા. સ્વામીશ્રીને પોતાની આગવી મૂડી સમજી વ્યાવહારિક લાભો માટે એમનો ઉપયોગ કરતા. દરેક વાત સ્વામીશ્રીને જ સીધી જણાવતા, તેથી સ્વામીશ્રી ના પાડી શકે નહિ. પ્રમુખસ્વામી કે બીજા કાર્યકર સંતો-હરિભક્તોની તેઓ પરવા કરતા નહિ.

આ કારણે સખત તાપ, સખત ઠંડીમાં કે સખત વરસાદમાં પણ સ્વામીશ્રીનું વિચરણ સતત ચાલુ રહેતું. સેંકડોના હિસાબે પધરામણીઓ થતી. જમવાનો તથા આરામનો કોઈ સમય સચવાતો નહિ. સ્વામીશ્રી વર્ષોવર્ષ અક્ષર

મંદિર, ગોંડલમાં ધામધૂમથી ચોપડા-પૂજન કરતા. તે છતાં સાંજે એમને રાજકોટના ભક્તોને રાજી રાખવા ચોપડા-પૂજન કરવા રાજકોટ જવું જ પડતું અને મોડી રાત્રે બાર કે એક વાગે ગોંડલ પધારતા. કલાકો સુધી નિરર્થક ખાનગી મુલાકાતમાં ભક્તો એમનો સમય બગાડતા. આવા તો અનેક પ્રતિકૂળ આડ-કાર્યક્રમો ભક્તો પોતાની રીતે ગોઠવી દેતા; જેમાં સ્વામીશ્રીની અગવડોનો કોઈ વિચાર કરતા નહિ. નિર્જળા ઉપવાસ હોય તોપણ અમદાવાદમાં હંમેશાં આખો દિવસ પધરામણીઓ ચાલતી. સ્વામીશ્રીની વૃદ્ધાવસ્થા કે ઉપવાસનો કોઈ વિચાર કરતા નહિ. સ્વામીશ્રીની સદા પ્રસન્ન મુદ્રા જોઈ ભક્તો ભૂલા પડતા અને એમને ભીડો આપવામાં વિવેક ચૂકી જતા. કેટલાક એવો પણ બચાવ કરતા કે 'સ્વામીશ્રી તો બ્રહ્મસ્વરૂપ છે, એમને કોઈ કષ્ટ પડે જ નહિ. તેઓ તો આપણને લાભ આપવા જ આવ્યા છે.' આવું સમાધાન મેળવી તેઓ પોતાના ઐહિક લાભ આગળ સ્વામીશ્રીનું કષ્ટ જોતાં નહિ.

સ્વામીશ્રીએ ગઢપુર મહોત્સવ પહેલાં એકાએક માંદગી ગ્રહણ કરી. અને જ્યારે સત્સંગ-સમાજે જાણ્યું કે છેલ્લા ચાર માસથી સ્વામીશ્રીને હરસમાંથી સતત લોહી પડે છે અને તેથી દિવસે દિવસે અશક્તિ આવતી જાય છે, ત્યારે જ સૌની આંખ ઊઘડી અને સંપ્રદાયમાં પ્રથમ વાર સૌ સ્વામીશ્રીના સ્વાસ્થ્ય માટે જાગ્રત થયા. નહિ તો આજ દિન સુધી ભક્તોએ સ્વામીશ્રીને ભીડો આપવામાં બહુ વિચાર નહોતો કર્યો. સત્સંગ-સમાજે કરેલા ઠરાવથી જેમને ખરેખર સ્વામીશ્રીમાં આત્મબુદ્ધિ અને પ્રીતિ હતી તેવા ભક્તો તો સંપૂર્ણ શિસ્ત જાળવવા લાગ્યા. બાકીના વિશાળ સમુદાયમાં ધીરે ધીરે શિસ્ત પ્રસરવા લાગી.

શિસ્ત-પાલનમાં મુંબઈના ભક્તો મોખરે હતા. મુંબઈમાં સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સાચવવા કડક બંદોબસ્ત રાખ્યો. શરૂઆતમાં એમને સંપૂર્ણ આરામ મળે એ દૃષ્ટિએ દર્શન, કથા અને ખાનગી મુલાકાતો ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો હતો. તેથી હરિભક્તોને સ્વામીશ્રીનાં દર્શને જતા રોકવામાં આવતા.

સ્વામીશ્રીને આની જાણ થતાં કહે : 'આવવા દો ને ! મારે તેમનાં દર્શન કરવાં છે. દર્શન દેવાં નથી.' પછી એકદમ બોલ્યા : 'દર્શન તો શાસ્ત્રીજી મહારાજ આપતા. ટાઢું થઈ જાય.'

'આપ અને શાસ્ત્રીજી મહારાજ એક જ છો ને !' એક હરિભક્તે કહ્યું.

ત્યારે સ્વામીશ્રીએ દાસભાવે કહ્યું : 'તોય દર્શન તો સ્વામી દે. આપણે તો સેવક.'

## આનંદમય બ્રહ્મની કરુણા

એક રાત્રે સ્વામીશ્રીએ આંગળીનો ઇશારો કરી, બાળકની જેમ હેત કરતાં કિશોરભાઈ દવેને બોલાવતાં કહ્યું : 'કિશોરભાઈ ! અહીં આવો ને, ગમ્મત કરીએ.'

કેવી દયા ! સાચા સત્પુરુષ વગર જીવ ઉપર આવી અકારણ કરુણા કોણ કરી શકે ? આ જ શું આનંદમય બ્રહ્મ હશે ?

સ્વામીશ્રી સૂતાં પહેલાં દવા લઈ રહ્યા હતા. કંઈક વ્યાવહારિક પ્રશ્ન નીકળ્યો એટલે સેવકે સાશ્ચર્ય સ્વામીશ્રીને પૂછ્યું : 'આપ બધું જાણો છો ?'

'શું કંઈ અમે ઢોર ચાર્યાં છે !' સ્વામીશ્રીએ રમૂજમાં કહ્યું.

સૌ ખડખડાટ હસી પડ્યા.

ગરમીનાં તાપોલિયાં સ્વામીશ્રીના હાથે નીકળ્યાં હતાં. તે જોઈ સેવકે કહ્યું : 'બાપા ! આ બધી શું લીલા કરો છો ?'

સ્વામીશ્રીએ પણ સામે હસતાં હસતાં કહ્યું : 'આ લીલા જોવા જેવી છે.'

દાક્તરી તપાસો શરૂ થઈ. શરૂમાં ડૉ. ડીસા તથા ડૉ. પરીખ વગેરે મુંબઈના નિષ્ણાત ડૉક્ટરોને બતાવી જોયું. દરેકના અભિપ્રાય જુદા જુદા મળતા હતા. કોઈ કહે : 'જૂની પ્રોસ્ટેટની તકલીફ છે. તેનું ઑપરેશન તુરત કરાવી લેવું.' તો કોઈ કહે : 'ઉંમરને કારણે હવે ઑપરેશન કરવું યોગ્ય નથી.'

હરસની તકલીફ બંધ કરવા પણ જુદા અભિપ્રાયો હતા. છેવટે રાષ્ટ્રપતિની સારવાર કરતા ભારતના પ્રખ્યાત ડૉ. બાલિગાની એપોઇન્ટમેન્ટ લીધી.

તા. ૨-૭-'૬૧, તેમને બતાવ્યું. તેમણે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો કે 'પ્રોસ્ટેટ એન્લાર્જ્ડ નથી. હરસની તકલીફ માટે ઇંજેક્શનથી બેસી જશે.'

આ નિદાનથી સૌને શાંતિ થઈ.

## દેહની સંભાળ નહિ રાખવામાં મજા

ઉતારે આવ્યા ત્યારે ગુણવંત દાણીએ પૂછ્યું : 'બાપા ! દરદ બહુ ભારે છે, બહુ દુ:ખ પડતું હશે.'

'આત્માને શું દુ:ખ છે ?' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'દેહનાં દુ:ખ દેહને ભારે. શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી દુ:ખ મનાતું જ નથી.'

ત્યારે ડૉક્ટરોએ સ્વામીશ્રીને વિનંતી કરી : 'બાપા ! હવે દેહની સંભાળ રાખવી.'

તરત જ સ્વામીશ્રી બોલવા લાગ્યા : 'એ બધું ફાવે નહીં. એવું બધું આપણે પહેલેથી કરેલું નહીં, એટલે નો ફાવે. દેહની સંભાળ નહીં રાખવામાં મજા. મૂર્તિનું સુખ આવે. દેહની સંભાળ મહારાજ રાખે જ છે ને !' એમ કહી આંખો મીંચી દીધી અને પડખું ફરી ગયા.

સ્વામીશ્રીના શબ્દોમાં એમની આત્મસ્થિતિનું દર્શન હતું.

## મોટામાં મોટી સેવા !

સ્વામીશ્રીને સ્નાન કરાવતાં કોઈ કહે : 'શાસ્ત્રીજી મહારાજને પણ એક વાર ઑપરેશન કરાવવું પડ્યું હતું.'

'ઈ તો સાક્ષાત્ ધામના પુરુષ ! તે એમને વાંધો ન આવે. એમની દૃષ્ટિથી આપણું ચાલે છે.' શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે કૃતજ્ઞતાના અપૂર્વ-ભાવથી સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા.

રાત્રે સભામાં આફ્રિકાના હરમાનભાઈએ સ્વામીશ્રી જલદી સાજા થઈ જાય તેવી પ્રાર્થના કરી. ત્યારે એક મોટેરા હરિભક્ત કહે : 'હું હરમાનભાઈની વાતને ટેકો આપું છું.'

તે સાંભળી સ્વામીશ્રી તરત બોલ્યા : 'ટેકો આપવો છે, પણ દીકરો નથી આપવો !'

સૌ એકદમ હસી પડ્યા. કોઈ મા-બાપ રાજીખુશીથી સ્વામીશ્રીને પોતાનો દીકરો સેવામાં અર્પણ કરે એ સ્વામીશ્રીને મન મોટામાં મોટી સેવા !

ડૉ. ઈન્દ્રવદન મહેતા એક બપોરે દર્શને આવ્યા હતા, ત્યારે સ્વામીશ્રી તેમને કહે : 'તમારે રોજ દર્શન દેવા આવવું.'

'તેમને પરીક્ષા છે.' સ્વયંપ્રકાશ સ્વામીએ કહ્યું.

'એ તો અમારા આશીર્વાદથી પાસ થઈ જશે. વાંચવાથી કાંઈ પાસ થવાના નથી. માટે આવવું.' સ્વામીશ્રીએ નિશ્ચલતાથી કહ્યું.

કારણ, પુરુષાર્થનું ફળ આપનારા જે પુરુષ છે, તેમનાં વચને પુરુષાર્થ વગર પણ ઉત્તમ ફળની પ્રાપ્તિ થઈ શકે છે. અને એમનાં વચન એ જ પુરુષાર્થ બને છે. એ સૂર સ્વામીશ્રીના શબ્દોમાં હતો. ફક્ત એમનાં વચનમાં વિશ્વાસ જોઈએ.

સ્વામીશ્રી ઉકાળો લઈ રહ્યા હતા. નાસ્તામાં હાંડવો હતો. સેવકે આગ્રહ કર્યો. સ્વામીશ્રી હસવા લાગ્યા.

'આપે તો બનાવ્યું હશે.' સેવકે કહ્યું.

સ્વામીશ્રી હા પાડતાં કહે : 'અમે તો બહુ રસોઈ કરતા. સારંગપુરમાં ત્રણ ત્રણ મણની રોટલી કરતા. ૧૧ વાગ્યામાં કરી નાખીએ ! સવારે ૪ વાગે ઊઠતા...'

'ક્યારે ?' સેવકે પૂછ્યું.

'મિષ્ટાન્ન બધા કરતા... ચાસણીવાળું ઓછું ફાવે. મોતૈયા, બુંદીના લાડુ બહુ ફાવે...'

'માલપૂડા...?'

'એ તો બહુ ફાવે. એક વાર ડભોઉમાં છત્રીસ શેરના માલપૂડા કર્યા હતા...'

'જલેબી, સાટા...?'

'એ બહુ ન ફાવે.'

'પૂરણપોળી...?'

'એ તો બહુ આવડે. બાપુભા (અડવાળના) અમારી પાસે બનાવરાવતા. પાતળી કાગળ જેવી બનાવીએ. એવી તો ફર્સ્ટ ક્લાસ બનાવીએ, તમે તો બાર ખાઈ જાવ...'

પછી સંતોએ જૂના પ્રસંગો સંભાર્યા : ભાદરામાં સ્વામીશ્રીએ રોટલા કર્યા હતા; ખસતામાં જાદરિયું કર્યું હતું; પાનડીમાં શીરો કર્યો હતો; લિવિંગ્સ્ટનમાં પાપડ શેક્યો હતો... વગેરે.

સ્વામીશ્રી કહે : 'હા, કેવો સરસ શીરો બનાવ્યો હતો !'

ફરી સંતોએ પૂછ્યું : 'બાપા ! આપને શું ભાવે ?'

ખૂબ આગ્રહ પછી સ્વામીશ્રી ધીરે રહીને બોલ્યા : 'પૂરણપોળી.' પણ સૌને એટલું સમજાયું કે સ્વામીશ્રીને ભાવવા - ન ભાવવાનું કંઈ છે નહિ. શાસ્ત્રીજી મહારાજને પોતે ઘણી વાર સુંદર પૂરણપોળી બનાવી જમાડતા, એટલે કદાચ પોતાની ગુરુની રુચિમાં પોતાની રુચિ જણાવતાં સ્વામીશ્રી એમ બોલ્યા હશે.

## મુદ્દાનાં વચનામૃત, મુદ્દાનાં કીર્તન

મુંબઈથી સ્વામીશ્રીએ એક સુંદર પ્રેરણા પત્ર 'સ્વામિનારાયણ પ્રકાશ' દ્વારા સમગ્ર સત્સંગ-સમાજ પર લખ્યો. જેમાં સમજણની દૃઢતા કરાવતાં લખ્યું :

*મુંબઈ બંદર,*

*જેઠ વદ ૧૩, સોમવાર, તા. ૧૦-૭-'૬૧.*

*આશીર્વાદ પત્ર*

*'વચનામૃત છે. પ્રકરણનું ૧૧ સીતાજીના જેવી સમજણનું શીખવું. વગર*

*વાંકે આપણને વઢે, છતાં આપણે તેમનો ગુણ લેવો. માટે આપણે સૌ ભાઈઓએ વચનામૃત છેલ્લા પ્રકરણ ૧૧નું વાંચીને સિદ્ધ કરવું. તો આપણને સત્સંગમાં કોઈનો અવગુણ આવશે જ નહિ, ને સત્સંગ દિવ્ય લાગશે, ને પરમ શાંતિ રહેશે. માટે મુદ્દાનાં વચનામૃત લોયાનું ૧૭, કારિયાણી ૧, ગ.મ. ૫૯ તથા ગ.મ. ૨૮ આટલાં વચનામૃતો સિદ્ધ કરવાં. ને આપણે તો નમ્ર બનીને ભગવાનના ભક્ત થાવું તે જ મુદ્દો છે, તે જ કર્તવ્ય છે.*

*'મુક્તાનંદ સ્વામીનાં કીર્તન - તેમાં એક 'મોહનને ગમવાને ઈચ્છો માનની' કડી લખી છે જે, 'દાસી થઈને રહેજે તું દીનદયાળની' તે મુદ્દો છે. તો દાસના દાસ થાવું. ગ.પ્ર. ૧૪ ને ગ.મ. ૬૨, તેમાં દાસનાં લક્ષણ કહ્યાં છે; તે વાંચી વિચારવું. માટે સંતો તથા હરિભક્તો, મહારાજ તથા સ્વામીનું બળ રાખીને દાસત્વ-ભક્તિ સિદ્ધ કરવી. એ જ. રાજી રહેશો.'*

✧

ફોટાઓ અને યુરીન કલ્ચર વગેરેના રિપોર્ટ ઉપરથી પાછળથી એવું નક્કી થયું કે સ્વામીશ્રીને યુરીનરી બ્લેડર ઉપર સીસ્ટેટીસ (સોજો) છે. પ્રોસ્ટેટ ઑપરેશન ઉંમરને કારણે શક્ય નથી. હરસને માટે દર રવિવારે, અઠવાડિયે એક વાર સ્વામીશ્રીને ડૉ. બાલિગાને ત્યાં ઈંજેક્શન લેવા જવાનું નક્કી થયું.

રથયાત્રાનો ઉત્સવ સ્વામીશ્રીએ કાંદીવલીમાં શેઠ માણેકલાલભાઈના બંગલે સંતો સાથે ઊજવ્યો. સંતોએ ઠાકોરજી માટે સુંદર નાનો રથ બનાવ્યો હતો અને રથયાત્રાનું સુંદર દૃશ્ય ખડું કર્યું હતું. સ્વામીશ્રી ઘણા જ પ્રસન્ન થયા. ઉત્સવોમાં હરિકૃષ્ણ મહારાજને લાડ લડાવવા એ એમની પ્રિય ભક્તિ હતી. ભક્તને ભગવાનમાં હેત થાય એવી આ સહજ રીતિમાં સ્વામીશ્રી સૌને પ્રેરતા. ચાર દિવસ સ્વામીશ્રીએ કાંદીવલીમાં શેઠ માણેકલાલભાઈને બંગલે સૂર્યકુંજમાં સંતો સાથે રહી સૌને આનંદ કરાવ્યો.

આરામ માટે સરકારી વકીલ ચોકસી સાહેબે પોતાના કારમાઈકલ રોડ ઉપર આવેલા કમલ-મહાલમાં, પોતાનો વિશાળ આવાસ ખાલી કરી આપ્યો હતો. સ્વામીશ્રી પોતાનું ઘર પાવન કરે એવી તેમની ખાસ ઈચ્છાથી તા. ૧૪-૭-'૬૧થી સ્વામીશ્રી ત્યાં પધાર્યા હતા. સારવારમાં ડૉક્ટર એક હરસ-મસાને ઈંજેક્શન આપે ત્યાંથી લોહી પડતું બંધ થઈ જતું, પણ બીજામાંથી લોહી પડવું ચાલુ હોય. તેથી સારવાર શરૂ થયા પછી પણ અશક્તિ ચાલુ હતી. શરૂમાં તો બોલવાથી પણ થાક લાગતો, તેથી બહુ વાતચીત કરતા નહિ; પરંતુ કથાવાર્તામાં

રુચિ ઘણી એટલે સાંભળે ખરા, પણ બોલે નહિ. નહિ તો પોતે કથાવાર્તા કર્યા વગર રહી શકે નહિ, પણ અશક્તિને લીધે બોલતા નહિ.

અહીં જૂનાગઢના સદ્‌ગુરુ અને સ્વામીશ્રીના ગુરુભાઈ સ્વામી અક્ષર-પુરુષોત્તમદાસજીએ લખેલા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના હસ્તલિખિત જીવન પ્રસંગો રોજ વંચાતા. સ્વામીશ્રી અને સંતો તથા યુવકો સાંભળે અને હર્ષદભાઈ વાંચે.

## સેવા મૂકી તે માંદો પડ્યો

એક રાતે સ્નાન કરી સ્વામીશ્રી સેવક ગુણવંત દાણીને કહે : 'ગુણુ ભગત ! ટબ સાફ કરી નાહી લેવું. તમને તકલીફ પડતી હશે, પણ આવી સેવા ફરી નહિ મળે.' એમ સ્નેહપૂર્વક બોલ્યા.

વળી કહે : 'પહેલાં હું ક્યારેય માંદો પડતો નહીં. પણ બધા કહે : 'હવે તમે મોટા થયા. તમારાથી સેવા થાય નહીં.' સેવા મૂકી તે માંદો પડ્યો.' એમ કહેતાં હસી પડ્યા ને બોલ્યા : 'મોટા હેઠા પડ્યા !'

આ સાંભળી સૌ ખડખડાટ હસી પડ્યા. પોતાની માંદગીનું દુઃખ હતું, વળી, સંતો-ભક્તો પણ આ કારણે ગમગીન રહેતા, પણ સ્વામીશ્રી આ રીતે સૌને આનંદ કરાવતા અને એ દુઃખ વિસારે પાડી દેતા.

## સત્સંગના બાદશાહ

એક રાતે સ્વામીશ્રીને સ્નાન કરાવતા સેવકોએ સમાચાર આપ્યા કે 'આપની સારવાર કરતા ડૉ. બાલિગા દિલ્હી ગયા છે. આપણા દેશના રાષ્ટ્રપતિ માંદા પડ્યા છે. ઘણા બધા ડૉક્ટરો તેમની સારવારમાં છે.'

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'બધા મોટા માણસો માંદા પડે છે. રાજેન્દ્રપ્રસાદ હિંદુસ્તાનના બાદશાહ કહેવાય, એ માંદા પડ્યા. આપણે સત્સંગના બાદશાહ કહેવાઈએ, આપણે પણ માંદા પડ્યા.'

માર્મિક હાસ્ય સ્વામીશ્રીના મુખ ઉપર પ્રસરી ગયું. જાણે મહારાજ એમના મુખમાંથી બોલી ગયા ! નહિ તો આવા હરફ કોણ ઉચ્ચારી શકે ?

એક દિવસ રાષ્ટ્રપતિને સારું થાય તે માટે 'National Prayer Day' (રાષ્ટ્રીય પ્રાર્થના દિન) હતો. સવારે પ્રસંગ નીકળતાં સ્વામીશ્રી પાસે કોઈએ સહજપણે વાત કરી. સ્વામીશ્રી કહે : 'ચાલો, આપણે પણ ધૂન કરીએ.'

પછી રાષ્ટ્રપતિને જલદી સારું થાય તે માટે ધૂન કરી. તે વખતે બરાબર સવારના ૧૧-૦૦ વાગ્યાનો સમય હતો. ભક્તહૃદયના રાષ્ટ્રપતિને માટે સ્વામીશ્રી બહુ માન ધરાવતા હતા. ખરેખર ! જગતમાં જે કોઈપણ ભગવાનનું ભાવથી ભજન કરે છે, પવિત્ર રહે છે, તેને ભગવાન અને સંત અવશ્ય સંભારે છે, રક્ષણ આપે છે.

એક વાર વાતચીતના પ્રસંગમાં અમે સૌએ સ્વામીશ્રીને કહ્યું : 'શ્રીજી-મહારાજ યુરોપમાં પ્રગટ્યા હોત તો અત્યારે આખી દુનિયામાં સ્વામિનારાયણ ધર્મ પ્રસરી જાત.'

તરત જ સ્વામીશ્રીએ કહ્યું : 'મહારાજ ત્યાં ન પ્રગટે. માંસાહારી દેશ ખરો ને ! પણ હવે તમ દ્વારા બધે પ્રચાર થશે.'

## અમે શાસ્ત્રમાત્ર ભણ્યા છીએ

સ્વામીશ્રીની હાજરીમાં કેટલાક યુવકો કેટલું અને શું ભણ્યા તે વાત થતી હતી. સ્વામીશ્રી પણ રસ લઈ રહ્યા હતા. ત્યારે સ્વયંપ્રકાશ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'આપ શું ભણ્યા છો ?'

'અમે શાસ્ત્રમાત્ર ભણ્યા છીએ. પારંગત થયા છીએ !' સ્વામીશ્રી હસતાં હસતાં એકદમ ભાવપૂર્વક બોલ્યા.

આ શબ્દોમાં ઘણો મર્મ હતો. સાચે જ કહ્યું છે કે એવા સાચા ગુણાતીત સંત શ્રોત્રિય હોય છે, કહેતાં શાસ્ત્રમાત્રના અર્થને જાણનારા હોય છે.

વાતચીતના એક પ્રસંગમાં ઈશ્વરભાઈએ કહ્યું : 'એક મોટા આશ્રમમાં અમે ગયા'તા. ત્યાં જોયું તો રંગરાગ-મોજશોખ, ત્યાગ-વૈરાગ્ય કાંઈ ન મળે.'

એટલે તરત સ્વામીશ્રી બોલ્યા : 'આપણે એ કાંઈ જોવું નહિ. આપણને મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ મળી ગયા. આપણો ગોળ ચોળી ખાવો. બીજાનું જોવું નહિ. આપણે કરવાનું છે તે કરી લેવું.'

ઉત્સવપ્રિય સ્વામીશ્રી માંદગીમાં પણ ઉત્સવનો આનંદ સૌને લૂંટાવ્યા વગર રહી શક્યા નહિ. તેથી ગુરુપૂર્ણિમાનો ઉત્સવ, ગોવાળિયા ટેન્ક ઉપર આવેલા લક્ષ્મીનારાયણ મંદિરમાં, સમગ્ર મુંબઈ સત્સંગ મંડળ સાથે, ભારે ઉત્સાહથી ઊજવ્યો હતો. સંતોએ સંસ્કૃતમાં સ્વરચિત ગુરુ પ્રશસ્તિના શ્લોકોનું ગાન કર્યું અને પ્રવચનો પણ કર્યાં. કમલ મહાલમાં સ્વામીશ્રીએ તમામ સંતો તથા મુખ્ય હરિભક્તોને પ્રેમપૂર્વક જમાડ્યા. નાની જગ્યામાં ભીડો સૌને વધુ

પડે. તે પણ સ્વામીશ્રીને બહુ ગમતું. સૌને સંભારણું આપતા.

આ બાજુ સમગ્ર સત્સંગ-સમાજ સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય જલદી સારું થઈ જાય એ માટે ધૂન-પ્રાર્થના કરતો હતો. કેટલાક પ્રેમી ભક્તોએ જાતજાતની માનતાઓ રાખી હતી અને બાધાઓ પણ લીધી હતી. આમ, સૌનાં મન-પ્રાણ અત્યારે સ્વામીશ્રીમાં કેન્દ્રિત થઈ ગયાં હતાં. મુંબઈ આવી સ્વામીશ્રીનાં દર્શન કરવાની ઇચ્છા ઘણાને રહેતી, પણ આજ્ઞાને માન આપી સૌ પોતપોતાનાં સ્થાનમાં જ ધૂન-પ્રાર્થના કરતા.

ઈજેક્શનોનો કોર્સ ચાલુ હતો ત્યારે સ્વામીશ્રી વધારે અસ્વસ્થતા જણાવતા. ખાસ કરીને દર અઠવાડિયે રવિવારે ઈજેક્શન લેવા જાય ત્યારે બહુ જ કંટાળો દેખાડતા. દાક્તરી સારવારની રીતરસમ અને પ્રક્રિયા એમને ગમતી નહિ. મૂળમાં મર્યાદાના આગ્રહી પોતે ખૂબ સંકોચ અનુભવતા. ડૉક્ટર સિવાય કોઈને પાસે ઊભા રહેવા દેતા નહિ. મદદમાં પણ પુરુષ-નર્સની ખાસ વ્યવસ્થા કરાવી હતી.

ઈજેક્શન લઈને જ્યારે ઉતારે આવતા, ત્યારે એકદમ ઢીલા થઈ જતા. સાથે નારાજી પણ એટલી જ. કોઈ સાથે બોલે નહિ, ચાલે નહિ. કંઈક પૂછીએ તો જવાબ પણ આપે નહિ. સવારે ઇંજેક્શન લઈને આવે પછી બપોરે જમવાનું પૂછીએ તો ના જ પાડે. એ દિવસે કોણ જાણે કેમ પણ જમવાનું ટાળતા. બહુ આગ્રહ કરીએ તો સાંજે થોડો ઉકાળો લેતા. મર્યાદાના અત્યંત આગ્રહી સ્વામીશ્રી સંકોચને કારણે આવા પ્રસંગે ખૂબ અસુખ અનુભવતા અને જાણે પ્રાયશ્ચિત્તરૂપે પણ આવું કરતા હોય ! એ એમની સ્વાભાવિક પ્રકૃતિ હતી.

ચાર ઈજેક્શનનો કોર્સ પૂરો થઈ જતાં અને લોહી પડવાનું બંધ થતાં સ્વામીશ્રી ધીરે ધીરે શક્તિ અને સ્વાસ્થ્ય સંપાદન કરવા લાગ્યા. જો કે એની ગતિ ઘણી જ મંદ હતી. પણ પોતાના ગુલાબી સ્વભાવ પ્રમાણે બહાર તો પોતે આનંદ કરતા અને કરાવતા થઈ ગયા. સ્વામીશ્રીને અહીં ખૂબ જ ફાવી ગયું હતું. વાતાવરણ ખૂબ જ શાંત, જગ્યાની વિપુલતા, દરિયાની હવાની અવર-જવર, એકાંત સ્થળ, તેથી આરામ સંપૂર્ણ મળતો.

આ દરમ્યાન એક દિવસ મુંબઈના એક મોટા ડૉક્ટર જે.સી. પટેલ સ્વામીશ્રીની તબિયત જોવા આવ્યા હતા. સ્વામીશ્રી તેમને કહે : 'તમે અમારો રોગ મટાડો. અમે તમારો મટાડીએ.'

સ્વામીશ્રીનો આવો પરભાવ નિહાળી ડૉ. જે.સી. પટેલ તો દિંગ થઈ ગયા !

## સાધુતાની કવાયત

સંતો કાંદીવલીમાં રહેતા અને વારાફરતી રોજ કમલ મહાલમાં સ્વામીશ્રીનાં દર્શને આવતા. ખબર-અંતર પૂછી સ્વામીશ્રી સંતોને ખૂબ બળની વાતો કરતા. અભ્યાસ અને ધર્મ-નિયમની દૃઢતા કરાવતા. સ્વામીશ્રી કહેતા :

'સત્પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તે છે તે આત્મસત્તારૂપે વર્તે છે. મોળું મન નહિ. મોળી વાત નહિ. શિર સાટે વૈરાગ્ય રાખવો. પાંચ દિવસે ઉપવાસ કરવો. એકાદશી નકોરડી. મેળાવીને પત્તરમાં જમવું. શ્રદ્ધા રાખવી. કથા-કીર્તન-સેવામાં મોળી શ્રદ્ધા નહિ. શિર સાટે.

'બધાને ભણાવવા. સાડા અગિયારે સૂવું. પાંચ વાગે ઊઠી જવું. ભણવું ખૂબ. મૂંઝાવું નહિ. નાની ઉંમરમાં વિદ્યા સારી આવે. આશીર્વાદ છે. બધા સુખી થાવ. તમ દ્વારે દેશ ડોલાવવો છે.

'ગ.મ. ૬૩. બળ પામવાના ત્રણ ઉપાય. મરતી મરતી શ્રદ્ધા નહિ. અતિશય શ્રદ્ધા. બધા આગળ વધી જવાના. ઠરડાવું નહિ. મનધાર્યું ન કરવું. મોટાની આજ્ઞામાં વર્તવું. તેમાં હજારો ગુણો આવે. ત્યાગ પાર પાડવો. જ્ઞાન આપી આપીને સુખિયા કરી નાંખવા.

'અમારા ગુરુ એવી વાતો કરતા કે બ્રહ્મરૂપ કરી દે. મોટાપુરુષ સાથે જીવ જડી દેવો. ટૂક ટૂક થાય ત્યારે જીવ જડી દીધો કહેવાય. છાતી કાઢવી. કથા, કીર્તન તથા ભક્તિમાં આપણને જોઈને બીજાને બળ આવે. મોટેરા કહે તેમ કરવું.'

પછી જે સંતો નહોતા આવ્યા તેના ખબર પૂછ્યા. શું કરતા હશે ! ક્યારે જમવા બેસશે ? સૂવે ક્યારે ? એમ વિગત જાણી કહે : 'પીરસવું. એવો લાભ ક્યાંથી મળે ? અમે ૪૦ વર્ષ પીરસ્યું છે. પહેલાં ખાધું જ નથી. પાછળ દાળ જે વધ્યું હોય તે ખાઈ લઈએ. ને પછી રાત્રે જમીએ. પીરસવાનું પુણ્ય મોટું છે. આ લાભ લઈ લેવો. પછી નહિ મળે. કાંટો ચડી જાય.'

સાંજે દર્શને આવતા કેટલાક હરિભક્તોને પણ કથા પ્રસંગમાં સ્વામીશ્રી ક્યારેક સંબોધતાં :

'અભાગિયા કોણ ? પ્રગટ ભગવાન ને સંતને ન ઓળખે તે.'

'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરનો મહિમા જાણ્યા સિવાય પુરુષોત્તમ નારાયણનો મહિમા નહિ જ સમજાય. પૃથ્વીનો મહિમા ન જાણ્યો હોય તો જળનો ક્યાંથી સમજાય ? તેમ જળનો ન જાણ્યો હોય તો તેજનો ક્યાંથી

સમજાય ? તેમ વાયુ, આકાશ, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ ને અક્ષરનો મહિમા સમજ્યા પછી પુરુષોત્તમનો મહિમા સમજાય.'

એક દિવસ ગ.પ્ર. ૫૮ વચનામૃત સમજાવતાં કહ્યું : 'ગુલામ શું ? વેચ્યો વેચાય. શેઠ લોકો ગુલામ વેચાતો રાખતા. તે ક્યાંય રસ્તે જતાં કાદવ આવે તો ગુલામ સૂઈ જાય ને શેઠ, જેમ પથ્થર મૂક્યો હોય ને ઉપરથી ચાલી જાય તેમ ગુલામના શરીર ઉપર ચાલે.'

✧

કાંદીવલીથી કમલ મહાલ ઘણું દૂર પડે. વાહનની બહુ સગવડ નહિ. એક જ વાહન હતું, તેમાં સંતોનાં મંડળો વારાફરતી દર્શને આવતાં. આગલે દિવસે સંતોને સ્વામીશ્રીએ બળની વાતો કરી હોય. વળી, બીજું મંડળ આવ્યું હોય તેમને જોઈને પણ એમનાથી વાતો કર્યા વગર રહી શકાય નહિ. એટલે અવશ્ય સંબોધે. આજ્ઞા, ઉપાસના અને પંચ વર્તમાન સંબંધી સંતોને સમજાવતાં સ્વામીશ્રી કહે :

'ઉપાસના શું ? મહારાજ સર્વકર્તા, સાકાર, સર્વોપરી ને પ્રગટ. અક્ષરધામમાં છે તેવા જ અહીં છે. રહેવાનું ધામ તે ગુણાતીત. એ બે જેમાં રહ્યા તે સંત મોક્ષનું દ્વાર. તેનું ગમતું કરવું. મનનું ગમતું કરીએ તો સુખ ન થાય.

'આજ્ઞા શું ? પંચ વર્તમાન.

'નિષ્કામ શું ? કોઈ જાતની પંચ વિષયની ઇચ્છા નહિ. આવે તે જમવું. *'હરિ ઇચ્છાએ હરે ફરે...'* પણ પોતાની ઇચ્છાએ કંઈ નહિ. મોટર મળે, હાલવું પડે, કોઈ જાતની ઇચ્છા પદાર્થની નહિ.

'નિર્લોભ એટલે અગિયાર લૂગડાંથી વધુ નહિ. વસ્તુ કોઠારી પાસેથી માગવી, પણ બારોબર હરિભક્ત પાસે ન મગાય. નહિ તો લોભ ગણાય.

'નિઃસ્વાદ શું ? ભેગું કરીને જમવું.

'નિઃસ્નેહ એટલે સગાં સાથે બોલવું-ચાલવું નહિ. સંબંધ જ નહિ.

'અને નિર્માનપણું કેને જાણવું ? નિર્દોષભાવ, સંપ-સુહૃદભાવ, અરસપરસ દિવ્યભાવ. એકબીજાનો મહિમા. ભૂલ થઈ હોય તો માફી માગે. દંડવત્ કરે. છોણિયાપણું નહિ. બાળકપણું નહિ. સભ્યતા જાળવવી. વિવેક શીખવો. સેવા કરવામાં તાણાતાણી થાય.

'અમે ગામડે ફરવા જઈએ તો ખડ કાઢી નાખીએ, ભંડાર ધોઈ નાખીએ. ગુરુ વાતો કરે. શિષ્યો સાફસૂફી કરે. દાળ-રોટલીની રસોઈ થાય. અમારા ગુરુ બહુ વિવેક શીખવાડતા. લાડુ એક લઈએ. બીજા પાછા આપીએ.

તે ગુણ બહુ આવે.

'આપણે આ રીતે વર્તીએ તો ગુણ લઈને જાય. તેનું કલ્યાણ થાય.

'સાચા ત્યાગીનું લક્ષણ શું ? પદાર્થ ત્યાગ્યા પછી વિષ્ટાની જેમ ફરી સકલ્પ ન થાય. *'સુરપુર નરપુર નાગપુર...'*

'ગૃહસ્થાશ્રમમાં સુખ છે જ નહિ. સુખ અહીં જ છે. મન સ્થિર કરીને જ બેસવું. મનને વશ કરવું. મોટાના આશીર્વાદથી, કૃપાથી તો લાખોનાં કલ્યાણ થાય.

'નાની ઉંમરમાં જે કાર્ય થાય, પછી ઘડપણમાં ન થાય. માટે મનને રોકવું. વાડામાંથી બહાર પડ્યે વાઘ બકરાને ખાઈ જાય. 'બ્રહ્મરૂપ છું, ગુણાતીત છું, શાસ્ત્રીજી મહારાજ (મારામાં) રહ્યા છે,' એમ માનવું. હરિભક્તોને વાતો કરવી.'

પછી કહે : 'શાસ્ત્રીજી મહારાજ કહેતા કે સંતનું વચન તે સૂત્ર કહેવાય.'

સંતોએ મુક્તાનંદ સ્વામીનું કીર્તન ગાયું, તેમાં આવ્યું : *'મને મુખથી દીધો તંબોલ...'* ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'તંબોલ શું ?' પછી ઉત્તર ન થયો. ત્યારે કહ્યું : 'મુખની પ્રસાદી.'

## ત્રણેય અવસ્થામાં સેવા, સેવા ને સેવા

તા. ૧-૮-'૬૧, વહેલી સવારે સ્વામીશ્રી ઊઠ્યા. સેવકોને કહ્યું : 'આજે રાત્રે અમને સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. સ્વામી રંગમંડપમાં બિરાજમાન હતા. આજુબાજુ સંતોની સભા ભરાઈને બેઠી હતી. એટલામાં એક ખૂણામાં સ્વામીએ (શાસ્ત્રીજી મહારાજે) કચરો જોયો. તે પોતે ઊઠીને ત્યાં ગયા અને સાવરણો લઈને કચરો વાળવા લાગ્યા. એટલામાં હું ત્યાં પહોંચ્યો અને કહ્યું : 'સ્વામી, દયાળુ ! આપ આ શું કરો છો ?' સ્વામી કહે : 'કચરો સાફ કરું છું.' મેં કહ્યું : 'સ્વામી ! આપને ન વળાય. લાવો, હું વાળું છું.' સ્વામી કહે : 'લો, વાળો.' એમ કહી સાવરણો આપ્યો. એટલામાં આંખ ઊઘડી ગઈ... આ દર્શન સવારના ચાર વાગે થયાં.'

અહો ! સ્વપ્નામાં પણ ગુરુ-શિષ્યને આવું સેવાનું તાન ! સ્વપ્નસૃષ્ટિ ન હોવા છતાં - ત્રણેય અવસ્થામાં સેવા, સેવા ને સેવા. દાસત્વભાવ સિવાય બીજી વાત નહિ. ગુણાતીત સંતની આ જ વિશિષ્ટતા છે.

આ દિવસોમાં ધીરેન્દ્રભાઈ વીંછી રોજ સાંજે ચાર થી છ સ્વામીશ્રીનાં દર્શન માટે આવતા. એક દિવસ સ્વામીશ્રી એક પગ લાંબો કરી બીજા પગે ગોઠણ વાળી એમની લાક્ષણિકતાથી પત્ર લખી રહ્યા હતા. ધીરેન્દ્રભાઈ પાસે

બેઠા અને એક પગ દબાવવા લાગ્યા.

થોડી વારે તેમને વિચાર આવ્યો કે 'શ્રીજીમહારાજે વચનામૃત લો. ૧૨માં કહ્યું છે કે 'અનંત કોટિ બ્રહ્માંડ અક્ષરના રૂંવાડે રૂંવાડે અણુની પેઠે ઊડતાં ફરે છે. તો આ બ્રહ્મસ્વરૂપ સંત યોગીજી મહારાજના રૂંવાડે પણ અનંત કોટિ બ્રહ્માંડ ઊડતાં હશે. જો મને દેખાડે તો બહુ આનંદ થાય.'

આ સંકલ્પ થયો ને સ્વામીશ્રીએ તેમની સામે જાયું. ચશ્માં નાકની ડાંડીએથી સરી ગયાં હતાં. તેથી માથું નમાવી ચશ્માંની ઉપરથી સ્વામીશ્રી જાણે કરુણાથી જોઈ રહ્યા. ધીરેન્દ્રભાઈને થયું : 'બાપા મારો સંકલ્પ જાણી ગયા લાગે છે. તેથી કદાચ બતાવે પણ ખરા !'

તેમણે ધ્યાનથી સ્વામીશ્રીના પગનાં રોમ જોવાનાં શરૂ કર્યાં. થોડી ક્ષણો પછી સ્વામીશ્રી એકાએક કહે : 'ગુરુ ! એમ નો દેખાય ! છાનામાના પગ દાબો !'

આ સાંભળી ધીરેન્દ્રભાઈને એટલું તો નક્કી થયું કે આ સંત ધારે તો બતાવી શકે.

જ્યારે પત્રલેખન કરતા ત્યારે જાડી પેનને કારણે સ્વામીશ્રીની આંગળીઓ શાહીવાળી થતી. તે ડાઘ કાઢવા સ્વામીશ્રી સાબુથી હાથ ધોતા. પછી ધૂળથી ધોતા અને કહેતા : 'સાબુથી હાથ ધોયા પછી ધૂળથી ધોવા જોઈએ. તો નિ'મ પાળ્યો કહેવાય !' એમ આજ્ઞાપાલનનો ખૂબ ખટકો રાખતા.

## અમૃત પીધું એટલે ઊંઘ કેવી ?

એક રાતે હર્ષદભાઈ ગુણાતીતાનંદ સ્વામીનું જીવન ચરિત્ર વાંચતા હતા. તે દરમ્યાન સ્વામીશ્રીની આંખો મળી ગઈ. પણ અડધા કલાકમાં તો જાગી ગયા ને કહે : 'રાતે ઊંઘ આવતી નથી.' એમ કહી બોલ્યા : 'અમૃત પીધું એટલે ઊંઘ કેવી ! હર્ષદભાઈ સ્વામીનું ચરિત્ર વાંચે છે. તે અમૃત જેવો આનંદ આવે છે !' એમ અદ્‌ભુત મહિમા કહી, પડખું ફરતાં ગુણવંત દાણી વગેરે સેવકોને કહે : 'હવે તમે આરામ કરો.'

મૂંગા બેસી રહેવું એમને ગમતું નહિ. તેથી કંઈ ને કંઈ બળપ્રેરક વાતો, જીવને સમાસ થાય એવી કરે જ. છેવટે ગમ્મત કરાવી પોતાની મૂર્તિનું સુખ આપે.

આજે સેવકોને કહે : 'હું ચૌદ વર્ષે સાધુ થયો. 'સાધુ કરો' 'સાધુ કરો' એમ કહેતો. બહુ ઈશક હતો.

'છ માસ છાણાં થાપ્યાં. છ માસ ઢોર ચાર્યાં. છ માસ દાતણ કાપ્યાં.

'એક વખત જમવાનું. રોટલી ન મળે. ૨૦૦ સાધુમાં પાંચ શેર લોટની રોટલી. સદ્‌ગુરુ તથા માંદાને મળે. બીજાને નહિ.'

## સુહૃદભાવ છે એટલો મહિમા કહેવાય

બપોરની કથામાં સેવક-સંતો તથા બે-ચાર હરિભક્તો હોય, પણ સ્વામીશ્રી વાતો કરે જ. સાંજે પણ જે કોઈ દર્શને આવ્યા હોય ત્યારે ઉપદેશ-પ્રવાહ વહાવે :

'ગ.પ્ર. ૬૨ - વચનામૃતમાં વાત આવી કે અંતઃકરણ કુતર્ક કરે તે શું ? 'ભગવાન હશે કે નહિ ?' ધ્યાન ધરે તો શંકા કરે કે 'વાતું કરતા નથી.' વાતું કરે તો 'ધ્યાન કરતા નથી.' એમ જાણે.'

પછી સ્વામીશ્રીએ પૂછ્યું કે 'ભગવાન સમર્થ છે, તો પછી આસુરી જીવ પાસે આવે તો સ્વભાવ ન ટાળે ?' પછી પોતે જ ઉત્તર કર્યો કે 'જીવ સોંપે તો ટાળે.'

પંચાળાનું ૧લું વચનામૃત સમજાવતાં કહે : 'મોટાપુરુષ વાત કરતા કે થોડા વ્યવહારવાળા પગભર વિષ્ટામાં બૂડ્યા છે. વધુ વ્યવહારવાળા ઢીંચણભર, ને મોટા શેઠિયા ને અમલદારો માથાભર વિષ્ટામાં બૂડ્યા છે. એમ અધિક અધિક સુખ એ અધિક અધિક વિષ્ટામાં જ બૂડ્યા છે. મોટા વૈભવ એટલે મોટાં દુઃખ. આવું ઠેઠ પ્રકૃતિપુરુષ સુધી છે. આમ સમજાય તો પછી ક્યાં માલ મનાય ? એમ સમજાય તો વૃત્તિ જોઇન્ટ થઈ જાય. ને સહેજે જ સારા વિષય ઊતરતા ને તેથી ઊતરતા થઈ જાય.'

'સંપૂર્ણ સુખ તો ભગવાનના સમીપમાં રહ્યું છે...' એ વાત ઉપર પ્રશ્ન નીકળ્યો કે 'અત્યારે સમીપમાં બેઠા છીએ પણ કેમ એવું સુખ નથી આવતું ?'

એનો જવાબ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'મહિમાની ખાધ છે. 'પુરુષોત્તમ સાક્ષાત્‌ અક્ષરધામ સહિત મળ્યા છે,' એમ મહિમા સમજાય તો કેફ આવે. સત્પુરુષના સમાગમમાં આવવું-જવું, ભીડો વેઠવો - એ સમીપમાં બેસવું. એ બુદ્ધિશાળી.

'મહિમાની ખાધ છે એટલે આપણામાં સુહૃદભાવ નથી આવતો. સુહૃદ-ભાવ છે એટલો મહિમા કહેવાય. આ ગુણાતીત બાગ છે. બધા આપણા. પાંચ મારા ને પાંચ તારા એમ નહિ.'

'સ્વામી ! આ કઠણ છે !' એક હરિભક્તે કહ્યું.

'કાંઈ કઠણ નથી. વંટોળિયો કહે : 'વાયરો દીઠો ?' ત્યારે કહે : 'તું આંટી છોડ તો તું જ વાયરો છું.' તેમ આપણે આંટી છોડીએ તો કાંઈ કઠણ નથી.

ધર્મરાજાને પૂછ્યું : 'કોઈ પાપી દીઠા ?' ત્યારે કહે : 'કોઈ પાપી નથી.' દુર્યોધનને પૂછ્યું : 'કોઈ ધર્મવાળો જોયો ?' તો કહે : 'કોઈ ધર્મવાળો નથી.'

આગળ વાત કરી : 'માનનું ખંડન શું ? જેની સાથે આંટી હોય, તેવા ભક્તને જ દંડવત્ કરવાનું સંત કહે, તો ન થાય.'

વચનામૃત ગ.મ. ૭મું વંચાવતાં કહ્યું : 'સાધુતાના ગુણ શું ? ખમવાના, સહનશક્તિના, સમર્થ થકા જરણા કરવાના.

'મુક્તાનંદ સ્વામી સત્સંગના મોટેરા. તેમને કોણ મોટા સંત બતાવ્યા ? તે ગુણાતીત.

'અતિશય સેવા શું ? હદ ઉપરાંત સેવા. આજ્ઞામાં જેમ કહે તેમ ટૂક ટૂક. સંશય રહિત. વાસીદું વાળતો હોય ને સંસ્કૃત ભણવાનું કહે; ને ભણતો હોય, વિદ્વાન હોય ને વાસીદું વાળવાનું કહે.

'સેવા સંતની કરી ને દૃષ્ટિ પરમેશ્વરની પડે.

'પરમ કલ્યાણ જોઈતું હોય તો ગ.મ. ૫૯મું વચનામૃત સિદ્ધ કરવું. શાસ્ત્રમાત્રનો સાર.'

## શાસ્ત્રીજી મહારાજના જ મનનું ધાર્યું કર્યું છે

અશક્તિને કારણે સ્વામીશ્રી સવારે પણ લગભગ ૯-૦૦ વાગે આરામ કરતા. એક દિવસ પોતે ૧૦-૫૫ વાગે ઊઠ્યા ને સેવકોને વાત કરી :

'મને હમણાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. તે સ્વામી ગોંડળમાં આગળ ફળિયામાં છાયા જેવું હતું ત્યાં બિરાજમાન હતા. બપોરના ૪-૦૦ વાગ્યાનો ટાઈમ હતો. સ્વામી પત્ર લખતા હતા અને ખૂબ ઉત્સાહમાં હતા. બાજુમાં અક્ષરસ્વરૂપદાસ કોઠારી હતા અને બધી વસ્તુઓ - ગોળ, ધાણા, અબીલ, ગુલાલ આદિ વસ્તુઓ મંગાવતા હતા. એટલામાં મેં જઈને દંડવત્ કરવા માંડ્યા અને પૂછ્યું : 'સ્વામી ! આજે આટલા બધા ઉત્સાહમાં કેમ જણાવ છો ? ને આ શું આદર્યું છે ?' ત્યારે સ્વામીએ કહ્યું : 'કાલે ગુરુકુળના પાયા નાખવા છે અને બહુ મોટું કામ કરવું છે, તમે તમારા લાલજી લાવજો.' એટલું બોલ્યા ત્યાં સ્વામીના શરીરમાંથી પ્રકાશ પ્રકાશ નીકળવા લાગ્યો. ને રોમાંચિત ગાત્રો થઈ ગયાં. તે દર્શનનું સુખ બહુ આવ્યું... પણ આ છોકરે (ગુણવંતે) જગાડ્યો : 'નારિયેળનું પાણી પીશો ?' ત્યાં આંખ ઊઘડી ગઈ. બહુ સુખ આવ્યું !'

ત્યારે અમે સૌએ પૂછ્યું : 'બાપા ! આપને આવાં દર્શન થાય ને અમને

કેમ નથી થતાં ?'

એકદમ ભાવમાં આવી સ્વામીશ્રી બોલ્યા :

'શાસ્ત્રીજી મહારાજના જ મનનું ધાર્યું કર્યું છે, પણ આપણા મનનું ધાર્યું કર્યું નથી. તે સ્વામી અતિશય રાજી થયા છે, તે દર્શન દે છે. સ્વામી એટલું જ કહે : 'જોગી !' ત્યાં પ્રાણ પથરાઈ જાય.

'સ્વામી કહે : 'જોગી ! અમુક ગામડે જવું છે.' તે ખાવાનું પણ પડતું મૂકીને ગાડીએ ચડી બેસીએ. સ્વામી કહે : 'જોગી ! ટપાલ લખવી છે.' તો તરત જ હાજર. ટપાલ લખતો હોઉં તો પેન પણ આપી દઉં, જરાય ઓશિયાળા ન કરું. ને નિર્ગુણ સ્વામીની સેવામાં કોઈ ન રહે ને સ્વામી મને રાખતા. તે સ્વામીના જેવો જ ભાવ લાવી, જરાપણ ફેર નહિ, સેવા કરતા. પૂજા પાથરી દઉં. ગરમાગરમ ફૂલકાં જમાડું. નિર્ગુણ સ્વામી શાક સુધારે ને હું રસોઈ કરું. ને આખા મુંબઈમાં ફરતા પણ બધે ચાલતાં ફરતા. કોઈ કહે : 'ગાડીમાં જઈએ.' પણ હું કોઈને ગાડી, ટ્રામ, બસ ન કરવા દઉં. તેમ નિર્ગુણ સ્વામીની પણ સેવા કરતો. નિર્ગુણ સ્વામીની તબિયત સાચવવી બહુ કઠણ. તે સ્વામી મને મોકલતા. સ્વામીને રાજી કર્યા તે અત્યારે સુખ આવે છે ને દર્શન દે છે.'

સ્વામીશ્રી એવા તો એકરૂપ થઈ વાતો કરતા હતા કે આપણને સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજ જ લાગે. ગુરુ-શિષ્યની ભક્તિ ને એકતાની આવી અદ્ભુત વાતો કરી સ્વામીશ્રીએ સૌ સેવકોનાં અંતઃચક્ષુઓ ખોલી નાખ્યાં. 'સેવક થવું તો આવા થવું !' એ સિદ્ધાંત સમજાવ્યો.

દવા હંમેશાં ગાળીને લાવવાનું કહેતા. બપોરે ૪-૦૦ વાગ્યા પછી પાણી ફરીથી ગાળી લેવું તથા હાથ ધોઈને જ પાણી લેવું, એમ વારંવાર સૂચના આપતા.

લઘુ કરવા બેઠા હોય ત્યારે સર્પદંશ થયેલી આંગળીના અગ્ર ભાગથી, નખ વડે પાટલા ઉપર ટક ટક... એમ અવાજ કરે. ને બોલે : 'મહારાજ પંડે પધાર્યા, સ્વામી પંડે પધાર્યા, મહારાજ પંડે પધાર્યા...' એમ બોલ્યા કરે. સર્પદંશ-વાળી આંગળીનો નખ વળી ગયેલો - બહાર પડતો - ઊપડતો હતો. તેથી અવાજ-રણકાર સ્પષ્ટ થતો.

## યુવાન જનકના 'જનક'

સ્વામીશ્રી બપોરે ઠાકોરજી જમાડીને વચનામૃત ઉપર થોડી વાત કરે. એ વખતે હરગોવિંદ માસ્તરના ભાણા જનકભાઈ દવે હંમેશાં કૉલેજમાંથી છૂટી

સ્વામીશ્રીનાં દર્શને આવતા. બે-પાંચ હરિભક્તો હોય, પણ સ્વામીશ્રી જે કેફથી વાતો કરતા તે સાંભળવાની યુવાન જનકભાઈને બહુ મજા પડતી.

સ્વામીશ્રી આરામ માટે જવા ઊઠે ત્યારે જનકભાઈને કહે : 'ગુરુ ! હવે જમી આવો.' સ્વામીશ્રીના સેવક નિર્ગુણ સ્વામી હંમેશાં જનકભાઈ માટે થાળી મૂકી રાખતા ને જનકભાઈ જમી લેતા.

એક દિવસ રોજના ક્રમ પ્રમાણે સ્વામીશ્રીએ કહ્યું : 'ગુરુ ! હવે જમીને આવો.'

તે જમવા ગયા, પણ નિર્ગુણ સ્વામી આજે થાળી રાખવી ભૂલી ગયા હતા. બીજું કાંઈ વધ્યું ન હતું, તેથી તેઓ તરત પાછા ફર્યા. સ્વામીશ્રી હજુ આરામમાં નહોતા ગયા. જનકભાઈને જોઈ કહે : 'કેમ, ન જમ્યા ?'

નિર્ગુણ સ્વામી કહે : 'બાપા ! આજે થાળી રાખતાં ભૂલી ગયો !'

'તમે નત ભૂલી જાવ છો !' સ્વામીશ્રીએ એકદમ કહ્યું.

'ના, બાપા !' જનકભાઈ કહે : 'આ તો પહેલી જ વાર થયું છે, મને રોજ જમાડે જ છે.'

સ્વામીશ્રી કહે : 'ચાલો નાસ્તો કરાવીએ.' એમ કહી સૂવા જવાને બદલે મગજના લાડુ અને મમરાનો નાસ્તો કરાવ્યો. આ નક્કર અને નિર્વ્યાજ પ્રેમ-ભાવનાને જનકભાઈ શેં ભૂલી શકે ? યોગમાં આવેલા જીવમાત્રની અનેક રીતે સંભાવના કરવાની ભાવના એમના હૈયેથી સહજ વહ્યા કરતી.

એમાં પણ હરગોવિંદ માસ્તરના ભાણા તરીકે સ્વામીશ્રી નાનકડા જનકભાઈનું બહુ રાખતા. કારણ, તેને ઘરેથી ઘણી ઉપાધિ હતી. માતૃપક્ષે દૃઢ સત્સંગ, પણ પિતાને સત્સંગનો ગુણ નહિ; તેથી તેમને સત્સંગમાં જતા રોકતા. જો જાય ને ખબર પડે, તો ધમકાવતા પણ ખરા. આ સંજોગોમાં સ્વામીશ્રી જનકભાઈનો બહુ પક્ષ રાખતા અને અપાર હેત વરસાવતા.

## સ્વામીમાં રહીને સેવા અંગીકાર કરશું

એક સવારે કથા શરૂ થતાં મંગળાચરણ થયું. તેના અનુસંધાનમાં સ્વામીશ્રી કહે : 'આહ્‌વાન શ્લોક બોલ્યા તેનો હેતુ શો ? મહારાજને કથામાં પધારવું પડે. પછી કથા શરૂ થાય.'

વચનામૃત ગ.મ. ૨૬ વંચાતું હતું. તે ઉપર બોલ્યા :

'મોક્ષ કરવો હોય તો વચનામૃત ગ.મ. ૨૬મું સિદ્ધ કરવું. આ વચનામૃત

શાસ્ત્રીજી મહારાજ બોચાસણમાં નવા સાધુ થઈને આવે તેને સમજાવતા.

'ભગવાન તથા ભક્તને ન ગમતું હોય તે ન જ કરવું. મનધાર્યું ન કરવું. મનધાર્યું થઈ જાતું હશે ત્યારે લખ્યું હશે. સ્વભાવ શું ? મનધાર્યું કરવાના. બીજા બધા સ્વભાવ ખરા, પણ મનધાર્યું કરવાનો સ્વભાવ મોટો છે.

'ભીડામાં રહેવું. તેમાં જ્ઞાન થાય. વૃદ્ધિ પમાય. દરિયા ઉપર જઈ એકલો ખાઈ-પી લે તે શું સમાસ થાય ? માટે ભીડામાં રહેવું.

'અભિપ્રાયમાં ભળવું. ગ્રામ્યવાર્તા ન કરવી. પેપર ન વાંચવાં. એંઠવાડ ન ઉથામવો. નવરા ન રહેવું. નવરો ઊંધું મારે.'

આ વચનામૃતમાં વાત આવી કે 'ભક્તિમાં આત્મજ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અંતરાય કરતાં હોય તો પાછા પાડવાં.' તે સમજાવતાં કહ્યું : 'આપણે કથાવાર્તા કરતા હોઈએ ને શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ આપણને કાંઈ બતાવે અથવા તે વખતે કોઈ કામ હોય તો કથાવાર્તા પછી કરવી, પણ રુચિમાં ભળી જવું.'

ગુણાતીતાનંદ સ્વામીના હસ્તલિખિત પ્રસંગો વંચાતા હતા. તેમાં શ્રીજી-મહારાજે વડતાલમાં મોટેરા સંતોને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા બહુ કહ્યો, તે પ્રસંગમાં મહારાજ બોલ્યા : 'અમે એમાં (સ્વામીમાં) રહીને સેવા અંગીકાર કરશું.'

આ શબ્દો સાંભળી વજુભાઈ શેઠે સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! હમણાં પણ એમ જ છે ને ?'

'હા, એમ જ છે. એ જ મુદ્દો છે !' સ્વામીશ્રીએ સમર્થન કર્યું.

વળી એક હરિભક્તે પૂછ્યું : 'કસોટીમાં ક્યાં સુધી રહેવું ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'કાયમ.'

## ગોળીઓનું ફરાળ

અહીં લાલભાઈ નામના એક મોટા ગુણભાવી સજ્જન સ્વામીશ્રી માટે Vitamins ગોળીઓ લાવ્યા હતા. એક પ્રકારની વિશિષ્ટ ગોળીઓ વિશે સમજાવતાં લાલભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'આ ગોળી દિવસમાં ૨૦ થી ૩૦ લેવી. પછી ખોરાકની જરૂર ન પડે.'

સ્વામીશ્રી એકાએક હસી પડ્યા અને કહે : 'ત્યારે તો (ગોળીઓનું) ફરાળ જ થયું, એમ કો'ને !'

તે અંગે વધુ સૂચના આપતાં લાલભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'સવારે તડકામાં ઊભા રહેવું.'

ફરીથી હસી પડતાં સ્વામીશ્રી કહે : 'એ...મ, તપ કરવું !'

આથી બીજા પણ સૌ હસી પડ્યા. પછી જે જે ડૉક્ટરો આવતા તેમને ગોળીઓ સ્વામીશ્રી ખાસ બતાવતા અને 'ફરાળ છે' કહી સૌને આનંદ કરાવતા.

## કોઈ કહેશે આ સંત બહુ સારા રે

મુંબઈના સુપ્રસિદ્ધ ડૉ. રુસ્તમ જાલ વકીલ સ્વામીશ્રીની તબિયત જોવા આવ્યા. ખૂબ જ વિનયી. જોડા ઉતારી, સ્વામીશ્રીની રજા લઈ, ઓરડામાં પ્રવેશ કર્યો. સ્વામીશ્રીને પગે લાગી, પલંગ નજીક ખુરશી ઉપર સ્વામીશ્રીની અદબ સાચવી બેઠા.

સ્વામીશ્રી તો તેમના હસમુખા મિલનસાર સ્વભાવથી અને નમ્રતાથી પ્રસન્ન થઈ ગયા હતા. તેઓ ભાવુક હતા. તેથી શરૂઆતમાં જ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહે : 'તમે મને દુવા આપો તો રાષ્ટ્રપતિ(રાજેન્દ્રપ્રસાદ)ને મારે હાથે સારું થાય. એટલું જ મારે જોઈએ છે.'

સ્વામીશ્રીએ તેમને રાજી થઈ આશીર્વાદ આપ્યા.

પછી સ્વામીશ્રીની તબિયત સારી રીતે જોઈ તેઓ ગંભીરતાથી પણ હસતાં હસતાં સ્વામીશ્રીને કહેવા લાગ્યા : 'તમે અમને ખૂબ મૂરખ બનાવો છો. તમે અમારી પરીક્ષા કરો છો. તમે જે રોગની ફરિયાદ કરો છો, મુશ્કેલીઓ બતાવો છો, તે પ્રમાણે ચિહ્નો (Symptoms) જણાતાં નથી.'

તેમની સામું જોઈ, પોતાની ગુલાબ જેવી બે કોમળ હથેળીઓ ચોળતાં સ્વામીશ્રી પણ હસવા લાગ્યા.

નિખાલસ હૃદયના આ પારસી ડૉક્ટરે મહિમાપૂર્વક સ્વામીશ્રી આગળ ખૂબ જ ગમ્મત કરી, સૌને આનંદ કરાવ્યો. જતાં જતાં સ્વામીશ્રીના આશીર્વાદ લેતાં તેઓ કહે : 'તમારાં ચરણોમાં પાંચ હજાર રૂપિયા મૂકીને અમારે તમારી સેવા કરવી જોઈએ.'

તેમના આવા નિર્દોષભાવથી સ્વામીશ્રી બહુ રાજી થયા.

તેઓ બહાર નીકળ્યા પછી કેટલાક હરિભક્તો એકાંતમાં તે ડૉક્ટરોને તેમની 'ફી' (Visit અને Consult-fee) આપવા લાગ્યા. ત્યારે તેઓ હસતાં હસતાં પણ અકળાઈને કહે : 'તમે મારું 'ઇન્સલ્ટ' (અપમાન) કરો છો. આવા મહાન પુરુષની 'ફી' મારાથી કેમ લેવાય ?'

આ વાત જાણી સ્વામીશ્રી તેમના ઉપર ઘણા જ રાજી થયા અને કહે :

'તેમને આટલો બધો મહિમા ક્યાંથી સમજાઈ ગયો !' એમ કહી વારંવાર તેમને યાદ કરતા. તે ડૉક્ટર પણ અવારનવાર સ્વામીશ્રીનાં ખબર પુછાવતા.

જાણે-અજાણે પણ સાચા સંતનો મહિમા જ્યારે જીવને સમજાઈ જાય છે, ત્યારે મોટાપુરુષની નિર્હેતુકી દયાનો એ પાત્ર બને છે અને એ જીવ ઉચ્ચ ગતિને પામે છે, તેનું પ્રત્યક્ષ ઉદાહરણ આજે સૌને જોવા મળ્યું.

## બીજે મોક્ષની હડતાલ મારી

એક સવારે કથામાં વચનામૃત ગ.અં. ૨ સમજાવતાં સ્વામીશ્રી કહે :

'મહારાજ ધારત તો બધાને સમાધિ કરાવી તેજ દેખાડત, પણ ન બતાવ્યું ને સમ ખાધા, કારણ કે જો બતાવે તો ગાંડા થઈ જાય. બહેકી જાય. મહારાજ કહે : 'અમને દેખાય છે. એટલે સમ ખાઈએ છીએ.'

'કલ્યાણ માન્યું હોય તો બીજે જવાય જ નહિ. બ્રહ્માનંદ સ્વામી હજારો રૂપિયા મળતા હતા, પણ ગયા નહિ. શું ? કલ્યાણ મહારાજ પાસે જ માન્યું હતું. શાસ્ત્રીજી મહારાજને ભગતજી મહારાજે કેટલો ભીડો આપ્યો, પણ રહ્યા.

'બીજે મોક્ષની હડતાલ મારી. દુકાન બંધ. શેર લોટ પણ ન મળે.

'પર્વતભાઈને સાત દિવસના ગઢડામાં ઉપવાસ થયા, છતાં અવગુણ ન લીધો. ને આપણે તો દાળ ન મળે કે મોડી આવે તો કહેશે જે, 'ગોંડલ નથી જવું.'

સંતોને કહે : 'શાસ્ત્રીજી મહારાજની સંસ્થા ચલાવવી છે. રેંજિયા-પેંજિયા થઈએ તો કુરાજી થાય. મંડો ભણવા. વિવેકાનંદે અમેરિકા ધ્રુજાવ્યો, તેમ આપણે અમેરિકા-લંડન કરવાનું છે. લાખો જીવનાં કલ્યાણ કરવાનાં છે. આખું બ્રહ્માંડ નિર્દોષ કરી નાંખો. શાસ્ત્રીજી મહારાજ જેવા મહાન ગુરુ ભેગા છે. બીજો સંકલ્પ કરશો તો કચવાઈ જશે. વર્તન ચોખ્ખું રાખવું પડે, તો જ ભાર પડે; નહિ તો શોભે નહિ.'

## નિર્દોષબુદ્ધિનું રણશિંગું !

કથામાં ગુણાતીતાનંદ સ્વામીના જીવન પ્રસંગો સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થતા અને પ્રસંગે પ્રસંગે હાથની તાળી (પહેલી આંગળી અને અંગૂઠો ભેગાં કરી) પાડતા જાય. ઉપદેશ-મુદ્રામાં હાથનું લટકું કરી, હલાવતા જાય અને આંખમાં હર્ષાશ્રુ ઊભરાતાં જાય. તેમાં પણ અક્ષરના મહિમાની વાતો આવે ત્યારે તો ખૂબ જ રાજી થઈ જાય અને બોલે : 'આવો સ્વાદ ક્યાંથી આવશે ?

સવાદના ટેહડા આવે છે...!'

સભામાં એક સંત નહોતા આવ્યા. તેમની તબિયત ઠીક ન હતી. ત્યારે સ્વામીશ્રી કહે : 'આ કથા એવી છે કે મારો રોગ અડધો મટી ગયો, પણ કોઈને વિશ્વાસ આવે નહિ. વૈદ્ય-ડૉક્ટરોને ગોતે. કથાવાર્તાથી નિર્વિષયી થવાય છે. મહારાજે કારિયાણી ૧૨ના વચનામૃતમાં પણ કહ્યું છે.'

ગુણાતીતાનંદ સ્વામીના પ્રસંગોમાં મહારાજે ભાદરામાં અક્ષરનો મહિમા કહ્યો તે વાત વંચાઈ. ત્યારે સ્વામીશ્રી કહે : 'અભાગિયા જીવ ઓળખી શકે નહિ. આખું શહેર કોરું રહી ગયું...'

સ્વામીશ્રી આ પ્રસંગો સાંભળી અત્યંત રાજી થતા. ત્યાં કંપાલાના ત્રિભોવનદાસભાઈ સામે બેઠા હતા. તેમને સંબોધીને સ્વામીશ્રી એકદમ બોલ્યા કે 'આપણે મંડી પડવું, ત્રિભોવનભાઈ ! ત્યાં રણશિંગુ આફ્રિકામાં વગાડજો હોં, નિર્દોષબુદ્ધિનું.'

એટલામાં વચનામૃત લોયા-૧૩ની વાત નીકળતાં સ્વામીશ્રી કહે : 'તે વખતે કોઈએ એમ ન પૂછ્યું કે 'અક્ષર કોણ ?' 'અક્ષરરૂપ કેમ થવાય ?' બીજા પ્રશ્નો પૂછ્યા પણ આ પ્રશ્ન ન પૂછ્યો; નહિ તો મહારાજે ઉત્તર કર્યો હોત !'

એક હરિભક્તે પૂછ્યું : 'મહારાજે કોઈને પ્રેરણા પણ ન કરી ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'મહારાજને પોતાની વાત પણ થતી ન હતી, તો પછી આ વાત ક્યાં કરે ?'

## પૂર્વના સંસ્કારે સંબંધ !

અહીં કમલ મહાલમાં હરિપ્રસાદ ચોકસી સાહેબનો ઘાટી (નોકર) દત્તુ કરીને એક દક્ષિણી છોકરો હતો. તેને સ્વામીશ્રી અવારનવાર બોલાવતા. તેને વર્તમાન ધરાવ્યાં, પૂજા આપી સ્વામીશ્રીએ પોતાની મીઠી વાણીમાં કહ્યું : 'તિલક તાણના, કલ્યાણ હો જાયેગા !' દત્તુએ પણ સ્વામીશ્રીની આજ્ઞા સહર્ષ વધાવી લીધી.

રસોડા પાસે ખૂણામા દત્તુને રહેવાની નાની ઓરડી હતી. બપોરે સ્વામીશ્રી રસોડામાં જમવા પધારે ત્યારે તેની ઓરડી આગળ જઈ બૂમ પાડતા. તેને બોલાવે : 'જિતુ... દત્તુ...' એમ જુદે જુદે નામે બોલાવે અને દત્તુ દોડતો આવીને સ્વામીશ્રીના પગમાં પડી જાય.

રાત્રે સભામાં પણ સ્વામીશ્રી તેને બોલાવતા. એકાદશીને દિવસે ઉપવાસ

પણ કરાવતા.

એથી સ્વયંપ્રકાશ સ્વામીએ પૂછ્યું : 'સ્વામી ! તમે દત્તુને કેમ બહુ યાદ કરો છો ? બોલાવો છો ?'

'પૂર્વના સંસ્કારી છે.' સ્વામીશ્રીએ સહજભાવે કહ્યું. ત્યારે જ સૌને સ્વામીશ્રીનું આ ચરિત્ર સમજાયું.

ખરેખર ! મોટાપુરુષ જીવને ઓળખીને જાગ્રત કરે છે. હેત કરે છે. આગળ વધારે છે. સાચા સત્પુરુષના સંબંધ વગર મોક્ષમાર્ગમાં જીવ કદી વધી શકતો નથી.

એકાદશીને દિવસે સંતો-હરિભક્તો સાથે સ્વામીશ્રી ભૂલેશ્વરમા સ્વામિનારાયણ મંદિરે દર્શને પધાર્યા હતા. મહારાજની મૂર્તિનાં દર્શન કરતાં સૌ પાસે પ્રાર્થના કરાવી કે સત્સંગમાં સૌને દિવ્યભાવની દૃઢતા વધતી જાય. સૌને મૂર્તિ સમક્ષ આશીર્વાદ આપ્યા. પ્રદક્ષિણા કરી ઉતારે પધાર્યા.

મુંબઈમાં બિરાજતા હોય ત્યારે સ્વામીશ્રી દર એકાદશીએ મોટા મંદિરે દર્શને જવાનો નિયમ ચૂકતા નહિ. મંદિરે શાંતિથી દર્શન કરે. પ્રાર્થના કરે. ધૂન કરે. પ્રદક્ષિણામાં સૌ સંતો-હરિભક્તોને મળે. ક્યારેક પોતે પણ પ્રદક્ષિણામાં સભા ભરે. ઉપર સભામંડપમાં જાય. ત્યાં ઠાકોરજી તથા પ્રસાદી-વસ્તુઓનાં દર્શન કરે. કોઠારમાં સંતોને મળે. આમ, સૌ જૂના સંતો તથા હરિભક્તોને સામેથી આદર આપે. કોઈને ગમે - ન ગમે, પણ પોતાનો વિવેક અને ભાવ ચૂકે નહિ. કારણ, મહારાજના સંબંધે સૌનોય મહિમા સમજવાનું પોતે સદા કહેતા અને તે પ્રમાણે સહજભાવે વર્તતા.

સ્વામીશ્રીની તબિયત સારી થતાં સાંજે કેટલાક ભક્તો વારાફરતી એમનાં દર્શને આવતા. બહારગામથી પણ કેટલાક મોટેરા ભક્તો વારાફરતી હવે દર્શને આવવા લાગ્યા હતા. દરેકની ઉતારા-જમવાની વ્યવસ્થા બીજે ગોઠવાતી, પણ કોઈ જૂના શાસ્ત્રીજી મહારાજના સંબંધવાળા ભક્તરાજ આવી પહોંચે તો સ્વામીશ્રી તેમને પોતાની સાથે જમાડતા. તે પણ તેમની પ્રકૃતિ ને તાસીર પ્રમાણે. કોઈ ડાયાબિટીસના દર્દી હોય તો ખાંડ-ગોળ વગરનું, તો કોઈને મીઠા વગરનું, તો કોઈને મોળું, એમ બધાની સગવડ સાચવી સેવા કરવાનું એમને બહુ ગમતું.

## ઉત્સવપ્રિયના સાંનિધ્યમાં

કમલ મહાલમાં પણ શ્રાવણ મહિનામાં ઠાકોરજીને હિંડોળામાં ઝુલાવવા સ્વામીશ્રીએ સંતોને આજ્ઞા કરી હતી. તેથી અમે રોજ જુદા જુદા હિંડોળા

બનાવીએ. ક્યારેક ફૂલના, પાનના, શાકભાજીના વગેરે. તે જોઈ બહુ રાજી થાય, અને સાંજે સભાહૉલમાં પધારે ત્યારે પહેલાં ઠાકોરજીને હિંડોળે ઝુલાવે અને આરતી ઉતારે. આમ, કમલ મહાલ એક મંદિર જ બની ગયું હતું, જ્યાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં નિત્ય ભજન, કીર્તન, સત્સંગ અને ઉત્સવો વિધિવત્ થતાં રહેતાં.

રમણિકભાઈ મહેતાના આગ્રહથી શ્રાવણ સુદ ૫, કૃષ્ણજી અદાની જયંતીનો ઉત્સવ, વાંદરામાં તેમના નિવાસની બાજુના 'પાંડુરંગ આશ્રમ હૉલ'માં ઉત્સાહપૂર્વક ઊજવ્યો. સમગ્ર સત્સંગ-સમાજે અહીં જ પ્રસાદ લીધો હતો. સ્વામીશ્રીએ હૉલના સ્ટેજ ઉપર બેસી, સૌને આગ્રહ કરી દૂધપાક પીરસાવ્યો. આમ, ભક્તોને લાડ લડાવવાની પોતાની સ્વાભાવિક રીત, પોતે પ્રસંગોપાત્ત દર્શાવી દેતા. સૌને જમાડી રાજી કરવાનું તો એમને કોઈ અજબ અંગ હતું કે એ તક ક્યારેય ચૂકતા નહિ. એમની દૈહિક પીડાઓ આપોઆપ દૂર થઈ જતી.

બપોરે ઉતારે આવી સ્વામીશ્રી આરામમાં પધારતાં બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજને સમૈયા બહુ ગમતા. અને રસોઈ પણ ભારે કરાવતા.' એમ કહેતાં મોં પહોળું કરીને કહે : 'દૂધપાક-માલપૂઆ...' પછી એકદમ હસી પડ્યા અને સેવકો પણ સ્વામીશ્રીનું આ નિરાળું સ્વરૂપ જોઈ આનંદમાં આવી ગયા.

એક સવારે, સભા પ્રસંગમાં વચનામૃત ગ.પ્ર. ૨૭ સમજાવતાં સ્વામીશ્રી કહે : 'નેત્રને પ્રકાશ કરવા સમર્થ થાય છે.' એટલે શું આંધળાને દેખતા કરે એમ ને ? ના, એવી દૃષ્ટિ કરે કે જીવ રૂપ જોવામાં આસક્ત હોય તે મટી જાય ને ભગવાન તરફ વળે.

'બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિશે ચાલવાની શક્તિને પોષણ કરે છે;' સર્વ જીવના એટલે - ભગવાનના સંબંધવાળા.'

વળી, સંતોને સંબોધીને બોલ્યા :

'અભ્યાસ કરજો. બધા તૈયાર થઈ જાય. અંદરોઅંદર સંપ, સુહૃદભાવ રાખવો. દીક્ષા લીધી, તે મરી જાવું પણ પાર પાડવી. દીક્ષા ભગવાનનું ઘર છે. આત્મબળ શીખવું; દેહબળ નહિ. 'દેહ હું નથી, અક્ષરબ્રહ્મ ગુણાતીત છું,' એવો ભાવ રાખવો. વખાણે - કુવખાણે, પણ દેહભાવ નહિ.

'મોજીદડમાં હરિભક્તોને જમાડવા ખેંચાખેંચ કરતા, પણ અહીં નથી કરતા. તે ધીરે ધીરે શીખવું. વિવેક શીખવો. ગમ્મત કરવી જોઈએ, નહિ તો ખાધું પચે નહિ.'

સ્વામીશ્રીની એક વિશેષતા એ હતી કે દરેક નાનામાં નાનું કાર્ય પાંચ જણને પૂછીને કરતા. અને હંમેશાં કહેતા કે 'કોઈપણ કાર્ય પાંચ જણને પૂછીને જ કરવું.' આમ, પોતે સર્વના ઉપરી હોવા છતાં, સૌને વ્યવહારની રીત શિખવાડતા.

ચાતુર્માસ ચાલતો હતો. એક પછી એક ઉત્સવો આવતા. સ્વામીશ્રી તિથિ પ્રમાણે ઉત્સવોનો ખ્યાલ બહુ રાખતા અને અગાઉથી એનું આયોજન સંતો-હરિભક્તોને બોલાવીને ગોઠવતા.

સાથે તિથિ-તારીખોનો પણ એટલો જ ખ્યાલ તેઓ રાખતા. જૂની રીત પ્રમાણે તિથિઓનો તો એમને વધુ ખ્યાલ રહેતો. એટલું જ નહિ, પણ લગભગ સંપ્રદાયના અનેક પ્રસંગો, જૂનાં-નવાં મંદિરના પાટોત્સવો, મોટા મોટા સંતો-ભક્તોની તિથિઓ, નાના-મોટા ઉત્સવોની તિથિઓ એમને જિહ્વાગ્રે રહેતી. વળી, આધુનિક કૅલેન્ડર અંગ્રેજી તારીખોનો પણ એટલો જ ખ્યાલ અને તે પણ વાર સાથે. રોજેરોજના પત્ર-વ્યવહારમાં ઘણા પત્રોની અંદર તિથિ, તારીખ, વાર અને સમય અચૂક લખતા. આમાં ઉતાવળ કરતા નહિ, કંટાળો લેશ નહિ, પછી ગમે તેટલા પત્રો લખવાના હોય ! આમ, પોતે કોઈ અચ્છા ઈતિહાસકાર હોય, એમ સમય-સાલની તવારીખોની વિગતો ખટકો રાખી સાચવતા.

જોતજોતામાં નારિયેળી પૂનમ આવી. સમુદ્ર-સ્નાનનો સ્વામીશ્રીને ભારે મહિમા. પૂછપરછ કરતાં જૂહુના દરિયા કિનારે વધુ અનુકૂળતા આવે એવું નક્કી થયું. દરિયા કિનારે આવેલો શેકસરિયા શેઠનો બંગલો ઉત્સવ માટે પસંદ કરાયો અને સ્વામીશ્રીએ સંમતિ આપી દીધી. હરિભક્તોના ઉત્સાહનો પાર ન રહ્યો. સૌએ સમુદ્ર-સ્નાન અને સાથે સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ માણ્યાં. રોજ તો સ્વામીશ્રીને ઉતારે જવાની બંધી હતી. તેથી વાર-તહેવારે મળતો આ લાભ હરિભક્તો માટે અમૂલ્ય બની જતો. સૌ દૂર દૂરથી આવી પહોંચતા. સ્વામીશ્રી પણ અઢળક ઢળતા. જાણે કોઈ બીમારી જ નથી તેવું સુખ આપતા. ત્યારે સૌને શંકા પડતી કે 'સ્વામીશ્રી તો આટલા બધા સ્વસ્થ છે ને ખુશખુશાલ છે. તો પછી કાર્યકર્તાઓ કેમ આટલો કડક બંદોબસ્ત રાખે છે અને રોજ દર્શનનો લાભ નથી લેવા દેતા ?' પણ ઉત્સવ પૂરો થયા બાદ ઉતારે આવી સ્વામીશ્રી એકદમ ઢીલા પડી જતા. થાક-અશક્તિ જણાવતા. ત્યારે સમજાતું કે હરિભક્તોને સુખ આપવા માટે જ યોગકળા ધારણ કરી પોતે સમૂહમાં વર્તતા હતા. સૌને રાજી કરવા સ્વભાવ-દુઃખને દાબી દેતા; જેથી સ્વામીશ્રીના સ્વાસ્થ્ય અંગે ભક્તોની ચિંતા હળવી થાય અને સૌ આનંદમાં રહે.

## વ્રત-ઉપવાસની પ્રબળ રુચિ

એક સાંજે સ્વામીશ્રીએ સૌ સેવકોને ભેગા કર્યા અને એકદમ ઉપદેશ આપવા લાગ્યા કે 'મોટાપુરુષ કહે એમ કરવું. અમે સ્વામીની આજ્ઞા પાળતા. મોટાપુરુષનુ વચન માનવુ...'

પહેલાં તો અમને સૌને કંઈ સમજાયું નહિ. પછી સ્વામીશ્રીએ ધીરે રહીને કહ્યું : 'મને એક વચન આપશો ?'

ભાવમાં આવી જતાં અમે સૌ બોલી ગયા : 'હા.'

'કાલે જન્માષ્ટમી છે, તે ઉપવાસ કરવો પડે. શાસ્ત્રીજી મહારાજ સૌને ઉપવાસ કરાવતા. કોઈને ફરાળ કરવા દેતા નહિ. કૃષ્ણ ભગવાનનો જન્મ દિવસ છે, તે ઊજવવો પડે.' સ્વામીશ્રીએ ખૂબ જ સાવધાનીથી પોતાની ઇચ્છા રજૂ કરી. રખે કોઈ વિરોધ કરે ! પણ સેવકો પાસેથી તો પહેલેથી જ વચન લઈ, તેમને બાંધી દીધા હતા. આ રીતે ઘણી વાર સ્વામીશ્રી વ્રત-ઉપવાસમાં પોતાની પ્રબળ રુચિ જણાવતા. આ પહેલાં પણ રામનવમી અને અષાઢી એકાદશી ઉપર તે પ્રમાણે પોતાની રુચિ બતાવેલી.

પછી રાત્રે હરિભક્તોએ ખૂબ જ આગ્રહ કર્યો એટલે એમનું વચન રાખ્યું અને અતિ અલ્પ ફળાહાર કરી ઉપવાસ કર્યો. આ માંદગી દરમ્યાન જ સ્વામીશ્રીએ ઉપવાસમાં ફળાહાર કર્યો હતો; પણ આ પહેલાં આજ દિન સુધી તો પોતે અચૂક નિર્જળા ઉપવાસ જ કરતા.

## મુંબઈને રંગવાની કળા

બીજે દિવસે રાત્રે સભા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'વજુભાઈ ! આપણે ધારીએ તો આખા મુંબઈને રંગી શકીએ; પણ એમાં ત્રણ મુદ્દા જોઈએ : સંપ, સુહૃદભાવ અને એકતા.' તેમાં સંપ ઉપર સમુદ્ર પાસે રત્નો મેળવવા ગયેલા ચાર ભાઈઓની વાત કરી. તથા રાજકુમાર અને કારભારીના પુત્રનું દૃષ્ટાંત આપી સુહૃદભાવનો મુદ્દો સમજાવ્યો.

ત્યારે વજુભાઈ મોદીએ પૂછ્યું : 'સત્સંગીનો સમૂહ વધારે હોય તેમાં કોઈને માટે એમ રહ્યા કરે કે આ યોગ્ય થતું નથી. આમાં સમાસ ન થાય...'

'જુઓ, એમાં એમ છે કે આપણા ઘરમાં કોઈની ભૂલ થઈ હોય, તો આપણે તેનો ફજેતો કરીએ છીએ કે ઘરમેળે પતાવીએ છીએ ? તેમ પ્રેમથી

એકાંતે કહેવું, પણ રીસથી ન કહેવું. બિલાડી પોતાના બચ્ચાને પકડે ને ઉંદરને પકડે તે બંનેમાં ફરક.' સ્વામીશ્રીએ ગંભીરતાથી કહ્યું.

આ સંબોધનમાં સ્વામીશ્રીએ પોતાનો હૃદ્‌ગત અભિપ્રાય જણાવ્યો. જો મોટાપુરુષની આ રુચિમાં નાના-મોટા સૌ એકમના થઈ ભળી જાય તો બ્રહ્માંડમાં ડંકો વાગે; પણ સૌએ અંતર્દષ્ટિ કરી, મોટાની રુચિમાં ભળવાનું રહે.

ત્યારપછી જાહેરમાં સૌને લાભ મળે એ રીતે, જન્માષ્ટમીનો ઉત્સવ તા. ૨-૯-'૬૧ના રોજ ઠાકોર દ્વાર ઉપર આવેલી 'હાલાઈ લોહાણા મહાજન વાડી'માં ધામધૂમથી ઊજવાયો. આબાલવૃદ્ધ ભક્તોથી વાડી ચિક્કાર ભરાઈ ગઈ હતી. બ્રહ્માનંદ સ્વામીના છંદ તથા નંદ સંતોનાં કીર્તનો ગાઈ યુવકો તથા સંતોએ સભાને રંજન કરી દીધી.

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'અભાવ-અવગુણરૂપી રસ્તો સદંતર બંધ કરાવો. 'રસ્તા બંધ' પાટિયું માર્યું હોય પછી ઈ રસ્તે જવાય જ નહિ.' એ મુદ્દા ઉપર ભાર મૂકી, સત્સંગમાં દિવ્યભાવ કેળવવા ભારપૂર્વક અનુરોધ કર્યો.

જન્મોત્સવની આરતી પ્રસંગે સ્વામીશ્રીના સાંનિધ્યમાં વાતાવરણ અતિ અલૌકિક બની ગયું. સાક્ષાત્ દિવ્યભાવનો અનુભવ સૌને થયો. રાત્રે ૧૧-૩૦ વાગે ઠાકોરજીની આરતી ઉતારી, પ્રસાદ લઈ સૌ વીખરાયા.

## બ્રહ્મ હમારી જાત

બીજે દિવસે સ્નાન કરાવતાં એક યુવકે કહ્યું : 'કાલે તો આપની જ્ઞાતિની વાડીમાં સભા થઈ.'

સ્વામીશ્રી જાણે કાંઈ સમજ્યા ન હોય તેમ કોઈ પ્રતિભાવ ન દેખાડ્યો. ત્યાં બીજો યુવક કહે : 'ધારીમાં પ્રગટ થઈ જગમાં ડંકો વગાડ્યો.'

આ સાંભળી સ્વામીશ્રી એકદમ ભાવમાં આવી ગયા. અને કહે : 'એ બધું – ગામ, નામ, ઠામ બધું બળી ગયું. બ્રહ્મ હમારી જાત.' એમ બે હાથ ફેલાવી ખુમારીથી બોલ્યા ને કહે : 'ગુરુ ! જોગીના કુળ અને નદીના મૂળ સુધી ન જવું.' એમ કહીને હસતાં હસતાં બે યુવકોના હાથ ઝાલી ઊભા થતાં કહે : 'હાલો, હાલો, આવી વાત નો કરવી ! બહાર હરિભક્તો દર્શનની રાહે ઊભા છે !'

સ્વામીશ્રી કોઈ ને કોઈ મિષે આવી વાત ટાળી દેતા.

અહીં કામ કરતો દક્ષિણી નોકર દત્તુ, પોતાના ત્રણ મિત્રોને સ્વામીશ્રી પાસે લાવ્યો હતો. તેઓ ભાવિક હતા. સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવ્યાં અને

કંઠી પહેરાવતાં કહ્યું : 'આ એટમ બૉમ્બ છે. અક્ષરધામમાં જવાનો રસ્તો ખુલ્લો થયો. બીડી-સીડી નહિ પીના, કાંદા નહિ ખાના, સિનેમા નહિ જોના...'

એક દિવસ ચાલુ સભાએ કાન્તિભાઈ પાછળ આવીને બેઠા. પ્રથમ જ વખત સ્વામીશ્રીનાં દર્શને આવેલા આ મૂળ જૈન મુમુક્ષુને, એલ.એલ.બી. કર્યા પછી સૉલિસિટરની પરીક્ષામાં સફળતા જોઈતી હતી. તેમણે તેમના મિત્ર મિ. મહેતા પાસેથી સ્વામીશ્રીનો મહિમા જાણ્યો હતો, તેથી આશીર્વાદ લેવા આવ્યા હતા. વિસ્તૃત અભ્યાસક્રમ હોવાથી યાદ રહેતું નહોતું. વળી, આ પરીક્ષાનું પરિણામ ફક્ત પાંચથી સાત ટકા આવતું, તેથી તેઓ મુઝાયા હતા.

તેઓ સભાની પાછળ બેઠા કે તરત સ્વામીશ્રીએ સાદ કર્યો : 'પેલા ચશ્માંવાળા ભાઈ આગળ આવે.'

તેઓ મિ. મહેતા સાથે આગળ ગયા. સ્વામીશ્રીએ પરિચય પૂછ્યો ને પ્રેમથી ધબ્બા આપ્યા. ત્યારથી સ્વામીશ્રી તેમને હંમેશાં 'સૉલિસિટર' કહી સંબોધતા. તેમણે પોતાની વિગત કહી અને કહ્યું : 'વાંચેલું બધું ભૂલી જવાય છે.'

સ્વામીશ્રી ઉમળકાથી બોલી ઊઠ્યા : 'ગુરુ ! તમારો પહેલો નંબર છે.' એમ કહી જોરથી પ્રેમાળ ધબ્બો આપી દીધો. અને તેમને પણ આશ્ચર્ય થાય એ રીતે તેઓ પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા ![૧૨]

## જોડાણ કોને કહેવાય ?

એક વહેલી સવારે સ્વામીશ્રીએ અદ્‌ભુત વાત કરી. સ્વામીશ્રી પથારીમાં બેઠા હતા અને કંપાલાના પ્રભુદાસભાઈ નૈરોબીના છગનભાઈનો પત્ર સ્વામીશ્રીને વાંચી સંભળાવતા હતા. તેમાં લખ્યું હતું કે '...જેવી રીતે દેશમાં... વગેરે હરિભક્તો આપને વિશે જોડાણા છે અને જેવી રીતે આફ્રિકામાં... વગેરે હરિભક્તો આપને વિષે જોડાણા છે, તેવી રીતે અમે જોડાઈ જઈએ તેવી અમારી

---

૧૨. ત્યારબાદ થોડા જ સમયમાં તેમને જાણીતી પેઢીમાં સૉલિસિટર તરીકે અને પછીથી ભાગીદાર તરીકે રહેવાની ઑફર મળી. તેમાં ભાગીદાર થવા બાબત તેમણે સ્વામીશ્રીને પૂછ્યું. ત્યારે સ્વામીશ્રી કહે : 'એમાં પડવું નથી, એ તો બળતું ઘર છે.' બે મહિને તેમને ખબર મળ્યાં કે તે પેઢી મોટા નુકસાનમાં ઊતરી ગઈ છે. જો તેમાં પોતે જોડાયા હોત, તો કારકિર્દી કચડાઈ ગઈ હોત. સ્વામીશ્રીએ તેમને આફતમાંથી ઉગારી લીધા. અને ઉત્તરોત્તર તેમણે સારી પ્રગતિ કરી. સી.સી. અનાજવાલા વગેરે તેમના મિત્રો તેના સાક્ષી બની રહ્યા.

ઉપર દૃષ્ટિ કરશો...'

ત્યારે સ્વામીશ્રી એકદમ સજાગ થઈ ગયા અને બોલ્યા : 'લ્યો ! લખતાંય નથી આવડતું ! જોડાણ કોને કહેવાય ખબર છે ? જેવી રીતે અમે શાસ્ત્રીજી મહારાજની સેવા-સમાગમ કરી એકમેક થઈ ગયા છીએ, તેને જોડાણા કહેવાય. બાકી તો ઓળખ્યા કહેવાય !'

આવો અદ્‌ભુત ઉત્તર કરી, સ્વામીશ્રીએ સૌનાં પ્રજ્ઞાચક્ષુ ઉઘાડી નાખ્યાં. કારણ, એ પત્રમાં મોટા મોટા હરિભક્તોનાં નામ લખ્યાં હતાં ! તેમને વિશે સ્વામીશ્રીએ ફક્ત એટલું જ જણાવ્યું કે તેમણે તો હજુ સત્પુરુષને ઓળખ્યા જ છે; પણ જ્યારે પોતે જેમ શાસ્ત્રીજી મહારાજને સેવ્યા તેમ સેવે, ત્યારે જ જોડાયા કહેવાય.

અહીં પાંચ પાંચ ઉત્સવોનો મુંબઈના ભક્તોને આકસ્મિક પણ અલૌકિક લાભ મળી ચૂક્યો હતો. સૌના આનંદનો પાર ન હતો. એક પછી એક ઉત્સવનાં ભક્તિમય આયોજનો થતાં હતાં, જેથી સૌને વધુ લાભ મળે અને સૌ સ્વામીશ્રીની વધુ ને વધુ નજીક આવી શકે. તા. ૧૩-૯-'૬૧ સુધી સ્વામીશ્રી કમલ મહાલમાં બિરાજ્યા.

અહીં ગુણાતીતાનંદ સ્વામીના જીવન પ્રસંગોમાં, સ્વામીએ ત્રણ દિવસની સમાધિ પછી સંતો-હરિભક્તોને ઉપદેશ આપતાં કહ્યું : 'મોહમયી માયામાં જીવ ભટકે છે.' એ શબ્દો આવ્યા ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'એ મોહમયી માયા શું ?' પછી પોતે જ કહ્યું : 'માનવીભાવ આવે જ નહિ - એકાંતિક સંતમાં. બોલાવે, ન બોલાવે, ગમે તે કરે, સર્વં ખલુ ઇદં બ્રહ્મ !' એમ બોલતાં હસી પડ્યા.

એટલે મગનભાઈ સેક્રેટરીએ કહ્યું : 'કૃપા થાય તો દિવ્યભાવ રહે.'

'એ તો કૃપા કરીએ જ છીએ. કોઈને આશીર્વાદ આપીએ તો ફળે, કદાચ ન પણ ફળે, પણ આ આશીર્વાદ તો ફળે જ.' એમ સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી અને સમજાવ્યું કે ઐહિક સુખ માટેના આશીર્વાદ કદાચ ન ફળે, કારણ કે મોટાપુરુષ લૌકિક સુખ આપવા ઇચ્છતા જ નથી; પણ એકાંતિક ધર્મ સિદ્ધ કરવા સંબંધી આશીર્વાદ, મોટાપુરુષમાં દિવ્યભાવ રાખવાના આશીર્વાદ તો જો આપણી ભક્તિ હોય તો જરૂર ફળે જ.

## આશરાનો સિદ્ધાંત

આ પછી 'હરિલીલાકલ્પતરુ'ની પારાયણનો સ્વામીશ્રીએ શુભ સંકલ્પ કર્યો

અને સી.પી. ટેન્ક ઉપર આવેલા મોરાર બાગમાં, ભાદરવા સુદ ૮, તા. ૧૮-૯-'૬૧થી કથાનો પ્રારંભ કરાવ્યો. વજુભાઈ શેઠ, માણેકલાલ શેઠ, મગનભાઈ ખત્રી, મહીપતભાઈ દવે તથા મણિભાઈ જસાણી વગેરે ભક્તો તરફથી પારાયણ આયોજાયું. અહીં દર્શન-સમાગમનો પૂરો લાભ સ્વામીશ્રીએ સૌને આપ્યો. તબિયત હવે ઘણી સારી જણાતી હતી અને બોલવા-ચાલવામાં પહેલા જેટલો થાક લાગતો નહિ. સ્વામીશ્રી સવારે પૂજા પછી થોડી કથા કરતા. બપોરે નિયમનાં બે વચનામૃતો અવશ્ય વંચાવતા. ૪-૦૦ વાગે ફરીથી વચનામૃતો વંચાવતા. રાત્રે સભામાં પાંચ થી દસ મિનિટ લાભ આપતા. આમ, કથાનો નિયમ ચાલુ રહેતો.

મોરાર બાગમાં રાતની સભામાં સ્વામીશ્રી સંતો પાસે પ્રશ્નોત્તર કરાવતા હતા. પ્રશ્નોત્તરમાં એક સંતે કહ્યું કે 'આપણને જે સત્પુરુષ મળ્યા હોય તેનો દૃઢ આશરો કરી લેવો.' તે સાંભળી સ્વામીશ્રી કહે : 'આશરો ભગવાનનો કરવો. સંત પણ ભગવાનનો આશરો કરાવે એમ કહેવું.' એ પ્રમાણે ઉત્તર સુધાર્યો અને સિદ્ધાંત સમજાવ્યો.

મુંબઈની વાડીઓમાં ઉતારો થતાં સ્વામીશ્રી જૂના મંદિરે વાર-તહેવારે અચૂક દર્શને જતા. જૂના મંદિરમાં સભામંડપમાં નીલકંઠ વર્ણીની ચિત્ર-પ્રતિમાનાં અવશ્ય દર્શન કરતા. ત્યારે એમ જરૂર લાગે કે મહારાજનાં નાનાં-મોટાં કોઈપણ મંદિરો કે પ્રસાદી સ્થાનો, એમના જીવનમાં એવાં તો વણાઈ ગયાં છે કે એમને કોઈ જુદારો નથી. *'જ્યાં જુઓ ત્યાં રામજી બીજું ન ભાસે રે'* એ પદ-પંક્તિ એમના જીવનમાં આત્મસાત્ થયેલી જણાય. મહારાજનાં એક-એક અંગ સાથે પોતે ઓતપ્રોત થયેલા લાગે. જાણે મહારાજ જ સંતસ્વરૂપે વિચરતા ન હોય ! એવી પ્રતીતિ હરકોઈને થતી. નવા-જૂના ઘણા સત્સંગીનો સાક્ષી આ વાત કબૂલ કરતો હતો. અલબત્ત, કોઈ જાહેરાત કરે અથવા કોઈ મનમાં જ રાખે.

કારણ, સંપ્રદાયના જૂના-નવા સંતો-હરિભક્તોનો આ અંતરનો અવાજ ઘણી વાર આપોઆપ બહાર આવી જતો કે 'જોગી તે જોગી ! અજાતશત્રુ ! મહારાજના નંદ પરમહંસનાં દર્શન કરવાં હોય તો જોગીને જોઈ લો !' આટલું તો સમગ્ર સત્સંગ-સમાજ એક અવાજે ઉચ્ચારતો હતો. આ હતું એમનું સ્વયં પ્રકાશિત અલૌકિક સ્વરૂપ !

## ગેટ-વે ટુ અક્ષરધામ

એવામાં જળઝીલણીનો ઉત્સવ આવી ગયો. વર્ષોથી આ સમૈયો સ્વામીશ્રી

સારંગપુર ઊજવતા. આ વખતે અહીંના રોકાણને લીધે અહીંયાં સમૈયો ક્યાં કરવો તે વિચારણા ચાલી. ઠાકોરજીને જળ તો ઝિલાવવું જ જોઈએ. સવારે સંતોએ નાની હોડી બનાવી હતી, તેમાં ઠાકોરજીને પધરાવી સ્વામીશ્રીએ જળવિહાર કરાવ્યો. આરતી ઉતારી.

બપોર પછી સૌએ વિચાર્યું કે મુંબઈના દરિયામાં જ ઠાકોરજીને જળ-વિહાર કરાવવા લઈ જવા. સ્વામીશ્રીએ આ પ્રસ્તાવને રાજી થકા વધાવી લીધો અને 'ગેટ વે ઑફ ઇન્ડિયા' પાસે જ આ ઉત્સવ કરવો, એમ સૌએ ઠરાવ્યું. અને પાંચ લૉંચ તૈયાર રાખવામાં આવી હતી.

બપોર થતાં પહેલાં સૌ 'ગેટ વે ઑફ ઇન્ડિયા' આવી પહોંચ્યા. તડકો ઠીક ઠીક પડતો હતો. મોટરમાંથી ઊતરી સ્વામીશ્રી ચાલતાં સભા સ્થાન તરફ જઈ રહ્યા હતા. સ્વામીશ્રી પધાર્યા એટલે સભા સ્થળેથી અને આજુબાજુ રાહ જોતાં ઊભેલા હરિભક્તો એકદમ સ્વામીશ્રીને સામે લેવા પધાર્યા.

એક હરિભક્ત તેમાં મોખરે હતા. તેઓ ઉઘાડે પગે ચાલતા હતા. તે જોઈ સ્વામીશ્રી પોતાના પગમાંથી લૂગડાંનાં સ્લીપર કાઢી તેમને આપવા લાગ્યા. અને કહેવા લાગ્યા : 'ચંપલ કેમ પહેર્યા નથી ? તડકો લાગશે. લ્યો, આ ચંપલ.'

સ્વામીશ્રીની આ કરુણા જોઈ સૌ દ્રવિત થઈ ગયા.

બાળકોને માટે તો આ અતિ આનંદનો દિવસ બની ગયો. ગેટના અંદરના વિશાળ જમણા ગુંબજ નીચે સભાનું આયોજન થયું. પાંચે લૉંચ તૈયાર રાખવામાં આવી હતી. એક લૉંચમાં ઠાકોરજી સહિત સ્વામીશ્રી અને સંતો; બીજી ચાર લૉંચમાં બાઈ-ભાઈ સર્વ ભક્તો બિરાજ્યા અને પાંચ વખત દરિયામાં પ્રદક્ષિણા લીધી. દરેક ફેરો પૂરો થાય એટલે સ્વામીશ્રી ઠાકોરજીની આરતી ઉતારે. લૉંચમાં સંતોએ કીર્તન-ભક્તિની રમઝટ બોલાવી. જરા સરખો પણ પવન જેમને ફાવે નહિ, તે સ્વામીશ્રી આજે ધાબળા ઓઢી, લૉંચમાં પવનની ઝાપટોને ખાળતા, સુંદર દર્શન આપતા હતા. છેલ્લા ફેરા વખતે ગણપતિનું પૂજન-આરતી કરી, વિસર્જન કરવામાં આવ્યું. સર્વત્ર આનંદ-આનંદ પ્રસરી ગયો.

સ્વામીશ્રી ગેટ નીચે સભામાં બિરાજ્યા. ખૂબ આનંદમાં હતા. આ પ્રસંગે હરમાનભાઈએ સુંદર સંબોધન કરતાં જણાવ્યું કે 'આવો સમૈયો અહીં પહેલી જ વખત ઊજવાય છે. આફ્રિકાથી આવતાં પ્રથમ 'ગેટ વે ઑફ ઇન્ડિયા'નાં દર્શન કરવાં પડે છે. તેમ આ સ્થાન હવે 'ગેટ વે ઑફ અક્ષરધામ' બનશે. કારણ, મોક્ષદ્વાર સમા સંતવર્ય યોગીજી મહારાજ અને સંતોએ આ સ્થાનને તીર્થરૂપ

બનાવી દીધું છે. હિન્દના દ્વારને જોતાં જ 'મોક્ષનું દ્વાર સાચા સત્પુરુષ છે' તેની સ્મૃતિ તાજી થશે અને આફ્રિકાના હરિભક્તો માટે આ એક સ્મૃતિ મંદિર સમું પ્રતીક ગણાશે. એ જ આ પ્રસંગની મહત્તા છે.'

સ્વામીશ્રીએ સૌને રૂડા આશીર્વાદ આપ્યા. હરિભક્તોએ ઠાકોરજી સહિત સ્વામીશ્રીનું પૂજન કર્યું. જેની પાંચ લૉંચમાં સ્વામીશ્રીએ જળવિહાર કર્યો હતો તે નવા માછીમાર ભક્ત આઈત્યા સોમાને સ્વામીશ્રીએ ખૂબ આશીર્વાદ આપ્યા.

'ગેટ વે ઑફ ઈન્ડિયા'માં 'ગેટ વે ટુ અક્ષરધામ' કેવી રીતે સમાઈ ગયું ? આ તે સ્વપ્નું કે શું ? – એ વિમાસણમાં સૌ જુદા પડ્યા. આજનો પ્રસંગ સૌને અલૌકિક સ્મૃતિ આપી ગયો. ઠાકોરજી સહિત સ્વામીશ્રીનો દરિયામાં જળવિહાર – એ દિવ્ય દર્શન કદી વિસરાય એવું ન હતું. મુંબઈનો વિશાળ સમુદ્ર પટ આજે પાવન થયો હતો, અને 'ગેટ વે ઑફ ઈન્ડિયા' ઉપર ફરવા આવતાં હજારો સહેલાણીઓ પણ ! તેઓ તો સ્વામીશ્રી અને અક્ષરધામના આ સંઘને વિસ્મયતાથી ટગર ટગર જોઈ જ રહ્યા હતા.

સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે દરિયાની હવા ખાઈએ એટલે તબિયત સુધરી જાય. જો કે પોતે તો ગાતરિયાને ગાંઠ વાળી, છાતી સરસું બરાબર જકડી, ઉપર ગરમ ધાબળી અને તેના ઉપર ગરમ ધાબળો વીંટીને જ દરિયાની હવા ખાવાની ચેષ્ટા કરતા. પવન પણ જાણે આ મહાપુરુષનો સ્પર્શ કરવા સંતાકૂકડી રમતો હોય તેમ એમના મુખ ઉપર સ્પર્શી જાય તો તુરત સ્વામીશ્રી એને રોકવા આડશ રખાવે. છતાં પોતે દરિયાની હવા ખાવાનો સંતોષ માણતા. કદાચ બીજાના સંતોષને પોતાનો ગણી લેતા હશે.

## સંસ્કૃત પાઠશાળાની સ્થાપના

ભાદરવા સુદ ૧૫, તા. ૨૪-૯-'૬૧, પારાયણની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ જ દિવસે સાંજે મુંબઈમાં 'અક્ષરપુરુષોત્તમ (સ્વામિનારાયણ) સંસ્કૃત પાઠશાળા'ની સ્થાપનાની જાહેરાત સ્વામીશ્રીએ વિધિસર કરી. ઘણા સમયથી સંતો સંસ્કૃતનો અભ્યાસ કરી રહ્યા હતા. શાસ્ત્રી નર્મદાશંકર, શાસ્ત્રી મંછારામજી તથા શાસ્ત્રી નંદકિશોરજી સંતોને લઘુકૌમુદી વગેરે ગ્રંથો ભણાવતા હતા. સાથે સાથે સંતો 'ભારતીય વિદ્યાભવન' સંચાલિત સરળ સંસ્કૃત પરીક્ષાઓ પણ આપી રહ્યા હતા. આ બધી પ્રવૃત્તિઓને લક્ષમાં લઈને અભ્યાસની અને પરીક્ષાઓની વિશેષ સુવિધાઓ માટે, આજથી પાઠશાળા સ્થાપવામાં આવી હતી.

આ માટે સ્વામીશ્રીએ ખાસ જાતે સૂચના આપી, અર્ધ ગોળાકારનું મંદિરનું બૉર્ડ, ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ત્રણ ભાષામાં અને પાઠશાળાનાં બૉર્ડ પણ ખાસ તૈયાર કરાવ્યાં હતાં. પાઠશાળાના બૉર્ડનું પોતે જ પૂજન કર્યું. આ પ્રકારની વિવિધ વિધિઓ ઠાઠમાઠથી પોતે કરતા, જેથી ઉત્સાહનું એક વિશિષ્ટ મોજું પ્રસરતું. સૌનાં અંતર આનંદથી ઊભરાતાં. શ્રદ્ધા-ભક્તિની વેલ વિશેષ પાંગરતી.

માંદગી અને અશક્તિ સ્વામીશ્રીએ હવે સાવ કોરે મૂકી દીધાં હતાં. નિયમિત રીતે દર્શન-સમાગમનો લાભ સૌને આપતા હતા.

રાત્રે પ્રવચનમાં સ્વામીશ્રીએ કહ્યું : 'આવતીકાલે શાસ્ત્રીજી મહારાજનું શ્રાદ્ધ છે, તે દિવાળી કરતાં પણ મોટો દિવસ કહેવાય. તે મહારાજ, સ્વામી, પરમહસો સૌ સાક્ષાત્ પધારશે...'

ભાદરવા વદ ૪, શાસ્ત્રીજી મહારાજની તિથિ પ્રસંગે એમના ગુણાનુવાદ કરી, મોટો ઉત્સવ સ્વામીશ્રીએ સૌ સંતો-ભક્તો સાથે મનાવ્યો હતો. ફડિયામામા તરફથી સમગ્ર સત્સંગ-સમાજને આમંત્રી પ્રસાદ અપાવ્યો હતો.

કથામાં એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો કે 'દ્રોહ એટલે શું ?'

તેનો ઉત્તર કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'એનું બોલવું ગમે નહિ, ચાલવું ગમે નહિ, રીસ રાખે, એ દ્રોહ કહેવાય; પણ સાધારણ કહેવું-સાંભળવું પડે એ કાંઈ અભાવ-અવગુણ નથી, એ તો વ્યવહાર છે.'

## બધાને 'સાત સમેલિયા' કરવા છે

નવા પાર્ષદોની સંખ્યામાં વધારો થયો, એટલે કાંદીવલીમાં માણેકલાલ શેઠના સ્વતંત્ર બંગલા 'સૂર્યકુંજ'માં પાર્ષદોની રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઘાટકોપર આશ્રમમાં રસોઈ બનાવવાની કે વાસણ માંજવાની કે અન્ય સાફસૂફી રાખવાની કોઈ સેવા પાર્ષદોને કરવાની નહોતી; ત્યાં આશ્રમ તરફથી બધી વ્યવસ્થા હતી. જ્યારે કાંદીવલીમાં બધી વ્યવસ્થા જાતે જ કરવાની હતી.

આથી મુંબઈમાં વડીલ હરિભક્તોએ સ્વામીશ્રીને ખાસ વિનંતી કરી કે 'નવા પાર્ષદોએ ક્યારેય આવડું મોટું રસોડું કર્યું નથી, વાસણ માંજ્યાં નથી, એટલે રસોઈયા તથા ઘાટીઓ કામ કરવા માટે રાખીએ તો સારું.'

સ્વામીશ્રીએ પહેલાં બહાનું કાઢ્યું કે 'એ બધાને પગાર આપવા પડે, જે આપણને ન પોસાય.'

તુરત હરિભક્તોએ તૈયારી બતાવી કે 'પગાર અમે હરિભક્તો આપીશું.

આપ એની ચિંતા કરતા નહિ.' પણ સ્વામીશ્રી સંમત ન થયા.

રસોઈયા તથા નોકરો હોય તો સંતો વધારે સમય અભ્યાસ કરી શકે, હરિભક્તોને કથાવાર્તા કરી શકે, વગેરે ઘણી દલીલો હરિભક્તોએ સ્વામીશ્રી પાસે રજૂ કરી.

સામાન્ય રીતે હરિભક્તોનું હંમેશાં સાચવતા સ્વામીશ્રીએ જરાપણ નમતું ન આપ્યું. ઠાકોરજીનાં થાળ, વાસણ ઊટકવાં તથા અન્ય સાફસૂફી વગેરે સેવાઓ સંતોએ જાતે જ કરવી જોઈએ – એવો ખાસ એમનો મત. સેવા એ તો સંતોનું જીવન બની જવું જોઈએ – એવા આગ્રહી. સમગ્ર જીવન જેમણે ઠાકોરજીની અને હરિભક્તોની સેવા જ કરી છે, એક ક્ષણ પણ સેવા વગર જે રહી શકતા નહિ, એ પુરુષ આગળ હરિભક્તોની કોઈ દલીલો કે આગ્રહો ટકી શક્યાં નહિ. સંતોનું આધ્યાત્મિક ઘડતર થાય અને તેમનું જીવન સ્વાશ્રયી અને સ્વાવલંબી બને, એ મહત્ત્વ એમની આજ્ઞામાં હતું.

તેઓ ઘણી વાર કહેતા કે 'આપણે સાત સમેલિયા થવું. અભ્યાસ, સેવા, સરભરા, કથાવાર્તા બધામાં તૈયાર થવું.'

આવું જેનું અંગ હોય એવા ઉપર એમનો રાજીપો પણ રહેતો.

❀ ❀ ❀



# મુંબઈમાં મંદિરનાં મંડાણ

વર્ષોથી શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી તથા યોગીજી મહારાજ વગેરે મુંબઈમાં સત્સંગ અર્થે પધારતા. શરૂમાં જુદા જુદા હરિભક્તોને ત્યાં ઊતરતા. પરેલમાં રામજી કેશવજી, પારલામાં મૂળજી રાઘવજી ટાંક તથા ગોરધનભાઈ હાથીભાઈ પટેલ, મુંબઈમાં છીપી ચાલમાં જશભાઈ અમીનને ત્યાં જોન્સન કંપનીની નાની ઓરડીમાં પણ ઊતરતા. આ ઓરડીમાં તો નિર્ગુણ સ્વામી સૂતા ત્યારે તેમના પગ સામે દીવાલે અડકતા અને મોટા મોટા ઉંદર રાત્રે એમના શરીર ઉપરથી પસાર થઈ જતા. પાછળથી પારાયણ પ્રસંગોએ નેમાણીની વાડી, ભગવાન કલાની વાડીઓ રોકવામાં આવતી. સૂર્યનારાયણની વાડીમાં ઘણો સમય ઉતારો રહ્યો; કારણ, તે ઘણી અનુકૂળ આવી ગઈ હતી. પછી થોડો સમય નંદાજીને બંગલે નેપિયન્સી રોડ ઉપર પણ રહ્યા. શાસ્ત્રીજી મહારાજના અક્ષરધામગમન પછી મોરારકા શેઠને ત્યાં તથા છેવટે કપોળ વાડીમાં કાયમની વ્યવસ્થા થઈ હતી, પણ આ બધાં વર્ષમાં એક-બે વાર પ્રસંગોચિત વ્યવસ્થા હતી.

ઘણા સમયથી સ્વામીશ્રી મુંબઈમાં મોટો હૉલ થાય તે માટે હરિભક્તોને કહેતા. મુંબઈ પધારે ત્યારે રોજ રાતે સભામાં ધૂન કરાવતા અને તે અંગે ખરડો પણ કરતા; પણ મુંબઈ શહેર અને પરાંના હરિભક્તો – બધાંને અનુકૂળ આવે એવી જગ્યાનો કોઈ મેળ નહોતો મળતો.

છેલ્લાં દસેક વર્ષથી મુંબઈમાં હૉલ થાય તે અંગે સ્વામીશ્રી જે સંકલ્પ કરતા તેની પાછળ પણ જરૂર કોઈ રહસ્ય હશે, તે વાત તો પાછળથી સૌને ખ્યાલમાં આવી.

કારણ, મુંબઈમાં શરૂમાં ૬ યુવકોને અભ્યાસ માટે મૂક્યા. આપણું કોઈ સ્થાન ન હોવાથી ઘાટકોપરમાં આશ્રમમાં રહેવા-ભણવાની વ્યવસ્થા કરી. તે પછી ઉત્તરોત્તર નવા પાર્ષદો થતા ગયા. તેમને પણ મુંબઈમાં જ રાખ્યા.

લગભગ ચૌદ માસ સૌ ત્યા રહ્યા.

શરૂઆતમાં પચીસ પાર્ષદોમાંથી ફક્ત નિરંજન ભગત(સિદ્ધેશ્વર સ્વામી)ને જ રસોઈ આવડતી. છતાં આટલા બધાને માટે રોજ રોટલી વગેરે બનાવવામાં સહેજે એક જણ પહોંચી ન વળે. એટલે વિનુ ભગત(મહંત સ્વામી)ની આગેવાની નીચે કેટલાક પાર્ષદો રોટલી, ભાખરી, પૂરી વગેરે કરાવવા લાગતા. તેમા મહેન્દ્ર ભગત (ત્યાગવલ્લભ સ્વામી) ઉત્સાહથી નાની-મોટી બધી તૈયારીઓ અને સેવામાં જોડાઈ જતા. નિરંજન ભગત બીજી બધી રસોઈ જાતે કરતા. નવાને શીખવાડતા.

ગઢપુર-ઉત્સવમાં દીક્ષા લીધેલ ૫૧ સંતો પૈકી લગભગ બધાને જ સ્વામીશ્રીએ મુંબઈ મોકલ્યા, પણ કાંદીવલીમાં 'સૂર્યકુંજ' બંગલો આટલા બધા સતો માટે પૂરતો ન હતો. તેમજ સંતોને મળવા હરિભક્તો આવે, સત્સંગ સભાઓ યોજાય, એ બધા માટે ત્યાં પૂરતી વ્યવસ્થા ન હતી. આથી મુંબઈ છોડતાં પહેલાં સ્વામીશ્રીએ મોટેરા હરિભક્તોને આગ્રહભરી વિનંતી કરી કે 'કોઈપણ સંજોગોમાં સંતોને રહેવા માટે મોટા મકાનની વ્યવસ્થા કરો.' એક પ્રસંગે તો એવો વટહુકમ પ્રગટ કર્યો કે 'આટલા સમયમાં વ્યવસ્થા થવી જ જોઈએ.' છગનભાઈ, હર્ષદભાઈ, બી.કે. મોદી વગેરે ભક્તોનો પુરુષપ્રયત્ન અપાર હતો, પણ સર્વ સંમત ને સર્વ રીતે અનુકૂળ એવો મેળ ખાતો ન હતો.

છેવટે સ્વામીશ્રીની જ પ્રેરણાથી દાદરમાં સેન્ટ્રલ સ્ટેશન સામે, જૂના સત્સંગી શેઠ ગોવિંદજી કલ્યાણજીનું 'તુલસીભવન' સૌને પસંદ પડી ગયું. શેઠ ગોવિંદજીભાઈએ આ મકાનમાં શાસ્ત્રીજી મહારાજને પધરાવેલા. ઠાકોરજી જમાડી અને હીંચકે બેસાડી પૂજા કરેલી. સ્વામીશ્રીની પ્રેરણાથી જ, મૂળ બોટાદના પીઢ સત્સંગી શેઠ ગોવિંદભાઈએ રાજી થકા આ મકાન સંસ્થાને વેચાણ આપવા તૈયારી બતાવી. આમ, સૌનાં આશ્ચર્ય વચ્ચે જોતજોતામાં આ પ્રશ્ન ઊકલી ગયો. નવદીક્ષિત સંતોને મુંબઈમાં રાખીને અભ્યાસ કરાવવાની સ્વામીશ્રીની દૃઢ ઇચ્છાને કારણે, એમની પ્રેરણાથી જ બધી વ્યવસ્થા થઈ ગઈ તે સૌને સમજાયું. બધાને એ પણ દૃઢ થયું કે 'આપણાં વર્ષોના પ્રયત્નો પણ, જ્યારે સ્વામીશ્રી ભળે છે ત્યારે જ પૂર્ણ થાય છે.'

સ્વામીશ્રીની ઇચ્છા તો પોતાની હાજરીમાં જ સંતો નવા મકાનમાં રહેવા જાય તે જોવાની હતી; પણ ગોવિંદજીભાઈને બીજે રહેવા જવાની તાત્કાલિક વ્યવસ્થા ન થતાં ધનતેરસનું મુહૂર્ત નક્કી થયું. હાલ પૂરતું મકાનના બીજે માળે

જ્યાં તેઓ રહેતા હતા ત્યાં જ સંતોને રહેવાની વ્યવસ્થા ગોઠવવાની હતી.

પોતાની હાજરીમાં જ આ કાર્યનું શુભ મુહૂર્ત થાય એ દૃષ્ટિએ સ્વામીશ્રીએ પાઠશાળાના ઉદ્‌ઘાટન નિમિત્તે તા. ૧૧-૧૦-'૬૧ના દિને, આ મકાનમાં પધરામણી કરી. પાઠશાળા તથા મંદિરનાં સુંદર બોર્ડોનું મંદિરના બે ખૂણે અને વચમાં સ્થાપન કર્યું. સ્વામીશ્રીએ આ બોર્ડ ત્રણ ભાષામાં તૈયાર કરવા આજ્ઞા કરી હતી. અને કહેલું : 'શ્રી સ્વામિનારાયણ યાને અક્ષરપુરુષોત્તમ મંદિર' એ પ્રમાણે લખાવવું, બોર્ડ કમાનવાળું (ઉપરથી અર્ધગોળ અને નીચે પાટિયું) કરાવવું. પછી બોર્ડની પૂજા કરી કહે : 'સાંજ સુધીમાં બોર્ડ ચોડી દેવાં.'

અહીંથી નીકળતી વખતે પણ બોર્ડ જોવા મકાન બહાર પધાર્યા પછી કહે : 'ઉપર ટેકાનાં લાકડાં દેખાય છે તે કાપી નાંખવાં, ને નીચેનાં લાકડાં છે તે રંગી નાખવાં.' આમ, સૂક્ષ્મ સૂચનો કરી સ્વામીશ્રી પોતાની કલાદૃષ્ટિનાં પણ દર્શન કરાવી દેતા.

દિવાળીથી કોઈપણ સંજોગોમાં સંતોને નવા મકાનમાં રહેવાનું પાકું કર્યું.

આ બધાં કાર્યો જે રીતે સિદ્ધ થયાં તેનો વિચાર કરીએ તો સ્વામીશ્રીની વ્યાવહારિક વિચક્ષણતા અને કાર્ય કરવાની કુનેહ આગળ બુદ્ધિમંતો ઝાંખા પડી જાય. ધીરજ પણ એટલી જ. શરૂમાં વર્ષો સુધી સત્સંગ હૉલ માટે ધૂન કરાવી, હરિભક્તોને તેમની રીતે પ્રયત્નો કરવા દીધા, પણ જ્યારે સમય આવ્યો ત્યારે સંતોને મુંબઈમાં જ રાખવાની પોતાની ઇચ્છાને પૂર્ણ કરવા બધું જ આપોઆપ સુગમ કર્યું. ગોવિંદભાઈ વર્ષોથી જે મકાનમાં રહેતા હતા તે શહેર વચ્ચે, સ્ટેશન નજીક આવેલા વિશાળ આવાસનો ત્યાગ કરવા અચકાતા હતા; પણ સ્વામીશ્રીની ઇચ્છાથી જ તેઓએ રાજી થઈને આ કાર્ય કર્યું.

## હું ક્યાં જાણું છું ?

પાછળથી સ્વામીશ્રીએ કપોળ વાડીમાં થોડા દિવસ રહીને સૌને લાભ આપ્યો.

કથા પ્રસંગમાં વચનામૃત વર.૧માં વાત આવી કે 'કામ વ્યાપે, ક્રોધ વ્યાપે... આંબાને વિશે ભ્રાંતિ ન થાય.' સવારે સ્વામીશ્રીની ગેરહાજરીમાં આ પ્રશ્ન હરિભક્તોમાં ચર્ચાયો. કેટલાક કહે : 'કામ વ્યાપે... વગેરે આપણા વિશે.' જ્યારે બીજા કહે : 'સત્પુરુષને વિશે !' આમ, સમાધાન થયું નહીં.

રાત્રે પ્રવચનમાં સ્વામીશ્રીએ એ વાત જ કહી : 'કામ વ્યાપે, ક્રોધ વ્યાપે – વગેરે સત્પુરુષને વિશે નહિ પણ આપણે વિશે વ્યાપે. સંત તો નિર્દોષ જ છે.'

હર્ષદભાઈએ કહ્યું કે 'સવારે અમે આ ચર્ચા કરતા હતા.'

સ્વામીશ્રી કહે : 'હું ક્યાં જાણું છું ? પણ એનો ઉત્તર શાસ્ત્રીજી મહારાજ આ પ્રમાણે કરતા.'

## અંતકાળે શ્રીજીમહારાજને લઈને તેડવા આવશું

આ દિવસોમાં હીરુભાઈ ઇનામદાર તેમના મિત્ર રમણલાલ પરીખને સ્વામીશ્રીનાં દર્શને લાવ્યા હતા. તેઓ સ્ટેનલેસ સ્ટીલના મોટા વેપારી હતા. અને સતત નાદુરસ્ત તબિયત રહેવાથી હતાશા અનુભવતા હતા. પરંતુ કપોળ વાડીમાં સ્વામીશ્રીનાં દર્શન કરતાં જ તેમને શાંતિ વર્તાવા લાગી.

હીરુભાઈએ સ્વામીશ્રીને તેમનો પરિચય આપ્યો અને સ્વામીશ્રીએ પણ તેમની પીઠ પર બે ધબ્બા આપી આશીર્વાદ ઉચ્ચાર્યા : 'જાવ, તબિયત સારી થઈ જશે.'

રમણભાઈને સ્વામીશ્રીના નિર્મળ વ્યક્તિત્વનું અપૂર્વ આકર્ષણ થયું. તેઓ અવારનવાર હીરુભાઈ સાથે દર્શને આવવા લાગ્યા. તેમણે સેવા કરી સ્વામીશ્રીને રાજી કરવાનો સંકલ્પ કર્યો. તે સ્વામીશ્રીએ પૂર્ણ કર્યો. રમણભાઈને ઘણો આનંદ થયો. તેમણે સ્વામીશ્રી પાસે દીનભાવે પ્રાર્થના કરી : 'બાપા ! આ શરીરમાં રોગ બહુ છે. તેથી હવે આ લોકની વાસના તૂટી ગઈ છે. કાળ આવવાનો જ છે, પણ અંતકાળે આપ જ્યાં વસો છો તે જગ્યાએ લઈ જજો ને અંતકાળે લેવા પધારજો.'

ઐહિક માગણીથી પર આ મોક્ષની પ્રાર્થના સાંભળી સ્વામીશ્રી વિશેષ રાજી થયા અને આશીર્વાદ આપ્યા : 'અંતકાળે શ્રીજીમહારાજને લઈને તેડવા આવશું. જાવ...' રમણભાઈ તો ધન્ય થઈ ગયા.

સાચે જ, મોજનાં મૂલ નથી હોતાં, નહિ તો આટલા ટૂંકા પરિચયમાં આટલી બધી પ્રસન્નતા પામવી સાવ અશક્ય જ કહેવાય.

છેલ્લે મણિભાઈ એન્જિનિયરને ત્યાં ચર્ચગેટ ઉપર પણ ત્રણ દિવસ મુકામ કર્યો હતો. મણિભાઈના મકાનમાં રાત્રે સભામાંથી પાછા ફરતાં સ્વામીશ્રી લિફ્ટમાં બેસી ઉપર જઈ રહ્યા હતા. તેઓ કહે : 'વેમાન ઊપડ્યું. અક્ષરધામનું વિમાન આમ ઊપડશે.'

પછી લિફ્ટમેનને કહે : 'તમ ૫-૩૦ વાગે આવના, વર્તમાન ધરાના હૈ. તમકુ કલ્યાણ હોયેગા. હોં, આવના. આપકા નામ ક્યા ? ક્યા પગાર મિલતા હૈ ?'

'સત્તર રૂપિયે.'

'સો હો જાયેગા.' સ્વામીશ્રીએ રાજી થઈ આશીર્વાદ આપ્યા.

નાના-મોટા સૌ ઉપર અકારણ દયા વરસાવવી એ જ મોટાપુરુષનું એક વિશિષ્ટ લક્ષણ !

## નહિ તો મહારાજ દંડ દેશે

સ્વામીશ્રી મુંબઈથી નીકળવાના હતા. તેની આગલી રાત્રે કથામાં અદ્ભુત વાતો કરી. સ્વામીશ્રી કહે : 'આપણે બધાને શાસ્ત્રીજી મહારાજ રૂપે જ જોવા. ભગતજી મહારાજે એક સંતને વરતાલના સંતોનું વાંકું બોલવાના કારણે માફી મંગાવી હતી. ભિખારી ઘરે ઘરે ફરી ઘણી વાનગીઓ મેળવે; તેમ ગુણના ભિખારી થાવું. જાગા સ્વામી કહેતા કે 'કાલનો આવ્યો હોય, નાનો હોય - બધાને હું સ્વામી-સ્વરૂપ જોઉં છું.'

પછી કહે : 'સંપ, સુહૃદભાવ, એકતા રાખ્યા વગર છૂટકો જ નથી. તે પ્રમાણે વર્તવું જ પડશે; નહિ તો મહારાજ દંડ દેશે. શાસ્ત્રીજી મહારાજ કોઈનું વાંકું સાંભળતા નહિ; તો આખો સંપ્રદાય ખીલ્યો.'

આમ, મુદ્દાની વાતો કરી સૌને ગુણાતીત જ્ઞાનનું ભાતું બંધાવ્યું હતું.

તા. ૧૫-૧૦-'૬૧, સવારે ફાસ્ટમાં અટલાદરા તરફ જવા કપોળ વાડીએથી ભાવભીની વિદાય લીધી. નવા સંતોને સ્વામીશ્રીની આ વિદાય અત્યંત વસમી થઈ પડી. આ વખતે તા. ૨૦-૬-'૬૧ થી તા. ૧૫-૧૦-'૬૧ સુધી, લગભગ ચાર માસ સુધી સતત મુંબઈના સંતો તથા ભક્તોને સ્વામીશ્રીએ અપાર લાભ આપ્યો, જેમાં ૧૩ જેટલા તો નાના-મોટા ઉત્સવો કર્યા.

શું સારવાર માટે સ્વામીશ્રી મુંબઈ પધારી આટલું બધું રહ્યા હશે !? દેખીતી રીતે તો એવું જ લાગે. ઈજેક્શનથી હરસ મટાડવાની પ્રક્રિયા તો ગમે ત્યાં થઈ શકત; પણ ગુણાતીત અકળ રીતનો વિચાર કરીએ ત્યારે એવું પણ લાગે કે આની પાછળ બીજા પણ અનેક હેતુઓ જરૂર સમાયેલા હશે !

ખાસ તો ચાર માસ સુધી નવદીક્ષિત સંતોને સતત એમનાં દર્શન-સમાગમનો લાભ મળ્યો. સ્વામીશ્રી તો મુંબઈમાં હતા, પણ સંતો રોજ સવારે મોટરમાં કાંદીવલીથી મુંબઈ કમલ મહાલમાં આવતા અને સ્વામીશ્રીના નિકટનાં દર્શન-સ્પર્શનનો અનેરો લાભ મેળવતા. પાછળથી તો વાડીઓમાં મુકામ થયો ત્યારે સંતો સ્વામીશ્રી સાથે જ રહેતા. આમ, પોતાના માનસ પુત્રોને પ્રેરણા-પીયૂષપાન કરાવવા જ જાણે સ્વામીશ્રી આટલું બધું મુંબઈમાં રોકાયા ન હોય

તેવું લાગે ! અને મુંબઈમાં નિવાસના એમના છેવટના દિવસોમાં જે અકલ્પનીય રીતે સંતો માટે મંદિરની વ્યવસ્થા થઈ, તે કદાચ એમની હાજરી વગર અશક્ય જ રહ્યું હોત !

## થાપો પડ્યો, તે હવે ન છૂટે

ગઢપુર સમૈયામાં સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સાચવવા, વિવિધ તકેદારીઓ લેવા ઠરાવ થયો હતો. મુંબઈથી સ્વામીશ્રીની વિદાય પછી પણ એ જ શિસ્ત જાળવવા હવે ગામોગામ હરિભક્તોને પત્રિકા દ્વારા સૂચના અપાઈ હતી.

છતાં જેમ પ્રેમને નેમ ન હોય તેમ મુંબઈથી સવારની ટ્રેનમાં નીકળ્યા પછી દરેક સ્ટેશને સ્વામીશ્રીનાં દર્શન માટે ઠીક ઠીક ધસારો રહ્યો હતો. જો કે એ સમજી શકાય કે સ્વામીશ્રીના સ્વાસ્થ્યની દરેકને ચિંતા હોય અને માંદગીમાંથી સાજા થયા પછી ભક્તોની દર્શન-ઉત્સુકતા સ્વાભાવિક વધે જ. તેથી હરિભક્તો ઉત્સાહભેર સ્વામીશ્રીને વધાવવા દર્શન કરવા દોડી આવતા. આ જોઈ રેલવેના અધિકારીઓ પણ ચકિત થઈ જતા. સ્વામીશ્રી તેમને પણ બોલાવે, હાર પહેરાવે, પ્રસાદી આપે અને હેત કરે. બાલુભાઈ ટી.ટી. આ વખતે સાથે રહેતા.

ભરૂચમાં બાલુભાઈ ટી.ટી. કોઈ ગાર્ડને દર્શને લાવ્યા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપી પ્રસાદ ધર્યો. બાલુભાઈ કહે : 'બાપા ! આ મોટા ગાર્ડ છે. રેલવેમાં મોટો હોદ્દો કહેવાય.' એમ કહેતાં સ્વામીશ્રીનો મહિમા ગાયો : 'અમે લોકોના ગાર્ડ ને તમે અક્ષરધામના ગાર્ડ ! તો હવે છોડશો નહીં.'

સ્વામીશ્રી આ સાંભળી હસી પડ્યા. ને કહે : 'લ્યો થાપો. થાપો પડ્યો, તે હવે ન છૂટે.'

આવાં વચનોથી હરિભક્તોને ખૂબ ધરપત વળતી. આનંદ થતો અને ભક્તિભાવ વધતો.

અહીંથી આણંદ, બોચાસણ, વડતાલ થઈ, વિજયા દશમી અમદાવાદમાં ઊજવી. સ્વામીશ્રી કહેતા : 'આજે પણ શ્રીજીમહારાજના વખત જેવા જ સમૈયા થાય છે. અને ભીડા-ભક્તિ પણ એવી જ આજે પણ છે !'

દશેરાના સમૈયામાં માનનીય મંત્રી જશવંત મહેતા તથા વિધાનસભ્ય મોહનભાઈ વ્યાસ દર્શને આવ્યા હતા. તેમણે સ્વામીશ્રીની યુવા-જાગૃતિ પ્રવૃત્તિના ખૂબ ગુણાનુવાદ ગાયા. રાતે સ્નાન કરતાં સ્વામીશ્રીએ તે યાદ કર્યું. કહે : 'પ્રધાન સાહેબ બહુ સારું બોલ્યા કે યુવકો ધારે તો આખું બ્રહ્માંડ

'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન કરતું થઈ જાય.'

પછી ગોરધનભાઈ બાજુમાં ઊભા હતા. તેમનો હાથ પકડીને કહે : 'પણ સાધુ થવું પડે. સાધુ વિના કાંઈ સુખ થાય નહીં. કો' સાધુ થઈશ.' એમ કહી હા પડાવી, થાપો આપી, બહુ પ્રસન્નતા બતાવી.

રાતે સ્નાન કરીને બેઠા. આજુબાજુ બેઠેલા રમેશભાઈ દલાલ, ગુણવંત દાણી વગેરે સામે જોઈ કહે : 'આજે (નરનારાયણના) મંદિરે દર્શને જઈ આવ્યા. બહુ સુખ આવ્યું.' પછી કહે : 'શ્રીપુર... કેવું નામ ! ગઢડું - દુર્ગપુર ! ને વડતાલ - વૃતપુરી ! કેવાં સુંદર નામ સંતોએ આપ્યાં ! મહારાજના સંબંધનો અલૌકિક દિવ્ય મહિમા હોય તો આવાં નામ અંતરમાંથી નીકળે, નહીં તો આવાં નામ પડે નહીં.' સ્વામીશ્રીએ નવા જ દૃષ્ટિકોણથી પરમહંસોનો મહિમા કહ્યો.

અહીંથી રાજકોટ થઈ, સ્વામીશ્રી પોતાના પ્રિય સ્થાન અક્ષર મંદિર - ગોંડલ પધાર્યા.

જો કે આટલા ટૂંકા પ્રવાસમાં પણ એક-બે સ્થળે બપોરનો આરામ સ્વામીશ્રીએ જતો કર્યો હતો ને મોડે સુધી રાત્રે ઉજાગરો વેઠ્યો હતો. તેથી ફરીથી સત્સંગ-સમાજને સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સાચવવા સૂચના અપાઈ હતી કે બપોરના ૧-૦૦ થી ૩-૩૦ કોઈપણ સંજોગોમાં સ્વામીશ્રીને આરામ આપવો જ. તેમજ રાત્રે ૧૦-૦૦ પછી સૂવામાં મોડું ન થાય તે ખાસ જોવું. છતાં કેટલાક હરિભક્તો બપોરના મોડે સુધી જમવાના કાર્યક્રમો ગોઠવીને અથવા રાત્રે ખાનગીઓમાં સમય બગાડીને આ બંને નિયમોનો જાણે-અજાણે ભંગ કરી નાખતા. તેથી જ વારંવાર આવા વિશાળ સત્સંગ-સમાજને દોરવણી આપવી પડતી હતી.

નિજ સ્થાન ગોંડલમાં સ્વામીશ્રી સંપૂર્ણ સ્વસ્થ હતા. શરદ પૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો.

## અમે તો હવે સાજા થઈ ગયા છીએ

પૂર્ણિમાને દિવસે સૌ પ્રથમ સ્વામીશ્રીએ દેરીમાં મહાપૂજા કરી, સૌને આશીર્વાદ આપ્યા. ઘણા સમય પછી સ્વામીશ્રી સ્વસ્થ થતાં, બહુ મોટી સંખ્યામાં હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન માટે ઊમટ્યા હતા. સૌ સ્વામીશ્રીના સ્વાસ્થ્યની પરસ્પર ચર્ચા કરતા હતા. સ્વામીશ્રીની માંદગી-ગ્રહણ વિશ્રામ-લીલાનું ગાન કરતા હતા. જ્યારે અક્ષર મંદિરમાં સ્વતંત્રપણે બધે ફરતા સ્વામીશ્રીને જોઈ ભક્તોને આશ્ચર્ય પણ થતું હતું કે શું ખરેખર સ્વામીશ્રી બીમાર હતા !?

અહીં યુવકોના ગુરુપ્રણામ કાર્યક્રમમાં હાજરી આપી. સેવા, સાદાઈ અને સરળતા અપનાવી, સેવા કરવા પ્રમુખસ્વામીએ યુવકોને અનુરોધ કર્યો હતો. પછી સ્ટેશન પાસે આવેલા બાલ-મંદિરના નવા મકાનનું ઉદ્‌ઘાટન કર્યું. જેમાં અ.નિ. સીદીભાઈનાં ધર્મપત્નીએ મુખ્ય દાન આપ્યું હતું. મ્યુનિસિપાલિટીના પ્રમુખ તથા સભ્યો પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સવારે સનાતન સ્વામીએ સ્વામીની વાતુંની પારાયણની પૂર્ણાહુતિ કરી.

હરિભક્તોને મનમાં હતું કે પૂર્ણિમાની ઉત્સવ સભામાં રાત્રે ત્રણ કલાક સુધી બેસવું સ્વામીશ્રીને અનુકૂળ નહિ આવે. જરૂર થાક લાગશે. તેથી સૌએ સ્વામીશ્રીને વિનંતી કરી કે થોડો સમય કાર્યક્રમમાં હાજરી આપવી. ત્યારે સ્વામીશ્રી કહે : 'અમે તો હવે સાજા થઈ ગયા છીએ અને સભામાં ૧૨-૦૦ વાગ્યા સુધી બેસીશું. અમને થાક નહિ લાગે.' આ સાંભળી સૌને ખૂબ વિસ્મય થયું અને એમની ઇચ્છાને માન આપી સૌ સહમત થયા.

સ્વામીશ્રી રાત્રે ૯-૦૦ વાગે સભામાં પધાર્યા ત્યારે મંડપ હકડેઠઠ ભરાઈ ગયો હતો. ધૂન-પ્રાર્થના બાદ ગોરધનભાઈએ કાર્યક્રમની રૂપરેખા આપી અને સ્વામીશ્રીને જેમ બને તેમ ઓછો શ્રમ આપવા ગામોગામના યુવકો તથા મોટેરાઓને વિનંતી કરી હતી. પધરામણી માટે આગ્રહ ન રાખવા ખાસ જણાવ્યું હતુ.

હરમાનભાઈએ પોતાની જોશીલી વાણીમાં સ્વામીશ્રીની કલ્યાણ-યોજનાનો સૌને ખ્યાલ આપ્યો કે પહેલી યોજના યુવક પ્રવૃત્તિ, બીજી યોજના સાધુ દીક્ષા, અને હવે ત્રીજી યોજના સંપ, સુહૃદભાવ રાખી સત્સંગની વૃદ્ધિ કરવી.

મણિભાઈ સલાડવાળાના પ્રવચન બાદ રાજકોટથી આવેલ માસ્ટર વસંતનો ભજન-કીર્તનનો કાર્યક્રમ થયો. બાદ મુખ્ય યજમાનોએ ઠાકોરજી સહિત સ્વામીશ્રીનું પૂજન કર્યું. સ્વામીશ્રીએ સૌ હરિભક્તોને આશીર્વાદ આપ્યા કે સૌના દેશકાળ સુધરે અને સંપ-સુહૃદભાવ રાખી ગામોગામ સૌ સત્સંગ વધારે. ગોંડલ નરેશે આશીર્વાદ લઈ વિદાય લીધી.

મ્યુનિસિપાલિટીના પ્રમુખ શુક્લ સાહેબે જણાવ્યું કે 'ગોંડલ શહેરની ઉન્નતિ સ્વામીશ્રી અને અક્ષર મંદિરને લઈને છે.' ડૉ. દેવશીભાઈએ 'મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીની માફક આજે યોગીજી મહારાજ સત્સંગને જીવંત રાખી રહ્યા છે,' એમ કહી સ્વામીશ્રીનો મહિમા ગાયો. ચંદુભાઈ વિદ્યાધિકારી તથા હકાભાઈ ખાચરનાં પ્રવચનો પછી નારણભાઈ બાઢડાવાળા તથા શંભુસિંહે

કીર્તનો ગાયાં અને અંતે પ્રમુખસ્વામીના વક્તવ્ય બાદ જન્મોત્સવની અંતિમ પાંચમી આરતી થઈ. સૌ દૂધ-પૌંઆનો પ્રસાદ લઈ વીખરાયા.

દરેકનાં મનમાં એક જ આશ્ચર્ય હતું કે 'આટલો બધો સમય સ્વામીશ્રી સભામાં કઈ રીતે બિરાજ્યા હશે ? શું એમને થાક નહિ લાગ્યો હોય ? કે પછી ગુણાતીત જન્મોત્સવ ઊજવવા અને સૌ ભક્તોને એ નિમિત્તે દર્શનદાન આપવા જ કલાકો સુધી અલમસ્ત દશામાં બેસી રહ્યા !' એમ અલૌકિક સ્મૃતિ સાથે શરદોત્સવ ઊજવાયો.

સ્વામીશ્રીનાં દર્શને ગામોગામથી હરિભક્તો આવતા હતા. તેમને જોઈને સ્વામીશ્રીની તંદુરસ્તીમાં જાણે વધારો થતો હતો ! સૌની સારી રીતે સરભરા કરી, અક્ષર દેરીનો અપરંપાર મહિમા સ્વામીશ્રી સૌને કહેતા.

## અધ્યાત્મ-ખુમારીમાં અભયદાન

જાગા સ્વામીની જન્મ જયંતી પ્રસંગે અંબાલાલભાઈ આણંદવાળાએ *'યોગી તારા ગાવામાં ગુણગાન, ભુલાવી દે દુનિયાનું ભાન...'* એ કીર્તન ખૂબ ભાવવાહી રીતે ગાયું. મણિભાઈ સલાડવાળાએ સંપ, સુહૃદભાવ અને એકતાનો મહિમા સમજાવ્યો. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા : 'આપણે પારકો દોષ, પારકી ક્રિયા ને પારકો આકાર ન જોવાં. આજથી સૌના ગુના માફ. જે કાંઈ અભાવ-અવગુણ લીધા હોય, તે આજના દિવ્ય ઊજવણી પ્રસંગ નિમિત્તે માફ છે. હવે નવા ગુના કરવા નહીં.'

નારણભાઈ શેઠ આ અભય વચનો સાંભળી બોલી ઊઠ્યા : 'માબાપ ! આ તો ભારે વાત થઈ !'

સ્વામીશ્રી કહે : 'આજ તો મહારાજ રાજી થઈને માફી આપે છે. આજનો દિવસ મહાન છે. આપણે જાગા સ્વામીના ગુણો શીખવા. અને સ્વામીને, શાસ્ત્રીજી મહારાજને વશ કરવા.'

સ્વામીશ્રીની વાતોમાં એવી અધ્યાત્મ ખુમારી હતી કે સાંભળનારને જરૂર અનુભવાય કે મહારાજે મારા બધા ગુના માફ કર્યા છે !

અહીં રોજ સવારે ૪-૦૦ વાગે અક્ષર દેરીમાં સંતો *'પ્રભાતે પ્રેમવતી પ્રેમમાં...'* એ પ્રભાતી ગાતા. એક દિવસ થોડું મોડું થવાથી સંતો ઠાકોરજી જગાડી, મંગળા આરતી કરી, સ્વામીશ્રીનાં દર્શને આવ્યા.

સ્વામીશ્રી કહે : 'આજે પ્રભાતિયું કેમ ગાયું નહીં ?'

'બાપા ! મોડું થયું હતું.'

'ગુરુ ! આ તહેવારના દિવસો છે. હવે મોડું નો થાય ! પગીને કહેજો કે વહેલા ઉઠાડે. તમે ગાવ છો તેથી મને ધ્યાન થાય છે, બહુ સુખ આવે છે.'

## મારે સ્થાને પ્રમુખસ્વામીને પધરાવો

આ પ્રસંગે સૌ હરિભક્તોની પ્રાર્થનાથી એક ઐતિહાસિક નિર્ણય લેવાયો. સ્વામીશ્રીએ હરિભક્તોને આજ્ઞા કરી કે 'પોતાને સ્થાને હવે પ્રમુખસ્વામીને સૌ પધરામણીએ લઈ જાય.' ગોંડલના પ્રતિષ્ઠિત સદ્ગૃહસ્થ ચુડાસમા સાહેબે સ્વામીશ્રીની આજ્ઞાથી પોતાને ત્યાં પ્રમુખસ્વામીની પધરામણી કરાવી આ નિયમનો પ્રારંભ કર્યો હતો.

આમ, સમગ્ર સત્સંગ-સમાજને એક નવો આદેશ મળ્યો કે સ્વામીશ્રીને બહુ તકલીફ ન આપતાં, તેમના સ્થાને પ્રમુખસ્વામીને પધરાવી સૌ એટલો જ રાજીપો મેળવે. જો કે મોટાપુરુષની અનુવૃત્તિ પાળવાથી તો અધિક રાજીપો મળે છે. એક નવી ટેવ પાડવાની સૌને આજ્ઞા મળી. તેમજ પ્રમુખસ્વામીનો મહિમા, એમની ગુણગંભીરતા યુક્ત અસીમ સાધુતાનો પરિચય સૌને મળવા લાગ્યો.

આજથી લગભગ થોડાં વર્ષો ઉપર જ અક્ષરધામગમન પહેલાં સ્વામી શાસ્ત્રીજી મહારાજે માત્ર ૨૮ વર્ષના આ યુવાન સંતને સંસ્થાના પ્રમુખ તરીકે પોતાના સ્થાને નિયુક્ત કર્યા હતા, ત્યારે જ સંપ્રદાયમાં ઘણાખરાને એમની મોટપનો મર્મ સમજાવ્યો હતો. પછી શાસ્ત્રીજી મહારાજની જ આજ્ઞા પ્રમાણે પ્રમુખસ્વામી, યોગીજી મહારાજની છત્રછાયામાં સંસ્થા-સત્સંગ સેવાની વિવિધ જવાબદારીઓ શ્રદ્ધા અને મહિમાપૂર્વક સંભાળવા લાગ્યા. દરેક કાર્યમાં યોગીજી મહારાજની મરજી અને આજ્ઞા પ્રમાણે તેઓ આગળ વધતા અને એમને પ્રસન્ન કરવાના એકમાત્ર ધ્યેયથી સેવા કુશળતાપૂર્વક બજાવતા. સાથે સત્સંગના અન્ય નાના-મોટા સંતો તથા હરિભક્તોની પણ પ્રસન્નતા મેળવવાનું તેઓ ચૂકતા નહિ. અત્યંત નમ્રભાવે, શાંતભાવે, ગંભીરભાવે, કોઈપણ જાતના હૂંહાટા વગર સેવા કરવાની એમની આગવી રીત હતી, તેથી એમને સમજવા-ઓળખવા મુશ્કેલ હતા. અંતરમાં એકમાત્ર ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પ્રત્યેના અનન્યભાવથી જ સતત પ્રેરાઈને, અણીશુદ્ધ વર્તનથી અને અતિ નિર્માની ભાવે, સદા પોતાના ગુણો છુપાવીને એમ કરતા આ સંત અકળ હતા.

આથી જ પ્રસંગોપાત્ત સ્વામીશ્રી કહેતા કે 'પ્રમુખસ્વામી તો શાસ્ત્રીજી

મહારાજની જગ્યાએ છે. શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે.' એવો મહિમા સૌને સમજાવતા. અને એમને ઓળખવાની સૌને દૃષ્ટિ આપતા કે આ દેખાય છે નાના એવા શાંત, ગુણગંભીર સંત, પણ રખે ભૂલતા ! એ સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજ જ છે !

નાદુરસ્ત તબિયતમાં પોતાના સ્થાને પ્રમુખસ્વામીને પધરામણીએ લઈ જવાની સમયોચિત - વિશેષ આજ્ઞા કરી, સ્વામીશ્રીએ એમના સ્વરૂપને ઓળખવાની અને એમની સેવા કરી રાજી કરવાની વિશેષ તક સૌને આપી.

અન્નકૂટનો સમૈયો અદ્ભુત ઊજવાયો. નવા વર્ષે સ્વામીશ્રીએ ત્રણ સંકલ્પો કરી ધૂન કરાવી : ૧. નિર્દોષબુદ્ધિ સૌને સિદ્ધ થાય. ૨. સંપ, સુહૃદભાવ રાખવો. અને ૩. અભાવ, અવગુણ, દ્રોહમાં ન પડવું. એમ કહી સૌને રૂડા આશીર્વાદ આપ્યા.

નવા વર્ષમાં સૌ હંમેશાં આશીર્વાદની ઝંખના કરતા હોય, તેથી સૌને વિશેષ આનંદ પ્રાપ્ત થતો. જો કે આશીર્વાદની ગંગા તો સ્વામીશ્રીની સંનિધિમાં નિત્ય વહેતી રહેતી. સ્વામીશ્રીનો આશીર્વાદનો થાપો વારેવારે પામવાની ઇચ્છા કોઈ ટાળી શકતું નહિ. એ માટે નાના-મોટા સૌ ભાન ભૂલી, એમના ખોળામાં પાગલ બની માથું મૂકી દેતા અને ધબ્બો મળ્યા પછી જ માથું ઊંચું કરી શકતા. એવું એ ધબ્બામાં જાદુ હતું. *'હાં રે એના થાપે થર થર કંપે, પહાડો ઓલા પાપના રે જી...'* ભક્ત-કવિની એ ઉક્તિ જ એ ધબ્બાનું જાણે અનુભવ પ્રમાણ હતું. ગમે તેવી વજ્રની છાતીવાળો પણ કોમળ કુસુમદિલ બની જતો, સ્વામીશ્રીનાં ચરણોમાં હૃદયથી રડી પડતો, થોડી ક્ષણો માટે નિર્દોષ થઈ જતો. એ થાપા વગર કોઈને ચેન પડતું નહિ. જગતનાં દુ:ખો ભૂલવાની જાણે મહાન ઔષધિ હોય ! મનને પ્રફુલ્લિત કરવાનું પ્રેમરસાયણ હોય ! એવો એ સ્વામીશ્રીના આશીર્વાદનો ધબ્બો સૌના આત્માનો આનંદ હતો !

## પળમાં કોટિ કલ્પનું કામ સત્પુરુષ કરી દે

નવા દિવસે ચુડાસમા સાહેબ પોતાના મિત્ર રાજકોટના શેઠ તારાચંદભાઈને સ્વામીશ્રીનાં દર્શને લાવ્યા હતા. ઉપદેશનાં બે બોધ વચનોમાં સ્વામીશ્રીએ તેમને રહસ્યની વાતો કહી દીધી :

'સાચા સંત એક જ મિનિટમાં આત્યંતિક કલ્યાણ કરી દે. વચનામૃત સા. ૧૧ પ્રમાણે અંત ઘડીએ પણ જો સાચા સંતનો જોગ થઈ જાય ને દિવ્યભાવથી

જીવમાં એમ થઈ જાય કે 'આ જ મારા કલ્યાણના દાતા,' તો પળમાં કોટિ કલ્પનું કામ સત્પુરુષ કરી દે.'

આ દિવસોમાં, 'આઠ ગ્રહની યુતિ થવાની છે અને એના ઘેરા પ્રત્યાઘાતો અનિષ્ટરૂપે પડવાના છે' વગેરે વાતો, દેશમાં સર્વત્ર ચર્ચાનો વિષય બની હતી. એના અનુસંધાનમાં એક ભક્તે પૂછ્યું કે 'ગ્રહો આ વર્ષે નડવાના છે - એમ જ્યોતિષીઓ કહે છે...'

તે સાંભળી સ્વામીશ્રી કહે : 'ભગવાનના ભક્તોએ એવાં લખાણ વાંચીને થડકવું નહિ. આશરો અને ટેક હશે તો ગમે તેવા નબળા દેશકાળ હોય કે ગ્રહ-પનોતી નડવાની હોય કે મહાપ્રલય જેવું દુઃખ આવવાનું હોય, તોપણ નહિ લાગે. સ્વામિનારાયણ નામના ભજનના બળે તે કાંઈ કરી શકતા નથી. માટે પુણ્ય કરતા રહેવું. તે શું ? તો વચનામૃત તથા સ્વામીની વાતોની પારાયણ કરવી; તો મહાકાળ પાછો પડે. તે અમારા અંતરના આશીર્વાદ છે.

'ભગવાન સર્વ પ્રકારે ભક્તોની - આશરાવાળાની રક્ષામાં જ બેઠા છે. માટે ભજન કર્યા કરવું. બાકી દુઃખ પડ્યા વિના જીવ ભજન કરવા નવરા થાતા નથી, તેથી કાળ વીફરે છે; પણ ભક્તોને તેની અસર થતી નથી. તેવો મહારાજનો કોલ છે. તો આનંદમાં રહેવું. આશરો દૃઢ રાખવો. સેવા કર્યા કરવી.'

## ...તો આપણું ગાડું કેમ હાલે ?

અહીં એક દિવસ સ્વામીશ્રી ઠાકોરજીને હાથ જોડી એક દૃષ્ટિએ, આર્દ્ર હૃદયે દર્શન કરી રહ્યા હતા. મૂર્તિમાં વિશેષ દૃષ્ટિ પરોવતાં સ્વામીશ્રી બોલ્યા : 'જય સ્વામિનારાયણ.'

આ દિવ્ય મિલનના બિનઅનુભવી એક સેવકે અજાણતાં જ કહ્યું : 'કોઈ સાંભળતું તો નથી.'

જાગ્રતમાં પણ નિર્વિકલ્પ સમાધિનું સુખ નિત્ય અનુભવતા સ્વામીશ્રી તુરત કહે : 'મહારાજ સામે કહે છે - 'જય સ્વામિનારાયણ,' પણ તમને એ સંભળાય નહિ.' સ્વામીશ્રીએ સ્મિત કરતાં મૃદુ અવાજે પણ દૃઢતાથી કહ્યું. સૌ સાશ્ચર્ય આનંદ પામ્યા.

'મહારાજ ન કહે તો આપણું ગાડું કેમ હાલે ?' સ્વામીશ્રીએ થોડા શબ્દોમાં વધુ ખાતરી આપતાં જણાવ્યું.

✧

નવા દિવસોમાં ગોંડલમાં સંતો-હરિભક્તોને અત્યંત આનંદ પમાડી સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. કારતક સુદ એકાદશીનો સમૈયો અહીં કર્યો. મંત્રીશ્રી જશવંત શાહ તથા સરકારી વકીલ એચ.એમ. ચોકસીએ સારો લાભ લીધો.

વર્ષોવર્ષ આ દિવસે અહીં સ્વામીશ્રી લગભગ આખો દિવસ પધરામણીઓ કરતા. એ આગ્રહ કેટલાક અતિ પ્રેમી ભક્તો જતો કરી શક્યા નહિ અને ચાર પધરામણીઓ થઈ. આટલા બધા નિયમન પછી પણ ભક્તો પોતાના ઐહિક સ્વાર્થ આગળ સ્વામીશ્રીના સ્વાસ્થ્યનો વિચાર કરી શકતા નહિ, તે એક શોચનીય બાબત હતી. આવા પ્રસંગે જરૂર જણાઈ આવે કે આપણો સત્સંગ અંગત લાભોના માટેનો જ છે. મહારાજના મળેલા સંતનો આધ્યાત્મિક લાભ લઈ, અક્ષરધામનું ભાથું બાંધવાને બદલે, આ લોકની મમતા આપણે છોડી શકતા નથી. આવા પરમ એકાંતિક સંતના સહારે એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનો માર્ગ ક્યાંય ચૂકી જવાય છે, અને દૈહિક સત્સંગમાં જ જીવન સમાપ્ત થાય છે. મોટાપુરુષ તો અતિ દયાળુ છે. તેથી જીવને નભાવવા તેના મનોરથો પૂર્ણ કરવા પ્રયત્ન કરે, પણ આપણી ખોટ એમની એમ રહે છે.

કોઈ સમજે એવા હોય તેને તો સ્વામીશ્રી જાતે જ આદેશ આપતા કે 'હવે પ્રમુખસ્વામીને પધરામણીએ લઈ જાવ. તેમાં હું આવી ગયો.' અને જે આ આજ્ઞા પાળતા તેના ઉપર વિશેષ રાજીપો પણ રહેતો. આમ, હવે સ્વામીશ્રી જ પોતાની જગ્યાએ, પ્રમુખસ્વામીને પધરામણી કરવા મોકલતા અને એ રીતે પ્રમુખસ્વામીનો મહિમા સૌને સમજાવતા.

અહીંથી નીકળી વડતાલ દર્શન કરી, પૂનમના સમૈયા ઉપર સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. અહીં કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ સત્સંગ વધારવાના ત્રણ મુદ્દાઓ સમજાવ્યા :

૧. નિષ્ઠાની દૃઢતા કરવી. સહજાનંદ સ્વામી સર્વોપરી ભગવાન, એમને રહેવાનું ધામ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી, અને પ્રત્યક્ષ સ્વરૂપ એ જ મોક્ષનું દ્વાર. આવી પ્રગટ ઉપાસનાની દૃઢતા કરવી ને હેતથી તથા વિવેકથી બીજાને કરાવવી.

૨. ભગવાન, ભગવાનના સંત અને એમના સંબંધવાળા હરિભક્તોમાં નિર્દોષભાવ ને દિવ્યભાવની દૃઢતા કરવી. એમના કલ્યાણકારી ગુણો કહેવા અને સાંભળવા. સંપ અને એકતા રાખી, કથાવાર્તા, સેવા, સમાગમ કર્યા કરવા. અભાવ-અવગુણમાં પડવું નહિ.

૩. ભગવાન ને ભગવાનના ભક્તનો મહિમા સમજી, સ્વધર્મયુક્ત સેવા કરવી. દશાંશ, વિશાંશ ધર્માદો ચોખ્ખો કાઢવો. મોટાપુરુષની રુચિ અને ગમતા પ્રમાણે સૌએ ભેગા મળી સેવા ઉપાડી લેવી. રાખ-રખાવટ થતી હોય, નિયમ-ધર્મ મુજબ કથાવાર્તા થતી હોય, તો સૌને મોટાપુરુષનો ને મંદિરનો ગુણ આવે. જેથી સહેજે જ સેવા થતી જાય ને સત્સંગ વધતો જાય. કહેવું ન પડે.

ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજના જન્મ સ્થાન મહેળાવમાં સ્વામીશ્રીએ સંતો-હરિભક્તોની મોટી હાજરીમાં ઉત્સવ ઊજવ્યો. અપરંપાર ગુરુમહિમા વર્ણવ્યો અને જણાવ્યું કે 'ભવિષ્યમાં આ સ્થાન મહાન તીર્થસ્થાન બનશે અને હજારોને કલ્યાણના માર્ગે દોરશે.' ચંપકભાઈ શેઠ, હરમાનભાઈ તથા મણિભાઈ સલાડવાળાએ ગુરુમહિમા મુક્તકંઠે ગાયો હતો.

અહીંથી અટલાદરા થઈ, તા. ૬-૧૨-'૬૧, સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં સાંજે મુંબઈ પધાર્યા.

## અક્ષર ભુવનનું ઉદ્‌ઘાટન

મુંબઈની મધ્યમાં, દાદર સ્ટેશન સામે આવેલું તુલસી ભુવન, હવે 'અક્ષર ભુવન'માં પરિણમ્યું હતું. મુંબઈના આ હરિમંદિરમાં સંતો ધનતેરસથી રહેવા આવી ગયા હતા. અન્નકૂટોત્સવ સારી રીતે ઊજવાયો. સંતો-હરિભક્તોનો ઉત્સાહ દિન દિન પ્રત્યે વૃદ્ધિને પામતો હતો. સ્વામીશ્રીના આગમનને કારણે મંદિર સુશોભિત કરવામાં આવ્યું હતું. ઉપરના માળે સંતો સાથે સ્વામીશ્રીના આવાસની પણ ખાસ વ્યવસ્થા ગોઠવી હતી. ભારે ઉત્સાહ અને જયનાદો વચ્ચે સ્વામીશ્રીએ અક્ષર ભુવનમાં પધરામણી કરી. સંતોને મળીને ખૂબ રાજી થયા.

## અમારા જૂનાગઢમાં

અહીં વહેલી સવારે મંગળ પ્રવચનમાં તેમજ બપોરે ઠાકોરજીને થાળ ધરાવ્યા પછી અને ઉત્થાપન પછી સ્વામીશ્રી સંતોને સંબોધતા. સવાર-સાંજ હરિભક્તોની સભામાં કથાવાર્તા તો ચાલતી જ રહેતી.

તા. ૭-૧૨-'૬૧, સવારે ૫-૩૦ વાગે મંગળ પ્રવચનમાં, ઘણા સમય પછી એકધારું ૪૩ મિનિટ સ્વામીશ્રી બોલ્યા. કારતક વદ અમાસ, ગુરુવારનો શુભ દિવસ હતો. સ્વામીશ્રી સંતોને ઉદ્દેશીને કહે :

'અમારા ગુરુ કૃષ્ણચરણદાસ પાસે ૨૦ સાધુ ફરતા. 'હું રસોઈ કરું,' 'હું

દાતણ લાવું,' – એમ સેવામાં ખેંચાખેંચી થાય. ભગત હોય તે પાયખાનાં સાફ કરે, ફળી વાળે. સંત હોય તે પાણિયારાં સાફ કરે, પાણી ભરે, રસોઈ કરે. ગુરુનું મંડળ કહેવાય. વંદુનાં કીર્તન ગાય. બપોરે નાહી લે. ગુરુ બે વચનામૃત વંચાવે પછી ગોડી થાય. ૭ વાગે આરતી થાય. તેમાં દેડકિયા દંડવત્ ન કરવા. કેડ હલે તે દેડકિયા. દેડકિયામાં કેડ ઊંચી થાય. આપણે સાષ્ટાંગ દંડવત્ કરવા.

'પછી શ્લોકો-અષ્ટકો બોલાય. પછી ધૂન થાય. ધૂન પછી માનસી ૫-૧૦ મિનિટિ થાય. પૂજારી કેળાં વગેરે મેવો ધરે, પાણીનો પ્યાલો ધરે. ચળુંમાં પાંચ મિનિટ ખમવું. પછી પ્રસાદ વહેંચે. નાના સંતો કીર્તન ગાય. હરિભક્તો બધા વાળુ કરવા જાય. સંતો માળા કરે. કોઈને ભૂખ લાગે તો ખાય.

'૮-૩૦ વાગે વચનામૃત ઉપર ગુરુ વાત કરે. સંતો ટટ્ટાર બેસે. બે કલાક કેડ અધ્ધર ! પેશાબ કરવાય ન જાય. ૧૦-૩૦ વાગે કથા પૂરી થાય. પછી સ્વાભાવિક ચેષ્ટા - વંદુનાં પદ. હરિભક્તો ઘરે જાય. ગુરુ સંતોને બેસાડીને સાંખ્યની વાત કરે કે 'આસન ન પાથરવું, હાથનું ઓશીકું કરવું; એમ શોભાડવું. ક્રોધ ન કરવો. કામ એકબીજાનું કરી લેવું. હરિભક્તોને ગુણ આવે તેવી ક્રિયા કરવી. બારના ટકોરે સંતોને સૂવું. પૃથ્વી ભેગા શયન કરવું. ચારના ટકોરે ઊઠો. માનસી કરો.' ગુરુ એમ જ્ઞાનની વાત કરે.

'પછી પાંચને ટકોરે નદીએ, કૂવે સંતો ના'વા જાય. દોરડું કૂવે લઈ જાય. અમારા ગુરુ ઊને પાણીએ ના'તા નહીં. પોતે નદીએ ભેળા હાલે. ૫-૩૦ વાગે પૂજા-કીર્તન-વાતું ઘોષ થાય. ૬ વાગે કથાવાર્તા વચનામૃત, તે દા'ડે ઉકાળા-પાણી નહિ, નાસ્તા નહિ. એમ ને એમ ધામધૂમ હાલે.

'નાનો સાધુ સાંજે છાશ ને ટાઢો રોટલો ખાય. સાંજે જમવાનું નહિ. જૂના સાધુ બપોરે એક વખત જમે. ભૂખ લાગે તો ૧૧-૩૦ વાગે (રાતે) દાળિયા પાશેર ફાકે. પાણી પીએ ને સૂઈ જાય. આમ, દિનચર્યા.

'૮ વાગે સાધુ રસોઈ કરે. દાળ-ચોખા ધૂવે. શાક સુધારે. લોટ આવે ત્યારે ચાળીને થાળી ફેરવે, તેથી જીવડાં હોય તે ઉપર આવે. જીવડાંવાળો લોટ પાછો મોકલે. રોટલા ઝાઝા કરે. લાડવા ઓછા - એક એક લે. વધ્યો પાછો મોકલે. સાંજે નાના સાધુ માટે પાંચ રોટલી રાખે. ઘીનો-તેલનો છાંટો પાછો મોકલે. 'શું સંતો જમ્યા !' એમ ગુણ આવે. ધર્માદાના ખરડામાં ૧૦૦ મણ - ૫૦ મણ લખાવી દે. ગામડાંમાં સુખડી શેકાય નહિ. પ્રસાદી લાવ્યા હોય તે વહેંચે.

'આવા અમારા જૂનાગઢના સાધુ હતા. ગુણ દરેકને આવે. કોઈ ૧૩,

કોઈ ૧૪, કોઈ ૧૫ કે કોઈ ૧૬ વર્ષના હતા. વયા જઈએ તેવો સંકલ્પ નહીં. સ્વામી ખેંચી લે. સ્વામી કેમ રાજી થાય તે તાન. શાસ્ત્રીજી મહારાજ કેમ રાજી થાય તેવું તાન રાખવું.

'વર્તણૂક ચોખ્ખી હોય, ઉપાસના ચોખ્ખી હોય અને એક રુચિ હોય તો ગુણ આવે. નાની ઉંમરમાં જે વિદ્યા આવડે છે તે મોટી ઉંમરમાં ન આવડે.

'મન છે એ અસુર છે, દ્રોહી છે, નિર્લજ્જ છે.

'આ બ્રહ્માંડમાં તમને જે ભગવાન તથા સંત મળ્યા છે, તે બીજાને કોઈને મળ્યા નથી.

*'આ બ્રહ્માંડમાં આપણા તુલ્ય, ભાગ્યશાળી માનો એ જ ભૂલ્ય...'*

'પાંચ વર્તમાનમાં નિર્માની ગુણ શ્રેષ્ઠ છે. ગમે તેવું ભણ્યા હોઈએ તોપણ નિર્માની થવું. તે ગુણ શીખવો. તે ભક્તિ છે. શ્રેષ્ઠ વર્તમાન છે.'

## મા-બાપ સ્વામિનારાયણ, ગામ અક્ષરધામ

આજે બપોરની કથામાં ૧૨-૩૦ વાગે પણ સંતોને ઉદ્દેશીને જ પ્રેરણાત્મક વચનો કહ્યાં.

ગ.પ્ર. ૪૩ વચનામૃત વંચાવતાં વાત આવી કે '...સેવાને જ ઇચ્છે...' ત્યારે પૂછ્યું : 'સેવા એટલે શું ? ભગવાનને અખંડ ધારી રાખવા. સંબંધવાળામાં નિર્દોષભાવ.'

પછી ગ.પ્ર. ૪૪ વચનામૃત સમજાવતાં કહ્યું :

'આપણાં મા-બાપ સ્વામિનારાયણ છે. આપણું ગામ અક્ષરધામ છે. આપણે ત્યાગીએ આ વચનામૃત જીવમાં ઉતારવું.

'આ વચનામૃતમાં મહારાજે કહ્યું કે 'એવો સાધુ તો હું છું.' એટલે શું ? એવા સાધુ સહજાનંદરૂપ છે.'

'શાસ્ત્રીજી મહારાજે એક સંતને વાત કરી, ત્યારે તે કહે : 'એ વાત બુદ્ધિમાં બેસતી નથી.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'નહિ બેસતી હોય તો બેસાડવી પડશે.' આપણી બુદ્ધિ ક્યાં ને મોટાપુરુષ ક્યાં !?'

બપોરે ઠાકોરજીના ઉત્થાપન સમય પહેલાં સ્વામીશ્રી ઠાકોરજીના ખંડમાં આવી જતા. ધ્યાન કરતા. ઉત્થાપન પછી આજુબાજુ વીંટળાઈને બેઠેલા સંતોને ઉદ્દેશીને વાત કરતા. આજે ગ.પ્ર. ૪૭ વચનામૃત વંચાવ્યું અને સ્વામીશ્રી કહે : 'ચાર નિષ્ઠામાં ધર્મનિષ્ઠા પ્રથમ જોઈએ. પછી બીજી નિષ્ઠા આવે.'

ભક્તિનિષ્ઠાનાં લક્ષણમાં આવ્યું : '...ભગવાનના સ્વરૂપથી અન્ય એવા જે માયિક પદાર્થ તેને વિશે પોતાના મનની વૃત્તિને ધારી શકે નહિ...' એ સમજાવતાં કહે : 'બીજા ગમે તેવા હોય, પણ ભગવાન અને સંતને મૂકીને તેને વિશે હેત ન થાય.'

ગ.પ્ર. ૪૯ સમજાવતાં કહ્યું : 'ભગવાન અને સંતની આજ્ઞા પાળવી એ જ અંતર્દૃષ્ટિ છે.'

એ જ રીતે રાતની જાહેર સત્સંગ સભામાં પણ ચાર પ્રકારની મુક્તિ ઉપરાંત પાંચમા પ્રકારની મુક્તિની વાત કરતાં જણાવ્યું 'ગ.પ્ર. ૪૩ વચનામૃતમાં ભક્ત ચાર પ્રકારની મુક્તિને નથી ઇચ્છતો અને સેવાને ઇચ્છે છે, તે વાત આવી. સેવા શું ? અખંડ ભગવાનને ધારવા. એ જેવી બીજી સેવા નથી. જીવમાં ભગવાન પધરાવી દ્યો ને કોઈનો અવગુણ ન લ્યો, એ સમાસ થયો.'

## દેહનો અનાદર કરશો તો આદર થશે

વહેલી સવારે મંગળ પ્રવચનથી જ સ્વામીશ્રીની બળભરી વાતોના પડકારા શરૂ થઈ જાય. ગમે તે સમયે પણ એમના મુખમાંથી મહિમાની-આત્મબળની વાતો સતત વહેતી રહેતી. મુદ્દાનાં વચનામૃતો ઉપર સચોટ વાતો કરી, અદ્‌ભુત પ્રેરણા આપતા.

મંગળ પ્રવચનમાં વચનામૃત લો. ૧૭ના મુદ્દાઓ નિરૂપ્યા. આ વચનામૃત સ્વામીશ્રીએ બધા સંતોને મોઢે કરવા આજ્ઞા કરી હતી. સ્વામીશ્રી બોલ્યા :

'દેહના અનાદરથી વિપરીત મતિ ન થાય. જેમ-તેમ, જેવું-તેવું, જ્યાં-ત્યાં ચલાવી લેવું, એ વાત અનાદર. કોઈ વસ્તુ ખાવા મળે - ન મળે, તો દેહના આદરવાળાને રીસ થાય. દેહનો અનાદર કરશો તો (જગતમાં બધે) આદર થશે.

'માહાત્મ્ય જ્ઞાને સહિત યથાર્થ નિશ્ચય શું ? મહારાજ વિના કોઈ ભગવાન નથી, સર્વ અવતારના અવતારી; એમને રહેવાનું ધામ ગુણાતીત; ને મોક્ષનું દ્વાર પરમ એકાંતિક, તેને ને ભગવાનને છેટું નથી. ગ.પ્ર. ૨૭, છે. ૨૬ પ્રમાણે એવા સંતમાં ભગવાન નિવાસ કરે. નિશ્ચય જીવમાં હોવો જોઈએ; દેખાડવાનો નહિ. *'ચાકર તેરા પણ કહ્યા નહીં કરું'* એમ નહિ; પણ કહે તેમ કરે તે નિશ્ચય.

'મૂંઝવણ ન થાય. આજ્ઞા પૂરી પાળે તો નિશ્ચય, નહીં તો કાચો-પાકો. આજ્ઞાએ કરીને મૂર્તિ ભેગી આવે છે. 'જાવ આની ભેગા,' તો કહે - 'મને ફાવતું નથી, બનતું નથી;' અને આમ કહે કે 'અણુ અણુમાં ભગવાન રહ્યા છે.'

પણ મનનું કહ્યું ન કરે, મનથી ઉદાસ રહે, 'હે મન ! ચોરાસીમાં તું જ નાખે છે, કનડે છે,' એમ યથાર્થ નિશ્ચયવાળો તે કોઈનાથી દબાય નહિ. મહારાજ પુરુષોત્તમ નારાયણ બધે જ દેખાય.

'નિર્માનીપણે રહે તો દેશકાળ ન લાગે. અવગુણ-અભાવ ન આવે. *'જેના નિર્માની ભગવાન...'* આપણા ભગવાન ને ગુરુ ગુણાતીત છે. તે નિર્માની છે. કોઈ આપણને કહે : 'અક્કલ ઓછી છે.' તો હસી કાઢવું.

'એક વખત ગાંધારીએ દુર્યોધનને કહ્યું કે 'કાલે વસ્ત્ર પહેર્યા વિના આવજે, તને વજ્રનો કરી દેવો છે.' બીજે દિવસે તે સાવ નગ્ન થઈને માતા પાસે જતો હતો. કૃષ્ણ પરમાત્માએ જાણ્યું કે 'આ તો નખ્ખોદ કાઢ્યું ! જો આ સાવ વજ્રનો થશે, તો પાંડવોના ભુક્કા કાઢશે.' એટલે માળીનું રૂપ લઈ રસ્તે ફૂલનો તંગિયો લઈને બેઠા. દુર્યોધન ત્યાંથી નીકળ્યો એટલે પૂછ્યું : 'આમ નગ્ન થઈને ક્યાં જાય છે ?' દુર્યોધને વાત કરી. ત્યારે ભગવાન કહે : 'મુરખ થા મા. મા આગળ નગ્ન ઊભું ન રહેવાય.' પછી ફૂલનો તંગિયો બતાવ્યો ને કહે : 'આ પહેરી લે. બાધ નહીં આવે. પહેર્યુંયે કહેવાય ને વસ્ત્ર નથી એટલે ન પહેર્યું પણ કહેવાય.'

'દુર્યોધનને વાત બરાબર બેસી ગઈ. પછી એ પહેરીને ગયો ને ગાંધારીએ જ્યાં પાટા ઉઘાડી દૃષ્ટિ કરી ત્યાં તંગિયો દીઠો : 'આ કેમ પહેર્યું ?' દુર્યોધને માળી મળ્યો તે વાત કરી. ત્યારે ગાંધારીએ માથું કૂટ્યું ને બોલ્યાં : 'એ માળી નહીં વનમાળી (કૃષ્ણ) હશે. હવે તું આખો વજ્રનો થઈ ગયો, પણ કેડે કાચો રહી જઈશ.'

'પછી જ્યારે ભીમસેન અને દુર્યોધનને ગદાયુદ્ધ થયું, ત્યારે કૃષ્ણે ભીમને સમશામાં સમજાવ્યું કે 'કેડ ઉપર ગદા માર.' પછી ભીમે એવી રીતે મારી નાખ્યો.

'આપણે બધાં અંગે પાકા થવું. ગુણાતીત થવું. કથાવાર્તા, સેવા, ભક્તિમાં પાકા થવું; તો કોઈ અંગ કાચું ન રહે. કોઈ શબ્દ મારે તો સત્સંગમાંથી પડી ન જઈએ.

'સમાગમથી નિર્માની થવાય. દેશકાળ ન લાગે. સત્સંગમાં મોટા નેતા થઈ જઈએ. અઠવાડિયે લો. ૧૭ વાંચી નિરૂપણ કરવું. બે કલાક કાઢવા. સ્વામી ગામડે વંચાવતા. જ્ઞાને કરીને મૂંઝવણ ટળે.'

કથા પ્રસંગમાં પ્રભાતી પદો, કીર્તનો, વચનામૃતો અને સ્વામીની વાતો નિરૂપી સ્વામીશ્રી કેટલીક રહસ્યની વાતો કરતા. અવનવા મુદ્દાઓ સ્પષ્ટ કરતા. સમજાવતા ત્યારે શ્રોતાજનો મુગ્ધ થઈ જતા. સ્વામીશ્રી કહેતા :

'મન અમન થવું એટલે ભગવાન આકારે વૃત્તિ થઈ ગઈ. આપણું મન સત્પુરુષ થયા. ગ.પ્ર. ૫૧ પુરુષોત્તમરૂપ થવું.

'ગ્રામ્યવાર્તા ન કરવી. પાશેર દહીં દૂધના દરિયામાં મેળવણ તરીકે નાખીએ તો ખોઈ બેસીએ.

'કલ્યાણનું જતન શું ? ભગવાન તથા સંતમાં મનુષ્યભાવ કોઈ દિ' આવવા ન દેવો.

'જતન શું ? સાચવવું તે. પહેલો સંતનો મનુષ્યભાવ આવે. પછી મોટા-પુરુષનો. પછી ઈષ્ટદેવનો. એમ ઠેઠ સુધી અભાવ આવે.

'હીરા વતે હીરો વેંધાય તે શું ? ભગવાન વતીના પુરુષ છે, તેનાથી ભગવાન ઓળખાય. સાક્ષીરૂપ ભગવાન છે ને બહાર પ્રત્યક્ષ ભગવાન છે, તે સાક્ષીમાં હા પાડે ત્યારે હીરો વેંધાયો કહેવાય.'

## ભક્તોની ચરણરજમાં રહેવાય એવું માગવું

તા. ૯-૧૨-'૬૧, મંગળ પ્રવચનમાં કા. ૯ વચનામૃત સમજાવ્યું. વચનામૃત નિરૂપણમાં સ્વામીશ્રી સંતો-હરિભક્તોને ભાવાર્થ પણ પૂછતા. સૌને જાગ્રત રાખતા. સ્વામીશ્રી કહે :

'ભીડો ખમવો તે ભક્તિ. ભક્તિ એટલે ? નિર્દોષબુદ્ધિ; સેવાભાવ; ભગવાનમાં દિવ્યભાવ; સંબંધનો મહિમા. ઊંચે સાદે ન બોલાય. વેણ ન મરાય. વેણ માર્યું તે શાસ્ત્રીજી મહારાજને માર્યું કહેવાય. ઉદ્ધવજી તથા ગોપીઓની વાત શાસ્ત્રીજી મહારાજ બહુ કરતા. સ્વામીના સંબંધવાળાનો મહિમા આપણે સમજવો. એમની ચરણરજમાં રહેવાય એવું આપણે માગવું.

'સંબંધનો મહિમા જાણ્યો હોય તો રીસ ન ચડે. આંટી ન પડે. દાસપણું આવે. અવગુણ આવે જ નહિ. આપણે એની આગળ કુચ્ચા છીએ. દિવ્યભાવ રહે. આ વચનામૃત સિદ્ધ થાય તો દિવ્યભાવ અખંડ રહે.'

સવારની કથામાં સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ ગ.પ્ર. ૧૫, ૧૬, ૧૭, ૨૧, ૫૮ વગેરે વચનામૃતો બપોરે બહુ વંચાવતા. ત્રણ કલાક નિરૂપણ કરતા.' એમ વાત કરતાં ગ.પ્ર. ૧૭ વચનામૃત સમજાવ્યું. હરિભક્તોની સભામાં પણ સ્વામીશ્રી સંતોને ઉપદેશતા. કદાચ સંતોને વધુ જાણપણું રહે. હરિભક્તોને પણ સંતોના નિયમોનો પરિચય મળે.

સ્વામીશ્રી કહે : 'મોળી વાત કરે ત્યારે કાનમાં પૂમડાં ઘાલી દેવાં. ચાલી

નીસરવું.' એમ કહી આંખ બંધ કરી, કાનમાં બે આંગળી મૂકી, સ્મરણીય લટકું કર્યું.

એક સંતે ગાતરિયું ઓઢ્યું ન હતું. સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'ગાતરિયું ઓઢી લ્યો.' પછી સંતોને સૂચન કરતાં કહે : 'જરૂર વિના ટેલિફોન કરવો નહિ ને લેવો નહિ. ઓઠીંગણ ન દેવું. પેપર ન વાંચવું. બધાને જમવાનું પીરસાઈ જાય પછી જમવાનું શરૂ કરવું. જમ્યા પછી અષ્ટક બોલવાં (જમવાના અંત ભાગમાં). કથામાં માળા લઈને બેસવું. જમવાની ૨૫ માળા ફેરવવી.'

બીજે દિવસે સવારે વચનામૃત ગ.પ્ર. ૨૧ પ્રશ્નોત્તર સ્વરૂપમાં સમજાવતાં કહે : 'ઝાઝી વાર વિચારી રહ્યા તેનું શું કારણ ? કે કોઈને વાત સદે કે ન સદે.

'અહિંસા એટલે જીવને દુઃખવવો નહિ તે.

'પરમ અહિંસા એ જીવને માયા પર કરવો તે.

'બ્રહ્મચર્ય અષ્ટ પ્રકારે.

'વિશેષ બ્રહ્મચર્ય એ ગુણાતીતને પોતાનું સ્વરૂપ માનવું તે. ત્રણ દેહ, ત્રણ અવસ્થાથી પોતાનું સ્વરૂપ આત્મા જુદું માનવું. શબ્દ ન લાગે.

'આત્મનિષ્ઠા એટલે સુખ-દુઃખમાં ન લેવાવું.

'વિશેષ આત્મનિષ્ઠા તે ગુણાતીત - અક્ષરને વિશે અચળ નિષ્ઠા.

'વૈરાગ્ય કેને જાણવો ? ભગવાન ઘણા છે, પણ એક ભગવાન સહજાનંદ સ્વામી સિવાય બીજે અરુચિ.

'વિશેષ વૈરાગ્ય શું ? અક્ષરપુરુષોત્તમ સિવાય બીજે રાગ નહિ, તે વિશેષ વૈરાગ્ય.

'ભગવાનનું માહાત્મ્ય ? અક્ષર, અનંત કોટિ મુક્તો, ઐશ્વર્ય, પ્રતાપ વગેરે. એક ગાયથી દસ ગાય થાય એ ગાયનું માહાત્મ્ય. રાજાનું માહાત્મ્ય દીવાન, લશ્કર વગેરે.'

વચનામૃત ગ.પ્ર. ૨૨ નિરૂપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ભગવાન કેમ સંભારવા ? તો હું જમું છું તે ભેળા મહારાજ જમે છે. ભણતાં ભણે છે. 'શું દૂધપાક !' એમ સ્મૃતિ વગર જમે તો મહારાજ જમશે ? ભાવથી ધરવો જોઈએ. મહારાજ ને સ્વામી બેઠા છે, એમ ધારી વાંચવું. ટેવ પાડવી જોઈએ. હાલતામાં મહારાજ-સ્વામી ભેળા હાલે છે. દેહભાવ નહિ, વૃત્તિ જોંટ (જોઈન્ટ) રાખવી જોઈએ. ભગતજીના શિષ્ય વિજ્ઞાનદાસ સ્વામી વૃત્તિ રાખતા. સંત સુખિયા. સ્ત્રી ને ધન હૈયામાંથી કાઢીએ તો સુખિયા. એ બે વસ્તુનો લોચો કાઢવો. મહારાજે કાઢ્યો.'

## વૃત્તિનો નિરોધ એ અનુભવ

રાતની સભામાં લગભગ સ્વામીની વાતો મોઢે બોલી વાતો કરતા. સાથે કીર્તનો લલકારી, દૃષ્ટાંતો આપી, વાતને પુષ્ટ કરતા; પણ છેવટે મજકૂર સમજાવી દેતા. રાત્રે સભા પ્રસંગમાં અમૃત વચનો કહ્યાં :

'સર્વ કરતાં ભજન કરવું અધિક... વ્યવહાર કરતાં ભજન કરવું. અંતરમાં થાવું જોઈએ. મુંબઈથી ગાડીમાં આવીએ તો ભજન કરતાં કરતાં આવવું. તે કરતાં સ્મૃતિ અધિક. સ્વામી શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'પચાસ વરસની વાત કહી દઉં.' ભગતજી મહારાજ સાથે ફરતા ફલાણા ગામનો હરિભક્ત મળ્યો હોય તે કહી દે. તે કરતાં ધ્યાન અધિક. અભેસિંગ દરબાર છ કલાક ધ્યાન કરતા. શિવલાલ શેઠ ત્રણ ત્રણ કલાક ધ્યાન કરતા. કૃષ્ણચરણદાસ સ્વામી છ કલાક પગ ન ઉપાડે, સવારના ૬ થી ૧૨ સ્વસ્તિક આસનમાં બેસે.

'તે કરતાં પોતાના આત્મામાં ભગવાનને ધારવા તે અધિક. બ્રહ્મરૂપ થઈ મહારાજને ધારવા, તે અધિક. ઈયળથી ભમરી થાય. પોતાની જાત ભૂલે. ગુણાતીત થઈ અખંડ ભગવાનને ધારવા.

'ધ્યાન કરતાં, માળા ફેરવવા કરતાં ભગવાનની કથાવાર્તામાં શાંતિ અતિ અધિક કહી, તે ધ્યાન જુદું. ભગવદ્‌વાર્તાથી મન નિર્વિષયી થઈ જાય. દોષ ટળે. ભગવાનમાં વૃત્તિ ચોંટે. કરવાનું શું ? કથાવાર્તા સાંભળવી. તો સત્સંગમાં દિવ્યભાવ રહે; મનુષ્યભાવ નીકળી જાય.

'કોઈ કહે : 'કેમ અનુભવ થતો નથી ?' અનુભવો પુષ્કળ થશે. પાંચ વરસે કેરી થાય. અનુભવ એટલો કે વૃત્તિઓ નિરોધમાં આવી. 'આપણું ઘર આ છે, ધામમાં જવું છે,' એવો નિરોધ થયો. એકાંતિક ધર્મ સિદ્ધ કરવા દાખડો કર્યો છે.

'સાથે ફરતા'તા ત્યારે સુખ બહુ હતું. અંટોલીમાં રમણભાઈ દાક્તર હાથમાં પેટી લઈ આવ્યા હતા. રામચરણને (નૈરોબી) કાગળ લખ્યો : 'પરીક્ષા(ક્લાસ)માં પાસ થવાના છો. અહીં આવી જાવ. અહીં ભણવાનું મોક્ષનું છે.' આજ્ઞા પાળી અહીં આવ્યા તો એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનું મળ્યું.[૧૩]

'બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું : 'અપૂર્ણપણું કેમ ?' પૂછ્યું સંતને ને કહ્યું હરિભક્તને. મરમ શું આવ્યો ? પોતાનું બળ છોડી દેવું. અમે તમને સમાગમ આપ્યો છે. અમે તમને દોષથી રહિત કર્યા છે. અમારા બળથી થયું છે. દયા કરી

---

૧૩. એન્જિનિયરીંગની છેલ્લી પરીક્ષા છોડાવી રામચરણ સ્વામીને બોલાવી દીધા હતા.

સ્વરૂપ સમજાવ્યું છે. આપણું બળ છોડી, ભગવાનનું બળ રાખવું. પ્રગટ પુરુષોત્તમ ભેગા રહ્યા ને સમજાયું નહિ તે બાળક જેવા છે. તેથી કેફ નથી.

'જેટલો મહિમા ને નિશ્ચય હોય તેટલું બળ. તેટલો ભીડો વેઠાય. ભાવનગરમાં એક ગરાશિયાને વજેસંગના હોકાની ફૂંક મળી તો કેફ ચડી ગયો. બે ફૂંકમાં કાંટો ચડી ગયો ! અધિકાર મળે તો ? મોરબીની ગાડીમાં ૧૦ ડબ્બામાં ૧૧ જોડો તો બેસી જાય. પંજાબ મેલ બે વધારે ખેંચી જાય. માટે મહિમા ને નિશ્ચયની ખટાશ ચડાવી દેવી. તે મહિમા કેમ સમજાય ? જ્ઞાન અધિક થાતું જાય તો સમજાય.

'એક રબારીને હીરો હાથ આવ્યો. તે રૂપાળો કટકો જાણી બકરીની કોટે બાંધ્યો. તે એક વાણિયે દીઠો. તે તો ચતુર. એટલે હીરા સોતી બકરી પાંચ રૂપિયામાં ખરીદી લીધી. પછી હીરો લઈને ઝવેરીને બસો રૂપિયે વેચ્યો. તેણે હજારમાં દીધો. હજારવાળાએ દસ હજારમાં દીધો. એમ ચડતાં લાખ રૂપિયે વેચાયો. પછી લાખવાળે કોઈ શાહુકાર પાસે જઈને કહ્યું જે, 'આ હીરો તમારે રાખવો છે ?' ત્યારે શાહુકારે હીરો જોઈને કહ્યું : 'સો મોટલિયા કરો ને દિ' ઊગ્યાથી આથમ્યા સુધી જેટલું દ્રવ્ય લઈ જાઓ તેટલું તમારું.' ત્યારે ગામમાં હાહાકાર બોલ્યો જે, 'ખજાનો લૂંટાવ્યો.'

'પછી લોકોએ શાહુકારના બાપને વાત કરી. ત્યારે કહે : 'મારો પલોટેલો પુત્ર ભૂલ ન કરે.' પછી દીકરાને પૂછ્યું : 'તેં શું જણસ લીધી ?' ત્યારે કહે : 'આ હીરો લીધો છે.' પછી જોઈને કહે : 'આ તો મફત પડાવી લીધો. એક દિવસની કમાણી પણ દીધી નહીં.'

'લોકોને થયું : 'આ બેય ગાંડા થઈ ગયા લાગે છે.' પણ જ્યારે શરદ પૂર્ણિમા આવી ત્યારે શાહુકારે નગરજનોને પોતાની અગાશીએ બોલાવ્યા. સોનાની થાળીમાં હીરો મૂક્યો. રાતના ૧૨-૦૦ વાગતામાં તો ચંદ્રનાં સીધાં કિરણો હીરા પર પડ્યાં ને અસંખ્ય હીરાઓ નીકળ્યા. બધાંને બહુ આશ્ચર્ય થયું. શાહુકારે દરેકને એક એક હીરો આપ્યો ને કહે : 'જુઓ, આ ચન્દ્રકાન્ત મણિ છે. તેની કિંમત અમૂલ્ય છે.' માટે સર્વ કરતાં શાહુકારનું જ્ઞાન અધિક કહેવાય.

'તેમ સંત-સમાગમથી ભગવાનનું જ્ઞાન જેમ જેમ થતું જાય તેમ તેમ મહિમા વધુ ને વધુ જણાતો જાય.

'આત્માનંદ સ્વામીનો ત્યાગ ખરો, પણ મહારાજે મુક્તાનંદ સ્વામીની લાજની પ્રશંસા કરી. લાજે કરી ધર્મ પળે છે. તેથી સભ્યતા, વિવેક આવે. ઠઠ્ઠા

મશ્કરી નહિ. શાંત રહેવાય. ટાઈમસર કથામાં બેસી જવું. લાજ રાખીએ તો ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ ઓછાં હોય તો આવી જાય.

'ગુણનું માન ન આવવા દેવું. દરેક ક્રિયામાં માન મોટો શત્રુ છે. નિર્માનીપણે વર્તવું. ગમે તેટલા વિદ્વાન થઈએ પણ દાસપણું રાખવું. પગે લાગવું. ૪-૦૦ વાગે ઊઠી જવું. એક લેટ ગાડી થાય તો બધી લેટ. કથામાં આવીએ તો આનંદના ફુવારા. હું માંદો છું, નહિ તો ત્રણ - સાડા ત્રણ વાગે નાહી લઉં. ગુરુ સોળ આના વર્તે તો શિષ્ય બે આના વર્તે. ગુરુ પોલ પાડે તો શિષ્ય પણ પોલ પાડે.

'જાતે ખટકો હોય તો ઉત્કૃષ્ટ જ્ઞાન થાય. ઉત્કૃષ્ટ જ્ઞાન માટે શ્રદ્ધા. વહેલા નાહી લેવું. બારે સૂતા હોય તોય શું ? બે વાગે સૂઈએ તોય શું ? આલારામ રાખી ઊઠી જવું. એનું નામ ખપ. પહેલાં સાધુ સૂવે કે ધ્યાન કરે ત્યારે પગ ઉપર પાણા રાખતા ને ચોટલી બાંધતા. શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ પડી જાય. દૃષ્ટિ શું ? આપણને સંભારે. કથાવાર્તામાં બેસાડે. ઉત્કૃષ્ટ શ્રદ્ધા જાગ્રત થાય તે દૃષ્ટિ. તે કાયમ રહે. સમાગમમાં રહેવાય તે દૃષ્ટિ પડી ગઈ. દૃષ્ટિ ગુણ ને સેવામાંથી થાય છે.'

## ખમવું તે જ મોટપ, તે જ ઐશ્વર્ય

તા. ૧૩-૧૨-'૬૧, સવારની કથામાં ઘણું જ અગત્યનું વચનામૃત ગ. પ્ર. ૨૭, સ્વામીશ્રીએ બહુ સરળતાથી અને સહજતાથી સમજાવ્યું. પ્રગટ સત્પુરુષનો મહિમા સ્પષ્ટ કર્યો. સૌને પ્રાપ્તિના અલૌકિક આનંદમાં ગરકાવ કરી દીધા.

સ્વામીશ્રી કહે : 'આપણને મળ્યા જે ભગવાન તેને વિશે આ સમજણ દૃઢ કરી હોય કે જેનું કર્યું થાય છે તે ભેળા રહીએ છીએ. આ રીતે સચોટ નિષ્ઠા જીવમાં પેસે તો મન નોખું ન રહે. ધકાવીને કાઢે તોય 'મારા ઉપર સત્પુરુષ કેમ રાજી થાય ?' બીજો સંકલ્પ ન ઊઠે. મનને ધમકાવવું : 'હરામખોર મન ! ચોરાશી ભોગવવી પડશે.'

'સમજણની સ્થિતિ. હીરની ગાંઠમાં તેલનું ટીપું મૂકીએ એવું સજડ. જ્યાં જાય ત્યાં ભગવાનની મૂર્તિ. સ્ત્રી નરકનો ઢગલો. ઉપરથી સારું લાગે પણ નીચે માંસ છે. સુરાખાચરને કાનનું રૂપ બતાવ્યું, ઊલટી થઈ ગઈ. જગત ઊલટી થાય તેવું. મકાન ઠીકરાંનાં લાગે. 'પથરાથી બેત (નરસું) સોનું.' એવું જ્ઞાન થાય ત્યારે ભગવાન હૃદયમાં સર્વ પ્રકારે નિવાસ કરે છે.

'આ શુભ નિષ્ઠાથી અનંત જીવનો ઉદ્ધાર કરે. માન-અપમાન સહન કરે તે મોટી સામર્થી છે. આપણે તો સમર્થ નથી, પણ મુંબઈને ઊથલ-પાથલ કરે,

દરિયામાં ડુબાડે.

‘અમદાવાદમાં પેશ્વાએ મહારાજને તેલના કૂંડામાં બુડાવવાનો પેંતરો રચ્યો. દેવાનંદ કહે : ‘ડટ્ટન સો પટ્ટન. અમદાવાદ દરિયામાં ફેંકી દઉં, અમદાવાદ ખાલસા કરું.’ મહારાજ કહે : ‘ખમવું પડે.’ છ મહિનામાં રાજ્ય ગયું.

‘સમર્થ થકા જરણા કોઈથી ન થાય. હિંદુસ્તાનનો બાદશાહ સહન ન કરે. આપણે તેથી મોટા, સહન કરીએ છીએ.

‘આંધળાને દેખતા કરે તેમ નહિ, પણ તેની ચક્ષુ ઇન્દ્રિયમાં પ્રવેશ કરી ભગવાન ને સંતને જોવાની શક્તિ આપે. બજાર, મકાન ન જુએ. એ શક્તિ કહી છે. લૂલા-લંગડાને શક્તિ આપી બેઠા કરે તેમ નહિ, પણ આપણા હાલતાં-ચાલતાંમાં શક્તિ મૂકી મંદિરે આવતા કરે.

‘સંતની સર્વ ઇન્દ્રિયોમાં ભગવાન સાક્ષાત્ રહ્યા છે.

‘મોટાને નાના કહી અપમાન કરે, તે સહન કરવું તે મોટપ. પાટ ઉપર બેસવું તે મોટપ નહિ; ખમવું તે જ મોટપ. એ જ ઐશ્વર્ય ને પ્રતાપ. તુચ્છ જીવ એટલે સમજણ વગરના. કોઈ કહે : ‘બંડિયા ! ખેતી કરો, મહેનત કરો, ખાઈ ખાઈને પડ્યા રહ્યા છો, તગડા થયા છો,’ એમ અપમાન કરે તે સહન કરવું. ક્ષમાવાળા, ખમવાવાળા તે જ મોટા છે. અતિ મોટપ જોઈતી હોય તો મહારાજે કહ્યું તે જ કરવું, નહિ તો માળા ઘમકાવો.

‘કેવળ પરચો આપે તે બધા માયાના જીવ છે. યમપુરીના અધિકારી છે. વ્યવહારમાં લાખોપતિ હોય, મોટા નહિ. ભગવાનનો સંબંધ થયો તે મોટા. આ સ્ત્રી રૂપવાન... આ વસ્ત્ર મખમલનું... અહોહો ! આ મકાન ૧૧ માળનું... ઓહોહો ! તુંબડી રંગેચંગે બનાવી હોય તે વાસના. મહારાજ આસક્તિ કાઢવા કહે છે. ટામક ટુમક ન કરવું. રંગ બંગ (તુંબડીને) ચડાવે; તૂટી જાય તો કજિયા.

‘પામરનું પણ કલ્યાણ થાય. માટે ‘કહી તેવી સંતતા,’ સંતતા કઈ ? તો ખમવાની. તે તેમાં આવતી નથી. આપણે બાટકીએ, મર્યાદા ન રાખીએ, તો ભાર ન પડે. દરેકનું ખમવું. સહન કરીએ તો ગુણ આવે. સિંહણનું દૂધ સોનાના પાત્રમાં રહે. પાત્ર બનીએ તો મોટાના ગુણ આવે.

‘જો, જય સચ્ચિદાનંદ કહ્યું. સચ્ચિદાનંદ એટલે અક્ષરબ્રહ્મ.’

## માર સ્વામીએ ખાધા ને લહેર આપણે...

બપોરની કથામાં વચનામૃત ગ.પ્ર. ૭૧ ઉપર મુદ્દાની વાતો કરી :

'ભગવાન ને સંત પધાર્યા તે ઘર બ્રહ્મધામ અને સંબંધવાળા ભક્ત બ્રહ્મરૂપ. ભગવાન જીવના કલ્યાણને અર્થે એકલા નથી આવતા, પરંતુ પોતાનું અક્ષરધામ, પાર્ષદ-મુક્તો, ઐશ્વર્ય સહિત પધારે છે. તે ભગવાન મનુષ્ય જેવા થઈ સેવા અંગીકાર કરે છે. દિવ્ય પાર્ષદ ભેળા ભેળવવા સેવા ગ્રહણ કરે છે; જેમ માસ્તર પરીક્ષામાં બે માર્ક ઉમેરી પાસ કરે છે. ભેંસ દે તેને ભેંસ ન મળે, પણ ફળ મળે. વસ્તુ ન મળે. તેમ સેવાનું ફળ મળે.

'ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ ભક્તે સહિત વિરાજમાન છે – એમ સમજવું ને બીજા આગળ વાત કરવી.' છાતી કાઢીને સત્સંગમાંથી કોણ બહાર નીકળ્યો ? શાસ્ત્રીજી મહારાજ બહાર પડ્યા. વિમુખ અને બંડિયા કહે. ધોકા ઉપાડે. અમદાવાદમાં જે બોલ્યા ને ધૂંબે ધૂંબે માર્યા. માર સ્વામીએ ખાધા ને લહેર આપણે કરીએ છીએ. મારકૂટ થાય પણ વાત કરવામાં કાયર ન થવું.

'એક મિયાંને કોઈએ પૂછ્યું : 'તમારા નામ ક્યા હૈ ?' તે છાતી કાઢીને કહે : 'સાત ચિત્તા આવે તો મારી નાખું. સાત વાઘમારખાં ! સાત વાઘ સામા આવે તોય ઉડાડી નાખું. માએ મારા આવા નામ પાડ્યા હૈ.'

'એક દિવસ એક જણે બીજે ગામ જવા આ મિયાંનો સાથ લીધો. તેને વાઘની બીક લાગે. મિયાં કહે : 'વાઘથી શું બીઓ છો ? મારું નામ સાત વાઘ મારખાં છે. સાત વાઘને હું મારી નાખું તો એકનો શો ભાર છે ?' આને થયું : 'અહોહો ! મારી સાથે આવા શૂરવીર છે !' પછી બંને ચાલ્યા. મિયાંજીએ તો નાની બંધૂકડી ખભે ભરાવી. સાફો બાંધ્યો. સુરવાળ પહેર્યો ને ચમચમ બોલે એવાં ચંપલ પહેર્યાં. રાત પડી ત્યાં વાઘનો 'હોઉં...' એમ હુંકારો બોલ્યો. તે મિયાંના પગ પાછા પડવા માંડ્યા. ઓલ્યો શૂરવીર, તે મિયાંને આગળ ધકાવે. થોડી વારે વાઘનું ડોકું દેખાણું. તે મિયાંભાઈનો સાફો હેઠો પડી ગયો ને બંધૂકડી પડી ગઈ. ઓલો કહે : 'મિયાં સાહેબ ! ક્યા હૈ ? તમે તો સાત વાઘમારખાં છો.' તો કહે : 'એ તો મારી માએ હુલામણા કા નામ પાડ્યા હૈ. મારું મૂળ નામ તો મિયાં ફુસકું છે !'

'ટાણું આવે મિયાં ફુસકું ન થવાય એટલા માટે સમાગમ કરવો. શાસ્ત્રકારો, કવિઓ બધા જ્ઞાન કરે, પણ ટાણું આવે ત્યારે મિયાં ફુસકું થઈ જાય. તેમ આપણે ન કરવું.'

❀ ❀ ❀



# મુંબઈમાં મૂર્તિપ્રતિષ્ઠા

માગશર સુદ ૭ ને ગુરુવારે વિધિસર યજ્ઞનો પ્રારંભ થયો. સ્વામીશ્રીએ ઉમરેઠથી કરુણાશંકરભાઈને ખાસ યજ્ઞ વિધિ કરાવવા તેડાવ્યા હતા. મુંબઈના આગેવાન હરિભક્તો મગનભાઈ તથા વજુભાઈ ખત્રી, માણેકલાલ શેઠ, વજુભાઈ શેઠ, નાનુભાઈ તથા મહીપતભાઈ દવે વગેરે ભક્તોએ યજ્ઞ વિધિનો લાભ લીધો.

માગશર સુદ ૮, શુક્રવાર, તા. ૧૫-૧૨-'૬૧ના શુભ દિને મુક્ત સહિત અક્ષરપુરુષોત્તમ મહારાજની તથા ગુરુપરંપરાની ચિત્ર પ્રતિમાઓની પ્રતિષ્ઠા સુંદર સિંહાસનમાં, સ્વામીશ્રીના વરદ હસ્તે કરવામાં આવી. સમગ્ર મુંબઈ મંડળમાં ઉલ્લાસનું વાતાવરણ છવાઈ ગયું હતું.

આ પ્રસંગે લંડનથી મેઘાણી સાહેબ ખાસ આવી પહોંચ્યા હતા. મુંબઈના અગ્રગણ્ય જૂના હરિભક્ત શેઠ અભેચંદભાઈ ગાંધીએ જણાવ્યું કે 'મુંબઈની વસ્તી અને વિસ્તારના પ્રમાણમાં આવાં મંદિરોની જરૂર છે. સ્વામિનારાયણ ભગવાનના તત્ત્વજ્ઞાનનો મુંબઈ તેમજ દાદર, માટુંગા અને આજુબાજુનાં પરાંઓના હરિભક્તો લાભ લે, તે જરૂરનું છે. ભણેલા નવા સંતો થકી સત્સંગ-પ્રવૃત્તિને જે વેગ મળ્યો છે તે જાણી અત્યંત આનંદ થાય છે.'

આ અલૌકિક પ્રસંગ અને સ્વામીશ્રીના આશીર્વાદથી આ પ્રસંગે એકત્રિત થયેલા હજારો ભક્તોમાં અપાર ઉત્સાહ પ્રસર્યો હતો.

બીજે દિવસે બપોરે ઠાકોરજી જમાડ્યા પછી એક વાગે વચનામૃત ગ.પ્ર. ૩૧ નિરૂપતાં બોલ્યા :

'મોટપ નિશ્ચય ને આજ્ઞાએ કરીને છે. હજારો શિષ્યો માનતા હોય તોય નહિ. આજે આપણા સત્સંગમાં આવી મોટપ દરેકને છે. દેહસ્વભાવ સામું જોઈ અવગુણ ન લેવો. સંબંધ સામું જોવું. પાંચ વર્તમાન પૂરાં હોય ને કોઈ ઊંઘતો

હોય, ઝોલું ખાતો હોય... અવગુણ ન લેવો. હેતની, શિખામણની વાત કરી આ મારગે ચડાવવા. ટેવ પડી જાય તો દરેકનો અવગુણ લે લે કરે.

'શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'વડતાલવાળાનો અવગુણ ન લેવો. આપણા છે.' દિવ્યભાવની દૃઢતા કરવી. અક્ષરપુરુષોત્તમનો મહિમા ગાવો, સાંભળવો. સ્વામીશ્રીની ક્રિયા અલૌકિક ક્રિયા લાગે. મોટાપુરુષમાં મનુષ્યભાવ આવે પછી મહારાજમાં આવે. જીવનું બગડે. એ રસ્તો જ બંધ.

'આપણા દેહનો અવગુણ લેવો : 'કથામાં બેસવા દેતો નથી. ઊંઘ આવે છે.'

પછી કહે : 'ટાઈમ ઓછો છે, નહિ તો ત્રણ કલાક નિરૂપણ થાય. સેવાનું, નિર્દોષભાવનું, અવગુણ ન લેવાનું વગેરે ત્રણ કલાકનું નિરૂપણ છે. પ્રત્યક્ષ - સાક્ષાત્ દૃષ્ટિગોચર ભગવાન ને સંત મળ્યા છે.

'અક્ષરપુરુષોત્તમનું નામ લે તેને માટે શરીરના જોડા કરીને આપીએ – એમ અહોહોપણું રહે.

'અહોહો ! હરિજયંતી કરી ! મહારાજના જન્મનો ઉપવાસ કર્યો ! ઉપવાસને દિવસે પાંચસોનું રાંધવું હોય તોય કાંટો રહે.'

આ વાત ચાલતી હતી ત્યાં ટેલિફોનની રીંગ વાગી. તે સાંભળતાં કહે : 'ટેલિફોન હખ (સુખ) લેવા ન દે.'

તા. ૧૭-૧૨-'૬૧. બપોરે પણ કથામાં કેટલાકનાં અંતર પકડી વાતો કરી. મોટાપુરુષની વાતોમાં અનેકના સંશયો આપોઆપ છેદાઈ જાય. એવા જ કોઈ ભાવથી સ્વામીશ્રી બોલ્યા :

'કોઈ સમે અંતર ડહોળાઈ જાય કે 'ક્યાં આવી ચડ્યા !' તેનું શું કારણ છે ? કે મૂર્તિ ધારતા નથી આવડતી. અંતઃકરણમાં ગુણનો પ્રવેશ થાય છે.

'સત્ત્વગુણમાં મહિમા સમજાય, દાસપણું આવે. ધ્યાન, માળા કરવામાં પ્રેમના ફુવારા છૂટે.

'રજોગુણ ટળે નહિ તો અભાવ-અવગુણ આવવા મંડી પડે. સ્થિરતા નહિ. તમોગુણમાં ભજન ન થાય. સૂઈ રહે કે શૂન્ય વર્તે, ગાંડા જેવો ફરે, કશું ભાન નહિ. દિવ્યભાવ રહે તે સત્ત્વગુણમાં રહે.

'ગુણ વર્તે ત્યારે 'સંકલ્પથી જુદો છું, સંકલ્પનો જાણનારો છું, આત્મા-નેતા છું,' એમ માનવું. સંકલ્પોથી મુઝાવું નહિ. સ્વભાવ છે તે ઘાટ ઊપડે, તેને લેવા-દેવા નહિ. મન તો ઘાટ ઘડે. ચંચળ છે. ચાળા કર્યા કરે. માટે અંતરના ઘાટ જોઈને કચવાઈ જાવું નહિ. આત્માને જુદો માની મહારાજનું ભજન કરવું. રજોગુણ,

તમોગુણને લીધે જાણપણું ન રહે; 'હું ખમિયો !' એમ અંદરથી ભૂત બોલે.

'ઇન્દ્રિયો વિષયમાંથી પાછી હઠી કેમ કહેવાય ? દૂધપાક-પૂરી તે છાશ-રોટલા કરતાં ઊતરતાં થઈ જાય.

'વિષયનો અભાવ ક્યારે થયો ગણાય ? પરાણે વિષય મળે તોપણ ઊલટી થઈ જાય. સર્પને સર્પ જાણ્યો છે, તે 'આવો ભઈ મળીએ' એમ કહેવાય નહિ.'

## ભૂખ જાગે તો અહીં અવાય

રવિવારની સત્સંગ સભામાં, સાંજે અમૃતવચનો ઉચ્ચાર્યાં :

'માળવણ ગાય હેત બહુ દેખાડે, પણ દૂધ અડધું કોડિયું કાઢે ! ઉપરથી હુંઆટો દેખાડે, પણ માંહી કોરો. અહીં બેઠા છીએ તે કોઈને પરચો ન થયો તો કહે : 'મારું કાંઈ ન ધોળ્યું !' પણ એકાંતિક ધર્મ સિદ્ધ થાય, બ્રહ્મની સ્થિતિ થાય, મુદ્દો સચવાય તે ખરું ! લાડવા મળ્યા પછી શાકની જરૂર નહિ. મુદ્દામાલ પછી કંઈ જરૂર નહિ. પ્રેમથી ને મહિમાથી નિશ્ચય હોય તો હુંઆટો ન કહેવાય.'

મણિભાઈ એન્જિનિયરે પૂછ્યું : 'મન મરડાતું કેમ નથી ? સ્મૃતિ આદિક કરવામાં મન નથી રહેતું.'

સ્વામીશ્રી કહે : 'આત્માનું શ્રવણાદિકે કરીને મનન કર્યું હોય તો સાક્ષાત્ ઇદમ્ સાંભરે. ખંખેરીને ઊભા થાય તો ન થાય. મનન કરવું. તે વિના લાખ વરસ ભેગો પડ્યો રહે તોપણ મન ક્યાંથી વળે ? દર્શન કેમ કરતો હશે ? જે જે કરી હાલ્યો જાય ને કથા સાંભળે ને થયું. દર્શન કરે ને થયું ! પછી તે યાદ ન રહે.'

સુરતના વજુભાઈ ટાંકે પૂછ્યું : 'શ્રદ્ધા કેમ વધતી નથી ?'

સ્વામીશ્રી કહે : 'ભોજન જમીએ છીએ. રોજ દાળ ખાતો હોય પણ કહે કે 'આવી તો હતી જ નહિ.' પણ તોય બીજે દિવસે ભૂખ લાગે. ભૂખ જાગે તો અહીં અવાય. શ્રદ્ધા જાગે.

'ધ્યાનમાં એકે અંગ ભગવાનનું ધાર્યામાં આવતું જ નથી, કારણ કે ભગવાનનાં દર્શનમાત્ર કરે છે. મનન, નિદિધ્યાસ કરતો નથી. તે બે વાનાં વિના તો સામાન્ય વસ્તુયે સાંભરતી નથી, તો અમાયિક, અમૂલ્ય ને દિવ્ય છે તે કેમ સાંભરે ?'

પછી કહે : 'મૂર્તિમાં વિરામ કરો છો એટલે શું ? પોતાનું સ્વરૂપ ગુણાતીત માનવું તે.

મંગળ પ્રવચનમાં સંતોને અમૃત લાભ આપતાં કહ્યું :

'ભણીને સંપ્રદાયને આગળ લાવવો એ આપણી સેવા છે. આજ્ઞાથી અભ્યાસ કરવો એ આપણી સેવા છે. એકબીજાને ન આવડતું હોય તો શીખવવું એ સેવા છે. ઉપેક્ષા ન રાખવી.

'ગરાસિયા અફીણ પીવે તેમાં બીજો કોઈ બગાસું ખાય તો અફીણ ઊતરી જાય. માટે ઝોલું ન ખાવું. ઝોલું ખાય તો જ્ઞાનરૂપી અફીણ ઊતરી જાય.

'મહિમા સમજાય તો અહોહોપણું રહે. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે 'મારી સેવા કરે તેના કરતાં મારા સંતો-હરિભક્તોની સેવા કરે તો હું સો ગણી માનું.'

બપોરની કથામાં પણ એટલા જ ઉત્સાહથી વચનામૃત ઉપર નિરૂપણ કરતાં સમજાવ્યું :

'મોટા કહે તે ન બેસતું હોય તોપણ માની લેવું. ભડકો ન કરવો. વચન ન ઠેલવું. તો મોટાપુરુષ સમજે કે 'મોક્ષભાગી છે, પૂર્વનો સંસ્કારી છે.'

'દૃષ્ટિ પલટી એટલે શું ? મનુષ્યભાવ રહે તો તે કાઢી દિવ્યભાવ કરવો તે. પરમેશ્વરનાં દર્શન એક દૃષ્ટિએ, નિયમમાં રહીને કરવાં. નવીન ને નવીન રહે. શાક જમીએ તે રોજ નવું લાગે છે.

'લૌકિક દૃષ્ટિ શું ? મહિમા વગર દર્શન. એક મૂર્તિ સામે જોવું. ટીખળ ન ઘાલવાં. તો મૂર્તિ અખંડ રહે.

'નેત્ર અને કાન વિશેષ નિયમમાં રાખવાં, નહીં તો ચોરી કરી જાય. જોવું-સાંભળવું નહીં; તો હૃદયમાં કચરો ન ભરાય. નેત્ર અને શ્રોત્રને ઉપદેશ આપવો કે 'સારા વિષય મળવાના નથી. ભૂંડા વિષય મળશે, તેનાથી જમપુરી મળે. માટે તે મૂકી દે.' એમ કહેવું. તો સિદ્ધદશાને પામીશ. સિદ્ધદશા શું ? ટેલિફોન લેવા ન પડે. 'હલાવ' (હેલો) ન કરવું પડે, તોય હજાર ગાઉ સાંભળે તે સિદ્ધદશા.'

તા. ૧૯-૧૨-'૬૧, સવારે મંગળ પ્રવચનમાં સંતો ઉપર કરુણા વરસાવતાં બ્રહ્મવિદ્યાના પાઠો શીખવ્યા : 'આળપંપાળ શું છે ? ભગવાનના આશરા સિવાય બીજે ફાંફા મારવા તે આળપંપાળ.

એકાદશી હોય ત્યારે સ્વામીશ્રી ઘણી વાર કહેતા : 'અપવાસથી ફાયદા ઘણા. ૧. અજીર્ણ મટી જાય. ૨. શક્તિ સચેતન થાય. ૩. આત્મબળ વધે. ૪. મોટાપુરુષ રાજી થાય. ૫. ભગવાનનો સાક્ષાત્કાર થાય. ૬. તપ જેવું વહાલું છે, વહાલમને... ૭. દેહદમન ને આત્મવિચારથી ઇન્દ્રિયો-અંતઃકરણ જિતાય. એમ ફાયદા બહુ. પાંચ દિ'એ ઉપવાસ કરીએ તો ટેવ પડી જાય. અપવાસથી ફળ મળે, તેમાં ૮. સ્ફૂર્તિમાં રહેવાય. ૯. ઉપવાસથી વહેલા ઉઠાય. ઊંઘનો સંકોચ

રહે. ૧૦. તાવ-તરિયો મંદવાડ ન આવે. ૧૧. શરીરને પાવર (Power) આવે.'

આમ ફાયદાઓ જણાવી સંતો-હરિભક્તોને ઉપવાસ કરવાની સ્વામીશ્રી બહુ પ્રેરણા આપતા. વળી કહે :

'ઉપવાસમાં દિવસે ન સૂવું. રાતે ૯-૦૦ વાગે સૂવું. ઢૂંઢિયા કરતાં આપણો ઉપવાસ સારો. બહુ થાય તો સાંજે પાણી પીવું. અમે ઉપવાસ કરતા ત્યારે બહુ તરસ લાગે. ઉનાળામાં સાંજે આરતી પછી ટાઢા ગોળામાંથી એક પ્યાલો પાણી પીએ, ને સૂતી વખતે એક. પછી નાડીએ નાડીએ બળ આવે. દિવસે માળા ઘમકાવતા, વાસણ ઊટકતા, રસોઈ કરીએ; એક વાગ્યા સુધી ઊંઘ ઉડાડવા ફરીએ. બપોરે ૪-૦૦ વાગે સભામાં જવાનું. ભૂખ બહુ લાગે. તરસ લાગે પણ પાણી પીવાનું નહિ. પારણાને દિવસે ૩-૩૦ વાગે ઊઠીએ. તે વખતે શરબતના રિવાજ નહિ. ટાઢા રોટલા જમીએ. સાત પ્રકારના ભોજનનો આનંદ આવે. પછી બપોરે ચડચડીને ભૂખ લાગે. ડબલ ખવાય.

'બા'ર જવું તો પૂછીએ. પૂછીને કામ કરીએ તો સત્કર્મ. હું બારે મહિના હાજર ન હોઉં તો મોટાને પૂછીને કરવું. બહુ બહાર જવાનું ન રાખવું. હરિભક્ત પાસે જ કામ કરાવવું. આપણે તપ-વ્રત-અપવાસ એમ દેહદમન કરવું.

'જે કામ સોંપ્યું હોય, તે કરે જ છૂટકો. સોળ આના કામ કરવું. પીરસવામાં, ગાળવામાં, ચાળવામાં ધ્યાન રાખવું. બે વખત ગોળા ગાળી નાખવા. સવારનું ગાળેલું સાંજ સુધી ન ચાલે. ૧૧-૩૦ વાગ્યા સુધી ચાલે. સદાચાર પરમ ધર્મ. તે બરાબર પાળવો.

'ઉપાસના દૃઢ હોય તો આજ્ઞા પળે. રાજીપો થાય. ઘણા મનમાંદા હોય છે. શૂરાતન, બળ રાખવું. તમ દ્વારા મહારાજ ને સ્વામી કાર્યો કરશે. શાસ્ત્રી પાઠ આપે તે પૂરેપૂરો કરવો. ૧૧ કે ૧૨ વાગી જાય પણ પૂરો કરવો. જેમ ભગવાન વરે, તેમ વિદ્યા વરે. શ્લોકો કંઠે બોલવા. આશીર્વાદ થાય ત્યારે હૈયું ખૂલે. મનોબળ રાખવું. આત્મબળ એવું રાખવું કે *'ન ભૂતો ન ભવિષ્યતિ.'* શ્રદ્ધાથી કરવું. ન આવડે તોપણ વાંચવું. પડ્યું ન મૂકવું કે 'થાક્યા હવે.' સૂવાનું તો છે જ. કોઈ માંદા હોય તો દવા ઠેઠ સુધી કરવી. 'જવા દો, કંઈ નહિ, મરવાનો જ છે, માટે દવા કોણ કરે ?' એમ નહિ.'

## ખટક અને ખપનો સમન્વય

બીજે દિવસે સવારે મંગલ પ્રવચનમાં કહે :

'આશરો દૃઢ હોય તેને સીતાજીની સમજણ રાખવી. ભગતજી મહારાજ કહેતા કે અમને સન્માન કોઈ દી' દીધું નથી. છતાં સામું કાંઈ કહ્યું નથી. સીતાજી કરતાં ભગતજીની સમજણ વધી. શાસ્ત્રીજી મહારાજને ભગતજીએ ભાદરોડમાં ભીડ્યા તોપણ અવગુણ ન લીધો. કેટલો દિવ્યભાવ ! ખપવાળાની વાત છે. બાલમુકુંદ સ્વામી સ્વામીને માટે જંગલમાં પણ બાજરાનો લોટ ને લોઢી રાખતા. રાજીપો લીધો. વચનસિદ્ધ થયા. ખટક અને ખપ રાખવો. ભાયલીવાળા નીલકંઠ સ્વામી દસ કામ કરતા. ચાણસદમાં શાસ્ત્રીજી મહારાજને દસ વાર પાણી પાતા. સેવામાં ચકચૂર થઈ જાવું. ઉમંગ આવવો જોઈએ.'

પ્રાતઃકાળે હરિવર વરવા તત્પર થયેલા સંતોને જોઈને સ્વામીશ્રી બહુ ખીલતા અને ત્યાગાશ્રમને અનુરૂપ સાધનાની અદ્‌ભુત વાતો કરતા. આજે ઠંડી વધુ હતી અને તબિયત થોડી નરમ હતી. છતાં સૌ સંતોને ઓરડામાં બોલાવી વાતો કરી :

'આજ્ઞા લોપી મન ધાર્યું કરે, તો પતિવ્રતાપણું જાય.

'સ્વધર્મ શું ? મહારાજને વિષે પતિવ્રતાપણું.

'વૃત્તિ ભગવાનમાં રહે તે શું ? જેમ આપણા નામનું અખંડ મનન થતું નથી, પણ ઊંઘમાં બોલાવે તો તરત જ બોલીએ છીએ. તેમ નિશ્ચય રહે એટલે વૃત્તિ છે.

'દરેક શાસ્ત્રનો - સત્સંગિજીવન, હરિલીલાકલ્પતરુ વગેરેનો સાર એટલો કે શ્રદ્ધાથી સત્પુરુષને રાજી કરવા. એમાં બધું આવી જાય.

'દેહને વાટી જ નાખવો. વાપરવો. (વહેલા) ઊઠવામાં, સેવામાં... બધામાં. આ ઉંમરે સેવા થાય, પછી નહિ થાય. સેવાનું અંગ પાડવું. મોટપ શું ? ભગવાનના ભક્તની સેવા.

'અમે શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા ત્યારે સહુને એક જ તાન કે કેમ કરીને રાજી કરવા. અને દેહનો અનાદર.

'ત્યારે બોચાસણમાં બ્રાહ્મણ રસોઈયો નહિ. દસ મણના લાડુ કરવા પડે. ભક્તિવલ્લભ સ્વામી કોઠારી વહેલા ઊઠે. લોટ ચાળે. સવારે ૪-૦૦ વાગે જોખાઈને આવે. શાસ્ત્રીજી મહારાજ આટો જોવા આવે. કહે : 'વાહ ધન્ય છે !' એમ રાજી થાય. પછી કહે : 'કાઠિયાવાડમાં ઝોળીમાં લોટ વધારે આવે ને આંહીં (ગુજરાતમાં) દાળ-ચોખા.'

'પહેલાં ઉપાધિ બહુ. હવે આધિ, વ્યાધિ, ઉપાધિ નથી. માટે આળસ,

પ્રમાદ મૂકવાં પડે. મહારાજની દયાથી જેવું ધારીએ તેવું કામ થાય. ક્રિયામાં બહુ શાંત હોય તો ઉતાવળા થાવું.

'આ જ આપણા મોક્ષદાતા છે. અક્ષરધામમાં બેઠા છીએ તેમ સમજે તો ઘાટ ન થાય. થાય તો સમાવી દેવા કે 'હરામખોર મન ! મને નરકમાં નાખવો છે ?' એમ બાટકવું. દેહને ગારો જ ગણવું.

'તે વખતે ઝોળી માંગવાની. મંદિરો કરવાનાં. અનેક પ્રકારની વિરોધીઓની ઉપાધિ. ટુકડા ખાવાના ને ભણવાનું. તે મહારાજના વખતે પણ એવું હતું. અત્યારે રામરાજ્ય છે. સાનુકૂળ છે. આળસ-પ્રમાદ મૂકવા પડે. તો જે ધારીએ તે થઈ શકે. તે વખતે છાશ પણ ન મળે, પાણીનો છમકારો મૂકી વઘારે. ટાઢા રોટલાની કઢી કરે.

'આપણે ૩૨ આના તૈયાર થવું. સાત સમેલિયા થવું.

'બીજી વાત તો થાય છે, થશે ને રહેશે, પણ દાસાનુદાસ થવું. નિર્માનીપણું રાખવું. ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, જાગા સ્વામી, કૃષ્ણજી અદા કહેતા : *નાને સે હો નાને રહીએ...*

'ટૂંકમાં, વાત આખી રાત કરો પણ નિર્દોષબુદ્ધિ જેવી એકેય સેવા નથી.

'ગોંડલમાં મંદિર થાતું હતું. અમે વાસણ ઊટકવા નદીએ જાતા. સૌ ઊંઘી જાય ત્યારે ૧૦૦-૧૫૦ વાસણો ઊટકી નાખીએ. હું ને એક ડોહો હતા. સૌ જાગે ત્યારે પૂછે કે 'કોણે ઊટક્યાં ?' તો 'કોઈ ઊટકી ગયું હશે !' એમ જવાબ દઈએ. સેવા કરવાનું અંગ. *'નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો...'* કુબેરભાઈ કહેતા કે 'ત્યાંથી ભાગજો.' મહિમા ન હોય તો ત્યાંથી ભાગે.

*'સૂતા સંત જગાડીએ, જપે હરિના જાપ,*
*ત્રણને ન જગાડીએ, કામી, લોભી, સાપ.'*

'ફૂં... ઉં... ઉં... કરીને કરડે, ક્રોધ કરે, રીસ કરે, તેને સંત ન કહેવાય. સંતના ગુણ શીખવા. અક્ષર સ્વામી બધી વસ્તુમાં છાશ નાખીને ખાય. ખાવા-પીવાનું બળ નહીં - આત્મબળ. ભક્તિવલ્લભદાસ અને સોમા ભગત બહુ બળિયા. દાળિયા ફાકી પથ્થરનાં ગાડાં ભરી સાંજે ખીચડી ભેગા થાય. અગવડમાં આવી સેવા કરી છે. સ્વામી રાજી કર્યા. દેહની અગવડ ન ગણી. આ નજરે જોયેલું.'

આટલી વાત કરી ત્યાં આરતીનું નગારું વાગ્યું, તો કહે : 'નગારું વાગ્યું, તે જેને સંભળાય તે બધાનો મોક્ષ થઈ જાય !'

પછી છેલ્લે છેલ્લે વાત કરી દીધી : 'આપણને મોટાપુરુષનો તો અવગુણ આવતો નથી, પણ અંદરોઅંદર અવગુણ આવે. સંસાર છોડીને આવ્યા તે મોટું પુણ્ય છે. તેવો કો'ક દુઃખાય તો પાપ લાગે.' એમ કહી આરતીમાં જવા ઊઠ્યા.

મંગળ પ્રવચનમાં તા. ૨૮-૧૨-'૬૧, સંતોને પ્રેરણાત્મક સંબોધન કરતાં બોલ્યા : 'વચનામૃત ગ.મ. ૭ સિદ્ધ થયું તો બધાં થયાં.

'દરેકને 'મન' ગુરુ છે; તે કાઢી સંત ગુરુ કરવા. મન સાથે લડાઈ લેવી, તો છેલ્લો જન્મ થાય. સાંખ્યે કરીને સુખ જગતનાં જોઈ લેવાં કે સુખ ક્યાંય નથી. ભગવાન કે સંત કહે તેમ ન કરીએ તો અંતે દુઃખ આવે; ને કહે તેમ કરીએ તો શાંતિ, શાંતિ, શાંતિ. ભગવાન ને સંત દૃષ્ટિ કરે તો અખંડ કાંટો રહે.

'આપણે ભણીને તૈયાર થઈને સંપ્રદાય ઊજળો કરવો તે સેવા. કૃષ્ણચરણ સ્વામી મને કહેતા કે 'તમને શાસ્ત્રીજી મહારાજ ભણાવશે;' પણ સ્વામી શાસ્ત્રીજી મહારાજ મને કહે : 'તમારે તો મહારાજ ને સ્વામી બે રાખ્યા છે, તે બ્રહ્મવિદ્યા આવી જાય છે.' ભગવાન અને સંત કહે તેમ કરવું. મનમાં ઝાંખપ ન રાખવી. આજ્ઞાથી જે કરીએ તે ખરી સેવા.'

## સંબંધની સમજણ

રાત્રિસભામાં અમૃત વાણી વહાવતાં સ્વામીશ્રી કહે :

'ભગવાન અને સંતમાં નિર્દોષભાવ થાય ને ક્રિયા ગમે તે સંબંધ.

'એક ચિત્રકારનો દીકરો સરસ મૂર્તિ બનાવતો. તેમાં તેના બાપા રોજ ખોડ કાઢે : 'આ સારી નથી. માટે સુધાર.' બીજે દી' સારામાં સારી બનાવે. ત્યારે કહે : 'આંખ્યમાં ફેર છે.' કોઈ વખત કહે : 'માથામાં ફેર છે.'

'દીકરાને થયું : 'બાપા મારી મૂર્તિને સારી નહીં કહે.' પછી એક દી' ભોંમાં સંતાડી. છ મહિને કાઢી. ને કહે : 'બાપા ! મને જમીનમાંથી મૂર્તિ જડી !' પછી બતાવીને કહે : 'આ કેવી ?' બાપા કહે : 'બહુ સરસ. તું આવી કર.' દીકરો કહે : 'બાપા ! આ મેં જ કરી છે.' બાપે કહ્યું : 'જા, હવે તું નહીં વધ્ય. તને વધારવા માટે હું ટોકતો હતો. હવે આથી ઊંચી તારી કલમ નહીં ચડે.'

'તેમ મોટાપુરુષ આપણને આગળ લેવા ટોકતા હોય. માટે તેમનો ગુણ જ લેવો. ભગવાન ને સત્પુરુષ વખાણે નહીં તોય ગુણ લેવા મંડી પડે તે પહેલો નંબર જ આવે !

'આપણને જે પ્રાપ્તિ છે તે પ્રાપ્તિ બ્રહ્માંડમાં કોઈને નથી, એ કેફ રાખવો.

શુષ્કપણું ન રાખવું. પ્રાપ્તિ, હેત સાચવી રાખવું. ખાતાં-પીતાં કેફમાં રહેવું. કોણ મળ્યા છે ! ભગવાન ને સંત ! તેનો કેફ રાખવો.

'જીવનો સ્વભાવ છે - બે શબ્દો વાટવાનો. તે વાટે ત્યારે જ ટાઢો કોઠો થાય. પણ ગુણ લેવો. ગુણ લેવા જેવી કોઈ સેવા નહિ. અવગુણ લેવા તે પાપ છે.'

રાતની સભામાં પહેલાં જાહેરાત થઈ કે 'બાપા અમૃત વાણીનો લાભ આપશે.'

તેથી સ્વામીશ્રી કહે : 'અમૃત વાણી ન કહેવું.' પછી કહે : 'ભગવાન ને સંતની વાણી અમૃત વાણી જ હોય.'

બીજે દિવસે સવારે સંતો પાસે સ્વામીશ્રી વેદરસનો પાઠ કરાવતા હતા. તે નિરૂપતાં કહે : 'વેદરસમાં 'હે પરમહંસો' એમ વાત કરે છે. 'હે ગૃહસ્થો' એમ ક્યાં કહે છે ? સંતને સમજાવે છે. ગૃહસ્થને માપમાં દ્રવ્ય રાખવું ને સંતોને દ્રવ્યમાં વાસના રહે તો ધર્મામૃતનો દ્રોહ - એવી વાતો મૂકી છે કે ચાંચ ખૂંચતી જ નથી.

'આસક્તિ નીકળી જાય તે વિમોક. સૂક્ષ્મ આહાર કરવો. સૂક્ષ્મ આહારથી સૂક્ષ્મ ગુણ આવે. મુક્તાનંદ સ્વામી પા શેરની કાછલી જેટલું અન્ન લેતા. બશેરની નહીં.

'ક્રોધ ન કરવો. શાંત રહેવું. ક્રોધ બે જાતનો : વર્તમાન કે નિયમ ભંગ કરાવે ત્યાં ક્રોધ કરવો, ઝાપટવો; બાકી સહન કરવું. મહાન દરિયા જેવું ગંભીર રહેવું. અકળાઈ ન જવું. માન આપે તો ગ્રહણ ન કરવું; બીજાને માન દેવું. સમર્થ થકા જરણા બહુ કઠણ.

'મૂંઝવણ ન આવે તે અનવસાદ. મૂંઝવણ થાય તેને આત્મારૂપ થઈ શકાતું નથી.

'સત્પુરુષને આપણો વિશ્વાસ કેમ આવે ? માથું મૂક્યું હોય તો – કે 'ગમે તેવું કઠણ વાક્ય કહીશું તો જાય એવો નથી.' એમ મોટાપુરુષ જીવને ઓળખે છે. તે પત્તર ઊંચકાવી લે. દૂધપાકની રસોઈ હોય ને અપવાસ કરાવે તો મૂંઝવણ થાય કે 'કાલે કરશું.' પણ 'આજ જ ઠપકારો !' તે મોક્ષભાગી ખમે, બીજો નહિ. બીજો ભાગી જાય. બીજું મંડળ ગોતે. મોક્ષ બગાડે.

'ખપવાળાને પ્રકૃતિ ટાળવાની ઇચ્છા હોય. ગમે તેટલા તિરસ્કાર કરે, માપ વિનાનાં, ગમે તેટલાં કઠણ વચન કહે. આવી કસણીમાં પાસ થઈએ તો મોક્ષમાં ફર્સ્ટ નંબર. કસણીમાં કોઈ રીતે દુઃખાવું નહિ. કહેનારાનો ગુણ લેવો, અવગુણ ન લેવો. એમ વર્તે તો ચંચળ પ્રકૃતિ હોય તોય ટળી જાય છે.'

## બ્રહ્મદૃષ્ટિનું કૃપાદાન

અહીં એક યુવક સ્વામીશ્રીને કહે : 'બાપા ! મનુષ્યભાવ આવે છે અને આપ અંતર્યામી છો કે નહીં એમ શંકા રહ્યા કરે છે.'

સ્વામીશ્રી તરત હસી પડ્યા ને કહે : 'તમારે એનું શું કામ છે ? શાસ્ત્રીજી મહારાજમાં વિશ્વાસ છે કે નહીં ? તો મારામાં વિશ્વાસ રાખો. બધું જ છે.'

પછી હેત કરતાં બોલ્યા : 'મનુષ્યભાવ ન આવે એ જ્ઞાન. પંચ મહાપાપ કરતાં મનુષ્યભાવ આવે તે ખરાબ કહેવાય. લાવો પાણી.' એમ કહેતાં તે યુવકના હાથમાં જળ મૂકી કહે : 'લ્યો, સોના કરતાં ઘડામણ મોંઘું. જાવ, બધું કાઢી નાખો.' એમ કહી તેમને મહંત સ્વામીની વાતો સાંભળવા આજ્ઞા કરી. ને કહે : 'બધું નીકળી ન જાય ત્યાં સુધી ઊઠતા જ નહીં.'

સ્વામીશ્રીની આ અકારણ દયા અને અપાર પ્રેમથી અભિભૂત થતા તે યુવક ફરી કહે : 'બાપા ! બધું નીકળી ગયું છે. હવે કાંઈ મનુષ્યભાવ નથી.'

'ના, એમ નહીં.' સ્વામીશ્રીએ ફરી કહ્યું : 'જાવ... હેતની વાતો કરો, મળો, ગોષ્ઠિ કરો.'

સ્વામીશ્રી આ અલૌકિક રીતોથી ભક્તને અનંત વાર માનવીય ભૂમિકાથી પર પારલૌકિક ચેતના સુધીનો અનુભવ કરાવી દેતા. અને તે ભક્ત જીવનભર દિવ્યભાવનાં મહામૂલાં અંજન પામી સત્સંગને બ્રહ્મદૃષ્ટિથી નિહાળવાનું કૃપાદાન મેળવતો.

## સત્સંગ-પ્રવૃત્તિનું વ્યવહારુ આયોજન

અહીંના નિવાસ દરમ્યાન મુંબઈના વિસ્તાર પ્રમાણે સત્સંગ-વૃદ્ધિ માટે સ્વામીશ્રીએ જાતે જ સુંદર આયોજન ઘડી આપ્યું હતું. મુંબઈ સત્સંગ મંડળના વિકાસ માટે ૯ હરિભક્તોની કાર્યવાહક સમિતિ સ્વામીશ્રીએ નીમી આપી. અને પરાંઓ પ્રમાણે ૧૬ વિભાગ રચી સત્સંગની વૃદ્ધિ માટે મદદમાં બીજા ૧૬ કાર્યકરો નીમ્યા. સૌને સ્થાનિક અઠવાડિક સભાઓ ભરવા તથા અન્ય મુમુક્ષુઓને સત્સંગ કરાવવા આદેશ આપ્યો.

આમ, ગામોગામ સત્સંગ મંડળો તથા યુવક મંડળોની રચના પછી, મોટાં શહેરોમાં વિભાગો પાડી, વિભાગ વાર સત્સંગ-પ્રવૃત્તિનું સુંદર અને વ્યવહારુ આયોજન સ્વામીશ્રીએ જાતે ઘડી આપ્યું. એટલે જ કદાચ ગઢડામાં નંદાજીએ

જાહેરમાં કબૂલ કર્યું હતું કે 'દેશના વિકાસ માટે પંચવર્ષીય આયોજનો ઘડીએ છીએ, પણ યોગીજી મહારાજનાં આયોજનો તો અમારી કલ્પનામાં આવતાં નથી.'

યુવાનો, સંતો અને આવાં આયોજનો દ્વારા સ્વામીશ્રી સત્સંગ-પ્રવૃત્તિને ધીરે ધીરે સંગીન ફલક ઉપર મૂકી રહ્યા હતા. સાથે 'એકતા'નો એમનો ગુરુમંત્ર તો ખરો જ. પોતે ઘણા સમયથી વારે વારે કહેતા કે 'સંપ-સુહૃદભાવનો કળશ ચઢાવવો છે.'

સમગ્ર ગુણાતીત બાગમાં નિર્દોષબુદ્ધિ સાથે દિવ્યભાવનું વાતાવરણ સાંગોપાંગ પ્રવર્તે, એ જ એકમાત્ર એમની કાર્યકર્તા - સંતો, હરિભક્તો તથા સૌ પાસે અપેક્ષા હતી. એમનો અભિપ્રાય કહો કે અનુવૃત્તિ ! આ જ આદેશ સૌ ઝીલે તેવો પોતે રાત-દિવસ ઉપદેશ આપતા હતા. સુહૃદભાવ ને દિવ્યભાવનો અલૌકિક મંત્ર, સૌના સુહૃદ એવા દિવ્ય પુરુષ સિવાય બીજે ક્યાંથી પ્રવર્તી શકે ? સ્વામીશ્રીનું એ જીવન હતું.

*'દૃષ્ટિમાં ભરી દિવ્યતા નિરખતાં સુદિવ્ય ભક્તો બધા...'*

મહારાજના સંબંધે સત્સંગમાં કાલ સવારનો આવ્યો હોય તેને પણ તેઓ સ્વામીસ્વરૂપ જોતા. જ્યારે રોમરોમમાં મહારાજ વ્યાપી ગયા હોય, ત્યારે જ આ ભાવ સંભવી શકે. વર્ષોથી આ એક જ રીતિ ! પહેલાં નહોતી ને પાછળથી આ જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત કરી એવું નહોતું. એમનાથી ઘણા વૃદ્ધ, ઘણા જૂના સંતો તથા હરિભક્તો અનેક વાર કહેતા કે જોગીની આ અનાદિની રીત છે. જ્યારથી જોતાં આવ્યા છીએ - કેટલાક તો જૂનાગઢથી જ સાક્ષી હતા - ત્યારથી મહિમા અને દિવ્યભાવ સિવાય બીજી વાત એમના જીવનમાં જોવા મળી નથી.

સમગ્ર ગુણાતીત બાગમાં, અક્ષરપુરુષોત્તમ પરિવારમાં, મહિમા અને દિવ્યભાવે સહિત એક પ્રગટની નિષ્ઠાનો સક્કો એમને બેસાડવો હતો. એટલા માટે જ ગુરુ હોવા છતાં સૌના શિષ્ય બનીને રહેતા હતા. પોતે સહન કરીને બીજાને હેતે કરીને આ વાત દૃઢ કરાવવા પ્રયત્ન કરતા હતા.

## પ્રગટાવી રીત પુનિત

મુંબઈમાં પોતાના વહાલા સંતોને જોઈને સ્વામીશ્રી સદાય ગુલાબી મસ્તીમાં રહેતા. મંદિર થઈ ગયું હતું. હવે સંતો અભ્યાસ સાથે સંપ્રદાયની રીત પ્રમાણે કથા, કીર્તન, ભક્તિ કરે, એવી અલૌકિક દૃષ્ટિથી સ્વામીશ્રીએ સંતોનું ઘડતર પણ શરૂ કર્યું હતું.

હરિમંદિર સ્થપાયું એટલે બે સમયની આરતી, પાંચ સમયની કથા બરાબર થવી જ જોઈએ. વળી, પ્રત્યક્ષ પૂજા માટે અક્ષરપુરુષોત્તમની નાની ધાતુની પ્રતિમાઓ પણ પ્રતિષ્ઠિત કરી સંતોને સેવામાં આપી. આ ચલ મૂર્તિઓનું સ્વામીશ્રીએ 'જબરેશ્વર' એવું નામ પાડ્યું. અને 'મુંબઈના સંતો-હરિભક્તોના તમામ સંકલ્પો જબરેશ્વર સિદ્ધ કરશે,' એવા આશીર્વાદ બક્ષ્યા. જબરેશ્વરની પણ સમય સમયની સેવાઓ સ્વામીશ્રીએ શિખવાડી. સવાર, બપોર ને સાંજ થાળની રીતિ બતાવી. કોઈ મોટા પ્રસંગોએ જબરેશ્વર મહારાજને બહાર લઈ જવા સૂચના આપી.

સ્વામીશ્રીએ શરૂમાં ઠાકોરજીની પૂજા કરવાનો મને આદેશ આપ્યો અને ઉપરોક્ત તમામ સૂચના આપી. વળી, મુંબઈના હરિભક્તોના સંકલ્પો સિદ્ધ થાય તે માટે મહાપૂજાનો પ્રારંભ પણ સ્વામીશ્રીએ મારી પાસે કરાવ્યો. મને મહાપૂજા નહોતી આવડતી. તેથી પહેલે દિવસે સ્વામીશ્રીએ સંસ્કૃતના થોડા મંત્રો પોતાની લાક્ષણિક શૈલીમાં બોલી, તો થોડા મંત્રોનો ગુજરાતી ભાવાર્થ છટાથી ગાઈ મને મહાપૂજા વિધિ શિખવાડ્યો. પછી કાનજીભાઈ ધનજીભાઈ ભટ્ટ મહાપૂજાની પુસ્તિકા લાવ્યા એટલે તે પ્રમાણે શરૂ કરાવી. અને મુંબઈના હરિભક્તોને ગોંડલની અક્ષર દેરીની સાથે મુંબઈમાં પણ મહાપૂજા કરવા આદેશ આપ્યો.

આ ઉપરાંત, મહત્ત્વની વાત હતી – પ્રાતઃ આરતી પહેલાંનું મંગળ પ્રવચન. સૌ સંતોને યાદ કરીને તેમાં બોલાવતા. તે જ પ્રમાણે સવારની કથાનો પણ આગ્રહ રાખતા. બપોરે ઠાકોરજીને થાળ ધરતી વખતે પણ સંતોને બોલાવી પાંચ થાળ બોલાવતા. તેમાં પાન-બીડીનો થાળ પણ અવશ્ય બોલાવતા. કેટલાક જૂના થાળ, જે પહેલાં પોતે મોઢે કરેલા ને બોલતા, તે સંભારીને, કીર્તનાવલિમાંથી મેળવીને સંતો પાસે ગવડાવતા. બપોરે જમ્યા પછીની કથામાં સૌને યાદ કરતા.

એ જ રીતે ૪-૦૦ વાગે ઠાકોરજીના ઉત્થાપન સમયે મંદિરમાં પધારી પોતે માનસી કરતા અને સૌ સંતો પાસે પણ ધ્યાન કરાવતા. આમ, સંતોને જૂનાગઢની રીતે, સત્સંગ-પ્રણાલીની સુંદર તાલીમ આપતા.

સવારે મંગળ પ્રવચનમાં મહારાજના મહિમાનાં અને મૂર્તિનાં અષ્ટકો સંતો પાસે ગવડાવવાં શરૂ કર્યાં. કેટલાંક અષ્ટકો પોતે જૂનાગઢમાં નાના હતા ને બોલતા, તે ગ્રંથોમાંથી શોધાવીને સંતો પાસે રાગ-ઢાળમાં તૈયાર કરાવ્યાં. સંસ્કૃત અષ્ટકો તથા વિવિધ થાળના રાગો સ્વામીશ્રી જાતે જ પોતાની આગવી શૈલીથી સંતોને આગ્રહ રાખી શિખવાડતા. તેમજ સવારની કથામાં 'નિષ્કુળાનંદ

કાવ્ય'ના રાગ-ઢાળ પણ સંતોને શિખવાડતા.

શરૂમાં સિદ્ધેશ્વર સ્વામી રસોડું સંભાળતા. તેમની મદદમાં ત્યાગવલ્લભ સ્વામી હતા. તેમને બંનેને જુદા જુદા સુંદર થાળ બનાવવા ને રસોડામાં સ્વચ્છતા રાખવા સ્વામીશ્રી માર્ગદર્શન આપતા. મંદિરનો વહીવટ સ્વામીશ્રીએ ભક્તિપ્રિય સ્વામીને કોઠારી બનાવી સુપ્રત કર્યો હતો. તેમજ સર્વ સંતોને માર્ગદર્શન અને અન્ય તમામ જવાબદારી સાધુ કેશવજીવનદાસજીને મુંબઈ મંદિરના મહંત સ્થાપીને સોંપી હતી. આમ, મુંબઈના રોકાણ દરમ્યાન સંતોનું સર્વાંગી આયોજન ઘડી કાઢી સ્વામીશ્રી તેમને સાધુતાના માર્ગે ઉત્તમ તાલીમ આપી રહ્યા હતા.

સંતોને રહેવા માટે મુંબઈમાં 'અક્ષર ભવન'માં હજુ નવી નવી વ્યવસ્થા થઈ રહી હતી. ફ્લેટ સિસ્ટમનાં મુંબઈનાં મકાનોમાં પાણીના નિકાલની વ્યવસ્થા પણ નાનાં કુટુંબોના પ્રમાણે જ હોય. તેવી વ્યવસ્થાવાળા મકાનમાં અમો ૪૦ થી ૫૦ સંતો રહેતા હતા. તેથી સ્વાભાવિક સૅનિટેશનની વ્યવસ્થા હજુ ઘણી અધૂરી હતી. તેમાં સંતોને શૌચ પછી ધૂળથી હાથ ધોવાના; તેથી બધી ગટરો ભરાઈ જતી. પાણીનો નિકાલ જલદી થતો નહિ. અને ગંદકી પણ વધતી.

આ સંજોગોમાં સ્વયંપ્રકાશ સ્વામીએ એક વખત સ્વામીશ્રીને સહજભાવે ઉપરની તકલીફ જણાવી કહ્યું : 'ધૂળથી બધી ખાળ ભરાઈ જાય છે.'

'ભલે ભરાઈ જાય, પણ ધૂળથી જ હાથ ધોવા.' સ્વામીશ્રીએ દઢતાથી સૂચન કર્યું અને કહ્યું : 'આપણે એક ટબ લાવીશું, એમાં હાથ ધોવા અને પછી ટબ ખાલી કરી નાંખવું. ભલે પાંચ રૂપિયા ધૂળના આપવા પડે; પણ ધૂળથી જ હાથ ધોવા.' શરૂઆતમાં મુંબઈમાં ધૂળ વેચાતી લાવતા.

આ મક્કમ શબ્દોથી સૌ સંતોને, આજ્ઞા પળાવવા માટેની સ્વામીશ્રીની તમન્નાનો ખ્યાલ આવ્યો અને સ્વામીશ્રીની ઇચ્છા સૌએ સહર્ષ વધાવી લીધી.

## સાધુતાના કસબી

પ્રતિષ્ઠા પછી સ્વામીશ્રી મુંબઈથી નીકળી જવાના હતા, પણ અચાનક સ્વામીશ્રીને ખૂબ શરદી થઈ ગઈ. વળી, ગુજરાતમાં મુંબઈ કરતાં ઠંડી ઘણી વધારે. એટલે ડૉક્ટરો તથા હરિભક્તોની વિનંતીને માન આપી મુંબઈમાં જ મકરસંક્રાંતિ સુધી રોકાણ લંબાયું.

એ દરમ્યાન સ્વામીશ્રીએ સંતોને વિવિધ તાલીમ આપવાની શરૂ કરી. રાત-દિવસ પાસે બેસાડી, હેતથી વાતો કરી, જૂનાગઢી સાધુનો કસબ

શિખવાડ્યો અને કાયમ માટે તેનો ઠેલ માર્યો.

જુવાન અવસ્થામાં સંતોમાં રજોગુણ પેસી ન જાય તેની સ્વામીશ્રી બહુ ચીવટ રાખતા. અને ત્યાગ-વૈરાગ્યની આકરી વાતોથી સંતોનું બખ્તર ઘડતા. સંતોને પોતાની રોજેરોજની જરૂરિયાત ધોતિયાં, પૂજા, પુસ્તક, કલમ વગેરે રાખવા માટે ખુલ્લાં ખાનાં કરાવ્યાં. કોઈને કબાટ કે તાળાં નહિ. કોઈ બિન-જરૂરી વધારાના પદાર્થનો સંગ્રહ ન થઈ જાય તેનો આગ્રહ રાખતા. ધન, સ્ત્રીનો ત્યાગ શિર સાટે પાળવા રાત-દિવસ સંતોને અનુરોધ કરતા. એટલા માટે સ્વામીશ્રી 'અક્ષર ભવન'ના પ્રાંગણમાં પણ સ્ત્રીઓ ન આવે તેવો પ્રતિબંધ ઈચ્છતા. તેઓ ઘણી વાર કહેતા કે 'કાગડો, કૂતરું અને ડોશીનો મંદિરમાં જ્યાં સાધુ રહેતા હોય ત્યાં પ્રવેશ ન જોઈએ.' એટલે 'અક્ષર ભવન'ની ગેલેરીઓમાં પણ કામ વગર જવું નહિ અને બહાર ડોકિયું તો કરવું જ નહિ – એવો કડક પ્રતિબંધ પોતે મૂકેલો. પોતે ઘણી વાર કહેતા કે 'શહેરમાં મંદિરો કરી મહારાજે ગામ વચ્ચે વન કર્યાં; તેમ આ પણ વન જ સમજવું. ઉપવનમાં-આશ્રમમાં રહીએ છીએ એ ભાવથી રહેવું.' નિષ્કામ ધર્મ અને સાધુના પંચ વર્તમાન સારધાર પાળી શકાય એ માટે સ્વામીશ્રીએ સંતોને 'શિક્ષાપત્રી' સાથે 'ધર્મામૃત' નિત્ય પૂજામાં વાંચવાની આજ્ઞા કરી. તથા દર એકાદશીએ 'નિષ્કામ શુદ્ધિ' ગ્રંથનો પૂરો પાઠ સમૂહમાં કરવા આદેશ આપ્યો. અને દર રવિવારે સત્સંગ સભા પછી રાતની સંતોની સભામાં મહારાજની આજ્ઞા પ્રમાણે વચનામૃત અંત્યનું ૧૯મું પણ સમૂહમાં પાઠ કરવા કહ્યું.

એક દિવસ રાત્રે કેટલાક સંતો જમ્યા પછી તુંબડામાં પાણી પીતા હતા. તે જોઈને સ્વામીશ્રી કહે : 'સૌ તુંબડામાં પાણી પીઓ છો ને ?'

આ તક જોઈ તુરત કેટલાક સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! તુંબડામાં વાસ આવે છે. સ્ટીલના પ્યાલામાં પાણી પીએ તો ?'

'ના, આપણે ચાલતું હોય એમ ચલાવવું, તુંબડામાં જ પાણી પીવું. તમને જોઈએ તો લૂગડાં આપીએ, તેનાથી તુંબડી લૂછી નાખવી...'

સ્વામીશ્રી સંપ્રદાયની જૂની પ્રણાલીઓના દૃઢ આગ્રહી હતા અને શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર જ વર્તવા સંતોને આદેશ આપતા.

'મેળાવીને પાણી નાખીને જમવું; તુંબડીથી પાણી પીવું; કૌપીન પહેરવી; જાડાં વસ્ત્રો પહેરવાં, તે ઘસાઈ જાય પછી દાંડિયા કરી પહેરવાં, ફાટે તો થીગડાં મારવાં, તે માટે સોય-દોરો બધા સાધુએ રાખવાં, મહારાજની આજ્ઞા પ્રમાણે

૧૧ વસ્ત્રોથી વધારે વસ્ત્રો ન રાખવાં; નિષ્કામ શુદ્ધિના ઉપવાસ કરવા, પાંચ દિવસે તો એક ઉપવાસ કરવો જ, ઉપવાસ નિર્જળા કરવા; સંસ્કૃતનો અભ્યાસ કરવો; રોજ વચનામૃત, સ્વામીની વાતુંનો પાઠ કરવો; વાતું, વચનામૃત તથા કીર્તનો મોઢે કરવાં; વારા પ્રમાણે વાસણ ઊટકવાં, ચોકા કરવા ને રસોઈમાં જવું.' આવી નાની-મોટી એકેએક આજ્ઞા પળાવવાનો સ્વામીશ્રી અત્યંત આગ્રહ સેવતા. તે માટે લેશપણ થાક્યા વગર, કંટાળો લાવ્યા વગર, અનેક વાર હેતથી સંતોને સમજાવતા રહેતા. નવા સંતો, નાના સંતો ભૂલ કરે, તો બહુ ઉદાર દિલે ક્ષમા આપતા. વળી પાછા ખૂબ હેતથી તે પ્રમાણે વર્તવાનો દૃઢાવ કરાવતા.

કેટલાક સંતોને દૂધના નિયમ આપેલા, તો કેટલાકને એકટાણું જમવાનું પણ કહેતા. પંગત સિવાય ટાણે-કટાણે, ખૂણે-ખાંચરે ખાઈ ન લેવાનો પણ આગ્રહ રાખતા. આમ, અનેક રીતે સંતોને ત્યાગાશ્રમની ઉત્તમ રીતિ દૃઢ કરાવતા.

તો વળી, લાડ પણ એટલા જ લડાવતા. વાર-તહેવારે ઉત્સવ પ્રસંગે સંતોની પંગતમાં હેતથી પીરસવા નીકળે અને અત્યંત આગ્રહ કરી કરીને ગજા ઉપરાંત, હદપાર સંતોને જમાડતા. પત્તર ભરી દે, છલકાવી દે. બીજી બાજુ સંતોને ઉપવાસ પણ ખૂબ કરાવે.

## દિવ્ય શબ્દદેહ

૫૧ યુવકો સાધુ થયા પછી જે જે યુવાનો સાધુ થવા ઇચ્છતા હતા અને તે માટે તૈયારી કરતા હતા, તેમજ જેમને તે માટે તૈયાર કરવા હતા તેમને સ્વામીશ્રી ત્યાગ-વૈરાગ્યના અદ્‌ભુત પત્રો લખતા. ક્યારેક તો ૮ થી ૧૦ પાનના પત્રો લખતા. વારંવાર લખતા ને ખૂબ પ્રોત્સાહન આપતા. આ પત્રોની અંદર એ જ વિગતો આવતી, જેમ કે 'નિષ્કામ શુદ્ધિના ઉપવાસ કરવા,' 'ડોશીને અડી જવાય તો નાહી લેવું...' કેટલાકને અડી જવાય તો ઉપવાસ કરવાના નિયમ પણ આપેલા. 'મેળવીને જમવું, ભોંય પથારી કરી સૂવું, ચત્તા સૂવું, હાથનું ઓશીકું રાખવું, બજારનું ખાવું નહિ, નીચી દૃષ્ટિ રાખીને ચાલવું, નિશાળે કે કૉલેજ જતાં-આવતાં વાતું-વચનામૃત-કીર્તનોનો મુખપાઠ બોલવો, ગ્રામ્યવાર્તા ન કરવી, સ્ત્રીઓ સાથે કામ વગર બોલવું નહિ, પાંચ ટાઈમની માનસી કરવી, સૂતાં પહેલાં માળા ફેરવવી, ઠંડે પાણીએ નાહવું, નિયમિત વાતું-વચનામૃત-કીર્તન મોઢે કરવાં, પાઠ કરવો, અભ્યાસ બરાબર કરવો, ભીંત સામે બેસીને વાંચવું, આઠ કલાક વાંચવું...' વગેરે.

એક ગામમા સાધુ થનાર યુવકોની સંખ્યા એક કરતાં વધારે હોય તો તેમને નિયમિત ભેગા થઈ ગોષ્ઠિ કરવાનું પણ સ્વામીશ્રી ખાસ કહેતા. જેથી પોતાના વિચારની, ધ્યેયની સારી રીતે પુષ્ટિ થાય.

આવા આધ્યાત્મિક શ્રેષ્ઠ માર્ગદર્શનના પત્રોનો પ્રવાહ સ્વામીશ્રીએ વર્ષો સુધી, સતત, અનેક યુવકો ઉપર ચાલુ રાખ્યો અને સૌને ખૂબ આત્મબળ સીંચ્યું. પછી યુવકો દીક્ષા લઈ પાર્ષદો થયા અને સાધુ થઈ મુંબઈમાં જ રહ્યા. તે દરમ્યાન અને પછી પણ સ્વામીશ્રી સંતોને સંભારીને વ્યક્તિગત રીતે ને સામૂહિક રીતે ખૂબ બળના પત્રો લખતા. સંતો સ્વામીશ્રીને પત્ર લખે તેનો જવાબ તો વળતે દિવસે આવ્યો જ હોય ! એટલા તેઓ સંતોના પ્રશ્નો માટે અને તેમના વ્યક્તિગત ઘડતર માટે સજાગ અને ચિંતિત હતા.

આ બધા પત્રો આજે એકત્રિત કરવામાં આવે તો એનું વજન કેટલાક મણ થઈ જાય. આ તો થયું સ્થૂળ વજન, પણ એ પત્રોમાં રહેલા શબ્દો અને તેનો પદાર્થપાઠ મૂલવવામાં આવે તો વૈરાગ્ય, નિષ્કામ શુદ્ધિ અને સાધુતાના ધર્મનું સર્વશ્રેષ્ઠ સાહિત્ય પુરવાર થાય. જેનો જોટો પૃથ્વી ઉપરનાં આજ સુધીનાં શાસ્ત્રોમાં જડે નહિ તેવું ઉચ્ચતમ અમૂલ્ય પત્ર-સાહિત્ય અર્થાત્ શાસ્ત્ર ગણાવી શકાય. કોઈપણ સાધકને અમૂલ્ય માર્ગદર્શન અને આત્મબળ આજે પણ પૂરું પાડે એવા એ પત્રો આજે પણ જીવંત છે. આ હતો સ્વામીશ્રીનો દિવ્ય શબ્દદેહ !

## પહેલી તારીખના આશીર્વાદ

નિજ સંતોના યોગ અને ક્ષેમનું વહન કરતા સ્વામીશ્રી મુંબઈમાં સૌને લાભ આપતા હતા. તા. ૧-૧-'૬૨, સવારે ૫-૩૦ વાગે, સંતોને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે :

'પહેલી તારીખ. બેસતું વરસ. આશીર્વાદ છે. આગળ નિશાન પાડજો. સત્સંગમાં નિર્માની થઈ પડ્યા રહીએ, કથાવાર્તા કર્યા કરીએ. લાખો જીવ અક્ષરપુરુષોત્તમનું નામ લેશે તેનું પુણ્ય તમને મળશે. આનંદમાં રહીએ. બળમાં ખૂબ રહીએ. ઉદ્વેગ નહીં. મહારાજની મૂર્તિ ધારીએ. મહારાજ સર્વોપરી છે. તે સત્પુરુષમાં રહ્યા છે. આપણો ભાવ કાઢી નાખવો. *'હાથમાં હરિના હાથ'* દેહભાવ ન ધારવો. જમીએ તો મહારાજ-સ્વામીને જમાડીએ.

'પૂજામાં, ના'તાં ના'તાં, પગથિયે ચડતાં કીર્તન ગાવાં, મોઢે કરવાં. સાધુ થાવા આવે તેને જ્ઞાન દેવું, અને છે તેને કાયમ રહેવું.

'મહારાજનો સલૂકો મોઢે કરાવવો છે. *'શ્રી સહજાનંદ મહારાજ હરિ...'* બીજા 'હરે' બોલે. હું ને હકાભાઈ હાલતાં હાલતાં વાડીએથી (ના'વા જતાં) બોલતા જઈએ. એમ મોઢે કરેલા.'

આજે સ્વામીશ્રી સંત-હરિભક્તોના સંઘ સાથે દરિયા કિનારે લોંચમાં ઉરણ બંદર ડાહ્યાભાઈને ત્યાં પધાર્યા હતા. અહીંની પ્રજાને સત્સંગનો અમૂલ્ય લાભ આપ્યો. સ્થાનિક માછીમારભાઈઓએ પણ સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદનો લાભ લીધો હતો.

એ જ રીતે મુંબઈથી ૪૫ માઈલ દૂર બોમ્બે-પૂના હાઈવે ઉપર પનવેલ મુકામે પણ સ્વામીશ્રીએ તા. ૭-૧-'૬૨, સંતો-હરિભક્તોના સંઘ સાથે લાભ આપ્યો હતો. મંગળજીભાઈ તથા પુરુષોત્તમભાઈ વગેરે ભક્તોએ ઉત્સાહથી સૌની સેવા કરી અને જાહેર સભામાં સ્થાનિક મુમુક્ષુઓને લાભ અપાવ્યો હતો.

## નિષ્કામી વર્તમાન

હમણાં રોજ વહેલી સવારે મંગળ પ્રવચનમાં 'વેદરસ'માંથી પંચ વર્તમાન ઉપર સ્વામીશ્રી અદ્ભુત વાતો કરતા અને સંતોને તેની દૃઢતા કરાવતા. સ્વામીશ્રી કહે :

'નિષ્કામી વર્તમાન વિના વિદ્યા, શાસ્ત્ર ભણ્યા હોય તોય કાંઈ નહિ. વિદ્યા નિષ્ફળ. ત્યાગ નિષ્ફળ. સંકલ્પ થાય તો માળા ઘમકાવવી. એમાં (સ્ત્રીમાં) વાસના રહી તો બધું વ્યર્થ. સારા એકાંતિક એની ઇચ્છા નથી કરતા. ત્યાગી થઈને ઇચ્છા કરે તે મૂર્ખ છે. એ (સ્ત્રી) નરકરૂપ છે. શિખર દૂરથી સારાં દેખાય. નજીકથી પાણા દેખાય. પથરા ! ગોળિયા - પડે તોય આપણને પાડી દે. એમ સમજવું કે નવ દ્વારે નરક ઝરે છે. એમ હૃદયમાંથી કાઢી નાખે. મહારાજ પરમહંસોને કહે છે કે એમાં પડે તો સીધો નરકમાં જાય. આ વાતો એવા (વર્તનવાળા) સદ્ગુરુ કરે તો ઉપદેશ લાગે. મુમુક્ષુને લાગે ને અભાવ કરી નાખે.

'એમ ધન ને સ્ત્રી કાઢી નાખીએ તો અક્ષરધામમાં બેઠા છીએ. (સ્ત્રી) અવિવેકે કરીને સારી લાગે, પણ મડા જેવી જ છે. સ્ત્રી-પુરુષનો દેહ મલિન ને માયિક છે. બધું હાડકાંનું છે. તેની શુદ્ધ મુમુક્ષુ પરમહંસ કેમ ઇચ્છા કરે ? મહારાજે તેની હડતાલ પાડી. અભાવ કરી દે. તેનાથી કલ્યાણ ન થાય. કલ્યાણને અર્થે ભગવાન ને ભગવાનના સંત. તેમાં પ્રીતિ કરીએ તો મોક્ષપદને પહોંચાડે. જ્ઞાનનો રસ સમજી રાખીએ તો પરમપદ મળે.

'નિઃસ્વાદી વર્તમાન પાળવું. આપણે પાણી નાખી ખાવું, તો નિર્વિકારપણું. દાળિયા ફાકી લેવા. જે આવે તે હરિઇચ્છાએ ખાવું. માગવું નહિ, તે અજગરવૃત્તિ. ઝોળી માગી લાવી ખાવું, તે ભ્રમરવૃત્તિ. રાત્રે વાળુ ન કરીએ તો સવારે ભૂખ સારી લાગે ને બધું પચી જાય.

'બધાંએ ભેગાં મળીને ખાવું. કર પાત્ર અને ઉદર ઝોળી. 'ભક્તચિંતામણિ'માં લખ્યું : *'સારું લાગે તે રાખે સંતાડી, થઈ ખાવાની વૃત્તિ હરાડી.'*

'પુરુષોત્તમદાસ ત્રણ દિ'ની છાશમાં પાણી નાખી જમી લે. માંગે નહિ. આવા નિઃસ્વાદી. પહેલાં ગામોગામ એવું જ હતું. શાક ન મળે તો ચલાવી લેવું. નિઃસ્વાદી વર્તમાનમાં ગુણમાત્ર આવી જાય. ઠાકોરજી માટે કરવું. કદાપિ ન મળે તો વાંધો નહિ.

'સ્વાદિયાનો સંગ ન કરવો. ઉત્તમનો સંગ કરવો. વર્તમાન પાળતા હોય, નિષ્કામી હોય, મોડા સૂતા હોય, વહેલા ઊઠતા હોય, તેનો સંગ કરવો. ટાઈમસર ઊઠીએ તો સારા ગુણ આવે, પણ ઊંઘતાનો સંગ કરે તો ઊંઘી જાય.

'દૂધપાક, જલેબી, જાંબુ એ ભાંગી-વાટી પાણી નાખી જમવું.'

## જેમ કહે તેમ કરીએ તો સાક્ષાત્કાર !

સવારની સભામાં સ્વામીશ્રી કહે : 'અહીં પારાયણ કરવી છે.' પછી હર્ષદભાઈ પાસે વાતો કરાવી અને ફડિયામામાને પણ વાતો કરવા કહ્યું. અને કહે : 'હજુ તો જમવાની વાર છે. માખો ક્યાં ઉડાડવી ? અડધો કલાક વાતું કરો.'

પછી કહે : 'ગુણ ગાવા તે જ પ્રવચન ! મંડી પડવું. ગ્લાનિ પામવી નહિ. થોડું દુઃખ થાય તે ચલાવી લેવું. એમની ઇચ્છાએ પાંદડું હલે છે. સંપનું કામ ઉપાડ્યું છે તેમાં પુષ્ટિ કરવી. નહિ તો કાળ જાય ને કહેણી રહી જાય. પાંચને અભાવ ઘાલીને પાડીશું તો અક્ષરધામમાં નહિ ગરવા દે. ગુણ ગાવા. અપાર ને અપાર છે.'

એક ભાઈએ પ્રશ્ન કર્યો : 'સંસારી પુરુષને આત્મદર્શન કેવી રીતે થાય ?'

સ્વામીશ્રી કહે : 'ગૃહસ્થાશ્રમમાં પર્વતભાઈ, ઝીણાભાઈ થઈ ગયા - નિરાવરણ દૃષ્ટિવાળા ! શાથી ? શ્રદ્ધા અને વિશ્વાસ. સર્વોપરીનો વિશ્વાસ હતો. મહારાજ કાગળ લખે તો મિનિટ ઊભા ન રહે. સાક્ષાત્કાર થઈ ગયો.

'શાસ્ત્રીજી મહારાજ એવા પુરુષ હતા. 'થાય છે, જવાય છે,' એવું નહિ. મન સોંપી દઈએ. મહારાજ-સ્વામીને આગળ રાખવા, તો અક્ષરધામની

પ્રાપ્તિ ! નિરાવરણ દૃષ્ટિ કરાવી દે. શ્રદ્ધાથી મંડી પડવું. દુકાનમાં મહિને નફો મળે કે ન મળે પણ મંડે છે, તેમ મંડવું. જેમ કહે તેમ કરીએ તો સાક્ષાત્કાર.'

તા. ૯-૧-'૬૨, મંગળ પ્રવચનમાં ખૂબ ભાવમાં આવી વચનામૃત અં. ૧૧ ઉપર સંતોને સમજાવતાં કહ્યું :

'નિર્વિકલ્પ સમાધિ જેવી શાંતિ કેમ રહે ? દેહના જેવી આત્મબુદ્ધિ સત્પુરુષ અને ભગવાનમાં કરવી. તો શાંતિ. ટૂંકમાં કહી દીધું. આત્મબુદ્ધિ એટલે 'હાંજી હાંજી.' વચનમાં ટૂક ટૂક. શંકા નહિ. દિવસ કહે તો દિવસ અને રાત કહે તો રાત. સ્વામીની આજ્ઞા કોઈ દિવસ લોપવાની નથી.

'મુક્તાનંદ સ્વામી બ્રહ્મચર્ય પાળવા માટે પડવા તૈયાર થયા. કેટલો ખપ ! આવો ખપ જાગે તો કેફ - છક રહે. કેફના ફુવારા ! અહોહોપણું મનાય. શુષ્કપણું નીકળી જાય. કંગાળને રાજ મળે તો ! આપણે જીવ કોટિના, પણ બ્રહ્મનું, ગુણાતીતનું રાજ્ય મળી ગયું. જ્ઞાનનો કેફ ! જ્ઞાનનાં ગાડાં !'

## મનરૂપી અસુરનું નિવાસ સ્થાન

એક દિવસ સવારે સભામાંથી ઊઠીને એક ભાઈ કંઈક કામ અંગે જતા હશે. તે જોઈ સ્વામીશ્રી કહે : 'મારા ગયા પછી ડબલ કામ કરજો, પણ હાલ (કથામાં) બેસવું.'

પછી વાત કરતાં કહે : 'દોષ કાઢવા શી રીતે ? મહિમાથી માન જાય. ધર્મથી કામ જાય. સ્વાદ ભક્તિએ કરીને જાય. જ્ઞાને લોભ જાય. મૂર્તિનો સ્વાદ આવે. ભક્તિનો સ્વાદ આવે, તો જગતનો સ્વાદ ઓછો થઈ જાય. તન, મન, ધન સ્વામીનું છે. મનધાર્યું ન કરવું. એમનુ જ મન છે.

'મનને વશ ન થાવું. મન ચંડાળ છે. નીચ છે. આ મન કાઢી નાખવું, પણ સત્પુરુષ આપણું મન માનવું. તે કહે તેમ કરવું. આપણા ઘરમાં ને ઘરમાં અસુર છે તે મન.

'જેમ ધૂળને ખૂંદીએ તેમ ચીકાશ આવે, તેમ દેહને સેવામાં વગેરેમાં જોડીએ તો ચીકાશ આવે.

'વખાણે એમાં તો નિર્દોષભાવ રહે, પણ પત્તર ખેંચી લે, જમવા ન દે, તો નિર્દોષભાવ સાચો. તે એકાંતિક થઈ જાય. ને ફર્સ્ટ નંબરમાં આવી જાય.

'નાનામાં નાનો હોય તેની પણ ભગવાનની બુદ્ધિએ સેવા કરે ત્યારે મહિમા સમજ્યા ગણાય.

'નિશાન ઉપર લક્ષ્ય રાખીએ તો દિવસે દિવસે ચડતો રંગ રહે.

'ભોજન ગમે તેવું સારું હોય પણ સાત દિવસ તાવ આવ્યો હોય તો ભાવે નહિ. તેમ મનુષ્યભાવરૂપ માંદગી આવી હોય તો સુખ ન આવે.'

અહીં એક બપોરે ઠાકોરજી જમાડીને સ્વામીશ્રી નીચે ઊતરતા હતા. કોઠારી ભક્તિપ્રિય સ્વામી જમીને હાથ ધોઈ રહ્યા હતા. તે જોતાં સ્વામીશ્રી તેમને ખૂબ જ આત્મીયભાવે કહેવા લાગ્યા કે 'લાવો, તમારું પત્તર ધોઈ નાખું.'

આ હતું સ્વામીશ્રીનું વાત્સલ્યપૂર, જેમાં અનેક જીવો સહેજે તણાઈ જતા અને સ્વામીશ્રીનાં ચરણોમાં ઝૂકી જતા.

## આ વચનામૃત જાત ઉપર નાખવું

બપોરની સભામાં પણ ઘણી વાર કથાનો રંગ જામી જતો. મોટાપુરુષ પાસે કાળનું કોઈ બંધન નથી. તા. ૧૦-૧-'૬૨, બપોરે ઠાકોરજી જમાડ્યા પછી કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ વચનામૃત મ. ૩૭ ઉપર બહુ પ્રેરણાત્મક વાતો એકદમ ભાવમાં આવી જઈ કરી :

'ગીતામાં કહ્યું – જ્ઞાની પણ પ્રકૃતિ સરખું આચરણ કરે છે. આ વચનામૃત આપણે જાત ઉપર નાખવું. કો'કના ઉપર નહિ. શૂરવીર થાવું. જે પ્રકૃતિ-ટેવ પડી હોય તે કાઢી નાખવી. સ્વભાવ મુકાવવા સત્પુરુષ જે ઉપાય કરે તેનો વિશ્વાસ રાખે, ખબર રાખે, તો ફર્સ્ટ પાસ થાય; નહિ તો બે વરસેય પાસ ન થાય.

'સત્પુરુષ જે કહે તેમ વર્તવું. સત્પુરુષ મૂંગા ન હોય. તે બોલે. બોલ્યામાં વિશ્વાસ રાખવો. શબ્દ ઝીલ્યા કરે એ પ્રીતિ. ગમે તેટલાં દુઃખવીને કઠણ વચન કહે તોય હિતકારી માને, તો એકેય પ્રકૃતિ ઊભી ન રહે. જેને મોક્ષનો ખપ હોય તેને સારુ આ ઉપાય છે. 'ગમે તેટલો તિરસ્કાર.' એમાં માપ આવ્યું ? આ કો'કના સારુ વાત છે ? આપણા સારુ છે. કોઈ રીતે હૃદયમાં દુઃખ લગાડવું નહિ.

'કઠણ વચન ને તિરસ્કારમાં ફેર શો ? તિરસ્કાર એટલે કાઢી મૂકે કે 'ભાગી જા ! તારું મારે મોઢું જોવું નથી.' કઠણ વચન એટલે 'મૂરખ' કહે. બે વચન સુણીને હાણ થાય. મૂળજી-કૃષ્ણજીને ધોકાવીને કાઢ્યા, ત્યાં કીર્તન ગાવા લાગ્યા. કેટલી શ્રદ્ધા !

'મોટાપુરુષનું વચન એ જ ભક્તિ. ત્યાગ-વૈરાગ્ય હોય, છતાં મોટા કહે : 'જમી લો,' તો જમી લેવું.'

પછી પોતાની વાત કરતાં કહે :

'અમે ધંધુકાની આજુબાજુ ઝોળી માગતા હતા. શાસ્ત્રીજી મહારાજ ત્યારે અડવાળમાં હતા. અમારા માટે પૂરણપોળી કરેલી. બાપુભાની રસોઈ. સામે ઘોડા મોકલ્યા. અમે ડમણિયામાં આવતા હતા. ઉનાળો હતો. વૈશાખ મહિનો, પણ 'સ્વામીનાં દર્શન વગર પાણી પણ પીવું નથી' એવો સંકલ્પ. બપોરે ૨-૦૦ વાગ્યા સુધી ઝોળી માગી હતી.

'અમે ગયા. અમને સ્વામી કહે : 'હાલો પીરસું છું. આવા પીરસનાર નહિ મળે.' પછી રોટલી (પૂરણપોળી) પાંચ-પાંચ દીધી. કઢી-ભાત સારી રીતે જમાડ્યાં. એમ સ્વામીએ પારણાં કરાવ્યાં. બાપુભા રાજી થયા. કહે : 'રસોઈ સાર્થક થઈ.' અપવાસ હતો તે કરવો'તો; પણ આવા પુરુષ જમાડનારા ક્યાંથી ! વચનભક્તિ થઈ ગઈ. પછી બીજે દિ' સોળ આની ઉપવાસ કર્યો. આગલે દિ' કરત તો પ્રસાદી જતી રહેત.

'અમારે નિર્દોષબુદ્ધિની ભક્તિ અને હેત હતું તો હૈયે ટાઢું રહે છે. તે દિ' હેત તોડ્યું હોત તો બળતરા રહી જાત. મન મૂંઝાણું હોત. માટે મોટા કહે તેમ રહેવું પડશે, તે ભક્તિ. પોતાની મેળે કરે તે ભક્તિ નહિ. સરધારનો એક પટેલ અમારી સાથે હતો. પછી બીજે જતો રહ્યો. પૂછ્યું તો કહે : 'જમવાનું સારું મળે છે. અહીં તો ત્યાગ-વૈરાગ્ય પાળવો પડે, પ્રકૃતિ-સ્વભાવ મારવાં પડે.' અહીં રહ્યો હોત તો કલ્યાણ થાત. મોટાપુરુષના વચને માળા-ભણવું-ભક્તિ. ચાર ઉપવાસ મનધાર્યા કરે તોપણ ભક્તિ નહિ.

'અમારા જૂનાગઢમાં જે પહેલો સાધુ થાવા આવે તેને પહેલાં મધ્યનું ૩૭મું વચનામૃત મોઢે કરાવે. જ્ઞાની કેવો ? સર્વોપરી. સનાતન જ્ઞાની હોય તોપણ પ્રકૃતિ સરખું આચરણ કરે.'

જેમ ભગવાનને બપોરે ભારે ભારે થાળ ધરાવે, તેમ સ્વામીશ્રી બપોરની કથામાં પણ ભારે જ્ઞાનામૃત ભોજન પીરસતા અને મુમુક્ષુઓના બોત્તેર કોઠા ટાઢા કરી દેતા.

બીજે દિવસે બપોરે એક વાગે સ્વામીશ્રી કથામાં કહે :

'મધ્યનું ૫૧ કાઢો. નાનું છે પણ મુદ્દાનું છે. સ્વભાવ પડ્યા તે રજોગુણનો ભાગ છે. શાંત સ્વભાવ રાખવો. આઘુંપાછું નહિ. બાળકપણું નહિ. ગુણાતીત સત્તારૂપ રહેવું.

'લખપતિનો દીકરો પોતાને ગરીબ માને ? 'લખપતિ' એમ માને. તેમ આપણે અક્ષરના દીકરા. 'અક્ષર' માનવું. દેહભાવ કાઢવો. અક્ષરધામમાં જન્મ્યા

છીએ. સગાં-વહાલાં બધાં ગયાં. સળગી ગયું. મહારાજ ને સ્વામી બે જ છે. મુંબઈ-કલકત્તા સળગી ગયું.

'જ્યાં સુધી ગુણના સંગ છે તે સાધુ થયા તોપણ દુઃખિયા. મન કનડે, તોડી પાડે. તે મન ખરાબ છે, લૂંટારું છે. આત્મસત્તા એટલે અક્ષરરૂપ.

'મહારાજની આજ્ઞા વિના કાંઈ ન કરવું. ખુલાસો - સત્પુરુષની આજ્ઞાએ ત્રણ ટાણાં ખાવને ! પણ કહે તેમ કરવું તે આત્મસત્તારૂપ.'

## સાધુ થઈ સંસારમાં જાય તે ચાંડાળ

તા. ૧૩-૧-'૬૨, મંગળ પ્રવચનમાં પોતાના ઓરડામાં જ બિરાજી, સંતોને ઉદ્દેશીને વેદરસ - નિર્માની વર્તમાન સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'હવે બહુ મુદ્દા આવશે. આપણે ગ્રહણ કરવાના. અક્ષરના રોમમાં બ્રહ્માંડો બુદબુદાની જેમ ઊડે છે. તે અક્ષરને મહારાજ ઢૂકડું લાવ્યા. તે અક્ષર તો પુરુષોત્તમના દાસ છે. એવા પુરુષોત્તમ તમને મળ્યા છે. આવો મહિમા સમજાય તો હૈયામાં સમાય નહિ. અક્ષરધામ ગમે તેટલાં સાધન કરે ન પમાય, પુરુષોત્તમના બળે જ પમાય. ચોખી ઉપાસના અક્ષરધામમાં જ છે. બીજે ગોટેગોટા જ હાલે છે.

'મહારાજ સબીજ વાત કરે છે. જીવ સાથે ગુણાતીતની એકતા કરવી છે. મહારાજે મૂળ અક્ષરનો મહિમા સમજાવ્યો. તે પામ્યો તો સુખના મહોદધિમાં ! બીજું કૂચા. મહારાજ ધીરે ધીરે રસ પાતા જાય છે. પુરુષોત્તમ સૌથી પર છે. અક્ષરનો મહિમા જાણ્યા વગર પુરુષોત્તમનો મહિમા સમજાય નહિ. અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા હોય તેવા ઘણા, પણ અક્ષર તો એક જ.

'પંચ વિષયમાં સ્વાદ લેવા જાય તો બાપા કાઢી જ મૂકે. સુખ લેવા જ ન દીએ. 'જા બહાર.' પંચ વિષયનો અભાવ થાય ત્યારે ધામમાં જાય. અત્યારથી જ 'હફાળું' (સઘળું) કાઢી નાખવું, તો સુખ થાય. સાધુ થઈ સંસારમાં જાય તેને ચાંડાળ સમજવો. મહારાજે કેવી યુક્તિ કરી ! કામ-ક્રોધમાં લેવાય તે વટલેલ ગુરુ. તેથી મોક્ષ-અક્ષરધામની પ્રાપ્તિ ન થાય. આત્મા-પરમાત્માની પ્રાપ્તિ થઈ છે, તેવું જ્ઞાન શીખીએ તો મોહ ન થાય. આત્મા હરિરૂપ ગુરુની સેવાથી પમાય. સમાગમે દેહભાવ નીકળે ને બ્રહ્મસ્થિતિ આવી જાય.'

ઉત્તરાયણનો સમૈયો માટુંગામાં, રામ બાગમાં ધામધૂમથી ઊજવાયો. સ્વામીશ્રીએ નિર્દોષબુદ્ધિ અને સંગઠનભાવ વધારવાનો શુભ દિવસ શુભ

પર્વણી જાહેર કરી, આખા દેશમાં સ્વામિનારાયણનું ભજન કરાવવા સૌને તનતોડ મહેનત કરવા આજ્ઞા કરી અને આશીર્વાદ આપ્યા. હરિભક્તોએ મકર-સંક્રાંતિ પર્વ નિમિત્તે સ્વામીશ્રી અને સંતોનું પૂજન કરી દાનનો લાભ લીધો હતો.

લગભગ ૪૦ દિવસ મુંબઈમાં સંતોને સુખ આપી સ્વામીશ્રી તા. ૧૫-૧-'૬૨, સવારે સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં અટલાદરા પધાર્યા. આણંદ આવી, તા. ૧૭મીએ અ.નિ. રણછોડભાઈની વાડીમાં, સદ્ગુરુ નિર્ગુણદાસ સ્વામીના દેહોત્સર્ગ સ્થાને છત્રી બનાવવાનું ખાતમુહૂર્ત કર્યું. પછી બોચાસણ દર્શન કરી, નૈરોબીવાળા અંબાલાલભાઈને ત્યાં પારાયણ નિમિત્તે ધર્મજ પધાર્યા.

## ગુણાતીત જ્ઞાનનો મેળાવડો

ઘણા સમયથી ધર્મજમાં અદ્ભુત પારાયણ કરવાનો તેમનો સંકલ્પ પૂરો કરવા સ્વામીશ્રી પધાર્યા હતા. તેમના દીકરા શાંતુભાઈ તથા જમાઈ વિનોદકુમાર વગેરે કુટુંબીજનો અગાઉથી તૈયારી કરવા આફ્રિકાથી આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રીનો ઉતારો દક્ષિણ આફ્રિકામાં સોલ્સબરીમાં વસતા નરહરિભાઈના વિશાળ બંગલામાં રાખવામાં આવ્યો હતો. જ્યારે પારાયણ સ્થળ ટાવર નજીક ધર્મશાળામાં ગોઠવ્યું હતું.

પોષ સુદ ૧૩ ને તા. ૧૮-૧-'૬૨થી પારાયણનો પ્રારંભ થયો. ઠંડી પુષ્કળ હતી, છતાં સ્વામીશ્રી સવાર-સાંજ કથામાં પધારતા. રાત્રિસભામાં પણ મોડે સુધી બેસતા. રોજ સવારે સ્થાનિક સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવા જતા. ભક્તરાજ નાથજીભાઈના શિષ્ય ઉમેદભાઈ નિયમિત રીતે પારાયણમાં આવતા તથા મંદિરમાં પણ સ્વામીશ્રીની કથાનો લાભ લેતા. સ્વામીશ્રી તેમની પાસે પણ સત્સંગના મહિમાની વાતો વારંવાર કરાવતા. જેમાં તેઓ મુખ્યત્વે સંત-મહિમા અને સ્વામીશ્રી જેવા સાચા સંતને સેવી લેવા અનુરોધ કરતા.

આ કથાનો સમારંભ અદ્ભુત રીતે ઊજવાઈ ગયો. સારાય સત્સંગ-સમાજમાંથી સંતો-હરિભક્તો, બાઈ-ભાઈનો વિશાળ સમૂહ ધર્મજમાં એકત્રિત થયો. કથા, કીર્તન, પ્રવચનોનો લાભ તથા જમવાની સગવડ વગેરે સમયસર સુંદર સાચવવામાં આવતી. ધર્મજની મોટી ઈમારતો, ધર્મશાળાઓ, મંદિરો અને નગરજનોનાં સમૃદ્ધ રહેઠાણો-મકાનો આ પ્રસંગે બહારથી આવેલ અસંખ્ય હરિભક્તોથી ઊભરાઈ ગયાં હતાં.

પરમ દયાળુ સ્વામીશ્રીની સૌમ્ય, દિવ્ય અને કમનીય મૂર્તિનાં દર્શન અને

ઉપદેશ માટે સાંજે, સવારે અને રાતે ૧૧-૦૦ વાગ્યા સુધી હજારોની સંખ્યામાં શ્રોતાઓ ખૂબ જ વ્યવસ્થિત રીતે સભામાં ગોઠવાઈ જતા. 'સત્સંગિજીવન'ની કથા પ્રમુખસ્વામી અવર્ણનીય છટામાં વાંચતા. સાંજે વચનામૃત અને સ્વામીની વાતો, સ્વામીશ્રીની આજ્ઞા મુજબ જુદા જુદા સંતો વારાફરતી સુંદર શૈલીમાં તેના ઉપર વિવેચન કરી, સમજાવી સભાને મુગ્ધ કરતા. કથા પછી મોટા હરિભક્તો સ્વામીશ્રીની આજ્ઞા મુજબ સભામાં પ્રવચનો કરી અક્ષરપુરુષોત્તમની ઉપાસના તથા પ્રગટ સત્પુરુષનો મહિમા, એમના દ્વારા પ્રગટ ભગવાનના પ્રાકટ્યના પોતાના અનુભવો ટાંકી વાતો કરતા. અલૌકિક આનંદ પ્રવર્તી રહેતો.

સ્વામીશ્રીના દિવ્ય ઓજસથી દેદીપ્યમાન મુખારવિંદનાં દર્શનમાત્રથી જ ભક્તોનાં અંતર શાંત થઈ જતાં. તેઓ તમામના સંકલ્પો અંતર્યામીપણે જાણતા, મંદ મંદ હસતા, દરરોજ વહેલી સવારે પૂજા વખતે અને કથા પૂરી થાય ત્યારે, બન્ને વખત મનનીય પ્રવચન કરતા. આથી સૌના સંકલ્પો વિરામ પામતા અને સૌ દિવ્ય આનંદમાં મહાલતા. ઘરબાર અને તમામ વ્યવહાર ભૂલી જઈ સાક્ષાત્ ભગવાનની મૂર્તિના સુખના અનુભવમાં સૌ ગરકાવ થઈ જતા. બ્રહ્મરસના મેહુલા વરસ્યા. અગિયાર દિવસ અલૌકિક જ્ઞાનયજ્ઞ થયો.

મુંબઈ, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ, રાજકોટ, ગોંડળ, ભાવનગર વગેરે તમામ સ્થળેથી બહુ મોટી સંખ્યામાં હરિભક્તો આવ્યા હતા. હર્ષદભાઈ, અર્જુનભાઈ, અંબાલાલ ભગત, કાનજીભાઈ સોની, ચંપકલાલ શેઠ, ખેંગારજીભાઈ, મણિભાઈ, દાજી બાપુ, ભગવત્સિંહજી, લક્ષ્મીદાસ ગણાત્રા, નારણભાઈ (બાઢડાવાળા), આફ્રિકાના હરમાનભાઈ વગેરે અનુભવી મોટેરા હરિભક્તોએ સભામાં પ્રસંગોપાત્ત જ્ઞાનવાર્તા કહી, સૌને પોતાના અનુભવોનો લાભ આપ્યો હતો. ધર્મજના ભક્તરાજ ઉમેદભાઈ તથા તેમનું મંડળ નિયમિત કથામા હાજર રહેતું હતું.

એક વખત સ્વામીશ્રી સ્નાન કરવા જઈ રહ્યા હતા. ત્યારે વસોના કાન્તિભાઈ ઠક્કર સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી તેમને આશિષ આપતાં બોલી ઊઠ્યા : 'તમને સાધુ કરવા છે !'

કાંતિભાઈ ચમક્યા ને કહે : 'બાપા ! મેં તો લગ્ન કરેલાં છે ને ત્રણ પુત્રી છે.'

સ્વામીશ્રી કહે : 'એમ છે, ઈ તો અમને ખબર જ નહીં ! અમને તો બધે સાધુ દેખાય.' એમ કહી કહે : 'ભગવાં લૂગડાંમાં પ્રેમ ખરો ને !' એમ બોલતાં હસી પડ્યા અને આશીર્વાદ આપ્યા : 'જાઓ, મહારાજ તમને મુક્ત આપશે.'

અહીંથી સ્વામીશ્રીએ સત્સંગ મંડળોને પારાયણની જાણ આપતો, સંતોનો મહિમા વ્યક્ત કરતો વિશિષ્ટ પત્ર 'પ્રકાશ'માં લખ્યો :

*આશીર્વાદ પત્ર*

*તા. ૨૦-૧-'૬૨, પોષ સુદ ૧૫, શનિવાર.*
*મૂ.અ. ગુણાતીતાનંદ સ્વામીની દીક્ષા વિધિનો*
*તથા ડભાણના યજ્ઞ વખતનો શુભ દિવસ.*

*'અહોહો ! આપણે આજે ગુણાતીત જ્ઞાનનો મેળાવડો થયો છે. તમામ હરિભક્તો પારાયણમાં પધારવાના છે. તો આવો લાભ ન મળે. શાન્તિના જીવનને માટે આવી શુભ પારાયણ છે. તો હરિલીલાકલ્પતરુ કે સત્સંગિજીવન, સ્વામીની વાતું કે સાક્ષાત્ નિષ્કુળાનંદ કાવ્ય કે ભક્તચિંતામણિ આદિ પુસ્તકોની પારાયણ સાંભળવાથી શાન્તિ થાય છે.*

*'તો હવે ધન્ય છે અંબાલાલભાઈને, કે આવી પારાયણ યોજીને આખો સત્સંગ તેડાવ્યો. તેમાં નાના ભણનારા સંતો ઈંગ્લિશમાં સત્સંગ સંબંધી વાતોનું નિરૂપણ કરે છે. તે સાંભળી ગામના તમામ હરિભક્તો ને બહારના તમામ હરિભક્તો ખુશ થઈ જાય છે કે 'વાહ ! પરમ પૂજ્ય સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજનો પ્રૌઢ પ્રતાપ છે; નહીં તો આવા યુવકો ત્યાગી ન જ થાય. સ્વામીનો અતિ પ્રતાપ છે. સંતોનાં દર્શન કરવાથી શાન્તિ થઈ જાય છે.'*

*'બીજું પરમ પૂજ્ય સ્વામીશ્રી(શાસ્ત્રીજી મહારાજ)ને પ્રતાપે માસિક ચાલી રહ્યું છે, તો સૌ ગ્રાહક બનીને તેમના ગ્રાહક વધારો. તેમાં ખૂબ બળની વાતો જાણવાની તથા સમજવાની મળે છે. માટે બળમાં રહીને આપણે તે મંગાવવું. સ્વામીએ કહ્યું છે કે 'ભગવાન ને બળિયા ભગવાનના ભક્તના શબ્દો સાંભળવાથી બળ પમાય છે.' તો આપણે બળના શબ્દો સાંભળવા.'*

## રાખ થાય પછી વખાણ કરવાં

અહીં ઠંડી પુષ્કળ હતી, છતાં વહેલી સવારે સ્વામીશ્રી પોતાને ઉતારે મંગળ પ્રવચનનો લાભ આપતા. તા. ૨૩-૧-'૬૨, આજે સંતોને ઉદ્દેશીને કહે :

'વિશેષમાં સુહૃદપણું, મહિમા, દિવ્યભાવ, એકબીજાનું કામ કરી લઈએ. ધોતિયું ધોવું, અમે પહેલા સંતનાં ધોતિયાં સૂકવી દઈએ. પૂછે તો 'દેવતા સૂકવી ગયા !' એમ કહીએ. આપણને સંત-હરિભક્તોની સેવા ક્યાંથી મળે ? સુહૃદ-પણાથી સેવા કરવી. સેવા હાથ આવવી જોઈએ.

'વહેલું ઊઠવું. અમે ૩-૩૦ વાગે ઊઠતા. તૈયાર, કમ્પ્લેટ ! આપણે વહેલા પરવાર્યા હોઈએ તો બીજાની સેવા થાય. 'તું તારે ઘેર, હું મારે ઘેર.' એમ નહિ. મહિમાથી સેવા થાય તે દિવ્યભાવ ! મહિમાની ખાધ ન હોય. મન-મોટાઈ ન જોઈએ. વખાણે તો ડબલ કામ કરો ! પણ વખાણ સાધુને ન જોઈએ. 'શબ થાય ત્યારે ઠાઠડી લઈ જાય, રાખ થાય, પછી વખાણ કરવાં કે સાધુ સારા' – એમ યોગેશ્વરદાસ કહેતા. દેહને વાટી નાખવો.

'અમે ભિક્ષા માગવા જતા. વેલણ-તવેથો-ચાળણી-બે ઝોળી એ ખંભે જ માર્યું હોય. લાંબી ઝોળી વેલણ અને તવેથાની, તેમાં બીજી ઝોળી દાળ-ચોખા જોવા માટે. રસોઈ વખતે તાવેથો કાઢીએ, ખોળવો ન પડે. તે સેવા થઈ જાય. ગામનું મગાવીએ ને ઊટક્યું હોય - ન ઊટક્યું હોય. આપણે કાઠિયાવાડમાં બૈરાં ચાળણો ન ધોવે. જૂનાગઢમાં કવાયત બહુ. પાળા-ભગતને ઝોળી ખંભે જ રહેતી. ઊટકીને ઘસી લે.

## હવે ચૈતન્ય મંદિરો કરવાં છે

'હવે તો ચૈતન્ય મંદિરો કરવાં છે. ભણાવવા, ગણાવવા. લાખોને કંઠી ધારણ કરાવવી તે કામ બાકી છે. બાકી બધું સ્વામી કરી ગયા. જાહોજલાલી કરીને સેવા મૂકી ગયા છે તે કરવી. ગામોગામ સત્સંગી નવા કરવા. પાઠશાળા, કૉલેજો કરવી. સંસ્કૃત, ઇંગ્લિશ ભણાવવું. પરદેશ સત્સંગ કરવા મોકલવા. પાંચ વરસમાં ઇંગ્લિશ, ઉર્દૂ, મરાઠીમાં 'મહારાજ કોણ થયા ?' 'મૂળ અક્ષર કોણ થયા ?' 'શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ કોણ થયા ?' તે કહેવું. એવા ભાવથી ફરવું. એમાં મરણિયો માલ કાઢે. ઊનું પાણી ગોતે તે શું કામ કરે ? કડેધડે રહેવું. કામ ઉપાડી લેવું.

'પંચ વર્તમાનમાં પૂરા હોય તેના ઉપર ટોકણી અને વચનનો ભીડો. તે દાદાખાચરે સહન કર્યો. બહેનોને ગરાસ સોંપાવ્યો. કાઢી મૂક્યા. આપણે ઊભા ન રહીએ. મદારી માકડું નચાવે તેમ ભગવાને દાદાખાચરને નચાવ્યા, પણ અભાવ ન આવ્યો.

'એક જણને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા કરાવવી તે નિર્દોષબુદ્ધિ.'

સાંજે પારાયણ બાદ પધરામણીએ નીકળ્યા ત્યારે સ્વામીશ્રી કહે : 'પહેલાં અમે અહીં હાલ જ્યાં વૉટરવર્કસ છે ત્યાં કૂવે રાત્રે પાણી ભરવા આવતા. હાંડા લઈને. કોઈ હરિભક્તો ન મળે. કો'ક ઘરડા હતા. અહીં મંદિરમાં (અમે) ઊતરતા.'

## યોગીજી મહારાજ જેવું કોઈ કરી શકે એમ નથી !

૨૬ જાન્યુઆરી નિમિત્તે અહીંની શાળામાં સભા હતી. જ્યાં સ્વામીશ્રીની પધરામણી ગ્રામજનોએ રાખી હતી. વિશાળ સભામાં સ્વામીશ્રી, સંતો તથા હરિભક્તોએ પધારી આ પ્રસંગને અનુરૂપ પ્રવચનો કરી આશીર્વાદ આપ્યા. ધ્વજવંદન અંબાલાલભાઈના હસ્તે થયું અને તેમના તરફથી શાળાના વિદ્યાર્થીઓને મીઠાઈ વહેંચવામાં આવી.

૧૧ દિવસની અદ્‌ભુત પારાયણ પછી તા. ૨૮મીએ પૂર્ણાહુતિના દિવસે આશરે ૭,૦૦૦ જેટલાં બાઈ-ભાઈ હરિભક્તોનો વિશાળ સમૂહ હાજર હતો. હાઈકોર્ટના મુખ્ય સરકારી વકીલ હરિપ્રસાદભાઈ ચોકસી સાહેબ અમદાવાદથી આવ્યા હતા. સાથે વકીલ રણછોડભાઈ સ્વામિનારાયણ તથા નડિયાદથી ઈશ્વરભાઈ વકીલ (મોટાભાઈ) વગેરે ખાસ દર્શન માટે આવ્યા હતા. છેલ્લા દિવસે છેલ્લા ચાર અધ્યાયો સમાપ્ત થતાં સ્વામીશ્રીની આજ્ઞા મુજબ હરિપ્રસાદભાઈ ચોકસી સાહેબે મનનીય પ્રવચન કરતાં જણાવ્યું હતું કે –

'પૂર્ણ પુરુષોત્તમ શ્રીજીમહારાજ જેમ ગામડે ગામડે ફરી લોકોને સત્સંગ કરાવી પોતાની મૂર્તિનું સુખ આપી જનકલ્યાણ કરતા, તેમ ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજ પણ અવિરતપણે ફરી હજારો હરિભક્તોને સુખિયા કરી દેતા. આજે યોગીજી મહારાજ ગામડે ગામડે ફરી રહ્યા છે અને હજારોને સત્સંગ કરાવી રહ્યા છે. અત્યારે બન્ને દેશના સાધુ-સંતો ગામડાંમાં ફરી કથાવાર્તા કરે છે, પણ જેવું યોગીજી મહારાજ ગામોગામ ફરી હજારોને સત્સંગ કરાવી રહ્યા છે તેવું કોઈ કરતું નથી; કરી શકે તેમ નથી. યોગીજી મહારાજ શ્રીજીમહારાજના પરમહંસ સ્થિતિવાળા મહાન સંત છે. એમનામાં બાળક જેવી નિર્દોષતા છે; મારું-તારું નથી; રાગદ્વેષ નથી; સદા આનંદમૂર્તિ છે. પરમ એકાન્તિક સત્પુરુષ છે. આવાં જ્ઞાનયજ્ઞો, કથાઓ વગેરે યોજી એમનો લાભ યોગીજી મહારાજ વધુ ને વધુ આપે એ જ પ્રાર્થના.'


પૂજન વિધિ બાદ મોટી નગરયાત્રા નીકળી. જેની શોભા અલૌકિક હતી. સ્વામીશ્રીના અંતઃકરણના આશીર્વાદથી અંબાલાલભાઈ તથા તેમના ભક્ત કુટુંબે સ્વામિનારાયણની સર્વોપરી કથા અને સમૈયો પોતાના ગામ ધર્મજમાં કરાવ્યાં. સ્વામીશ્રીએ પોતાની અલૌકિક શક્તિથી તે સફળતાપૂર્વક પૂરાં પણ કર્યાં.

ત્યારપછી દાવોલ બેચરભાઈને ત્યાં પધરામણી કરી, તા. ૨-૨-'૬૨,

સ્વામીશ્રીએ મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજના જન્મ સ્થાન ઉપર હરિમંદિરનું ખાતમુહૂર્ત કર્યું.

અહીંથી ગાના, સોખડા થઈ, વસંત પંચમીનો ઉત્સવ અટલાદરામાં ઊજવ્યો. પછી સુણાવ થઈ, ડભાણ મંદિરે દર્શન કરી, રાત્રે અમદાવાદ પધાર્યા.

❀ ❀ ❀



# પત્ર સુહૃદ

ધર્મજ પારાયણમાં મુંબઈથી મહંત સ્વામી તથા સંતોને સ્વામીશ્રીએ ખાસ તેડાવ્યા હતા. તેઓ મુંબઈ પાછા ગયા ને હજુ બે-ત્રણ દિવસ થયા નથી અને સ્વામીશ્રીના સૂચનાના, બળના પત્રો છૂટવા માંડ્યા. પહેલો પત્ર મહેળાવથી લખ્યો :

*તા. ૨-૨-'૬૨, આશીર્વાદ પત્ર, મહેળાવ સ્થાન.*
*આનંદના ફુવારા - સુખ-શાંતિનો આશીર્વાદ.*
*(પત્ર સંતો તથા પારસદોને)*

*'(ક) સ્વામીને શરીરે ફરતો દુઃખાવો છે. તે અમોએ આજે સ્વામીને જન્મ સ્થાનમાં ધૂન્ય કરી છે, તે તુરત મટી જાશે. હિંમત રાખે. દેહમાં સુખ-દુઃખ તો આવે પણ બળ રાખવું. તેમ (ક) સ્વામીને કહીને અમારા સ્વામિનારાયણ કહેશો.*

*'હવે આ પત્ર બધાને વંચાવજો. બળ રાખો. મહાપૂજાના વારા બદલાણા તે ફરતાં ફરતાં સૌને સેવા મળે માટે મહાપૂજા વિગેરે કામ કરશો ને કાયમ બળ સંતોને રહેશે. માટે તો તમોને ખરા આશીર્વાદ મેળાવ સ્થાનથી લખી રહ્યો છું. તમો ભણીને તૈયાર થાવ. ૨૧ શાસ્ત્રીજી થાવ, શ્લોક ગુંથતા થાવ, તેવા રૂડા આશીર્વાદ છે. તો બળ રાખો. તમો બધા મહાનિષ્કામી બ્રહ્મરૂપ થઈ જાવ.*

*'...દરેક હરિભક્તો સાથે તેમની પાસે મહાપૂજા પૂછીને લખાવવી. તે મહાપૂજાથી કોઈ ગ્રહ નહિ નડે. માટે મુંબઈ મંડળ સરધા પ્રમાણે મહાપૂજા લખાવીને શરૂ રખાવવી... મારી ઉપર રાજી રહેશો. બરાબર અભ્યાસ કરશો.'*

આ પત્રમાં બધા મહાનિષ્કામી, બ્રહ્મરૂપ થઈ જાય એવા રૂડા આશીર્વાદ આપતાં સ્વામીશ્રી પોતાના સંતોને-સેવકોને લખે છે કે 'મારી ઉપર રાજી રહેશો.'

બે દિવસ પછી સોખડાથી પત્ર લખ્યો :

*માગશર વદિ અમાસ - પર્વણી, શનિવાર, સોખડા.*

*'મહાપૂજામાં જેની જેની ધૂન્ય કરવી તેની વિગત : પાંચ મિનિટ દરેકની ધૂન્ય કરવી.*

*૧. ગોજારી નંદા (ગુલઝારીલાલ નંદા) ચૂંટણીમાં આવી જાય તેની.*
*૨. ગઢપુર પૂરું થાય તેની.*
*૩. આફ્રિકા દેશના સત્સંગી સુખી થાય તેની.*
*૪. આખો દેશ સત્સંગી થાય તેની.*
*૫. બોચાસણના કળશ ચડી જાય તેની.*
*૬. અટલાદરાના સિંહાસન ત્થા કળશ ચડી જાય તેની.*
*૭. અમદાવાદ પ્રતિષ્ઠા સારી થાય તેની.*
*૮. યોગેસરો (યોગેશ્વરો) ભણીને તૈયાર થાય, ડંકો વગાડે તેની.*
*૯. નવા યુવકો સાધુ થાવા આવે તેની.*
*૧૦. મુંબઈ મંડળના દેશકાળ સુધરે તેની.*
*૧૧. તમામ સંકલ્પો સાક્ષાત્ સ્થાન ગોંડલ દેરી પૂરા કરે તેની.*

*'આવી રીતે ૧૧ પ્રકારની ધૂન્ય દરરોજ કરવી. રૂડા આશીર્વાદ છે.*

*'મહાપૂજામાં બહુ સુખ આવશે. બધા સંતો-પારસદોને બેસવું. રાજી રહેશો.'*

નવા સંતો-પાર્ષદો મહાપૂજા શીખે અને મહિમા સમજી મહાપૂજામાં બેસે, એ માટે પણ એમનો કેટલો આગ્રહ હતો તે આ પત્રથી સમજાય છે. વળી, મહાપૂજામાં વિવિધ ધૂન કરવાની પણ વિગતે સૂચના આપે છે. આમ, સંતોને સ્તુતિ-પ્રાર્થના સાથે હરિભક્તોનાં દુ:ખ દૂર કરવાની લાગણી દૃઢ કરાવી, સ્વામીશ્રી પરસ્પર આત્મબુદ્ધિ દૃઢ કરાવતા.

એ જ દિવસે બીજો પત્ર મુંબઈ સંતો ઉપર સ્વામીશ્રીએ લખ્યો. પત્રની શરૂઆત જ 'અમે તમને અખંડ સંભારીએ છીએ' એમ કહી, સ્વામીશ્રીએ સંતોને અપાર બળ સીંચ્યું. આમ, ડગલે ને પગલે માર્ગદર્શન આપી, સ્વામીશ્રી સતત પત્રલેખનથી સંતોને અવિરત પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહેતા.

સોખડાથી સ્વામીશ્રીએ લખ્યું :

*'દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો.*

*'તમોને અખંડ સંભારીએ (છીએ). હવે પરીક્ષા નજીક આવી છે તો ૬ કલાક પાઠ વાંચશો. રાત્રે વહેલા ઊઠીને વાંચશો. બપોરે ન સૂવું ને વાંચવું. તે અભ્યાસ બરાબર કરશો. તો પાસ થઈ જાશો. પરિણામ સારું આવશે. નારણ*

*ભક્ત, તમો તથા સ્વયંપ્રકાશ સ્વામી સૌના પાઠ લેશોજી. ટ્યૂશન સંતોને આપવું. સાથે સાથે કથાવાર્તા કરવી. બીજું, સૌ સંપીને રહેશો. યુવકો સંતો કરવા. વધારશો. આપણા સંતોને સાચવવા. ટાઈમ ટેબલ પ્રમાણે બરાબર કામ કરશો. વસંત પંચમીનો સમૈયો કરશો. બધાને જાહેર કરશો. તમામ હરિભક્તો પધારે. અગાશીમાં રાત્રે ૮ થી ૧૦-૩૦ વાગ્યા સુધી સમૈયો ભરશો. ને પછી સંસ્કૃતમાં ૪-૪ શ્લોકો ૮ જણ સંતો પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજના શ્લોકો કરશો. તે દિવસે રસોઈ જો કોઈની ન હોય તો ફડિયામામાની કરશો. કથાવાર્તા કરશો. વચનામૃત ગ.મ. ૪૫-૫૧-૫૪-૬૭ આદિ વાંચશો. આપ બધા બળમાં આવજો. તમારી ઉપર અમારો સંપૂરણ રાજીપો અને દૃષ્ટિ છે... સંતો મહાપૂજા વિધિસર સૌ વારાફરતી મહાપૂજા કર્યા કરશો. બધા મહાપૂજા શીખી લેશો.'*

પ્રસાદીના સ્થાનેથી પણ પત્ર લખવાનો સ્વામીશ્રીને બહુ મહિમા. મહેળાવથી પત્ર લખ્યો હતો તેમ ડભાણ આવ્યા તો અહીંથી ફરીથી એમનો પ્રેરણા પત્ર છૂટ્યો. 'બધાને એકાંતિક બનાવવા છે, અક્ષરધામની પ્રાપ્તિ કરાવવી છે,' તે આશીર્વાદ તો તેમના ચાલુ જ રહેતા. આ ઉપરથી એમને કેટલું તાન હતું તે સમજાય છે.

*'ડભાણ, સાંજના ૬ વાગે.*

*'મહાનત સ્વામી ! આપ બધા સંતો-પારસદોને કડીતોડ બનાવવા છે. આપણે પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજની સંસ્થા ઉજવળ રહે તે માટે બનાવ્યા છે. સ્વામીના જેવા બનાવવાના છે. માટે ભણાવીને તૈયાર કરીને અક્ષરધામની પ્રાપ્તિ તમોને છે.'*

અમદાવાદ આવીને ફરી મુંબઈ સંતો ઉપર પત્ર લખ્યો. જેમ અષાઢી મેઘ વરસે તેમ આશીર્વાદ અને પ્રેરણા પત્રોની સ્વામીશ્રી વર્ષા કરતા :

*અમદાવાદ.*

*'ત્રણ મુદ્દા સમજવાના છે : એક તો આપણે સાધુ થીયા તો રાખ થાવી તે અનુસંધાન. બીજું શૂરવીરપણું, સદાય ઈન્દ્રિયું, અંતઃકરણ થરથર ધ્રૂજે. ને ત્રીજું અંદરોઅંદર સંપ અને સુહૃદભાવ. આ પત્ર બધાને - સંતોને વંચાવજો. કોઈ સંતને પારસદને કથાવાર્તા કરીને બળની વાતો કરવી.'*

## અક્ષરધામની ઑફિસ

સ્વામીશ્રી પત્ર લખતા ત્યારે તન્મય બની જતા. જમણો પગ ઊભો વાળી,

તે ઉપર પેડનો ટેકો લઈ, જમણા હાથે જાડી મોટી પેન લઈ, ચશ્માં પહેરીને ભક્તોની મનોકામના પૂર્ણ કરતી, આશીર્વાદનો ધોધ વહાવતી, પ્રેરણાના પીયૂષ પાતી અને કંઈ કેટલાય પ્રશ્નોનું નિરાકરણ કરતી, સરસ્વતી વહાવતી એમની મૂર્તિ ખરેખર ચિરસ્મરણીય હતી.

એમ લાગતું, જાણે એમને પત્રો લખવાનો શોખ ન હોય ! જેમ હરિભક્તોના આગમનની મંદિરમાં વાટ જુએ, તેમ તેમના પત્રોની પણ વાટ જુએ. પત્રો આવતાં જ ખુશ થઈ જાય. એક વાર અક્ષર મંદિર - ગોંડલમાં પોસ્ટમૅન એકસાથે જથ્થાબંધ પત્રો લાવ્યો. સ્વામીશ્રી આનંદમાં આવી ગયા. ઊભા થઈ ટપાલીને ખુશાલીના આશીર્વાદના બે-ત્રણ થાપા આપી દીધા. અને કહે : 'અહો ! ટપાલની આખી વખાર ખાલી કરી દીધી.' એમ કહી તેને પ્રસાદી પણ અપાવી હતી. પત્રો લખવામાં એમને જાણે ગૌરવનો અનુભવ થતો. અને કહેતા : 'અક્ષરધામની ઑફિસનું કામકાજ ચાલે છે !'

સ્વામીશ્રી પત્રનો પ્રારંભ જે તે દિવસની વાર, તારીખ, તિથિ કે જે તે સ્થળનો પ્રાસાદિક મહિમા લખીને જ કરતા ! સાથે સાથે પોતે જ્યાંથી પત્ર લખ્યો હોય તે સ્થળે મોટેરા સંતો કે હરિભક્તો, કે જે હાજર હોય, તેમનાં પણ નામ લખતા અને 'જય સ્વામિનારાયણ' પાઠવતા. વળી, જે જગ્યાએ પત્ર લખે તે મંડળના બે-પાંચ મોટેરા ભક્તોને પણ અચૂક યાદ કરે અને ક્યારેક બાળકોને પણ યાદ કરે. કેટલીક વાર તો એવું પણ લખતા કે 'તમારા બાબાને મારા વતી પેંડો આપજો.' પછી તે હરિભક્ત મળે ત્યારે પૂછે : 'પેંડો આપ્યો હતો ?' એક વાર એક હરિભક્તને પૂછ્યું હતું. ત્યારે તે કહે : 'બાપા ! પેંડો લેવા ક્યાં જવું ?' સ્વામીશ્રીએ તરત કહેલું : 'નેતા માટે કરો કે નહીં ? માટે મહિમા સમજવો.'

સ્વામીશ્રી ઉપર આવતી ટપાલોમાં મુખ્યત્વે આર્થિક, સામાજિક ભીંસમાંથી છૂટકારો મેળવવાના અને વ્યાવહારિક કાર્યો એમના આશીર્વાદે નિર્વિઘ્ને ઉકેલવા માટેના આશીર્વાદ મેળવવાની વાત આવતી. ઘણી વાર એવા ગૂંચવાડાવાળા અને ખરાબ અક્ષરે લખાયેલ પત્રો આવે કે પત્ર લખવામાં જે સેવક સાથે હોય તે કંટાળીને મૂકી દે. સ્વામીશ્રી એવા પત્રો પણ ખાસ ઝીણવટથી વાંચે. એકેય મુદ્દો રહી ન જાય તેની પૂરી ચીવટ રાખે. અને તેનો જવાબ મોડામાં મોડો બે દિવસમાં તો લખાઈ ને મોકલાઈ જ જવો જોઈએ એવી એમને ખટક રહેતી.

એક વાર એક હરિભક્તે એક લાંબો પત્ર લખી મોકલ્યો. જેમાં છૂટા-

છવાયા થઈ સોળ મુદ્દાઓ હતા. સ્વામીશ્રીએ તે વખતે સાથે રહી પત્રલેખનનું કાર્ય કરતા મહંત સ્વામીને બોલાવ્યા ને કહ્યું : 'આમાં સોળ મુદ્દાઓ છે. તમને યાદ હો તો કહો.' તેમણે એક પછી એક મુદ્દાઓ કહ્યા ત્યારે સ્વામીશ્રી ખૂબ રાજી થયા ને કહે : 'આવી રીતે ખબર રાખીએ તો મહારાજ ચરણારવિંદ આપે.'

પ્રત્યેક મુદ્દા પર સ્વામીશ્રી ઉત્તર કરે અને દરેક પત્રમાં શું શું લખવું તે એક જુદા પાના પર જાતે જ પત્રની સેવામાં રહેતા સેવકને લખી આપે. તે પ્રમાણે સેવક પત્ર લખે અને બાકી રાખેલા ભાગમાં સ્વામીશ્રીના હસ્તાક્ષર પડે. આમ, સંપૂર્ણ પત્રમાં સ્વામીશ્રીનું જ મંતવ્ય હોય. કેટલાક નવા પત્રો લખવાના હોય, કાર્યકર્તા કે સેવાભાવી હરિભક્તોને સમૈયા-ઉત્સવની સૂચના મોકલવાની હોય, તે પણ સ્વામીશ્રી જુદા કાગળ ઉપર પોતાના હસ્તાક્ષરમાં નોંધ કરી દેતા ને તે પ્રમાણે પત્રો લખતા.

જ્યારે સ્વામીશ્રી હસ્તાક્ષર કરે ત્યારે બે લાઇન વચ્ચે, આજુબાજુ, કવરની ઉપર, માર્જિનમાં, જ્યાં જ્યાં જગ્યા જુએ ત્યાં લખી આપે. એક પણ જગા છોડે નહીં, એમ કે આવી સેવા મળી છે તો સંપૂર્ણ કરી લેવી ! જ્યારે બાળકોને વ્યક્તિગત પત્ર લખે, ત્યારે નાની નાની કાપલીઓમાં લખે. પોતે જ્યાંથી લખતા હોય તે સ્થળે ચાલતી પારાયણ, સભા કે હરિભક્તોનો ઉત્સાહ વગેરે પણ નિરૂપે કે 'આ ગામમાં અમે ગયા ત્યાં આટલા હરિભક્તો જમ્યા, આટલાએ કંઠી પહેરી, આટલા સભામાં આવ્યા. આમ, ખૂબ સમાસ થયો છે...' વગેરે.

દરેકનાં મન સાચવીને, દરેકના સમાસ માટે તેઓ પત્ર લખતા; એટલે જેવી વ્યક્તિ એવી રીતે એમની કલમ વહેતી રહેતી. બાળકો-યુવકોને લખે ત્યારે નિયમ અને અભ્યાસની વાત આવે. છ કલાક વાંચવું. પાસ થઈ જશો. ફર્સ્ટમાં પાસ થઈ જાશો. તિલક-ચાંદલો તાણવો.

યુવકોને લખે ત્યારે, 'સ્વપ્નના ઉપવાસ કરવા. બૈરાં સામું ન જોવું. બહારનું ખાવું નહીં. મંદિરે જવું. રવિસભા અને યુવક મંડળની સભા અચૂક ભરવી...' વગેરે.

તો વળી, સાધુ થનાર યુવકને તો પાનાં-પાનાં ભરીને પ્રેરણા પાય. જેમાં શૂરવીરતા અને માયાથી પર થવાની વાતો લખી હોય.

હરિભક્તોને સ્વામીશ્રી ક્યારેય સાંખ્યની વાતો લખતા નહીં. હરિભક્તોના પ્રશ્નનું નિરાકરણ અને આશીર્વાદ લખે. સંપ રાખવો, મહિમા સમજવો, સમૈયામાં ખાસ આવવું, એમ લખી કોઈકને સેવાની વાત જણાવે અને તેમનાં

દુ:ખ બાબત જણાવે કે 'ધૂન-પ્રાર્થના કરશું. તમારાં કામ થઈ જશે.' આ પછી ધૂન-પ્રાર્થના પણ અવશ્ય કરે, જેથી હરિભક્ત સુખી થાય. સાંખ્ય-સમજણની વાત કથામાં જ કરે. પત્રોમાં તો સદા સાંત્વન, આશ્વાસન અને શુભાશિષ જ વરસાવે. સાથે અક્ષર દેરીના પ્રસાદીભૂત ગુલાબનાં પુષ્પોની પાંખડીઓ પણ પરબીડિયામાં બીડીને મોકલે. હરિભક્તને પરમ સંતોષની અનુભૂતિ થાય.

એક વાર સ્વામીશ્રીએ એક હરિભક્તને મહાપૂજા કરાવવા પત્રમાં લખ્યું હતું. દરેક પત્રમાં ટપાલનો જાવક નંબર સ્વામીશ્રી અચૂક લખાવતા. આ પત્રમાં જાવક નંબર ૨૦૪૩ પત્રને મથાળે લખ્યો હતો અને મહાપૂજાની વિગત પણ સ્વામીશ્રીએ બાજુમાં જ લખી હતી; પણ તે બરાબર ઉકેલાતી ન હતી એટલે તે હરિભક્ત જાવક નંબરને જ મહાપૂજાની સંખ્યા સમજ્યા. તેમણે ધાર્યું કે સ્વામીશ્રીની ૨૦૪૩ મહાપૂજા કરાવવાની આજ્ઞા છે. તેથી તેમણે લખ્યું કે 'એટલી બધી મહાપૂજા કરાવવાની મારી શક્તિ નથી. હું ૨૦૦ મહાપૂજા કરાવીશ.' આ પત્ર વાંચી સૌને ખૂબ ગમ્મત થઈ. સ્વામીશ્રી કહે : 'આપણે તો તેમને ૨૫ મહાપૂજા કરવાનું જ કહ્યું હતું. હશે, મહારાજની મરજી !' આમ, સ્વામીશ્રીના અક્ષરો ઉકેલવામાં ઘણી વાર રમૂજ થઈ જતી. તેથી કેટલીક વાર નવા હરિભક્તોને સ્વામીશ્રી જે આશીર્વાદ લખે તે સેવક પાસે સારા અક્ષરે લખાવી મોકલતા.

મોટે ભાગે તો પત્ર ઉપર સેવક જ સરનામું કરી આપે, પણ ક્યારેક સ્વામીશ્રી જાતે જ સરનામું કરી દેતા. સ્વામીશ્રીના હસ્તાક્ષરો ન ઉકલે ત્યારે પૉસ્ટમેન મૂંઝાય. એક વાર એક સરનામું ઉકલ્યું નહીં. ત્યારે ટપાલીએ કહેવડાવ્યું : 'આવું કોણ લખે છે ? તેમને લખવાની ના પાડજો !'

સ્વામીશ્રીને આ વાત મળી ત્યારે એકદમ હસી પડ્યા. અને કહે : 'તે મફતનું ઉકેલવું પડે છે ? પગાર લે છે ! એને ઉકેલવા જોઈએ. અક્ષરધામના અક્ષર ઉકેલે તો માયા પર થઈ જાય !' આવાં માર્મિક વિધાનો કરી સ્વામીશ્રી સૌને અદ્‌ભુત રહસ્ય સમજાવી દેતા.

હરિભક્તો ઉપર એમનો પત્ર પહોંચે ત્યારે તેમને આનંદ-ઉલ્લાસ વ્યાપી જતો. પત્ર જોતાં જ શાંતિના શેરડા વળી જતા ! ક્યારેક તો એક જ પરબીડિયામાંથી એક કરતાં વધુ હરિભક્તો ઉપરના પત્રો પણ નીકળી આવતા. જેના ઘરે સ્વામીશ્રીનો પત્ર આવ્યો હોય તેને સ્વામીશ્રીએ જણાવ્યું હોય કે 'સાથેના પત્રો તમે રૂબરૂ જઈ તે હરિભક્તોને આપી આવજો.' મુંબઈ જેવા શહેરમાં એક હરિભક્ત બીજાને પત્ર આપવા જાય, તો પત્ર-ખર્ચ કરતાંયે તે ખર્ચ

વધી જાય; ત્યારે સ્વામીશ્રી જેવા કરકસરવાળા પુરુષ આમ કેમ કરતા હશે તેવો સંશય થાય ! પરંતુ સ્વામીશ્રીનો અભિપ્રાય સૌને બહુ મોડે મોડે સમજાતો. જો હરિભક્ત રૂબરૂ પત્ર આપવા જાય, તો સ્વાભાવિક જ સત્સંગની, સ્વામીશ્રીના મહિમાની વાતો નીકળે. પરિચય ગાઢ થાય અને સંપ, સુહૃદભાવ વધે. સ્વામીશ્રીને મન આ બધાની કિંમત ટપાલખર્ચ કરતાં અધિક હતી. ક્યારેક તો સ્વામીશ્રી જાણીને જ એવી રીતે પત્ર મોકલે કે બંનેને એકબીજા સાથે અબોલા કે અણબનાવ હોય અને છતાં આ પત્રોની લેવડ-દેવડને પરિણામે બંને નજીક આવે.

આવી રીતે એક કરતાં વધુ પત્રો એકસાથે લખી આપવાના હોય તો સ્વામીશ્રીને જરાપણ કંટાળો નહીં, આળસ નહીં. તરત જ લખી આપે.

હરિભક્તોને ઘણી વાર સ્વામીશ્રીને પત્ર લખીને પોતાના પ્રશ્નો જણાવવાની, આશિષ લેવાની એટલી પ્રબળ ઈચ્છા જાગતી, એટલો ત્વરિત ઉત્તર જોઈતો હોય કે સ્વામીશ્રી હાલ કઈ જગ્યાએ છે તે જાણવા છતાં, ચોક્કસ સરનામું ન મેળવી શકતા, સ્વામીશ્રીનું નામ અને સ્થળ જણાવી ટપાલ પોસ્ટ કરી દેતા. એક વાર ભારતથી આવેલા એક પત્ર પર ફક્ત એટલું જ લખ્યું હતું : 'યોગીજી મહારાજ, કંપાલા.' અને તે પહોંચી ગયું.

આફ્રિકાની દ્વિતીય યાત્રાનો જ એવો બીજો પ્રસંગ બની ગયો. જેમાં તો સ્વામીશ્રીને પણ આશ્ચર્ય થયું. ભારતથી એક કેવળ પાંચ પૈસાનો પોસ્ટકાર્ડ કંપાલા આવી ગયો. સ્વામીશ્રી પોસ્ટકાર્ડને 'પત્તું' કહેતા. આ પોસ્ટકાર્ડ જોઈ સ્વામીશ્રી આમ-તેમ ફેરવવા લાગ્યા. ને સાથે ટપાલની સેવામાં રહેતા વિનુ ભગતને કહે : 'આ પત્તું આવે ખરું ?'

'ના બાપા ! પંદર પૈસાની ટિકિટ મારવી પડે. અને તેનો તો પત્ર જ જુદો આવે.'

'તો પંદર પૈસાનું લખવું જોઈએ ને !' સ્વામીશ્રી આશ્ચર્યથી તે પત્ર જોઈ રહ્યા હતા.

આમાં સ્વામીશ્રીની દિગંતકીર્તિનો મહિમા ગાવો, ભક્તની ભાવનાનો મહિમા ગાવો કે ભારતીય-આફ્રિકન ટપાલ સેવાનો 'મહિમા' ગાવો, તેની કોઈ સૂઝ જડે તેમ નથી.

એક વખત આ જ યાત્રામાં સ્વામીશ્રી ઉપર પત્ર આવ્યો. સ્વામીશ્રી નૈરોબીમાં હતા. સત્સંગ મંડળનો પોસ્ટ બોક્સ નંબર ૫૭૦ હતો; પણ આવનાર પત્ર પર 'પો.બો.નં. ૭૫૦' લખાયેલો, તે કોઈ પારસી સજ્જનનો હતો. બન્યું

એવું કે સ્વામીશ્રીને તે પારસીભાઈને ઘરે જ પધરામણીએ જવાનું થયું અને ત્યાં આ પત્ર આવેલો. તે પારસીભાઈ ઉત્સાહમાં આવી ગયા અને સ્વામીશ્રીને કહે : 'આપે મારા પોસ્ટ બોક્સ પર ટપાલ મગાવી તો હું ભાગ્યશાળી થયો !' અવળાં પાસાં આવી રીતે અચાનક સવળાં પડતાં ત્યારે સેવકોને નવાઈનો પાર ન રહેતો.

પત્રલેખન એ સ્વામીશ્રીના વ્યક્તિત્વની અદ્ભુત અભિવ્યક્તિ હતી. જેના સહારે અનેક દુ:ખી જીવોને જીવન જીવવા જેવું લાગતું. અનેક લાગણીહીન હૃદયોમાં ભાવના, પ્રેમ અને ઊર્મિઓની ગંગા ફૂટી નીકળતી. અનેક આંસુભરી આંખોને સ્મિત મળી જતું, જીવતદાન મળી જતું !

પ્રત્યેક પત્ર કોઈકની ટેકણ લાકડી બનતો, તો કોઈને માટે પ્રકાશનો પુંજ, કોઈને માટે માર્ગદર્શક સમી મશાલ બનતો, તો કોઈને માટે જીવનનો ધ્યેય.

પત્રોની સાથે સ્વામીશ્રી તાદાત્મ્ય સાધી દેતા. જાણે પોતાની સામે અંતર ખોલીને કોઈ વાત કરતું હોય તેને જે ધ્યાનથી સાંભળીએ, તેમ ભક્તોના અંતરની ભાવના સમા પત્રો સાથે સ્વામીશ્રીને આગવી પ્રીત હતી.

અનેક ભક્તો એવા હતા જે સ્વામીશ્રીની આવી લગની જોઈ પોતે જ પોસ્ટકાર્ડ, સ્ટેમ્પ, પરબીડિયાં, આંતર્દેશીય કે એરલેટર મોકલતાં. જેથી સ્વામીશ્રી માટે ખરીદવાં ન પડે અને પોતાની સેવા થઈ જાય.

આ પત્રોને એકત્ર કરવામાં આવે, તો કંઈ કેટલાય મણ ઉપરાંત તેનું વજન થવા પામે. આટલી ભક્તનિષ્ઠા ગુણાતીત ગુરુ સિવાય કોનામાં સંભવે ?

✧ ✧ ✧

અમદાવાદમાં મોહનભાઈ બગડવાળા તથા ચીમનભાઈ ગજ્જર બીમાર હતા. તેમની તબિયત જોઈ સાબરમતી સ્ટેશનથી સારંગપુર જવા ટ્રેનમાં બેઠા. સરખેજ, ધોળકા, ધંધુકા સ્ટેશનોએ ઝાલાવાડના ભક્તોએ દર્શનનો લાભ લીધો. ટ્રેનમાં પણ દર્શને આવતા અનેક નવા મુમુક્ષુઓને સ્વામીશ્રી વર્તમાન ધરાવતા હતા. જાળિલા રોડ સ્ટેશન આવતાં સ્વામીશ્રી આરામમાંથી એકદમ બેઠા થઈ ગયા ને કહે : 'આ તો શાસ્ત્રીજી મહારાજનું પ્રસાદીનું સ્થાન. શાસ્ત્રીજી મહારાજ અહીં ઊતરતા અને હરગોવિંદ માસ્તરને ત્યાં જમીને આરામ કરી સારંગપુર પધારતા.'

પછી બોટાદ ઊતરી સારંગપુર પધાર્યા. મંદિર તથા સમાધિ સ્થાને દર્શન કરી ૫-૦૦ વાગે થોડી ખીચડી જમ્યા.

ગઢડામાં નિર્ગુણ આશ્રમની ખાત વિધિ કરી, સ્વામીશ્રીએ ભાવનગરના

ભક્તોને પાંચ દિવસ લાભ આપ્યો. ઠાકરસીભાઈ તથા તેમના સુપુત્રો અખંડ સેવામાં હતા. મંડળે સ્વામીશ્રીના આરામની સારી કાળજી લીધી હતી. સંતસ્વામી કથાવાર્તાનો લાભ આપતા. અહીં પણ સત્સંગ માટે મોટો હૉલ થઈ જાય ને ફરી તેમાં ઊતરાય એવા શુભ સંકલ્પો સ્વામીશ્રીએ કર્યા હતા.

## પ્રેમથી પત્ર લખાઈ રહ્યો છે

શબ્દે શબ્દે હેત ટપકાવતો એક અલૌકિક પ્રેરણા પત્ર ભાવનગરથી સ્વામીશ્રીએ, મુંબઈ સંતવૃંદ ઉપર લખ્યો : 'હું નથી લખતો, સ્વામી શાસ્ત્રીજી મહારાજની પ્રેરણાથી લખાઈ જાય છે... પ્રેમથી પત્ર લખાઈ રહ્યો છે...' વગેરે ઉત્કૃષ્ટ પ્રેમસભર શબ્દોથી લખાયેલો આ પત્ર સંતોને કેટકેટલી પ્રેરણા આપી શક્યો હશે, તે આજે પણ વાંચીને સમજી શકાય છે.

*મહા સુદ ૧૧ ને ગુરુવાર, સાંજના ૫-૪૫ વાગે.*
*૧૫-૨-'૬૨, ભાવનગર.*

*સ્વામી-શ્રીજી સત્ય છે.*

*'પ્રસાદીનું સ્થાન સ્વામી શાસ્ત્રીજી મહારાજ જ્યાં ઊતરતા તે ઘર. સંત-સ્વામી વાત કરે છે, ૧૦૦ હરિભક્તો બેઠા છે તે સમય.*

*'સ્વસ્તિશ્રી મુંબઈ બંદર મહાશુભ સ્થાને... સંસ્કૃત વાંચવામાં મંડ્યા છો તો ખૂબ વાંચશો. સો એ સો ટકા માર્ક લાવવાના છે તે અનુસંધાન રાખશો. ખરો આશીર્વાદ છે. આજે એકાદશી છે. શું શુભ દિવસ છે તે તમો જાણતા હશો ! તે શું ? તો કારિયાણીથી શ્રીજીમહારાજ મહા સુદ ૧૦મે સાંજે નીકળ્યા. માંચા-ખાચરે રજા આપી. પોતે સવારે નવ વાગે મહા સુદ ૧૧ ગઢપુર પધાર્યા, તે ગઢપુરમા ૩૦ વરસ મહારાજ રહ્યા. લાખો (જીવને માટે) યજ્ઞ કર્યા. ૫૦૦ પરમહંસો બનાવ્યા. ૬ મંદિર બાંધ્યાં. તે ગઢપુર આવ્યા પછી આમ થીયું. તો તે જ શુભ દિવસ છે. તે તમો સંતો બધાને તથા પારસદોને આશીર્વાદ લખીએ છીએ. અંતઃકરણથી આશીર્વાદ. સ્વામીને સંભારીને લખીએ છીએ. તો તમો બધા ખૂબ અભ્યાસ કરશો. ૨૧ શાસ્ત્રીજી પારંગત કરવા છે. હરિલીલાકલ્પતરુની પારાયણ સ્વામી શાસ્ત્રીજી મહારાજનો શુભ સંકલ્પ હતો જે, 'તે ગ્રંથ બહાર પાડ્યો નથી તે આપણે બહાર પાડવાનો છે, તે પુરુષોત્તમપણું મહારાજનું તે ગ્રંથથી થશે.' તે સ્વામીનો શુભ સંકલ્પ હતો તે તમ દ્વારે સ્વામી પૂરો કરશે. તો તમો બધા તૈયાર થાવ ને દેહને ન ગણતા. સ્વામી શાસ્ત્રીજી મહારાજને રાજી*

*કરવા તે માટે તૈયાર થાવ. તેમાં મારો ખૂબ રાજીપો છે. તે માટે શુભ દિવસે વારે વારે લખું છું.*

*'માટે હે સંતો ! હે પારસદો ! હું નથી લખતો, સ્વામી-શ્રીજી તથા પરમ પૂજ્ય સ્વામીની પ્રેરણાથી લખાઈ જાય છે. તો સૌ હિંમત રાખો. બળ રાખો. ડંકો મારવાનો. પંચ વિષય વિષ્ટાતુલ્ય સમજવા. મહારાજે ભક્તચિંતામણિમાં લખેલ છે :*

*'તે નારી રૂપાળી લાગે છે એવી, જે ભૂખી રાક્ષસણી જેવી...'*

*'તેવું સમજવું. રૂપ તો જોવું જ નહીં. ધન તો વિષ્ટારૂપ જ છે, સમજી પંચ વિષયનો અભાવ કરી દેવો. ઊલટી થઈ જાય તેમ કરવું, તે થઈ જશે. ગામ વચ્ચે વન કર્યાં જ છે. વનમાં તમો રહો છો તેમ માનીને અજંપા નગરીમાં રહેશો. આપણે આપણું કાર્ય સીધ કરવું તે જ મુદો છે. કોઈને પણ મુઝાવા ન દેશો. આપણા સમજી લઈને જ્ઞાન આપવું, જેથી મૂંઝવણ ટળી જાય. જોડ બાંધી તે જોડ બરાબર છે, તેમ એકબીજાને નભાવવા. સાજે-માંદે ખબર રાખવી, તેથી નાના નભી જાય. જગતનો ઘાટ ન કરે... તો હવે પત્ર લખવાનો ઝાઝો થઈ ગયો છે. વાંચવામાં કઠણ પડે, કારણ કે અક્ષર સારા નથી, પણ પ્રેમથી પત્ર લખાઈ રહ્યો છે.'*

## અમે આપને ઓળખી શક્યા નહિ

ભાવનગરથી સવારના મેલમાં નીકળી સ્વામીશ્રી અમદાવાદ થઈ, તા. ૨૧મીએ રાજપુર પધાર્યા. સાથે પ્રમુખસ્વામી, મોટાસ્વામી, સંતસ્વામી તથા ઘનશ્યામ સ્વામી વગેરે સંતો હતા. નિશાન-ડંકા, નોબત, જિયાબૅન્ડ, ઘોડેસવારો, ધજાપતાકા સાથે ૫૧ બાળકો વગેરે સાજ સાથે સ્વામીશ્રી અને સંતોનું ભારે દબદબાથી સામૈયું કર્યું. શણગારેલા માફામાં બિરાજેલા સ્વામીશ્રીને સૌ હરિભક્તો ભાવથી ખેંચી રહ્યા હતા. મુસ્લિમ મહોલ્લામાંથી જ્યારે સામૈયું નીકળ્યું ત્યારે મુસ્લિમ મહિલાઓ પરસ્પર કહેતી હતી કે 'દોડો, દોડો, ઓલિયા આયા હૈ, ઐસા ઓલિયા અભી તક આયા નહિ...'

કચરાદાસ, અંબાલાલભાઈ, પ્રહ્‌લાદભાઈ, પુરુષોત્તમભાઈ, ઘનશ્યામભાઈ, ડાહ્યાભાઈ, માણેકલાલ તથા નટવરલાલે સ્વામીશ્રીના હરિકૃષ્ણ મહારાજનું ષોડ્શોપચાર વિધિથી પૂજન કર્યું. ૭૫૧ બાઈ-હરિભક્તોના કળશમાંનાં પાણીથી હરિકૃષ્ણ મહારાજને ખૂબ નવરાવ્યા. આખું ગામ ધજાપતાકાથી શણગાર્યું હતું.

ચીમનલાલ શાસ્ત્રીએ 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથની સુંદર કથા સંભળાવી. સંતસ્વામી 'સ્વામીની વાતો' સાંજે નિરૂપતા. રાત્રે પ્રમુખસ્વામી, મોટાસ્વામી તથા સ્વામીશ્રી પોતાની અનુપમ શૈલીમાં સૌને કથામૃતનું પાન કરાવતા.

આ ગામમાં સ્વામીશ્રી વિજ્ઞાનદાસ સ્વામી સાથે પહેલાં ઘણી વાર આવતા. ત્યારે ઘણું કરી તેઓ રસોઈ કરી સૌને જમાડતા, વાસણો ઊટકતા અને અન્ય સેવાઓ કરતા. તે યાદ કરતાં અંબાલાલભાઈએ ભરસભામાં સ્વામીશ્રીની માફી માગી, દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે 'અમે ત્યારે આપને ઓળખી શક્યા નહોતા.'

સોમચંદ શેઠ, શંકરલાલ શેઠ, જોઈતારામભાઈ તથા દરબારોએ સારી સેવા કરી વ્યવસ્થા સાચવી હતી.[૧૪]

## તમો વૃત્તિ દ્વારે સેવાઈ રહ્યા છો

સંતસ્વામીનું પ્રાસાદિક સ્થાન સંતોને પત્ર લખવા માટે નિમિત્ત બન્યું અને સ્વામીશ્રીએ મુંબઈ રહેતા સંતોને પત્ર લખ્યો :

---

૧૪. આ પહેલાં ૧૯૫૪માં અહીં પારાયણ થઈ હતી ત્યારે વરસાદની ભારે ખેંચ હતી. સ્વામીશ્રીએ આશીર્વાદ તો આપ્યા હતા પણ બે-ત્રણ દિવસ સુધી વરસાદનાં કોઈ એંધાણ દેખાયાં નહીં.

સવારે સ્વામીશ્રીએ અંબાલાલભાઈને બોલાવી કહ્યું : 'સાંજે ગામના બધા માણસને ભેગું કરજો. વરસાદ માટે ધૂન કરવી છે. રાતે પુષ્કળ વરસાદ થશે.'

અંબાલાલભાઈને થયું કે 'અત્યારે તો એકે નિશાની દેખાતી નથી. ને ધૂન કરાવ્યા પછી પણ વરસાદ ન થાય તો લાજ જાય ને ગામવાળા કુસંગીઓ વાતને ચકડોળે ચડાવે.' એથી તેમણે જાહેરાત ન કરી.

બપોરે જમીને સ્વામીશ્રીએ ફરી યાદી આપી કે 'જાહેરાત કરી ?' અંબાલાલભાઈ કહે : 'કહેવડાવી દઈશું.' ચાર વાગે ફરી યાદ કરાવ્યું, ત્યારે અંબાલાલભાઈએ બરાબર ખુલાસો ન કર્યો. સ્વામીશ્રીના મુખારવિંદ પર એક ગહન હાસ્ય મરકી ગયું. રાત્રિસભામાં *'માણસનો અવતાર'* કીર્તન ગાઈ સ્વામીશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં જાહેરાત કરી : 'આજે રાતે વરસાદ આવશે, માટે ધૂન કરો.' સૌ ધૂનમાં તલ્લીન થઈ ગયા. થોડી જ ક્ષણોમાં આકાશ ઘેરાયું અને ગર્જના સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો. બે કલાકમાં ચાર ઇંચ પાણી પડી ગયું. સૌને સ્વામીશ્રીની અદ્‌ભુત શક્તિનો પરિચય મળ્યો. અંબાલાલભાઈને અવિશ્વાસના કારણે ખૂબ પસ્તાવો થયો. આ પછી સૌ ફરી આવી દિવ્ય પારાયણ ક્યારે થાય અને સ્વામીશ્રીનો સમાગમ મળે, એ આયોજન વિચારી રહ્યા હતા. તેનો મેળ આ પારાયણમાં બેઠો.

તા. ૨૭-૨-'૬૨, ચલાસણ.

'સ્વામીશ્રીજી સત્ય છે. સાલાસણ (ચલાસણ) ગામ સંતસ્વામીનું જન્મ-ભૂમિનું ગામ. દર્શને સંઘ લઈને આવ્યા છીએ. સવારના ૮॥ વાગે, મહા વદી ૭, વાર મંગળવાર. આશીર્વાદ પત્ર.

'સ્વસ્તિ શ્રી અક્ષર ભુવન દાદર મહાશુભ સ્થાને...

'તમો વૃત્તિ દ્વારે સેવાઈ રહ્યા છો. કુંજર પક્ષીની પેઠે સેવાઈ રહ્યા છો. તો તમો ત્યાં છો પણ (અમારા) મનમાં છો. લો. ૧૦ વચનામૃત વાંચી લેવું. બધા સંપીને રહેશો. અહીં તમારા વતી દર્શન કર્યાં છે. તો સંતસ્વામી જેવા તમો નિર્દોષબુદ્ધિવાળા જ્ઞાનના ભંડાર થાશો. ખૂબ બળ આવશે. ને ડંકો આખા બ્રહ્માંડમાં વગાડજો. રૂડા આશીર્વાદ છે.

'માંદા છે તેમને મટતું નથી, તે પણ મટાડનારા સ્વામીશ્રીજી છે. તે આશરો દૃઢ છે તો તેમને સારું થઈ જ જાશે, પણ એકલા દવાખાને ના મૂકાય. બીજો બંદોબસ્ત કરવો. દવાખાને નર્સો હોય, તે આપણે ન ફાવે. સાધુને તેમાં રહેવાય જ નહિ. દેશી દવા સારા વૈદની કરશો, અથવા તે પાણી માફક ન આવે તો બે સાધુને મોકલો તો ચાણસદના વૈદની દવા કરાવીએ, અથવા કંડારી વૈદની દવા કરાવીએ. પાણી બદલે સારું થઈ જાશે. કોઈ દાક્તરો મટાડનારા નથી. સ્વામીશ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજ મટાડશે. તો હિંમત આપજો. તો હવે પાણી બદલે રહે તો અટલાદરા પધારે ને પછી ચાણસદમાં રાખીએ તો સારું થઈ જાશે. મને તો એમ લાગે છે, ત્યાં જ સારું થઈ જાશે. માટે હિંમત ન હારે. માટે હે મહાંત સ્વામી ! તેમને હિંમત આપજો. સારું થઈ જાશે. રૂડા આશીર્વાદ છે.

'(ક) સ્વામી, આપણે ભગવાન ભજવા આવ્યા છીએ તો બળ રાખવું. દેશકાળ સારા થઈ જાશે. ગ.મ. ૭ વાંચશો. ભગતજી મહારાજ કે'તા જે, 'નવધા ભક્તિમાં મન રાખે તો મન જિતાય.' તો આપણે નવરા ન રહેવું, તો મન વશ થઈ જાય. માટે કેસરિયાં કર્યાં તો શોભાડવાં. તેમાં અમારો રાજીપો છે. તો બળ રાખો. દોષ તો બળીને ખાખ થઈ જાશે.'

✧

કડીમાં પધરામણી કરી, ગામમાં સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી, નરસિંહપુરા થઈ, કલોલ ચુનીભાઈ મિસ્ત્રીના નવા મકાનમાં પધરામણી કરી. બાદ સ્વામીશ્રી કાળી રણછોડભાઈ મુખીને ત્યાં પધાર્યા. અહીંથી અડાલજ દર્શને જઈ, ઝુંડાલ તથા બુડથલ ગામે પધરામણીઓ કરી. પાછા કાળી આવ્યા.

ચૂંટણીમાં વિજેતા બનતા નંદાજી, અમદાવાદ ઍરપોર્ટથી સીધા અહીં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

તા. ૫-૩-'૬૨, અમદાવાદ મંદિરમાં, સમગ્ર સત્સંગ મંડળ તરફથી, લોકસભામાં વિજયી બનેલા નંદાજી તથા વિધાનસભામાં વિજયી બનેલા મોહનલાલ વ્યાસ અને ડૉ. છોટુભાઈ પટેલ તેમજ વિઠ્ઠલભાઈ અમીનનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. શરૂઆતમાં સ્વામીશ્રીના શુભ આશીર્વાદથી સૌ કેવી રીતે વિજયી બન્યા એ અંગેનો પરિચય મણિભાઈ બ્રહ્મભટ્ટે આપ્યો હતો. વિજયી નેતાઓએ સ્વામીશ્રીનો ખૂબ ખૂબ આભાર માની ઋણસ્વીકાર કર્યો. અને નિષ્ઠાપૂર્વક જનતાની સેવા કરવાના પુનઃ આશીર્વાદ માગ્યા હતા. ચંપકભાઈ શેઠે સૌને પ્રસાદીની પુષ્પમાળા અર્પણ કરી.

મંદ મંદ સ્મિત કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું : *'કાં સુખ હરિ કે ચરણ મેં, કાં સંતન કે માંહી...* મોટાપુરુષમાં જીવ બાંધી, વિશ્વાસ રાખી, નિષ્કપટપણે વર્તવું. શ્રદ્ધા, ખપ અને સમાગમ વધવાના ઉપાય છે. હરિભક્તોમાં દિવ્યભાવ રાખવો.' એ રીતે સૌને આશીર્વાદ આપ્યા.

ફાગણ સુદ ત્રીજને દિવસે, અમદાવાદ ગાદીના ધ.ધુ. આચાર્ય દેવેન્દ્રપ્રસાદજી મહારાજના ગાદી-પટ્ટાભિષેકને ૨૫ વર્ષ પૂરાં થતા, રજત જયંતી મહોત્સવ સમારંભ નરનારાયણ મંદિરમાં ઊજવાતો હતો. આ શુભ નિમિત્તે સ્વામીશ્રી અને નંદાજી આચાર્યશ્રીને બંગલે દર્શને પધાર્યા હતા. આચાર્યશ્રીએ ખૂબ પ્રેમથી સત્કાર્યા અને સ્વામીશ્રીએ પણ રૂડા આશીર્વાદ પાઠવ્યા.

સ્વામીશ્રી નંદાજીને લઈને પણ નરનારાયણ દેવ તથા યજ્ઞનાં દર્શને પધાર્યા. મહંત શાસ્ત્રી દેવચરણદાસજી તથા જજ સાહેબો ભટ્ટ સાહેબ અને થોરિયા સાહેબે સ્વામીશ્રીનું સન્માન કર્યું હતું. આ મહોત્સવમાં સ્વામીશ્રીની આજ્ઞાથી અમદાવાદ યુવક મંડળે સ્વયંસેવક તરીકે સારી સેવા બજાવી હતી.

## માયિક સુખના લોચા હૈયાંમાંથી કાઢવાનો કોલ

...અને સ્વામીશ્રીનો આશીર્વાદ પત્ર મુંબઈ સંતમંડળ ઉપર લખાયો :

*તા. ૬-૩-'૬૨, અમદાવાદ*

*'...સ્વામીએ ટાઈમ ટેબલ મોકલ્યું, આઠ દિવસનું. વાંચીને છાતી ઠરી ગઈ. ઓહોહો ! જુઓ, અભ્યાસ કરવો. સાથે સાથે પાંચ વખત કથા કરવી તથા રસોઈપાણી કરવી, વિગેરે કાર્યક્રમ બરાબર છે. તેમાં રંચમાત્ર ફેર નથી. માટે*

*ચડતો ને ચડતો રંગ તમારો કાયમ રહે તેવા આશીર્વાદ છે. હવે તમારે બધાને એકાંતિક ધર્મ સિદ્ધ થશે.*

*'...હવે પરીક્ષા થઈ ગઈ છે તો કથાવાર્તાનું જોર રાખવું. ખરો રાજીપો તમારા ઉપર છે. તમોને અખંડ સંભારું છું. શાથી જે, તમોને બ્રહ્મની સ્થિતિ પમાડવાની છે. માયિક સુખના લોચા હૈયાંમાંથી કાઢી જ નાખવા છે. કાક-વિષ્ટારૂપ લાગે તેવી સ્થિતિ તમોને પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય ભગતજી મહારાજ વિગેરેની દૃષ્ટિએ પમાડવાની છે. મોટો ધોરી મારગ તમ દુવારે એકાંતિક ધર્મનો ગ.પ્ર. ૬૦ના પ્રમાણે પમાડવાનો છે. તે મોટો આશય છે. તો સૌ બળ રાખો. પરમ પૂજ્ય સ્વામીને રાજી રાજી કરો.'*

વાતે વાતે સૌને એકાંતિક બનાવવાનું સ્વામીશ્રીનું તાન આવા અનેક પત્રોમાંથી ફલિત થાય છે. જગતના લોચા હૈયાંમાંથી કાઢી નાખવા છે, તે સ્વામીશ્રીનો હૃદ્‌ગત અભિપ્રાય પણ વારેવારે પત્રોમાં આવી જાય છે. ત્યારે એમની સામર્થી અને સિદ્ધસ્થિતિનો પરિચય થયા વગર રહેતો નથી. રોમેરોમે મહારાજના પ્રાગટ્ય વગર આવું શેં બને ?

અહીં આચાર્ય દેવેન્દ્રપ્રસાદજી મહારાજના હજૂરી સેવક રત્ના ભગત અવારનવાર સ્વામીશ્રીનાં દર્શને આવતા અને નારાયણ ઘાટ ઉપર સમૈયો કરવા આમંત્રણ આપતા. તેમને મગનલાલ મહારાજે અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા કરાવી હતી. વળી, તેમને પણ સ્વામીશ્રીનું સાધુચરિત વ્યક્તિત્વ અસર કરી ગયું હતું. સ્વામીશ્રીને અવારનવાર આમંત્રણ આપતા હોવાથી કેટલાકે આચાર્ય મહારાજ પાસે તેમની વિરુદ્ધ ફરિયાદ કરી. ત્યારે આચાર્ય મહારાજ કહે : 'ભગત કરે છે તેમાં શું ખોટું છે ? યોગીજી મહારાજ જેવા સાધુ સંપ્રદાયમાં શોધી લાવો, તો હું તેને (રત્ના ભગતને) ઠપકો આપું.'

વિરોધીઓના હાથ હેઠા પડ્યા અને આચાર્ય મહારાજની રહેમનજરથી રત્ના ભગત પણ સ્વામીશ્રીનો ખુલ્લો પક્ષ રાખતા.

## અક્ષર દેરીની સેવાથી મંદિર વહેલું પૂરું થાય

આ વખતે તેમના આમંત્રણથી નારાયણ ઘાટે સ્વામીશ્રીએ સમૈયો કર્યો. સ્વામીશ્રી સ્નાન કરી સભામાં બિરાજ્યા. ઘણા હરિભક્તોએ ધોતિયાં ઓઢાડી સેવા કરી. સ્વામીશ્રીએ રમેશભાઈ દલાલને બોલાવી કહ્યું : 'આ સેવા ગોંડલ મોકલી આપશો.'

ત્યાં ઊભેલા અમદાવાદ મંદિરના કોઠારી બબુભાઈને આ જાણી દુઃખ થયું કે 'અહીં મંદિર અધૂરું છે અને સેવા ગોંડલ મોકલી દીધી, તે કામ કેમ પૂરું થશે ?'

તેમણે રમેશભાઈ પાસે ખુલાસો માગ્યો. તેમણે મંદિરે આવી આ વાત સ્વામીશ્રીને કરી. સ્વામીશ્રી નિર્દોષતાથી હસી પડ્યા અને બબુભાઈને બોલાવ્યા. હેતથી કહે : 'બબુકાકા ! અક્ષર દેરીની સેવા થાશે તો મંદિર વહેલું પૂરું થાય. ને અહીં જાહોજલાલી થાય, માટે ત્યાં સેવા મોકલીએ છીએ.'

બબુભાઈને આટલા જ વાક્યમાં સમાધાન મળી ગયું ને રાજી થયા. કહે : 'બાપા ! આપની જવાબદારી છે તે આપ મંદિર પૂરું કરશો જ. માટે સેવા જ્યાં મોકલો ત્યાં, હું રાજી છું ને કાંઈ ચિંતા રાખી નથી.'

તેઓ અનુવૃત્તિમાં ભળી ગયા તેથી સ્વામીશ્રી પણ ખૂબ રાજી થયા.

## અક્ષરધામ એ જ આપણું ઘર છે

ગઢપુર સુવર્ણ કળશ મહોત્સવ પ્રસંગે અભ્યાસનું નિમિત્ત ઊભું કરી આફ્રિકાથી બળભદ્રભાઈ દેશમાં આવી પહોંચ્યા હતા. તેમના પિતાશ્રી ચીમનભાઈને સત્સંગ નહીં, તેથી સાધુ થવા સામે સખત વિરોધ હતો. માતુશ્રીને ફક્ત ગુણભાવ, તેથી તેમની પણ પૂરી સંમતિ નહીં. સંપત્તિના તાનમાં ને સત્સંગના અભાવમાં ભાઈઓનો પણ વિરોધ ઘણો હતો. આથી દેશમાં આવ્યા પછી બળભદ્રભાઈને ઘણી મુશ્કેલી આવી અને કુટુંબીઓ આવીને તેમને સ્વામીશ્રી પાસેથી લઈ ગયા. સ્વામીશ્રીને રાજી કરવામાં કૃતનિશ્ચયી અને શૂરવીર યુવાન બળભદ્રભાઈએ ગુજરાતથી દૂર તપોવન આશ્રમ - નાસિકમાં થોડો સમય અજ્ઞાતવાસ સેવ્યો. આશ્રમની કઠિનાઈઓ વેઠી ત્યાં સંસ્કૃતનો અભ્યાસ શરૂ કર્યો. પાછળથી અનુકૂળતા થતાં તેઓ ગુજરાતમાં સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. પણ આ દરમ્યાન સ્વામીશ્રી તેમને નિયમિત બળના પત્રો લખતા અને ખૂબ પ્રેરણા આપતા; જેથી સત્સંગથી દૂર પણ તેમનો ઈશક જળવાઈ રહે. જો કે તેઓ પણ ઘણા મક્કમ હતા. અને આવેલી કૌટુંબિક ઉપાધિઓનો દૃઢતાથી અને હસતે મોઢે સામનો કર્યો. તેમાંનો એક પત્ર આ જ સમયે આ રીતે લખાયેલો હતો :

*ખાનગી*

*'દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના રૂડા આશીર્વાદ છે. તમે શૂરવીર છો, તો શૂરવીરપણું રાખવું. હવે ઘર આપણું છે જ નહીં; અક્ષરધામ એ જ આપણું ઘર છે. ગમે તેટલી ઉપાધિ થાય તોપણ સહન કરીને ત્યાગી જ થઈ જાવું, ને તેમાં*

જ માલ છે. પંચ વિષયમાં કદી માલ છે જ નહીં, કાકવિષ્ટારૂપ છે. તેવો સાંખ્ય શીખવો. પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને શ્રીજીમહારાજનું ભજન કરવું, તેમાં જ માલ છે. સ્ત્રી-ધન તો કુચા જ છે. વિષ્ટારૂપ છે, તેમાં મહારાજે કહ્યું છે : 'નારી રૂપાળી લાગે છે કેવી, તો ભૂંડી રાક્ષસણી જેવી.' તેમ માનવું, તેમાં મોહ ન રહે. તે મોહ નીકળી જાય એટલે અક્ષરધામની પ્રાપ્તિ છે. ગ.પ્ર. ૨૧મું મોઢે કરવું. મહારાજે ખરી વાત કરી છે. માટે ખાનપાન પંચ વિષયમાં પૂરો અભાવ કરવો, તો જ ભગવાન ભજાય.

'હવે ત્યાગી થયે જ છૂટકો છે. જેમ પ્રહ્‌લાદને દુઃખ પડ્યું ને પાછા ન હઠ્યા, તેમ આપણે પાછા ન હઠવું. શૂરવીર થાવું. જંગલમાં રહેવું પણ ઘર તો છે જ નહીં તેવો સંકલ્પ કરવો. એક વરસમાં બધી રીતે શાંતિ થઈ જાશે. સગાંવા'લાં પાછા પડશે ને તમારો નંબર આગળ આવશે. માટે બળિયા રહેવું. અભ્યાસ બરાબર કરશો. તમો એકલા નથી પણ તમારી સાથે સ્વામીશ્રીજી અને શાસ્ત્રીજી મહારાજ સાથે છે, તેવું બળ રાખીને રહેશો. જે મળે તે ખાઈ લેવું તેમાં મજા છે. રજોગુણમાં મજા છે જ નહીં. માટે બળ રાખીને ત્યાગનો ડંકો વગાડો, એ જ રૂડા આશીર્વાદ છે.'

## સત્પુરુષ જેને સંભારે તેને શાંતિ

વળી, મુંબઈ સંતો પ્રતિ પણ પત્ર લખ્યા :

૮-૩-'૬૨, અમદાવાદ.

'.....કાલે ૫૬ ભોગનાં દર્શન સારાં કર્યાં. મંદિરમાં ઠાકોરજી આગળ ૫૬ વસ્તુ કરેલી હતી. કેટલો દાખડો. શાક પણ પુષ્કળ હતાં. જોઈને છાતી ઠરી ગઈ. અમો ગીયા તે જમનાજીયે માર્ગ દીધો. તે માણસો ખસી ગયા. એકદમ જગ્યા થઈ ગઈ. તે આપડા યુવકો વોલટર(વોલીંટીયર)માં હતા. તે કામ થઈ ગયું. તો અહોહો ! હે સંતો ! તે દર્શનમાં મેં સંભાર્યા તે વર્ણન થાય તેમ નથી. તે તમો મહંત સ્વામી તથા પારસદો તથા સંતોનાં દર્શન કર્યાં. જુઓ, કાલે ૪॥ વાગે તમોને શાંતિ થઈ ગઈ હશે. સ્મૃતિ તે દુઃખની હરનારી છે.

'(ક) સ્વામી તમો મારી આજ્ઞા પાળીને રસોઈમાં દાખલ થઈ જાશો. રસોઈ સારી બનાવીને, ઠાકોરજીને ધરીને, બધા સંતોને પૂનમ સુધી પીરસજો અને પાછળથી જમશો. રસોઈ સર્વોપરી કરશો. કારિયાણી વચનામૃત ૧૦ વાંચી જાશો. રાધિકાજી તથા લક્ષ્મીજી જેવો ભાવ. તે વચનામૃત ત્રણ વખત વાંચશો.

*તો આપ રાજી રહેશો... તો (ક) સ્વામી, તમો બધા સંતનો મહિમા સમજશો ને સેવાનો લાભ લેશોજી. મહંત સ્વામી, ત્રણ વચનામૃત સૌ મોઢે કરાવજો : કારિયાણી ૩જું વચનામૃત, ગ.પ્ર. ૧૪ તથા છે.પ્ર. ૩૫. આટલાં વચનામૃત મોઢે સગવડે કરાવજો.'*

અમદાવાદથી એક દિવસ સ્વામીશ્રીએ વડસર પધરામણી કરી હતી. રાજકોટ જતાં વઢવાણ મંદિરે દર્શન કર્યાં. સંતો તથા આચાર્ય મહારાજને વેદરસનાં પુસ્તકો ભેટ આપ્યાં હતાં. સુરેન્દ્રનગર પધરામણી કરી રાજકોટ પધાર્યા.

અહીં સ્વામીશ્રી કહે : 'મેં સંકલ્પ કરેલો કે સાજો થઈને ભાદરા તથા ડાંગરા જઈ દર્શન કરવાં છે.' પછી સ્વામીશ્રી ડાંગરા પધાર્યા. અહીં શુભ સંકલ્પો કર્યા કે 'અમદાવાદ મૂર્તિપ્રતિષ્ઠા-ઉત્સવ સારી રીતે ઉજવાય. ગુરુકુળ સારી રીતે થઈ જાય. સર્વેના દેશકાળ સુધરે.'

## હે મારા જીવનપ્રાણ !

અહીંથી સ્વામીશ્રીએ એક બળનો પત્ર સંતોને લખ્યો :

*સોમવાર, સવારના ૧૧*

*ડાંગરા, તા. ૧૨-૩-'૬૨.*

*'સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો. વિ. આપ રાજી રહેશો. બીજું હે મારા જીવનપ્રાણ ! પારસદો, સંતો, હે સંતો ! તમ દુવારે ઘણાં જ મહાન કાર્ય કરવાનાં છે. તે બળ રાખીને ખૂબ અભ્યાસ કરવો. આજે યાગરાજ તીર્થ સ્વામી જાગા સ્વામીને સ્થાને દિવસના ૧૧ વાગે દેરીમાં પ્રાર્થના કરી રહ્યા છીએ. તમારા વતી ૧૧ પ્રદક્ષિણા હાથ ઝાલ્યા સિવાય, કળતર થાતી હતી છતાં તમારા માટે કરી છે, તો તમોને ખૂબ આત્મબળ મળશે, તો તમો બધા બળ રાખો. હર્ષદભાઈનો સમાગમ કરવો. ભાદરા કાલે સાંજે ૫૦ હરિભક્તો સાથે જઈએ છીએ. ત્રણ મોટરો સાથે છે. ઠેઠ અમદાવાદથી મોટરો લીધી છે. ભાદરા બે દિવસ રોકાશું ને તમારી પ્રાર્થના કરીશું. તો બધા સંતોને, પારસદોને ખૂબ બળની વાતો કરીને સાચવજો. સ્વયંપ્રકાશ સ્વામી, વચનામૃત તમોએ ખૂબ સંભળાવ્યાં છે, તો તમો વખત લાવીને સંતોને સમજાવશો. સંતો ઘણા જ રાજી થશે. આ પત્ર ડાંગરા દેરીમાંથી ૧૧। વાગે લખેલ છે.'*

સ્વામીશ્રીની દૃષ્ટિમાત્રે સૌને બળ મળે એમ હતું, પણ તેઓ જણાવે છે કે 'કળતર થતું હતું છતાં હાથ ઝાલ્યા વગર તમારે માટે ૧૧ પ્રદક્ષિણા કરી છે, તો

ખૂબ આત્મબળ મળશે.' આમ, સંતોને સ્નેહથી ભીંજવી દઈ સ્વામીશ્રી અપાર સ્મૃતિ આપતા હતા.

ભાદરામાં સ્વામીશ્રીએ આ તીર્થસ્થાનનો અલૌકિક મહિમા કહ્યો : 'આ ગામના હરિભક્તો - કુસંગી કે સત્સંગીની ચરણરજ ઊડીને આપણી ઉપર પડે તો આપણે પવિત્ર થઈ જઈએ. કરોડ તીર્થથી કોટિ ગણું પવિત્ર, નિર્ગુણ સ્થાન આ છે.'

સાંજે ઊંડ નદીએ સ્નાન કરવા પધાર્યા હતા. અહીં જામનગરના કલેક્ટર સાહેબ, વિકાસ અધિકારી વગેરે અમલદારો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

અહીંથી પણ સ્વામીશ્રીએ સંતોને પત્ર લખ્યો :

*ઊંડ ઘાટ, મંગળવાર*

*૧૩-૩-'૬૨, ભાદરા.*

*'આશીર્વાદ સાથે ઘાટ ઉપર ૪॥ વાગે સાંજના પત્ર લખાઈ રહ્યો છે, તો તમારા વતી દર્શન-પ્રાર્થના કરી છે, તો તમ દ્વારે આખા દેશમાં દિગ્વિજયી કરવાનો છે તે પ્રાર્થના કરી છે. તો તમો બધા સંતો ને પારસદો નિર્દોષ થઈ જાશો. તમ દ્વારે લાખો જીવનાં કલ્યાણ થશે.'*

વળી, બે દિવસ વીત્યા ને સ્વામીશ્રીને સંતો સાંભર્યા, અને તે દિવસે મૅટ્રિકની પરીક્ષા શરૂ થતી હોઈ તે તારીખ નોંધી સ્વામીશ્રીએ સુંદર પત્ર લખ્યો :

*આશીર્વાદ પત્ર - મૅટ્રિકની પરીક્ષા*

*૧૫-૩-'૬૨, ગુરુવાર.*

*'(સંતો પ્રતિ) ઓહોહો ! બંને ધામમાં યાગરાજ તથા ભાદરા સ્વામીના જન્મ સ્થાનનાં દર્શન કરીને તમારા વતી પ્રાર્થના કરી છે. તો તમોને બધા સંતો-પારસદોને બળ મળશે. શાંતિના ફુવારા છૂટશે. ખૂબ ભણીને સ્વામી શાસ્ત્રીજી મહારાજને રાજી કરીએ તેવું તાન ચડશે. માટે એક સંપ, એક સુહૃદભાવ રાખીને અભ્યાસ કરવો તેમાં ખરો રાજીપો છે. તો હવે બંને સ્થાનના આશીર્વાદ લખીએ છીએ તો સુખી થાશો.'*

આમ, ભાદરા તથા ડાંગરા બંને પવિત્ર ધામોમાંથી સ્વામીશ્રીએ સંયુક્ત રીતે આશીર્વાદ પાઠવ્યા. સાથે 'મૅટ્રિકની પરીક્ષા' દિનને નોંધી, તવારીખોની કાળજી રાખવાની, પોતાની સૂક્ષ્મ કાળજી રાખવાની લાક્ષણિકતાનાં દર્શન કરાવ્યાં.

પછી જાયવા, ભેંસદડ થઈ, તા. ૧૫-૩-'૬૨, રાતે સ્વામીશ્રી ગોંડળ આવી પહોંચ્યા.

## મુંબઈ મંડળને ધન્ય છે

અહીંથી મુંબઈના સંતો-ભક્તોને યાદ કરી, રવિસભા દરમ્યાન પ્રેરણા આપવા સુંદર પત્ર લખ્યો :

*મુંબઈ મંડળી જય જય જય જય*

*ગોંડળ.*

*'મુંબઈ મંડળને રવિવારની સભામાં વાંચવાનો આશીર્વાદ પત્ર. તા. ૧૬-૩-'૬૨, ફાગણ સુદી એકાદશી, શુક્રવાર, સાંજના ૫ વાગે.*

*'ઓહોહો ! મુંબાઈ મંડળને ધન્ય છે કે આવા યોગેશ્વરો સંતો-પારસદોની સેવા પ્રેમથી કરી રહ્યા છે. તો બધા મુંબાઈ મંડળને ધન્ય છે. હે મુંબાઈ મંડળ ! તમો બધા યોગેશ્વરો ભણે છે તેમની પુષ્ટિ બરાબર કરશો. ભવિષ્યમાં તેઓ સત્સંગ ખૂબ વધારશે. તે અત્યારે નાનું ઝાડ હોય પણ પાણી પાવાથી વિઘા-વૃક્ષ થઈ જાય છે. તે છાંયો તથા ફળ બંને આપે છે. તો હવે ભવિષ્યમાં સંતો બળિયા થાશે. શાંત છે ને ભણેલા છે. સમજુ છે, ભોટ નથી. સમજુ છે તો પુષ્ટિ કરવા વિનંતી છે. બધા તેમની પાસે મહાપૂજા વારાફરતી કરાવજો. તો ધારા (ધાર્યા) મનોરથો પૂરા સ્વામીશ્રીજી મહાપૂજાથી કરશે.*

*'બીજું - આપ સર્વ સંપ, સુહૃદભાવ બધા હરિભક્તો રાખજો; જુઓ કેવો ઝપાટો થાય છે ! તો બે વરસમાં આખી મુંબાઈ રંગાઈ જાશે. માટે આપણે મડળો પરાંમા સ્થાપ્યાં છે. તે બરાબર ચલાવો તે ખાસ આજ્ઞા છે.*

*'તો હવે દાદર માટે સગવડ સંતોને પૂરી આપજો. તે માટે તનતોડ મહેનત બધા કરશો. આખું મકાન ખાલી થઈ જાય તો તેમને પૂરી સગવડ મળે તથા ત્રીજો માળ બંધાઈ જાય તો સભા ભરતા ફાવે. એક કામમાં બે કામ થઈ જાય. અક્ષર સારા નથી તો હર્ષદરાયભાઈ, તમો વાંચી દેશોજી. કથાવાર્તા કરશો. રવિવારે સભામાં ૧,૦૦૦ હરિભક્તો ભરાય તેમ ગોઠવણી કરશો.*

*બોલો સ્વામિનારાયણની જય. બોલો મુંબાઈ મંડળની જય જય જય જય.'*

## ગુરુ કરે તેમ નહિ, કહે તેમ કરાય

ગોંડલમાં એક દિવસ નાના સંતોએ સંકલ્પ કર્યો કે શાસ્ત્રીજી મહારાજ ભગતજીને ચંદન ચર્ચી ભેટ્યા હતા તેમ આપણે પણ સ્વામીશ્રીને ચંદન ચર્ચી ભેટવું.

સૌ ખૂબ ઉત્સાહમાં આવી ગયા. જાતે ચંદન ઘસી તૈયાર કર્યું. સૌ બાલમુકુન્દ

સ્વામીને સાથે લઈ સ્વામીશ્રીના ઓરડામાં ગયા. પહેલાં તો સ્વામીશ્રીએ સ્પષ્ટ ના પાડી દીધી. બહુ આગ્રહ કર્યો ત્યારે કહે : 'ગુરુ ! આજ્ઞા પાળો.'

'પણ બાપા ! ભગતજી મહારાજે તો ના નહોતી પાડી.'

તરત જ સ્વામીશ્રીએ કહ્યું : 'ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ એ તો સમર્થ પુરુષ હતા. આપણે તો એમના સેવક છીએ.' પછી કહે : 'ગુરુ કરે તેમ ન કરાય, ગુરુ કહે તેમ કરાય.'

પછી સૌને રાજી રાખવા કહ્યું કે 'આવો એમ ને એમ જ ભેટી લઈએ.' એમ કહી સૌને મળીને સુખ આપ્યું, પણ ચંદન તો શરીરે ન જ અડવા દીધું.

## તમો મારા જીવમા બેઠા છો

અહીંથી સ્વામીશ્રીએ સંતો પ્રત્યે એક વિસ્તૃત પત્ર લખી, આચરણની કેટલીક વ્યવહારુ દિશાઓ બતાવી તથા હરિભક્તોને પણ સેવા કરવા લખ્યું :

*૧૭-૩-'૬૨, ગોંડલ, શનિવાર.*

*'... તો હવે ત્યાં ફૂલદોલનો સમૈયો કરશો. મંગળવારે હુતાશની, બુધવારે ફૂલડોલ છે. તો વજુભાઈ શેઠ ! તમો ધાણી, દાળિયા, ખજૂર તથા ટોપરા વિગેરે લાવજો ને સંતને બુધવારે પાકી રસોઈ કરીને જમાડશો. ફૂલનાં પુષ્પ લાવીને પછી રાત્રે સમૈયો મેડા ઉપર ભરજો ને ફૂલ ઉડાડજો. ખારેક, ખજૂર, ધાણી, દાળિયા તથા ટોપરાના વાટકા વિગેરે લાવજો. પુષ્પ લાવજો. બુધવારે બધું કરશો. ૧,૦૦૦ હરિભક્તો ભેગા કરશો. ભક્તચિંતામણિ પ્રકરણ ૬૪નું સ્વામીશ્રી સીધેશ્વરદાસ વાંચે. સ્વયંપ્રકાશ વાત કરે. મહંત સ્વામી ફગવા વેંચે, ફૂલ ઉડાડે હરિભક્તો ઉપર. કોઠારી આરતી કરે, બીજા સંત, પારસદો દર્શન કરે. આવી રીતે ટાઈમ રાખજો.*

*'...સંતસ્વામીએ આશીર્વાદ લખ્યા છે. સંતસ્વામી જેવા સંત તમારા ઉપર રાજી થીયા છે તે તમારો મોક્ષ થઈ ચૂક્યો છે, તે બળ રાખશો. ગ.મ. ૪૫-૪૬, જીવનદોરી - ગ.મ. ૨૮ સીધ કરવાનાં છે. તો તમો બળ રાખજો. અમારી વૃત્તિ તમારામાં જ છે... બીજું આપને લખવાનું કે ત્રણ વાનાં રાખવાં.*

*૧. સંપ ને સુહૃદભાવ, એકતાપણું રાખવું.*

*૨. બીજું અભ્યાસ બરાબર કરવો.*

*૩. કથા ૪ વખત બરાબર કલાક કલાક કરવી.*

*૪. ચોખાઈ બરાબર રાખવી. ગંદકી જરાય ન રાખવી.*

*૫. ઠાકોરજીની સેવા મહાપૂજા ટાઈમસર કરવી.*

*'માનસી પૂજા બપોરે તથા ૪ વાગે ઠાકોરજી આગળ બેસી જાવું ને પા કલાક કરવી. આટલી આજ્ઞા પાળજો. રાજી રહેશો.*

*'સ્વામી (ક) દાસજી, તમોને હાલમાં પત્ર લખી શક્યો નથી, પણ તમે તો મારા જીવમાં બેઠા છો તે ચોક્કસ માનજો. બળ રાખજો. સીધેશ્વર સ્વામીની જોડ રાખજો. તમોને અક્ષરધામનું સુખ-શાન્તિ આવશે. આ પત્ર દેરીમાંથી લખેલ છે. તો બળ રાખજો. (ક) દાસજી, આપણે સ્વામી શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા ભેખ લીધો છે, તો જીવ મોટા સાથે બાંધીને સુધારવો. આનંદમાં રહેશો. આનંદ કરશો. આપ બધા સંતને સંભારીએ છીએ.'*

## થૂલીમાંથી મોહનથાળ

આ અરસામાં સ્વામીશ્રીનો લાભ લેવા ગોંડલની આજુબાજુનાં ગામોના હરિભક્તો-મુમુક્ષુઓ આવતા રહેતા. તેમાં એક દિવસ ચરખડીના રાજાભાઈ પણ દર્શને આવ્યા. તેમના સંબંધીઓ દ્વારા તેમને સત્સંગનો યોગ. સ્વામીશ્રીએ રાજી થઈ તેમને આશિષ આપ્યા અને પોતાની સાથે જમવા બેસાડ્યા. સ્વામીશ્રી આ દિવસોમાં માત્ર થૂલી જમતા. તે જોતાં રાજાભાઈને ખૂબ આશ્ચર્ય થયું અને ગુણ પણ આવ્યો. તેમને થયું : 'મંદિરમાં ભગવાનને કાયમ પાકો થાળ થતો હશે. તેથી સ્વામીશ્રી જો કાંઈ મીઠાઈની પ્રસાદી આપે તો સારું.'

ત્યાં જ સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'રાજાભાઈ ! શું સંકલ્પ કરો છો ?'

રાજાભાઈ કાંઈ જવાબ આપે તે પહેલાં તો સ્વામીશ્રીએ પત્તરમાંથી થૂલીનો કોળિયો હાથમાં લીધો અને કહે : 'લ્યો, પ્રસાદી !'

રાજાભાઈ સ્વામીશ્રી પાસે પહોંચ્યા ને પ્રસાદ લીધો. જોયું તો મોહન-થાળના બે કટકા ! રાજાભાઈને તો આશ્ચર્યનો પાર નહોતો. આજુબાજુ તો નહીં જ, પણ નજીક ક્યાંય મોહનથાળની પ્રસાદી પડી નહોતી ! તેઓ આશ્ચર્યકારી ઘટનાથી દિંગ થઈ ગયા. વધુ ખાતરી કરવા કોઠારીને પણ પૂછ્યું. પરંતુ કોઠારી કહે : 'છેલ્લા ઘણા દિવસથી મંદિરમાં મોહનથાળ બનાવ્યો જ નથી.'

રાજાભાઈ આ પ્રસંગથી સ્વામીશ્રીનો ખૂબ મહિમા ગાવા લાગ્યા.[૧૫]

---

૧૫. મેવાસા પારાયણ કરી સ્વામીશ્રી ચરખડી પધાર્યા ત્યારે તેમણે ખૂબ ભાવથી સ્વાગત કર્યું. અને સ્વામીશ્રીએ પણ તેમના રહેણાંકના મકાનમાંથી એક ઓરડો માગ્યો તે પણ તેમણે સેવાભાવથી અર્પણ કરી દીધો હતો. અહીં સ્વામીશ્રીએ જાતે મૂર્તિપ્રતિષ્ઠા કરી મંદિર કર્યું.

## આગળ જતાં મોટાં ઝાડ થાશે

દોણજાના મગનભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'રવિવારની સભા કરો છો ?'

'અમે બે જણ છીએ તેમાં શું કરવી ? કોઈ આવતું નથી ?'

'પત્રિકા આવે છે ?'

'હા, પણ સાંભળનાર જ નથી ને !'

'તોય મંદિરે જવું.' સ્વામીશ્રીએ વાત કરી : 'ધૂન-ભજન કરવાં. પત્રિકાનું વાચન કરવું. ભલે કોઈ ન આવે. થાંભલો તો સાંભળશે ને ! પહેલાં શાસ્ત્રીજી મહારાજે મંદિરો કર્યાં ત્યારે માગી છાશેય નો'તી મળતી. ને બધા અક્ષર-પુરુષોત્તમ જ્ઞાનનો વિરોધ કરતા. બંડિયા કહેતા. પણ પછી બધા માનવા મંડ્યા. વિરોધી પણ કહે કે 'બંડિયાનું જ્ઞાન સાચું લાગે છે.' એમ દોણજામાં હમણાં સત્સંગ નથી પણ આગળ જતાં મોટાં ઝાડ થશે. માટે નીમ લ્યો.'

તેમણે નિયમ લઈ સ્વામીશ્રીને રાજી કર્યા. જેના પરિણામે તેમના ગામમાં ઘણો જ સત્સંગ થયો અને મંદિર પણ થઈ ગયું.

ગોંડલથી નીકળી, રામોદ મંદિરે દર્શન કરી, જસદણ, બોટાદ વગેરે સ્થળોએ હરિભક્તોને મળીને સ્વામીશ્રી સારંગપુર પધાર્યા.

મોટર રસ્તે જ્યારે સ્વામીશ્રી નીકળતા, ત્યારે રસ્તામાં આવતાં ગામોના હરિભક્તો ઘણી વાર તો કલાકો સુધી રસ્તા ઉપર સ્વામીશ્રીનાં દર્શનની પ્રતીક્ષા કરતાં ઊભા રહેતા. હરિભક્તોને રાજી કરતાં આવતા સ્વામીશ્રીની મોટરયાત્રા લેઈટ જ ચાલતી હોય. નીકળતાં જ ઘણી વાર કોઈને મળવા નિમિત્તે મોડું થાય. પછી ગામોગામ રસ્તે રાહ જોઈ ઊભા રહેલા ભક્તો પણ પા-અડધો કલાક મોડું કરતા જ જાય. કોઈ નવા નવા મુમુક્ષુઓને લાવ્યા હોય, તેમને પ્રથમ મુલાકાત કરાવવાની હોય, વર્તમાન ધરાવવાનાં હોય, અંગત પૂછવાનું હોય; કોઈ ઠાકોરજી માટે ઉકાળો અથવા પ્રસાદ લાવ્યું હોય, તે સૌને વહેંચાય; એમ મોડું થતું આવે. તે ઠેલ ઉત્તરોત્તર બધે જ લાગતો જાય. અને જ્યાં જવાનું હોય ત્યાં પહોંચતા તો વેળા જ બદલાઈ ગઈ હોય.

ફાગણ સુદ પૂનમે વર્ષોવર્ષ ભગતજી મહારાજનો જન્મોત્સવ ઊજવાતો અને ભગતજીના મહિમાની વાતો, ગોષ્ઠિ, પ્રવચનો થતાં. ફાગણ વદ પડવે, ધૂળેટીએ, શાસ્ત્રીજી મહારાજની દેરીમાં, આરસના સિંહાસનમાં અક્ષરપુરુષોત્તમ

સહિત શાસ્ત્રીજી મહારાજની ચિત્રપ્રતિમાની પ્રતિષ્ઠા સ્વામીશ્રીએ કરી હતી. ત્રિકમભાઈ, ગોબરભાઈ સોની, આણંદના અંબાલાલભાઈ, ઈશ્વરભાઈ દાજી, ચંપકભાઈ શેઠ વગેરે ભક્તોએ સ્વામીશ્રી સાથે આરતીનો લાભ લીધો હતો.

ઠાકોરજી આગળ રંગોત્સવ પણ રંગેચંગે થતો. કેસૂડાનો રંગ સ્વામીશ્રી ઠાકોરજી ઉપર ને પછી ભક્તો ઉપર પ્રસાદીરૂપે છંટકાવ કરતા. ત્યારબાદ સ્વામીશ્રી સૌને ફગવા – ધાણી, દાળિયા, ખજૂરનો પ્રસાદ આપતા.

હાલ પ્રમુખસ્વામી આ મંદિરનો વહીવટ સંભાળતા અને સાથે હકાભાઈ મદદમાં હતા, તેથી આ ઉત્સવમાં સુંદર આયોજન અને વ્યવસ્થા દેખાઈ આવતા હતા.

## દર્શનની વાટ જોવે ઈ તપ

અહીંથી કારિયાણી દર્શન કરી, સ્વામીશ્રી ઝમરાળા જીવાભાઈ વગેરે ભક્તોને લાભ આપી, રોહીશાળા પધાર્યા.

ગામોગામ હરિભક્તોનો ભાવ અને સ્વાગતનો આનંદ એકએકથી અધિક જણાતા. ગામડાંમાં નૈસર્ગિક જીવન સમો, નૈસર્ગિક શોભા સાથેનો ગ્રામ્યજનોનો પ્રેમભર્યો ઉત્સાહ પણ મહાણવા જેવો રહેતો.

આ ગોકુળિયા ગામે રાજપુરના સ્વાગતને મૂર્તિમાન કરી દીધું. એક બળદ ગાડામાં બનાવેલા ભવ્ય સિંહાસનમાં સ્વામીશ્રી અને બાજુમાં મોટાસ્વામી બિરાજ્યા. બીજાં સાત ગાડાંઓમાં સંતો, મહેમાન હરિભક્તો બિરાજ્યા. ગામ-લોકોએ સામૈયામાં ભાગ લઈને સ્વામીશ્રી પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો. ઈન્દ્રના આયુધ મેઘધનુષના અવનવા રંગો જેવાં તોરણો, સૌરાષ્ટ્રની સંતપ્રિય પ્રજાએ ઉમંગથી ઘરોઘર લટકાવ્યાં હતાં. પુષ્પહાર અને ફૂલની પાંખડીઓથી ગામ સ્વર્ગ સમાન બની ગયું હતું. બાળકોની મોરલીના સૂર, યુવાનોનાં બેન્ડ-વાજાંનું સંગીત અને મધુર કંઠેથી ગવાયેલાં મંગલ ગીતોના ધ્વનિ સાથે બળદના પગોના ઘૂઘરાનો નાદ અને લોકોનાં મુખમાંથી 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર, સહજાનંદ એક પરમેશ્વર'નો ગગનભેદી અવાજ દિશાઓને ગજાવી રહ્યો. અબીલ-ગુલાલ અને ગાડાંઓનાં પૈડાં નીચેથી ધૂળની ડમરી ઊંચે ચડવા લાગી. આ દિવ્ય ઉત્સવ અને પુનિત ગામનાં દર્શન કરવા દેવતાઓ આકાશમાંથી અમૃતરંગ વરસાવી રહ્યા.

અહીં રાતે સ્નાન કરતાં સ્વામીશ્રી કહે : 'બધા આપણાં દર્શનની રાહ જોતા

હતા. આપણે કારિયાણી દર્શન કરતા હતા. દર્શનની વાટ જોવે ઈ તપ કહેવાય.'

વ્યાસપીઠ ઉપરથી વિદ્વાન શાસ્ત્રી ચીમનલાલે 'હરિલીલાકલ્પતરુ'ના તૃતીય સ્કંધના શ્રીજીમહારાજના અલૌકિક ઐશ્વર્ય-પ્રતાપનું સુંદર શૈલીમાં કથામૃત પાયું. વેદમંત્રો સાથે સ્વામીશ્રીના વરદ હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા થઈ અને મૂર્તિમાં ભગવાનનો પ્રાણ પૂરાયો. ગામધુમાડો બંધ કરવામાં આવ્યો હતો. દૂર દૂરના હરિભક્તોએ આ પ્રસંગનો અપૂર્વ લાભ લીધો હતો. કાનજીભાઈ (ભાવનગર), હરજીભાઈ, કાનજીભાઈ પટેલ, ઠાકરસીભાઈ, કેશવભાઈ, ડુંગરભાઈ, ત્રિભુવન-ભાઈ, રામજીભાઈ, પોપટભાઈ આદિ હરિભક્તો તથા ગામના સર્વ લોકોને ફાળે સેવાનું ફળ ગયુ.

આ પ્રતિષ્ઠોત્સવમાં કાનજીભાઈનો ખૂબ મોટો ફાળો હતો. તેમને ભાવનગરમાં સ્વામીશ્રીની દિવ્યતાનો અનુભવ થયો ત્યારથી તેમને સેવાનું જાણે કે વ્યસન પડ્યું હતું. સ્વામીશ્રી ભાવનગર હતા ત્યારે કાનજીભાઈના મકાનનું કામકાજ ચાલતું હતું. તેઓ સ્વામીશ્રી સામે બપોરની કથામાં બેઠા હતા, પણ પોતાના મકાન માટે વાંસ અને લાકડાં બંદરે ઉતારવાનાં હતાં તેના વિચારો ચાલતા હતા. તેમને થયું : 'સ્વામીશ્રી કથા કરી લે પછી મળાય. પણ કથા ક્યારે પૂરી થશે...!' ત્યાં તો સ્વામીશ્રીએ તેમના વિચારો પકડ્યા ને કહે : 'કાનજીભાઈ ! લાકડું આવી જશે. ચિંતા મહારાજને સોંપો અને અહીં કથામાં ધ્યાન આપો !' અને ખરેખર ! ત્યારથી તેમણે શ્રીહરિના કર્તાપણાના અનુસંધાનથી વ્યવહારનું કાર્ય કરવા માંડ્યું અને સેવામાં જ ચિત્ત રાખવા લાગ્યા.

રોહીશાળામાં પાણીની કાયમી તકલીફ હોવાથી સ્વામીશ્રીએ પ્રસાદી-જળ અને પુષ્પો આપી ભક્તોને કહ્યું : 'આ બધું કૂવામાં નાખજો, પાણી કોઈ દી' ખૂટશે નહીં.'

આ પછી આ કૂવો હંમેશાં ભરપૂર રહ્યો છે. વળી તેના પ્રસાદી-જળને કારણે ઘણાં કુટુંબો ચુસ્ત સત્સંગી બન્યાં છે.

## તેને બદરિકાશ્રમમાં તપ કરવા મોકલીએ

અહીં જગાભાઈ લાલજીભાઈના ઘરે સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા. તેમના ઘરના ગોખલામાં માતાજીનું સ્થાનક જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ કોનું સ્થાનક છે ?'

'બાપા ! મેલડી માતાનું.'

'તેને બદરિકાશ્રમમાં તપ કરવા મોકલી દઈએ !' સ્વામીશ્રીએ તરત જ કહ્યું અને જગાભાઈ પણ સંમત થયા. તેમનું નિષ્ઠાબળ જોઈ સ્વામીશ્રીએ ત્યાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ સ્થાપી 'સ્વામિનારાયણ' મહામંત્ર આપ્યો.

સ્વામીશ્રી ભક્તોને શુદ્ધ પતિવ્રતાની ભક્તિના આદર્શે પહોંચાડવા હંમેશાં પ્રયત્ન કરતા. આથી ભક્તોમાં પણ તે દૃઢતા વધુ થતી જતી.

આ પછી થોડા જ સમયમાં તેમના બે પુત્રોનું અચાનક અવસાન થયું અને ત્રણ પુત્રીઓ જ રહી. સૌ તેમને વહેમ નાખવા પ્રયત્ન કરતા કે 'કંઠી તોડ, નહીં તો વધુ હેરાન થઈશ.' પણ સ્વામીશ્રી પ્રત્યેની તેમની ગુરુબુદ્ધિ નિશ્ચલ રહી. ભગવાનની કૃપાથી જગાભાઈને ત્રણ પુત્રો પ્રાપ્ત થયા અને તન, મન, ધનથી સુખી થયા. ત્યારે સૌને લાગ્યું કે આ પણ સત્‌વાળો સંપ્રદાય છે. જગાભાઈને નિષ્ઠાના પ્રતાપે મહારાજે સુખી કરી દીધા.

અહીંથી લાખિયાણી ધનારામ ભક્તને ઘરે પધરામણી કરી, શેઠ કેશવલાલ તથા પુરુષોત્તમભાઈને ત્યાં નવાગામ પધાર્યા. સાંજે સ્વામીશ્રી વલ્લભીપુર આવી પહોંચ્યા. દેવરાજભાઈ, સવજીભાઈ વગેરે ભક્તોનો અપાર ભાવ હતો. ટાવર ચોકમાં વલ્લભીપુરની સમસ્ત ભાવિક જનતાએ જાહેર સત્સંગનો લાભ લીધો. તારીખ ૨૮મીએ અહીં હરિમંદિરમાં સ્વામીશ્રીના વરદ હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા થઈ. વલ્લભીપુરના કુમારશ્રી તથા દરેડ બાપુએ પણ આશીર્વાદનો લાભ લીધો.

બોટાદથી ટ્રેનમાં ચૂડા થઈ, મોજીદડ આવ્યા. રાતે ૧૧-૦૦ વાગી ગયા હતા. સ્વામીશ્રીના સ્વાગત માટે બળદની ૨૦ જોડ શણગારી હતી. મોજીદડના ગામલોકોએ અદ્‌ભુત સ્વાગત કર્યું.

બીજે દિવસે સવારે સ્નાન કરતી વખતે સ્વામીશ્રી કહે : 'મોજીદડ આપણું ઘર. પહેલાં હું દર વર્ષે મહિનો, બે મહિના રોકાતો. અહીં બહુ સેવા કરતો. રસોડામાં જાળાં સાફ કરતો, બધું ચોખ્ખું કરતો, રસોઈ કરતો ને ગુરુ (ગણેશ ભગત) બારણા પાસે બેસતા. બપોરે ગરમી બહુ પડે, તેથી થાળામાં (મંદિરમાં કૂવો છે તેના થાળામાં) સૂતા. બહુ ઠંડક થાય. અહીં માધાભા મોટા મુક્ત હતા.' એમ સ્મૃતિ કરી.

## સંસારમાં રખડી મરત, શાંતિ ન થાત

આ વિચરણમાંથી સ્વામીશ્રીએ મુંબઈ સંતોને પત્ર લખ્યો :

*તા. ૨-૪-'૬૨, ફાગણ વદિ ૧૧।-, વાર સોમવાર,*
*સાંજના ૬॥ વાગે.*

*'બોટાદ સ્થાન પ્રસાદીનું છે. ભગા શેઠને મહારાજે પોશાગ આપ્યો.*

*'... હવે તમામ સંતને શિખામણ લખાય છે. હે સંતો ! હે પારસદો ! તમારા ઉપર હું ઘણો જ રાજી છું ને તમો પરમ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની સંસ્થા શોભાવો છો, તો તમારા ઉપર સ્વામીશ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજ રાજી છે. માટે હે સંતો ! આપણે દેશોદેશ ફરીને સ્વામીશ્રીજી ને શાસ્ત્રીજી મહારાજની ઓળખાણ કરાવવી તે સેવા તમોને સોંપી છે, તો મોટાં ભાગ્ય માનવા. જો સંસારમાં હોત તો રખડી રખડીને મરત, પણ શાંતિ ન થાત. આ તો આખું જીવન સ્વામી-શ્રીજીને અર્પણ કરેલ છે તે કાંટો રાખવો. 'ઓહોહો ! સ્વામીશ્રીએ આપણને પોતાની સેવા દીધી' – તે બધા ભક્તોને તથા સંતોને સમજાવવું.*

*'લો.૧૭મું આખું વચનામૃત ત્રણ વખત બધા સંતો ને પારસદોને ભેગા કરીને વંચાવજો, ને સ્વયંપ્રકાશ સ્વામી તથા મહંત સ્વામી, બધા સંતોને આખા વચનામૃતનો ભાવાર્થ સમજાવશો. હંમેશાં પૂછજો. માટે હે સંતો ! તમે બળ રાખશો. તમોએ ખરો આશીર્વાદ મેળવ્યો છે. દોષના ભૂકા ઊડી જાશે. ગ.મ. ૭ વાંચીને હર્ષદભાઈ, સમજાવવું. હવે આપણે વૈશાખ સુદિ સાતમે પ્રતિષ્ઠામાં ૧૧ યુવકો ત્યાગી બનાવવા છે, તે શુભ સંકલ્પ કરીને દરેક સંત પાંચ માળા ફેરવજો...'*

આ પત્રમાં સ્વામીશ્રી 'ફાગણ વદિ ૧૧॥ તિથિ'[૧૬] નોંધે છે. સંધ્યા સમયે પત્ર લખે છે. અડધો દિવસ વીતી ગયો છે, તેથી પણ કદાચ એમ નોંધ્યું હોય ! સ્વામીશ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજની પ્રાપ્તિનો અપાર મહિમા વર્ણવે છે.

વિચરણમાં કંથારિયા, પાટણ થઈ, અડવાણ, ખસતા, ભાવનગર, તળાજા લાભ આપી, સાંજે મહુવા પધાર્યા.

❀ ❀ ❀

૧૬. ૧૧॥ જેવી અડધી તિથિ માટે તે પછીની તિથિ જ ગણાય છે. અહીં બારસ સમજવી.



# આ તો અક્ષરધામ છે

મહુવામાં ભગતજી મહારાજના સમાધિ સ્થાને છત્રી કરી ચરણારવિંદ પધરાવેલાં ત્યારે ભારે ઉત્સવ યોજેલો. અહીં નદી કાંઠે પણ ઘણા ભક્તો સવાર-સાજ દર્શને આવતા. સભા તથા કથા-કીર્તન પણ થતાં. વિશેષ સુવિધા માટે સ્થાનિક હરિભક્તોની ઇચ્છાથી અહીં સિંહાસનમાં વિધિપૂર્વક મૂર્તિઓ પધરાવવાનું આયોજન કર્યું હતું, જેથી હરિમંદિરની જેમ સત્સંગ-સમૈયાનું વિશેષ સુખ આવે.

નાગરદાસભાઈ વકીલ, મોહનભાઈ, ભગવાનભાઈ, પોપટલાલભાઈ, શાંતિલાલભાઈ તથા વિઠ્ઠલભાઈ કડિયા તેમજ નગરશેઠ હરિલાલભાઈ શેઠ વગેરે સ્થાનિક ભક્તો સાથે હરમાનભાઈ, હર્ષદભાઈ, ચંપકભાઈ શેઠ – સૌના ઉત્સાહથી સારો યજ્ઞ થયો. તા. ૯-૪-'૬૨, સવારે સ્વામીશ્રીના વરદ હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા થઈ. સ્વામીશ્રી ખૂબ મસ્તીમાં હતા. અને દેરીની પ્રદક્ષિણા કરતાં વારે વારે બોલે કે 'આ તો અક્ષરધામ છે.'

સાંજે સૌ ભાદરોડ દર્શને ગયા હતા. મંદિર તથા મહાદેવનાં દર્શન કરી નદી કાંઠે સ્વામીશ્રીએ સભા કરી, સ્થાનિક મુમુક્ષુઓને વર્તમાન ધરાવી, મહારાજના આશ્રિત કર્યા હતા. યુવક મંડળની પણ સ્થાપના કરી, શાળાના હેડમાસ્તર ભક્તને મંડળના આગેવાન નીમી, કથાવાર્તા કરવા તથા મહુવા પણ અવારનવાર લાભ લેવા આજ્ઞા કરી દીધી. આમ થોડી ક્ષણોમાં પણ સ્વામીશ્રી દરેક કામ પાકું કરતા. વળતાં મહુવામાં પ્રસાદીસ્થાનોનાં દર્શન કર્યાં. રાત્રે જાહેર સત્સંગ સભામાં સૌએ સારો લાભ લીધો.

## એ ગુલાબી હાસ્ય તમારા ચહેરા પર છે

વળી, મહુવાના નગરશેઠ હરિલાલભાઈએ સ્વામીશ્રીની પધરામણી

કરાવી અને બોલ્યા : 'પ્રાગા પ્રભુનું નામ અત્યારની પેઢીને ખબર ન હતી. તે તમે ફરી ગુંજતું કરી દીધું. અમારા વખતમાં મહુવાની આસપાસ પ્રાગજી ભક્તને 'પ્રાગા પ્રભુ' તરીકે જ ઓળખતા.'

પછી કહે : 'બીજી એક વાત પણ કરી દઉં. પ્રાગજી ભક્તનાં દર્શન મેં સારી રીતે કરેલાં. એ વખતે મારી ઉંમર વીસ વરસની. પ્રાગજી ભક્તની સાથે દસ-પંદર ભક્તજનો હોય જ અને ચહેરા ઉપર ખૂબ આનંદ હોય. પ્રાગજી ભક્તના મુખ ઉપર જેવું હાસ્ય રહેતું, એવું મારી એંસી વરસની ઉંમરમાં ફરી ક્યાંય જોવા મળ્યું ન હતું. આજે એંસી વરસે એ ગુલાબી હાસ્ય તમારા ચહેરા પર જોવા મળ્યું !' સ્વામીશ્રીએ નગરશેઠને પોતાના સ્વરૂપમાં જાણે પ્રાગજી ભક્તનાં દર્શન કરાવી દીધાં હોય એવો આનંદ તેમને અંગેઅંગમાં વ્યાપી ગયો.

આ સમયે નૈરોબીના કુંવરજીભાઈ વાલજીભાઈ પટેલે દેશમાં આવવા નક્કી કર્યું, પણ ઈમીગ્રેશન ઑફિસરે કહ્યું : 'ત્રણ અઠવાડિયાં પછી સહી-સિક્કા થશે.' કુંવરજીભાઈએ ઘણી વિનંતી કરી, પણ તેમના પ્રયત્નો વ્યર્થ નીવડ્યા. છેવટે તેમણે ધૂન કરી, સ્વામીશ્રીનું સ્મરણ કર્યું અને મનોમન પ્રાર્થના કરી. થોડી જ વારમાં ઑફિસરે તેમને બોલાવ્યા. તેઓ ગયા કે તરત જ તેમના પાસપોર્ટ પર સિક્કો મારી તેમને પરવાનગી આપી દીધી.

તેઓ દેશમાં આવી જ્યારે સ્વામીશ્રીનાં દર્શને મહુવા આવ્યા, ત્યારે સ્વામીશ્રીએ અંતર્યામીપણે કહ્યું : 'કુંવરજીભાઈ સિક્કો વાગી ગયો ને ? તમે લાભ લેવા માટે આવ્યા તે બહુ સારું કર્યું.'

કુંવરજીભાઈને સ્વામીશ્રીની આ શક્તિનો અનુભવ થતાં ખૂબ આશ્ચર્ય થયું.

## આ કાગળ ભગતજી મહારાજે લખેલ છે

અહીંથી સ્વામીશ્રીએ સંતો પ્રતિ સુંદર પ્રેરણા પત્ર લખ્યો :

*તા. ૯-૪-'૬૨, મહુવા*

*વાણિયાની વાડી, સાંજના ૫ વાગે.*

*(હરિભક્તો ન હોય ત્યારે સંત-પારસદોને ભેગા કરીને વાંચવો.)*

*'...વિ. આજે પ્રતિષ્ઠા ચૈત્ર સુદી પાંચમે સવારના ૧૦॥ વાગે વેદોક્ત મંત્રથી થઈ ગઈ. વેદીમાં બ્રાહ્મણ ૭ આવ્યા હતા. ખૂબ મંત્રથી વેદોક્ત મંત્રથી મૂરતિયો પ્રતિષ્ઠા થઈ. પ્રતિષ્ઠા વખતે શુભ સંકલ્પ કરેલા છે. તેની વિગત : 'હે સ્વામીશ્રીજી ! હે ભગતજી મહારાજ ! હે જાગા સ્વામી તથા હે સ્વામી શાસ્ત્રીજી*

*મહારાજ ! જે યોગેશ્વર સંતો છે તે ત્યાગ-વૈરાગ્ય ખૂબ પાળે. ધર્મામૃત તથા શિક્ષાપત્રી બરાબર પાળે. લાખો જીવનાં કલ્યાણ સંત થકી થાય. તથા સદાય આનંદમાં રહે. તથા સારી રીતે અભ્યાસ કરે; સંસ્કૃતમાં પારંગત થાય. સુહૃદભાવ અંદરોઅંદર વધે. જે ધર્મામૃતનાં વચન છે તે યથાર્થ પાળે. બીજાને છાપ પાડે જે, આવા સંત ક્યાંય નથી. મેં સંકલ્પ ભગતજી મહારાજ પાસે શુભ કરેલ છે : 'તે સંતો-પારસદો, તેમનો ત્યાગ પૂરેપૂરો પળે. ધર્મવાળા સવાયા થાય.' આવી રીતે પૂજ્ય ભગતજી મહારાજની સમાધિ સ્થાનોમાં જ્યાં પોતે પ્રગટ થયા ને એકાંતિક ધર્મ સિદ્ધ કરેલો, તે ઘેર શુભ સંકલ્પ કરેલો છે.*

*'તો હે સંતો ! હવે જે ત્યાગ લીધો તે પૂરેપૂરો ભજવવો. તેમાં જરાય અંતરાય ન રાખવો. તમારા વતી હંમેશાં ૪॥ વાગે સ્વામીશ્રીજીની પ્રાર્થના કરું છું : 'હે સ્વામીશ્રીજી ! આ સંતો જે બનાવ્યા છે તે પૂર્વના સંસ્કારી છે. પૂર્વના મુક્ત, તો ત્યાગ લીધો છે. તો આપને આશીર્વાદ છે. આ કાગળ ત્રણ વખત વાંચશો.*

*'હે સંતો ! આ પત્ર પરમ પૂજ્ય મારા જીવનપ્રાણ ભગતજી મહારાજ તથા પરમ પૂજ્ય શ્રી શાસ્ત્રીજી મહારાજની પ્રેરણાથી લખાયો છે, તે જ માન્ય રાખજો ને સદાય આનદમા રહેશો.*

*'આ પત્ર સંતોને ભેગા કરીને ૪॥ વાગે રાતના ઉઠાડીને વાંચશો. અગર તો રાત્રે ૧૧॥ વાગે બધાને ભેગા કરીને વંચાવશો. આ પત્ર વાંચીને તમોને અંતર ઠરશે તથા બીજા સંકલ્પો વિરામ પામી જાશે. જુઓ પૂજ્યમાન ભગતજી મહારાજનો પ્રતાપ છે. આશીર્વાદરૂપી પત્ર રાખી મૂકશો. ભવિષ્યમાં બહુ જ કામ કરશે. હજી આપણે ૫૧ યુવકો ત્યાગ-વૈરાગ્યવાળા કરવા છે. બીજું પાંચ વખત કથામાં સહુ બેસશો. સંતો-પારસદો, તે ખાસ બીજી આજ્ઞા છે. ૪॥ વાગે સૌ ઊઠી જશો. આ કાગળ સાક્ષાત્ સ્થાન આપણા ગુરુ ભગતજી મહારાજે લખેલ છે. તેમની ઇચ્છાથી લખેલ છે. બોલો સહજાનંદ સ્વામીની જય.'*

✧

ભાદરામાં પોપટભાઈ દાણીને ત્યાં પધરામણી કરી. ગઢપુર-ઉત્સવ પછી તેમના પુત્ર ગુણવંતભાઈ સ્વામીશ્રી સાથે ફરતા અને નિષ્ઠાપૂર્વક મહિમાથી સેવા કરતા.

બાઢડા નારણભાઈને ત્યાં સંઘ સાથે ઠાકોરજી જમાડી, પુરુષોત્તમદાસ-ભાઈના પ્રસાદી-ઘરે પધરામણી કરી, સ્વામીશ્રી આંબરડી પધાર્યા હતા.

તીર્થધામ સમા જાગા સ્વામીના આ જન્મ સ્થાનમાં પણ હરિમંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાનું આયોજન સાથોસાથ ગોઠવાયું હતું. મૂર્તિઓની શોભાયાત્રા તથા યજ્ઞ વિધિપૂર્વક યોજાયાં. ડાંગરાથી બાપુ પ્રભાતસિંહજી, ભગવત્‌સિંહજી તથા જામનગરથી રામજીભાઈ મિસ્ત્રી, રાજકોટથી અજાગિયા સાહેબ તથા સાવરકુંડલા વગેરે મંડળો આવી પહોંચ્યાં હતાં. સંતસ્વામી, ખેંગારજીભાઈ, અજાગિયા તથા હર્ષદભાઈએ સ્થાનનો મહિમા વર્ણવ્યો હતો.

તા. ૧૧-૪-'૬૨, સવારે યજ્ઞનો લાભ અમરેલીના પુરુષોત્તમભાઈ અને કુટુંબીજનોએ લીધો. યજ્ઞ સમાપ્તિ બાદ સ્વામીશ્રીના વરદ હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા થઈ. બાઢડાના પુરુષોત્તમભાઈએ આરતીનો લાભ લીધો. અમદાવાદના પ્રાગજીભાઈ તથા ગોવિંદભાઈ, ચુનીભાઈ, કુરજીભાઈ વગેરે ભક્તોએ અન્ય સેવાઓ સારી રીતે ઉપાડી લીધી હતી.

બાઢડાથી સ્વામીશ્રી ટ્રેનમાં સાવરકુંડલા જવાના હતા. ટ્રેનનો સમય થઈ ગયો હતો. સ્વામીશ્રી જાતે જ ઊભા રહીને, સામાન લઈને જલદી સ્ટેશને પહોંચવાની ઉતાવળ કરતા હતા. એક હરિભક્તે પેંડાનો આખો ડબો આપેલો. ઉતાવળથી ડબો લેવા જતાં ગુણવંતભાઈથી ઢાંકણું ખૂલી ગયું ને અડધા જેટલા પેંડા નીચે વેરાઈ ગયા. સ્વામીશ્રી નીચે બેસી ગયા અને પેંડા એકઠા કરવા લાગ્યા. ગુણવંતભાઈએ ના કહી, પણ સ્વામીશ્રી કહે : 'હાલો ઉતાવળ કરો. હમણાં ના કહેવાનો વખત નથી. ગાડી ઊપડી જશે.' પછી કહેવા લાગ્યા : 'હવે આ ડબામાંથી યુવકો તથા હરિભક્તો રેલગાડીમાં જમજો. મેં પેંડા જોયા તે સારું થયું, નહિતર ખબર ન પડત. હવે હરિજયંતી નોમ આવે છે. તેના ઉપવાસનું ફરાળ આજે કરી લેજો ને પછી સાક્ષાત્ મહારાજનો જન્મ દિવસ, તેથી નિર્જળા ઉપવાસ.' એમ કહીને હસી પડ્યા. ત્યાં સૌ સંતો, યુવકો તથા હરિભક્તો આવી ગયા હતા. તેઓ પણ આ વાત સાંભળી હસી પડ્યા.

## આટલું સમજાય તો બેડો પાર

સાવરકુંડલામાં મેઘજીભાઈ ઉકાભાઈને ત્યાં ઉતારે સ્વામીશ્રીએ પૂજા કરી. પછી હરિભક્તો ઉકાળા-પાણી લેતા હતા ત્યાં પધાર્યા. મોહનલાલ અજાગિયા, રામજીભાઈ માવદિયા વગેરે નાસ્તો કરતા હતા, તેમની પાસે આવી સ્વામીશ્રી કહે : 'લાવો માલ પીરસીએ.' પછી ખોડીદાસ પાસે મોહનથાળ મંગાવ્યો અને સૌને બે-બે ચકતાં પીરસ્યાં. પછી ખીચડી આપી તેમાં ઘીની ધાર કરી. એટલે

મોહનભાઈ બોલ્યા : 'સ્વામી ! આ તો પર્વતભાઈને ઘેર શ્રીજીમહારાજે ઘીની ધાર કરી સૌને જમાડ્યા હતા, તેની સ્મૃતિ થાય તેવું કર્યું !'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'બસ, આટલું સમજ્યા એટલે બેડો પાર !' એમ મર્મમાં શ્રીજીમહારાજ સાથે પોતાનો એકત્વભાવ દર્શાવ્યો.

એવામાં ગોંડલ મંદિર માટે ભેટ મળેલાં ગાદલાં, ઓશીકાં વગેરેનાં પોટલાં તૈયાર કર્યાં હતાં, તે બતાવતાં નારણભાઈ બાઢડાવાળાએ કહ્યું કે 'બાપા ! આવાં પોટકાં આપે તો બહુ ઉપાડ્યાં છે કેમ ?'

સ્વામીશ્રીએ હાથનું લટકું કરી હસતાં હસતાં કહ્યું : 'આથીયે મોટાં પોટલાં ઉપાડ્યાં છે ગુરુ !' આમ, પોતે વેઠેલા ભીડાની વાત જણાવી.

કોઈ પૂછે ત્યારે પણ સોળ આનીએ એક આની જ ભીડાની વાત કરવી એવો એમનો સ્વભાવ હતો.

## સ્વામીશ્રીના સ્વાદમાં બેસ્વાદ

અહીં રાજુલાવાળા વલ્લભભાઈની તબિયત નરમ રહેતી, તેથી તેઓ મોળું જમતા. સ્વામીશ્રી બપોરે ભોજન કરી બહાર નીકળ્યા ત્યાં વલ્લભભાઈને ફક્ત ભાત જમતાં જોયા. તેથી પૂછ્યું : 'કેમ ભાત જ જમો છો ?'

'બાપા ! તબિયત સારી નથી, તેથી મોળું જમું છું.'

'લ્યો, આપણે બેય સરખા ! અમે પણ મોળું જ જમીએ છીએ !' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું. પછી કહે : 'તાંદળજાની ભાજી છે, તે ભાત સાથે જમો.' એમ કહી ભાજી મંગાવી. ને પીરસતાં કહે : 'ખોટું નહીં લાગે ને કે ભાજી ખવડાવી !' પછી કહે : 'હવે જમો, બહુ સરસ છે !'

સ્વામીશ્રી એવી રીતે લહેકાથી બોલ્યા કે વલ્લભભાઈને થયું કે 'ભાજીમાંથી સુંદર સ્વાદ આવશે.'

તેમણે જમવાની શરૂઆત કરી, પણ ભાજી તો તદ્દન ફિક્કી અને બેસ્વાદ નીકળી. ભાતનો સ્વાદ પણ બગડી ગયો. કેવળ પાણીમાં બાફેલી અને તેલ કે મીઠું-મરચું પણ જરા સરખું સ્પર્શ્યું ન હોય, તે ભાજીનો એક કોળિયો પણ તેમને ગળે ઉતારવો મુશ્કેલ બની ગયો. ત્યારે તેમને સ્વામીશ્રીનો વિચાર આવ્યો કે 'આ પુરુષ કેવા નિઃસ્વાદી કે આવી બેસ્વાદ રસોઈ હંમેશાં જમે છે !'

અહીંથી સ્વામીશ્રી અમદાવાદ આવવા નીકળ્યા. બોટાદ સ્ટેશને સારંગપુરથી સંતો ઠંડા પાણી અને ઠાકોરજીની પ્રસાદીની સુખડી લઈ સામે

આવ્યા હતા. ધંધુકા સ્ટેશને અડવાળના દરબારો પણ દર્શને આવ્યા હતા. રાત્રે અમદાવાદ આવી પહોંચ્યા.

## ત્યારબાદ ફરાળની વાત કરજો

હરિજયંતીના સમૈયા નિમિત્તે સવારે મંદિરમાં સૌને દર્શન-આશીર્વાદ આપી, મિસ્ત્રીને મેડે સભા કરી, સ્વામીશ્રી મોટા મંદિરે દર્શને પધાર્યા હતા. આજે નિર્જળા ઉપવાસ હતો. તેથી સૌ હરિભક્તોએ સ્વામીશ્રીને ફરાળ કરવા આગ્રહભરી વિનંતી કરી હતી.

'શાસ્ત્રીજી મહારાજ ૮૫ વર્ષ સુધી નિર્જળા ઉપવાસ કરતા. મારી એટલી ઉંમર થાય ત્યારબાદ ફરાળની વાત કરજો.' એમ કહી સ્વામીશ્રીએ સૌ હરિભક્તોને સમજાવ્યા, પણ ઉપવાસ તો કર્યો જ. છતાં ઉપવાસનો હુંહાટો જરાપણ નહીં.

સાંજની ઉત્સવ સભામાં હરિપ્રસાદભાઈ ચોકસી તથા નંદુલાલ શેઠે પ્રેરક પ્રવચનો કર્યાં. યુવક મંડળના ચતુર્થ વાર્ષિક-ઉત્સવની સભા પણ સાથોસાથ યોજાઈ હતી. આરોગ્ય પ્રધાન મોહનલાલ વ્યાસ મુખ્ય મહેમાન હતા, જેઓ કૃષ્ણજી અદાના કુટુંબી હતા અને સત્સંગથી સારા પરિચિત પણ હતા.

રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી કથા-કીર્તન ને વક્તવ્યો થયાં. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું કે 'નિત્ય મંદિરે દર્શને આવવું. મંદિરનાં પાંચ પગથિયાં ચઢાય તો પાંચ અશ્વમેધ યજ્ઞનું ફળ મળે.'

અહીંથી સંતોની મમતાભરી દેખભાળ રાખતો પત્ર લખતાં સ્વામીશ્રીએ લખ્યું :

*તા. ૧૪-૪-'૬૨*

*સ્વામીશ્રીજી*

*પરીક્ષા આપવાની શરૂઆત - આશીર્વાદ.*

*'....તો હવે પ્રસાદી મહુવાની સાક્ષાત્ પ્રસાદી. દૂધના લાડુ બનાવી લાવ્યા છીએ, તે પ્રસાદી અરધીયું ડબ્બાનું અને પંચાજીરી શેર-૨ મોકલી છે. તો સ્મૃતિએ સહિત જમશો. સંત, પારસદ તથા હરિભક્તો તેમને કણકો દેશોજી.*

*'.... બીજું (જગદીશ) ત્રિપાઠીને ખાસ સમાગમ માટે મોકલ્યા છે. તો મહાનત સ્વામી તથા સ્વયંપ્રકાશ સ્વામી, તમો ત્યાગનાં વચનામૃત કઢાવીને વાતું ૨૪ કલાક વખત લઈને કરશો. ૪ દિવસ રોકાશે ને ત્યાં જ જમાડશો. તમારા માટે ત્રિપાઠી રજા લઈને પધાર્યા છે.'*

બીજે દિવસે ઓડવાળા ગોરધનભાઈની મોટરમાં ઓડ પધાર્યા. ૩૦ વર્ષ પહેલાં શાસ્ત્રીજી મહારાજ સાથે અહીં આવેલા તેની સ્મૃતિ સ્વામીશ્રીએ કરાવી.

## અંતરમાં પ્રકાશ થાય એ વિદ્વત્તા

ઓડમાં સ્વામીશ્રીનો ઉતારો હરિમંદિરમાં હતો. વહેલી સવારે સંતો, યુવકો શરીર દાબતા હતા. ત્યારે સ્વામીશ્રી કહે : 'ઉમરેઠમાં મહારાજે મૂંગા બ્રાહ્મણને મોઢે વેદ બોલાવ્યા, તેમ સત્પુરુષની સેવા ને રાજીપાથી થાય છે. શાંતાનંદ બ્રહ્મચારી કાળા અક્ષર કુહાડે મારે એવા હતા; પણ અચિંત્યાનંદ બ્રહ્મચારીના આશીર્વાદથી મોટા વિદ્વાન થઈ ગયા. તે વિદ્વાન શું ? કે અંતરમાં પ્રકાશ થઈ જાય ને અહોહોપણું થઈ જાય. જ્ઞાન થઈ જાય.'

પછી પત્રલેખન કરવા બિરાજ્યા અને સંતોને સંભારી મુદ્દાનાં વચનામૃતો લખી જણાવ્યાં : *'.....મહંત સ્વામી, આટલાં વચનામૃત આઠ દિવસમાં સિદ્ધ કરાવજો. ગ.પ્ર. ૩૧, ૩૪, ૩૫, ૩૭, ૪૦, ૪૯, ૫૦, ૫૪, ૫૫, ૫૯, ૬૦. આટલાં વચનામૃત સિદ્ધ કરે. સૌને ભાવાર્થ પૂછજો. રાતે ગોષ્ઠિ કરશો. તથા સંસ્કૃત, ઈંગ્લિશ તથા હિંદીના પ્રોગ્રામ રાખજો. સંતોને જ્ઞાનમાં પારાંગત કરવાના છે. જેની જેની જોડ બાંધી છે તેમને સાચવજો, તે ખાસ આજ્ઞા છે.'*

પછી સીસ્વા થઈ, ચૈત્રી પૂનમના સમૈયા ઉપર બોચાસણ પધાર્યા. મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા પછી આજે ૫૫ વર્ષે તા. ૧૯-૪-'૬૨, મંદિરનાં શિખરો તથા ઘુંમટ ઉપર સુવર્ણ-કળશ ચઢાવવાનો વિધિ ધામધૂમથી કરવામાં આવ્યો હતો. ટાવર સહિત સુંદર દરવાજા, નીચે શોભતી દેરીઓમાં હનુમાન-ગણપતિની આરસની મૂર્તિઓ પણ સાથોસાથ પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. જેમણે ટાવરમાં ઘડિયાળની સેવા કરી હતી તે આણંદના મણિભાઈ તથા જીવાભાઈ યજ્ઞમાં મુખ્ય યજમાન તરીકે બેઠા હતા.

મંદિરનો કળાત્મક દરવાજો તથા મંદિરમાં આરસનું સુંદર કામ, જામનગરના શિલ્પી મિસ્ત્રી મોહનભાઈ તથા તેમના સુપુત્રો કાંતિભાઈ તેમજ નારણભાઈએ ખૂબ જ ઉત્સાહ, પ્રેમ અને લાગણીથી કર્યું હતું. અંતરના આશીર્વાદ પાઠવી સ્વામીશ્રીએ તેમને સાફો બંધાવ્યો હતો. મંદિરની વિવિધ સેવાઓમાં બોચાસણના સેવક શનાભાઈ વાઘજીભાઈએ સારો ભાગ લીધો હતો. શાસ્ત્રીજી મહારાજના અત્યંત કૃપાપાત્ર, ત્યાગી, તપસ્વી અને સેવાભાવી, જ્ઞાનવૃદ્ધ કોઠારી ભક્તિવલ્લભદાસજી તથા સંસ્થાના અદના સેવક સેક્રેટરી

મગનભાઈને પણ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

આજે ચાર યુવકોને દીક્ષા આપવાની હોવાથી, સવારે સ્નાન કરવા પધાર્યા ત્યારે પ્રમુખસ્વામીના સેવક ધર્મજીવન સ્વામીને બોલાવીને સ્વામીશ્રી કહે :

'ગાતરિયાં, ધોતિયાં તૈયાર કર્યાં ?'

'હા, બાપા !'

'પાઘ બાંધતા આવડે છે ?'

'હા, બાપા !'

'ન આવડતી હોય તો શીખી લેજો. હજુ આપણે ૨૦૦ સાધુ બનાવવા છે. આજે પૂનમનો શુભ આશીર્વાદ છે.' એમ ખૂબ રાજીપો બતાવી ધર્મજીવન સ્વામીને આશીર્વાદ આપ્યા. કોઈ મુમુક્ષુ સંસારનાં બંધનો છોડી ભગવાનને ખોળે આવતો હોય, તેનો સ્વામીશ્રીને સૌથી વિશેષ આનંદ હતો. તે આવા પ્રસંગે સહેજે જણાઈ આવતું.

સમૈયા પછી હરિભક્તો વિખરાઈ રહ્યા હતા. ધર્મજના ઈશ્વરભાઈ પણ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. આમ તો તેમને વરતાલનો ચુસ્ત સત્સંગ; પરંતુ તેમના પિતાશ્રી મગનભાઈના કાકા સદ્. નારાયણચરણદાસજી વરતાલથી શાસ્ત્રીજી મહારાજ સાથે નીકળેલા, તેથી ઈશ્વરભાઈને સ્વામીશ્રી સાથે આત્મીય નાતો થતો જતો હતો.

સ્વામીશ્રીએ ઈશ્વરભાઈને પોતાના ઓરડામાં એકાંતમાં બોલાવ્યા. પાસે બેસાડી સહેજ હાથનો સ્પર્શ કર્યો. એ જ સમયે તેમને એકાએક સમાધિ થઈ, જેમાં શ્રીજીમહારાજનાં દિવ્ય દર્શન થયાં. આછા પીળા રંગના વાઘા, હાથમાં ફૂલોનો ગજરો અને સુંદર સુરવાળ પહેરેલી એ અલૌકિક મૂર્તિની સાથે જ તેમને સ્વામીશ્રીનાં દર્શન થયાં.

કેટલીક મિનિટો સુધી તેઓ આ દિવ્ય સુખમાં ગરકાવ રહ્યા. જ્યારે સમાધિ તૂટી ત્યારે ભાવવિભોર થઈ ઈશ્વરભાઈએ સ્વામીશ્રીનાં ચરણે પોતાનું મસ્તક ઝુકાવી દીધું. એ પછી તેમને તથા સમગ્ર કુટુંબને સ્વામીશ્રીનો અત્યંત મહિમા સમજાયો અને અક્ષરપુરુષોત્તમની સર્વોપરી નિષ્ઠા થઈ.

## તરુણોના સંસ્કાર સ્વામી

આ અરસામાં, ઝારોળાના દશમા ધોરણમાં અભ્યાસ કરતા હસમુખભાઈ તથા જયદેવભાઈ બ્રહ્મભટ્ટ, બંને મિત્રોએ સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ

લેવા માટે બોચાસણ જવા નક્કી કર્યું. પણ તેમની શાળાના નિયમો બહુ કડક હતા અને પરીક્ષાઓ પણ થોડા દિવસમાં જ શરૂ થવાની હતી. તેથી જો ગેરહાજર રહે તો બહુ કડક શિક્ષા થાય. છતાં બંને મિત્રોએ વહેલી સવારે ટ્રેનમાં નીકળી જવાનો સંકલ્પ કર્યો.

બીજે દિવસે વહેલી સવારે તેઓ બોચાસણ પહોંચ્યા ત્યારે ૫-૩૦ વાગ્યા હતા. તેઓ દરવાજે આવ્યા ત્યાં પગીએ દરવાજો ખોલ્યો અને બંને કિશોરો અંદર પ્રવેશ્યા. ત્યારે પગીએ કહ્યું : 'મને સ્વામીશ્રીએ કહેલું કે બે યુવકો આવશે, માટે દરવાજો ખોલજો.' આ સાંભળી સ્વામીશ્રીની અંતર્યામી શક્તિથી બંને મિત્રોને બહુ આશ્ચર્ય થયું.

સ્વામીશ્રી તેમને જોઈને બહુ રાજી થયા. અને આશીર્વાદ આપતાં કહે : 'અમારી સાથે ઉકાળો લેવા આવજો.'

પૂજા તથા આરતી કરી સ્વામીશ્રીએ ઉકાળો પીતાં બંનેને યાદ કરી બોલાવ્યા અને પ્રસાદીનો ઉકાળો આપ્યો. બંનેએ રજા માગી કે અમારે સ્કૂલમાં ૧૧-૦૦ વાગે પહોંચવું પડે. ત્યારે સ્વામીશ્રી કહે : 'બપોરે પ્રસાદ લઈને સાંજે જવાનું રાખશો. નિશાળની ફિકર કરશો નહીં.'

તેઓ રોકાયા. સાંજે સ્વામીશ્રીએ મગજની પ્રસાદી સાથે પાસ થવાના આશીર્વાદ આપ્યા અને પછી જ રજા આપી.

બીજે દિવસે તેઓ સ્કૂલમાં ગયા ત્યારે 'કડક સજા થશે' એવો ડર હતો, પણ સ્વામીશ્રીની સ્તુતિ કરતાં કરતાં બંને પહોંચી ગયા. સૌ વિદ્યાર્થીઓની સાથે ભણવામાં ને ભણવામાં સાંજ પડી અને રજા પડી તોપણ શિક્ષકોમાંથી કોઈ કશું જ બોલ્યા નહીં. સ્વામીશ્રીનાં દર્શનથી અને આજ્ઞા પાળવાથી બંનેને વાંચવામાં ઘણો રસ પડ્યો અને પરીક્ષામાં સારી રીતે પાસ થઈ ગયા.

વહેલી સવારે સ્વામીશ્રીએ દરવાજો ખોલવા પગીને મોકલ્યા અને દિવસભર સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ મળ્યો – તે બંને મિત્રોના જીવનનું મીઠું સંભારણું બની ગયું.

તા. ૨૧મીએ સાંજે આણંદમાં સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીના સમાધિ સ્થાને દર્શન-સમૈયો કર્યો.

સ્વામીશ્રીએ અહીં બાવાજીભાઈનો હાથ ઝાલ્યો હતો. તેમને કહે : 'આ સ્થાનની સેવા મહિમાથી કરજો. અમે નિર્ગુણ સ્વામીની સેવા બહુ કરેલી. હું સાથે બહુ ફરેલો. એવા એ મોટા હતા.'

પછી તેમના ઘર તરફ પધરામણીએ જતાં કહે : 'રોજ થાળ-આરતી બધું કરજો ને દેરીને વાળી-ચોળીને સાફ રાખશો. કૃષ્ણજી અદાએ ત્રણ વરસ ઊના મંદિરની સેવા કરી, તેથી સ્વામી રાજી થઈ ગયા.'

સ્વામીશ્રીના અંતરમાં દરેકે દરેક પ્રસાદી સ્થાનનો અદ્‌ભુત મહિમા હતો.

અહીંથી વડતાલ દર્શન કરી, મહેળાવ દર્શને ગયા. સભા પછી સ્વામીશ્રીએ કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજને વડતાલ બહુ પ્રિય. નાના હતા ત્યારથી દર્શને બહુ જતા. અહીંથી હાલીને જવાય. વડતાલથી નીકળવું નો'તું, પણ મહારાજની ઇચ્છા હતી કે સ્વામીની મૂર્તિ, પોતાની જોડે સ્વામી દ્વારા બેસાડવી. તે સ્વામીએ અક્ષરપુરુષોત્તમનો ડંકો વગાડી દીધો. બેય દેશમાં છાપ પડી ગઈ કે સ્વામી જેવા સમર્થ કોઈ નથી. આપણે એવા સ્વામીના આશીર્વાદ લેવા આવ્યા છીએ.'

એમ ગુરુના અદ્‌ભુત મહિમાની વાતો કરી. પછી ભાદરણ આવ્યા.

## ભીડા-ભક્તિના વ્યસની

ભાદરણમાં કાશીકાકા તથા ડાહ્યાભાઈ વગેરે હરિભક્તોએ સ્વામીશ્રીની પધરામણી બંધ રખાવી, મંદિરમાં જ સમૂહ-પૂજન રાખવું અને સ્વામીશ્રીને ભીડો ન આપવો એમ ગોઠવ્યું હતું. રાત્રે સ્નાન કરાવતાં એક સંત કહે : 'આવું દરેક ગામમાં થાય તો જરાય ભીડો ન પડે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'એટલે તમને આરામ મળે એમ ને ? બાપા આરામ કરે ને સેવકોય આરામ કરે. ખાઈ-પીને સૂઈ રહેવું.'

આ સાંભળી સૌ સંતો-યુવકો હસી પડ્યા.

આમ, સ્વામીશ્રીનો અભિપ્રાય કળવો બહુ મુશ્કેલ હતો. અવસ્થા અને કથળતાં સ્વાસ્થ્યને કારણે સ્વામીશ્રીને ભીડો તો પડતો જ હતો. તે નિવારવા જ હરિભક્તોએ પધરામણીઓ બંધ રાખી હતી. પણ આખી જિંદગી સામે ચાલીને ભક્તોને ત્યાં જેમણે પગલાં કર્યાં છે, એવા સ્વામીશ્રી મનથી તો પધરામણી વગર રહી શકતા જ ન હતા. તેથી આમ બોલી ગયા. પછી હસી પડ્યા. પણ સંતો-હરિભક્તોને માટે ભીડો વેઠવો એ જ એમને મન મોટો આરામ હતો.

સ્વામીશ્રી ગાના રાવજીભાઈને ત્યાં લગ્ન નિમિત્તે યોજાયેલા પારાયણ પ્રસંગે પધાર્યા. સંતસ્વામીએ એમની સચોટ શૈલીમાં 'સ્વામીની વાતું'નું પારાયણ કર્યું હતું. મોટાસ્વામી પણ પ્રસંગોપાત્ત વાતો કરતા. હરમાનભાઈ તથા ડાહ્યાભાઈએ સારી સેવા કરી. શૂરવીર ભક્તરાજ રાવજીભાઈના બધા મનોરથો

પૂર્ણ કર્યા.

સ્વામીશ્રીએ મંદિરમાં વાત કરી : 'અહીં કોઠારી પુરુષોત્તમ સ્વામી રહેતા. તે હરમાનભાઈને કહે : 'એક દી' અક્ષરપુરુષોત્તમને માન્યા વિના છૂટકો નથી.' એમ આંગળીનું લટકું કરીને બોલ્યા. પછી કહે : 'હરમાનભાઈને જ્યારે સમજાયું ત્યારે આખા આફ્રિકા દેશને જગાડી દીધો. મગનભાઈને પણ સ્વામીનો મહિમા સમજાવ્યો.' એમ ઘણી વાતો કરી.

## માયા પરનું વેધક વાઙ્મય

ગઢડા કળશોત્સવ દરમ્યાન સ્વામીશ્રીએ નવયુવાનોને ત્યાગાશ્રમની દીક્ષા આપી, સૌને મુંબઈ રાખ્યા હતા. તેમાં એક નવા પાર્ષદને મૂંઝવણ થઈ.

મુંબઈથી સિદ્ધેશ્વર સ્વામી તેમને લઈ સ્વામીશ્રી પાસે અહીં આવી પહોંચ્યા. સ્વામીશ્રીએ તેમને જોયા. તેમની ચકોર દૃષ્ટિ અને અંતર્યામીપણાથી આ કેમ છૂપું રહે ? સભામાંથી લઘુશંકાના મિષે એકદમ ઊઠ્યા અને પાસે આવી પૂછ્યું : 'શું છે ?' સિદ્ધેશ્વર સ્વામીએ હકીકત જણાવી. સ્વામીશ્રી કહે : 'તમે નાહી પૂજાપાઠ કરી લ્યો, પછી વાત.'

બન્ને પરવારી સ્વામીશ્રી પાસે ગયા. નીચે કથાવાર્તા ચાલુ હતી. સ્વામીશ્રી મોટાસ્વામીને કથા સોંપી મેડે પધાર્યા, સિદ્ધેશ્વર સ્વામીએ વિગતથી વાત કરી : 'બાપા ! આનું મન પાછું પડી ગયું છે, અને હવે ત્યાગાશ્રમમાં નથી રહેવું. મામા પાસે કપડાં પણ મગાવ્યાં હતાં, પણ પછી ખ્યાલ આવ્યો તેથી આપની પાસે લાવ્યા છીએ.'

સ્વામીશ્રી રસપૂર્વક બધી વાત સાંભળી રહ્યા હતા. તે પાર્ષદને સ્વામીશ્રી સાથે ખૂબ હેત. અને સેવા પણ સ્વામીશ્રીની રુચિ સમજીને કરે. સ્વામીશ્રીને પણ તેમની સેવા ફાવી ગઈ હતી. તેથી ભક્તિભાવને કારણે સ્વામીશ્રીને છોડી ન શકે અને અંતરમાં વ્યવહારનું પણ હતું, તેથી દ્વિધા ઊભી થઈ હતી.

સ્વામીશ્રીએ વાત સાંભળી પાર્ષદને પૂછ્યું : 'તમે મને શું માનો છો ?' એમ કહેતાં અસ્ખલિત પ્રવાહે સ્વામીશ્રી બોલવા લાગ્યા : 'આ શું અમે નાના છોકરાની રમતું માંડી છે ? તમને મારો વિશ્વાસ નથી ? તમને આટલા રમાડ્યા-જમાડ્યા, તે તમને એમ હશે - સ્વામી આમ રઝળાવશે, એમ સમજો છો ? આ તો શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ છે, તેથી કહેવું પડે છે, તે હું કહું છું. આ નળ દુ:ખાડું છું. આ તો જીવનું રૂડું થાય તેથી વાત કરવી પડે છે. તમે મારી સેવા

કરી તેથી થાય કે સમજાવીએ. તમારા સારુ દાખડો કરીએ છીએ. હેત થાય તેથી સેવા કરાવું છું. મારે તમારી પાસેથી કાંઈ જોઈતું નથી.

'મને એમ કે તમે આવા સારા છો, તે અહીંયાં રહો તો તમને લાભ; ને મારે શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ, તે પૂરો થાય તો આપણી સેવા થઈ જાય. તમે સેવા કરી તે મેં તમને મારગ દેખાડ્યો. આટલું સાથે રહ્યા મારો વિશ્વાસ નથી ? હેત છે કે નથી ? હેત હોય તો વચન માનો. 'ક્યારેય બીજો વિચાર નહીં કરું,' કો' મારે ગળે હાથ મૂકીને. કો' - મારો વિશ્વાસ છે. તો તમારા વતી હું મહારાજને, શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરીશ. તમને બળ આપશે, બ્રહ્મરૂપ કરશે, એકાંતિક સ્થિતિ થઈ જશે, જરાય મોળું નહીં રહે. આ અમારામાં શું હતું ? પણ શાસ્ત્રીજી મહારાજનું વચન માન્યું તે સૌ 'જોગી જોગી' કરે છે. મારું આટલું વચન માનો. વિશ્વાસ છે તો તમારે શાંતિ થઈ જશે. જગતના ઘાટ નહીં ઊઠે !'

આમ, એકધારી પરાવાણી વહાવી ખૂબ આશીર્વાદ આપ્યા. બળની વાત કરી. ધૂન કરી. ક્યારેય મોળો વિચારમાત્ર પણ આવા માયા પરના શબ્દો પાસે ફરકી શકતો નહીં, એવી સ્વામીશ્રીની અલૌકિક રીત હતી.

અહીંથી પેટલાદ, પીપળાવ, આણંદ થઈ, સ્વામીશ્રી અમદાવાદ આવી પહોંચ્યા. અમદાવાદમાં કોચરબમાં રહેતા શાંતિભાઈ મણિલાલનાં માતુશ્રી ભક્તરાજ હેતાબાને ગંગાપૂજન નિમિત્તે સ્વામીશ્રીને પોતાને ત્યાં પધરાવી, સેવા કરવાના કોડ ઘણા વખતથી અધૂરા હતા. સ્વામીશ્રી કોચરબમાં શેઠ ચંપકભાઈના બંગલે ઊતર્યા. ગંગાપૂજન નિમિત્તે હેતાબાના વિશાળ કુટુંબને લાભ આપ્યો. શેઠ ચંપકભાઈની સેવા અને પ્રેમ પણ અંગીકાર કર્યાં.

અહીંથી મુંબઈના સંતોને સાદાઈની પ્રેરણા આપતો પત્ર લખ્યો :

*'...તમારા બે પત્રો મળ્યા છે. તો તેમાં ખાસ લખવાનું કે તમો બધાને સાદા ચંપલ લઈ આપજો, પણ રજોગુણી લહીએ તો જે ભાળે તે ટીકા કરે. પણ સાદા ચંપલ લઈ લેશોજી. ખાસ આજ્ઞા છે.'*

આટલી બધી પ્રવૃત્તિમાં ત્યાગની આવી નાની સૂચના આપવાનું સ્વામીશ્રી ચૂક્યા નથી.

## ગારામાં પડેલું રતન ગંગાજળથી ધોયું

તા. ૨-૫-'૬૨, સ્વામીશ્રી રતનપુર પધાર્યા. ખોડાભાઈ, ચંદ્રકાન્તભાઈ વગેરે હરિભક્તોના ઉત્સાહ ને સેવા-ભક્તિથી સ્વામીશ્રી પ્રસન્ન થયા. સ્વામીશ્રી

ગામનું નામ લઈને બોલ્યા : 'રતન ગારામાં પડ્યું હતું, તે આજે ગંગાજળથી ધોઈને સાફ કર્યું.' એમ કહેતાં હસી પડ્યા. સૌ સંતો-હરિભક્તો પણ હસી પડ્યા. સ્વામીશ્રી એક જ વાક્ય બોલ્યા પણ તે કેવું મર્મસભર હતું !

બીજે દિવસે અમદાવાદથી ટ્રેનમાં નીકળીને જખવાડા સ્ટેશને ઊતર્યા અને મોટર રસ્તે નગાસર પધાર્યા. અહીંના હરિભક્તો રાવજીભાઈ, ઠાકરશીભાઈ, શંકરભાઈ, ચતુરભાઈનો ભક્તિભાવ અનન્ય હતો.

અહીં વહેલી સવારે સંતો-યુવકોને વાતની શરૂઆત કરતાં સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ આને ગોકુળિયું ગામ કહેતા. રાવજીભાઈના બાપા ભુદરભાઈએ સ્વામીનો પક્ષ બહુ રાખેલો. શાસ્ત્રીજી મહારાજ મંદિરના કામ માટે સાઈઠ લીંબડા અહીંથી લઈ ગયા હતા અને દરેક લીંબડા દીઠ દીકરો આપવાના આશીર્વાદ આપ્યા હતા. આફ્રિકા દેશમાં સત્સંગ ખૂબ વધે તેવા આશીર્વાદ પણ શાસ્ત્રીજી મહારાજે અહીંથી આપેલા, એવું આ મહાપ્રસાદીનું સ્થાન છે.'

પરિવારના યુવકો શિવલાલ, બચુ, પુરુષોત્તમ, ઘનશ્યામ, વાસુદેવ વગેરેને પણ સ્વામીશ્રીએ ભુદરદાદા જેવો સત્સંગ સાચવવા આશીર્વાદ આપ્યા.

અમદાવાદ આવી, રદ્દુ થઈ, રાત્રે પાછા અમદાવાદ આવી પહોંચ્યા.

અમદાવાદ મૂર્તિપ્રતિષ્ઠા અંગે વસોના હરિભક્તોનો સંઘ પદયાત્રા કરીને આવવાનો હતો. સ્વામીશ્રી તેમનો પત્ર વાંચીને રાજી થયા. પછી સભામાં તે વંચાવી, પ્રસન્ન થઈને કહે : 'ડાકોરથી દ્વારકા પગપાળા સંઘ લઈ જાય છે, તેમ આપણે પણ સત્સંગમાં પ્રચાર કરવો ને નિશાન ચડાવવું. પત્રિકામાં આ બધું છપાવવું. મહારાજના વખતમાં બધે પગપાળા જ સંઘ જતા ને ન ચાલી શકે તે ગાડામાં બેસતા.' એમ ઘણી સુંદર વાતો કરી સૌ હરિભક્તોને પગપાળા યાત્રા કરવાની પ્રેરણા આપી.

આજે રાત્રે મોડું થયું હતું છતાં સ્વામીશ્રી સૂતા ન હતા. એમનો ઉલ્લાસ સમાતો ન હતો. એમની તેજસ્વી આંખો કંઈક ખોજતી હતી. આખરે જેમની રાહ જોતા હતા તે પ્રાણપ્યારા સંતો-યોગેશ્વરો આવી પહોંચ્યા. સ્વામીશ્રી એક વાર તો દૃષ્ટિથી બધા સંતોને સાથે મળી ચૂક્યા. પછી વારાફરતી મળ્યા. છાતી સરસા ચાંપ્યા. એક એકને મળીને સ્વામીશ્રીને હેતના હિંસોરા છૂટતા હતા. આ અદ્‌ભુત દૃશ્ય મોડી રાત્રે સૂતાં પછી ઊંઘમાંય સૌની આંખમાં રમી રહ્યું હતું !

❀ ❀ ❀



# શ્રીપુરની અરજ સ્વીકારી

અમદાવાદને આંગણે નૂતન શિખરબદ્ધ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાના ભણકારા ઘણા સમયથી વાગી રહ્યા હતા. એ માટેની અપૂર્વ તૈયારીઓ ઘણા સમયથી ચાલી રહી હતી. ભક્તે સહિત ભગવાનનાં સનાતન યુગલ સ્વરૂપોની પ્રતિષ્ઠા હવે ગુજરાતના પાટનગર અમદાવાદમાં, શાહીબાગમાં શાહી દબદબાથી થવાની હતી.

વર્ષોથી જેનાં સ્વપ્નો નિહાળતા હતા તે ભક્તોને સાકાર સ્વરૂપે પોતાની ઈચ્છા માણવાનો અપૂર્વ ઉલ્લાસ હતો.

જો કે શાસ્ત્રીજી મહારાજે અહીં મંદિર કરવાની બાબતમાં શરૂ શરૂમાં રુચિ ઓછી જણાવી હતી. કેમ કે એમને હતું કે ‘આપણે વડતાલ દેશના સાધુ છીએ. કદાચ વડતાલ દેશમાં ભળી જવાનું થાય તો મંદિરોની મિલકત બાબત વિખવાદ ન જાગવો જોઈએ.’ તેથી એમણે બધાં જ મંદિરો વરતાલ દેશમાં જ બાંધ્યાં.

પરંતુ સને ૧૯૩૫-૩૬ના ગાળામાં એક વાર મગનલાલ ગુરુમહારાજે નરનારાયણ મંદિર - કાલુપુરમાં રસોઈ આપી, ખૂબ મોટી સેવા કરી હતી. તત્કાલીન આચાર્ય વાસુદેવપ્રસાદજી મહારાજને પણ તેમનો સારો મહિમા. તેથી મગનલાલ ગુરુમહારાજે તેમને ભલામણ કરી કે ‘આપ સભામંડપમાં ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ ‘અનાદિ મૂળ અક્ષર’ લખીને પધરાવો.’ આચાર્યશ્રીએ વાત માન્ય રાખી. મૂર્તિ પણ પધરાવાઈ. શાસ્ત્રીજી મહારાજ આ જાણી ખૂબ જ રાજી થયા. પરંતુ એ પછી થોડા જ દિવસોમાં તો તે મૂર્તિ નીચેથી ‘અનાદિ મૂળ અક્ષરમૂર્તિ’ કાઢી ‘સદ્‌ગુરુ’ લખવામાં આવ્યું.

જ્યારે આ વાત શાસ્ત્રીજી મહારાજને મળી ત્યારે એકદમ ભાવમાં આવી શાસ્ત્રીજી મહારાજ બોલી ઊઠ્યા કે ‘આપણે ને અમદાવાદ ગાદીને કોઈ આંટી નથી, પણ ગુણાતીતાનંદ સ્વામીનું આ દેશવાળાએ જે અપમાન કર્યું છે તેનો બદલો મહારાજ લેશે, ને સ્વામીએ સહિત અમદાવાદના મધ્યમાં બેસશે.’

આ વચનો સાર્થક કરવા સૌએ કમર કસી હતી. શાસ્ત્રીજી મહારાજ સાથે અત્યંત સખ્યભાવે વર્તતા બબુભાઈ કોઠારીને ઉપરોક્ત પ્રસંગ પછીના એવા અનેક પ્રસંગો સ્મૃતિપટે આવતા હતા, જેમાં શ્રીનગરમાં મંદિર કરવાના ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના સંકલ્પને વાચા મળી હોય.

આંબલીવાળી પોળની બહાર આવેલી સોનીની દુકાન પાસે ઓટલા નજીક ઊભા રહી, શાસ્ત્રીજી મહારાજ અભય હસ્ત કરી બોલ્યા હતા : 'મહારાજ અને સ્વામીને સાથે શ્રીનગરમાં મંદિર કરી બેસારવા છે.'

આવી ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા નાના-મોટાએ ખૂબ પ્રયત્નો આદર્યા હતા, પરંતુ તે ઝડપથી સાકાર ન થતાં સૌને દહેશત જાગતી કે 'શાસ્ત્રીજી મહારાજની ઇચ્છા છે કે નથી ? જો હોય તો કાર્ય શા માટે વહેલું પાર પડે નહીં ?'

ઘણી વખત તો શાસ્ત્રીજી મહારાજ સમક્ષ ચાલતો કથા-કીર્તનનો પ્રવાહ પણ આ મુદ્દા ઉપર વહેવા લાગતો. અને કીર્તન મંડળીના ભક્તો કીર્તન દ્વારા પણ શાસ્ત્રીજી મહારાજને અમદાવાદમાં મંદિર કરવા પ્રાર્થના કરતા.

એવા એક પ્રસંગે આંબલીવાળી પોળના મંદિરે શાસ્ત્રીજી મહારાજની દિવ્ય સંનિધિમાં ભક્તો એક પ્રાર્થના-પદ ગાવા લાગ્યા :

*'પ્રભુના પૂજન કરવા કાજ, બનાયા મંદિર આલિશાન...'*

જેની અંતિમ પંક્તિમાં આવ્યું:

*'શ્રીપુરની અરજ સ્વીકારો, સ્વામી ! શો છે વાંક હમારો...'*

ત્યારે બબુભાઈ કોઠારી ગાનારા હરિભક્તોને કહે : 'શું કામ ગળું દુ:ખાડો છો ? સ્વામીને અહીં મંદિર કરવું જ નથી !'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ સ્મિત કરતાં કહે : 'કેમ મંદિર નહીં કરીએ ? જરૂર કરીશું. જોઈ લેજો, થાય છે કે નહીં !'

આ પછી છ માસમાં જ શાહીબાગ વિસ્તારમાં હાલ જ્યાં મંદિર છે તે જગાએ આવેલો બંગલો ખરીદાયો.

ગઢડામાં આરસના મંદિરનું ખાત કરતાં પહેલાં પણ શાસ્ત્રીજી મહારાજે કોઠારી હરિજીવનદાસને પત્ર લખ્યો હતો કે 'અમારે અમદાવાદમાં મોટા મંદિરનું ખાત કરવું છે.'

છેવટે જગા પસંદ થઈ. બાજુનો બંગલો મળે પછી બંનેની વચ્ચે મંદિર કરવાનો શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ હતો; પરંતુ સોદો ન બેસવાથી, બંગલો રહે અને આગળના ભાગે શિખરબદ્ધ મંદિર થાય તે માટેના નકશા લીલાધર

મિસ્ત્રી પાસે તૈયાર કરાવ્યા.

એ પછી બહુ થોડા સમયે જ રદ્રુના આશાભાઈને ભગતજી મહારાજનાં દર્શન થયાં અને તેમણે પણ એ જ વાત કરી કે 'અમારે છઠ્ઠું મંદિર અમદાવાદ કરવું છે.' આ વાત શાસ્ત્રીજી મહારાજ પણ ઘણી વાર સભા પ્રસંગે આશાભાઈ પાસે કરાવતા.

આખરે એ ભાવના રળિયામણા મંદિરરૂપે પ્રગટી ઊઠી અને તેની પ્રતિષ્ઠાના પડઘમ વાગવા લાગ્યા.

## કર્તા છતાં અકર્તા

સમગ્ર દેશમાંથી ભક્તો આવવાના હતા. તેમજ આવા મોટા ઉત્સવ માટે સભા, યજ્ઞ તથા ભોજનાદિ વ્યવસ્થા માટે મંદિર નજીક જ વિશાળ જગ્યાની સગવડ થાય તો જ બધી અનુકૂળતા આવે; પ્રસંગ શોભી ઊઠે. કાર્યકર્તાઓની આ મુખ્ય ચિંતા હતી.

સ્વામીશ્રીએ ઉત્સવ અગાઉ બે માસ પહેલાં આશીર્વાદ આપ્યા હતા કે 'મંદિર સર્વોપરી થશે. પ્રતિષ્ઠા-ઉત્સવ પણ સર્વોપરી થશે. સ્વયં ભગવાન શ્રીજીમહારાજ, અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને ૫૦૦ પરમહંસો સૌ સાક્ષાત્ હાજર રહેશે.'

સ્વામીશ્રીના આ શબ્દોએ સૌની કાર્યશક્તિમાં પ્રાણ પૂર્યા. કોણ જાણે કેમ પણ સ્વામીશ્રીના શબ્દોમાં કોઈ અજબ ચમત્કાર હતો. ભક્તોનાં હૃદયમાં વિશિષ્ટ પ્રાણશક્તિનો સંચાર થતો. એટલું જ નહિ, ઘણી પ્રતિકૂળતાઓ અનુકૂળતાઓમાં ફેરવાઈ જતી. અણધારેલી મદદો આવી મળતી અને કાર્યમાં ઉત્તરોત્તર સરળતા થતી જતી, પરંતુ એમના શબ્દોમાં અને આશીર્વાદમાં અનન્ય વિશ્વાસ રાખવો પડે.

ઘણાં મોટાં આયોજનોમાં શરૂમાં આયોજકો પોતાની આવડતથી ઝઝૂમતા રહે; પણ જ્યારે તેમાં નિષ્ફળતાઓ સાંપડે ને ચારેકોર નિરાશા જ જણાય, ત્યારે તેમની સૌની દૃષ્ટિ મોટાપુરુષ ઉપર કેન્દ્રિત થાય. સૌનો સાક્ષી એકમત ઉપર આવે કે 'સ્વામીશ્રી જો ભળે તો જ આ કાર્ય થાય. આપણું આમાં ગજું નહિ.' આ ભાવ સાથે સ્વામીશ્રીમાં અપૂર્વ કર્તૃત્વશક્તિની સભાનતા થાય તો જ કાર્ય સરળતાથી પાર ઊતરવા મંડે. આ સૌનો અનુભવ હતો.

'સ્વામીશ્રીની સહાયથી જ આ કાર્ય થઈ શકે. સ્વામીશ્રી ! આપ સહાય

કરો...' આવી સતત પ્રાર્થનાથી જ, કોઈ અકલ્પનીય ચમત્કૃતિથી કાર્ય થતું. કાર્યનો કોઈ બોજ જણાતો નહીં. નિષ્ફળતાની કોઈ નિશાની દેખાતી નહીં. જ્યાં પ્રયત્ન કરો, ત્યાં સફળતા જ સફળતા. અનન્ય શરણાગતિનો આ અનુભવ છે.

હરિભાઈ એન્જિનિયરના પ્રયત્નથી તેમની જ મિલના શેઠ સુરોત્તમ હઠીસીંગના અનુમોદનથી, મંદિર સામે, એડવાન્સ મિલની બાજુમાં એક વિશાળ જગ્યાની વ્યવસ્થા સહેજમાં થઈ ગઈ (જ્યાં હાલ નવી માધુપુરા માર્કેટ છે). ભાવિક શેઠે આવા સારા કાર્ય માટે તુરત પરવાનગી આપી દીધી. અહીં જ વિશાળ સભામંડપ, યજ્ઞમંડપ તથા ભોજનશાળાની પૂરતી વ્યવસ્થા બહુ છૂટથી, સારી રીતે ગોઠવાઈ ગઈ.

મહોત્સવના આયોજનમાં સૌથી નાના પણ કુશળ વહીવટકર્તા પ્રમુખસ્વામીના માર્ગદર્શન નીચે કાર્યવાહી શરૂ થઈ. શીરા માટે પાકા હોજો, પાણીની ટાંકીઓ, પાઈપલાઈનો, ઈલેક્ટ્રિક ફિટિંગ, મંડપોની રચનાઓ તૈયાર થવા લાગી. આરોગ્ય પ્રધાન મોહનલાલ વ્યાસ એક સત્સંગીના નાતે જ વારંવાર સ્થળ ઉપર આવી માર્ગદર્શન આપતા. સરકારી વ્યવસ્થાઓ પણ એમણે સરળતાથી ગોઠવી દીધી. ઉતારાઓની સમસ્યાઓ પણ ધીરે ધીરે ઉકેલાતી ગઈ.

મંગળવાર, તા. ૮-૫-'૬૨, પ્રતિષ્ઠા યજ્ઞનો આરંભ થયો. આજે અસંખ્ય બહેનોએ મહારાજના પ્રાસાદિક 'નારાયણ ઘાટ'ના આરેથી જળકુંભ ભરીને, ભજન કરતાં કરતાં જળયાત્રા કરી, મૂર્તિઓના અભિષેક માટે હજારો કુંભોમાં જળ મંદિરમાં પહોંચાડ્યું હતું. આ ભક્તિયાત્રા અલૌકિક શોભતી હતી.

મંદિર સામેના વિશાળ પ્રાંગણમાં ભવ્ય સુશોભિત મંડપ તૈયાર થઈ ચૂક્યો હતો. આ વખતના મંડપની વિશેષતા એ હતી કે મંડપને છેડે મધ્યમાં સંતો તથા મહાનુભાવોને બેસવાનો મંચ પ્રમાણમાં ઊંચો ગોઠવ્યો હતો. તેમાં પણ સ્વામીશ્રીનું આસન મંચની મધ્યમાં એવું ઊંચું ગોઠવ્યું હતું કે મંડપના દૂરના દરેક ખૂણેથી પણ સારી રીતે એમનાં દર્શન થઈ શકે. સત્સંગના ઈતિહાસમાં મહોત્સવના સૂત્રધાર અને સત્સંગના જીવનપ્રાણ સ્વામીશ્રીની બેઠક પીઠિકા આટલી ભવ્ય અને સુંદર પ્રથમ વાર જ આયોજિત થઈ હતી. તે માટે કાર્યકર્તાઓને અનેક ઘણા ધન્યવાદ ઘટે.

## અક્ષરધામનું સ્વરાજ્ય લેવાનું છે

રાત્રે યુવક સભામાં ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ, મણિભાઈ બ્રહ્મભટ્ટ, દિનેશ

ભગત, ચંપકભાઈ શેઠ, ખેંગારજીભાઈ, હર્ષદભાઈ તથા યોગેશ્વરોએ મનનીય વક્તવ્યો રજૂ કર્યાં. આ સમૈયામાં એકાત્મભાવ રાખી, ઉમંગથી સેવામાં જોડાઈ જવા અનુરોધ કરી, સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું :

'કોઈ ક્રિયા કરવામાં મૂંઝવણ થાય તો ભગવાનને સંભારવા. તે સહાય કરે. દરેક ક્રિયા શ્રદ્ધાથી આપણે કરીએ તો કરોડ ગણું ફળ મળે. પરમ દિવસે શ્રીજીમહારાજ અને સ્વામી બેસી જશે. આપણે આપણી છાપ પાડવી જોઈશે કે અક્ષરપુરુષોત્તમવાળામાં કેટલો સંપ અને સુહૃદભાવ છે. આપણે કોના ? ગુણાતીતના. માટે કેફ રાખવો.

'આ ત્રણ દહાડા તાપ, તડકો, થાક કે ઊંઘ જોવાં જ નહિ. સો રૂપિયાની નોકરી કરતાં હોઈએ અને શેઠને ત્યાં લગ્ન હોય તો મંડી પડીએ છીએ; 'શેઠ બાપા રાજી થશે તો પગાર વધશે.' તો અહીં પણ મંડી પડીએ તો શ્રીજીમહારાજ અને સ્વામી શાસ્ત્રીજી મહારાજ કેટલા રાજી થશે ! આ તો લાખોનો પગાર મળી જશે. એવી પ્રાપ્તિ છે, સમજાય તો.

'આપણે સત્સંગી થયા પછી આપણું વર્તન છાપ પડે, ગુણ આવે, તેવું રાખવું. અમે એકાવનને સાધુ કર્યા છે. તે સત્સંગ વધારવા જ કર્યા છે. તેમને યુરોપ, અમેરિકામાં સત્સંગ ફેલાવવા મોકલવા છે. અને દેશ-પરદેશમાં જઈ 'સ્વામિનારાયણ ભગવાન કોણ થઈ ગયા ?' 'શાસ્ત્રીજી મહારાજે કેવાં કાર્યો કર્યાં ?' તે ફેલાવશે.

'શ્રીજીમહારાજના વખતમાં સાધનો નહોતાં. આપણા સાધુઓએ કેટલાં દુઃખ વેઠ્યાં ! માર ખાધો, પણ સત્સંગ પ્રવર્તાવ્યો. આપણે અક્ષરધામનું સ્વરાજ્ય લેવા માટે જન્મ લીધો છે.' એમ કહી *'તનકી ઉપાધિ તજે સોઈ સાધુ'*નું કીર્તન બોલ્યા.

'આ ૫૧ જણાએ આજ્ઞા પાળી સંસાર છોડ્યો તો મહારાજ કેટલા રાજી થશે ! શુદ્ધ નિયમો પાળે છે તો કેવી છાપ પડે છે ! માટે વર્તન વાતું કરશે. અમારે તો કંઠીઓના કોથળે કોથળા ખાલી થાય છે.

'જાળવવા ના પડે તેવા થાવું. કાચનું વાસણ હોય તો જાળવવું પડે. લોઢાના વાસણને જાળવવું ના પડે. કથાવાર્તામાં બેઠા હોય તો ઝોલું આવવા ના દઈએ. એકતાનથી સાંભળવું. અને પછી મનન અને નિદિધ્યાસ કરવો. મહારાજે ડભાણમાં સમૈયો કર્યો ત્યારે ત્રણ લાખ માણસ બેસતાં. અને વડતાલમાં સભા થતી ત્યારે ટાંકણી નાખે તોય અવાજ સંભળાય એવા એકચિત્તે

સાભળતા. એમ ખપવાળા થાવું.'

## શ્રીપુરમાં ભક્તિનાં પૂર

હજારો હરિભક્તો ટ્રેન તથા એસ.ટી. મારફત ઊમટી રહ્યા હતા. યુવકો તેમનું સ્વાગત કરી, તેમના ઉતારાની વ્યવસ્થા કરતા હતા. ઉપરાંત, હરિભક્તોની તમામ જરૂરિયાતો પૂરી પાડવામાં, પીરસવામાં વગેરે અનેક સેવાઓમાં યુવકો શ્રદ્ધાપૂર્વક દિવસ-રાત જોયા વગર મંડી પડ્યા હતા. સૌમાં અપાર આત્મબળનું સ્વામીશ્રીએ જાણે સિંચન કર્યું ન હોય, તેમ સૌનાં મુખ ઉપર સ્વામીશ્રીની પ્રસન્નતાનાં પ્રતિબિંબ પડતાં હતાં. સૌને એક જ તાન હતું કે બાપાને રાજી કરી દેવા છે.

બુધવાર, તા. ૯-૫-'૬૨, સવારે યજ્ઞ વિધિમાં ચીમનભાઈ ગજ્જર, હરિભાઈ એન્જિનિયર, ગોરધનભાઈ ઓડવાળા, ખેંગારજીભાઈ ચૌહાણ, જશભાઈ પટેલ, જયંતીભાઈ કોઠારી તથા પ્રભાશંકર પંડ્યા બેઠા હતા. હજારો હરિભક્તો અને શહેરીજનો યજ્ઞ વિધિનાં દર્શન માટે ચારેબાજુ ટોળે વળતા હતા.

સાંજે ૪-૦૦ વાગે મૂર્તિઓની શોભાયાત્રાનો મંદિરેથી આરંભ થયો. નિશાન-ડંકા, બૅન્ડ, નવદીક્ષિત સંતો, ભજન મંડળીઓ સાથે ઊંચા અવાજે કીર્તનો ઝિલાવી નાચતા કલોલવાળા શંકર ભગત, પાછળ ધૂન-ભજન ગાતા હરિભક્તોના સમૂહો નગરયાત્રામાં શોભતા હતા.

સંતો વચ્ચે હરિકૃષ્ણ મહારાજની અલૌકિક ધાતુની મૂર્તિ, અક્ષરપુરુષોત્તમ મહારાજની તથા શાસ્ત્રીજી મહારાજની પટની ભવ્ય અને સુંદર મૂર્તિઓ શ્રીનગરને પાવન કરતી, હજારો ભક્તોના સમૂહ સાથે નગરયાત્રામાં દર્શન આપતી હતી. ભગવાનની ખૂબ જ શણગારાયેલ સુંદર રાજાશાહી બગીની આગળ પરમ દયાળુ સ્વામીશ્રી મોટા સંતો સાથે, હાથમાં માળા ફેરવતા બિરાજમાન થઈ, શ્રીનગરનાં પ્રજાજનો ને રાજમાર્ગો ઉપર બ્રહ્મસંસ્કાર વેરી રહ્યા હતા. પાટનગરનાં ભાગ્ય ઊઘડી ગયાં. લાખો પ્રજાજનોએ રસ્તામાં કોઈએ હાર પહેરાવી, કોઈએ નમસ્કાર કરી, કોઈએ પ્રેમપૂર્વક દર્શન કરી, એ ભગવાન અને સંતની મૂર્તિને અંતરમાં ધારી, આત્યંતિક મોક્ષનાં બીજ જીવમાં સંગ્રહી લીધાં. બે માઈલ સુધી આ ભક્તિયાત્રા નીકળી. કલાકો સુધી શહેરમાં ફરી, અસંખ્યને ધન્ય કરી, સાંજના ૭-૦૦ વાગે ભગવાન મંદિરમાં પધાર્યા.

ઘીકાંટા, સ્વામિનારાયણ મંદિર - કાળુપુર, દરિયાપુર, માધુપુરા વગેરે

શોભાયાત્રાના માર્ગો ઉપર પાણીની પરબોની વ્યવસ્થા પણ સ્વયંસેવકોએ ગોઠવી હતી.

રાત્રે સભામંડપમાં હજારો ભાવિક ભક્તો માટે ગઢપુર કળશ જયંતી, સુવર્ણ જયંતી વગેરે ફિલ્મ-દર્શનનો કાર્યક્રમ થયો.

## મહારાજે ગ્રહેલો સંકલ્પ-મંદવાડ આજે પૂરો થાય છે

વૈશાખ સુદ ૭ ને ગુરુવાર, તા. ૧૦-૫-'૬૨, પ્રતિષ્ઠાનો મંગળ દિવસ આવી પહોંચ્યો. વહેલી સવારથી જ હજારોની સંખ્યામાં શહેરના તેમજ બહારગામના ભક્તો મંદિરમાં ઉલ્લાસપૂર્વક આવી રહ્યા હતા. મંદિર અને સમગ્ર સભા સ્થળમાં ભારે માનવ-મહેરામણ ઊમટ્યો હતો.

શરણાઈઓના મંગલ સૂરો વચ્ચે અને વેદિયા બ્રાહ્મણોના મંત્રોચ્ચાર વચ્ચે, મૂર્તિઓનો પ્રતિષ્ઠા વિધિ શરૂ થઈ ગયો હતો. મધ્ય મંદિરમાં પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામી, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તથા મહામુક્ત ગોપાળાનંદ સ્વામીની સંપ્રદાયમાં સૌ પ્રથમ વાર આરસની સુંદર પ્રતિમાઓ શોભતી હતી. ઉત્તર દેરામાં પંચધાતુની હરિકૃષ્ણ મહારાજની કમનીય મૂર્તિ સાથે રાધાકૃષ્ણદેવ, દક્ષિણ દેરામાં સુખશય્યા અને લાલજી. મંદિર પ્રવેશની બે બાજુના દેરામાં ગણપતિ તથા શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીના હનુમાનજી. આમ, મૂર્તિઓ ગોઠવાઈ ગઈ હતી. ઉમરેઠના વિદ્વાન વિપ્રો કરુણાશંકર શુક્લ, વડોદરાના શંકરપ્રસાદ પાઠક તથા અમદાવાદના ચીમનલાલ શાસ્ત્રી વિધિપૂર્વક મૂર્તિઓની પ્રતિષ્ઠા વિધિ કરાવી રહ્યા હતા.

સંપ્રદાયમાં બેનમૂન કહી શકાય એવી મહારાજની અદ્‌ભુત આરસ પ્રતિમાની ન્યાસ વિધિ કરતા સ્વામીશ્રી મૂર્તિ સામું વારંવાર નીરખી રહ્યા હતા. મૂર્તિ મરક મરક હસી રહી હતી. પોતાના અક્ષરધામ સાથે મહારાજ આજે શ્રીનગરમાં બિરાજી રહ્યા હતા. શ્રીજીમહારાજે સૌ પ્રથમ અમદાવાદનું મંદિર કર્યું, પણ લોકમાં મળતું આવે એ રીતે ભરતખંડના ભોમિયા નરનારાયણ દેવને પધરાવ્યા. કાંકરિયે અલૌકિક સમૈયો ભરાયો. લોકમાં સ્વામિનારાયણને બદલે નરનારાયણ દેવનો સર્વત્ર જયજયકાર થઈ રહ્યો.

પણ પછી મહારાજે ચરિત્ર કર્યું. શરીરે મંદવાડ ગ્રહણ કર્યો. ગામ કોઠ પાસે ગણેશ ધોળકાની રાણ્યોમાં જઈને રાત રહ્યા. તે દેહની સ્મૃતિ રહી નહિ. વિચારમાં સર્વે પ્રવૃત્તિને વિસારી મેલીને, 'કાંકરિયે મેળો ભરાયો જ નહોતો,' તેવી રીતે સર્વે

ઘાટ ટાળી નાખ્યા. તે ઘાટ કયા ? તો મહારાજને થયું કે આ લોકમાં અમે આવ્યા પણ કોઈ અમને ઓળખી શક્યું નહિ, અને અમને મૂકીને આ લોકનાં અન્ય સ્વરૂપોમાં સૌ ચોંટી ગયા. મહારાજે ગ્રહણ કરેલો સંકલ્પનો મંદવાડ, અમદાવાદમાં અક્ષરે સહિત પૂર્ણ પુરુષોત્તમ નારાયણની મધ્ય મંદિરમાં થતી પ્રતિષ્ઠાથી, ખરેખર તો આજે સમાપ્ત થતો હતો ! કદાચ એટલે જ મહારાજ મંદ મંદ સ્મિત કરતા, સ્વામીશ્રીની સેવા ગ્રહણ કરતા, આનંદપૂર્ણ મસ્તીમાં પ્રતિષ્ઠિત થઈ રહ્યા હતા. આજનો શાહીબાગનો 'મેળો' મહારાજને ગમી ગયો હતો. કારણ, સર્વત્ર પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણના અક્ષરે સહિત પુરુષોત્તમ નારાયણના ગગનભેદી જયનાદો થઈ રહ્યા હતા. એટલે જ, આ કાંકરિયાનો મેળો મટીને આજે પુરુષોત્તમ નારાયણનો શાહીબાગનો 'શાહી મહોત્સવ' બની રહ્યો હતો.

## ગુણાતીત સંતની આરાધનાથી જ મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા !

વૈદિક મંત્રોચ્ચારની ભારે ઘોષણાઓ વચ્ચે સ્વામીશ્રીએ ન્યાસ વિધિ પૂર્ણ કર્યો. અંજનશલાકાથી નેત્ર-અનાવરણ વિધિ કરી, દર્પણમાં મહારાજને મુખદર્શન કરાવતા સ્વામીશ્રી એકતાર થઈ ધૂન કરતા હતા. મંત્રધ્વનિ સર્વત્ર ગુંજી રહ્યો હતો. સ્વામીશ્રી મૂર્તિમાં મગ્ન થઈ ગયા હતા. મૂર્તિમાં સાંગોપાંગ મહારાજ પ્રતિષ્ઠિત થઈ ગયા અને એકાએક સ્વામીશ્રીએ આનંદમગ્ન દશામાં જ 'જય' બોલાવી. નિજ મંદિરનાં દ્વાર ખોલાયાં. સ્વામીશ્રીએ ઉચ્ચારેલ જયનાદ સાથે જ હજારો ભક્તોના હૃદયોદ્‌ગાર સમા પ્રતિધ્વનિત થતા જયનાદો વચ્ચે સ્વામીશ્રીએ મહારાજની આરતી ઉતારવી શરૂ કરી. બરાબર તે જ સમયે નંદાજી પણ દિલ્હીથી મુંબઈ થઈ ઉમંગભેર દોડાદોડ આવી પહોંચ્યા હતા.

*'પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે...*
*આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી...'*

આ આરતીનું ગાન કરતાં હજારો ભક્તોની આંખમાંથી હર્ષાશ્રુ ટપકી રહ્યાં હતાં. 'અક્ષરપુરુષોત્તમ મહારાજની જય,' 'શાસ્ત્રીજી મહારાજની જય,' 'યોગીજી મહારાજની જય'નો ઉદ્‌ઘોષ કરતાં ભક્તો ઊંચા થઈ થઈને, ભારે ભીંસમાં દર્શનપાન કરી રહ્યા હતા. જાણે મહારાજની સેવામાં અખંડ ઊભા હોય એમ ગુણાતીત મૂર્તિ સ્વામીશ્રીનાં દર્શન પણ સાથે પામી રહ્યા હતા. મહારાજ સ્વામીશ્રી દ્વારા ભક્ત-સમુદાય ઉપર કૃપાદૃષ્ટિ વરસાવી રહ્યા હતા.

સ્વામીશ્રી સભામાં પધાર્યા. બ્રહ્માંડમાં જેનો જોટો નથી એવા જગવંદ્ય

પરમ એકાંતિક સંત શિરોમણિ, બ્રહ્મસ્થિતિએ વર્તી અખંડ ભગવાનને ધારી જગ-કલ્યાણ માટે આ લોકમાં વિચરી રહેલ, નવદીક્ષિત સુશિક્ષિત ત્યાગીઓના સમૂહમાં 'ઊડુગણમાં ઊડુરાજ' શોભી રહ્યા હોય તેમ શોભતા હતા. ભવ્ય કળામય સભામંડપની વચ્ચે ઉચ્ચ સિંહાસને, ભગવાનની મૂર્તિધારી સ્વામીશ્રી બિરાજ્યા હતા. સાથે મોટાસ્વામી, પ્રમુખસ્વામી નારાયણસ્વરૂપદાસજી, સંત-સ્વામી આદિ સંતો હતા. સહેજ નીચેના મંચ ઉપર સભાપ્રમુખ નંદાજી તથા મુંબઈ કોંગ્રેસ સમિતિના પ્રમુખ કે.કે. શાહ, માનનીય મોહનલાલ વ્યાસ, કલેક્ટર ગોવિંદસિંહજી ચુડાસમા, આફ્રિકા - મુંબઈ તેમજ દેશભરમાંથી પધારેલ અગ્રણી સત્સંગી બંધુઓ, આમંત્રિત મહેમાનો, વિદ્વાનો, પ્રોફેસરો, આચાર્યો અને ધનિક વૈષ્ણવો હતા. નીચે વિશાળ ભાગમાં અસંખ્ય હરિભક્તો હતા. આ સભાનાં દર્શન કેવળ દિવ્ય અને હૃદયપટ પર કાયમ અંકાયેલ રહે તેવાં હતાં.

અંબાલાલ તથા પ્રતાપભાઈ બ્રહ્મભટ્ટે પ્રાર્થનાથી સભાની શરૂઆત કરી. ચંપકભાઈ શેઠે સૌને ફૂલહારથી સત્કાર્યા. સ્વાગત-પ્રવચન કર્યું. ખેંગારજીભાઈના પ્રસંગને અનુરૂપ પ્રાસ્તાવિક પ્રવચન પછી, મહોત્સવના પ્રમુખ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીએ 'શાંતિ અને અમૃત એકાંતિક સત્પુરુષનાં ચરણમાં છે, આજે યોગીજી મહારાજ આપણને અમૃત પાય છે,' એમ કહી તેમનો અધિકાધિક લાભ લઈ, જીવનને ધન્ય બનાવવા પ્રેરણા આપી હતી.

## સંપ્રદાયની સાચી મૂડી

'અમદાવાદ શેરબ્રોકર ઍસોસિયેશન'ના માજી પ્રમુખ અને આગેવાન જૂના સત્સંગી શેઠ નંદુભાઈ મંછારામે જણાવ્યું :

'મારે યોગીજી મહારાજની અને શાસ્ત્રીજી મહારાજની સાથે ઘણો જૂનો સંબંધ ચાલ્યો આવે છે. આપણા સાધુઓનું ઉચ્ચ જીવન અને શિક્ષાપત્રીમાં જણાવેલ નિયમ અનુસારનું આપણા સંતોનું જીવન જ સમાજ ઉપર છાપ પાડે છે. અને યોગીજી મહારાજમાં લાખો માણસો ખેંચાય છે તેનું કારણ તેમનું વર્તન જ છે, એમ મારું દૃઢ મંતવ્ય છે. શાસ્ત્રીજી મહારાજે કહેલું કે 'આપણને પીડા કરે તેમનું સારું થાય તે માટે પ્રાર્થના કરવી.' કેવા દયાળુ ! હું શાસ્ત્રીજી મહારાજનો શિષ્ય છું તે જાણવા છતાંય, મોટા મંદિરમાં મને ઉત્સવોમાં આગળ મૂકે છે. આ મંદિર તો રાજમાર્ગ ઉપર છે. પ્રધાન સાહેબો પણ સહેજ સ્વભાવે દર્શન કરશે. હું યોગીજી મહારાજને ૪૦ વર્ષથી જાણું છું. ત્યાગીઓની ફરજ ધર્મની વૃદ્ધિ

કરવાની છે. યોગીજી મહારાજ આટલી વૃદ્ધ ઉંમરે એક ગામથી બીજે ગામ કેવળ સત્સંગ-પ્રચાર માટે જ ફરે છે. આવા સાધુ જ સંપ્રદાયની સાચી મૂડી છે.'

સંસ્કૃત કૉલેજના આચાર્ય નાગરદાસ બાંભણિયાએ પ્રવચન કરતાં કહ્યું : 'ભગવાન આ લોકમાં પોતાનો રસાલો લઈને જ આવે છે. ભગવાનના રસાલામાં સંતો હોય છે. સંતો સિવાય ભગવાન ઓળખી શકાતા નથી. આ લોકનું જીવન તે લૂખા લોટ જેવું. જો યોગીજી મહારાજ જેવા સંતના જ્ઞાનરૂપી ગોળને લોટમાં નાખીએ, તો જ લાડુ થાય અને લાડુ ખવાય... ભગવાન ભક્તની ઇચ્છા પૂર્ણ કરે છે.'

ગુજરાત સરકારના આરોગ્ય અને મજૂર પ્રધાન મોહનલાલ વ્યાસે જણાવ્યું : 'એક ભાઈએ મને પૂછ્યું કે 'તમે સ્વામિનારાયણ ધર્મમાં માનો છો ?' મેં કહ્યું : 'હા.' પછી પૂછ્યું કે 'તમે અક્ષરપુરુષોત્તમ મંદિરમાં કેમ જાઓ છો ?' મેં કહ્યું કે 'મને પણ ખબર નથી કે કેમ જાઉં છું. કોઈક ખેંચીને લઈ જાય છે. મને ભગવાનનું સ્વરૂપ ખેંચે છે. મને યોગીજી મહારાજમાં ભગવાનનું બાળ-સ્વરૂપ દેખાય છે. તેમને જોઉં છું અને એક નિર્દોષ બાળસ્વરૂપ જોઉં છું. આ જ ભગવાનનું ઉત્તમમાં ઉત્તમ સ્વરૂપ છે.' પછી મેં તે ભાઈને કહ્યું : 'ભાઈ ! વાદ-વિવાદમાં ચડવાની જરૂર નથી. અનુભવ કરો. મારી સાથે યોગી સ્વામીનાં દર્શન કરવા ચાલો. પછી મારે તમને કાંઈ જ કહેવું નહિ પડે.' આ ભાઈ કહે છે : 'હું ભગવાનમાં માનતો નથી.' મેં કહ્યું કે 'તમે માણસને તો માનો છો કે નહિ ?' તે કહે : 'હા, મનુષ્યને માનું છું.' મેં કહ્યું : 'યોગીજી મનુષ્ય છે. ચાલો તો ખરા !' અને તે ભાઈને સ્વામી પાસે લાવ્યો. સ્વામીએ ધબ્બો માર્યો તે ભાઈને. યોગી સ્વામીના ધબ્બાથી કેટલું પરિવર્તન થયું તે હું જાણતો નથી, પણ તે ભાઈ નિયમિત દર્શને આવતા થઈ ગયા. આપણે તો આપણું જીવન ભગવાનને ચરણે ધરી દેવાનું છે.'

## ગુણાતીતાનંદજી ભગવાનની શોભા છે

'સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ'ના પ્રાધ્યાપક ભગવતીપ્રસાદ પંડ્યાએ સુમધુર શૈલીમાં લગભગ સંસ્કૃતમાં પ્રવચન કરતાં જણાવ્યું :

'જેમ માછલું જળ વગર એક ક્ષણ પણ રહી શકતું નથી, તેમ ભગવાન ગુણાતીત વગર રહી શકતા નથી. આ ગુણાતીતના અનાદિ સ્વરૂપની પ્રતિષ્ઠા આજે થઈ. સ્વામી ગુણાતીતાનંદજીને ભગવાન સહજાનંદે સૌ પ્રથમ તિલક કર્યું.

અને કહ્યું કે 'આ આપણા તિલકરૂપે છે. આપણા ગુરુદેવો જે શબ્દ જપતા હોય છે તે 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભુ'માં 'નારાયણ હરે' શબ્દ તે ભગવાન માટેનો શબ્દ છે, જ્યારે 'સચ્ચિદાનંદ' તે ગુણાતીતાનંદજી માટેનો શબ્દ છે. ભગવતી સીતાજી રામની શોભા છે; રાધિકાજી કૃષ્ણની શોભા છે; તેવી રીતે ગુણાતીતાનંદજી ભગવાન સ્વામિનારાયણની શોભા છે.'

ત્યારપછી નવદીક્ષિત સંતોમાંથી કોઠારી ભક્તિપ્રિય સ્વામી તથા નારાયણ ભક્તે સ્વરચિત સંસ્કૃત પ્રશસ્તિ શ્લોકોનું ગાન કર્યું હતું. અધ્યક્ષ સ્થાનેથી ભારત સરકારના આયોજન અને મજૂર પ્રધાન નંદાજીએ જણાવ્યું :

'શ્રીજીમહારાજ જે સંકલ્પો કરી ગયા, તે કાર્ય શાસ્ત્રીજી મહારાજે કરવા માંડ્યું, એમ મને લાગે છે. ગઢડા મંદિર કર્યું ત્યારે મને લઈ ગયેલા. શાસ્ત્રીજી મહારાજ તો જે સંકલ્પ પોતે કર્યો તે પૂરો કરવામાં જ માનતા. તેમના માટે કશું જ અશક્ય ન હતું. શાસ્ત્રીજી મહારાજ જે કાર્ય કરતા તેમા મને શ્રીજીમહારાજનો આભાસ થતો.

'હું આ સંપ્રદાયમાં આવ્યો તે પહેલાં મેં ઘણા સંપ્રદાયો જોયા. મારા કુટુંબમાં આ વાત નહોતી. અહીંયાં આવીને કેટલીક તુલનાઓ કરી, કાંઈક વિશેષ જોયું એટલે જ શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યો. કેટલાક કહેતા કે 'શાસ્ત્રીજી મહારાજ પછી શું ?' યોગીજી મહારાજે એ વાત જૂઠી પાડી છે. મને લાગતું કે મંદિરો બાંધ્યાં પછી શું ? સંતોની થોડીક ત્રુટિ હતી, પ્રચારની ત્રુટિ હતી. યોગીજી મહારાજે ગયા વર્ષે ૫૧ યુવાનોને દીક્ષા આપી તે ત્રુટિ દૂર કરી છે. આ જ્ઞાન ફક્ત ગુજરાતમાં જ કેમ ? અંગ્રેજીમાં, હિંદીમાં અને બીજી ભાષાઓમાં આપણે સાહિત્ય છપાવવું પડશે. મને હવે લાગે છે કે સત્સંગનું ભાવિ ખૂબ જ ઊજળું છે. યોગીજીની કૃપા છે. એટલે આપણે જે માગીએ તે મળે જ છે.

'સત્સંગીઓને યોગીજી મહારાજનાં દર્શનથી સંતોષ થાય છે. સત્સંગથી શક્તિ મળે છે, પુષ્ટિ મળે છે, ત્રુટિ દૂર કરવામાં મદદ મળે છે. યોગીજી મહારાજ શા માટે એક ગામથી બીજે ગામ ફરે છે ? આપણે શું કરવાનું છે ? આપણે પણ બધાએ યોગીજીનો સંદેશો ફેલાવવો પડશે. આ કામ ફક્ત સંતોથી જ નહિ થઈ શકે. જ્યાં સુધી આપણું જ્ઞાન દેશમાં ન ફેલાય, ત્યાં સુધી દેશમાં શાંતિ નહિ જ થાય. આજે અણુયુદ્ધની વાતો થાય છે. અણુયુદ્ધ થશે તો કરોડો માણસોનો સંહાર થશે. માટે દેશ માટે કાંઈક સારું છે તે આપવાની આપણી ફરજ છે. આપણી પાસે કાંઈક છે. આપણા સંતોનાં વર્તનની છાપ પડે છે. અને

આપણે પણ એવું વર્તન કરીએ કે આપણી છાપ પડે.'

## તેને મહારાજ તેડવા આવશે

છેવટે મંદ મંદ સ્મિત કરતાં અમૃતાશિષ વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે, પ્રથમ તો સર્વ સંકલ્પને પડતા મૂકીને એકાગ્ર ચિત્તે થઈને એમ ધારવું જે, સ્વામી વાતું કરે છે અને આપણે સાંભળીએ છીએ, એમ સાંભળવી. ને તે પ્રમાણે પોતાના અંતરમાં તપાસ કરતાં જવું. જે કહ્યું તેમ સમજીને વર્તવું.

'સર્વે સાધન કરતાં સંગ બળવાન છે; કેમ જે, સંગ થકી જ સર્વ વાત થાય છે, પણ સંગ વિના કોઈ કામ થતું નથી. માટે સર્વમાં પ્રથમ મુખ્ય સંગ છે. ને મોક્ષનો માર્ગ પણ સંગ થકી જ સમજાય ને વ્યવહારમાર્ગ પણ સંગ થકી જ આવડે છે. માટે સંગ ઓળખવો. સંગ વિના સત્સંગનું સુખ ના આવે.

'આજે સુંદર વાતો થઈ ! સૌને માર્ગદર્શન મળ્યું તે ઉપર વિચાર કરવો અને તેને અમલમાં મૂકવો.

'આ સમૈયો જે યાદ કરશે તેને મહારાજ તેડવા આવશે. આ તો સાક્ષાત્ અક્ષરધામની સભા છે. આજે સ્વામી શાસ્ત્રીજી મહારાજ કેટલા રાજી થતા હશે ! આ બધું આજે બાપાની દયાથી જ થયું છે...'

ઉનાળાના તાપમાં કેટલાક સમયથી સ્વામીશ્રીના આશીર્વાદની પ્રતીક્ષા કરતાં બેઠેલા ભક્તોએ, હૃદયના સાદ સમી તાળીઓથી સ્વામીશ્રીનાં અમૃત વચનો વધાવી લીધાં. સૌ ખુશખુશાલ થઈ ગયા ! કૃતકૃત્ય થઈ ગયા !

આજની આ ભવ્ય સત્સંગ સભા ખૂબ જ સફળ અને ખરેખર ઐતિહાસિક રહી. જેનું સંચાલન 'પ્રતિષ્ઠા મહોત્સવ'ના મંત્રી ખેંગારજીભાઈ ચૌહાણ દ્વારા ચીમનલાલ ગજ્જર, રસિકભાઈ સેક્રેટરી, જયંતીલાલ કોઠારી, મણિભાઈ બ્રહ્મભટ્ટ, ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ, ડૉ. મધુસૂદનભાઈ, ધીરૂભાઈ પરીખ, દ્વારકાદાસ પટેલ, દિનેશ ભગત, મહેન્દ્ર ઠાકર વગેરેની ખૂબ મહેનત અને સહકારથી ખૂબ જ સફળતાપૂર્વક થયું હતું.

આભાર-દર્શનમાં કાર્યકર્તાએ જણાવ્યું કે 'આ વિશાળ જગ્યા આપવા માટે શેઠ સુરોત્તમ હઠીસીંગનો અને તેમની મિલના એન્જિનિયર હરિભાઈ મિસ્ત્રીનો આભાર માનીએ છીએ.

'રસોડાની વ્યવસ્થા માટે મહીજડાના કાશીકાકા, અંબાલાલભાઈ બકરી

પોળવાળા, આણંદવાળા ઈશ્વરભાઈ મસાલાવાળા વગેરેનો આભાર માનીએ છીએ.

બાદ, ઉતારાની વ્યવસ્થા આપવા બદલ સંજય કોલોનીના ગૃહસ્થોનો, રાજસ્થાન સેવા સમિતિનો, એચ.બી. કાપડિયા ન્યૂ હાઈસ્કૂલના આચાર્યનો, નૂતન કન્યા વિદ્યાલયના આચાર્યનો, શાહપુર કેળવણી ટ્રસ્ટના સંચાલકોનો, શાહપુર ટ્યુટોરિયલ હાઈસ્કૂલના આચાર્યનો, જ્ઞાનયજ્ઞ વિદ્યાવિહારના આચાર્ય વગેરેનો પણ હાર્દિક આભાર માનવામાં આવ્યો.

વળી, સ્વયંસેવકોની સુંદર વ્યવસ્થા કરવા બદલ અમદાવાદ યુવક મંડળ; જાગા સ્વામી મંડળ; મહિલા મંડળ; બકરી પોળ મંડળ; રાજુલા, રોહીશાળા, વસો વગેરે તમામ મંડળોનો તથા પરોક્ષ અને અપરોક્ષ રીતે આ સમૈયામાં જે કોઈએ સેવા કરી સહકાર આપ્યો, તે બદલ પણ આભારની લાગણી વ્યક્ત કરી.

દેશ-વિદેશના હજારો ભક્તો આ પ્રસંગે પ્રસાદ લઈ, આનંદવિભોર બની વિખરાયા.

કાંકરિયાના મેળામાં જે વાત પરોક્ષ રહી હતી તે શાહીબાગના 'શાહી મહોત્સવ'માં પ્રત્યક્ષ કરી, સ્વામીશ્રીએ ગુજરાતના પાટનગર શ્રીનગરમાં અક્ષરે સહિત પુરુષોત્તમ નારાયણનો જયજયકાર કર્યો. મંદિર અને મહોત્સવના મૂળમાં રહેલા ભક્તરાજો બબુભાઈ કોઠારી, ચંપકભાઈ શેઠ, ભોગીભાઈ ચોકસી, પુરુષોત્તમદાસ ગજ્જર, રમેશભાઈ દલાલ, પ્રભાશંકર પંડ્યા વગેરે ભક્તોને કેમ વીસરાય ? આજે તેમનાં હૈયાં આનંદથી પુલકિત થઈ રહ્યાં હતાં. સ્વામીશ્રીએ તેમના મનોરથ પૂર્ણ કર્યા.

## મનસુખના મનસૂબા ફળ્યા

સભા હકડેઠઠ ભરાઈને બેઠી હતી. ત્યારે ગુજરાત તરફથી આવેલા એક શિક્ષકભાઈ બાજુમાં બેઠેલા પોતાના સંબંધીને સ્વામીશ્રીનો મહિમા કહી રહ્યા હતા. તેમને અડીને બેઠેલા મેમકાના મનસુખભાઈ પણ આ સાંભળે. થોડી વાર સુધી તો તેમણે સાંભળ્યું, પણ શિક્ષકે કહ્યું કે 'યોગીજી મહારાજ સિદ્ધપુરુષ છે ને સર્વ સંકલ્પો સિદ્ધ કરે છે, ભગવાન જેવા સાધુ છે,' ત્યારે મનસુખભાઈથી રહેવાયું નહીં. તેઓ ગુસ્સે થઈને કહેવા લાગ્યા : 'સાધુને ભગવાન કેમ કહો છો ?'

પેલા શિક્ષકે નમ્રતાથી કહ્યું : 'ભાઈ ! હું તો મારા સંબંધીને કહું છું. તમારે માઠું લગાડવાની જરૂર નથી. મારા કહેવાનો અર્થ એ છે કે 'સ્વામીશ્રી ભગવાન નથી, પણ ભગવાન જેવા ઐશ્વર્યવાળા સાધુ છે.' તમારે પણ કાંઈ

દુઃખ હોય તો સંકલ્પ કરજો. સિદ્ધ થાય તો માનવું. નહીં તો ક્યાં પરાણે મનાવવાનો આગ્રહ છે ?'

મનસુખભાઈ વિચારમાં પડી ગયા. તેમને પોતાનું દુઃખ સાંભરી આવ્યું. તેમનાં પત્નીને ક્ષયરોગ છેલ્લા સ્ટેજ પર હતો. જીવન-મરણનો પ્રશ્ન હતો. આમ તો એ જ કામ લઈને અમદાવાદ આવ્યા હતા; પણ જૂના મંદિરે દર્શન કરી નારાયણ ઘાટે જતાં અહીં આવી ગયા હતા. તેમણે તરત જ સંકલ્પ કર્યો કે 'મારાં પત્નીને સારું થઈ જાય તો સ્વામી ભગવાન જેવા સાધુ, અને મારા ગુરુ, બાકી બધાં ગપ્પાં !'

તેઓ મેમકા ગયા. તેમનાં પત્નીને બે-ચાર દિવસમાં જ રોગના વળતાં પાણી થયાં. અને સ્વામીશ્રીએ જાણે તેમના માટે કાળને ઠેલી દીધો ! આ એક જ અનુભવથી મનસુખભાઈ નિષ્ઠાવાન સત્સંગી થયા.

આ અનુભવ એકનો નહીં, અનેકનો હતો. જાણે કે અજાણે, રાગથી કે દ્વેષથી, થોડી જ ક્ષણો માટે પણ સ્વામીશ્રીના સંબંધમાં આવનાર મનુષ્ય કંઈક પામીને જતો. આવા તો કંઈ કેટલાય પ્રસંગો કાળની સંદૂકમાં પૂરાઈ ગયા હશે; પરંતુ આવા પ્રસંગોમાં વ્યક્ત થતી સ્વામીશ્રીની પ્રતિભા સહેજે અલૌકિકતાનો અનુભવ કરાવતી.

## સંતોને અગ્નિની ચૂંદડી ઓઢાડી

તા. ૧૧મીએ સવારની ટ્રેનમાં સ્વામીશ્રી સંતમંડળ સહિત સારંગપુર આવ્યા. આજે નવદીક્ષિત સંતોને ભાગવતી દીક્ષા ગ્રહણ કર્યાને વર્ષ પૂરું થઈ રહ્યું હતું. સ્વામીશ્રી સૌને લઈને પોતાના ગુરુની દેરીએ પધાર્યા. સૌ સંતો પાસે દેરીમાં શાસ્ત્રીજી મહારાજની અને મહારાજનાં ચરણારવિંદની પૂજા કરાવી. ત્યારપછી સૌ સંતોને ચાંદલા કરી પ્રેરણા આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આ ત્યાગાશ્રમમાં જ દેહની રાખ થવી જોઈએ. આપણે આ દેહ મહારાજ, સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ માટે અર્પણ કરી દીધો છે. એકાંતિક ધર્મ સિદ્ધ થાય તેવા રૂડા આશીર્વાદ મહારાજ આપે છે. આપણો જન્મ અહીં અક્ષરપુરુષોત્તમને ઘરે જ થયો છે. આપણે જે ભગવાં પહેર્યાં છે, તે અગ્નિની ચૂંદડી છે. તેની રાખ થાય ત્યારે જ નીકળે...'

આવો નિત્ય આત્મબળ પ્રેરતો અદ્ભુત સંદેશ સ્વામીશ્રીએ યોગેશ્વરોને આપ્યો. 'મહારાજ આશીર્વાદ આપે છે,' એવું સ્વામીશ્રી અહોભાવમાં

બોલી ગયા. આમાં દેહના ભાવોને પ્રગટ બ્રહ્મઅગ્નિમાં હોમી દઈને પ્રગટ ગુરુહરિને રાજી કરવાનું વિશિષ્ટ બળ સંતોએ પ્રાપ્ત કર્યું. સૌ ગુરુભક્તિથી ગદ્‌ગદિત થઈ ગયા.

બીજે દિવસે સ્વામીશ્રી સંતમંડળ સાથે તાજપુર પધાર્યા. વેલાભાઈ, ધરમશીભાઈ, જીવરાજભાઈ, નાનાભાઈ, મોહનભાઈ વગેરે ભક્તોને રાજી કરી, સંતવૃંદ સાથે સ્વામીશ્રીએ ગઢપુર મંદિરનો પાટોત્સવ ઊજવ્યો. સંતોની મંડળી સાથે લઈને સ્વામીશ્રીએ જૂના મંદિરે તથા લક્ષ્મીવાડીએ સર્વ પ્રસાદી સ્થળોએ દર્શન કર્યાં. એ જ રીતે, ગોંડલ મંદિરના પાટોત્સવનો લાભ પણ સ્વામીશ્રીએ સંતોને અપાવ્યો.

આ દિવસોમાં અમદાવાદમાં રહેતા ગોપીનાથભાઈને સ્વપ્નમાં ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન થયાં. દિવ્ય પ્રકાશમય મૂર્તિ સિંહાસન પર આરૂઢ થઈ હતી. ગોપીનાથભાઈએ દંડવત્ કર્યા. ત્યાં સ્વામી કહે : 'ગોપીનાથ ! તારા ઘરે મહારાજ મુક્ત મોકલશે.'

ગોપીનાથ તો આ અકારણ કરુણાથી દિગ્મૂઢ થઈ ગયા. તેમની આંખો ખુલી ગઈ. આનંદવિભોર થઈ તેઓ સ્વામીશ્રીનાં દર્શન કરવા ગોંડલ દોડી આવ્યા. ઠાકોરજીનાં દર્શન કરી, તેઓ નીચે ઊતરતા હતા. ત્યાં સ્વામીશ્રીએ સભામાં બેઠાં બેઠાં જ તેમને દૂરથી જોયા ને કહે : 'આવો ગોપીનાથભાઈ ! ઓલી ગુણાતીત સ્વામીએ દર્શન દીધાં તે પરચાની વાત કરો.'

ગોપીનાથભાઈ તો વિચારમાં પડી ગયા કે આ વાત હજુ સુધી મેં કોઈને કરી નથી, પરંતુ સ્વામીશ્રી કેવી રીતે જાણી ગયા હશે !? તેમને સ્વામીશ્રીના ઐશ્વર્યનો એક વિશેષ અનુભવ થયો. સભામાં તેમણે પોતાના અનુભવની વાત કરી અને સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે આપનું અકળ સ્વરૂપ ઓળખી શકીએ.

અહીંથી રાજકોટ થઈ, સંતોને વિદાય આપી સ્વામીશ્રી પાલિતાણા પધાર્યા.

અહીં મિસ્ત્રી ચુનીભાઈ, હરિભાઈ તથા તેમના ભત્રીજા ચંદ્રકાન્તે પોતાનાં માતુશ્રી સરસ્વતીબાના સંકલ્પ પ્રમાણે પારાયણનું આયોજન કર્યું હતું. શહેરમાં શોભાયાત્રા કાઢી. પ્રમુખસ્વામીએ 'સત્સંગિજીવન'ની કથાનું રસપાન સૌને કરાવ્યું. સંતસ્વામી 'સ્વામીની વાતો' નિરૂપતા. મોટાસ્વામી તથા અંબાલાલભાઈ સત્સંગનો લાભ આપતા.

આ પ્રસંગે કવિરાજ પરમાનંદ ત્રાપજકરે સ્વરચિત સુંદર કાવ્યોનો લાભ આપ્યો હતો. શહેરના અન્ય અગ્રણી મહાનુભાવોમાં જોરાવરસિંહ કવિ,

કનુભાઈ દામાણી, કાંતિલાલ શાહ, જીલુભા સાહેબ, દરબાર મંગળસિંહજી, દરેડ દરબાર, ઍડવોકેટ વડોદરિયા, મૅજિસ્ટ્રેટ નરેન્દ્રકુમાર, મામલતદાર ત્રિવેદી સાહેબ, ઍન્જિનિયર રાઠોડ સાહેબ વગેરેએ સત્સંગનો લાભ લીધો હતો. પૂર્ણાહુતિ પ્રસંગે ચિ. જિતેન્દ્રકુમાર તથા ચિ. લક્ષ્મીકાંતને સ્વામીશ્રીના હસ્તે યજ્ઞોપવીત ધારણ કરાવવામાં આવી હતી. શહેરમાં પધરામણીઓ પણ સારી સંખ્યામાં થઈ હતી. ગામની ભાવિક જનતાની ઇચ્છાને માન આપી સ્વામીશ્રીએ અહીં હરિમંદિર કરવાનો પણ સંકલ્પ કર્યો હતો.

## વર્તમાનમાં મહોબત નહીં

પાલિતાણાના ઠાકોર સાહેબનાં ફઈબા સાહેબને સ્વામીશ્રી પ્રત્યે અત્યંત ભક્તિભાવ. તેમનાં સૂચનથી ઠાકોર સાહેબે રાજમહેલમાં સ્વામીશ્રીની પધરામણી કરાવી. સ્વામીશ્રી સાથે ઘણા સંતો-હરિભક્તો હતા. દરબારે ખૂબ સારી આગતા-સ્વાગતા કરી.

સ્વામીશ્રી તથા સંતસ્વામી સોફા પર ગાલીચો બિછાવ્યો હતો તેના પર સાથે બેઠા. અને ઠાકોરજીને ચાંદીના પ્યાલામાં દૂધ ધરાવ્યું હતું. વાતવાતમાં ઠાકોર સાહેબ બોલ્યા : 'બાપા ! ફઈબા સાહેબે કહેવડાવ્યું છે - સ્વામીશ્રી એક પ્યાલો દૂધ પીએ.'

ત્યારે બાઢડાના નારણભાઈ ઠાકોર સાહેબની બાજુમાં જ નીચે બેઠા હતા. તેમને સંકલ્પ થયો કે 'હવે બાપા શું કરશે ? કારણ કે સ્વામીશ્રી દૂધ પીતા નથી. અને તે પણ ચાંદીનો પ્યાલો છે, જે પાત્રમાં સ્વામિનારાયણના સાધુ ન પીએ. તેનાથી વિશેષ તો એક સ્ત્રીએ કહેવડાવેલું છે.'

આ પ્રમાણે તેઓ વિચારતા હતા, ત્યાં સ્વામીશ્રીએ નારણભાઈ તરફ નિર્દેશ કરી ઠાકોર સાહેબને કહ્યું : 'આ અમારા નારણભાઈ બાઢડાના હરિભક્ત છે. ખેડૂત છે, પણ બહુ જ્ઞાની છે. ઘણાં સારાં કીર્તનો મોઢે છે. કાળા અક્ષર કુહાડે માર્યા છે, પણ વાતો બહુ સારી કરે છે.' એ પ્રમાણે પરિચય આપ્યો. તેથી ઠાકોર સાહેબનું ધ્યાન નારણભાઈ તરફ ગયું. એ જ વખતે સ્વામીશ્રીએ દૂધનો પ્યાલો લઈ ઠાકોરજીને ધરીને ઠાકોર સાહેબના હાથમાં આપી દીધો. અને કહ્યું : 'લ્યો બાપુ ! ઠાકોરજીની પ્રસાદી.' એમ કહેતાં ઊભા થઈ ગયા.

દરબાર તો 'હાં હાં !' કરતા રહ્યા કે 'આપ મને આપવા માટે શા માટે તસ્દી લો છો !' એમાં ને એમાં તેમનું ધ્યાન ન રહ્યું કે સ્વામીશ્રીએ દૂધ લીધું જ

નથી. તરત જ સ્વામીશ્રી ત્યાંથી વિદાય થઈ ગયા.

નારણભાઈ વિચારવા લાગ્યા કે સ્વામીશ્રીએ કેવી અજબ કળા કરી પોતાનો ધર્મ સાચવ્યો ! તેમને મનમાં બળતરા થઈ કે સ્વામીશ્રીના ચરિત્રમાં અલ્પ જેટલો પણ સંશય થવો ન જોઈએ, કારણ કે આ તો સ્વામિનારાયણ ભગવાનના અલ્પ વચનમાં ફેર પડે તો મહત્ વચનમાં ફેર પડે - એવું દૃઢ માનનારા અને વર્તનમાં મૂકનાર દિવ્ય સંત છે.

અહીં રાત્રિસભામાં સ્વામીશ્રીએ *'પ્રાણ થકી મુને વૈષ્ણવ વહાલા...'* એ કીર્તન ગાયું. ત્યાં સાવરકુંડલાના ખોડીદાસને થયું : 'સ્વામીશ્રી આશીમાં બનેલા ગાયના પ્રસંગની વાત કહે તો સારું.' સ્વામીશ્રીએ એ સંકલ્પ પકડી તે જ વાત કરી.

બીજે દિવસે સોમપુરાભાઈઓને આશીર્વાદ આપ્યા ત્યારે ખોડીદાસ અને માવજીભાઈ શત્રુંજય ચડવાની રજા લેવા સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રી તેમના તરફ દૃષ્ટિ કરી કહેવા લાગ્યા : 'ડુંગરો ચડવો છે ને ! જાવ, ચડી આવો ! કટ કટ આવતા રહો.'

બે દિવસમાં બબ્બે અંતર્યામીપણાના અનુભવે ખોડીદાસ માટે મહિમાની દૃષ્ટિ ખોલી નાખી. તેમને સ્વામીશ્રીની મૂર્તિમાં ખૂબ હેત થઈ ગયું.

## દર્શન કાજ દીનતા ધરી

આ વખતે સુરેશભાઈ રાજ્યગુરુ પાલિતાણાના જૂના મંદિરમાં પૂજારી હતા. ત્યારે એવો નિર્ણય લેવાયો હતો કે 'બંડિયાઓને મંદિરમાં દર્શને આવવા ન દેવા.'

સ્વામીશ્રી ગામમાં પ્રવેશતાં સીધા જ મંદિરે દર્શને આવ્યા, પરંતુ આ નિર્ણયની જાણ થતાં સ્વામીશ્રી મોટરમાંથી ઊતર્યા નહીં અને સીધા જ ઉતારે પધાર્યા.

પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે સ્વામીશ્રીએ મંદિરમાં ઠાકોરજીને થાળ મોકલ્યો, તે પ્રસાદ સુરેશભાઈ જમ્યા અને તેમના અંતરનું પરિવર્તન થયું. નહીંતર જ્યારે સ્વામીશ્રીની નગરયાત્રા નીકળી હતી ત્યારે તેમણે સંકલ્પ કરેલો કે સ્વામીશ્રીનાં દર્શન કરવાં નહીં. તેથી તેઓ બહાર જોવા પણ નીકળ્યા ન હતા.

પૂર્ણાહુતિની સાંજે સ્વામીશ્રી મંદિરે દર્શને આવ્યા ત્યારે સુરેશભાઈએ ફરી કમિટીના નિર્ણયની જાણ કરી. પરંતુ સ્વામીશ્રી કહે : 'અમે પાંચ દિવસથી ઠાકોરજીનાં દર્શન કર્યાં નથી. તમે પૂજારી છો. કૃપા કરો તો દર્શન કરીને તરત

જ નીકળી જઈએ.'

તેમણે ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં. સુરેશભાઈએ ઠાકોરજીની પ્રસાદીનો હાર સ્વામીશ્રીને પહેરાવ્યો. સ્વામીશ્રીએ તે હાર તેમને પાછો પહેરાવ્યો અને બોલ્યા : 'તમે બહુ પક્ષ રાખ્યો. ગોંડલ બહુ મોટું મંદિર છે, તો ત્યાં દર્શને આવજો.'

આ પ્રસંગ પછી સુરેશભાઈ ભાવનગર કૉલેજમાં દાખલ થતાં નાગરદાસ છગનલાલ શાસ્ત્રીના સમાગમમાં આવ્યા. અને તેમની સાથે પાંચ વર્ષ પછી ગોંડલ દર્શને આવ્યા. સ્વામીશ્રી તેમને જોઈને બોલ્યા : 'અહો, પાલિતાણાના પૂજારીએ વચન આપ્યું હતું, તે ગોંડળ દર્શને આવ્યા ખરા !'

આ વાતને પાંચ વર્ષ થઈ ગયા હતા, પરંતુ સ્વામીશ્રીની સ્મૃતિ કેવી સતેજ હતી તે જાણી સુરેશભાઈ અત્યંત પ્રભાવિત થઈ ગયા.

શિહોરથી સોમનાથ મેલમાં નીકળી, સ્વામીશ્રી વહેલી સવારે ૪-૦૦ વાગે ધોળકા પધાર્યા. અહીં ધૂળાભાઈ પટેલ મોટરો તથા બસ લઈને તેડવા આવ્યા હતા. તેમની સાથે સવારે સંઘ લીંબાસી આવી પહોંચ્યો.

## લીંબાસીમાં લીંબતરુની યાદ

મુંબઈમાં રહેતા પ્રાગજીભાઈએ યાત્રા-ટ્રેન વખતે જયપુર સ્ટેશને સ્વામીશ્રી સમક્ષ, લીંબાસીમાં પારાયણ કરાવવાનો સંકલ્પ કરેલો. ત્યારપછી મૂળ લીંબાસીના, વડોદરા રહેતા ધુળાભાઈએ તેમાં સંપૂર્ણ સહકાર આપ્યો. ૧૬ વર્ષ પહેલાં શાસ્ત્રીજી મહારાજે અહીં બે પારાયણો કરેલી, તે પછી ત્રીજી પારાયણનો શુભ પ્રારંભ વૈશાખ વદ ૬, તા. ૨૫-૫-'૬૨ના રોજ થયો.

'નવચેતન વિદ્યાલય'ના પ્રાંગણમાં સભામંડપ તથા અન્ય સુવિધાઓ આચાર્ય દિવાકર સાહેબ, શિક્ષક ગોવિંદભાઈ પટેલ તથા ગામલોકોના સહકારથી સુંદર ગોઠવાઈ ગઈ. વ્યાસપીઠ ઉપરથી પ્રમુખસ્વામીએ 'હરિલીલાકલ્પતરુ'ના ત્રીજા સ્કંધની કથાની પારાયણનો પ્રારંભ કર્યો. મોટાસ્વામી તથા સંતસ્વામીના સત્સંગ પછી સ્વામીશ્રી અમૃત વચનોનો લાભ આપતા. આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના ઘણા ભક્તો રોજ કથામૃતનો લાભ લેતા. લીંબાસીમાં તેમજ રઢુ, માતર વગેરે ગામોએ અહીંથી સ્વામીશ્રી પધરામણીએ જતા.

સ્વામીશ્રીનું આસન અને વ્યાસપીઠ લીંબતરુઓ નીચે આપોઆપ ગોઠવાઈ ગયેલું. એમની બન્ને બાજુએ વીંટળાઈને ફરતાં આસનો પર બેઠેલું મુનિમંડળ, સામે બેઠેલા હરિભક્તોનો વિશાળ સમુદાય અને વિદ્યાલયના

હારબંધ ઉત્તરાદા ઓરડાઓ – જ્યાં સ્વામીશ્રી, સંતો અને હરિભક્તોના ઉતારા હતા. એ બધું ગઢડા, દાદાખાચરનો દરબાર, વાસુદેવ નારાયણના ઓરડા, લીંબતરુ વગેરેની યાદ આપતું હતું.

સમસ્ત પાટીદાર સમાજ તથા વેપારી મહાજન મંડળ તેમજ સત્સંગીઓમાં શામળભાઈ તળશીભાઈ, મોતીભાઈ કલ્યાણભાઈ, કોઠારી ડાહ્યાભાઈ હરિભાઈ, શાંતિભાઈ વાઘજીભાઈ, શિવાભાઈ મગનભાઈ તથા યુવાનોમાં મફતભાઈ, અરવિંદભાઈ, નરસિંહભાઈ, ચુનીભાઈ વગેરેનો સંપૂર્ણ સહયોગ હતો.

પૂર્ણાહુતિ પછી શોભાયાત્રામાં ફરી સ્વામીશ્રીએ આખા ગામને હર્ષઘેલું કર્યું હતું. સ્વામિનારાયણ મંદિરે દર્શને પધાર્યા હતા. ધૂળાભાઈ, પ્રાગજીભાઈ તથા વાઘજીભાઈના મનોરથો પૂર્ણ કરી, સાંજે આણંદ થઈ, બોચાસણ તથા અટલાદરા દર્શન કરી, તા. ૩૦મીએ સાંજે સ્વામીશ્રી ૨૦ જેટલા સંતો સાથે ફાસ્ટમાં મુંબઈ પધાર્યા.

❀ ❀ ❀

# મુંબઈમાં યોગી જયંતી પર્વ



સ્વામીશ્રીનો ૭૧મો જન્મ જયંતી મહોત્સવ, મુંબઈને આંગણે અતિ દિવ્યતાપૂર્વક વિશિષ્ટ રીતે ઊજવાયો હતો. એ નિમિત્તે ત્રણ દિવસ સુધી જુદે જુદે સ્થળે વિદ્વત્ સભાઓ યોજી વિદ્વાનોએ સ્વામીશ્રીના અલૌકિક ગુણાનુવાદ કર્યા હતા.

ગુરુવાર, તા. ૩૧-૫-'૬૨, મુંબઈમાં કાળા ઘોડા પાસે આવેલ 'સર કાવસજી જહાંગીર હૉલ'માં સ્ટેજ ઉપર સુંદર શોભાએ યુક્ત ઠાકોરજી સહિત સ્વામીશ્રીનું આસન સજાવવામાં આવ્યું હતું. ધૂન-પ્રાર્થના બાદ સમારંભ શરૂ થયો. અંગ્રેજોએ પોતાની ઢબથી બાંધેલા આ વિશાળ હૉલના મંચ ઉપર મુખ્ય પીઠિકા ઉપર પાઘ પહેરીને સ્વામીશ્રી પ્રસન્ન છતાં નિર્લેપ મુદ્રામાં માળા ફેરવતા બિરાજ્યા હતા. પૃષ્ઠ દીવાલ ઉપર 'શતં જીવ શરદઃ' અને 'સાધવો હૃદયં મહ્યમ્'નાં રૂપેરી સૂત્રો બે બાજુ લટકતાં હતાં. ભક્તો પણ એ જ ભાવસભર દૃષ્ટિથી સ્વામીશ્રીનાં દર્શનપાન કરી રહ્યા હતા.

## પરમાત્માનો યોગ કરાવે તે યોગી

જયંતી-ઉત્સવ પ્રસંગની આ ભવ્ય સભાના પ્રમુખપદેથી બોલતાં જસ્ટીસ ડી.વી. વ્યાસે પોતાનો અનુભવ ઉચ્ચાર્યો હતો :

'આપણી ભાવના પ્રમાણે વિદ્યા તેજસ્વી અથવા અંધકારમયી બને છે. જે વિદ્યાથી આપણે બીજાના જીવનમાં સુખ-શાંતિ ઉત્પન્ન કરી શકીએ એ તેજસ્વી વિદ્યા છે, અને તેથી ઊલટી વિદ્યા અંધકારમયી છે. આજના વૈજ્ઞાનિકો સમુદ્રની અંદર કે આકાશમાં ગતિ કરવા પ્રયત્ન કરી રહ્યા છે, પરંતુ માનવીના પોતાના જ હૃદયમાં જે નિર્ગુણ પરબ્રહ્મ તત્ત્વ છે ત્યાં પહોંચવાનો કોઈ પ્રયત્ન કરતું નથી. બ્રહ્મ એટલે પ્રેમ, ત્યાગ, સેવા, વિશાળતા છે. આ બધા ગુણો યોગીજી

મહારાજમાં છે. તેનો પુરાવો હું આપને આપીશ અને મારો 'કેઈસ' આપની સમક્ષ પુરવાર કરીશ. એમના સાંનિધ્યમાં અનિષ્ટ વિચારો, કલ્પનાઓ વગેરે ટળી જાય છે. એટલે એમનામાં બ્રહ્મના ગુણો છે અને એમની સ્થિતિ પરમાત્માના સ્વરૂપમાં અવિચ્છિન્ન છે તે દેખાઈ આવે છે.'

તેમણે આગળ બોલતાં કહ્યું : 'હાલના યુવકોને યોગીજી મહારાજે આકર્ષ્યા છે. એટલું જ નહીં, પરંતુ ગીતા, ભાગવત, વચનામૃત, શિક્ષાપત્રી વગેરેનાં અધ્યયનમાં રસ લેતા કર્યા છે. એ રીતે એમના જીવનમાં તેઓ અપૂર્વ રીતે વિકાસ કરી રહ્યા છે. આ એક અદ્ભુત ચમત્કાર છે અને વર્તમાન સમયમાં એ અજોડ જ રહેશે. આજના આ વિસંવાદી યુગમાં સ્વામિનારાયણ ભગવાન યોગીજી મહારાજ દ્વારા કાર્ય કરી રહ્યા હોય તેમ લાગે છે. એટલે હું તો એમ માનું છું કે અક્ષરધામ અહીં જ છે. ભાગવત્કાર વ્યાસજીના શબ્દોમાં કહીએ તો ભગવાન વૈકુંઠમાં વસતા નથી, પરંતુ યોગીઓનાં હૃદયમાં વસે છે. જે પરમાત્માનો યોગ કરાવી આપે તે યોગી ! કઠોપનિષદ કહે છે કે છાતી ઠોકીને આપને પરમાત્માનું સાંનિધ્ય હું પમાડીશ. એવું કહે તેવા યોગીનાં પાદારવિંદમાં આપણે શ્રદ્ધા અને ભક્તિએ સહિત શરણું સ્વીકારવું જોઈએ. એ જ આપણે કરવાનું છે અને એ જ માંગણી આજે એમનાં ચરણારવિંદમાં મારે કરવાની છે.'

ત્યારબાદ સ્વામીશ્રી મનુષ્ય-જીવનની દુર્લભતા અને મોક્ષની મહત્તા સમજાવતાં બોલ્યા :

'સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી : ચાર વાતમાં સુખ છે. તેમાં એક તો ભગવાનની મૂર્તિની સ્મૃતિ, બીજું સાધુનો સમાગમ, ત્રીજું સદ્વિચાર ને ચોથું જીવે વિષયમાં સુખ માન્યું છે તે દુઃખરૂપ છે અને વિષયમાં સુખ છે તેવી તો કલમ મોટાએ લખી નથી. આત્મારૂપે વર્તવું તે દેશ જ નોખો છે. તેમાં કામાદિક દોષ જ ન મળે. જેમ ગુજરાત દેશમાં પાતાળ સુધી ખોદીએ ને પાણી ન મળે તેમ.

'આમાં સ્વામીએ વાત કરી : એક તો ભગવાનની મૂર્તિની સ્મૃતિ, બીજું સાધુનો સમાગમ. મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે 'નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો.' મુક્તાનંદ સ્વામીએ સાધુ કેવા હોય તેનું કીર્તન બનાવ્યું છે :

*'હાંજી ભલા સાધુ, હરિકી સાધ, તનકી ઉપાધિ તજે સોહી સાધુ.'*

'આવી રીતના સાધુ સુખરૂપ હોય. મહારાજે પાંચસો પરમહંસો કર્યા. એવા કડીતોડ વર્ત્યા કે આખું બ્રહ્માંડ ડોલાવી નાખ્યું. એવા શાસ્ત્રીજી મહારાજ

પ્રગટ થયા. ભગવાનને રાખેલા સંત હતા. લાખો જીવને વાતો કરી માયા પર કરી અક્ષરધામમાં લઈ ગયા. એવા સત્પુરુષની દૃષ્ટિ પડી જાય તો કામ થઈ જાય. માટે આ વખતે આપણને આવો જોગ મળ્યો છે.

'સત્સંગે કરીને ભગવાન વશ થાય છે. આપણે બધા સત્સંગ કરવા બેઠા છીએ. સત્સંગથી ભગવાન જેવા વશ થાય છે તેવા તપ, યજ્ઞ, યોગ, વ્રતાદિક સાધને કરીને વશ થાતા નથી. તે સત્સંગ તે શું ? મોટા સત્પુરુષને હાથ જોડીએ ને તે કહે તેમ કરવું તે જ છે. તે ઉપર દૃષ્ટાંત છે :

'એક બાવાજી હતા. તે ગિરનારને દંડવત્ કરતા હતા. ગુણાતીતાનંદ સ્વામીએ બાવાને પૂછ્યું : 'બાવાજી, શું કરો છો ?' તો કહે : 'આ ગિરનારમાં ઘણા સિદ્ધો રહે છે. તો તેમને કેમ મળાય ? માટે ગિરનારને દંડવત્ કરું છું.' ત્યારે સ્વામીએ કહ્યું : 'આ અમારા કૃપાનંદ સ્વામી બહુ મોટા સમર્થ સંત છે. તેમને એક દંડવત્ કરો.' તો કહે : 'સામે આવે તો કરું.' આવા અવળા જીવ ! એક દંડવત્ ફેંકી દીધો હોત તો ? એમ ભગવાન અને સત્પુરુષ સાક્ષાત્ મળે પણ ઓળખવા બહુ કઠણ. ઓળખાય તો કામ પાકી જાય. આપણને સંત ઓળખાઈ જાય અને શાંતિ થાય તેવા મહારાજ અને શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ છે.'

આ સભામાં સત્સંગ-સમાજના નામાંકિત સભ્યો ઉપરાંત જસ્ટિસ કે.ટી. દેસાઈ, હરિપ્રસાદ ચોકસી, મહારાષ્ટ્ર સરકારના નાયબ પ્રધાન ડૉ. કૈલાસ વગેરે હાજર હતા. સભાની શરૂઆત પ્રાર્થનાથી કર્યા બાદ સ્વયંપ્રકાશદાસ સ્વામીએ મનનીય પ્રવચન કર્યું હતું. સ્વામીશ્રીનો યુવકો ઉપરનો અદ્‌ભુત પ્રભાવ અને આ જગતની નશ્વરતાનો ખ્યાલ આપી બ્રાહ્મીસ્થિતિની જીવંત - મૂર્તિમાન દશા બતાવનાર સ્વામીશ્રી ખરેખર યુવાનોનું ધ્યેયબિંદુ બની ગયા છે – એ હકીકત પોતાના જીવનના અનુભવ પ્રસંગોમાંથી તારવી, સુંદર રીતે વ્યક્ત કરી હતી. ઉપરાંત પ્રમુખસ્વામી, પુરુષોત્તમદાસ ફડિયા તથા હર્ષદભાઈ દવેએ પણ આ પ્રસંગે પ્રસંગોચિત પ્રવચનો કર્યાં હતાં.

જયંતી-ઉત્સવની ઉજવણી ચાર દિવસ સુધી રાખવાનો હેતુ એ હતો કે એ રીતે પરમાત્મા સ્વામિનારાયણ મહાપ્રભુના તત્ત્વજ્ઞાનનું પ્રસારણ, શુદ્ધ અને સર્વોપરી ઉપાસના, બ્રહ્મ અને પરબ્રહ્મ અથવા અક્ષર અને પુરુષોત્તમના સનાનત દિવ્ય સાકાર સ્વરૂપનું રહસ્ય, અને તે સ્વરૂપોનો સાક્ષાત્ સંબંધ કરાવી દેનાર તત્સંબંધને પામેલ પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપની ઓળખાણ જગતના મુમુક્ષુ જીવોને થાય.

## સાચા ગુરુ અને કર્ણધાર

બીજે દિવસે તા. ૧-૬-'૬૨, માધવ બાગમાં સભા યોજી હતી.

આ સભાનું પ્રમુખપદ પીકેટ રોડ, ગીતા પાઠશાળાના પ્રાધ્યાપક પુરુષોત્તમ દામોદરદાસ પંડિતે સ્વીકાર્યું હતું. આ સભામાં પણ હજારોની સંખ્યામાં મુમુક્ષુ ભક્તો આવ્યા હતા. સ્વયંપ્રકાશ સ્વામી તથા મેં મોક્ષનો માર્ગ તથા સંતનું સ્વરૂપ એ વિષયો રજૂ કર્યા હતા. ત્યારબાદ સંતસ્વામીએ અવતારોની પરંપરા સમજાવી. દસ કે ચોવીસ અવતારોના ભ્રામક ખ્યાલ છોડી ભગવાનના અસંખ્ય અવતારો થાય છે અને તે બધા અવતારો જુદાં જુદાં કાર્યો માટે હોય છે તે સમજાવ્યું હતું. આગળ સ્પષ્ટીકરણ કરતાં તેમણે કહ્યું કે જીવની અવિદ્યાનો નાશ કરી, જીવને બ્રહ્મરૂપ કરવા એ કાર્ય ફક્ત પરબ્રહ્મ પરમાત્મા કરી શકે. અને તે હેતુને લઈ પરબ્રહ્મ પરમાત્મા સ્વામિનારાયણ મહાપ્રભુ સ્વરૂપે પોતાના અક્ષરબ્રહ્મ ધામને લઈને તથા અસંખ્ય પાર્ષદો અને ઐશ્વર્ય લઈને પધાર્યા અને અનંત જીવોનું આત્યંતિક કલ્યાણ કર્યું.

સ્વામીશ્રીએ દેવાનંદ સ્વામીનાં *'માણસનો અવતાર મોંઘો નહીં મળે ફરી,'* તે કીર્તનો ગાઈને સાચા સંતનો સમાગમ કરી લેવો તે ઉપદેશ સચોટ રીતે આપ્યો હતો. સાચા સંત કેવા હોય ? તે ઉપર મુક્તાનંદ સ્વામીનું કીર્તન *'હાંજી ભલા સાધુ'* એ સમજાવ્યું હતું. અને કહ્યું કે 'સાચા સંતનાં લક્ષણ ઓળખી તેમાં જોડાવું, પણ લક્ષણ ઓળખ્યા વગર ગમે ત્યાં માથું ભરાવવું નહીં.'

શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય સંદેશની એવી તો સુંદર રેલંછેલ આ સભામાં જુદા જુદા વક્તાઓ દ્વારા વર્ષી હતી કે પ્રમુખ તો આશ્ચર્યમાં લીન થઈ ગયા ! વિદ્વાન પ્રમુખે તેમના વક્તવ્યમાં જણાવ્યું કે 'આટલું બધું સુંદર અને દિવ્યજ્ઞાન સાંભળી મારે હવે શું કહેવું તે જ મને સમજાતું નથી; પરંતુ પ્રમુખ તરીકે મારે કાંઈ બોલવું જોઈએ, તેથી હું આ પ્રસંગે એટલું કહું છું કે યોગીજી મહારાજ જેવા ગુરુ અને કર્ણધાર જો મળે તો ભવનો ફેરો પાર પડી જાય.' ત્યારબાદ તેમણે ઘણાં સુંદર દૃષ્ટાંતો આપી તેમનું આ મંતવ્ય સ્થાપિત કર્યું.

રાત્રે ૯-૦૦ વાગે સભાનો કાર્યક્રમ પૂરો થયો. આ સભા પ્રસંગથી ઘણા ભાવિક વૈષ્ણવોને પણ સ્વામિનારાયણ મહાપ્રભુના સર્વોપરી સ્વરૂપનો ખ્યાલ આવ્યો અને યોગીજી મહારાજની દિવ્ય વાણી, એમની અપાર સાધુતા અને બ્રહ્મસ્થિતિનો અદ્‌ભુત આનંદ જોઈને સૌને સાચા સંતના સ્વરૂપની ઝાંખી થઈ !

## દિવ્ય ભાગવતી તનુનો સદુપયોગ કરીએ

રામ બાગ, માટુંગામાં ત્રીજા દિવસની તા. ૨-૬-'૬૨ની સભા પુરુષોત્તમદાસ ફડિયાના પ્રમુખપદે યોજાઈ હતી. ફડિયાજી તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી હતા. તેમણે ઘણા સંપ્રદાયો, મહાત્માઓ અને તેમનાં મંતવ્યોનો અભ્યાસ કર્યો હતો, પરંતુ સ્વામીશ્રીના સંબંધમાં આવતાં જ તેમને સાચા તત્ત્વજ્ઞાનમાં દૃષ્ટિ પડી ગઈ. સ્વામીશ્રીની કેવળ દૃષ્ટિથી જ વચનામૃતના ઊંડા રહસ્યનો ઉકેલ તેમને થતો ગયો. પરિણામે તેઓ માનતા થયા કે સનાતન દિવ્ય સ્વરૂપ અક્ષર અને પુરુષોત્તમ એ જ સાચાં ઉપાસ્ય સ્વરૂપો છે અને તે ઉપાસનાને જીવંત કરવા માટે સ્વામી શાસ્ત્રીજી મહારાજે ઉપાસનાનાં ભવ્ય મંદિરો કર્યાં છે. તે હકીકત આખા સંપ્રદાય માટે તો શું પરંતુ સમગ્ર વિશ્વ માટે એક મહાન ઉપકાર છે.

આ સભામાં પ્રો. શાંતિલાલ સ્વામિનારાયણે શેષ એટલે અક્ષરધામ એ રહસ્ય સમજાવી, ધામ અને ધામીનો અખંડ સંબંધ સમજાવ્યો હતો. જ્યાં ધામી હોય, ત્યાં ધામ હોય જ ! લક્ષ્મણજી શેષજીનું સ્વરૂપ હતા એટલે ધામસ્વરૂપ હતા. તે જ રીતે બળદેવજી પણ શેષજીનું સ્વરૂપ હતા. આ હકીકત શાસ્ત્રોક્ત છે. અને તેથી જ અક્ષર એ પુરુષોત્તમનું ધામ છે. અને પુરુષોત્તમ ભગવાન સાથે અવતરણ પામી પૃથ્વી ઉપર અનંત જીવોનાં કલ્યાણ કરવા પધાર્યા છે. તે રહસ્ય ગુણાતીત જ્ઞાનના ધારક સત્પુરુષ દ્વારા સૌને સમજવા મળ્યું છે. પછી સ્વામિનારાયણ ભગવાનના જીવન પ્રસંગો તેમણે વર્ણવી, તેમનાં કાર્યનો ખ્યાલ આપ્યો હતો. બીજા વક્તાઓમાં મહંત સ્વામી કેશવજીવનદાસજીએ પણ પ્રસંગાનુરૂપ સુંદર પ્રવચન કર્યું હતું.

ફડિયાજીએ બે વાત ઉપર ખૂબ સ્પષ્ટપણે કહ્યું હતું : 'એક તો સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય. એમને હવે ખૂબ આરામ આપવાની જરૂર છે. એમના દ્વારા આ યોગેશ્વરોને જો બરોબર કેળવવા હોય તો સ્વામીશ્રીને પૂરતો આરામ આપી યોગેશ્વરોને સાથે રાખો. પધરામણીઓ, વાસ્તુઓ કે ઉદ્‌ઘાટનો પાછળ એમના આ દિવ્ય ભાગવતી તનુનો ઉપયોગ કરવા કરતાં, આવા પ્રસંગોએ એમના આશીર્વાદ લેવા અથવા એમનાં પ્રસાદીનાં પુષ્પો અથવા હારને એમનું પ્રતીક સમજીએ. તે દ્વારા પણ એમનો દિવ્ય સંકલ્પ આપણા વ્યવહારમાં ભળશે અને આપણું કાર્ય કરશે.' તે રહસ્ય તેમણે સમજાવ્યું હતું. વળી, 'એમનો સમય

ખાનગી વ્યાવહારિક વાતોમાં ન લેવો. વ્યાવહારિક મુશ્કેલીઓ તો એમને અંતર્ગત હૃદયથી પ્રાર્થના કરવાથી ટળી જશે. માટે આ બે વાતો ઉપર સૌ હરિભક્તોએ ખાસ લક્ષ્ય આપવાની જરૂર છે. એટલું જ સમજીને જો આપણે વર્તીશું તો એમના દિવ્ય સ્વરૂપનો આપણે વધુ લાભ લઈ શકીશું.'

ત્યારબાદ અક્ષર અને પુરુષોત્તમની ઉપાસના ઉપર પણ તેમણે સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. આ રીતે આ પ્રસંગ મુંબઈનાં પરાંઓની મુમુક્ષુ જનતા વચ્ચે ખૂબ જ ભવ્યતાથી ઊજવાયો અને યોગીજી મહારાજની દિવ્યતાનો પ્રભાવ સર્વત્ર પ્રસરી ગયો !

## અહોહો કેમ થાતું નથી !

જયંતી-ઉત્સવની પૂર્ણાહુતિનો રવિવાર, તા. ૩-૬-'૬૨, છેલ્લો દિવસ હતો. રામ બાગમાં સવારના ૮-૦૦ થી સભા શરૂ થઈ હતી. આખો બાગ ચિક્કાર થઈ ગયો હતો. સૌને સ્વામીશ્રીનાં દર્શન, વાતો અને સેવાની ઝંખના હતી. પ્રમુખસ્વામી, સંતસ્વામી વગેરેએ પ્રવચનો કર્યાં, બાદ સ્વામીશ્રીએ આ પૂર્ણાહુતિ પ્રસંગે આશીર્વાદ આપતાં કહ્યું :

'ભગવાનનું સ્વરૂપ જાણવા-સમજવાનું સહેલું નથી. ભાવ થવો જોઈએ. ૫૦,૦૦૦ની નોટનો થોકડો પડે તો કેવું અહોહો થાય ! તેમ મહિમા સમજાય કે ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ! મનુષ્યભાવ આવે છે તેથી અહોહો થાતું નથી. દિવ્યભાવ રહે તો થાય. લો. ૧૦ પ્રમાણે જ્ઞાન થયું છે, તે અહોહોપણું - પ્રાપ્તિ - કેફમાં મોળો ન પડે. ભલે રોટલો ને છાશ મળે.'

આ રીતે મુંબઈને આંગણે જયંતી-ઉત્સવ ખૂબ જ ભવ્યતાથી ઊજવાઈ ગયો. આજના પૂર્ણાહુતિ પ્રસંગે સમગ્ર સત્સંગને ભોજન માટે આમંત્રણ આપ્યું હતું. આ સેવા શામજીભાઈ, મગનભાઈ ચત્રભુજદાસ ખત્રી, વ્રજલાલ હિરાચંદ મોદી તથા રમણીકભાઈ હરગોવિંદભાઈ મહેતાએ સ્વામીશ્રીની આજ્ઞા મુજબ ઉપાડી લીધી હતી. હરિભક્તો પ્રસાદ લઈ આ દિવ્યતાનાં ગાન કરતા, મુંબઈમાં શરૂ થયેલા આ બ્રહ્મ અખાડામાં વિશેષ અને વિશેષ લાભ લેવાનો સંકલ્પ કરતાં વિખરાયા હતા.

આ ઉત્સવ પ્રસંગે બળવંતરાય બ્રહ્મભટ્ટ, ધીરુભાઈ ભટ્ટ, મહીપતરામભાઈ દવે, કિશોર દવે, રમેશ દવે વગેરે તથા યુવક મંડળ અને બાળ મંડળોના સભ્યોએ ખૂબ જ સેવા કરી, શિસ્ત જાળવી દરેક પ્રસંગને સફળ બનાવ્યો હતો.

## જ્ઞાન અને આશીર્વાદથી બંધન ન થાય

અક્ષર ભવનમાં બીજે દિવસે વહેલી સવારે મંગળ પ્રવચનમાં સંતોને ઉદ્‌બોધન કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'વચનામૃત ગ.મ. ૬૬માં ચાર મુદ્દા કહ્યા કે જીવતા ને મૂવા કેડે શી પ્રાપ્તિ ? કે કથાવાર્તામાં દિવસ-રાત વીતે, નવરો ન રહે, છક ! આનંદ ! કેફ ! બીજું, પોતાના જીવાત્માનું સાક્ષાત્ બ્રહ્મરૂપે દર્શન થાય, આત્મા દેખાય, પણ 'ગુણાતીત એ જ મારો આત્મા છે' એમ માને. ત્રીજું, અધર્મનો ત્યાગ કરી, ધર્મમાં રહેવાય. મનના વિકલ્પ બંધ ! ચોથું, ભગવાન વિના સારા પદાર્થમાં વૈરાગ્ય. લો. ૧૭માં કહ્યું તેમ - સારામાં મુઝાય. એમ માને કે 'ભગવાન ને સંત મળ્યા.' સવારે ચારથી રાતના બાર એમાં જ જોડાઈ જાય, ત્યારે જાણવું સાક્ષાત્ ભગવાન મળ્યા. દેહ મૂક્યા પછી પોતા જેવો બનાવે. કથાવાર્તાની બાંધણી બાંધી કથાવાર્તાનું અંગ પાડી દેવું. લગની લાગી જાય. ભગવાનમાં લગની લગાડવી. જો ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ જોંટ કરવી હોય તો.

'ભગવાનને અર્થે ભરતજીએ આખી પૃથ્વીનું રાજ્ય છોડ્યું, છતાં મૃગલીનું બચ્ચું આડું આવ્યું એ ચમત્કાર ! જ્ઞાની હતા છતાં આસક્તિ, દયા, બંધન થયું. સ્ત્રી, દ્રવ્ય, ચેલામાં આસક્તિ ન રાખવી. એ ધૂળ થઈ જાય તે ચમત્કાર. ભગવાન ને સંતમાં એવું હેત કરવું. તો એ રૂપ થઈ જવાય. પણ અહીં (સત્પુરુષમાં) થતું નથી. શી સમજણથી આસક્તિ તૂટે ? જ્ઞાન ને આશીર્વાદથી બંધન ન થાય.

'આ આખ્યાન સાંભળી સમજવાનું કે બંધાવું નહીં. જગતમાં આસક્તિ ન કરવી. આવા મોટા બંધાઈ ગયા તો આપણી શી ગુંજાશ ? પાપે કરીને બંધાણા. અનંત પ્રકારનાં પાપ છે, ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે હેત કરવું તે મોટું પાપ છે. ભગવાનના ભક્તોમાં આસક્તિ થાય તો ? એ તો કરવાનું છે. લૂખા રહેવાનું છે ? તેથી એકાંતિક થઈ જવાય.

'બીજા ઉપર દયા તો કરવી પણ ઠેઠ સુધીની ન કરવી. મોક્ષ ફરી જાય તેવી દયા ન કરવી.'

## પચાસ વર્ષથી એક જ વાત શીખ્યા છીએ...

અક્ષર ભવન, દાદરમાં સ્વામીશ્રી સંતોને સમયે સમયે બોલાવીને અલૌકિક વાતોનો લાભ આપતા. તા. ૬ઠ્ઠીએ સંતોને સંબોધતાં કહ્યું :

'જૂનાગઢમાં ૩૦ સાધુ રહેતા. કોઈ ક્રિયા ન ગમે તો નિષ્કપટભાવે સ્વામીને કહે કે 'મને બીજું બતાવો.' એમાં મૂંઝવણ ટળી જાય. દેશકાળ ન લાગવા દે. મૂંઝવણમાં સંકલ્પ-વિકલ્પ થયા કરે. મોટા પાસે નિષ્કપટ થવાથી દેહની ને મનની મૂંઝવણ ટળે. જીવ બાંધવો જોઈએ. નિષ્કપટભાવ મોટી વાત. મહારાજનું સુખ આવે. પ્રફુલ્લિત મન રાખવું. આ પ્રાપ્તિ ! આ સમાગમ ! એમ કેફમાં રહેવું. મહારાજની મૂર્તિમાં જોડાવું છે, અક્ષરધામ લેવું છે, તે માટે મંડ્યા છીએ. વહેલા ઊઠવું. સુહૃદભાવ રાખવો. એકબીજાને જમાડવા. કહેવા-સાંભળવાથી દિવ્યતા આવે છે. તે સત્સંગનો અર્થ ! બે હરિભક્ત, ત્રણ સાધુ સાથે જીવ બાંધવો.

'અમે પચાસ વર્ષથી સત્સંગમાં છીએ. તે મોટા સદ્ગુરુઓ થકી એક જ વાત શીખ્યા છીએ કે નિર્દોષબુદ્ધિ રાખવી, દિવ્યતા જોવી. ભગવાનના ભક્તના ગુણ જોવા; પણ ખટપટમાં ન પડવું. સાધુ થવા આવ્યા ત્યારે અદાએ એક જ વાત કરી કે 'સત્સંગમાં રહેવું હોય, એકાંતિક ધર્મ સિદ્ધ કરવો હોય, તો એક સાખી શીખજો : *નાને સે નાના રહીએ જેસી નાની દૂબ.*'

પછી ગ.અં. ૨૪મું વચનામૃત સમજાવતાં કહે :

'હવે કૃપાવાક્ય, રાજીપાના શબ્દો આવે છે. સ્વભાવ જાવા કઠણ છે. મોક્ષનો સ્વાર્થ જણાય, એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનો સ્વાર્થ જણાય, તો પ્રકૃતિ જતી રહે. ક્રોધ કરે તે શેઠ આગળ ન હાલે. 'ડિસમિસ' કરી દે. સત્પુરુષ આગળ પ્રકૃતિ ન રાખવી. પ્રકૃતિ છોડે તે જ્ઞાની. પ્રકૃતિ સરખું આચરણ કરનારા એકાંતિક કે જ્ઞાની નહીં. બે મુદ્દા કઠણ વચનના – ડંખ પડે, ને પાછો ન પડે. શેઠ વઢે-ધખે તોય નોકર ચૂપ રહે, બોલે જ નહીં, તો પગાર વધી જાય. સામો ઝાપટે તો કાઢી મૂકે. મોક્ષવાળા પાછા ન પડે.

'મુમુક્ષુને ઉત્કૃષ્ટ ગુણની પ્રાપ્તિનું શું સાધન ? કથાવાર્તામાં પ્રીતિ. બંધૂકમાં જેટલો દારૂ ભરે તેટલો ભડકો. તેમ જેટલી કથામાં પ્રીતિ તેટલું જગત ખરે. દોષ કટોકટ વયા જાય. 'થાય છે, કરવા છે' તેની કોરે એમ અટકળ કરવી કે તેમાં સારા ગુણ નહીં આવે.

'પ્રત્યક્ષ અનુભવ કેમ થતો નથી ? વિશ્વાસથી માનવું. કેરીવાળાને ત્યાં આપણને અનુભવ થયો હોય તો વગર પૂછે માણસ મોકલ્યા વિના સારી કેરી જ આપે; તેમ સત્પુરુષનો વિશ્વાસ રાખવો. ભગતજીને (સાક્ષાત્કાર દર્શન) બતાવ્યું, પણ જ્ઞાને કરીને અનુભવ એ ઉત્તમ છે.'

## ગુણાતીત સંતનું ઐશ્વર્ય

સાંજે ૪-૦૦ વાગ્યાનો સમય હતો. મહંત સ્વામી વગેરે સંતોને સ્વામીશ્રીએ કથા કરવા બોલાવ્યા. મહંત સ્વામીએ સ્વામીની વાતો વાંચવી શરૂ કરી. તેમાં આવ્યું કે 'ભલા થઈને કોઈ ઐશ્વર્ય ઇચ્છશો મા.'

સ્વામીશ્રીએ તરત જ પૂછ્યું : 'એ શું આવ્યું ?' મહંત સ્વામીએ ફરી વાંચ્યું. એટલે તેમની સામું જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'ઐશ્વર્ય ગમે ?' મહંત સ્વામી હા-ના કરે એટલામાં સ્વામીશ્રી બધાને આ પ્રશ્ન પૂછવા લાગ્યા. બધા પાસેથી જુદા જુદા ઉત્તરો મળ્યા. પછી સ્વામીશ્રી ધીરે રહીને બોલ્યા : 'અમે શાસ્ત્રીજી મહારાજને રાખ્યા છે, તો નિર્દોષ થઈ ગયા છીએ. સેવક થવાનું ઐશ્વર્ય મળી ગયું છે. માટે મોટાપુરુષને દિવ્ય સમજવા. મનુષ્યભાવ ન આવે એ ઐશ્વર્ય શાસ્ત્રીજી મહારાજે બધાને આપ્યું છે.' એમ કહી દરેકને તેમનાં અંગ જણાવવા લાગ્યા.

વળતી સવારે કથામાં સ્વામીશ્રીએ વાત કરી :

'એક જીવ સોંપીને સમાગમ કરે ને એક ઉપલો સમાગમ કરે, પણ તન, મન, ધન યાહોમ ન કરે. 'સત્પુરુષ મારા ધણી, હું નોકર,' એ જીવ સોંપ્યો. લઈ લે નહીં પણ સોંપી દે. મન સોંપીને સમાગમ કરે તે સાચો.

'જીર્ણ વાસના કેમ થઈ જણાય ? એક પા છાપું ને એક પા વચનામૃત, તો વચનામૃત પડ્યું મૂકી 'હાલો છાપું વાંચી લઈએ' એ ન કરવું. મોજીદડના માધવ પટેલ મહેમાન આવ્યા હોય તેને કહે કે 'હાલો કથામાં. ને ન આવવું હોય તો આ ખાટલો, આ લોટો. સૂઈ જાવ.' તે એકલો શું સૂવે ? ચુમાઈને આવવું પડે. તે જીર્ણ વાસના થઈ કહેવાય. બજારમાં દસ હજારની કમાણી હોય તો ત્યાં જાવું કે અહીં શાસ્ત્રીજી પાસે આવવું ? ભગવાન સંબંધી સંકલ્પ થાય તે બળવાન. બીજું મોળું પડે.

'અમદાવાદ મંદિર સ્વામીને માથે નાખ્યું તો થઈ ગયું; નહીં તો ન થાય. વહેવારમાં ટેકા દઈને એ રાખ્યો હોય તે નિર્વાસનિક. ને બીજો પોતાની મેળે રહ્યો હોય તથા મોટાપુરુષ કહે તોય ન નીકળી શકે તે સવાસનિક.

'આવા સંત પાસે બે ઘડી બેસે તેને સંકલ્પ-વિકલ્પ બંધ થઈ જાય છે.'

## સત્પુરુષના ચટકા ખમવા

બપોરની કથામાં વાત કરી :

'વૃત્તિ જોડાઈ એટલે શું ? તે ભાવને પામી જાય છે. તે રૂપ થઈ જાય. 'સોટી વાગે ચમચમ.' ખાતાં ઉઠાડે, કસોટી કરે પણ ડરે નહીં. ૩૬ ચટકાથી ઈયળ ભમરી થાય. ભીડો વેઠે બ્રહ્મની સ્થિતિ થાય. મર્યા પછી મરવું છે ? ભૌતિક દેહ મટી ગયો. તેની લાલચ રાખીએ તો કામ ન બને. તે સેવા કરતાં કરતાં થાય. ચોકા કરવા પડે, વાસણ ઊટકવાં પડે. સેવા ને ભક્તિ બંને કરવાં. સત્પુરુષના ચટકા ખમવા અને ભક્તિ કરવી. આ બંગલાની બહાર બધા અંધકારમાં છે. ભજન નથી કરતા તે અંધકાર. ૨૪ કલાક ભજન ચાલે. હરણાં ઊંઘે કે જાગે તે ખબર ન પડે. હરણ-ફડકો ને કાકનિદ્રા, એમ ઊંઘવું. *'યા નિશા સર્વ ભૂતાનાં...'* ભણવું છે, વાંચવું છે, એમ ફડકો રાખવો.

'અમે ચોકસી સાહેબના ઘરે મળવા ગયા હતા. થોડીક વાર મોટર ઊભી રહી ત્યાં ૫૦૦ મોટર હાલી ગઈ ! ખરા બપોરે ! જગતના લોકો જગતમાં ઊંઘતા નથી. સિપાઈ (ટ્રાફિક પોલીસ) આડોઅવળો હાથ ન કરે તો એક્સીડન્ટ થાય ને કો'ક જેલમાં જાય. મોક્ષના માર્ગમાં સાવધાન રહેવું. મહારાજની નોકરી ૨૪ કલાક કરવી. *'સંસારીકા ટુકડા, નવ નવ આગે દંત; ભજન કરીએ તો પચે, નહીં તો કાઢે અંત.'* ઊંઘવું થોડું; બાકી બધું ભજન.'

## બ્રહ્મ સંગે બ્રહ્મ થવાય

તા. ૯મીએ વચનામૃત ગ.અં. ૨૧મું સમજાવતાં સ્વામીશ્રીએ વાત કરી કે 'એક પુરુષોત્તમ નારાયણને વિશે પતિવ્રતાપણાની ભક્તિ એ જ ભાગવત ધર્મ.

'ભક્તોના સમૂહમાં રહેવું ને ભીડો વેઠવો એ જ ભક્તિ. વન, પર્વત ને જંગલમાં રહેવા કરતાં સમૂહમાં રહેવું શ્રેષ્ઠ છે. વનમાં શું સમાસ થાય ? સત્સંગમાં રહે તો હજારોને સમાસ થાય.

'અવગુણ લેવાનો સ્વભાવ કેમ ટળે ? આપણો દેહ ૪૫ વખત ખાડે જાય પણ અવગુણ નથી આવતો. શાથી ? આત્મબુદ્ધિ ને પ્રીતિ છે. તેવી ભગવાન ને ભક્તો સાથે રાખીએ તો અવગુણ ન આવે. એકાંતિક ગુણાતીત સંત તેનો જે અવગુણ લે તેના હાથથી મહારાજ જમતા નથી. આરતી કરે, સેવા-પૂજા કરે, પણ મહારાજ સેવા ગ્રહણ કરતા નથી.

'બે ખટારા ભટકાય તેમ જીવને અભાવ-અવગુણના એક્સીડન્ટ બહુ થાય છે. દેહના સંબંધી સાથે હેત રહે તેવો સત્સંગ ન કરવો. સોનાના દોરા જેવા થઈએ તો અપમાનની બહબહાટી બોલે, નાનાં-મોટાં અપમાન કરે, પણ પાછા

ન પડે. મહારાજ વખતે આવું રણશિંગું વાગ્યું તોપણ (ભક્તો) ઢીલા ન પડ્યા.

'મહારાજ કહે : 'તે અમારી નાત.' મન ઝાંખું ન પડ્યું તે વૈષ્ણવ. કારસો નથી પડ્યો તેથી પાકા રહીએ છીએ. સમજણ કરવી. સોનાનો દોરો થયો તે આત્મસત્તારૂપે થયો. બ્રહ્મસંગે બ્રહ્મ થવાય.'

અહીં રવિવારની સત્સંગ સભામાં સ્વામીશ્રી વચનામૃત નિરૂપણ કરી રહ્યા હતા. ત્યારે એક મોટેરા હરિભક્ત મોડા આવ્યા એટલે પાછળ બેસવા લાગ્યા. સ્વામીશ્રીની દૃષ્ટિ પડી એટલે તેમને આગળ બોલાવી કહ્યું : 'જ્યાં ઘટે ત્યાં બેસવું એમ મહારાજની આજ્ઞા છે. તમારે પાછળ ન બેસાય.'

તે હરિભક્ત કહે : 'બાપા ! આપ કથા કરી રહ્યા હતા તેથી આગળ આવીને બેસું તો બધાને વિક્ષેપ પડે.'

સ્વામીશ્રી કહે : 'એમાં વિક્ષેપ ન પડે. પોતાને ઘટે ત્યાં બેસવું. હવેથી વહેલા આવવાનો ખટકો રાખવો.'

સ્વામીશ્રીએ બંને વિવેક શીખવ્યા. મહારાજની આજ્ઞા પાળવી અને સભામાં વહેલા આવવું.

## મારે જીવનું રૂડું જ કરવું છે

આ અરસામાં, સ્વામીશ્રીએ એક યુવકને બે-ત્રણ વાર ત્યાગીની દીક્ષા આપી હતી. તે થોડો વખત ત્યાગાશ્રમમાં રહે અને પાછો ઘરે નાસી જાય. સ્વામીશ્રી તેને ફરી ફરીને સાધુ થવા સમજાવે, પણ કદી સ્વામીશ્રી કંટાળે નહીં કે તેને છોડે નહીં.

એક દિવસ બધા યુવકો બેઠા હતા. તેમાં કિશોરભાઈએ પૂછ્યું : 'બાપા ! અમને કેટલીક વાત સમજાતી નથી, તેથી આપને પૂછીએ છીએ. આપ આ યુવકને સાધુ બનાવો છો તે કદી નભવાનો નથી. આપે ત્રણ વાર સાધુ કર્યો. જાણે હવાફેર કરવા માટે આપની પાસે આવતો હોય એમ આવે છે ને પછી ઘરે પાછો ચાલ્યો જાય છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ કરુણાથી કહ્યું : 'મારો તો એવો મત જે, ગમે તેવો રાજાનો કુંવર હોય પણ મારે તેના જીવનું રૂડું જ કરવું છે. તેથી હું તો મૂંડી નાખું. પછી એ ટકે ન ટકે, એ એનાં પ્રારબ્ધ. હું તો બળ આપું. એમાં એ ટકી જાય તો સત્સંગમાં સોનાનાં ફૂલે પૂજાય. માટે હું તો સાત શું આઠમી વખત પણ સાધુ કરીશ.'

સ્વામીશ્રીનો આટલો ઉમદા અભિપ્રાય જાણવા માટે જીવની શી ગતિ ? એ તો પોતે જણાવે ત્યારે જ જણાય.

## ખરેખરા ભક્ત કોને કહેવાય ?

તા. ૧૧મીએ બપોરની કથામાં સ્વામીશ્રીએ વાત કરી : 'મહારાજે કહ્યું - હું તો ભક્તનો ભક્ત છું. તે ખરેખરા ભક્ત કોને કહેવાય ? ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ હોય તો ખરા ?'

ત્યારે પ્રશ્ન થયો : 'ખરેખરા શું ?'

સ્વામીશ્રી કહે : 'તમારા દીકરાના પગ ધોઈ અમે પી જઈએ, એ ખરેખરા ભક્ત. એ પ્રમાણે ભગવાનના ભક્તનો મહિમા છે. ભગવાનના ભક્તનો જેને અભાવ આવ્યો છે તે મોટા હતા તોપણ પદવી થકી પડી ગયા છે. જે કંઈ રૂડું થાય છે, તે સેવાથી જ થાય છે. ભગવાન પગચંપી કરવાથી રાજી ન થાય. શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા, એના શિષ્યને રાજી કરે તો રાજી થઈ જાય. માનત સ્વામી લોટો લઈને રાત્રે પાણી પાવા નીકળે. દરેકને પાય. ભક્તની સેવા કરે તે ભગવાનની થઈ ગઈ. ભક્તની સાથે રહે ને સેવા ન કરે, તો ભગવાન રાજી ન થાય.'

ત્યારે ફરી પ્રશ્ન થયો : 'અતિ સાચે ભાવે સત્સંગ કરે તે શું ?'

'અંતરાય તૂટે તે સાચો ભાવ થયો.' સ્વામીશ્રીએ ટૂંકમાં સચોટ ઉત્તર કર્યો.

## તેલ ને પાણી જેમ નોખા ન રહેવું

જેઠ સુદ ૧૦, શ્રીજીમહારાજની તિથિ, સવારે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ વાત કરી :

'*મીઠા વહાલા કેમ વિસરું...* આવું હેત થાય તો દિવ્યભાવ રહે, એકતાપણું રહે, મન નોખું ન રહે. મહારાજ અને સ્વામી જેવું કરવું. અંતરાય ન રાખવો. બેપરવાઈ ન થવા દેવી. ભગવાનના ભક્તના ગુણ જ ગાવા. તેલ ને પાણી નોખાં રહે તેમ ન રહેવું. સત્સંગની ભીંસણમાં રહેવું એ સિદ્ધાંત.

'૫૦૦ પરમહંસો મહારાજ સાથે રહેતા. કોઈ ઘેલા પર, કોઈ બજારમાં, કોઈ પાટિયે પડ્યા રહે; પણ મહારાજ વિશે દિવ્યભાવ. દર્શનનું સુખ મળે, દેહને ભૂલી જાય. સડેલી જાર મળે. જાતે દળવાનું. બધા સાધુ દળે. પ્રકરણ ફેરવ્યાં પણ પાછા ન પડ્યા. ભીડા વેઠ્યા. લાખોના ઉદ્ધાર કર્યા. અક્ષરપુરુષોત્તમનો દિગ્વિજય

કરવો છે, દેહને કારસો પડે પણ મહિમા જાણવાથી ભીડો ન લાગે.

'સારંગપુરમાં એક જ તપેલી નાની. નારણ સ્વામી કોઠારી ધર્મજના. દસ વાર કોદરી રાંધે. દિવ્યભાવ ! પીરસ્યા કરે. શાસ્ત્રીજી મહારાજ સ્વામીએ બહુ પ્રશંસા કરી. સ્વામી છતાં ભીડા વેઠ્યા તેના ગુણ ગાઈએ છીએ. હવે ભીડો ભણવાનો. સ્વામિનારાયણનો દેશ-પરદેશમાં પ્રચાર કરવો એ સેવા. બાકીનો ભીડો સ્વભાવ જીતવા, મનધાર્યું મૂકવું અને સ્વામિનારાયણનો વાવટો ફરકાવવો.'

પછી આશીર્વાદ આપી *'મીઠા વહાલા...'* કીર્તન બોલાવ્યું.

બાદ છેલ્લાનું ૨૫મું વચનામૃત વંચાવતાં વાત કરી કે 'આ બધાં છેલ્લી શિખામણનાં વચનામૃત છે. પછી મહારાજ ધામમાં જતી વખતે છેલ્લી શિખામણ આપે છે કે 'ભગવાન ને ભક્તોનો મહિમા સમજો, દિવ્યભાવ રાખો, તો કેફ વર્તશે અને અનુભવમાં મુકાશે. ખપ છે, પણ મહિમાની ખામી છે તેથી મન સોંપાતું નથી. બીક રાખે : 'અમને બાવા કરશે તો ?' સાધુને ક્યાં લઈ લેવું છે ? પણ એવી બીક રહે. સાધુ ગામ આવ્યા હોય તો 'ફંડફાળા સારુ આવ્યા લાગે છે' એમ ધ્રાસ્કો પાડે; પણ જેણે તન, મન, ધન અર્પણ કર્યું હોય, તેને શી બીક હોય ? સર્વસ્વ ભગવાનનું જ છે.' આ વાત કરતાં કરતાં સ્વામીશ્રી ખૂબ જ હસ્યા અને માઇક બાજુ પર ખસેડીને વાત કરી.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં ભીમ એકાદશીનો સમૈયો જૂનાગઢની સ્મૃતિ કરાવતાં સ્વામીશ્રીએ ઊજવ્યો.

ભીમ એકાદશીએ સ્વામીશ્રીનો રંગ કોઈ જુદો જ વર્તાતો હોય ! જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી આ ઉત્સવ ઊજવતા. કંઈક એવા જ કેફમાં સ્વામીશ્રી હતા. મંગળ પ્રવચનમાં અદ્‌ભુત વાતો કરી :

'નિષ્કામીપણું શું ? પાંચ પાંચ દિ'એ ઉપવાસ.

'નિર્માનીપણું શું ? બે ટુંકારા ખમવા.

'નિઃસ્વાદીપણું શું ? પત્તરમાં પાણી નાખી જમવું.

'ભગતજીની ઓળખાણ કેમ થાય ? અપમાન કરે તોય બોલે નહીં તે ભગતજી. તો સૌને ગુણ આવ્યો. આત્મનિષ્ઠા સિદ્ધ કરવી. શબ્દ ન લગાડવા.

'મહારાજ 'સર્વોપરી છું' એમ કહે છે. ગોપીનાથના મંદિરમાં બેઠા છે. જેના મંદિરમાં બેઠા તેને જ આમ કહે છે. ધણીને શું વાંધો આવે ? મહારાજ ગઢડામાં બેઠા છે તે અક્ષરધામ. ભગવાન અને સંત બેઠા તે ધામ અને મુક્તો ચૈતન્ય છે.

'આ વસ્તુ તમને મળી છે તેથી પર કોઈ નથી, એમ ગુણાતીત સ્વામીએ હરિશંકરભાઈને કહ્યું. અહીં ધૂપ, દીપ, પૂજન કરીએ એટલે અક્ષરધામમાં પૂજન થઈ રહ્યું. કેટલાક મહારાજને કૃષ્ણ જેવા માનતા હતા. આ તો પ્રકૃતિથી પર, અવતારી. બીજા તો પ્રકૃતિના આકાર. *'મુજ વિણ જાણજો રે...'* માયિક આકારનું ચિંતવન કરનારા અનંત કલ્પ સુધી દુઃખને પામે છે.'

દર અઠવાડિયે મુંબઈ વેપારની ખરીદી અર્થે આવતા અમદાવાદના ધીરુભાઈ બગડ પાછા જઈ રહ્યા હતા. દર વખતે સ્વામીશ્રી તેમને યાદ કરી બોલાવતા અને સંભાવના કરતા. ભલે વેપાર અર્થે આવે, પણ પોતાના ભક્ત જાણી સત્સંગ-લાભ આપતા.

એક દિવસ તેમને વળાવતાં બપોરની કથામાં સ્વામીશ્રી કહે : 'હાલો, ભાથું બંધાવી દઈએ.' એમ કહી બોલ્યા : 'પોતાના અવગુણ ભાસે ત્યારે ભગવાનનું દર્શન થયું એમ જાણવું. જ્યાં સુધી નિર્દોષભાવ નથી થયો તો મોક્ષમાં અધૂરું. મોક્ષ એટલે જેમ છે તેમ જોડાવું, ઓળખવું. અનુવૃત્તિ પાળી લેવી. ૨૦-૨૫ વરસથી સત્સંગ કરીએ છીએ, કેટલો મહિમા સમજ્યા ? કેટલી અનુવૃત્તિ પાળી ? એ જોવું. કાંઈ ન સમજતો હોય તોપણ ગુણ જ લેવો. બને તેટલી સેવા કરવી; અવગુણ ન લેવો. બીજું, મહારાજ સર્વોપરી તે ઉપાસના, ને સુહૃદભાવ ભગવાનના ભક્તમાં કરવો, એ ત્રણ મુદ્દા રાખવા.'

## અંતર્યામીની કરુણા વર્ષા

અક્ષર ભવનમાં પહેલાં એક જ માળનો કબજો હતો. જગ્યાની અગવડ ઘણી એટલે અગાશીમાં તાડપત્રીનો મંડપ કરેલો. તેની નીચે રસોડું ચાલે. સ્વામીશ્રી, સંતો, હરિભક્તો બધા ત્યાં જમે. નારાયણ ભગતને રોજ થાળ ગાતી વખતે સ્વામીશ્રી સંભારે અને ગમે ત્યાંથી અવશ્ય બોલાવે. પાસે બેસાડે. પણ ભોજન વખતે સ્વામીશ્રી સંતોને પ્રસાદી આપે. તેથી નારાયણ ભગતને રોજ એમ થાય કે 'થાળ ગવરાવવા મને બોલાવે છે, પણ થાળની પ્રસાદી તો કોઈ દિવસ આપતા નથી.'

એક દિવસ આ વિચારનો વેગ વધી ગયો. તેઓ આ વિચારમાં ને વિચારમાં જ જમવા બેઠા હતા. સ્વામીશ્રી પાણીની ટાંકી તરફ દૂર જમવા બિરાજતા. નારાયણ ભગત સીડીના દરવાજા સામે બેસતા. આજે સ્વામીશ્રી એકદમ તેમની પાસે પ્રસાદી લઈને આવ્યા. સામે બેસી ગયા અને તેમના

પત્તરમાં બધું પીરસ્યું અને એટલું જ બોલ્યા : 'હવે શાંતિ થઈ ?' નારાયણ ભગત તો દિગ્મૂઢ બની ગયા !

અંતર્યામીપણે આવી કરુણા વરસાવતાં સ્વામીશ્રી ગમે તેને પણ અતિ વહાલા લાગે અને સૌ એમને વશ થઈ જાય તેમાં શું કહેવું ?

તા. ૧૭મીએ, સવારે ૫-૩૦ વાગે *'માવજી મુજ પર...'* અને *'માહરે મંદિરે અખંડ રહો માવજી...'* એ બે પદ સ્વામીશ્રીએ સંતો પાસે બોલાવ્યાં. પોતે સાથે બોલ્યા અને કહે :

*'રસિયાજી તમ સંગ રંગ લાગ્યો ઘણો, ગમે નહીં જગતનો ગંધ મુજને...* મહારાજ, સ્વામી અને એકાંતિકનો રંગ લાગ્યો હોય તો બીજું ગમે નહીં. ત્યારે જાણવું જે, રંગ લાગ્યો. ગોપીઓને સંસારનાં સુખ ઝેર જેવાં લાગ્યાં હતાં. તેમ રંગ લાગે તો રજોગુણના સ્વભાવ જાય. એટલા માટે સમાગમ; તેથી દોષ ટળે ને શાંતિ થાય. રંગ લાગે એટલે તેને સત્પુરુષમાં આસક્તિ થઈ જાય; હેત થઈ જાય. દરેકને એ જ કરવાનું છે. સંકલ્પ-વિકલ્પમાત્ર બંધ થઈ જાય. નદી ઘૂઘવાટ કરતી હોય, પણ સમુદ્રને જોઈને 'સ્ટોપ' - બંધ થઈ જાય.

'સ્વામી ગઢડાથી વડતાલ ઉઘાડા પગે દર્શન માટે ચાલ્યા. તે જોડ માટે એક સાધુને પાકના લાડવા આપ્યા. જાતે મૂર્તિ રાખતા હતા (અખંડ મહારાજને હૃદયમાં દેખતા), છતાં પ્રગટની કેટલી તાણ ! મહારાજનું છોગલું જોઈ દર્શન કરતા જાય. દર્શન, સમાગમ, કથાવાર્તાનો ખપ હોય તો દેહનું સુખ ન ગણાય. મનમુખી સત્સંગ ન કરવો.' એમ ઘણી વાત કરી.

## ભાવિના સત્ય સંકલ્પો

આજે રવિસભાનાં પ્રવચનો પૂરાં થયાં. સભા સમાપ્તિ પર હતી ત્યાં સ્વામીશ્રી સામેથી કહે : 'લાવો, બે શબ્દ વાત કરી લઉં.' એમ કહી બોલ્યા :

'આજે રવિવારની સભા. કિંમતી દિવસ. પહેલાં ૧૦-૨૦ પત્તાં લખી શરૂ કરેલું. નદી નાની, પછી નર્મદાનો સાગર થઈ જાય. હજુ વધુ ગોઠવણી કરવી પડશે. દસ-વીસ પ્રોફેસરો ગોઠવવા પડશે. દરેક ગામમાં ફરશે. ૧૦,૦૦૦ પત્રિકા જવી જોઈએ. 'કલ્યાણ' માસિક લાખ જાય છે. સ્વામિનારાયણ સર્વોપરી, તો પાંચ લાખ જવી જોઈએ ! આપણે ૧૦,૦૦૦ વાપરી છાપખાનું કરવું છે. તેમાં છપાય. અહીં ઘણી લક્ષ્મી આવવાની છે. શાસ્ત્રીજી મહારાજ વખતે પાંચ સાધુ હતા. અત્યારે ઘણા સંતો તૈયાર થયા. લેખ લખવાવાળા... શરૂ

થઈ ગયું. *'કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે...'* શ્રીજીમહારાજ કલ્પતરુ.

'હરિલીલાકલ્પતરુ હવે આપણે છપાવવું છે. મોટો ગ્રંથ છે. શાસ્ત્રીજી મહારાજનો તે સંકલ્પ પૂરો કરવો. શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'મને ઉમંગ છે.' સ્વામીની ઈચ્છાથી ગોંડલમાં લખાઈ ગયો. બે સંકલ્પ કરવા : ૧. સાહિત્યનો પ્રચાર કરવો; ૨. સાધુ વધારવાનો. તે ધીમે ધીમે થાય. મોટાનાં વચન છે. દરેકે શ્રદ્ધા, ઉમંગથી, જીવન ચરિત્રો બહાર પડે તે વાંચવાં. હવે આટલું કામ બાકી છે.'

## સાચવવા ન પડે એ સાર

પછી રાતની સભામાં પણ સુંદર વાતો કરી :

'અમને એમ થાય છે કે સર્વેને મુક્તાનંદ સ્વામી જેવા કરી દઈએ. સાચવવા જ ન પડે. જ્યાં હોય ત્યાં તૈયાર. મુક્તાનંદ સ્વામીમાં બે ગુણ હતા : એક, સાચવવા જ ન પડે; બીજું, કોઈ શબ્દ કહે તો આકાશનો ભાગ. સ્વામી કહેતા : 'કેશવલાલ પ્રાગજીને સાચવવા ન પડે ને ઝવેરભાઈને સાચવવા પડે. નહીં તો અભાવ લે. મુક્તાનંદ સ્વામીને જ્ઞાન. તેમને આવરણ કાપતાં આવડે. નિયમ કે આ જોવું - આ ન જોવું, આ સાંભળવું - આ ન સાંભળવું. નિયમમાં રહે ને કથાવાર્તા કરે તો સાચવવા ન પડે. મોટાપુરુષને આપણી ફકર ન પડે, તે વૃદ્ધિ પામ્યા કહેવાય.'

તા. ૧૯મીએ વચનામૃત વરતાલ ૧૯ વંચાવતાં બોલ્યા :

'ભગવાનની વાર્તા કરીએ છીએ – એમ મહારાજે કહ્યું. તે સૌ પરોક્ષનું સમજ્યા, પણ 'મહારાજ તમારી વાત કરો' એમ કોઈ ન બોલ્યા. સત્પુરુષ મળ્યા એ જ મોક્ષ અને એ જ અક્ષરધામની પ્રાપ્તિ.

'મોટાપુરુષના આશીર્વાદથી ને કૃપાથી અનુભવ થાય.' આ પ્રમાણે પ્રગટના સંબંધ ઉપર ખૂબ ભારપૂર્વક વાતો કરી. પછી પ્રશ્નોત્તરી સારી થઈ.

સ્વામીશ્રી : 'જીવ માયામાં પ્રલયકાળે લીન થયેલા. અનાદિના છે. અનાદિના આસુરી છે તે દૈવી થતા નથી. સાધારણ આસુરી હોય તો દૈવી થાય.'

હરિભક્ત : 'આસુરીભાવ જીવમાં છે તેનો હેતુ કયો ?'

સ્વામીશ્રી : 'અફીણ ક્યારથી કડવું થયું ? એ તો અનાદિના; અસુર-ભાવમાં જ જન્મેલા. મુખ્ય હેતુ એ કે સત્પુરુષનો જેની ઉપર રાજીપો થાય તે દૈવી. એકાંતિક ભક્તને દુઃખવે તો આસુરી થાય. એકાંતિક તો દુખાતો નથી, પણ તેમાં રહેલા ભગવાન દુખાઈ જાય છે.

'પહેલું, કોઈનું વાંકું ન બોલવું; બીજું, ખટપટમાં ન પડવું; ત્રીજું, દરેકનો ગુણ લેવો; ચોથું, ઊતરતા શબ્દ ન સાંભળવા; તો રાજીપો થાય.'

હરિભક્ત : 'અત્યારે શું કરે ત્યારે રાજીપો થાય ?'

સ્વામીશ્રી : 'વર્તમાનમાં કોઈની ચૂક પડે તો મોટાપુરુષ તેને પ્રાયશ્ચિત્ત આપે. આપણે કહેવું નહીં. કોઈને સમજાવવા પણ કટાક્ષમાં ન કહેવું. બિલાડી ઉંદરને પકડે ને બચ્ચાંને પકડે તેમાં કેટલો ફેર ! કટાક્ષમાં કહે તો દ્રોહ થાય. સિંહાવલોકી થઈએ તો જ્ઞાન થાય. ઘરનો ગોળ ખાવો, પણ પટલાઈમાં પડવું નહીં. આપણે સંબંધ સામું જોવું. કાંઈ પણ સમજતો ન હોય, તોપણ આપણે ગુણ લેવો.

'સત્સંગ એટલે શું ? અનુવૃત્તિમાં રાજીપો. અસુરભાવ જતો રહે. રાજીપો થાય તે જીવ દૈવી થઈ જાય. કલ્યાણ ઇચ્છવું તેણે દ્રોહ ન કરવો. ટેવ જ ન પાડવી. તો રસ્તો સૂઝે. ગુણને રસ્તે જઈએ તો આપણને રસ્તો સૂઝે છે. જે રીતે ભગવાન ને સત રાજી થાય તે રસ્તો લેવો.'

બીજે દિવસે સવારની સભામાં સ્વામીશ્રીએ વાત કરી :

'સત્પુરુષનો વિશ્વાસ હોય, વચનમાં વિશ્વાસ હોય, તો (સ્વામીનો) આશરો, (સ્વામીનો) નિશ્ચય થઈ જાય. લાભ મળ્યો છે પણ જીવમાં ગેડ બેસે તો હવાદ આવે. મહિમા સમજાય તો વિશ્વાસ આવે, પછી ગેડ બેસે.

'જેમ ભગવાનની માનસી-પૂજા કરે, તેમ ઉત્તમ ભક્તની ભેગી પૂજા - ગુણાતીતની કરે. આપણા જેવાની નથી કહેતા. ગુણાતીતને અર્થે મંદિરમાં પાંચ-પચાસ આપવા પડે. સ્વામી શાસ્ત્રીજી મહારાજે સરખી સેવા કરી, તો મહારાજ-સ્વામીની મૂર્તિઓ બેસી ગઈ. હજારો દર્શન કરે છે. કનિષ્ઠમાંથી ઉત્તમ થઈ જાય. મહારાજ કહે : 'મને સો વાર જમાડે, ને મારા ભક્તોને એક વાર જમાડે, તો હું સો વાર માનું છું.'

'જૂના સંપ્રદાયવાળા કહે : 'તમે સ્વામીને મુગટ પહેરાવો છો;' પણ ઉત્તમ ભક્ત છે એટલે સરખી સેવા થાય.'

## એકાંતિક, પરમ એકાંતિકમાં ભેદ

તા. ૨૨મીએ સવારની સભામાં ચાર પ્રકારના પુરુષની વાત સમજાવતાં કહે :

'દેહ વ્યવહારમાં રહે પણ વૃત્તિ અહીં રહેવી જોઈએ. તો સમજવું ગોપીઓ જેવી સ્થિતિ થઈ.

'એવી અસાધારણ ભક્તિ શેનેથી આવે ? પૂછનારા જબરા. તરત પ્રશ્ન તરત જવાબ. 'મારી સેવા કરો' એમ કેમ ન કહ્યું ? પોતાનો વંશ રાખનારા સંત છે. તેની ભક્તિ કરો.

'દીવા જેવા મોટાપુરુષ હોય તે શું ધોળે ? શું મોક્ષ કરે ? વિષયનો ઝપાટો આવે ત્યાં ઠેકાણે પડી જાય. ને મશાલ જેવા પણ પવનના ઝપાટે ઠરી જાય. ચાર પ્રકારના એકાંતિક; તેમાં એકને લીધા ને ત્રણને પડતા મૂક્યા. લોકલ ગાડી પડી રહે ને મેલ આગળ નીકળી જાય. બે તો ઓલાય જ નહીં. વડવાનળ ! વડવાનળના ઉચ્છિષ્ટમાં અનાજ થાય છે, તે જમીએ છીએ. છે કાંઈ તેમાં ? તેમાં જગત સુખી છે.

'હિરોભાઈ મુખી - બોચાસણના, કોઈને ન માને. જોબન વડતાલા જેવા. શાસ્ત્રીજી મહારાજે મીઠા કર્યા. એના હાથે બોચાસણનું મંદિર કરાવ્યું. અધમ, પાપી પોતાને શરણે આવે તેને શુદ્ધ કરે. એવા વડવાનલ છે. તેની સેવા પોતાના ધર્મમાં રહી કરે. ખારાને મીઠા કરે તે વીજળી જેવાથી ન થાય. આ શક્તિમાં મોટા, પ્રકાશ મોટો. સુપ્રિમ કોર્ટની અપીલમાં જવું પડે. હાઈકોર્ટમાં ન ચાલે. પૈસા ખોઈ બેસાય.

'પરમ એકાંતિક પાપી-અધમને પોતાના ભાવને પમાડી દે. વીજળી જેવા સસ્કાર લગાવે.

'સાધન શું ? આજ્ઞા પાળવી પડે.

'અમે સ્વામી પાસે બેસતા. ટાઢું થઈ જાય. શાંતિ થઈ જાય. તમે જોયેલા નહીં, ભગવાન-સ્વરૂપ સંત. એ વડવાનળ કહ્યા છે. મહારાજનો વંશ કંઈ બંધ ન થાય. આ તો વડવાનળની વાત હાલે છે.'

રાતની સભામાં એકદમ જૂની સ્મૃતિ કરાવતાં હાસ્ય વેરતાં બોલ્યા :

'ખાનગી વાત છે. ઝોલાં મને બહુ આવે. ગાડામાં ઝોલાં આવે. દાજી બાપુનું માથું મને વાગે ને મારું માથું તેમને વાગે. કથાનો નિયમ. ૧૨-૩૦ વાગે સૂઈએ. ઝોલાં આવે તો એકબીજાનો હાથ ખેંચીએ. સ્વામી કહેતા : 'આ જોગી ને નિર્ગુણ સ્વામીનું માથું ઠેઠ નીચે અડે !'

સ્વામીશ્રી વાતનો પ્રારંભ એવો કરે કે એમની વાત સાંભળવા આખી સભા એક કાન થઈ જાય. 'ખાનગી વાત' જાહેર સભામાં કરવાની સ્વામીશ્રીની લાક્ષણિકતા હરિભક્તોનાં હૈયાંને ભક્તિભાવથી ભીંજવી જતી.

બીજે દિવસે બપોરની સભામાં વચ. ગ.અં. ૨ વંચાવતાં કહે :

'સત્સંગ એટલે સત્પુરુષ. સત્પુરુષનો સંગ થાતાં પહેલાં આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું ને દાસત્વ ત્રણ મારગ આવે તો વચલો - ડાબો - જમણો કયે માર્ગે જવું તેમાં ડખો, વિભ્રાંત થઈ જવાય. કોઈ બતાવે તો વિભ્રાંત મટી જાય. તેમ સત્પુરુષ મળ્યા પછી તમારું અંગ પતિવ્રતાપણું કે આત્મનિષ્ઠા કે દાસત્વ એમ કહે, તે વિશ્વાસથી વિભ્રાંતપણું ટળે.

'ક્રોધથી વિભ્રાંત થઈ જવાય. સગા ભાઈને કોદાળી મારે. લોભે પૈસો ભેગો કરવો છે. તેમાં પણ એવું. મોટાપુરુષને પૂછવું : 'મારું કયું અંગ છે ?' પછી તે માર્ગે ભક્તિ કરવી. હરિભક્તોને જમાડ્યા કરવા. અંગમાં રહી ભક્તિ કરે, કામાદિક ક્ષીણ પડી જાય. 'હું સહજાનંદનો દાસ છું.'

'અનાદિ સત્પુરુષ કોણ છે ? ગુણાતીત. સત્પુરુષના યોગે કરીને સંસ્કાર થાય છે. એવા સંતનો સંગ મળ્યો છે; તોપણ જેમ છે તેમ નથી સમજાતું તે અતિશય મંદબુદ્ધિવાળો. કીડી સાકરના કોથળામાં ચડી જાય તો સાકર ખાતી ખાતી કાશી પહોંચી જાય. માટે આપણે કોથળામાં બેસી જાવું. આ સભા સામાન્ય નથી. ગૌલોક, વૈકુંઠથી અધિક માનું છું. તપ, ત્યાગ ને વર્તમાન સામું જોઈ રહેવું. પોતાના સ્વરૂપને બ્રહ્મ માનવું ને દર્શન કરવું તે સેવા છે. આપણને ન મનાતું હોય તેથી સમ ખાય છે. બધાને પ્રકાશે યુક્ત દેખું છું. તે શું ? તેજ-ભડકો નહીં. સંબંધે કરીને. નહીં તો મનુષ્યભાવ આવી જાય.'

## વચનામૃતનો સાર

તા. ૨૪મીએ મંગળ પ્રવચનમાં વચનામૃત ગ.અં. ૭ ઉપર સ્વામીશ્રીએ વાત કરી :

'હરિભક્તો બેઠા છે. સંતો નથી. અંતરનો સિદ્ધાંત કહે છે. સિદ્ધાંત થોડો હોય. ભગવાન ને સંત વિના કાંઈ સુખદાયી નથી. રૂપિયા ટકા કાંઈ ન બતાવ્યું. જે વસ્તુ સુખદાયી હોય તેમાં સોળ આના પ્રેમ રાખવો જોઈએ. આત્મબુદ્ધિ ને પક્ષ. માથું જાય પણ પક્ષ ન મૂકવો. આમ પક્ષ રાખે ને પાછળથી અભાવ લે. પક્ષ રાખવો પણ અભાવ આવવા દેવો નહીં. મહારાજ દૂધમાં પોરા બતાવે છે. ૨૬૨ વચનામૃતોનો એક જ સાર : દેહનાં સંબંધી વહાલાં રાખવાં નહીં. દાદાખાચર... મોટા ભક્તોએ કર્યું તેમ કરવું. ટાણે સંબંધી વહાલાં ન રાખે.

'મહિમા એક સમજાય તો પક્ષ રહે. મહિમા સમજાય તો સંબંધી વહાલાં રહે નહીં. ચૈતન્યભૂમિકાનું જ્ઞાન સમજાવે છે. ધામમાં સેવા કઈ ? મૂર્તિ સામું

જોઈ રહેવું તે જ સેવા. ચહ ચહ સુખ લીધા જ કરે !'

આજે સાંજની સભામાં સ્વામીની વાતોનું નિરૂપણ કર્યું :

'સત્પુરુષને વિશે નિશ્ચય થાય તો પછી આત્મનિષ્ઠા ને ધર્મ એ બે આપી દે. 'સત્પુરુષ મારા અને હું એમનો છું' એમ માનવું જોઈએ.

'સત્પુરુષને વિશે મનુષ્યભાવ ને દિવ્યભાવ શું ? મંદવાડ ગ્રહણ કરે, દેહભાવ બતાવે, દવા લે... ત્યારે પણ દિવ્યભાવ સમજવો કે 'એ તો બીજાના રોગ દૂર કરવા માંદા થયા છે.' એમ ને એમ તો દિવ્યભાવ સૌને રહે, પણ મનુષ્યભાવમાં દિવ્યભાવ સમજવો કઠણ છે. માટે એ કરવું.'

## નારણ સ્વામી છે તે હું છું

આ અરસામાં પ્રમુખસ્વામી ગોંડલ જવાના હતા અને કેટલીક વ્યાવહારિક બાબતોમાં બાલમુકુંદ સ્વામી સાથે બેસી માર્ગદર્શન આપવાના હતા. તેથી સ્વામીશ્રીએ તા. ૨૪-૬-'૬૨ના રોજ તેમને પત્ર લખ્યો :

*'પૂજ્ય બાલ-મુકુન્દ સ્વામી ! પ્રમુખસ્વામી ત્યાં સહેજે પધાર્યા છે, તો તે કહે તેમ કરશો. તે બધો વહેવાર દરેક મંદિરનો જાણે છે. તો યોગ્ય કરશો. નારણ સ્વામી છે તે હું છું, તેમની સલાહ પ્રમાણે કરશો.'*

સ્વામીશ્રી પત્રોમાં ઘણી વાર મોટેરા સંતોનો મહિમા લખતા, જેથી પરસ્પર આમન્યા અને સુહૃદભાવનું વાતાવરણ રહે. પરંતુ પ્રમુખસ્વામી માટેની એમની દૃષ્ટિ અને મહિમાની અવધિ 'નારણ સ્વામી તે હું છું' ત્યાં સુધી વિસ્તરી હતી. કેમ કે પોતાના ઇષ્ટ અભીષ્ટ શાસ્ત્રીજી મહારાજના અત્યંત લાડીલા પ્રમુખસ્વામી, સ્વામીશ્રીને મન પોતાના સર્વસ્વ સમાન હતા.

એક બપોરની કથામાં વચનામૃત ગ.મ. ૪૧ સમજાવતાં વાત કરી : 'આપણે હંમેશાં દસ દંડવત્ કરવા અને એક વધારાનો કરવો. ૫ મોક્ષના, ૬ નિયમના. દેડકિયા ન કરવા. સાષ્ટાંગ દંડવત્ કરવા.'

સ્વામીશ્રીને ઠાકોરજીની સંપૂર્ણ આમન્યા રખાય તે ખૂબ ગમતું, પરંતુ દંડવત્-પ્રણામ જેવા ભક્તિ-સાધનમાં કોઈ ગરબડ કરતો હોય તો તેઓ તેને સીધું ન કહે, પણ સભા દરમ્યાન પોતાની રુચિ જણાવી દેતા.

## ફરી કોઈ દી' અમને નહીં છોડી દો ને !

છેલ્લાં ચાર-પાંચ વર્ષથી મુંબઈના યુવક ધીરેન્દ્રભાઈ વીંછીને સત્સંગનો

રંગ લાગ્યો હતો, પરંતુ નબળી આર્થિક પરિસ્થિતિ અને અંગત પ્રશ્નોને કારણે તેઓ ખૂબ મૂંઝવણમાં હતા. તેમને લાગતું કે તેઓ જાણે મૂઢની જેમ સત્સંગ કરી રહ્યા છે. જીવનનાં ઘણાં ક્ષેત્રોમાં તેમને સફળતા, સહકાર કે હૂંફ ન મળતાં તેઓ આંતરિક રીતે ખૂબ નંખાઈ ગયા. આ જ કારણે તેમને સત્સંગમાં પણ શંકા-કુશંકા થયા કરતી. બધું 'ઉપજાવી કાઢેલું' લાગતું. આ છતાં રોજ સાંજ પડે ને તેમના પગ સ્વામીશ્રીનાં દર્શન માટે અક્ષર ભવન - દાદર તરફ વળી જતા.

રોજના ક્રમ પ્રમાણે તેઓ સંધ્યા આરતીમાં આવ્યા. આરતી પછી સ્વામીશ્રીએ તેમને બોલાવ્યા : 'વીંછી ! તમે તમારા ભાઈબંધ-દોસ્તારોને અહીં દર્શને લઈ આવો તો તેને જોગ થઈ જાય. બળ મળે.'

'ભલે, બાપા !' તેમણે તરત જ હા પાડી.

સ્વામીશ્રી કહે : 'એમ નહીં, અત્યારે જ નીકળી જાવ !'

તેમને તત્કાળ કોને ત્યાં જવું તે વિચારો આવવા લાગ્યા. છેવટે માહિમ રહેતા શાળાના મિત્ર નંદલાલ બજાજના ઘરે ગયા. ૮-૦૦ વાગ્યા હતા, પણ મિત્ર ન મળ્યો. '૧૧-૦૦ પછી આવવાનો છે' - એવા સમાચાર મળતાં ધીરેન્દ્રભાઈને ફરી એ ઉદાસી ઘેરી વળી : 'આમાં પણ પ્રથમ ગ્રાસે મક્ષિકા ?' અને વિચારોની હારમાળા ચાલી : 'ભગવાન કેમ સહાય નથી કરતા ? આવી નાની વાતમાંય નિષ્ફળતા કેમ ? ચોતરફથી ફટકા જ પડે છે, તેની પાછળ જવાબદાર કોણ ? હું ? સત્સંગ ? કે પરિસ્થિતિ ?'

તેઓ માહિમ સ્ટેશને પહોંચ્યા. ખાલી બાંકડા પર બેસી ગયા. વિચારોનો વેગ વધ્યો અને તેમણે નિર્ણય લીધો : 'બધાં દુઃખનું મૂળ સત્સંગ છે. એ છોડી દેવો અને મુક્ત થઈ જવું !'

તેઓ તેમના ઘરે બોરીવલી પાછા ફર્યા. સવારે તેમનાં પત્નીને પોતાનો આ નિર્ણય જણાવ્યો : 'હવેથી સત્સંગ બંધ !'

તેમનાં પત્ની તો સ્તબ્ધ જ બની ગયાં ને કહે : 'દુઃખ આપણને અને આળ યોગીબાપા ઉપર મૂકવું એ ખોટું કહેવાય. માટે સત્સંગ તો કરવો જોઈએ.' તેમણે ઘણું સમજાવ્યું, પણ ધીરેન્દ્રભાઈ એકના બે ન થયા. છેવટે તેમણે કહ્યું : 'જેવી તમારી મરજી, પણ આજનો દિવસ તો જઈ જ આવો.'

ધીરેન્દ્રભાઈ સંમત થયા. નોકરીએથી પાછા ફરતાં તેમને આ શબ્દો સાંભર્યા અને મંદિરે પહોંચી ગયા. સ્વામીશ્રીને પગે લાગ્યા. સ્વામીશ્રીએ એકદમ પ્રેમથી તેમના ગળે હાથ ફેરવ્યો. અને કાનમાં આંગળી ફેરવતાં કહે :

'આવી ગયા ને ? હવે ફરી કોઈ દી' અમને નહીં છોડી દો ને !'

આ શબ્દોમાં એવી ધરપત, એવું આશ્વાસન અને એવું કામણ હતું કે ત્યારપછી પણ એમને અસંખ્ય મુશ્કેલીઓ આવી, પણ તેઓ સત્સંગમાં અચળ-પણે રહ્યા. જીવને સત્સંગમાં નભાવવા સત્પુરુષ કેટકેટલી રીતો અપનાવે છે !

## જીવને નભાવવાનું તાન

સાંજે ૪-૦૦ વાગ્યાનો સમય હતો. સ્વામીશ્રી ઠાકોરજીના ઓરડામાં પોતાને આસને બિરાજી પત્રો વાંચી રહ્યા હતા. એવામાં મહંત સ્વામી ત્યાંથી પસાર થયા. સ્વામીશ્રીએ તેમને બોલાવ્યા અને કહે : 'પેલા નાના સંતોને બોલાવી લાવો.'

મહંત સ્વામીએ તે નાના સંતોને બોલાવ્યા. સૌ સ્વામીશ્રી પાસે આવીને બેઠા. સ્વામીશ્રી પત્ર-પેન બાજુએ મૂકી થોડા આગળ ઝૂકી, બે હાથ જોડી સંતોને કહે : 'તમારે બધાએ મને દિવસમાં એક વાર દર્શન દઈ જવાં.'

પછી કહે : 'અહો ! બધા બહુ મોટા થઈ જાશે. બહુ આગળ નીકળી જાશે. બ્રહ્માંડ ડોલાવશે અને બધાય સાધુમાં પાર પડી જાશે.'

સ્વામીશ્રીએ એટલી મમતાથી, પ્રેમથી વાત કરી કે તે સંતોએ પોતાનું આખું જીવન જ જાણે કે બદલી નાખ્યું. અને રહેણી-કરણી બિલકુલ ત્યાગીના નિયમોને અનુરૂપ થઈ ગઈ. સ્વામીશ્રીના સ્નેહને આવાં કામણ કરવાં સહજ હતાં.

કોઈ સંતને મૂંઝવણ હોય તો સ્વામીશ્રી તેને ખૂબ વહાલ કરે. કથાવાર્તા કરી બળ આપે. પોતાની સાથે ફેરવે અને રોજ પત્તરની પ્રસાદી આપે. જેમની સાથે તેમને હેત હોય તેવા સંત-હરિભક્તને બળની વાત કરવા કહે. એમ એની મૂંઝવણ ટાળી નાખે.

સ્વામીશ્રી ઘણી વાર કહેતા : 'કોઈ માંદો પડે, મરવાની અણી પર હોય, આપણે જાણતા હોઈએ કે હવે કલાક જ જીવવાનો છે, તોપણ ઠેઠ સુધી આપણે દવા કરીએ છીએ. તેમ સાધુ મૂંઝાય તો તેની મૂંઝવણ ટાળવાના ઉપાય કરવા. ઠેઠ સુધી સાચવવા. આપણી મોટી સેવા થઈ જાય. પછી જાય તો તેની મરજીની વાત; પણ આપણે હિંમત ન હારવી. એને નભાવવા જ. એવો દૃઢ સંકલ્પ રાખવો.'

અહીં સ્વામીશ્રી હંમેશાં બીજા માળે હૉલમાં પૂજા કરતા. પૂજા પહેલાં સ્વામીશ્રી મહાપૂજાની આરતી કરી, ૧૧ પ્રદક્ષિણા મહાપૂજાની કરતા.

આજે રજાનો દિવસ હતો. હૉલ ચિક્કાર થઈ ગયો હતો. સ્વામીશ્રીને

મહાપૂજાની પ્રદક્ષિણા કરતાં જોઈને સર્વે હરિભક્તો પણ પ્રદક્ષિણા કરવા ઊઠ્યા. સાંકડી જગ્યામાં સર્વે હરિભક્તો પ્રદક્ષિણા કરે તો વધુ અવ્યવસ્થા ઊભી થાય. તેથી સ્વામીશ્રી બોલ્યા કે 'તમારા બધા વતી હું પ્રદક્ષિણા ફરી લઈશ.'

અને હરિભક્તો બેસી જવાની આજ્ઞા વિના જ સમજી ગયા કે 'સ્વામીશ્રીની ઇચ્છા શું છે ?' સૌ પોતાનાં સ્થાને બેસી ગયા.

સ્વામીશ્રીની આજ્ઞા કરવાની કે ઉપદેશ આપવાની શૈલી અદ્‌ભુત અને અનોખી જ હતી ! કોઈને પણ દુઃખ થાય કે ખોટું લાગે તેવો એક પણ શબ્દ એમણે પોતાની જિંદગીમાં કદી પણ ઉચ્ચાર્યો નથી. એમનો વાણી-વિવેક અદ્‌ભુત હતો.

## અંતર્યામીને પણ નિષ્કપટ થઈ વાત કરવી

આ અરસામાં વિનુભાઈ માધવલાલ ભટ્ટને સ્વામીશ્રીનો યોગ થયો અને પોતાના ઘરે સ્વામીશ્રીની પધરામણી કરાવી. સ્વામીશ્રીએ તેમના વેપાર-ધંધા અંગે પૂછ્યું તો તેઓ કંઈ બોલી શક્યા નહીં. આથી હર્ષદભાઈ દવેએ સ્વામીશ્રીને તેમના વેપાર-ધંધાના નુકસાનની વાત કરી.

તે સાંભળી સ્વામીશ્રી કહે : 'સંતને અંતર્યામી જાણતા હોઈએ તોપણ નિષ્કપટપણે વાત કરવી. જેથી દુઃખ ટાળી દે.'

ત્યારે વિનુભાઈ કહે : 'બાપા ! આપને દુઃખ થાય તેથી આપને વાત કરી નહીં.'

સ્વામીશ્રી કહે : 'હરિભક્તને દુઃખ હોય તો અમને દુઃખ થાય. નિષ્કપટ-પણે કોઈ વાત કરે તો અમે મહારાજને પ્રાર્થના કરી દુઃખ ટાળીએ; પણ વાત જ ન કરે તો નિષ્કપટ થયા ન કહેવાઈએ.'

પછી સ્વામીશ્રીએ વિનુભાઈને આશીર્વાદ આપતાં કહ્યું કે 'આ વરસે વેપારમાં તમને ઘણો ફાયદો થશે.'

સ્વામીશ્રીના આશીર્વાદ પ્રમાણે જ થયું. અને તે પછી તેમની નિષ્ઠા વધુ ને વધુ દૃઢ થતી ગઈ.

## 'આ તો સાંઈબાબા છે !'

એક દિવસ ધીરેન્દ્રભાઈ વીંછી પોતાના કૉલેજના મિત્ર કિશોરભાઈને સ્વામીશ્રીનાં દર્શને લઈ આવ્યા. કિશોર ખૂબ મૂંઝવણમાં હતો. એક વણિકની

પુત્રી સાથે ભાગી જઈને તેણે સાંઈબાબાના શિરડીધામે જઈ લગ્ન કર્યાં હતાં. જ્યારે લગ્ન કરી પાછાં ફર્યાં, ત્યારે નવપરણિતોનાં માતા-પિતા અને સંબંધીઓએ ખૂબ ઊહાપોહ કર્યો. ફિટકાર વરસાવ્યો. દસ-બાર દિવસે પણ વાતાવરણ એટલુ જ તંગ રહ્યું, તેથી કિશોર નિરાશ થઈ ગયો. ટ્રેનમાં આ બે મિત્રો મળી ગયા. અને ધીરેન્દ્રભાઈના કહેવાથી તે સ્વામીશ્રીનાં દર્શને આવ્યો.

સાંજે સ્વામીશ્રીનું પ્રવચન ચાલતું હતું. તેણે સ્વામીશ્રીનાં ચાલુ સભાએ પ્રથમ દર્શન કર્યાં. તેનું આશ્ચર્ય માતું ન હતું. તે ભાવવિભોર થઈ ગયો અને બોલવા લાગ્યો : 'જુઓ જુઓ, સાંઈબાબા બેઠા છે !' તેને સ્વામીશ્રીમાં સાંઈબાબાનાં દર્શન થયાં. તેથી ચાલુ પ્રવચને તે સ્વામીશ્રીની નજીક આવી ટગર ટગર જોવા લાગ્યો. જેવું પ્રવચન પૂરું થયું કે તરત જ તેણે માઈક લઈ લીધું ને કહે : 'સાંભળો, સાંભળો, આ યોગીજી મહારાજ નથી. આ તો સાંઈબાબા છે !'

તે સ્વામીશ્રીના પગે પડ્યો. પોતાની વાત કરી અને આશીર્વાદ મેળવ્યા. તેના અંતરમાં અપાર શાંતિનો અનુભવ થયો.

## સાચા સંતથી સંપ્રદાયોમાં એકતા વધે છે

સ્વામીશ્રીની આજ્ઞાથી મુંબઈમાં ૧૬ સત્સંગ મંડળો જુદાં જુદાં પરાંઓમાં શરૂ થઈ ગયાં હતાં. બાલુભાઈ ટી.ટી., હર્ષદભાઈ, ફડિયામામા, વજુભાઈ વગેરે ભક્તોએ મળીને આ પરાંઓના કાર્યકર્તાઓની મદદથી જુદે જુદે સ્થળે સુંદર સત્સંગ સભાઓ યોજી, સ્થાનિક મુમુક્ષુઓને સ્વામીશ્રીનો અમૂલ્ય લાભ અપાવ્યો હતો.

તા. ૧-૭-'૬૨, પારલામાં 'તિલક મંદિર' હૉલમાં સભા યોજાઈ હતી. જેમાં સંન્યાસ આશ્રમના મહંત મહેશ્વરાનંદજીએ જણાવ્યું હતું કે 'ભૌતિક ઉન્નતિ સાથે આધ્યાત્મિક ઉન્નતિની જરૂર છે. આધ્યાત્મિક ઉન્નતિ શું ? ભગવાનની ઉપાસના. ભગવાનની ઉપાસનાથી દુ:ખની નિવૃત્તિ થાય છે. તેથી જ સંપ્રદાયની આવશ્યકતા છે. સંપ્રદાયથી વૈદિક ધર્મની શોભા છે. યોગીજી મહારાજ જેવા મહાત્માથી સંપ્રદાયોમાં એકતા વધે છે. એમના સત્સંગનો લાભ મળ્યો એ આપણાં સદ્ભાગ્ય છે.' બાદ સંતસ્વામીએ સત્સંગનો અદ્ભુત મહિમા વર્ણવ્યો.

અહીં સ્વામીશ્રીના સાંનિધ્યમાં રથયાત્રાનો સમૈયો ધામધૂમથી ઊજવવામાં આવ્યો હતો. અક્ષરપુરુષોત્તમ મહારાજ આઠ અશ્વોથી શણગારેલા સુંદર રથમાં બિરાજમાન થયા હતા. દુર્ગપુરના મુખ્ય દ્વારમાંથી લીલુડી ધરતીને અમીમય

નયનોથી તૃપ્ત કરતા, જીવોને શાશ્વત અને દિવ્ય સુખ મળે એવો સત્ય સંકલ્પ ધારનારા, વિજયમાળાથી શોભાયમાન શ્રીહરિ દૃષ્ટિમાત્રથી જ અધર્મસર્ગનો નાશ કરવા પૂરપાટ વેગે રથને દોડાવે છે, તેવું અનુપમ દૃશ્ય નજર સમક્ષ જાણે ખડું થઈ ગયું ! રાત્રિની દેદીપ્યમાન રોશનીમાં યોગેશ્વરોએ અતિ ઉત્સાહપૂર્વક એક જીવંત તાજગી ભરેલું વાતાવરણ સર્જી દીધું હતું.

✧

અહીંથી સ્વામીશ્રીએ સત્સંગ-સમાજ ઉપર વિદ્યાદાનની પ્રેરણા આપતો પત્ર 'સ્વામિનારાયણ પ્રકાશ' દ્વારા લખ્યો :

*અષાડ સુદી પાંચમ, શુક્રવાર,*
*સાંજના પાંચ વાગે, તા. ૬-૭-'૬૨,*
*અક્ષર ભુવન, મુંબઈ-૧૪*

*આશીર્વાદ પત્ર*

*'અહોહો ! સ્વામી શાસ્ત્રીજી મહારાજ પ્રૌઢ પ્રતાપ જણાવી રહ્યા છે. જુઓ, મુંબઈમાં તમામ સંતો ભણે છે. પરિણામ સર્વોપરી આવે છે. ને આવી રીતે સંતો ભણે છે તેમાં સંસ્થાનો દરેકને ગુણ આવે છે.*

*'જુઓ, આવા સંતો પાંચ વરસમાં તૈયાર થશે અને પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજનું કાર્ય ઉપાડી લેશે ને ભારે ડંકો વાગશે. ચૈતન્ય મંદિર સ્વામી શાસ્ત્રીજી મહારાજના શુભ સંકલ્પથી તૈયાર થયાં છે. તો આપ સૌ હરિભક્તો સહકાર આપશો. વિદ્યાદાન માટે ફૂલ નહીં તો ફૂલની પાંખડી બારે માસ શ્રદ્ધાપૂર્વક મુંબઈ મોકલવી. તો જ સંતો ભણી શકે ને રૂડા આશીર્વાદ મળે.*

*'હવે લખવાનું કે આપણે તમામ સંતો-હરિભક્તો ગુણાતીત મંડળ હોલાઉપાડ કરીને આખા દેશમાં સ્વામિનારાયણ ભગવાનનું કાર્ય જાહેર કરવું. જો એક સત્સંગી કરે તો બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય છે. અત્યારે આપણે સત્સંગ વધારવો.'*

✧

રવિવાર, તા. ૮મીએ સવારે મઝગાંવ વિસ્તારની સભા લોહાણા વાડી, દરિયાસ્થાન ગલીમાં થઈ હતી. અને સાંજે ઘાટકોપર મુકામે, તિલક રોડ ઉપર આવેલી ભાનુશાળી વાડીમાં સુંદર સત્સંગ સભા યોજાઈ. બંને વિસ્તારના ભાવિકોએ સારો લાભ લીધો.

સમગ્ર મુંબઈના હરિભક્તોને લાભ આપવા સ્વામીશ્રી દસ દિવસ, તા. ૨૨મી સુધી કપોળ વાડીમાં બિરાજ્યા હતા. અહીં ગુરુપૂર્ણિમાના સમૈયામાં

સંતો-હરિભક્તોએ મહિમાયુક્ત ગુરુપૂજન કર્યું હતું. યોગેશ્વરોના સંસ્કૃત અધ્યાપકો ગુરુવર્ય મંછારામજી તથા શાસ્ત્રી નર્મદાશંકરે યોગેશ્વરોની ગુરુ-ભક્તિની પ્રશંસા કરતાં કહ્યું હતું કે 'પૂર્વે આશ્રમ વ્યવસ્થામાં શિષ્યનો ગુરુ સાથે ઘનિષ્ઠ સંબંધ મર્યાદાને પોષતો. સ્વામીશ્રીના પ્રતાપે તેવા સંસ્કારો આ યુગમાં પણ યોગેશ્વરોનાં વર્તનમાં જણાઈ આવે છે.'

આ પ્રસંગે, ગુણાતીત સૌના આદ્ય ગુરુ છે અને સહજાનંદ સ્વામી એક ઈષ્ટદેવ છે – તેવી પતિવ્રતા ભક્તિના મૂળ મંત્રનું સ્પષ્ટીકરણ, સ્વયંપ્રકાશ સ્વામીએ તથા અમે સંતોએ શાસ્ત્રના આધારથી સભામાં કર્યું હતું.

નારણ ભગતે ગુરુમહિમાના શ્લોકો ગાઈ સંભળાવ્યા. સ્વામીશ્રીના આશીર્વાદનાં બ્રહ્મસૂત્રોથી સભા વિસર્જન થઈ.

અહીં કપોળ વાડીમાં શિવજીભાઈએ પોતાના જલારામ મંડળ સાથે ભજન-કીર્તનનો લાભ સૌને આપ્યો હતો. તેમજ મુંબઈના જાણીતા ઈન્કમટેક્ષ સલાહકાર હીરાભાઈ સોઢા પણ લોહાણા સમાજના અગ્રણીઓ સાથે આવ્યા હતા. તેઓ સ્વામીશ્રીનાં દર્શનથી ખૂબ જ પ્રભાવિત થયા. એમની નિર્દોષતા અને સદા પ્રસન્ન ભાવમુદ્રા તેમનાં સૌનાં હૃદયમાં જડાઈ ગયાં હતાં. નાના સંતોને જોઈને તેમનું હૈયું ભરાઈ આવ્યું. લોહાણા સમાજે સ્વામીશ્રીનો સારો લાભ લીધો હતો.

## દર્શનનો લાભ

આ દિવસોમાં સ્વામીશ્રી મોટા મંદિરે દર્શન કરવા પણ જતા. એક વાર દર્શન કરીને પાછા ફરતાં સ્વામીશ્રીએ ડૉક્ટર સ્વામીને પૂછ્યું કે 'ઠાકોરજીને કેવા વાઘા પહેરાવ્યા હતા ?'

તેમને યાદ નહોતું એટલે સ્વામીશ્રીએ બીજાને પૂછ્યું, પણ કોઈ જવાબ આપી ન શક્યા. સ્વામીશ્રીએ ટકોર કરતાં કહ્યું : 'ધ્યાન રાખીને દર્શન કરવાં અને બધું યાદ રાખવું.'

સ્વામીશ્રી ક્યારેક આવા પ્રશ્નો પૂછી સૌને સજાગ કરી દેતા. અને હંમેશ માટે ધ્યાનપૂર્વક અને એકાગ્રતાથી દર્શન કરવાની ટેવ પડાવી દેતા.

છેલ્લા કેટલાક વખતથી નારણ ભગતને હાથ અને પગના નખમાં દાદર (Nail Ringworm)નો રોગ થયો હતો. નખ બધા કાળા પડી ગયા હતા. જમણા હાથની પહેલી આંગળીનો નખ તો ઘણો સડી ગયો હતો. ઘણી દવા કરી

પણ ફરક પડ્યો નહીં.

એક વાર કપોળ વાડીમાં ડૉક્ટર સ્વામીએ તેમના મિત્ર ડૉ. આઈ.પી. મહેતાને નારણ ભગતના નખ બતાવ્યા. તેમણે કહ્યું : 'કાલે ઑપરેશન કરી નખ કાઢી નાખીએ એટલે સારું થઈ જશે.'

ડૉક્ટર સ્વામી સ્વામીશ્રીને પૂછવા ગયા. સ્વામીશ્રી કહે : 'ઑપરેશનની કાંઈ જરૂર નથી. બધું સારું થઈ જશે.'

આ સાંભળી નારણ ભગતને નિરાશા થઈ કે 'બાપા આપણી ખબર રાખતા નથી.' પછી તો એમ ને એમ હતાશામાં રાત્રે સૂઈ ગયા. સવારે ઊઠીને તેમણે નખ જોયા તો બધાય નખ લાલઘૂમ ! જે આંગળીનો નખ વધારે સડી ગયો હતો, તે પણ થોડા જ દિવસોમાં ઝડપભેર નવો આવી ગયો ! અને ઑપરેશનની જરાપણ જરૂર ન પડી.

સત્પુરુષ તો સૌનું હંમેશાં હિત જ કરતા હોય છે, પણ આપણી એમના વિશેની કર્તાપણાની નિષ્ઠા અને ધીરજની તેઓ કસોટી પણ કરતા રહે છે.

બે દિવસ સ્વામીશ્રી નંદાજીના મિત્ર શર્માજીની પવઈ વાડીએ સંતો સાથે પધાર્યા હતા અને અલૌકિક સુખ સંતોને આપ્યું હતું.

અહીં બપોરે ૩-૩૦ વાગે ઠાકોરજી જાગ્યા ત્યારે દંડવત્ કરી, સ્વામીશ્રી ધ્યાનમાં બેઠા. વીસ મિનિટ ધ્યાન કર્યું. સંતોએ પૂછ્યું : 'બાપા ! આજે કેમ વધારે ધ્યાન ધર્યું ?'

સ્વામીશ્રી કહે : 'ધ્યાન પછી આપણે 'ભક્તચિંતામણિ'ની કથા કરીએ છીએ; પણ આજે 'ભક્તચિંતામણિ' લાવ્યા નથી એટલે ધ્યાન વધારે ધર્યું. મૂર્તિનું સુખ બહુ આવ્યું. મહારાજની દયાથી મૂર્તિનું સુખ આવ્યું.'

તા. ૨૫મીએ અત્યાર સુધી લેવાયેલી સંસ્કૃત પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલા સંતોને પ્રમાણપત્ર વિતરણ વિધિનો સમારંભ 'અખિલ વિશ્વ સંસ્કૃત પરિષદ'ના મંત્રી માનનીય દીક્ષિતારજીની હાજરીમાં યોજવામાં આવ્યો હતો. ભાઈશંકર પુરોહિત અતિથિવિશેષ તરીકે હતા. સંતો આચાર્યની પદવીથી વિભૂષિત બની ભવિષ્યમાં દેવભાષાનો સારાયે વિશ્વમાં પ્રચાર કરે અને આ દેવવાણીનું માહાત્મ્ય સંસારને સમજાવે, એવી આશા વ્યક્ત કરી દીક્ષિતારજીએ આશીર્વાદ આપ્યા.

ત્યારપછી દરરોજ સાંજે મલાડ, ગોરેગાંવ, કાંદીવલી, બોરીવલી, સાંતાક્રુઝ વગેરે પરાંઓમાં સુંદર જાહેર સત્સંગ સભાઓ થઈ હતી, જેમાં સ્થાનિક મુમુક્ષુ જનતાએ સત્સંગનો અને સ્વામીશ્રીનાં પાવનકારી દર્શનનો લાભ

લીધો હતો.

મુંબઈમાં મણિભાઈ એન્જિનિયરને ત્યાં સ્વામીશ્રીએ એક દિવસ મુકામ રાખ્યો હતો. અહીં વેસ્ટર્ન રેલવેના ચીફ એન્જિનિયર પટેલ સાહેબ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

આ અરસામાં, ભાદરામાં નવું રેલવે સ્ટેશન કરવાની સ્વામીશ્રીની ઈચ્છાએ તે ક્ષેત્રના હરિભક્તોમાં ખૂબ વેગ પકડ્યો હતો. આ જ વિચારથી બાલુભાઈ ટી.ટી.એ સ્વામીશ્રીને જણાવ્યું કે 'પટેલ સાહેબ આપણને આ કાર્યમાં ખૂબ સહકાર આપી શકે તેમ છે, તો આશીર્વાદ આપો.'

સ્વામીશ્રીએ પણ તેમને ખૂબ ધબ્બા આપી આશીર્વાદ આપ્યા. પટેલ સાહેબ આ પ્રથમ જ મુલાકાતથી ખૂબ પ્રભાવિત થયા.

મણિભાઈ એન્જિનિયરની સતત પ્રેરણાથી પટેલ સાહેબે આ કામ ખૂબ ઝડપથી ઉકેલી આપ્યું અને સ્ટેશન બાબતનો નિર્ણય સરકારે માન્ય કર્યો.

સ્વામીશ્રીને આ વાતની જાણ થતાં જ મોટા મોટા સંતો-હરિભક્તોની મિટિંગ બોલાવી સ્ટેશનના નામ બાબત સૂચન આપવા કહ્યું. પછી પોતે જ બોલ્યા : 'ભાદરા સાક્ષાત્ ગુણાતીત સ્થાન છે. માટે નવા સ્ટેશનનું નામ 'ગુણાતીતનગર' રાખવું.'

સ્વામીશ્રીના આ વચનને સૌએ સહર્ષ વધાવી લીધું. આમ, આ નામાભિધાન પોતે સ્વતંત્ર રીતે કરી ગુણાતીતનું ઋણ ચૂકવ્યાનો પરિતોષ લીધો.

બપોરે સ્વામીશ્રી આરામમાં હતા. ત્યારે મણિભાઈના એક પંજાબી મિત્ર આવી પહોંચ્યા. તત્ત્વજ્ઞાન સંબંધી તેમની સારી જાણકારી હતી. તેથી હર્ષદભાઈ સાથે તે સંબંધી વાતે વળગ્યા. એમાં પ્રશ્ન નીકળ્યો કે 'બે પ્રકારના મનુષ્યો છે : એક સારી પ્રવૃત્તિઓમાં જ જોડાય છે, જ્યારે બીજા ખરાબ પ્રવૃત્તિઓ જ કરે છે. જો બંનેમાં ભગવાન જ પ્રવેશ કરીને આ કાર્યો કરાવતાં હોય, તો ભગવાનમાં વિષમપણું આવ્યું કહેવાય.' પેલા પંજાબી ભાઈએ કહ્યું કે 'આ પ્રશ્ન મેં મોટા મોટા મહાત્માઓને પૂછ્યો છે, પણ સંતોષકારક ઉત્તર મેળવી શક્યો નથી.'

હર્ષદભાઈએ આ સાંભળી શાસ્ત્રનાં પ્રમાણો સાથે ઉત્તર આપવા પ્રયત્ન કર્યો, પણ તેઓ સંશયો કરીને તે ઉત્તર માન્ય ન રાખતા.

૪-૦૦ વાગે સ્વામીશ્રી ઊઠ્યા. સૌ દર્શન કરવા ગયા. ત્યારે હર્ષદભાઈએ કહ્યું : 'બાપા ! આમને એક પ્રશ્ન છે, સમાધાન થતું નથી.'

'પૂછો.' સ્વામીશ્રીએ કહ્યું. પંજાબી ભાઈએ પ્રશ્ન કર્યો. ત્યારે સ્વામીશ્રી

હસી પડ્યા ને કહે : 'ભગવાનની માયા છે : આસુરી અને દૈવી. તેમ જીવની અનાદિની બે પ્રકૃતિ છે. તેમાં દૈવી પ્રકૃતિ સારાં કામ કરાવે, આસુરી ખરાબ કામ કરાવે. તે તો જીવનાં કર્મ પ્રમાણે તેને તે પ્રકૃતિ ભગવાને આપી હોય; પણ ભગવાનનું વિષમપણું નથી, તે તો કર્તા થકા અકર્તા છે.'

'બહુત અચ્છા ! બહુત અચ્છા !' એમ કહી પંજાબીએ સંતોષ વ્યક્ત કર્યો. અને સ્વામીશ્રીનાં ચરણ પકડી ભાવવિભોર થઈને કહે : 'આપે મને શાંતિ કરી દીધી છે. અંતરનું સમાધાન થઈ ગયું. આપ સાચા સદ્‌ગુરુ છો.' એમ કહેતાં તેમણે આશીર્વાદ લઈ વિદાય લીધી.

વાંદરામાં રમણિકભાઈ મહેતાએ સ્વામીશ્રી અને સત્સંગ-સમાજને તેડાવી અદાની જયંતી પણ ઉત્સાહથી ઊજવી હતી.

તા. ૬-૮-'૬૨થી, કપોળ વાડીમાં 'હરિલીલામૃત' તથા 'સ્વામીની વાતું'ની પારાયણો થઈ હતી. આ પ્રસંગે અમદાવાદથી અંબાલાલભાઈ, મણિભાઈ સલાડવાળા પણ મુંબઈથી આવ્યા હતા. બંને ભક્તોએ પોતાના અનુભવનો લાભ આપી સત્સંગીઓને નિષ્ઠાબળ પ્રેર્યું હતું.

અહીં કપોળ વાડીમાં ધારી ગામના વતની એક ભાઈ સ્વામીશ્રી પાસે આવ્યા. તે વ્યવહારે બહુ દુર્બળ હતા. તેમને એમ કે સ્વામીશ્રી ધારીના વતની છે એટલે મને મદદ કરશે. તેથી સ્વામીશ્રીને કહ્યું : 'હું ધારી ગામનો વતની છું. મારે ૭ દીકરી અને ૨ દીકરા છે. હું બહુ દુ:ખી છું. તમે ધારીના છો તો મને મદદ કરો.'

આ સાંભળી સ્વામીશ્રી એકદમ ગભરાઈ ગયા ને બોલવા લાગ્યા : 'મારે ગામ નથી. મારે જાત નથી. હું બ્રહ્મ છું.' આમ બોલતાં બોલતાં મંડપમાંથી પોતાના ઓરડામાં ચાલ્યા ગયા !

❀ ❀ ❀

# સંતોના તાલીમ કેન્દ્રના પ્રશિષ્ટ આચાર્ય



શરૂઆતમાં સિદ્ધેશ્વર સ્વામી અક્ષર ભવનમાં રસોડું કરતા અને નવા સંતોને શીખવતા. ધીરે ધીરે ત્યાગવલ્લભ સ્વામી રસોઈમાં તૈયાર થયા. સિદ્ધેશ્વર સ્વામીને ગોંડલમાં ગુરુકુળની જવાબદારી સંભાળવાની સ્વામીશ્રીની આજ્ઞા થઈ. એટલે ત્યાગવલ્લભ સ્વામી જ રસોડાની બધી જ જવાબદારી સંભાળવા લાગ્યા. પુરુષોત્તમ ભગત (દાસ ભગત) વગેરે સતત મદદમાં રહેતા. બીજા સંતો પણ વારાફરતી શીખતા અને સેવા કરતા.

નવા સંતો માટે અક્ષર ભવન - મુંબઈમાં તાલીમ કેન્દ્ર શરૂ થયું. પછી સ્વામીશ્રી લગભગ વર્ષોવર્ષ ત્રણથી ચાર મહિના મુંબઈમાં રહેતા. અંગત રસ લઈને સંતોનું ઘડતર કરતા. વહેલી સવારે મંગળ પ્રવચનમાં એમની અનુભવ વાણીનો અલભ્ય લાભ સંતોને મળતો. સંતોનું જીવન, વાચન, વિચાર, વાણી, વર્તન, સમજણ, સંયમ, સેવાભાવના, ચારિત્ર્ય, ભક્તિ, નિષ્ઠા, મહિમા કેવાં હોવાં જોઈએ, એનું માર્ગદર્શન સ્વામીશ્રી બહુધા પોતાના જીવન દ્વારા અને ઉપદેશ દ્વારા સહજ રીતે સતત આપતા. જીવનું અનન્ય હિત કરવાની, એકમાત્ર પરમાર્થ બુદ્ધિથી મળતી એમની શિક્ષા, ગમે તેવા આળસુ-પ્રમાદી વિદ્યાર્થીઓને પણ સ્પર્શી શકતી, તો પછી ખપવાળા ને મુમુક્ષુની તો વાત જ શી પૂછવી ? તેઓ એક અદ્‌ભુત શિક્ષક હતા. કારણ, બોલવાનું થોડું ને વર્તવાનું વધારે. સાથે વાત્સલ્યનું અખૂટ ઝરણું. નાના-મોટા સૌ કોઈ આત્મીયતાનો અપૂર્વ અનુભવ એમનાં સાંનિધ્યમાં પામતા. જો કે એમનું સ્મરણમાત્ર પણ સૌને ચેતનાનાં સ્પંદનોથી તરબોળ કરી દેતું.

## અચ્છા પાકશાસ્ત્રી

ઠાકોરજીને નિત્ય નવા થાળ ધરાવવા ને હરિભક્તોને એ પ્રસાદી જમાડી

લાડ લડાવવા આ એમનો સેવામંત્ર. એટલે રસોડાની પ્રવૃત્તિમાં પોતે ખાસ રસ લેતા અને ઝીણું માર્ગદર્શન આપતા. મુંબઈ પધારે ત્યારે, સવારે પૂજા સમયે ત્યાગવલ્લભ સ્વામીને બોલાવે. 'આગલે દિવસે કયા હરિભક્તની રસોઈ છે ?' 'ઠાકોરજી માટે શું શું બનાવવું ? કેટલું બનાવવું ?' વગેરે સૂચના આપે. 'પાછલે દિવસે બધા સારી રીતે જમી શક્યા કે નહીં ? કશું ખૂટ્યું નહોતું ને ?' એ પણ પૂછી લે. મુંબઈ જેવા શહેરમાં ઠાકોરજી તથા હરિભક્તોને શોભે એવું આયોજન કરતા. પોતે તો મોળું ને લગભગ બાફેલું જ જમતા. દૂધ, દહીં કે મિષ્ટાન્ન, ફરસાણ, કઠોળ, ચટણી, અથાણાં, રાયતાં કે ચટાકેદાર પાપડનો સ્પર્શ સુધ્ધાં કરતા નહીં; પણ ઠાકોરજી તથા હરિભક્તોને આવી વિવિધ વાનગીઓ જમાડવાનો એમને બહુ ઉમંગ. અને લગભગ રોજ પંગતમાં એકાદ વાર તો પીરસવા નીકળે જ. મિષ્ટાન્નથી સૌનું પાત્ર છલકાવી દે, પણ કોઈ ના ન પાડી શકે; પ્રેમસભર એમની હસતી મૂર્તિ સામું જ સૌ જોયા કરે. ક્ષણવારનું પણ એ સંભારણું સૌનાં અંતરનો અમૂલ્ય ખજાનો બની રહેતો. ભાવિના શાશ્વત સુખનો સ્રોત બની જતો.

રસોઈમાં કયા મિષ્ટાન્ન સાથે કયું શાક કે ફરસાણ કરવું જોઈએ, એ એમનું આયોજન પાકશાસ્ત્રના આદર્શ નમૂનારૂપ રહેતું. વાર-તહેવાર પ્રમાણે પણ વાનગીઓનું આયોજન બતાવતા. જે હરિભક્તની રસોઈ હોય અથવા વિશિષ્ટ મહેમાનો હોય ત્યારે તેમના મોભા પ્રમાણે પણ આયોજન બતાવતા. મુંબઈમાં તેઓ અવારનવાર દૂધપાકની રસોઈ કરવાનું કહેતા. 'દૂધપાક' શબ્દ ઉચ્ચારતાં જ એમનું મોઢું પહોળું થઈ જતું, અને એટલા કેફથી બોલતા કે જાણે એમને ખૂબ જ ભાવતો હશે ! પણ તેઓ કદી ચાખતાં સુધ્ધાં નહીં. સુરતી દૂધપાક બનાવવાનું કહેતા ત્યારે શાસ્ત્રીજી મહારાજનું અવશ્ય સ્મરણ કરતા કે 'એમના જેવો દૂધપાક કોઈને બનાવતાં ન આવડે.' શાસ્ત્રીજી મહારાજે એમને દૂધપાક જમાડેલો, એ સ્મરણને કારણે જ તેઓ આટલા ઉત્સાહમાં આવી જતા હશે ! એ જ પ્રમાણે, 'શાસ્ત્રીજી મહારાજ જેવી પૂરણપોળી કોઈ ન બનાવી શકે' – એમ ગુરુનું સ્મરણ કરતાં, પૂરણપોળી બનાવવાની પણ અનેક વાર સંતોને આજ્ઞા કરતા.

દૂધપાક કે કેરીનો રસ હોય ત્યારે સંતોનાં પત્તર છલકાવી દેતા. એમાં એમને બહુ આનંદ આવતો. છેલ્લે પીરસવાની સેવામાં રહેતા સંતોને પણ ભૂલતા નહીં. પોતે જમીને ઊઠે કે તુરત તેમનાં પત્તર મંગાવી, છલકાવી દે.

રસોઈ વધી હોય તેની વ્યવસ્થા કેમ કરવી તે પણ સમજાવતા. 'સવારનો વધેલો ભાત સાંજે વઘારી નાખવો, શાક સાંજે ગરમ કરી પીરસવું. પૂરી-ફરસાણ વધ્યાં હોય તો રાત્રે ભાખરી ઓછી કરવી. સવારે નાસ્તામાં પણ પૂરી આપી શકાય.' આવી નાની સૂચના પણ આપતા. એમને મન કોઈ વાત નાની નહોતી. દરેક વાતનો પૂરો ખટકો રહેવો જોઈએ. ઠાકોરજીની બધી વસ્તુ છે. તે અલ્પ સરખી પણ બગડવી ન જોઈએ. આ બધા એમના ખ્યાલો આપણે ક્યાં સમજી શકીએ ?

રસોઈ તૈયાર કરવામાં રાત-દિવસ ભીડો વેઠતા સંતોને આનંદ થાય એ હેતુથી દાળ-શાક વગેરે વાનગીઓ સ્વામીશ્રી પોતાના માટે મોળી કઢાવતા. જમતી વખતે ચાખતા. તેમાં સુધારા-વધારા સૂચવતા. વાનગી ચાખી હોય કે ન ચાખી હોય, પણ તેનાં અવશ્ય વખાણ કરતા અને સંતોને ખૂબ પ્રોત્સાહિત કરતા. નાનીઅમથી વાતની પણ ભારે કદર કરવાની એમની ખાસિયત. આમાં ખોટાં વખાણ નહોતાં, પણ જીવને સેવા-ભક્તિમાં વિશેષ પ્રેરવાની નેમ હતી. ઉત્સાહની પૂર્તિ હતી.

ઠાકોરજી તથા હરિભક્તો માટે સવારે તાજા નાસ્તા કરાવવાનું પણ ચૂકતા નહીં. કોઈ વાર તો આવો કાર્યક્રમ સાંજે ચાર-પાંચ વાગે પણ કરતા ! આણંદથી ઈશ્વરભાઈ મસાલાવાળા આવ્યા હોય ત્યારે એમની પાસે આણંદના ગોટા વગેરે વિવિધ ફરસાણ બનાવરાવે. 'આજે મિજબાની કરવી છે' એમ કહી સૌને આમંત્રણ આપે. પોતે હાજર રહે ને સૌને જમતાં જોઈ ખૂબ હરખાય.

'અહીં મુંબઈમાં લીલા પોપટા ક્યાંથી હોય ? આ તો શહેર કહેવાય. પણ મુંબઈમાં તો બધું મળે.' એમ વાત કરતાં હરિભાઈ સોની પાસે તાજા લીલા પોપટા મંગાવે ને ચણાનો ઓળો પાડી બધાને આગ્રહપૂર્વક જમાડે. ચણાનો ઓળો કૂણો હોય તો પોતે પણ થોડા દાણા અંગીકાર કરતા.

સુરતથી હરિભક્તો આવવાના હોય તેમની પાસે બરફી, ઘારી, સુરતી ઊંધિયાનો સામાન અને વાનીનો પોંક મંગાવડાવે. અને કતારગામની કૂણી પાપડી લાવવાનું ખાસ સંભારે. નડિયાદથી હરિભક્તો પાસે લીલો ચેવડો મંગાવડાવે. આ બધી વસ્તુઓ લાવનાર પ્રેમી હરિભક્તો પણ રાજી થાય કે 'બાપાએ અમારી સેવા લીધી.' અને જમનાર હરિભક્તો પણ સ્વામીશ્રીની સ્મૃતિ મળતાં રાજી થાય.

ક્યારેક છૂટું ચૂરમું કરાવી, સંત-હરિભક્તની પંગતમાં છૂટી ધારે ઘી પીરસતા. ક્યારેક રોટલા ને અડદની દાળ પણ કરાવે. તો ક્યારેક ફ્રૂટસલાડ

જેવી આધુનિક વાનગીઓ જમાડી પણ સૌને રીઝવતા. પોતે 'ફ્રૂટસલાટ' બોલતા. અનેક વાર સંતો શિખવાડે પણ એ જ ઉચ્ચાર પકડી રાખી સૌને આનંદ કરાવતા. સાંજે ક્યારેક દાળઢોકળી કે ઓસામણ-ભાતનો કાર્યક્રમ પણ હોય. પોતાને એટલો બધો ઉત્સાહ કે શહેરના સ્થાનિક હરિભક્તો હોય, રોજ સેવામાં આવતા ડૉક્ટરો હોય, તેમને પણ રસોઈનાં ખૂબ વખાણ કરી જમવા બેસાડી દે.

જ્યારે મહુવામાં ભગતજી મહારાજના સમાધિ સ્થાને ધામધૂમથી ચરણારવિંદ પ્રતિષ્ઠિત થયાં ત્યારે સ્વામીશ્રી સાથે આવેલા યુવકોને અપાર આનંદ હતો. સ્વામીશ્રીએ યુવકોને વધુ લાભ આપવા ખીચડીમાં ધારે ઘી પીરસીને જમાડવાની ઇચ્છા કરી. જો કે આ સંકલ્પ મહુવામાં બરાબર પૂરો નહોતો થયો. તેથી સ્વામીશ્રીએ કહેલું : 'આપણે મુંબઈ આવીશું ત્યારે સારી રીતે ગોઠવીશું.'

આથી આ કાર્યક્રમ અહીં ગોઠવાયો. યુવકો ઉત્સાહમાં આવી ગયા. સ્વામીશ્રી કહે : 'યુવકો જ આવે, બીજું કોઈ ન આવે તેમ ગોઠવવું.' યુવકો પ્રત્યેનો પ્રેમ અને પક્ષ સ્વામીશ્રી સ્પષ્ટ રુચિ દર્શાવી જણાવી દેતા. છેવટે નાનુભાઈ દવેના ઘરે આ કાર્યક્રમ ગોઠવાયો. ઘીની સેવા મધુ જસાણીને આપી.

સ્વામીશ્રી આયોજન સમજાવવા લાગ્યા : 'જુઓ, હું આજે કથા પછી મોટાસ્વામીને વાતું કરવાનું સોંપીને રૂમમાં આવીશ. ત્યાંથી નીચે ઊતરીશું. નીચે ગાડી તૈયાર રાખશો.'

યુવકોએ સંપૂર્ણ વ્યવસ્થા કરી દીધી. સ્વામીશ્રી આશીર્વાદ બાદ જાણે લઘુ કરવા ઊઠ્યા હોય તેમ રૂમમાં પધાર્યા અને સીધા જ નાનુભાઈના ઘરે આવી પહોંચ્યા. સૌ યુવકોને ખૂબ ખીચડી અને તેમાં ધારે ઘી પીરસ્યું. અલૌકિક સ્મૃતિ આપી. યુવકોને વશ કરવાની પારલૌકિક રીતને જગતના જીવ શી રીતે સમજી શકે ? આવી રીતે ચાર અન્ય પ્રસંગે સ્વામીશ્રીએ સૌને ખીચડીમાં ધારે ઘી પીરસીને સ્મૃતિ આપી હતી.

શું આ બધું સૌને વશ કરવા કરતા હશે ? કેમ આટલું બધું સ્વાદનું પોષણ કરતા હશે ? એમને તો ક્યારેય કોઈ પ્રકારનો સ્વાદ હતો જ નહીં. પોતે તો આમાંથી કશું પણ જમતા જ નહીં. જેમ વાનગીનાં વખાણ કરી આગ્રહપૂર્વક સૌને જમાડી શકતા, એમ સ્વાદની નિંદા કરી જીવના અંતરમાંથી સ્વાદ કાઢી પણ શકતા. એવો અદ્‌ભુત પરિચય અનેકોએ મેળવ્યો હતો. એ જ એમની વિશેષતા. એકમાત્ર દિવ્ય સ્મૃતિ આપવા, જગતના પદાર્થોથી જ, જગતમાંથી તોડી ભગવાનમાં જોડાવાનો જ એમનો પ્રયત્ન હતો. અનન્ય સેવકનું પણ બંધન

નહીં સ્વીકારનારા સ્વામીશ્રીને કોઈને વશ કરવાથી શું મતલબ ! પોતાના આશ્રિત જન જગતનાં બંધનમાંથી છૂટે અને ભગવાનનાં બંધન સ્વીકારે એવો કોઈ અજબ પ્રયોગ એમની આજુબાજુ સતત ચાલ્યા કરતો.

## સેવાધર્મના સૂત્રધાર

જ્યારે જ્યારે તેઓ મુંબઈ પધારતા ત્યારે ખાસ પત્ર લખીને બહારગામથી હરિભક્તોને તેડાવતા. અને દરેકની સંભાળ કેવી રીતે કરવી તે સંતોને શીખવતા. કોઈ વૃદ્ધ કે માંદા હરિભક્ત હોય તેમને સવારે સ્નાન માટે ગરમ પાણી આપવાની ખાસ સૂચના આપતા. તે જ પ્રમાણે ભોજનમાં - કોઈને મીઠે મોળું, તો કોઈને ખાંડ વગરનું, કોઈને રોટલી તો કોઈને જુદાં શાકભાજી; તેમજ સાંજે ભાખરી, દૂધ ખટકો રાખી પિરસાવતા. પોતાની આજ્ઞાનો અમલ થયો છે કે નહીં, તેની પણ ચોકસાઈ કરી લેતા. કારણ, આટલા મોટા સમૂહમાં કોઈને ભૂલી પણ જવાય ! પણ તેઓ દરેકની નાની ખાસિયતો પણ ભૂલતા નહીં. ઘણા હરિભક્તો મુંબઈથી વહેલી સવારની ગાડીમાં વિદાય લે તો તેમને પણ ચા-પાણી તથા ખીચડી-દહીં જમાડવાનું ચૂકતા નહીં.

'આપણા હરિભક્તો બહારનું ખાય નહીં, ચા-પાણી પણ પીએ નહીં. માટે આપણે બધું કરાવી દેવું. સાથે ભાથું પણ બાંધી દેવું.' એમ ભોળા ભાવથી હરિભક્તોનો મહિમા સમજાવતા. આમ, દરેક હરિભક્ત પ્રત્યે તેમને કેવી લાગણી હતી અને પોતે દરેકને કેવી રીતે સાચવ્યા હશે, તે પણ સમજાતું.

રસોડાની સેવા કરતા સંતોને દર્શનનો લાભ આપવા તેમજ જરૂરી માર્ગદર્શન આપવા તેઓ અચૂક રસોડામાં પધારતા. અક્ષર ભવનમાં બીજે માળે સ્વામીશ્રીનો ઉતારો રહેતો. તેઓ ખાસ નીચે ઊતરતા નહીં, પણ જ્યારે નીચે ઊતરે અથવા ક્યારેક પધરામણીએથી પાછા ફરતાં તેઓ પહેલે માળે રસોડામાં ઠાવકાઈથી ડોકિયું કરતા. ધીરે રહીને રસોડામાં એમનું આગમન સેવા કરતા સંતોને ઉમંગનો ઉછાળો આપતું. રસોઈ શું ચાલે છે ? તે બરાબર નિરીક્ષણ કરે. પછી બહારના ઓરડામાં જ્યાં સીધું-સામગ્રી, શાકભાજી તથા વાસણો પડ્યાં રહેતાં ત્યાં બધે જ ફરે. વાસણો બધાં સમયસર મંજાઈ જાય તથા વ્યવસ્થિત ગોઠવાઈ જાય; શાકભાજીની યોગ્ય જાળવણી થાય; દૂધ, ઘી, તેલ તથા લોટ વગેરે ઉઘાડાં ન રહે; આવી નાની-નાની બાબતોની પણ સૂચના આપતા. રસોડું, કોઠાર, ભંડાર વગેરે સ્વચ્છ અને વ્યવસ્થિત રહે, ઠાકોરજીના ઉપયોગમાં

આવનાર પદાર્થો શુદ્ધ અને પવિત્ર રહે, એનો ખાસ ખટકો રખાવતા.

આ બધા દિવસો દરમ્યાન સંતસ્વામીએ મુંબઈના સત્સંગ-સમાજને એમની સરળ છતાં સચોટ શાસ્ત્રોક્ત વાતોની મોહિની લગાડી હતી. જૂના સત્સંગીઓ તેમજ અન્ય મુમુક્ષુઓ પણ સંતસ્વામીની વાણી સાંભળી રાજી થતા.

સ્વામીશ્રીને પણ સંતોને જોઈને વાત કરવાનો ઉમંગ આવી જતો. ખૂબ બળ અને પ્રેરણાદાયી વાતો સંતોને સવાર, બપોર, સાંજે કરતા. મુંબઈમાં પરાંઓમાં વિકસેલી સત્સંગ-પ્રવૃત્તિથી પણ પોતે રાજી હતા. સંતોને કારણે મંડળમાં પ્રવર્તતી એકતા ને સુહૃદભાવથી સ્વામીશ્રી સમગ્ર મુંબઈ સત્સંગ મંડળ ઉપર આ વખતે અઢળક ઢળ્યા હતા.

✧

તા. ૧૪-૮-'૬૨, મુંબઈથી ફ્લાઈંગમાં નીકળી સ્વામીશ્રી બીલીમોરા પધાર્યા. અહીં બળેવ કરી, સુરત, ભરૂચ, ઝાડેશ્વર થઈ, અટલાદરામાં જન્માષ્ટમીનો ઉત્સવ સારી રીતે ઊજવ્યો.

અહીંથી સ્વામીશ્રીએ મુંબઈ પત્ર લખ્યો :

*તા. ૧૭-૮-'૬૨*

*...સ્વામીને માલુમ થાય જે અમારા નાના સાધુ છે તેમને ખૂબ બળની વાતો કરશો. તમો જૂના છો, તો તમો તમારા જેવું બળ આપો. વાચન કરતાં વાતું કરશો. એવી પુષ્ટિ કરો કે પાકા થઈ જાય. તો આટલાં વચનામૃત સમજાવવા : ગ.પ્ર. ૬-૮-૧૧-૧૪-૧૫-૧૬-૧૭-૨૪-૨૬ તથા ગ.પ્ર. ૩૨-૩૪-૩૫-૩૬-૩૭-૪૯-૫૦-૫૪, સારંગપુર ૧-૩-૭-૯-૧૨-૧૮. આટલાં વચનામૃત હંમેશાં બબે વંચાવવા ને રાત્રે ૧૦॥ થી ૧૧॥। વાગ્યા સુધી ખાનગી કથા કરવી. તો છે.પ્ર. ૭-૮-૯-૧૧ બહુ જ વાંચવું. ગ.પ્ર. ૭૪-૭૫-૭૬ આ પણ વાંચવાં. તો સંતોને એ જ આજ્ઞા. નિયમસર રસોઈ-પાણી તમામ ક્રિયા - માનત સ્વામી સર્વેએ તે કામ ઉપાડી લેવું. બધા એક ગુરુના શિષ્ય છે તેમ સમજી સંપીને રહેવું. જુઓ, આખા દેશમાં ડંકો વાગશે.'*

બોચાસણ દર્શન કરી, અમદાવાદથી રાજકોટ જતાં, રસ્તામાં વઢવાણ મંદિરે દર્શન કર્યાં. કોઠારીએ ઠાકોરજી જમાડવાનો ઘણો આગ્રહ કર્યો, પણ અગાઉથી રાજકોટ જમવાની ગોઠવણ થયેલી હોવાથી આગળ ચાલ્યા. મૂળી દર્શન માટે અગાઉથી સંદેશો મોકલ્યો હતો. તેથી ૧૨-૧૫ વાગે મૂળી પહોંચ્યા ત્યારે કોઠારી બાળકૃષ્ણદાસજીએ દર્શન ખુલ્લાં રખાવ્યાં હતાં. તેમણે આગ્રહ-

પૂર્વક ઉકાળા-પાણી કરાવ્યાં. અહીંથી નીકળી ૩-૦૦ વાગે રાજકોટ પહોંચ્યા. ૪-૦૦ વાગે ઠાકોરજી જમાડ્યા. એન્જિનિયર વિઠલાણીના નવા મકાનના વાસ્તુ પ્રસંગે પ્રસાદ લઈ, સ્વામીશ્રી તા. ૩૦મીએ સાંજે ગોંડલ પહોંચ્યા. અહીં 'ભક્તચિંતામણિ' તથા 'સ્વામીની વાતું'ની પારાયણની પૂર્ણાહુતિ કરી.

## નિયમ-ધર્મની ટાઢ ઉડાડી

અહીં બહાદુરસિંહ જીલુભા ઝાલા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓ રાજકોટની ધર્મેન્દ્રસિંહ કૉલેજમાં ભણતા અને હૉસ્ટેલમાં રહેતા. પરંતુ ગરમ પાણીની સગવડ ન હોવાથી તેઓ ક્યારેક નાહવાનું ટાળી દેતા. તેમાંય જો શિયાળો હોય તો ટાંકીનું પાણી બરફ જેવું થઈ જતું. તેથી સ્નાન મોડે મોડે કરે. એમાં ને એમાં પૂજા-માળા પણ બંધ થઈ ગયાં હતાં.

થોડો વખત આમ ચાલ્યું. ત્યાં સ્વામીશ્રીએ તેમને સ્વપ્નમાં દર્શન દીધાં. અને કહ્યું : 'સવારે નાહવાનું, પૂજા-પાઠ કેમ બંધ કરી દીધાં છે ?'

'બાપા ! પાણી ઠંડું હોય છે, ને ટાઢ નથી ખમાતી.'

'હવે રોજ ઠંડા પાણીએ નાહજો. ટાઢ નહીં લાગે. માટે નાહવું તો ખરું જ.' સ્વામીશ્રી બોલ્યા. અને બહાદુરસિંહની આંખ ખુલી ગઈ. તેમણે તુરત નિયમિત રીતે સ્નાન-પૂજા કરવાનું શરૂ કરી દીધું.

તેઓ આ વખતે સ્વામીશ્રીનાં દર્શન કરવા અહીં આવ્યા. તેમને જોતાં સ્વામીશ્રી ખૂબ રાજી થઈ ગયા. ધબ્બો આપીને સ્વામીશ્રીએ પ્રેમથી તેમનું મોં ઊંચું કર્યું અને કહે : 'કાં દરબાર ! હવે ટાઢ નથી વાતી ને !'

બહાદુરસિંહ તો અવાક્ બની ગયા. તેમને સ્વામીશ્રીની સર્વજ્ઞતાનો, નિયમ-ધર્મના ખટકાનો અદ્‌ભુત અનુભવ થયો હતો. તેમણે ગદ્‌ગદભાવે સ્વામીશ્રીની માફી માગી.

## ભજન થાય તો અક્ષરધામ ઢૂકડું

મુંબઈથી અચાનક જ અહીં આવેલા છગનભાઈને જોઈ સ્વામીશ્રીએ મર્મસૂચક સ્મિત કર્યું : 'આવી ગયા ને ! કેવું ભજન થયું !'

સ્વામીશ્રીએ અંતર્યામીપણે વાત જાણી લીધી છે એ જાણી, છગનભાઈ તો સ્વામીશ્રીના પગે પડી ગયા ને ગદ્‌ગદ થઈ ગયા. કહે : 'બાપા ! આપે બચાવ્યો એટલે આવી ગયો.' એમ કહી બધાને વાત સંભળાવી કે દિલ્હીથી મુંબઈ

આવતાં પોતે જે વિમાનમાં હતા તે બગડ્યું. ચાલકે સૂચના આપી દીધી કે 'કંટ્રોલમાં લાવવા પ્રયત્ન કરીએ છીએ, પણ બચવાની કોઈ નિશ્ચિતતા નથી.' બધા ઉતારુઓ ભયથી ફફડી ઊઠ્યા. છગનભાઈએ જોર જોરથી 'સ્વામિ-નારાયણ' મહામંત્રની એકધારી પંદર મિનિટ સુધી ધૂન કરી. છેવટે જાહેર થયું કે 'હવે કોઈ ભય નથી;' ત્યારે સૌને નિરાંત થઈ.

છગનભાઈ મુંબઈથી સીધા જ ગોંડલ સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રી કહે : 'જીવ બચાવવા પંદર મિનિટ જેવું ભજન થયું તેવું ભજન હંમેશાં થાય તો અક્ષરધામ ઢૂકડું થઈ જાય.'

ઐશ્વર્યે કરીને આટલા જીવોને ઉગાર્યા તે વાતને ગૌણ કરતાં પણ ગૌણ બનાવી સ્વામીશ્રીએ સિદ્ધાંતની વાત સમજાવી, જીવની ગાફલાઈ તરફ નિર્દેશ કર્યો.

## મેવાસામાં યાદગાર જ્ઞાનસત્ર

મેવાસા ગામના હરિભક્તો ઘેલાબાપા, વિઠ્ઠલભાઈ લુહાર આદિને ગામમાં પારાયણ કરી સ્વામીશ્રીને બોલાવવાની ઘણી જ ઈચ્છા હતી. આથી બાલમુકુંદ સ્વામી તેઓને સ્વામીશ્રી પાસે લઈ ગયા. સ્વામીશ્રીએ કહ્યું કે 'પ્રમુખસ્વામી પાસે પારાયણનું મુહૂર્ત કઢાવી લો અને તે પ્રમાણે ગોઠવજો.'

પ્રમુખસ્વામીએ નિર્ણયમાં જોઈ, તા. ૧-૯-'૬૨, ભાદરવા સુદ બીજનું મુહૂર્ત કાઢી આપ્યું. આથી બન્ને હરિભક્તો ફરી સ્વામીશ્રી પાસે આવ્યા અને કહ્યું કે 'મેવાસા ગામના પાદરમાં ચાપરવાડી નદી બહુ મોટી છે અને ભાદરવા માસમાં તેમાં ઘણું પાણી હોય છે. એટલે આપને બળદગાડું જોડી, તેના પર ખાટલો નાખીને, નદી પાર કરાવી ગામમાં પધરાવશું. પરંતુ આ પ્રસંગે બીજા બહારગામના હરિભક્તો ગામમાં આવી શકશે નહીં.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા કે 'પ્રમુખસ્વામીએ જે મુહૂર્ત કાઢ્યું છે, તે સમજી-વિચારીને જ કાઢેલ છે. માટે હવે તે બાબતમાં કોઈ વિઘ્ન આવશે નહીં. તો સંશય રાખશો નહીં અને મુહૂર્ત જે કાઢેલ છે તે પ્રમાણે જ કાર્યક્રમ ગોઠવશો.'

જ્યારે પારાયણ થઈ ત્યારે સ્વામીશ્રીએ કહ્યું હતું તેમજ બન્યું અને કોઈને કાંઈ વિઘ્ન ન આવ્યું. પારાયણની પૂર્ણાહુતિ પછી સૌને સ્વામીશ્રીનાં વચનોનું રહસ્ય સમજાયું. સૌએ ગામમાંથી વિદાય લીધી તે પછી બીજા જ દિવસે ખૂબ વરસાદ થયો અને નદીમાં મોટું પૂર આવ્યું. આમ, સ્વામીશ્રીએ પ્રમુખસ્વામીનો

મહિમા હરિભક્તોનાં હૈયાંમાં રોપી દીધો.

તા. ૩૧મીએ જનકસિંહ બાપુની મોટરમાં મેવાસા જવા નીકળ્યા. રસ્તામાં વેકરી મંદિરમાં દર્શન કરી, ચરખડી મંદિરની જગ્યા જોઈ, મેવાસા આવી પહોંચ્યા. છેલ્લાં બે વર્ષથી મેવાસાના હરિભક્તો પારાયણ માટે સ્વામીશ્રીને પ્રાર્થના કરતા હતા. તે સકલ્પ આ વખતે સિદ્ધ થયો. ગાડામાં સુંદર બેઠક બનાવી, ઠાકોરજી સહિત સ્વામીશ્રીને પધરાવી, હરિભક્તોએ ગાડું ખેંચી, વાજતે-ગાજતે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. આખું ગામ ધજા-પતાકાઓ અને કેળના સ્થંભોથી શણગારવામાં આવ્યું હતું.

શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને સદ્‌ગુરુઓએ આ ગામમાં પધરામણી કરી છે. વળી, કૃષ્ણજી અદાનું જન્મ સ્થાન. એમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં પારાયણ પ્રસંગ નિમિત્તે લાભ લેવા રાજારામભાઈ, મોહનભાઈ બગડવાળા, કાનજીભાઈ સોની, રામજી લક્ષ્મણ, મોહનભાઈ અજાગિયા, દેવચડીના નાનજીભાઈ, જાયવા બાપુ, ગોંડળથી છોટુભાઈ વકીલ, નાનજીભાઈ, પોપટભાઈ, અમૃતલાલભાઈ, રાજકોટથી બદરીનાથભાઈ, ગણાત્રા સાહેબ, હરિલાલ શેઠ તથા ફુલીબા સાથે મહિલા મંડળ વગેરે ભક્તો આવ્યાં હતાં.

જૂનાગઢી સંતો બાળમુકુંદદાસ સ્વામી, નારાયણદાસ સ્વામી વગેરે સંતોનાં દર્શન-સમાગમથી પરમ પુનિત થયેલા, સ્વામી કૃષ્ણચરણદાસ સ્વામીના શિષ્ય અને સ્વામીશ્રીના ગુરુભાઈ, નાનપણથી જેમણે સ્વામીશ્રીને જોયા છે, નિહાળ્યા છે, એવા વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ ભક્તરાજ રાજારામબાપાએ અહીં સ્વામીશ્રીનું સ્વાગત કરતાં જણાવ્યું : 'હું તો મારા અનુભવથી કહું છું કે યોગીજી મહારાજ જેવા સંત ક્યાંય નથી. તેમની આંખોમાં અમી ઝરે છે. દયાના સાગર છે. અતિ ઉદાર છે. હંમેશાં બ્રહ્માનંદમાં ઝૂલે છે. હસતા મુખે નાના-મોટા સૌ ઉપર સમભાવ રાખી હેતે બોલાવે છે. વળી ક્રોધ શું છે ? તેની તો ખબર જ નથી. સદાય જેણે થાક કે ઉજાગરો ગણ્યા સિવાય આખી ઉંમર એક પણ દિવસના અપવાદ વગર સેવા, સેવા અને સેવા જ કરી છે. એવા એ અતિ દયાળુ, મહાકૃપાળુ, અજોડ, ભગવાનને રહેવાનું ઠામ છે. તેઓએ આજે મેવાસા પધારીને મેવાસાને ખરેખર બડભાગી બનાવ્યું છે. માટે સૌ હરિભક્તોએ પોતાને ધન્યભાગી માનવું.'

મોહનભાઈ તથા દાજી બાપુનાં વક્તવ્યો પછી સ્વામીશ્રીએ મેવાસા ગામનો જૂનાગઢી સંતો સાથેનો સંબંધ વિસ્તારથી વર્ણવ્યો : 'અહીં અદાના રહેણાંક ઘરમાં જ મંદિર કરેલ છે. જેમાં સંવત ૧૯૪૦માં બાળમુકુંદદાસ

સ્વામીએ અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવેલી. ત્યારપછી સં. ૧૯૮૨માં દાજી બાપુએ તેનો જીર્ણોદ્ધાર કરેલો. શાસ્ત્રીજી મહારાજ જેતપુરથી અહીં પધારેલા. જાતે અડદની દાળ બનાવેલી. તેનો સ્વાદ હજુ સાંભરે છે. અક્ષર સ્વામીને અડદની દાળ સદતી નહીં તોપણ ત્રણ છાલિયાં જમી ગયા. એવી સ્વાદુ બની હતી. આવા મહાપ્રસાદીના સ્થાનમાં ઘેલાભાઈ આદિ ભક્તોએ પારાયણ યોજી તે સર્વેને ધન્યવાદ છે...'

બીજે દિવસે પ્રમુખસ્વામીએ 'સત્સંગિજીવન'ની બીજા પ્રકરણની કથાનો પ્રારંભ કર્યો. ગંભીર મુખમુદ્રા તથા ધીર, એકધારી સુમધુર વાણી તથા કથાભાગ સમજાવવાની સરળ શૈલીથી શ્રોતાજનો રાજી થતા હતા. સાંજે સિદ્ધેશ્વર સ્વામી 'સ્વામીની વાતું'ની પારાયણ દાખલા-દલીલો સાથે સુંદર રીતે સમજાવતા.

અમદાવાદ હાઈકૉર્ટના જજ બક્ષી સાહેબ, મોદી સાહેબ તથા રાજકોટ સેશન્સ જજ દેસાઈ સાહેબ ગોંડલ દર્શને આવવાના હોવાથી સ્વામીશ્રી તેમને દર્શન દેવા મેવાસાથી ખાસ ગોંડલ પધાર્યા હતા. એક દિવસ જેતપુર દર્શને પધારી પધરામણીઓ કરી હતી.

મેવાસામાં સ્વામીશ્રીનો ઉતારો શંભુભાઈને ત્યાં રાખ્યો હતો. પારાયણના સૂત્રધાર ઘેલાભાઈ કુરજીભાઈ, મોહનભાઈ, વિઠ્ઠલભાઈ, મગનભાઈ, શામજી-ભાઈ, દામુભાઈ સરપંચ વગેરે ખડે પગે સેવામાં રહેતા. પારાયણનો સઘળો ખર્ચ ઘેલાભાઈએ ઉપાડ્યો હતો. શરૂમાં મંડપ માટે સારી મોટી જગ્યા ન મળતાં ઘેલાભાઈએ પોતાનાં ચાર ખોરડાં જમીનદોસ્ત કરી વિશાળ સભામંડપની ગોઠવણી કરી હતી. નિત્ય નવીન થાળ ઠાકોરજીની સેવામાં તેમણે ગોઠવ્યા હતા. છતાં એક દિવસ સ્વામીશ્રીએ રોટલા અને અડદની દાળની રસોઈ માગીને લીધી હતી. હરિભક્તોએ ના પાડી, છતાં આગ્રહ રાખી આ રસોઈ સ્વામીશ્રીએ લીધી હતી. કદાચ ગુણાતીતાનંદ સ્વામી અહીં પધારતા ત્યારે પણ રોટલા ને અડદની દાળની રસોઈ જ લેતા, શાસ્ત્રીજી મહારાજે પણ એ જ સ્મૃતિ અહીં વર્ષો પહેલાં આપી હતી, તે તાજી કરવા જ સ્વામીશ્રીએ આમ કર્યું હશે ! ભક્તોને દિવ્ય સ્મૃતિ આપી, પરલોકનું ભાથું બંધાવવાનું પ્રયોજન મોટા-પુરુષ ચૂકતા નથી. ઘેલાભાઈને પણ ભારે રસોઈ જમાડી હશે એ યાદ નહીં હોય, પણ આ તો અચૂક યાદ રહી ગયું હતું.

રસોડાની સેવામાં વલ્લભભાઈ, મથુરભાઈ તથા રામોદના મોહન ભગત હતા. રાતની સભામાં અહીંની રાસમંડળી રોજ રાસ લેતી. રાસની તાલ અને

લયબદ્ધ રમઝટથી સૌ મુગ્ધ થઈ જતા. પછી હરિભક્તો પાસે પણ સ્વામીશ્રી વાતો કરાવતા. અને મોડી રાત્રે સ્વામીશ્રી પોતે બ્રહ્મરસ રેલાવતા. ચેષ્ટા, નિત્ય નિયમ પછી રાત્રે ૧૨-૩૦ વાગે સભા વિસર્જિત થતી.

સવારે હરિભક્તો પ્રભાત ફેરીમાં નીકળતા. મંદિરે દર્શન કરી, સ્વામીશ્રીના ઉતારે આવતા. સ્વામીશ્રી તેમને મંગળ પ્રવચનનો લાભ આપતા. આમ, આઠ દિવસ બ્રહ્મયજ્ઞ ચાલ્યો. નાદુરસ્ત તબિયત છતાં એક દિવસ બપોરે સ્વામીશ્રી પ્રસાદીના છાપરીઆ આરે સંતો-હરિભક્તો સાથે નાહવા પધારેલા. આ પવિત્ર ચાપરવાડી નદીના તટ ઉપર સૌએ સ્વામીશ્રીનાં પૂજનનો લાભ લીધો અને અહીં વરસાદ માટે સ્વામીશ્રીએ ધૂન્ય કરાવી હતી.

ભાદરવા સુદ ૮, તા. ૭-૯-'૬૨, પારાયણની પૂર્ણાહુતિ સ્થાનિક ભક્તોએ સમૂહ આરતી ઉતારીને કરી હતી. સમગ્ર ગામને પ્રસાદનું આમંત્રણ હતું. સ્વામીશ્રીએ ઘેલાભાઈ તથા સૌ ભક્તોને અંતરના આશીર્વાદ પાઠવ્યા.

પૂર્ણાહુતિના દિવસે ઘેલાભાઈએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી : 'બાપા ! વરસાદ બિલકુલ નથી. દુષ્કાળ પડે તેવી પરિસ્થિતિ થઈ છે. તો આપ કૃપા કરી વરસાદ વરસાવો.'

સ્વામીશ્રી નિર્દોષ ભક્તની ભોળાભાવે કરેલી પ્રાર્થના સાંભળી હસી પડ્યા અને બોલ્યા : 'અમે ચરખડી પહોંચીએ તે પહેલાં ખૂબ વરસાદ થશે. કાંઈ ફિકર કરશો નહીં.' સર્વે હરિભક્તો રાજી થયા.

પણ આકાશમાં વરસાદનું કોઈ એંધાણ ન હતું. સખત તાપ હતો અને દિવસોથી વાદળાંનું તો નામનિશાન ન હતું. સર્વે વિચારમાં પડી ગયા, પણ સ્વામીશ્રીના વચનમાં સૌને વિશ્વાસ હતો કે સ્વામીશ્રી જે બોલે તેમજ થાય. અને 'મેરુ ડગે પણ સ્વામીશ્રીનું વચન ન ફરે' તેવી ઘેલાભાઈની શ્રદ્ધા હતી.

સાંજે સ્વામીશ્રી ચરખડી તરફ વિદાય થયા અને એકાએક પવન ફૂંકાયો. વાદળાં ધસી આવ્યાં ને અનરાધાર વરસાદ વરસવા લાગ્યો. નદીમાં પૂર પણ આવ્યું અને નદી બે કાંઠે વહેવા લાગી.

ભક્તોના દેશકાળ દૂર કરવા સ્વામીશ્રીએ આખા તાલુકાનો દુષ્કાળ દૂર કર્યો.

## કુંભાર ભક્તને સેવાની સ્મૃતિ

સ્વામીશ્રી હરિભક્તોની નાનામાં નાની સેવા પણ સ્વીકારી તેના જીવનમાં કાયમી સ્મૃતિનું ભાથું ભરી દેતા.

પારાયણની પૂર્ણાહુતિ પછી સાંજે સ્વામીશ્રી પધરામણીએ નીકળ્યા. કુંભાર હરિભક્ત કરસન ગોવિંદને ઘરે આવ્યા. સ્વામીશ્રીનું પૂજન કરી કરસનભાઈ ચાંદલો કરતા હતા, ત્યાં રાજકોટના ચુનીભાઈ ચાતુર્વેદીનો હાથ વાગતાં કુંકુ ઢોળાઈ ગયું. ત્યારે સ્વામીશ્રી હસીને બોલ્યા : 'કંકુ ઢોળાયું ! બહુ સારું થયું. ઘણો મોટો લાભ થશે.'

સ્વામીશ્રી પધરામણી કરી ઊઠ્યા ત્યાં ઘરના એક ખૂણામાં માટલાં ખડકેલાં હતાં. તે જોઈ સ્વામીશ્રી કહે : 'કરસનભાઈ ! માટલાં બહુ સારાં. શરદ પૂનમનો સમૈયો આવે ત્યારે બે ગાડી માટલાં સેવામાં આપજો. આ રણછોડભાઈ માટલાં લેવા આવશે.' પછી ઘેલાભાઈને આજ્ઞા કરી કે 'તમે તમારી બળદ-ગાડીમાં માટલાં લઈને અક્ષર મંદિરે પહોંચાડી દેશો.'

ભાદરવાની પૂનમ આવતાં કરસનભાઈએ માટલાં ઘડવાની શરૂઆત કરી દીધી. પરંતુ તેમને દમનું દરદ હતું, તેથી શ્વાસ બહુ ચઢે. કરસનભાઈ સાથે ઘેલાબાપા અને વિઠ્ઠલભાઈ લુહારને હેત બહુ. તેથી કરસનભાઈ માટલાં ઘડે ત્યારે તેઓ હંમેશાં બેસવા આવે. તેમને શ્વાસ ચડતો જોઈ તેઓ કહે : 'જેતપુરથી માટલાં વેચાતાં લઈને આપી દ્યો ને ! તમને આ બધી તકલીફ ન થાય. બધું એકનું એક છે.'

ત્યારે કરસનભાઈ કહે કે 'મારે તો મારા હાથથી ઘડીને જ માટલાં આપવાં છે. આ દેહે સેવા કરી સ્વામીશ્રીને રાજી કરી લેવા છે. કદાચ દેહ પડશે તો અક્ષરધામમાં જઈશું. ફરી ક્યાં દેહ ધરવો છે !'

માટલા ઘડાતા તૈયાર થયા. તેમને પકવવામાં આવ્યાં. નિંભાડો ખોલ્યો. ટકોરા માર્યા, તો સો ટચના સોના જેવાં માટલાં બન્યાં હતાં. કરસનભાઈને થયું કે 'મારી જિંદગીમાં આવાં નક્કર માટલાં બન્યાં નથી !' માટલાં ગણ્યાં તો ૯૦ની સંખ્યા થઈ.

સમય પ્રમાણે રણછોડભાઈ મેવાસા આવ્યા. ઘેલાભાઈ તથા શંભુ રાજાનાં ગાડાંમાં માટલાં ભર્યાં. કરસનભાઈનાં પત્નીને થયું કે 'માટલાં બહુ સારાં બન્યાં છે. તે એક માટલું ઘરે રાખું.' તેમણે એક માટલું ઘરે રાખ્યું.

ગાડાં બપોર પછી રવાના થયાં. રાત્રે ૮-૦૦ વાગે અક્ષર મંદિરે આવી ગયાં. ગાડાં છોડ્યાં અને ભોજનશાળા પાસે નળ નજીક માટલાં ઉતાર્યાં. સ્વામીશ્રીને જાણ કરવામાં આવી કે 'મેવાસાથી માટલાં આવી ગયાં છે.'

સ્વામીશ્રીએ કહેવરાવ્યું કે 'સૌને વાળુ કરાવી દ્યો. અમે થોડી વારમાં

માટલાં જોવા આવીએ છીએ.'

સ્વામીશ્રી પધાર્યા અને એક માટલું હાથમાં લઈને ટકોરો માર્યો અને બોલ્યા : 'માટલાં ટકોરા ખમે એવાં થયાં છે. પાણી બહુ ઠંડાં થશે. અક્ષર દેરીની મોટી સેવા થઈ. ગુણાતીત સ્વામી બહુ રાજી થશે.' પછી કરસનભાઈ તથા તેમના દીકરા ભીખાભાઈ વગેરે હરિભક્તોને આશીર્વાદ આપ્યા.

પણ થયું એવું કે જે માટલું તેમનાં પત્નીએ ઘરે રાખ્યું હતું તે ફૂટી ગયું ! કરસનભાઈનાં પત્નીને ખૂબ બળતરા થઈ કે 'આ માટલું સેવામાં ગયું હોત તો સારું થાત !'

સ્વામીશ્રીએ તો યેનકેન પ્રકારથી હરિભક્તોને મંદિરની - ઠાકોરજીની સેવા કરાવી જગતનું મમત્વ તોડાવી, ભગવત્સન્મુખ વૃત્તિ કરાવવાનું જ તાન રહેતું.

## ગોંડલવાળા જોગીનાં પગલાંનો પ્રતાપ

પારાયણ પૂર્ણાહુતિ પછી પધરામણી કરી, સાંજે સ્વામીશ્રી ચરખડી આવી પહોંચ્યા. ગામલોકો સાથે પોપટભાઈ માવાણી તથા મગનભાઈ વગેરે કૉંગ્રેસ કાર્યકરોએ સ્વાગત કર્યું.

અહીં રાજાભાઈએ સારું મંદિર બનાવ્યું હતું. મોલાભાઈ, જેઠાભાઈ, નાથાભાઈ, મથુરભાઈ વગેરેનો સહકાર સારો હતો. હરિનોમના શુભ દિને મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ચિત્ર-પ્રતિમાઓની પ્રતિષ્ઠા વિધિ રાજારામબાપા તથા ચુનીભાઈ ચાતુર્વેદીએ કરાવી. સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી સાથે મૂર્તિઓની આરતી ઉતારી. ભાયાણી કુટુંબે ભોજન તથા ઉતારાની વ્યવસ્થા કરી. ગામમાં લગભગ ૬૦ ઘરે સ્વામીશ્રીની પધરામણીઓ થઈ.

સાંજે પડવલા ગામે પધરામણી કરી, વેકરી પધાર્યા. ગુણાતીતાનંદ સ્વામીના સમયનું આ પ્રસાદીનું ગામ. બાળમુકુંદદાસ સ્વામીએ અહીં મંદિર કરેલું. બચુભાઈ, જાખુભા, રવજીભાઈ, ઠાકરશીભાઈ, બાઘુભાઈ વગેરે ભક્તોએ ઉમળકાથી સ્વાગત કર્યું. રાત્રે સભા સારી થઈ. સવારે ઘરે પધરામણીઓ થઈ.

વેકરીમાં બે વરસથી વરસાદ પડ્યો ન હતો. તેથી વેકરીના હરિભક્તો સ્વામીશ્રી પાસે ચરખડી આવ્યા હતા અને વેકરી પધારવાનો આગ્રહ કર્યો હતો. તેમણે કહ્યું : 'ગામલોકો એવી વાતો કરે છે કે ગોંડલવાળા જોગી મહારાજ જો વેકરીમાં પગલાં કરે તો વરસાદ થાય.' સ્વામીશ્રીએ વેકરીના હરિભક્તોનો પ્રેમભાવ જોઈને આવવા સંમતિ આપી.

સ્વામીશ્રી વેકરી પધાર્યા ત્યારે ગામલોકોએ ભજન-કીર્તન ગાતાં સ્વાગત કર્યું. સ્વામીશ્રી સભામાં બિરાજ્યા. ત્યાં આકાશમાં વાદળો ઘેરાયાં. સર્વેને ઘણો આનંદ થયો : 'સ્વામીશ્રી પધાર્યા અને સાથે સાથે વરસાદ પણ ધોધમાર વરસશે.'

હરિભક્તો મૂંઝાણા. તેમણે સ્વામીશ્રીને વિનંતી કરી : 'બાપા ! મંડપ બાંધ્યો છે અને સૌને દર્શન-કથાવાર્તાનું સુખ નહીં આવે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'તમે ચિંતા કરશો નહીં. અમે ગોંડલ પહોંચશું ત્યારે વરસાદ પડશે.'

એ વખતે જૂના મંદિરના પણ ઘણા હરિભક્તો હતા. ગાજવીજ થાય, વાદળાં ઘેરાયાં, પણ વરસાદ ન પડે. સૌ હરિભક્તોને સ્વામીશ્રીનાં દર્શન, કથાવાર્તાનું અલૌકિક સુખ આવ્યું.

સ્વામીશ્રી ગોંડલ પધાર્યા ને વેકરીમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો. બે વરસના દુકાળની ભૂખ ભાંગી નાખી. જૂના મંદિરના હરિભક્તોને પણ સ્વામીશ્રીના ઐશ્વર્ય-પ્રતાપનો અનુભવ થયો. તેમાંના કેટલાયને ગુણાતીત જ્ઞાનમાં નિષ્ઠા થઈ.

## વિચરણનો દોર સાંધી દીધો

ગામડાંઓમાં પધરામણીનો કાર્યક્રમ શરૂ થઈ ચૂક્યો હતો. સ્વામીશ્રી અતિ ઉત્સાહથી પધરામણીમાં નીકળી પડતા. આગળ હરિભક્તો ધૂન કરતાં ચાલતા હોય ને સ્વામીશ્રી એક પછી એક ઘરે ઠાકોરજી સહિત પગલાં કરતાં હોય. કોણ જાણે કેમ થાક તેમને લાગતો નહીં ! કદાચ લાગતો તો હશે, પણ જણાવા દેતા નહીં. આ એમની યોગશક્તિ હતી; કારણ, દેહધારીને થાક લાગે પણ સ્વામીશ્રી ભક્તોનાં સુખને અર્થે તે સહી લેતા.

અહીંથી પાટીદડ પધરામણી કરી, સ્વામીશ્રી બપોરે ગોંડલ પધાર્યા. આજે જમવાનું વેકરી, આરામ ગોંડલ અને શયન સારંગપુરમાં હતું; પરંતુ ગોંડલ જ મોડા પહોંચ્યા એટલે આરામનો સમય મળ્યો જ નહીં. વરસાદ પણ પાછળ જ હતો.

થોડા સમય પહેલાં ઘેરો મંદવાડ જણાવતા સ્વામીશ્રી પાછા સંપૂર્ણ સ્વસ્થતા જણાવવા લાગ્યા. એમનાં આરામ અને પધરામણી માટેનાં અનેક ઠરાવો અને હાકલો પછી પણ ભક્તો એ વાત વીસરી ગયા હતા. સ્વામીશ્રી તો કદાપિ એ જણાવે જ નહીં. એ એમની અપાર કરુણા હતી.

આમ, સ્વામીશ્રી જ્યાં જ્યાં પધારે ત્યાં પારાયણ, પ્રતિષ્ઠા, પધરામણી, પૂજન, પત્રલેખન, પંક્તિ(સંતો-ભક્તોને જમાડવાની)માં પીરસવું અને પ્રભાત ફેરીની પરંપરા અને પ્રણાલિકા અવિરત ચાલુ રહેતી. પુરુષોત્તમ નારાયણ સુધી સૌને પહોંચાડવાનો આ જ ધોરી માર્ગ એમણે નક્કી કર્યો હતો.

સારંગપુરમાં જળઝીલણીનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો. ગામોગામથી હરિભક્તોનો આગ્રહ હતો, પણ સ્વામીશ્રીએ અઠવાડિયું સારંગપુરમાં જ - શાસ્ત્રીજી મહારાજના પ્રસાદી સ્થાનમાં રહેવાની ઇચ્છા કરી. શાસ્ત્રીજી મહારાજની શ્રાદ્ધતિથિની ઉજવણી સમાધિ સ્થાન ઉપર જ કરી, સૌને જમાડીને અલૌકિક સ્મૃતિ આપી. સાંજે બોટાદમાં ભગા દોશીના કુટુંબીજન અક્ષરનિવાસી થતાં, તેમનાં કુટુંબીજનોને આશ્વાસન આપી, સ્વામીશ્રી ગઢપુર પધાર્યા.

## મેઘદૂતને આહ્‌વાન

આ પ્રદેશમાં વરસાદની તાણ હોવાથી દરેક ગામના હરિભક્તો સ્વામીશ્રીને અરજ કરે : 'વરસાદ વરસે તો ઠીક.' એ પ્રાર્થના સ્વામીશ્રી મહારાજને પહોંચાડે.

અહીં એક અલૌકિક ઘટના બની ગઈ. કવિ કાલિદાસે મેઘ સાથે મોકલેલો સંદેશો એ તો એક કલ્પના જ છે. જ્યારે સ્વામીશ્રી ગઢપુર બિરાજતા હતા, ત્યારે એક સત્સંગી ભક્તને કહ્યું : 'જાઓ, બહાર જઈ મેઘરાજાને આજ્ઞા કરો કે જલદી વરસે.' જેમ કોઈ માલિક નોકરને હુકમ કરે એવો સંદેશો સ્વામીશ્રીએ પોતાના ભક્ત સાથે સાહજિકતાથી મોકલ્યો. અને ખરેખર ! જોતજોતામાં વરસાદની હેલી થઈ. સ્વામીશ્રી બે દિવસ રહ્યા ત્યાં સુધી મેઘરાજા પણ સાથે રહ્યા. ગામના અગ્રગણ્ય ભાવિકો સ્વામીશ્રીને દર્શનાં આવ્યા ત્યારે કહ્યું પણ ખરું કે 'અમને ખબર હોત કે સ્વામીશ્રી મેઘરાજાને તેડી લાવશે તો વહેલા બોલાવત.'

## મઢૂલી કરતાં બાવો મોટો

લીંબડી થઈ, તા. ૨૦-૯-'૬૨, સ્વામીશ્રી નવાગામ (સેજકપર) પધાર્યા. પોપટભાઈ તથા હિંમતભાઈએ 'હરિલીલાકલ્પતરુ'ની પારાયણ ગોઠવી હતી. વ્યાસપીઠ ઉપર પ્રમુખસ્વામી બિરાજ્યા હતા. ઝાલાવાડમાં સારું જ્ઞાનસત્ર ગોઠવાયું. બપોરે ૧૨-૦૦ વાગે કથા પછી સ્વામીશ્રી આગેવાન હરિભક્તો પાસે વાતો કરાવતા. પછી પોતે પણ આશીર્વાદ આપતા. સાંજે સંતસ્વામી 'સ્વામીની

વાતું' પોતાની આગવી શૈલીમાં નિરૂપી સૌને તૃપ્ત કરતા. રાત્રે પણ સભામાં હરિભક્તો પાસે વાતો કરાવી છેવટમાં સ્વામીશ્રી જ્ઞાનામૃત પીરસતા. મોડી રાતે કથા પછી સ્થાનિક ભક્તો ભજનો તથા રાસનો કાર્યક્રમ કરતા. ઘણી વાર સ્વામીશ્રી તેમાં પણ હાજરી આપી સૌને દર્શનનું સુખ આપતા. વળી, વહેલી સવારે ૫-૩૦ વાગે તો પ્રભાત ફેરીમાં નીકળેલા ભક્તો સ્વામીશ્રીને ઉતારે આવી જ પહોંચે. ત્યારે પણ ગોષ્ઠિ થતી. આમ, સ્વામીશ્રીના સાંનિધ્યમાં કથા-કીર્તનનો સોપો પડતો નહીં.

ઝાલાવાડના જ્ઞાની-ભક્તરાજો અહીં એકત્રિત થયા હતા. તેમની સૌની પાસે વાતો કરાવવાનું સ્વામીશ્રીને બહુ તાન રહેતું. પોતે પણ 'શ્રુતવાનમાં સૌથી સરેશ' એમ કલાકો સુધી પારાયણ, પ્રવચનો, કીર્તનો એકતાર બની સાંભળતા. સૌને દર્શનદાન આપી અદ્ભુત સ્મૃતિ આપતા. અંતમાં પોતે પણ તમામ કથાના નિચોડરૂપ પોતાની બ્રહ્મવાણી સંભળાવી સૌને નિર્ગુણ કરી મૂકતા.

નવાગામની વસ્તી ૨૮૦ માણસની, પરંતુ બહારથી આવેલા હરિભક્તોની સંખ્યા લગભગ ૧,૦૦૦ કરતાં પણ વધારે. પૂર્ણાહુતિને દિવસે તો ૨,૦૦૦ ભક્તો આવ્યા હતા. *'શેરી ભલી પણ સાંકડી રે'* એવો અલૌકિક દેખાવ થયો. એ તો જેણે નજરે જોયું હોય તેને જ ખ્યાલ આવે.

એક અઠવાડિયાનું આ અલૌકિક પારાયણ પૂરું કરી સ્વામીશ્રી મંડળ સાથે મોજીદડ પધાર્યા. નારાયણ ધરે અમાસનો સમૈયો કર્યો.

મોજીદડથી ક્યાં જવું એ નક્કી થઈ શક્યું નહોતું. કારણ, દરેક ગામના હરિભક્તો સ્વામીશ્રીને વિનંતી કરે : 'બાપા ! અમારે ત્યાં પધારો તો સારું. બે વરસથી આવ્યા નથી. હરિભક્તો બહુ રાહ જુએ છે.'

તારીખ ૨૯મીએ સાંજે મોજીદડથી નીકળી ચોકી, ઊંટડી થઈ, લીંબડી હૉસ્પિટલમાં ભગવત્સ્વરૂપદાસજીને આશીર્વાદ આપી, ખારવા થઈ, વઢવાણ મંદિરે દર્શને આવ્યા. સાંજે સુરેન્દ્રનગરથી ટ્રેન પકડી રાત્રે વાંકાનેર સ્ટેશને ઊતર્યા. જગજીવનભાઈ, બાબુભાઈ વગેરે સ્ટેશને આવેલા. તેમની સાથે રાત્રે ૧૦-૩૦ વાગે મોરબી પધાર્યા.

મોરબીમાં સ્વામીશ્રી વીસ વર્ષ પછી આવતા હતા. તેથી હરિભક્તો તેમજ ગામની પ્રેમી જનતાનો ભાવ ખૂબ જ હતો. લોહાણા બૉર્ડિંગમાં સ્વાગત સભા પછી આખા ગામમાં સામૈયું કાઢ્યું હતું. બીજે દિવસે જાહેર સભામાં પ્રમુખ-સ્વામીએ સંતમહિમા સારો વર્ણવ્યો હતો. સ્વામીશ્રીએ આશીર્વચનો ઉચ્ચાર્યાં

હતાં. મોરબીની ભાવિક જનતાએ સારો લાભ લીધો હતો.

## છત્રધારી છત્ર ધરે છે

રાજકોટ, ગોંડલ થઈ, તા. ૩-૧૦-'૬૨, સવારે પીઠવડિયા બાપુ વિક્રમવાળાની મોટરમાં જેતપુર પધાર્યા. શ્રીજીમહારાજના આ પ્રસાદીના ગાદીનશીન સ્થાનમાં ભક્તોએ ૧૫ જોડી બળદ ગાડે જોડી, અદ્‌ભુત સ્વાગત કર્યું. પીઠવડી બાપુસાહેબે શોભાયાત્રામાં દોઢ કલાક સુધી ઠાકોરજી સહિત સ્વામીશ્રી ઉપર છત્ર ધરી રાખી સેવાનો અલભ્ય લાભ લીધો. તેમની આ સેવાથી પ્રસન્ન થઈ સ્વામીશ્રીએ તેમના રાજમહેલમાં પધરામણી કરી, અલ્પાહાર ગ્રહણ કર્યો. તે જ રીતે ચાંપરાજ દરબાર ચાંપરાજવાળાએ પણ પોતાના મહેલમાં સ્વામીશ્રી પધરાવી, ઠાકોરજી સહિત સ્વામીશ્રીને જમાડવાનો વિશેષ લાભ મેળવ્યો હતો.

## ચાર શાક માથે પડ્યાં !

સ્વામીશ્રી ઠાકોરજી જમાડી, કથા કરી, આરામમાં પધાર્યા. ઢોલિયા પર સૂતા ત્યારે અચાનક કાંઈક યાદ આવ્યું ને ખૂબ હસવા લાગ્યા. હાસ્ય રોક્યું રોકાય નહીં એટલે માથે ઓઢીને હસે. આજુબાજુ પ્રમુખસ્વામી અને સંતો ઊભા હતા. સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! શું કારણ છે ? આટલું બધું હસવું કેમ આવે છે ?'

સ્વામીશ્રી વાત કહેવા જાય પણ શબ્દો નીકળી શકે નહીં. પછી થોડી વારે માંડ હાસ્ય રોક્યું ને કહે : 'અમે નવા નવા સાધુ થઈને જૂનાગઢથી રાજકોટ ગયા. ત્યાં એક શુક્લ સાહેબ હતા. તે રોજ મંદિરે દર્શન કરવા આવે ત્યારે શાક લઈને આવે. અમે એક દિ' પૂછ્યું : 'શું શાક લીધું ?' તો કહે : 'ત્રણ શાક લીધાં.' અમે પૂછ્યું : 'કેમ ત્રણ શાક ?' તો કહે : 'અમારે તો રોજ ત્રણ શાક જોઈએ.' અમને નવાઈ લાગી. તેથી રોજ વિચાર કરું : 'ત્રણ શાક કેમ ખવાતા હશે ?' આપણે કોઈ દિ' ત્રણ શાક ખાધેલા નહિ ને ! પણ પછી આપણે માથે પડ્યું એટલે ખબર પડી.'

સૌ સંતો આ સાંભળી હસી હસીને બેવડ વળી ગયા. સ્વામીશ્રી કહે : 'હું રોજ ના પાડું - 'ત્રણ-ચાર શાક નો કરવા;' તોય રોજ ચાર શાક કરે. આ ખાવા જઈએ તો આ રહી જાય.' એમ કહી બોલ્યા : 'આપણને નવાઈ લાગતી અને

હવે આપણે માથે ચાર શાક પડ્યાં !' એમ કહી હસતાં હસતાં પોઢી ગયા.

જો કે સ્વામીશ્રી દૂધીના ગળી ગયેલા શાક વિના બીજાં શાક ભાગ્યે જ અડતા. પણ એમની કહેવાની રીત એવી કે સૌને મોહ થાય અને સ્મૃતિ રહી જાય.

અહીં અમૃતલાલ વકીલ તથા અંબાલાલ શેઠ પણ સત્સંગમાં આવતા હતા. સ્વામીશ્રીની આજ્ઞાથી યાત્રામાં નીકળેલા અમે સંતો સનાતન સ્વામી, રામચરણ સ્વામી, નિર્ગુણ સ્વામી તથા કિશોરભાઈ દવે, ગુણવંત દાણી વગેરે જૂનાગઢથી સ્વામીશ્રીનાં દર્શને તથા આશીર્વાદ લેવા અહીં જેતપુર આવી પહોંચ્યા.

અહીંથી સ્વામીશ્રી બગસરા, જીવરાજ કરસનભાઈ આરીવાળાને ત્યાં પધાર્યા. બળદની ૧૧ જોડીથી ગાડાને ખેંચતા, સ્વામીશ્રીને તેમાં પધરાવી ભક્તોએ ગામમાં ભારે સામૈયું કાઢ્યું. કરસન પટેલ, ભગવાનદાસભાઈ વગેરે ભક્તોના સહકારથી પ્રસંગ સારો શોભ્યો.

'જ્યાં સ્વામીશ્રી ત્યાં ઉત્સવ' એમ ગામોગામ બનતું. અહીં પણ નવા નવા ભક્તો સ્વામીશ્રીના સામૈયામાં તથા સત્સંગ સભામાં સારા પ્રમાણમાં ઊમટ્યા હતા. સંપ્રદાયમાં સાધુતામાં અજોડ આ સંતનાં દર્શન કરવા સૌને ભારે કુતૂહલ થતું અને લોકોનાં ટોળેટોળાં દર્શને આવતાં. ઉત્સવમૂર્તિ સ્વામીશ્રીની હાજરીમાત્રથી જ સર્વત્ર ઉત્સાહનું વાતાવરણ પ્રસરી જતું. કોઈ એમની બાજુમાંથી ખસતું નહીં. ભાવથી દર્શન કરનાર કૃતાર્થ થઈ જતા. એ રમણીય મૂર્તિ લોકોની આંખોમાંથી ખસતી નહીં. લોકો ન્યાલ થઈ જતા.

આ પણ ગુણાતીતાનંદ સ્વામીનું પ્રસાદીનું ગામ. બીજે દિવસે પ્રસાદી સ્થાનો તથા મંદિરનાં દર્શન કરી, પધરામણીઓ કરી, જીવરાજભાઈની રસોઈ જમી, સાંજે વડિયા, દેવચડી થઈ, ગોંડલ પધાર્યા.

બોરીઆવીના ઈશ્વરભાઈ હરમાનભાઈ પટેલ (ટી.ટી.) અહીં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમને માથાનો સખત દુ:ખાવો રહેતો. ઘણી દવાઓ કરાવી, નડિયાદની મિશન હૉસ્પિટલમાં પણ સારવાર કરાવી, પરંતુ ડૉક્ટરોએ હાથ ઘસી નાખ્યા. અને કહ્યું કે 'મગજમાં પરું થઈ ગયું હોવાથી આ દુ:ખાવો તત્કાળ મટશે નહીં.'

તેમણે સ્વામીશ્રીને આ વિગત જણાવી અને દર્દ મટે તે માટે આશીર્વાદ માગ્યા. સ્વામીશ્રીએ બાજુમાં ઊભેલા કંડારીના વૈદ્ય મથુરભાઈને કહ્યું : 'તમે ઈશ્વરભાઈની દવા કરો. તેમનું દરદ મટી જશે.'

મથુરભાઈએ સ્વામીશ્રીની આજ્ઞાથી દવા શરૂ કરી અને થોડા જ દિવસોમાં

અસાધ્ય અને અસહ્ય દુ:ખાવો મટી ગયો. તેમને સ્વામીશ્રીની વચનસિદ્ધિના અનુભવો અન્યની જેમ જ એક કરતાં વધુ વાર થયા હતા.

## સિદ્ધોમાં સિદ્ધ

સ્વામીશ્રી ગોંડલ રોકાતા તે દરમ્યાન દૂર દૂરથી મુમુક્ષુઓ સ્વામીશ્રીનાં દર્શન-સમાગમ માટે આવતા રહેતા. એક દિવસ કોસંબાના નાનુભાઈ પણ અહીં આવ્યા. પોતે ભક્તિભાવનાવાળા અને સાત્ત્વિક વૃત્તિના. તેથી પોતાના ગામના રામજી મંદિરે રોજ બેસે. ત્યાંના મહંત રામદાસજી સાથે પ્રશ્નોત્તર કરે. અને મુક્તિની સાધના બાબત ચર્ચા કરે.

એક દિવસ આવી ચર્ચામાં રામદાસજીએ સામેથી કહ્યું : 'મોક્ષ માટે સાચા સદ્‌ગુરુના શરણે જવું જોઈએ. માટે જો તમારે મોક્ષ જોઈતો હોય, તો અત્યારે ગોંડલના યોગીજી મહારાજ છે. તેમની પાસે જવું. તે અમારા સિદ્ધપુરુષોમાં પણ સિદ્ધપુરુષ છે.'

આ વચનોથી પ્રેરાઈ નાનુભાઈ ગોંડલ આવ્યા હતા. તેમણે રામદાસજીની વાત જણાવી પોતાને આશ્રિત બનાવવા સ્વામીશ્રીને પ્રાર્થના કરી. સ્વામીશ્રી તેમની મુમુક્ષુતાથી ખૂબ રાજી થયા. અને કહે : 'જો સારા ગુરુ મળ્યા, તો મોક્ષનો માર્ગ ચીંધી દીધો.' એમ કહી તેમને વર્તમાન ધરાવ્યાં.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં ગોંડલમાં શરદોત્સવનું મહત્ત્વ હવે સત્સંગ-સમાજના હૈયે ઊંડું વસી ગયું હતું. પછી કોઈ વિશેષ પ્રસંગ હોય કે નહીં, પણ આ ઉત્સવ પ્રસંગે સ્વામીશ્રી સદા પ્રસન્ન મુદ્રામાં આનંદબ્રહ્મની વર્ષા રેલાવતા. એનું એક વાર પણ સુખ માણ્યું હોય તે આ ઉત્સવ છોડી શકે નહીં.

વહેલી સવારે સ્વામીશ્રી અક્ષર દેરીમાં મહાપૂજા કરવા બેસતા. ત્યારે તો મહાપૂજા નોંધાવવા ભક્તોની પડાપડી થતી. લખનારા લખી શકે નહીં. અને સંકલ્પ કરાવનાર પણ નામો બોલતાં થાકી જાય તેટલો ધસારો થતો. તેમાં પણ સ્વામીશ્રી ઘેરા-મીઠા સાદે જ્યારે પોતાનું નામ બોલે : 'હરમાનભાઈ નામના ભક્તસ્ય...' 'અહીં બેઠેલા તમામ નામના ભક્તસ્ય...' ત્યારે તો લોકોને અવિસ્મરણીય આનંદ મળતો.

## દૃષ્ટિમાં અભયદાન

શરદ પૂનમની સવારની સભામાં સંતો-હરિભક્તોનાં વક્તવ્યો બાદ

સ્વામીશ્રીએ જણાવ્યું : 'આપણે ગુણાતીતાનંદ સ્વામીનો જન્મોત્સવ ઊજવવા ભેગા થયા છીએ. તો મહારાજ આપણા પર બહુ રાજી છે. આ લાભ એક બ્રહ્માંડ જેટલો પણ ન કહેવાય. દસ બ્રહ્માંડ જેટલો પણ ન કહેવાય. આ તો અનંત ગણો લાભ છે. સૌએ ભગવાનના ભક્તમાં નિર્દોષબુદ્ધિ રાખતાં શીખવું.'

રાત્રે જન્મોત્સવની સભામાં હર્ષદભાઈ, અજાગિયા, સરકારી વકીલ ચોકસી સાહેબ, ચંદુભાઈ વિદ્યાધિકારી વગેરે ભક્તોનાં પ્રવચનો પછી સ્વામીશ્રીએ આશીર્વચનો ઉચ્ચાર્યાં : 'સૌ અન્ન-વસ્ત્રે સુખી થાઓ. સંપ, સુહૃદભાવ અને નિષ્ઠા વધો. મોર ઉપર ગુણાતીતની દૃષ્ટિ પડી તો પારધી તેને મારી શક્યો નહીં; એમ આજ તો જેના ઉપર મોટાપુરુષની દૃષ્ટિ પડી તે અભય થઈ ચૂક્યો. પણ જીવ એવો અવળો છે કે જવું હોય દ્વારકા અને જાય દીવ. માટે આપણે એવા થવું કે મહારાજ રાજી થાય.'

મોટાસ્વામીના સંબોધન બાદ છેલ્લી આરતી ગોંડલ મહારાજા અને સ્વામીશ્રીએ ઉતારી હતી. મોટેરા અનુભવી હરિભક્તોના સહકારથી દરેક પ્રકારની વ્યવસ્થા સારી ગોઠવાઈ ગઈ હતી. જો કે બધાની પાછળ સંપૂર્ણ દોરવણી તો પ્રમુખસ્વામીની જ હતી. એમને સંસ્થાના વહેવારની જેટલી ચિંતા નહોતી, તેથી વધુ ચિંતા હરિભક્તોની રહેતી. કોઈને તકલીફ પડવા દીધી નહીં. કેવા અજોડ ! કેટલા ધીર અને ગંભીર !

## ઉમંગના પત્રો

અહીંથી સ્વામીશ્રીએ મુંબઈના સંતોને શરદ પૂનમ પહેલાં એક પત્ર લખ્યો :

*સવારના ૯ વાગે,*

*તા. ૧૧-૧૦-'૬૨, ગોંડલ*

*(આશીર્વાદ પત્ર સાક્ષાત્ દેરીમાંથી) આસો સુદિ ૧૩, ગુરુવાર.*

*'અહોહો ! આપને પત્ર લખવામાં ઉમંગ થાય છે તો હવે હંમેશાં પત્ર લખવા નિરધાર કર્યા છે. હે સંતો, હે પારસદો, આપણે મરી મટવું. ગ.મ. ૨૨મું સીધ કરવું. નિશાન લેવું ને જીત કરવી. તે માટે કેસરિયા કર્યા છે. તો સ્વામી શાસ્ત્રીજી મહારાજની સંસ્થાને ઉજ્જવળ કરવા આપણે ભેખ લીધો છે. તો સીધુડા, 'ધીર ધુરંધરા' દસ પદ શૂરવીરનાં છે. તો જીવનમાં ઉતારવાં ને ડંકો મારવો. કોઈ સંત મૂંજાશો જ નહિ. મરણિયા જ થાવું, તો જ સ્વામીશ્રીજી બળ આપશે. સંકલ્પ તો ચકલીની પેઠે સ્વામીશ્રી ઉડાડી દેશે.'*

આવા બળના પત્રો સ્વામીશ્રી અવારનવાર લખતા રહેતા. શરદ પૂનમ બાદ બીજા પત્રમાં મુંબઈના સંતોને બળ પ્રેરતાં લખ્યું :

*તા. ૧૫-૧૦-'૬૨.*

*'...વિ. આપણે ડંકો મારવાનો છે. શાંતિ જાળવવાની છે. તો હવે આપ બધા સંતોને ૪ આજ્ઞા છે તે વાંચવી.*

*(૧) કોઈ રસોઈ દેવા આવે તો સાદી જ લેવી, કારણ કે તમો ગળું ખાતા નથી. ના પાડવી. તો હવે એક મુદ્દો, સાદી રસોઈ કરવી. ને સાદી લેવી તો સમાસ થાય.*

*(૨) પાંચ વખત દરેકે કથામાં બેસવું. તે ખાસ રાજીપો છે.*

*(૩) સંપ ને સુહૃદભાવ ને એકતાપણે રહેવું. આપણે મોટું મન રાખીને રહીએ તો ડંકો વાગશે. આપ રાજી રહેશો.*

*(૪) છેલ્લી કલમ : આપણે ગુણ આવે તેવી ક્રિયા કરવી.*

## ગાયનાં અહોભાગ્ય !

અક્ષર મંદિરમાં, કાનજીભાઈ લીંબાભાઈએ પોતાની ગાય ભેટ ધરી હતી. આ સંકલ્પ વલ્લભીપુરની મૂર્તિપ્રતિષ્ઠા વખતે જ તેમણે કરેલો. અને સ્વામીશ્રીએ તેમને કહેલું કે 'દૂઝણી ગાય આપજો. ને તેનું દૂધ ઘનશ્યામ મહારાજ પીશે, ગાયનો પણ મોક્ષ થશે.'

આ પછી થોડા જ દિવસે આંબરડીમાં મૂર્તિપ્રતિષ્ઠા હતી ત્યારે ધોળા જંક્શને સ્વામીશ્રીએ કાનજીભાઈને યાદ કરાવ્યું : 'ગાય ગોંડલ મોકલી ?'

તેઓ કહે : 'હજુ વિયાઈ નથી. એટલે વિયાય પછી મોકલી આપીશ.' સ્વામીશ્રી તેમની ઉપર ખૂબ રાજી થયા હતા.

બરાબર એક મહિના બાદ ગાયને વાછડી આવી. કાનજીભાઈ સ્વામીશ્રીની આજ્ઞાથી ગાય ગોંડલ મોકલવા પ્રયત્ન કરવા લાગ્યા, પણ ગાયને ગોંડલ સુધી લઈ જવા કોઈ તૈયાર ન થયું.

આ દરમ્યાન સ્વામીશ્રી મુંબઈ બિરાજતા હતા. તેથી કાનજીભાઈએ પોતાની મુશ્કેલી જણાવી કે 'ભરવાડોને દા'ડી આપવી પડે તે આપીને પણ ગાય મોકલવા પ્રયત્ન કર્યો, પણ કોઈ ગોંડળ સુધી લઈ જવા તૈયાર નથી. આપ કહો તો ગાયને ગઢડા મોકલું.'

સ્વામીશ્રીએ તરત જ પ્રત્યુત્તર લખ્યો : 'ગમે તે રૂપિયા લે, પણ ગાયને

ગોંડલ જ મોકલો. ઘનશ્યામ મહારાજને દૂધ પાવું છે. આ ફેરે ગોંડલ જવાવાળો માણસ મળશે.'

કાનજીભાઈએ ફરી તપાસ કરી. સ્વામીશ્રીના વચને તરત જ એક ભરવાડ વાજબી ભાવે ગોંડલ જવા તૈયાર થયો. કાનજીભાઈએ ઝૂલ, બોઘરણું વગેરે સાથે આપી ગાય અક્ષર મંદિરે મોકલી.

આ વખતે સ્વામીશ્રી ગોંડલ પધાર્યા ત્યારે સામેથી ગાયને યાદ કરી. કાનજીભાઈ પણ સમૈયે આવ્યા હતા. તેમને બોલાવી ખૂબ આશીર્વાદ આપ્યા અને ગૌશાળામાં ગાયને જોવા પધાર્યા.

ગાયે દૂધ આપ્યું ત્યાં સુધી ઘનશ્યામ મહારાજના થાળમાં તેનું દૂધ ધરાવાતું. તે ગાયનો હાલ ત્રીજો વેલો ચાલે છે. તે ગાયનો તો સ્વામીશ્રીએ મોક્ષ કર્યો જ, પણ આવી નાની-નાની સેવા અંગીકાર કરી સ્વામીશ્રી હરિભક્તોને જીવનભરની સ્મૃતિઓ આપતા. અને અબુધ પશુઓનું પણ કલ્યાણ કરતા.

## પચ્ચીસ પ્રદક્ષિણાનો અપૂર્વ હેતુ

રામોદના મોહનભાઈને ગોંડલની સરકારી હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. સ્વામીશ્રીને આ ખબર મળતાં જ હૉસ્પિટલમાં જઈ, તેમને મળવાની ઇચ્છા દર્શાવી. ને કહે : 'બાવાભાઈની ટેક્સી બોલાવો.'

બાવાભાઈ ઘણી વાર સ્વામીશ્રીના ઉપયોગમાં પોતાની ટેક્સી લાવી દેતા. જે ભાડું આપે તે તેઓ લઈ લેતા. ને ગામમાં જવું હોય તો સેવામાં પણ આવતા.

સ્વામીશ્રી ભટેસા અને અન્ય હરિભક્તો સાથે હૉસ્પિટલમાં પધાર્યા. મુખ્ય ડૉક્ટર બધેકર પણ દર્શને આવ્યા. મોહનભાઈ તો સ્વામીશ્રીને જોતાં જ ગદ્ગદ થઈ ગયાં. સ્વામીશ્રી તેમના પલંગે બેઠા. આખા શરીરે હાથ ફેરવ્યો. ભટેસા સાહેબ પાસે સેવા કરાવી. એક હરિભક્તને ફળ વગેરે લેવા મોકલ્યા. અને મંદિરે પધાર્યા.

થોડા દિવસે મોહનભાઈ સાજા થયા. મંદિરે આવ્યા અને સ્વામીશ્રીને મળ્યા. સ્વામીશ્રી તેમને જોતાં ખૂબ પ્રસન્ન થયા. ને કહે : 'મોહનભાઈ ! તમને સંભારી હું રોજ પચ્ચીસ પ્રદક્ષિણા કરતો. તે આજ તમે સાજા થઈને આવ્યા તે આનંદ થયો.' પછી પૂછવા લાગ્યા : 'દવા લો છો ? કઈ દવા લો છો ?'

મોહનભાઈ કહે : 'બાપા ! વટામણની ટીકડી લઉં છું.'

સ્વામીશ્રીને ખ્યાલ ન આવ્યો. તેથી ફરી પૂછ્યું : 'કઈ ટીકડી ?'

'વટામણની.'

પછી ખ્યાલ આવ્યો કે વિટામિનની ટીકડીની વાત કરે છે. સ્વામીશ્રી ખૂબ હસ્યા ને એક હરિભક્ત પાસે તે દવાની સેવા કરાવી. મોહનભાઈને કહ્યું : 'મોહનભાઈ ! તમે જૂના છો. શાસ્ત્રીજી મહારાજની નિષ્ઠાવાળા. તેથી તમારી ખબર રાખીએ તો શાસ્ત્રીજી મહારાજ રાજી થાય.'

સ્વામીશ્રી જૂનાગઢ કૃષ્ણચરણ સ્વામીના મંડળમાં હતા ત્યારનો મોહનભાઈ સાથે સંબંધ. તેથી સ્વજનની જેમ સ્વામીશ્રી આ ભક્તની ખબર રાખતા.

ગોંડલના રોકાણ દરમ્યાન મોહનભાઈ કે તેવા જ કોઈ આજુબાજુના ગામના નિષ્ઠાવાળા ભક્ત આવ્યા ન હોય તો ખબર કઢાવતા. માણસ તેડવા મોકલતા અને સુખ આપતા. આમ, અપાર કરુણા વરસાવતા.

❀ ❀ ❀



# શ્રમયજ્ઞથી ગુણાતીતનગરનું સર્જન

તા. ૧૬-૧૦-'૬૨, રાજકોટ થઈ સ્વામીશ્રી ભાદરા પધાર્યા. સાથે ૨૦૦ જેટલા હરિભક્તો હતા. શ્રમયજ્ઞનો વિશિષ્ટ કાર્યક્રમ સ્વામીશ્રીએ ગોઠવ્યો હતો.

સ્વામીશ્રી આજે એ ઊંડ તીરે આવેલા ભાદરાપુરનો પુનરુદ્ધાર કરી રહ્યા હતા. એ ભાદરાપુર આજે 'ગુણાતીતનગર'ના શુભ નામમાં લીન થઈ રહ્યું હતું. આજે આ નવા જ રેલવે સ્ટેશનનું નિર્માણ થઈ રહ્યું હતું. અનેક સત્સંગીજનો આ વિધિમાં ભાગ લઈ રહ્યા હતા. ખાતમુહૂર્તનો વિધિ પૂરો થયો અને સ્વામીશ્રીએ હાથમાં ત્રિકમ ધારણ કર્યું. સંતોએ અને સત્સંગીઓએ વિનંતી કરી કે 'હવે એ સેવાનો લાભ અમને આપો તો સારું !' એમ કહી સેવા માગી લીધી.

પ્રત્યેક ભક્ત આ દિવ્ય સેવામાં જોડાઈ ગયા. કોઈ ખોદે, કોઈ તગારાં ઉપાડે. દરેક ક્રિયા સાથે સ્વામિનારાયણ પ્રભુનું નામ સંકળાયેલું હોય જ. કાર્ય તરફ દૃષ્ટિ નાખતાં સૌ કોઈને એમ થતું કે '૪૦૦ ફૂટ લાંબું, ૨૮ ફૂટ પહોળું અને ૨॥ ફૂટ ઊંચું આ પ્લૅટફૉર્મ કેવી રીતે થશે ?'

સ્વામીશ્રી આશ્રિતોને કાર્ય સોંપી ઉતારે પધાર્યા. રસ્તામાં મંદિરે દર્શને પધાર્યા અને હનુમાનજીને આજ્ઞા કરી કે 'આપને સેવામાં જવું પડશે. માટે જાઓ આપ બળ આપો.'

સ્વામીશ્રી નિત્ય સવાર-સાંજ સ્ટેશને જાય અને દર્શન આપવા બિરાજે. જે હરિભક્તો થાકે તેને પાસે બોલાવી વાતો કરે : 'તમારાં બહુ જ મોટાં ભાગ્ય છે, જે તમને મહારાજની અને સ્વામીની બંનેની સેવા મળી છે.'

એક વાર એક હરિભક્તે સ્વામીશ્રીને પૂછ્યું : 'દયાળુ ! મહારાજના સમયમાં પણ આ પ્રમાણે જ મંદિરોનું કામ ચાલતું ને ?'

ત્યારે સ્વામીશ્રીએ બહુ જ લાક્ષણિક ઢબમાં કહ્યું : 'આથી સવાયું.'

આમ, સ્વામીશ્રી પોતાની શ્રીજી પ્રત્યેની દાસત્વ-ભક્તિનાં દિવ્ય દર્શન કરાવી સુખ આપતા અને રાજી થઈ કહેતા : 'એક તગારે ૧,૦૦૦ તગારાનું પુણ્ય અને અક્ષરધામ બક્ષિસ.' આમ, હરિભક્તો ઉપર રાજીપો જણાવે.

આ બધી સેવા કરાવવા પાછળ તેમનો એક જ સિદ્ધાંત કે 'એ જે અનાદિ બ્રહ્મ અને પરબ્રહ્મ એમનો મહિમા આ જગતભરમાં ફેલાવવો અને એ સનાતન વિભૂતિ માટે કિંચિત્ કર્યું હોય તેને પણ અક્ષરધામનો અધિકારી બનાવી દેવો.'

શહેરના સુંવાળા હરિભક્તો કે જેમણે કોઈ દિવસ પાંચ શેર જેટલો ભાર પણ ન ઉપાડ્યો હોય, તેવા હરિભક્તો આજે આ ગુણાતીત પુરુષના વચને મંડી પડ્યા હતા. તેમને તો એમ જ હતું કે આ સ્થાન ગુણાતીત, સ્ટેશન ગુણાતીતનગર અને આજ્ઞા કરનાર પણ ગુણાતીત સત્પુરુષ છે. અને જો આ દેહને ગણ્યા વગર મંડી પડશું, તો જરૂર આ પુરુષ આપણને ગુણાતીત કરશે જ. એમાં સંશય નથી.

## દેહભાવ કેમ નડે છે ?

સ્વામીશ્રી પણ હરિભક્તોની બહુ જ સંભાળ લે. ખબર પડે કે 'હરિભક્ત કામ નથી કરી શકતા, ફોડલા પડ્યા છે,' તો તેમને પોતાની પાસે બોલાવી લે અને બેસાડે. આવા આઠ-દસ હરિભક્તો ભેગા થાય, ત્યારે પોતે ટપાલ લખતા હોય તે બાજુ પર મૂકી જ્ઞાન-ગોષ્ઠિ કરે.

આવા એક સમયે સ્વામીશ્રી પાસે પાંચ-સાત હરિભક્તો અને બે-ત્રણ સંતો બેઠા હતા. એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો કે 'ભગવાનનો અને સંતનો મહિમા બહુ જ છે, છતાં દેહભાવ કેમ નડતો હશે ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તેમાં ત્રણ મુદ્દા છે : એક, મહિમાની શેડ જીવમાં ઊતરવી જોઈએ. ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી ! શું પ્રાપ્તિ ! એ વિચાર કરીએ તો ખબર પડે અને દિવ્યભાવની દૃઢતા થાય. અને દૃઢતા સમાગમથી થાય. બીજી કલમ સંત-સમાગમ - તેમાં દિવ્યભાવ. મનુષ્યભાવમાં સંશય ન થાય. અને ત્રીજું, તેના સંબંધવાળાનો મહિમા. એમ ત્રણ મુદ્દા છે.

'મહિમા હોય તો મહારાજ કર્યા સામું નથી જોતા. લોઢવાના લખુ ચારણ હતા. રોજ ભેંસનું દૂધ ભેગું કરે અને મલાઈ કાઢી, એલચી-સાકર નાખી મહારાજને જમાડે. પછી મહારાજે રાજી થઈ માગવા કહ્યું. ત્યારે લખુ ચારણે કહ્યું : 'આ મારી ૬૦ ભેંશ અને વીરો દીકરો કાયમ રહે.' ત્યારે મહારાજ કહે :

'એ નહિ, બીજું માંગો.' પણ માગતાં આવડ્યું નહિ. ત્યારે મહારાજ કહે : 'જાવ, હું મારું અક્ષરધામ બક્ષિસ આપીશ.' મહારાજે માગ્યા સામું ન જોયું. એમ દિવ્યભાવ થાય તો મહિમા અખંડ રહે.'

એવામાં એન્જિનિયર ખરે સાહેબ આવ્યા અને સ્વામીશ્રીને પગે લાગી કહે : 'મેં આપને વચન આપ્યું હતું એટલે આવ્યો. મારે બીજું ઘણું કામ હતું. પણ થયું : વચન આપ્યું છે અને ન જાઉં તો ખોટો પડું. એટલે ખાસ દર્શને આવ્યો છું. મારા લાયક સેવા બતાવજો.' વળી સ્વામીશ્રીને કહે : 'મારી આ ગાડી (માણસો ખેંચે તેવી ટ્રોલી) છે, તેમાં બિરાજો અને પાવન કરો.' પછી સ્વામીશ્રી અને સંતો તેમાં એન્જિનિયર સાહેબ સાથે બિરાજ્યા. સ્વામીશ્રીએ સાહેબને આશીર્વાદ આપ્યા અને કેટલીક સૂચનાઓ આપી, રજા આપી.

સ્વામીશ્રી સવાર-સાંજ સ્ટેશને હરિભક્તો કામ કરે ત્યાં સુધી બેસી દર્શન આપે. અગ્રગણ્ય હરિભક્તો ભીમજીભાઈ વિઠલાણી (એન્જિનિયર), રમેશ દલાલ, ભાદરણના કાશીકાકા, ડાહ્યાભાઈ, ગોકુળદાસ, રામજીભાઈ તથા દાસભાઈ વગેરે ત્યાં હાજર રહી તગારાં ઉપાડે. બીજા હરિભક્તો પણ અતિશય સેવા કરે. રાજુલા મંડળ, મોજીદડ તેમજ બીજા અનેક હરિભક્તો આ શિબિરમાં જોડાયા હતા. બાલુભાઈ ટી.ટી. સર્વને માર્ગદર્શન આપતા હતા. લગભગ ૨૦૦ હરિભક્તો આમાં ભાગ લઈ સ્વામીશ્રીના રાજીપાના અધિકારી થયા.

## સેવાથી આત્મબળ વધે

શ્રમ-શિબિરમાં દિવ્યતાનાં અખંડ દર્શન થતાં, એમ જ લાગતું કે શું આપણે અક્ષરધામમાં તો નથી ને ! અને ખરેખર દરેકને થતું કે આપણે અક્ષરધામમાં જ છીએ. સખત પરિશ્રમ કરવા છતાં થાક જેવું ચિહ્ન પણ હરિભક્તોનાં મુખ ઉપર જોવા મળતું હતું. નહિ તો તડકામાં ૧૦ થી ૧૨ કલાક ફરવામાં શહેરના માણસોને તો થાક લાગે જ. સ્વામીશ્રી સવારે ૧૧-૦૦ વાગે એટલે કામ બંધ રખાવે અને 'હાલો, વાતો કરીએ' એમ સૌને કથાવાર્તા કરે. ગામના હરિભક્તો - માંડણ ભગત, કુરજી ભગત, માવજી ભગત વગેરેની સાથે ગામના દરેક પુરુષ આ સુખનો લહાવો લેવા આવતા.

સ્વામીશ્રીના આગમન સાથે ગામમાં વીજળીના દીવા આવ્યા. તેનું ઉદ્‌ઘાટન પણ સ્વામીશ્રીને હાથે થયું. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ છેલ્લે 'વ્યવહાર-માર્ગ તો કાંઈ કઠણ નથી...' એ સ્વામીની વાત બોલી હરિભક્તોને કહ્યું :

'આ ભાદરામાં સેવા કરી, દાખડો પડ્યો, તેમાં ગોદડું મળ્યું - ન મળ્યું તોપણ શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા માટે છે. આ દાખડો કર્યો તો જાત્રાનું સ્થળ થઈ ગયું. હવે સ્ટેશન પાસે થયું તો ચાલતાં જવાય. આપણે શ્રમયજ્ઞ કર્યો તો કેવો આનંદ થઈ ગયો ! હજારો રૂપિયાની સેવા કરી. કદાપિ કોઈ શેઠિયો પૈસા આપી દે, પણ દેહભાવ જાય અને આત્મબળ વધે એ વાત ન બને.

'મહારાજના વખતમાં પણ સંતો જાતે તગારાં ઉપાડતા, પાયા ગાળતા, એક વાર એક શેઠિયો મહારાજને કહે : 'હું રૂપિયા આપું, પણ સાધુ તગારાં ઉપાડે તે ઠીક નહીં. તે હું પૈસા આપું, તે મજૂર કરી લ્યો.' ત્યારે મહારાજ કહે : 'આત્મબળ આપવું છે ને ધામમાં લઈ જવા છે.'

'આ ભવિષ્યમાં સાંભરશે. પૈસા તો સૌ આપે છે. સંતોએ સેવા કરી તે આખ્યાન લખાઈ ગયું. એ કામ કરાવતા. એ સેવા ન કરી હોય તો મોટા-પુરુષનો રાજીપો ન મળે. મહારાજે ગ.મ. ૬૩ના વચનામૃતમાં કહ્યું છે : ભગવાન અને સંતમાં પ્રીતિ, બીજું સેવાને વિષે અતિશય શ્રદ્ધા. નવ પ્રકારની ભક્તિમાં આત્મનિવેદન ભક્તિ ઉત્તમ છે, દેહે સેવા કરવી ઉત્તમ છે, તે તમને મળી છે. અક્ષરધામનું ભાતું છે.'

આ પ્રમાણે ચાર દિવસ રહી શ્રમયજ્ઞ પૂરો કર્યો. સ્ટેશનનું મુખ્ય કામ પૂરું કરી, સ્વામીશ્રી જાયવા જવા વિદાય થયા.

## મળજો અમને યોગીજીનો સથવારો

રસ્તામાં ધ્રોળ નરેશના મહેલમાં પધાર્યા. બાપુ સ્વામીશ્રીની રાહ જોઈને જ બેઠા હતા. બાપુએ હારતોરા કરી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજના મહિમાની વાતો સંભળાવી. 'પ્રગટ સત્પુરુષ મળે તો જ જીવનો મોક્ષ થાય' – એ વાત પણ સ્વામીશ્રીએ બાપુને સમજાવી. સૌરાષ્ટ્રનાં રજવાડાંઓમાં વિચક્ષણ ગણાતા ધ્રોળ બાપુ સ્વામીશ્રી ઉપર અપાર સ્નેહ રાખતા. જીવનમાં તેમને સ્વામીશ્રીનો સથવારો ગમી ગયો હતો. તેથી એમનાં દર્શન-સમાગમનો લોભ તેઓ છોડી શકતા નહીં. સ્વામીશ્રી થોડામાં ઝાઝું પીરસી શકતા. બાપુને સુખસાગરમાં તરતા મૂકી સ્વામીશ્રી જાયવા, ડાંગરા, રાજકોટ થઈ, ગોંડલ રાત્રે ૧૨-૪૫ વાગે પધાર્યા.

તા. ૨૪મીએ સવારે હેમેન્દ્રભાઈ ભગદેવ પોરબંદરથી તેડવા આવ્યા

હતા. તેમની સાથે સ્વામીશ્રી પોરબંદર પધાર્યા. મોહનભાઈ ભગદેવે ખૂબ ભાવથી સ્વાગત કર્યું. નાનજી કાલિદાસના દીકરા ખીમજીભાઈ, વાડિયા સાહેબ, ડૉ. લવિંગિયા, કાળિદાસભાઈ વગેરે દર્શને આવ્યા હતા. મોહનભાઈએ ભાવપૂર્વક ભાતભાતનાં પકવાનો ઠાકોરજી માટે કર્યાં હતાં. સાંજે સ્વામીશ્રી સુદામા મંદિર, કીર્તિ મંદિર વગેરે સ્થાનોએ થઈ જાહેર સભામાં પધાર્યા. બીજે દિવસે સવારે ઘણી પધરામણીઓ કરી.

સાંજે ધોરાજી, મિસ્ત્રીને ત્યાં થઈ, રાત્રે ગોંડલ પાછા આવ્યા.

ગોંડલમાં અન્નકૂટની તૈયારીઓ ચાલતી હતી. દિવસમાં બે-ત્રણ વાર રસોડામાં પધારી સ્વામીશ્રી માર્ગદર્શન આપતા. ત્યારે એમ લાગે કે આ પુરુષથી કોઈ વાત અજાણી નથી. જાણે ચોસઠ કળાથી પણ વધુ કળાઓ આ પુરુષમાં અવ્યક્ત રીતે છુપાયેલી હશે એવી પ્રતીતિ થયા વગર રહે નહીં !

દિવાળીને દિવસે અક્ષર દેરીમાં ચોપડા-પૂજન થયું. આમ તો સમગ્ર દેશના હરિભક્તો પોતાના ચોપડા અક્ષર દેરીમાં, સ્વામીશ્રીના હસ્તે પ્રસાદી કરવા લાવતા. છતાં દર વર્ષે સાંજે સ્વામીશ્રી રાજકોટ ચોપડા-પૂજન કરવા પધારતા. આજે રાત્રે ૧૨-૧૫ વાગે રાજકોટથી પાછા ફર્યા.

બીજે દિવસે અન્નકૂટની ગોઠવણીમાં પણ પોતે તમામ સૂચના આપતા. અન્નકૂટ ગોઠવાય એ દરમ્યાન સભામંડપમાં કથાવાર્તા થતી. ૧૨-૩૦ વાગે સ્વામીશ્રી પહેલાં દેરીમાં વિવિધ થાળ બોલી આરતી ઉતારતા. પછી તે જ પ્રમાણે ઉપર મંદિરમાં પણ થાળ ગાઈ આરતી ઉતારતા. હરિભક્તોને જમાડી લગભગ ત્રણ વાગે પોતે ઠાકોરજી જમાડતા. અન્નકૂટને દિવસે સવારથી પોતે કશું લેતા નહીં. અન્નકૂટની આરતી પછી મોડેથી જ જમતા.

અન્નકૂટની વિવિધ વાનગીઓ સ્વામીશ્રી સમક્ષ મૂકીએ, ત્યારે પોતે બધી વસ્તુ ફક્ત દૃષ્ટિપ્રસાદી કરે. મીઠાઈ તો લે જ નહીં. એક-બે મોળાં શાક લે. 'દાણા નાખો જોઈ' એમ કહી તુવેર-રીંગણાંનું મોળું શાક થોડું પત્તરમાં મુકાવી કદાચ લે. બાકી રોજ જમતા હોય તે જ જમે. અસંખ્ય વાનગીમાંથી એક વાનગી પણ ચાખવાનો ભાવ નહિ. છતાં વખાણ કરે : 'શાક સારાં થયાં. ભજિયાં સારાં બનાવ્યાં. મહારાજ જમે એવાં થયાં.' એમ સૌને રાજી કરે.

## 'શાંતિનાં ગાડાં'નો આડતિયો

અહીંથી સ્વામીશ્રીએ મુંબઈ સંતોને એક પત્ર લખ્યો. જેમાં બહુ કૃપાએ

કરીને પોતાની અંગત વાત લખી, પોતાનું સ્વાસ્થ્ય સારું છે, ચિંતા કરતા નહિ – તે ભાવ દર્શાવી સૌને ખુશખુશાલ કરી દીધા.

*તા. ૧-૧૧-'૬૨.*

*'...અહોહો ! અનકોટ સારો સ્વામીને સંભારીને ઉજવાઈ ગયો. શું શાંતિનાં ગાડાં ! આનંદના ફુવારા ! પ્રકાશ ઘણો. મને હંમેશાં થાક લાગતો, પણ હાલ તો આખો દિવસ સેવામાં. ૩૨ પધરામણી રાજકોટ. ૨૦ રાતના પધરામણી. કાલે આખો દિવસ સેવા કરી, પણ કંઈ ન થીયું. જુઓ, સ્વામીશ્રીનો પ્રૌઢ પ્રતાપ. ૧૦૦ કંકોતરી લખી, મહાપૂજાઓ છતાં તાજા. અહોહો ! સ્વામીને પ્રતાપે તમોને સંભાર્યા, પણ તમોને કાલે સુખ અંતરમાં ઘણું આવ્યું હશે. તો અતરમાં જોશો. સુખ ઘણુ જ આવશે.'*

રાજકોટમાં 'સ્વામીની વાતું'નું પારાયણ કરીને જામનગર ઘેલાભાઈ, ભાસ્કરભાઈ વગેરે મંડળને દર્શન-સમાગમનો લાભ આપી, રાત્રે ૧-૦૦ વાગે ગોંડલ આવી પહોંચ્યા.

સંતોએ મુંબઈના અન્નકૂટની પ્રસાદી સ્વામીશ્રીને પહોંચાડી, તેનો વળતો પ્રત્યુત્તર સ્વામીશ્રીએ તુરત પાઠવ્યો. જે વાંચતાં જ આનંદ આનંદ થઈ જાય.

*તા. ૭-૧૧'૬૨, બુધવાર.*

*'રાજકોટથી ૬૦ માઈલ જામનગર, ગોંડલ ૧૪૭ માઈલ પાછા.*

*'.....આનંદ વિજય કે ઓહોહો ! આપનો કરેલો અન્નકોટ જમતાં જ આનંદના ફુવારા છૂટ્યા. ને શાંતિ અનુભવી. તેમાં જલેબી તથા અડદિયો લાડુ જમ્યા. તથા મેસુબ જમ્યા. તથા સેવ-ગાંઠિયા સર્વોપરી, અહોહો ! જમતાં સંકલ્પમાત્ર બંધ થઈ ગયા. બધાને જમાડ્યા. જયજયકાર થઈ ગીયો અને બે મોટરોમાં ૧૭૫ માઈલ અમદાવાદ.'*

## ઉપલા ધોરણના પ્રવેશક

આ સમૈયામાં મોરબીના માર્કંડભાઈ દવે સ્વામીશ્રીનો સમાગમ કરવા આવ્યા હતા. એમને અમદાવાદના મૂળશંકરભાઈ જોષીનો યોગ, તેથી સ્વામીશ્રીના સંબંધમાં આવ્યા હતા.

સમૈયા પછી સ્વામીશ્રીની રજા લેવા ગયા. ત્યારે હેત વરસાવતાં સ્વામીશ્રી કહે : 'અહીં આવ્યા છો, તો એક દિવસ રોકાઈ જાવ. દર્શન-સમાગમનો લાભ મળશે. વળી તમે બ્રાહ્મણ, તે તો ગુરુ કહેવાય. અમારે તમારી પાસે આવવું

જોઈએ; પણ તમે આવ્યા ને બહુ તકલીફ લીધી !'

સ્વામીશ્રીના આવા પ્રેમ પાસે તેઓ કશું જ બોલી શક્યા નહીં. સ્નેહના પ્રવાહમાં તણાઈ તેઓ સ્વામીશ્રીની રુચિમાં ભળી ગયા. તેમને થયું : આ સિદ્ધ-પુરુષની નમ્રતા જ એમની અધ્યાત્મ-સ્થિતિનું પ્રમાણ છે.

તેમણે વર્તમાન ધારવા સંકલ્પ કર્યો, પણ દ્વિધા હતી તેથી સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! હું ગાયત્રીનો ઉપાસક છું. વળી જન્મે બ્રાહ્મણ; તેથી શૈવ પણ કહેવાઉં. ઉપરાંત અમારાં કુળદેવી તરફથી પણ ઘણા પરચા મળ્યા છે. હવે આપનો આશ્રિત થાઉં તો આ બધાં દેવ-દેવીઓ મારા પર નારાજ ન થાય ?'

સ્વામીશ્રી નિર્દોષતાથી હસી પડ્યા. કહે : 'નારાજ ન થાય ગુરુ ! દીકરો આગળ વધે, ઉપલા ધોરણમાં જાય, તો મા-બાપ રાજી થાય કે કુરાજી ? માટે તે સૌ રાજી થશે. વર્તમાન ધરાવો.'

સ્વામીશ્રીના આ વિશિષ્ટ, નિખાલસ અને હૃદયસ્પર્શી ઉત્તરથી તેમનું તત્કાળ સમાધાન થયું અને તેઓ સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા.

બપોરે ગોંડલથી નીકળી રાત્રે ૧૧-૪૫ વાગે અમદાવાદ પધાર્યા. કાર્તિકી એકાદશીનો સમૈયો સારો ભરાયો હતો. સવારે સ્વામીશ્રી મોટા મંદિર તથા આંબલીવાળી પોળમાં દર્શને પધાર્યા. આખો દિવસ કથાવાર્તાનો કિલ્લોલ કર્યો. બીજે દિવસે પધરામણીઓ કરી, જેતલપુર, ડભાણ, આણંદ દર્શન કરી, રાત્રે ૯-૦૦ વાગે વિદ્યાનગર આવી પહોંચ્યા.

અહીં સાયન્સ કૉલેજના સભાગૃહમાં વિદ્યાર્થીઓ સ્વામીશ્રીના આગમનની રાહ જોઈને બેઠા હતા. રાત્રે ૯-૦૦ વાગે સ્વામીશ્રી સભામાં પધાર્યા. સાચા સંતને ઓળખી, સમાગમ કરી, વર્તન સુધારવા ઉપર યુવકોને વાતો કરી. બીજે દિવસે લગભગ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓની હૉસ્ટેલની રૂમોમાં પધરામણીઓ કરી.

## આયુષ્યની દોરી શાસ્ત્રીજી મહારાજના હાથમાં

મહેળાવ શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્ય સ્થાન પર મંદિર થતાં પ્રતિષ્ઠાની તૈયારી ચાલી રહી હતી. તે અરસામાં મહેળાવના મુખ્ય હરિભક્ત નારાયણભાઈ મહીજીભાઈનું હૃદય પહોળું થતું હતું. તેથી તેઓ સારવાર માટે આણંદમાં ડૉ. નોબલ્સની સારવાર નીચે રહ્યા હતા.

એવામાં વિદ્યાનગરથી સ્વામીશ્રી તથા સંતો દવાખાનામાં આવ્યા.

સ્વામીશ્રીનો પ્રેમ જોઈને તેમની આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયાં.

સ્વામીશ્રીએ તેમની તબિયતના સમાચાર પૂછ્યા. તેમની છાતી ઉપર લાલજીની મૂર્તિ મૂકીને બોલ્યા : 'આજથી તમારું દુઃખ દૂર થઈ ગયું. સો વરસ જીવશો.'

પછી કહે : 'મહેળાવ પ્રતિષ્ઠા કરવાની છે. ૧૮ દિવસ બાકી છે. તમામ તૈયારી તમારે જ કરવાની છે. તેથી તમારે કાલે જ મહેળાવ જવાનું છે.'

નારાયણભાઈ કહે : 'બાપા ! સાજા કરવા આપના હાથમાં છે. ડૉક્ટર હજુ પણ એક મહિનો રોકાવાનું કહે છે.'

સ્વામીશ્રી કહે : 'ડૉક્ટરને સમજાવશો કે આયુષ્યની દોરી શાસ્ત્રીજી મહારાજના હાથમાં છે. માટે તમને ડૉક્ટર ના નહિ પાડે.'

બીજે દિવસે તેમણે રજા માગી. ડૉક્ટરના હૃદયમાં સ્વામીશ્રી વસી ગયા. તેમણે હા પાડી અને સાથે દવાઓ આપી.

એ પછી પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઊજવાયો. અને સ્વામીશ્રીના આશીર્વાદથી તેઓ આણંદ આવ્યા અને ડૉક્ટરને બતાવ્યું. ત્યારે તેઓ તેમનું સ્વાસ્થ્ય જોઈને અત્યંત વિસ્મય પામ્યા અને બોલી ઊઠ્યા : 'મિ. પટેલ ! તમને ઘણું જ સારું છે !'

## આહારશુદ્ધિનું પ્રાયશ્ચિત્ત

આણંદ થઈ, બોચાસણ કાર્તિક પૂર્ણિમાનો ઉત્સવ ઊજવ્યો.

અહીં પીજના નટુભાઈ ભાઈલાલ પટેલ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. જ્યારે તેમને સત્સંગ થયો ત્યારે તેમને સ્વામીશ્રીનો કોઈ વિશેષ અનુભવ નહીં, પણ વર્તમાન ધરાવવા તેમણે સ્વામીશ્રી પાસે હાથ ધર્યો ત્યારે ચાર આંખો ભેગી થઈ. જાણે જાદુ થયો હોય તેમ નટુભાઈ અપાર શાંતિનો અનુભવ કરી રહ્યા.

સ્વામીશ્રીએ પૂછ્યું : 'કાંઈ પાપ થયેલું ?'

'હા, બાપા ! ડૉક્ટરોની સલાહથી બીમારીમાં નાનો હતો ત્યારે ઈંડાં ખાધાં હતાં.'

'ઠીક,' સ્વામીશ્રીએ આશ્વાસનભર્યા ભાવથી કહ્યું : 'હવે પ્રાયશ્ચિત્ત કરજો. એક મહિનાનાં ધારણાં-પારણાં કરજો.'

હજુ તો નવા જ સત્સંગી થયા ત્યાં સ્વામીશ્રીએ આકરું વ્રત આપી દીધું. જીવની શુદ્ધિ કરવાનો આટલો ઉમંગ અને આટલી ખટક સ્વામીશ્રીમાં સદાય

રહ્યા કરતી. નટુભાઈને ત્યારપછી સત્સંગનો ખૂબ રંગ લાગ્યો. અને સ્વામીશ્રીની આજ્ઞાથી પ્રતિવર્ષ ધારણાં-પારણાંનું માસિક વ્રત કરતા.

## ઝવેરીઓ 'પારસમણિ' પારખે છે

સ્વામીશ્રી તા. ૧૩મીએ, સાંજે ખંભાત પધાર્યા. ફૂલહારથી સ્વાગત કરી, શણગારેલી ગાડીમાં સ્વામીશ્રીને પધરાવી વાજતે-ગાજતે સામૈયું કાઢ્યું. વેપારી મહામંડળના પ્રમુખ નટવરલાલ પરીખ, ધારાસભ્યો, કૉંગ્રેસી કાર્યકરો, ઝવેરીઓ, વકીલો, ડૉક્ટરો ભાગ લઈ સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદથી કૃતાર્થ થયા. રાત્રે જાહેર સત્સંગ સભા યોજાઈ હતી.

ખંભાતના હરિભક્તો ખોડાભાઈ, બિહારીભાઈ બ્રહ્મભટ્ટ અને જયદેવ રાવને શેઠ જયંતીભાઈ વખારિયા અને અગ્રણી ઝવેરી ગફુરભાઈ વણસીધરની મદદ મળતાં સારું આયોજન થઈ શક્યું.

બીજે દિવસે સવારે મંદિરે તથા પ્રસાદીની દેરીએ દર્શન કર્યાં. શહેરના આગળ પડતા ઝવેરીઓ અને અન્ય પ્રતિષ્ઠિતોને ત્યાં ૨૭ જેટલી પધરામણીઓ થઈ. સાંજે જાહેર સત્સંગ સભામાં ભાવિકોએ અણધારેલી સંખ્યામાં લાભ લીધો. દસ વર્ષ પછી સ્વામીશ્રી અહીં પધારતા હોવાથી સૌને સારી ખેંચ રહી હતી.

પ્રમુખસ્વામીએ વિદ્વત્તાપૂર્ણ પ્રવચન કરતાં – યોગીજી મહારાજ જેવા સાચા સંતનો સમાગમ કરી લેવા અનુરોધ કર્યો. અને મંદ મંદ સ્મિત કરતાં સ્વામીશ્રીએ *'માણસનો અવતાર મોંઘો નહીં મળે ફરી...'* એ કીર્તન ગાઈ દૃષ્ટાંતસભર અમૃત વાણી રેલાવી સભાને હર્ષિત કરી દીધી હતી.

બીજે દિવસે સવારે પણ મંદિરે દર્શન કરી, માણેકલાલ શેઠ વગેરે મહાનુભાવોને ત્યાં ૨૪ જેટલી પધરામણીઓ સ્વામીશ્રીએ કરી. ખોડાભાઈના દીકરા દીનેશ ભગત તથા ઝવેરીભાઈઓ બચુભાઈ, રસિકભાઈ, કકુભાઈ, વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટ, ભૂધરભાઈ બારોટ, પુરુષોત્તમદાસ મહેતા તથા યુવકો હસમુખભાઈ, મનુભાઈ વગેરેએ સારી સેવા બજાવી. શેઠ હસમુખલાલ પારેખે પોતાનું ડહેલું ભોજન-વ્યવસ્થા માટે આપેલું તથા ઑડિટર ભીખુભાઈ શાહે પોતાનું આલીશાન મકાન ઉતારા માટે ગોઠવી આપ્યું હતું.

અહીંથી પંડોળી ગોવિંદભાઈને ત્યાં થઈ, સ્વામીશ્રી સોજિત્રા પધાર્યા.

અહીં પણ સ્વાગત-સામૈયા દરમ્યાન સ્વામીશ્રી નાસિકાગ્ર દૃષ્ટિ રાખી માળા જપતા બેસતા. પોતાને આ બધું ગમતું નહીં. તેથી ઘણી વાર કાર્યકર્તાને

કહેતા : 'આવું ન કરવું. સાધુનાં સ્વાગત ન હોય.' છતાં હરિભક્તો આગ્રહ કરે ત્યારે સ્વામીશ્રી તો શ્રીજીની મૂર્તિમાં સંલગ્ન થઈ ભજનમાં લીન થઈ જાય.

રતિભાઈને સેવાનો લાભ આપી કરમસદમાં બચુભાઈ જર્મની જવાના હોવાથી ખાસ આશીર્વાદ આપવા પધાર્યા. સોજિત્રા તથા ગાડા થઈ, બોચાસણ આવ્યા. અહીં ચાર-પાંચ દિવસ સ્વામીશ્રી રોકાયા. ૭૨ વર્ષની ઉંમરે પણ સ્વામીશ્રી અખંડ વિચરણ કરતા. હરિભક્તોના આગ્રહને વશ થઈ પધરામણીએ જાય. થાક લાગે, પણ કોઈને નારાજ ન કરે.

ખરેખર તો બોચાસણના વયોવૃદ્ધ અને પ્રેમી કોઠારી ભક્તિવલ્લભ સ્વામીએ સ્વામીશ્રીને આરામ આપવા માટે બોચાસણમાં સાત દિવસ સુધી રોક્યા હતા; પણ એક દિવસ સ્વામીશ્રી આણંદ, મહેળાવ અને વસો પધરામણી કરી આવ્યા, તો એક દિવસ સાંજે ડભાસી પધારી ત્યાંના ભક્તોના મનોરથો પૂરા કર્યા.

## તમો બધા મારા હૈયામાં છો

અહીંથી મુંબઈ સંતોને પત્રમાં જણાવ્યું :

*તા. ૨૫-૧૧-'૬૨, બોચાસણ*
*કાર્તિક વદિ ૧૪, રવિવાર, સવારના ૯॥ વાગે.*

*'સંતો પ્રત્યે... બધાનાં નામ ન લખાય તો તમારે એમ માનવું જે, મારા હૈયામાં બધા તમો છો, એમ માનશો. કદાપિ ઉતાવળ હોય ને નામ ન લખી શકાય, પણ મોટા મોટાનાં નામ લખાય એટલે તમો આવી ગયા એમ માનજો. સનાતન સ્વામી મંડળ સાથે પધાર્યા છે. જાત્રાની વાત કાલે બધી કરી છે. તીર્થવાસી સંતો, પારસદો તથા કિશોરભાઈને કહેશો તમામ જાત્રાનો હેવાલ લખે ને પ્રકાશમાં છપાવજો, તો બધાંને જાણ થાય. ને આપણી પત્રિકામાં થોડો હેવાલ લખશો.'*

સ્વામીશ્રી મનોવૈજ્ઞાનિકની ઝીણવટથી વ્યક્તિના મનોભાવોને પકડતા, ને શમાવતા. સદા દિવ્ય દૃષ્ટિ રખાવવા એમનું તાન રહેતું.

## સાધુની ફૂંકમાં રહેવું

ગુજરાતના આ વિચરણમાં બાઢડાના માવજી ભગત સાથે હતા. તેઓ ક્યારેક ક્યારેક સ્વામીશ્રીની ખુરશી ઉપાડવાની સેવા કરતા. પધરામણી વખતે ખુરશી હરિભક્તના ઘરમાં મૂકી યુવકો જરા દૂર ખસી જતા, જેથી હરિભક્તોને

દર્શન-સ્પર્શની અનુકૂળતા રહે.

એક વખત તેઓ દૂર ખસ્યા. ત્યાં સ્વામીશ્રીએ કહ્યું : 'એમ દૂર ન ઊભું રહેવું. સાધુની ફૂંકમાં રહેવું. કોઈ સમે કેવી વાત થઈ જાય ! માટે નજીક રહેવું. પોલીસ અને લુહારથી છેટે રહેવું; કેમ કે પોલીસ આંટા ખવરાવે ને લુહારથી આંખમાં તણખો જાય તો આંખ ફોડી નાંખે. સાધુ સાથે ફરવું ત્યારે પાસે રહી સેવા કરવી.'

એક યુવકે પૂછ્યું : 'શું સેવા કરવી ?'

'પૈસાવાળા હોઈએ તો પૈસાથી કરવી; નહીં તો દેહથી કરવી, મનથી કરવી.' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું.

માવજી ભગત કહે : 'બાપા ! દેહથી અને મનથી સેવા કેમ કરવી ?'

સ્વામીશ્રીએ તરત જ ઉત્તર આપ્યો : 'ઠામડાં ઊટકવાં, પાણી ભરવું, ઠાકોરજી માટે ફૂલના હાર બનાવવા. અને મનથી ભગવાનના ભક્તના ગુણ વિચારવા; મહિમા વિચારવો; કોઈનો અભાવ આવવા દેવો નહીં. બુદ્ધિથી નિર્દોષ સમજવા.'

સ્વામીશ્રી વાત કરતાં કેફમાં આવી ગયા. કહે : 'પારકી ક્રિયા, પારકો દોષ ને પારકું રૂપ જોવું નહીં. લો. ૧૭મું સિદ્ધ કરવું. તે વચનામૃત ગુણાતીતાનંદ સ્વામીએ લાગટ ત્રણ વરસ વંચાવેલું.' એમ કહી બોલ્યા : 'હાલો લ્યો, બહુ વાતો થઈ, ઉપાડો.' એમ કહી ખુરશી ઉપડાવી, અન્ય પધરામણીઓ કરી.

સ્વામીશ્રી ચાલુ પધરામણીએ પણ સાથે ફરતા યુવકોને આવી અધ્યાત્મ-જાગૃતિ આપી દેતા. અને સાચી સમજણ દૃઢ કરાવતા.

તા. ૨૬મીએ સવારે ૮-૦૦ વાગે બોચાસણથી વિદાય લઈ અમદાવાદ જવા નીકળ્યા, પણ વડતાલ દર્શન કરવાની લાલચ સ્વામીશ્રી જતી કરી શક્યા નહિ. વર્ષમાં આ રસ્તે નીકળતાં અનેક વાર દર્શન કરવા છતાં વારંવાર સ્વામીશ્રીનાં ચરણો તીર્થસ્થાન વડતાલ ભણી આપોઆપ દોડી જતાં. અહીં માત્ર હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરી સ્વામીશ્રીની યાત્રા પર્યાપ્ત થતી નહિ, પણ દરેકે દરેક પ્રસાદી સ્થાનનાં દર્શને દરેક વખતે અવશ્ય જવાનું પણ તેઓ નિવારી શકતા નહિ.

શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસજીને મળ્યા. ઘણા જ રાજી થયા. એક પધરામણી કરી, ૧૧-૩૦ વાગે વડતાલથી નરસંડા પધાર્યા. ડાહ્યાભાઈને ઘરે પધરામણી કરી.

રસ્તામાં ગોવિંદભાઈ વગેરે હરિભક્તો બે કલાકથી સ્વામીશ્રીનાં દર્શનની

પ્રતીક્ષા કરતા ઊભા હતા. તેમના આગ્રહથી ખેડા નજીક શાંતિપુરા લાટમાં પધાર્યા. ભક્તો સ્વામીશ્રીને ભૂખ્યા કેમ જવા દે ? સૌને અલ્પાહાર કરાવ્યો. એટલો ભાવ પણ પૂરો કરી, અલૌકિક સ્મૃતિ આપી સ્વામીશ્રી અમદાવાદ ૨-૧૫ વાગે પહોંચ્યા.

અહીં પણ મંડળ ચાતકની જેમ સ્વામીશ્રીનાં દર્શનની રાહ જોતું ઊભું હતું. રાત્રે રવિવારની સભા સારી થઈ. આરોગ્ય પ્રધાન મોહનલાલ વ્યાસે સારી વાત કરી કે 'પાણીમાં તરતાં તો સૌને આવડે, પણ સંસાર-સાગર તરવાની રીત બહુ જ અનેરી છે. અને તે એ જ કે નિર્માનીપણે આવા નિર્બંધ પુરુષનો અતિ દૃઢ આશરો. તો આપણે સદા સુખી થઈ જઈએ.'

ચીન સાથે ભારતની લડાઈ ચાલતી હતી. તેમાં ધર્મભાવનાવાળા ભારત દેશનો નિશ્ચિત જય જ થવો જોઈએ – એવા આશીર્વાદ સાથે સ્વામીશ્રીએ અહીં રવિવારની જાહેર સત્સંગ સભામાં ધૂન કરાવી હતી.

## 'જોગી કઈ વાડીના મૂળા ?'

બીજે દિવસે ટ્રેનમાં રાજકોટ જવાનું હતું. સ્વામીશ્રી સાથે સિદ્ધેશ્વર સ્વામી વગેરે સંતો પણ હતા. વિરમગામ સ્ટેશને ટ્રેન બદલવી પડતી. વિરમગામ પહોંચતા ટ્રેન મોડી પડી. તેથી સામાન ફેરવવા સંતો-યુવકો દોડ્યા, પરંતુ સ્વામીશ્રી જે ડબ્બામાં હતા તેનો સામાન થોડો રહી ગયો. સામેની ગાડી ઊપડવાની તૈયારીમાં હતી. તેથી સિદ્ધેશ્વર સ્વામીએ બે-ત્રણ પોટલાં ઊંચકી બીજે હાથે સ્વામીશ્રીને ટેકો આપ્યો. સ્વામીશ્રીએ એક નાનું પોટલું લીધું અને ઠાકોરજીનું પોટલું ખભે લઈ, હાથ પકડી, ઉતાવળા ચાલવા લાગ્યા.

એવામાં ખેંગારજીભાઈના ભાઈ ધીરુભાઈ ચૌહાણ દોડતા આવી પહોંચ્યા. સ્વામીશ્રી પાસેથી પોટલું લઈ લીધું. ને સ્વામીશ્રીને કહે : 'બાપા ! ટ્રેન થોડી વાર રોકાશે. મેં ગાર્ડને સૂચના આપી દીધી છે.' પછી કહે : 'બાપજી ! તમે આમ પોટલું ઉપાડો તે ઠીક નહીં.'

સ્વામીશ્રી ચાલતાં ચાલતાં જ તરત બોલી ઊઠ્યા : 'જોગી કઈ વાડીના મૂળા ? બધુંય કરવું પડે. શાસ્ત્રીજી મહારાજના પ્રતાપે બધુંય છે. આપણા નસીબમાં તો વાસણ ઊટકવાં, રસોઈ કરવી, સેવા કરવી, એ જ હતું. શાસ્ત્રીજી મહારાજ મળ્યા ને દૃષ્ટિ થઈ તો સુખિયા કર્યા. આપણામાં ક્યાં આવડત હતી ?'

એવામાં ડબ્બો આવી ગયો. સ્વામીશ્રી બિરાજ્યા પછી ટ્રેને વિરમગામ

સ્ટેશન છોડ્યું, જોગીની સેવાભાવનાની સુવાસથી જાણે હજુ તે મઘમઘી રહ્યું હતું !

## ‘ભગવાન અને સત બે જ જોવા જેવા’

સ્વામીશ્રીએ ટ્રેનમાં કથાવાર્તા કરતાં કહ્યું જે, ‘અહોહો, જોવા જેવા તો ભગવાન અને સંત બે જ છે. હું જૂનાગઢમાં આશરે દોઢ વર્ષ રહેલો, પણ ઉપરકોટ જોયો નથી. જોવાનો સંકલ્પ જ નહીં. આ સ્પેશિયલ ટ્રેનમાં ગયેલ, તે પણ શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ કે ‘નારાયણ સ્વામીને આખા દેશની જાત્રા કરાવવી,’ તે ગયા ને સૌને આનંદ કરાવ્યો. આફ્રિકામાં ગયેલ, તે પણ આપણું નિશાન ગઢપુર મંદિરનું હતું, શાસ્ત્રીજી મહારાજનું અધૂરું રહેલ કાર્ય પૂરું કરવાનું હતું, તે ગમે તેવી ઠંડી પડે - સાત સાત ગોદડાં ઓઢું એવી ઠંડી, છતાં ગઢપુર તરફ દૃષ્ટિ તે બે દેશમાં નવું ખેડાણ કરી, કામ પૂરું કરીને જ જંપ્યા. માટે હાલમાં પણ આપણે સૌએ એવું મંડવું જે – નિશાન પાડે જ છૂટકો.’

રાત્રે ગોંડલ પહોંચ્યા. તા. ૨૯મીએ રાજકોટ ‘ભાગવત પારાયણ’ પ્રસંગે સ્વામીશ્રી પધાર્યા. એવામાં ભાદરાથી કુરજીભાઈ સ્વામીશ્રીને તેડવા આવ્યા. વળી, તે જ દિવસે જામનગરથી શેઠ બારદાનવાળાનો પણ આગ્રહભર્યો તાર આવ્યો કે ‘ડોંગરે મહારાજની ભાગવત સપ્તાહ બેસાડી છે, તો એક કલાક માટે પણ સ્વામીશ્રી પધારે.’ અને સાંજે શેઠના દીકરા મનુભાઈ તથા મોહનલાલ ભગદેવ ખાસ સ્વામીશ્રીને તેડવા જ રાજકોટ આવી પહોંચ્યા.

આવાં અણધાર્યાં આમંત્રણો અને કાર્યક્રમો પણ સ્વામીશ્રી રાજી થકા વધાવી લેતા. જો કે એમણે તો જીવનમાં એક જ કાર્યક્રમ નિર્ધારિત કરી રાખ્યો હતો કે જ્યાં-ત્યાં, જે-તે સ્થળે ભગવાનનું ભજન કરવું અને કરાવવું. હરિરસ પીવો ને પાવો. ભાદરાનું આમંત્રણ કેમ ઠેલાય ? તો વળી મોહનલાલ ભગદેવને નારાજ કેમ કરાય ?

## ભાગવત રસજ્ઞ ભાગવતને પ્રણમે છે

સ્વામીશ્રી ભાદરા પધાર્યા. તીર્થસ્થાનમાં દર્શન કર્યાં. ભક્તોને મળ્યા. ગુણાતીતનગર સ્ટેશનનું પ્લૅટફૉર્મ નિહાળ્યું. સૂચનાઓ આપી.

જામનગર પધાર્યા. ભાગવત પારાયણ ચાલુ હતું. બે સંતોનું સુભગ મિલન થયું. ડોંગરે મહારાજ સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. અરસપરસ મળ્યા. ૧૦૮ બ્રાહ્મણો ભાગવત પાઠ કરતા હતા. તે દરેકને સ્વામીશ્રી મળ્યા.

સ્વામીશ્રીના આગમનથી શેઠને અને સમગ્ર પરિવારને આનંદ આનંદ થઈ ગયો. સમય ઓછો હતો પણ ઘણું રોકાયા. શેઠે સાંજની કથામાં સ્વામીશ્રીને બોલવા વિનંતી કરી. મનુષ્યભાવ જણાવતાં સ્વામીશ્રી કહે : 'આવડી મોટી સભામાં મારાથી શેં બોલાશે !' મંદિરે દર્શન કરી, થોડી પધરામણીઓ કરી, સ્વામીશ્રી કથામાં પધાર્યા.

આવા અચાનક કાર્યક્રમમાં પણ પધરામણીઓ તો હોય જ. ભક્તો વાટ જોઈને જ બેઠા હોય કે સ્વામીશ્રી પધારે તો લાભ લઈ લેવો છે. ભાગવત કથાનો લાભ લઈ રહેલા હજારો ભાવિકો સમક્ષ સ્વામીશ્રીએ *'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે...'* મુક્તાનંદ સ્વામીના આ પદનું લાક્ષણિક શૈલીમાં ગાન કરી, દૃષ્ટાંતો સહિત અદ્‌ભુત સમજૂતી આપી : 'અહોહો, આ કરવાનું છે, આ સમજવાનું છે, અને આવા અનુભવી પુરુષની જરૂર છે !' ત્યારે જ સભાને પરમ ભાગવત સંતનાં સાક્ષાત્ દર્શન થયાં ! સમગ્ર વાતાવરણમાં શાંતિ અને દિવ્યતા છાઈ ગયાં. ભાગવતનો સાર સ્વામીશ્રીએ ટૂંકમાં સમજાવી દીધો.

શેઠને ઘરે સ્વામીશ્રીએ પધરામણી કરી. શેઠ ઘણા સમયથી સ્વામીશ્રીનાં દર્શન અને સેવાની તક શોધતા હતા. પોતાના નજીકના કુટુંબી મોહનલાલ ભગદેવને સ્વામીશ્રીએ કેવળ પ્રેમ અને દિવ્ય દૃષ્ટિથી આત્મબળ બક્ષી, ભારે વ્યસનથી મુક્ત કર્યા તે જાણી, શેઠ અત્યંત પ્રભાવિત થયા. ભાગવત સપ્તાહમાં સ્વામીશ્રી પધારે તો સત્કર્મની સાર્થકતા થાય – એવા શુભ હેતુથી જ તેમણે સ્વામીશ્રીને ખાસ તેડાવ્યા હતા.

રાત્રે ૧૧-૩૦ વાગે રાજકોટ આવ્યા. અહીં પારાયણની પૂર્ણાહુતિ કરી, વાવડી ગામે દેવચંદભાઈને તથા મંડળને રાજી કરી ગોંડલ પધાર્યા.

## હિંદુ ધર્મ ને દેશની આબાદીના રક્ષક

આ દરમ્યાન લખાયેલો મુંબઈના સંતો ઉપરનો સ્વામીશ્રીનો પત્ર તેમની ધર્મલાગણી અને દેશની આબાદીની ચિંતા વ્યક્ત કરે છે :

*તા. ૨૯-૧૧-'૬૨*

*રાજકોટ પારાયણ.*

*'હવે ચીનાની લડાઈ બંધ થાય ને પાછા હઠે, બરફમાં આવી જાય. પાછા હઠી જાય તે માટે હંમેશાં ૨૧ માળાની ધૂન રાત્રે કરાવજો. સંતો, પારસદો બધા કરજો. કારણ, ભારત દેશમાં તે પેસે તે અધર્મનું ફુળ કહેવાય. તો તેનો નાશ*

*થવો જોઈએ. જુઓ, મહારાજે ઈન્દ્રકુળ (ઈન્દ્રદ્યુમ્ન) તળાવ ઉપર દસ હજાર અસુરોનો નાશ કરાવ્યો. તેઓ પૃથ્વીના ભારરૂપ છે. તો આપણે એકચિત્તે બધા મંડો, તો આખા દેશની - ભારતની આબાદી થાય. માટે લખ્યું છે, ને અમો પણ તે જ ધૂન કરીએ છીએ.*

*બીજું, તમે બધા મેહળાવ પધારજો. મેહળાવ ગુરુસ્થાનનો ઘણો જ આશીર્વાદ મળશે, સાક્ષાત્ મોક્ષનું કામ કરશે. આ ટાણે જે મેહળાવ પધારશે તેમના અંતરમાં સુખ આવશે. આપ રાજી રહેશો. દયાભાવ રાખજો. કામ-સેવા ફરમાવશો. મેહળાવ ગુરુનું સ્થાન, તેમાં જે આવશે તેમને આનંદના ફુવારા છૂટશે. દિવ્યભાવ કાયમ રહેશે તો ભારે ડંકો વાગશે. આપ દયાભાવ રાખજો.'*

આમ, અનેક પત્રોમાં સંતો પ્રતિ વાત્સલ્યનો એક અસ્ખલિત પ્રવાહ વહેતો રહેતો. ભક્તો પ્રત્યેના પ્રેમપ્રવાહમાં ક્યારેક જરા સરખી પણ ઓટ ન હતી. એ જ એમની બ્રહ્મસ્થિતિનો વિરલ ગુણધર્મ હતો.

તા. ૬-૧૨-'૬૨, વિરમગામ થઈ, અમદાવાદ આવી પહોંચ્યા. 'ભીડો એ જ ભક્તિ' જેના જીવનમાં મૂર્તિમાન જણાતું એવા સ્વામીશ્રીએ એકાદશીને દિવસે અહીં ૨૦ પધરામણીઓ કરી. સાંજના જેતલપુર, ડભાણ દર્શન કરી, રાત્રે મહેળાવ પધાર્યા.

## ગુરુભક્તિના પરિતોષનું દર્શન

અહીં શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્ય સ્થાને હરિમંદિર થાય – એવી સ્વામીશ્રીની દૃઢ ઇચ્છા હતી. આ જગ્યા લંડન રહેતા ડાહ્યાભાઈ હરખજીભાઈ પટેલની હતી. તેઓ જ્યારે ગુજરાતમાં આવ્યા ત્યારે તેમની પાસે સ્વામીશ્રીએ હરિમંદિર કરવા અને શાસ્ત્રીજી મહારાજનું આરસનું સ્ટેચ્યુ બનાવવા માટે વાત કરી હતી. અને તે માટે જો તે મકાન સંસ્થાને અર્પણ કરે તો મંદિર થાય, એમ પણ જણાવેલું.

ડાહ્યાભાઈએ અત્યંત ભક્તિભાવપૂર્વક એ મકાન સ્વામીશ્રીને કૃષ્ણાર્પણ કર્યું.

પરંતુ હજુ આ જગ્યા ઘણી નાની હતી. બાજુમાં શિવજીનું મંદિર હતું. તે જગ્યા મળે તો સુંદર મંદિર થાય; પરંતુ આ જગ્યા શાસ્ત્રીજી મહારાજના પૂર્વાશ્રમના નિકટના સંબંધીઓની હતી. સ્વામીશ્રીને પ્રસન્ન કરવા તેઓ સૌએ મળીને આ જગ્યા પણ સ્વામીશ્રીને કૃષ્ણાર્પણ કરી. સ્વામીશ્રીએ શિવમંદિરનો જીર્ણોદ્ધાર કરવા માટે તૈયારી બતાવી. હવે બાજુના મકાનનો એક ભાગ બાકી

હતો, તેનો વહીવટ મહેળાવના ચંદુભાઈ હરમાનભાઈ પટેલ કરતા. તે મકાન તેમનાં ફોઈનું હતું. કેટલાક વિરોધીઓએ તે મકાન વધુ કિંમત આપીને પણ લઈ લેવા તૈયારી દર્શાવી, વિઘ્નો નાખ્યાં; પણ તે કાર્ય પણ સરળતાથી પાર પડ્યું. આ મકાનના બીજા ભાગના માલિક તેમના કાકા વાઘજીભાઈ તળસીભાઈ હતા. ચંદુભાઈએ તેમને પણ સમજાવ્યા. આમ, સ્વામીશ્રીનો સંકલ્પ સાર્થક થતો જતો હતો.

સ્વામીશ્રીની આજ્ઞાથી અમદાવાદના ભક્તરાજ અર્જુનકાકાની દેખરેખ નીચે સુંદર હરિમંદિર તૈયાર થયું.

બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના પુણ્ય જન્મ સ્થાન ઉપર રચાયેલા આ કલાત્મક મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિમાનો પ્રતિષ્ઠા ઉત્સવ માગશર સુદ ૧૩ના મંગલ દિવસે મહેળાવમાં ભવ્ય રીતે ઊજવાયો. આ ઉત્સવ એટલે પરમાત્મા શ્રીહરિની દિવ્યતા અને સાચા ઐશ્વર્યનું દર્શન ! પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપ દ્વારા શ્રીજીમહારાજે પોતાના લાડીલા ભક્તની કીર્તિને ગગનમાં ગાજતી કરી. શ્રીજી-સ્વામીના શુદ્ધ સ્વરૂપની સર્વોપરી ઉપાસનાને મૂર્તિમાન કરનાર, શ્રીજી-સ્વામીના વિભૂતિ સ્વરૂપ, સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના શુભ કાર્યને સમગ્ર સત્સંગ તરફથી અલ્પ અંજલિ અર્પવાનો આ સુયોગ હતો.

આ પ્રસંગે ગુરુભક્તિનો અપૂર્વ ભાવ સ્વામીશ્રીની દિવ્ય રોમાવલિમાંથી પ્રગટ થતો દેખાતો હતો. 'શાસ્ત્રીજી મહારાજ સ્વામી' 'આપણા ગુરુ' — પ્રેમ-ભક્તિના આ શબ્દોથી એમનું અંતર ઊછળતું હતું. ગુરુસ્થાનનો મહિમા રેલાવવા, આ પ્રસંગને દીપાવવા, એમણે મુંબઈમાં ભણતા તમામ સંતોને ખાસ તેડાવ્યા. દેશોદેશના હરિભક્તોને આગ્રહભર્યું આમંત્રણ આપી બોલાવ્યા : 'આ ઉત્સવ અપૂર્વ છે. શાસ્ત્રીજી મહારાજ સ્વામીનો આ દિવ્ય ઉત્સવ છે, જિંદગીનું ભાથું છે. માટે આપણી ગુરુભક્તિનો ભાવ બતાવવા સૌ આવો.'

તેમના આ આદેશને સમગ્ર સત્સંગે ઝીલ્યો અને મહેળાવ સત્સંગીઓના સમૂહથી ઊભરાવા લાગ્યું.

શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી - પ્રમુખસ્વામી માટે પણ આ પ્રસંગ અતિ અપૂર્વ હતો. સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજનાં કાર્યનું મૂલ્યાંકન કરવા માટે એમની પાસે શબ્દો ન હતા, પરંતુ એમની આંખોમાંથી સેવા-ભક્તિની અદ્‌ભુત ગતિવિધિથી સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેનો એમનો ભાવ અનર્ગળ

પ્રમાણમાં બહાર આવતો દેખાતો હતો.

તા. ૮-૧૨-'૬૨, યજ્ઞ વિધિનો પ્રારંભ કરુણાશંકર શાસ્ત્રી તથા ચીમનલાલ શાસ્ત્રીએ વેદોક્ત રીતે કરાવ્યો. કન્યાશાળાના ચોગાનમાં ભવ્ય મંડપ બાંધવામાં આવ્યો હતો. સાંજે ૪-૦૦ વાગે આ પ્રસંગ નિમિત્તે યુવક સંમેલન યોજાયું. પ્રાર્થના-ગાન કર્યા બાદ, નારાયણ ભગત, બાલુભાઈ બ્રહ્મભટ્ટ, દિનેશ ભગત, હર્ષદભાઈ તથા ખેંગારજીભાઈએ યુવકોને સંબોધ્યા હતા.

પછી સભા સ્થળેથી જ મૂર્તિઓની શોભાયાત્રાનો પ્રારંભ થયો. શણગારેલી બગીઓમાં મૂર્તિઓ ગોઠવવામાં આવી હતી. સ્વામીશ્રી અને સંતો પણ બગીમાં બિરાજ્યા હતા. પાછળ ધૂન કરતા સંતવૃંદ અને હરિભક્તો. ગામમાં ફરીને, સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી, શોભાયાત્રા યજ્ઞમંડપમાં જ વિરામ પામી હતી.

## અક્ષરધામનો મેળાપ કરાવે એ મહેળાવ

રાત્રે જાહેર સભામાં મેં *'નમન કરું શિરનામી જયજય યજ્ઞપુરુષ સુખ-કારી...'* એ પ્રાર્થના-ગાન કર્યું. બાદ અમદાવાદના અંબાલાલભાઈ, મોહનભાઈ બગડવાળા, અનુપમ ભગત તથા હર્ષદભાઈએ અક્ષર અને પુરુષોત્તમની શુદ્ધ સર્વોપરી ઉપાસના ઉપર અતિ વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો કર્યાં હતાં. મણિભાઈ સલાડવાળાના જોશીલા પ્રવચન બાદ, મંદ મંદ સ્મિત કરતાં સ્વામીશ્રીએ મૃદુવાણીમાં જણાવ્યું કે 'ભગવાનનું ધામ ગુણાતીત છે, જીવને ગુણાતીત કરવા છે. આ તો આપણને મૂકે તેવા નથી. આ જ્ઞાન તો ફિરંગીની તોપો જેવું છે. આ જ્ઞાનનો ખૂબ જ મહિમા ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યો છે. શ્રીજીમહારાજના વખતમાં અહીં ગંગા-સાગરનો સંગમ થતો. ગુણાતીતાનંદ સ્વામી પણ અહીં વડતાલ પધારવાના હોય, ત્યારે ૨,૦૦૦ માણસ અહીં મહેળાવ લેવા આવતા. આ તો સાક્ષાત્ આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજનું જન્મ સ્થાન ! આ સ્થાનનો જેટલો મહિમા સમજીએ તેટલો ઓછો છે. સ્વામીના સંકલ્પે અહીં ત્રણ શિખરનું મંદિર પણ થઈ જશે. ડંકો વાગશે. મહેળાવ અક્ષરધામનો મેળાપ કરી દે. મહેળાવમાં બેઠા તે અક્ષરધામમાં બેઠા - કેફ લગાડવો.' કહી અતિ મનનીય આશીર્વચનો ઉચ્ચાર્યાં.

સંસ્થાના સેક્રેટરી મગનભાઈએ જણાવ્યું કે રહોડેશિયાના હરમાનભાઈનો અહીં ત્રણ શિખરનું મંદિર બાંધવાનો સંકલ્પ હતો. સ્વામીશ્રીએ એ જગ્યાએ પ્રસાદીનાં ફૂલ છાંટ્યાં હતાં. અંબાલાલભાઈ તથા હાથીભાઈનો આભાર માન્યો.

રવિવાર, તા. ૯-૧૨-'૬૨, પ્રભાત ફેરીએ આખા ગામને સ્વામિનારાયણ મંત્રથી ગૂંજતું કરી દીધું. વેદોક્ત વિધિથી વિદ્વાન બ્રાહ્મણોએ મૂર્તિઓનો પૂજન વિધિ સ્વામીશ્રી પાસે કરાવ્યો. સ્વામિનારાયણ મંત્રોચ્ચારથી વાતાવરણ ગાજી ઊઠ્યું હતું. તે વખતે મૂર્તિઓમાં સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમ મહારાજનું આહ્‌વાન કરીને સ્વામીશ્રીએ જય બોલાવી અને આરતી ઉતારી. એ જ રીતે, શાસ્ત્રીજી મહારાજની આરસ પ્રતિમાનું પણ પૂજન કરી, ન્યાસ વિધિ બાદ, સ્વામિ-નારાયણ મંત્રોચ્ચાર વચ્ચે મૂર્તિપ્રતિષ્ઠા કરી, સ્વામીશ્રીએ આરતી ઉતારી હતી. સર્વત્ર જયજયકાર થઈ ગયો. મૂળ ઘરને એમનેમ સાચવી, જન્મ સ્થાન ઉપર જ સ્થાપિત કરેલી સ્વામીની આરસ પ્રતિમા બહુ શોભાયમાન લાગતી હતી. 'સાક્ષાત્ સ્વામી શાસ્ત્રીજી મહારાજ બિરાજે છે,' એવો અનુભવ સૌને થતો હતો. હજારો સંતો-હરિભક્તો જન્મ સ્થાન ઉપર શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરતાં ધરાતા નહોતા. સૌનાં અંતરમાં શાસ્ત્રીજી મહારાજ બિરાજી ગયા હતા. જન્મ-જન્માંતર સુધી જેમનું ઋણ ચૂકવી શકાય નહિ, એવા ગુરુ શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પાસે વારંવાર પ્રણિપાત કરતા, પ્રાર્થના કરતા, સૌ ખસી શકતા નહોતા. ત્યાં જ સ્થિર થઈ જતા.

સ્વામીશ્રીના વરદ હસ્તે અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ બિરાજ્યા ત્યારે સ્વામીશ્રીના મુખારવિંદ પર ગુરુઋણ અદા કર્યાની - આનંદની અનંત રેખાઓ ઊપસી આવી હતી. પ્રમુખસ્વામીના મુખ ઉપર પણ ગુરુભક્તિના પરિતોષની ચેતના પરમ તેજથી પ્રકાશી રહી હતી. આજે એમના જીવનનો યાદગાર એક મહાન પ્રસંગ ઉજવાઈ રહ્યો હતો.

સ્વામીશ્રી સભામાં પધાર્યા. નારાયણ ભગતે શ્લોકગાન કર્યું. ભક્તિપ્રિય સ્વામી સ્વરચિત શ્લોકો બોલ્યા. આશાભાઈ તથા મહંત સ્વામીનાં પ્રવચન બાદ, અર્જુનભાઈ ચાવડાએ આ હરિમંદિર-નિર્માણમાં જે સેવા કરી તે બિરદાવતાં સ્વામીશ્રીએ તેમને સાફો બાંધી સ્મૃતિ આપી.

વસોના મહેન્દ્રભાઈ દરબાર અને નારાયણભાઈ મહીજીભાઈનાં વક્તવ્યો બાદ, સ્વામીશ્રીએ ટૂંકું પ્રવચન કરતાં જણાવ્યું કે 'શાસ્ત્રીજી મહારાજની દયાથી અહીં ત્રણ શિખરનું મંદિર થઈ જશે. બધા વ્યવહારે સુખી થાઓ તેવા રૂડા આશીર્વાદ છે. કોઈ દેશકાળ આવે તો ઘીનો દીવો કરી, પાંચ માળા ફેરવવી. ભગવાન દેશકાળ ટાળી જ નાખશે. સ્વામિનારાયણ મહામંત્ર એટલો બળિયો છે.' એમ કહી રૂડા આશીર્વાદ આપ્યા. બાદ પૂજન વિધિ થયો.

મહેળાવના ભક્તો નારાયણભાઈ, ચીમનભાઈ, ભીખાભાઈ, ઝવેરભાઈ, નગીનભાઈ, પૂંજાભાઈ, ઈશ્વરભાઈ વગેરેએ ઉત્સવની તમામ વ્યવસ્થા અને સેવાઓ સારી રીતે બજાવી હતી.

આ અલૌકિક ઉત્સવ પછી બીજે જ દિવસે, માગશર સુદ ૧૪ ને સોમવાર, તા. ૧૦-૧૨-'૬૨ના રોજ આણંદ, રણછોડભાઈની વાડીમાં, સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના અત્યંત કૃપાપાત્ર સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીના સમાધિ સ્થાન ઉપર દેરીમાં મહારાજનાં ચરણારવિંદ પધરાવવામાં આવ્યાં. આ પ્રસંગે મહેળાવથી પાછા ફરતા ઘણા સત્સંગીબંધુઓએ હાજરી આપી હતી.

અહીં સભા પ્રસંગમાં સ્વામીશ્રીએ એક નાની પણ મુદ્દાની વાત કરી હતી :

'એક રહેણીપણું રાખવું. 'ક્ષણે રુષ્ટા, ક્ષણે તુષ્ટા' એમ ઘડીકમાં કેસરી સિંહ ને ઘડીકમાં બકરી થઈ જાય, તો ૧,૦૦૦ વરસેય સ્થિતિ ન થાય.'

અમદાવાદના શેઠ સોમાભાઈ ચાવાળાના આગ્રહથી દીકરીનાં લગ્ન પ્રસંગે સ્વામીશ્રીને વાસદ આવવાનું થયું. અહીં સરકારી બંગલામાં ઉતારો હતો.

તા. ૧૨મીએ સાંજે મુંબઈના સંતો, બોચાસણથી કઠાણા લોકલમાં વાસદ આવી, મુંબઈ તરફ જવાના હતા. સંતોને મળવા, વિદાય આપવા, આશીર્વાદ આપવા, સ્વામીશ્રી વાસદ સ્ટેશને પધાર્યા. પ્લૅટફૉર્મ ઉપર બધા સંતોને વારાફરતી મળ્યા. ખૂબ હેત વરસાવ્યું. આવી રીતે પ્લૅટફૉર્મ ઉપર સ્વામીશ્રીની મુલાકાત ને આશીર્વાદ સંતોને એક ચિરઃસ્મરણીય દર્શન બની ગયાં.

સોસાયટીના ખાતમુહૂર્ત પ્રસંગે રાત્રે સ્વામીશ્રી પીપલગ પધાર્યા. સવારે ખાત વિધિ પછી ખુરશીમાં બેસી સ્વામીશ્રીએ પધરામણીઓ કરી. લગભગ ત્રણ કલાક પધરામણીઓ ચાલી. એકધારા આટલું ખુરશીમાં બેસી રહેવાનું. ગામડાંના ખાડા-ટેકરાવાળા રસ્તેથી જવાનું એટલે સ્વાભાવિક ખુરશીમાં પણ હેલા ઘણા આવે, જકડાઈ જવાય, અને વયોવૃદ્ધ અવસ્થાએ અને અશક્ત શરીરે ઘણું ઘણું ન સહેવાય, પણ સ્વામીશ્રી કહે કોને ? ભક્તોને રાજી કરવા સહેવું એ જ એમનું જીવન હતું. સ્વામીશ્રી ભક્તોને ભીડો વેઠવાનો ઉપદેશ આપતા, એનો અમલ ભક્તો બહુધા સ્વામીશ્રી પાસે જ કરાવતા.

જો કે પાડગોલ અને પંડોળીના હરિભક્તોએ સ્વામીશ્રી ઉપર દયા લાવી ખૂબ વિવેક બતાવ્યો. સ્વામીશ્રીની આજ્ઞા થતાં પ્રમુખસ્વામીને પધરામણીએ લઈ ગયા. અને સ્વામીશ્રી થકી કથાવાર્તાનો વિશેષ લાભ મેળવ્યો. એ માટે પાડગોલના પુરુષોત્તમભાઈ તથા તુળશીકાકાને ધન્યવાદ ઘટે.

પાડગોલથી ધર્મજ જતાં રસ્તામાં વડતાલ દર્શનનો મોહ સ્વામીશ્રી નિવારી શક્યા નહિ. હજુ હમણાં તો પધાર્યા હતા. મંદિરે તથા તમામ પ્રસાદી સ્થાનોએ ફરી એ જ દર્શનની પરંપરા જાળવી. વડતાલમાં સંતોની ધર્મશાળામાં ગુરુ શાસ્ત્રીજી મહારાજના આસને દર્શન કરવા સ્વામીશ્રી અચૂક જાય જ અને 'અક્ષર ભવન'માં બીજે માળે જે મંદિર તરફનો ખુલ્લો ઝરુખો છે જ્યાં શાસ્ત્રીજી મહારાજ પોતાના જોડિયા સાધુ રામરતનદાસ સાથે રાત્રે ગોષ્ઠિ કરતા અને ભગતજીની વાતો સંભળાવતા, એ સ્થળે પણ સ્વામીશ્રી ગુરુની સ્મૃતિ કરી અવશ્ય દર્શન કરે જ. સ્વામીશ્રી જ્યારે દીક્ષા લેવા વરતાલ પધાર્યા હતા ત્યારે અહીં બેસતા, તે વાત પણ ક્યારેક સંભારે. ગુરુના ગુરુ ભગતજી સભામંડપમાં જ્યાં સીવતા અને એમના ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ જૂના સભામંડપમાં આચાર્યના આસને શુકમુનિને ગ.મ. ૯મું સમજાવ્યું હતું – આ બધાં સ્વામીશ્રીનાં દર્શનીય સ્થળો હતાં. મહારાજનાં દરેક પ્રસાદી સ્થાન સાથે આ બધાં દર્શન સ્થળો પણ સ્વામીશ્રીને મન મહત્ત્વનાં હતાં. ગુરુપરંપરાની માહાત્મ્ય પ્રણાલી એમણે પાળીપોષી અને સંવર્ધિત કરી હતી.

આ વખતે હરિશ્ચંદ્ર પંજાબી સ્વામીશ્રી માટે ફૂલનો સુંદર હાર તથા પ્રસાદ માટે ફળો લાવ્યા હતા. સ્વામીશ્રીએ એક હાર હરિકૃષ્ણ મહારાજને અર્પણ કરાવી દીધો. બીજો એક હાર હતો. હરિશ્ચંદ્રભાઈને ઇચ્છા કે સ્વામીશ્રીને હાર પહેરાવવો. સ્વામીશ્રી તેમનો સંકલ્પ પકડી કહે : 'આ હાર અહીં મંદિરમાં પહેરાવશો નહીં. આપણે બહાર જાશું, પછી પહેરાવજો.'

સ્વામીશ્રી સાધુતાની સંપૂર્ણ મર્યાદામાં રહેતા અને પોતાની ક્રિયાથી કોઈને અવગુણ ન આવે તેની બહુ કાળજી લેતા. હરિભક્તોને પણ મર્યાદા રાખવા શીખવતા અને સત્સંગમાં યોગ્ય લાગે તેવી ક્રિયા કરવાનો ઉપદેશ કાયમ આપતા.

પછી રસ્તામાં પોરડાવાળા ચુનીભાઈના પેટ્રોલ પંપે પધરામણી કરી. વર્ષોનાં મંથન પછી, સાચા સંતમાં પ્રતીતિ આવતાં તેઓ સ્વામીશ્રીના આશ્રિત બન્યા હતા. રાત્રે ૯-૩૦ વાગે સ્વામીશ્રી ધર્મજ પહોંચ્યા. રસ્તા ઉપર ઉમેદભાઈ સહિત ઘણા ભક્તો સ્વાગત માટે ઊભા હતા.

## તેથી જન્મ ધરવા પડ્યા છે !

આ વખતે ઈશ્વરભાઈએ સ્વાગતમાં શોભાયાત્રાની તૈયારી કરી હતી. ધર્મજના આબાલવૃદ્ધ સર્વે નગરયાત્રામાં ઊમટ્યા અને અલૌકિક સામૈયું થયું.

રાત્રે ઉકાળા-પાણી કરી સ્વામીશ્રી કહે : 'આજે તો અમને ઢોલ વગાડીને જાહેર કર્યા, 'મહાત્મા આવ્યા, મહાત્મા આવ્યા !' એમ બોલતાં નિર્દોષતાથી બંને હાથ ઊંચા કરી લટકું કર્યું. સૌ આ નિર્દોષ મૂર્તિની દિવ્યતામાં ખોવાઈ જતા આનંદમાં આવી ગયા.

બીજે દિવસે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ રહસ્યની વાત કરતા હોય તેમ કહ્યું : 'તમે બધા મહારાજના વખતમાંય હતા, સ્વામીના વખતમાં, ભગતજી મહારાજના વખતમાં પણ હતા, શાસ્ત્રીજી મહારાજના વખતમાંય હતા; પણ સત્પુરુષને વિશે નિર્દોષબુદ્ધિ નહોતી થઈ, તેથી જન્મ ધરવા પડ્યા છે !'

સૌ આ અદ્ભુત વાત સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયા.

આમ, ઈશ્વરભાઈને ઘરે અને મંદિરમાં સારો સત્સંગ થયો. ઉમેદભાઈનું મંડળ સ્વામીશ્રીનું સાંનિધ્ય માણવાનું ચૂકતું નહિ. ઈશ્વરભાઈ, નગીનભાઈ તથા મહેન્દ્રભાઈ ત્રણેય ભાઈઓએ સ્વામીશ્રીને પધરાવવા ઘરઆંગણે મોટો ઉત્સવ કર્યો.

સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. વયોવૃદ્ધ પ્રેમી અને સ્વામીશ્રીના ગુરુભાઈ સમાન કોઠારી ભક્તિવલ્લભ સ્વામીએ આ વખતે પણ સ્વામીશ્રીને આરામ કરવા, અહીં રોકાઈ જવા પ્રાર્થના કરી. સ્વામીશ્રી કોઈનો પ્રેમ ખાળી શકતા નહિ. 'ફરી આવશું ત્યારે જરૂર રોકાઈશું' એવા સ્નેહોદ્ગારથી સ્વામીશ્રીએ તેમને રાજી કર્યા.

ત્યારપછી સ્વામીશ્રી અવિરત વિચરણ કરતાં અટલાદરા, મહીજડા થઈ વસઈ આવ્યા.

અહીં સાંજે ૪-૦૦ વાગે સ્વામીશ્રી પત્ર વાંચતા બિરાજ્યા હતા. ત્યાં એક હરિભક્ત આવ્યા અને મોટાસ્વામીને પૂછવા લાગ્યા કે 'આંખના કોઈ મોટા ડૉક્ટર અમદાવાદમાં હોય તો કહો.' ત્યારે સાથે રહેતા અર્જુનભાઈએ તેમને વિગત જણાવી. પછી મોટાસ્વામી અને અર્જુનભાઈ મોતિયા સંબંધી અને બીજી કેટલીક વાતો ચર્ચવા લાગ્યા. થોડી વાર થઈ ત્યાં સ્વામીશ્રીએ ઊંચું જોયું ને કહે : 'હવે એ વાત રહેવા દ્યો અને ભગવાનની વાત કરો. કથાવાર્તા કરો.'

સ્વામીશ્રીને ગ્રામ્યવાર્તામાં તદ્દન અરુચિ. તેઓ કહેતા : 'આ લોક ચોંટી જવાય તેવો છે. માટે ભક્તિ કર્યા વિના મનને નવરું રહેવા દેવું નહીં.'

અહીંથી નાઝ થઈ, બારેજામાં પ્રથમ વાર પધરામણી કરી. હરિભક્તો સ્વામીશ્રીને ડમણિયામાં બેસાડી ધૂન-ભજન કરતાં મંદિરે લાવ્યા. બપોરે ૧-૩૦ વાગે ધરોડા આવ્યા. નટવરસિંહ તથા ઘનશ્યામસિંહે સૌને અલ્પાહાર

કરાવ્યો. ૩-૪૫ વાગે ચિત્રાસર આવી સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા.

## શબ્દાતીત અનુભવ !

અહીં ફડિયામામા પોતાના મિત્રો, જાણીતા સાહિત્યકાર ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ) વગેરેને સ્વામીશ્રીનાં દર્શને લઈ આવ્યા હતા. સ્વામીશ્રી એવા તો આત્મીયભાવથી સૌ સાથે હળ્યા-મળ્યા ને વાતચીતો કરી કે આગંતુકો માટે સ્વામીશ્રીનાં પ્રથમ દર્શન અને મુલાકાત અવિસ્મરણીય અને આશ્ચર્યકારી બની ગયાં.

આ સમયની સ્મૃતિ કરતાં સ્નેહરશ્મિના ઉદ્ગારો હતા : 'એમના ચમત્કારોની વાતો મેં સાંભળી હતી. આવી વાતોનું મને નહિ જેવું આકર્ષણ છે. પણ એમને જોતાં જ મેં જે ચમત્કાર અનુભવ્યો તે શબ્દાતીત છે. એમનાં પ્રથમ દર્શને જ અહોભાવથી મન સભર બની ગયું. પ્રેમપ્લાવિત માનવતાની પરમ ભાગીરથીમાં લીન થઈ જવાની ધન્યતા મેં અનુભવી. માત્ર યાદ રહ્યું છે, એમના વાત્સલ્યથી મઘમઘતું એમની ચોમેરનું હુંફાળું વાતાવરણ.'

આ વિચરણમાં સ્વામીશ્રી ડેમોલ પધાર્યા હતા. અહીંના સોમાભાઈ હાથીભાઈને સ્વામીશ્રીની પધરામણી કરાવવાની બહુ જ ઇચ્છા; પણ પરિસ્થિતિ ઘણી ખરાબ હતી તેથી મુઝાતા હતા. આવા મોટાપુરુષ ઘરે પધારે ત્યારે તો સ્વાગત કરવું જ જોઈએ ને ! એવી તેમની માન્યતા હતી. તે માટે તેમની પાસે એક કોડી જેટલી પણ રકમ નહીં. પરંતુ એમની વિનંતીથી સ્વામીશ્રી તો પધરામણીએ પધાર્યા. તેમણે પોતાના ગુજરાન પૂરતી રાખેલી બાજરીમાંથી એક મણ વેચી દીધી અને તેમાંથી દૂધ વગેરે લાવી ઉકાળા-પાણી કરાવ્યાં. પધરામણીની થોડી ભેટ ધરી. સ્વામીશ્રી અંતર્યામીપણે તેમની ભક્તિભાવના જાણીને બહુ રાજી થયા. અને આશીર્વાદ આપતાં બોલ્યા : 'સોમાભાઈ ! તમારો વહેવાર ઘણો સારો થશે. તમે અમારા માટે ઘણો દાખડો કર્યો છે, તો તમારા દેશકાળ સુધરી જશે.' એમ કહી સ્વામીશ્રીએ જતાં જતાં પણ ફરી એ જ આશીર્વાદ આપી સોમાભાઈને થાપો આપ્યો.

એ પછી તેમની આર્થિક સ્થિતિ સુધરતી ગઈ અને ઘણા સુખી થયા.

## કુરાની મ્લેચ્છની આણ ઉતારી

આ દરમ્યાન, સ્વામીશ્રીના આશીર્વાદથી જેમનું જીવન સુખી અને

નિર્વિઘ્ન થયું હતું, તેવા મુંબઈના નિષ્ઠાવાન હરિભક્ત મહીજીભાઈ ગુલાબભાઈ પટેલની પુત્રીનાં લગ્ન નિર્વિઘ્ને ઊજવાઈ રહ્યાં હતાં.

બન્યું હતું એવું કે તેમની પુત્રી પોતાની સાહેલીઓ સાથે સાડીઓ છપાવવા માહિમ ગઈ હતી; પરંતુ ઘરે આવતાં જ તેને બેચેની, મૂંઝવણ થવા લાગી. એક-બે દિવસમાં તો આ બેચેનીએ ઉગ્ર સ્વરૂપ પકડ્યું. જેની સ્વાસ્થ્ય ઉપર અસર થઈ. ચહેરો શ્યામ પડવા લાગ્યો અને પાણીની ઊલટીઓ થવા લાગી.

મહીજીભાઈનાં પત્નીને ભૂત-પ્રેતનું નડતર હોવાનો વહેમ ગયો. એમણે મહીજીભાઈને વાત કરી ત્યારે તેમણે હસી કાઢ્યું ને કહે : 'આપણું ઘર સ્વામીશ્રીની ચરણરજથી પવિત્ર થયું છે. એટલે એવું કાંઈ હોય જ નહિ.'

પરંતુ મહિજીભાઈના એક અસીલ મિત્રે આ વાત જાણી તેમના ભાણેજ નરહરિભાઈને માટુંગામાં રહેતા એક કણિયા પાસે મોકલ્યા; જેને રામદેવ પીર આવતા એવું મનાતું. તેણે કહ્યું કે 'આ બહેનને જે નડતર છે, તે કુરાની મ્લેચ્છ છે. અમે તો તેને કાઢવા સમર્થ નથી, પરંતુ કોઈ ભગવાન જેવા મોટા સંત-મહાત્મા કાઢી શકે. કારણ કે આ શીખેલો કુરાની છે. વળી મોક્ષભાગી છે.'

મહીજીભાઈ આવી વાતોથી જરા ગૂંચાયા. તેમણે હર્ષદભાઈ દવેને વાત કરી. અને બંનેએ પત્ર દ્વારા સ્વામીશ્રીને સઘળી વિગત જણાવી. સ્વામીશ્રીએ ઉત્તર લખ્યો : 'શ્રીજીમહારાજના મહીજીભાઈ ઉપર ચાર હાથ છે. તે કાંઈ નહીં થાય. લગ્નમાં અમે અને સંતો હાજર રહેશું. કોઈ વિઘન નહીં આવે.'

સ્વામીશ્રીના આવા બળભર્યા પત્રથી સૌને ખૂબ શાંતિ થઈ. છતાં મહીજીભાઈના ભાણેજ સ્વામીશ્રીના આશીર્વાદ લેવા પહોંચી ગયા. સ્વામીશ્રી કહે : 'મુંબઈમાં જબરેશ્વર બેસાડ્યા છે તે બધું કરશે. ચિંતા ન કરવી.'

મહીજીભાઈ વગેરેને તો સ્વામીશ્રી કહે તે જ વેદવાક્ય હતું, પરંતુ તેમના સંબંધી અને કેટલાક મિત્રોને લગ્નની સફળતા વિશે અને ભૂત નીકળવા વિશે સંશય રહ્યા કરતો. એક અસીલ મિત્ર તો એક પારસી તાંત્રિકને પણ બતાવવા માટે આગ્રહ કરતો હતો, પણ મહિજીભાઈએ ઘસીને ના પાડી દીધી.

લગ્નનો દિવસ તા. ૧૮-૧૨-'૬૨ આવી ગયો. સંતોએ તે જ દિવસે મંદિરેથી પ્રસાદી-જળ મોકલ્યું હતું. તે પીતાં જ દીકરીનો ચહેરો ફરી ગયો. તેણે માળા ફેરવવાનુ ચાલુ રાખ્યું.

સવારે માટુંગામાં ગુર્જર વાડીમાં જવા મહીજીભાઈની પુત્રી સાહેલીઓ સાથે મોટરમાં નીકળી. ત્યાં જોરથી ટાયર ફાટી ગયું. ભૂત છેલ્લે સુધી આવાં

વિઘ્નોની પરંપરા ચાલુ રાખવા પ્રયત્નશીલ રહ્યું.

બાદ માહ્યરામાં ઠાકોરજીનું સ્થાપન કર્યું અને સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે હર્ષદભાઈ વાડીના ઓટલે બેસી જનમંગલ-સ્તોત્રનો પાઠ કરવા લાગ્યા. લગ્નનો માંગલિક વિધિ ઊકલવા લાગ્યો. એવામાં હર્ષદભાઈને દર્શન થયાં. શ્રીહરિ સહિત અનેક દિવ્ય સ્વરૂપોથી વાડી ભરાઈ ગઈ હતી. યોગીજી મહારાજનો અભય હસ્ત કન્યાના મસ્તક ઉપર અંતરીક્ષમાં વિદ્યમાન હતો. સઘળો ઉત્સવ નિર્વિઘ્ને સમાપ્ત થયો અને જાન વિદાય થઈ. સૌ હળવાં હૈયે અને કૃતજ્ઞતાથી આ અદ્‌ભુત રક્ષા માટે શ્રીહરિ ને સ્વામીશ્રીને ફરી ફરી યાદ કરતાં વિખરાયાં.

હર્ષદભાઈ મોડી રાતે ઘરે પહોંચ્યા. મળસ્કે ૪-૦૦ વાગ્યા હશે. હર્ષદભાઈ અચાનક જાગી ગયા. બારીબહાર એક અડધું શરીર હવામાં ઝૂલતું દેખાયું. માથે પઠાણી સાફો અને લાલઘૂમ આંખોવાળા એ ભૂતે હર્ષદભાઈ તરફ મસ્તક ઝુકાવ્યું. જાણે નમન કર્યા અને અદૃશ્ય થઈ ગયું !

હર્ષદભાઈ 'સ્વામિનારાયણ' મંત્ર બોલતા સ્વામીશ્રીની અપાર કરુણાને અનુભવતા રહ્યા.

થોડા જ દિવસ પછી હર્ષદભાઈ સ્વામીશ્રીને મળ્યા ત્યારે સ્વામીશ્રીએ સામેથી પૂછ્યું : 'મહીજીભાઈને ત્યાં શું હતું ?'

'બાપા ! આપ તો બધું જાણો જ છો.' હર્ષદભાઈએ હાથ જોડતાં કહ્યું.

'હા,' સ્વામીશ્રી કહે : 'ઘણું જ મલિન હતું. આ તો મહીજીભાઈની નિષ્ઠા હતી એટલે મહારાજે કામ કર્યું !'

ગુણાતીત સંતના આશ્રયથી અને નિષ્ઠાથી આવાં હીન નડતરો ટકી શકતાં નથી, દૂર થઈ જાય છે. તેની સૌને એક વધુ પ્રતીતિ મળી.

## દિવ્ય શક્તિનો પરિચય આપતું સપ્તાહ !

ચિત્રાસરથી તા. ૨૨-૧૨-'૬૩, સવારે નીકળી, કાજીપુરા નાયકા પધરામણી કરી, સ્વામીશ્રી બપોરે પુરુષોત્તમપુરા પધાર્યા. રઢુ દર્શન કરી, ખેડા પધરામણી કરી, બરાબર ૫-૩૦ વાગે સ્વામીશ્રી વસો આવી પહોંચ્યા.

આફ્રિકામાં સત્સંગનો રંગ પ્રસરાવનાર મગનભાઈનું આ ગામ. સંપ્રદાયનાં મંદિરો ખરાં, પણ અક્ષરપુરુષોત્તમનું નાનું મંડળ ઉત્સાહી ભક્ત રમણભાઈ અમીનની રાહબરી નીચે, લુહાર વાડામાં 'યોગી મંદિર'માં, છેલ્લાં આઠ વર્ષથી ભજન-ભક્તિ નિયમિત કરે. વર્ષોવર્ષ પગપાળા નિશાન-ડંકા લઈ

બોચાસણ ઉત્સવોમાં જાય. કળશ જયંતી પ્રસંગે ગઢડા અને મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે અમદાવાદ પણ પગપાળા સંઘ લઈને ગયેલા.

આ આજ્ઞાંકિત મંડળના ઉત્સાહથી સ્વામીશ્રી હંમેશાં પ્રસન્ન રહેતા. વસોમાં પારાયણ કરવા સૌ વિનંતી કરે ત્યારે સ્વામીશ્રી કહે : 'ગુજરાતમાં સર્વોપરી પારાયણ વસોમાં કરવું છે.' એમ કોલ આપતા. સ્વામીશ્રીનો સંકલ્પ પૂરો કરવામાં કોઈ મોટા સાથ-સહકારની ઝંખના કરતા આ પ્રેમીમંડળને ગામના બાહોશ અગ્રણીઓ દરબાર મહેન્દ્રભાઈ દેસાઈ, બકુભાઈ અમીન અને વ્રજભાઈ અમીનનો સાથ મળી ગયો.

વસોમાં સ્વામીશ્રીના આગમનને વધાવવા સૌએ ભવ્ય સામૈયું કર્યું. ગામની મુખ્ય શેરીઓ અને ધોરી માર્ગ ધજા-પતાકાથી સુશોભિત કર્યાં હતાં. સ્વામીશ્રીના સુશોભિત વાહનની આજુબાજુ મહેન્દ્રભાઈ તથા બકુભાઈ જય-વિજય પાર્ષદોની જેમ ચાલી રહ્યા હતા. ચોરેચૌટે ગામના વેપારીઓ અને ભાવિકો સ્વામીશ્રીને ફૂલહારથી વધાવતા હતા. પ્રસાદીની પુષ્પમાળાઓ કૃપા-પ્રસાદરૂપે સ્વામીશ્રી આનંદિત થઈ સૌને પાછી આપતા હતા. કોઈ અલૌકિક ખેંચાણ સમગ્ર ગ્રામ્ય જનતાને આજે થયું હતું, જેથી સૌ ભારે ઉત્સાહથી દર્શને ઊમટ્યા હતા. સ્વામીશ્રી પણ સૌને કરુણાદૃષ્ટિદાન આપી, સંમોહિત કરતા હતા. સૌનાં અંતરના ઉમળકાને વધાવતા સ્વામીશ્રી હરખમાં આવી જઈ આશિષવર્ષા વરસાવતા હતા. શોભાયાત્રા સ્વામિનારાયણ મંદિરમાં વિરમી. દર્શન કરી સ્વામીશ્રીએ મંદિરમાં જ મુકામ કર્યો.

તા. ૨૪મીએ 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથની પારાયણનો પ્રારંભ પ્રમુખ-સ્વામીએ કર્યો. સાંજે સ્વામીશ્રી જાતે 'સ્વામીની વાતો' વાંચી અમૃતપાન કરાવતા. મણિભાઈ શિવાભાઈ અમીને મંડપની સેવા કરી હતી. પારાયણનો લાભ લેવા આજુબાજુથી પણ અસંખ્ય ભક્તો રોજ આવતા. સૌને અલૌકિક આનંદ આવતો. એક દિવસ સ્વામીશ્રી સંઘ લઈ મહારાજનાં પ્રસાદી સ્થાને છત્રીએ દર્શને ગયા હતા.

કનુભાઈ અમીન, ભક્તિબા તથા મહેન્દ્રભાઈ દેસાઈ, ધૂળાભાઈ, રણછોડભાઈ, જશભાઈ, રતિભાઈ માસ્તર સાથે રૂહોડેશિયામાં રહેતા ગટુમાવાળા પુરુષોત્તમભાઈ ચતુરભાઈએ પારાયણનો મુખ્ય ભાર ઉપાડ્યો હતો. સ્વામીશ્રીનો ઉતારો પણ વારાફરતી વ્રજભાઈ અમીનના બંગલે, મહેન્દ્રભાઈ દેસાઈની હવેલીમાં તથા બકુભાઈ અમીનને ત્યાં રાખવામાં આવ્યો હતો.

જમનાદાસ અમીન, આશાભાઈ તથા દીનુભાઈ અમીન તેમજ વસો યુવક મંડળ અને બાળ મંડળે તનતોડ સેવા કરી હતી.

બકુભાઈ અમીને છેલ્લે દિવસે યજ્ઞ કર્યો હતો. પૂર્ણાહુતિ ભારે ઉત્સાહથી થઈ. સંપ્રદાયના મુખ્ય ગણાતા આ ગામમાં સત્સંગ અને ભક્તિના પ્રાણ પુરાયા. સાચા સંતની પરખ જડી. સૌને સ્વામીશ્રી પ્રત્યે અત્યંત સદ્‌ભાવ થયો. નાનું મંડળ, પણ ભાવ સાચો હતો તો અલૌકિક સમાસ થયો. સ્વામિનારાયણ ભગવાન અને યોગીજી મહારાજનું નામ લોકજીભે ચડી ગયું.

જ્યારે સને ૧૯૫૮માં સ્વામીશ્રી વસો પધાર્યા અને ભક્તિબાએ દરબાર ગોપાળદાસની હવેલીમાં સ્વામીશ્રીની પધરામણી કરાવી હતી, ત્યારે સ્વામીશ્રી બોલ્યા હતા : 'હવેલી બહુ સારી છે. અહીં ઉતારો થાય તેમ ફરી આવવું છે.'

તે સમયે પલાણાના મધુભાઈ મણિભાઈ વગેરેને સંશય થઈ ગયો હતો કે 'મહેન્દ્રભાઈ દેસાઈ નાસ્તિક વિચારધારાવાળા છે. તો સ્વામીશ્રી કહે છે તેમ થશે કે નહીં ?'

પરંતુ આ વખતે સ્વામીશ્રીનાં તે વચનો સત્ય ઠર્યાં અને પારાયણના દિવસો દરમ્યાન સ્વામીશ્રીનો ઉતારો પણ દરબાર સાહેબની હવેલીમાં જ ગોઠવાયો. એટલું જ નહીં, મહેન્દ્રભાઈએ પણ ખડે પગે રહી સ્વામીશ્રી તથા સંતોની સેવા કરી. સૌને પ્રતીતિ આવી કે સ્વામીશ્રી અશક્યને શક્ય કરી શકે છે.

વસોના પ્રતિષ્ઠિત ગૃહસ્થ વ્રજભાઈ અમીન અરવિંદ ઘોષના સાંનિધ્યમાં બહુ રહેલા. ગામમાં પણ ઘણા સમ્માનનીય. સ્વામીશ્રી તેમને ત્યાં પધાર્યા, એટલે એક મહાન યોગી પધાર્યા છે એ ભાવથી એમણે ખૂબ હર્ષ જણાવ્યો. તેમનો સહકાર મળ્યો એટલે વિરોધીઓના હાથ હેઠા પડ્યા.

એક વાર તેમના ઘરમાં એક યુવકે ફ્રિઝ ખોલ્યું. સ્વામીશ્રી નજીક જ ઊભા હતા. યુવકે ફ્રિઝમાં પડેલી ઈંડાની ટ્રે બહાર કાઢી. સ્વામીશ્રી પાસે ધરીને કહે : 'બાપા ! આ શું છે ?'

સ્વામીશ્રી આશ્ચર્યથી જોઈ રહ્યા અને નિર્દોષતાથી બાળ સહજભાવે બોલી ઊઠ્યા : 'મૂકી ઘો, મૂકી ઘો, મહાદેવજી છે !'

આજુબાજુ ઊભેલા સંતો-યુવકો તો આ ઓલિયાની અલમસ્તાઈમાંથી છલકી આવતી નિર્દોષતાથી હસી હસીને આનંદમગ્ન થઈ ગયા. સ્વામીશ્રીને તે અડવા માટે કહ્યું, તો એક વેંત જેટલી આંગળી દૂર રાખીને હસતાં હસતાં આસને પધાર્યા.

પારાયણ દરમ્યાન, તા. ૨૯-૧૨-'૬૨ના રોજ સ્વામીશ્રી વસોના અક્ષર-પુરુષોત્તમ હરિમંદિરમાં દર્શન કરી બાજુના મઠમાં પધાર્યા. ત્યાં સર્વે સ્થળે પુષ્પ છાંટીને બોલ્યા : 'અહીં સર્વોપરી શિખરબદ્ધ મંદિર થશે.'

જો કે આ જગ્યા વડતાલના હરિભક્તની હતી. સ્વામીશ્રીનો સંકલ્પ હતો કે 'આ જગ્યા જરૂર મળી જશે, બીજે સ્થળે મંદિર કરવું નથી.'

સ્વામીશ્રીના એ શબ્દો સાકાર થયા. જગ્યા મળી ગઈ અને પ્રમુખસ્વામી મહારાજે ત્યાં ભવ્ય હરિમંદિર બાંધ્યું.

આ પારાયણમાં ગામના આગેવાનો, રાજકીય પક્ષો મતમતાંતરો ભૂલી એક થઈ ગયા. બધાના મતભેદો દૂર થઈ ગયા. અને સૌએ સંપૂર્ણ સહકાર આપી, પારાયણનો પ્રસંગ શોભાવ્યો.

સ્વામીશ્રી મહેન્દ્રભાઈ દેસાઈને 'બાપુ' એવા નામથી સંબોધતા. મહેન્દ્ર બાપુએ વસોમાં ૧૬ જણા પાગલ હતા તે ડાહ્યા થઈ જાય તેવી સ્વામીશ્રીને પ્રાર્થના કરી. અને આ પારાયણની ફલશ્રુતિના એક ભાગરૂપે ખરેખર તે બધા પાગલ મટી ડાહ્યા થઈ ગયા, તે પણ એક ચમત્કાર બની ગયો ! આમ, વસોમાં અક્ષરપુરુષોત્તમનો જયજયકાર થઈ ગયો.

સૌને લાગ્યું કે વસોનું પારાયણ એટલે ઐશ્વર્યના પૂંજ વેરતા સ્વામીશ્રીની દિવ્ય શક્તિનો પરિચય આપતું સપ્તાહ !

## ગુણાતીત દીક્ષા સ્થાનમાં જયજયકાર

અહીંથી મહેળાવ દર્શન કરી, નડિયાદ છોટાભાઈ તથા ભીખાભાઈને ત્યાં પધરામણી કરી, સ્વામીશ્રી ડભાણ આવી પહોંચ્યા. મહારાજે કરેલા મહાયાગથી પાવન થયેલી, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની આ દીક્ષાભૂમિમાં હરિભક્તોનો ઉત્સાહ ભારે હતો.

વસોના પારાયણના પડઘા હજુ શમ્યા નથી, ત્યાં ડભાણમાં તા. ૩-૧-'૬૩, 'સત્સંગિજીવન'ની પારાયણનો પ્રારંભ પ્રમુખસ્વામીએ કર્યો. સાંજે 'સ્વામીની વાતું'નું વાચન થતું. ભીખાભાઈ, રાવજીભાઈ, મણિભાઈ, મોતીભાઈ, ઈશ્વરભાઈ, જીવાભાઈ, મૂળજીભાઈ, બેચરભાઈ, અંબાલાલભાઈ વગેરે ભક્તો તેમજ તે સૌના પ્રેરક બળ સમા અંબાલાલભાઈ આણંદવાળાએ સુંદર આયોજન કર્યું હતું. યુવકો ખડે પગે સેવામા હતા.

તા. ૬-૧-'૬૩, નંદાજી ખાસ અમદાવાદથી ગુણાતીત દીક્ષા સ્થાનનાં

દર્શને અને સ્વામીશ્રીના આશીર્વાદ લેવા આવ્યા હતા. સારી સત્સંગ સભા થઈ. બપોરે ગામની લાઈબ્રેરીમાં ગામના યુવકોનું સંમેલન સ્વામીશ્રીના અધ્યક્ષ સ્થાને થયું. નડિયાદના શૂરવીર ભક્તરાજ કૃષ્ણાભાઈ તથા હકાભાઈએ પ્રવચનો કર્યાં. સ્વામીશ્રીની પ્રેરણાથી યુવક મંડળની સ્થાપના થઈ.

અહીં પણ એક દિવસ યજ્ઞ વિધિ રાખ્યો હતો. સં. ૧૮૬૬ના પોષ સુદી ૧૫, શુભ દિને, મહારાજે પોતાના અતિ લાડીલા અનાદિ અક્ષરબ્રહ્મ - મૂળજી ભક્તને ધામધૂમથી વૈષ્ણવી દીક્ષા આપવા ડભાણમાં મહાયજ્ઞ કર્યો, એ જ દિવસે પારાયણની પણ પૂર્ણાહુતિ હતી.

સવારે સ્વામીશ્રી ગુણાતીત દીક્ષા સ્થાન - છત્રીએ મંડળ સહિત પહોંચી ગયા. છત્રીને ફૂલહારથી શણગારી હતી. ત્યાં જ સભા કરી સ્વામીશ્રી કહે : 'આજે મહાપવિત્ર દિવસ છે. જે સંકલ્પ કરો તે સિદ્ધ થાય.' તે શુભ સંકલ્પો કર્યા :

'કોઈનો અભાવ-અવગુણ ન લેવો. સત્સંગમાં દિવ્યભાવ રાખવો. ધર્મ-નિયમ તથા વર્તન શુદ્ધ રાખી, મહારાજ-સ્વામીનું શોભાવવું. વાનપ્રસ્થ-આશ્રમ ગાળતા ગૃહસ્થોએ સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે સત્સંગમાં પ્રસારણ અર્થે જરૂર ભોગ આપવો.'

પૂર્ણાહુતિ ધામધૂમથી થઈ. વસોની જેમ અહીં લગભગ ૧૨,૦૦૦ જેટલા ભક્તોએ પારાયણનો પ્રસાદ લીધો. જયજયકાર થઈ ગયો. સંપ્રદાયના ગઢ સમું આ બીજું ગામ સ્વામીશ્રીના રંગે રંગાઈ ગયું. સ્વામીશ્રીની અસીમ સાધુતા અને નિર્દોષતાથી ગામને પ્રતીતિ થઈ કે યોગીજી મહારાજ ફક્ત ગોંડલના કે બોચાસણના નથી, પણ સમગ્ર જગતના છે. સિંહને વાડો ન હોય ! બ્રહ્મ અને પરબ્રહ્મનું આ જ્ઞાન સર્વ જગત માટે છે !

ડભાણમાં આ પારાયણ થયું ત્યારે રમણભાઈ કાલીદાસ પટેલને સત્સગનો રંગ નહીં. વળી, અહીં વડતાલ પક્ષનું સ્વામિનારાયણ મંદિર; એટલે ત્યાં અક્ષરપુરુષોત્તમવાળા 'પગપેસારો' કરે, મંડળ સ્થાપે ને મંદિર કરે, એ તેમને ગમ્યું નહિ. પરંતુ આણંદના અંબાલાલ ભગતે તેમની પાસેથી પરાણે ધર્માદામાં ચોખા લીધા અને તેમનું મુક્તિદ્વાર જાણે કે ખુલ્લું થયું.

પારાયણના છેલ્લા દિવસે ગુલઝારીલાલ નંદા આવવાના હતા. તેથી તેમને જોવા તથા તેમનું ભાષણ સાંભળવાના હેતુથી રમણભાઈ સભામાં આવ્યા. સ્વામીશ્રીનાં પ્રથમ દર્શન થતાં જ તેમનાં હૃદયદ્વાર ખુલી ગયાં. સાંજે સ્વામીશ્રીની પધરામણીઓ થઈ તેમાં તેઓ સ્વામીશ્રીની સાથે ને સાથે બધે ફર્યા

અને પોતાના ઘરે પણ સ્વામીશ્રીની પધરામણી કરાવી. એટલું જ નહીં, વર્તમાન ધરાવ્યાં અને આશ્રિત સત્સંગી થયા ! આ તો વેરીને વશ કર્યા જેવું હતું. સ્વામીશ્રી આ વખતે બોલેલા કે 'ડભાણ ગામ પ્રસાદીનું ગામ છે. અને આપણે આખા ગામમાં પધરામણીઓ કરવી છે.' તે વચનો સાચાં ઠરતાં હતાં.

પછી તો રમણભાઈએ રવિવારની સભામાં આવવાનું પણ શરૂ કરી દીધું. શરૂઆતમાં ફરતી રવિસભા થતી, પરંતુ પછી તો રોજની સભા તેમના ઘરે જ થવા લાગી. આમ, તેમનું જ ઘર સત્સંગનું કેન્દ્ર બની ગયું.

એક વખત તેઓ પૂનમના સમૈયા ઉપર બોચાસણ ગયા ત્યારે પોતાના હાથે ગૂંથીને મોગરાનો હાર સ્વામીશ્રીને પહેરાવવા લઈ ગયેલા. હાર આગલા દિવસે બનાવેલો એટલે થોડો ચીમળાઈ ગયો હતો. તેથી સ્વામીશ્રીને અર્પણ કરવામાં તેમને સંકોચ થતો હતો. પરંતુ તેમના મિત્ર રામભાઈએ કહ્યું કે 'તમે આટલા ભક્તિભાવથી જાતે હાર બનાવ્યો છે તો તે પહેરાવવામાં વાંધો નહીં, કારણ કે સ્વામીશ્રી તો ભાવના ભૂખ્યા છે.'

આથી, તેમણે પૂજન કરી, સ્વામીશ્રીને હાર પહેરાવ્યો. સ્વામીશ્રીએ એ હાર બે ઘડી ધારણ કરી રાખ્યો અને સૂંઘીને પ્રસાદીનો કરી રમણભાઈને પાછો પહેરાવી દીધો ! તેમના હૃદયમાં અપાર શાંતિ થઈ. તેઓ તિલક-ચાંદલો કરતા થયા ત્યારે પણ સ્વામીશ્રીએ એવો જ રાજીપો જણાવ્યો હતો.

ડભાણના મૂળજીભાઈ મોતીલાલ પટેલ, વડતાલ સંપ્રદાયના સત્સંગી; પરતુ પારાયણમાં તેમણે સારી સેવા કરેલી. ત્યારબાદ અક્ષરપુરુષોત્તમના રંગે બરોબર રંગાયા. તેમણે ઘણાં કીર્તનો મોઢે કરેલાં અને કથાવાર્તા પણ સારી કરતા. તેથી સ્વામીશ્રીએ મનજીપુરા સત્સંગ કરાવવા તેમને આજ્ઞા કરેલી. ડાહ્યાભાઈ તથા શંકરભાઈને સાથે લઈને તેઓ નિયમિત જતા અને ત્યાં સ્વામીશ્રીની આજ્ઞાથી સૌને સત્સંગ કરાવતા.

## પુણ્યનું પૂર્ણદાન

આ પ્રસંગે સમગ્ર સત્સંગના ઇતિહાસમાં એક સુવર્ણપાન ઉમેરાયું. ડભાણના મહાયાગ સમયે જેમ મહારાજે ગુણાતીતની ઓળખાણ સૌને કરાવી, તે જ રીતે ડભાણની સભામાં, જાહેરમાં સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજના અતિ લાડીલા સંતવર્ય પ્રમુખસ્વામીનો મહિમા સર્વને કહ્યો. ખાસ જણાવ્યું કે 'પ્રમુખસ્વામીને શાસ્ત્રીજી મહારાજે નિમ્યા છે. માટે તેઓ શાસ્ત્રીજી મહારાજની

જગાએ છે, શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે. મારે બદલે પ્રમુખસ્વામીને પધરામણીએ લઈ જાવ તેમાં અમારો ખરો રાજીપો છે.'

ત્યારે એક હરિભક્તે ઊભા થઈ જાહેરાત કરી કે 'સ્વામીશ્રીને લઈ જશો તો અડધું પુણ્ય અને એમનાં વચને પ્રમુખસ્વામીને લઈ જશો તો સંપૂર્ણ પુણ્ય.'

આ વાત સાંભળી ખૂબ હસતાં હસતાં સ્વામીશ્રીએ તાળી વગાડી અને પોતાના અંતરનું સૂચન જાહેર કર્યું.

આ રીતે ડભાણને આધ્યાત્મિક ઈતિહાસમાં અમર બનાવી, બીજે દિવસે સવારે સ્વામીશ્રી (વસો) અલીંદ્રા પધાર્યા. આખા ગામે સ્વાગત કર્યું. મંદિરમાં જાહેર સભા થઈ. ગામલોકોએ સ્વામીશ્રીને રોકાવા તથા પધરામણીઓ કરવા ખૂબ આગ્રહ કર્યો; પણ ફરી આવવાનું વચન આપી, બપોરે ૧૨-૦૦ વાગે માતર આવી, કાગળની મિલનું ઉદ્‌ઘાટન કર્યું. પછી ૨-૦૦ વાગે શાંતિપુરા લાટમાં પ્રભુદાસભાઈને ત્યાં ઠાકોરજી જમાડી, સમાદરા થઈ, રાત્રે રામચંદ્રકાકાને ત્યાં ભાલિયાપરા પધરામણી કરી, સાંખેજ પધાર્યા.

## નારણનગરમાં નારણ ગરી ગયા

પછી ડમણિયામાં નારણનગર, જૂના મંદિરે દર્શને જવા નીકળ્યા. ડમણિયું જીવાભાઈ સોમાભાઈ પટેલ હંકારતા હતા. આ ગામમાં વડતાલના સત્સંગીઓ હતા. તેથી ડમણિયું જેવું ગામમાં આવ્યું કે તરત જ રસ્તે કેટલાક હરિભક્તો બોલવા લાગ્યા : 'બંડિયા શું કામ આવ્યા છે ?' આ વિરોધમાં સારાભાઈ મુખ્ય હતા. તેઓ કહે : 'લંગોટાઓ, જતા રહો, નહીંતર ગામ બગાડશો.'

તેથી જીવાભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'આપણે પાછા જઈએ.' એમ કહીને ડમણિયું ઊભું રાખ્યું.

ત્યારે સ્વામીશ્રી કહે : 'આપણે મંદિરે દર્શન તો કરવાં જ છે.'

તેથી તેઓ ડમણિયું મંદિર આગળ લાવ્યા. સ્વામીશ્રી તથા સંતોને અંદર લઈ ગયા. સ્વામીશ્રી તો સંતો સાથે ઠાકોરજીનાં દર્શન કરીને સભામંડપમાં બેઠા !

એવામાં સારાભાઈ તથા કેટલાક હરિભક્તોએ બૂમાબૂમ કરી મૂકી. ગામના અન્ય હરિભક્તો તથા ગામલોકો પણ ભેગા થઈ ગયા. મંદિરની ચોતરફ ટોળું જામી ગયું. મોટા ભાગના તો 'સાધુ આવ્યા છે' એમ જાણીને દર્શન કરવા લાગ્યા અને પગે લાગવા માંડ્યા. સ્વામીશ્રીની હસતી મૂર્તિ અને પ્રેમાળ ધબ્બો મળતાં સૌને ગુણ આવ્યો. સૌ રાજી થઈને સભામાં બેઠા.

વાતાવરણ શાંત થઈ ગયું. સૌ કુતૂહલતાથી સ્વામીશ્રીને નિહાળવા લાગ્યા. સ્વામીશ્રીએ તો થોડી વાર કથાવાર્તા કરીને સૌને બ્રહ્માનંદ કરાવી દીધો.

થોડી વારે આરતીનો સમય થતાં, આરતી ઉતારી પ્રસાદ આપ્યો. ફરી થોડી વાર કથાવાર્તા થઈ. પછી સ્વામીશ્રીએ મંદિરેથી વિદાય લીધી.

રસ્તામાં સ્વામીશ્રી કહે : 'આપણે મંદિરે દર્શને ગયા તો જાહેરાત થઈ કે બંડિયા મંદિરમાં ગરી ગયા છે. અને સભા થઈ. જો મંદિરે ન ગયા હોત, તો સભા ન થાત. આપણા બદલે આ બધાએ જોરશોરથી જાહેરાત કરી દીધી.

'હવે જ્યારે પાછા આવીશું, ત્યારે વિરોધ કરનારા જ લાડવા ખવરાવશે.' એમ કહી હસવા લાગ્યા. જીવાભાઈને આ સાંભળી અત્યંત આશ્ચર્ય થયું.

બીજે દિવસે જેતલપુર દર્શન કરી, શ્રીજીમહારાજે જેમાં અનેક વાર સ્નાન કર્યું છે તે સરોવરનું પ્રસાદી-જળ માથે ચઢાવી, રાત્રે અમદાવાદ આવી પહોંચ્યા.

ગુજરાતના વિચરણમાં જીવાભાઈ ભગત તથા મણિભાઈ જીવાભાઈની મોટરો સ્વામીશ્રીની સેવામાં રહેતી. જીવાભાઈ ઘણુંખરું જાતે મોટર ચલાવી સેવામાં રહેતા. 'આણંદ મ્યુનિસિપાલિટી'ના એક વખતના પ્રમુખ, અગ્રણી વેપારી અને સદ્‌ગૃહસ્થ હોવા છતાં તેઓ અતિ નિર્માની અને મૂકસેવક હતા. ખૂબ મહિમાપૂર્વક સ્વામીશ્રીની સેવા કરતા. સ્વામીશ્રીને તેમની લેશમાત્ર પણ સંભાળ લેવી પડે નહિ. અમદાવાદમાં ચંપકભાઈ શેઠ, પુરુષોત્તમદાસ ગજ્જર તથા ગોરધનભાઈ ઓડવાળાની મોટરો સેવામાં રહેતી. અને સૌરાષ્ટ્રમાં રાજકોટના ભક્તો ગણાત્રા સાહેબ, ભાનુભાઈ ગઢિયા તથા ચંદુભાઈ અનડાની મોટરો સેવા આપતી. આમ, ધીરે ધીરે મોટાં શહેરો અને આજુબાજુના વિસ્તારોમાં સ્વામીશ્રી માટે મોટરોની વ્યવસ્થા થવા લાગી હતી.

અમદાવાદથી નીકળી વઢવાણ દર્શન કરી, સુરેન્દ્રનગર ઠાકોરજી જમાડી, સ્વામીશ્રી મૂળી પધાર્યા. મંદિરમાં બધે દર્શન કર્યાં. અહીં માણકી ઘોડીની બેનનો વંશ હતો. તે વછેરાનાં પણ દર્શન કરવા સ્વામીશ્રી ખાસ મંદિર પાછળ ઘોડારમાં જતા અને દૂરથી પણ ભાવથી પગે લાગતા. જાણે માણકી ઉપર મહારાજનાં દર્શન કરતા હોય એવા સ્વામીશ્રી તન્મય થઈ જતા !

મંદિરથી થોડે દૂર, બ્રહ્માનંદ સ્વામી અને આનંદ સ્વામીની સમાધિઓ છે. આજે ત્યાં પણ સ્વામીશ્રી દર્શને પધાર્યા. ભાગ્યે જ કોઈ અહીં દર્શને આવતું હોય છે. ભક્તનો પણ ભગવાન સરખો જ મહિમા સ્વામીશ્રીમાં મૂર્તિમાન દેખાતો.

## કરોડ રૂપિયાની સેવાતુલ્ય સુહૃદભાવ !

રાજારામ માસ્તરને ત્યાં રાત્રે ચોટિલા પધરામણી કરી, મોડી રાત્રે રાજકોટ પધાર્યા. છેલ્લાં ૨૫ વર્ષથી ઉત્તરાયણનું પર્વ સ્વામીશ્રી રાજકોટ કૃષ્ણજી અદાની દેરીએ ઊજવતા. પર્વણીના દિવસે સવારે દેરીમાં ધૂન-કીર્તન, કથાવાર્તા થયાં. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'હવે સંપ-સુહૃદભાવ મંડળમાં દૃઢ કરો, તો અમારી કરોડ રૂપિયાની સેવા થઈ ગઈ. અમારો મત તો જેમ ભગતજી મહારાજ શાસ્ત્રીજી મહારાજ કેવી એક રુચિથી, સુહૃદભાવથી, દિવ્ય દૃષ્ટિ રાખી જીવન જીવી ગયા ! તેમજ આપણે કરવું. ગુરુ ગુણાતીતરૂપ ના થવાયું તો શિષ્ય થયા શું કામના ?'

હરિભક્તોએ પૂજન વિધિ, સેવા કરી. સૌ રાજી થયા. સ્વામીશ્રીએ કેટલીક પધરામણીઓ કરી. પધરામણી અંગે વારંવાર સૂચનાઓ આપવા છતાં, ખુદ સ્વામીશ્રીના પણ આદેશ પછી ભક્તોનો આગ્રહ છૂટતો નહોતો. ખરેખર તો એ ભક્તિમાં ઊણપ જ ગણાય કે ગુરુની મરજી ન સાચવવી, અનુવૃત્તિ પ્રમાણે ભક્તિ ન કરવી.

તાજપુર મૂર્તિપ્રતિષ્ઠાનું આમંત્રણ આપવા પ્રમુખસ્વામી રાજકોટ આવ્યા.

સ્વામીશ્રી કહે : 'ચાલો જઈએ, પ્રસંગ શોભાવીએ.' એમ કહી સારંગપુર જવા નીકળ્યા.

રસ્તામાં સરધારમાં પ્રસાદી સ્થાનોનાં દર્શન કર્યાં. ગામલોકો સ્વામીશ્રીને પ્રસાદીના તળાવ તરફ લઈ જતા હતા. ત્યારે સેવકે કહ્યું : 'એ તો ઘણું દૂર છે. નથી જવું.' કારણ, પવન ખૂબ જ ફૂંકાતો હતો. સ્વામીશ્રીને શરદી થઈ હતી.

સ્વામીશ્રી કહે : 'આ પ્રસાદીના તળાવમાં અમે એક વર્ષ નાહેલા.' એમ કહી તળાવે દર્શન કર્યાં. મંદિરમાં રસોઈ કરતા, તે રસોડું દેખાડ્યું.

બોટાદ મંડળને દર્શન આપી, રાત્રે સારંગપુર આવી પહોંચ્યા.

તા. ૧૭-૧-'૬૩, સવારે તાજપુર પધાર્યા. ગામનો ઉત્સાહ ભારે હતો. સ્વામીશ્રીએ વિધિપૂર્વક મૂર્તિપ્રતિષ્ઠા કરી. ગામધુમાડો બંધ કરી સૌને જમાડ્યા.

સાંજે ગઢપુર પધારી ઠાકોરજીનાં દર્શન કર્યાં. 'નિર્ગુણ ભુવન' નિહાળ્યું.

અહીં શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં બેસી સ્વામીશ્રી પત્ર લખતા હતા. ત્યાં સામે એક બાળક જાદવ આવીને બેસી ગયો. તેના ગામ સાંગાવદરમાં ધોરણ ચાર પછી આગળ ભણવાની સગવડ ન હોવાથી, ગઢડાના સંત દેવપ્રસાદ

સ્વામીની પ્રેરણાથી તેના સંબંધીઓએ તેને ગઢડા મંદિરમાં રહી ગામમાં શાળામાં ભણવા મૂક્યો હતો. સ્વામીશ્રીએ પત્ર પૂરો કરી ઊંચું જોયું. જાદવને જોઈને નજીક બોલાવ્યો. ને પ્રેમથી પૂછવા લાગ્યા :

'કયું ગામ ?'

'સાંગાવદર.'

'શું ભણો છો ?'

'પાંચમું ધોરણ.'

'બહુ સારું.' પછી કહે : 'બજારનું કાંઈ ખાઓ છો ?'

બાળક તો વિચારમાં પડી ગયો ! સંતોએ ના પાડી હતી તેથી આમ તો તે બહાર ખાતો જ નહીં, પણ તે જ દિવસે અન્ય મિત્રોને ખાતાં જોઈ લાલચમાં રેંકડી પર રગડા-પૂરી ખાઈ લીધી હતી. તે જવાબ આપતાં ખચકાતો હતો. તે જોઈ સ્વામીશ્રીએ ધીરજ આપી. એણે કહ્યું : 'બાપા ! આજે પહેલી જ વાર ખાધું. હવે નહીં ખાઉં.'

સ્વામીશ્રી પ્રેમથી બોલી ઊઠ્યા : 'જાવ, પહેલો ગુનો માફ ! ફરી નહીં કરવાનો હોં ! બજારમાં એંઠું હોય. એ ખાઈએ તો આપણી બુદ્ધિ બગડે. ભેળીસાડામાં કાંઈ સારું ન હોય. મંદિરે આવી નાહી લેવું...'

પછી કહે : 'વાંચતા આવડે છે ?'

'હા, બાપા !'

'વાંચો.' સ્વામીશ્રીએ 'સ્વામીની વાતો'નું બાળબોધ લિપિમાં છપાયેલું પુસ્તક તેને આપ્યું. આ લિપિ છતાં તે સારી રીતે વાંચી શક્યો એટલે સ્વામીશ્રી ખૂબ રાજી થયા. ને કહે : 'અહોહો ! આ તો સાધુ થાય એવો છે. સાધુ થવું છે ?' હજુ તો તે ઉત્તર આપે તે પહેલાં જ સ્વામીશ્રી ઉમંગથી બોલી ઊઠ્યા : 'કો' થઈશ.'

'હા, બાપા ! થઈશ.' તે બાળકે કહ્યું.

સ્વામીશ્રીએ ખૂબ રાજી થઈને ચાર-પાંચ ધબ્બા આપી દીધા. રાજીપો વરસાવ્યો અને સામેથી એવો પ્રેમ કર્યો કે જાદવને સ્વામીશ્રી પાસે જવાની તદ્દન છૂટ આવી ગઈ. નેડો બંધાઈ ગયો.[૧૭]

---

૧૭. ટૂંક સમયમાં જ ગોંડલમાં સ્વામીશ્રીએ તેમને દીક્ષા આપી, સાધુ પ્રેમપ્રકાશદાસ નામાભિધાન કર્યું. સંપ્રદાયમાં કદાચ સૌથી નાની ૧૧ વર્ષની ઉંમરના તેઓ એકમાત્ર સંત હતા. સ્વામીશ્રીના પ્રેમમાં અનેક ચમકપહાણ કરતાંયે વિશેષ આકર્ષણ હતું તે આવા પ્રસંગે પ્રત્યક્ષ થતું.

પછી રાજકોટ થઈ ગોંડલ પધાર્યા. માનનીય મોહનલાલ વ્યાસ અક્ષર મંદિરનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ બે દિવસ મંદિરના વહીવટમાં સંતોની વિવિધ સેવામાં રસપૂર્વક માર્ગદર્શન આપી, કથાવાર્તા કરી, કોઠારી બાલમુકુંદ સ્વામી વગેરે સંતોને રાજી કર્યા.

અહીં સ્વામીશ્રી સભામંડપમાં બિરાજી પત્રો લખી રહ્યા હતા. સામે કેટલાક જ્ઞાની હરિભક્તો પણ બેઠા હતા.

એક હરિભક્તે કહ્યું : 'મધ્યનું તેરમું વચનામૃત વાંચો.'

સ્વામીશ્રીએ પત્ર લખતાં ઊંચું જોઈને કહ્યું : 'મધ્યનું ૨૮મું વચનામૃત વાંચો. તેમાં મુદ્દો આવે છે.' એમ કહી જાતે કહેવા લાગ્યા : 'તે મુદ્દો તે શું જે, શ્રીજીમહારાજ સમજાવે છે કે જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન, કર્મ, વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે.'

આમ, ભગવાન અને સંતનું સ્વરૂપ ઓળખાયા પછી, એમને રાજી કરવાના ઉપાયમાં ગૌણતા ન આવે, એવા જ કોઈ હેતુથી સ્વામીશ્રી આવી પ્રસંગોપાત્ત ટકોર કરતા. આમ, પોતાને શું ગમે છે અથવા શું કરાવવાનું તાન છે ? તે સમજાવતા. એને અનુસરવું એ ભક્તોની ફરજ બની જતી.

અમદાવાદ થઈ, તા. ૨૧-૧-'૬૩, સવારે પારાયણ પ્રસંગે નડિયાદ આવી પહોંચ્યા.

બંસીભાઈએ તેમના પિતાશ્રી અ.નિ. શંકરલાલ જાલમસિંહના મોક્ષાર્થે ખાસ પારાયણ યોજ્યુ હતું. સતરામ મંદિરના વિશાળ ચોગાનમાં મંડપ બાંધ્યો હતો. પ્રમુખસ્વામી પારાયણનું પાન કરાવતા હતા. હરિપ્રસાદ ચોકસી સાહેબ તથા માનનીય મોહનભાઈ વ્યાસે પણ આ પારાયણનો લાભ લીધો હતો.

પ્રગતિ યુવક મંડળે સાત દિવસ ખડે પગે સેવા કરી હતી. ઉપરાંત બંસીભાઈ, નવનીતભાઈ, કૃષ્ણાભાઈ, ભૂપતસિંહ, ડૉ. ગોરધનભાઈ, પ્રવીણભાઈ, ઘનશ્યામભાઈ દત્તરામભાઈ, ઠાકરભાઈઓ, હરિશ્ચંદ્ર, ગોરધનભાઈ, ભગવાનજી-ભાઈ વગેરે ભક્તોએ સેવા બજાવી આયોજન સારું શોભાવ્યું હતું.

સાત દિવસના બ્રહ્મયજ્ઞમાં હજારો હરિભક્તોએ હોંશેહોંશે લાભ લીધો. વિશેષતા એ હતી કે નવા નવા મુમુક્ષુઓ મોટા પ્રમાણમાં આકર્ષાતા હતા. અને સંપ્રદાય કે સમાજની મહોબત મૂકીને સ્વામીશ્રીનું શરણું સ્વીકારતા ખચકાતા નહોતા. વર્ષોથી જેમણે ઝેર જ પચાવ્યું છે, એવા યોગીન્દ્ર પુરુષે હવે હજારોનાં

કલ્યાણ અર્થે ઐશ્વર્ય સહેજ છૂટું મૂક્યું હતું. સૂર્ય સામી ધૂડ નાખનાર સમુદાયને હવે પ્રકાશના પુંજ પાથરી બ્રહ્મ-પરબ્રહ્મનો સનાતન માર્ગ દેખાડી રહ્યા હતા. આવી વિરલ વિભૂતિ બહુ જ ગુપ્ત રહે છે. છૂપા રહેવામાં જ માલ માને છે. પણ સ્વામીશ્રી હવે જીવો ઉપર કરુણા વરસાવી, સાચી વાત સમજવા સૌને પ્રેરતા હતા. ઘુવડની દૃષ્ટિમાં પ્રકાશ પ્રવેશી શકે નહિ, પણ જડને ચૈતન્ય કરે એવી શક્તિથી સ્વામીશ્રી સંસ્કારી જીવોને દિવ્ય દૃષ્ટિદાન અને બુદ્ધિયોગ આપી રહ્યા હતા. જેથી સાર-અસારનો વિવેક સહુને સમજાવા લાગ્યો. ગુણાતીત-ડંકા સર્વત્ર બજવા લાગ્યા.

## મુમુક્ષુને ખોળવા આવવું પડે ને !

આજુબાજુનાં ગામો-શહેરોના હરિભક્તો પણ પારાયણનો લાભ લેતા. પીજના રાવજીભાઈ જે. પટેલ આણંદ 'ખેતીવાડી કૉલેજ'માં નોકરી કરતા. તેમને ઇચ્છા કે 'નડિયાદ પારાયણમાં જવું, પણ કોઈ સંગાથ હોય તો સારું.'

તેમણે કૉલેજના ક્લાર્ક અને પોતાના મિત્ર આણંદના રમેશભાઈ હાથીભાઈ પટેલને કહ્યું : 'યોગીજી મહારાજ બહુ સમર્થ સંત છે અને સિદ્ધપુરુષ છે. નડિયાદ બિરાજે છે. દર્શન કરવા આવવું છે ?'

રમેશભાઈ કોઈ સ્પષ્ટ ઉત્તર આપી શક્યા નહીં. કેમ કે પોતે દત્તાત્રેયના ઉપાસક, વળી નારેશ્વરના રંગ અવધૂતને પોતાના ગુરુ માન્યા હતા. પરંતુ રાવજીભાઈ પોતાના ઉપરી કહેવાય, એટલે શું કરવું તે નક્કી ન કરી શક્યા.

છેવટે રાવજીભાઈ કહે : 'કાલે સવારની ટ્રેનમાં નીકળીશું.'

રમેશભાઈએ પોતાનાં પત્નીને જણાવ્યું. તેઓ કહે : 'બે ધર્મ અને બે ગુરુ બરાબર ન કહેવાય. માટે ત્યાં ન જવું.'

પરંતુ નક્કી થયા મુજબ રાતે ૩-૦૦ વાગે રાવજીભાઈ તેમને તેડવા આવી ગયા. ના પડાય તેમ નહોતું. તેથી રમેશભાઈ કહે : 'તમે ઘરે જાવ, હું ટ્રેનના સમયે તમારા ઘરે બોલાવવા આવી જઈશ.'

તેઓ ગયા. રમેશભાઈનું મન ના પાડી રહ્યું હતું, પણ તેમને લાગ્યું કે કોઈ અગમ્ય શક્તિ તેમને ખેંચે છે. તેઓ પરવારીને રાવજીભાઈના ઘરે ગયા. ત્યાં તો રાવજીભાઈ ઘસઘસાટ ઊંઘે ! રમેશભાઈએ તેમને ઊઠાડ્યા ને પૂછ્યું : 'તમે મારા ઘરે આવી, મને ઉઠાડીને પાછા અહીં સૂઈ ગયા ?'

રાવજીભાઈ કહે : 'હું તમારા ઘરે આવ્યો જ નથી. મેં તો ગઈકાલે જ

નડિયાદ જવાનું માંડી વાળ્યું હતું !'

રમેશભાઈ વિચારમાં પડી ગયા. 'પોતાને ત્યાં આવનાર રાવજીભાઈ કોણ હતા ?' તેઓ કોઈ ઉત્તર શોધી શક્યા નહીં.

બંને નડિયાદ આવ્યા. રાવજીભાઈએ સ્વામીશ્રીને રમેશભાઈની ઓળખાણ આપી અને સવારે જ બનેલો દિવ્ય પ્રસંગ પણ કહ્યો. સ્વામીશ્રી હસી પડ્યા ને કહે : 'મુમુક્ષુને ખોળવા આવવું પડે ને ! આ તો મુગત છે. તે લેવા આવવું પડે ને !' એમ કહી રમેશભાઈને ખૂબ સુખી થવાના આશિષ આપ્યા. આટલી દિવ્યતા અનુભવવા છતાંય તેમનું મન અચકાતું હતું.

થોડા સમયે તેઓ મુંબઈ ગયા. સ્વામીશ્રી ત્યાં જ હતા. તેથી દર્શને ગયા. સ્વામીશ્રીએ તેમને રોકાઈ જવા ઘણું કહ્યું. તેઓ કહે : 'મારી ભાણી સ્ટીમરમાં આવે છે. તેમને લઈને તરત જ મારે જવું પડશે.'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'સ્ટીમર અઠવાડિયું લેટ થશે. માટે રોકાઈ જાવ અને લાભ લો.' પછી એમ જ થયું.

સ્વામીશ્રીના આશીર્વાદથી તેમનો પગાર વધ્યો. પરીક્ષામાં પણ સારી રીતે ઉત્તીર્ણ થયા. આવા અનેક અનુભવો પછી તેમણે બોચાસણમાં કંઠી ધારણ કરી.

એક જીવને માટે કેટલો દાખડો !

નડિયાદના કૃષ્ણકાંત બ્રહ્મભટ્ટને સ્વામિનારાયણ સંપ્રદાય કે સ્વામીશ્રી વિશે પ્રથમ કોઈ વિશિષ્ટ પ્રકારનો પરિચય ન હતો; બલકે સાધુ-બાવાઓ પ્રત્યે તિરસ્કાર. તેમાંય 'સ્વામિનારાયણના બાવા' એટલે પડ્યા પડ્યા લાડવા ખાનારા એવી માન્યતા. પરંતુ એક વાર તેમના મિત્ર તેમને સ્વામીશ્રી પાસે દર્શને લઈ આવ્યા. સ્વામીશ્રીને વંદન કરતાં તેમણે માથું નમાવ્યું એટલે સ્વામીશ્રીએ એક હાથથી તેમનું માથું નીચે કરી, બીજા હાથે બે-ત્રણ ધબ્બા તેમના વાંસામાં આપી દીધા. પછી કાનમાં આંગળી નાખીને ડોક પર હાથ ફેરવતાં, અત્યંત હેતપૂર્વક દૃષ્ટિ માંડીને પૂછ્યું : 'તમે કોણ ? ઓળખાણ આપો.'

સ્વામીશ્રીનો આવો અલૌકિક પ્રેમ જોઈને તેઓ અવાક્ બની ગયા. શું જવાબ આપવો ? એની મૂંઝવણ થવા લાગી. પણ સ્વામીશ્રીના પ્રેમે તેમના હૃદયમાં સ્થાન લઈ લીધું હતું.

એ પછી રવિવારે સત્સંગ સભામાં જવાનું શરૂ થઈ ગયું. મંદિરમાં દર્શને જવા લાગ્યા. નાટક, સિનેમા, રઝળવાનું-રખડવાનું બંધ થઈ ગયું. જેમના વિશે તેઓ કશું જાણતા ન હતા, તે સ્વામિનારાયણ સંપ્રદાય અને સ્વામીશ્રીનો

મહિમા સમજવા લાગ્યા. પાછળથી સ્વામીશ્રીની પ્રેરણાથી જ તેઓ સંસ્થાના આજીવન કાર્યકર-સેવક બની ગયા.[૧૮]

## હે મારા સંતો ! મારો સંકલ્પ પૂરો કરો

આ પારાયણનો અહેવાલ જણાવતા હોય તેમ સ્વામીશ્રીએ મુંબઈના સંતોને સુંદર પત્ર લખ્યો અને પોતાની ભાવના પણ જણાવી :

*'સંતોને દાદર વાંચવાનો.*

*'પરમ ભગવદી સંતો, અક્ષર ભુવન પ્રત્યે, મહંત સ્વામી... ઓહોહો ! અત્રે પારાયણ સર્વોપરી, શાસ્ત્રીજી ચીમનલાલ વાંચશે. ત્રીજો સ્કંધ વંચાય છે, પણ આનંદના ફુવારા છૂટે છે. જેમ શ્રીજીમહારાજ સાક્ષાત્ બેઠા હોય ને જેવું સુખ આવે, તેવું સુખ આવે છે.*

*'હે સંતો ! યોગેશ્વરો ! તમો નાના બધા છો, તો અમોએ હરિલીલા-કલ્પતરુમાં શુભ સંકલ્પ કરેલો છે કે 'ત્રણ વરસમાં ૨૧ શાસ્ત્રીજી થઈ જાય. આવી રીતે અમોને હરિલીલાકલ્પતરુનું પાન - અમૃતપાન કરાવે.' તે શુભ અમારો આશય છે.*

*'તે હે મારા સંતો ! હે પવિત્ર સંતો ! હે ભક્તો ! મારો શુભ સંકલ્પ પૂરો કરો. તેમાં સ્વામી મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, સ્વામી જાગા સ્વામી, કૃષ્ણજી અદાએ મુને કહેલ જે, તમોને સ્વામી ભણાવશે તો ભણજો. પછી શાસ્ત્રીજી મહારાજ કહે, તમો બ્રહ્મવિદ્યા ભણેલા છો ને અમારો રાજીપો છે. તે સ્વામી રાજી થીયા તે પ્રતાપે સુખ છે... આ પત્ર હરિલીલા-કલ્પતરુ(પારાયણ)માં બેસીને લખેલ છે. તે જે ચિંતવે તે પ્રાપ્ય થાય. ૨૧ શાસ્ત્રીજી થવાને માટે આશીર્વાદ છે.'*

✧

પૂર્ણાહુતિ પછી સાંજે નરસંડા ગોરધનભાઈને ત્યાં પધરામણી કરી. ગામ સમસ્તે સ્વાગત કર્યું. રાત્રે જાહેર સત્સંગનો લાભ સૌએ લીધો.

બીજે દિવસે મહમદપુરા થઈ, વડતાલ તથા મહેળાવ દર્શન કરી, રાત્રે બોચાસણ પધાર્યા.

અહીં મંદિરની પ્રદક્ષિણા ફરતાં સ્વામીશ્રીએ ઈશ્વરભાઈ ધર્મજવાળાનો હાથ પકડ્યો હતો. અચાનક સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેટલા દીકરા છે ?'

---

૧૮. હાલ, યોગીવત્સલ સ્વામી.

'બાપા ! એક છે. ભરત.'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'એક આંખ તે આંખ નહીં, ને એક દીકરો તે દીકરો નહીં ! જાવ, બીજો દીકરો થશે !'

સ્વામીશ્રીના આ વણમાગ્યા આશીર્વાદથી ઈશ્વરભાઈને ત્યાં બીજા પુત્રનો જન્મ થયો. જ્યારે તેઓ તે પુત્રને લઈ સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવવા લાગ્યા ત્યારે સ્વામીશ્રી કહે : 'સારો સત્સંગી થજે ને લાખો રૂપિયા કમાઈને સત્સંગની સેવા કરજે.'

અહીં કોઠારી સ્વામીનો સ્વામીશ્રીને રોકવાનો બહુ ભાવ હતો, પણ ફરી આવવાનું વચન આપી સ્વામીશ્રી વસંત પંચમીના ઉત્સવ ઉપર અટલાદરા આવી પહોંચ્યા.

## અક્ષરપુરુષોત્તમ સ્વરૂપોથી શોભતું સુવર્ણાસન

મોટાસ્વામી, પ્રમુખસ્વામી, ઈશ્વરભાઈ દાજી, રમણભાઈ, મણિભાઈ સલાડવાળા તથા વડોદરા, કાનમ અને વાકળના હરિભક્તોના સહિયારા પ્રયાસથી અટલાદરા મંદિરમાં આજે અક્ષરપુરુષોત્તમ મહારાજ સુવર્ણ સિંહાસનમાં બિરાજ્યા હતા. નિજ મંદિરનાં દ્વાર પણ રજત મંડિત થયાં હતાં. ઠાકોરજીની શોભામાં નિત્ય નિત્ય નવીનતાના ચાહક અને પુરસ્કર્તા સ્વામીશ્રી પણ આજે ઘણા હર્ષિત હતા. ઠાકોરજીની શોભા અનન્ય બનતી રહે એવું સ્વામીશ્રીને બહુ ગમતું. એટલે આજે માંદગીને ખંખેરી ઉત્સાહભેર મંદિરમાં આવી પહોંચ્યા. સિંહાસન તથા કમાડની પૂજા કરી. સિંહાસનમાં શોભાયમાન સ્વામિનારાયણ ભગવાનની હોંશે હોંશે આરતી ઉતારી. આવા શુભ પ્રસંગે આરતી ઉતારવાનો લાભ સ્વામીશ્રી અવશ્ય સૌને આપતા. તેથી સેવા કરતા સંતો તથા હરિભક્તોને યાદ કરી બોલાવે અને તેમની પાસે પણ આરતી ઉતરાવે.

કદર શબ્દને સાંગોપાંગ જીવનમાં કોઈએ સાર્થક કર્યો હોય તો તે સ્વામીશ્રીએ. નાની-નાની બાબતમાં નાનામાં નાના માણસની કદર કરવાનું ચૂકે નહિ, તો આવા પ્રસંગે તો ભક્તોને શે ભૂલે ? અંતરના ઉમળકાથી, એમની કદરદાનીથી ભક્તોનો ઉત્સાહ અનેક ગણો વધી જતો. સૌ સ્વામીશ્રીના વચન ઉપર કુરબાન થઈ જતા. કોઈએ ગંભીર ભૂલ કરી હોય તો તે તત્કાળ ભૂલી જઈને, દૂરના ભૂતકાળની એની નાની એવી સિદ્ધિને આગળ કરી, આશ્વાસન અને હૂંફ સાથે પ્રશંસાનાં સાચાં પુષ્પો અર્પનાર સ્વામીશ્રી ભૂલને ભુલાવી દેનાર

કોઈ અજબ કરુણામૂર્તિ હતા.

ભાવથી સર્જેલું ગંગા-જમનાની શોભાવાળું સિંહાસન સ્વામીશ્રીએ ખૂબ વખાણ્યું. કળાના અચ્છા પારખું સ્વામીશ્રી ઈષ્ટદેવની નાની એવી શોભાને પણ બિરદાવ્યા વગર રહી શકતા નહિ. તેઓ તુરત ઉપમા આપી દેતા કે 'બ્રહ્માંડમાં આવું સિંહાસન નથી !'

ખરેખર ! ભગવાનને માટે ભાવથી કરેલું કાર્ય અનંત ગણું મહાન બની જાય છે. આ સમજણ સ્વામીશ્રીને મન કલાની સાચી સૂઝ હતી.

શરદી, કફની તકલીફને લીધે અશક્તિ વર્તાતી હોવા છતાં પ્રસન્ન થકા સ્વામીશ્રી વસંતોત્સવની સભામાં બિરાજ્યા. પ્રેમ, વાત્સલ્ય, કરુણા વરસાવતાં સ્વામીશ્રી મરક મરક દિવ્ય હાસ્ય વેરી રહ્યા હતા.

ગુરુહરિના ગુણાનુવાદ ગાતાં હંમેશાં ગદ્‌ગદિત થઈ જતા ચંપકભાઈ શેઠ તથા ખેંગારજીભાઈ, મણિભાઈ સલાડવાળા, આશાભાઈ તેમજ મોટાસ્વામીએ ગુરુભક્તિનાં ભાવપૂર્ણ પ્રવચનો કર્યાં. બાલુભાઈ ટી.ટી.એ યુવક મંડળોની પ્રવૃત્તિ અને તેનાં ભાવિ આયોજનોનો ખ્યાલ આપ્યો.

પ્રમુખસ્વામી - શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીનું પ્રવચન તમામ વાતોના સુંદર ઉપસંહારરૂપ હતું.

અક્ષરપુરુષોત્તમ સંસ્થાના વહીવટ માટે પ્રમુખસ્થાને શાસ્ત્રીજી મહારાજે અતિ સ્નેહથી સ્થાપિત કરેલ આ નાની વયના છતાં સાધુતા, સૌમ્યભાવ, ઠરેલ વિચારશીલતા અને વિદ્વત્તામાં ખૂબ જ પ્રૌઢ જણાતા સંતમાં આ વિરલ ગુણોનાં દર્શન પામી સત્સંગ સમુદાય ખૂબ જ આનંદતો. તેમણે ખૂબ જ તલસ્પર્શી પ્રવચન કર્યું હતું. 'વન'માં પહોંચેલ પચાસ ઉપરના ગૃહસ્થે વાનપ્રસ્થ (વ્યવહાર નિવૃત્ત) પ્રભુપરાયણ જીવન કરી દેવું, તે ઉપર શાસ્ત્રોના આધારે સુંદર વાત કરી હતી. યુવક મંડળો તથા વાનપ્રસ્થ મંડળોએ સંતોની સાથે રહી, તેમની મદદમાં સત્સંગ-સેવા અને પ્રચારના કાર્યમાં જોડાઈ જવું જોઈએ. તેમાં સ્વામીશ્રીનો રાજીપો છે તેમ જણાવી, સંતો જે મિશનરી કાર્ય પ્રથમથી જ કરી રહ્યા છે તે પ્રત્યે ધ્યાન ખેંચ્યું હતું.

છેવટે મંદ મંદ હાસ્ય વેરતાં ભગવત્‌સ્વરૂપ સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'આજે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ, સ્વામી અને મહારાજ આપણને જોઈ રહ્યા છે. આપણે એમના કામને શોભાડીએ. સંપ, સુહૃદભાવ ખૂબ જ વધારી એમના નામનો ડંકો મારવો છે. આખી દુનિયામાં સ્વામિનારાયણનો

સંદેશો પહોંચાડવો છે. તેમાં સૌએ હોલા-ઉપાડ કરવાનો છે. એ ભગવાનનું કાર્ય છે. તો જરૂર દુનિયાભરમાં ડંકો વાગશે. અમારા અંતરના આશીર્વાદ છે. યુવકો, મોટાઓ સૌએ સેવામાં જોડાઈ જવું. છેલ્લો જન્મ થઈ જશે.'

આજે 'ગાંધીનિર્વાણ દિન' હોવાથી બરાબર ૧૧-૦૦ વાગે સભાએ બે મિનિટ મૌન રાખી, ગાંધીજીને અંજલિ આપી હતી.

સાંજના ૪-૦૦ વાગે 'વાનપ્રસ્થ મંડળ'ની સભા થઈ હતી. સ્વામીશ્રી, પ્રમુખસ્વામી, મોટાસ્વામી તથા સંતો-હરિભક્તો હાજર હતા. ઘણા મુરબ્બી હરિભક્તોની હાજરી હતી. વાનપ્રસ્થ મંડળની કાર્યની રીત નક્કી થઈ હતી.

## સદ્‌ગુણ ભરેલો સાધુ સહુનું ખમે

શિયાળામાં સ્વામીશ્રીને અચૂક શરદી થતી જ. તેમાં પણ જ્યારે વિચરણ ચાલુ રહેતું, પધરામણીનો ભીડો રહેતો, પૂરતો આરામ મળતો નહિ, ત્યારે શરદી વારંવાર ઊથલા મારતી. ખોરાકમાં મિષ્ટાન્ન બિલકુલ નહિ, તેલ નહિ, તળેલું નહિ, તીખું નહિ વગેરે. ખૂબ જ સંયમ તેમજ મર્યાદિત અને અલ્પ ખોરાક હોવા છતાં આવું બનતું. સવાર-સાંજ ફક્ત ઉકાળો ને મમરા લેતા. બપોરે એક જ ટંક મિતાહાર. પણ શરદી તેમના કોઠામાં હાડોહાડ પ્રવર્તી જતી. છાતી કફથી ભરાઈ જતી. નાક બંધ થઈ જતું. ત્યારે સામાન્ય દવાઓ કામ લાગતી જ નહિ. આરામ અને ભારે એન્ટીબાયોટિક દવાથી કંઈક કાબૂ આવતો. સળેખમ, ઝીણો તાવ અને અશક્તિથી આખું શરીર તૂટે, પણ સ્વામીશ્રી કદી તે ફરિયાદ કરતા નહિ. તાવ ઊતરે નહિ, કફ નીકળે નહિ, તદ્દન અસમર્થ થઈ જવાય, પછી જ આરામ કરતા.

અહીં ચાર-પાંચ દિવસ આરામ કર્યો - ન કર્યો, અટલાદરાથી નીકળી ચાણસદ, જંબુસર થઈ નોંધણા પધાર્યા.

## વાણીમાં હંમેશાં સાકર રાખવી

અહીં ૩૫ પધરામણીઓ થઈ. ૧૨-૦૦ વાગે ટુંડજ ઝવેરભાઈને ત્યાં ઠાકોરજી જમાડી, રાત્રે કિમોજ પધાર્યા.

દેહની આટલી તકલીફ હોવા છતાં ઘણી વાર સ્વામીશ્રી કથાવાર્તાના પ્રસંગમાં એટલા બધા ખીલતા કે જાણે આ પુરુષને નખમાંયે રોગ નથી, સંપૂર્ણ સ્વસ્થ છે, એમ સૌને લાગે. આજે અહીં વાતો કરી સૌને બ્રહ્માનંદમાં તરબોળ કરી દીધા. સ્વામીશ્રી કહે :

'વાણીમાં તો હંમેશાં સાકર રાખવી. જેથી આપણું શોભે સારું. રાજાની સવારી જતી હતી ત્યાં આંધળો રસ્તામાં બેઠો હતો. પછી દીવાન સાહેબ કહે : 'સૂરદાસ ! આવો, રાજાની સવારી જાય છે તે આમ બેસો.' જ્યારે રાજા કહે : 'સૂર...રાજ !' સૂરદાસ કહે : 'જી હજૂર ! પધારો, પધારો.' આમ રાજા હોવા છતાં કેવી મીઠાશ ! તો આપણે તો સંબંધવાળા માટે કેવી મીઠાશ વાણીમાં રાખવી જોઈએ ! આપણે ક્યાં ગરાસ વહેંચવાનો છે તે એકબીજાને વેણ મારવાં પડે ?

'આ મરણિયાનો માર્ગ છે. તે એક બાવે ધૂણી સળગાવી અને કહે : 'આમાં પડવાથી વૈકુંઠ મળે છે.' તે અગિયાર મરણિયા થઈ ગયા. તો આપણે તો શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા મરણિયા થવાનું છે. હું મારા ગુરુ કૃષ્ણ-ચરણદાસજીને કહેતો કે 'મને સાધુ કરો, મને સાધુ કરો.' આમ હું સામેથી થવા માટે કહેતો.'

પછી કહ્યું કે 'શાસ્ત્રીજી મહારાજ જો સહેજ અણસારો કરે તો તરત જ સમજી જાઉં અને એવો વેગ ઇશક અનુવૃત્તિ પાળવાનો ચઢી જાય તે જાણે હજારો વર્ષ સુધી ઊતરે જ નહીં. આવો વેગ - તમન્ના રાખવી.'

અહીંથી નહાર, જંબુસર, સોખડા, અટલાદરા થઈ, રમણભાઈ આશાભાઈને ત્યાં લગ્ન પ્રસંગે સાધી પધાર્યા હતા. પાછા અટલાદરા આવી ભાયાપુરા, વાઘોડિયા, ચંપાલીપુરા, જેસંગપુરા તથા સયાજીપુરા થઈ, અટલાદરા આવી પહોંચ્યા. દરેક જગ્યાએ પધરામણીઓ પણ ઠીક ઠીક થઈ હતી.

❀ ❀ ❀

# 'અક્ષરધામ લેવું છે' – એક જ ધબકાર



તા. ૧૮-૨-'૬૩, રાત્રે ૮-૩૦ વાગે સ્વામીશ્રી મુંબઈ - દાદર 'અક્ષર ભવન'માં આવી પહોંચ્યા. સંતોએ હાથે ગૂંથેલો મોટો પુષ્પનો હાર મહંત સ્વામીએ સંતો વતી સ્વામીશ્રીને અર્પણ કર્યો. સંતોને હળીમળી, થોડી વાત કરી, સ્વામીશ્રી નાહવા પધાર્યા. સ્વામીશ્રીનું આગમન થતાં સંતો-હરિભક્તોમાં ઉત્સાહ અનંત ગણો વધી ગયો હતો.

વળતી સવારે સ્વામીશ્રી સ્નાન કરી, ધોતિયું પહેરવા સંતોના ઓરડામાં પધાર્યા. ત્યારે ડૉક્ટર સ્વામીના ખાનામાંથી સ્ટેથોસ્કૉપ કાઢી સંતોએ સ્વામીશ્રીને આપ્યું. તે કાને લગાવી સ્વામીશ્રીએ નારાયણ ભગતની છાતી પર મૂક્યું. પછી ધબકારા સાંભળીને કહે : 'અક્ષરધામ લેવું છે' એમ સંભળાય છે.' સ્વામીશ્રીના આ શબ્દો, આ ભાવના, અક્ષરધામનું સુખ સૌને આપવાની એકમાત્ર રટનાથી, સૌ પહેલાં તો અવાક્ થઈ ગયા. પછી ખડખડાટ હસી પડ્યા.

પછી સ્વામીશ્રી કથા કરતા હતા ત્યારે મંદિરનો ગુરખો ચોકીદાર સ્વામીશ્રીનાં દર્શને આવ્યો. સ્વામીશ્રીએ કહ્યું : 'જાવ, મોક્ષ થઈ ગયો.'

કથામાં કારિયાણીનું ૯મું વચનામૃત સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'રીસ ન ચડે અને અવગુણ ન આવે એનો ઉપાય નિર્દોષભાવ. સંબંધવાળા છે, એકાંતિક છે, એમ ભક્તિ હોય. ગ.પ્ર. ૩૦ પ્રમાણે ભક્તિ. ભગવાન જેવા અક્ષરધામમાં સાકાર છે, તેવા જ પ્રગટ છે. અને મહિમા હોય તો...

*'તુલસી જા કે મુખનસે...'* સંબંધવાળાને માટે દેહ આપી દે. અવગુણ આવે છે તો ભક્તિ અને મહિમા બે વધતાં નથી. આંટી પડે તેને ખરું હેત ન કહેવાય. આ બધા સંત પૂર્વના. હેત થાય ને નાસી ન જાય તે પૂર્વના. ભીડો પડે તો ભાગી જાય, તે આ જન્મના.'

અક્ષર ભવનમાં સ્વામીશ્રી સંતોની વિવિધ પ્રવૃત્તિ નિહાળતા. એક નાના

સંતે ખૂબ મહેનત કરી, જાતે વાયોલિન બનાવ્યું. તે જોઈ-સાંભળી સ્વામીશ્રી બહુ રાજી થયા. મહાશિવરાત્રીને દિવસે સ્વામીશ્રીની આજ્ઞાથી સંગીત શીખતા સંતોએ સંગીતનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. સંગીતશિક્ષક વસંતભાઈના માર્ગદર્શન નીચે રાગ શિવરંજની અને રાગ પીલુનું વૃંદવાદન કર્યું. જેમાં રામચરણ સ્વામીએ સિતાર, મેં દિલરૂબા અને અનુપમ ભગતે તબલાં વગાડ્યાં હતાં. તે પછી જુદાં જુદાં વાજિંત્રો ઉપર રાગ ભૂપાલી, રાગ દુર્ગા, દરબારી કાનડા વગેરે વગાડી સંભળાવ્યા. ખૂબ જ આતુરતાપૂર્વક સ્વામીશ્રી આ કાર્યક્રમ સાંભળી રહ્યા હતા. સ્વામીશ્રીએ પ્રોત્સાહન આપતાં કહ્યું કે 'મહારાજના વખતમાં આઠ સંગીત-શાસ્ત્રીઓ હતા. તેમના જેવા બધાને કરવા છે.'

## આ દર્શન તે સમાધિ જ છે

તા. ૨૦મીએ, સવારે કથામાં સ્વામીશ્રીએ વાત કરી :

'અનાદિ બ્રહ્મને ઘરે જન્મ લઈએ તો જ બ્રહ્મરૂપ થવાય. બ્રહ્મરૂપ થવા ઉપર તાન રાખવું. ગુણાતીતભાવને પામેલા સત્પુરુષ થકી બ્રહ્મરૂપ થવાય ને તે પછી જેમ છે તેમ પુરુષોત્તમપણું જણાય.

'ભગવાન અને સંત મળ્યા તે સમાધિ. સમાધિમાં પડીને જે જોવું છે તે જ સામે બેઠું છે. આ દર્શન તે સમાધિ જ છે !

'જ્યાં ભગવાન અને સંત બેઠા ત્યાં અક્ષરધામ, ભૌતિક દેહ ભલે રહ્યો. ચર્મચક્ષુ છે એટલે અહીંના અહીં બેઠા એમ લાગે. અદા કહેતા કે હવે જવા-આવવાનું રહ્યું નથી. દેહ છતાં એની એ જ પ્રાપ્તિ. આંખ મીંચાયે ધામમાં બેસવાનું છે. જવા-આવવાનું નથી. મુદ્દો, જ્ઞાન થવું જોઈએ. અંતર્દષ્ટિવાળાને અણુમાત્ર છેટે નથી. મહારાજ તેડવા આવે તે બધું સાચું છે.'

રાત્રે ચેષ્ટા બોલતાં સ્વામીશ્રી બહુ કેફમાં હતા. ચેષ્ટા પછી કહે : 'એક પ્રશ્ન નીકળ્યો છે. *'આવા બીજા કોઈને મળ્યા નથી ને મળશે નહીં; દેહ મૂકીને જેને મળવું તે દેહ છતાં મળ્યા અહીં...'* તેનો ઉત્તર કરો.'

પછી પોતે જ કહ્યું : 'એવો કેફ નિરંતર કેમ આવે ? તન્મય થવું જોઈએ. ગ.અં. ૭માં ખુલાસો કર્યો - દેહ મૂકી પામવું તે સાક્ષાત્ મળ્યા છે. અક્ષરધામની પ્રાપ્તિ થઈ. લાખો રૂપિયા મળવાના હોય તેને કાલ ને કાલ મળે, કેવો કેફ ! લૉટરીમાં રૂપિયો નાખ્યો ને ઇનામ મળે તે કેફ જુદો.

'પ્રગટની વાત છે. ઈ રૂપ બનવું જોઈએ. તન્મય થવું. 'ક્યારે દર્શન

કરું !' આપણને જે સંત મળ્યા છે તે ઈશ્વર, ભવ, બ્રહ્માને મળ્યા નથી અને મળવાના પણ નથી. આપણો અહીં જન્મ થયો છે તે મોટાં ભાગ્ય !'

બીજે દિવસે સવારે મંગળ પ્રવચનમાં ગુરુની સ્મૃતિ કરતાં કહ્યું :

'શાસ્ત્રીજી મહારાજને ઉતાવળે હાલવાની ટેવ. અડધો કલાકમાં બોટાદ પહોંચી જાય. આપણે તો ધોડીએ તોય ન પહોંચીએ.

'સ્વામી બોચાસણ હતા ત્યારે કાર્તિકી પૂનમે રાસ લેતા. મોતીભાઈ, આશાભાઈ બધા આવે. સ્વામી આડસોડે ગાતરિયું નાખે. છેડો લટકતો હોય ને રાસ લેતા. તે વખતે મંદિર બનતું હતું.'

## સ્વામીના પ્રતાપે આ દીક્ષા મળી

પછી બપોરે ૪ વાગે સંતો સામે જોતાં કરુણાદૃષ્ટિ કરી વાત કરવા લાગ્યા :

'આ આનંદ ભગવાને આપ્યો છે. સંસારમાં ખાવાયે ન મળત. સ્વામીશ્રીના પ્રતાપે આ દીક્ષા મળી. અક્ષરધામમાં બેઠા. એક સાંધે ને તેર તૂટે તેવા સરકાર બાપા વૈરાગ્ય કરાવે તેવા છે. સોનાની બંધી કરી, છતાં કોઈ ઉદાસ થતું નથી. આપણને ચોવીસ કલાક જોગમાં મૂકી દીધા. દુનિયા સંસારની સેવા કરે છે. કપડાં સારાં પણ અંતર ધગે. અચ્છેર ખીચડી ચડી જાય. દરિયામાં પડ્યા ને આગબોટ મળી ગઈ તે કાંઠે. બીજો દરિયામાં ડૂબે. આપણે આશરો થયો, આશીર્વાદ છે. અક્ષરધામનું સુખ લેવું. આ મુંબઈ નથી, વન છે. મૂંઝાવું નહીં. ઠરડાવું નહીં. આપણે અક્ષરધામમાં બેઠા છીએ. સુખ થઈ જશે.'

રાત્રે સભામાં એક સંત કહે : 'બાપા ! સિંહ જેવા કરજો.'

'હજુ સિંહ કરવાના છે ? સિંહને ઘરે જન્મ લીધો તે સિંહ જ હોય. ભગવાન ને સંતનું બળ રાખવું. કાંટો રાખવો.' એમ સ્વામીશ્રીએ સામે પડકારો કરતા સમજાવ્યું.

એક દિવસ સ્વામીશ્રી કહે : 'ત્યાગવલ્લભ ઓસામણ બહુ સારું બનાવે. અમારા માટે પણ બે દિવસ પછી બનાવવું.' કોઈ દિવસ નહીં ને આજે સ્વામીશ્રીએ સામેથી પોતાના માટે આવો પ્રસ્તાવ મૂક્યો.

બે દિવસ પછી ત્યાગવલ્લભ સ્વામીએ ઓસામણ બનાવી સ્વામીશ્રી માટે મોકલ્યું. એમણે થોડું પત્તરમાં લીધું. થોડું પીને કહે : 'ખાટું લાગે છે. ટામેટાંની ખટાશ છે. પહેલાં અમે શિયાળામાં કાચી કેરી, મીઠું નાખીને એમ ને એમ ખાતા. હવે ખાટું લાગે છે.' પછી ખટાશમાં લીંબુની વાત નીકળી. એટલે કહે :

'અમે રામોદમાં હતા. અડધું લીંબુ ખાધું ને વા આવી ગયો. સાંધા ઝલાઈ ગયા. દિશાએ ફરવા જવું, તે ન જવાય. પહેલાં અમે ઉપવાસને બીજે દિવસે અડધું લીંબુ નીચોવી, ખાંડ નાખી પી લેતા.'

સ્વામીશ્રી ક્યારેક આવી રુચિ જણાવતા ત્યારે સેવકોને ખ્યાલ આવતો કે આ સ્વામીશ્રીને અનુકૂળ છે કે પ્રતિકૂળ. મોટે ભાગે તો જેવું-તેવું, જ્યારે-ત્યારે, ચલાવી લેવાની જ એમની વૃત્તિ !

## આપણો સિદ્ધાંત - સત્પુરુષ !

અહીંના યુવાન ભક્ત રમેશભાઈ દવેએ કૉલેજમાં તત્ત્વજ્ઞાનનો વિષય લીધો હતો. તેઓ ઘણી વાર સ્વામીશ્રીને તત્ત્વજ્ઞાનના પ્રશ્નો પૂછતા.

એક વાર ૪-૦૦ વાગે સભામાં તેમણે તત્ત્વજ્ઞાનના કેટલાક પ્રશ્નો પૂછવા માંડ્યા. એક પ્રશ્ન એવો પૂછ્યો, જે સાંભળીને સ્વામીશ્રી ખૂબ હસવા માંડ્યા. હસીને માથું ખંજવાળતા જાય. થોડી વાર પછી બોલ્યા : 'સાંભળો રમેશભાઈ ! પર્વતભાઈ પાસે વેદાંતી આવ્યો ને પ્રશ્ન પૂછવા લાગ્યો. ત્યારે પર્વતભાઈ કહેવા લાગ્યા : 'તારું પંચીકરણ અને મારે બળદને બાંધવાનું સીકરણ - એ બે સરખાં !' માટે આપણે એવી બધી વાતો ન કરવી. આપણો સિદ્ધાંત સત્પુરુષ છે, તેમાં નજર રાખવી. અને સત્પુરુષ સામે જોઈને આત્મદૃષ્ટિ કરી લેવી. મોટા-પુરુષને તત્ત્વનું ચૂંથણું ગમતું નથી. આત્મબુદ્ધિ ને પ્રીતિ દૃઢ કરવી. સત્પુરુષને વિશે નિષ્ઠા દૃઢ કરવી. એ એમનો મત છે.'

એ પછી રમેશભાઈએ પ્રશ્નો પૂછવા બંધ કર્યા.

મહાશિવરાત્રીના સમૈયા બાદ રાત્રે સ્વામીશ્રી હૉલમાંથી નીચે ઊતરતા હતા. બાપુ સ્વામીએ સ્વામીશ્રીનાં સ્લીપર એમને પહેરવા માટે પગ આગળ મૂક્યાં. સ્લીપર ઊલટાં-સૂલટાં હતાં. સ્વામીશ્રી તે પહેરવા ગયા ત્યાં જ બાપુ સ્વામીનું ધ્યાન ગયું. તે કહે : 'બાપા ! સ્લીપર અવળાં છે, તે સવળાં કરું.'

તેમણે સવળાં કર્યાં. પણ સ્વામીશ્રી કહે : 'સંત મળ્યા પછી અવળું હોય જ નહીં. કહેવાય જ નહીં. બધું સવળું જ છે !'

સ્વામીશ્રી પાસે આ પણ એક દૃષ્ટિ હતી !

બીજે દિવસે, મંગળ પ્રવચનમાં સંતોને પ્રેરક વાતો કરતાં જણાવ્યું :

'અત્યારે ધર્મ પાળવાથી કાંઈ જણાતું નથી અને લોક ટીકા કરે છે, 'સ્વામિનારાયણિયા થઈ ગયા', પણ અંતે જય થાય. ઉપાસનાવાળા છીએ. વેરી

ઘાવ વખાણે. અત્યારે કેદમાં પૂર્યા જેવું લાગે છે, પણ પ્રાપ્તિ જોઈએ તો આખી દુનિયામાં કોઈને નથી થઈ. ભગવાન અને સંતની આજ્ઞા પાળે તેને અત્યારે ન દેખાય, પણ અંતે સારું થાય. મોટાપુરુષનો વિશ્વાસ રાખવો. તે સુખિયા છે.

'નોખું પડી જવું. 'હું તો આત્મા છું. ચિત્તનો જોનારો છું.' ગોટા ન વાળવા. નોખું પડવું. કહેવું કે 'મારે-તારે લેવા-દેવા નથી. તારો ઉપરી બ્રહ્મ છું, આત્મા છું.'

બપોરે કથામાં ગ.મ. ૨૪ વચનામૃત સમજાવતાં સ્વામીશ્રી કહે :

*'પ્રકૃતિપુરુષ પ્રલયમાં આવે... લે વાત આવી તું લખી રે.'* જગતમાં સુખ ક્યાંય નથી. આવી સમજણ કરી હોય તો વિક્ષેપ, આવરણ કે વિઘન આવતું જ નથી. જંગલમાં હોય કે એકલો હોય, દૂધપાક-પૂરી ખાતો હોય કે છાશ-રોટલો ખાતો હોય, પણ સુખ જ માને. સાંખ્ય ને યોગ - બે નદી ભેગી હોય તો વધુ જોશ કરે.

'અમે ખારવા ગયા હતા. ત્યાં ગંગારામભાઈએ આ વચનામૃત કાઢ્યું. પછી કહે : 'મહારાજ સર્વોપરી છે' — આવી વાત તો સાધુ ઘણા આવે છે પણ કરતું જ નથી.' પછી સારંગપુર, ગઢડા આવવા લાગ્યા. મૂળીથી સંતો-પાર્ષદો ધર્માદો લેવા આવ્યા હતા. તે કહે : 'ભગત ! તમે તો પાળ તોડી.' ત્યારે ભગત કહે : 'તેમાં શું ખોટું થયું ? પાળ તૂટી તો તળાવનું પાણી સમુદ્રમાં ગયું. નકર તળાવમાં સૂકાઈ જાય. પાણી સજીવન રહ્યું. દેવનો ધર્માદો હવે બંધ. હવે મહારાજનો ધર્માદો !' એવી વાત કરી. સાધુ મોળા પડી ગયા. હરિભક્ત આવા બળિયા હતા.'

## ગૃહસ્થાશ્રમમાં નિર્વાસનિક કેવો ?

પછી વચનામૃત ગ.મ. ૨૫ સમજાવતાં સ્વામીશ્રી કહે :

'ગૃહસ્થાશ્રમમાં નિર્વાસનિક ભક્ત કેવો ? બૈરાંએ કરેલો ! 'મારો પીટ્યો ક્યાં મરી ગયો'તો ?' દીવા કરવાના હતા. તો કહે : 'દીવાસળીની પેટી નથી, તો શું તારા ટાંટિયા બાળું ?' એમ નિર્વાસનિક કરે. બૈરાં હખ જ ન લેવા દે. ઝપાટાય પાડે. બોટાદમાં એક પટેલને બૈરાં મારે ને પટેલ 'લેતી જા' એમ બોલે. બહારનાં જાણે - પટેલ મારે છે. આખી દુનિયાને પૂછવું, બૈરાંમાં કાંઈ સુખ જ નથી. ઝપાટો પાડે ત્યારે નિર્વાસનિક થાય.

'ચ્યવનભાઈની શું દશા આવી ? છોકરાં મૂકીને પાછા તપ કરવા જતા રહ્યા. ગોથાં ખાવાં પડે. સમાગમ સત્પુરુષનો હોય તો જ નીકળી જાય. કૂતરાં, ગધેડાંના જન્મે ભોગવ્યા હશે. એમ સાંખ્ય કરીએ તો નીકળાય.

'ત્યાગી તો લાખોનાં કલ્યાણ કરે તે ત્યાગી. સામાન્ય સાધુથી શું થાય ?

બ્રહ્મની સ્થિતિ. વિષયથી વૈરાગ્ય પામીને પછીથી પાળવાનું હોય તે અત્યારથી જ.

'ઉકાખાચર જ્યાં-ત્યાં સેવા કર્યા કરે. ઘડીમાત્ર રહેવાય નહીં. ગ.મ. ૭, ૨૫, ૨૮, ૫૯ બધે સેવા જ લખી દીધી.

'સ્વામીની દયાથી આ પ્રાપ્ત થયું છે' – એમ જાણી વાસણ ઊટકે, પગરખાં સાફ કરે. શરૂઆતમાં સાધુ થાય ત્યારે ટેલ-ચાકરી કરે. નહીં તો નિર્ગુણ સ્વામી જેવા કાઢી મૂકે. પણ ભગવાન જેવાં ઐશ્વર્ય આવે તોય કરતો રહે. બરોબરિયાપણું સંત સાથે ન આવે. નાના-મોટા બધા પાસે દાસભાવ. પોતાથી મોટાનું વચન ન મનાય તે બરોબરિયાપણું.

'સ્થિતિવાળો બરોબરિયો ન ગણાય. ધર્મ ન પાળતો હોય તે બરોબરિયો. મોળી વાત ન કરે, ઠઠ્ઠા-મશ્કરી ન કરે, તે બરોબરિયો ન ગણવો.'

રાત્રે સંતોને સંબોધતાં કહે : 'આજ્ઞા છે તો ભણવામાં પારંગત થઈ જવું. 'ના' ન પાડવી. આ તો પળે એવું છે. ગોખવાનું કઠણ પડે છે. તેમાં મનને રોકવું-રુંધવું પડે. વૃત્તિ તેમાં જ રહે તે ફાયદો. વિચારો બીજા ન આવે.'

આજે ફિલ્મ-ડાયરેક્ટર બાબુભાઈ મિસ્ત્રીનો કૅમેરામૅન સ્વામીશ્રીના ફોટા પાડવા આવ્યો હતો. તેણે કહ્યું : 'સ્વામીશ્રી ! મોઢું હસતું રાખો.'

'હસવું આવતું જ નથી.' સ્વામીશ્રી કહેવા લાગ્યા.

ફોટોગ્રાફરે ત્રણ-ચાર પોઝ લીધા, પણ સ્વામીશ્રીને હસવું આવ્યું જ નહિ.

ફોટા પડી ગયા પછી સ્વામીશ્રી હસ્યા અને બોલ્યા : 'હવે આવ્યું !'

## અમે તો જૂનાગઢના સાધુ છીએ

એક દિવસ ડૉ. દલ એક મુમુક્ષુ યુવાન નિખિલભાઈ શર્માને સ્વામીશ્રીના યોગમાં લઈ આવ્યા. તેમને અશાંતિ રહ્યા કરતી. અનેક સંતોને મળવા છતાં તેનો કોઈ ઉકેલ નહોતો આવ્યો. તેમાં વળી સિગારેટ, દારૂ અને જુગારનું પણ વ્યસન વળગ્યું હતું. કેડીલા કંપનીમાં તેઓ સેલ્સ પ્રતિનિધિ તરીકે સારી નોકરી કરતા ત્યારે એક વાર સ્વપ્નમાં કોઈ વિભૂતિનાં દર્શન થયેલાં અને તેમણે કહેલું : 'તું જૂનાગઢ જા, તારું કામ થઈ જશે.'

તેઓ કોઈ ને કોઈ કારણસર જૂનાગઢ ન જઈ શક્યા. પરંતુ આ વખતે મુંબઈમાં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા ત્યારે ઉત્સાહથી સ્વામીશ્રી તેમને ધબ્બો આપતાં બોલી ઊઠ્યા : 'અમે તો જૂનાગઢના સાધુ છીએ !'

નિખિલભાઈને સ્મૃતિ તાજી થઈ આવી અને અદ્‌ભુત શાંતિનો અનુભવ

થયો. ધીરે ધીરે બધાં વ્યસનો છૂટી ગયાં. શ્રદ્ધા, ભક્તિ વધતાં ગયાં. સ્વામીશ્રી જ્યારે જ્યારે દાદર મંદિરે પધારે ત્યારે સત્સંગનો લાભ અવશ્ય લેવા લાગ્યા.

તેઓ રોજ એક નારિયેળ લઈને આવતા, પણ તે પહેલાં તેના છોતાં તથા બધા જ રેસાઓ કાઢી નાખતા અને નખથી તેને એકદમ લીસું બનાવી દેતા. જેથી સ્વામીશ્રી હાથમાં લે તો એમને જરાપણ વાગે નહિ કે ખૂંચે પણ નહિ. સ્વામીશ્રી એમનું લાવેલું નારિયેળ અચૂક હાથમાં લેતા અને પાણી કેટલું છે તે નારિયેળ ઊંચું કરી હલાવીને જોતાં. જો કે એ રીતે સ્વામીશ્રી તેમને એક અલૌકિક સ્મૃતિ જ આપતા. ત્યારપછી સારી નોકરી, સારો હોદ્દો હોવા છતાં તેનો ત્યાગ કરી તેઓએ શેષ જીવન સ્વામીશ્રીની સેવામાં સમર્પી દીધું.

તા. ૨૪મીએ, કથા પ્રસંગમાં ગ.અં. ૮ વચનામૃત ઉપર સ્વામીશ્રીએ વાત કરી :

'ઇન્દ્રિયો હરાઈ ફરતી હોય તે દુઃખિયો રહે. મોક્ષભાગીને પશ્ચાત્તાપ થાય. દુઃખ થયું તે જ પ્રાયશ્ચિત્ત. ભગવાન ને સંતની કૃપા થાય તો ઇન્દ્રિયો ધોડે જ નહીં. એક જ વાનું કયું રાખવું ? મિત્રપણું. તો પાંચેય વાનાં આવી જાય. હેત થયું હોય તો કઠણ વચન કહે, ધર્મ પળાવે, પણ કોઈનો અભાવ ન આવવા દે. મિત્રભાવ એ જ મુદ્દો.

'અક્ષરપુરુષોત્તમનો સંબંધ ન હોય તે ભગત જ નથી. બીજા (પરોક્ષવાળા) તો માર્ગે ચાલ્યા છે. સો જન્મની કસર ટાળવા માટે જે ભક્ત કહ્યા તે ગુણાતીત. અભાવ ન લેવાય. મહિમા સમજાય તે માટે બધાને ભક્ત કહ્યા. આપણા દોષ જોવા, ને આપણી ભૂલ કાઢવી. રહે ભેગો ને મન નોખું રાખે કે 'ત્યાં જ કલ્યાણ ભાળ્યું છે ?' એમ ઘરે ભજન કરે કે 'ઘરે મૂર્તિયું છે' એમ માને, એ મન નોખું પડ્યું. મંદિર છાંડી જાય. સમાગમમાં ન આવે. 'ત્યાં જ કલ્યાણ ભાળ્યું છે ?' તે બેપરવાઈપણું.

'કોઈ જાતનો દોષ ન લેવો. મન નોખું પડે તે અડધું-પડધું વિઘન; પણ બેપરવાઈવાળો તો ઠામુકો જાય.'

બીજે દિવસે બપોરે ગ.મ. ૧૫ ઉપર વાત કરતાં સ્વામીશ્રી એક સંત સામે જોઈ તેમને કહે :

'તમારાં ચશ્માં ભાંગીને, ફોડીને નાખી દે, છતાં ગુણ લેવો. 'ચશ્માંનું કલ્યાણ કર્યું !' એમ ગુણ લે. રીસ ન ચડી જવી જોઈએ. અભાવ ન આવે.

'શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'હું નાનો હતો, નિશાળે જતો, ત્યારે કોઈ

ચૂં ન કરી શકે એવો કડપ. હું જાઉં ત્યાં ગંજીપો કોઈ ન રમે. બધા બીવે કે મારશે.' સ્વામી વડતાલમાં રહેતા, પણ સ્વામી જ્યાં જાય ત્યાં છાપ પડે. બોલે ત્યારે બોલાય નહીં. નાનપણથી આવો સ્વભાવ. એ ધર્મમાંથી ન પડે. તેના વૈરાગ્યનો કોઈ ભંગ ન કરી શકે. પોતે પડે નહીં ને બીજાને પડવાય ન દે. ટેકો આપી કાઢી લે.'

આગળ વચનામૃત ગ.મ. ૧૬ ઉપર, શ્રદ્ધાનો મહિમા લાક્ષણિક રીતે સમજાવતાં સ્વામીશ્રી કહે : 'નિયમમાં ન રહે તો ઠા ન રહે. શ્રદ્ધાવાનને વહેલી સિદ્ધદશા. ઓલાને ઉરુકાળે. લોકલ ગાડી. ને ઓલાને (શ્રદ્ધાવાળાને) પંજાબ મેલ. ધડાડાટ ! પૃથ્વી ધ્રુજાવી નાખે જ્યાં ઊભો ત્યાં ! ને ફોશીને લાંબુ હાલે. શ્રદ્ધાવાન ફર્સ્ટ(First)માં આવી જાય. 'કોણે દીઠું છે ? થાય છે, કરાય છે,' એ મંદ. પેલો તો લાગી કે દાગી.'

## ગુણાતીત ગુરુ એક જ

રાત્રે વચનામૃત સા. ૭ ઉપર વાત કરતાં સાર જણાવ્યો :

'ગુરુ બડી બડી વાતો કરતા હોય તે આગળ ન લઈ જાય. બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય ગુરુ મળે તો કામ થાય. 'મેળે માવજીભાઈ' નહીં. ગુરુ થકી ગુરુ સેવેલા જ હોય. વંશપરંપરાથી પામેલ હોય. સત્સંગમાં ઘણા પુરુષો છે, પણ ધારા કુંઠિત થાય ત્યાં મન સોંપવું.

'આપણા સંપ્રદાયમાં તો ગુણાતીત ગુરુ એક જ છે. તે જ સ્થાન બતાવે છે. બ્રહ્મની સ્થિતિ પમાડે તેવા પુરુષ બતાવ્યા.'

તા. ૨૮મીએ સાંજે ૫-૦૦ વાગે સંસ્કૃતના પંડિતો શાસ્ત્રી મંછારામજી તથા શાસ્ત્રી નર્મદાશંકરભાઈની હાજરીમાં સંસ્કૃત સભા યોજાઈ હતી. નાની-મોટી સભાનું આયોજન હોય તો સ્વામીશ્રી પાઘ પહેરીને સભામાં બેસતા. આ તો પંડિતોની સભા. પોતે મોટા આચાર્યની જેમ પાઘ પહેરીને સભામાં બિરાજ્યા. નર્મદાશંકરભાઈએ અભ્યાસની માહિતી આપી. સંતોએ સંસ્કૃત ભાષામાં વિવિધ વિષયો ઉપર ટૂંકાં વક્તવ્યો રજૂ કર્યાં. સંતોના મુખે છટાયુક્ત બોલાતી ગીર્વાણ વાણી સાંભળી સ્વામીશ્રી એકદમ આનંદિત થઈ ગયા. નાના સંતોને લાડ લડાવવા અત્યંત નાના થઈને, જે કાંઈ કાલું-ઘેલું આવડે તે પણ ઝાઝું ગણીને સંતો ઉપર અત્યંત પ્રસન્ન થયા. સંતોને આશીર્વાદ આપતાં એમણે જણાવ્યું કે 'અમારે તો તમને ભણાવી-ગણાવીને મોટા શાસ્ત્રકારો કરવા છે.

શાસ્ત્રીજી મહારાજની આ સંસ્થા છે તેને વધારો અને અક્ષરપુરુષોત્તમનો સાચો સિદ્ધાંત દેશ-વિદેશમાં પ્રવર્તાવો, એવા સૌને કરવા છે ?'

## ગુણાતીત સંત એ જ ગુરુરૂપ હરિ

રાતે ૯-૦૦ વાગે સંતોને સંબોધતાં સ્વામીશ્રી કહે :

'સત્સંગ કરતાં કરતાં જેવું અંગ બંધાય તેવું કાયમ રહે. કોઈને ચાળા-ચૂંથણાનું બંધાય ! મહારાજે સંતોને પૂછ્યું કે 'કયું અંગ ?' તો કહે : 'ઝોળી માંગ કે ખાના - એ અમારું અંગ.' એ તો સેવા કહેવાય.

'આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું, દાસપણું – એક અંગ પાડવું, નાની ઉંમરમાં જે પાડે તે પડે.

'ગુણાતીત સત્પુરુષ એ જ ગુરુરૂપ હરિ છે. ગુરુમાં ભાવ બેસાડવો. દેહ મૂકીને પામવા હતા, તે દેહ છતાં મળ્યા છે. આવી ગેડ બેસે છે ? આવી આસ્થા બેસી જાય તો કેવો છક ! એવો આનંદ ! આનંદમાં ગુલતાન રહેવું જોઈએ. પ્રગટ સત્પુરુષ એ જ મોક્ષદાતા. અક્ષરધામમાં રહેવાવાળા. પ્રગટમાં પ્રતીતિ ન આવે તો રખડવું પડે.

'આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક જ ગુણાતીત.'

તા. ૧-૩-'૬૩, રાત્રે સ્વામીશ્રીની આજ્ઞાથી સંતોએ ઢોલક, તબલાં, હાર્મોનિયમ તથા ઝાંઝ સાથે ઓચ્છવ કર્યો. નંદ સંતોનાં ઝીલણિયાં કીર્તનો - ઓચ્છવનાં પદો હલક સાથે ગાયાં. આ સાંભળી રાજી થતાં સ્વામીશ્રી બોલ્યા કે 'અમને એમ કે આ તમને નહિ આવડતું હોય; પણ તમે તો ઓચ્છવ કરતા પણ શીખી ગયા. આપણે સાત સમેલિયા થવું.' એમ કહી સર્વને આશીર્વાદ આપ્યા. વિવિધ કળાઓમાં સંતો પારંગત થાય તેમ સ્વામીશ્રી હંમેશાં ઇચ્છતા.

બીજે દિવસે સવારે પૂજા પછી સૌ લાઇનમાં સ્વામીશ્રીનાં દર્શન કરી રહ્યા હતા. ભીડ થોડી ઓછી થતાં મહારાષ્ટ્રીયન ભક્ત પરબે સ્વામીશ્રી પાસે જઈ અંતરની વાત કરી : 'બાપા ! મને કામ, ક્રોધ આદિ દોષો બહુ જ પીડે છે.'

સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'જ્યારે દોષ પીડે ત્યારે એમ વિચાર કરવો કે 'હે મહારાજ ! મારી સહાય કરજો. હે સ્વામી ! મારી સહાય કરજો.' અને એમ વિચારવું કે 'હું આત્મા છું. બ્રહ્મ છું અને શ્રીજીમહારાજનો સેવક છું.' તો કામ, ક્રોધ પીડી શકશે નહીં. કો' આવો વિચાર નિત કરશો ?'

'હા, બાપા ! નિત્ય કરીશ.' પરબે મસ્તક નમાવતાં કહ્યું. સ્વામીશ્રી ખૂબ

રાજી થયા અને તેમને વાંસામાં ધબ્બા આપીને આશીર્વાદ આપ્યા.

ઉકાળા-પાણી કરી, વચનામૃતની કથામાં પધાર્યા. વાત કરતાં સ્વામીશ્રી કહે : 'બ્રહ્મપણાનો અહંકાર બીજાને ગૌણ કરે. સબીજ શબ્દથી બ્રહ્મ થયા હોય તો ખરા. બીજા તો બ્રહ્મકુદાળ. ગુણાતીતને સેવે તે સાચો બ્રહ્મ. તેને માન ન આવે. દાસત્વ-ભક્તિ રહે.'

આજે સંતોની 'સંસ્કૃત કોવિદ'ની પરીક્ષા લેવાઈ રહી હતી. 'ભારતીય વિદ્યાભવન' તરફથી લેવાતી પરીક્ષાનું કેન્દ્ર મંદિરમાં જ રાખ્યું હતું. સંતો પરીક્ષા ખંડમાં પેપર લખતા હતા. સ્વામીશ્રી ત્યાં પધાર્યા. પછી ધીરેથી સુપરવાઇઝર તરીકે સેવા આપતા શાસ્ત્રીજીને પૂછ્યું : 'હું રૂમમાં - પરીક્ષા ખંડમાં આવી શકું ?' સ્વામીશ્રીનો આ પ્રશ્ન સાંભળી શાસ્ત્રીજી ક્ષોભ પામી ગયા, પણ સ્વામીશ્રીનાં આ વિવેક અને શિસ્ત તેમના અંતરમાં જડાઈ ગયાં.

સવારે અક્ષર ભવનમાંથી વિદાય લઈ, સ્વામીશ્રી કપોળ વાડીમાં પધાર્યા.

ફાગણ સુદ ૧૫, ભગતજી મહારાજની જન્મ જયંતીના દિને, સાંજે ૬-૪૫ વાગે સ્વામીશ્રી ઓચિંતા અક્ષર ભવનમાં આવ્યા. આરતી કરી. પછી બધા સંતોને ભેગા કરી ઉત્સવ ઊજવવા અને સભા કરવાની આજ્ઞા કરી : 'ભગતજી મહારાજના મહિમાનાં પ્રવચનો ચાર સંતો કરે. ભક્તચિંતામણિનું પ્રકરણ ૬૪મું અલંકારથી ગાવું અને ફગવાં વહેંચવાં.' આમ, એકાએક આજ્ઞા કરી, સ્વામીશ્રી કપોળ વાડીમાં પધાર્યા.

વાડીમાં સ્વામીશ્રીએ રાત્રે ૧૦-૩૦ સુધી સભા લંબાવી. હર્ષદભાઈ વગેરે હરિભક્તોએ ભગતજીનો મહિમા વર્ણવ્યો.

## મુખ્ય ફગવો શું ?

બીજે દિવસે ફૂલદોલ-ઉત્સવ સવારે સ્વામીશ્રીએ અક્ષર ભવનમાં ઊજવ્યો. અક્ષર ભવનમાં પહેલે માળે એક ગોઆનીઝ ભાડૂત હતા તેમણે મકાન ખાલી કર્યું હતું. તેથી તે માળનું વાસ્તુ સ્વામીશ્રીએ ગોઠવ્યું હતું. સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા ત્યારે બાળ મંડળ ચાલતું હતું. તે બાળકોને દર્શન આપી ઉપર સભામાં પધાર્યા. હરિભક્તોનો સમૂહ ઘણો હતો.

સંતોનાં પ્રવચનો પછી સ્વામીશ્રીએ ફગવાનું પ્રકરણ વંચાવ્યું. તે ઉપર નિરૂપણ કરતાં કહ્યું : 'મુખ્ય ફગવો શું ? મનુષ્યભાવ ન આવવા દેવો. તેમાં મહારાજે રાજીપો બતાવ્યો. ભગવાન ને સંતની દયા થાય તો માયા નડે જ

નહીં.' બાદ સંતો તથા હરિભક્તોને ફગવાં આપ્યાં. તમામ હરિભક્તોએ આજે અક્ષર ભવનમાં જ પ્રસાદ લીધો.

સાંજે સ્વામીશ્રી સંતો સાથે મંદિરે દર્શન કરી કપોળ વાડીમાં આવી પહોંચ્યા. રવિવારની સભા અને ફૂલદોલ ઉત્સવ – બંને કાર્યક્રમો સ્વામીશ્રીએ સાચવ્યા. ભક્તચિંતામણિનું ૬૪મું પ્રકરણ વંચાવી, દરેક લીટીએ સ્વામીશ્રીએ નિરૂપણ કરી, ભગવાન અને સંતમાં મનુષ્યભાવ ન લાવવા ઉપર ઘણી વાતો કરી.

સોમવારથી કપોળ વાડીમાં પારાયણ શરૂ થયું. કોઠારી ભક્તિપ્રિય સ્વામી 'સ્વામીની વાતું'નું નિરૂપણ કરતા. સ્વયંપ્રકાશ સ્વામી 'વચનામૃત' સમજાવતા અને હું 'હરિબળ ગીતા' ઉપર કથા કરતો.

## સ્વરૂપનિષ્ઠાના ઉત્કૃષ્ટ ઉદ્‌ગાતા

તા. ૧૨-૩-'૬૩, સવારે કથામાં કેટલાક નવા મુમુક્ષુને વચનામૃત ગ.મ. ૫ નિરૂપતાં સ્વરૂપનિષ્ઠા સમજવા ઉપર બહુ ભાર મૂક્યો. ત્યારે એમ થાય કે આવી ચોખ્ખી વાત ગુણાતીત સંત વગર આટલી ભારપૂર્વક કોઈ કરી શકે નહિ.

સ્વામીશ્રી કહે :

'સ્વરૂપનિષ્ઠા બેઠી છે કે નહીં તે તપાસવું. બેસાડી દ્યો. છૂટકો નહીં. અંગ ન બંધાણું તો ધામમાં નહીં જવાય. હજારો શબ્દો લાગુ પડશે. જૂઠું નથી. પતિવ્રતાપણું હશે તો જ અક્ષરધામમાં તેડી જાશે. બધા ભગવાન આના કરેલા ભગવાન છે. આવી સ્વરૂપનિષ્ઠા તમારે થાય માટે આ વચનામૃત કઢાવ્યું છે.

'આઘુંપાછું થતું હોય તો, છે. ૧૬, મ. ૫. વિચારવાં. સ્વરૂપનિષ્ઠા પછી સંતમાં હેત થશે. નહીં તો ફસકી જશે. થડ પાકું કરો - સ્વરૂપનિષ્ઠાનું. પછી બે આનાનો સોળ આની આનંદ આવે. બીજા કણેથું ખાય છે. આપણે ઘી-કેળાં થઈ ગયાં. મહારાજ પ્રવેશ કરીને સમજાવી દેશે. એક થડ પકડો. બે ભગવાન હશે તો તકરાર કરશે. તેમાં આપણે શું ? તે કોઈ દિ' પૂછવાનું નહીં રહે. ગેડ બેઠી હોય, અંગ બંધાણું હોય, તો ગડભાંજ નીકળી જાય. વિશ્વાસે ગેડ બેસે. આપણી મેળે કે શાસ્ત્રથી નહીં. લાખો ભક્તોએ મહારાજને આચાર્ય જેવા, કૃષ્ણ જેવા કે વૈકુંઠના રામ જેવા કહ્યા. તે ધામનો તો નાશ થાય છે. તમને હેત છે તો મનના ગોટા છોડી દો.

'શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સર્વોપરી. ગેડ બેઠી કે ન બેઠી ? મહારાજ પુરુષોત્તમ તે જીવમાં જડી દ્યો. શાસ્ત્રથી મોટાની સાખ

લઈ સમજવું. તમે શ્રીજીમહારાજની સર્વોપરીની ગેડ નહીં બેસાડો, તો બે જન્મ લેવા પડશે.

'વચનામૃત, સ્વામીની વાતોનો વિશ્વાસ રાખવો – એ જૂઠું બોલતા નથી. તો પછી થરેટી ન રહે.

'અનંત ભગવાન છે. એક તો અનાદિ પુરુષોત્તમ ભગવાન. બીજા અનંત નાના-મોટા. સર્વોપરીની ગેડ બેસાડવી. અવતારના અવતારી. એકને લઈને બીજાને ભગવાન કહેવાય. આ ચક્રવર્તી ને બીજા ખંડિયા. એ જાણવું પડે. વિશ્વાસ પછી અનુભવ કરાવે.'

આમ, કેટલાક નવા બુદ્ધિશાળી મુમુક્ષુઓનું નિશાન રાખી સ્વામીશ્રીએ મહારાજના સર્વોપરીપણાની અદ્ભુત વાતો તેમને સચોટપણે દૃઢ કરાવી હતી. પોતે ઘણા પરભાવમા બોલતા હતા.

અહીં બપોરે સ્વામીશ્રી ઠાકોરજી જમાડતા હતા. ઘણી વાર સંતો સ્વામીશ્રીને પ્રેમથી જમાડવા નજીક બેસતા. હળવી વાતો પણ તે પ્રસંગે નીકળતી. કોઈકે સહેજ કહ્યું કે 'શાસ્ત્રીજી મહારાજને વેઢમી બહુ ભાવતી.'

'એમ ન કહેવાય ! એમને વેઢમી નહોતી ભાવતી. એ તો આપણને ભાવતી એટલે આપણને બનાવી આપીને જમાડતા. એમને તો સ્વાદ હોય જ નહિ. એ તો આપણને લાડ લડાવવા માટે કરતા.' સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા.

આવી ઝીણી ઝીણી બાબતોમાંયે સ્વામીશ્રીના મુખમાંથી પોતાના ગુરુ પ્રત્યેનો અહોભાવ અચૂક પ્રગટ થઈ જતો.

રાત્રે કથામાં સ્વામીશ્રી બોલ્યા કે 'મંદિરની સંજવારી કાઢે તેનું અંતર ચોખ્ખું થાય.' સભા પૂરી થતાં હરિભક્તો એકદમ દોડતાં સ્વામીશ્રીને પગે લાગવા આવ્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'જેમ જવા માટે દોડીને આવો છો, તેમ અહીં આવવા માટે (દર્શન-સમાગમ માટે) દોડીને આવવું.'

## ...બીજા માયિક સૌ આકાર

બીજે દિવસે સવારે કથા પ્રસંગમાં વચનામૃત ગ.મ. ૪૯ સમજાવતાં સ્વામીશ્રીએ વાત કરી :

'આ વચનામૃત ગુણાતીતાનંદ સ્વામીએ યોગેશ્વરદાસ પાસે સાધુના દવાખાના આગળ ઘણી વખત વંચાવ્યું.

'પ્રત્યક્ષ બીજા હતા ? પોતે જ. મર્મમાં વાત કરે છે. *'મુજ વિના જાણજો*

રે, *બીજા માયિક સૌ આકાર...'* મહારાજ વિના પ્રકૃતિપુરુષ સુધી બધું માયિક, ગ.મ. ૨૪ પ્રમાણે.

'અવતાર માયામાં છે,' એમ કહે તો લોક ધખે; પણ વૈરાટમાંથી અવતાર થયા તે 'વૈરાટ માયામાંથી છે' એમ કહેતાં ન ધખે ! અવતારો અક્ષરના રોમમાં ઊડતા ફરે છે. મૂળ પુરુષને જ પુરુષોત્તમ કહે છે. તેથી પર જ્ઞાન કોઈને નથી. જન્મ્યા મો'ર શાદી ક્યાંથી લખાય ?

'સામાન્ય ને એકાંતિકમાં મુસલમાન ને હિન્દુ જેટલો ફેર. તે વખતે બોલાય તેવું નહોતું, તોય બોલ્યા. અત્યારે ઘી-કેળાં ! પોતાની વાત હદે નહીં. મહારાજ પોતે પધાર્યા પછી વૈદિક ધર્મ લાવ્યા. બધું હતું પણ શાસ્ત્રમાં દબાઈ ગયું હતું, તે પ્રગટ કર્યું. અક્ષરની વાત હતી તો ખરી, પણ મૂર્તિમાન ખબર નહોતી. બીજા તેજ સુધી પહોંચ્યા હતા.

'માયિક આકારનું ચિંતવન કર્યું તેમાં ભોગ મર્યા. માયિક આકાર એટલે અવતારોની વાત છે. પર્વત-મકાનની વાત નથી. એ તો બધું જોઈએ જ છીએ. (આપણે) નરકમાં પડી ગયા ? તો આ તો ઉપાસનાની વાત છે. ચીભડાંના ચોરને ફાંસી ન મરાય. રાજાના દીકરાને મારી નાખે તેને ફાંસી. તે પુરુષોત્તમમાં જોડાયા હોય, પ્રસંગ હોય ને બીજે માથાં મારતો હોય તેની વાત છે. પતિવ્રતાપણું ઓછું થઈ ગયું. એકડિયા ભણતો હોય તેને મૅટ્રિકની પરીક્ષા ન સદે. મહારાજની સર્વોપરી ઉપાસનાની ગેડ બેસારવાની છે. રંગના ચટકા હોય, કૂંડાં ન હોય. મહારાજ સર્વોપરી, સર્વાવતારના અવતારી છે. તેમાં જોડાઈ જવું ને બીજે સાંધો ન રાખવો. એ સમજવાનું છે. મહારાજની મૂર્તિ, તેના સંતો, તેનાં દર્શન, તેમાં હેત કરવું. પુરુષોત્તમ નારાયણનો એકડો આગળ રાખવો. પરાવાણીનું ચિંતવન કર્યા કરે, તેને પદવી આપે છે. કાળ - જીવનો નાશ ન કરે. કર્મ - ઊંચ-નીચ ગતિ ન આપે. માયા - લીન ન કરી શકે ! અક્ષરધામમાં જ બેઠા છે.'

રાત્રે સભામાં પણ બ્રહ્મરૂપ થવાની સચોટ વાત કરી :

'આ સત્પુરુષનો સંગ મન, કર્મ, વચને કરે તે બ્રહ્મરૂપ થાય છે. કેમ સંગ કરવો ? કહે તેમ કરવું. ગુણ ગાવા ને સાંભળવા. મને કરીને નાસ્તિકપણું ન આવવા દે.

'શાસ્ત્રીજી મહારાજના ગુણ ગાતાં ગાતાં વર્ષોનાં વર્ષ નીકળી જાય ! આસ્તિકપણું રાખવું કે 'મને મળ્યા છે તે નિશ્ચય ભગવાન છે. ભગવાનનાં ઐશ્વર્ય, ગુણ યુક્ત છે.' એમ જાણે તો સ્વરૂપનિષ્ઠા થઈ. વિશ્વાસથી કામ

નીકળી જાય. ગુણ ગાવા-સાંભળવા.

'ભગવાન અને સંતની વાતું સાંભળીએ. જો મન શુદ્ધ હોય તો જ આનંદ આવે.'

## ગુણાતીત પરોક્ષ થાતા જ નથી

તા. ૧૪મીએ સવારે વચનામૃત ગ.મ. ૭ ઉપર અદ્‌ભુત વાતો કરી, અતિશય સેવાનો અર્થ સમજાવ્યો :

'પોતાથી ન બને તેવું હોય ને કરે, તે અતિશય સેવા. સગાં આવ્યાં હોય ને સંતને સ્ટેશને મૂકવા જવાના હોય તેમાં મૂંઝવણ થાય. રસ્તો ગોતીને સંતને રાજી કરવા તે અતિશય સેવા. હદ વિનાની સેવા કરવી. આકરું પડે, છતાં ન ગણતાં જોડાઈ જાય તે સેવા. ગુણાતીત સંત વિકાર ટાળે. મુક્તાનંદ, બ્રહ્માનંદને ન બતાવ્યા. ગુણાતીત પરોક્ષ થાતા જ નથી. પરોક્ષ કહેવાય જ નહીં.'

વળતી સવારે કથા પ્રસંગમાં વચનામૃત લો. ૨ સમજાવતાં સ્વામીશ્રીએ વાત કરી :

'મર્યા પછી મોક્ષ કરે તે દેવાળિયા ગુરુ. ગુરુ પ્રત્યક્ષ મળે મોક્ષ. દેહ છતાં કૃતાર્થપણું. મૃત્યુનો ભય ટળી જાય. પ્રત્યક્ષ સંતને વિશે વિશ્વાસ અને પુરુષોત્તમ નારાયણનો નિશ્ચય – તેનું બળ આપણે જોઈએ.

'ગુણાતીત સ્વરૂપમાં પુરુષોત્તમ રહ્યા છે,' તેમ જ્ઞાને કરી કાંટો મોળો ન પડે. ગુણાતીત સત્પુરુષ આપણા આત્મા છે. તેમાં આપોપું માની, જોડાઈ જઈ તેમની આજ્ઞા પાળવી, તે કરવાનું. તેમની આજ્ઞા એ સત્કર્મ ને તે જ આપણી ભક્તિ. તેમાં શંકા ન કરવી. ને તે કહે તેમ કરવું.'

મુંબઈમાં પધરામણીઓ સદંતર બંધ હતી. મુંબઈના ભક્તો એ જાણી ગયા હતા કે સ્વામીશ્રીનું દિવ્ય જીવન પધરામણીમાં વેડફાઈ જાય એ યોગ્ય નથી.

આ વિરલ સંતપુરુષના પગલે પગલે ભગવાનને કેડી શોધવી પડે. સર્વે દેવતા, તીર્થ અને અનંત સદ્‌ગુણોને એમની પાછળ પાછળ દોરાઈને જવું પડે. એ જે સ્થાનમાં પ્રવેશ કરે તે ભૂમિ પુણ્યવતી બની જાય. કંઈક નિસ્તેજ જીવન એમની ચરણધૂલીમાં આળોટીને તેજસ્વી માર્ગને પ્રાપ્ત કરે. એવા ગુણાતીત સત્પુરુષના પ્રસંગથી મૂઢ જીવો પણ જીવનમુક્ત સ્થિતિને તત્કાળ પ્રાપ્ત કરે, તો એમની એક એક પળનો ઊર્ધ્વજીવન માટે સદ્‌ઉપયોગ કેમ ન કરવો ?

સ્વામીશ્રીએ કપોળ વાડીના વિશાળ સભામંડપને ધામરૂપ બનાવી દીધો.

હજારો હરિભક્તોની ભીડ જામતી. સવારથી માંડીને રાત્રે મોડે સુધી દર્શનાભિલાષી મુમુક્ષુઓની આતુરતા અને ઉત્સાહ એમની અવરજવર ઉપરથી જણાતાં હતાં. હરિભક્તોને તો જાણે સોનાનો સૂરજ ઊગ્યો હતો !

સ્વામીશ્રીની દિનચર્યા અતિ અલૌકિક. સાક્ષાત્ બ્રહ્મનું સ્વરૂપ, એટલે પ્રયત્ન કરીને દિવ્યભાવ ઢાંકવા જતાં કોઈ વાર એમનું સ્વરૂપ છતું થઈ જાય તો રમૂજ કરીને બધાને હસાવે અને ભ્રમમાં નાખીને ફરી મનુષ્યની રીતે વર્તવા લાગે. અક્ષરબ્રહ્મની દરેક લીલા ખરેખર ખૂબ જ મધુર હોય છે; અવર્ણનીય હોય છે.

સવારની કથામાં શ્રીજીમહારાજના અંતરના રહસ્યને સહજમાં સમજાવી, રમૂજ દૃષ્ટાંતો આપે અને મુક્ત હાસ્ય કરીને સભાજનોને વિનોદ કરાવે. પછી મોટાસ્વામી અખંડ જ્ઞાનવાતોનો અખાડો ચાલુ જ રાખતા. બરાબર ૧૧-૩૦ વાગે સ્વામીશ્રી એમની આગવી લાક્ષણિકતાથી ડોલતા જાય અને મધુર ઘેરા કંઠે થાળ બોલીને શ્રીજીમહારાજને પ્રેમથી જમાડતા જાય.

ઉત્થાપન સમયે ધ્યાનમાં બેસે ત્યારે સ્વામીશ્રીના અંગેઅંગમાં અલૌકિક ખુમારી પ્રગટ થઈ જાય. એમનાં રોમેરોમ પુલકિત થતાં હોય તેમ પોતાના પ્રીતમ સહજાનંદ સ્વામીના ચિંતવનનું દિવ્ય ગીત ગુંજી ઊઠતું. એ દર્શન અદ્‌ભુત હોય. સવારે કથાવાર્તા પછી વાંચેલી ટપાલના જવાબો વિશે અંગત સેક્રેટરીને ખાસ સૂચનો આપે. ૪-૩૦ પછી એ બધી લખાયેલી ટપાલમાં પોતાના પ્રેમાળ હસ્તાક્ષરોથી હરિભક્તોના ત્રિવિધ તાપને દૂર કરી દે. સંધ્યા-આરતી પછી સ્નાન કરવા પધારે. રાત્રે ૮-૩૦ થી ૯-૦૦ સુધી ફરીથી સ્વામીશ્રી પરાવાણી રેલાવે. સભાજનો મંત્રમુગ્ધ બની જાય. સૌનાં અંતરમાં ઊપજતા સંકલ્પ-વિકલ્પોનું નિરાકરણ થઈ જાય. સ્વામીશ્રી થોડું બોલે પણ જ્ઞાનપ્રકાશ સૌને લાધે. એ એમની વિશિષ્ટતા.

રાત્રે સ્વાભાવિક ચેષ્ટા થયા પછી પા કલાક સ્વામીશ્રી હાસ્ય-વિનોદ કરે અને હરિભક્તોને આનંદમાં તરબોળ કરી દે. આ છેલ્લી સભામાં સ્વામીશ્રી શ્રદ્ધાળુ અને જ્ઞાનપિપાસા માટે એકત્ર થયેલા હરિભક્તોને મૂર્તિનું દિવ્ય સુખ આપતા, જે જીવનભર સ્મૃતિમાં ભંડારી શકાય.

## શબ્દબ્રહ્મનો મહિમા

તા. ૨૪-૩-'૬૩, 'પ્રેમકુટિર'માં સ્વામીશ્રીના પ્રવચનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સ્વામીશ્રીની ભગવદ્-ભક્તિ નીતરતી પરાવાણીમાં સૌ

એકતાર બની ગયા. ત્યાં આવેલા દરેક મુમુક્ષુને બ્રહ્મદર્શનની પરિતૃપ્તિનો અચૂક અનુભવ થયો. આશ્રમના અન્ય વક્તાઓ પણ સ્તબ્ધ બની ગયા અને તેમનાં પ્રવચનમાં સ્વામીશ્રીની અજોડ સંતપુરુષ તરીકેની પ્રશંસા કરીને લાખ લાખ વંદન કર્યાં.

રાત્રે સ્વામીશ્રી પાસે કેટલાક સંતો અને યુવકો બેઠા હતા, ત્યારે સવારની સભાની વાત નીકળી.

'બાપા ! બધાને બહુ ગુણ આવ્યો.' અમે કહ્યું.

'મારે હિંદી શીખવું છે. તમે મને હિંદી શિખવાડો. ક્યારથી શીખીશું ?' સ્વામીશ્રી બોલ્યા.

'કાલથી...'

'કાલથી તો નહિ, પણ પછી જોઈશું...' સ્વામીશ્રીએ ગમ્મત કરાવતા, વાત માંડી વાળી.

સવારની પ્રેમકુટિરની સત્સંગ સભામાં ઘણાખરા સિંધીભાઈઓ હતા. ત્યારે સ્વામીશ્રીએ જે પ્રભાવ જણાવ્યો અને *'હાંજી ભલા સાધુ...'* એ કીર્તન બોલી જે નિરૂપણ કર્યું કે સભા મંત્રમુગ્ધ થઈ ગઈ.

સ્વામીશ્રીની તળપદી ગુજરાતી ઘણા સમજી શકતા ન હતા, પણ સ્વામીશ્રીની અલૌકિક મૂર્તિમાં આખી સભા તણાઈ ગઈ હતી. તે વખતે સભામાં ઉપસ્થિત મહામંડલેશ્વર વિદ્વાન સંન્યાસી કાશિકાનંદજીએ પણ છેવટે કહ્યું કે 'મેં વાણીના મહિમા વિશે શાસ્ત્રમાં ઘણું વાંચ્યું છે, પણ તેનો પ્રભાવ આજે જ જોયો ! શાસ્ત્રમાં શબ્દબ્રહ્મનો મહિમા ઘણો વર્ણવેલો છે, પણ તેનો પ્રત્યક્ષ અનુભવ આજે યોગીજી મહારાજને સાંભળતાં થયો. એમના શબ્દોમાં શાંતિ અને વાણીમાં પ્રભાવ છે. વ્યાકરણની દૃષ્ટિએ વાણી ભલે અશુદ્ધ હોય, છતાં તે અસર કરે છે. તેઓ બોલે છે તે મને બહુ સમજાતું નથી, પણ એમની વાણીમાં અદ્‌ભુત તેજ છે.'

## આ મારો અભિપ્રાય

રાત્રે ૧૦-૪૦ વાગે સ્વામીશ્રી આરામમાં જવાની તૈયારીમાં હતા. તે પહેલાં તેમનાં બંને ચરણોમાં સેવકો ઘી ઘસતા હતા. ખરી રીતે તો આ સમયે સ્વામીશ્રીએ શાંતિથી સૂઈ રહેવું જોઈએ. જેથી જલદી ઊંઘ આવે. પણ ઘણુંખરું આ સમયે પણ સ્વામીશ્રી કંઈક કંઈક વાતો કરતા અને ઊંઘને ઠેલતા. આ પણ એમની એક પ્રકારની લીલા જ હતી.

આજે પણ તેમણે જ વાતો શરૂ કરી :

'મને હવે ખાવાનું ગમતું નથી. જમવા ઉપર રુચિ થતી નથી.'

'એમ કેમ ?'

'વાયુ થઈ જાય છે.'

આજની વાતનો રંગ જરા જુદો હતો. મને સંબોધીને સ્વામીશ્રી કહે :

'તમને એક ખાનગી વાત કહું. તમે યોગેશ્વર સ્વામીને કહેજો. ગળપણ ઓછું કરે. રોજ ગળપણ બનાવે નહિ. પૂરણપોળી, બિરંજ, ખીર વગેરે બનાવે નહિ. પચતું નથી. (જો કે સ્વામીશ્રી ગળપણ જમતા જ નહિ અને બીજાને આપી દેતા છતાં...) શાક પણ એક જ કરે. બે-ચાર શાક ફાવતાં નથી. એક શાક બનાવે. કોઈ વાર મગ બનાવે. ગળપણ કરે તો મોટાસ્વામી, પ્રમુખ-સ્વામીને જમાડે. તેમાં હું બહુ રાજી. ફૂલકાં આપવાં, પણ બહુ નહિ. કારણ, તે પણ પચવામાં કઠણ. શાકમાં ઘી ઓછું વાપરવું. થોડું ઘી મૂકીને શાક કરવું. એક જ શાક કરવું. તે તમે યોગેશ્વર સ્વામીને કહેજો. તેમનો પ્રેમ એટલે તેમને રાજી રાખવા ખાવું પડે, પણ ફાવતું નથી.

'મને તો મારી જયંતી ઊજવે એ ન ગમે. બીજા ગલગલ થઈ જાય. મને તો પૂજાવાનો અંકુર પણ નહિ. બીજા રાજી રાજી થઈ જાય. મને પૂજવાનું ગમે નહિ. માનનો અંકુર પણ નહિ. કોઈ હાર પહેરાવે તે ન ગમે. દંડવત્ કરે, જય બોલાવે, તે ન ગમે. મહાત્મા કહે એ ન ગમે. ભગવાન થવું, પ્રભુ થવું ન ગમે. આ હું નિષ્કપટભાવે કહું છું. મહારાજ, સ્વામી, ભગતજી મહારાજની જય બોલાવે એમાં હું બહુ રાજી.

'શાસ્ત્રીજી મહારાજની જયંતી ઊજવવાની હોય તો હું માથું આપી દઉં. મારી જયંતી ઊજવે તે મને ગમે નહિ. હું તો વાસણ ઊટકવામાં તૈયાર, ટોકણી ખમવામાં તૈયાર. મારે તો પહેલેથી સેવકધર્મ, ગુરુધર્મ નહિ. ગુરુ થવું ગમે જ નહિ. સેવક થવું ગમે.

'મેં બહુ ટોકણી ખમી. નિર્ગુણદાસ સ્વામી, વિજ્ઞાનદાસ સ્વામીની ટોકણી ખમી. ૪૦ વર્ષ ધોકા ખાધેલા ને ! તે ખમવાનો સ્વભાવ પડી ગયો છે. તે ખમવું ગમે.

'આપ કેમ ટોકતા નથી ?' અમે પૂછ્યું.

'મારો ટોકવાનો સ્વભાવ નહિ. આ બધા કહે છે – યોગીએ સાધુ બનાવ્યા. મેં ક્યાં બનાવ્યા છે ? શાસ્ત્રીજી મહારાજના સંકલ્પે થયા છે.'

'આ ખાટલા ઉપર સૂવું ન ગમે. ભાઈસા'બ ! કાઢી નાંખો ને ! જમ

ખોરડાં ભાળી ગયા.'

'શાસ્ત્રીજી મહારાજ ખાટલો રાખતા.' મધુભાઈએ કહ્યું.

'ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી !

'મને શાસ્ત્રીજી મહારાજ બોલાવે - 'જોગી !' તો એકદમ કેફ ચઢી જાય. મને બધાને વિશે દિવ્યભાવ. મને કોઈને વિશે મનુષ્યભાવ આવે જ નહિ. મેં જૂનાગઢના મોટા મોટા સદ્‌ગુરુઓ સેવેલા તેનું બળ છે.

'સંતો બધા બહુ ભણે એમાં હું રાજી. સંપથી રહે, સુહૃદભાવ રાખે તે ગમે. હું નિરંતર એ જ વાત કરું છું. શાસ્ત્રીજી મહારાજના સંપ્રદાયમાં ફાટફૂટ ન પડે. જૂનાગઢમાં અમે કૃષ્ણચરણ સ્વામીના મંડળમાં ૨૫ સાધુ હતા. એક સંપથી અને એકતાથી રહેતા. મને તો એક રોટલો ખાવા મળે તો ખાઈને સૂઈ રહું, પણ શાસ્ત્રીજી મહારાજની સંસ્થા વધે તે માટે દાખડો કરું છું.

'ટપાલમાં બધા ઉપમાઓ લખે... 'અધમોધારણ...' વગેરે ઉપમા આપે તે ન ગમે. આપણે તો દાસાનુદાસ.

'આ મારો અભિપ્રાય ઘણાં વર્ષથી કહેવો હતો, તે આજે કહ્યો. હજુ બીજા ૫૧ સાધુ કરવા છે. તે સંકલ્પ કરજો.'

પછી એક યુવકને સાધુ થવા માટે વાત કરતાં કહ્યું કે 'મારી કાંઈ ભૂલ થઈ હોય તો મને કહેવી, તો હું સુધારું. કોઈ મને મારી ભૂલ દેખાડે તે મને બહુ ગમે, જેથી આપણે સુધરાય; પણ માન આપે તે ન ગમે, અપમાન કરે તેમાં હું રાજી.'

તા. ૩૦મીએ સવારે ધૂન-પ્રાર્થના કરતાં સ્વામીશ્રી કહે :

'બધા સંતો એવો સંકલ્પ કરો - મુંબઈ રંગાઈ જાય. હજારો સાધુ, સાધુ જ થઈ જાય. આપણે મહારાજના સંબંધમાં બેઠા છીએ. માયામાં બેઠેલા બધા હેઠે પડે એવો સંકલ્પ કરો.'

'ભગવાન સૌનું ભલું કરો' – આ સૂત્રના નિત્ય ઉદ્‌ગાતા સ્વામીશ્રીની આ લાગણી હતી. આખું મુંબઈ રંગાઈ જાય. કહેતાં બધાને સત્સંગનો-સત્પુરુષનો જોગ થાય, મહારાજનો સંબંધ થાય, અને એક-બે નહિ, પાંચ-પચીસ નહિ, સો-બસો નહિ, પણ હજારો મુમુક્ષુઓ સાધુઓ થાય. મહારાજની મૂર્તિનું સુખ પ્રાપ્ત કરે. એવી કોઈ અકલ્પ્ય ભાવના એમના ઉરમાંથી સદાકાળ વિસ્તરતી રહેતી.

## સંપનો કળશ

બીજે દિવસે કપોળ વાડીમાં, રવિસભામાં વચનામૃત ગ.અં. ૧૫ ઉપર

ઘણી વાતો કરી, પણ મુદો સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'અવગુણ-અભાવ ન આવે, આનંદના ફુવારા છૂટે તે જ પાટો ગોઠ્યો. અહીં મોક્ષની ભૂખ ઊઘડે તો શ્રવણ મનન... થાય. પાટો ગોઠે તે પોતાનો અવગુણ લે.

'રવિવારે સભામાં આવવું. વ્યવહારે સુખી થવાય. દેશકાળ ન લાગે. સુધરી જાય. સંપનો કળશ ચડાવવો.'

તા. ૨-૪-'૬૩, રામનવમી, હરિજયંતીનો સમૈયો અદ્ભુત ઊજવાયો. હજારો હરિભક્તોએ લાભ લીધો. મેં તથા નારાયણ ભગતે 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથમાં શ્રીહરિ જન્મના સમયે દેવતાઓ તથા ધર્મ-ભક્તિએ કરેલ સ્તુતિ સર્ગ વાંચી સંભળાવ્યો હતો. વળી, સ્વામીશ્રીના સાંનિધ્યમાં પ્રાપ્ત થતો દિવ્યાનંદ આપણને કદી ક્યાંયથી પણ મળવાનો નથી. તો આવા મહાન પુરુષને મન-કર્મ-વચને સેવી લેવા એ જ મુક્તિનો રાજમાર્ગ છે. તે વાત કરી હતી.

✧

તા. ૬-૪-'૬૩ના રોજ સવારે અહીંથી ભાવભીની વિદાય લઈ, સ્વામીશ્રી સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં વડોદરા થઈ અટલાદરા પધાર્યા. ગુજરાતમાંથી મુંબઈ જતા કે આવતા સ્વામીશ્રી અવશ્ય દિવસની ગાડી જ પસંદ કરતા. જેથી દરેક સ્ટેશને સેંકડો ભક્તોને મળવાનો લાભ મળે. ભક્તો પણ દર્શનની ઝંખના જ કરતા હોય. સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શન પામીને ચેતનપૂર્ણ બની જાય.

વડોદરામાં પધરામણીઓ કરી, વાસદ બેચરભાઈની ઑફિસમાં પગલાં કરી, સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. ચૈત્રી પૂનમનો સમૈયો અહીં કર્યો. વાસણા થઈ આણંદ પધાર્યા.

અહીં મંદિરોના દાળના ધર્માદા માટે વર્ષોવર્ષ સ્વામીશ્રી શહેરમાં - ગંજમાં ફરતા. ત્યારે મણિભાઈ જીવાભાઈ, અંબાલાલભાઈ વગેરે સદ્ગૃહસ્થો પણ સ્વામીશ્રી સાથે ફરતા અને સેવા ઉઘરાવતા.

નિર્ગુણ સ્વામીની દેરીએ દર્શન કરી, વિદ્યાનગર, ગાના તથા આણંદમાં પધરામણીઓ કરી, વડતાલ દર્શન કરી, નડિયાદમાં હરિભક્તોને મળી, ડભાણ ગુણાતીત દીક્ષા સ્થાનનાં દર્શન કર્યાં. અહીં ગયા વિના કેમ ચાલે ? અપાર મહિમાયુક્ત દૃષ્ટિ અને અદ્ભુત ભક્તિનિષ્ઠા તો સ્વામીશ્રીની જ ! આગળ જતાં ખેડાના હરિભક્તોને દર્શન આપીને રાત્રે ૯-૩૦ વાગે સ્વામીશ્રી અમદાવાદ આવી પહોંચ્યા.

## ક્રિયા ગમવી કઠણ !

આ અરસામાં અંબાલાલભાઈ બકરી પોળવાળા સ્વામીશ્રી સાથે વિચરણમાં ફરતા. સાથે ૪૦ થી ૫૦ યુવકો પણ ફરે અને સ્વામીશ્રીનો લાભ લે. આથી અંબાલાલભાઈને વિચાર થતો કે સ્વામીશ્રી આટલા બધા છોકરાઓને શા માટે સાથે ફેરવતા હશે ! આટલો મોટો કાફલો હોય તે ઠીક નહીં, કારણ કે તેમના ઉતારા-પાગરણની-જમવાની વગેરે વ્યવસ્થા કરવી પડે. વળી, તેઓ તોફાન-મસ્તી કરે અને તેમને સાચવવા પણ પડે. અને તેથી સ્વામીશ્રીને પણ ભીડો પડે. ઘણી વાર યુવકોનો મુસાફરી-ખર્ચ પણ સ્વામીશ્રી કોઈ હરિભક્ત પાસેથી લેતા. આ બધી ગડમથલ અંબાલાલભાઈના મનમાં ચાલતી હતી.

પરંતુ સ્વામીશ્રીની દૃષ્ટિ ભવિષ્ય સુધી વિસ્તરેલી હતી. સ્વામીશ્રી સાથે ફરતા ઘણા યુવકોએ જ્યારે દીક્ષા લીધી અને સંજોગવશાત્ જેઓ સાધુ ન થઈ શક્યા તે ગૃહસ્થાશ્રમમાં રહીને પણ નિષ્ઠાવાન સત્સંગી થયા, તે જોઈને અંબાલાલભાઈને સ્વામીશ્રીનો મહાન ઉદ્દેશ સમજાયો.

સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'યુવકો તો મારું હૃદય છે.' સ્વામીશ્રીએ યુવકોમાં પાયાનું ઘડતર કર્યું. જે યુવકોએ એમની સાથે રહીને સમાગમનો લાભ લીધો, તેમણે નિયમ-ધર્મમાં ખબડદાર રહી શુદ્ધ અને સર્વોપરી ઉપાસના સિદ્ધ કરી. બીજા અનેકને પણ સત્સંગને માર્ગે વાળી, મહારાજ-સ્વામીની નિષ્ઠા પ્રવર્તાવવાની સેવામાં જોડાયા.

સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'આજે આંબો વાવ્યો હોય તેનું ફળ કાલે ન મળે, પણ દસ વર્ષ પછી કેરી આવે.' એ જ પ્રમાણે સ્વામીશ્રીએ યુવકોમાં વાવેલાં સત્સંગનાં બીજની અસર સમય જતાં સમજાઈ. સ્વામીશ્રીના ઉદ્ગારોમાં રહેલો ભાવાર્થ અને મર્મ જ્યારે અંબાલાલભાઈને સમજાયો, ત્યારે તેઓના હૃદયમાં ખૂબ આનદ થયો.

લૌકિક દૃષ્ટિએ સમાજના સડાને દૂર કરતા સ્વામીશ્રી આધ્યાત્મિક દૃષ્ટિએ એક અદ્ભુત ઈતિહાસને સર્જી રહ્યા હતા. જેનું આલેખન અશક્ય હતું. એમની દિવ્ય શક્તિની કલ્પના પણ એટલી જ અશક્ય હતી. આપણે તો એમના સદ્ગુણો અને મહિમાનું ગાન કરી કૃતાર્થ થઈએ એટલું જ !

સ્વામીશ્રીના સર્વોચ્ચ અને સર્વાંગ દિવ્ય વ્યક્તિત્વમાં અગમ્ય અને અનિર્વચનીય અલૌકિક તત્ત્વો ખેલતાં દૃષ્ટિગોચર થતાં. તેમાંય ઊડીને આંખે

વળગે એવી એમની અદ્‌ભુત મુખછબીમાં, એમના મુક્ત હાસ્ય વિનોદમાં, અતિ પ્રેમાળ વિનમ્ર ભાવોનું, એમના સૌશીલ્ય અને વાત્સલ્યનું દર્શન થતું. એમના નિઃસ્વાર્થ અને નિર્વ્યાજ પ્રેમને લીધે કેટલાયને જીવનમાં આશા, ઉલ્લાસની કેડીઓ લાધી હતી. ઘણા બધાએ એમનું આ પ્રેમઅમી-પાન કરી, જીવનને સાર્થક બનાવી લીધું. પ્રભાતના સુકુમાર ઉજાસમાં નયનો નચાવતા ચંચળ બાળકો કે તોફાને ચડેલા મધદરિયાની સફર ખેડતા યુવાનો, સુખ-દુઃખ અને સંકટ-વિકટોની હારમાળામાં સોયની તીક્ષ્ણ અણીમાં પરોવાઈને - સહન કરીને રીઢા બનેલા પ્રૌઢો કે જીવનને આરે આવીને ઊભેલા જર્જરિત જીવન પસાર કરતા વૃદ્ધોના ઊજડી ગયેલ બાગમાં સ્વામીશ્રીના દિવ્ય પ્રેમની સૌરભ પ્રસરી જતી. એમની સેવા-ભક્તિની, એમની અદ્‌ભુત પ્રેમ-ભક્તિની મહત્તા જગત કદાચ જલદી નહીં જાણી શકે, પરંતુ આગળ કદમ માંડતું ભવિષ્ય જરૂર એમની સમગ્ર શક્તિની ચમત્કૃતિ બનીને વર્તમાન સમક્ષ ઊભું રહેશે ત્યારે જ સૌની આંખ ઊઘડશે. અથાગ પરિશ્રમ લઈને વિચરણ કરી ગયેલ આ દિવ્ય પુરુષનો મહિમા પામવો અશક્ય હતો.

અમદાવાદથી સવારે વહેલું નીકળવાનું હતું, પણ પધરામણીઓને કારણે ૮-૪૫ વાગે નીકળી, વચ્ચે વઢવાણ દર્શન કરી, ૩-૪૫ વાગે રાજકોટમાં ઠાકોરજી જમાડ્યા. રાત્રે ૮-૩૦ વાગે ગોંડલ દર્શન કરી, ફરી રાજકોટ આવ્યા. સવારે ભાદરા પધાર્યા.

## ગુણાતીતનગરનું ઉદ્‌ઘાટન

લક્ષ્મીદાસ ગણાત્રા તથા ભીમજીભાઈ એન્જિનિયર તથા રાજકોટ સત્સંગ મંડળની અપાર મહેનતથી ગુણાતીતનગર સ્ટેશન સંપૂર્ણ તૈયાર થઈ ગયું હતું.

તા. ૧૪-૪-'૬૩, ઉદ્‌ઘાટન વિધિ પ્રસંગે રેલવેના વડા અધિકારીઓ મુથુકૃષ્ણ સાહેબ, ખરે સાહેબ તથા મણિભાઈ એન્જિનિયર આવી પહોંચ્યા હતા. આ પ્રસંગે હરિભક્તોનો ભાવ અને અરસપરસની એકતા, સ્વામીશ્રીનો તરવરાટ, ઉત્સાહ, આ સ્થાનનો મહિમા જોઈ અધિકારીઓ આશ્ચર્ય અનુભવતા રાજી થયા.

સ્ટેશન ઉપર મંડપ બાંધ્યો હતો. શીતળ શાંત પવનથી વાતાવરણ વધુ દિવ્ય લાગતું હતું.

ટ્રેન આવી. સ્વામીશ્રીએ એન્જિનને હારતોરા કર્યા. ચાંદલા કર્યા. મુથુકૃષ્ણ સાહેબે નારિયેળ વધેર્યું. પૂજન વિધિ થઈ. દોરી ખેંચી સ્ટેશનના પાટિયાનું

અનાવરણ થયું. સ્ટેશન માસ્ટરની ઓરડીનું ઉદ્‌ઘાટન કર્યું. ગોળ-ધાણા, પતાસાંનો પ્રસાદ વહેંચાયો. સર્વત્ર આનંદ આનંદ વ્યાપી ગયો.

પ્રસંગ તો કદાચ કોઈને સામાન્ય લાગે, પણ સ્વામીશ્રીનાં અંગેઅંગમાંથી ઊભરાતો આનંદનો ધોધ ભક્તોનાં હૃદય સુધી પહોંચી જતો. ઘણા સમયનો સ્વામીશ્રીનો સંકલ્પ આજે પૂર્ણ થતો હતો. જૂનું ભાદરાનું પાટિયું ગામથી ઘણું દૂર હતું. હરિભક્તોને સારું એવું ચાલવું પડતું. તેથી સ્વામીશ્રીએ મણિભાઈ એન્જિનિયર અને નંદાજી વગેરે ભક્તોની મદદથી દિલ્હી સુધી રેલવે ખાતામાં સળવળાટ ઊભો કર્યો. ગણાત્રા સાહેબ વગેરે ભક્તોએ સ્થાનિક મહેનત કરી અને ગામ નજીક રેલવે સ્ટેશન અને તે પણ સ્વામીના નામથી 'ગુણાતીતનગર' આજે ઉદ્‌ઘાટિત થઈ ગયું હતું.

'છપૈયા સ્વામિનારાયણ' સ્ટેશન કરવામાં પણ સ્વામીશ્રીએ નંદાજીને વારંવાર ભલામણ કરી, આશીર્વાદ આપી, ખૂબ ખૂબ પ્રેરણા આપી હતી. ત્યારથી જ કદાચ એમના મનમાં 'ગુણાતીતનગર' સ્ટેશનનાં બીજ રોપાયાં હશે ! તે આજે ફળીભૂત થયાં.

ગુણાતીત જન્મ સ્થાન હોય કે દીક્ષા સ્થાન કે પછી ગુણાતીત સમાધિ સ્થાન - અક્ષર દેરી. આ બધાં સ્થાનકોનો મહિમા વધે; વેદમાં જેને 'નેતિ નેતિ' કહ્યા, અગમ્ય કહ્યા, એ અક્ષરબ્રહ્મનો મહિમા સુલભ બને; સૌ જાણે; દિગંતમાં પ્રસરે; એવા અનેક હેતુથી સ્વામીશ્રી આવાં શુભ કાર્યો ઉપાડે, અનેકની સેવા લે, અને સૌને મુક્તિનું ફળ આપે.

સ્વામીશ્રી સૌને લઈને ગુણાતીત જન્મ સ્થાન પધાર્યા. મહિમા સમજાવી દર્શન કરાવ્યાં. અધિકારીઓને અલ્પાહાર કરાવ્યો. ઊંડ નદી ઉપર લઈ ગયા. પ્રસાદી-જળ સૌને માથે ચઢાવ્યું. મહારાજ અને સ્વામીનાં દિવ્ય ચરિત્રો સંભળાવી, તેમને આધ્યાત્મિક જીવનની મહત્તા સમજાવી. સૌને રાજી કરી વિદાય આપી.

ધ્રોળ ઠાકોર સાહેબને ત્યાં પેલેસમાં ઠાકોરજી જમાડી, સ્વામીશ્રી તે જ રાત્રે જામનગર પધાર્યા.

## જામનગરમાં કલ્પતરુનું કથામૃત

આણદાબાવાના આશ્રમના વિશાળ મેદાનમાં સુંદર મંડપ બંધાયો હતો. આશ્રમના મહંત શાંતિપ્રિયદાસજીએ ઉતારા, પાગરણ અને રસોડાની તમામ

વ્યવસ્થા આશ્રમના વિશાળ પ્રાંગણમાં જ ગોઠવી આપી હતી. 'હરિલીલા-કલ્પતરુ'ની કથામૃતનું પાન કરાવતા પ્રમુખસ્વામીની મીઠાશ, હલક અને સમજાવટથી શ્રીહરિનાં ચરિત્રો સાંભળી સ્વામીશ્રી ખૂબ જ પુલકિત થતા હતા અને મંદ મંદ હસતા રહેતા. કથા-શ્રવણ અને સ્વામીશ્રીનાં સૌમ્ય દર્શન – આ ઉભય લાભથી સભાજનો પણ બ્રહ્માનંદમાં મગ્ન રહેતા. સ્વામીશ્રી સવાર-સાંજ પત્રલેખન, વાંચનનું કાર્ય પણ કરતા જતા હતા. અને સાથે સાથે કથાનો શું પ્રસંગ ચાલે છે, તેની સુરતા ભક્તજનોને કરાવતા જતા હતા. કોઈ ભક્તો શૂન્યમનસ્ક ન થઈ જાય તેથી સ્વામીશ્રી ઘણી વાર ટપાલમાંથી ઊંચું જોઈ, દૃષ્ટિના ઈશારાથી અથવા હાથનાં લટકાંથી સૌને સાવધાન કરતા. એમનાં દિવ્ય સ્પંદનોથી સભામાં ચેતના પ્રસરી જતી. સૌ પ્રસન્નતા અનુભવતા.

સાંજની 'સ્વામીની વાતું'ની કથા બાળમુકુંદ સ્વામી વાંચતા ત્યારે વચ્ચે વચ્ચે સ્વામીશ્રી પણ નિરૂપણ કરી સચોટ અર્થઘટનો કરતા. સવાર-સાંજ કથાને અંતે, સ્વામીશ્રી ભક્તો પાસે પણ વાતો કરાવતા. રાત્રે કથા-કીર્તનમાં પોતે અમૃત વાણીનો લાભ આપતા.

શરૂમાં સ્વામીશ્રીનો ઉતારો બારદાનવાળા શેઠને ત્યાં હતો. પછી છેલભાઈને ત્યાં ને છેલ્લા દિવસોમાં આશ્રમમાં હતો. શેઠ હંમેશાં પારાયણનો લાભ લેતા ને રાત્રે સ્વામીશ્રીની વાણી સાંભળવા સભામાં અચૂક આવી જતા. નિકટના પ્રસંગથી શેઠને સ્વામીશ્રીની સાધુતાનો અપાર મહિમા સમજાયો.

## સ્વામીશ્રીની ભક્તિ બિરદાવતા આણદાબાવા

આણદાશ્રમના મહંતજી પણ સ્વામીશ્રીની અપરિમિત ભક્તિ, પ્રેમ અને લાગણી જોઈ ગદ્‌ગદિત થઈ ગયા. તેમણે એક કિંમતી શાલ સ્વામીશ્રીને ભેટ આપવા સંકલ્પ કર્યો. જ્યારે તેઓ શાલ લઈને આવ્યા ત્યારે સ્વામીશ્રી તે જોઈ હસતાં હસતાં કહે : 'શાલ બહુ સારી, ગોંડલમાં ઘનશ્યામ મહારાજ ઓઢે તેવી છે.' એમ કહી બોલ્યા : 'અમારા સેવક શાલ ગોંડલ મોકલી આપશે.'

પરંતુ શાંતિપ્રસાદજી મહારાજે સ્વામીશ્રી જ શાલ ઓઢે તેવો આગ્રહ રાખ્યો. જ્યારે સ્વામીશ્રી મક્કમ રહ્યા અને કહે : 'અમારે સાધુને શાલ-દુશાલા ન ઓઢાય. શિક્ષાપત્રીની આજ્ઞા છે. માટે આ શાલ મહારાજને ખૂબ શોભશે.'

શાંતિપ્રસાદજી મહારાજ તો સ્વામીશ્રીની મક્કમતા અને ત્યાગ-વૈરાગ્યના અલંકારે શોભતી ઋજુ છતાં દૃઢ સાધુતા જોઈ સ્વામીશ્રીના ગુણાનુરાગી બની

ગયા. તેમને થયું : 'આ ઓલિયાને ઇષ્ટદેવની ભક્તિની કેટલી ખેવના છે !'

ગામમાં સ્વામિનારાયણ મંદિરમાં સાતેય દિવસ રસોઈ આપવામાં આવી હતી. સ્થાનિક સેવામાં રામજીભાઈ મિસ્ત્રી તો સર્વત્ર હતા; પણ સાથે મેઘજીભાઈ, છેલભાઈ, મથુરભાઈ, મુગટભાઈ, મોહનભાઈ, કાનજીભાઈ, ભાસ્કરભાઈ અને એમના ત્રણેય મામા, જાયવા તથા ગોંડલ યુવક મંડળ વગેરે રાત-દિવસ દોડધામ કરતા હતા.

શહેરમાં પધરામણીઓ ઘણી થઈ. ઘણા નવા મુમુક્ષુઓએ વર્તમાન ધરાવી આશ્ચર્ય કર્યો. એક દિવસ સ્વામીશ્રી સિક્કા પણ પધરામણીએ ગયા હતા.

## એમ નો કહેવું, પ્રાર્થના કરવી

એક વાર પધરામણીએ જતાં સ્વામીશ્રી મોટરકારમાં પસાર થતા હતા. થિયેટર આગળથી પસાર થતાં સ્વામીશ્રીએ જોયું કે ખૂબ ગિરદી છે. નિર્દોષભાવે સ્વામીશ્રી પૂછવા લાગ્યા : 'આ ગિરદી શેની છે ?'

'બાપા ! અહીં સિનેમા છે.'

'ફિલમ બહાર બતાવે ?'

'ના બાપા ! અંદર બતાવે.'

'આ બધા અંદર કેમ જતા નથી ?'

'એ તો ટિકિટ લેવી પડે.'

'એમ !' સ્વામીશ્રીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું : 'મફત નો બતાવે ? આપણે તો સ્વામીની ફિલમ મફત બતાવીએ છીએ.'

'આ ફિલમમાં તો બે કલાક લાઇનમાં ઊભા રહેવું પડે.' એક સંતે ખુલાસો કર્યો.

સ્વામીશ્રીએ ફરી પૂછ્યું : 'આ લોકોને તરસ લાગે ત્યારે પાણી કોણ પાય ?'

'કોઈ નહીં, બાપા !'

'ઓહોહો...' સ્વામીશ્રી ભાવમાં આવી, આંખો બંધ કરી, ખોળામાં એક હાથ રાખી બીજા હાથે તાળી વગાડતાં બોલી ઊઠ્યા : 'આટલો દાખડો જો ભગવાન ભજવા કરે તો એકાંતિક થઈ જાય.'

'તો બાપા ! આ બધા નરકમાં જવાના ?'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'એમ નો કહેવું, પ્રાર્થના કરવી.'

જીવની મનુષ્ય દેહની અદ્‌ભુત આયુષ્યને વિષય-વિલાસમાં વેડફી

નાખવાની નાગડદાઈ જોઈને સત્પુરુષ સિવાય કોનું દિલ દુઃખાય ? આવા પ્રસંગો સ્વામીશ્રીની કરુણાને અચાનક જ વાચા આપી દેતા.

આ પ્રસંગે સાતેય દિવસ, સવજીભાઈ તરફથી 'વિશ્વશાંતિ યજ્ઞ'નું આયોજન થયું હતું. જેમાં જનમંગલ-સ્તોત્રનો અખંડ પાઠ થતો હતો. પૂર્ણાહુતિને આગલે દિવસે સાંજે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. તે સભામાં સ્વામીશ્રીએ સૌને 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથ ખરીદવા આદેશ આપ્યો હતો. તેમજ ગુણાતીત-નગર રેલવે સ્ટેશનથી ગામ સુધી શ્રમયજ્ઞથી સત્સંગીઓ સડક બાંધે તેમજ રેલ દ્વારા ભાદરા અવારનવાર સૌ દર્શને જાય, એવો ખાસ અનુરોધ કર્યો હતો.

તા. ૨૧-૪-'૬૩, પારાયણની પૂર્ણાહુતિ થઈ. હાલાર દેશના હરિભક્તો આ પારાયણથી અત્યંત કૃતકૃત્ય થયા.

આ બાજુ આણંદમાં 'રામયજ્ઞ'નું આયોજન થયું હતું. તેના આયોજક આઝાદ સ્વામી અને અન્ય રામાનંદી મહાત્માઓનો અત્યંત આગ્રહ હતો કે 'પૂર્ણાહુતિમાં યોગીજી મહારાજ જરૂરથી પધારે, એમના અધ્યક્ષપદે સભા યોજાય.'

જામનગરથી એક દિવસ માટે સ્વામીશ્રીને આણંદ તેડાવવા એ ઘણું અજુગતું હતું; પણ કેટલાક અતિ પ્રેમી ભક્તોએ સ્વામીશ્રીને આગ્રહ કરી આ પ્રસંગે પધરાવવા નક્કી કર્યું.

રાત્રે જામનગરથી નીકળી, તા. ૨૨-૪-'૬૩, સવારે સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. અહીં ઠાકોરજી જમાડી, લોકલમાં આણંદ જવા નીકળ્યા. નડિયાદ સ્ટેશને લગભગ એક હજાર માણસો દર્શને ઊમટ્યા હતા. કૃષ્ણાભાઈના પ્રેમ અને ઉત્સાહની કોઈ અવધિ નહોતી. સ્વામીશ્રીએ ડબાને બારણે ઊભા રહી સૌને દર્શન આપ્યા હતાં.

આણંદ સ્ટેશને રામયજ્ઞના મહંતે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. શોભાયાત્રારૂપે યજ્ઞ સ્થળ ઉપર શહેરમાં સ્વામીશ્રીને લઈ આવ્યા. રામજપ શાંતિયજ્ઞની સ્વામીશ્રીએ પૂર્ણાહુતિ કરી. રાત્રે સ્વામીશ્રીના અધ્યક્ષપદે વિરાટ ધર્મસભા થઈ. ઊંચા મંચ ઉપર સ્વામીશ્રી બિરાજ્યા હતા. એક બાજુ રામાનંદી સંતો અને બીજી બાજુ શહેરના આગેવાનો બેઠા હતા.

સ્વામીશ્રીની વાણી સાંભળી આણંદની જનતા દિંગ થઈ ગઈ. સ્વામીશ્રી કોઈ એક સંપ્રદાયના નથી પણ સમસ્ત માનવ-સમાજના છે – એ ખ્યાલ સૌને આ પ્રસંગથી આવ્યો.

તા. ૨૩-૪-'૬૩, વહેલી સવારની ૪-૧૫ની ગાડીમાં સૌરાષ્ટ્ર મેલમાં

બેસી સ્વામીશ્રી રાજકોટ 'ભાગવત પારાયણ'ની પૂર્ણાહુતિ પ્રસંગે પધાર્યા.

સ્વામીશ્રીને પડતો ભીડો, અનિયમિત જીવન, દરેકને ગજે માપી રાજી રાખવાની રીત જોઈ, રૂવાડાં ખડાં થાય તેવું હતું. આપણે સમયસર ખાઈએ નહીં, સૂઈ જઈએ નહીં, તો અઠવાડિયામાં જ શરીર ખર્યા પાન જેવું થઈ જાય. શું દયા !

## એ જ આત્મબુદ્ધિ !

રાજકોટમાં સ્વામીશ્રીએ કથાવાર્તા કરી સારો આનંદ કરાવ્યો. સ્વામીશ્રી કહે : 'અમારી સેવા કરતાં કોઈ હરિભક્તને જમાડો, માવજત કરો, સરભરા કરો, તે અમારી જ સેવા છે અને એ જ ખરો રાજીપો છે. બોચાસણમાં ૨૦ વર્ષથી વાસણ ઘસતાં ધૂળા ભગત સામું જોઈ શાસ્ત્રીજી મહારાજ કહે કે 'આ ધૂળાને ધોતિયું ઓઢાડો, તે મારી જ સેવા છે.' બદલપુરમાં શાસ્ત્રીજી મહારાજે દત્તરામ બારોટને કહ્યું હતું કે 'હું આવ્યો ત્યારે જ પાકી રસોઈ ? અને મારા સંતોને શું જમાડ્યું ? મારા સંત ત્રણ લાડુ ખાય, પાંચ લાડુ ખાય, તે હું જ ખાઉં છું. એ મારી જ સેવા છે. આવા સંતોની સેવા ના થઈ. જા, મારે રસોઈ જોઈતી નથી.'

'ગમે તેવો ત્યાગી હોય, તપસી હોય, સેવા કરતો હોય, અને અખંડ મૂર્તિ દેખતો હોય, પણ જો ભગવાન અને ભક્તમાં આત્મબુદ્ધિ નથી તે સત્સંગી જ નથી. ગુણાતીતાનંદ સ્વામીએ હડતાલ મારી દીધી. આપણે ક્યાં મૂર્તિ દેખીએ છીએ ? મૂર્તિ અખંડ દેખતો હોય તોપણ સ્વામીશ્રીએ આત્મ-બુદ્ધિવાળાને જ સત્સંગી કહ્યો. આત્મબુદ્ધિ થઈ હોય તો ભક્ત અને ભગવાન વિના રહેવાય જ નહીં. આ તો મહેમાનો, સગાં, વ્યવહાર બધું જ પહેલું. બોલાવીએ ત્યારે જ અવાય. ક્યાં આત્મબુદ્ધિ જ થઈ છે !' એમ કહી હસતાં હસતાં સ્વામીશ્રી ઊઠ્યા.

ત્યારે એક હરિભક્ત કહે : 'બાપા ! આજે બહુ જ થાક્યા હશો. બહુ જ ભીડો વેઠ્યો. જામનગરથી આણંદ અને આણંદથી રાજકોટ આવ્યા, તે ઉજાગરો પણ હશે.'

તરત હસતાં હસતાં સ્વામીશ્રી બોલી ગયા : 'એ જ આત્મબુદ્ધિ !'

આત્મબુદ્ધિની અદ્‌ભુત સમજણ, વ્યાખ્યા સ્વામીશ્રીએ પોતાનાં વર્તન દ્વારા, હરિભક્તોને રાજી રાખવા જે ભીડો પોતે વેઠતા તે દ્વારા આપી. વર્તન અને વાણીનો અદ્‌ભુત સુમેળ જોઈ-સાંભળી ભક્તો અવાક્ થઈ ગયા.

સૌને અંતરમાં ચોટ લાગી કે સ્વામીશ્રી આપણે માટે કેટલો ભીડો વેઠે

છે ! જ્યારે આપણે તો પોતાના કલ્યાણ અર્થે પણ ભીડો વેઠાતો નથી. સ્વામીશ્રી તો સામેથી, નિઃસ્વાર્થપણે કરુણા લાવી, કેવળ આપણા માટે જ સહન કરે છે. થોરના કાંટા એ ખાય છે. આપણને ગુલાબની સુંવાળી શય્યામાં બેસાડી કેરીનો રસ પાય છે.

## નિર્મળના સ્પર્શે નિર્મળ

આ અરસામાં દાજી બાપુના દીકરા ધીરુભા બાપુની રાજકોટમાં, લશ્કરમાં નોકરી હતી. ઘરમાં પહેલેથી જ સત્સંગનું કડક વાતાવરણ. તેથી બહારનું ખાવા-પીવાની મનાઈ હતી. સિનેમા જોવાની પણ સખત બંધી હતી.

તેમના વચેટ દીકરા નિર્મળસિંહ નાનપણથી જ ચંચળ અને તોફાની. તેઓ શાળામાં જતા ત્યાં મિત્રો સિનેમાની વાતો કરે, બહારનાં ભોજન વગેરેનાં વખાણ કરે. આથી એક વાર તેમનાથી ન રહેવાયું અને ઘરમાંથી પૈસાની ચોરી કરીને બે દિવસ ઉપરાઉપરી ફિલ્મ જોઈ આવ્યા. ઘરમાં સૌને ખબર પડી ગઈ. તેમને થયું કે પોતાને ભારે શિક્ષા થશે.

એ જ દિવસે દાજી બાપુ પણ ગોંડલથી આવ્યા હતા, કારણ કે સ્વામીશ્રીની તેમના ઘરે પધરામણી હતી. સ્વામીશ્રી પધાર્યા. સંતોએ કીર્તન ગાયાં. પૂજા વિધિ થઈ. ત્રણે ભાઈઓ સેવામાં જોડાયા.

થોડી વાર પછી દાજી બાપુ પોતાના પૌત્ર નિર્મળસિંહને સ્વામીશ્રી પાસે લઈ ગયા. પ્રથમ તે ગભરાયા, પરંતુ સ્વામીશ્રીએ હેતથી નજીકમાં બેસાડ્યા.

દાજી બાપુએ સહેજ ગુસ્સાથી, 'તેણે પૈસા ચોર્યા છે' એ વાત સ્વામીશ્રીને વિગતથી કહી.

સ્વામીશ્રીએ આખી વાતને જુદો જ વળાંક આપી દીધો. હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'તમારી પાસેથી ચોરે એ તો જબરા કહેવાય !'

સૌ હસી પડ્યા. વાતાવરણ હળવું થઈ ગયું.

પછી સ્વામીશ્રી નિર્મળસિંહના માથા પર હાથ ફેરવવા લાગ્યા. તેઓ ઘણા છોભીલા પડી ગયા હતા. કારણ, સ્વામીશ્રી પાસે ચોરીની વાત જાહેર થઈ હતી.

સ્વામીશ્રીએ તેમને વધુ નજીક ખેંચ્યા ને તેમની સામે એકાગ્ર દૃષ્ટિથી જોઈને દાજી બાપુને કહે : 'બાપુ ! આ તો કોઈ દી' ચોરી ન કરે.'

'પણ બાપા ! કરી છે. માટે હવે નિયમ આપો.' દાજી બાપુએ સ્વામીશ્રીને પાણી ધર્યું. અને નિયમ આપવા આગ્રહ કરવા લાગ્યા.

સ્વામીશ્રી કહે : 'ચોરી કરી હોય તો નિયમ આપવાનો હોય.' એમ કહેતાં પાણી આપવાને બદલે સ્વામીશ્રીએ નિર્મળસિંહના ખભે પ્રેમનો ધબ્બો આપી દીધો.

દાજી બાપુ કંઈ કામ અંગે અંદર ગયા એટલે સ્વામીશ્રીએ નિર્મળસિંહને કહ્યું : 'તમારે દાજી બાપુને રાજી રાખવા.'

ઘરનાં સર્વે વિચારી રહ્યાં કે સ્વામીશ્રીએ નિર્મળસિંહનો ઉઘાડો પક્ષ લીધો છે. તેથી સૌનો રોષ આપોઆપ શમી ગયો. સ્વામીશ્રી એક એવા આધ્યાત્મિક માનસશાસ્ત્રી હતા, જે દરેકનાં હૃદય-કમાડ અદ્ભુત રીતે ખોલી શકતા.

નિર્મળસિંહે પૈસા લીધા હતા, તે હકીકત હતી. છતાં તેમને નિર્દોષ કહી સ્વામીશ્રીએ એક જ શબ્દમાં તેમના અંતરમાં પશ્ચાત્તાપનું નિર્મળ ઝરણું વહેતું કરી દીધું. નાના નિર્મળસિંહનું જીવન વધુ સંસ્કારમય બની ગયું. કુસંગને વશ ન થવાની હિંમત તેમનામાં આપોઆપ જાગ્રત થઈ. સ્વામીશ્રીની નિર્દોષ મૂર્તિએ તેમને નિર્દોષ બનાવી, તેમનાં અંતઃચક્ષુ ખોલી દીધાં !

## બાલ-માનસનું સન્માન

ત્રણ દિવસ ગોંડલ સૌને બ્રહ્માનંદ કરાવ્યો. અહીં સભામંડપમાં સ્વામીશ્રી કથાવાર્તા કરતા હતા. ત્યાં એક બાળક સ્વામીશ્રી પાસે આવ્યો. સ્વામીશ્રીનાં દર્શન કરીને કહે : 'મને વાત કરવા દો.'

સ્વામીશ્રી વાતો કરતા હતા. એમણે કહ્યું : 'હું વાત પૂરી કરી લઉં, પછી તું કરજે.' એટલે એ બાળક જવા લાગ્યો. એને જતો જોઈને સ્વામીશ્રીએ પાછો બોલાવ્યો ને કહ્યું : 'પહેલાં તું વાત કર, પછી હું વાત કરીશ.'

તે બાળક પાંચ સ્વામીની વાતું બોલીને રાજી થઈને જતો રહ્યો.

સ્વામીશ્રી પણ મંદ મંદ હસવા લાગ્યા અને ઘણો રાજીપો દર્શાવ્યો.

## પારેખ સાચા પારખુ બન્યા

પારેખ સાહેબ તરીકે ઓળખાતા અહીંના જાણીતા શિક્ષક જેઠાલાલ પી. પારેખને પરંપરાગત વૈષ્ણવ સંપ્રદાય; પરંતુ તેમણે કોઈ દીક્ષામંત્ર લીધો ન હતો. તેમને આ બધી આધ્યાત્મિક બાબતોમાં રસ પણ ન હતો.

એક મિત્ર સાથે અવારનવાર અક્ષર મંદિરે ફરવા નિમિત્તે ગામ બહાર સારું સ્થળ છે એમ માનીને જતા, પણ કોઈ દિવસ સ્વામીશ્રીનાં દર્શનની પરવા

કરી નહોતી.

એક વખત સ્વામીશ્રી ત્યાં બિરાજતા હતા તે દરમ્યાન દાજી બાપુએ સ્વામીશ્રીને તેમનો પરિચય આપ્યો. સ્વામીશ્રીના આશીર્વાદ મળ્યા અને તેમનાં અંતઃચક્ષુ ખૂલી ગયાં. હૃદયમાં ભક્તિની સરવાણી ફૂટી નીકળી. સ્વામીશ્રીની આજ્ઞા મુજબ તેમણે હંમેશાં બે વચનામૃત વાંચવા માંડ્યાં. સાથે સાથે સ્વામીશ્રીની સાધુતાને પણ સમજવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

સ્વામીશ્રીના જીવનમાંથી તેમણે ઘણું ઘણું મેળવ્યું. વ્યાવહારિક પ્રવૃત્તિઓમાં ભટકતું તેમનું મન સ્થિર થયું. મર્માળું હાસ્ય; સાદી, સરળ, હૃદયભેદક વાણી; કીર્તનો બોલતાં સ્વામીશ્રી જે તાળી વગાડતા અને તેમાંથી ઊઠતા બ્રહ્મનાદે જેઠાભાઈના અંતરને ભેદી નાખ્યું. તેમણે વર્તમાન ધરાવી સ્વામીશ્રીની પાસે કંઠી બાંધી. એકની એક વાત વારંવાર - વખતોવખત સાંભળતાં પણ કંટાળો આવે નહીં અને નિત્ય નાવીન્ય લાગે એવી સ્વામીશ્રીની વાણી ક્ષણે ક્ષણે નવું રૂપ ધારણ કરતી; જેમણે જેઠાભાઈના આત્માને પણ સત્સંગથી રંગીને નવું રૂપ આપી દીધું.

## આજ્ઞામાં સુખ

અહીં ખારવાના હિંમતભાઈ મોતીભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ ત્યાં બે દિવસ રહી, કથાવાર્તા સાંભળી, દેરીની પ્રદક્ષિણા કરી પાછા ફરતા હતા ત્યારે સ્વામીશ્રીની આજ્ઞા લેવા આવ્યા. સ્વામીશ્રીએ રજા આપી.

હિંમતભાઈ હજુ તો મંદિરના દરવાજા સુધી માંડ પહોંચ્યા હશે ત્યાં સ્વામીશ્રીએ એક હરિભક્તને દોડાવ્યો અને હિંમતભાઈને પાછા બોલાવ્યા. તેઓ સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને એક દિવસ વધારે રોકાઈ જવાની આજ્ઞા કરી અને કહ્યું કે 'આજે જશો નહીં, કાલે જજો.'

હિંમતભાઈ સમજ્યા કે સ્વામીશ્રીને તેમનું કંઈ કામ હશે, એટલે રોકાવાનું કહેતા હશે. તેઓ રોકાયા. સ્વામીશ્રીએ તેમને બપોરે જમાડ્યા. અને બોલ્યા કે 'હવે તમને જવાની રજા છે.'

તેઓ બીજે દિવસે નીકળી ખારવા પહોંચ્યા. ત્યાં સમાચાર મળ્યા કે તેઓ ગઈકાલે જે બસમાં સુરેન્દ્રનગર જવાના હતા તે બસને ઘણો ખરાબ અકસ્માત રસ્તામાં થયો હતો. અને તેમાં કેટલાક પ્રવાસીઓ માર્યા ગયા હતા અને ઘણાં ગંભીર રીતે ઘાયલ થયા હતા.

હિંમતભાઈને એક દિવસ વધારે રોકીને સ્વામીશ્રીએ તેમની મહાકાળથી

રક્ષા કરી હતી. તેઓએ અંતર્યામી સ્વામીશ્રીને મનોમન પ્રણામ કર્યા.

એક દિવસ સ્વામીશ્રીએ યુવકોને કેરીનો રસ કાઢવા માટે મોકલ્યા. પાછળથી પોતે પણ તપાસ કરવા ગયા. એમણે જોયું કે છાલમાં રસ રહી જતો હતો. તેથી છાલને ઊંધી કરાવીને ગુણિયામાં ઘસાવી તેમજ ગોટલા પણ ઘસાવ્યા. તેનો ફજેતો કરાવ્યો. અને છાલ બધી ગૌશાળામાં ગાયો માટે મોકલી આપી.

ગોટલાઓ જે હતા તે બધા શેકવા સંતોને આજ્ઞા કરી. અને બપોરની કથામાં લાવવા કહ્યું. પછી કહે : ‘ગોટલી ખાધા પછી પાણી પીએ તો બહુ મીઠું લાગે !’ આ સાંભળી સર્વે સંતો-હરિભક્તો હસી પડ્યા.

આ રીતે કેરીનો પૂરેપૂરો ઉપયોગ સ્વામીશ્રીએ કરાવ્યો. આવી સામાન્ય ક્રિયાઓમાં પણ સ્વામીશ્રી ચોકસાઈ રાખતા અને રખાવતા.

## કૉંગ્રેસી સેવાભાવીને કરોડગણી શાંતિ

તા. ૨૮મીએ ટ્રેનમાં વિરમગામ ઊતરી, મોટરોમાં અમદાવાદ આવ્યા.

બીજે દિવસે અહીંના ચુસ્ત કૉંગ્રેસી અને ગાંધીવાદી શિવાભાઈ હરિભાઈ પટેલના ઘરે પધરામણી હતી. તેમને કોઈ ભાવ નહીં. એક વાર ભક્તિબાના અતિ આગ્રહથી તેઓ બોચાસણ સ્વામીશ્રીનાં દર્શને ગયા હતા, એટલા જ સંસ્કાર ! પરંતુ ધર્મ કે સંપ્રદાય તરફ સંપૂર્ણ સૂગ અને નફરત.

તેમના મણિનગરમાં તૈયાર થયેલા નિવાસ સ્થાનના વાસ્તુ પૂજન માટે તેમણે આણંદના તેમના સંબંધી અંબાલાલ કરસનદાસને આમંત્રણ આપ્યું હતું. તે નિમિત્તે અંબાલાલ શાહીબાગ મંદિરે જઈ ભેટસેવા નોંધાવી આવ્યા હતા. આ જાણીને શિવાભાઈ ગુસ્સે થઈ ગયા. અંબાલાલને ઉધડા લીધા. પણ તેઓ તો શાંતિથી બેસી રહ્યા. સામે કોઈ ઉકળાટ જણાવ્યો નહીં. આવું મૌન જોઈ શિવાભાઈને આશ્ચર્ય થયું કે આવાં કઠોર વેણ કહેવા છતાં આ ગુસ્સે કેમ થતા નથી ? એવામાં ધીરે રહીને અંબાલાલ કહે : ‘આ ઘરમાં યોગીબાપા પગલાં કરવા સવારે ૯-૦૦ વાગે આવશે !’ શિવાભાઈ કચવાતા રહ્યા, પણ હા પાડી દીધી.

સ્વામીશ્રી તેમના નવા આવાસમાં પધાર્યા. શિવાભાઈ માટે આરતી-પૂજન-પ્રસાદ ધરાવવો બધું નવા નિશાળિયા જેવું; તેથી બધું ઔપચારિક રીતે પાર પાડી દીધું. સ્વામીશ્રીએ તો તરત જ સભા શરૂ કરી ! શિવાભાઈને થયું કે ‘આ બાવો જાય પછી દુકાને જવાશે. આજે ઘણું મોડું થઈ ગયું છે.’

જો કે સ્વામીશ્રીની અમૃત વાણી સાંભળીને તેમના અંતરમાં ઊંડી છાપ

પડી ગઈ કે 'આ કોઈ મહાન વિરલ વિભૂતિ છે. નહીંતર આનંદની આવી મસ્તી કદી પણ કોઈના મુખ પર સંભવી શકે નહીં.'

સ્વામીશ્રીને મંદિરે પાછા જવા માટે તેમણે પોતાની ગાડી મોકલી. અને તેમનો છ વર્ષની ઉંમરનો પુત્ર હર્ષદ પણ સાથે મોકલ્યો. સ્વામીશ્રીએ તેને મગજનો પ્રસાદ આપી કહ્યું કે 'તારા બાપુજીને આપજે.'

સ્વામીશ્રીનાં આકર્ષણ અને ખેંચાણથી શિવાભાઈ બીજા દિવસે સવારે શાહીબાગ મંદિરમાં સભામાં આવ્યા અને પાછળના ભાગમાં બેસી ગયા, પરંતુ તેઓ સ્વામીશ્રીની નજર બહાર ન રહી શક્યા. એમણે તુરત જ શિવાભાઈને બોલાવીને આગળ બેસાડ્યા. તેમના પુત્ર હર્ષદને તો સ્વામીશ્રીનું ઘેલું લાગ્યું હતું.

હર્ષદનો તોફાની સ્વભાવ; પણ તેનાં મસ્તી, હઠ જતાં રહ્યાં અને તે સરળ અને શાંત બની ગયો. વળી, તે પોતાના પિતાશ્રી શિવાભાઈને પણ કહેવા લાગ્યો કે 'સ્વામીશ્રીને રાજી કરી લેવા.'

પોતાના લાડકા પુત્રના આ પરિવર્તનથી અને મરજીથી શિવાભાઈને પણ સ્વામીશ્રીને પ્રસન્ન કરવાની આપોઆપ પ્રેરણા મળી.

એક વાર સ્વામીશ્રીને સેવનનું લાકડું પત્તર માટે જોઈતું હતું, તે શિવાભાઈ પાસેથી સેવામાં પોતે પસંદ કરીને લીધું. ત્યારે શિવાભાઈ કહે : 'બાપા ! આ લાકડું સારું નથી, ખામીવાળું છે. માટે બીજું સારું લાકડું છે તે લો.'

પરંતુ સ્વામીશ્રીએ પોતાની પસંદગીનાં લાકડાં જ લીધાં. શિવાભાઈનો લાકડાંનો ધંધો વર્ષો જૂનો, તેથી લાકડાંની પરખમાં તે નિષ્ણાત ગણાય. છતાં, જ્યારે તેમણે પોતે પસંદ કરેલું લાકડું ઝીણવટથી જોયું, ત્યારે તે લાકડું અંદરથી ઘણું ખરાબ માલુમ પડ્યું. અને સ્વામીશ્રીએ પસંદ કરેલ લાકડું પત્તર માટે તદ્દન સારું નીકળ્યું ! સ્વામીશ્રીની પરખશક્તિ જોઈને શિવાભાઈ તાજુબ બની ગયા !

શિવાભાઈ સ્વામિનારાયણીય સત્સંગી થવાથી કૉંગ્રેસી કાર્યકર મિત્રો તેમને પૂછવા લાગ્યા : 'તમને આમાં શો લાભ થાય છે ? આ બધું ફોગટ સમય બગાડવા જેવું નથી લાગતું ?'

ત્યારે શિવાભાઈ ઉત્તર આપતા કે 'સ્વામીશ્રીના સમાગમથી અને સત્સંગથી મને જે અપાર શાંતિ મળી છે, તે આજ સુધી હું આટલાં બધાં વર્ષો કૉંગ્રેસનો સેવાભાવી કાર્યકર રહ્યો છતાં કરોડમા ભાગની પણ શાંતિ મને મળી નથી. વળી, સત્સંગ કરવાથી મારા દોષ અને સ્વભાવનું દર્શન થાય છે અને સ્વામીશ્રીની કૃપાથી દોષ ટળી રહ્યા છે ! વળી, મારા નાના પુત્રનું પણ પરિવર્તન

થઈ રહ્યું છે.' એમ કહી દૃઢતાથી કહેતા : 'વળી, વધુ આશ્ચર્યની વાત તો એ છે કે જે સાધુ-સંતોને અને મંદિરોને હું ધિક્કારતો હતો, તે જ મંદિરમાં જઈને હું સાધુ-સંતોનાં ચરણમાં નમ્રભાવે બેસું છું.'

શિવાભાઈની વાતો સાંભળી તેઓ સૌ આશ્ચર્યમાં પડી જતા. અને તેમનાં સૌનાં અંતરમાં પણ સ્વામીશ્રીના મહિમાનો સંચાર થતો.

અમદાવાદથી સ્વામીશ્રી પુરુષોત્તમપુરા ચાંદલા પ્રસંગે અને રમણભાઈ શેઠને ત્યાં ગંગાપૂજન નિમિત્તે પધાર્યા.

વળતે દિવસે સવારે ત્રણ કલાક માટે મંદિરના વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ફરી અમદાવાદ આવી પહોંચ્યા.

## રાજા-રજવાડાના વહાલેશરી

વળી, બપોરે પુરુષોત્તમપુરા પાછા પધાર્યા. હિંમતનગરના મહારાજાને લઈને ચંપકભાઈ શેઠ પણ પુરુષોત્તમપુરા દર્શને આવ્યા હતા. મહારાજા સાહેબ સર્વ વાતે સુખી, પણ મનની અખંડિત શાંતિ અને આનંદ માટે ઝંખતા હતા.

'સમાધિ કરાવો ને અલૌકિક સુખ આપો.' તેમણે સ્વામીશ્રીને પ્રાર્થના કરી.

'સમાધિ તો મારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ કરાવતા, પણ મને આવડે નહીં.' સ્વામીશ્રીએ નિખાલસતાથી કહ્યું અને બાપુને આશીર્વાદના થાપા આપી રાજી કર્યા. સમર્થ થકા જરણા કરવાની ગુણાતીત સંતની ગુણાતીત રીત કોણ સમજી શકે ?

સાંજે ડભાણ, પિપલગ થઈ, ઉમેદભાઈને ત્યાં પાળજ સ્વામીશ્રી પધાર્યા.

અહીં રાત્રે ૨-૩૦ વાગે સાણંદ ઠાકોર સાહેબ સ્વામીશ્રીને મળવા આવ્યા હતા. તેમને રાત્રે જ સ્વામીશ્રીને મળવાની ઇચ્છા હતી, પણ સ્વામીશ્રીને પડેલો પરિશ્રમ સંતોએ વર્ણવ્યો. તેથી બાપુ આખી રાત બહાર પ્રતીક્ષા કરતા, ભજન કરતા બેસી રહ્યા. સવારે ઊઠતાં વેંત સ્વામીશ્રીને જાણ થઈ કે 'સાણંદ બાપુ મધરાતથી મળવા માટે રાહ જોઈને બેઠા છે.' સેવકો ઉપર સ્વામીશ્રી જરા નારાજ થયા. ઘડીનો પણ વિલંબ કર્યા વગર બાપુને મળ્યા. એકાંતમાં બાપુએ હૈયાની મૂંઝવણ ઠાલવી. રૂડા આશીર્વાદ આપી સ્વામીશ્રીએ બાપુને શાંતિ કરી દીધી. અંતરમાં ખૂબ આનંદ અનુભવતા બાપુએ તુરત વિદાય લીધી.

*બળતો ઝળતો આત્મા સંત સરોવર જાય,*
*સત્સંગરૂપી લહેરમાં તરત ટાઢો થાય.*

એ ન્યાયે નાના-મોટા સૌ જીવ સ્વામીશ્રી પાસે ટાણે-કટાણે દોડી આવતા. એમાં રજવાડાને અનેક પ્રશ્નો. બાપુ મોટા, તેમના પ્રશ્નો પણ મોટા. કોણ સમાધાન આપે ? ત્યારે સૌરાષ્ટ્રના ઘણા દરબારો સ્વામીશ્રી પાસે પોતાના વ્યવહારની અને મનની ગૂંચો ઉકેલતા.

## ગરીબના બેલી

ગામમાં ઘણી પધરામણીઓ થઈ. એક ગરીબ ભક્તે પોતાના ઝૂંપડામાં પધરામણી કરાવી અને સવા રૂપિયો ભેટ ધર્યો. સ્વામીશ્રીએ પૈસા પાછા અપાવ્યા અને કહે : 'જાવ, તમારી સવા લાખ રૂપિયાની સેવા થઈ ગઈ !'

સૌ વિસ્મિત થઈ ગયા. સ્વામીશ્રીની કરુણા જોઈ એક ભક્ત કહે : 'બાપા ! આપ બહુ દયાળુ છો. શાસ્ત્રીજી મહારાજ કડક બહુ.'

'હા.' સ્વામીશ્રીએ કહ્યું : 'સ્વામીની છાતી કઠણ. વજ્રથી પણ કઠણ. વિરોધ અને માયાના ભુક્કા બોલાવી દે. કોઈની બીક નહીં. છાતી કાઢીને, મહારાજને લઈને ફરે; પણ સંબંધવાળાના દાસના દાસ. બહુ નિર્માની.' સ્વામીશ્રીએ વાતનો સંદર્ભ જ બદલી નાખ્યો અને ગુરુમહિમા ગાવાની તક ઝડપી લીધી.

સાંજે પેટલાદ થઈ, રઢુ એક હરિભક્તને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપી, સ્વામીશ્રી રાત્રે ૧૨-૦૦ વાગે સારંગપુર આવી પહોંચ્યા.

અહીં રંગમંડપમાં આરસનું કામ નિહાળી બહુ રાજી થયા. મોહનભાઈ તથા કાંતિભાઈ મિસ્ત્રીને આશીર્વાદ આપ્યા. અહીં પાટોત્સવ ઊજવી, નિંગાળા પધરામણી કરી, ગઢપુર પધાર્યા. પાટોત્સવ નિમિત્તે આજુબાજુનાં ગામેથી આવેલા સેંકડો ભક્તોને મળીને, આશીર્વાદ આપી, સ્વામીશ્રી તા. ૪-૫-'૬૩, રાત્રે ગોંડલ આવી પહોંચ્યા.

અહીંના સમૈયાની ઝમક કાયમ જુદી જ હોય. સ્વામીશ્રી જાતે જ સૌની સરભરા કરતા હોય, સૌને માર્ગદર્શન આપતા હોય, મહાપૂજા જાતે કરતા હોય, કથાવાર્તા પોતે કરતા હોય, રસોડામાં સૌને પીરસતા હોય, દરેકની અંગત વ્યવસ્થા સાચવતા હોય. આમ, દરેકને રાજી કરી, અલૌકિક આનંદમાં ડુબાડી દે. પાટોત્સવ દરમ્યાન ભાઈકાકા, દેવગઢબારિયા મહારાજા, કચ્છના મહારાજા તથા બીજા દરબારો તેમજ મહેન્દ્ર બાપુ વગેરે અનેક મહેમાનો આવ્યા હતા.

❀ ❀ ❀



# સમર્તિ તે પંચતીર્થી

સ્વામીશ્રીનો સંતો સાથે પંચતીર્થી કરવાનો ઘણા વખતથી સંકલ્પ હતો. તે માટે એમણે ૫૧ માળાની માનતા પણ કરી હતી. સ્વામીશ્રી ગોંડલથી નીકળી, જેતપુર દર્શન કરી, જૂનાગઢ પધાર્યા.

આ પહેલાં સ્વામીશ્રીએ ધીરુભા બાપુને આજ્ઞા કરી હતી કે 'તમારે મિલટરીનો ડ્રેસ પહેરીને જૂનાગઢ આવવું. અમે અને દાજી બાપુ બધા આવવાના છીએ.'

ધીરુભા બાપુના જમાઈ શંભુસિંહજીને ત્યાં સ્વામીશ્રી રાત રોકાયા ને સવારે પૂજા પછી, ઉકાળા-પાણી કરીને મંદિરે દર્શન કરવા માટે નીકળ્યા. તે પહેલાં ધીરુભા બાપુને કહ્યું : 'તમે અગાઉથી વ્યવસ્થા માટે જાઓ.'

તેઓ રિક્રુટમેન્ટ ઑફિસર હતા. એટલે ડ્રેસ તો પહેરવાનો હોય નહીં. છતાં સ્વામીશ્રીએ તેમને ડ્રેસ પહેરવા કહ્યું.

મંદિરમાં બધાએ નક્કી કરેલ કે 'આ વખતે યોગી મહારાજને દર્શન કરવાં ન દેવા.' ગોંડલથી જૂનાગઢ આવ્યા ત્યારે આગલી રાતે ક્યાંય સુધી પડદા ખોલેલ નહીં અને સંતોને દર્શન વગર બેસાડી રાખેલ. આજે અગાઉથી મંદિરે જઈ ધીરુભા સાહેબે કોઠારી-બ્રહ્મચારીને મળીને વ્યવસ્થા કરી. ધીરુભાનો મિલિટરી મિજાજ જોઈ કોઈ કાંઈ બોલી શક્યું નહીં અને સ્વામીશ્રીને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન સારી રીતે થયાં. પૂજારી તથા કોઠારીએ ફૂલહાર પહેરાવ્યા.

ધીરુભા સાહેબને ત્યારે જ ખ્યાલ આવ્યો કે તેમને જૂનાગઢ ડ્રેસ પહેરીને જવાની સ્વામીશ્રીએ શા માટે આજ્ઞા કરી હતી ?

તા. ૯-૫-'૬૩ના રોજ બપોરે ૨-૦૦ વાગે વેરાવળ બંદરે આવ્યા. અહીં તે જ વખતે મુંબઈથી ખાસ યાત્રા માટે આવતા સંતો પણ સ્ટીમરમાં આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રી શેઠ રતિલાલ જાદવજી ઘીવાળાને ત્યાં ઊતર્યા હતા.

સ્વામીશ્રી સંતોને લોહાણા મહાજન વાડીમાં પ્રથમ મળ્યા. ખૂબ હેત વરસાવ્યું. પછી વાત કરી : 'આજ તો અલભ્ય લાભ મળ્યો છે. તમે બધા મળ્યા તે અલભ્ય લાભ. મોટા રાજા, પ્રધાન કોઈને આ એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનો લાભ મળ્યો નથી. જગતમાં કોઈ સુખી નથી; સંતો સુખિયા છે. તમે સ્ટીમરમાં આવ્યા; તે સ્ટીમરનો આશરો લીધો તો અહીં પહોંચાડી દીધા ને ડૂબવા ન દીધા. તેમ ભગવાન ને સંતનો આશરો કરે તો ડૂબવા ન દે અને કલ્યાણમાં ખામી ન રહે.'

સાંજે શોભાયાત્રારૂપે સ્વામિનારાયણ મંદિરે દર્શને પધાર્યા. આ મંદિર સ્વામીશ્રીના ગુરુ કૃષ્ણચરણ સ્વામીએ બંધાવેલું. અહીં અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી છે. અહીં આરતી કરી, સ્વામીની વાતું બોલ્યા. સંતો સાથે સ્વામીશ્રી ઉતારે આવ્યા. અહીં સંતો પાસે ચોસઠ પદી ગવરાવી વાત કરી.

રાત્રે લોહાણા વાડીમાં સત્સંગ સભામાં સ્વયંપ્રકાશ સ્વામી, હકાભાઈ, ચુનીભાઈ અડાસવાળા તથા ભટેસાએ વાતો કર્યા બાદ સ્વામીશ્રીએ આશીર્વચનો આપતાં એક મુદ્દો સમજાવ્યો : 'જનસેવા શું ? તો એક જીવને ભગવાનને માર્ગે ચઢાવવો તે.'

## સત્સંગ કરો તે જ પધરામણી

તા. ૧૦મીએ સોમનાથ જવાનું હતું. સ્વામીશ્રી તૈયાર થઈને બેઠા હતા. તેઓ એક ક્ષણ પણ ભગવદ્‌ભક્તિ વિના જવા દેતા નહીં. તેથી આ તકે પણ પ્રસંગોચિત હળવી વાતો કરતા હતા.

એક ભક્તે પધરામણીની વાત કરી. તે સાંભળી સ્વામીશ્રી કહે : 'વાતો કરો ને ! સત્સંગ કરો તે જ પધરામણી. તેમાં બધું જ આવી જાય છે.'

પછી કહે : 'બધી વસ્તુ દુર્લભ, પણ સત્સંગ અતિ દુર્લભ. બીજે બાલાં મારે, હરદ્વાર જાય, ગિરનાર ચઢે, દત્તાત્રયની ટેકરીએ પહોંચે, થાકોડો લગાડે. એક વાર અમને કૃષ્ણચરણ સ્વામીએ આજ્ઞા કરી ત્યારે જૈનનાં દેરાં સુધી ગયેલા.'

'આગળ કેમ ન ગયા ?' એક સંતે પૂછ્યું.

'આગળ જવું જ નહોતું.'

'વૈરાગ્ય એટલે.'

'ના, મન ઓછું.' સ્વામીશ્રીએ વૈરાગ્યનો ભાર જણાવ્યા વગર ટૂંકામાં કહ્યું.

વળી, વજુભાઈને કહેવા લાગ્યા : 'સ્વરૂપનિષ્ઠા એવી રાખો કે મહારાજ પુરુષોત્તમ, મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીત છે. કોઈ તમને કહેશે : 'બંડિયા ભેગા

ભળ્યા, ૭૧ પેઢીનો બગાડ કર્યો,' પણ તે માનવું નહિ. અક્ષરપુરુષોત્તમને ન માને ને ભગવાન તેનું રૂડું કરવા ઇચ્છે તોપણ ન થાય.'

સ્વામીશ્રી, સંતો તથા આફ્રિકાથી આવેલા ભટેસા, શીખ સદ્‌ગૃહસ્થ નારાયણસિંઘ, ચુનીભાઈ, ઉદયસિંહરાજ તેમજ દેશના ભક્તો હકાભાઈ, શિવલાલ પરમાર વગેરે સંઘ સાથે સોમનાથ પધાર્યા. સોમનાથનાં દર્શન કરી, દરેક સંત-હરિભક્તને સમુદ્રમાં સ્નાન કરાવ્યું. સાંજે સૌ કાલવાણી આવી પહોંચ્યા.

## પાંચસો પરમહંસોના દીક્ષા સ્થાને શુભ સંકલ્પો

સ્વામીશ્રીને આવતાં વાર લાગી. સંતો તો એક-બે પ્રસાદીનાં સ્થાનો જોઈને, મંદિરે દર્શન કરી પાછા ફરતા હતા. ત્યાં સામે સ્વામીશ્રીની મોટર આવી. એમણે સંતોને પાછા વાળ્યા. બધામાં ચેતન આવી ગયું.

સ્વામીશ્રીએ બધાને તીર્થોની વિગતવાર હકીકત કહી દર્શન કરાવ્યાં. તેઓ દરેક સ્થાને દંડવત્-પ્રદક્ષિણા કરે અને ખૂબ ભાવ-ભક્તિ દર્શાવે. નાનામાં નાની જગા હોય તોય દંડવત્ કરે ને કરાવે.

હાલ જ્યાં મંદિર છે ત્યાં પહેલાં રામાનંદ સ્વામીની ઓરડી હતી. ત્યાંથી સ્વામીશ્રી ચાલતાં ખાખરાના વનમાં તથા નદીએ પધાર્યા. ખુરશી આવી ગઈ હતી, પણ સ્વામીશ્રી કહે : 'હવે તો ચાલતાં જઈશું.' સંતો સાથે ચાલીને ફરવામાં-દર્શન કરવામાં સ્વામીશ્રીને અનેરો આનંદ આવતો. ન છૂટકે ખુરશી ધારણ કરેલી, છતાં ખુરશીમાં બેસીને પણ સંતોની વચ્ચે જ રહેતા-ફરતા.

સ્વામીશ્રીની આગળ બે સંતો ચાલતા હતા. તેથી ધૂળ ઊડતી હતી. ત્યારે કોઈએ સંતોને કહ્યું : 'બાજુએ ચાલો.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આગળ ચાલવા દો. સંતોની ચરણરજ ક્યાંથી ? રજ ઊડવા દો. ખસેડશો નહિ.'

રસ્તામાં સત્યપ્રિય સ્વામીને કહે : 'ખુરશીમાં પલાંઠી વાળી બેસું ?' એમ કહી પલાંઠી વાળી બેઠા. આમ, સ્વામીશ્રી સંતો સાથે ગમ્મત કરતા જતા હતા.

અહીં મુક્તાનંદ સ્વામીને મહારાજના સર્વોપરીપણાનો નિશ્ચય થયો હતો, તે વાત વિસ્તારથી કહી. મુક્તાનંદ સ્વામીનું મોઢું પહોળું જોઈ પર્વતભાઈએ પૂછ્યું : 'શું લાધ્યું ?' તો કહે : *'ભ્રમણા ભાંગી રે હૈયાની, વાત નથી કોઈને કહ્યાની, વીતી હોય તે રે જાણે.'* એમ અતિ આનંદમાં આવી જઈ, 'જય સદ્‌ગુરુ સ્વામી'ની આરતી બનાવી, મહારાજને પધરાવી ઉતારી.

ત્યાંથી ગામને પાદરે પ્રસાદીની વાવ છે તેમાં પોતે જાતે ઊતર્યા ને માથે જળ ચઢાવ્યું. રસ્તે વાડીમાં જ્યાં પાંચસો પરમહંસોને દીક્ષા આપી હતી ત્યાં પધાર્યા. અહીં સભા કરી, સંકલ્પો કરી, ધૂન્ય કરાવી :

'સંતો ભણીને મોટા શાસ્ત્રી થાય, આખો દેશ સ્વામિનારાયણનું ભજન કરે, મુંબઈમાં શિખરબદ્ધ મંદિર થાય, બધા હરિભક્તોના દેશકાળ સુધરે. સુહૃદભાવ ને એકતાપણું આખા દેશમાં થઈ જાય.'

સ્વામીશ્રીના સંકલ્પો નાના નહિ, 'વસુધૈવ કુટુંબકમ્' એ ભાવનાથી ઘણી વાર આખા દેશને પોતાના સંકલ્પોમાં આવરી લેતા.

## કાન અભડાવ્યા !

રસ્તે સ્વામીશ્રી કહે : 'જે સંસ્કારી હોય તેને જ સાધુ બનાવવા છે.'

સાધુ થવા માટે એક યુવકે ના પાડી. ત્યારે સ્વામીશ્રીએ બાળકની જેમ બે કાનમાં આંગળીઓ નાખી કહ્યું : 'કાન અભડાવ્યા !'

કેશોદ પધાર્યા. અહીં 'પટેલ બોર્ડિંગ'માં ઉતારો હતો. સ્વામીશ્રીએ સંતોને ચાર-ચારની લાઇનમાં દર્શને જવા આદેશ આપ્યો. પછી કહે : 'હું ને સંતો ભેગા હાલીશું. હું (પ્રસાદી સ્થાનો) બતાવવા આવ્યો છું. અમે સાથે જ ફરવાના.' એમ કહી સંતો સાથે રહેવાનો આગ્રહ સ્વામીશ્રીએ જણાવ્યો.

કથામાં ગ.મ. ૧૫ વચનામૃત વંચાવી સ્વામીશ્રી કહે : 'મહારાજના પૂછેલા પ્રશ્નોના જવાબ પરમહંસે દીધેલા, પણ લખ્યા નથી. નહિ તો મોટું પુસ્તક થઈ જાય.'

બાદ મુંબઈના ધારશીભાઈને ઘરે દર્શન કરવાનો આગ્રહ સ્વામીશ્રીએ ખાસ જણાવ્યો. ઘર બંધ હતું. છતાં સ્વામીશ્રી કહે : 'ઘરની પ્રદક્ષિણા દઈને આવશું. શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીનું ઘર છે. અમે બે દી' રહ્યા છીએ. એક દિવસ સાંજે શાસ્ત્રીજી મહારાજ, અમે ને નિર્ગુણદાસ સ્વામી તે ઘરમાં બેઠા હતા. ત્યાં મગનભાઈનો ચાર પાનનો કાગળ આવ્યો. તેમાં લખ્યું હતું કે 'શાસ્ત્રીજી મહારાજ ! તમે સારંગપુરનું ખેંચો છો.' ત્યારે સ્વામી બોલ્યા : 'મગનભાઈ મારો ગુરુ થવા આવ્યો છે !' તે ઘરમાં આવું થયું હતું. ચાલીને જઈશું તેટલા જગન વધુ થશે.'

સ્વામીશ્રીનો ગુરુમહિમા આવા પ્રસંગે છતો થઈ જતો. વળી, જૂની વાતની સ્મૃતિ કરી સ્વામીશ્રીએ એ પણ જાણપણું સૌને આપ્યું કે 'મોટાપુરુષમાં આવો પક્ષપાત ન કલ્પવો કે અમુક મંદિરનું વધારે રાખે છે,' વગેરે. જો મોટાના

ગુરુ હોઈએ, તો જ કહેવાનો અધિકાર છે. શિષ્ય તરીકે, સેવકે તરીકે તો સદાય દિવ્યભાવ જ રાખવો ઘટે.

મંદિરે દર્શન કરી, સ્વામીશ્રી ધારશીભાઈના બંધ ઘરે પધાર્યા. સાંકળને તથા બારસાખને હાથ અડાડ્યો ને બોલ્યા : 'ધૂપં, દીપં, પુષ્પં, સમર્પયામિ...' એમ માનસિક પૂજન કર્યું. થોડી પધરામણીઓ કરી.

પછી કથા પ્રસંગમાં વચનામૃત ગ.મ. ૨૭ સમજાવતાં કહ્યું : 'મૂઠી ન વાળવી એટલે શું ? ઉપાસનાનો ડંકો મારવો. ફળિયામાં ઘોડો ન ફેરવવો.'

ગ.મ. ૨૮ વચનામૃત વંચાવતાં વાત કરી કે 'જન્મોજન્મ સેવા કરવી. તે સેવા શું ? લાખો જીવને કથાવાર્તા કરી સમાસ કરાવવો. શાસ્ત્રીજી મહારાજે તે સેવા કરી. આપણે કરવી.'

તા. ૧૧મીએ, સાંજે માંગરોળ પધાર્યા. પહેલી સ્વામીશ્રીની મોટર, જીપ, સંતોની બસ, તેની પાછળ હરિભક્તોની બસ એમ સૌ નીકળ્યા.

સ્વામીશ્રી દરેક પ્રસાદીનાં સ્થાને લેખ વંચાવે ને રસપૂર્વક ભક્તિભાવથી સાંભળે. અહીં મંદિરમાં ગોદડી, પથ્થર, પાટ તથા મહારાજની પ્રસાદીની મૂર્તિ છે; તેનાં દર્શન કરી, ગોરધનભાઈના ઘરનાં દર્શન કર્યાં. મહારાજે ગોરધનભાઈને ચોવીસ અવતારનાં દર્શન કરાવી, પોતાની મૂર્તિમાં લીન કરી, સર્વોપરીપણાનો નિશ્ચય કરાવ્યો હતો.

ત્યાંથી ડોસાવાવ આવ્યા. અહીં મહારાજ સરજૂદાસના નામે ઓળખાતા. સ્વામીશ્રી કહે : 'અહીં શાસ્ત્રીજી મહારાજ બે વખત બેઠા હતા.' પછી હકાખાચર પાસે વાતો કરાવી.

ત્યાંથી જ્ઞાનવાવે પધાર્યા. બધાને પ્રસાદીનું જળ ચડાવ્યું. ત્યાં લેખ વંચાવ્યા. બધા સંતો-હરિભક્તોને નારિયેળનું પાણી પાયું. અહીં મગ્નિરામને સાધુ કર્યા હતા. મહારાજે પોતાના સોનેરી મંડિલ ઉપર ગારના ટોપલા ઉપાડી, આ વાવનું ભર્યું કરી, હજારો બ્રાહ્મણો જમાડ્યા હતા. ત્યાંના બ્રાહ્મણોએ પૂછ્યું : 'તમારું દૂધ કહો ! પછી જમીએ.' ત્યારે મહારાજે સૌને તેમનાં ઇષ્ટદેવરૂપે દર્શન કરાવ્યાં. તે દેવોએ કહ્યું : 'આ અક્ષરાતીત પુરુષોત્તમ છે. તેનો નિશ્ચય કરો.'

ત્યાંના નવાબ બદરૂદ્દીનને મહારાજે સમાધિ કરાવીને અક્ષરધામનું સુખ બતાવ્યું. ત્યારે નવાબે પૂછ્યું : 'આવું સુખ મૂકી તમે અહીં કેમ આવ્યા ?' ત્યારે મહારાજે અહીં આવ્યાના પોતાના છ હેતુ કહ્યા. વળી, લવિંગિયાં મરચાંનો ગોળો કરી અહીં જમેલા. અહીં પ્રસાદીની આંબલીનાં દર્શન કરી, સાંજે ૬-૦૦

વાગે લોજ આવી પહોંચ્યા.

## અહીં મહારાજ અડવાણે પગે ફરેલા

લોજ મંદિરમાં ચૈતન્યદાસ સ્વામીએ સારું સ્વાગત કર્યું. આ લોજની ભૂમિમાં મહારાજ અડવાણે પગે ફરેલા. બીજાં સ્થાનોએ હાથી-અંબાડીએ ફરેલા. મહારાજ વનવિચરણ કરતાં કાઠિયાવાડમાં પ્રવેશતી વખતે સૌ પ્રથમ અહીં લોજની વાવ ઉપર સં. ૧૮૫૬, શ્રાવણ વદ ૬ના દિવસે પથ્થર ઉપર બિરાજેલા; જે હાલ નીલકંઠી-શિલા કહેવાય છે. ત્યાં દેરીમાં સ્વામીશ્રીએ પ્રદક્ષિણા-દંડવત્ કર્યાં. આ મુક્તિવાવ કહેવાય છે. અહીં જ મહારાજ સુખાનંદ મુનિને મળેલા.

સ્વામીશ્રી કહે : 'વાવમાં જતાં-આવતાં ૧૧૦ પગથિયાં છે.' પછી સર્વેને માથે પ્રસાદી-જળ ચઢાવ્યું. સ્વામીશ્રી બધે જ ખુરશીમાં બેસીને ફરતા.

અહીંના શેઠ પુરુષોત્તમભાઈને બંગલે સંતો-હરિભક્તોએ અલ્પાહાર કર્યો. વજુભાઈ ઘીવાળા ખાસ વેરાવળથી આવી ગયા હતા. તેઓ સંતો-હરિભક્તોને જમાડવા ભજિયાંનો સામાન લાવ્યા હતા. અહીંના સંતોએ ખૂબ પ્રેમથી ભજિયાં બનાવી જમાડ્યાં. સ્વામીશ્રી કહે કે 'આપણા માટે સગવડ કરવા મહારાજ ને સ્વામી આગળ જાય છે ને શાસ્ત્રીજી મહારાજ ઉતારા-પાણીની બધી સગવડ આગળથી જ કરે છે.'

ખરેખર બનતું પણ એમ જ ! કોઈ જગાએ તકલીફ પડી નહિ.

ત્યાંના મહંત ચૈતન્યદાસજીએ સાથે ફરીને પ્રસાદી સ્થાનોનાં દર્શન કરાવ્યાં. મંદિરમાં તેમણે સ્વામીશ્રીને ચંપાનો હાર પહેરાવ્યો. મહારાજે ૧૮ મણ ચીભડાંની ગાંસડી ઉતારી હતી તે તથા ગોખલો પૂર્યો તે જગાનાં દર્શન કર્યાં. મંદિર બહાર બાઈ-ભાઈની સભા નોંખી કરી હતી તે સ્થાનનાં દર્શન કર્યાં.

ત્યાંથી લોમશ મુનિનો આશ્રમ હતો તે સ્થાને પ્રસાદીની વાવ છે; જ્યાં મહારાજ નીલકંઠ વર્ણીરૂપે સંતોને અષ્ટાંગ યોગ શીખવતા, ત્યાં પધાર્યા. દેશાંતરથી આવેલા હરિભક્તોને મહારાજનો સર્વોપરીપણાનો નિશ્ચય ન હતો, ત્યારે મહારાજે રામાનંદ સ્વામી જેટલું ઐશ્વર્ય એક બાળકમાં બતાવી પોતાનો નિશ્ચય કરાવ્યો હતો. મીંઢીઆવળના ગોળા મહારાજ અહીં જમતા. વાડીમાં પેસતાં વડ છે, ત્યાં શાસ્ત્રીજી મહારાજ, સ્વામીશ્રી, હકાભાઈ વગેરે સંવત ૧૯૮૩ની સાલમાં આવેલા ત્યારે બપોરે ૧-૦૦ વાગે દૂધ પીધું હતું. સ્વામીશ્રી કહે : 'ભેંશનું સર્વોપરી દૂધ લાવેલા.' અહીં દંડવત્ કરી વડને ભેટ્યા.

સ્વામીશ્રી રોજ સાંજે ૭-૦૦ વાગે નાહવા જાય. તે નિયમ મુજબ અહીં સ્નાન કર્યું. અહીં આરતી કરી. ભટેસા પાસે અહીં મંદિરમાં સારી ભેટ લખાવી. સ્વામીશ્રી જ્યાં જાય ત્યાં, શ્રીજીમહારાજનું સ્થાન એ આપણું જ સ્થાન છે એમ માની, સેવા કરાવતા. લોજથી રાત્રે ૮-૩૦ વાગે નીકળી પંચાળા પધાર્યા.

માંગરોળથી લોજ આવતાં સ્વામીશ્રી સિદ્ધેશ્વર સ્વામીને કહે : 'અહીં માંગરોળમાં દરિયો છે ત્યાં અમે સં. ૧૯૮૩ની સાલમાં શાસ્ત્રીજી મહારાજ સાથે આવેલા. દરિયે મહારાજે બહુ વાર સ્નાન કરેલું. ત્યાં અમે સવારના ૪-૩૦ વાગે ૧૦ ઘોડાગાડી કરી ગયા હતા ને ૯-૦૦ વાગે પાછા આવ્યા હતા.'

સ્વામીશ્રીએ સંતોને ડ્રાઈવરોની સરભરા કરવાનું ખાસ સૂચન કર્યું હતું કે 'શાસ્ત્રીજી મહારાજ મને ડ્રાઈવર કે બાપુને સંભાળવાનું કહે તે હું સંભાળી લઉં. ફરી કહેવું ન પડે. તમે તમારે ડ્રાઈવરની ખબર રાખવી.'

પંચાળામાં માધવજીભાઈ, મથુરભાઈ તથા વલ્લભભાઈનો ખૂબ જ ઉત્સાહ હતો. રાત્રે મોડું થયું હતું, છતાં બળદો શણગારી તૈયાર કરેલા. ઉપર છત્રવાળા ગાડામાં સ્વામીશ્રીને પધરાવી, સરઘસ આકારે ઢોલ, ત્રાંસાં, કીર્તનોની ઝડીઓ બોલાવતાં ગામમાંથી મંદિરે લાવ્યા. અહીં દર્શન કર્યાં. અક્ષરપુરુષદાસજી તથા ઉત્તમચરણદાસજીનો ભાવ ખૂબ હતો. ત્યાંથી ઝીણાભાઈના દરબારગઢમાં પધાર્યા. ધનજીભાઈ કામદારે અહીં ઉતારો આપ્યો હતો. સ્વામીશ્રી જ્યાં જાય ત્યાં સૌ પ્રથમ સભા ભરે ને કહે : 'હકાભાઈ ! કરો વાતું.' પછી પોતે વાતું કરે. ને પછી જે ક્રિયા કરવી હોય તે કરે. અખંડ કથાવાર્તાનો જ આગ્રહ રાખતા. દરબારગઢમાં સરસ મંડપ બાંધ્યો હતો. રાત્રે સભા ભરી, ચેષ્ટા કરી.

તા. ૧૨મીએ સવારે સ્વામીશ્રીએ પૂજા કરીને તે જ સ્થાને બેસી મહારાજની પંચાળાની લીલાની સવિસ્તર વાત કરી : 'આ ઓરડામાં શાસ્ત્રીજી મહારાજ ઊતરતા. મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને તિલક કરીને સૌને બતાવેલા કે 'આ અમારા તિલક છે.'

પછી સભામાં પધાર્યા. અહીં બાળ મંડળ ભેગું કરી પોતે *'સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ'*ની ધૂન્ય બોલાવવા લાગ્યા. બાદ શાસ્ત્રી ઉત્તમચરણદાસજીએ સાથે ફરીને બધાં પ્રસાદીનાં સ્થાનનાં દર્શન કરાવ્યાં.

સ્વામીશ્રી કહે : 'અહીં સાત પ્રસાદીનાં સ્થાન છે. મઘરિયો ધરો, મહાદેવનું મંદિર, બિંદુ સરોવર, હનુમાન જતિની વાવ, ચંદન તળાવડી, રંગે રમ્યા તે કુંડ ને દરબારગઢ.' સૌએ દર્શન કર્યાં.

સ્વામીશ્રી બધે સ્થાને સૌને માથે જળ છાંટતા, પણ અહીં સાબળી નદીએ દર્શને આવ્યા ત્યારે કહે : 'મહાપ્રસાદીનું સ્થાન છે. છંટાય નહિ. ચઢાવવું છે.' એમ કહી દરેકને માથે જળ ચઢાવ્યું. અહીં મહારાજની પ્રસાદીની શિલા છે ત્યાં બેસવાનું કહ્યું. ત્યારે સ્વામીશ્રીએ ના કહી અને ઠાકોરજી પધરાવ્યા.

## અતિશે ભૂલ્યો કોણ ?

પછી સ્વામીશ્રી સભામાં પધાર્યા. આંબલિયાના હરિભક્તો રાસ રમ્યા. જમ્યા બાદ ગ.મ. ૪૮ વચનામૃત વંચાવતાં સ્વામીશ્રી કહે : 'ભગવાન વિના બીજું ચિંતવન એ અતિ ભૂલ્યો. કૉલેજવાળા, હાઈસ્કૂલવાળા અતિશે ભૂલ્યા છે. ઑફિસવાળા, ન્યાયવાળા, ફોજદારવાળા અતિશે ભૂલ્યા છે.

'કૂતરાં, ગધેડાંનાં લગનમાં ઢોલ નથી વાગતાં. એની મેળે થઈ જાય. તે સુખ બધી યોનિમાં છે. ઢોરાંને ઘાસ મળે, બધું મળે, પણ મોક્ષ મળે છે ? નથી મળતો.

'સારું મકાન કર્યું હોય તો ઠાકોરજી પધરાવી વાપરીએ તેમાં ભક્તિ ને ચિંતવન થાય. 'બીજાને - પ્રધાનને બોલાવી ઉદ્‌ઘાટન કરવું છે,' પણ ઢોર આવે કે પ્રધાન આવે તે સરખું છે. તેમાં શું માલ છે ? વ્યવહારમાં માલ તે લૌકિક દૃષ્ટિ !

'જ્યાં મહારાજ જમ્યા હોય, ગુણાતીતાનંદ સ્વામી જમ્યા હોય, તે મહાપ્રસાદી. શાસ્ત્રીજી મહારાજ જ્યાં બેઠા, તે ધારશીભાઈના ઘરે જવા કોઈએ આગ્રહ કર્યો હતો ? કોઈએ કહ્યું હતું ? છતાં આપણે ગયા. ભગવાન ને સંત જ્યાં બેઠા એ અક્ષરધામ.'

બપોરે સંતોને સાબળી નદીમાં સ્નાન કરવા મોકલ્યા. ત્યારે મહિમા સમજાવતાં કહે : 'સાબળી નદીનું સ્નાન શ્રેષ્ઠ છે. બુદ્ધિ સારી થાય. સારા વિચારો આવે. આ પ્રગટ તીર્થ છે.'

સૌ સ્નાન કરીને આવ્યા ત્યારે સ્વામીશ્રીએ આરામમાંથી જાગ્રત થઈ, શાસ્ત્રીજી મહારાજ સાથે પંચતીર્થી કરેલી, તેની વિગતે સ્મૃતિ કરી સૌને આનંદ કરાવ્યો. પછી કહ્યું : 'આ વખતે એવો સંકલ્પ હતો કે યોગેશ્વરોને લઈને ફરવું. શાંતિથી રહેવું. લાભ લેવો. લખી લેવું. ટાઈમ, તારીખ ને સંતો-હરિભક્તોનાં નામ લખી લેવાં. જ્યાં ભગવાન ને સંત રહ્યા અને ફર્યા તેની સમર્તિ તે પંચતીર્થી.'

## સદ્‌બુદ્ધિ આપવી સારી

બીજે દિવસે સવારે પૂજા બાદ સ્વામીશ્રી મેડા ઉપર પધાર્યા. હકાખાચર

ખૂબ જ રમૂજ કરાવતા હતા. સ્વામીશ્રી આડું લૂંગડું રાખી હસતા હતા. હકાભાઈ કહે : 'વિરોધીઓને પ્રભાવથી દાબી નાખતા હો તો ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'દબાવવા કરતાં સદ્‌બુદ્ધિ આપવી સારી.'

પછી સંતો પાસે પ્રભાતિયાં ગવરાવ્યાં. સ્વામીશ્રી કહે : 'ઉચ્ચ કોટિના શબ્દ છે. *'નેણ ને વેણ...'* મહારાજનાં દર્શન ને વાણી ચિત્ત ચોરી લે. બોલાવે ને શાંતિ કરે એવું વેણ હતું.'

વજુભાઈ ઘીવાળાના સંકલ્પથી દરબારગઢમાં પંચાળાનાં વચનામૃતોની પારાયણ સ્વામીશ્રીએ મારી પાસે કરાવી. રાત્રે આંબલિયા રાસમંડળીને હરિભક્તોએ ખુશાલીની ભેટ આપેલી તે બધી જ રકમ મંડળે પારાયણની આરતીમાં મૂકી દીધી.

કથા દરમ્યાન સ્વામીશ્રી ટપાલ લખતા હતા. વચ્ચે વચનામૃતોમાંથી મુદ્દાની વાતો કરતા હતા :

'અહીં મહારાજે મનુષ્ય ચરિત્ર કર્યું હતું. તે ઉપર મુનિબાવે પ્રશ્ન પૂછ્યો હતો. તેથી મહારાજ થોડી વાર વિચાર કરીને બોલ્યા છે.'

આમ, પંચાળાના ચોથા વચનામૃતની પૂર્વભૂમિકામાં મહારાજની માર્મિક ચેષ્ટા સમજાવી. અપરોક્ષ-અનુભવી પુરુષ વગર આવું કોણ કહી શકે ?

તા. ૧૩મીએ, સાંજે સ્વામીશ્રી પહેલી જ વાર અજાબ પધાર્યા હતા.

સતો ૬-૩૦ વાગે બસમાં પહોંચ્યા. સંતોનો ઉતારો સ્વામીશ્રી સાથે મેઘજીભાઈના ઘરે હતો. થોડી વારે સ્વામીશ્રી પધાર્યા ને ઘરમાં પેસતાં કહે : 'સંતોને પગે લાગી લઈએ...!' ઓરડી નાની હતી. તેથી કહે : 'બાવો પહોળો ને મઢી સાંકડી !'

પાણિયારામાં રામચરણ સ્વામી પાણી ગાળતા હતા. ત્યાં જ સ્વામીશ્રી હાથ-પગ ધોવા ગયા. ત્યારે સ્વામીશ્રી કહે : 'પહેલાં પાણી ગાળી લો.'

ત્યારે રામચરણ સ્વામી કહે : 'હમણાં જ ગાળેલું છે.'

ત્યારે કહે : 'ઈ નો બકે. આપણે ન હાલે, ગાળી લ્યો.' એમ કહી પાણી ગાળવાની બધી ક્રિયા કરી બતાવી. માટલા નીચે એક લોટો હાથ ધોવા માટે ભરી રાખ્યો. માટલા ઉપર એક લોટો ગરણા સાથે મૂક્યો અને બાજુમાં પાણી પીવા માટે લોટો મૂક્યો. પછી કહે : 'પાણી આપતાં ગરણા વચ્ચે અંગૂઠો રાખવો. તેથી પાણી નીસરે.' અત્યંત સ્ફૂર્તિથી ક્રિયા કરી મૂર્તિ આપી. સ્વામીશ્રી હાથ-પગ ધોઈ સભામાં પધાર્યા.

સભામાં સંતોએ પૂછ્યું : 'આપ કેટલી વખત અહીં પધાર્યા ?'

ત્યારે કહે : 'પહેલાં આપ પધાર્યા પછી હું પધાર્યો. હું તો અહીં ઠામુકોય આવ્યો નથી.'

સાંજે સ્વામીશ્રી સંતો તથા મેઘજીભાઈ, કુરજીભાઈ વગેરે હરિભક્તો સહિત મંદિરે દર્શને પધાર્યા. અહીં સ્વામીશ્રીએ દર્શન-દંડવત્ કર્યાં. મંદિરમાં શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને રઘુવીરજી મહારાજની મૂર્તિઓ છે. તેનાં દર્શન કરી હકાખાચરને કહે : 'આભાર માનો. પહેલાં આભાર ને પછી જ્ઞાન !' પછી સ્વયંપ્રકાશ સ્વામીને કહે : 'સ્વયંપ્રકાશ ! તમે જ્ઞાન કરો.' પછી સંતસ્વામી બોલ્યા.

ત્યારબાદ ઉતારે યોગી ભુવનમાં પધારી, આરતી કરી નાહવા પધાર્યા. આરતી પછી *'સ્વામી અને નારાયણ'*ની ધૂન થઈ. ત્યારે સ્વામીશ્રી કહે : 'આ તો દેશી ધૂન થઈ. હવે મુંબઈની ધૂન બોલો !'

થાળ પછી મગજનો પ્રસાદ વહેચતાં સ્વામીશ્રી કહે : 'ગોંડલનો છે ને ?' પછી સંતોને પૂછ્યું : 'કેવો માલ છે ?'

ત્યારે એક સંતે રમૂજમાં કહ્યું : 'મુંબઈ જેવો નહિ.'

ત્યારે કહે : 'મુંબઈનો ક્યાં મને ચખાડ્યો છે ?'

## અજાબમાં બ્રહ્મરસની અજબ લહાણ

ત્યારબાદ ૮-૩૫ વાગે સ્વામીશ્રી અત્યંત કેફમાં આવી, વાતો કરવા મંડી પડ્યા અને બધાનો થાક ઉતારી દીધો :

'પંચતીર્થીનો હેતુ, આપણે પ્રસાદીનાં સ્થાનોનાં દર્શન કરવાં. અહીં શ્રીજીમહારાજ અડવાણે પગે વિચરેલા. ૬૦ વર્ષ પછી સોરઠની પવિત્ર ભૂમિ ઉપર વિચરેલા. છપૈયામાં મહારાજ મુમુક્ષુ જોવા પીપળે ચઢ્યા. પશ્ચિમ ખંડ દેખાણો. ફરતાં ફરતાં જૂનાગઢની છાયામાં લોજ ગામમાં શુદ્ધ મુમુક્ષુ ખપવાળા જોયા.

'શુદ્ધ મનવાળાને ભગવાન વરણીય થઈ જાય. કોઈનોય અવગુણ-અભાવ આવ્યો હોય તો કાઢી નાખવો. નિર્દોષબુદ્ધિ રાખવી. એકબીજાનો મહિમા સમજવો. એકબીજાની સેવા, ભીડો, તે વધવાનું માહાત્મ્ય છે. 'દરેક ગામનો ભાવ, શક્તિ કેવાં છે ? હરિભક્ત નિર્દોષબુદ્ધિવાળા કેટલા છે ?' તે લખી લેવું. નવા ગામમાં જવું એટલે પહેલાં સંતો, પછી પાર્ષદો, પછી હરિભક્તો, ધૂન કરતાં જવું. મહારાજ વખતે ભાર પડતો તેવો ભાર પડે. ઘોષથી ભાર પડે.

સ્વામિનારાયણનું નામ જેને કાને પડે તેનો મોક્ષ. *'એ નામની ભણક જેને કાને પડે રે, તેની અક્ષર પોળ ઊઘડે રે...'*

'સંત દ્વારા મોક્ષનો માર્ગ મહારાજે ખુલ્લો મૂક્યો છે. મોટરવાળો મોટર ચલાવે ને આપણે ધૂન ઉપાડીએ, કોણ થાકે ? આપણે તો આનંદના ફુવારા છે. અક્ષરધામમાં બેઠા છીએ એવું માનવું. હઠ, માન, ઈર્ષ્યા કાઢવાં. અંતઃકરણ ચોખ્ખું કરવું. મહારાજ કહેતા : 'બે આંગળનું અંતર ચોખ્ખું રાખજો.' ભગવાન વરણીય થઈ જાય. આ તો જમાત કરામત છે. એકલ-દોકલ સત્સંગ ન થાય.

'શાસ્ત્રીજી મહારાજ સાથે દિવ્ય વાતાવરણ. આપણે ફરીએ ત્યારે કોઈ સંત દાતણ-પાણી તૈયાર કરે. આપણે બે માટલાં રાખી લેવાં. સંતોને પાણી પાઈ દઈએ. તુંબડી, લોટો રાખવો. ગૃહસ્થના ગાળેલાનો વિશ્વાસ નહિ; ફાટલું, ભાંગલ-તૂટલ ગળણું હોય. માટે જાતે ગાળવું. શુદ્ધ આચરણ હોય તો ભગવાન વરણીય થાય. મહારાજ વખતે ભજનાનંદ સ્વામી નાના હતા, પણ સભાજિત ! માટે તૈયાર થવું. આપણે દેશ, બ્રહ્માંડ ડોલાવવાં છે. કોણીનો ગોળ નહિ. સંતો જ્યારે ફરતા ત્યારે હરિભક્તોને ભારે ન પડે. ૫૦ સાધુ નીકળે ત્યારે ચોખા-દાળ સાથે લઈને નીકળે. ગૃહસ્થ પાસે મીઠું, હળદર મંગાય; ઘી-તેલનો છાંટો ન મંગાય.

'ઉત્તરસંડામાં પુરુષોત્તમ સ્વામી હતા ત્યારે ત્યાં વડતાલ પક્ષના હરિભક્ત હતા. સંતદાસ સ્વામી ઝોળી માગી લાવતા, તે ખીચડી કરે. મીઠું, હળદર હતું પણ ઘીનો છાંટો નહિ. સ્વામી માગે નહિ. ચાર દી' લૂખી ખીચડી જમ્યા. શાક પણ નહિ. છાશ માગવાની છૂટી. એવામાં નિર્ગુણદાસ સ્વામી આવ્યા. ખીચડી ધરી. ઘી વિનાની ખીચડી જોઈ કહે : 'ઠાકોરજીને લૂખું કેમ જમાડો છો ?' ત્યારે કહે : 'ચાર દી'થી આમ જ હાલે છે.' પછી નિર્ગુણદાસ સ્વામીએ હરિભક્તને બોલાવ્યા ને કહે : 'ઘી કેમ નથી આપતા ?' હરિભક્ત કહે : 'માગે તો આપે ને ?' ત્યારે કહે : 'માગે શેના ? પૂછવું જોઈએ ને ?' આમ ઘી મંગાવ્યું. પુરુષોત્તમ સ્વામીની સાધુતા કેવી ! તે મુદો. માગ્યું જ નહિ. *'ઊપજી શમાવે તે સંત ને ન ઊપજે તે ભગવંત.'* સંકલ્પ નથી ઊઠતા તે ભગવાનની મૂર્તિ.

'મુંબઈમાં રહીએ છીએ પણ ભારે નથી પડતું. આપણે માગવું નહિ. જે આપે તે ખાઈ લેવું. પાકી રસોઈ લે નહિ, પાણી નાખી જમી લે. ફલાણું મારે જો'શે, આઇસક્રીમ જોઈશે, એવું નહિ. એક ચમચો ખાઈએ તો ધામમાં વયું જવાય. પ્રભુદાસે કરેલો, તે એક ચમચી ખાધી તો શરીર ઠંડું પડી ગયું.

'કથાવાર્તા એવી કરવી કે ભાર પડે. *'માગે તેનું ભાગે ને ત્યાગે તેનું*

*આગે.'* સોય પણ ગુરુ પાસે માગવી; બારોબાર નહિ. ગુરુ મગાવી લે. હરિભક્તને નો કહેવાય. કોઈ વસ્તુ જોઈતી હોય તો મહંત સ્વામીને કહેવું. સત્સંગનો એ રિવાજ છે. દરેક માગે તો પછી શું થાય ? હરિઇચ્છાથી બધું આવે જ છે. શાંત વાતાવરણ રાખવું. *'ત્યાગ શોભા સંતની, એમ કહે છે વેદપુરાણ; તેને તજી તનસુખ ઈચ્છે, તે મોટો અજાણ...'*

ત્યાં સ્વામીશ્રીને ગળામાં ખરેટી આવી. ત્યારે કહે : 'વિઘ્ન કરવા ખરેટી હાજર થઈ ગઈ. હું હાજર છું, એમ ખરેટી હાજર ! ત્યાગની શોભા મૂકી જે તનસુખ ઈચ્છે છે તે અજાણ છે. મુંબઈમાં ૪-૦૦ વાગે નિષ્કુળાનંદ સ્વામીનું જીવન ચરિત્ર વંચાતું ત્યારે આ કડી આવેલી, તે મેં યાદ રાખેલી. નિઃસ્વાદી વર્તમાન રાખવું. શોભાડવું. ૧૧-૩૦ વાગે સૂવું. ૪-૩૦ વાગે ઊઠવું. એ આપણો નિયમ. *'રાત રહે પાછલી ચાર ઘટિકા તૈયે...'* સોનાનાં નળિયાં થયે ન ઊઠવું. સંત થયા તેને ત્યાગ રાખવો.

'સાંકરદામાં અમે એક રૂપિયાનું સવા બશેર ઘી ત્રણ મહિના ચલાવ્યું. છાંટો છાંટો જ નાખવાનું. સાત સાધુ ને ત્રણ પાર્ષદ રહેતા. હું રસોઈ કરતો. બાવટો અને કોદરીની રસોઈ કરતો. છાશ માગી લઈએ. મુખીનો છોકરો મને પૂછે : 'ઘી જોઈએ છે ?' ત્યારે હું કહું : 'ના, પડ્યું છે.' વાડકો બતાવું. પાછો વયો જાય. સવારે હું *'ધીર ધુરંધુરા'* કીર્તન ઉપાડું. લોકો કહે : 'સૂતા નથી અને સૂવા દેતા નથી.' ત્યાં શ્રાવણ મહિનો આવ્યો. ઘરોઘર રસોઈ. માગ્યું નહિ તો સિદ્ધિયુંના ઢગલા થઈ ગયા. ગમે ત્યાં જઈએ કે મંદિરમાં હોઈએ, જાડાં કપડાં પહેરવાં. હાથનું ઓશીકું. સાજાને ન પાથરવું પણ માંદાને પાથરવું. સા. ૨ વચનામૃત. પોતાના દેહનું જતન ન કરવું. મોટા દેહના ગુણે ન વરતે. આપણું મોટા જતન કરે, ખબર રખાવે, તેમાં વાંધો નહિ. મેળે માવજીભાઈ ન થવું. એવો ત્યાગ-વૈરાગ્ય રાખવો.

'સહજાનંદ સ્વામી પુરુષોત્તમ, ગુણાતીત મૂળ અક્ષર, શાસ્ત્રીજી મહારાજ ગુરુ. સત્પુરુષનો સંબંધ પૂર્વના સંસ્કારથી થયો. ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી ! કૉલેજ, વેપાર, ભણવામાં બુદ્ધિ સારી ન રહે. અક્ષરધામની કૉલેજમાં વન (one) નંબર લાવવો. શાંત વાતાવરણ. કોઈ રસોઈનું પૂછે તો કહેવું : 'પાકી રસોઈ નથી લેતા.' ઓલ્યો તાણ કરે ત્યારે કહેવું : 'દાળ-રોટલો જ ખાઈએ છીએ.' ઓલ્યો કહે : 'ના, ના, મારે રસોઈ દેવી જ છે.' એમ ખેંચાખેંચ હાલે, ત્યારે કહેવું : 'ઘો તારે.'

*'હરિઈચ્છાએ હરે-ફરે, કરે કંઈકના કલ્યાણજી...'*

'શ્રદ્ધા, ખપ, સમાગમ – ત્રણ વાનાં વધવાનાં. શાસ્ત્રી આપે તે પાઠ કરી લેવો. આપણે મોક્ષના ખપ માટે ભેગા થયા છીએ. ખાવા-પીવા નહિ. આપણા હાથે પાંચનું કલ્યાણ થાય તે માટે સાધુ થયા છીએ. સંતસ્વામી, પ્રમુખસ્વામીની વાતું સાંભળવી તે ખપ. સમાગમ કર્યો છે તો વધુ સમાગમ કરવો. શ્રદ્ધા, ખપ, સમાગમ બહુ જરૂરી છે. માટે સમાગમ કરવો.

'પંચતીર્થી-તીરથમાં નાહીએ છીએ. વહેલા ઊઠવાથી શ્રદ્ધા વધે. કોઈ ગામમાં જઈએ ત્યારે હરિભક્તને પહેલાં કૂવાનું પૂછવું, લૂગડાંની ડોલ રાખવી. તુંબડું, પત્તર, ડોલ, ચાળણી, વેલણ, તાવેથો હારે જ ફરે. બે ઝોળી દાળ-ચોખા જોવાની સાથે જ રાખવી. પાર્ષદો ખંભે રાખે. ગૃહસ્થના ઘેરથી આવેલો લોટ ચાળી, ઉપર થાળી ત્રણ વખત ફેરવવી. દાળ-ચોખા જાતે જોઈ લે. રસોડામાંથી બાવા પાડી દે. ચૂલા લીંપી દે. અબોટ કરી નાખે. પટારામાંથી ભગત વાસણ ઊટકી દે.

'વાવ, કૂવો શોધીને ૪-૦૦ વાગે સ્નાન કરી લે. માંદા હોય તે ગરમ પાણીથી નાહ્ય. ગામમાં જઈએ કે તરત હરિભક્તને દાતણનું પૂછી લેવું. આપણે એવો ઠરાવ કે દાતણ માગવાં નહિ. રસ્તામાં બાવળિયામાંથી પાર્ષદો દાતણ કાપી લાવે. ચપ્પુ સાથે જ હોય. દાતણ લઈ લઈએ. પહેલાંની પ્રણાલિકા ચાલે છે. જૂનાગઢમાં દરેક સાધુ આમ કરતા. શાંત વાતાવરણ. સત્સંગ વધારવો. ભારે ન પડીએ. માથે ન પડીએ.

'જૂનાગઢના સાધુ એક ગામ ગયેલા તે વાતો આવડે નહિ. તેથી કહે : 'આરતી પછી ગામમાં જઈશું.' પછી મંદિર જઈ 'જય સ્વામિનારાયણ' કર્યા. ત્યારે હરિભક્તોએ કહ્યું : 'વાતો કરો.' ત્યારે નાહવા વયા ગયા. ત્રીજે દી'એ કહે : 'હવે જઈએ છીએ.' શું સત્સંગ વધ્યો ? શીખેલ નહીં. આપણે હરિભક્તોને 'આવો ભાઈ' કહી આરતીમાં બોલાવવા. એકસાઈટ (એકસરખા) રાગથી આરતી બોલીએ તો દેવતા આવે. અષ્ટક ગાઈએ. મહારાજ ને સ્વામી પધારે તે સવાદ જુદો. આરતી, અષ્ટક પછી બધાને 'જય સ્વામિનારાયણ' કહી પગે લાગવું. પછી ધૂન બોલાવવી. પછી થાળ-પાણી. પછી બે કીર્તન ગાવાં. પછી ઉકાળો પીવા કે જમવા જવું. અડધો કલાક ક્રિયા થઈ ગયા પછી કથાવાર્તા, ઇંગ્લિશ-સંસ્કૃતમાં પ્રશ્નોત્તર. પછી વચનામૃત વાંચવાં. પછી ચેષ્ટા કરી ૧૧-૩૦ વાગે કરો શયન. ભોં ભેગા ભોં કરવી.

'એક વખત મહારાજે સંતોને કહ્યું : 'ગામડે વાતું કરવા જાઓ.' ત્યારે

સંતો કહે : 'અમને વાતું કરતા નથી આવડતું.' ત્યારે મહારાજ કહે : 'બોલવું નહિ પડે; વર્તન વાતું કરશે.' શ્રદ્ધાથી ધર્મ-નિયમ પાળીએ. સ્વામી શાસ્ત્રીજી મહારાજ નોખા પડ્યા તે પહેલાં તેમની પાસે ૧૨ સાધુ હતા. તે ધ્યાની મંડળ કહેવાતું. સોજિત્રા, વસો, ભાદરણ, નડિયાદ, પીજ બધે ફરે, પણ નાસ્તો બંધ. ૪-૦૦ વાગે ઊઠે. ૮-૦૦ થી ૯-૩૦ કથા, ૧૦-૩૦ સુધી ખીચડી-રોટલો રાંધવું હોય તે રાંધી લે. આસન વાળી કલાક ધ્યાન કરે. આ વર્તન જોઈ રસોઈ આવે ત્યારે કહે : 'ઝોળી માગીને જ જમીએ છીએ.' બાર ગામમાં ભાર પડી ગયો. બધા પક્ષમાં આવી ગયા : 'આ તો સાચા સાધુ છે.' તે દી'નો એમને પક્ષ છે. તે આપણે હજી જઈએ છીએ. વસો, પીજ, નડિયાદમાં આપણું મંડળ છે. વર્તન હતું તો ભાર પડ્યો. ચોખ્ખું વર્તન, નિયમ-ધર્મ રાખવા. નોટને અડી જવાય તો પચ્ચીસ વખત હાથ ધોવા.'

આમ, અત્યંત બ્રહ્મરસ વહેતો હતો ત્યાં સંતો જમવા બોલાવવા આવ્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'કથા કરી તો જમવાનું તૈયાર. ભગવાને મોતિયાનો વરસાદ વરસાવ્યો. જાઓ, રોટલા જમી લો.'

## વચનમાં ટૂક ટૂક તે શ્રદ્ધા

તા. ૧૪મીએ, સવારે પૂજા બાદ કથામાં સા. ૧૮ વચનામૃત સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'શ્રદ્ધા એટલે ભગવાન ને સંતના વચનમાં ટૂક ટૂક. દિવસ કહે તો દિવસ ને રાત કહે તો રાત. ભગતજીને કહ્યું : 'ગિરનાર તેડી આવ.' ત્યારે ગયા. કેવી શ્રદ્ધા ! અત્યારે તો કહે : 'ગુરુનો મગજ બગડ્યો છે, તેથી આમ કહે છે.' સિદ્ધાંત શું ? આપણા હૃદયમાં ન બેસતું હોય તોપણ ટૂક ટૂક તે શ્રદ્ધા !

'સ્વામિનારાયણનું નામ, સ્વામીની વાતું હાલતાં-ચાલતાં બસમાં બોલાય એ શ્રદ્ધા. ઉમંગ સહિત કરવું. સ્વામી કહેતા ભલા ને આપણે હા એ હા ઠપકારીએ, એ શ્રદ્ધા નહિ.'

સ્વામીશ્રી રસોડે જતા હતા. સ્લીપર પહેર્યાં હતાં. હકાભાઈ ચંપલ વગર આગળ ચાલતા હતા. તે જોઈ સ્વામીશ્રી કહે : 'મારાં ચંપલ પહેરો. ભગવાનના ભક્તને ઉઘાડા પગે ન જવા દેવાય.' એમ કહી પાછળ દોડ્યા. હકાભાઈ આગળ અને સ્વામીશ્રી પાછળ. હકાભાઈ 'ના, ના' કહે ને સ્વામીશ્રી આગ્રહ કરે. એવામાં રસોડું આવ્યું તે હકાભાઈ અંદર પેસી ગયા. સ્વામીશ્રીનો આ ભાવ જોઈ

હકા બાપુ ગળગળા થઈ ગયા.

મહારાજે પણ કાઠી દરબારોને આમ જ વશ કર્યા હશે !?

સાંજે અગતરાઈ જતાં રસ્તામાં પધરામણી કરી. રસ્તો ઘણો ખરાબ હતો. ૬-૦૦ વાગે અગતરાઈ પધાર્યા. ઉતારા માટે દીવાન સાહેબનો આલીશાન મહેલ ખોલી આપ્યો હતો. આ યાત્રામાં જ્યાં પહોંચીએ ત્યાં તુરત સ્વામીશ્રી સભા કરાવતા. પહેલાં સંતો પાસે *'અનુભવી આનંદમાં'* ચાર પદો બોલાવ્યાં. પછી રમૂજ સાથે વાતો કરતાં કહે : 'નારણજી મહારાજ એક પટેલની વાત કરતા. તેને જીવલો નામનો છોકરો. ગમાણમાં સૂઈ ગયેલો. પટેલ 'જીવલા, જીવલા' કહી એક શ્વાસે બોલાવવા લાગ્યા. જ્યારે અટક્યા ત્યારે છોકરાએ હુંકારો દીધો. પટેલ કહે : 'અત્યાર સુધી હોંકારો કેમ નહોતો દેતો ?' 'તમે હોંકારો બંધ રાખો ત્યારે બોલું ને !' જીવલાએ કહ્યું. આપણે પણ એવી રીતે ભગવાન ભજી લેવા. જગા ન મળે વચ્ચે. ઊંઘમાં, સ્વપ્નમાં, ખાતાં-પીતાં એ જ સંકલ્પ. એવો ભાવ જ્યારે થાય ત્યારે નિર્દોષબુદ્ધિ આવે. દિવ્યભાવ થઈ જાય.'

## જીવને નિર્દોષબુદ્ધિના પંપ મારવા પડે

રાત્રે પણ ખુલ્લામાં, સભામાં સ્વામીશ્રી ગરમ ટોપી તથા બ્લૅન્કેટ ઓઢી પધાર્યા. વાતો કરતા હતા. ત્યાં આસનની બાજુમાં રાખેલી પેટ્રોમેક્સ ઠરતી હતી. તે જોઈ સ્વામીશ્રી કહે : 'પંપ મારો. જીવને જ્ઞાન, ભક્તિ, નિર્દોષબુદ્ધિના પંપ મારવા પડે ! મેન્ટલ ખરી ગયું તો મોક્ષ બગડી ગયો. ભગવાન ને સંતનો અભાવ આવ્યો તે મેન્ટલ ખરી ગયું. એમ સિદ્ધાંત લેવું.'

આમ, હળવી વાતોમાં પણ સ્વામીશ્રી સિદ્ધાંત સમજાવી દેતા.

## બાપા તો મોટા ડુંગરા ચડી જાય

તા. ૧૫મીએ સવારે પૂજાથી પરવારી સ્વામીશ્રી પ્રસાદી સ્થાનોનાં દર્શન કરવા તૈયાર થયા. તે પહેલાં બંગલાની બહાર એક મોટી શિલા ઉપર બિરાજ્યા. બાજુમાં ઊંચી નારિયેળી હતી. તેની નીચે ઊભેલા સ્વામીશ્રીની મૂર્તિ ખૂબ શોભાયમાન લાગતી હતી. સ્વામીશ્રી કહે : 'સમર્તિ રહે તે માટે બેઠો છું.'

ત્યારે શિવલાલ પરમારે પ્રશ્ન પૂછ્યો : 'જહદ અજહદ એટલે શું ?'

સ્વામીશ્રી કહે : 'અજહદ એટલે અક્ષરધામ; અને જહદ એટલે પ્રકૃતિ પર્યંત નાશવંત.'

સવારે મંદિર, પર્વતભાઈનું ઘર, ખેતર વગેરે પ્રસાદી સ્થાનોનાં દર્શન કર્યાં. પર્વતભાઈના ખેતરમાં જવા માટેનો રસ્તો બહુ વિકટ હતો. નદી ઉપરથી સીધું ચઢાણ હતું. બધાને લાગ્યું કે સ્વામીશ્રી ત્યાં ન જાય તો સારું. સ્વામીશ્રી કહે : 'આપણે તો દર્શને જવું જ છે.'

ત્યારે એક સંત કહે : 'બાપા ! ચઢાશે ને ?'

'બાપા તો મોટા ડુંગરા ચડી જાય !' એમ ઉપર ચઢવાનો નિર્ધાર સ્વામીશ્રીએ જણાવ્યો.

ચઢતાં પહેલાં નદીની રેતીમાં ખુરશીમાં જ બેસી, સભા ભરી, પર્વતભાઈની સ્મૃતિ કરી. માનસીમાં મહારાજને જમાડતાં પર્વતભાઈથી દહીં ઢોળાઈ ગયું એ આ ખેતર. પછી પૂછ્યું : 'ઉપર જવાય છે કે નહિ ?' પછી કહે : 'શાસ્ત્રીજી મહારાજ આ છાંયે બેઠેલા. આ નદી ઉપરના ખેતરમાં પર્વતભાઈને મહારાજે ૨૪ અવતારનાં દર્શન કરાવેલ.'

આમ, પ્રસંગે પ્રસંગે સ્વામીશ્રી પોતાના ઇષ્ટદેવ અને ગુરુ શાસ્ત્રીજી મહારાજની અખંડ સ્મૃતિ કરતા-કરાવતા. કથાવાર્તા, ભજન-ભક્તિ તથા સ્મૃતિમાં એક ક્ષણનો પણ સોપો પડવા દેતા નહિ.

લીંબડીનાં મૂળિયાં પકડી સ્વામીશ્રી ઊંચું અને સીધું ચઢાણ પણ ચડી ગયા. દર્શનનો કેવો ઇશક ! ૭૨ વર્ષની ઉંમરે પણ નવયુવાનને શરમાવે એવી સ્ફૂર્તિ !

ખેતરમાં સભા ભરી કહે : 'પહેલાં પંડે શાસ્ત્રીજી મહારાજ અહીં આવેલા. તે વખત રસ્તો સારો હતો. હવે બંધ કર્યો છે. જુઓ, આપણે પ્રસાદીના ખેતરમાં બેઠા. મહારાજની મૂર્તિ અખંડ સૌને વશ થાય અને મહારાજ સૌને અખંડ દર્શન દે, તે ધૂન કરો.' એમ કહી ધૂન કરાવી. આવા શુભ સંકલ્પો અને ધૂન સ્વામીશ્રી અખંડ કરાવતા. સૌને જાણપણું આપતા. ભગવાનમાં જોડાવાની સતત પ્રેરણા આપતા. જો કે મહારાજને અખંડ ધારણ કરીને પોતે તો પ્રત્યક્ષ જ હતા.

આજે સંતોએ ખીચડી તથા રોટલા બનાવેલાં. ઠાકોરજી જમાડી સ્વામીશ્રીએ બંગલાના હૉલમાં સભા કરી. ગઢડા મધ્ય ૨૮ તથા ૨૯ વચનામૃતો વંચાવી સ્વામીશ્રીએ વાત કરી : 'આસક્તિ કરવાનો બીજો કોઈ ઉપાય ન મળે; સેવા ને સંસ્કારથી કથામાં આસક્તિ થાય.'

પછી કહે : '૩૦મું વાંચી લો.' હકાખાચર બોલ્યા : 'આજે ત્રણ કેમ ?' ત્યારે કહે : 'નાનાં છે એટલે.' અતિશય દોષદૃષ્ટિનો અર્થ કરતાં કહ્યું : 'ઊલટી થયા પછી તેમાં હેત થાય ? તે અતિશય દોષદૃષ્ટિ. બ્રહ્મરૂપ થાય તેને બંધન નથી.'

સ્વામીશ્રી સમય મળે ટપાલ લખવા મંડી જાય. રાત્રે પણ ટપાલ લખે. અહીં સવારે ૫-૦૦ વાગે પણ બૅટરીના અજવાળે અડધો કલાક સુધી ટપાલ લખી હતી.

સાંજે પીપલાણા જવા નીકળ્યા. રસ્તામાં સોરઠ-વંથળીના મંદિરમાં, જેની નીચે બેસી ગુણાતીતાનંદ સ્વામીએ કલ્યાણભાઈને કહેલું કે 'આ બેઠું તે અક્ષર છે' તે થાંભલાનાં દર્શન કર્યાં.

પછી સૂર્યકુંડનો રસ્તો શોધી ત્યાં ગયા. ઘણી વાર સ્વામીશ્રી આને બ્રહ્મકુંડ કહેતા. કુંડ આગળ ઊભા રહી, પાણી મંગાવી બધાને માથે ચઢાવ્યું. પછી વાત કરી કે 'શાસ્ત્રીજી મહારાજ સાથે હું અહીં આવ્યો ત્યારે આ (કુંડના ડાબી બાજુના) ગોખલામાં માળા ભૂલી ગયેલો. ચાલ્યા પછી યાદ આવ્યું. ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'ભલે ત્યાં પડી રહી. બીજા ફેરવશે.' આ કુંડમાં મહારાજ વર્ણીરૂપે નાહેલા અને અહીં સદાવ્રત જમ્યા હતા.'

બાદ મેઘપુર પધાર્યા. મંદિરમાં તથા લાડકીબાઈનાં ઘર વગેરે પ્રસાદી સ્થાનોનાં દર્શન કર્યાં. ગામથી અડધો માઈલ દૂર આંબાવાડીમાં કૂવો છે, ત્યાં રામાનંદ સ્વામી તથા મહારાજ નાહ્યા છે, ત્યાં પધાર્યા. મહારાજ માણાવદરથી ડૂબકી મારી મેઘપુરમાં અહીં નીકળેલા.

## પ્રસાદી-જળ માટે સંતોએ કોશ ખેંચ્યો

સ્વામીશ્રી કહે : 'કૂવામાંથી કોશ ખેંચી પાણી કાઢો.'

બળદ નહોતા તેથી સંતોએ કોશ ખેંચ્યો ને પ્રસાદીનું જળ સૌને ચઢાવ્યું. હજુ સંતોષ ન થતાં સ્વામીશ્રી કહે : 'કૂવાનાં જળનાં દર્શન કરવાં છે.' તેથી કૂવા પાસેના ખાડામાં ઊતરી જળનાં દર્શન કર્યાં. ઉપર આવી ભટેશાને લઈને ફરીથી ગયા ને કહે : 'આ વાવ હતી અને કોશની સામેની જગાથી મહારાજ ધૂબકો મારતા. દિવ્ય લીલા કરતા.'

સ્વામીશ્રીની આટલી ઉત્સુકતા અને દર્શનની તાલાવેલી ઉપરથી લાગે કે તેઓ આજે પણ આ જ સ્થળે મહારાજને પ્રત્યક્ષ લીલા કરતાં નિહાળી રહ્યા છે. આપણને પણ એ દૃષ્ટિથી જોવા, અનુભવવા સૂચવતા હતા. અપરોક્ષાનુભૂતિ વગર આવું કેમ સંભવે ?

## ખુરશી ઉપાડે તેનો મોક્ષ

સ્વામીશ્રીએ કૂવા પાસે પડેલો મોટો પથ્થર બતાવી કહ્યું : 'અહીં શાસ્ત્રીજી

મહારાજ બેઠેલા.' સૌ સંતોએ સ્વામીશ્રીને ત્યાં બેસાડ્યા.

ખુરશીમાં બેસી આગળ ચાલ્યા. સંધ્યાના ગુલાબી રંગોમાં સ્વામીશ્રીનાં ભગવાં વસ્ત્રો વધુ દીપતાં હતાં. વણથળીના ત્રણ હરિભક્તોએ ખુરશી ઉપાડી હતી. સ્વામીશ્રી કહે : 'ખુરશી ઉપાડનાર દરેકનાં નામ લખી લો. પંચતીર્થીમાં આવનાર દરેક સાધુ, પાળા, યુવક, હરિભક્તનાં નામ લખી લો.'

ગામનો એક નાનો છોકરો ખુરશી ઉપાડવા આવ્યો. નાનો હતો તેથી કોઈએ ના પાડી. સ્વામીશ્રી કહે : 'ભાવથી આવ્યો છે તો આવવા દો.'

કોઈકે કહ્યું : 'ભાવ ભારે પડશે.' (કદાચ પાડે તો !)

'મોક્ષ કરવો છે માટે ઉપાડવા દો. ખુરશી ઉપાડે તેનો પણ મોક્ષ કરવો છે.' સ્વામીશ્રીએ કહ્યું. પછી વિક્રમ, ગુણવંતભાઈ, અરવિંદ, વાસુદેવ, સુધીર પ્રદીપ વગેરે યુવકોએ વારાફરતી ખુરશી ઉપાડી.

રાત્રે ૯-૩૦ વાગે પીપલાણા પધાર્યા. અહીંના મહંત જોગી સ્વામી ધર્મપ્રસાદદાસજીએ સ્વામીશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. રાત્રે સ્નાન કરી, સ્વામીશ્રીએ સભામંડપમાં બહુ વાતો કરી.

તા. ૧૬મીએ, સવારે મંગળા આરતીનાં દર્શન કરી અંધારામાં જ પ્રદક્ષિણા ફરતાં કહે : 'શાસ્ત્રીજી મહારાજ સાથે અમે આવ્યા હતા ત્યારે નીચે ઊતર્યા હતા. દાખલ થતાં સામેની પ્રદક્ષિણામાં સંતો સૂતા હતા. અમે ઘુમ્મટ નીચે સૂતા હતા. રામાનંદ સ્વામીનો મેળાપ નીચે જ્યાં ભોજનશાળા છે ત્યાં થયેલો.'

નરસિંહ મહેતાનાં ઘર, જ્યાં મહારાજ વર્ણીવેશે દૂધ અને ઠુમરો જમ્યા હતા, ત્યાં બેટરીના અજવાળે દર્શન કર્યાં.

ત્યાગવલ્લભ સ્વામીએ પૂછ્યું : 'ઠુમરો એટલે શું ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'જુવારનું ઠાઠું.'

'ઠાઠું એટલે શું ?'

'જુવારનું ધાન.'

'ધાન એટલે શું ?'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'જુવારને ખાંડીને બાટી કરી, દૂધ સાથે જમે તે.'

## શાસ્ત્રીજી મહારાજે અહીં દૂધ પીધું હતું

સવારે સાધુ લક્ષ્મીનારાયણદાસે સાથે આવી પ્રસાદી સ્થાનોનાં દર્શન

કરાવ્યાં. મહારાજનું દીક્ષા સ્થાન તથા ઓઝત નદીનાં દર્શન કરતાં કરતાં ગાડામાં બેસી આખા પધાર્યા.

અહીં મંદિરમાં કૃષ્ણસ્વરૂપાનંદ બ્રહ્મચારીની મૂર્તિ જોઈ સ્વામીશ્રી કહે : 'મને ૩૦ વર્ષ પહેલાં અન્નકૂટની પ્રસાદી દીધેલી.'

પછી ઉનેવાળ બ્રાહ્મણની ફળી વચ્ચે પીપળો છે, ત્યાં પધાર્યા. સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ કેશોદ, અગતરાઈ થઈ અહીં આવ્યા હતા. ભૂલા પડ્યા હતા અને અહીં પીપળા નીચે પગથિયાં આગળ રાત્રે ૮-૦૦ વાગે દૂધ પીધું હતું, અને મને પ્રસાદી આપી હતી.'

'આપે પીધું હતું ?' સંતોએ તુરત પૂછ્યું.

'હા, શાસ્ત્રીજી મહારાજે પ્રસાદી આપી હતી. હરિભક્તોએ કહેલું કે 'જમી લો.' સ્વામી કહે : 'ટાઈમ નથી.' તેથી દૂધ પીધેલું.'

લાડકીબાના કુટુંબી વ્રજલાલ નરભેરામ મહેતાનો પુત્ર ભરત સાથે હતો. તેણે અહીં પધરામણી કરાવી. મૂળ લાડકીબાનાં ઘર અહીં હતાં. ભરત સાકર લાવ્યો. સ્વામીશ્રી કહે : 'ધરાવીને લાવો. હકાભાઈ બે શબ્દ બોલો. સંતો બેસી જાઓ. પ્રસાદીનું ઘર છે.'

થોડા છોકરા આગળ બેસી ગયેલા. તેમને કહે : 'છોકરા ! સંતોને બેસવા દો. નહિ તો સંત બનાવવા પડશે.' પછી કહે : 'અહીં પહેલાં લાડુ વહેંચતા હતા. હાલ સાકર વહેંચાય છે...'

કૃષ્ણસ્વરૂપાનંદ બ્રહ્મચારીને ઘરે ધૂન કરતા ગયા. સ્વામીશ્રી પોતાની ખુરશીની આજુબાજુ ચાલનારને અચૂક ધૂન બોલવા કહે.

આખાથી આવી, સ્વામીશ્રી હાથ-પગ ધોઈ, તરત ટપાલ લખવા બેસી ગયા. પછી કહે : 'ચાર તીરથ સાથે થયાં. મેઘપુર, વંથળી, પીપલાણું ને આખા. નકશો કરવો. જૂનાગઢ, જેતપુર, ફણેણી, ગણોદ, ઉપલેટા, ધોરાજી, વરજાંગ જાળિયા બાકી રહ્યાં છે.'

સંતો કહે : 'ધારી બાકી છે.'

ત્યારે કહે : 'તે તો ટળી ગયું.'

'ધારીમાં ડેમ બંધાય છે તેથી ગામ ડૂબી જાય તેવી સંભાવના છે.' કોઈક બોલ્યું.

'સારું થયું, સંભારવું મટ્યું.' એક ક્ષણના પણ વિલંબ વગર સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો. ધારી પ્રત્યે આવો જીવમાંથી અનાદર જણાવ્યો.

ભટેશાની રસોઈ જમીને સાંજે સરદારગઢ જવા નીકળ્યા. પીપલાણાના મહંત જોગી સ્વામી તથા સંતોનો ભાવ ખૂબ હતો. તેમણે કહ્યું કે 'આ તમારું જ માનજો.'

## કોટિ કલ્યાણ શું ?

સરદારગઢ જતાં રસ્તે સ્વામીના બોડકા પધાર્યા. અહીં મંદિરે દર્શન કરી, એક-બે પધરામણી કરી, સરદારગઢ આવ્યા.

સાંજે આરતી પછી સંતો *'સંત વિના રે સાચી કોણ કહે...'* કીર્તન ગાતા હતા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'દરેક સંપ્રદાય એક કલ્યાણ લખે. આમાં કોટિ કેમ લખ્યું ?' પછી પોતે જ ઉત્તર કર્યો :

'બીજામાં જોડાયેલા હતા, તેને ખેંચી પોતામાં જોડી દીધા. ગમે તે મૂર્તિ પધરાવી, પણ ખેંચ્યા પોતામાં ! બીજે ક્યાંય કલ્યાણ છે જ નહિ એવો નિશ્ચય કરાવ્યો. અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ મળ્યાનો આનંદ કરાવ્યો. લાખો જીવોનાં આત્યંતિક કલ્યાણ માટે પધાર્યા અને કલ્યાણ કર્યું. દેવ, અવતાર ને એકાંતિક ધર્મ સમજાવી સર્વોપરી ઉપાસના કરાવવા પુરુષોત્તમ ભગવાન પધાર્યા. મૂળ અક્ષરબ્રહ્મ ને એકાંતિક સંતમાં ખેંચી લીએ ને બીજે માલ ન મનાય તે કોટિ કલ્યાણ !

*'ડર ના રહ્યો કોઈ દેવનો.'* આ કડી કોઈ ન લખે. પંચાળામાં બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહેલું : 'મારા શાલિગ્રામ મોટા છે. એક બાજુ ચંદન ઘસી બીજી બાજુથી ચર્ચીશ.' આ બ્રહ્માનંદ સ્વામી જ કહી શકે. એવો કાંટો હોય તો કોઈનો ભાર ન રહે.'

## જ્ઞાનના ચોર

સ્વામીશ્રી ખૂબ જ કેફમાં બોલતા હતા : 'કંગાલપણું, જાચકપણું આખી દુનિયામાં હોય છે. બાપાએ કાઢી નાખ્યું. જ્યાં-ત્યાં જય જય જય શરૂ કરે. મહારાજના પ્રતાપે કંગાલપણું ટળી ગયું. વઢવાણમાં સગરામ વાઘરીની ઘરવાળીએ બ્રાહ્મણનો વીરડો અભડાવ્યો. તેણે કહ્યું : 'પુરુષોત્તમ નારાયણ માટે લઈ જવું છે. મારે ઘરે મહારાજ પધાર્યા છે !' તે મસ્તી આવી ગઈ. જગતનો હિસાબ નહિ. ખુમારી ને કેફમાં રહેવું. પચાસ વરસનો, સો વરસનો થાય, પણ ખુમારી ન મટે. ઈશ્વર સ્વામી ! અણસમજણ અળગી થઈ શું ? પ્રકૃતિપુરુષનો

ભાર તે અણસમજણ ! ભાર ન રહે તે અણસમજણ નીકળી ગઈ.'

રાતની સભામાં સ્વામીશ્રીએ કેટલાક મુદ્દા જણાવ્યા હતા કે 'મહારાજે નીતિ પ્રવર્તાવી શું ? કોઈ આપણું બગાડે, પણ આપણે ન બગાડવું.'

'જ્ઞાનના ચોર થવું શું ? અહીં વાત થાય તે ભૂલી ન જવું. જીવમાં ઉતારવું. શું વાત થઈ હતી ? એક શબ્દ અંતકાળે સાંભરી આવે તો પરલોકનું ભાથું થાય.

'સહજાનંદજી ઓળખ્યા વિના... એ શું ? એક પાણી પૃથ્વી ઉપર અને એક પાણી પૃથ્વી નીચે છે. કયું પાણી તરસ છીપાવે ? પ્રત્યક્ષ હોય તે જ તરસ છીપાવે. તેમ બીજામાં ભગવાન વસ્યા છે, પણ પ્રત્યક્ષ ભગવાન અને સંત મળે તે જ મોક્ષ કરે.

'સત્સંગ કર્યો તે જીવનું ભાથું. પુણ્યદાન કર્યાં તે શેઠિયા, રાજા ઊપડી ગયા. બુદ્ધિના વેપારી ચાલ્યા ગયા. આવું થાય છે. જીવનમાં ઉતાર્યું એટલું જીવનું ભાથું.'

ઘણી વાર સ્વામીશ્રી સુંદર શબ્દપ્રયોગ કરતા. નવીન અને આબેહૂબ. અહીં 'બુદ્ધિના વેપારી' શબ્દ વાપરી બુદ્ધિના ડોડમાં ફરનારા, ડહાપણમાં મહાલનારા વગેરે બધાને આવરી લીધા.

## આનંદના ઓડકાર

તા. ૧૭મીએ, વહેલી સવારે પથારીમાં જ બેઠાં બેઠાં સંતો સાથે વિનોદ કરતા હતા. પછી ગંભીરપણે બોલ્યા : 'એ...ય આનંદ કરવો...!'

સ્વામીશ્રી ઘણી વાર આ વાક્ય બોલતા અને સત્સંગનો - સંતની પ્રાપ્તિનો આનંદ માણવા ટકોર કરતા. પોતે ભગવાનનો આનંદ અખંડ ભોગવતા હોય એનો ઓડકાર સ્વામીશ્રીના આ ઉદ્ગારોમાં જણાતો હતો.

'એ...ય આનંદ કરવો. કથાવાર્તા જે થઈ તે સમર્તિ રાખવી. શ્રવણ, મનન, નિદિધ્યાસન ને પછી સાક્ષાત્કાર થઈ જાય. ૧૧ ગામ ફર્યા. મહારાજ-સ્વામીની લીલા, ચમત્કાર, સમાધિ વગેરે પ્રસાદી સ્થાનોનાં દર્શન કર્યાં. સર્વ પ્રસાદી સ્થાનોને નવીન જીવન મળી ગયું ! સંસ્કાર નવા લાગ્યા !'

જેણે મહારાજને અખંડ સાથે રાખ્યા હોય તે સંત વિના આવા શબ્દો નીકળી શકે નહિ.

'સભા થાય ત્યારે કામ મૂકી બેસી જવું. મહારાજ છતાં પહેલાં સંતો, પછી પાર્ષદો, પછી ભક્તો બેસી જાય. પંચાળામાં સભા જોઈને જ થાય, 'આ શું સભા ?'

સ્વામી શાસ્ત્રીજી મહારાજ ગાદી ઉપર બેઠા હોય એવું લાગે. દેખતાં જ ટાઢું.'

વળી, પોતાની અને શાસ્ત્રીજી મહારાજની એકતા બતાવી.

'આવું દર્શન એક યુરોપિયન પાદરીએ વડતાલમાં આ સભાનું કર્યું. આશ્ચર્ય પામી બોલ્યો : 'આટલા પાદરી ક્યાંથી ?' ગુણ લઈ વયો ગયો ને કહે : 'અમારે આવું નહિ. દર્શનથી જ શાંતિ થઈ જાય.'

સંતો પાસે અષ્ટક તથા પ્રભાતી પદો બોલાવ્યાં. ૧૮ પદો સંતો બોલ્યાં. ત્યાં સ્વામીશ્રી સ્નાન કરી પધાર્યા. પૂજામાં આરતી કરી ત્યાં ઉધરસ આવી. સ્વામીશ્રીને બે હાથની આંગળીઓ ગળા ઉપર મૂકે અને અંગૂઠા બહારની બાજુએ છૂટા રહે. તેમ રાખી ઉધરસ ખાવાની ટેવ. વળી, ઊભા થઈ હાથ મસળે. જમણા હાથમાં ડાબો હાથ પાંચ આંગળીઓ સહિત મસળે.

## મ્યુઝિયમ કરવું છે

પૂજા બાદ ૭-૩૦ વાગે ઓસરીમાં સભામાં બિરાજ્યા અને બોલ્યા :

'પહેલાં જ્ઞાન અને પછી ધ્યાન. કાઢો વચનામૃત કા. ૩. દિવાળીનો તહેવાર છે તે મહારાજ પધારે છે. ઉત્તરાદા ઓરડા જોયા છે ને ? સૌએ જોયા છે. કોઈ શેઠિયો મળી જાય, લાખ રૂપિયા દેનારો, તો બધા ઓરડા લઈ લેવા અને ઉપર કવર કરી દેવાં. બે લાખ રૂપિયા દેનારો મળે તો મ્યુઝિયમ કરવું. હજારો વર્ષ પછી બતાવવા થાય. વસ્તુ ન જવા દેવી.'

પછી ખટકો રાખવા ઉપર વાત કરી : 'કથામાં ખટકો રાખવો. જુવાન અવસ્થામાં વધી જાય. જુવાન અવસ્થા સંસારમાં જ વાપરે તો જમપુરીમાં જાય અને ભગવાન માટે થોડી પણ વાપરે તો ભગવાનના ધામમાં જાય.

'થાય છે, કરાય છે, એમ પ્રમાદી ન થાવું. દુનિયા ભલે પ્રમાદી થઈ. પ્રમાદ દુનિયામાં મોકલવો. સૂતા હોય તે વધુ સૂતા રહે ! પ્રમાદ, મોહ, જાવ સંસારમાં !

'મહારાજ પોતે વાત સમજાવે છે કે 'અમને એવો વિચાર થયો કે માતાનો ભાગ જે રુધિર તે કાઢી નાખવો.' માટે આપણે રમત-ગમત નહિ, હસવું નહિ, છોકરાબાજી નહિ, મશ્કરી નહિ.'

## જીવમાં ઉતારવા જેવું વચનામૃત

બપોરની સભામાં ગ.અં. ૧૧મું વચનામૃત કઢાવ્યું. પછી સંતોને કહે :

'રસોઈ-પાણીમાં હાજર રહેવું. પીરસવું. અબોટ કરી દેવો. વાસણ ઘસવાં.

સ્વામી હોય તે ડબલ કામ કરે. સ્વામી થયા તે મોટપ આવી ગઈ એવું કાંઈ નહિ. સેવા કરે તે મોટપ. સખાભાવ રાખવો. કહેવું, સાંભળવું, પણ આંટી નહિ.

'મનનું ગમતું કરીએ તો મન આપણને રમાડે. મનને મતે ચાલે તે મૂરખ. મન ચંચળ છે. મનધાર્યું મૂકવું તે જ ભક્તિ, તે જ સેવા. મનને ભંગી કીધો.

'આ વચનામૃત જીવમાં ઉતારવા જેવું છે. આ ઉતારે તો બધા દેશકાળ ઊડી જાય. એક જ ઉતારવા જેવું છે. સીતાજીને કેટલો મહિમા ? દુઃખ તો પાતાળ જેટલું હતું, પણ જ્ઞાનની સમજણે કરીને 'કાંઈ દુઃખ નથી' એમ કહેવરાવ્યું. સુખે ભજન એટલે કે હેતથી ભજન કરવાનું કહ્યું. તમથી વિમુખ નહિ થાઉં. બીજો તો 'જય સ્વામિનારાયણ !' પહેલી ગાડી પકડે. આવે જ નહિ.'

હકાખાચરે હસતાં હસતાં પૂછ્યું : 'આ વચનામૃત બપોરિયાંમાં આવે ?'

સ્વામીશ્રી કહે : 'ન આવે. ગ.અં. ૭-૮ બપોરિયાં. આપણે આજે પધરામણીએ નથી ગયા, તેથી થાક નથી લાગ્યો. ૧-૩૦ વાગ્યો હોય, તો બપોરિયાં કાઢવાં પડે.'

હકાખાચર બપોરની કથામાં હંમેશાં ગમ્મત કરતા. સ્વામીશ્રી ખડખડાટ હસતા. પણ આજે સ્વામીશ્રીએ બપોરિયાં - કહેતાં બપોરનાં નાનાં વચનામૃતો કેમ ન વાંચ્યાં, તે રમૂજમાં જ પણ સ્પષ્ટ સમજાવ્યું. પોતાની રુચિ જણાવી.

પછી સ્વામીશ્રી કહે : 'સીતાજીને અવગુણ લેવાનો ટાઈમ તો હતો, પણ એમાં અવગુણ ન લીધો. તે સમજણ વખાણી. કોઈ રીતે ભૂલ વિના ટોકે, ન હોય ને ટોકી પાડે, તોપણ અવગુણ ન લે.'

બપોરે ૪-૦૦ વાગે ઊઠ્યા ને ઠાકોરજીને દંડવત્ કરી ધ્યાન કરવા બેઠા. મોં ધોવા માટે પાણી લાવ્યા ત્યારે બે કોગળા કરી, મોં ધોયું અને નેપકીનથી હાથ થોડા લૂછી નેપકીન મૂકી દીધો. લગભગ ૧॥ તુંબડી પાણી પીધું. બહાર ઓસરીમાં આવી, સંતોને થોડી વાતો કરી, માણાવદર જવા નીકળ્યા.

નેપકીન સ્વામીશ્રી દેખાડવા પૂરતો જ વાપરતા. લૂછે છે એવું બતાવે, પણ કોઈ દિવસ નેપકીનથી ભાર દઈને મોં કે હાથ-પગ લૂછ્યા નથી. જાણે કાંઈક અજુગતું થતું હોય તેમ ભીતિથી નેપકીનનો ઉપયોગ કરતા. તે પણ પાછળથી. બપોર પછી સ્વામીશ્રી પાણી વધારે પીતા.

## આત્મારૂપ થઈ પુરુષોત્તમને ધારવા તે સાધ્યું

સાંજે માણાવદર આવી પહોંચ્યા. અંગ્રેજી શાળામાં સ્વામીશ્રી તથા

સંતોનો ઉતારો હતો. સ્વામીશ્રીની ૭૨મી જન્મ જયંતી ઉજવણી નિમિત્તે ઉતારા સામેના મોટા મેદાનમાં મંડપ બાંધ્યો હતો. આવીને તુરત સ્વામીશ્રીએ ઉતારામાં સભા ભરી. પોતે ટપાલ લખતા હતા. સંતો પાસે કીર્તન ગવરાવ્યાં. પછી ધૂન-ભજન કરતાં સંઘ સાથે સ્વામીશ્રી મંદિરે દર્શને પધાર્યા હતા.

રાત્રે સભામાં સ્વામીશ્રીએ વાતો કરતાં એક મુદ્દો જણાવ્યો હતો : ‘આપણે સાધુ થયા તે શું સાધ્યું ? આત્મારૂપ થઈ પુરુષોત્તમને ધારવા તે સાધ્યું.’

રાત્રે પ્રમુખસ્વામી સારંગપુરથી આવી પહોંચ્યા.

તા. ૧૮-૫-’૬૩, સવારે સભામાં ચીમનલાલ શાસ્ત્રીએ ‘હરિલીલા-કલ્પતરુ’ ગ્રંથની પારાયણનો પ્રારંભ કર્યો.

કથા દરમ્યાન ગામોગામથી હરિભક્તોના સંઘ આવે તે દર્શન કરવા સ્ટેજ ઉપર આવતા. સ્વયંસેવક તેઓને અટકાવે. ત્યારે સ્વામીશ્રી કહે : ‘ભલે આવતા.’

## પૂરણ બ્રહ્મ એટલે ગુણાતીત

સાંજે મેં તથા નારાયણ ભગતે કથાનું વાચન કર્યું. રાતની સભામાં મૂળ માણાવદરના મુંબઈમાં રહેતા બચુભાઈ જાનીએ સ્વામીશ્રીના મહિમાનાં સ્વરચિત કીર્તનો ગાયાં હતાં. મોહન બગડ તથા પ્રમુખસ્વામીનાં વક્તવ્યો બાદ સ્વામીશ્રી આશીર્વાદમાં *‘શીદને રહીએ રે કંગાળ રે સંતો...’* એ પદનું ચરણ બોલતાં કહે : ‘નિષ્કુળાનંદ ભેળા રહેતા તો આ શબ્દ નાખી દીધો. ‘પૂરણ બ્રહ્મ’ એટલે ગુણાતીત; અને ‘પુરુષોત્તમ’ એ બે શબ્દ નાખ્યા.’

બીજે દિવસે સવારે પહેલાં મંદિરે દર્શને પધાર્યા. અહીં સાધુની ધર્મશાળામાં શાસ્ત્રીજી મહારાજનું આસન આંગળી ચીંધી બતાવ્યું. સંતોએ પૂછ્યું : ‘આપનું આસન ક્યાં હતું ?’ ત્યારે સ્વામીશ્રી કહે : ‘હું સ્વામી પડખે જ હોઉં ને !’

છગનભાઈને ઘરે મહારાજની પ્રસાદી વસ્તુઓનાં દર્શન કર્યાં. સંતોને નિર્જળા ઉપવાસ હોવાથી સભામાં જઈ ચોસઠ પદી બોલવા કહ્યું. પછી પોતે સભામાં પધાર્યા. એમના આસન ઉપર રેશમી ચાદર હતી. તે જોઈને કહે : ‘રેશમી કાઢી લો અને સુતરાઉ ભગવી પાથરો.’

પછી યજ્ઞમંડપમાં પધાર્યા. આ પ્રસંગે નારણસિંગ મસીન્ડીવાળા વેરાવળથી આવી પહોંચ્યા. અહીં સ્વામીશ્રીએ ત્રણ પાર્ષદોને ભાગવતી દીક્ષા અને છ યુવાનોને પાર્ષદ દીક્ષા આપી, સભામાં પધાર્યા. પારાયણની પૂજા, આરતી કરી. સ્વામીશ્રી આસન ઉપર બેસવા જતા હતા ત્યાં યાદ આવ્યું :

'અલ્યા, દંડવત્ રહી ગયા.' એમ કહી દંડવત્ કર્યા.

આફ્રિકાથી આર.યુ. પટેલ, હરમાનભાઈ તથા સી.એમ. પટેલ તેમજ નંદાજી પણ સમૈયાનો લાભ લેવા આવી પહોંચ્યા હતા.

સાંજે પારાયણની સમાપ્તિ પછી ગામમાં સુંદર શોભાયાત્રા કાઢવામાં આવી હતી. મંદિરે દર્શન કરી, યાત્રા મંડપમાં વિરામ પામી હતી. રાત્રે ૧૨-૦૦ સુધી સ્વામીશ્રીએ સભામાં બિરાજી કથાવાર્તા તથા ચેષ્ટા કર્યાં હતાં. નંદા સાહેબે કંઠી ધારણ કરી ત્યારથી નિયમિત ચેષ્ટાગાન કરતા. તેઓ પણ સ્વામીશ્રી અને સંતો સાથે ચેષ્ટાગાનમાં જોડાયા.

## જયંતીનું ફળ

તા. ૨૦-૫-'૬૩, સ્વામીશ્રીનો ૭૨મો જન્મ જયંતી દિન. સ્વામીશ્રી સ્નાન કરતા હતા ત્યારે એક પ્રેમી ભક્તે સ્વામીશ્રીના મસ્તક ઉપર પાછળથી અચાનક દૂધનો અભિષેક કર્યો. સ્વામીશ્રી એકદમ ચોંકી ગયા. ગભરાઈ ગયા હોય તેમ તે ભક્તને હાથ પકડી કહ્યું : 'આવું સાધુને ન હોય. પાણી લ્યો, હવે આવું કોઈ દિવસ નહિ કરું.'

પૂજા પછી યજ્ઞની પૂર્ણાહુતિ કરી. જયંતી નિમિત્તે દેશોદેશના હરિભક્તોની ભવ્ય સભા થઈ હતી. મુંબઈથી સંતોએ પ્લેનમાં પુષ્પ મોકલ્યાં હતાં, તે સાથેના સંતોએ સુંદર હાર તથા ગજરો બનાવ્યા. જે પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીનું પૂજન કરી પહેરાવ્યા ત્યારે સભા જયનાદોથી ગાજી ઊઠી હતી.

સંદેશા-વાચન બાદ કોઠારી ભક્તિપ્રિય સ્વામીએ તથા નારાયણ ભગતે સ્વરચિત પ્રશસ્તિ શ્લોકોનું ગાન કર્યું. મહંત સ્વામી તથા પ્રમુખસ્વામીનાં પ્રવચનો બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે આફ્રિકા મંડળે આર.યુ. પટેલની આગેવાની નીચે ગઢપુર મંદિરમાં શેષ કાર્ય માટે મોટી સેવા સ્વામીશ્રીને અર્પણ કરી હતી. તેના અનુસંધાનમાં સ્વામીશ્રીએ કહ્યું :

'આ જયંતીનું ફળ આ જ છે. રોટલા ખાવાથી શું ફળ મળે ? કાંઈ દેવની સેવા થાય, કાંઈ નિર્દોષબુદ્ધિ ભગવાનના ભક્તમાં થાય, ભગવાનના ભક્તમાં સુહૃદભાવ વધે, માયા નીકળી જાય, તે જ ફળ છે.

'આપણે આ દુનિયામાં આવ્યા છીએ તેમાં ત્રણ કામ. એક તો ભગવાન ને ભગવાનના ભક્તમાં સુહૃદભાવ. બીજું ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ રાખવો; તેમાં આબરૂ વધો કે ઘટો, માન થાઓ કે અપમાન થાઓ, દેહ જીવો કે

મરો, પણ ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ રાખવો તે જ સિદ્ધાંત. ત્રીજું શું ? મહારાજની જે આજ્ઞા પંચ વર્તમાન, અગિયાર નિયમોમાં ફેર ન પાડવો.'

મોટાસ્વામીના સંબોધન પછી નંદાજીએ પ્રવચન કર્યું. મોટેરા હરિભક્તોએ ૭૨ દીવાની આરતી ઉતારી. સૌએ વારાફરતી જન્મ જયંતી નિમિત્તે ગુરુપૂજનનો લાભ લીધો. ૧-૩૦ વાગે પૂજન પૂરું થયું. પછી સ્વામીશ્રીએ રસોડે જઈ રસોઈને દૃષ્ટિપ્રસાદીની કરી. ઉતારે આવી મોટેરા હરિભક્તોને શીખંડ પીરસ્યો. પછી પોતે ઠાકોરજી જમાડ્યા. કથા કરી.

સાંજે લક્ષ્મીવાડીએ નંદાજી સાથે દર્શને પધાર્યા હતા. ગંગાજળિયો કૂવો તથા છત્રીએ દર્શન કરી, ઉતારે પધાર્યા. રાત્રે પેટ્રોમેક્સના અજવાળે ઉતારે સભા કરી. સ્વામીશ્રીએ એક કલાક સુધી અત્યાર સુધીના વિચરણનો - પંચતીર્થીનો આબેહૂબ ખ્યાલ આપ્યો; જે સાંભળતાં સભાજનો સ્વામીશ્રીની મૂર્તિમાં જ લીન થઈ ગયા હતા. સૌને યાત્રા કર્યાનો સાક્ષાત્ લાભ મળ્યો.

## કેસર કેરીનો પ્રસાદ

કમ્પાલાના વસનજીભાઈ ગોકલદાસ રૂપારેલીઆ ખાસ આ પ્રસંગે આવ્યા હતા. માણાવદર તેમનું વતનનું ગામ. આફ્રિકામાં મગનભાઈ થકી તેઓ સત્સંગી થયા હતા. સ્વામીશ્રીનાં દર્શનની તેમને ઉત્કંઠા. જો કે તેમના પિતાશ્રી તથા સગાંવહાલાં ચુસ્ત વૈષ્ણવ હતાં. તેથી તેઓ સ્વામીશ્રીનાં દર્શને આવશે કે કેમ એ તેમને શંકા હતી. અહીં આવ્યા પછી, તેમના પિતાશ્રીને સ્વામીશ્રીની પધરામણી કરાવવા માટે વાત કરી. તેમણે સહર્ષ એ વાત સ્વીકારી લીધી. ત્યારે તેમને ઘણું આશ્ચર્ય થયું.

નક્કી કર્યા મુજબ સ્વામીશ્રી તેમના ઘરે પધરામણીએ આવ્યા. તેમના પિતાશ્રીએ સંકલ્પ કર્યો કે 'સ્વામીશ્રી પોતાને બોલાવીને કેસર કેરીનો પ્રસાદ આપે તો તેમને મોટા સંત માનું.'

પૂજન-આરતી પછી સ્વામીશ્રીને મેવો જમવા વસનજીભાઈએ આગ્રહ કર્યો. સ્વામીશ્રીએ ઠાકોરજીને ધરીને પ્રથમ ગોકલદાસને ખાસ બોલાવ્યા. અને તેમના સંકલ્પ પ્રમાણે તેમને કેસર કેરીની પ્રસાદી આપી ! ગોકલદાસભાઈને સ્વામીશ્રીની અંતર્યામી શક્તિનો આ અદ્‌ભુત અનુભવ થયો. સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવી કંઠી બાંધી, તેઓ સત્સંગી થયા. વસનજીભાઈના આખા કુટુંબમાં સત્સંગ થઈ ગયો. તેમના આનંદનો પાર ન રહ્યો. તેમણે સ્વામીશ્રીને કહ્યું :

'મારા પિતાશ્રીને આપે કંઠી બાંધી તે મોટો ચમત્કાર કર્યો. આપના પ્રત્યે જે વિરોધ હતો તે શમી ગયો. તેનો મને બહુ આનંદ થયો છે. કારણ કે આપના પ્રત્યેના અભાવને કારણે તેમના જીવનું બગડી જાત, પરંતુ આપે કરુણા કરી ઉદ્ધાર કર્યો.'

## ભીતર ઠંડક હૈ

તા. ૨૧મીએ સવારે ભાયાવદરમાં સ્વામીશ્રીએ પ્રથમ વખત પધારી ગામ પાવન કર્યું. રણછોડભાઈ પટેલ (કમ્પાલા) તથા હરમાનભાઈ, હર્ષદભાઈ વગેરે હવેની પંચતીર્થીમાં જોડાયા હતા. બે બસો ભરાઈ ગઈ હતી. ભટેશા તથા નારણસિંગ કે જેમને મોટર વગર ફાવે નહિ, તેવા ભક્તો આજે ગામડાંઓમાં ગરમી તથા તકલીફ વેઠીને, ચાલતાં ચાલતાં જ બધે ફરતા. સ્વામીશ્રીનું કેવું ખેંચાણ હશે ! નારણસિંગ યુગાન્ડામાં મોટા શીખ વેપારી. ખાસ જયંતી પ્રસંગે ૩૭ વર્ષે દેશમાં આવ્યા હતા. મુંબઈથી સીધા જ પંચતીર્થીમાં જોડાયા હતા. સૌરાષ્ટ્રની ગરમીની બાબતમાં તેમણે જાતે કહેલું કે 'ઉપરસે તો બહુત ગરમી હૈ, લેકિન સ્વામીજી કે સાંનિધ્ય મેં ભીતર એકદમ ઠંડક હૈ.'

થોડો આરામ કરી, સ્વામીશ્રી સભામાં પધાર્યા. મને નખ કાપવા કહ્યું. સૌ સંતો આજુબાજુ વીંટળાઈ વળ્યા હતા. સ્વામીશ્રીના નખ બહુ સાવચેતીથી લેવા પડતા, જેથી એમને જરાપણ કષ્ટ ન પહોંચે. એમની આંગળીઓનાં ટેરવાં ખૂબ જ મૃદુ હતાં. નખ લેવા જતાં નહિયામાં ક્યાંય વાગી ન જાય તે ખાસ જોવું પડતું. એમાં પણ સર્પદંશવાળી - ડાબા કરની પહેલી આંગળી ઉપરનો નખ તો કોકડું વળી, અંદર વળી ગયેલો. તે કાપવામાં બહુ સાવધાની રાખવી પડતી. આંગળીઓ અમુક રીતે જ વળી શકે, જ્યારે 'નેઈલ કટર' પણ અમુક વળાંકમાં જ કામ કરી શકે. તેથી જરાક પણ જો ચામડીને અડી જાય, તો સ્વામીશ્રી તુરત ઉંકારો કરતા. એવું જ પગના અંગૂઠાના નખ લેતાં થતું. અંગૂઠાનો નખ નહિયાની અંદર હંમેશાં જતો રહેતો. અંદરથી કાપવા માટે નયણી, ચીપિયો વગેરેની મદદ લેવી પડતી.

અંગૂઠાનો નખ કાપવા નયણી અડાડીએ તે સ્વામીશ્રી ઉંકારો કરે. એકીટશે નખ સામું જ જોયા કરે. સંતો વાત કરાવતા હતા, પણ સ્વામીશ્રીએ નજર ખેસવી નહિ. પછી સિદ્ધેશ્વર સ્વામીએ એકદમ તે નખ કાઢી લીધો.

સાંજે વાડીએ ગયા હતા. ત્યાંથી શોભાયાત્રા કાઢી હતી. સ્વામીશ્રી દષ્ટિ ઢાળી માળા ફેરવતા હતા. ઉતારે આવ્યા ત્યારે એક નાની બાળકી સ્વામીશ્રીના

આસન ઉપર આવી ગઈ. તુરત સ્વામીશ્રીએ વસ્ત્રે સહિત સ્નાન કરી લીધું. પછી કાંઈ લીધું નહિ. પ્રમુખસ્વામીએ તથા સંતોએ બહુ પ્રાર્થના કરી, તોપણ ઘસીને ના જ પાડી. છેવટે થોડો ઉકાળો ગ્રહણ કર્યો હતો. પોતાનો ઉપવાસ સિદ્ધેશ્વર સ્વામીને કરવાની આજ્ઞા કરી હતી.

બીજે દિવસે સવારે વરજાંગ જાળિયા પધાર્યા. પ્રસાદી સ્થાનોનાં દર્શન કર્યાં. ગામ બહાર પ્રસાદીની આંબલી છે. અહીં ઓટો ઘણો ઊંચો છે. સ્વામીશ્રી કહે : 'આપણે ઉપર દર્શન કરવાં છે.' આંબલીનું મૂળિયું ફૂટેલું તેના ઉપર પગ રાખી ઉપર ચડી ગયા. પ્રદક્ષિણા કરી, ત્યાં એક પથ્થર બતાવી કહે : 'અહીં શાસ્ત્રીજી મહારાજ બેઠેલા.' આ જગ્યા ઉપર સ્વામીશ્રીએ પૂજાનું પ્રસાદીનું પુષ્પ ગાતરિયે બાંધી રાખેલ તે ચડાવ્યું.

અહીં ગણોદ બાપુ બહાદુરસિંહ સ્વામીશ્રીને તેડવા આવેલા. રસ્તામાં ગાડી તપી ગઈ. ત્યારે બાપુ પાણી નાખવા ઊતર્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'અમારા સાધુ પાણી નાખશે. તમે નહિ.' પછી સિદ્ધેશ્વર સ્વામીએ પાણી નાખ્યું. દરબારોને છાજે એવો સવાયો વિવેક સ્વામીશ્રી આજે પણ રાખતા. ૧૧-૩૦ વાગે દરબારગઢમાં પહોંચ્યા.

ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય અભેસિંહ બાપુનો દરબાર ઘણો જૂનો છે, પ્રસાદીનો છે. દરબારમાં આવેલા મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામીની પ્રસાદીની મૂર્તિ તથા મહારાજની પાઘનાં દર્શન કર્યાં. ત્રીજા માળે દીવાનખાનામાં એક પલંગ હતો તે બતાવી સ્વામીશ્રી કહે : 'આમાં શાસ્ત્રીજી મહારાજ પોઢતા.'

'આપ ક્યાં પોઢતા ?'

'નીચે.' સ્વામીશ્રીએ ભાવથી જણાવ્યું.

અહીં શાસ્ત્રીજી મહારાજે ૨૦૦૩ની સાલે પારાયણ કરેલી. દરવાજામાંથી બહાર નીકળતાં જમણા હાથે ઓટા ઉપર સ્વામીશ્રી ચડ્યા. ત્યાં ગોખનાં દર્શન કર્યાં. મહારાજ અહીં બેઠેલા. સ્વામીશ્રીએ અહીં દરબારને રોજ દીવો કરવા આજ્ઞા કરી. ત્યાંથી ભાદર નદીએ બાપુની વાડીમાં સ્વામીશ્રીએ સ્નાન કર્યું. અહીં શાસ્ત્રીજી મહારાજે પૂર્ણાહુતિનો સમૈયો કરી સ્નાન કર્યું હતું. સ્વામીશ્રીએ પણ અહીં દરેકને સ્નાન કરાવ્યું.

## નિજસખાની સેવાના કોડ

૨-૩૦ વાગે ઉપલેટા પહોંચ્યા. અહીં હરિભાઈની રસોઈ જમ્યા પછી

કથા કરી. સ્વામીશ્રીએ ઉતારાની ઓશરીમાં આવી, દાજી બાપુને સૂવા માટે આસન કરી આપ્યું. બે ઓશીકાં અને ગાદલાં સ્વામીશ્રીએ પોતે ઉપાડી લાવી પાથરી આપ્યાં. પછી પોતે આરામ કરવા પધાર્યા. ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય અહીંના લાલાભાઈને સંભારી સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજે લાલાભાઈનાં દર્શન કરેલાં.'

મંદિરે દર્શન કરી, ધોરાજી જતાં રસ્તે, પુલ આગળ, કદમના ઝાડ નીચે મહારાજ નાહતા, તે સ્થાનનાં દર્શન કરી, સાંજે ધોરાજી પધાર્યા. મંદિરે દર્શન કર્યાં. અહીં સ્વામીશ્રીએ વાત કરી : 'ઉપલેટામાં કદમના વૃક્ષ નીચે શાસ્ત્રીજી મહારાજ બિરાજેલા.'

સ્વામીશ્રીની ગાડી લાલવડ વહેલી પહોંચી ગઈ. લાલવડ મુખ્ય માર્ગેથી અંદર એક માઈલ દૂર છે. સંતોની બસ આવી નહોતી. તેથી સ્વામીશ્રીની ખુરશી પ્રમુખસ્વામી અને હરમાનભાઈએ આગળથી અને સિદ્ધેશ્વર સ્વામીએ પાછળથી ઉપાડી હતી. ત્યાં સંતો પહોંચી ગયા. સૌ લાલવડે સાથે પહોંચ્યા. દર્શન કર્યાં. અહીં અંધારું થઈ ગયું હતું. છતાં સ્વામીશ્રી કહે : 'ફણેણી જવું જ છે.'

રાત્રે ૮-૩૦ વાગે ફણેણી આવ્યા. મંદિરે દર્શન કર્યાં. અહીં રામાનંદ સ્વામીએ દેહત્યાગ કરેલો. તે વાડી અડધો માઈલ દૂર છે. ત્યાં અંધારામાં પેટ્રોમેક્સ લઈને દર્શને પધાર્યા. રાત્રે ૧૧-૦૦ વાગે ગોંડલ આવી પહોંચ્યા.

પ્રમુખસ્વામી તથા મોટાસ્વામી પણ સાથે જ હતા. ગુણાતીત સમાધિ સ્થાનમાં એક દિવસમાં પણ સ્વામીશ્રીએ સૌને બ્રહ્મરસથી ભીંજવી દીધા. સવારે સ્વામીશ્રીએ સર્વે સંતોને દેરીમાં બોલાવી પંચતીર્થીનું ફળ દીધું. જે જે સંત-હરિભક્તો જાત્રામાં હતા તે સર્વે આ ને આ જન્મે અક્ષરધામમાં જાય તે સંકલ્પ કર્યો. મુંબઈના સંતો ખૂબ ભણે તે સંકલ્પ પણ કર્યો.

તા. ૨૪મીએ, બપોરે સ્વામીશ્રી તથા સંતો-હરિભક્તો ગુણાતીતનગર આવી પહોંચ્યા. મંદિરમાં પટપ્રતિમાનાં દર્શન કરતાં સ્વામીશ્રી કહે : 'તેજ છૂટે છે.'

પછી સ્નાન કરવા પધાર્યા. સ્નાન કરવાની નાની ચોકડીમાં લોટે લોટે સ્નાન કરે ને તે પાણીથી પગ વડે ચોકડી ધોતાં કહે : 'શાસ્ત્રીજી મહારાજ આમ કરતા.'

ત્યાગવલ્લભ સ્વામીએ સંકલ્પ કર્યો કે સ્વામીશ્રીના પગ ચોળીએ. તેમને થયું કે ના પાડશે. ત્યારે સામેથી સ્વામીશ્રી બોલ્યા : 'ત્યાગવલ્લભ ! પગ ચોળો.'

રાત્રે ચોરામાં સભા થઈ. સ્વામીશ્રી પધાર્યા. આસન ઠીક ન લાગ્યું એટલે કહે : 'હું કહું તેમ કરો.' એમ કહી, ચોરામાં ડાબી બાજુએ થાંભલે અઢેલીને

આસન જાતે કર્યું. ઝડપ તથા ચંચળતાપૂર્વક આસન કરી કહે : 'કેવું આસન થયું ? મેં આસન બહુ કર્યાં છે.'

પ્રમુખસ્વામી, મોટાસ્વામી તથા સંતસ્વામી વગેરે સાથે જ હતા. તે સૌ આ જોઈ જ રહ્યા હતા.

## સેવાનો ચસકો

બીજે દિવસે સવારે ૫-૦૦ વાગે સ્વામીશ્રી ઊઠ્યા ને પોણો મણ જેટલી ખીચડી પોતે ઝાપટીને સાફ કરી. અડધો-પોણો કલાક સેવા કરી. સૌ હરિભક્તો દર્શન કરતા હતા. સ્વામીશ્રી કહે : 'સંતો-હરિભક્તોને દસ વાગે જમાડી ડાંગરા મોકલવા છે.' પછી સંતો સાથે ગાડામાં બેસી, ઘાટ ઉપર સ્નાન કરવા પધાર્યા. ઊંડ નદીમાં સ્નાન કર્યું. જન્મ સ્થાનમાં ખીચડી જમ્યા.

સવારે ૧૦-૩૦ની ટ્રેનમાં સંતો-હરિભક્તો હડમતિયા થઈ ડાંગરા પહોંચ્યા. સમાધિ સ્થાનમાં દર્શન કર્યાં ને સભા ભરી. પ્રસાદીની કૂંડીએ સંતો સાથે સ્નાન કરવા પધાર્યા. અહીં કેટલાક સંકલ્પો કરી, ધૂન કરાવી :

'(૧) બધાના દેશકાળ સુધરે. (૨) વરસાદ ખૂબ થાય. (૩) ભાદરામાં મંદિર થાય. (૪) ઑફિસ-મુંબઈની ખાલી થાય. (૫) હરિલીલાકલ્પતરુ સારો છપાઈ જાય. (૬) આખો દેશ સત્સંગી થઈ જાય. (૭) અટલાદરા મંદિર પૂરું થાય. (૮) ગઢપુર મંદિર પૂરું થાય ને હનુમાન-ગણપતિ બેસી જાય. (૯) નારણ સ્વામી (પ્રમુખસ્વામી) ખૂબ બળની વાતો કરે ને સમાસ કરે. (૧૦) સાધુ વધે. (૧૧) હર્ષદભાઈ પુસ્તકો છાપ્યાં જ કરે. (૧૨) સર્વોપરી છાપવાનું હાલે.'

સ્વામીશ્રી હસતાં હસતાં, ખૂબ જ કેફમાં, જોરથી તાળી વગાડી ધૂન કરતા હતા. તે જોઈ હકાભાઈ કહે : 'શરૂઆતમાં ત્રણ જણા બેઠા હોય ત્યારે પણ સ્વામીશ્રી આ રીતે જ ધૂન કરાવતા.'

## ૭૨ વર્ષેય સૌને થકવતા 'યુવાન'

પછી સમાધિ સ્થાને સભા ભરી. સ્વામીશ્રી પત્રો લખતા હતા. સંતસ્વામી કહે : 'સ્વામીશ્રી ૭૨ વર્ષે પણ આપણને થકવે એવું કામ કરે છે. આરામ કરવાની ઇચ્છા થશે ત્યારે નિમિત્ત ઊભું કરીને આરામ લેશે.'

ત્યાં જૂના સત્સંગી નાનુભાઈ સરપંચ સભામાં આવ્યા. ત્યારે સ્વામીશ્રી તેમની સાથે વાત કરતાં કહે : 'પહેલાં હું તમને પડિયો આપતો હતો. તે સત્સંગ

વધારવો. મંદિરે બે વાર દર્શને આવવું. કથા પહેલાં તમે જ વાંચતા. ખાવાનું બંધ થાય તો કથા બંધ થાય. આ તો કૂવામાં હાથી ગરી ગયો છે.'

મોટાસ્વામી માટે તકિયો ન હતો. તેથી સ્વામીશ્રી આકળા થઈ કહે : 'મારું આસન દ્યો.' એમ કહી પોતાનું આસન વીંખી નાંખ્યું. ને કહે : 'આ ગોદડું કાઢો.' ત્યાં તો બીજું ગોદડું હરિભક્ત લાવ્યા. સ્વામીશ્રી કહે : 'મોટા-સ્વામીને તકિયો કેમ ન મૂક્યો ? ખાધે મોટા થયા ? પીધે મોટા થયા ? પણ ના, સેવાથી મોટા થયા છે.'

સભામાં સ્વામીશ્રી ગ.મ. ૬૫મું વચનામૃત સમજાવતા હતા.

ઘનશ્યામસિંહ બાપુની પૂજા અને દાજી બાપુના જોડા ખોવાયાં હતાં. સ્વામીશ્રી પ્રભાતસિંહ બાપુને બોલાવીને કહે : 'આવો પ્રભાતસંગ ! આ બેય બાપુ ગભરાય છે. આની પૂજા ગઈ. આના જોડા ગયા. માટે મૂછ પાડી નાખવી પડશે.' એમ રમૂજ કરી.

પછી ઘનશ્યામસિંહને કહે : 'ઘનશ્યામસંગ ! પૂજા મળી જશે. વાત સાંભળો. ન જડે તો ભલે, સાંખ્ય કરવો. એ હારે મરાય છે ? મળી જાય તો સોળ આના. કોઈ વૈષ્ણવજન લઈ ગયો હશે. પૂજાની બીક ન રાખવી. જડી જશે.'

## સંત ન હોય તો બ્રહ્માંડ નાશ પામી જાય !

મંદિરે બપોરની કથામાં ગ.મ. ૪૫ વચનામૃત ઉપર વાત કરતાં કહે : 'અજ્ઞાની કહે કે સાધુ ખાઈ-પીને પડ્યા રહે છે. સંત ન હોય તો બ્રહ્માંડ નાશ પામી જાય ! માટે સંત મોક્ષરૂપ છે. ભારરૂપ નથી. તે જ દેશનો ઉદ્ધાર કરે. આપણે અનંત કોટિ શુભ કાર્યો કર્યાં છે. આપણને કેટલું સુખ મળ્યું છે !'

બપોરે ઊઠ્યા. મંદિરના મેડેથી નીચે ઊતરી, દર્શન-દંડવત્ કરી, ધ્યાનમાં બેઠા. ત્યાં સમાચાર આવ્યા કે 'જાયવા બાપુનું પોટલું મળી ગયું.' સ્વામીશ્રી ભાદરા મંદિરના ગાદલા ઉપર બેઠા હતા, તે કહે : 'આપણે મોટરમાં જે ગાદલા ઉપર બેસી આવ્યા હતા તે ભાદરાના હરિભક્ત સાથે પાછું મોકલો.' એમ કહી પોતાના આસન નીચેનું પીળું ગાદલું કાઢી ભાદરાના હરિભક્તને સોંપ્યું.

તા. ૨૬મીએ સાંજે ધ્રોળ થઈ, રાજકોટ પધાર્યા. સવારે મંદિરે દર્શન કરી, બોરડીની જગ્યાએ સભા ભરી. સાકરની પ્રસાદી સૌને વહેંચી હતી.

સાંજે અદાની દેરીએ આવ્યા. અહીં પંચતીર્થીની જાત્રા પૂરી થતી હતી. તેથી સ્વામીશ્રીએ સર્વેને પંચતીર્થીનું ફળ દીધું ને કહ્યું : 'આપણે ૨૭ ગામની

જાત્રા પૂરી કરી. કોઈનો અભાવ-અવગુણ ન આવે ને આવ્યો હોય તો નીકળી જાય, ને સંગઠનભાવ અને નિર્દોષબુદ્ધિ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વધે ને દરેકમાં નિર્દોષભાવ રહે ને સદા સત્સંગમાં રહેવાય.' તેવા આશીર્વાદ દીધા. પછી કહ્યું કે 'જેટલા હરિભક્તો પંચતીર્થીમાં આવ્યા છે, તેમને હંમેશાં નિર્દોષભાવ રહેશે ને અક્ષરધામની પ્રાપ્તિ થશે.' એવા આશીર્વાદ દઈને ધૂન કરાવી.

અહીંથી સ્વામીશ્રી, પ્રમુખસ્વામી તથા સંતસ્વામી ગોંડલ પધાર્યા. સંતો તથા હરિભક્તો સ્વામીશ્રીના જન્મ સ્થાન ધારી ગામે દર્શને ગયા.

## રાસની રમઝટમાં ભ્રમણા ભાંગી

એક રાત્રે રાજકોટથી લક્ષ્મીદાસભાઈ કીર્તનિયા આવ્યા હતા. પંચાળાનો રાસ એમની મીઠી હલકે અને ઊંચે સાદે ગાયો હતો. ઝાંઝ-પખવાજથી રાસની ભારે જમાવટ થઈ. પંચાળાનું વાતાવરણ ઊભું કરી દીધું.

સ્વામીશ્રી સાથે ફરતા નારણસિંગને થતું હતું કે 'અહીં કથાવાર્તા તો થાય છે, પણ ભજન-કીર્તન બહુ થતાં નથી.' પરંતુ આજે રાસની રમઝટ સાંભળી તેઓ બહુ જ ખુશ થઈ ગયા અને તેમની ભ્રાંતિ ટળી ગઈ.

સૌરાષ્ટ્રની સખત ગરમીમાં નારણસિંગ થાકી જતા. સ્વામીશ્રીના સાંનિધ્યનો આનંદ હતો, પણ પહેલી જ વાર આટલું બધું ફરવાનું થયું હતું. હવે તેઓ જવાનું વિચારતા હતા. અને તે માટે રાજકોટથી મુંબઈ ને ત્યાંથી કાશ્મીરનું બુકિંગ તેમણે કરાવ્યું. સ્વામીશ્રીને જાણ કરી. થોડું વધુ રોકાવાની સ્વામીશ્રીએ ફરીથી તાણ કરી. પ્રેમવશ તેમણે રોકાવાનું માની લીધું અને બુકિંગ કેન્સલ કરાવ્યું. બે જ દિવસ પછી ખબર પડી કે 'જે પ્લેનમાં તેઓ કાશ્મીર જવાના હતા તે રસ્તામાં તૂટી પડ્યું હતું. અને ૨૯ મુસાફરો મૃત્યુ પામ્યાં હતાં.' સ્વામીશ્રીએ તેમની આ રીતે રક્ષા કરી તે જાણી, તેઓ સ્વામીશ્રીનો અનહદ આભાર વ્યક્ત કરતા રાજી થયા.

ગોંડલ બે દિવસ મુકામ દરમ્યાન લખતર બાપુ દર્શને આવ્યા હતા. નારણસિંગની રસોઈ જમી, ભાયલી પારાયણ માટે જવા અમદાવાદ પધાર્યા. ભાયલી પારાયણની પૂર્ણાહુતિ કરી, અટલાદરા, વડોદરા, બોચાસણ, આણંદ તથા વિદ્યાનગર સંતોને સાથે ફેરવી, હરિભક્તોના ભાવ પૂરા કરી, સ્વામીશ્રીએ સંતોને મુંબઈ જવા વિદાય આપી.

આમ, એક માસ સુધી સંતોને સાથે રાખીને, મહારાજની સ્મૃતિએ સહિત

પંચતીર્થી કરાવી. કથાવાર્તાનું ખૂબ ભાતું બંધાવ્યું. પ્રસંગે પ્રસંગે શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ કરી. ગુરુભક્તિ કેમ કરવી ? તે શીખવાડ્યું. વિચરણમાં અનેક પ્રકારની સાધુતાની તાલીમ સંતોને આપી. અને પોતાની દિવ્ય સ્મૃતિઓનો તો ભંડાર ભરી આપ્યો, જે ખૂટે જ નહિ. સમગ્ર સત્સંગ-સમાજ પણ સ્વામીશ્રી સાથે સંત-સમાજનાં દર્શન અને સેવા કરી કૃતકૃત્ય થયો.

વિદ્યાનગરથી સ્વામીશ્રી વડતાલ દર્શને ગયા. શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસજીએ સ્વામીશ્રીનો ભાવભીનો સત્કાર કર્યો અને પ્રશંસા કરતાં બોલ્યા : 'આજે હરિકૃષ્ણ મહારાજ તમારામાં રહીને કામ કરે છે.'

નડિયાદ સેંકડો હરિભક્તો સ્વામીશ્રીની વાટ જોઈને બેઠા હતા. રાત્રે સ્વામીશ્રી પધાર્યા. સ્વામીશ્રીના દિવ્ય મુખારવિંદમાં ચમકતાં મધુરાં હાસ્યને વધાવી લેતાં, યુગયુગની શ્રદ્ધા જાણે ફળી હોય તેવો ઉલ્લાસ ત્યાં ફેલાયો.

❀ ❀ ❀

# સ્વામિનારાયણ આજ આપકે પાસ હૈ



તા. ૧૧-૬-'૬૩, મહેળાવ, ડભાણ, જેતલપુર તથા અસલાલી દર્શન કરી અમદાવાદ પધાર્યા. બીજે દિવસે સવારે નીકળી ધંધુકા, અડવાળના હરિભક્તોની વરસાદની પ્રાર્થના સાંભળી, ભીમનાથ મહાદેવનાં દર્શન કર્યાં. મહારાજ જ્યાં બેઠા હતા તે મેડી ઉપર દંડવત્ કરીને, પોતે ઘણાં વરસ પહેલાં એક વાર શાસ્ત્રીજી મહારાજ સાથે પધાર્યા હતા, તેની સ્મૃતિ કરી.

સારંગપુર સમાધિ સ્થાને સભા ભરી વરસાદ માટે ધૂન કરી, જૂના મંદિરે દર્શને પધાર્યા. કોઠારી સ્વામીએ સ્વામીશ્રીને કોઠારમાં આવકારી, મહારાજના મહિમાની ઘણી વાતો કરી. આચાર્ય આનંદપ્રસાદજી મહારાજ સારંગપુરમાં હતા, તે જાણી સ્વામીશ્રી તેમનાં દર્શને પધાર્યા. આચાર્ય મહારાજ તો સ્વામીશ્રીને મળીને ગદ્ગદ થઈ ગયા અને બોલ્યા : 'જોગી મહારાજ ! ભગવાન સ્વામિનારાયણ આજ આપકે પાસ હૈ, હમ પર કૃપાદૃષ્ટિ રખના.'

## મહારાજ પાસે સ્વામી હોય તો કેવા શોભે ?

વળતે દિવસે ભાવનગર જવા નીકળ્યા. રસ્તામાં લાઠીદડ પધરામણી કરી, કારિયાણી મંદિરમાં દર્શન કર્યાં.

અહીં ઘનશ્યામ મહારાજની રમણીય મૂર્તિનાં દર્શન કરતાં કરતાં સ્વામીશ્રીના મુખમાંથી એકાએક શબ્દો નીકળી પડ્યા : 'અહોહો ! મહારાજ પાસે સ્વામી બેઠા હોય તો કેવા શોભે ?'

સેવક વગર મહારાજની શોભા, ભક્ત વગર ભગવાનની શોભામાં સ્વામીશ્રીને ઊણપ લાગી. બાજુમાં સેવક હોય તો મહારાજ બધી સેવા અંગીકાર કરે, એમ સ્વામીશ્રી ઘણી વાર કહેતા. પરોક્ષમાં જેમ રાધા સાથે કૃષ્ણ શોભે છે; લક્ષ્મી સાથે નારાયણ શોભે છે; એમ મહારાજ સાથે પણ સેવક ગુણાતીત

જોઈએ જ. ગુણાતીત સંત વગર આવી ઉત્કટ ભાવના જન્મે નહિ. ઉપાસ્ય સ્વરૂપોની એકાંતિકી ભક્તિ વિના, ઉપાસનાની શુદ્ધિનો આવો સ્પષ્ટ ખ્યાલ અને એનું અખંડ અનુસંધાન કોણ આપી શકે ?

અહીં પ્રસાદી સ્થાનોનાં દર્શન કરી ઝમરાળા, પાટણા, વલ્લભીપુર મંદિરોમાં પધરામણી કરી. હરિભક્તોને મળી ભાવનગર બપોરે ૧૨-૩૦ વાગે આવી પહોંચ્યા. આ રીતે અખંડ વિચરણ કરતાં સ્વામીશ્રી કદી રાત-દિવસ જોતા નહિ અને પોતે અતિશય કષ્ટ સહન કરીને પણ ભક્તોને સુખ આપતા, એ જ એમની અપાર દયા હતી.

ભક્તરાજ ઠાકરશીભાઈ અક્ષરનિવાસી થતાં તેમનાં કુટુંબીજનોને દિલાસો આપવા જ સ્વામીશ્રી ખાસ અહીં પધાર્યા હતા. તેમના સુપુત્રો મોહનભાઈ, અંતુભાઈ, ધીરુભાઈ, મહેશભાઈ વગેરે ભાઈઓએ આ નિમિત્તે પારાયણનું આયોજન કર્યું હતું. સવારે 'સ્વામીની વાતું' સંતસ્વામી વાંચતા અને સાંજે 'વચનવિધિ' પ્રમુખસ્વામી સંભળાવતા. કાનજીભાઈ, મોહનભાઈ મિસ્ત્રી, મોહનભાઈ અને પરિવાર તથા નર્મદાશંકરભાઈ વગેરે સેવામાં હતા.

## યોગી ભક્તોનો રખવાળો

તા. ૧૭-૬-'૬૩, હરગોવિંદદાસ માસ્તરના જમાઈ જયંતીભાઈની ઇચ્છા પૂર્ણ કરવા, સોનગઢમાં બપોરે ભોજન કરીને સાંજે ગોંડલ જવાનો કાર્યક્રમ નક્કી થયો હતો.

રસ્તામાં સરોડા પધરામણી કરવાની હતી. શરતચૂકથી ડ્રાઈવર ગાડી સીધી સોનગઢ લઈ આવ્યો, પરંતુ દયાળુ સ્વામીશ્રી સોનગઢથી પાછા વળ્યા અને સરોડા પધાર્યા. પેલા હરિભક્તે તો આશા મૂકી જ દીધી હતી; પરંતુ ૧૧-૩૦ વાગે સ્વામીશ્રીને પોતાને આંગણે ઊભેલા જોઈ તેમના હર્ષનો પાર ન રહ્યો. સ્વામીશ્રીના આ અકારણ-અસાધારણ ઉપકારના ભાર તળે તેઓ ગદ્‌ગદિત થઈ ગયા. તેઓ જાણે સ્વપ્ન નિહાળી રહ્યા હતા ! ખૂબ ભાવથી સ્વામીશ્રીની પધરામણી-પૂજા કરી.

અલ્પજ્ઞ જીવ સાથે અલ્પ બનીને, એકતા સાધીને, તેના સુખ-દુઃખના સાથી બનવું, એ સૌહાર્દતાના મહાન સદ્‌ગુણના સ્વામીશ્રીમાં સહજભાવે દર્શન થતાં, સૌ વિસ્મિત બની ગયા.

જ્યાં હૃદયમાં ઊંડાણમાંથી જ જીવ-પ્રાણીમાત્રના હિત માટેની સદા

તત્પરતા હોય, નાના-મોટાનો કોઈ ભેદ ન હોય, રંક અને રાજામાં સમતા હોય, દેહભાવની લેશમાત્ર ખેવના ન હોય, ત્યાં જ આવું સૌજન્ય સંભવી શકે. સુહૃદયતાનો રાત-દિવસ સદ્‌બોધ આપતા સ્વામીશ્રીના જીવનમાં પળે પળે એનાં દર્શન થતાં. ત્યારે જ તેઓ સાહજિકતાથી એ ઉપદેશતા હતા.

એક ભક્તને રાજી કરવામાં એમને સમયનું કોઈ બંધન નહોતું, દેહની કોઈ પરવા નહોતી. એટલે જ તેઓ હંમેશાં પોતાના કાર્યક્રમોમાં મોડા પડતા, પણ ભક્તોની ભાવપૂર્તિ કરવામાં ક્યારેય મોડા પડતા નહિ. ખામી આવવા દેતા નહિ. સમય સાચવવા અંગેનો એમનો શિસ્તભંગ ક્યારેય કોઈના હૃદયને ભંગ કરી શક્યો નથી; એ એમની વિશેષતા હતી. કારણ, પોતાના સંબંધમાં આવેલાનાં શ્રેય ને પ્રેયની સતત ચિંતા હતી.

દરેકનું હિત ઇચ્છતા સ્વામીશ્રી, સૌનો સંપર્ક રાખવામાં પૂરી કાળજી બતાવતા. નિપુણતા દાખવતા. બને ત્યાં સુધી પ્રત્યક્ષ સંપર્કમાં જ માનતા. એ માટે જ ગામોગામનું સતત વિચરણ, પધરામણીઓ વગેરેમાં એમણે મોળું રાખ્યું નહિ. ખૂબ તકેદારી રાખી. રાત-મધરાત, ટાઢ-તડકો જોયા સિવાય સૌને સંતોષ્યા, સંપર્ક જાળવ્યો. સમૈયા-ઉત્સવોમાં મોટો સમુદાય હોય ત્યારે પણ મોટા ભાગના લોકો એમની આંખ તળે આવી જતા. કોઈને આશીર્વાદ, કોઈને ધબ્બો, કોઈને દૃષ્ટિમિલન, કોઈને હેતનાં બે વચનો, કોઈને આંખનો ઇશારો તો કોઈને હાથનું લટકું. આમ, અલ્પ મુલાકાતમાં સ્વામીશ્રીના સંપર્ક-કૌશલ્યનો આસ્વાદ દરેકને અવશ્ય મળી જતો.

સોનગઢમાં ઠાકોરજી જમાડી, પધરામણીઓ કરી, સ્વામીશ્રી ગોંડલ આવી પહોંચ્યા. આ વખતે અહીં ૧૫ દિવસનો મુકામ અગાઉથી નક્કી થયો હતો. તેથી ઘણા હરિભક્તો લાભ લેવા આવી પહોંચ્યા હતા. હરિભક્તોના દેશકાળ સુધરે અને વરસાદ થાય તે માટે સ્વામીશ્રીએ ગોંડલમાં પારાયણ કરવાની ઇચ્છા દર્શાવી. અમદાવાદના અંબાલાલભાઈ તથા કચરાભાઈ બંને ભાઈઓ સ્વામીશ્રીનો બોલ ઝીલવા તૈયાર જ હતા. બાળમુકુંદ સ્વામીએ 'સ્વામીની વાતું'નું પારાયણ કર્યું. સંતોએ સુંદર રથ બનાવી, રથયાત્રાનો સમૈયો સ્વામીશ્રીની હાજરીમાં ઊજવ્યો. રાજકોટના ભક્તો મોટી સંખ્યામાં આવ્યા હતા. ગોંડલમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં રાજકોટ મંડળ લાભ લેવામાં મોખરે રહેતું. જામનગર, જૂનાગઢ તથા આજુબાજુનાં ગામડાંના ભક્તો પણ પહોંચી જતા. ગોંડલ સૌનું માનીતું તીર્થ બની ગયું હતું. તેથી દેશોદેશના ભક્તો અહીં લાભ લેવા આવી પહોંચતા.

તા. ૨૫-૬-'૬૩, ત્રણ દિવસ માટે સ્વામીશ્રી બંધિયા પધાર્યા. ચુની ભગતનો ભાવ ઘણો હતો.

અહીં ભક્તોએ સ્વામીશ્રીને વરસાદ માટે પ્રાર્થના કરી. સ્વામીશ્રી કહે : 'જુઓ, આકાશમાં વીજળી થાય છે. આજ રાત્રે વરસાદ થશે. ધૂન કરો.' તે જ રાત્રે ખૂબ વરસાદ પડ્યો. સર્વ ઐશ્વર્ય, સામર્થીએ યુક્ત હોવા છતાં નિર્માની થઈને, બધું મહારાજની ઈચ્છા પ્રમાણે જ થાય છે, એમ પળે પળે આપણને જાણપણારૂપ દરવાજે સ્વામીશ્રી રાખતા.

બીજે દિવસે સરદારગઢના અરજણભાઈ અંબાવીને પૂજામાં પાસે બોલાવીને સ્વામીશ્રીએ મંદિર માટે પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું : 'બાપા ! હજી કશું થયું નથી.' સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા કે 'જાઓ, મંદિર માટે જમીન મળી જશે.'

એ પછી અરજણભાઈએ મંદિર માટે ફાળાની તજવીજ કરી. જે જગ્યા અનુકૂળ આવે તેવી હતી તે જીનીંગવાળા વૈષ્ણવ શેઠની હતી. સ્વામીશ્રીએ શેઠનાં માતુશ્રીમાં પ્રવેશ કરી, આ જગ્યા મંદિર માટે સસ્તામાં મળે તેવી દૃષ્ટિ કરી આ કાર્ય કર્યું.

બંધિયાથી પાછા વળતાં ઘોઘાવદર થોડું રોકાયા.

સાક્ષાત્ સ્થાન ગોંડલમાં અપાર સુખ આપતા સ્વામીશ્રીએ હવે તમામ બીમારી છોડી દીધી હતી. સવારે ૫-૩૦ થી ૬-૦૦ સુધી જ્ઞાનવાતો કરીને સૌને સેવામાં જવા આજ્ઞા કરતા. સ્નાનાદિક ક્રિયામાંથી પરવારીને અક્ષર દેરીમાં પૂજા કરતા. મહાપૂજામાં વરસાદની ધૂન બોલાવે. બપોરે જમવાને વખતે નિત નિત નવી રસોઈ કરાવે અને જાતે જ પીરસવા નીકળે. એ વખતે શ્રીજીમહારાજના સમયનું દૃશ્ય નજર સમક્ષ ખડું થઈ જતું અને પરમહંસો તથા હરિભક્તોને મહારાજની જેમ જમાડતા. આ રીતે ભક્તજનોને દિવ્ય સુખથી શાંતિ પમાડતા હતા.

સાંજે ઘાટ ઉપર કે લીંબડા નીચે, ખેતરમાં, બગીચામાં વગેરે સ્થળોએ સભા કરીને સૌને સ્મૃતિનું ભાથું બંધાવતા. બાળમુકુંદ સ્વામી વગેરે સંતો હરિભક્તોની સરભરામાં ખડે પગે રહેતા. રુચિવાળું સંતમંડળ હોવાથી સુંદર છાપ પડતી.

## માથું પકડીને નમાવનાર સુહૃદયી સાધુરામ !

તા. ૪-૭-'૬૩, અમદાવાદ પધાર્યા. અહીં નાનુભાઈ બક્ષી તેમના

સાદુભાઈ કે.કે. દવેને પ્રથમ જ વાર સ્વામીશ્રીનાં દર્શને લઈ આવ્યા. દવે સાહેબને પણ સગપણના નાતે જ આવવું પડ્યું હતું. અંતરમાં કોઈ વિશેષ ભાવ નહીં. પોતે અમદાવાદમાં હાઈસ્કૂલનું સંચાલન કરતા. અમદાવાદના અગ્રણી શિક્ષણકાર, પિતા કાલીદાસભાઈના વારસામાં તેમને ચુસ્ત ગાંધીવાદી સંસ્કાર મળેલા. સાથે ધર્મ-સંપ્રદાયો પ્રત્યે સૂગ પણ ખરી. જે સંપ્રદાયનાં ધારાધોરણ ગાંધીવાદી ઢાંચામાં ન આવે તે સ્વીકારી ન શકે.

આથી વિરુદ્ધ, દવે સાહેબનું અંગત જીવન ખાવા-પીવાથી માંડી બધી રીતે રજોગુણી. સત્ય એ જ પરમેશ્વર એવી દૃઢ માન્યતા; અને હરિજનોદ્ધાર, દેશસેવા, મહિલા-ઉત્કર્ષ, વિવિધ સમાજ કલ્યાણ જેવી પ્રવૃત્તિઓમાં તેમનું જીવન ઓતપ્રોત. વળી, ગાંધીજી અને સરદાર પટેલ જેવા મહાપુરુષો તેમના આરાધ્ય દેવતાઓ ! પરંતુ આ બધાનાં અવસાન પછી દવે સાહેબના હૃદયમાં શૂન્યાવકાશ વ્યાપી ગયો હતો. જેને કારણે નિરાશા, અજંપો અને બુદ્ધિમાં એક પ્રકારનો ઘેરો અંધકાર છવાયેલો રહ્યા કરતો. અમુક માન્યતાઓનાં બંધનો હોવાથી કોઈ દિશા પણ સૂઝતી નહોતી.

આ દિવસોમાં પોતાના મુંબઈ રહેતા વેવાઈ નાનુભાઈ બક્ષીએ વાત-વાતમાં સ્વામીશ્રીનાં દર્શને આવવા પ્રસ્તાવ મૂક્યો; પરંતુ તેઓ હરિજનોના પ્રશ્ને મંદિરમાં પ્રવેશતા જ નહીં. ભગવાંધારી સંતમાત્ર પ્રત્યે તેમને તિરસ્કાર અને ઘૃણાની ભાવના હતી. છતાં સગપણના નાતે તેમને આવવું પડ્યું, એટલે જરા નારાજ હતા.

તેઓ આવ્યા ત્યારે સભા ભરાઈને બેઠી હતી. સ્વામીશ્રીનાં આશીર્વચન શરૂ થયાં. જાણે દવે સાહેબના પ્રશ્નોનું વાક્યે વાક્યે નિરાકરણ થતું જતું હતું. તેઓએ અજાણે આ ગુણાતીત પુરુષને હાથ જોડી દીધા. નાનુભાઈ પણ જાણે કૌતુક જોતાં હોય તેમ જોઈ રહ્યા. તેમને લાગ્યું કે ‘સ્વામીશ્રીએ જરૂર કાંઈક જાદુ કર્યો છે !’ દવે સાહેબના અહમ્ અને પૂર્વગ્રહો ઓગળવા લાગ્યા. તેમને આ ભગવાં વસ્ત્રધારી સાધુમાં પરમ સત્યનાં - ભગવાનનાં જાણે દર્શન થઈ રહ્યાં હતાં. તેમના અંતરમાં મંથન શરૂ થઈ ગયું.

પ્રવચન પછી લાઇનમાં દર્શન માટે ઊભા રહ્યા. દર્શનનો વારો આવ્યો એટલે નાનુભાઈએ પરિચય આપ્યો. ત્યારે સ્વામીશ્રીએ માથું ઝાલીને, નીચે નમાવીને, પીઠમાં બે ધબ્બા માર્યા.

જિંદગીમાં પહેલી વાર માથું પકડીને નમાવનાર આવા સાધુ તેમને પ્રથમ

જ મળ્યા ! વાંસામાં બે ધબ્બા આપી, પ્રેમાળ સ્વરે કહે : 'નવા નથી. જૂના છે. મહારાજના વખતથી ઠેબાં ખાતાં આવે છે. આ વખતે છેલ્લો જનમ કરવા આવ્યા છે !'

સ્વામીશ્રીના આ શબ્દોએ જાણે કામણ કર્યું. તેમના મનમાં વિચારો ઘોળાવા લાગ્યા : 'હું મહારાજના વખતમાં હતો ? તો તેમણે કેમ જાણ્યું ? છેલ્લો જન્મ કરી લેવા આવ્યો છું, એટલે શું ? કારણ કે જન્મ-મરણના ફેરાની વાત તો હું માનતો જ નથી !' પરંતુ ગમે તેમ પણ દવે સાહેબને સ્વામીશ્રીના શબ્દોમાં વિશ્વાસ બેસી ગયો.

વિચારધારામાં આમૂલ પરિવર્તન એ બહુ મોટો ચમત્કાર હતો. નાનુભાઈ બક્ષીને પણ આશ્ચર્ય થયું, કારણ કે દવે સાહેબને પ્રથમથી જ તેઓ જાણતા હતા. પરંતુ જેમ દારૂના મોટા ઢગલાને ભસ્મ કરવા માટે એક જ ચિનગારી બસ થઈ પડે છે; તેમ દવે સાહેબની બધી માન્યતાઓ, અહમ્ અને પૂર્વગ્રહોને નષ્ટ કરવાની શક્તિ સ્વામીશ્રીની એક દૃષ્ટિમાત્રમાં જ હતી.

આ પછી તો તેઓ સ્વામીશ્રીના દિવ્ય-અલૌકિક વ્યક્તિત્વમાં ખેંચાતા જ રહ્યા અને એવી એક સુભગ પળે અક્ષરપુરુષોત્તમની દૃઢ નિષ્ઠાવાળા, સાચા સત્સંગી બની ગયા.

પ્રથમ તો દવે સાહેબને એમ જ લાગવા માંડ્યું કે 'સ્વામીશ્રીને મારા તરફ જે પ્રેમ છે, તેવો પ્રેમ અન્ય હરિભક્તો તરફ નથી.' તેઓ સભામાં બેઠા હોય ત્યારે પોતાના તરફ જ સ્વામીશ્રીની દૃષ્ટિ મંડાયેલી હોય તેમ તેમને લાગતું. અને હંમેશાં મળે, ખબર-અંતર પૂછે, પીઠમાં ધબ્બા મારે, ઉકાળા-પાણીમાં સાથે બેસાડે, જમવાનું આમંત્રણ આપે, આમ અનેક પ્રકારના લાડ લડાવે.

પરંતુ સમય જતાં દવે સાહેબને જાણ થઈ અને અસંખ્ય હરિભક્તોની વ્યક્તિગત અંગત વાતો ઉપરથી પણ એમ લાગ્યું કે 'સ્વામીશ્રી દરેકે દરેક વ્યક્તિને ઓળખે છે, તેના અંતરના ભાવને જાણે છે. અને દરેકે દરેકને ચાહે છે. મને એકને જ ચાહે છે કે ઓળખે છે એવું નથી.' જો કે આ સૌનોય પ્રતીતિસભર અનુભવ હતો.

દવે સાહેબને ધીરે ધીરે સ્પષ્ટ થતું ગયું કે સ્વામીશ્રી સાચા બ્રહ્મસ્વરૂપ સંત છે. બ્રહ્મ હોય તે સર્વ વ્યાપક હોય. આ સર્વ વ્યાપકતાનું દર્શન થતાં જ દવે સાહેબનાં અંતરનાં કમાડ ખુલી ગયાં.

દવે સાહેબ નાસ્તિકમાંથી આસ્તિક બન્યા. સ્વામિનારાયણના ભગવાં

વસ્ત્રધારી સાધુને ગુરુ બનાવ્યા અને એની આજ્ઞા પ્રમાણે જ હવે જીવન જીવવા લાગ્યા.

આ વાત તેમના મિત્રોને માન્યામાં ન આવી. સૌને લાગ્યું કે આ ક્ષણિક આવેગ અને ઊભરો જ છે ! પરંતુ સમયે જ સૌને કહ્યું : 'દવે સાહેબને જે રંગ લાગ્યો છે તે રંગ કાચો નથી, પણ અંતર ભેદાયા સુધીનો પાકો છે. તેમાં શંકા જેવું કશુંય નથી.'

આમ, સમાજમાં રઝળતા અનેક સંસ્કારી જીવોનું પરિવર્તન થતું. જેના અસંખ્ય દાખલાઓ ભલે ઈતિહાસના પેટાળમાં દટાઈ ગયા હશે, પણ તેનો લાભ, ઊર્ધ્વગામી જીવનનો આસ્વાદ વ્યક્તિગત રીતે એ સૌ પામી ચૂક્યા હતા. અર્થાત્ પોતાનું જીવતર સુધારી ભગવત્સુખની પ્રાપ્તિ એમને થઈ હતી.

અમદાવાદથી જેતલપુર થઈ ગુરુપૂર્ણિમાના સમૈયા ઉપર સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. વર્ષોવર્ષ લગભગ ૮ થી ૧૦ હજાર જેટલા ભક્તો આ પ્રસંગે ગુરુપૂજનનો લાભ લેતા. લગભગ બે થી ત્રણ કલાક ગુરુપૂજન ચાલતું. સ્વામીશ્રી અહીં દસ દિવસ રોકાયા. મંદિરના સંતો કોઠારી ભક્તિવલ્લભદાસજી વગેરે તેમજ આજુબાજુનાં ગામોના હરિભક્તોને સારો લાભ મળ્યો. હંમેશાં સ્વામીશ્રી અક્ષર સ્વામીના આસને દર્શન કરવા જતા. લગભગ અડધો કલાક બેસતા અને કથાવાર્તા કરતા.

તા. ૧૩-૭-'૬૩, બોરસદ પધરામણીઓ કરી, બીજે દિવસે સુણાવ નારણભાઈને ત્યાં પધાર્યા. આર.યુ. પટેલ પણ હાજર હતા. તેથી તેમને પણ સારો લાભ મળ્યો.

## આજ્ઞાપાલનનો પ્રભાવ

અહીં મહેળાવના નારણભાઈ મહીજીભાઈ દર્શને આવ્યા હતા. તેમને જમણા પગની એડીનો દુ:ખાવો ઊપડ્યો હતો. આણંદના ડૉ. રૂથરફોર્ડે ઍક્સ-રે લઈને ઑપરેશન કરાવવાનું કહ્યું. એડી તળે હાડકું વધતું હતું.

સ્વામીશ્રીએ પગે પાટો જોઈને પૂછ્યું : 'આ શું થયું છે ?' તેમણે બધી વાત કરી. સ્વામીશ્રી આશીર્વાદ આપી કહે : 'મટી જશે.'

તેઓ રાજી થયા. પછી વિનંતી કરતા કહે : 'મહેળાવના પુરુષોત્તમ માધાભાઈ જેમને આફ્રિકામાં સત્સંગ થયેલો; તેમના ઘરમાં ભૂત-પ્રેતનો બહુ ઉપદ્રવ છે. તો આપ પધારો તેવી તેમની ખાસ ઇચ્છા છે. વળી, તેમના નાના

ભાઈ અંબાલાલને બાળકો જન્મ્યા પછી જીવતાં રહેતાં નથી. જો આપ પધારો તો જ આ ઘરની શુદ્ધિ થાય અને બધાં સુખેથી રહી શકે એમ છે !'

આ જાણી કરુણામૂર્તિ સ્વામીશ્રી પાડગોલ જવાનું મોકૂફ રાખી, મહેળાવ પધાર્યા.

શાસ્ત્રીજી મહારાજનાં પ્રાગટ્ય સ્થાને દર્શન કરી, પુરુષોત્તમભાઈને ઘરે પધાર્યા. બધી રૂમોમાં ફરીને પ્રસાદીનું જળ છાંટ્યું, પુષ્પ છાંટ્યાં. ઘરના એક ગોખલામાં જૂનું શ્રીફળ વગેરે હતું, તે લઈને તળાવમાં નાખી આવવા આજ્ઞા કરી. પછી પુરુષોત્તમભાઈને કહે : 'આજથી બધાં ભૂત-પ્રેત અહીંથી નાસી ગયાં. મહારાજ-સ્વામી બિરાજી ગયા. હવે અંબાલાલભાઈને દીકરા જીવતા રહેશે.'

ત્યારપછી નારાયણભાઈને પાડગોલ સાથે લીધા. તેમણે કહ્યું કે 'મને એડીનો સખત દુઃખાવો છે. માટે હવે ઘરે રહીને આરામ કરું.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'એ નહિ ચાલે, અમારી સાથે ચાલો. તમે સાથે હો તો અમને બહુ આનદ થાય.'

પાડગોલમાં સ્વામીશ્રીએ રાવજીભાઈ શંકરભાઈ તથા તુળસીભાઈને ત્યાં પધરામણી કરી.

પછી વડતાલ દર્શને ગયા. સ્વામીશ્રીએ અહીં પણ તેમને સાથે લીધા. અંબાલાલભાઈની લાકડાની લાતીમાં ઉતારો કર્યો અને મંદિરમાં તથા બધાં પ્રસાદીનાં સ્થાનોનાં દર્શન કરી લાતીમાં ઠાકોરજી જમાડ્યા. નારાયણભાઈને સાથે બેસાડી ખૂબ જ પ્રેમથી પીરસાવ્યું.

બપોરે વચનામૃતની કથા પછી સૌને રજા આપી. પછી નારાયણભાઈને કહે : 'તમે બહુ ભીડો વેઠી અમારી સાથે ફર્યા તો હરિકૃષ્ણ મહારાજ તમારું દુઃખ મટાડશે.' એમ કહી પગે હાથ ફેરવ્યો અને રજા આપી.

એ પછી નારાયણભાઈનું દુઃખ ક્યાં ગાયબ થઈ ગયું તેની ખબર પણ ના પડી ! ફરી ડૉ. રૂથરફોર્ડને વાત કરી ત્યારે તેઓ બહુ આશ્ચર્યચકિત થયા.

મોટાપુરુષનાં આજ્ઞાપાલન અને સેવામાં કેવો ચમત્કાર છે તેનો અનુભવ હજારો ભક્તોને થતો. અકલ્પ્ય વાતો બની જતી. મોટાપુરુષની શક્તિનો સહેજે પરિચય મળતો.

અહીંથી વસો પધરામણી કરી, સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. તા. ૧૯મીએ વિદ્યાનગર આવ્યા.

આ અરસામાં ડૉ. સી.એમ. બાબરિયાને સ્વામીશ્રીનાં પ્રથમ દર્શને સત્સંગ

થયો હતો; પરંતુ પોતે ખેતીવાડી કૉલેજમાં લેક્ચરર, તેથી તિલક-ચાંદલો કરવાનો ક્ષોભ થયા કરે.

સ્વામીશ્રી અહીં પધાર્યા ત્યારે સવારે પૂજામાં સૌને ચંદનની અર્ચા કરી આપતા હતા. આ વખતે બાબરિયા સાહેબને સંકલ્પ થયો કે 'મારાં એવાં મોટાં ભાગ્ય ક્યાંથી હોય કે સ્વામીશ્રી મોટેરા હરિભક્તોને ચંદનની અર્ચા કરે છે તેમ મને પણ ચંદન કરે !'

સ્વામીશ્રીએ તેમનો સંકલ્પ પકડ્યો. અને તેમને દૂરથી બોલાવ્યા અને કપાળમાં ચાંદલો કર્યો ! અર્ચા પણ કરી અને બોલ્યા : 'લ્યો, આ પ્રસાદીનો. હવે કાયમ રહેશે !' આમ, અચાનક તિલક-ચાંદલો કરવાની પ્રેરણા આપી.

## આંતરિક શક્તિનો અનુભવ

અહીંથી અમદાવાદ પધાર્યા. એક દિવસ ઓડના શિવાભાઈ હાથીભાઈને ત્યાં મણિનગર મુકામ કર્યો હતો. સાથે પ્રમુખસ્વામી પણ હતા.

શિવાભાઈને ખૂબ ભાવ. તેથી ઋતુ વગર પણ મોંઘા ભાવની કેરી તેમણે સ્વામીશ્રી માટે આણી હતી. બપોરે હરે થયા. સૌ જમવા બેઠા. સ્વામીશ્રી અને સંતમંડળની સામે જ શિવાભાઈ, અમૂલ ડેરીના પ્રમુખ ત્રિભુવનભાઈ પટેલ વગેરે પણ બેઠા.

જમતાં જમતાં સ્વામીશ્રીએ એક કેરી ચૂસીને સામે બેઠેલા ત્રિભુવનદાસને મોકલી. આ પ્રસાદીની કેરી તેઓ પ્રેમથી જમવા લાગ્યા. શિવાભાઈને મનમાં અત્યંત આશ્ચર્ય થયું કે આ પાકા નાસ્તિક અને કૉંગ્રેસ કાર્યકર એવા ત્રિભુવન-દાસ, આ કેરી કેવી રીતે જમી શકે છે ! તેમણે જોયું કે ત્રિભુવનદાસ તો અતિ આનંદપૂર્વક કેરીની છાલ અને ગોટલો સુધ્ધાં ચૂસી રહ્યા હતા. સ્વામીશ્રી શિવાભાઈનું વિસ્મય પારખી ગયા હોય તેમ તેમની સામે દૃષ્ટિ કરી મંદ મંદ સ્મિત કરી રહ્યા હતા. જાણે કહી રહ્યા હતા કે પોતાની ઇચ્છાશક્તિથી પોતે જે કાંઈ ધારે છે તે કરી શકે છે. સ્વામીશ્રીની આંતરિક શક્તિનો એક અદ્‌ભુત અનુભવ શિવાભાઈને થયો.

શ્રાવણ સુદ ૫, અદાની જયંતી પ્રસંગે રાજકોટમાં અદાની દેરીએ જ સમૈયો કર્યો.

અહીં કોઠી કચેરીની ઑફિસે કે જ્યાં સર જ્હૉન માલ્કમને મહારાજ મળ્યા હતા, ત્યાં સ્વામીશ્રી ખાસ દર્શને ગયા હતા. પધરામણીમાં ચુનીભાઈ,

મહેશભાઈ દલ વગેરે યુવકો અખંડ સેવામાં હતા.

સ્વામીશ્રી ગોંડલ પધાર્યા. ગોંડલમાં સ્થાનિક યુવકોએ સારો લાભ લીધો. રવિસભામાં ઘણા યુવકો હાજરી આપતા. ખાસ તો સ્વામીશ્રીના ગોંડલ મુકામ દરમ્યાન વરસાદ સારો પડ્યો. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા કે 'તળાવ છલકાઈ જશે, નદી ઊભરાઈ જશે,' વગેરે વચનો તત્કાળ સત્ય થતાં જોઈ યુવકોને ખૂબ ઘેલું લાગ્યું હતું.

## આત્મારામજીને પરમાત્માનાં દર્શન

અહીં રાજુલાના વલ્લભભાઈ અને જયંતભાઈ વકીલ દર્શને આવ્યા હતા. સાથે એક વિદ્વાન અને શુદ્ધ દ્વિજગુણ સંપન્ન આત્મારામજીને પણ લાવ્યા હતા.

તેઓ ખાંભા પાસેના ખડાધાર ગામના રહેવાસી. સ્વભાવે ખૂબ કડક અને સ્વમાની હોવાથી તેમણે કોઈને માથું નમાવેલું નહીં. ગામના દરબારો ઉપર પણ તેમનો એવો પ્રભાવ કે છેલ્લાં ચાલીસ વર્ષથી દરબારને ત્યાંથી તેમનું સીધું વગેરે આવી જતું; પણ આત્મારામજી પોતે કોઈને નમે નહિ. એટલું જ નહીં, વાર-તહેવારે કોઈ સાધુ-સંન્યાસી ગામમાં પધારે ત્યારે પણ મળવા જાય એટલું જ; પણ આદરથી વંદન કરે એ બીજા ! આ ગામના સત્સંગી રવજીભાઈને તેમની સાથે સારી ઊઠક-બેઠક; તેથી કોઈ વાર સ્વામીશ્રીની વાતો નીકળે અને આત્મારામજીને તે સાંભળવી પડે. તેમાં વળી એક દિવસ વલ્લભભાઈ ટાંક અને જયંતભાઈ વકીલ રાજુલાથી ખડાધાર જઈ પહોંચ્યા. વલ્લભભાઈએ આત્મારામ-ભાઈને સ્વામીશ્રીના મહિમાની અલૌકિક વાતો કરી અને કહ્યું કે 'અમારા ગુરુજી તમારા જેવા વિશુદ્ધ અને પવિત્ર બ્રાહ્મણને જોઈને બહુ રાજી થશે. તમે એક વાર ગોંડલ પધારો.'

પૂર્વના સંસ્કારથી તેઓને પ્રેરણા મળી અને સ્વામીશ્રીને મળવા માટે તેઓ આ વખતે ગોંડલ આવ્યા. સ્વામીશ્રીએ તેમનું ફૂલહારથી સ્વાગત કર્યું અને બોલ્યા : 'અહોહો ! આપના જેવા પવિત્ર અને તપસ્વી બ્રાહ્મણનાં દર્શનનો લાભ અમને અહીં બેઠા મળ્યો.'

પછી જેટલા દિવસ તે રોકાયા તેટલા દિવસ સભામંડપમાં તેમના માટે ગાદી-તકિયા નખાવે, દરરોજ ફૂલહાર કરાવે. બ્રાહ્મણ પાસે પીરસાવે અને સારી રીતે જમાડે. તેમની સારી સરભરા કરાવે.

સ્વામીશ્રી જેવા નિર્માની સંત અને એમની સાધુતાસભર અલમસ્ત સ્થિતિ

જોઈને તેમને ખાતરી થવા લાગી કે સ્વામીશ્રી આ લોકના પુરુષ નથી. પોતે વિદ્વાન, તેથી સત્પુરુષનાં બધાં લક્ષણો સ્વામીશ્રીમાં નીરખ્યાં અને સ્ત્રી-ધનનો અષ્ટ પ્રકારે ત્યાગ જોઈને તેમની છાતી ઠરી ગઈ.

એક દિવસ સ્વામીશ્રી પૂજા કરતા હતા. ત્યાં આવી તેઓ સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કરવા લાગ્યા. તેમના અંતરનો ભાવ જોઈને સ્વામીશ્રી મંદ મંદ હસી રહ્યા.

પૂજા પૂરી થતાં, તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : 'સ્વામી ! હું અસલ બ્રાહ્મણ છું. ચોર્યાસી વરસમાં આજ સુધી મેં કોઈને માથું નમાવ્યું નથી. દુનિયા મને નમે છે, પણ હું કદી કોઈને નમ્યો નથી; પરંતુ તમારી પાસે અનાયાસે મસ્તક નમી જાય છે. મને એ સમજાતું નથી કે એવો તમારો અને મારો પૂર્વે શો સંબંધ ? એ તમે મને કહો.'

સ્વામીશ્રી કહે : 'જેતલપુરમાં શ્રીજીમહારાજે યજ્ઞ કરેલો, તેમાં તમે આવેલા અને તળાવમાં તમે લાડુ નાખેલા, એ આપણો સંબંધ !'

સૌને આશ્ચર્યમાં રમતાં મૂકીને સ્વામીશ્રી આરતી કરવા પધાર્યા.

આ પછી તો આત્મારામજીએ પોતાનું મકાન, મિલકત બધું જ સ્વામીશ્રીને કૃષ્ણાર્પણ કરી દીધું. સ્વામીશ્રીને તેમને સર્વજ્ઞ જાણી લીધા. એટલું જ નહિ, પણ સ્વામીશ્રીના સ્વરૂપમાં પુરુષોત્તમ નારાયણનો વાસ છે તેની તેમને પ્રતીતિ થઈ !

એક દિવસ નાનજીભાઈના પ્રેમવશ સ્વામીશ્રીએ નવા બંધાતા દેવચડી મંદિરમાં પધરામણી કરી હતી. પાછા વળતાં ખોખરી પણ પધાર્યા હતા.

તા. ૧-૮-'૬૩, ગોંડલથી વિદાય લેતાં સ્ટેશન ઉપર મોટી સંખ્યામાં યુવાનો વિદાય આપવા એકત્રિત થયા હતા. સ્વામીશ્રીએ શિક્ષાવચનો કહ્યાં. યોગીજી મહારાજના જયનાદોથી યુવાનોએ સ્ટેશનને ગજવી મૂક્યું.

વિરમગામથી આણંદ થઈ, સ્વામીશ્રી નાર પધાર્યા. સી.એમ. પટેલને ત્યાં ઠાકોરજી જમાડી, અટલાદરા આવ્યા.

તા. ૪-૮-'૬૩, વડોદરાથી સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં મુંબઈ પધાર્યા. દરેક મોટાં સ્ટેશને સ્વામીશ્રી પ્લૅટફૉર્મ ઉપર ખુરશીમાં બિરાજતા. હરિભક્તો બધા શાંતિથી મળી લે. પછી ગાડી ઊપડવાના સમયે ગાર્ડ કહેવા આવે ત્યારે સ્વામીશ્રી ડબ્બામાં આવી બેસતા.

'અક્ષર ભવન'માં સત્સંગ સભા માટે પડતી અત્યંત સંકડાશને કારણે ત્રીજે માળે મોટો હૉલ 'યજ્ઞપુરુષ વ્યાખ્યાન મંદિર' અ.નિ. શેઠ રામજી કેશવજીની પાછળ તેમના સુપુત્ર નારણભાઈ કોન્ટ્રાક્ટરે બંધાવી આપ્યો હતો.

શ્રાવણી પૂર્ણિમાને દિવસે સ્વામીશ્રીએ તેનું વિધિપૂર્વક ઉદ્‌ઘાટન કર્યું અને શેઠ રામજીભાઈની તૈલ-પ્રતિમાની અનાવરણ વિધિ પણ કરી.

## પોતાના અવગુણ જોવાનો લાભ

બળેવને દિવસે કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ સૌને ખૂબ આનંદ કરાવ્યો. લાક્ષણિક ઢબે વાતો કરતાં વચનામૃતના મુદ્દા હસતા-રમતા સમજાવવાની એમની કુશળતા સ્મૃતિકારી હતી. સ્વામીશ્રી કહે :

'સંબંધવાળાનો મહિમા પહેલાં જાણવો, તો પુરુષોત્તમનો મહિમા સમજાય. એકલા ધણીનો મહિમા સમજે એમ નહીં. નાનાની સેવા કરે તેમાં મહારાજની સેવા આવી જાય. કાઢો પ્રથમનું છઠ્ઠું !

'રોજ નિરંતર અવગુણ આવે કે 'મારામાં આ અવગુણ છે;' 'મોડું ઉઠાઈ ગયું !' એમ જુએ, તો બીજાનું નજરમાં ન આવે. ગુણ જ બીજામાં દેખે. કઠણ વચન કહે તો સામા થાવું એમ આવ્યું ને ? ભૂલ ન હોય તોપણ ટોકે, તો ભવિષ્યમાં ભૂલ થવાની છે તે કાઢવા ટોકે છે. મોટા સુધારવા ટોકે છે. આગળ વધારવા, ભૂલ ન પાડવા માટે ટોકે છે, એમ માનવું. અત્યારે તો કોઈ ટોકતું નથી. ઘી-કેળાં છે. નિર્ગુણ સ્વામી ટોકે. નાનો-મોટો ટોકે તો ગુણ જ લેવો. સામું બોલે તો પશ્ચાત્તાપ થાય.

'કઠણ વચન એટલે આકરામાં આકરું. મોવાળા બાળી દે એવું. મ. ૩૭ વાંચો. હિતકારી જ માને. આ આપણે બોલતા નથી, મહારાજ કહે છે. કઠણ વચન કહે તેમાં પણ અંદર દુઃખ ન લાગે, તે પહેલો નંબર. દુઃખ લાગે તે બીજો નંબર. આપણે કોઈનો અવગુણ નથી લેતા, તો શાંતિ. ગાદી-તકિયે બેઠે મોટપ નથી.

'અવિવેકી, અવગુણ લે તે સત્સંગમાં જ હોય, નાહી (નાસી) નથી જતો; પણ ઘટતો જાય છે. મોટા વચનામૃત વાંચતા હોય ત્યારે એમ સમજે કે 'હું એ વચનામૃત સમજું છું,' એ ગુણનું માન. શૂરવીર થઈ, દાસાનુદાસ થઈને ગુણનું માન છોડી દેવું.

'નવા સાધુને ચોસઠ પદી, *'સંત જન સોઈ,'* ભક્તચિંતામણિનાં ૧૦૧ અને ૧૦૨ પ્રકરણ મોઢે કરવાં.'

## એક દી'માં આઠ ઉત્સવ !

આટલી વાત કરી ત્યાં મંદિરમાં સંધ્યા આરતીના ડંકા થયા. સૌ આરતીનાં

દર્શને ગયા. સ્વામીશ્રી આરતી બાદ વાત કરતાં કહે : 'આજે આઠ ઉત્સવો એક દી'માં થયા : (૧) બ્રાહ્મણોને જનોઈ બદલાવી, (૨) કથા કરી, (૩) હૉલનું ઉદ્‌ઘાટન થયું, (૪) જમવાનો ઉત્સવ થયો, (૫) આપણે જૂના મંદિરે સોનાના હિંડોળાનાં દર્શન કર્યાં, (૬) કીર્તનનો ઉત્સવ થયો, (૭) છેલ્લે પૂજા વિધિ અને (૮) આશીર્વાદ !'

પછી બળેવના ઉત્સવ નિમિત્તે આશીર્વાદ આપતાં જાણે તૃપ્ત ન થતા હોય તેમ ભાવથી બોલ્યા : 'તને, મને, ધને સુખી થાવ. અંતરમાં શાંતિ રહે. એકતાપણું અખંડ રહે. મહારાજની સેવામાં અખંડ બેસો. અમે પણ તમારી ભેળા બેસીએ, તે આશીર્વાદ છે.' પછી યાદ દેવડાવતાં કહે : 'રાતનો ઉત્સવ બાકી છે - કથા કરવાનો !'

પધરામણીએ જતાં મોટરમાં સિદ્ધેશ્વર સ્વામી *'તારા મુખની લાવણતા મીઠી* રે...' કીર્તન ગાતા હતા. સ્વામીશ્રી તે સાંભળી બોલ્યા : 'મહારાજનું નિર્દોષરૂપ હૈયામાં ટાઢું કરી દે. મહારાજનું લટકું અક્ષરધામમાં લઈ જાય. બીજાનાં લટકાં નરકમાં નાખે, ભલે ને તે લટકાંના લાખો રૂપિયા લેતા હોય !'

## સુવર્ણ મંદિર !

મસીન્ડીવાળા નારણસિંગની રસોઈ હતી. સ્વામીશ્રીની પડખે નારણસિંગ, લાલભાઈ, હર્ષદભાઈ, ગણાત્રા વગેરે બેઠા હતા.

સ્વામીશ્રીએ નારણસિંગને કહ્યું : 'અમે આફ્રિકા તમારે ત્યાં (મસીન્ડી) આવેલા. અહીં તમારું જન્મ સ્થાન ક્યાં ?'

'બાપા ! અમૃતસર.' તેમણે કહ્યું.

ગણાત્રા વચ્ચે બોલ્યા : 'બાપા ! ત્યાં સોનાનું મંદિર છે.'

તે સાંભળી સ્વામીશ્રીએ નારણસિંગને કહ્યું : 'પૈસાપાત્ર હોય તે કરાવે, પણ આપણે જીવમાં ભગવાનની મૂર્તિ બેસાડવી તે સોનાનું મંદિર ! સંત જેવા છે તેવા ઓળખાણા તે સોનાનું મંદિર. આનો નાશ ન થાય. તમને ઓળખાણ થઈ. પંચતીર્થીમાં બે માસ ફર્યા, ખસ્યા જ નહીં, તે પૂર્વનો સંસ્કાર.' એમ સંતને ઓળખીને હૃદયમાં સુવર્ણ મંદિર કરવાની રહસ્યપૂર્ણ વાત કરી, સૌનાં અંતઃચક્ષુ ખોલી નાખ્યાં.

અહીં સ્વામીશ્રી માટે બનાવેલાં મશરૂનાં ઢીંચણિયાં સંતો રોજ ઢીંચણ આગળ મૂકતા. સ્વામીશ્રીને આ ખટકતું કે 'મશરૂનાં ઢીંચણિયાં સાધુને શોભે નહીં.'

પછી તેના ઉપર ભગવો સુતરાઉ ગલેફ ચડાવરાવ્યો ત્યારે જ એમને શાંતિ થઈ.

કથા પ્રસંગમાં સ્વામીની વાતો નિરૂપતાં કહે :

'ત્યાગ કરવા માંડે તો તમોગુણીને કોઈ પૂગે નહીં; પણ તેનો વિશ્વાસ નહીં. ખોદી નાખે, ઊંધું-ચત્તું કરી નાખે. રજોગુણી સારો. પોતે ભલે તાલ કરે; ભગવાનને પણ કરાવે. સત્ત્વગુણી સારો. શોભાડે. પોતાની ખોટ કાઢે. પણ તેને નિશ્ચય થાય નહીં. પોતાને ઘરે આનંદ કર્યા કરે. એનાથી તમોગુણી, રજોગુણી આગળ નીકળી જાય.

'અંતરના રોગ કોણ મટાડે ? ભગવાન ને સંત. કામ, ક્રોધ, લોભ, માન ને સ્વાદ એવા જે તમામ જાતના દોષ જીવને વળગ્યા છે, તે સ્વામી કહે, પાંચ ભૂત વળગ્યાં છે. પાંચ પાડા વચ્ચે કોઈ આસન કરે તો જીવતો ન રહે. તેમ આપણે પંચ વિષય છે એ પાંચ પાડા છે. એમાં જો આસન કરવા જઈએ, તો આપણને પાડી જ નાખે. આ વ્યવહારની જાળ પ્રસારી, મોટાઈની ને માનની ને પૈસા પેદા કરવાની. જેમ કરોળિયા લાળ પ્રસારે છે ને પછી એમાં જ ગુંચાઈ રહે બીચારા, એમ મરવાનો ઉપાય આવી જાય.'

પછી બપોરે થાળ બોલાઈ રહ્યો અને ઊપડવાની તૈયારીમાં હતો ત્યાં જ સ્વામીશ્રી પધાર્યા. અને કહે : 'અહો ! અન્નકૂટ ભરી દીધો. બધા દંડવત્ કરો.'

પોતે દંડવત્ કરતાં કરતાં કહે : 'અમે ગોંડળ થાળ થઈ રહ્યા પછી બે-ત્રણ દંડવત્ કરતા. ને પછી થોડી વાર ધ્યાન કરતા.' પછી પોતે જેમ કરતા તે રીતે સૌની પાસે સ્વામીશ્રીએ ધ્યાન કરાવ્યું. પછી કહે : 'હવે થાળ ઉપાડો.'

## ઉપવાસ કરવા અક્ષરધામની લાંચ

જન્માષ્ટમી આવતી હતી. મહંત સ્વામી અને બીજા સંતો સ્વામીશ્રીને નિર્જળા ઉપવાસ ન કરવા માટે વિનંતી કરવા ગયા. સ્વામીશ્રીએ તો ઘસીને ના જ પાડી દીધી અને કહ્યું : 'પાંચ ઉપવાસ (આષાઢ સુદ એકાદશી, ભાદરવા સુદ એકાદશી, કાર્તિક સુદ એકાદશી, શ્રીહરિ જયંતી અને જન્માષ્ટમી) તો નિર્જળા જ કરવાના. પાણીનોય સંકલ્પ નહિ.'

બધાએ બહુ દલીલો કરી, પણ માન્યા નહીં. અંતેવાસી સેવકે પણ કહ્યું. ત્યારે બોલ્યા : 'તમે ભેગા રહીને અભિપ્રાય સમજતા નથી !'

નારિયેળના પાણી માટે પૂછ્યું, તો તેની પણ ના પાડી અને બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજે એંશી વરસની ઉંમર સુધી ઉપવાસ કર્યા. મને તો તોંતેર

વરસ જ થયાં છે. હું તમને અક્ષરધામમાં બેસાડી દઉં, છેલ્લો જન્મ કરાવી દઉં; પણ મને ઉપવાસ કરવા દ્યો !'

છતાંય રામચરણ સ્વામીએ દલીલ કરી કે 'હર્ષદભાઈ કહે છે કે શાસ્ત્રીજી મહારાજ એમ કહેતા : ત્રણ એકાદશીઓના જ ઉપવાસ નકોરડા કરવાના, બીજા નહીં.'

સ્વામીશ્રી આ સાંભળી તુરત બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજ ભેગો હું ૪૦ વર્ષ રહ્યો છું. તેમણે શું કહ્યું તે હું જાણું.' પછી બોલ્યા : 'હું માંદો નથી. હજુ સો વરસ કાઢવાનાં છે. આવરદા થઈ નથી.' એમ કહી જય બોલાવી દીધી અને ઊભા થઈ ગયા. સ્વામીશ્રીની દૃઢતા પાસે કોઈની કારી ફાવી નહીં.

## દેહ છતાં બ્રહ્મરૂપ થવાનું વચનામૃત

જન્માષ્ટમીએ સવારની કથામાં વ્યાખ્યાન મંદિરમાં વચનામૃત સા. ૯ નિરૂપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આ દેહ છતાં બ્રહ્મરૂપ થવાનું વચનામૃત. જેમ ચાવી ચાવીને જમવું પડે, તેમ મહારાજની વાણીનો ભાવાર્થ સમજવો. સૌને ગુણાતીત બનાવવા છે, તે ભાવના છે. માટે કથાવાર્તા કરીએ છીએ. સત્ત્વગુણ નહીં. શુદ્ધ સત્ત્વગુણ કહ્યો. શુદ્ધ સત્ત્વગુણ એટલે ગુણાતીત. એ આપે એટલે કાંઈ બાકી રહ્યું ? દિવ્યભાવ એ જ શુદ્ધ સત્ત્વગુણ; મનુષ્યભાવનો લેશ નહીં. તે સંબંધ થયો. એવા ગુણાતીત જ્ઞાનનો ઝપાટો વાગ્યો ત્યારે આ લોકના બધા પાછા ભાગે, ઊભા ન રહે. આ તો તોપુંના અવાજ છે. પાણીનાં વહેણ તૂટી જાય. અબજો તોપું છૂટે, એમાં પાણીનાં વહેણ ક્યાં રહે ? તેમ આ ગુણાતીત જ્ઞાન એવું છે. જો બરોબર લાગી જાય, તો ઊભો ન રહે.'

આટલી વાત કરી ત્યાં સી.એમ. પટેલ આવ્યા. સ્વામીશ્રીએ આશીર્વચનની સમાપ્તિ કરી. બાદ ડૉક્ટર સ્વામીએ વાતો કરી. એ દરમ્યાન સ્વામીશ્રીએ પત્રલેખન કર્યું. તેઓ બોલી રહ્યા એટલે ઊંચું જોયા વગર જ પત્ર લખતાં લખતાં સ્વામીશ્રીએ આજ્ઞા કરી કે 'ભક્તચિંતામણિ લ્યો !'

૧૨-૩૦ વાગ્યા હતા. પારસી ભક્ત બમન બહેરામ નવો ગાલીચો લાવ્યા તે ઉપર બિરાજ્યા. સભા પછી સુરતના હરિભક્તો આવ્યા. તેમને જોઈ કહે : 'સ્વયંપ્રકાશ ! મોઢાની (પુસ્તકો વગર) વાત કરો.'

આજે સૌને નકોરડો ઉપવાસ હતો. બપોરે ૧-૩૦ વાગ્યા સુધી સ્વામીશ્રીએ

એકધારું પત્રલેખન કર્યું.

## ‘સ્વામી વિના મારો આધાર નથી’ એ નિશ્ચય

ભક્તચિંતામણિનું ૫૦મું પ્રકરણ પૂરું થયું. પછી સ્વામીશ્રીએ પાંચમા પ્રકરણની વાતો વંચાવી. તેમાં પ્રાસંગિક વાત કરી કે ‘જાણ્યા એટલે શું ? મહિમાએ સહિત જોડાઈ ગયા.’

પછી એકદમ કહે : ‘આજે સૂવું નથી. માંડ વારો આવ્યો છે !’ ઓરડાનાં બારણાં બંધ કરાવ્યાં. ડૉક્ટર સ્વામી પ્રકરણ પાંચમાની વાતો વાંચી રહ્યા હતા. સ્વામીશ્રી વાત કરતાં કહે :

‘મૂળ અજ્ઞાન શું ? પોતાને બ્રહ્મરૂપ માને પણ મહારાજને પુરુષોત્તમ ન માને તે મૂળ અજ્ઞાન.

‘ગુરુ એ જન્મદાતા. તેમણે નાદસૃષ્ટિનો દેહ રચ્યો. દેહભાવ ટાળીને બ્રહ્મભાવ કરી દે. અપવાસનું કાંઈ દખ નથી. અપવાસ તો કેટલા હાલ્યા ગયા.

‘સત્પુરુષમાં સદ્ભાવ શું ? ‘અક્ષરધામમાં જેવા બિરાજમાન છે તેવા અહીં બિરાજમાન છે,’ ‘મહારાજ-સ્વામી જેવા છે તેવા મળ્યા છે,’ ‘અક્ષરધામની મૂર્તિ સાક્ષાત્ મળી છે,’ એમ સમજે. પછી ક્રિયા ગમે. કહે તેમ કરે. ‘સ્વામી વિના મારો કોઈ આધાર નથી’ – એમ નિશ્ચય થાય.’

પછી વચનામૃત કા. ૧ કઢાવીને વંચાવ્યું ને વાત કરી :

‘શુદ્ધ વર્તન રાખવું. ધર્મ-નિયમ રાખવા.

‘એક વાર ઉંદર ને મીંદડી વહાણમાં બેઠાં. મીંદડીને ઉંદર મારવો હતો. કાંઈ બહાનું શોધતી હતી, પણ કાંઈ બહાનું મળ્યું નહીં. તેથી છેવટે કહે : ‘ધૂળ્ય ઉડાડ મા !’ વહાણ પાણીમાં ચાલતું હતું. ત્યાં ધૂળ ક્યાંથી હોય ? ઉંદર સમજી ગયો કે ખોટું બહાનું કાઢે છે. તેથી કહે : ‘મારનારી થઈ હો તો આમ જ મારને !’

‘શ્રીજીમહારાજે આ વાત કરીને કહ્યું હતું : ‘કોઈ નિયમ-ભંગ કરશો નહીં. જેને નિયમ-ભંગ કરવો હોય તે સત્સંગમાં રહેશો નહીં. સૂરજ સરખી ગોદડિયુંમાં ભલા થઈને ડાઘ લાગવા દેશો મા. જનારા થયા હો તો જાજો, પણ મીંદડીની પેઠે કરશો મા.’

પછી કહે : ‘કોઈ ચરિત્રમાં શંકા ન પડે તે ગુણાતીત સ્થિતિ. એવું અત્યારે કરે નહિ. સંતમાં દેહભાવ જણાય તોય ગુણાતીત સ્થિતિ સમજવી.’

આમ, કોઈને વાતો કરવા સ્વામીશ્રી આજ્ઞા કરે ને પછી પોતે જ વાત

ઉપાડી લે.

પછી પંચતીર્થીમાં ભાદરા વગેરે સ્થળે ગયેલા તે વાત સંભારીને કહે : 'મારો રોગ નીકળી ગયો. કળતર ન થઈ.' પછી કહે : 'આનંદમય બ્રહ્મ કહ્યો છે તે આ આનંદમય બ્રહ્મ ! જ્ઞાનની વાત કરે ત્યારે વિજ્ઞાનમય બ્રહ્મ. અન્નમય બ્રહ્મ તે જમતા. ને મનમાં સારા વિચાર આવે તે મનોમય બ્રહ્મ. ત્યાગવલ્લભ ! બોલો. અંગ્રેજીમાં બોલો. તમારી વાત બહુ સારી. કિશોરભાઈ ! લ્યો. એક શબ્દ ગુજરાતીમાં ન આવવો જોઈએ. જો અમે (બપોરે) ઊંઘમય બ્રહ્મ કર્યો હોત, તો બધાને ઊંઘમય બ્રહ્મ થાત. જ્ઞાનગોષ્ઠિ એ જ આરામ.'

પછી કિશોરભાઈએ ત્યાગવલ્લભ સ્વામીના પ્રવચનનું ભાષાંતર કર્યું. ત્યારે સ્વામીશ્રી કહે : 'તાળી વગાડો.' પછી સિદ્ધેશ્વર સ્વામીને 'ઇંગ્લિશ'માં બોલવા કહ્યું. વળી હરમાનભાઈને કહે : 'આજે મહારાજનો મહિમા ઈંગ્લિશમાં કહો.'

ત્યારે બાલુભાઈ ટી.ટી. કહે : 'આપ ઈંગ્લિશમાં બોલો.' સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'અમારા ચેલા બોલશે !' સૌ ખડખડાટ હસી પડ્યા.

બપોરે ઠાકોરજી જાગ્યા. ૪-૦૦ વાગે હરિલીલામૃતની કથા શરૂ થઈ. તે ઉપર થોડી વાતો કરી. આમ, ૧-૩૦ થી ૩-૩૦ સુધી સ્વામીશ્રીએ સૌને બ્રહ્માનંદમાં તરબોળ કરી દીધા. સભા ચાલુ રહી. સ્વામીશ્રી પણ સભામાં જ બિરાજમાન રહ્યા.

## નિષ્ઠા કરાવવી એ સેવા

સંતો-હરિભક્તોનાં પ્રવચનો પછી સ્વામીશ્રીએ ૧૦-૫૦ વાગે આશીર્વચન આપ્યાં. જેમાં સુહૃદભાવ અને નિર્દોષબુદ્ધિની વાત કરી કહ્યું :

'મહારાજ અને સ્વામીની સ્વરૂપનિષ્ઠા કરાવવી તે સેવા છે. એકમના થઈને બ્રહ્માંડ રંગી નાખો, તો 'સેવા બહુ કરી' એમ રાજીપો બહુ થાય.' પછી કહે : 'આરતીનો ટાઈમ થયો છે, હાલો.' સ્વામીશ્રી આરતી કરવા પધાર્યા.

આ ઉંમરે પણ વ્રતના ઉપવાસો સ્વામીશ્રી નિર્જળા કરતા. તેથી જરા થાકી ગયા હોય તેમ જણાતું હતું. સંતોએ સુંદર પારણું શણગાર્યું હતું. હરિપ્રકાશ સ્વામીએ પંચાળાનો રાસ ગાઈ ભક્તિરસની વધુ જમાવટ કરી. બાદ પૂજા વિધિ, થાળ, ફરી જન્મોત્સવની આરતી બાદ ૧૧-૩૦ વાગે આરામમાં પધાર્યા.

આમ, આ ઉત્સવ પણ ખૂબ સારો ઊજવાયો. આવા વ્રત-એકાદશીના દિવસે સ્વામીશ્રી કથા-કીર્તનનો સોપો પડવા દેતા નહિ. મહારાજની આજ્ઞા

પ્રમાણે અખંડ કથાવાર્તા કરતા-કરાવતા. ધૂન, ભજન તથા વાતોની વારાફરતી ઝડી વરસાવી સૌને મૂર્તિમાં જોડી રાખતા.

બે દિવસ પછી, બપોરે થાળ પછી ધર્મજવાળા ઈશ્વરભાઈ પટેલ અને બીજા ત્રણ હરિભક્તો ધરમપુર-વાંસદા થઈને આવ્યા. તેઓ ગુલાબના બે હાર અને ગજરા સાથે લાવ્યા હતા. સ્વામીશ્રીએ કહ્યું : 'આ ઠાકોરજી સારુ રાખો. સાંજે ઠાકોરજી ઊઠે ત્યારે ધરાવજો.'

પછી ગોંડલથી નાનજીભાઈ અક્ષર દેરીનો ગુલાબનો હાર, પંચાજીરી અને મગજ લાવ્યા. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'હારનાં ગુલાબ સૂકવીને રાખજો. રોગ કાઢવા કામ આવશે.'

## યજ્ઞના પ્રકારો

તા. ૧૫મીએ, વહેલી સવારે મંગળ પ્રવચનમાં સંતોને ગ.મ. ૮માં મહારાજે વર્ણવેલા યજ્ઞના પ્રકારોની સમજૂતી આપતાં સ્વામીશ્રી બોલ્યા :

'બંડમાં ક્યાં ભળ્યા ? નરકમાં જશો' એમ કહે ને ધોકાપાટી કરે, તે તામસી યજ્ઞ. ઈન્દ્રિયોથી ખટપટ, આઘુંપાછું ન કરવું. સત્સંગમાં કુસંગ કહેવાય. ગુણાતીત એ બ્રહ્માગ્નિ છે. મનન દ્વારા બ્રહ્મનો સંગ કરવો. લુહાર પણ કંદોઈનું કામ કરે તો કંદોઈ કહેવાય. બ્રહ્મને ત્યાં જન્મ થયો છે. એ છેલ્લી સ્થિતિનું જ્ઞાન. આ પ્રગટ જોવા કે અંદર જોવા તે અંતર્દષ્ટિ છે. ધ્યાન ધરીને ઘણા બાવા-મહાત્માઓ બેઠા છે, પણ તે બધી બાહ્યદૃષ્ટિ. જેને ભગવાન અને સંત મળ્યા છે તે અંતર્દષ્ટિ છે.

'આપણે સ્વામી શાસ્ત્રીજી મહારાજ મળ્યા'તા, આપણી પાસે બેસતા'તા. સ્વામી ભલે આમ બેસતા ને માળા ફેરવતા, પણ સૌ માણસ ખેંચાતા'તા ને કોઈ છેટે નો જાય. ભલે વાત થોડી કરે - ઝાઝી કરે, પણ આમ દર્શન દે ને શાંતિ થઈ જતી. જો દર્શનનું સુખ આવી જાતું, વાતુંનું સુખ આવી જાતું, સ્પર્શનું સુખ આવી જાતું. આમ, એક દર્શનમાં તો પાંચે વિષયનું સુખ આવી જાતું'તું અને ઊઠવાનું મન પણ નો'તું થાતું. એ શાથી ? અંતર્યામી હતા અને ભગવાનનો સાક્ષાત્કાર કરેલો હતો, તો લોકો છેટા નો'તા જાતા.'

## દેહ કુરબાન એ અતિ સેવા

બીજે દિવસે મંગળ પ્રવચનમાં વાત કરી :

'ભગતજી એક જ કલાક ઊંઘતા. *'તારે માથે કોપી રહ્યો કાળ રે, ઊંઘ તને કેમ આવે ?'* એવો સ્વામીનો મહિમા કે પગે ટાંકીઓ (કપાસી) પડી જાય તોય કહે : 'સ્વામી ઉપર દેહ કુરબાન.' એ અતિ સેવા.

'કાઠીના બે દીકરા જાનમાં જતા હતા. તેમના બાપે કહ્યું કે 'બધાંની સેવા કરજો. આપલા થઈને આવજો, પણ બાપલા થઈને આવતા નહીં.'

'બંને ગયા. નાનો સેવાભાવી. કોઈ પાણી માગે તો દોડીને પાઈ દે. કોઈનો હોકો ભરી દે. બધાં તેને આપલો કહે. મોટો ભાઈ ખાટલે ચડીને હોકો પીવે. સેવા ન કરે. ગલઢેરા કાઠી કહે : 'ગધનો, બાપલો થઈ ખાટલે ચઢી બેઠો છે.'

'આપણે આપલા થઈ સેવા કરી લેવી. સેવાભાવી વધે છે. પોતે પોતાનું કરી લે તેમાં શું સર્યું ?

'ઉંદરના દરમાં સાપ પેસે તો ઉંદર નાસી જાય. 'મારું ઘર જૂનું છે' એમ ન કહે. તેમ ભગવાનનો સાક્ષાત્કાર થાય તો વિકાર તરત ટળી જાય. તે સાધને ન થાય.

'અમે અમદાવાદમાં ત્રણ વાગે પ્રભાતી ગાતા હતા. શાહપુરમાં મંદિર છે ત્યાં એક મુસલમાન ફકીર આવ્યા ને કહે : 'કોણ મહાત્મા અહીં આવ્યા છે ?' પછી દર્શને આવ્યા. ગુણ આવ્યો. વહેલો ઊઠીને પ્રભાતી બોલે તો કાને ભણક પડી ગઈ. *'કાને એ નામની...'* સ્વામિનારાયણ શબ્દ કાને પડે તે અક્ષરધામમાં જવાનું થયું.'

સવારે મંદિરના ઉપરના હૉલમાં 'યજ્ઞપુરુષ વ્યાખ્યાન મંદિર'માં કથા થતી. અહીં બારીઓ ઘણી તેમજ સ્વામીશ્રીના આસનની સામે મોટું કાચનું બારણું, તેથી દરિયાનો પવન પુષ્કળ આવે. રોજ સ્વામીશ્રી બારી-બારણાં બંધ કરાવતા. આજે કહે : 'પવન આવે મારે બારી-બારણાં બંધ કરાવવાં પડે છે. લોકો પાણીથી જીવે છે, પવનથી જીવે છે, પણ હું હવા વિના જીવું છું. ગ્રહણ કરીએ, પણ ઓઢવું પડે !'

## શાસ્ત્રીજી મહારાજે ઉપાસનાનો સરોદો વગાડ્યો

બપોરે કથામાં સત્સંગ સમજાવતાં એક વિશિષ્ટ વાત કરી :

'સત્પુરુષ મળ્યા ત્યારનો સત્સંગ એ સત્સંગ નહીં. કામ, ક્રોધ, માન... સ્વભાવ ટળે તે સત્પુરુષનો સમાગમ થયો. 'અમે મહારાજના વખતના સત્સંગી,' એમ કહે, પણ આપણું ખોદી નાખે તે શાનો સત્સંગ ? આ મુદ્દો છે.'

પછી દૃષ્ટાંત આપતાં કહે :

'એક સંન્યાસી હાથમાં સરોદો વગાડે ને ભિક્ષા માગે. એક ગામમાં ભિક્ષા માગતાં એક કૂતરી તેને ભસ્યા કરે. જ્યાં જાય ત્યાં ભેગી ને ભેગી. ભસ ભસ કરે.

'સંન્યાસીને થયું : કાંઈ ઉપાય કરવો પડશે. પછી ઝોળી ઠેકાણે મૂકીને સરોદો વગાડતો કૂતરીની પાછળ પડ્યો. કૂતરી આગળ ને આ પાછળ. એમ બપોરના ત્રણ વાગ્યા. કૂતરી થાકીને એક સાંકડી નવેરીમાં પેસી ગઈ. સંન્યાસી મહારાજ પણ સરોદો લઈને નવેરીમાં ગયા. કૂતરીને નીકળવાનો મારગ ન રહ્યો. સંન્યાસી મહારાજે તેના કાન આગળ જ સરોદો વગાડવા માંડ્યો. કૂતરી ભસતી જ બંધ થઈ ગઈ. સરોદો વગાડે તોય ભસી શકે નહીં.

'સંન્યાસી ખરેખર શૂરવીર. કૂતરીની પાછળ પડ્યા. તે કૂતરીએ ભહકારો (ભસકારો) છોડ્યો ત્યારે તેનો સાલ છોડ્યો.

'શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમનાં મંદિરો કરવા માંડ્યાં, અક્ષર-પુરુષોત્તમના મહિમાની વાતો કરવા માંડી. તે જેને સદી નહીં તે વિરોધ કરવા માંડ્યા, પણ શાસ્ત્રીજી મહારાજે તો ઉપાસનાનો સરોદો વગાડ્યા જ કર્યો. પછી તો બધે જ અક્ષરપુરુષોત્તનાં મંદિરો થવા માંડ્યાં. કાન ઉપર સરોદા વગાડ્યા. વિરોધીઓ બોલતા જ બંધ થઈ ગયા.'

સ્વામીશ્રીની અલૌકિક દિનચર્યામાં હરિભક્તોને દિવ્યતાનો જ અનુભવ થતો, એટલું જ નહીં સૌને અપાર બળ તથા પ્રેરણા મળતાં.

## ઘનશ્યામ મહારાજને પેંડા જમાડ્યા

અહીં રામ બાગમાં હરિલીલામૃત પારાયણ સિદ્ધેશ્વર સ્વામી વાંચતા હતા. તેમાં ઘનશ્યામ મહારાજે ભાભીની અંગૂઠી ચોરી તે પ્રસંગ આવ્યો.

વજુભાઈ શેઠે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : 'ઘનશ્યામ મહારાજે અંગૂઠી ચોરી હતી અને ભાભીએ પૂછ્યું ત્યારે ના પાડી. ભગવાન જૂઠું બોલે ખરા ?'

'જૂઠું બોલ્યા ન કહેવાય; એ તો લીલા કરી. ભગવાન અસત્ય ન બોલે તો લીલા ક્યાંથી થાય ? ભક્તોને સુખ ક્યાંથી આવે ? ભગવાનમાં માયાનો ભાગ છે જ નહીં. બધું જ દિવ્ય છે. નટની માયા જેવું છે.' સ્વામીશ્રીએ હસતાં હસતાં દૃઢતાથી કહ્યું.

પછી તે જ પ્રસંગમાં આગળ આવ્યું કે ઘનશ્યામ મહારાજ હલવાઈને અંગૂઠી આપી પેંડા જમ્યા. સ્વામીશ્રી કહે : 'મહારાજ પેંડા જમ્યા એટલે આપણે

પણ અત્યારે પેંડા વહેચો.'

પછી ઈશ્વરભાઈ દેસાઈ પાસે પાંચ શેર પેંડા મંગાવ્યા, તે ઠાકોરજીને ધરાવીને પોતે પા પેંડો જમ્યા અને બધાને પેંડાનો પ્રસાદ વહેંચાવ્યો.

આમ, સ્વામીશ્રી અલૌકિક આનંદ કરાવતા. કથાવાર્તાના ભારે પ્રસંગોમાં પણ વાતાવરણ હળવું બનાવી, સૌને સ્મૃતિ આપતા. કથા રુચિકર બનાવતા.

## કાયમ રહે તેનાં સાધન જુદાં

સોમવતી અમાસે વજુભાઈ શેઠની રસોઈ હતી. બપોરે થાળ પછી સ્વામીશ્રીએ સંતોને કહ્યું : 'બધા ઠાકોરજીને બબ્બે દંડવત્ કરો, સોમવતી અમાસ છે. વજુભાઈની સાટા-જલેબીની રસોઈ છે. શ્રાવણ મહિનો છે, દરિયા કિનારો છે, રામ બાગ છે.'

પછી બોલ્યા : 'આજ દિનથી નિર્દોષબુદ્ધિ કાયમ રહે તેવા આશીર્વાદ છે. બાર મહિને ફરી પાછું શ્રાવણ મહિનામાં નિર્દોષબુદ્ધિના આશીર્વાદનું ઉદ્‌ઘાટન કરીશું.'

ત્યારે મેં કહ્યું : 'બાપા ! કાયમ રહે તેવું જ કરો ને ! બાર બાર મહિને ઉદ્‌ઘાટન શું કામ ?'

'કાયમ તમે રાખો તો ને ! તેનાં સાધન જુદાં છે. મનુષ્યભાવ કાયમ - કોઈ દિવસ જિંદગી પર્યંત આવવા ન દેવો.' સ્વામીશ્રી બોલ્યા.

'બાપા ! દૃષ્ટિ કરો તો ન આવે ?' એક સંતે કહ્યું.

'અમે દૃષ્ટિ તો કરીએ, પણ તમે રાખો ત્યારે ને ! હવે 'હરે' બોલો.' એમ કહી વાત ટૂંકાવીને જમવા પધાર્યા.

## પુરાતન મૂર્તિના સોદાગર

તા. ૨૨મીએ, સાંજે સ્વામીશ્રી સંતો અને હરિભક્તો સાથે પારસી હરિભક્ત બમન બહેરામજીને ત્યાં નેપિયનસી રોડ ઉપર પધરામણીએ પધાર્યા. અત્રે તેમના સ્નેહી બ્રહ્મચારી હરિૐ શરણજીએ ભજનો સંભળાવ્યાં. બમનજીએ ઠાકોરજી અને સ્વામીશ્રીનું પૂજન કર્યું. ઠાકોરજીને થાળ ધરાવ્યો. બધાએ પ્રસાદ લીધો. સ્વામીશ્રીને વ્યાઘ્રચર્મ ઉપર બેસાડ્યા હતા. સામે જ દરિયો હતો. સ્વામીશ્રી નાક સાફ કરવા ઊઠ્યા ત્યારે દરિયા ઉપર દૃષ્ટિ કરી.

બમન બહેરામ 'મીરર' નામનું અંગ્રેજી માસિક ચલાવતા. પોતે સાધન

સંપન્ન સદ્‌ગૃહસ્થ અને પુરાતન વસ્તુઓના સંગ્રહના શોખીન. તેમને ત્યાં સેંકડો વર્ષ જૂની ધાતુની નાની-મોટી અનેક મૂર્તિઓ હતી. સ્વામીશ્રીને તે બધું બતાવ્યું. પછી સ્વામીશ્રીએ ડૉક્ટર સ્વામી પાસે અંગ્રેજીમાં પ્રવચન કરાવ્યું.

પછી પોતે વાત ઉપાડી : 'દુર્લભમાં દુર્લભ સત્સંગ...'

'આ મકાન કેટલાંય વરસ પહેલાં બાંધ્યું હશે. મુંબઈમાં કેટલાંય મકાન છે, પણ તમે અહીં રહેવા આવ્યા. તમે મુક્ત છો. એટલે આ ઘરમાં સંતનાં પગલાં થવાનાં છે તેવું નક્કી થયું. કરોડ રૂપિયાના બંગલા હોય પણ સંતનાં પગલાં ન હોય તો મસાણ જેવું; ને ઝૂંપડી હોય પણ સંતનાં પગલાં તે અક્ષરધામ. તમારું ઘર હવે તીર્થ થઈ ગયું.

'આ બધી મૂર્તિઓ, પુરાતન દેવ ક્યારનાય હતા. ૧,૬૦૦ વર્ષ પહેલાંના છે. પણ હવે તે પુરાતન મટી ગયા. હવે તેમનો ઉદ્ધાર થઈ ગયો.

'શ્રીજીમહારાજ કાળુભાર નદીમાં સ્નાન કરવા ગયા હતા. જૂની મૂર્તિઓ હતી તે ટોપલામાંથી ઊછળી ઊછળીને મહારાજના પગ ઉપર પડતી હતી. આમ, તે મૂર્તિઓ પવિત્ર થઈ ગઈ. તેવી રીતે તમે લાખો રૂપિયાની મૂર્તિઓ રાખી છે, પણ શાસ્ત્રીજી મહારાજે પચ્ચીસ લાખનાં મંદિર ઝોળી ઉપર માગીને કર્યાં છે, તે તમારે સારંગપુર, અટલાદરા, ગોંડલનાં દર્શન કરવાં.

'આ મૂર્તિ ૧,૬૦૦ વર્ષ પહેલાં હશે ત્યારે તેની કિંમત કંઈ નહીં હોય ! પણ અત્યારે લાખ અને પછી પચ્ચીસ વર્ષે પાંચ લાખ થાય. અને ૩૦૦ વર્ષ પછી ૩૦ લાખ પણ થશે. જેમ આ મૂર્તિનો મહિમા અત્યારે બહુ નથી, પણ કાળે કરીને તેની કિંમત વધતી જશે. પરંતુ આપણે પૈસાથી કામ નથી; મૂર્તિથી કામ છે. માટે ભગવાન અને સંતમાં જોડાવું.

'મો'લ વધ્યો હોય પણ પાણી વગર સુકાઈ જાય. તમને બીજ નાખ્યું છે, માટે દાદર મંદિરે જઈ અઠવાડિયે એક વાર તો સમાગમ કરવો.

'તમને કોઈ કહેશે કે 'સ્વામિનારાયણમાં શું ભાળ્યું ?' પણ તમને આશરો થયો છે તો પાંચ-દસ વર્ષે પ્રકાશ થશે અને આ વાત સમજાશે. 'અહીં જ કલ્યાણ છે' તેમ સમજાઈ જશે. અમને તમારી પાસે કાંઈ સ્વાર્થ નથી - નિઃસ્વાર્થભાવ છે. પૈસા લેવા નથી; તમારું આત્યંતિક કલ્યાણ કરવું છે. માટે આ જોગ જાળવી રાખજો.'

પછી સ્વામીશ્રી તેમના ધ્યાનના ખંડમાં ગયા. બમનજીએ સ્વેચ્છાએ જ અક્ષર ભવનના ટાવરની તથા ગોંડલ મંદિરની અનેક સેવા કરી હતી.

રામ બાગમાં, સવારે હરિલીલામૃતની કથા સિદ્ધેશ્વર સ્વામી મધુર કંઠે વાંચી સંભળાવતા, અને સાંજે ભગતજી મહારાજનું જીવન ચરિત્ર ડૉક્ટર સ્વામી વાંચે અને જ્ઞાનબોધ આપે. મુંબઈના મુમુક્ષુજનો પારાયણનો લાભ લેવા મોટી સંખ્યામાં આવતા. ગણેશ ચતુર્થીના શુભ દિવસે પારાયણની પૂર્ણાહુતિ થઈ. હજારો હરિભક્તોએ સ્વામીશ્રી તથા સંતોનું પૂજન કર્યું. સૌ પ્રસાદ લઈને કૃતાર્થ થયા.

પારાયણની પૂર્ણાહુતિ પછી સ્વામીશ્રી દાદર, અક્ષર ભવનમાં પધાર્યા.

તા. ૨૪મીએ, રાત્રે પારલામાં જાહેર સભા રાખવામાં આવી હતી. આ પ્રસંગે પરાં વિસ્તારના હજારેક મુમુક્ષુઓએ સ્વામીશ્રીની દિવ્ય વાણીનું રસપાન કર્યું હતું. બાલુભાઈ ટી.ટી., દીનુભાઈ અમીન વગેરે ત્યાંના સત્સંગી-બંધુઓએ સુંદર વ્યવસ્થા કરી હતી.

બીજે દિવસે ચંદ્રભાણ શર્માના આગ્રહથી સ્વામીશ્રી પવઈ પધાર્યા હતા. તેમણે અક્ષરપુરુષોત્તમ મંદિર માટે સ્વામીશ્રીની પ્રસન્નતાર્થે આઠ એકર જમીનનું દાન કર્યું હતું. અને રૂડા આશીર્વાદ મેળવ્યા હતા.

## ઊંટ તો ગાંગરતું જાય, પણ પલાણી લેવું

એક રાત્રે ૧૧-૩૦ વાગે સ્વામીશ્રી પોઢવા જતા હતા. મોડું થયું હતું. એટલે સંતોએ કહ્યું : 'બાપા ! સવારે મોડા ઊઠજો.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તમે વહેલા ઊઠજો. પલાણી લેવું. ઊંટ ગાંગરે તોપણ સવાર ચડી જ બેસે. માટે દેહને ગણવું નહીં.' એમ ઉત્સાહથી બોલ્યા.

આ અરસામાં વિદેશ જતા ઘણા ભાવિકો સ્વામીશ્રીના આશીર્વાદ માટે અચૂક મંદિરે આવતા. ઝામ્બિયાના પ્રમુખ ડૉ. ક્વાન્ડાના અંગત સલાહકાર મૂળશંકર વ્યાસ અહીં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. પ્રથમ દર્શનમાં જ સ્વામીશ્રીની હસતી મૂર્તિથી અત્યંત પ્રભાવિત થયા. જે જીવનભર તેમના હૃદયમાં જડાઈ રહી.

આ વાત વર્ષો પછી ૧૯૭૪માં તેમણે પ્રમુખસ્વામીને ઝામ્બિયાની મુલાકાત વખતે જણાવી કે '૧૯૬૩માં હું ફક્ત દસ મિનિટ માટે પ્રથમ વાર અને છેલ્લી વાર સ્વામીશ્રીને મળ્યો હતો. ગુલઝારીલાલ નંદાજી મને મુંબઈ તેમનાં દર્શને લાવ્યા હતા. પણ એમના મુખારવિંદ ઉપર જે હાસ્ય હતું તેવું હાસ્ય હજુ સુધી મેં કોઈના મુખ ઉપર જોયું નથી. હું મહાન વ્યક્તિઓના અને મહાત્માઓના પરિચયમાં આવ્યો છું.'

આ વાતની નોંધ તેમણે પોતાના એક પુસ્તકમાં પણ ખાસ લીધી હતી, જે

પ્રમુખસ્વામીને વંચાવી હતી.

## ફિરસ્તાની ભાષા બધા સમજી શકે છે

અહીંના વેલજીભાઈ હરિભાઈ પટેલના સંપર્કથી એક નવા મુમુક્ષુ મિ. ઈરાને સ્વામીશ્રીનાં દર્શને આવતા થયા હતા. વેલજીભાઈ જે કંપનીમાં સર્વિસ કરતા તે જ કંપનીમાં મિ. ઈરાને સ્ટોરકીપર હતા.

એક દિવસ તેમને ઉદાસ જોઈ વેલજીભાઈએ તેનું કારણ પૂછ્યું. તેમને મુસીબતો અને મુઝવણો છે જાણી, વેલજીભાઈએ તેમને સ્વામીશ્રીનો ફોટો અને અંગ્રેજીમાં પ્રકાશિત થયેલું સ્વામીશ્રીના જીવન અંગેનું પૅમ્ફલેટ આપ્યું. એ મૂર્તિ જોતાં જ મિ. ઈરાનેને શાંતિનો અનુભવ થયો.

મંદિરે આવી સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. મુઝવણની વાત કરી, આશીર્વાદ પણ મેળવ્યા. ટૂંકા વાર્તાલાપમાં જ તેમને સ્વામીશ્રીની મૂર્તિનું ખૂબ આકર્ષણ થયું. રોજ તેઓ સભા પૂરી થતાં સુધી બેસે. દર્શન કરે અને લાભ લે.

એક વાર વેલજીભાઈએ તેમને પૂછ્યું : 'તમને ગુજરાતી તો સમજાતું નથી, સ્વામીશ્રી અંગ્રેજી જાણતા નથી, તો શા માટે તમે સભામાં બેસી રહો છો ?'

તરત જ મિ. ઈરાનેએ કહ્યું : 'ભલે હું કાંઈ સમજતો નથી, પણ અહીં આવતો થયો ત્યારથી મારી મુશ્કેલીઓ દૂર થવા માંડી. એમનાં દર્શન-વાણીથી મને દિવ્ય શાંતિ મળે છે. આવા ફિરસ્તાને ભાષાના માધ્યમની જરૂર નથી. એ તો મારા અંતરની ભાવના જાણે જ છે. આવા સંત ખરેખર દુર્લભ છે.'

એક ખ્રિસ્તી વ્યક્તિએ સ્વામીશ્રી પાસેથી જે મેળવ્યુ, અને તેને સ્વામીશ્રી પ્રત્યે ભાવ થતો હતો તે જોઈ, વેલજીભાઈ પણ સ્વામીશ્રીનો અધિક મહિમા સમજ્યા.

આ રીતે મુંબઈના સંતો-હરિભક્તોને અપાર સુખ આપીને તા. ૨૮-૮-'૬૩, સવારે સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં ભરૂચ ઊતર્યા અને ભક્તરાજ રામચંદ્રકાકાના નવા મકાનમાં પગલાં કર્યાં. બે-ત્રણ પધરામણી બાદ સાંજે લોકલમાં અટલાદરા આવ્યા. પછી નડિયાદ થઈ અમદાવાદ પધાર્યા.

અહીં સ્વામીશ્રી પાસે રમેશભાઈ દલાલ એક પાંચ-છ મહિનાના બાળકને વર્તમાન ધરાવવા લઈને આવ્યા. સ્વામીશ્રીએ વર્તમાન ધરાવીને કંઠી બાંધી. તેઓ જતા હતા ત્યારે સ્વામીશ્રીના સેવક ગુણવંતભાઈ દાણીએ કહ્યું : 'બાપા ! આ બાળક ગોરધનભાઈ નાપાડનો છે.'

ત્યારે સ્વામીશ્રીએ રમેશભાઈને પાછા બોલાવ્યા અને કહે : 'કેમ, ઓળખાણ નથી પાડતા ?'

પછી બાળકના કાન પાસે મુખ લાવીને બોલ્યા : 'તારા બાપાને કહેજે, 'ફરી સાધુ થવા આવે' એમ સ્વામીએ કહેવરાવ્યું છે.'

આ સાંભળીને સભામાં બેઠેલા સર્વે ખડખડાટ હસી પડ્યા. કારણ, અગાઉ ગોરધનભાઈ સાધુ થયા હતા, પણ સંજોગવશાત્ પાછા ગૃહસ્થાશ્રમમાં જોડાયા હતા. છતાં તેમને ફરી ફરી સાધુ બનાવવાનો સ્વામીશ્રીનો આગ્રહ કેટલી હદ સુધી હતો તે જાણી સૌ આશ્ચર્યવત્ હસી રહ્યા હતા.

❀ ❀ ❀

# ગઢડા-સારંગપુરની અવિભક્ત સ્મૃતિઓ



બીજે દિવસે ફાસ્ટમાં બોટાદ થઈ, સ્પેશિયલ બસમાં સારંગપુર આવી પહોંચ્યા. પછી બે દિવસ ગઢપુર રહ્યા.

અહીં અપાર મહિમા-ભક્તિથી જૂના મંદિરે ગોપીનાથજીની મૂર્તિ સમક્ષ પાંચ મિનિટ ઊભા રહે અને એકી નજરે નીરખ્યા કરે. ધૂન બોલાવે અને શુભ સંકલ્પો કરે. લીંબતરુની પ્રદક્ષિણા ફરે. અક્ષર ઓરડીએ સ્મૃતિ કરાવે. લાડુબા-જીવુબાના ઓરડાનાં દર્શન, વાસુદેવ નારાયણની રમ્ય મૂર્તિનાં દર્શન સૌ હરિભક્તોને કરાવે અને અપાર સુખ આપે. લક્ષ્મીવાડીમાં પણ સૌને દિવ્ય સુખ આપતા. 'મહારાજ સ્વધામ ગયા જ નથી, સંતસ્વરૂપે સત્સંગમાં વિચરણ કરી રહ્યા છે,' તેવી સૌને પ્રતીતિ થતી. સ્વામીશ્રી સૌને ઘેલા નદીમાં સ્નાન કરવા મોકલે અને વહેલી સવારે પાણીનો એક ઘડો મંગાવે. સાંજે પણ મંગાવે અને તે પાણીથી સ્નાન કરે. આ મંગલ દિવસો વિસાર્યા વીસરી શકાતા નથી !

આ દિવ્ય સ્મૃતિઓની ભેટ આપતા સ્વામીશ્રી નિંગાળાથી ટ્રેનમાં લીંબડી પધાર્યા. જાજલને ત્યાં સ્વામીશ્રીનો ઉતારો હતો. રાત્રે જાહેર સભામાં લીંબડીની જનતાએ સ્વામીશ્રીનાં દર્શન અને અમૃત વાણીનો સારો લાભ લીધો હતો.

જળઝીલણીના સમૈયા પ્રસંગે સ્વામીશ્રી સારંગપુર આવી પહોંચ્યા. સનાતન સ્વામી, ધર્મકિશોર સ્વામી તથા ધર્મવલ્લભ સ્વામીએ ઉત્સવની બધી વ્યવસ્થા કરી હતી. આજુબાજુનાં ગામડાંના હજારો ભક્તોની જાળિયે ધરે ભારે ભીડ જામી હતી. ઠાકોરજીને જળ ઝીલવવાની વિધિ બાદ સૌ ભક્તોએ સ્વામીશ્રીનું પૂજન કર્યું હતું.

સ્વામીશ્રીની અહીંની દિનચર્યા પણ અતિ અલૌકિક હતી. સવારથી સાંજ સુધીનો સમય ભક્તિમય વીતે અને ભક્તોને સુખ આપે. હંમેશાં જૂના મંદિરે દર્શને જાય. જીવાખાચરના ઓરડા, રાઠોડ ધાધલનું ઘર, નારાયણ ઘાટ વગેરે

પ્રસાદી સ્થાનોનાં દર્શને જાય અને સાથે આવેલા હરિભક્તોને સ્મૃતિ કરાવીને સુખ આપે. અપાર બળ આપે. થાકનું તો જાણે નામનિશાન નહીં !

## અહીં કરોડ દંડવત્ કરીએ તોપણ ઓછા

અહીં રાઠોડ ધાધલના દરબારમાં દર્શન કરવા પધાર્યા. ઓટાને પ્રદક્ષિણા કરી, દંડવત્ કર્યા. પછી મહંત સ્વામીને કહે : 'કેમ ઊભા છો ? દંડવત્ કરો.'

તેમણે પણ દંડવત્ કર્યા. ત્યાં કોઈક બોલ્યું : 'બાપા ! મહંત સ્વામી તો દંડવત્ કરીને ઊભા હતા. આપે ફરીથી કરાવ્યા.'

તરત જ સ્વામીશ્રીએ કહ્યું : 'ગુરુ ! અહીં તો કરોડ દંડવત્ કરીએ તોપણ ઓછા છે. હું તો સો દંડવત્ કરી નાખું. પણ હવે એ બને નહીં. અહીં તો મહારાજે સ્વામીને ઓળખાવ્યા છે.'

અહીં છેલ્લા ઘણા દિવસોથી વરસાદની ખેંચ હતી અને ઉનાળા જેવું વાતાવરણ રહેતું. તેથી કોઈ બોલ્યું : 'અહીં સખત તાપ છે.'

'એમ ન કહેવાય.' સ્વામીશ્રીએ સુધાર્યું : 'અહીં તો અક્ષરધામ છે.'

એક અઠવાડિયું સ્વામીશ્રી અહીં રોકાયા. દરરોજ રંગભવનમાં વરસાદની ધૂન કરાવતા. શાસ્ત્રીજી મહારાજની દેરીએ જાય. અહીં ૫૧ પ્રદક્ષિણા ફરે. હરિભક્તોને સાથે જ રાખે. સભા ભરીને કથાવાર્તાનું દિવ્ય સુખ આપે.

તા. ૭-૯-'૬૩, શાસ્ત્રીજી મહારાજની શ્રાદ્ધતિથિ ઊજવી. શાસ્ત્રીજી મહારાજના સમાધિ સ્થાનમાં મહાપૂજા, પ્રદક્ષિણા, પ્રાર્થના, આરતી, ધૂન્ય, પ્રવચનો કરી સ્વામીશ્રીએ ઘણું સુખ આપ્યું. સભામાં સ્વામીશ્રીની સારંગપુરનાં અદ્‌ભુત લીલાચરિત્રોની ભાવભરી સ્મૃતિ સહિત પ્રવચનો ચંપકલાલ શેઠ, હરમાનભાઈ, ખેંગારજીભાઈ, અંબાલાલ ભગત, મોહનભાઈ, કાનજીભાઈ, કૃષ્ણાલાલ વગેરે હરિભક્તોએ કર્યાં. સંતસ્વામીએ જ્ઞાનવાર્તા કરી ખૂબ જ આનંદ કરાવ્યો. સ્વામીશ્રીની તો વાત જ અતિ અલૌકિક. હાલતાં, ચાલતાં, મરમમાં પણ હૃદયમાં પેસી જાય તેવી અંતર્યામીપણે વાતો કરી, જીવને ચોખ્ખા કરી, નિર્દોષભાવ, મહિમા અને ભક્તિથી તરબોળ કરી દેતી એમની ભગવત્‌-કળા અવર્ણનીય હતી.

## મેઘરાજા રિસામણાં તોડે છે

સૌરાષ્ટ્રમાં સુકા દુષ્કાળની અપાર ભીતિનું ભયંકર વાતાવરણ પ્રવર્તી

રહેલું. સ્વામીશ્રી સારંગપુર પધાર્યા ત્યારથી વરસાદ માટે પ્રાર્થનાના પત્રનો વરસાદ ચાલુ થયો હતો. સ્વામીશ્રીએ ધૂન્ય ચાલુ રાખી. અને ભારે રિસાયેલા ઇન્દ્રરાજા એથી જાણે કે એવા આવેશમાં આવી ગયા કે બારે મેઘ ત્રાટક્યા. થોડા જ દિવસમાં ચારે બાજુ પાણી પાણી અને જળબંબાકાર ! સૌરાષ્ટ્રના દેશકાળ સ્વામીશ્રીની દૃષ્ટિથી ફરી ગયા.

સૌરાષ્ટ્ર ઉપર આ રીતે મહેર કરી સ્વામીશ્રી ચોથની સાંજના જ સારંગપુરથી નીકળી બોટાદથી ટ્રેનમાં સંતમંડળ તથા હરિભક્તોના મોટા સમૂહ સાથે ગઢડા જવા નીકળ્યા. 'અતિશય વરસાદથી આજુબાજુ ગાડીઓ રોકાઈ ગઈ છે' તેવા તાર આવવાથી, સ્વામીશ્રી જેમાં નીકળવાના હતા તે ટ્રેન પણ ઊપડે તેમ ન હતું અને નિંગાળાથી આ ગાડીને કનેક્શન મળવાની શક્યતા ન હતી. પણ સ્વામીશ્રી કહે : 'નિંગાળાવાળી ગાડી આપણી ગાડી. માટે બે કલાક મોડી ઉપાડે તો વચ્ચેનાં નદીનાં પાણીથી ગઢડાની ગાડીને વાંધો આવશે નહિ, અને બે-ત્રણ કલાક મોડા, પણ આપણે આજે ગઢડા પહોંચી શકીશું.'

બોટાદના ભાવિક સ્ટેશન માસ્તરે તેમની હેડ ઑફિસ સાથે તારથી વાત કરી. તેવી સૂચના નિંગાળા તારથી અપાવડાવી. આ કારણે બોટાદ સ્ટેશને ત્રણ કલાક રોકાણ થયું. આ દરમ્યાન સ્ટેશનના મોટા સ્ટાફે તથા બોટાદના હરિભક્તોએ સ્વામીશ્રીનાં દર્શનનો લાભ લીધો અને આશીર્વાદ મેળવ્યા.

સ્વામીશ્રી અને મંડળ મોડી સાંજે ગઢડા પહોંચ્યા. કોઠારી હરિજીવનદાસજી તથા સૌ સંતો રાજી થયા. આફ્રિકા મહિલા મંડળ તરફથી કરાવાયેલ સુંદર ઉતારાનાં મકાનો જોઈ સંતોષ વ્યક્ત કર્યો. કોઠારી હરિજીવન સ્વામીને તેમની ઇજનેરી દૃષ્ટિ માટે સૌએ ધન્યવાદ આપ્યા.

ત્યારપછી લીંબડી, ઊંટડી થઈ, તા. ૧૨મીએ સાંજે મોજીદડ પધાર્યા. રસ્તામાં એક હરિભક્ત કહે : 'વાતો કરી મોજીદડના એક યુવકને સાધુ થવા તૈયાર કર્યો છે.'

તે સાંભળી સ્વામીશ્રી બહુ રાજી થયા ને ઘેરા રાગે સાખી બોલ્યા :

*'તાજી તીક્ષ્ણ ધાર, અડતામાં અળગું કરે,*
*લેશ ન રહે સંસાર, વજ્ર લાગ્યાં કોઈ વીરનાં.'*

સ્વામીશ્રી મોજીદડથી ભાદરવી અમાસનો સમૈયો કરવા નારાયણ ઘરે પધાર્યા. આઠ ગાડાં જોડવામાં આવ્યાં હતાં. રસ્તામાં ખાડા-ટેકરા આવે ને ગાડું ઊંચું-નીચું થતાં સ્વામીશ્રી બોલે : 'એ પડ્યા.' અને આમ-તેમ ડોલે. જોડેના

સંતને કહે : 'પિચોટીનું ધ્યાન રાખશો. ભાઈસા'બ ! ખસી ન જાય.' એમ પેટે હાથ ફેરવતાં બોલે. મુખ પર ગુલાબી હાસ્ય પ્રસરી રહે.

રસ્તામાં યોગેશ્વર સ્વામી પાસે *'હું તો જાઈશ ગિરિધર જોવાને...'* એ ચાર પદો અને *'માણકીએ ચડ્યા રે, મોહન વનમાળી...'* એ પદો બોલાવી ગાડામાં બેઠેલા સંતો તથા ગાડાની આસપાસ ચાલતા હરિભક્તોને પોતાની મૂર્તિનું દિવ્ય સુખ આપ્યું.

નારાયણ ધરે સ્નાન કરી, સૌને પ્રસાદીનું જળ માથે ચઢાવ્યું.

સાંજે સ્વામીશ્રી નવાગામ (સેજકપુર) પધાર્યા. હિંમતભાઈના ઘરે ઉતારો હતો. વહેલી સવારે સ્વામીશ્રીએ સંતો તથા યુવકોને આજ્ઞા કરી કે 'નદીમાં નાહજો. અમે પહેલાં ફરતા ત્યારે નદી, તળાવ કે કૂવે જ નાહવા જતા. હરિભક્તોને બહુ ગુણ આવતો.'

## સંતાપો મિટાવે સાચા નેમથી

ભૃગુપુર થઈ, તા. ૧૮મીએ ખારવા પધાર્યા. બીજે દિવસે સવારે રામજી મંદિરના પૂજારીના આગ્રહથી મંદિરે આરતી ઉતારવા પધાર્યા.

પાછા ફરતાં એક-બે પધરામણી થઈ. એક હરિભક્તે એક ઘરનું ડેલું બતાવતાં કહ્યું : 'બાપા ! અહીં દૃષ્ટિ કરો. એક બળદ અહીં પંદર દિવસથી રિબાય છે, પણ છૂટકારો થતો નથી.'

સ્વામીશ્રી કહે : 'હાલો જોવા જઈએ.' પછી બળદ પાસે ગયા. પાણી મંગાવી તેના પર છાંટ્યું અને ધીરે રહીને કહે : 'જાવ, બદરિકાશ્રમમાં તપ કરો.' એમ કહીને બોલ્યા : 'હવે એનો છૂટકારો થઈ જશે.'

બરાબર બપોરે ૩-૩૦ વાગે બળદે દેહ છોડી દીધો ! સૌને સ્વામીશ્રીની વચનસિદ્ધિનું ખૂબ આશ્ચર્ય થયું.

સ્વામીશ્રી તો બળદની મોક્ષગતિનો સંકલ્પ કરી હિંમતભાઈ વીરાભાઈના ઘરે પધાર્યા. બપોરે ઠાકોરજી જમાડવા ચીમનભાઈ નરસિંહભાઈ સોનીને ત્યાં પહોંચ્યા, ત્યારે રસોડામાં રસોઈ જોઈ રાજીપો બતાવ્યો અને કહે : 'બહુ સારી બનાવી છે. કોણે બનાવી ?'

'આ ગણપત મહારાજે.' ચીમનભાઈએ તેમને આગળ ધરીને કહ્યું : 'બહુ ભાવથી બનાવે છે. પણ તેમને સારણગાંઠની પીડા ઊપડે છે, ત્યારે આવી સેવા નથી કરી શકતા.'

'એમ ?' સ્વામીશ્રીએ ચિંતા વ્યક્ત કરી : 'ક્યાં પીડા થાય છે ?'

ગણપતભાઈ જોશી તો સ્વામીશ્રીની માધુરી મૂર્તિમાં લીન થઈ ગયા હતા. ઝબકીને તેમણે કહ્યું : 'આ જગ્યાએ.'

સ્વામીશ્રીએ તે જગ્યાએ હાથ ફેરવી પ્રેમથી ધૂન કરી. પછી કહે : 'જાવ, તમારું દુ:ખ આજથી ગયું !'

આ પછી તેમને ક્યારેય તેની પીડા ઊપડી નહીં, જેનું આખા ગામને આશ્ચર્ય રહ્યા કર્યું.

આ અકારણ દયાનો ઝરો સ્વામીશ્રી દ્વારા જીવ-પ્રાણીમાત્ર પર કોઈ જ ભેદભાવ વિના વહેતો રહેતો અને લલાટે લખેલા કર્મબંધનના લેખ ભસ્મીભૂત થઈ જતા. સર્વ સંતાપોનું શાંતિમાં રૂપાંતર થઈ જતું !

## મહારાજના તાળવે ક્યારે દર્શન કર્યાં હશે ?

અહીં બે દિવસ રોકાયા. પછી વઢવાણ આવી પહોંચ્યા.

બીજે દિવસે સવારે ૫-૦૦ વાગે ઊઠ્યા. ગુણવંત દાણી પગ દાબતા હતા. યોગેશ્વર સ્વામી તથા બે-પાંચ યુવકો પણ હતા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'કોણ એ ?'

'ગુણુ ભગત.'

ત્યારે કહે : 'આજે તમને એક પ્રસાદીની વાત કરું. ચંદુભાઈના પિતાશ્રી હરગોવિંદભાઈ કૃષ્ણજી અદાના શિષ્ય હતા. રાજકોટથી તેમની પાસે હું રહેલો. તે અદાની બધી ક્રિયામાં દિવ્યભાવ રાખે ને બધું લખી લે. દાતણ કર્યાથી માંડીને રાત્રે સૂવે ત્યાં સુધી ! અદામાં મનુષ્યભાવ નહીં.

'પ્રેમાનંદ સ્વામીએ મહારાજનાં અંગેઅંગનું વર્ણન કરી દીધું. દેહમાં તલેતલનું વર્ણન કર્યું. 'તાળવે તલ છે' તેમ લખ્યું. ક્યારે દર્શન કર્યાં હશે ? પણ મહારાજમાં અનન્ય પ્રેમ તેથી આવો દિવ્યભાવ પ્રકટે. કહેવાનો મુદ્દો શું છે કે હરગોવિંદભાઈ આવા મુક્ત હતા. તમારે બધું લખી લેવું. ભવિષ્યમાં બહુ ફાયદો થશે ને અંતરમાં શાંતિ થઈ જશે.'

સ્નાન બાદ સવારે પૂજા પછી, વઢવાણ મંદિરના બે સંતો ઝોળી માગવા આવ્યા. ત્યારે ચંદુભાઈ તેમને સ્વામીશ્રી પાસે મુલાકાતે લાવ્યા. સ્વામીશ્રીએ તેમાંના વૃદ્ધ સંતને પૂછ્યું : 'તમારું નામ શું ?'

'આત્માને નામ કેવું ? દેહનું નામ હોય.' તેમણે જરા અવિવેકથી જવાબ આપ્યો.

સ્વામીશ્રીએ સહજ પૂછ્યું : 'તો દેહનું નામ શું ?'

આ સાંભળીને આજુબાજુ બેઠેલા સંતો-હરિભક્તો ખૂબ જ હસી પડ્યા. સ્વામીશ્રી પણ ખડખડાટ હસી પડ્યા. એ સંતનું નામ ઘનશ્યામ સ્વામી હતું.

ઉકાળા-પાણી કરીને સ્વામીશ્રી વઢવાણ મંદિરે દર્શને પધાર્યા. ત્યાંથી આચાર્ય મહારાજનાં દર્શને ગયા. આચાર્ય મહારાજ કહે : 'આજે સત્સંગનો પ્રચાર આપના દ્વારા ઘણો થાય છે. તેથી હું ખૂબ આનંદ અનુભવું છું.'

પછી જોરાવરનગર, સુરેન્દ્રનગર, રાજકોટ થઈ, તા. ર૩મીએ સાંજે ગોંડલ આવી પહોંચ્યા.

શરદોત્સવની તૈયારી શરૂ થઈ ગઈ હતી. અહીં દ્વાદશીએ સાંગાવદરના જાદવને સ્વામીશ્રીએ દીક્ષા આપી 'સાધુ પ્રેમપ્રકાશદાસ' નામ આપ્યું. એ જ દિવસે ભંડારમાં ખુરશી પર સ્વામીશ્રી બિરાજ્યા હતા. ત્યાં આ નાનકડા સંત સ્વામીશ્રીના પગ દાબવા લાગ્યા. સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : 'તમારું નામ શું ?'

પ્રેમપ્રકાશ સ્વામી કહે : 'આજે સવારે આપે તો નામ પાડ્યું ને ભૂલી ગયા ?'

એટલે સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. પછી કહે : 'તમારા જેવા નાના હતા ત્યારે બહુ યાદ રહેતું. કીર્તનો, વાતું ધાણી ફૂટે એમ બોલતા. ચોપડીની જરૂર જ નહીં. ચોપડી લઈએ તો ગુરુ વઢે.'

પછી પ્રેમપ્રકાશ સ્વામીએ પોતાનું નામ કહ્યું. એટલે તેમને માથે હાથ મૂકીને કહે : 'બુદ્ધિમાં પ્રકાશ થાય તેવા આશીર્વાદ છે. વાંચજો, હોશિયાર થઈ જાશો. સુખિયા કરવા છે.' એમ ખૂબ વહાલ કરી, ગઢડાના દેવપ્રસાદ સ્વામી સાથે ગામડે ફરવાની આજ્ઞા કરી.

અહીં શરદોત્સવ ધામધૂમથી ઊજવાયો. આ પ્રસંગે મોમ્બાસામાં યુવક મંડળ 'ભક્ત પ્રહ્‌લાદ' નામે સંવાદ ભજવવાના હતા. તેનો સી.ટી. પટેલે લખેલો પત્ર વાંચી સ્વામીશ્રી પ્રસન્ન થઈને બોલ્યા : 'આફ્રિકામાં અખંડ જોગ નહીં, છતાં પ્રહ્‌લાદ જેવા ભગત થયા' એમ કહીને આફ્રિકા મંડળની ખૂબ પ્રશંસા કરી.

## હરિભક્તોને ભૂલવા નહિ

બપોરે આરામમાંથી વહેલા ઊઠ્યા ત્યારે ગુણવંતભાઈ જાગી ગયા. પાસે જઈને પગ દાબવા બેઠા અને બોલ્યા : 'હજુ વાર છે. ત્રણ વાગ્યા છે.'

એટલે સ્વામીશ્રી કહે : 'ઊંઘ આવતી નથી. હમણાં કોઈને ઉઠાડશો નહીં. બપોરે સેવા કરીને થાકેલા હોય.'

પછી આગળ કહે : 'વિચરણ લખ્યું ?' એટલે ગુણવંતે હા કહી. પછી ધીરેથી કહે : 'વિચરણમાં બધા હરિભક્તોનાં તથા ગામોગામ જઈએ તેનાં નામ લખવાં. અહીં ગોંડલ દર્શને આવે તેનાં નામ લખવાં. જેથી હરિભક્તોને બળ મળે, ઉત્સાહ વધે. વિચરણમાં આપણો મહિમા બહુ ન લખવો. હરિભક્તોનાં નામ ન રહી જાય તે ધ્યાન રાખવું.'

પછી કહે : 'ડાયરી પૂરી થાય એટલે નવી ડાયરીમાં આશીર્વાદ લખાવી લેવા, જેથી બુદ્ધિમાં પ્રકાશ થાય.' એમ ઘણી વાત કરી.

બપોરે સ્વામીશ્રીએ અંબાલાલભાઈને બોલાવ્યા અને કહે : 'આજે વીસ મણની ખીચડી કરજો.' પરંતુ હરિભક્તો જોતાં તેમને લાગ્યું કે 'વીસ મણ ખૂટશે.' તેથી પચીસ મણ કરાવી.

સૌ જમી રહ્યા પછી બરાબર પાંચ મણ ખીચડી વધી ! અંબાલાલભાઈને થયું કે 'મારું ડહાપણ મૂક્યું નહીં તેથી આ બગાડ થયો.' છેવટે બીજે દિવસે નાસ્તામાં વઘારીને આપી દેવા નક્કી કર્યું.

તે દિવસે રાતે શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં રસોઈની સેવા કરતા હરિભક્તોની મિટિંગ હતી. સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેમ અંબાલાલ ! ખીચડી બરાબર થઈ રહીને !'

'બાપા !' તેઓ ઉત્તર આપતાં ખચકાયા. છતાં કહ્યું : 'વધી છે. કેમ કે પચીસ મણ કરાવી હતી.'

સ્વામીશ્રીએ હળવા સ્વરે કહ્યું : 'ગુરુ ! એમ ન કરવું. આજ્ઞા પ્રમાણે કરવું તો બગડે નહીં !'

## 'અમે સૌની રુચિ સાચવીએ'

સ્વામીશ્રી, મોટાસ્વામી વગેરે સાથે જમવા બેસતા. આવે સમયે સ્વામીશ્રીના સેવકે સાથે બેઠેલા સંતો, હરિભક્તો અને મોટાસ્વામીનું વિશેષ ધ્યાન રાખવું પડતું. એમ કરવા જતાં સ્વામીશ્રીને પીરસવામાં કચાશ રહી જતી. સેવક સંત નિર્ગુણ સ્વામીને આ વાત ખૂંચે. છતાં સ્વામીશ્રીની મરજી જાણી સાથેના સૌને સાચવવા પ્રયત્ન કરે. એમાં કોઈની રુચિ સચવાય - ન સચવાય તો ઠપકો પણ સાંભળવો પડે.

એક વાર ગોંડળમાં નિર્ગુણ સ્વામીએ સહજ સ્વામીશ્રીને આ વાત કરી : 'બાપા ! સો હરિભક્તો સચવાય, પણ સંતોને સાચવવા કઠણ.'

સ્વામીશ્રીએ આ સાંભળતાં જ જમતાં જમતાં બંને કાનમાં આંગળી નાખી દીધી. ને કહે : 'મને વાત જ ન કરશો. મારે નથી સાંભળવું. લાવો, હું રસોઈ કરી જમાડું. ખટકો નહીં અને આળસ, તેથી એવું લાગે. અમે શાસ્ત્રીજી મહારાજ સાથે રહેતા. શાસ્ત્રીજી મહારાજને જમાડું, સાથે નિર્ગુણ સ્વામી તેમજ માંદા સંતોને સાચવી લઉં. અને હરિભક્ત આવ્યા હોય તો તેમને પણ જમાડું. કટ કટ કામ કરીએ. બધાની રુચિ સાચવી સેવા કરીએ, તો સેવા કરી ગણાય. માટે મોળી વાત ન કરવી.' સેવકે તરત જ હાથ જોડ્યા.

સ્વામીશ્રીની આ પ્રકારની સેવા ઘણા બધાએ અનુભવી હતી. સૌની સાથે કેવો હેતનો નાતો હશે કે સૌની રુચિ સમજી સૌની સેવા કરે !

બીજે દિવસે સંતો-હરિભક્તોના સંઘ સાથે બંધિયા દર્શન કરી સ્વામીશ્રી જલારામબાપાની જગ્યાના મહંત ગિરધરબાપાના આમંત્રણથી વીરપુર પધાર્યા. ત્યાં દીવાનખાનામાં સ્વામીશ્રી તથા ગિરધરબાપા મળ્યા. સ્વામીશ્રીના આગમનથી સર્વત્ર દિવ્ય આનંદનું વાતાવરણ સર્જાઈ ગયું. ત્યાં એક સદ્‌ગૃહસ્થ બેઠા હતા. તેઓ બોલ્યા : 'જલારામબાપા પછી લોહાણા જ્ઞાતિમાં આપના જેવા સમર્થ પુરુષો અત્યારે પ્રગટ છે. તેથી જ્ઞાતિનાં મોટાં ભાગ્ય છે. અમે જ્ઞાતિબંધુ તરીકે ગૌરવ અનુભવીએ છીએ.' એમ વાત કરતા હતા ને સ્વામીશ્રીના ઉત્તરની રાહ જોતા હતા. સ્વામીશ્રી હાથમાં માળા ફેરવતા રહ્યા. સ્વામીશ્રીની સાથે પધારેલા સંતો, હરિભક્તો સ્વામીશ્રીની આ ચેષ્ટા જોઈ રહ્યા. પછી સ્વામીશ્રી બોલ્યા : 'ગિરધરબાપાએ જલારામબાપાનું નામ રાખ્યું.' એમ કહીને ગિરધર-બાપાને મળીને જવા માટે ઊઠ્યા. ત્યાંથી જેતપુર દર્શને પધાર્યા.

અન્નકૂટોત્સવ પછી ભાવનગરના કનુભાઈ રાવળે ત્રણ દિવસ 'સ્વામીની વાતું'ની પારાયણ કરાવી હતી.

આ સમયે ગુણવંતભાઈએ સ્વામીશ્રીને વાત કરી કે 'કનુભાઈ સારા લેખક છે. આશીર્વાદ આપો કે સ્વામિનારાયણ પ્રકાશમાં લેખ લખી મોકલે.'

એટલે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'પહેલાં લેખ મોકલે, પછી આશીર્વાદ મળે.' એમ સહેજે રમૂજ કરીને સૌને હસાવ્યા.

## આજ્ઞાનું ઓસાણ ચૂકી જતાં...

નૈરોબીથી મેઘજી સામત દેશમાં ફરી જામનગર આવેલા. ત્યાંથી બધાં તીર્થસ્થાનોનાં દર્શન કરવા માટે તા. ૨૦-૧૦-'૬૩ના નીકળીને જૂનાગઢથી

પાછા ફરતાં ગોંડલ બપોરે ૩-૩૦ વાગે આવ્યા. અહીં સ્વામીશ્રીનાં દર્શન કરી, તેમણે ગઢડા જવા માટે સંકલ્પ કરેલો. સ્વામીશ્રી કહે : 'રાત રોકાઈને જાવ.'

મેઘજીભાઈ કહે : 'બાપા ! અમારી સાથે છે તે બધા ઉતાવળ કરે છે.'

ઘણો આગ્રહ કર્યો પણ તેઓ ન રોકાયા. પછી સ્વામીશ્રીએ ચા-નાસ્તો કરાવ્યાં અને ચિઠ્ઠી લખી આપી : 'મહેમાનો નૈરોબીથી આવે છે, માટે બે દિવસ રોકીને પ્રસાદી સ્થાનોનાં દર્શન કરાવશો અને સારી સરભરા કરશો.'

મેઘજીભાઈ બહુ રાજી થયા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપીને વિદાય આપી.

આટકોટથી આગળ જતાં જસદણમાં મોટર બગડી. રાત્રે જસદણમાં જ રોકાઈ જવું પડ્યું. જે સ્પેરપાર્ટ્સની જરૂર હતી તે રાજકોટ મળતાં હતાં. તેથી સવારે કારીગર રાજકોટ ગયો અને બાકીની ચીજ-વસ્તુઓ લાવ્યો. બીજે દિવસે બપોરે દિવસે બે વાગે ગાડી રિપેર થઈ. સાંજે પાંચ વાગે તેઓ ગઢડા પહોંચ્યા.

મેઘજીભાઈ તથા સર્વેને થયું કે સ્વામીશ્રીએ આપણને રોકાવાનો આગ્રહ એટલા માટે જ કર્યો હતો. આપણે આજ્ઞા ન પાળી તો દુ:ખ આવ્યું ને આખી રાત હેરાન થવું પડ્યું. બીજે દિવસે બપોરે જસદણમાં જમવાનું પણ બરાબર ન મળ્યું. તેમને સમજાયું કે 'સત્પુરુષની આજ્ઞામાં જ સુખ છે અને તેઓ જે કંઈ આજ્ઞા કરે છે તે આપણા ભલા માટે, હિત માટે જ હોય છે.'

## ભાઈબંધને મળી લઈએ

તા. ૨૩મીએ બપોરે જમીને સ્વામીશ્રી આરામમાં જતા હતા ત્યારે સ્વામીશ્રીએ કનુભાઈ તથા ગુણવંતનો હાથ ઝાલ્યો હતો. સભામાં બેઠેલા નાનજી-બાપા પાસે આવીને સ્વામીશ્રી બોલ્યા : 'અમારા ભાઈબંધને મળી લઈએ.'

પછી કનુભાઈને કહે : 'અમારા નાનપણના ભાઈબંધ છે. બહુ સાથે ફર્યા ને કથાવાર્તા કરી છે.' પછી નાનજીબાપાને કહે : 'હવે આરામમાં જઈએ.'

તેમણે હાથ જોડી કહ્યું : 'હા બાપા ! આરામ કરો.'

પછી સ્વામીશ્રી પાછા ફરીને કહે : 'વરસ સારું થયું છે ને ?'

તો કહે : 'હા બાપા ! આપની દયાથી સારું થયું છે.'

પછી પોતે આરામમાં પધાર્યા. ત્યારે એક સંત ત્યાં ઊભા હતા તે કહે : 'અમે ભાઈબંધ નહીં ?'

તેથી સ્વામીશ્રી કહે : 'ઈ જૂના ભાઈબંધ ને તમે નવા ભાઈબંધ.' એમ કહી હસી પડ્યા. એ સંતને થાપો મારતાં કહે : 'તમે તો શિષ્ય છો ભાઈસા'બ ! સેવા

કરો ને !' એમ બહુ હેતાળ શબ્દો બોલ્યા. સાંભળીને સંતો-યુવકો એમનાં હેતમાં ગરકાવ થઈ ગયા.

## તે વેલો હજુ ચાલુ છે

બપોરે આરામમાંથી ઊઠીને ગુણવંતભાઈનો હાથ ઝાલીને બહાર આવતા હતા. ત્યાં નંદાભાઈ તથા અમૃતભાઈ એક ભાઈને તેમના કૂવામાં પાણી થાય તે માટે આશીર્વાદ અપાવવા આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ આશીર્વાદ આપી, ગોંડલ - અક્ષર દેરીની ૨૫ મહાપૂજા કરવા કહી. ગુણવંત સામું જોઈ હસીને બોલ્યા : 'કૃષ્ણચરણ સ્વામીના આશીર્વાદથી કૂવામાં પાણી થાતું. તે વેલો હજુ ચાલુ છે તેથી બધા આશીર્વાદ લેવા આપણી પાસે આવે છે.'

સાંજે દેવચડી તથા માર્ગમાં બાંદરા ગામે પધરામણી કરી.

ગોંડલમાં સ્વામીશ્રીએ આ વખતે એક માસ રહીને સૌને દિવ્ય સુખ આપ્યું. અલૌકિક વાતો કરી હતી જેનો સાર આ હતો :

'આજ તો મોક્ષની દિવાળી છે. મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીનો જન્મદિન ઊજવાય. તે ચક્રવર્તી રાજા જેમ ગાદીએ આવે ને જન્મટીપવાળાને છોડી દે ને જેલ દૂધથી ધૂએ, તેમ આ તો અઘના ઓઘ લોપ થઈ જાય ને નવો જન્મ થાય તેવો અવસર છે. તો સેવાનો, સમાગમનો લાભ લઈ લેવો.

'ચોસઠ પૉરી પીપર જેમ ઘસાય તેમ વધુ ફાયદાકારક નીવડે. વધુ ગુણ આપે. તેમ ભીડો ખમે ને ગુણ લેતો જાય, તો તત્કાળ જીવ વધવા માંડે ને મોટા રાજી થાય.

'સુહૃદપણું તે જ એકાંતિકપણું છે. જીવનું જીવન છે. તે હશે તો બાકીનાં ત્રણ પણ આવી જશે. તે શું ? તો ઉપાસના, આજ્ઞા અને એકાંતિકમાં પ્રીતિ. માટે આ સનાતન સિદ્ધાંત એક જ જો મોટાની કૃપાથી સિદ્ધ થાય તો સંપૂર્ણ થઈ ગયા. માટે, તે જીવમાં દૃઢ કરતાં જવું.

'કોઈ બોલે, અપમાન કરે, અવગુણ લે, તો સામેથી તેનો આપણે વધુ ગુણ લેવો; તેનું રાખવું; તે રાજી થાય. તેમાં કંટાળવું નહિ ને તે દૃષ્ટિમાં જ આવવા દેવું નહિ. તો પારસથી પારસ બનાવી દે. મોટાપુરુષ પોતા જેવા કરી દે ને અંતરનો રાજીપો થઈ જાય. પછી તે જ્યાં જાય ત્યાં શાંતિ કરી દે ને અક્ષર-ધામનું સુખ ખડું થાય ને આનંદ વર્તે.

'ભગવાનના સ્વરૂપની ઓળખાણ થઈ તે વરતાલ ૧૯ વચનામૃત પ્રમાણે

ભક્ત કહેવાય. પછી તેના મનોરથો ભગવાન પૂર્ણ કરે અને સમજણ આપે. માટે પ્રગટ સ્વરૂપના મહિમાની વાતું તો કરવી જ. તેથી જ્ઞાન વૃદ્ધિ પામે. પણ અનાજ પડી રહે તો સડી જાય, તેમ સમજણ હોય તેટલી વાત ન કરે તો જ્ઞાન કટાઈ જાય. માટે ભગવાન સંભારીને ગાંડુંઘેલું પણ બોલવું, વાતું કરવી, તેથી પ્રકાશ થઈ જાય. ને ભગવાન બોલી જાય.'

## ગુરોરંઘ્રિપદ્મે મનશ્ચેત્ ન લગ્નમ્...

કોઈએ પ્રશ્ન પૂછ્યો : 'ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કેમ દૃઢ થતો નથી ?'

સ્વામીશ્રી કહે : 'સંતસ્વામી ઉત્તર કરશે.'

સંતસ્વામી કહે કે 'દેશકાળ સારા હોય ને ઉત્તમ અનુભવી વક્તા હોય ને ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાળો જીવ હોય તો દેહ છતાં જ થઈ જાય.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા કે 'યથાર્થ ઉત્તર થયો. પણ તેનું રહસ્ય શું સમજ્યા ? તે કહો.'

પછી પોતે જ બોલ્યા કે 'શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ મળ્યા ને જાણ્યા તે તો સમજાયું; પણ તેમને મન સોંપાયું નહિ તેથી મોટો અંતરાય રહી ગયો ને કસર રહી જાય છે. માટે સમ્યક્ પ્રકારે જો ગુરુચરણે મન સોંપાય, તો મોટાપુરુષ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય દૃઢ કરાવી દે તેમાં શંકા નથી. પછી તેને અખંડ કેફ વર્તે; શાંતિ, સુખ ને આનંદના જ ફુવારા ઊડે; ને પ્રકૃતિપુરુષ સુધીનું કાર્ય નમાલું બની જાય, તે સામી દૃષ્ટિય ન કરે, તેવા કરી દે. મન ન સોંપે તો સ્થિતિ ક્યાંથી થાય ! માટે મોટા પાસેથી આ ઉત્તમ વાત દૃઢ કરી લેવાની છે. આ જ્ઞાનમાર્ગ એટલે સંતને વચને જ પ્રવૃત્તિ કરવાની ને જાણપણું રાખી વર્તવું, એ અઘરું છે. તો ખબરદાર થઈ મંડી પડવું.'

સ્વામીશ્રીએ પ્રશ્ન પૂછ્યો કે 'ખરું તપ શું ?'

પછી બધા કહે : 'આપ જ ઉત્તર કરો.'

પોતે કહે કે 'મનને મારવું, તેનું કહ્યું ન કરવું તે જ ખરું તપ છે. મનધાર્યું કરવું કનિષ્ઠ ને સંતને વચને કરવું તે નિર્ગુણ છે. તેમાં બંધન નથી ને અખંડ શાંતિ વર્તે.'

## એ ચણેકી દાલ ઓર એ ચણેકી રોટી

સંત-હરિભક્તોએ માગણી કરી કે મહારાજ ને સ્વામી અખંડ રાજી રહે

તેવા રૂડા આશીર્વાદ આપો. ત્યારે હસતાં હસતાં આગળ આવી જઈ કહે : ‘સ્વામી-શ્રીજી અખંડ બિરાજે, રાજી રહે, જો નિર્દોષબુદ્ધિ રાખો તો. એ ચણેકી દાલ ઓર એ ચણેકી રોટી છે.’ એમ કહી તે દૃષ્ટાંત વિસ્તારથી કહ્યું :

‘એક મિયાં જમવાના બહુ શોખીન. બીબડીને કહે : ‘બાજરાનો રોટલો હોય તો ચણાની દાળ ચાહીએ. ચણાનો રોટલો હોય તો અડદની દાળ ચાહીએ.’ એમ ફરતું ફરતું રોજ જોઈએ.

‘પણ બીબડી રોજ ચણાની દાળ ને ચણાનો રોટલો જ કરે.

‘એક દી’ મિયાંને રીસ ચડી. તે કહે : ‘હમ નહીં ખાયેગા.’ પછી રિસાઈને ચોરે બેઠા. ચાર વાગ્યા. પેટમાં બડબડિયાં બોલે. તેણે જાણ્યું કે ‘મારા સારુ નવું બનાવ્યું હશે.’ મિયાં જમવા બેઠા. બીબડીએ તો જે દસ વાગે બનાવેલું તેનું તે જ ચાર વાગે મિયાંને ધર્યું. મિયાં પાછા ગુસ્સે થયા. તે અવળા ફરી બેઠા ને કહે : ‘હમ આ નહીં ખાયગા.’ બીબડી કહે : ‘ખેતરમાં આ જ પાક્યા હૈ, બીજા નથી પાક્યા હૈ. એ હી ચનેકી દાલ ઔર એ હી ચનેકી રોટી. જબ ખાયગા તબ ભૂખ જાયગા.’ પછી મિયાંએ જમી લીધું.

‘તેમ ભગવાન પુરુષોત્તમ નારાયણની સમજણ કર્યા વગર છૂટકો નથી. મહારાજ પુરુષોત્તમ નારાયણ, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર અને સત્પુરુષ મોક્ષનું દ્વાર, આ જ સમજવાનું છે. આ જ્ઞાન સમજે તો એમનામાં ભગવાન રહે. તે જ સારનું સાર છે.’

પછી પૂછ્યું : ‘સમાગમ શા માટે કરવાનો ?’

‘નિર્દોષબુદ્ધિ દૃઢ થાય તે માટે.’ સ્વામીશ્રીએ તરત જ ઉત્તર આપ્યો.

બાદ પ્રબોધિની એકાદશી અમદાવાદ ઊજવી. અહીંથી નીકળી વડતાલ મંદિરે દર્શન કર્યાં. ગોમતી કિનારે ચિત્ર-પ્રદર્શન યોજાયું હતું. અહીં સ્વામીશ્રીએ સભા કરી. આશરે ૧,૦૦૦ થી ૧,૫૦૦ હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શનાર્થે અહીં એકત્રિત થઈ ગયા હતા. સ્વામીશ્રીનું આવું અલૌકિક ખેંચાણ હતું.

પછી આણંદ થઈ ભાદરણ પધાર્યા.

## ક્રિયા અને સેવાનો વિશિષ્ટ ભેદ

અહીં મંદિરમાં ઠાકોરજીની સામે બાજુના ખૂણામાં બેસી સ્વામીશ્રી કોઈની વાટ જોઈ રહ્યા હતા. તેવામાં બે સંતો ત્યાં આવ્યા. સ્વામીશ્રીએ તેમને બોલાવ્યા ને વાત શરૂ કરી : ‘ભજન કરતાં કરતાં ક્રિયા કરવી. મહિમા સમજી, દિવ્યભાવ

રાખી, નિર્દોષબુદ્ધિથી સેવા કરીએ, તો ભજન જ છે. મરતી મરતી કરે તે ક્રિયા કહેવાય; શ્રદ્ધાથી કરે તે સેવા કહેવાય.

'શાસ્ત્રીજી મહારાજની એવી અલૌકિક સ્થિતિ હતી. આ લોકની કોઈ ક્રિયા જ ન મળે. બધી અક્ષરધામની ક્રિયા. અમે સ્વામીના વચનમાં ફેર પાડ્યો નથી. સ્વામીની ક્રિયા એ અમારી ક્રિયા.'

આ અદ્‌ભુત વાતો સાંભળી બંને સંતો આનંદિત થઈ ગયા. સ્વામીશ્રી હજુ આગળ કહેશે - એમ વિચારી બંને બેસી રહ્યા, પરંતુ એ જ વખતે સ્વામીશ્રી જેમની રાહ જોઈને બેઠા હતા એ ડાહ્યાકાકા આવી ગયા.

સ્વામીશ્રી કહે : 'લ્યો જાઓ. વાત (ખાનગી) કરી લઈએ.'

સ્વામીશ્રી ક્ષણેક્ષણનો સદુપયોગ ગુરુગુણ ગાવામાં, ભક્તોને પુષ્ટિ આપવામાં કરી લેતા.

બીજે દિવસે સ્વામીશ્રી બોચાસણ પધાર્યા.

તા. ૧-૧૧-'૬૩ના રોજ કાર્તિકી પૂનમનો ભવ્ય સમૈયો ઊજવાયો. આશરે દસથી બાર હજાર હરિભક્તો આવ્યા હતા. સવારે સભાનો કાર્યક્રમ શરૂ થયો. હરમાનભાઈ, હર્ષદભાઈ વગેરે વક્તાઓનાં પ્રવચન પછી સ્વામીશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા. દરેકે સ્વામીશ્રીનું પૂજન કર્યું.

લૌકિક દૃષ્ટિએ મેળા જેવા ગણાતા આ સમૈયાનું આધ્યાત્મિક મહત્ત્વ અનેરું જ છે. તેમાંય આવા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુના સાંનિધ્યમાં આવો સુઅવસર ઊજવવાનું ભાગ્ય સાંપડે એ કાંઈ નાની સૂની વાત નથી ! આ એક જ દિવસનો સમૈયો માનવીના જીવન ઉપર અસાધારણ છાપ પાડે છે. કોઈ પાપી જીવ પણ આમાં આવી ગયો હોય તો અવશ્ય તેનું શ્રેય થાય છે. બોચાસણ જેવું તીર્થધામ અને સ્વામીશ્રી જેવા મહાન પુરુષના આશીર્વાદ મેળવીને સૌ ધન્ય ધન્ય થઈ ગયા.

બીજે દિવસે સાંજે નીકળી આણંદ, નડિયાદ થઈ, ડભાણ દર્શન કર્યાં.

આશીર્વાદ આપતાં ત્યાંના હરિભક્તોને કહે : 'ડભાણમાં સ્વામીને દીક્ષા આપી છે. અહીં પણ અક્ષરપુરુષોત્તમનું મોટું શિખરબદ્ધ મંદિર થશે.'

સ્વામીશ્રીની બાજુમાં મોતીકાકા તથા જીવાભાઈ ઊભા હતા. તેમની સામું જોઈને કહે : 'શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ છે. ભાદરા(ગુણાતીતનગર)માં મંદિર થાય છે, તેવું જ મંદિર થશે.' એવી ભવિષ્યવાણી ઉચ્ચારી.

રાત્રે ૧૧-૦૦ વાગે સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા.

## સાબરને કાંઠે કલ્પતરુ-જ્ઞાનગંગા

ઘણા સમયથી અમદાવાદના હરિભક્તોની કોઈ વિશેષ લાભ માટે પ્રાર્થના હતી. અન્નકૂટોત્સવ ઉપર અક્ષર દેરીમાં સ્વામીશ્રીએ ખેંગારજીભાઈને પ્રસાદીનું જળ હાથમાં આપી, સંકલ્પ કરાવી, ધૂન કરાવી અને આશીર્વાદ આપ્યા કે 'આ વખતે અમદાવાદમાં ડંકો મારવો છે, સર્વોપરી પારાયણ કરવું છે અને તે પણ પંદર દિવસનું.'

આ સમાચારથી અમદાવાદના સત્સંગમાં વીજળીનો સંચાર થયો. સમગ્ર સત્સંગ-સમાજ તથા શહેરની જનતાને પણ આમંત્રણ આપવાનો ઠરાવ મંડળે કર્યો. તે પ્રમાણે સર્વ તૈયારીઓ કરી. આથી ગામેગામથી સત્સંગીઓ આ પારાયણમાં ઊમટ્યા હતા. મુંબઈથી સંતમંડળને પણ ખાસ આમંત્ર્યું હતું.

સં. ૨૦૨૦ના અધિક કાર્તિક વદ ૨ ને રવિવાર, તા. ૩-૧૧-'૬૩થી બીજા કાર્તિક સુદ ૧, રવિવાર, તા. ૧૭-૧૧-'૬૩ સુધી કથાનું આયોજન થયું. સવારે પ્રમુખસ્વામીએ એમની મધુર શૈલીમાં 'હરિલીલાકલ્પતરુ'ની કથા શરૂ કરી. ક્યારેક ચીમનલાલ શાસ્ત્રી પણ વિદ્વત્તાપૂર્ણ કથા કરતા. સાંજે સિદ્ધેશ્વર સ્વામી 'શાસ્ત્રીજી મહારાજનું જીવન ચરિત્ર' તથા 'સ્વામીની વાતું'નું રસપાન કરાવતા.

## વણકર ભક્ત પર વાત્સલ્યધારા

અહીં આશીના રામજીભાઈ મકવાણા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ વિદ્યાનગરની 'એલિકોન' કંપનીમાં નોકરી કરતા હતા. પણ કોઈક કારણસર તેમને નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા હતા, તેથી તેઓ પોતાની વીતક જણાવવા સ્વામીશ્રી પાસે આવ્યા હતા.

તેઓ આવ્યા ત્યારે ૨-૩૦ વાગ્યા હતા. ૩-૦૦ વાગે સ્વામીશ્રી જાગ્યા ત્યારે તેમને મળ્યા. વાત જાણી આશીર્વાદ આપ્યા અને સેવકને કહે : 'રામજી-ભાઈને જમાડો. સવારના ભૂખ્યા છે.' એમ કહી પીરસાવીને હેતથી જમાડ્યા.

પોતા જેવા એક ગરીબ ભક્ત પર આવી કરુણા જોઈ તેઓ દ્રવિત થઈ ગયા. તેમનું નોકરીનું કાર્ય પણ પતી ગયું અને આશીર્વાદ ફળ્યા.

સાંજે ૪-૩૦ નો સમય હતો. સ્વામીશ્રી શૌચ બાદ હાથ ધોઈ રહ્યા હતા. હું હાથ ધોવડાવતો હતો. ત્યાં અચાનક જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'અક્ષરધામ જોવું છે ? તેજ જોવું છે ?'

'ના, બાપા !' મારાથી બોલાઈ ગયું.

પ્રશ્ન તો થયો કે કેમ સ્વામીશ્રીએ આમ પૂછ્યું હશે ? કદાચ પોતાની પ્રગટ મૂર્તિનું સુખ મૂકી, જીવ પરોક્ષપણાના સુખમાં વધુ આસ્થા અને પ્રતીતિ ન માની લે તેવો જ કોઈક મર્મ હોવો જોઈએ.

સાંજની સભામાં માનનીય મોહનલાલ વ્યાસ, ચોકસી સાહેબ, પ્રો. બાંભણિયા, કે.કા. શાસ્ત્રી, કૃષ્ણલાલ શાહ, મહેતા સાહેબ, એમ.સી. દેસાઈ, હરમાનભાઈ, મહેન્દ્રભાઈ દરબાર વગેરે મહાનુભાવો વક્તવ્ય કરતા. આંબલી પોળનું યુવક મંડળ સંગીતમય ભજન-કીર્તનનો કાર્યક્રમ આપી સૌને રંજન કરતા.

આખું બ્રહ્માંડ ખેંચાય અને સત્સંગથી રંગાઈ જાય એવો અતિ અદ્‌ભુત આકર્ષક હતો - રાતના ૯-૦૦ થી ૯-૩૦ વાગ્યા સુધીનો સ્વામીશ્રીના અદ્‌ભુત પ્રવચનનો કાર્યક્રમ. બરાબર ૯-૦૦ વાગે સ્વામીશ્રીનું પ્રવચન શરૂ થતું. જે વખતે હજારો હરિભક્તો તેના શ્રવણ માટે દૂર દૂરથી પણ વખતસર આવી પહોંચતા. અક્ષરની જ્ઞાનગંગામાં સ્નાન કરી, બ્રહ્મરૂપ બની, પરબ્રહ્મ પરમાત્મા શ્રીજીની મૂર્તિ હૃદયમાં સ્થિર કરી દિવ્ય આનંદમાં ઝૂલતા સ્વામીશ્રી, અંતર્યામીપણે પોતાની સંતવાણીમાં એવી અદ્‌ભુત વાતો કરતા, જેથી હજારો હરિભક્તો-શ્રોતાજનોના સંશયો દૂર થતા. એક વાર તે રસ ચાખે તો અખંડ સાંભળવાનું મન થયા કરે. તે રસ માણવાની લગન તમામને લાગી રહે.

મંદિર ઉપર, સભામંડપમાં તથા આજુબાજુ, હજારોની સંખ્યામાં મુમુક્ષુઓની ઠઠ જામતી. જેમા રાજ્યપ્રધાનો, હાઈકોર્ટ જજો, કૉલેજના પ્રિન્સિપાલો, પ્રૉફેસરો, વિદ્વાનો, જ્ઞાનીઓ, સમાજસેવકો, મિલમાલિકો, શેઠિયાઓ, વેપારીઓ, વકીલો, દાક્તરો, ઈજનેરો અને અમલદારો વગેરેની મોટી સંખ્યામાં નિયમિત હાજરી રહેતી. આવી વિશાળ સભા હોવા છતાં એક ટાંકણી પડે તોપણ સંભળાય તેવી શાંતિ જળવાઈ રહેતી. સાક્ષાત્ ભગવત્સ્વરૂપ સ્વામીશ્રીની મૂર્તિ દરેકનાં હૃદયમાં અંકાઈ જતી.

પંદર દિવસના આ સતત સુખથી હજારોનાં હૃદય સત્સંગથી રંગાયાં. સ્વામીશ્રીનાં દર્શન, પધરામણી માટે પડાપડી થઈ. એક વાર સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'અમે તો પરાધીન છીએ, અમને એક મિનિટ પણ નવરા રહેવા દેતા નથી. તોય શું કરીએ !' એવું એમનું ભક્તાધીનપણું !

રોજ સવારે વહેલા પોતાના અંતેવાસીઓની આગળ સ્વામીશ્રી અદ્‌ભુત વાતો કરી ભગવાનનું સુખ આપતા. હજારોની સંખ્યામાં દર્શને આવી આશીર્વાદ

મેળવવા તલસતા તમામને દિવ્ય ધબ્બો આપી કૃતાર્થ કરતા. પોતાની મરમાળી ભાષામાં વાતે વાતે અંતર્યામીપણાનો અનુભવ સૌને કરાવતા. તેમાંથી સતત દિવ્યતા ઝરતી જ રહેતી.

અહીં એલિસબ્રિજ વિભાગમાં એચ.કે. આર્ટ્સ કૉલેજના હૉલમાં તેમજ પાંચકૂવા પાસે કરસનદાસ હૉલમાં બે જાહેર સભાઓ પણ યોજવામાં આવી હતી. જેમાં પણ સ્વામીશ્રીએ હૃદયંગમ સંતવાણીથી હદ કરી નાખી. અમદાવાદનાં નગરજનો સાચા સંત જોઈ શક્યા. ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપનો તેમને ખ્યાલ આવ્યો - સાચો ભક્તિયોગ પામ્યા.

૧૫ દિવસ સુધી ગામોગામથી આવેલા હજારો ભક્તોની ઉતારા-ભોજનની વ્યવસ્થા પણ સુંદર ગોઠવાઈ હતી. યુવક મંડળ સેવામાં ખડે પગે હતું.

ભોજનના વ્યવસ્થાપક અંબાલાલભાઈએ પ્રવચનમાં કહ્યું હતું કે 'મને એમ કે રોજ પાંચ હજાર માણસ જમે છે તો પૂર્ણાહુતિમાં દસ હજાર જમશે. પણ પૂર્ણાહુતિને આગલે દિવસે સ્વામીશ્રીએ જણાવેલ કે કાલે પચીસ હજાર માણસ જમશે; તો તે વ્યવસ્થા કરાવજો.'

પીરસવામાં પુરુષોત્તમદાસ કચરાભાઈની આગેવાની નીચે બકરી પોળ મંડળ ખડે પગે હતું. મહિલા મંડળની સેવા અજોડ હતી.

## નિર્દોષપણું ને એકતા વધે એ જ પારાયણ પર્વ

કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ હરિલીલાકલ્પતરુનો મહિમા વારંવાર ગાયો : 'આ 'હરિલીલાકલ્પતરુ'ના ક્ષણમાત્રના શ્રવણથી કરોડો પાપો નાશ થાય છે. સર્વ દુ:ખો દૂર થાય છે. ગમે તેવો રોગ થયો હોય તો તે મટી જાય છે. સાક્ષાત્ પરબ્રહ્મનું આ પુસ્તક છે. કલ્પતરુ એટલે જે ચિંતવે તે મળે.

'ભગવાનના ભક્તોમાં નિર્દોષપણું, એકતાપણું થાય એ જ પારાયણ કરવાનો મુદ્દો છે. માટે સાભળ્યા પછી આપણે કેટલા વધ્યા ! આપણામાં કેટલા ગુણ આવ્યા ! તે તપાસવું. સત્પુરુષની દૃષ્ટિથી સર્વ કાર્યો સિદ્ધ થાય છે. એવી સમજણથી દરેક કાર્યમાં મંડી પડવું. શ્રદ્ધાથી આ લાભ લેવો. આ સમય, આ કથા અને આ પ્રસંગો જો અંતકાળે સાંભરી આવે, તે જીવનું રૂડું થાય છે. ખપવાળા ઘણા છે, પણ કહેનાર નથી. માટે કહેવું. સ્વામીની આજ્ઞાથી બોલવામાં સાક્ષાત્ મહારાજ આવીને બોલે છે. માટે મગન રહેવું.'

એક સવારે સ્નાન કરતી વખતે સ્વામીશ્રીએ ઉતારાના દરવાજે ઊભા

રહેતા ગિરિજાશંકર શાસ્ત્રીને બોલાવ્યા ને કહે : 'દરવાજે ઊભા રહેવું પણ બે હાથ જોડી વાત કરવી. હરિભક્તને રાજી કરવા, પણ ડંડો પછાડવો નહિ. તમે તો ભોમિયા છો.' આગલા દિવસે સ્વામીશ્રીને કોઈએ ફરિયાદ કરી હતી, તેના અનુસંધાનમાં સ્વામીશ્રીએ શિક્ષાનાં આ વચનો હેતથી કહ્યાં.

સ્વામીશ્રી સ્નાન કરતા હતા ત્યાં એક યુવક દર્શને આવ્યા ને સ્નાન કરાવવા લાગ્યા. ત્યારે એક સંત કહે : 'બાપા ! તમે છો તેથી આવ્યા. ક્યાંય ખોવાઈ ગયા છે.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'ક્યાંય ખોવાઈ ગયા નથી. ચોટલાવાળા ગુરુ કર્યા છે !' આ સાંભળીને સૌ ખડખડાટ હસી પડ્યા.

પછી નાહીને ઊઠ્યા ત્યાં રમેશભાઈ દલાલ આવ્યા. એટલે કહે : 'લિસ્ટ કર્યું ?' (પધરામણીનું)

તેમણે કહ્યું : 'હા, બાપા !'

ત્યારે સ્વામીશ્રીએ તેમનો હાથ ઝાલીને ધીરેથી કહ્યું : 'મહાપૂજાનું ધ્યાન રાખવું. અહીં તમારે અક્ષર દેરીની સેવા આગળ રાખીને બધું ગોઠવવું.' એમ વાત કરતાં કરતાં તેમનો હાથ ઝાલીને પૂજામાં પધાર્યા.

એક દિવસ અંબાલાલભાઈ બકરી પોળવાળાએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'બાપા ! આપણે અમદાવાદના મંદિર માટે દાનની વાત કરીએ તો ?'

સ્વામીશ્રી કહે : 'કોણ ના પાડે છે ? લક્ષ્મીજી તો બહાર મંદિરના દરવાજે આવીને ઊભાં જ છે. એને બોલાવો તો અંદર આવે.'

તે જ દિવસે સાંજે તેમણે સ્વામીશ્રીની આજ્ઞાથી દાન માટે ટહેલ નાખી અને બધા હરિભક્તો લાઇનમાં એક પછી એક આવી સેવાની રકમ નોંધાવવા લાગ્યા. બે કલાક સતત લખણી ચાલુ રહી. એટલે જાહેરાત કરવી પડી કે 'હવે લખણી આવતીકાલે લખવામાં આવશે !' સ્વામીશ્રી બોલ્યા હતા તે સિદ્ધ કરી બતાવ્યું અને ખરેખર, લક્ષ્મીના ઢગલા થયા !

## કાલે કોઈ વૈષ્ણવ મળી જશે

પારાયણની પૂર્ણાહુતિના આગલા દિવસની રસોઈ નોંધાવાની બાકી હતી. બે દિવસ પહેલાં જ અંબાલાલભાઈએ સ્વામીશ્રીને વાત કરેલી કે 'છેલ્લા દિવસની રસોઈનું શું થશે ? હરિભક્તો ઘણા આવશે. તેથી ઘણી રસોઈ બનાવવી પડશે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા કે 'કાલે કોઈ વૈષ્ણવ મળી જશે. આપણું તો

માળા ફેરવવાનું કામ. શાસ્ત્રીજી મહારાજ કોઈ વૈષ્ણવ મોકલી આપશે.'

બીજા દિવસે ખુશાલકાકાએ કહ્યું કે 'બાપા ! મારે રસોઈ દેવી છે; પણ નાની નહીં, મોટી રસોઈ આપવી છે.'

સ્વામીશ્રીએ અંબાલાલભાઈને બોલાવી કહ્યું કે 'તમારા સંકલ્પ પ્રમાણે વૈષ્ણવ ભક્ત આવી ગયા છે.'

પછી ખુશાલકાકા અને તેના ભાઈ શિવાભાઈને બોલાવી, રસોઈની વિગતો નક્કી કરી. અને ૮૦ મણનો દૂધપાક અને માલપૂઆની રસોઈ કરી, બધાને ખૂબ જમાડી સ્વામીશ્રીએ તૃપ્ત કર્યા. હજારો હરિભક્ત જમ્યા અને શ્રીનગરમાં જય-જયકાર થઈ ગયો.

## ડાકોરનાથ રીઝે છે

આમ તો ખુશાલકાકા ઓડના વતની, પણ પ્રથમથી અમદાવાદ રહે અને દર પૂનમે ડાકોર રણછોડરાયનાં દર્શને જાય. ઠાકોરજીને કેસરથી સ્નાન કરાવે. આમ તેમણે વર્ષો સુધી નિયમિત પૂનમો ભરી.

તેમની ભક્તિભાવનાથી પ્રસન્ન થઈને ડાકોરનાથે એક વાર તેમને દર્શન આપી કહ્યું : 'અત્યારે સ્વામિનારાયણ ભગવાનના સંત યોગીજી મહારાજ પ્રગટ છે. તું એમને શરણે જા. તારો બેડો પાર થઈ જાશે.'

એ પછી તેઓ સ્વામીશ્રીના યોગમાં આવ્યા. અમદાવાદ મંદિરમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે બહુ મોટી રસોઈ આપી.

તેમને પ્રેમ-ભક્તિનું અંગ. સ્વામીશ્રીને હંમેશાં સવારે કેસરનાં પાણીથી સ્નાન કરાવવાની ઇચ્છાથી તેઓ આવે. સ્વામીશ્રી કહે : 'અમે સાધુ છીએ તો આમ સ્નાન ન કરાય, પણ તમે જરૂર આવો ને સાદા પાણીથી સ્નાન કરાવો.'

સ્વામીશ્રી તેમની ભક્તિભાવનાથી સદાય પ્રસન્ન રહેતા.

## ચિત્તલડાનો ચોર

સ્વામીશ્રી અહીં પધારે ત્યારે છગનભાઈ ટાંક તથા તેમના નાના ભાઈ જયંતભાઈ હંમેશાં કંઈક ને કંઈક સ્વરચિત ભજનો ગાઈ સ્વામીશ્રીને રીઝવે. છગનભાઈ ટાંકે રચેલું *'સ્વામીજી તો મહાપ્રતાપી એનું ધાર્યું થાય'* એ કીર્તન આજે પણ લોકજીભે રમતું રહ્યું છે. એવું જ સ્વામીશ્રીનું

*મારા ચિત્તલડાને ચોરી (૨), યોગી જાય ક્યાં રે...*

*ભાલે તિલક રૂડું કીધું, મારું મનડું મોહી લીધું,*
*મારા મનનો એ મોર, યોગી જાય ક્યાં રે...મારા.* ૧
*એ નયનોએ જાદુ કીધાં, મારાં કાળજ કોરી લીધાં,*
*એ તો નયનો નચાવી યોગી જાય ક્યાં રે...મારા.* ૨
*એની દિવ્ય અનુપમ વાણી, વહેતી અમૃત રસની લહાણી,*
*એનો સ્વાદ ચખાડી યોગી જાય ક્યાં રે...મારા.* ૩
*વહાલા ચાલ ચટકતી તારી, દૃષ્ટિ તૃપ્ત ન થાયે મારી,*
*મુને ઘેલી બનાવી, યોગી જાય ક્યાં રે...મારા.* ૪
*વહાલા લટકો તારો જોઈ, મેં તો સૂધ બૂધ મારી ખોઈ,*
*મુને માયા લગાડી, યોગી જાય ક્યાં રે...મારા.* ૫
*સ્વામીશ્રીજી હૃદયે વસતા, યજ્ઞપુરુષ ભેળા હસતા,*
*મારો જીવન આધાર, યોગી જાય ક્યાં રે...મારા.* ૬
*યોગી ભક્તોનો રખવાળો, મારાં નયનોનો એ તારો,*
*મારી નૈયાનો તારનારો, જાય ક્યાં રે...મારા.* ૭
*એને સ્નેહ સજીને સાધ્યો, એને પ્રેમબંધને બાંધ્યો,*
*પૂર્યો 'જયંત' હૃદયેથી, યોગી જાય ક્યાં રે...મારા.* ૮

– કીર્તન જ્યારે જયંતભાઈ પોતે જ ગાતા, ત્યારે સ્વામીશ્રી પણ પોતાની અદ્‌ભુત અલમસ્તાઈથી ડોલી ઊઠતા અને સાથે સાથે ગાવા લાગતા : *'મારા ચિત્તલડાને ચોરી યોગી જાય ક્યાં !'* હરિભક્તો હર્ષભેર ગાતાં આ કીર્તનમાં ઓતપ્રોત બની જતા અને સ્વામીશ્રીની બ્રહ્માનંદી મસ્તીનો અનુભવ કરતા. કીર્તનના રચયિતા જયંતભાઈ હંમેશાં આશ્ચર્ય અનુભવતા કે સ્વામીશ્રી પોતે જ પોતાનું ભજન કેવી રીતે ગાઈ શકે ? અને તેમને ઉત્તર જડી જતો : 'યોગીજી મહારાજ 'યોગીજી' મટી જાણે કે મહારાજમાં લીન થઈ ગયા છે અને પોતાના જ ભક્તના ગુણ ગાઈ રહ્યા છે.'

શ્રીનગરમાં પારાયણની પૂર્ણાહુતિ કરી. સાંજે ધર્મજ જવાનું હતું.

પધરામણીને કારણે થોડું મોડું થયું હતું; પરંતુ સ્વામીશ્રી અગાઉથી નક્કી કર્યા મુજબ અસલાલી નાથાભાઈના ઘરે પધરામણીએ ગયા. સેવક કહે : 'બાપા ! મોડું થયું છે, તો ન જઈએ તો ન ચાલે ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'રાજકોટ જેમ ગોંડલનું થાણું ગણાય, તેમ અસલાલી અમદાવાદનું થાણું ગણાય. અહીં જતાં-આવતાં રોકાવું જ પડે. શ્રીજીમહારાજે બે

ગાદી કરી, તે બંને ગાદીને સાષ્ટાંગ પ્રણામ કરીને જ જવું જોઈએ.'

પછી જેતલપુર મંદિરમાં દર્શન કરી, સભામંડપમાં દર્શને આવ્યા. ત્યાં આનંદ સ્વામીની પ્રસાદીની તુંબડી તથા પ્રસાદીના ચીપિયાનાં પ્રેમથી દર્શન કર્યાં. સૌ સંતો-હરિભક્તોને દર્શન કરાવ્યાં. પછી કહે : 'આનંદ સ્વામીની તુંબડી ને ચીપિયો જોઈને શેહમાં દબાઈ જવાય. એવા મોટાની દૃષ્ટિ પડે ત્યાં નમી જવાય. જેમ દસ મણની તલવાર ઉપાડે તે કેવો બળિયો હોય ? એમ તુંબડી ને ચીપિયો જોઈને લાગે. મહારાજનો કેવો પ્રબળ પ્રતાપ, જેથી આવા આવા સમર્થને સાધુ કર્યા !' એમ ખૂબ મહિમાની વાતો કરી.

## બોચાસણમાં વિદ્યાલયનું ઉદ્‌ઘાટન

બાદ નડિયાદ થઈ, મહેળાવ દર્શન કરી, રાતે ૧૦-૩૦ વાગે ઈશ્વરભાઈને ત્યાં ધર્મજ આવી પહોંચ્યા.

અહીં સત્સંગ સભામાં ભક્તરાજ ઉમેદભાઈએ સંત-મહિમાની ઘણી વાતો વચનામૃતના આધારે કરી કહ્યું કે 'યોગીજી મહારાજ જેવા સત્પુરુષમાં આત્મ-બુદ્ધિ કર્યા વિના છૂટકો નથી.'

અહીંથી વીરસદ દર્શન કરી, તા. ૨૦-૧૧-'૬૩, સવારે બોચાસણમાં 'અક્ષરપુરુષોત્તમ વિદ્યાલય'નું ઉદ્‌ઘાટન કર્યું. નિશાળના પાટિયા ઉપર સ્વામીશ્રીએ ચોકથી આશીર્વાદ લખ્યા. સભામાં શાળાના પ્રિન્સિપાલ જશભાઈએ તથા સંચાલકોએ સ્વામીશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે 'આ શાળા યોગીજી મહારાજની કૃપાથી જ થઈ છે.' સ્વામીશ્રીએ પણ વિદ્યાર્થીઓને તથા શિક્ષકોને શાળાનું ગૌરવ વધારવા આશીર્વાદ આપ્યા.

સાંજે સ્વામીશ્રી વસો પધાર્યા. આ વખતે નૈરોબીના આશાભાઈ બાબરભાઈ તથા મોસીના રાવજીભાઈએ સારી સેવા કરી. મહેન્દ્ર બાપુ, બકુભાઈ તથા વ્રજભાઈની ત્રિપુટીએ તો ઘણો લાભ લીધો જ હતો. જમનાદાસભાઈ અમીન પણ ઘણા નજીક આવ્યા. યોગી બાળ મંડળે 'ઉપાસનાનાં દિવ્યચક્ષુ' એ સંવાદ સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યો હતો. સભામાં ઉપસ્થિત હરિભક્તોએ વ્યક્તિગત આરતી પ્રગટાવી, સમૂહ આરતીનો લાભ લીધો.

પછી ડભાણ થઈ, બાજુના ગામ મનજીપુરા જવાનું નક્કી થયું.

૧૯૬૨માં ડભાણમાં પારાયણ થઈ ત્યારે સ્વામીશ્રીને અહીં આવવાનું થયેલું. ગામમાં ત્રણ પેઢીનો જૂનો સત્સંગ. વરતાલ તાબાનું મંદિર પણ ખરું.

પરંતુ સ્વામીશ્રીની આજ્ઞા થતાં ડભાણના મૂળજીભાઈ મોતીભાઈએ મનજીપુરામાં સત્સંગ સભા શરૂ કરેલી.

આજે સ્વામીશ્રીને તેડવા માટે જીવાભાઈએ મનજીપુરાથી તળશીભાઈને મોકલ્યા હતા. શિયાળાના દિવસો હોવા છતાં વાતાવરણ વાદળછાયું હતું. માવઠું થવાનાં ચિહ્નો દેખાતાં હતાં. સૌની ઇચ્છા હતી કે 'મનજીપુરાનો કાર્યક્રમ મુલતવી રહે.' પણ મનજીપુરામાં તો સ્વામીશ્રીના સ્વાગતની તડામાર તૈયારીઓ ચાલવા લાગી. ગામ શણગારાયું, બૅન્ડ-વાજાં બોલાવાયાં. જો સ્વામીશ્રી ન પધારે તો બધાનું મન પાછું પડી જાય તેમ હતું. તેથી સૌની અનિચ્છા છતાં, ગામની પ્રેમ અને ભાવના જોઈ સ્વામીશ્રી પ્રસન્ન થકા મનજીપુરા જવા નીકળ્યા.

ઠંડો વરસાદી પવન ફુંકાતો હતો. થોડી જ વારમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો. વંટોળિયાને કારણે એક ખખડધજ વૃક્ષ માર્ગમાં જ તૂટી ગયેલું પડ્યું હતું. રસ્તો બંધ થઈ ગયો. મોટરો રોકવી પડી. જીવાભાઈ ગામમાં જઈ યુવકોને ટ્રેક્ટરમાં બોલાવી લાવ્યા અને ૧૫ મિનિટમાં ઝાડને કાપીને, ખસેડીને રસ્તો કરી દીધો. આ મહેનત જોતાં સ્વામીશ્રી રાજી થતા હતા. કહે : 'કેવી સેવા કરે છે !'

ગામને પાદરે વરસતા વરસાદે સૌએ સુંદર સ્વાગત કર્યું. મોટર કીચડમાં ન ફસાય તે હેતુથી યુવકોએ સ્વામીશ્રીની મોટર ઊંચકીને શાળાના ચોગાનમાં મૂકી દીધી. ઉતારો શાળાના હૉલમાં હતો. સ્વામીશ્રીને તાપવા સગડી લાવ્યા. ગામલોકોનો, હરિભક્તો-યુવકોનો ઉત્સાહ જોઈ સ્વામીશ્રી રાજી થઈને કહે : 'મનજીપુરા ગોકુળિયું ગામ થશે.' આ આશીર્વાદે આ ગામ સાચે જ તને-મને-ધને સુખી છે.[૧૯]

તા. ૨૫મીએ પ્રથમ વાર અલીંદ્રા ઈશ્વરભાઈ તથા છોટાભાઈને ત્યાં પધાર્યા હતા. ગામલોકોએ જાહેર સત્સંગ સભામાં સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમનો લાભ લીધો.

બીજે દિવસે સવારે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી કહે : 'અહીં એક છોટાભાઈ નિષ્ઠાવાળા છે, તેથી અહીં આવવું પડ્યું. બોડાણાને લીધે ભગવાનને દ્વારકાથી ડાકોર આવવું પડ્યું. હવે જશભાઈ નવા સત્સંગી થયા. હવે અહીં સત્સંગ વધશે. રવિવારની સભા ભરાશે ને જયજયકાર થઈ જશે.' એમ ઉદાર

૧૯. આ પ્રસંગ પછી જ્યારે પણ મનજીપુરાના ભક્તો ગોંડલ, બોચાસણ સ્વામીશ્રીનાં દર્શને જતા ત્યારે સ્વામીશ્રી હસીને આ પ્રસંગની સ્મૃતિ કરતા અને કહેતા : 'એ દિવસ અમને ઇદમ્ સાંભરે છે !'

હૃદયે જશભાઈ વગેરે ભક્તોને રવિસભાના આશીર્વાદ આપ્યા.

ખેડા પધાર્યા. અહીં મોટાસ્વામીએ ધર્માદા માટે વાત કરી. સ્વામીશ્રી સાથે સખાભાવ રાખનારા છોટાભાઈ કહે : 'ધર્માદો નહીં મળે. પહેલાં અહીં આઠ દિવસ રહો, કથાવાર્તા કરો, ને ધર્માદો લઈ જાવ. આ તો ખરડો કરી ચાલતી પકડવી છે.' પછી કહે : 'મહારાજે શું કહ્યું છે ? તે કહો.'

આ સાંભળી સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. પછી એક દિવસનો કાર્યક્રમ હતો, પરંતુ છોટાભાઈ, ગોવિંદભાઈ, ચતુરભાઈ વગેરેના આગ્રહથી બે દિવસ રોકાયા.

રદ્ધુ થઈ, પુરુષોત્તમપુરા આવ્યા. સવારે ૫-૩૦ વાગે ઊઠ્યા. સ્વામીશ્રી કહે : 'અહીં આરામ મળશે, અહીંના જેવી શાંતિ ક્યાંય નહીં. શાસ્ત્રીજી મહારાજ અહીં આશાભાઈ (મોટાસ્વામી) તથા ઈશ્વરભાઈ દાજીને રાજી કરવા આવતા. અહીં શાસ્ત્રીજી મહારાજનો પ્રસાદીનો વડ છે, સૌએ મહિમાથી દર્શન કરવાં.'

ઠંડી સખત હતી, તેથી સેવક સગડી લાવ્યા. તેથી સ્વામીશ્રી બોલ્યા : 'લ્યો, આપણી દવા આવી ગઈ.' આ સાંભળી સૌ હસી પડ્યા.

## ગબડી પડે એવું પ્લેન !

સૌને કથાવાર્તાનો લાભ આપી, નાઝ થઈ, સ્વામીશ્રી તા. ૨-૧૨-'૬૩, પીરાણા પહોંચ્યા.

અહીં ચતુરભાઈના ખેતરમાં નવા બંધાયેલા કૂવામાં પુષ્પો છાંટી, લહેકાથી બોલ્યા : 'પાણી ખૂબ થજો. પાણી ખૂબ થજો.'

આ સાંભળીને સૌ હસ્યા. સૌને હસતાં જોઈને પોતે પણ હસી પડ્યા અને કહે : 'આ ગામમાં શ્રીજીમહારાજ પધારેલા અને અહીંના પીરને અલફી પહેરાવી હતી.' એમ કહી, મહીજડા જવા વિદાય લીધી. અહીં હરિભક્તોને લાભ આપી, સ્વામીશ્રી માફામાં બેસીને વસઈ જવા નીકળ્યા.

રસ્તામાં સંતો-યુવકો સાથે ચાલતા હતા. સ્વામીશ્રી ઢાળ - ટેકરાવાળી જમીનથી માફામાં ડોલતાં હસતા હતા. રસ્તામાં એક જગ્યાએ વોંકળા જેવું આવ્યું, તેથી માફો ઊભો રાખ્યો. 'સ્વામીશ્રી અંદર બેસી રહે ને માફો ધીરેથી લઈ જવો' એમ વાત થઈ. ત્યારે સ્વામીશ્રી હસી પડ્યા ને બોલ્યા : 'ગુણુ ભગત ! આપણું પ્લેન જોયું ને ! ગબડી પડે એવું !'

પછી કહે : 'પહેલાં, આટલું તો જોશબંધ ચાલીને પહોંચી જતા. આપણે તો

ધોકાપંથી !' એમ કહીને સૌને ખૂબ હસાવ્યા.

આ વિચરણ ચાલતું હતું ને સમાચાર મળ્યા કે 'નંદાજી અમદાવાદ આવે છે.' તેથી તેમને દર્શન દેવા અમદાવાદ પધાર્યા.

પછી ધરોડા થઈ, ગાડામાં ચિત્રાસર આવ્યા. સ્વામીશ્રી કહે : 'મને તો ગાડામાં બેસવું ગમે. મોટર મારી પાડે. એક્સીડન્ટ કરે. ગાડામાં તો ભજન કરતાં કરતાં પહોંચી જઈએ.' એ પ્રમાણે પોતાની રુચિ બતાવી.

ચિત્રાસરમાં અંબાલાલભાઈના ઘરે સ્વામીશ્રીનો ઉતારો હતો. રાત્રે ૨-૦૦ વાગે સ્વામીશ્રી સ્નાન કરવા માટે ઊઠ્યા. જાજરૂમાં ફાનસ મૂક્યું. અંધારું પુષ્કળ હતું. તમરાં તમ-તમ બોલતાં હતાં. વળી, લાઇટ નહીં. ગરમ પાણી માટે પ્રાઇમસ પેટાવવો શરૂ કર્યો; પણ પ્રાઇમસ બગડી ગયો હતો, તેથી ચાલે જ નહીં. અંધારાને લીધે નાહવાની તૈયારી કરવામાં થોડો સમય લાગી ગયો. સ્વામીશ્રી એ વખતે હાથમાં ફાનસ લઈને ચાલ્યા આવતા હતા. જાજરૂ અને ઓસરી વચ્ચે ઘણું અંતર હતું. સ્વામીશ્રીનાં ચંપલનો ધીમો અવાજ ચપક-ચપક આવતો હતો. આવું અદ્‌ભુત દૃશ્ય જોઈને ઘડીભર સેવકો થંભી ગયા. સાક્ષાત્ અક્ષરબ્રહ્મ પૃથ્વી ઉપર કેવું વિચરી રહ્યું છે ! પછી સામે જઈ ફાનસ લઈ હાથ ઝાલી લીધો અને બાથરૂમમાં પાટલા પર બેસાડ્યા. હજુ પાણી ગરમ થયું ન હતું. ગુણવંતભાઈ કેડ દાબવા બેઠા. સેવક સ્વામીશ્રી સામે જોઈ રહ્યા હતા. તે જોઈને સ્વામીશ્રી હસીને બોલ્યા : 'શું જોઈ રહ્યા છો ?'

'ગુરુની લીલા જોઉં છું.'

એટલે હસીને બોલ્યા : 'અત્યારે ગમ્મતનો ટાઇમ નથી. ઠંડી લાગે છે. પાણી લાવો એટલે નાહી લઈએ.'

આ અદ્‌ભુત દર્શન જીવનમાં ક્યારેય વિસરાય નહીં એવું હતું !

હરિભક્તોને દર્શન આપી, શ્રીજીપુરા થઈ, ભાલિયાપરા જવા નીકળ્યા.

સ્વામીશ્રી બસમાં બિરાજ્યા હતા. નાયકા પાસે બસ કાદવમાં ખૂંપી ગઈ. એ વખતે અમદાવાદથી ગોરધનભાઈના દીકરા જગદીશભાઈ સ્વામીશ્રીને ભાલિયાપરા લઈ જવા પોતાની મોટર લાવેલા. વરસાદને લીધે બધે કાદવ થવાથી રસ્તો બંધ હતો, તેથી તેઓ નાયકા રોકાયા હતા. તેમની મોટરમાં સ્વામીશ્રી બિરાજ્યા. એ વખતે કોઈ કહે : 'બસને કાઢવા માટે કોઈ ટ્રેક્ટર લાવો તો નીકળે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'હાથી ખૂંપ્યો છે, તેને ખેંચવા હાથી લાવવો પડે.' એ

સાંભળી સૌ હસી પડ્યા. પછી મોટરમાં ભાલિયાપરા રામચંદ્રકાકાને ત્યાં પહોંચ્યા.

બીજે દિવસે સવારે ખુરશીમાં બિરાજીને ભાલિયાપરાનાં ખેતરોને પાણી પૂરું પાડતાં તળાવમાં ઠાકોરજીને સ્નાન કરાવવા લઈ ગયા. વચ્ચે સાથળ સુધી પાણી હોવાથી યુવકોએ સ્વામીશ્રીની ખુરશી ખભે લીધી. સ્વામીશ્રી સાથે સત્સંગનો સાજ-સમાજ ઘણો મોટો હતો. સેવકો સ્વામીશ્રીને કહે : 'આ સવારીને કેવી કહેવી ?'

સ્વામીશ્રી બોલ્યા : 'આપણને બીક લાગે, ને સેવકો મહિમા ગાય એવી !' એમ કહી હસ્યા. સૌ હસી પડ્યા. સ્વામીશ્રી ખુરશીમાં બેઠાં કહે : 'આ ફેરે આ દરિયો પાર ઉતારો. ફરી આવી સવારી કરવી નથી. મારી પાડ્યા.' એમ કહી સૌને હસાવ્યા.

તળાવમાં સ્વામીશ્રીની ખુરશી સેવકોના ખભા ઉપર હતી. જો કોઈનો પગ લપસે, તો સ્વામીશ્રી ઠેઠ ઉપરથી પાણીમાં પડે; પણ ભક્તોના ભાવ પૂરા કરવા, તળાવનું જળ પ્રસાદીભૂત કરવા, સ્વામીશ્રી આમ ચલાવી લેતા.

તળાવ પાસે જઈ આશીર્વાદ આપ્યા કે 'આ પાણી કોઈ પીશે તેનું કલ્યાણ થશે. આ પાણીથી પાકતી ડાંગર ખાશે તેનું પણ કલ્યાણ થશે. આ તળાવમાં માછલાંનું પણ કલ્યાણ થશે.' એમ રાજી થકા બોલ્યા.

## મારો કાંટો ઊતરી ગયો

સાંખેજ પધાર્યા. અહીં સુદ નોમનો સંતો-યુવકોને નિર્જળા ઉપવાસ હતો. ભગવતભાઈ, ભુલાભાઈ, આત્મારામ વગેરેનો આગ્રહ હતો કે 'સ્વામીશ્રી બપોરે એક ટંક રોકાવાના હતા અને જો મોટા ભાગના ઉપવાસ કરે તો સેવાનો લાભ ન મળે.' સ્વામીશ્રી તથા સંતો-યુવકોને જમવા માટે તેમણે સૌએ ખૂબ આગ્રહ કર્યો. પ્રથમ તો સ્વામીશ્રીએ ના પાડી, પણ અતિ આગ્રહ હોવાથી સ્વામીશ્રી કહે : 'ભલે, સૌ જમી લેશે.'

સૌને મનમાં તો આનંદ થયો, પરંતુ બપોરે સ્વામીશ્રી આરામમાં પધાર્યા ત્યારે એક સંત તુંબડી લઈને સ્વામીશ્રીને પાણી આપવા આવ્યા. ત્યારે પૂછ્યું : 'ઉપવાસ કર્યો ?'

'આપે જમવાની આજ્ઞા કરી હતી ને !'

સ્વામીશ્રીએ તુંબડી હડસેલી દીધી. પછી સંતો તથા યુવકોને બધાને વ્યક્તિગત પૂછતાં, બધાનો એક જ જવાબ સાંભળી નારાજગી વ્યક્ત કરતાં કહે :

'આજે કોઈએ નોમ કરી નથી, તેથી મારો કાંટો ઊતરી ગયો. હું આજ્ઞા કરું તોપણ નોમ ન તોડાય. અગિયારસ હોય ને ફરાળની આજ્ઞા કરી હોય તો ઉપવાસ તોડ્યો ન કહેવાય. નોમ શ્રીજીમહારાજનો જન્મ દિવસ કહેવાય.'

એ પછી તેરસે સંતોને મુંડન હતું. તેથી પોષ સુદ ૧૫નો ઉપવાસ સંતો-યુવકોને આપ્યો; પરંતુ નોમનો - નિયમનો ઉપવાસ જવા ન દીધો.

સાંખેજમાં હરિભક્તોને રાજી કરી, નેનપુર જવા નીકળ્યા.

## બળદના કાનમાં મંત્ર

ભગવતભાઈનો નોકર ફકીરો ગાડું જોડીને સ્વામીશ્રી તથા જોડના સંતને લઈ જતો હતો. રસ્તામાં નદી આવી ત્યારે બેમાંથી એક બળદ તેની જૂની ટેવ મુજબ બેસી ગયો. આથી ફકીરો તેને ઊભો કરવા માટે મારવા લાગ્યો.

દયાળુ સ્વામીશ્રીએ તુરત જ ફકીરાને રોક્યો અને બોલ્યા : 'આપણાથી મૂંગા પ્રાણીને મરાય નહીં.' આમ બોલી પોતે ગાડામાંથી નીચે ઊતર્યા અને બળદના કાનમાં કંઈક બોલ્યા, જેથી બળદ તુરત જ ઊભો થઈ ગયો !

સ્વામીશ્રી ફકીરા તરફ જોઈને હસી પડ્યા. ફકીરાને પણ અચંબો થયો કે સ્વામીશ્રી બળદના કાનમાં કયો મંત્ર બોલ્યા હશે જેથી તે તુરત જ ઊભો થયો ! જ્યારે ફકીરો સ્વામીશ્રીને નેનપુર મૂકીને જવા માટે રજા લેવા ગયો ત્યારે સ્વામીશ્રીએ ફકીરાને જાતે જમાડ્યો, પ્રસાદી આપી અને શિખામણ આપી કે 'હવેથી મૂંગા પ્રાણીને કે બળદને મારવું નહીં.'

ફકીરો પણ આ સાંભળી સ્વામીશ્રી પ્રત્યે અહોભાવથી જોઈ રહ્યો. આવા મહાન પુરુષે તેના જેવા સામાન્ય ખેડૂતની કેવી ખબર રાખી હતી, તે વિચારી તેણે સ્વામીશ્રીને મનોમન વંદન કર્યાં.

આ પછી તે બળદની પાણી જોઈને બેસી જવાની આદત હતી તે કાયમ માટે દૂર થઈ ગઈ. 'સ્વામીશ્રીએ તેના કાનમાં જે કાંઈ બોલ નાખ્યા તેથી મૂંગા ઢોરમાં પણ પરિવર્તન આવી ગયું,' જાણી સૌ સ્વામીશ્રીના પ્રતાપના ગુણગાન ગાવા લાગ્યા !

નેનપુરમાં મંદિરમાં ઉતારો હતો. બીજે દિવસે સવારે મંગલ પ્રવચનમાં સ્વામીશ્રી કહે : 'દેવજી ભક્ત અહીં થઈ ગયા. મહારાજની માળાના મણકામાં આવતા. પટ પારો પડ્યો.' એ પછી દેવજી ભક્તનું આખ્યાન કહ્યું. પ્રવચન પછી સૌ ઊઠ્યા.

પછી મહેમદાવાદવાળા રતિભાઈ પંડ્યા કહે : 'બાપા ! અમારા ઉપર દયા કરજો કે દેવજી ભક્તની જેમ માળાના મણકામાં આવીએ.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તમે બધા માળાના મણકામાં આવ્યા છો તેથી જ અહીં આ જોગ થયો છે; નહિતર ક્યાંય ફરતા-આથડતા હોત !' એમ સૌને આશ્વાસન આપ્યું.

## સત્પુરુષની સેવાથી મન જિતાય

બાદ આણંદ-વિદ્યાનગર, સોજિત્રા થઈ, તારાપુર પધરામણી કરી.

ત્યાંથી રાત્રે ફરી સોજિત્રા આવતાં વાત કરી : 'મોટરમાં ધૂળ ભરાઈ જાય. વળી, રસ્તામાં પણ બહુ ધૂળ ઊડે. તે આપણે કાનમ ગયા ત્યારે મોટા-સ્વામી તો નાક છીંક્યા જ કરે ને બહુ ખિજાય. ત્યારે મહારાજના વખતમાં પરમહંસોએ કેવા દાખડા કર્યા ! ને પગે ચાલીને સત્સંગ વધાર્યો. એવું આજે થાય નહીં. તે દી'નો ભીડો હોય તો ? શાસ્ત્રીજી મહારાજેય બહુ ભીડો સહન કર્યો. આજે તો મોટરોમાં ફરવાનું. સાટા-જલેબી-મોહનથાળ જમવાનાં. આજે ક્યાં ભીડો છે ! પણ મનનો ભીડો છે. તે મન જીતવું જોઈએ.'

પછી સેવકો કહે : 'મન જિતાતું નથી.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'સત્પુરુષની સેવાથી મન જિતાય છે.'

આ પ્રમાણે બ્રહ્મસુખ આપતાં આપતાં સોજિત્રા આવી ગયું.

## મહી કાંઠાના ભક્તોને ધન્યવાદ !

પછી ઝારોળા, રાસ થઈ, તા. ૧૩મીએ, સાંજે બદલપુર પધાર્યા.

સ્વામીશ્રી પાંચ વર્ષ બાદ અહીં પધાર્યા હતા. ત્યાંના હરિભક્તોનો પ્રેમ અવર્ણનીય હતો. આઠ દિવસ અગાઉથી તૈયારીઓ કરવા માંડી હતી. રસ્તાઓ સાફસૂફ કરી, આખા ગામમાં તોરણો બાંધ્યાં હતાં; લત્તે લત્તે મંડપો બાંધ્યા હતા. એક વિશાળ મંડપ બાંધવામાં આવ્યો હતો. મંડપની શોભા અનેરી હતી. મંડપની ફરતી ભરત ભરેલી ઝાલરો હતી, સુવાક્યો લખીને મૂકવામાં આવ્યાં હતાં : 'યોગીજી અમર રહો,' 'યોગીજી મહારાજ જેવા આ બ્રહ્માંડમાં સાધુ નથી,' વગેરે અનેક પ્રકારનાં પોસ્ટરો લગાડીને સભામંડપ સુશોભિત કરવામાં આવ્યો હતો.

સ્વામીશ્રી બરાબર રાત્રે ૧૦-૦૦ વાગે પધાર્યા. ગામલોકોએ અપૂર્વ સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ સ્વમુખે કહ્યું : 'આવો ભક્તિભાવ ક્યાંય જોયો નથી.

બદલપુરના હરિભક્તોને ધન્ય છે !'

બદલપુર, રાવપુરા, નરસિંહપુરા, હરિપુરા, કાળુ, કોટડા વગેરે પરાંઓના હરિભક્તોએ સાથે મળીને આવો અપૂર્વ અવસર યોજ્યો હતો.

બીજે દિવસે સવારે સ્વામીશ્રીએ મંદિરે દર્શન કરી, શાળાનાં બાળકોને આશીર્વાદ આપતાં સમજાવ્યું : 'ચોરી ન કરવી, જૂઠું ન બોલવું, આઘું-પાછું ન કરવું. બીડી-સીડી ન પીવી.' આવાં જીવનસૂત્રો રમૂજ કરાવતાં સરળ ભાષામાં સમજાવી દીધાં.

પછી રાવપુરા થઈ, નરસિંહપુરા પધાર્યા. અહીં મહારાજ પધારેલા તે પ્રસાદીની જગ્યાએ ઓટો છે. ત્યાં દર્શન કરી, મંદિર બાંધવાનો શુભ સંકલ્પ કરાવીને, નવાગામ થઈ, બદલપુર પાછા ફર્યા.

ધુવારણ વીજળી-મથકમાંથી ભટ્ટ સાહેબ તથા કેટલાક ઇજનેરો સ્વામીશ્રીને ખાસ આમંત્રણ આપવા આવ્યા હતા. સમય ન હતો, છતાં સ્વામીશ્રીએ કાર્યક્રમ ગોઠવી દીધો.

રાત્રે રાવપુરામાં વિશાળ સત્સંગ સભામાં મણિભાઈ સલાડવાળા તથા મગનભાઈ સેક્રેટરીએ પ્રેરક પ્રવચનો દ્વારા સ્વામીશ્રી જેવા સંતનો સમાગમ કરવા અનુરોધ કર્યો.

## ગુરુ શિષ્યની ચાકરી કરે છે

રાત્રે બહુ ઠંડી હતી. પાણીથી હાથ ધૂએ તો હાથ થીજી જાય તેવી. વળી, બહુ મોડું થયું હતું. એક સંતને ઓઢવાનું કંઈ ન હતું. તેથી કોથળો પાથરી, ગાતરિયું ઓઢીને સૂઈ ગયા હતા. સ્વામીશ્રી લઘુ કરવા ઊઠ્યા. તેમણે જોઈ લીધું હશે અથવા અંતર્યામીપણે જાણીને, એ સંતને પોતાનો ગરમ ધુસો (ધાબળો) ઓઢાડી દીધો. તે પછી સૂઈ ગયા. સ્વામીશ્રી આવું વાત્સલ્યપૂર્ણ હૃદય ! પોતે ઠંડી સહન કરીને પણ પોતાના સેવકની કેવી ખબર રાખી !

બીજે દિવસે હરિપુરા, કાળુ, છાપરી વગેરે પરાંઓમાં સ્વામીશ્રી પધાર્યા. અહીં પણ મોટા મંડપો બાંધવામાં આવ્યા હતા. અને ધજા-પતાકાથી ગામને શણગાર્યું હતું. કાળુ અને છાપરીમાં પણ એ જ ભાવ અને ઉત્સાહ ! નરસિંહપુરામાં તો મહીસાગરનું પાણી સ્વામીશ્રીએ માથે મૂક્યું અને સૌને માથે ચઢાવ્યું. પછી સૌને સ્નાન કરવાની આજ્ઞા કરી. આમ, દરેક પરાંની મુમુક્ષુ જનતાને પોતાના સંબંધનું સુખ આપતા ભક્તવત્સલ સ્વામીશ્રીની દૃષ્ટિમાં,

કોઈપણ જાતના ભેદભાવ કે ઊંચ-નીચ જોવાની દૃષ્ટિ ન હતી. એ તો કેવળ પોતાનું સત્સંગ-કાર્ય આગળ ધપાવી રહ્યા હતા.

## ઠેર ઠેર ભક્તિની સેર

બપોરે રાવપુરામાં રસોઈ જમ્યા અને ઉતારે પાછા આવીને આરામ લીધો. ૪-૦૦ વાગે ધુવારણથી મોટરો આવી હતી. તેમાં સંતો-હરિભક્તો સાથે જવા નીકળ્યા.

માર્ગમાં એક ગામ જવાનું હતું. રસ્તો ખાડા-ટેકરાવાળો અને સાંકડો હતો. સ્વામીશ્રી કહે : 'અહો ! અક્ષરપુરુષોત્તમ સ્વામીએ કેટલો દાખડો કરીને અહીં સત્સંગ કરાવ્યો ! પહેલાં અહીં દારૂની ભઠ્ઠીઓ ગળાતી પણ મોટા અક્ષર સ્વામી ઘરોઘર ફર્યા અને બધાને સત્સંગ કરાવ્યો. શાસ્ત્રીજી મહારાજના પ્રતાપથી બધાએ ખોટાં કામો છોડી દીધાં.'

આ પ્રમાણે આ મહાન પુરુષોના મહિમાનું વર્ણન કરતાં સ્વામીશ્રીનું ગુલાબી મુખારવિંદ દિવ્ય લાગતું હતું.

જે ગામ જવાનું હતું તે આવી ગયું. અહીં વસતી ઘણી જૂજ હતી. પાંચ-દસ પુરુષો હતા. સ્વામીશ્રીને તેમણે ઘૂંટણિયે પડીને વંદન કર્યાં. સ્ત્રીઓ અને બાળકો પણ દૂરથી પગે લાગતાં હતાં. સ્વામીશ્રી આસન ઉપર બિરાજ્યા હતા અને દરેકને વર્તમાન ધરાવ્યાં. બાળકો 'સ્વામિનારાયણ'ની ધૂન બોલતા હતા. આવી અજ્ઞાન પ્રજામાં આવીને સ્વામીશ્રીએ ભક્તિ-સંસ્કારની એક નાજુક સેર શરૂ કરી દીધી.

ત્યાંથી ધુવારણ જવાનું હતું. આ લુટારું પ્રજા ધોળે દિવસે ધાડ પાડીને મહીસાગરનાં ભયંકર કોતરોમાં સમાઈ જતી અને જો અહીં પોલીસ-પલટન આવે તો ઘડીના છઠ્ઠા ભાગમાં એ હતી ન હતી થઈ જતી. આ બધું વાર્તાઓમાં વાંચ્યું હતું, તે દૃશ્ય નજર સમક્ષ તરવરી રહ્યું. મરજીવા સંતોએ અહીં સત્સંગ કરાવીને દેશ ઉપર, ખાસ કરીને ગુજરાત ઉપર મહાન ઉપકાર કર્યો છે.

## દીવે દીવો પ્રગટે

સંધ્યા આરતી સમયે ધુવારણ આવી ગયા. અહીં મહી નદી અને સાગરના સંગમ નજીક વિદ્યુત ઉત્પાદન કરવાની એશિયા ખંડની સૌથી મોટી આ યોજના છે. જે પૂર્ણ થતાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારનાં ઘણાં

ગામોને વિદ્યુત મળવાની શક્યતા હતી.

રાત્રે ભવ્ય સભા થઈ. અહીં સરકારી કર્મચારીઓ મોટા ભાગે શિક્ષિત વર્ગના હતા. મણિભાઈ સલાડવાળા તથા મગનભાઈ સેક્રેટરીએ જોશીલી વાણીમાં અક્ષરપુરુષોત્તમનું તત્ત્વજ્ઞાન સમજાવીને સ્વામીશ્રીની આ અભયદાનની અમૂલ્ય સેવાનો નિર્દેશ કર્યો હતો. 'આ સંતપુરુષનો આશરો કરવાથી આપણે સાચું જીવન જીવી શકીએ છીએ,' એમ ઘણી મહિમાની વાતો કરી. અંતમાં, સ્વામીશ્રીએ મધુર વાણીમાં સંત અને ભગવાનનો મહિમા સમજાવી, આશીર્વાદ આપ્યા. અધિકારી વર્ગને સ્વામીશ્રીનું સારું આકર્ષણ થયું.

ધુવારણ વિદ્યુત ખાતાના ભટ્ટ સાહેબ તથા અન્ય સાહેબોને આશીર્વાદ આપતાં કહે : 'થોડા વખતમાં લોકોને વીજળી મળશે. મહારાજ, સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ ભળશે. કોઈ વિઘ્ન નહીં આવે.'

ત્યારે મણિભાઈ સલાડવાળા કહે : 'સાહેબ પ્રજાને વીજળી આપી પ્રકાશ આપે, અને આપ સૌ સાહેબ અને અધિકારી વર્ગના અંતરમાં દીવા પ્રગટાવી અજવાળું કરી દો. સૌને એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી સૌ અધિકારી સાહેબોને આશીર્વાદ આપતાં બોલ્યા : 'દીવે દીવો પ્રગટે.'

આ સાંભળી ત્યાં ઊભેલા સૌ હસી પડ્યા. એક જ વાક્યમાં સ્વામીશ્રીએ શાસ્ત્રોનું રહસ્ય સમજાવી દીધું.

## શાસ્ત્રીજી મહારાજ મળ્યા, અમર થઈ ગયા

વળતી સવારે સ્નાન કરતી વખતે બહાર લાઉડ સ્પીકરમાં એક ભજન સંભળાતું હતું. યુવકોએ ભજનની પ્રશંસા કરી. ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'કોણ ગાય છે ?'

'એક બાઈ ગાય છે.'

'ડોશીનાં ભજન ન સંભળાય. મૂર્તિને બદલે એનામાં આસક્તિ થઈ જાય. આપણે તો મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામીનાં ભજન ગાવાં ને સાંભળવાં.' સ્વામીશ્રીએ સમજાવ્યું.

ગુણવંત કહે : 'બાપા ! બહાર 'યોગીજી મહારાજ અમર રહો !' વગેરે મહિમાનાં સૂત્રો ભટ્ટ સાહેબે લગાડ્યાં છે. મંડપ બહુ શણગાર્યો છે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજ મળ્યા ત્યારથી અમર થઈ

ગયા. તમે અમર થયા કે નહીં ?'

એટલે ગુણવંત કહે : 'બાપા ! આપ મળ્યા ત્યારથી અમે પણ અમર થઈ ગયા.'

ત્યારે હસીને કહે : 'ઈ ખરું કીધું. યુવકો બહુ બુદ્ધિશાળી, વાતમાં બંધવી દે.' એમ કહીને હસ્યા.

સ્વામીશ્રીની એ વિશેષતા હતી કે પોતે અતિ મહાન હોવા છતાં અલ્પમાં અલ્પ મુમુક્ષુઓ સાથે એવા ભળી જતા કે સૌને એમનામાં અપાર હેત થઈ જતું.

પૂજા પછી સગડીએ તાપતાં બિરાજ્યા હતા. સામે મહીજીભાઈ પૂજાભાઈ અને કેશુભાઈ મનજીભાઈ પણ બેઠા હતા. સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : 'શું કરો છો ?'

'બાપા ! ખેતીની જમીન હતી, પણ આ ધુવારણના પાવર સ્ટેશનમાં જતી રહી છે. ને હાલ કાંઈ ધંધો-નોકરી નથી.' કેશુભાઈએ કહ્યું.

સ્વામીશ્રી આશીર્વાદ આપતાં કહે : 'સારું થયું, પાપ ગયું. આપણી જમીન ગઈ તો ત્યાં આવડું મોટું પાવર સ્ટેશન થયું, ને આખા ગુજરાતને અજવાળું થશે, ને શાંતિ થશે.' પછી કહે : 'એ જમીનના બદલામાં શ્રીજી-મહારાજ તમને રોટલા આપશે.'

આ પછી થોડા જ મહિનાઓમાં કેશુભાઈને નોકરી મળી ગઈ અને સુખિયા થયા. લોક-હિતના કાર્ય માટે ગયેલી જમીન માટે સ્વામીશ્રીએ રાજીપો જણાવ્યો અને આશીર્વાદથી ભક્તનું દુઃખ પણ વિદાર્યું.

અધિકારીઓ તથા ભટ્ટ સાહેબ સ્વામીશ્રીને વિદાય આપતાં ગળગળા થઈ ગયા હતા.

ફરી સ્વામીશ્રી રાવપુરા પધાર્યા. અહીં મંદિરનો સંકલ્પ કરી, અટલાદરા આવવા નીકળ્યા. રસ્તામાં અગાઉ વચન આપ્યા મુજબ રાસમાં પધરામણી કરી. જીવરાજભાઈ, અંબાલાલભાઈ, માધવલાલભાઈ, ઠાકરશીભાઈ તથા ઈશ્વરભાઈ વગેરે ભક્તોને રાજી કરી, ઝારોળામાં ગિરધરભાઈ, હરમાનભાઈ તથા જમનાદાસભાઈની સેવા લઈને, બોચાસણ દર્શન કરી, દાઓલ બેચરભાઈના કારખાનામાં પધરામણી કરી.

તેઓ હાજર ન હતા. તેથી સ્વામીશ્રી અંદર જઈ ખુરશી ઉપર બેઠા હતા. ઘણું મોડું થઈ ગયું હતું. બપોરે ૧-૦૦ વાગ્યો હતો. સ્વામીશ્રી કહે : 'આપણે અહીંથી મળ્યા વિના જઈએ તે ઠીક નહીં. બેચરભાઈ મળ્યા નહીં, પણ

પધરામણી થઈ ગઈ. તેઓ સાંભળીને રાજી થશે કે સ્વામી આવી ગયા.'

પછી અટલાદરા આવી પહોંચ્યા.

## આમોદને તીર્થનું ગૌરવ

બીજે દિવસે સવારે નક્કી થયેલા કાર્યક્રમ પ્રમાણે ભરૂચ જવાનું હતું. માર્ગમાં આમોદ મોતીભાઈ પટેલે સ્વામીશ્રીની પધરામણી કરાવી. સ્વામીશ્રી કહે : 'આ ગામ તો દીનાનાથ ભટ્ટનું જન્મ સ્થાન છે. શ્રીજીમહારાજનો તેમના ઉપર ઘણો રાજીપો હતો. ચાલો આપણે એ પ્રસાદીના ઘરે દર્શન કરવા જઈએ.'

આજ સુધી કોઈએ આ પ્રસાદી સ્થાનની ભાળ લીધી ન હતી; પરંતુ સ્વામીશ્રી તો મહિમાનું સાક્ષાત્ સ્વરૂપ !

સ્વામીશ્રી તથા સંત-હરિભક્તો મેડી ઉપર જ્યાં મહારાજ બેસતા એ બારી પાસે પધાર્યા. સ્વામીશ્રીએ દંડવત્ કર્યા અને ભુલાઈ ગયેલા એ તીર્થની ફરી યાદ આપીને સજીવન કર્યું.

## લાખ ગાડાંનો ફેર

ભરૂચ થઈ, ઝાડેશ્વર આવ્યા. અહીં તા. ૧૮-૧૨-'૬૩ ગ્રામપંચાયત ઑફિસના નવા મકાનનું સ્વામીશ્રીએ ઉદ્ઘાટન કર્યું. સ્વામીશ્રીના પ્રેમાળ વ્યક્તિત્વથી ગામલોકોને ઘણો જ ગુણ આવ્યો.

છોટુભાઈ તથા નટવરલાલ શુક્લ વગેરે હરિભક્તોનો પ્રેમભાવ અનન્ય હતો. નટવરલાલ શુક્લ કહે : 'કોઈ આ લોકના મોટા માણસના હાથે ઉદ્ઘાટન થાય અને સ્વામીશ્રીના હાથે ઉદ્ઘાટન થાય તેમાં ફેર છે.'

'લાખ ગાડાંનો ફેર. સત્પુરુષ પુણ્યના ઢગલા કરી જાય ને બીજા પાપનાં પોટલાં છોડી જાય.' સ્વામીશ્રીના આ સહજ ઉદ્ગારો સાંભળી સૌ હસી પડ્યા.

સવારે ૯-૦૦ વાગે ભરૂચમાં જાહેર સભા હતી. જેમાં હરમાનભાઈ, હકાભાઈ, મગનભાઈ વગેરે હરિભક્તોએ સ્વામીશ્રીની વિશિષ્ટતા સમજાવી. પ્રમુખસ્વામીના પ્રેરક પ્રવચન બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

ઝાડેશ્વરથી નીકળી, બે દિવસ બીલીમોરામાં હીરાભાઈ પ્રાણલાલ પટેલને ત્યાં બિરાજ્યા. પ્રમુખસ્વામી 'હરિલીલામૃત' તથા 'ભક્તચિંતામણિ' વાંચતા ને સ્વામીશ્રી તે ઉપર મહારાજના મહિમાની સુંદર વાતો કરતા. અહીં કાંતિભાઈ ભજનિકે બે દિવસ ભજનનો કાર્યક્રમ આપ્યો હતો. તેમણે 'ગાંડાની વણઝાર'

ગાઈને સૌને ભક્તિઘેલા બનાવ્યા હતા. હકાભાઈએ તેના ઉપર દૃષ્ટાંત આપી, સ્વામીશ્રીને ખૂબ હસાવ્યા.

પછી સ્વામીશ્રી કહે : 'બધા ભક્તો આ દુનિયામાં ગાંડા જ ગણાયા. ગોરધનભાઈ પણ ગાંડા જ ગણાતા, પણ મહારાજની માળાના મણકામાં પર્વતભાઈ ને ગોરધનભાઈ બેય આગળ હતા.'

પછી કહે : 'પ્રેમાનંદ સ્વામીનાં કીર્તન સાંભળીને દીવાના થઈ જવાય એવું છે.' એમ કહી કાંતિભાઈની પ્રશંસા કરીને કહ્યું : 'કીર્તન સારું બોલ્યા.'

## મુમુક્ષુને યાત્રાની ફલશ્રુતિ

મોટર રસ્તે વલસાડ પધાર્યા. માર્ગમાં મુંબઈના એક શ્રીમંત હીરાલાલ પરીખ સૌરાષ્ટ્રની પંદર દિવસની મોટર રસ્તે યાત્રા કરીને જતા હતા. તેમણે એમ સંકલ્પ કર્યો હતો કે 'જો મારી યાત્રા સાચી થઈ હોય, તો તેના ફળરૂપે મને કોઈ ભગવાનના સાચા સંતનાં દર્શન થાય.'

માર્ગમાં એમની ગાડીને પંક્ચર પડ્યું અને ટ્રેન આવતી હોવાથી સ્વામીશ્રીની ગાડી રેલવેના ફાટક પાસે ઊભી રહી. સ્વામીશ્રી લઘુ કરવા મોટરમાંથી બહાર આવ્યા. તે વખતે પરીખને સ્વામીશ્રીનાં દર્શન થયાં અને તે પાસે આવ્યા. તેમને એકદમ શાંતિ થઈ ગઈ.

તેમણે પોતાનો પરિચય આપ્યો અને પોતાના સંકલ્પની વાત કરી. 'આપનાં દર્શનથી સંકલ્પ પૂરો પણ થયો' એ વાત કરી. સ્વામીશ્રીનો મહિમા અંતરમાં સમજીને તેમને યાત્રાનું ફળ મળ્યાનો દિવ્યાનંદ થયો. સ્વામીશ્રીએ પણ રાજી થઈને તેમને રૂડા આશીર્વાદ આપ્યા.

❀ ❀ ❀



# ઐસા પાગલપન યહાં દીખતા હૈ

એ જ દિવસે સાંજે, વલસાડથી સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં નીકળી સ્વામીશ્રીએ બોરીવલી, દાદર, બોમ્બે સેન્ટ્રલ સૌનું અપૂર્વ સ્વાગત સ્વીકાર્યું.

હરિભક્તોની ભીડ ખૂબ હતી. અક્ષરપુરુષોત્તમ અને યોગીજી મહારાજના જયઘોષથી વાતાવરણમાં એક પ્રકારનો ઉલ્લાસ પ્રસરી ગયો. સ્ટેશન આખુંય પુષ્પ-ચાદરથી મઢ્યું હોય તેવું થઈ ગયું. સ્વામીશ્રી ડબ્બામાંથી ઊતર્યા અને પ્લૅટફૉર્મ પર ગોઠવેલા આસન પર સભામાં બિરાજ્યા. ત્યાં સુધીમાં તો હરિભક્તો-ભાઈઓ-બાઈઓની દોડાદોડી, હલચલ મચી ગઈ. આ જોઈને એક શીખ ટિકિટ ચેક કરવા દરવાજા ઉપર ઊભા હતા તે યુવકોને પૂછવા લાગ્યા : 'કોન મહાત્મા હૈ ?'

'યોગીજી મહારાજ !' એક યુવકે કહ્યું.

તે બોલી ઊઠ્યા : 'સુના હૈ કિ ગોપી ભગવાન શ્રીકૃષ્ણકે પીછે પાગલ પાગલ ઘૂમતી થી; ઐસા પાગલપન યહાં દીખતા હૈ.'

સ્વામીશ્રી સ્ટેશનથી અક્ષર ભવનમાં આવી પહોંચ્યા. વ્યક્તિગત મળી સ્વામીશ્રીએ સંતોને આનંદમાં ગરકાવ કરી દીધા.

વિલે પારલેમાં 'હરિલીલાકલ્પતરુ'નું પારાયણ યોજવામાં આવ્યું હતું. બળવંતરાય બ્રહ્મભટ્ટના નિવાસ સ્થાનેથી આ પ્રસંગે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં પારલાની ભાવિક જનતાને સ્વામીશ્રીનાં દર્શનનો લાભ મળ્યો. અગ્રીપાડા ભજન મંડળીના અગ્રણી બુવાકાકાની મંડળીએ મંજિરા-નૃત્યથી યાત્રામાં ધૂન-ભજનની રમઝટ બોલાવી હતી. યાત્રા મોર બંગલે વિરામ પામી. પિતાશ્રી મૂળજીભાઈ રાઘવજીભાઈ ટાંકના સંકલ્પથી તેમના સુપુત્રો હરિભાઈ તથા ભગવાનજીભાઈ ટાંકે 'હરિલીલાકલ્પતરુ'ના તૃતીય સ્કંધની પારાયણ યોજી હતી. તેઓના ઘરે જ સ્વામીશ્રીનો ઉતારો હતો.

કથાનો પ્રારભ પોષ સુદ ૭ ને તા. ૨૩-૧૨-'૬૩ના સવારે પ્રમુખ-સ્વામીએ કર્યો. કોઠારી ભક્તિપ્રિય સ્વામી, નારાયણ ભગત, અનુપમ ભગત વગેરે અમે સૌ પ્રસગોપાત્ત કથા કરતા.

## ગુણાતીત બાગના કાંટાનોય અવગુણ ન લેવો

કથા પ્રસંગમાં સ્વામીશ્રી અદ્ભુત જ્ઞાનવાતો કરતા. જેમાં શાસ્ત્રોના રહસ્યપૂર્ણ આચાર-મુદ્દાઓ સુંદર રીતે નિરૂપતા.

એક ભક્તે પૂછ્યું : 'સ્વામી ! સુહૃદપણું કઈ રીતે રાખવું ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'સત્સંગમાં નાનામાં નાનો હોય તોય તેની સાથે સુહૃદભાવ રાખવો. પ્રીતિ ઓળખીને કરવી. સમાગમ ઉત્તમ પુરુષનો કરવો.'

મહિમાની વાત કરતાં સ્વામીશ્રી કહે : 'દાદર મંદિરનું પગથિયું ચડતો હોય તે આપણા માથાનો મુગટ છે. ગુણાતીત બાગના કાંટાનોય અવગુણ ન લેવો.

'ભગવાનની કૃપા થાય તો દાસત્વ આવે. દાસના દાસ થઈ રહેવાય. આ તો 'તુમ મહાત્મા તો હમ ભી મહાત્મા' - એવું થઈ જાય. તે મહિમા સમજાયો હોય તો ન થાય.'

'હૃદયમાં ભગવાનની મૂર્તિનું સુખ કેમ ઊતરતું નથી ?' તેનો જવાબ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'રાગ, દ્વેષ અને મારું-તારું છે તે નડે છે. તે નીકળી જાય તો અંતરમાં ભગવાનનું સુખ ઊતરે. સાક્ષાત્ અક્ષરધામનું સુખ આવે.'

ગ.પ્ર. ૧૬મા વચનામૃતમાં વાત આવી કે 'સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય...' એ શબ્દો આવ્યા. એટલે સ્વામીશ્રી બોલ્યા : 'કાંઈક અવગુણ લખ્યું છે... પછી ઝાઝો લેવો કે ? કાંઈક એટલે જેવો-તેવો. સૂવાનો, ઝોકાં ખાવાનો, ખાવા-પીવાનો અવગુણ હોય તે ન લેવો, તો વધારે લેવાય જ કેમ ?'

## નિષ્ઠામાં કર્તાપણું અગત્યનું

અહીં પારાયણમાં એક વાર પ્રમુખસ્વામી કથાનું રસપાન કરાવતા હતા. ત્યાં અચાનક જ એમને કોઈ અગત્યના કામ માટે જવાનું થયું. એટલે સ્વામીશ્રી પાટ ઉપર બિરાજી કથાકારની અદાથી વાતો કરવા લાગ્યા. નિષ્ઠાની વાત આવતાં સ્વામીશ્રી કહે : 'નિષ્ઠામાં કર્તાપણું સમજવું. તે બહુ અગત્યનું છે. એંસી ટકા નિષ્ઠા કર્તાપણાને લીધે છે. માટે સુખ-દુઃખમાં સમભાવ રાખવો.'

વચનામૃત ગ.અં. ૧૧ સમજાવતાં કહે :

'વચન કહે તે ખમવું તે પણ તપ છે. સહનશક્તિનું તપ. સ્થિતિમાં રહેવું તે તપ. વનમાં જવું તે તપ ? ના, પણ વસ્તુ ઓછી ભોગવવી તે તપ. નિરંતર તપ કરે તે ન નભે. બે મહિના ધારણાં-પારણાં કરે ને પછી ઝાપટીએ તો ક્યાં રહ્યું !'

વચનામૃત ગ.મ. ૭ ઉપર વાત કરી :

'ગોપી ને ઉદ્ધવને અરસપરસ મહિમા. આવો મહિમા સમજે તો ઈર્ષ્યા નીકળી જાય. મહિમામાં બાધ આવે એટલે ઈર્ષ્યા ચોંટે ! આપણા કરતાં કરોડ ગણા મોટા, એમ સમજવું.

'સંત દૃષ્ટિમાં ભગવાન આપી દે. સ્વરૂપાનંદ સ્વામી જ્યાં જુએ ત્યાં મૂર્તિ દેખે. બીજું દેખાય નહિ. એમ આપણે દૃષ્ટિમાં ભગવાન આવી જાય પછી બીજું દેખવામાં ન આવે. *'દૃષ્ટિ પ્રકાશે રે - અનુભવીને અંતરે રહે રામવાસ રે. જ્યાં જુએ ત્યાં રામજી બીજું ના ભાસે રે.'* જાગા સ્વામી કોઈ નાના સાધુ હોય એને પણ નીચે નમીને પગે લાગે. કોઈ કહે : 'આ તો નાના છે.' તો સ્વામી કહે : 'એને હું નાનો સાધુ નથી દેખતો. અખંડ સ્વામી ને મહારાજની મૂર્તિ દેખું છું. તેજોમય મૂર્તિ.'

પારાયણ દરમ્યાન વિદ્વાન વક્તાઓ, સંન્યાસ આશ્રમના સ્વામી શંકરાનંદજી, પ્રા. નલિન મ. ભટ્ટ, પ્રિન્સિપાલ અમૃતલાલ બી. યાજ્ઞિક, હાસ્ય લેખક જ્યોતીન્દ્ર હ. દવે વગેરેએ ધર્મ અને ભક્તિમાર્ગ ઉપર મનનીય પ્રવચનો આપ્યાં હતાં. તા. ૨૯મીએ પારાયણની પૂર્ણાહુતિ થઈ. હરિભાઈ તથા ભગવાનજીભાઈ ટાંકે ખૂબ સેવા કરી સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. એ જ રાત્રે સ્વામીશ્રી દાદર, અક્ષર ભવનમાં પધાર્યા.

## પોષી પૂનમનું પર્વ

તા. ૩૦-૧૨-'૬૩, પોષ સુદ ૧૫, મંદિરના બીજે માળે નવા બંધાયેલા 'યજ્ઞપુરુષ વ્યાખ્યાન મંદિર'માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના ભવ્ય તૈલ-ચિત્રની અનાવરણ વિધિ કરવામાં આવી. શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસ પણ આવ્યા હતા ને તેમણે શાસ્ત્રીજી મહારાજના મહિમાની ઘણી વાતો કરી. પોષ સુદ ૧૫નો આ શુભ દિવસ હતો. તેથી ગુણાતીત દીક્ષા પ્રસંગને અનુરૂપ ભજન-કીર્તન તથા પ્રવચનો થયાં. ગ્રહણ હોવાથી, સવારથી સ્વામીશ્રી સંતો તથા હરિભક્તોએ ભોજન લીધું ન હતું. ગ્રહણની શરૂઆત થતાં ધૂન-ભજન-કીર્તન-

કથાવાર્તાનો કાર્યક્રમ શરૂ થયો. બપોરે ૨-૩૦ થી ૬-૩૦ સુધી અખંડ એ જ કાર્યક્રમ ચાલુ રહ્યો.

૨-૫૬ વાગે ગ્રહણ બેસતું હતું. સ્વામીશ્રી સંત-હરિભક્તોનાં વૃન્દમાં કંતાનની ગાદી પર બિછાવેલા બ્લેન્કેટ ઉપર બિરાજમાન થયા હતા. કીર્તનો દરમ્યાન સ્વામીશ્રી માળા ફેરવી રહ્યા હતા. ૩-૪૫ વાગે આશીર્વચન આપતાં સ્વામીશ્રી કહે : 'કીર્તનથી રજોગુણ, તમોગુણ, સત્ત્વગુણ નીકળી જાય - એવી હલકથી - ભાવથી કીર્તન ગવાય તો મહારાજ સાક્ષાત્ સાંભળે. ગ્રહણમાં કીર્તન કરીએ તો સહેજે પુણ્ય થાય.

'સ્વામી શાસ્ત્રીજી મહારાજ બોચાસણમાં સાધુ-હરિભક્તોને વાત કરે, ખુરશી પર બેસીને ફરે. તે કેરી જમતા હોય તેવો રસ આવે ! મોટાપુરુષ ત્રિવિધિ તાપ મટાડી દે. અમૃત વાણી ! અમારી અમૃત વાણીમાં કાંઈ ન મળે. સ્વામીની અમૃત વાણી સાચી. બીજી વાણી ફોક ! એ વાણી સાંભળી છે, સુખ લીધું છે, તો સુખ સુખના ફુવારા છૂટે છે. શાંતિ છે. પરાવાણી મનમાં સંભારવી. જોગ કરી લેવો. મોટાપુરુષના વાક્ય સંભારી રાખીએ તો બળ મળે.'

સાંજે સ્નાન બાદ સૌએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. બીજા દિવસથી વ્રજલાલ સોલંકી, રતિલાલભાઈ, નટવરભાઈ તથા મણિલાલ નાનાણીએ ભેગા મળી હરિલીલાકલ્પતરુ ગ્રંથનું પારાયણ ગોઠવ્યું હતું. તેનો પ્રારંભ કરવામાં આવ્યો. વક્તા તરીકે પ્રમુખસ્વામીની નિશ્રામાં કોઠારી ભક્તિપ્રિયદાસજી, હું, નારાયણ ભગત તથા અનુપમ ભગત હતા. યુવાન સંતો કથાનું નિરૂપણ કરી સૌને આનંદ ઊપજાવતા હતા. તેમજ આવા પ્રસંગો યોજી સ્વામીશ્રી સંતોને જાણે પારાયણની તાલીમ આપતા ન હોય, તેમ તેઓ પણ મુગ્ધભાવે સંતોને સાંભળતા.

## પાહલો કેમ પડતો નથી ?

સવારે મંગળ પ્રવચનમાં સંતોને સંબોધીને સ્વામીશ્રી બહુ બળની વાતો કરતા. એક દિવસ સ્વામીશ્રીને ઉધરસ ચડી. પછી ખરેરી સાફ કરીને કહે :

'મેં માઈકનો દોષ જોયો (કે અવાજ કરે છે) તો મને ઉધરસ ચડી. સામો દોષ આવ્યો. ખરેરી હેરાન કરે છે. ઇન્દ્રિયો, દેહ, માયા વિઘન ન કરે તે જોવું. સારા કામમાં સો વિઘન. દેહ વેરી છે. તેનો પક્ષ ન રાખવો. વાટી નાખવો. ખાહડાં જેવો કરી નાખવો. પરપોલા જેવો નહીં. પગ નીચે શૂળ કરડ કરડ બોલી જાય.

'સ્વામીએ બ્રહ્માંડ ભરાય એટલી વાતું કરી. થોડીક લખાણી. બળિયા સંતો

થયા તો લખાણી, તે તો ઝણ્ય મળી. લખવાનોય ટાઈમ નહીં. હજારો વચનામૃત મહારાજ પણ બોલ્યાં. તેમાંથી થોડાંક મળ્યાં. બધાં વચનામૃતનો એક જ સિદ્ધાંત – નિર્દોષબુદ્ધિ રાખવી. કોઈનો અવગુણ ન લેવો. ગ.પ્ર. ૨૪ - 'આ કાંઈ સમજતો નથી' એમ નહીં. સાક્ષાત્ પુરુષોત્તમ ભગવાનની વાતું મળી છે. તે શ્રીજીમહારાજે જ્ઞાન આપ્યું અને સત્પુરુષે લીધું. આપણને તે થકી શ્રીજીમહારાજનો જોગ થયો. વારસો મળી ગયો. તે મફતમાં ન મળે, રાત-દી' માળા-પ્રાર્થના કરીએ, દર્શન-સમાગમ કરીએ, તો મળે. *'તું મારી જકરમાં તો હું તારી ફકરમાં...'*

'રાત-દી' કથા સાંભળીએ છીએ પણ અંદરનો કેફ કેમ નથી આવતો, સમીપમાં રહેવાતું નથી ? પાહલો (પાસો) કેમ પડતો નથી ? બે શત્રુ – પ્રમાદ અને મોહ. પે'હવા દેવા નહિ. પુસ્તકને મીણિયું બાંધી કૂવામાં રાત-દી' રાખો તોય પલળે નહીં.

'પ્રમાદ-મોહ આવે છે તેથી જ્ઞાન થતું નથી. જાણપણું રાખે તો ટળે. સોનું અંદરથી ઓગળે ને સાકર ઉપરથી ઓગળે.

'કરવાનું શું ? પ્રમાદ ને મોહ કાઢવા. અસાવધાન ન રહેવું. જાણપણાને દરવાજે રહેવું. સત્પુરુષનું વાક્ય એમ ને એમ ન જવા દેવું. યાદી રાખી લેવું. આનંદ કરજો, સુખ લેજો. સંપીને રહેશો. કથાવાર્તા, ભણવાનું મૂકવું જ નહીં.

'ભક્તિ નથી તેથી દોષ, માન આવે છે. પણ પછી તો દંડવત્ કરાય. આપણા દોષ કાઢવા મન થાય. કોઈનો અવગુણ ન આવે એ માહાત્મ્ય સહિત ભક્તિ છે. લૂખી ભક્તિ નહીં. તે કેમ આવે ? તો કૃપા થાય તો એવી ભક્તિ આવે.

## કાળીદેવનું કેમ છે ?

'સંપ્રદાય આખાને સમજવાનું છે કે એવો કયો દોષ છે કે ગુણમાત્ર દોષ થઈ જાય છે ? ભગવાનના સંતનું ઘસાતું બોલવા મંડ્યો તે આંખ ફરકી ગઈ. તેના ગુણમાત્ર દોષરૂપ થઈ જાય છે.'

પછી દૃષ્ટાંત આપતાં કહે :

'આંધળો ને લૂલો બે ભાઈબંધ. આંધળો શુકનાવળી હતો. એક દિવસ આંધળો કહે : 'લૂલાભાઈ ! જો કાળી દેવચકલી હળના સગનમાંથી[૨૦] ત્રણ વખત નીકળે ને જોનારની આંખ ન ફરકે તે ઉત્તમ શુકન કહેવાય.'

---

૨૦. હળની પોઈ, ફાંકામાંથી.

'એક દી' સવારના પહોરમાં લંગડાએ જોયું કે કાળી દેવચકલી હળના સગનમાંથી નીકળે છે. તે પાંપણ પણ હલાવ્યા વગર જોઈ રહ્યો. એમ ત્રણ વાર નીકળી. તે આંધળા પાસે આવ્યો અને કહે : 'આંધળાભાઈ, આંધળાભાઈ ! આજે તો ભારે શુકન થયા છે.

'શું શુકન થયાં ?'

'લૂલાએ વાત કરી. આંધળો કહે : 'થઈ જા સાબદા. ધોળે દી'એ વડોદરાની બજાર લૂંટીએ. તું મારા ખભા પર બેસી જા. ને રસ્તો બતાવ.'

'પછી બંને વડોદરાની મોટી સોનાની બજારમાં આવી ગયા ને મોટી ઝવેરીની દુકાનમાં ગયા. તિજોરી ભૂલમાં ખુલ્લી મૂકેલી. મહેતાજી ને નોકરો જમવા ગયેલા. બે નોકરો ઝોલે ચડ્યા હતા. લંગડો કહે : 'તિજોરી ખુલ્લી છે. ને પીળાં ચકેડાં ચકેડાં છે.'

'આંધળો કહે : 'ઈ જ સોનામહોરો.'

'પણ રસ્તે અવરજવર બહુ છે.'

'આંધળાએ કહ્યું : 'કાળીદેવનું કેમ છે ?'

'તે તો બરાબર છે.'

'તો ઉપાડ.'

'લંગડાએ તિજોરીમાંથી ફાંટ ભરી. ને કહે : 'હવે તિજોરી બંધ કરી દઉં ?' આંધળો કહે : 'તિજોરી વાસશે એનો બાપો. આપણે જલદી વયા જઈએ.' પછી સહીસલામત ઊપડી ગયા.

'શેઠ આવ્યા. તેને ખબર પડી કે દુકાન લૂંટાણી. પોલીસને ખબર આપી. આંધળો ને લૂલો તો શહેર બહાર નીકળી ગયા હતા. કો'કે કહ્યું : 'એક આંધળો ને એક લંગડો દુકાનમાંથી ફાંટ ભરીને જતા હતા. બધાને આશ્ચર્ય થયું.

'બંધૂકવાળા દસ ઘોડેસવાર ચોર પકડવા નીકળ્યા. લંગડાએ પોલીસ દીઠા. તે ગભરાયો : 'આંધળાભાઈ ! પોલીસ આવે છે.' આંધળાએ કહ્યું : 'કાળી દેવનું કેમ છે ?' લંગડો કહે : 'એમાં કાંઈ ફેર નથી.' આંધળાએ કહ્યું : 'તો તો વાળ વાંકો નહીં થાય.' એમ કહી હાલવા માંડ્યું. ને રસ્તે કડબનો ઓઘો હતો તેમાં બંને સંતાણા. સિપાઈ આગળ નીકળી ગયા. એટલે બંને કોતરમાં થઈને હાલવા લાગ્યા.

'ચોર ન મળ્યા એટલે સિપાઈ પાછા વળતા હતા. તેમણે જોઈ લીધું કે આ ચોર છે. લંગડો કહે : 'મોત સામું આવ્યું.'

'તો કહે : 'કાળીદેવનું કેમ છે ?'

'લંગડો કહે : 'મીનમેખ ફેર નથી.'

'તો પછી સિપાઈ ભલે જખ મારે. આપણને કાંઈ થવાનું નથી.' એમ આંધળાએ હિંમત આપી. ત્યાં પાંચ-પાંચ ઘોડેસવારે સામસામા ઊભા રહીને બંધૂક ફોડી. આંધળો નીચે બેસી ગયો ને લંગડો નમી ગયો. એટલે દસે સિપાઈ સામસામા બંદૂકની ગોળીથી વીંધાઈ ગયા ને ત્યાં જ મરી ગયા. ખાલી ઘોડા પાછા ગયા.

'આનો સિદ્ધાંત શું ? કાળીદેવ ત્રણ વાર સગનમાંથી નીકળી. તેમ સહજાનંદ સ્વામી સર્વોપરી ભગવાન, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર અને સત્પુરુષ મોક્ષનું દ્વાર છે – આ ત્રણ વાત દૃઢ કરીને રાખવી.

'આંખ ન ફરકે તે શું ? તો સત્પુરુષમાં મનુષ્યભાવ ન આવે.

'આ હોય તો કાળ, કર્મ, માયાની બીક ન રહે. નિષ્ઠા ન હોય તો ગમે તેટલાં સાધન કરીએ તોય ભગવાન સહાય ન કરે.'

સવારે ૧૧-૩૦ થયા હશે ત્યાં ઘાટકોપરનો એક કિશોર સુરેશ જીવરાજાની સ્વામીશ્રી પાસે આવ્યો ને વિનંતી કરવા લાગ્યો : 'બાપા ! મારા ઘરે પધરામણીએ આવવું પડશે...'

'હાલો.' સ્વામીશ્રીએ તરત જ તૈયારી બતાવી.

પાઘ પહેરી નીચે ઊતરી ગયા. એક સંતને જોડમાં બોલાવ્યા ને મંદિર બહાર આવી ઊભા રહ્યા. મોટરની વ્યવસ્થા હતી નહીં અને સુરેશે પણ સ્વામીશ્રી આટલી ઝડપથી નીચે આવી જશે એવી ગણતરી રાખી નહોતી. તેથી તે ટેક્સી માટે દોડાદોડ કરવા લાગ્યો. વીસ મિનિટે ટેક્સી મળી. ત્યાં સુધી સ્વામીશ્રી ઊભા રહ્યા. પછી તેના ઘરે પધરામણી કરી મંદિરે આવી ગયા.

સ્વામીશ્રી હેતના દાવે કિશોરો-યુવકોનાં મન આમ અણધારી કરુણા વરસાવી સાચવી લેતા.

તા. ૧-૧-'૬૪ થી ૫-૧-'૬૪ સુધી રાતની સભા રામ બાગ, માટુંગામાં રાખી હતી. ત્યાં વિદ્વાન વક્તાઓ વિજ્ઞાનાનંદ સરસ્વતી, આચાર્ય ગોપાળાચાર્યજીનાં પ્રવચનો તેમજ સ્વામીશ્રી, અન્ય સંતો તથા હરિભક્તોનાં પ્રવચનો રાખવામાં આવ્યાં હતાં. પૂર્ણાનંદ સ્વામી પણ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

પારાયણની પૂર્ણાહુતિ રામ બાગમાં હતી. સંતોએ એક મોટો સુંદર હાર બનાવ્યો હતો તે સ્વામીશ્રીનું પૂજન કરી પહેરાવ્યો હતો.

## ગુણાતીત છે, છે ને છે !

બીજે દિવસે, અક્ષર ભવનમાં સવારની કથામાં વચનામૃત ગ.પ્ર. ૫ સમજાવતાં સ્વામીશ્રી કહે :

'સભામાં જે લિજ્જત આવે તે ઓર જ ! રાધિકાએ સહિત ધ્યાન કરવું. તેમાં ભક્ત આવ્યા કે નહીં ! આખો સત્સંગ વાંચે છે. કોઈએ 'મહારાજના ઉત્તમ ભક્ત કોણ ?' તે પૂછ્યું નહીં. નહીં તો મહારાજ બતાવત. સર્વોપરીની ગેડ નો'તી બેસતી તો ભક્તની વાત ક્યાંથી બેસત ? પૂર્વનાં પુણ્ય તે આપણને વાત સમજાણી ને ગેડ બેસી ગઈ. કેળામાં ઘી ને માંહી પડી ખાંડ. સ્વાદ આવે તો આંખનાં ચશ્માં ઠરી જાય.

'ગુણાતીત બદલી ગયા છે ? છે, છે ને છે. પ્રત્યક્ષ સ્વરૂપમાં મહારાજ ને સ્વામી બંને રહ્યા છે. અક્ષર ગુણાતીત. તેમાં મહારાજ રહ્યા છે. સંતના ધ્યાનનું નામ ન લેવું. 'ભગવાન ને સંતને સભારવા' એમ કહેવું. નહીં તો કેટલાક અવળો અર્થ લેશે.

'મહિમાનો વિચાર એ ધ્યાન !'

વચનામૃત ગ.પ્ર. ૯નો સાર પણ સુંદર સમજાવ્યો :

'નિષ્ઠા થઈ હોય તેનાં શું લક્ષણ ? દિવ્યભાવ, અત્યંત અલૌકિકભાવ રહે; મનુષ્યભાવ ન આવે. પોતાનો અવગુણ દેખે, સામાનો ગુણ દેખે. વર્તનમાં દિવ્યભાવ આવી જાય. તેવાને પરાણે લાડુ દે. ઐશ્વર્ય દેખાડે. દેવ-દેવલાં-માતા એ બધાં કાંઈ નથી. પ્રત્યક્ષ ભગવાન જોઈએ. સ્વરૂપનિષ્ઠામાં સાંધા બાઝવા દેવા નહીં.'

પછી કહે : 'ભગવાન ને સંતના ગુણ જોવા, તો સંસ્કાર પડી જાય.' એમ કહી પ્રસંગ કહ્યો :

'ધોરાજીમાં ગુણાતીતાનંદ સ્વામી જમવા પધાર્યા હતા. બ્રાહ્મણિયા રસોઈ કરાવી હતી. તે સ્વામી બધા સંતો સાથે જમવા જતા હતા. એક મુસલમાન ભગત હતા, તે આ...મ પાથરે લૂગડું ને બેસે બજારમાં ! શેઠિયાનાં વખાણ કરે, પટેલનાં વખાણ કરે. પછી સ્વામી બધા સંતમંડળ સાથે ત્યાંથી નીકળ્યા. જેમ અમે, મોટાસ્વામી... સંતો સાથે નીકળીએ છીએ, તેમ સ્વામી નીકળ્યા. મુસલમાન તો સ્વામી સામું જોઈ 'અલ્લાહ છો, મહાત્મા છો, ફકીર છો.' માંડ્યો વખાણ કરવા. 'મહાત્મા ને ફકીર છો,' એમ ગુણ આવી ગયો ને વખાણ કર્યાં.

'બીજા કહે : 'સ્વામી ! આ છેતરવા સારુ, પાઈ-પૈસો લેવા સારુ કરે છે.' ત્યારે સ્વામી કહે : 'આ વખાણ કોનાં કર્યાં ? હવે એને વખાણ કોઈ દી' કરવાં નહિ પડે. છેલ્લો જન્મ થઈ ગયો !' સ્વામી રાજી થઈ ગયા : 'લ્યો, એમાં શું પૈસા લીધા ? લોકો કહે - લેવા સારુ વખાણ કરે છે. મોક્ષ લેવા સારુ વખાણ કર્યાં છે. મોક્ષ થઈ ચૂક્યો. હવે એને વખાણ નહિ કરવાં પડે.' જો વસ્તુ સાચી મળી ગઈ ને એનાં વખાણ પ્રેમથી કર્યાં, તો એને સંસ્કાર લાગ્યા. મરીને ભગવાનના ધામમાં જીવ વહ્યો ગયો. શું કીધું'તું ? પણ મોટાપુરુષનો ગુણ આવી ગયો. આટલો ગુણ જરાક આવી જાય તો મોટાપુરુષ છોડતા નથી.'

## સંગીતકલાના પોષક

રાતની સત્સંગ સભા હવે અક્ષર ભવનમાં જ થતી. લગભગ દરરોજ સવારે પૂજામાં તથા રાત્રે, મુંબઈના નિષ્ણાત સંગીતકારોના સુંદર કાર્યક્રમો, સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરવા રજૂ થયા હતા. સાથે સંગીત શીખતા સંતોને પણ સારું માર્ગદર્શન મળ્યું હતું. મહારાજના સમયમાં જેવા સંગીતકાર સંતો હતા તેવા આજે પણ થાય – એ શુભ ભાવનાથી, સંતોને પ્રોત્સાહન આપવા સ્વામીશ્રી આ કાર્યક્રમો ખૂબ પ્રસન્નતાપૂર્વક સાંભળતા. કલાકારોને આશીર્વાદ આપી ખુશ ખુશ કરી દેતા.

જેમાં પિનાકીન ત્રિવેદી, પ્રભુદાસભાઈ, વિનોદ જોશી, વસંતરાવ એન્ડ પાર્ટી, શશિકાંત પ્રધાન, નાયડુનું બેન્જોવાદન, નામદેવ સુરવેનું શહનાઈને મળતું ઓબોવાદન, આશીર્વાદમ્નું વાયોલિનવાદન સાથે તબલામાં સ્વામીશ્રીની આજ્ઞાથી અરવિંદ દવે, ખોપકર ભાઈઓ તથા પરબનું વાંસળીવાદન તેમજ તંબુરીવાદન, શ્રીકાંત જાનીનું સરોદવાદન તથા અંબાલાલ સિતારીનું સિતાર-વાદન, દેવરુકરનું કાચતરંગવાદન, રામરાવ પરસતવારનું જલતરંગવાદન મુખ્ય હતાં. જાણીતા તબલાંવાદક કાશીનાથ મિશ્રા તથા મુરલી મહારાજે તો તબલાં ઉપર વિવિધ તાલ, રસ, અવાજ સાથે કેટલાંક દૃશ્યોનો હૂબહુ આભાસ રજૂ કરી, સ્વામીશ્રીને મુગ્ધ કરી દીધા હતા. સંગીતના કાર્યક્રમો ગોઠવવાનું મુખ્ય કાર્ય સંતો સાથે રહીને પરબે સંભાળ્યું હતું.

એક વખત મંગળ પ્રવચનમાં વચનામૃત ગ.પ્ર. ૧૮ની કેટલીક મુદ્દાની વાત કરી. પછી જૂની સ્મૃતિ કરતાં કહે :

'અક્ષરપુરુષ સ્વામી આ વચનામૃત બહુ કઢાવે. ત્રણ કલાક નિરૂપણ કરે.

પીપળાવમાં સ્વામી શાસ્ત્રીજી મહારાજ ઢોલિયે બેઠા હતા. કહે : 'વચનામૃત કઢાવો.' પછી આ કઢાવ્યું. તે રાતે ૧૨-૩૦ વાગે પૂરું થયું. એવો હવાદ આવ્યો. હું સાથે હતો.

'હેત થઈ જાય ને ઉપદેશ મનાય, તે દર્શન. ભગવાનનું ઘસાતું બોલે, મોળું વાટે, તેનાથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય.'

## લલિતકળાની ખાણ

સ્વામીશ્રી મંગળ પ્રવચન અને નિત્ય વિધિથી પરવારી ઠાકોરજીનાં દર્શને પધારતા. પ્રેમથી દર્શન કરતા. મૂર્તિમાં તન્મય બની જતા.

એમને ઠાકોરજીની નવધા-ભક્તિ ખૂબ વહાલી. તેથી જે કોઈ પ્રેમે કરીને ઠાકોરજીને, ગુરુને લાડ લડાવે તે એમને બહુ ગમતું.

સ્વામીશ્રીની રુચિ જાણી, મહંત સ્વામી હંમેશાં અક્ષર ભુવનમાં રહેતી શાસ્ત્રીજી મહારાજની સૂતી મૂર્તિ માટે જુદા જુદા કલાત્મક હાર બનાવે અને સ્વામીશ્રી પણ નિહાળી નિહાળી ગુરુહરિનાં તથા હારનાં દર્શન કરે. પ્રસન્નતા વ્યક્ત કરે. ક્યારેક પ્રશંસા પણ કરે : 'અહોહો ! મહાનત સ્વામી કેવા હાર બનાવે છે ! બ્રહ્માંડમાં આવા હાર ન બને !'

પણ મહંત સ્વામીને થાય કે 'સ્વામીશ્રી આપણું મન સાચવવા વખાણ કરતા હશે. બાકી કળામાં એમને શું ખ્યાલ પડે ?'

સાત દિવસ સુધી જુદા જુદા હાર પહેરાવી મહંત સ્વામીએ સ્વામીશ્રીનો રાજીપો લીધો; પણ મનમાં પેલો સંશય રહ્યા કરે.

આઠમા દિવસે સ્વામીશ્રી દર્શન કરવા પધાર્યા. હાર જોયો. રાજીપો બતાવ્યો અને સાતે દિવસના હારનું ક્રમબદ્ધ વર્ણન કર્યું. મહંત સ્વામીને તો આશ્ચર્યનો પાર રહ્યો નહીં. પોતે જ બનાવેલા હાર પોતે જ ભૂલી ગયા હતા, પરંતુ સ્વામીશ્રીની કલાસૂઝ, એકાગ્રતા અને પરાભક્તિના ભાવથી કરેલાં દર્શન આગળ એમને થયું કે આપણી ભક્તિ અને કલા તો સ્વામીશ્રી પાસે સાવ વામણી છે. શાસ્ત્રીજી મહારાજ સાક્ષાત્ બિરાજતા હોય એટલો તાદશ્યભાવ એમના હાવભાવ દ્વારા વ્યક્ત થતો.

મહંત સ્વામીની એ માન્યતા જડમૂળથી જતી રહી કે આ ભલા-ભોળા દેખાતા ફકીર અમુક બાબતોથી સાવ અજ્ઞાન છે ! તેમને લાગ્યું : સ્વામીશ્રી જ જાણે લલિતકળાની ખાણ છે !

## ગુણાતીત મારો આત્મા છે

સવારની કથામાં વચનામૃત ગ.પ્ર. ૨૦ ઉપર ધ્યાન દોરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ચિંતામણિ મળી ને કોરા કેમ રહી ગયા ? સત્પુરુષના સંબંધવાળાને ગાફલાઈ નથી રહેવા દેતા. મોટાપુરુષને ન ઓળખ્યા તે અજ્ઞાની. મનુષ્યભાવ પરઠે તે અતિ અજ્ઞાની. કોઈ સંકલ્પ વગર દિવ્યભાવ રહે તે જ્ઞાની. જિંદગીમાં મનુષ્યભાવ ન પરઠાય તે વિશેષ જ્ઞાની.

'સભામાં ગુણાતીતાનંદ સ્વામી બેઠા હતા, તેને ઓળખવાની વાત હતી. તે વખતે ક્યાં ગેડ બેસે ? જીવાત્માને શોધે; પણ સાક્ષાત્ ગુણાતીત બેઠા છે, તેને ઓળખવાની મહારાજની વાત હતી. 'ગુણાતીત મારો આત્મા છે' એમ માન્યું હોત, તો ઘેલામાં ન કહેવાત. જેને સત્પુરુષ સાચા માન્યા તેને આ વાત મનાય. ભડકો જોવાનું સૌને તાન.'

અહીં સ્વામીશ્રી સમયની સાથે ભૂતકાળમા પહોંચી ગયા અને મહારાજની સભામાં ગુણાતીતાનંદ સ્વામી બેઠા હતા, એમને ઓળખવાની વાત સમજાવી. પોતે પણ એ પ્રસંગના સાક્ષી છે તેમજ આજે પણ એ જ બોલી રહ્યા છે – એમ પણ પોતાની એકતા જણાવી.

એ જ વચનામૃતમાં શબ્દો આવ્યા : 'સ્વરૂપને જોવું એટલે શું ?' એ સમજાવતાં કહે : 'એમાં આપોપું કરવું. જોડાવું.' વળી પૂછ્યું :

'ભગવાનનો પ્રતાપ શું ? મહિમા. પ્રકાશ એટલે પણ મહિમા.'

'જીવાત્મા માયાવેષ્ટિત છે. તેને બ્રહ્મનો સંબંધ થાય એટલે તે પણ બ્રહ્મ થાય - માયા પર થાય.'

## કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે

તા. ૧૦-૧-'૬૪, સવારે ૮-૩૦ વાગે વ્યાખ્યાન મંદિરમાં 'હરિલીલા-કલ્પતરુ'ના મુદ્રિત ગ્રંથો મખમલના બાઈન્ડિંગ સહિત ઠાકોરજી સમક્ષ રખાયા. જય બોલાવી તેનું વિધિપૂર્વક પૂજન કર્યું. આરતી પ્રગટી ગઈ હતી. છતાં સ્વામીશ્રી કહે : 'દરેક હરિભક્ત પૂજન કરે ને ભેટ મૂકે.'

પછી પૂજન કરાવ્યું. ને કહે : 'સાંભળો, હરિલીલાકલ્પતરુનો મહિમા કહી લઈએ.' એમ કહી કેવી રીતે આ ગ્રંથ મળ્યો ને કોણે કેવો દાખડો કર્યો છે, તે

વાત કહી. ને વ્યક્તિગત કહેતા જાય : 'ઈશ્વરભાઈ ! તમારે પાંચ પુસ્તક રાખવાં. એક ઑફિસે ને એક ઘરે. મહિમા બહુ. વરસ દી'માં એક પાઠ કરવો. આજે શુભ એકાદશી. મૂર્તિ બેઠી, હૉલ થઈ ગયો. નિર્દોષબુદ્ધિનાં કેટલાં કામ થઈ ગયાં ! દરેક પુસ્તક ખરીદે. ૫૦,૦૦૦ રૂપિયા દેતાં આ એક પુસ્તક ન મળે. અમૂલ્ય કહેવાય. ઉપાસના અને સર્વોપરી વાત લખી છે. આફ્રિકા, અમેરિકામાં પુસ્તક જશે.'

બાદ હર્ષદભાઈએ પ્રવચન કર્યું. પ્રમુખસ્વામીએ પ્રથમ ગ્રંથ સ્વામીશ્રીને અર્પણ કર્યો. અને મહંત સ્વામીએ પ્રમુખસ્વામીને અર્પણ કર્યો.

આ મહાન કાર્ય નિર્વિઘ્ને પાર પાડવા માટે સ્વામીશ્રીએ હર્ષદભાઈને આશીર્વાદ આપ્યા. ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી રચાયેલો, મહારાજના પુરુષોત્તમપણાનો મહિમા ગાતા આ ગ્રંથનું પ્રકાશન સ્વામીશ્રીને મન જીવનનું એક ઉત્તમ કાર્ય હતું.

સ્વામીશ્રીની અત્યંત ઇચ્છાથી અને આશીર્વાદથી જ એની હસ્તપ્રતો મળી શકી હતી. ગોંડલ તથા ગઢડામાં હર્ષદભાઈની આગેવાની નીચે, નરભેરામભાઈ મહેતા તેમના દીકરા ચંદ્રકાન્ત મહેતા વગેરે હરિભક્તોએ મહિનાઓ સુધી ધીરજપૂર્વક નકલ રવાના કરવાનું કાર્ય પાર પાડ્યું. વડતાલના શાસ્ત્રી શ્વેત-વૈકુંઠદાસજીએ ઉત્સાહપૂર્વક આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ કર્યો. ભાગવત કરતાં બમણો આ ગ્રંથ ભલભલાની ધીરજની કસોટી કરે એવો હતો. અને મણિશંકર શાસ્ત્રીએ તેનું પ્રૂફરીડીંગ કરેલું. તથા અનુપમ ભગતે આખા ગ્રંથની પ્રેસકૉપી તૈયાર કરી હતી. મહારાજનો જેમ છે એમ અપરંપાર મહિમા વર્ણવતો આ ગ્રંથ છપાવવા માટે તેમણે બંને દેશના આચાર્ય પાસેથી લેખિત આજ્ઞાપત્ર મેળવ્યા અને સ્વામીશ્રીની પ્રેરણાથી મુંબઈના શેઠ માણેકલાલ ચુનીલાલે તેનું પ્રકાશન કર્યું. ગ્રંથ ક્યાં છાપવો ? તેના કાગળ કેવા વાપરવા ? વગેરે કાર્યમાં સ્વામીશ્રીએ ઊંડો રસ લીધો હતો. વડોદરાના ધૂળાભાઈએ વડોદરાના સહકારી પ્રેસમાં તે છપાવવા નક્કી કર્યું. તેમજ તેને માટે કાગળ પણ મિલમાંથી વેગનબંધ ખરીદી આપ્યો. આમ, દરેક તબક્કે ખૂબ જ રસ લઈ, સ્વામીશ્રીએ અંગત રીતે ખૂબ પ્રેરણા આપી, ગ્રંથ પ્રકાશિત કરાવ્યો.

જાણે સાક્ષાત્ અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું સ્વરૂપ હોય તેમ ગ્રંથને વારંવાર નિહાળતાં સ્વામીશ્રી ધરાતા ન હતા. મનમાં એટલો બધો તો હરખ એમને ઊપજ્યો હતો કે તેઓ વ્યક્ત કરી શકતા નહોતા. આનંદ દાબીને

વર્તવા છતાં અંગોઅંગમાંથી તે પ્રગટ થઈ આવતો હતો. અમૂર્ત આનંદની કોઈ અલૌકિક છબી એમના મુખારવિંદ ઉપર નિરખતી હતી.

## અખંડ શાંતિ વર્તે એ સત્સંગ જાળવ્યો

આજે લાલભાઈ શેઠને ત્યાં પધરામણીમાં ગયા હતા. પૂજા વિધિ પછી સ્વામીશ્રીએ વાત કરી કે 'સત્સંગ કોણ જાળવે ? જેને મોટાપુરુષની દૃષ્ટિ પડી હોય તે જ જાળવી શકે. જાળવ્યો એટલે શું ? અંતરમાં સુખ વર્તે, આનંદ વર્તે, પ્રકાશ જણાય. બહારથી કોઈને ખબર ન પડે, પણ પોતાને અંતરમાં અખંડ શાંતિ વર્તતી હોય એ સત્સંગ જાળવ્યો કહેવાય.'

સાંજે કથામાં સ્વામીશ્રી કહે :

'૬૦ હજાર ઋષિઓને એક લાખ વર્ષ સુધી જમાડીએ ને જે પુણ્ય મળે, તેના કરતાં અહીં સત્પુરુષની આજ્ઞાથી એક ઉપવાસ કરીએ ને જે પુણ્ય મળે તે વિશેષ છે.'

કથા પ્રસંગમાં ગ.પ્ર. ૨૩ વચનામૃતમાં વાત આવી કે મૂર્તિને અતિશય પ્રકાશમાન ભાળે. તે સમજાવતાં સ્વામીશ્રી કહે : 'પ્રકાશમાન ભાળે એટલે પ્રત્યક્ષ પ્રમાણ ભગવાનને વિશે અતિશય દિવ્યભાવ વર્તે.'

'મહિમા શું ? ચરણારવિંદ ધોવે એ કાંઈ મહિમા નથી. માથું આપી દીએ ઈ ખરો મહિમા.'

વચનામૃત વંચાવતા હતા તે પહેલાં માઇકમાં બોલ્યા : 'સંતો-હરિભક્તો કથામાં આવી જાય, કથા ઊપડે છે !

'આખા સંપ્રદાયનું ધોરણ આ એક વચનામૃત ઉપર છે. સર્વે સાંભળો. વિચારીને બોલે છે મહારાજ. 'વાત પચશે કે નહીં ? શું થશે ?' મુદ્દાની વાતમાં વિચાર કરવો પડે.

'બ્રહ્મ હારે એકતા કરવાની છે. ત્રણ દેહથી સ્વરૂપ જુદું માનવું. વેદાંતી 'જીવ એ બ્રહ્મ છે' એમ માને. તેમાં ભાવના ક્યાં રહી ? બ્રહ્મને પોતાનું સ્વરૂપ માનવું. કોઈ 'સારા, ખોટા' કહે, તોય 'હું ગુણાતીત છું.' 'દસ વધારે ગાળો કહો ને !' એમ ધારવું.'

'વેદાંતી શિવને ઉડાડી પંડે જ શિવ થઈ જાય છે. એક અનાદિ સહજાનંદ. 'એક' શબ્દ શું કામ મૂક્યો ? ભગવાન એક જ છે.

'ભગવાનનું માહાત્મ્ય સમજાય તો સાધુ-સમાગમ કર્યો છે. સત્સંગમાં

મોટાં ઐશ્વર્યો હોય, કે સાધુ હોય પણ સમજણ ન હોય, તો પશુ જેવો. એક અક્ષરપુરુષોત્તમની સમજણ દૃઢ હોય તે ખરેખરા.

'ઘણાં કહે : 'તમે આ અક્ષરનું ક્યાં કાઢ્યું ?' પણ આ કાઢ્યું નથી. જૂની વાત છે. નવું નથી. પ્ર. ૭૧, પ્ર. ૨૧માં અક્ષરની વાત લખી દીધી છે. આ મહિમા સમજાય તો ઝઘડા ક્યાં છે ? મહારાજ-સ્વામી સિવાય ક્યાંય લોભાવું નહીં. અક્ષરધામમાં ન જાય તે મોટું વિઘન જ થયું ને !'

પછી દૃષ્ટાંત આપતાં કહે :

'એક ગામમાં બાવાજી હાથી લઈને આવ્યા. તે જોવા સૌની સાથે ચાર આંધળા પણ આવ્યા. એકના હાથમાં સૂંઢ આવી. તે કહે : 'હાથી સાંબેલા જેવો.' બીજાના હાથમાં પૂછડું આવ્યું. તે કહે : 'હાથી દોરડા જેવો.' ત્રીજાના હાથમાં હાથીનો કાન આવ્યો. તે બોલ્યો : 'અરે, હાથી તો સૂપડા જેવો છે.' ને ચોથાના હાથમાં પગ આવ્યો. તે કહે : 'થાંભલા જેવો છે.' એમ આંખ નહોતી તો હાથીનું સમ્યક્ દર્શન થયું નહીં, તેથી પોતાની રીતે વર્ણન કર્યું.

'તેમ આત્માનું દર્શન જેટલું જેને ઇન્દ્રિયો દ્વારા, અંતઃકરણ દ્વારા થયું એટલો તે આત્મદર્શી કહેવાય; પણ તેને સમ્યક્ આત્મદર્શન કહેવાય નહીં. અક્ષરનો સંગ થાય, સત્પુરુષનો સંગ થાય, ત્યારે જ સાચું આત્મદર્શન થાય. પોતાની મેળે કરવા જાય તો આંધળે હાથી દીઠા જેવું થાય. માટે અક્ષરની વાત લખી દીધી છે.'

સવારે સભામાં સ્વામીશ્રીને હાર પહેરાવવા માટે, હરિભાઈ સોનીએ બનાવેલા બે હાર શ્વેતવૈકુંઠ સ્વામી લઈ આવ્યા. તરત એક હાર સ્વામીશ્રીને પહેરાવવા ગયા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'ઠાકોરજીને ધરાવ્યા છે ?'

'ના.' કોઈએ કહ્યું.

'પહેલાં પ્રસાદીનો કરો. પછી 'ભગવાન થઈને પૂજાઓ છો' એમ તો કોઈ ન કહે. નહિ તો કો'ક નખ્ખોદ વાળી નાખે.' સ્વામીશ્રી બોલ્યા.

## ભૂક્કા કાઢી નાખશું

કથા પ્રસંગમાં માયાના પેચની વાત નીકળી. ત્યારે પોતે જ સૌને પૂછ્યું કે 'માયાનો પેચ શું ?' અને પોતે જ તેનો ઉત્તર કરતાં સમજાવ્યું કે 'આજ્ઞા પળાય નહિ તે. અર્થાત્ આજ્ઞા યથાર્થ પળાય તો માયાના પેચમાં ન આવ્યા કહેવાય.'

રાત્રિના ૧૦-૪૦ થયા હતા. સ્વામીશ્રીની આજ્ઞાથી મોહન બગડ તથા

અંબાલાલભાઈએ વાતો કરી. તેમણે અંતમાં કહ્યું : 'બાપા ! માયા આપની છે. તે અમને વિઘન ન કરે તેવો હુકમ આપો.'

સ્વામીશ્રી કેફમાં કહે : 'ભૂક્કા કાઢી નાખશું !'

સભાજનો પણ આ સાંભળી એકદમ કેફમાં-આનંદમાં ગરકાવ થતાં હસી પડ્યા.

સ્વામીશ્રીના મુંબઈના વસવાટ દરમ્યાન આંખના નિષ્ણાત ડૉ. દવેએ હંમેશ મુજબ સ્વામીશ્રીની આંખોની ખૂબ ઝીણવટ તપાસ પછી નવા નંબરો કાઢી આપ્યા હતા. તે પછી તેઓ મુંબઈના જાણીતા ચશ્માંઘર 'બાલીવાલા'ના માલિક પારસી સજ્જનને સ્વામીશ્રીનાં ચશ્માં બનાવવા મંદિરે તેડી લાવ્યા. તેમણે ખૂબ જ ભાવથી સ્વામીશ્રીની આંખો ઉપર બરાબર બંધબેસતી ફ્રેમ બેસાડી જોઈ. પછી પસંદગી માટે વિવિધ ફ્રેમની પેટી સ્વામીશ્રી સમક્ષ ખુલ્લી મૂકી.

સ્વામીશ્રીનો મહિમા સાંભળી ઘણી કીમતી ફ્રેમો તેઓ લઈ આવ્યા હતા; પણ બધાના આશ્ચર્ય વચ્ચે સ્વામીશ્રીનો હાથ તો એક તદ્દન સામાન્ય - સાદી ફ્રેમ ઉપર જ પડ્યો. ત્યારે ડૉ. દવે સહસા બોલી ગયા કે 'મેં તમને નહોતું કહ્યું કે સ્વામીશ્રી સાદી જ ફ્રેમ પસંદ કરશે, પણ તમો તો આખું બૉક્સ જ ઉપાડી લાવ્યા.'

સ્વામીશ્રીની આવી સાદી વસ્તુ ઉપર અભિરુચિ જોઈ તે પારસી સજ્જન ઘણા જ પ્રભાવિત થયા.

મકરસંક્રાંતિનો સમૈયો અક્ષર ભવનમાં ઊજવાયો. સ્વામીશ્રીની આજ્ઞાથી ન્યાસાલૅન્ડ, રૂહોડેશિયા, દક્ષિણ આફ્રિકા અને પૂર્વ આફ્રિકામાં સત્સંગનો સારો પ્રસાર કરી, નૈરોબીના અંબાલાલભાઈ પી. પટેલ દેશમાં આવ્યા હતા. કેટલાક મોટેરા હરિભક્તોને સામે મોકલી સ્વામીશ્રીએ બંદર ઉપર તેમનું સ્વાગત કરાવ્યું. સાંજે મંદિરમાં સ્વામીશ્રી તથા સંતોએ ફૂલહારથી તેમનું સ્વાગત કર્યું. રાતની સભામાં તેમણે આફ્રિકા દેશના સત્સંગ-વિકાસની ને ભક્તોના મહિમાની ઘણી વાતો કરી.

આ વખતે મહારાષ્ટ્ર લેજીસ્લેટીવ એસેમ્બલીના સ્પીકર ભારદે સાહેબ પણ અવારનવાર સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદનો લાભ લેતા.

## બે બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય

ઉત્તરાયણની સવારની કથામાં સ્વામીશ્રીએ વચનામૃત લો. ૧૭ કઢાવ્યું અને કહે : 'આ સિદ્ધ કરીએ તો દેશકાળ કો...ઈ દી' ન લાગે. વિષય સારુ

બખેડો ન થાય. ધમાલ ને બધું બંધ.

'આ વચનામૃત ઉત્તમ પ્રકારનું. મજીઠને લઢો તો રંગ સારો આવે.

'મહારાજનો - સ્વામીનો મહિમા જાણે, પણ સંતોની ચરણરજને માથે ચડાવો તે માહાત્મ્ય.'

મંદિરની બાજુમાં રહેતા મહારાષ્ટ્રીયન મુમુક્ષુ ખોપકર તલના લાડુનો ડબ્બો ભરીને લાવેલા. તે ખાલી કરીને એક સંત પાછો લાવ્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'ખાલી ન લવાય. બે લાડુ નાખતાં આવવું.'

આજે બે યુવકોને વિધિસર પાર્ષદી દીક્ષા આપી અને બોલ્યા : 'બે બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય થયું. અબજો રૂપિયા આપવા કરતાં આ સેવા મોટી.'

રાતની સભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે :

'અમને રાજી કરવા હોય તો એકતાપણું રાખજો. કાંઈ બીજો વિચાર નહીં. અમારી મહેનત માથે પડે તેમ ન કરવું. તમને હૈયું ઠરે છે, કારણ કે અમે શાસ્ત્રીજી મહારાજને રાજી કર્યા. આમ કહે તો આમ. મનધાર્યું નથી કર્યું. તો તમને શાંતિ થાય છે.'

બીજે દિવસે મંગળ પ્રવચનમાં વહેલી સવારથી હર્ષદભાઈ, ઈશ્વરભાઈ વગેરે હરિભક્તો આવ્યા હતા. તેમને સવારથી આવેલા જાણી સ્વામીશ્રી સમજી ગયા કે 'સૌ ચા-પાણી પીધા વગર આવ્યા હશે.' સીધા ઉકાળા-પાણી કરવા તેમને મોકલે તો હરિભક્તો જાય નહીં. તેથી યુક્તિ કરીને સ્વામીશ્રી કહે : 'જાવ, સ્વયંપ્રકાશ ખાનગી માટે બોલાવે છે.' પછી સૌ ગયા એટલે કહે : 'સવારે વહેલા આવ્યા તે એમનેમ આવ્યા હશે !'

## 'ભગવાનનું સ્વરૂપ' એટલે ગુણાતીત

સવારની કથામાં વચનામૃત ગ.પ્ર. ૨૪મું સમજાવ્યું. પછી કહે :

'ભગવાનનું સ્વરૂપ' - જ્યાં 'સ્વરૂપ' શબ્દ આવે ત્યાં ગુણાતીત લેવું.'

'ઇતિ વચનામૃતમ્' થયું એટલે કહે 'સાંભળો ! પાંચ વાતો સંભળાવીએ. કોઈ ઊઠશો - બોલશો મા !' એમ કહી સ્વામીશ્રી ૧૪ વાતો મોઢે ભાવમાં આવીને બોલ્યા. કથાવાર્તામાં ક્યારેય તૃપ્તિ જ નહિ, એવું સ્વામીશ્રીમાં હંમેશાં અનુભવાતું.

૧૦-૦૦ વાગે સભા પછી સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા. કોલાબા તરફ પધરામણી હતી. સ્વામીશ્રી ચોપાટી પાસેથી પસાર થઈ રહ્યા હતા. વચ્ચે

સ્વામીશ્રીએ અંગુલિનિર્દેશ કરી બતાવ્યું : 'હર્ષદભાઈ આ કૉલેજમાં ભણેલા.'

'બાપા ! કૉલેજનું નામ શું ?'

'વિલ્સન !' સ્વામીશ્રીને હરિભક્તોના સંબંધવાળા પદાર્થ કે સ્થળનો પણ આટલો મહિમા હતો.

આગળ ગયા ત્યાં કોઈએ કહ્યું : 'બાપા ! આ ચોપાટી ઉપર દરિયા કિનારે લોકો બધાં આમ-તેમ ફરે ને મજા કરે.'

'હા,' સ્વામીશ્રીએ સ્મિત કરતાં કહ્યું : 'પ્રકૃતિ-પુરુષનાં જોડલાં ફરે !'

પછી નેપિયન્સી રોડ ઉપર મોરારકા શેઠને ત્યાં ઠાકોરજી જમાડી ૩-૦૦ વાગે મંદિરે આવ્યા.

સાંજે કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'ભગવાન પ્રત્યક્ષ મળ્યા હોય તેનાં લક્ષણ શું ? કંકુનાં પગલાં પાડે !? ભીંત સોંસરા નીકળી જાય !? પડછાયો ન પડે !? શું લક્ષણ ? ભગવાન પ્રત્યક્ષ મળ્યા છે એ કેવી રીતે ઓળખવું ?' સ્વામીશ્રીએ એ પ્રશ્ન પૂછ્યો અને પોતે જ સમજાવ્યું કે 'અંતરમાં શાંતિ કરી દીએ, ટાઢું કરે, ત્રિવિધ તાપ ટાળે, ત્યાં સમજવું કે પ્રગટ ભગવાન મળ્યા છે.'

## વાળનોય ફેર નહિ

રાત્રે શાસ્ત્રીજી મહારાજના સુવર્ણ જયંતીના ઉત્સવની ફિલ્મ બતાવી હતી. સ્વામીશ્રી પણ સૌ સાથે જોવા બિરાજ્યા હતા. વચ્ચે ફિલ્મમાં સ્ત્રીઓની સભા વગેરે આવતું, ત્યારે તેઓ કહે : 'આ ખીચડો ન જોઈએ. આ પાપ ન જોઈએ.'

ફિલ્મમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થતાં સ્વામીશ્રી ભાવવિભોર બની જતા અને બે હાથ જોડી, મસ્તક નમાવી પગે લાગતા. સ્વામીશ્રી કહે :

'સ્વામી ધામમાં ગયા ૧૫ વર્ષ થયાં. આજે દર્શન (ફિલ્મમાં) થયાં. કેવા સાક્ષાત્ ! ફિલ્મનાં કેવાં ધન્ય ભાગ્ય ! માંય ઘાલી દીધા ! મનુષ્ય તો (મૂર્તિને) ધારે, પણ ફિલ્મેય ધારી લીધા. સ્વામી પાસે મહારાજ હતા તો કેવું સુખ આવ્યું ? તેવું જ અત્યારે છે. વાળનોય ફેર નહીં. એવો દિવ્યભાવ કાયમ રહે તો બેડો પાર. મહિમા સમજાય તો ભેટંભેટા.'

૧૧-૩૦ વાગે સભા પૂરી થઈ. ત્યારે અનુપમ ભગતે પૂછ્યું : 'બાપા ! સુવર્ણ જયંતી વખતે આપ કયું ખાતું સંભાળતા હતા ?'

'સરભરા ખાતું...' હાથ ઊંચો કરી સ્વામીશ્રી ઉત્સાહથી બોલ્યા.

આજે ફિલ્મ-દર્શનમાં હૉલ ચિકાર ભરાઈ ગયો હતો. સ્વામીશ્રીએ સંતો

તથા હર્ષદભાઈને બોલાવીને કહ્યું : 'હૉલ સાંકડો છે. કંઈક કરવું પડશે.' પછી કહે : 'આ ફિલ્મમાં ભાષણ કેમ સંભળાતાં નથી ? સંભળાય તેવું કરો !'

વસંત પંચમીનો સમૈયો કપોળ વાડીમાં ઊજવવાનો હતો. રાતની સભામાં એ વાત નીકળતાં સ્વામીશ્રી કહે : 'એ વાડીનાં કેટલાં ભાગ્ય કે ત્યાં આ ઉત્સવ ઊજવાય છે ! કેટલી તપશ્ચર્યા કરી હશે ત્યારે આવો સમૈયો ત્યાં થાય છે. તહેવારો તો ઘણા ઊજવાય છે, પણ શાસ્ત્રીજી મહારાજનો જન્મોત્સવ ઊજવાય એ કાંઈ થોડી વાત છે !'

બપોરની સભામાં સ્વામીશ્રીએ વાત કરી હતી કે 'સત્પુરુષ કુરાજી ન થાય ને સદાય રાજી રહે તે માટે ગ.મ. ૪૫ વચનામૃત વિચારવું.'

## ૫૦ વર્ષનો કાયદો અમલમાં મૂકો

વસંત પંચમી, સવારે ૫-૨૦ વાગે ધૂન-અષ્ટકગાન પછી સ્વામીશ્રી કહે :

'આજે દિવાળીનો દિવસ. ચાર જયંતી. સંપ, સુહૃદભાવ, એકતા રહે તે આશીર્વાદ છે. મોળી વાત ન કરવી, તે આશીર્વાદ છે. એકાંતિક ધર્મ સિદ્ધ થાય, ભૂલ થાય તો સ્વામીના પ્રતાપે નાશ થઈ જાય, તે આશીર્વાદ છે. દેહનો અનાદર રહે. ૫૦ વરસનો સંપ-સુહૃદભાવનો શાસ્ત્રીજી મહારાજનો કાયદો અમલમાં મૂકો ત્યારે ખરું. ૫૦ યોગેશ્વરો નવા થાય. અભાવ-અવગુણ નહીં. ઉત્સાહ, પ્રેમ રાખવો. દરેકને નમવું. ભીડો વેઠવો. દાસત્વ-ભક્તિ કરવી. દરેક કામમાં શૂરવીરપણું.

'ફગવાંનું પ્રકરણ શીખી લેવું. *'મહાબળવંત માયા તમારી...'* આ વાત અમલમાં મૂકી અભ્યાસ કરવો. નવું કાર્ય કરી બતાવવું. ગાંધી મહાત્માએ એક કાર્ય આઝાદીનું કરી બતાવ્યું. આપણે આઝાદી શું ? વાસના બળે તે આઝાદી. એ કાર્ય કરી બતાવવું. તો મહારાજ બથમાં ઘાલીને મળે. શાસ્ત્રીજી મહારાજે કરી દેખાડ્યું. પોતે સહન કર્યું. સત્સંગમાં કોઈનું ઘસાતું ન બોલ્યા. અક્ષર-પુરુષોત્તમની વાત બ્રહ્માંડમાં ફેલાવી દીધી. આપણે મોક્ષની વાત કરવી. જિંદગીમાં એવું કાર્ય કરવું કે નામ રહી જાય. વખાણ નથી જોઈતાં; પણ આપણા આત્માની શાંતિ માટે કરવું.'

પછી સ્વામીશ્રી કહે : 'સાંભળો ! પાંચ વાતું કરી લઈએ.' પછી માઇક હતું જ નહીં છતાં વાતું બોલ્યા.

પછી કહે : 'સૂર્યનારાયણની વાડીમાં જતાં આવશું !'

રામચરણ સ્વામી કહે : 'ત્યાં લગન છે.'

સ્વામીશ્રી કહે : 'રસ્તામાં તો લગન નથી થતું ને ! વાડીને હાથ અડાડીને જશું.' પ્રસાદીની વાડીનો કેવો મહિમા !

વસંત પંચમીના ઉત્સવની ઉજવણી કપોળ વાડીમાં ગોઠવી હતી. સવારે કોઠારી ભક્તિપ્રિય સ્વામીએ 'શિક્ષાપત્રી'નું પારાયણ કર્યું. શાસ્ત્રીજી મહારાજના જીવનની ઝાંખી કરાવતું પ્રવચન હર્ષદભાઈએ કર્યું. મહંત સ્વામી તથા સંતમંડળે એક સુંદર મોટો હાર ગૂંથ્યો હતો તે ઠાકોરજીને ધરાવીને સ્વામીશ્રીને પહેરાવ્યો હતો. સ્વામીશ્રીના આશીર્વાદ પછી પૂજન-આરતી થયાં.

આજે જે હરિભક્તોએ રસોઈ આપી હતી તે સૌ ઠાકોરજી જમાડીને, પૂજન કરી રહ્યા હતા. ત્યારપછી આભાર વિધિ થયો. સ્વામીશ્રીએ તેનો એક નવો અભિગમ જણાવતાં કહ્યું : 'બધાં જમનારનો પણ આભાર !'

'કેમ બાપા ! જમનારનો પણ આભાર ?'

'જમનાર હતા તો રસોઈ દેવાવાળા મળ્યા ને ! માટે રસોઈ આપવા-વાળાનો, બનાવવાવાળાનો, સેવા કરનારનો ને જમનારનો - બધાનો આભાર !'

આમ, આવી નાની-નાની વાતોમાં ગમ્મત ઊપજાવી સ્વામીશ્રી સૌને હંમેશાં આનંદમાં ગરકાવ રાખતા.

બપોરે મંદિરમાં ગ.મ. ૫ વચનામૃત વંચાવ્યું. 'પાજી-પળાવની છાંયામાં દબાવું નહિ,' તે વાત આવતાં સ્વામીશ્રી કહે : 'પાજી-પળાવ શું ? કે નિષ્ઠા વગરનો હોય તે પાજી-પળાવ જેવો.'

આ દરમ્યાન ડૉક્ટર સ્વામી સ્વામીશ્રીને ખભે સફેદ મલમથી માલિસ કરતા હતા; કેમ કે છેલ્લા ચાર દિવસથી સ્વામીશ્રીના બંને ખભે વાની તકલીફ શરૂ થઈ હતી.

## નિર્દોષબુદ્ધિની સરભરા

સાંજે દાદર મંદિરે સંતોએ સુંદર હિંડોળો તૈયાર કર્યો હતો. જેમાં શાસ્ત્રીજી મહારાજની મોટી ચિત્ર-પ્રતિમા પધરાવવામાં આવી હતી. હર્ષદભાઈએ શાસ્ત્રીજી મહારાજના જીવનના મહત્ત્વના પ્રસંગો વર્ણવી સૌને અદ્‌ભુત સ્મૃતિ કરાવી.

સ્વામીશ્રીએ હિંડોળાની આરતી ઉતારી. બાદ આશીર્વચન કહ્યાં :

'આપણા ગુરુનો જન્મ દિવસ ઊજવીએ તે શોભા. રેંજીયા-પેંજીયાના જન્મ દિવસ ઊજવે છે, તો આ તો ભગવાનના ધારેલ પુરુષ ! સાક્ષાત્ પુરુષ !

'અટલાદરામાં સ્વામી માંદા હતા. જમતા નહોતા. હું હરિભક્તોને જમાડવા ગયો. તો જાતે જોવા આવ્યા. કેવી સરભરા થાય છે ? નિર્દોષબુદ્ધિની સરભરા !'

ક્યારેક રાત્રિસભામાં સંતો સંગીતનો કાર્યક્રમ યોજતા. ભજનો ઉપરાંત વાદ્યો ઉપર પ્રભુત્વ ધરાવતા સંતો રામચરણ સ્વામી, અનુપમ ભગત વગેરે સિતાર વગેરે વાદ્યોનું વાદન સ્વામીશ્રી સમક્ષ કેવળ તેમની પ્રસન્નતા માટે રજૂ કરતા.

## ગુરુને પોતાનો આત્મા માને એ વિદેહી

બીજે દિવસે તા. ૨૦મીએ સવારે ૮-૨૦ વાગે, લો. ૧૦મું વચનામૃત સમજાવતાં સ્વામીશ્રી કહે :

'અલમસ્ત જ્ઞાનનું વચનામૃત છે. તે સિદ્ધ કરે તો બહુ જ સુખ આવે.

'પહેલાં અભાવ આવે. તેનું મનન થાય. પછી દોષ આવી જાય. દોષની સેર જીવમાં સોંસરી પડી જાય. દૂધપાકની ઊલટી થઈ પછી બે સબડકા મારો જોઈએ ! માટે પંચ વિષયનો અભાવ કરી લેવો, પણ ભક્તનો અભાવ ન કરવો.

'ગાળું ભાંડે, પણ અકળાઈ ન જવાય તે વિદેહી. વિદેહી એટલે ગુરુને પોતાનો આત્મા માને.'

ત્યારે એક સંતે પ્રશ્ન પૂછ્યો : 'સ્વામી ! આપ જેવા પુરુષ મળ્યા તોય પંચ વિષયનો અભાવ કેમ થતો નથી ?'

સ્વામીશ્રી કહે : 'જોડાવાતું નથી. શાસ્ત્રીજી મહારાજ સ્વામી જેવા ગુરુ મળ્યા. તેમાં બરોબર જોડાઈ જવું. તદ્ઙ્ગત્ભાવને પામવું. આ તો ગુરુ બેઠા હોય ને શિષ્ય ક્યાંય સૂતો હોય ! અનુવૃત્તિમાં રોમ જેટલો ફેર ન પાડવો. શાસ્ત્રીજી મહારાજે ભગતજીની આજ્ઞા લોપી નથી. તો એ ભાવને પામી ગયા. ભલે લાખ ગાઉ છેટે રહ્યો હોય, પણ અભાવ ન લે તો જોડાયેલો જ છે.

'સાધુ થયા તેના રાખ થયે પારખાં. ઠાઠડી લઈ જાય ત્યારેય વખાણ ન કરવાં. ત્યાં ઊભો થાય પાછો. બાળી આવ્યા પછી વખાણ થાય.

'દરેકને આ દેશમાં સત્ય, દ્વાપર, ત્રેતા અને કળિયુગ આખા દિવસમાં વર્તે છે.'

ત્યારે ચંદુભાઈએ પૂછ્યું : 'સદાય સત્યયુગ વર્તે તેવો કોઈ ઉપાય ખરો ?'

નેણ કટાક્ષ સાથે હાથનું લટકું કરતાં સ્વામીશ્રી કહે : 'આવા સંતના યોગમાં રહે, બળની વાતું સાંભળે, 'આ સંસાર ઊંટના બેસણા જેવો છે, દુઃખરૂપ

છે,' એમ માની એમાંથી વૃત્તિ ખેંચી લે અને એના ભાવમાં ન લેવાય, ને કોઈના અભાવ-અવગુણમાં ન પડે, તો સદાય સત્યયુગ જ છે.'

## ચિરંજીવ સ્મૃતિ

સવારે ૧૧-૦૦ વાગે સેવક સંતોની સાથે સ્વામીશ્રી બિરંજ કરવા પધાર્યા. સૌને આવાં દુર્લભ દર્શનનું અપાર કુતૂહલ હતું. સ્વામીશ્રી પધારતાં જ વાતાવરણમાં ચેતન આવી ગયું. પાટલો, પાણી, ગૅસનો ચૂલો વગેરે પહેલેથી જ તૈયાર કરી દીધું હતું. તેથી સ્વામીશ્રી બિરાજ્યા કે તરત જ સંતોએ સેવ ધરી.

સ્વામીશ્રીએ પ્રથમ તો સેવને ભાંગી નાખી ઘી ગરમ કર્યું. પછી તજ ભાંગી ઘીમાં છમકારો કર્યો અને સેવ તેમાં નાખી હલાવવા લાગ્યા. આ ક્રિયાઓ એટલી ત્વરિત, અનુભવથી કળાસભર અને રોમાંચક હતી કે તે જોવા હરિભક્તો રૂમમાં પડેલા ઘોડાઓ ઊપર ચડી ગયા હતા. કોઈ કોઈ આ દુર્લભ સ્મૃતિને કૅમેરામાં મઢી રહ્યા હતા. સ્વામીશ્રી તાપ જોઈને કહે : 'આ લાલ થાય ત્યાં સુધી હલાવવું છે. તાપ ઓછો કરો.' એટલે તાપ હળવો કર્યો.

ત્યાં એક સંતે પૂછ્યું : 'બાપા ! આપ પહેલાં રસોઈ બનાવતા ત્યારે કોઈ દર્શન કરતું ?'

સ્વામીશ્રી હસી પડ્યા. કહે : 'હું અને ચૂલો બે જ હોઈએ ! બસ !'

'આપ કેટલી રસોઈ કરતા ?'

'૧૦૦ માણસની થાય, ૧૫૦ની થાય.'

'બાપા ! પૂરણપોળી આવડે ?'

'કરશું.' સ્વામીશ્રીએ ટૂંકમાં કહ્યું. અને સેવ હલાવતાં કહે : 'લાવો, હવે આમાં ત્રણ વાટકી પાણી રેડવું છે.'

યોગેશ્વર સ્વામીએ ધીરે રહીને પાણી રેડ્યું. સામે પ્રબોધજીવન સ્વામીએ સાણસીથી તપેલી પકડી રાખી હતી. ફરી સ્વામીશ્રી બોલ્યા : 'તાપ કરો. પાણી બળી જાય ત્યાં સુધી હલાવવાનું છે.'

'બાપા ! ત્યાગવલ્લભ સ્વામી પણ નીચે સેવ બનાવે છે.'

સ્વામીશ્રી કહે : 'તેમને મારા કરતાં સારી આવડે છે.'

સ્વામીશ્રીની સહજમાં નમી પડવાની સરળતા જોતાં સૌ દિંગ થઈ ગયા.

કોઈએ પૂછ્યું : 'બાપા ! આમાં ઘી કેટલું જોઈએ ?'

'અચ્છેર ઘી, અને પોણો શેર મોરસ !' સ્વામીશ્રીએ ત્વરિત ઉત્તર કર્યો.

પછી કહે : 'રામચરણ ! સિદ્ધેશ્વરને બોલાવો.' સ્વામીશ્રીએ તેમને પણ સ્મૃતિ આપી.

સ્વામીશ્રીની સહજ સરળતા, અનુભવી હાથની ગતિ અને હળવા વાર્તાલાપોથી સર્જાયેલી આ સ્મૃતિ અનેકના હૈયામાં ચિરંજીવ બની ગઈ.

## 'ગ્યાન સમાધ ભલી'

પછી થાળ ધરાવવા બેઠા. ને હાથની નિશાની કરી કહે : 'ઘંટડી...' એટલે ઘનશ્યામચરણ સ્વામીએ ઘંટડી વગાડી. ત્યારે ખુશ થયા. 'હાં...' પછી વાત કરી :

'ગ્વાલ બાલ... થાળ નારણ મિસ્ત્રી ગાતા. હું ગોંડલ - અક્ષર દેરીમાં રોજ ૧૧-૩૦ વાગે થાળમાં બધાં કામ પડતાં મૂકીને હાજર થઈ જતો. એક દિવસ *'અવિનાશી આવો...'* એક દિવસ *'ગ્વાલ બાલ...'* તે વખતે ગોખેલો નહીં. ચોપડી લઈને બોલતો. જૂનાગઢમાં ૫૦ સાધુ ઘુમ્મટ નીચે બેસે ને બોલે, તે ઘોષ થાય !'

ત્યારે ઘનશ્યામચરણ સ્વામી કહે : 'બાપા ! મહારાજ સાક્ષાત્ જમી જાય તે બતાવો.'

સ્વામીશ્રી કહે : 'જમે જ છે ને ! આપણે ક્યાં પરોક્ષ છે ! પ્રગટ જ છે. મહારાજ સાક્ષાત્ જમે છે. પરોક્ષવાળાને પ્રતીતિ કરાવવા ચમત્કાર બતાવે. જમે. ભાવનગરમાં જમ્યા. ગોંડળમાં ત્રણ મૂર્તિ છે. તેની પૂજા કરતા ને અડધો કલાક થાળ બોલતા. તે બીજા પરોક્ષના હતા તેને પ્રતીતિ માટે મહારાજ થાળ જમી ગયા ! અત્યારે જ્ઞાનસમાધિ. પૂર્વે શાસ્ત્રીજી મહારાજ સમાધિ કરાવતા.

'હવે આપણે સમાધિ થાતી નથી; પણ સંકલ્પમાત્ર બંધ થાય એટલે સમાધિ. વિચારો, ઘાટ જગતના બંધ થઈ જાય અને છાતી ઠરી જાય, ત્યારે સમજવું કે એ સમાધિ છે. એવાના દુકાળ છે. બીજા તો ઘણા માણસો હોય છે. રાગદ્વેષવાળા, વહેવારિયા, અધિકારવાળા, સંસાર ચલાવનારા હોય. એથી આપણી છાતી ન ઠરે. હૃદયમાં પ્રકાશ થાય ત્યારે સમજવું કે છાતી ઠરી ગઈ.'

કોઈએ કહ્યું : 'સમાધિ કરાવે તો સમાસ થાય છે.'

સ્વામીશ્રી કહે : 'એમાં તો ઊલટું લોકો આપણને જાદુમંતરવાળા કહે ને કોઈ આવે નહીં.'

એવામાં 'વાસુદેવ હરે' થયા. એટલે સ્વામીશ્રી કહે : 'આ સમાધિ ખરી !' એમ કહી, ઠાકોરજી જમાડવા પધાર્યા.

બપોરે 'કલ્યાણ નિર્ણય' વંચાયા પછી સ્વામીશ્રી કહે : 'સાચા સત્પુરુષ

એમનેમ મળતા નથી. રખડતા મળતા નથી. એ તો પૂર્વજન્મનો બહુ પુણ્યવાળો હોય તેને જ મળે છે.'

## કારણનું કારણ શોધ્યું !

તા. ૨૧મીએ, સવારે કથામાં ગ.પ્ર. ૨૬ વચનામૃત સમજાવતાં સ્વામીશ્રીએ વાત કરી :

'મહારાજ જમીને તરત બેઠા હશે. આરામની ક્યાં વાત ? મહારાજ આરામ લે તો બ્રહ્માંડ ઊંધું પડી જાય.

'મહારાજ રાત-દી' પડકારા કરે છે, પણ આપણે ટાણે મિયાં ફુસકું કેમ થવાય છે ? પંચ વિષયના આઘાત લાગ્યા છે. પણ આ આઘાત લાગે તો જગત કૂચા થઈ જાય.

'હવે કારણની વાત કરશે.'

પછી વચનામૃત વંચાયું. તેમાં 'કારણ' જેવી વાત ન આવી. એટલે કહે : 'કારણનું ન આવ્યું. લાવો વચનામૃત.' પછી પોતે વચનામૃત લીધું ને તપાસવા માંડ્યા. હર્ષદભાઈએ સ્વામીશ્રીને ચશ્માં પહેરાવ્યાં. પછી વાંચવા માંડ્યા ને કહે : 'આ સૂક્ષ્મ વાત કરી છે. કારણ શરીરનું નામ નથી પાડ્યું, પણ હૃદયમાં ભગવાન દેખાય ત્યારે કારણનો નાશ થાય એમ સમજવું. આ મોટાપુરુષે વાત કરેલી છે. ઈતિ વચનામૃતમ્.'

બાદ મણિનગર સંસ્થાનના ચાર સંતો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા, તેમને મળ્યા.

બપોરે વચનામૃત ગ.પ્ર. ૨૮ સમજાવતાં વાત કરી :

'અવગુણ આવે તો ધૂંધવાયા કરે. સત્સંગમાંથી વહ્યો જાય. નવરા પડીએ તો આ વચનામૃત સમજી લેવું. બધાં કામ પડતાં મૂકીને વચનામૃત લઈને બેસી જાવું.

'જેટલા માણસ તેટલા અવગુણ તો હોય જ; પણ તે નજરમાં ન લે. ગુણ લે. સર્વ સાધુ મોટા. સર્વ હરિભક્ત મોટા. સ્વામિનારાયણના ઉપાસક - બધા એક જ મેળ ! નોખો નહીં.

'અહોહો ! ધન્ય ભાગ્ય ! ધન્ય ઘડી ! સત્સંગમાં આવી પડ્યો ! બીજે કુસંગમાં પડત તો શું થાત ?' એમ ગુણ લે તો અતિશય મોટપ પામે. આપણા હૃદયમાં ટાઢું રહે તે મોટપ. ગાદી-તકિયો મળે તે મોટપ નહીં. આ મોટપ હોય

તો કોઈ દી' પડવાનો વારો ન આવે.'

'છેલ્લાનું ૨૫મું વાંચી જુઓ. ખરો હરિભક્ત કયો જાણવો ? દીર્ઘ રોગ આવી પડે, પહેરવાં વસ્ત્ર ન મળે, તોપણ મોળો પડી જાય એમ આવ્યું ને ? ના, રતિવા સરસ થાય, પણ રંચમાત્ર મોળો ન પડે ! બાપાએ કો'કના સારુ આ વેણ લખ્યાં હશે, ખરું ? મહારાજ છતાં સંતો-હરિભક્તો હતા એના માટે આ વેણ છે, અત્યારે આપણે લેવા-દેવા નથી, એમ ને ? ના, તે દી' ને આજે આપણે માટે સરખું છે. દીર્ઘરોગ આવી પડે; બીજા સારા ફરે ને આપણે માંદા પડીએ; બીજા કુસંગીઓ ખાય-પીએ ને લહેર કરે, ને આપણે માળું ઘરમાં દાણો ન પણ મળે અને ખાવા અન્ન ન મળે, વસ્ત્ર ન મળે, તોપણ રતિવા સરસ થાય. રંચમાત્ર મોળો ન પડે.

'એને જીવ સોંપી દેવો. શું કીધું ? જીવ સોંપવો એનો અર્થ શું ? અંતરાય ન રહે. પછી બાકી રહે ? એ તો એ જ મુદ્દો છે. એના થઈને જીવ સોંપી દેવો એટલે બધું કરી રહ્યા છીએ.'

ઉત્થાપન સમયે 'મનગંજન'નું પહેલું કડવું નિરૂપ્યું. 'અવતાર ચિંતામણિ'નું એક કોષ્ટક આવ્યું હતું. તે પણ જોયું. પછી સંતો કહે : 'કોઈ અવતાર ધારો.' સ્વામીશ્રીએ 'કુમાર' અવતાર ધાર્યો.

પછી નારણ ભગતે બધામાં બતાવ્યું કે 'આમાં છે ? આમાં છે ?'

સ્વામીશ્રી ચશ્માં પહેરીને આંગળી ફેરવતાં કહે : 'નથી, નથી.' પછી ગણતરી ખોટી પડી ને ધારેલું નામ ન આવ્યું એટલે સ્વામીશ્રી કહે : 'અરજણભાઈ જાણે છે.' પછી સ્વામીશ્રીએ કહ્યું કે 'અમે 'કુમાર' ધાર્યો હતો.'

જોયું તો ખબર પડી કે પુસ્તકમાં જ 'કુમાર' શબ્દ છાપવાનો રહી ગયો હતો ! સ્વામીશ્રીએ અનાયાસે ભૂલ બતાવી લીલા કરી.

## મોક્ષની ભૂખ સાધુ ખોલે

પછી સંતોને કહે : 'તબલાં શીખે છે તે નત વગાડે. એની એ જ વાત. એ ધંધો ! ભોજન નત કેવું સારું લાગે છે ! આજે એવાં દાળ-ભાત થયાં છે ! એમ નત નવાં લાગે. માંદા પડે તો ભૂખ ઊડી જાય. તેમ મોક્ષની ભૂખ સાધુ ખોલે.

'સવા શેર ઈશક રાખવો. દરેક બાબતમાં, વેપારમાં, કથામાં, મોક્ષમાં ઈશક હોય તો વહેલું કામ પૂરું થાય. અમારી આ વાત સર્વોપરી છે. ફર્સ્ટ(ક્લાસ)ની છે.

'મારવાડ દેશના એક બ્રાહ્મણને જમવાનું આમંત્રણ આવ્યું. તે ચાલતાં

ચાલતાં ખબર ન રહી ને એક કૂવામાં પડ્યો. મારવાડમાં કૂવા બહુ ઊંડા. તે સો હાથના કૂવામાં પડ્યો. ત્યાં પડ્યા પડ્યા લાડુના વિચાર ગોઠવવા લાગ્યો કે 'હજી તો પીંડિયાં બંધાતાં હશે, ખંડાતાં હશે...' એમ કરતાં ૧૧-૩૦ વાગ્યા. ને ફરી વિચાર આવ્યો : 'હવે દળ પૂરો થયો હશે, માંહી ખાંડ ભરાતી હશે. ને ઘી નંખાતું હશે...' એમ ગોઠવણી કરતાં 'ઘી, ઘી' શબ્દ આવ્યો ને જે જોસ આવ્યું કે કૂવામાંથી સો હાથ બહાર નીકળી પડ્યો. લાડુ જમવાની કેટલી શ્રદ્ધા ! કેટલો ઈશક ! એટલું જોસ આપણામાં આવી જાય તો ભગવાન માયાની બહાર કાઢી નાખે. વહેલું કામ થઈ જાય.'

એક સવારે વચનામૃતની કથા વખતે, ઠંડીને લીધે સ્વામીશ્રી આગળ સગડી મૂકી હતી. કોલસાના ભાવમાં વધારો થયો છે - તેવા સમાચાર આવ્યા હતા. સ્વામીશ્રી કહે : 'આ સગડી લઈ જાવ. જરૂર નથી. કોલસાના ભાવ વધી ગયા છે. શહેરના માણસ મોટા અને ભાવે મોટા !'

કથા પ્રસંગમાં સ્વામીશ્રી જીવની અવળાઈ સમજાવતાં કહે :

'કોઈ વાતું કરતો હોય તો કહે : 'ક્યાં માળા ફેરવે છે ?' ને માળા ફેરવે તો કહે : 'ક્યાં વાતુ કરતાં આવડે છે ?' એમ દરેક વાતમાં અવળું જ લે.'

પછી એક સંતને બોલાવીને બીજા એક નાના સંત બતાવીને કહે : 'આ સંતમાં નિર્દોષબુદ્ધિ રાખશો તો ગુરુમાં રહેશે. તો શ્રીજીમહારાજ - શાસ્ત્રીજી મહારાજમાં રહેશે. આ સાધુમાં અવગુણ પરઠીએ તો શ્રીજીમહારાજ નહીં રહે. મોટામાં તો સૌ દિવ્યભાવ રાખે, પણ આ સંબંધવાળામાં રાખે તો ઠેઠનો વળગાડ જાય. સીધી સડકે વહ્યા જ જવાય !'

પછી સંતોને ઉદ્દેશીને કહે : 'ઊભાંગડ ન બોલવું, એવા ગુણ શીખવા. કોઈનાં નામ ન પાડવાં.'

પંડિત જવાહરલાલ નહેરુની તબિયત ખરાબ હતી, તેથી તા. ૨૪મીએ તે સુધરે તે માટે ધૂન્ય કરાવી.

થોડા દિવસ પહેલાં અમેરિકાના પ્રમુખ જહૉન એફ. કેનેડીનું ખૂન થયું હતું. તે સંભારી એક હરિભક્તે કહ્યું : 'કેનેડીને જીવતો કર્યો હોત તો એક કરોડ સત્સંગી એક દિવસે થઈ જાત.'

સ્વામીશ્રી કહે : 'એ એક બેઠો થાય અને બીજાં પાંચ મડાં લોકો લાવીને નાખે તો ? આપણે પછી કેટલાંને જીવતાં કરવાં ?'

ઉત્થાપન પછી 'ચિહ્નન ચિંતામણિ' વંચાઈ. તેમાં સ્વામીશ્રીએ પોતે

‘ગોપદ’થી જાતે વાંચ્યું. તેમાં કોષ્ટક યંત્ર હતું. મહંત સ્વામી કહે : ‘કોઈપણ ચિહ્ન ધારો.’ પછી સ્વામીશ્રીએ પ્રથમ ‘કેવડો’ પુષ્પ ધાર્યું. પછી ‘વસંત’, પછી ‘ગુલાબ’ ધાર્યું. આમ, મૂર્તિનું સુખ આપી સૌને સ્મૃતિ આપી.

## પ્રગટ સામું જોવું ને આજ્ઞામાં રહેવું તે ધ્યાન

બીજે દિવસે, સવારે કથામાં વચનામૃત ગઢડા મધ્ય ૭ અને ૮ વંચાયાં. તે પર વાત કરી :

‘સાધુતાના ગુણ એટલે ખમવું. કોઈ કુવખાણ કરે તો મનમાં ખુશ થવું.

‘નિર્દોષબુદ્ધિ હોય તો જ સેવા થાય. તન, ધન યાહોમ કરી દે.

‘સ્વામી કહેતા : પ્રગટ હોય તે સામું જોઈ રહેવું તે અંતર્દષ્ટિ. પ્રગટ સામું જોવું ને આજ્ઞામાં રહેવું તે સાચું ધ્યાન છે.’

બાદ થાળ બોલવા પધાર્યા. પછી કહે : ‘*ગ્વાલ બાલ*... થાળ ગાવો. રુચિર સ્તોત્ર, *બ્રાહ્મે મુહૂર્તે*... *ભવસંભવ*... એ બધાં મોઢે કરવાં. *વિહરતિ*... સ્તોત્ર ક્યાં છે ? જૂનાગઢમાં બોલાતું.’

પછી સ્વામીશ્રી *શ્રીવાસુદેવ*નો શ્લોક બોલ્યા ને કહે : ‘૫૦ વરસથી મોઢે કરેલા. અત્યારે ભૂલી જવાણું છે. *‘મુક્તાનાં...’* મોઢે કરેલું.’

એટલી વાત કરી ત્યાં પાછળથી કોઈનો ધક્કો સ્વામીશ્રીને વાગ્યો. એટલે કહે : ‘એ કોણ વૈષ્ણવ છે ?’ પછી વાત કરી : ‘લલિત છંદ - *અતિ મનોહરં*... આ શીખેલા.’ પછી પોતે બધાં સ્તોત્ર ચશ્માં પહેરી પુસ્તક હાથમાં રાખી બોલ્યા.

આજે એકાદશી હતી. ખૂબ ઓછું ફરાળ કર્યું ને અણગમો બતાવતાં કહે : ‘માળું નત શું ખાવું !’ પછી કહે : ‘બટાટાની સૂકી ભાજી બહુ આવડે. કોલસા ઉપર કાળાં બટાકાં થાય ત્યાં સુધી કરવાનાં. સાવ સૂકાં ખાવાં બહુ ભાવે.’

પછી વેદરસ પાનું ૨૧૪ વંચાયું. તે પર વાત કરી : ‘ગુરુ ભગવાનના કરેલા થયા છે. સ્વામીરૂપ છે. તેમાં એકતા કરવી. ગુરુમાં ભગવાન રહ્યા છે. અક્ષર ગુણાતીત છે. ગુણાતીત ગુરુરૂપ હરિ છે.’

## એમ ન બગાડવું

ત્યારબાદ વચ. ગ.પ્ર. ૩૯ તથા ૪૦ વંચાયું ને વાત કરી : ‘ઇચ્છા રહેતી હોય તે સવિકલ્પ. નિર્વિકલ્પ એટલે સંકલ્પ જ નહીં. અક્ષરબ્રહ્મનું સાધર્મ્ય મળ્યું. મહારાજ પુરુષોત્તમ સંતમાં રહ્યા છે. પણ સંત જ પુરુષોત્તમ છે, એમ ન

બગાડવું, અત્યારે વિચરે છે તે સંતમાં પોતે વિચરે છે !

'કોઈનો અભાવ-અવગુણ લે તે માયાનો પેચ. સત્પુરુષ રાત-દી' વાતું કરે છે કે જાગો... જાગો.

'તમે (હરિભક્તો) અહીં આવો છો તો અરસપરસ દર્શન થાય છે. તમે ન આવો તો અમે સૂઈ જઈએ ! સામી છાતીના લેવા. અમારે કથા ન કરવી હોય એટલે કહીએ : 'તમે થાક્યા-પાક્યા છો. હવે ઊઠો. સૂઈ જાવ.' પણ માથાના હરિભગત મળે ને બેસે. માટે તમારાથી અમારે ભગવાન ભજાય છે ને અમારાથી તમારે ભજાય છે. લાજે ભગવાન ભજાય.

'પૂછીને વહેવાર કરે તે નિર્વાસનિક.

'મોટાપુરુષના શબ્દો સિંહાવલોકી છે. જેમ સિંહ ચાલ્યો જાય પણ પાછળ જોતો જાય. એમ મોટાપુરુષના શબ્દો એટલા જોરાવર છે. એ જીવમાં ઉતારીએ અને જો શ્રવણ, મનન, નિદિધ્યાસ કરીએ, તો આપણા જીવમાં એવું જ્ઞાન થઈ જાય કે કોઈને ગોતવું ન પડે.

'ગુરુ વિના કાંઈ થાતું નથી. એટલા માટે સત્પુરુષના સમાગમમાં આપણને જ્ઞાન મળે છે. અને સત્પુરુષ શ્રીજીમહારાજનો મહિમા કહે, 'હું મોટો ને મને માનો' એવું કોઈ દી' ન બોલે, તો એને સત્પુરુષ ગણવા. ભગવાન અને સંતનો મહિમા કહે, એમાં નિર્દોષબુદ્ધિ કરાવે, એમાં જોડી દીએ, તો એને સાધુ ગણવા.

'વચનામૃત સારંગપુર ૧૧મું વાંચી જુઓ. આખી જિંદગી પર્યન્ત ભગવાનમાં વૃત્તિ ન રાખી હોય, પણ મરતી વખતે એવા સંત જો હાથ આવી જાય, ભગવાન કે સંત એમાં અતિશય વૃત્તિ જોડાઈ જાય, તો અંતકાળે પણ ધામમાં વયો જાય.

'હવે હર્ષદભાઈ વાત કરશે.' પછી કહે : 'સંતોનું (પ્રવચન) નથી રાખ્યું ?'

એટલે મહંત સ્વામી ઊભા થયા. મંગલાચરણ કરી, જય બોલાવી. ત્યારે સ્વામીશ્રી કહે : 'મારી જય ન બોલાવવી. જયમાં જ બેઠા છીએ.'

## હરિભક્તોની સેવા ક્યાંથી મળે ?

તા. ૨૮-૧-'૬૪, બપોરે સ્વામીશ્રી પોઢ્યા હતા. તે એકદમ જાગ્યા અને સેવકને કહે : 'મારે વાસણ ઊટકવા જવું છે.'

સેવક કહે : 'બધા ઊટકે છે.' એટલે સૂઈ ગયા.

થોડી વારે ફરી ઝબકીને જાગ્યા ને કહે : 'મારે વાસણ ઊટકવા જવું છે.

મને લઈ જાવ. હરિભક્તોની થાળીઓ ઊટકવાની ક્યાંથી મળે ? હરિભક્તોની સેવા કરવાનું મને બહુ મન થાય છે.'

૭૩ વર્ષની ઉંમરે, અનેક રોગોથી લથડતી તબિયતે પણ સેવા કરવાની આ એમની ભાવના હતી ! સેવા-વૃત્તિના ઉન્નત શિખરે બિરાજ્યા પછી પણ એની ઉત્કટતા લેશ ઘટતી નહિ. સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ! દાસત્વનું મૂર્તિમાન સ્વરૂપ ! જે યુગો સુધી અનેકોને પ્રેરણા આપતું રહેશે.

એક સવારે કથામાં સ્વામીશ્રીએ વાત કરી :

'સેવા અને પ્રસંગ ન કરે તો કાચું રહી જાય. સેવામાં નિર્દોષબુદ્ધિ આવે તો સેવા કહેવાય ને પ્રસંગમાં અંતરાય તૂટે તો પ્રસંગ કહેવાય.'

થોડી વાત કરી ત્યાં ટાવરમાં જતી સીડીનું કામ હૉલના દરવાજા સામે ચાલતું હોવાથી અવાજ આવતો હતો. એટલે કોઈએ કહ્યું : 'કામ બંધ રખાવીએ.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'હાલો, આપણે આઘા બેસીએ. કથા ચાલતી હોય ને કાંઈ સુથારીકામ ચાલતું હોય તો શાસ્ત્રીજી મહારાજ ના પાડે કે કામ ચાલુ રાખો. આપણે આઘા બેસીએ. આપણી દાઢી ઓલવી લેવી !'

સૌએ *'જલધર...'* એ સ્તોત્ર ગાયું. એમાં આવ્યું : *'મુનિજન મંડન, વિષય વિખંડન, ખલજન દંડન...'* છેલ્લો શબ્દ આવ્યો ત્યારે સ્વામીશ્રી કહે : 'ગુણાતીતાનંદ સ્વામીએ એક સાધુને અવળું કરતાં રોકેલો; પણ ન માન્યો તો કોઈ બીજા દ્વારા તેનું અહિત થયું. પછી ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા કે '*ખલજન દંડન...* દંડવી દે !'

બપોરે ઠાકોરજી આગળ થાળ બોલ્યા પછી આજુબાજુ વીંટળાઈને બેઠેલા સંતોને કહે : 'અમે સ્વામી શાસ્ત્રીજી મહારાજ ભેગા રહેતા. સ્વામીની બધી ક્રિયા ગુણાતીત સમજતા. ધખે, વઢે, સેવા કરાવે, મંદિરો કરાવે, બધું જ દિવ્ય. એટલે કે 'સર્વં ખલ્વિદં બ્રહ્મ.' આમ સમજીએ એટલે બધું જ ઇન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ પહોંચી ગયું. પંચાળા ૨ મુજબ સ્વામીનું બધું જ *'સર્વં ખલ્વિદં બ્રહ્મ, નેહ નાનાસ્તિ કિંચન.'* એમ ખૂબ કેફમાં વાત કરી.

પછી સંતોને કહે : 'જોન્સન કંપની તમને બતાવવી છે. છીપી ચાલમાં હતી. ત્યાં ઉંદર હતા. પાંચ, આવા મોટા બહુ ! દરિયા કિનારે દાક્તર ધ્રુવને ત્યાં કથા કરવા જાઈએ. દરિયે હાલીને જાઈએ. રાત્રે ૧૨ વાગે આવીએ. સવારે ૪ વાગે ઊઠી, ૫ વાગે સત્સંગ કરાવવા નીકળીએ. ઉકાળો તે દી' નહીં. હરિભક્તમાં એક જ ભગવાનદા'. બીજો કોણ સીધું આપે ?'

'બાપા ! તમે થાપા મારતા ?'

'તે દી' થાપો શેનો મારે ? નવ હાથનો વાંહડો ફરતો હોય. નિર્ગુણ સ્વામી આકરા. થાપો ઈ વળગાડે. તે દી' વાડી કોણ ભાડે લઈ દે ? પૈસો નહીં, એક જોન્સન કંપની. બે સાધુ અને એક હરિભક્ત. ત્રણ જ હોઈએ.'

પછી હરે થયા એટલે જમવા પધાર્યા.

ગ.અં. ૨૬ વચનામૃત નિરૂપતાં પોતાની રુચિ જણાવતાં કહે : 'મોટી ગાદીએ અમે બેઠા. પણ એ ન ગમે. વાસણ ઊટકવાં ગમે. પોતાના પગ ધોવરાવવા ન ગમે. હરિભક્તોને પીરસવું ગમે. પાયખાનાં ધોવાં ગમે. ભગવાન ને સંત સારું જમે તે આપણો સ્વાદ ટાળવા જમે છે – એમ સમજવું.'

એટલી વાત કરી ત્યાં સભામાં કોઈને ઝોલું આવ્યું. સ્વામીશ્રી ટકોર કરતાં કહે : 'કોઈ ઝોલું ખાશો મા. સાકર ખાવ, પણ ઝોલું ન ખાવું. પારાયણ (ઊંઘ) કરે તે ન ગમે. ૫૦ માળા ફેરવી જ લેવી.'

## 'જોગી શું કરતો'તો ?'

તા. ૪-૨-'૬૪, સ્વામીશ્રી પવઈ વાડીએ પધાર્યા ત્યારે યોગેશ્વર સ્વામી કહે : 'જમીન (પવઈની) મળી ગઈ. મોટું કાર્ય થયું.'

'મહારાજે અન્યથાકર્તું શક્તિ વાપરી. બધા કહે : 'જોગીએ કર્યું;' પણ જોગીએ કાંઈ કર્યું નથી. શાસ્ત્રીજી મહારાજે કર્યું. જોગી શું કરતો'તો ? ભગવાન કર્તા છે. જીવ ઠાલો ફુલાય છે. મંદિર, મકાન કરવું તે તો ધણી કરશે તો થાશે. સેવા કરે તેને મહારાજ અક્ષરધામમાં બેસાડે. જગ્યા મફત મળી. કોઈ દે ? ન દે. દૂઝણી ગાય તો કોઈ દેતો હશે ? ન દે. તોય દીધી ! ખરેખરો ડંકો વાગી ગયો.' સ્વામીશ્રી એકદમ ભાવમાં આવી દાસત્વભાવે બોલી રહ્યા હતા.

મુંબઈમાં સ્વામીશ્રી રોજ સવારે ૫-૧૫ વાગે ૧૯૬૩માં કરેલી પંચતીર્થી-યાત્રાનો હસ્તલિખિત હેવાલ કોઠારી સ્વામી પાસે વંચાવતા. આ પંચતીર્થીમાં સ્વામીશ્રી સિવાયનો સંઘ ધારી પણ ગયેલો, એટલે ધારીનો અહેવાલ પણ અંદર હતો. સ્વામીશ્રીને તે ખબર એટલે કોઠારી સ્વામીને આગલી રાત્રે ખાનગીમાં બોલાવીને કહી દીધેલું કે 'જન્મ સ્થાનનો પ્રસંગ ન વાંચવો !'

## તલસરાની તાપણી સોનાની થઈ

એક દિવસ ઉત્થાપન સમયે ઠાકોરજીની સેવા અંગે સૂચના કરતાં

સ્વામીશ્રીએ પૂજારીને સંબોધીને બધા સંતને જણાવ્યું :

'ઉનાળામાં ઠાકોરજીને પાંચ વાર પાણી ધરવું પડે. બપોર પછી પાંચ વાર પાણી પાવું. ઠંડાં પાણી પાવાં. મહારાજ પી લીએ.'

પછી કહે : 'શાસ્ત્રીજી મહારાજ કોઈને નવરા ન રહેવા દે. પાણી છાંટવાનું હોય, રોટલા ઘડવા હોય, ત્યારે મારા જેવા સાધુને ઉઠાડી પરાણે સેવા આપે. સૂવા ન દે. ઝોળી માગવી પડે. સ્વામી તલસરાની વાડ કરાવે. લોકો ટીકા કરે : 'તલહરાની તાપણી છે, કાલે સવારે ઊડી જશે.'

'હરિદાસ ડોહાસાધુ હતા. તેમને સારંગપુર મૂકેલા. ઝોળી માગતા અને કામ કરતા. અમે કારિયાણી ઝોળી માગવા હાલીને જઈએ. એક્કો નહીં. દાણવાળા ઝોળીનો ટેક્સ લે. 'કેટલો લોટ છે ? જોખો.' અમે તેનાથી બચવા ઊંધે રસ્તે હાલીએ. તોય પકડી પાડે. સારંગપુરમાં મંદિર બંધાતાં ટેક્સવાળો (કસ્ટમવાળો) દસ હજાર લઈ ગયો. સ્વામીએ સંકલ્પ કર્યો કે 'આ કસ્ટમ ખાતું ઊડી જવું જોઈએ.' તે ઊડી ગયું.

'નાગજી શેઠે ચાર આનાનું તેલ શીશો ભરીને આપેલું. તેઓ હરિદાસ સ્વામીને પૂછે : 'તેલ-બેલ જોઈએ છે ?' હરિદાસ તેલ વાપરતા જ નહીં. તે શું કરે ? તો ત્રણ દી'ના ટાઢા બાજરાના રોટલા ખાંડે. લાઠીદડથી ભગત અને બે સાધુ છાસ લાવે તે ગાળી લે. રોટલાનો ભૂકો અને છાસ ભેગું કરે. પછી પાણી મૂકી તેલ વગર 'છમ' બોલાવે. તેમને મનમાં એમ કે તેલ શું વાપરવું ? આમ કઢી કરે. શાક વગર તેલ વાપરે પણ ક્યાં ? ચાર મહિને તેલનો શીશો એવો ને એવો જ ભરેલો. નાગજી શેઠ તેલનું પૂછે, ત્યારે ભરેલો તેલનો શીશો બતાવે.

'તેમણે પૂછ્યું કે 'તમે ખાવ છો શું ?' તો કહે : 'સાકરના કટકા !' બળની વાતું કરે : 'શું રોટલો, અહોહો ! ન ભૂતો ન ભવિષ્યતિ !' આખી રાત જાગે.

'લોકો કહેતા કે તલસરાની તાપણી કરી ભાગી જાશે, પણ આ તો સોનાની થઈ.

'તે દી' લોટ ન મળે. મણ લોટ જોઈએ તે ન મળે. તે લેવા ગામડે વહેલા જઈએ. સાંજે જઈએ. આવા દેશકાળ. આમાં કોઈ સાધુ ટકે ? જય સ્વામિ-નારાયણ ! જતો રહે !

'પણ સોમા ભગત, અક્ષરપુરુષ સ્વામી, કોઠારી ભક્તિવલ્લભદાસ અડીખમ. પાંચ-દસ માણસ મારવા આવ્યા હોય તોય પાછા ન પડે, એવું સ્વામીએ બળ મૂકી દીધેલું.

'અમે બોટાદ ઝોળી માગવા જાઈએ ત્યારે સામા પક્ષવાળા એક ડોશીને આગળ મોકલે. તે ડોશી બોલતી જાય : 'બંડિયા છે, કોઈ લોટ દેશો મા ! ગઢડાની બંધી છે.' અને બીજી ડોશી વાંસે જાય ને કહે : 'નવા મંદિરવાળાને લોટ દેજો.' આવું હાલતું. એ વખતે મંદિર ક્યાંથી થાય ? ૧૮ હાથનો વાંહડો ફરતો. મુંબઈ, કલકત્તા પણ તે દી' નહીં. પણ સ્વામીએ ઝોળી ઉપર મંદિર કર્યાં. આપણે નંદ (પરમહંસ પંક્તિના સાધુ) જોયા નથી; પણ આ હરિદાસ સ્વામી નંદ જેવા. બળની વાતું કરે. કડેધડે હતા. 'મટકામાં મંદિર કરશું. શું વાર છે ? બાપો કરે, મહારાજ કરે.' એમ બોલે, મોળી વાત ન કરે.

'સ્વામીએ બળના પડકારા કર્યા તે મંદિર થઈ ગયાં. દેવ બેસી ગયા. થાળ બંધાઈ ગયા. સંતો થયા. વર્ષાસન બાંધી દીધાં. દેશકાળ સુધરી ગયા.

'કેરિયામાં અમને પછાડ્યા હતા. ત્યાં સાધુનું મંડળ ગઢડાથી આવ્યું હતું. પાંચ હરિભક્ત બીજા પક્ષના હતા. અમેય ત્યાં ઊતરેલા. તેમણે કહ્યું : 'આપણા મંદિરમાં બંડિયા ગરી ગયા છે.' સાધુએ કહ્યું : 'નીકળો બારા.' મને ઉપાડીને બહાર નાખ્યો. વિજ્ઞાન સ્વામીને બહાર કાઢ્યા. ભગવત્‌સ્વરૂપ સ્વામીને સાંકળે પૂર્યા. ગામમાં કોઈ બીજું માણસ નહીં.

'એક ડોશી આ બધું જોઈને બૂમ મારે. આ સાંભળી ઓધા પટેલ લાકડી લઈને આવ્યા. ડેલી સાધુએ બંધ કરેલી. તેથી પટેલ વંડી ઠેકીને પડ્યા. પછી બારણું ઉઘાડ્યું. ત્યાં સો માણસ આવી ગયું.

'એક વાર સોઢી ગયા. ઉનાળો હતો. ફાગણ મહિનો. ઘઉં પાકે. જાદરિયું બનાવ્યું. ત્યાં ચાર ઊંટ અને બે ઘોડા લઈ ધોલેરાથી પાળા મારવા આવતા હતા. ખોરિયાણે ગયા. જમણ મૂકી ભાગી ગયા.

'આવી ઉપાધિ સહન કરી તો સ્વામીએ ગાદી દીધી. આ ગાદી - માર ખાધા, બાર કાઢ્યા, એની છે.

'અમે સુંદરિયાણા ગયા હતા. સ્વામીએ કહ્યું : 'ઝોળી માગવા જાવ. મહાલકારી બાલુભા આવ્યા. મારી ઝોળી ફાડી. આવી ધમાલ થાય જ. તેમાં સહન કર્યું. દિવ્યભાવ જ રાખ્યો. તો કેવી શાંતિ છે ? બાટક્યા હોત તો ક્યાંથી વધત ? ગોંડલ મંદિર થાતું ત્યારે વિજ્ઞાનદાસ સ્વામી સાથે મેવાસા અઠવાડિયું રોકાયા. દાજી બાપુ તે વખતે આબાદી સાહેબના પદે. વિજ્ઞાન સ્વામીના ભીડામાં આવ્યા. સેવા કરી તો વધ્યા. સહન કર્યું. સ્વામીનો સિદ્ધાંત શું ? *'હાંજી ભલા સાધુ'* આ કીર્તન સિદ્ધ કરવું. સ્વામી કેમ રાજી થાય તે ઉપર આધાર.'

## ખમે તે વધે

તા. ૭-૨-'૬૪, સવારે વ્યાખ્યાન મંદિરમાં કથા કરતાં સ્વામીશ્રીએ વાત કરી :

'વઢે તોય રાજી થવું. સારામાં સારી આ જ કલમ છે. 'મારાં ભાગ્ય ! મને વઢ્યા ! મારી ભૂલ સુધરી !'

'વેપારી તાકા ઓળખે એમ મહારાજ જીવ ઓળખે કે 'આને કહીશ તો પાછો નહીં પડે.' હેત વિના કોણ વઢે ? માટે, 'મારી ઉપર હેત છે' એમ સમજવું. બીજા ટોકે તો 'એમાં રહી મહારાજ ટોકે છે' એમ સમજવું. મુદ્દો શું ? જેને સુધરવું, એકાંતિક ધર્મ સિદ્ધ કરવો છે, તેને સંત-હરિભક્ત ટોકે તો સહન કરવું. ગુણ લેવો.

'એકાંતિકભાવને પામી જાય. ટોકણી વડે આગળ વધાય. સાધુતા હોય તો જ આગળ વધાય. ખમે તે વધે.

'જ્ઞાને કરીને શોક થાવા ન દેવો. 'ભવિષ્યમાં ભૂલ પડવાની હશે' એમ માનવું. ને વાંક વગર વઢે તોય ગુણ લેવો.'

અહીંથી સ્વામીશ્રીએ કાંદીવલી તથા બોરીવલીમાં પધરામણી કરી. સત્સંગ સભા યોજી.

રવિવાર, તા. ૯મીએ, સાંજની સભામાં 'વિદ્યાવિહાર સંસ્કૃત પાઠશાળા'ના આચાર્ય ગોપાલાચાર્યજી આવ્યા હતા. તેમણે સ્વામિનારાયણ અને મધ્વ સહિત વિવિધ તત્ત્વજ્ઞાનની વાતો કરી હતી.

## સુહૃદભાવ રાખે તો કાંટો રહે

સ્વામીશ્રી સંતોનું ઘડતર કેવું કરતા, તે અંગેનો એક સંત ઉપર લખેલો આ સમયનો પત્ર જાણવા જેવો છે. ટૂંકા પત્રમાં પણ ઉચ્ચ આદર્શો તેમાં સમાવી સ્વામીશ્રી સંતોને પ્રેરણા આપતા, જીવન-ઘડતર કરતા, અધ્યાત્મ-માર્ગે આગળ લઈ જતા.

*'સ્વામી-શ્રીજી સત્ય છે.'*

*તા. ૯-૨-'૬૪, મહા વદી ૧૧*
*સાંજના ૬-૦૦ વાગ્યે.*

*'રવિવારની સભા મોટી છે. તેમાં બેસીને આશીર્વાદ લખાય છે. તો*

*આપણે સાધુ થયા છીએ તો, (૧) સાધુપણું રાખવું. (૨) બધા સાથે હળીમળીને રહેવું. (૩) સંત-હરિભક્તોનો ભીડો વેઠવો. (૪) આપણે (ગઢડા) છેલ્લા પ્રકરણનું ૮મું વચનામૃત સિદ્ધ કરવું. તો સદાય સુખિયા રહેવાય. તેમાં સંત-હરિભક્તો સાથે મિત્રપણું રાખવું, તે જ સુહૃદભાવ ગણાય છે. તો આપણને કાંટો રહે. (૫) સાધુના ધર્મ - ધર્મામૃત ને નિષ્કામશુદ્ધિ ને શિક્ષાપત્રી પાળવી, તે દૃઢ રાખવા. (૬) સદાય આનંદમાં રહેવું. (૭) ક્રોધ ને માન ટાળવાં. તો સદાય સુખિયા કહેવાય.'*

✧

અહીં પૂર્વ આફ્રિકાના કેટલાક પ્રશ્નો અંગે ભારત આવેલા ખાસ ડેલિગેશનના સભ્યો શિવાભાઈ અમીન, આર.બી. પંડ્યા તથા મહેન્દ્રભાઈ પટેલ સ્વામીશ્રીને મળ્યા, અને પોતાના કાર્યની સફળતા માટે આશીર્વાદ મેળવ્યા હતા.

❀ ❀ ❀

# ગુરુગુણની ગરબીઓ ગાઈશું હો રાજ...



એક વાર અહીં કથા પ્રસંગમાં શાસ્ત્રીજી મહારાજ સાથેના પોતાના પ્રસંગોની વાત ઉપાડી. સ્વામીશ્રી કહે :

'ભાદરવા અમાસે અમે નારણ ઘરે સમૈયે જતા. ભાદરવા વદ દશમે નવાગામ ઊતરીએ. ત્રણથી ચાર શેર ભીંડા આવેલા; પણ ભીંડા કોઈ ખાય નહીં. કોઈએ પૂછ્યું : 'કાઠિયાવાડી કઢી કેવી હશે ?' સ્વામી કહે : 'હું બનાવી દઉં.' ભીંડા આવેલા. સ્વામી મને કહે : 'તમે રહેવા દો. હું કઢી કરું.' પછી સ્વામીએ ભીંડા સુધારી ફાડા કરી, સાફ કરી, આદુ નાખીને તેમાં છાસ નાખી પાતળું કરી, રોટલામાં ખવાય તેવું ભીંડાનું બડથલ બનાવ્યું. ત્રણ-ત્રણ વાટકા બધા પી ગયા. સાંજે બનાવેલું. બડથલ સર્વોપરી બન્યું હતું. હજી સાંભરે છે. નિર્ગુણ સ્વામી સાથે હતા.

'બીજી વાત કરીએ : કારતક સુદ પૂનમ પછી સાંકરદા અમે તુવેરો ઉઘરાવવા જઈએ. સાંજે માધવદા લીલી તુવેરોનો ટોપલો લાવેલા. સ્વામી કહે : 'સવારે ફોલશું. સાંજે ફોલીએ તો કઠણ થઈ જાય.' સવારે કહે : 'હું તુવેરોનું બડથલ બનાવું.' લીલવા કાઢીને, બાફીને જાતે વાટ્યું. આદુ, મરચાં, કોથમીર, અને છાશ ને ચણાના લોટમાં બડથલ બનાવ્યું. ત્રણ-ત્રણ વાટકા જમાડ્યા. તાંસળી(પત્તર)માં વાટકા રેડે. સાંકરદામાં એવું કર્યું. હજી એનો સ્વાદ મટતો નથી.

'ત્રીજી મેવાસાની વાત કરું : અદા ધામમાં ગયા પછી અમે મહુવા જાતા હતા. શાસ્ત્રીજી મહારાજ, વિજ્ઞાનદાસ, નિર્ગુણ સ્વામી, અક્ષરસ્વરૂપ સ્વામી, અક્ષર સ્વામી મોટા ભેગા હતા. બધા મેવાસા આવ્યા. રસોઈ કરવી હતી. તુવેરની દાળ ન હતી. સ્વામી કહે : 'અડદની લાવો.' નિર્ગુણ સ્વામી કહે : 'અડદની દાળ શું ખાવી ?' સ્વામી કહે : 'ન મળે તો ક્યાંથી લાવે ?' પછી અઢી શેર, ત્રણ શેર દાળ લાવ્યા. સ્વામી નિર્ગુણ સ્વામીને કહે : 'હું દાળ બનાવું છું. તમે ખાશો પછી

ખબર પડશે.' સ્વામી ભંડારમાં ગયા ને દાળ મૂકી દીધી. પછી બહાર આવ્યા ને મને કહ્યું : 'દાળ ફાટી જાય પછી મને બોલાવજો.' પછી સ્વામીએ ખીચડી કરવાની શરૂઆત કરી. સ્વામી મીણ જેવી ખીચડી કરતા. એમણે ખીચડીમાંથી પાણી કઢાવી દીધું. થોડું રહેવા દીધું, તેથી બહુ ચીકણી ન થાય.

પછી સ્વામી કહે : 'છાશ લાવો.' ને ભેંસના દૂધની છાશ દાળમાં નાખી. છાશ અને દાળ એક થઈ ગયાં. પછી તેમાં ગોળ, જીરુ નાખ્યાં. પોતે જાતે વઘાર કર્યો. છમ થયું. દાળ સર્વોપરી થઈ. પછી પાટલી નાંખીને ઠાકોરજીને થાળ કર્યો. સ્વામી નિર્ગુણદાસ સ્વામીને કહે : 'હાલો દાળ જમવા.' નિર્ગુણ સ્વામી 'ઊંહું ઊંહું' કરે. સ્વામી કહે, 'ઊંહું ઊંહું કરો મા.' પછી તેમને સ્વામીએ પંડે પીરસ્યું. જે સબડકો માર્યો તે સ્વાદ આવી ગયો. પછી કહે : 'બીજો વાટકો લાવો.' ત્રણ-ત્રણ વાટકા બધાને જમાડ્યા. સ્વામીએ બે દી' અડદની દાળ બનાવી. ખીચડી કોઈએ ન ખાધી. ગોળના લાડુ અને દાળ જ ખાધી. પછી જેતપર ગયા. મહુવામાં અન્નકોટ કર્યો.

'ચોથી વાત કરીએ : શાસ્ત્રીજી મહારાજ અડવાળ આવેલા. પ્રેમવતી સ્વામી ભેળા હતા. બાપભાઈને પૂરણપોળીનો પ્રેમ. સ્વામી કહે : 'જોગી આવવાના છે. તેમને પૂરણપોળી જમાડવી છે.' બાપભાઈ કહે : 'હું બોલાવવા માણસ મોકલું.' પછી ઘોડી લઈને માણસ મોકલ્યો. હું, મહાનત સ્વામી અને નારણ ભગત (બદલપુરવાળા) હતા. અમારે તે દી' ઉપવાસ હતો. અમે ગુંજાલથી સવારે ધંધુકા ગયા. એક વાગ્યા સુધી ઝોળી માગીને પછી પાંચ વાગે એક્કામાં અડવાળ આવ્યા. સ્વામીએ ત્રણ-ત્રણ પૂરણપોળી જમાડી. હોઠેથી ભાંગી જાય એવી પૂરણપોળી બની હતી. ભીંડાનું શાક કરેલું. હજી સાંભરે છે. કેટલું જમી ગયા તે ખબર નથી, પણ સમર્તિ રહી.

'પાંચમી વાત : મહુવા પાસે અમૃતવેલ નજીક ડુંડાસ ગામ છે. મારે દૂધપાકનો નિયમ. મેં પત્તર મોઢે માંડેલું અને સ્વામીએ દૂધપાકની ધાર કરી. દૂધપાક પાઈ દીધો. પત્તર મોટું હતું. બે પત્તર પાઈ દીધો હશે. તે દી' કંઈ નડ્યું નહીં.

'છઠ્ઠી વાત : એક વાર ગણોદથી માણાવદર આવતાં સાંજ પડી ગઈ. સહુ થાકી ગયા હતા. ૫૦-૬૦ માણસ હતા. પછી ઠાકરશી બાપા કહે : 'મારે સકરિયાં પાક્યાં છે.' સ્વામી કહે : 'લાવો.' ખેતરે જઈ લઈ આવ્યા. સ્વામીએ બે માટલાંમાં સકરિયાં બાફ્યાં. રાતના ૧૧-૩૦ થઈ ગયા. સ્વામી કહે : 'મારે બધાને જમાડવા છે.' સ્વામી પંડે ફોલી ફોલીને જમાડે. રાતના ૧૨-૦૦ વાગી

ગયા. જિંદગીમાં એવું ખાધું નથી.

'સાતમી વાત : અમે ચચાણા ગયા. મારે દૂધનું નિયમ. મેરુભા સ્વામીને કહે : 'જોગી સ્વામીને દૂધપાક જમાડો.' મેં એક વાટકો માગ્યો. સ્વામીએ ત્રણ વાટકા નાખ્યા. ઠેઠ પત્તર છલકાવી દીધું. નડ્યું નહીં.

'આઠમી વાત : મારે દૂધનું નિયમ હતું, પણ શિખંડ ખાતો. ભાવનગરમાં અમે પ્રભુદાસ શેઠને ઘેર ગયેલા. સ્વામીએ શિખંડનું પોતાનું પત્તર મારામાં છલકાવી દીધું. શિખંડ નડ્યો નહીં. હજુ સાંભરે છે.'

આમ, શાસ્ત્રીજી મહારાજ સાથેના આઠ અદ્‌ભુત સંબંધો સ્વામીશ્રીએ અતિ ઉત્સાહમાં વર્ણવ્યા. જાણે હમણાં જ બની હોય એવી રીતે સ્વામીશ્રીએ તમામ ઘટનાનું ઇદમ્ નિરૂપણ કર્યું. ગુરુનાં લીલાચરિત્રોની હાર કરી રાખનાર સ્વામીશ્રીએ અનાયાસે જ સૌને પ્રેરણા આપી દીધી કે ગુરુગુણ અને દિવ્ય લીલાઓ શાશ્વત સ્મૃતિમાં જડી દેવાં જોઈએ.

શિવરાત્રિ મહોત્સવ નિમિત્તે ઠાકોરજી સમક્ષ ફરાળનો અન્નકૂટ ગોઠવવામાં આવ્યો હતો. આવો થાળ પ્રથમ વાર થયો હતો. રાત્રે ઉત્સવ નિમિત્તે મહંત સ્વામી તથા અમે સૌ સંતોએ હિમાલયમાં શિવજી, મહારાજની સેવા કરે છે – એ દૃશ્ય ખડું કર્યું હતું. ઠાકોરજી આગળ મીણબત્તીના દીવા કર્યા હતા.

અહીં એક પારસી ભાઈનો પરિચય માગતાં સ્વામીશ્રીએ દીનશાને પૂછ્યું : 'એવન'નું નામ શું છે ?' પારસી ઉચ્ચારણ સાંભળી સૌ હસી પડ્યા.

બપોરે સ્વામીશ્રી સાથે સૌ ઠાકોરજીને થાળ ધરાવતા હતા. એટલામાં નારાયણ ભગત હરિપ્રકાશ સ્વામીને બોલાવતાં કહે : 'હ.પ્ર. !' તે સાંભળી સ્વામીશ્રી એકદમ કહે : 'હું તો હરિપ્રકાશ સ્વામી કહીશ !' સૌ સમજી ગયા.

પછી અમદાવાદના ખોજા હરિભક્ત પુરુષોત્તમભાઈએ *'રાજ હું બનાવીને આપું છું બીડી પાનની.'* એ પાનબીડાંનો થાળ ગાયો. આ થાળ સ્વામીશ્રીને ગમી જતાં અહીં બોલાવવાનો ચાલુ કર્યો. એક દિવસ આ થાળ અને બીજે દિવસ *'લેતા જાઓ રે સાંવરિયા બીડી પાનનકી...'* એ થાળ. આમ મુખવાસના બે થાળ વારાફરતી બોલાવતા.

સાંજે ૫-૦૦ વાગે સ્વામીશ્રી છગનભાઈને ત્યાં પ્રસાદીની વસ્તુનાં દર્શન કરવા પધાર્યા. મહારાજની પાઘ ઉપર સ્વામીશ્રીએ પોતાની માળા ફેરવી. પછી મહારાજનો પ્રસાદીનો જામો ઊભા થઈને હાથથી માપ્યો. ને કહે : 'પોણા બે હાથ છે. બહુ મોટો !'

## આત્મનિષ્ઠા અને વૈરાગ્ય ઉપર ગુણાતીત જ્ઞાન

તા. ૧૩-૨-'૬૪, સવારે ૮-૩૦ વાગે વ્યાખ્યાન મંદિરમાં વચનામૃત ગ.અં. ૧ નિરૂપતાં સ્વામીશ્રી કહે :

'પ્રકૃતિ-પુરુષનાં કાર્યમાં વૈરાગ્ય કરવો. દેહનાં સુખમાં ન લેવાવું, તે સામાન્ય વૈરાગ્ય. મહારાજ વિના બીજે ભાવ ન બેસે, તે વિશેષ વૈરાગ્ય. બીજું બધું રાખનાં પડીકાં છે. ઢૂંસા ! આંખમાં ભરાઈ જાય. ગુણાતીતમાં આપોપું તે દઢ આત્મનિષ્ઠા. દઢ આત્મનિષ્ઠા ને વૈરાગ્ય એ બે ઉપર ગુણાતીત જ્ઞાન હાલે છે.

'દેહનું સુખ કેટલા દી' ? વિચાર કરવો. કોઈ હખ લેવા દે તેમ નથી. બધાં સ્વાર્થમાં મંડ્યા છે.

'એક શેઠે પોતાની પાસે થોડી મિલકત અને એક હજારની હીરાસાંકળી રાખી પોતાના દીકરાઓને બધું વહેંચી દીધું. અને હીરાસાંકળી બધા દીકરાઓની દેખતા મોટાને સાચવવા આપી કે 'આ મારા અંત સમયે પુણ્યદાનમાં વાપરશું.'

'પછી શેઠને ખૂબ મંદવાડ થયો. તે માંડ માંડ બોલાય. તેમાં માંદગી ખૂબ વધી. એટલે શેઠે મોટા દીકરાને બોલાવી હીરાસાંકળી માગી. પણ તેની દાનત બગડેલી. તેને થયું : 'નખ્ખોદ કાઢ્યું.' સગાંઓએ પૂછ્યું કે 'શેઠ શું કહે છે ?' ત્યારે કહે : 'બાપાને લવરી થઈ છે. ને તલસાંકળી ખાવા માગે છે.' એમ અવળું ઠપકાર્યું. શેઠ સમજી ગયા; પણ બોલાતુ ન હતું તેથી શ્રીકૃષ્ણ ભગવાનને પ્રાર્થના કરી કે 'જો હું આ માંદગીમાંથી બેઠો થાઉં તો 'તલસાંકળી' ખાઉં. મારી ખાનગી મિલકત ભગવાન માટે વાપરું.'

'ભગવાને પ્રાર્થના સાંભળી. શેઠ ધીરે ધીરે સાજા થયા. ને બે મહિને છોકરાઓને કમાવા મોકલી દીધા કે 'તમે પરદેશ પધારો. કમાવ. મુંબઈ-કલકત્તા જાવ. મારી ફિકર ન રાખવી.'

'તે ગયા પછી શેઠે પોતાની પચાસ હજારની મિલકતમાંથી ઘરના મોટા ફળિયામાં જ કૃષ્ણ ભગવાનનું મંદિર શરૂ કરાવી દીધું. ચોરાશી કરી, પારાયણ બેસાડી. ને છોકરાઓને પત્ર લખે કે 'મારી તબિયત સારી છે. માટે આવવા ઉતાવળ કરતા નહીં.' એમ ને એમ બે વરસ થઈ ગયાં. મંદિરમાં પ્રતિષ્ઠા કરાવી દીધી. દીકરાઓને થયું કે 'બાપા કેમ તેડાવતા નથી ?' પછી આવીને જોયું તો પોતાના ફળિયામાં કળશવાળું શિખરબદ્ધ મંદિર ! ચોઘડિયાં, ઘંટડીઓ, નગારાં વાગે. દીકરાઓએ પૂછ્યું કે 'આ મંદિર કોણે બાંધ્યું ?' લોકો કહે : 'તમારા

બાપાએ.' પછી બાપાને પૂછ્યું કે 'અમને ખબરેય ન આપી ?' ત્યારે શેઠ કહે : 'મેં જો તમને ખબર આપી હોત, તો તમે મંદિર કરવા ન દેત અને હીરાસાંકળીને બદલે 'તલસાંકળી' જેવું કરત. માટે હવે તમે ઘંટડી ખખડાવો. મેં મંદિર બાંધી દીધું ને તલસાંકળી ખાઈ લીધી.'

'માટે આ દુનિયા સ્વાર્થી છે. દેવાનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું છે :

*સ્વારથિયો સંસાર, તેમાં રહ્યો લથબથી,*
*શામળિયાને શરણે જાતાં જાશો ઊગરી.'*
*ભજી લે ભગવાન સાચા સંતને મળી...'*

ફાગણ સુદ પડવો, તા. ૧૪-૨-'૬૩, રાત્રે મંદિરના હૉલમાં, શાસ્ત્રીજી મહારાજની તૈલચિત્ર-પ્રતિમા સુંદર કલાત્મક સિંહાસનમાં પધરાવવાનો વિધિ મંછારામ શાસ્ત્રી તથા નર્મદાશંકર શાસ્ત્રીએ ષોડશોપચાર પૂજનથી કરાવ્યો હતો. સ્વામીશ્રી તથા સંતો-હરિભક્તોએ સમૂહ આરતી ઉતારી હતી. સિંહાસન જોઈ સ્વામીશ્રી રાજી થયા. તેમજ સિંહાસનમાં શોભતી શાસ્ત્રીજી મહારાજની પ્રતિમા સ્વામીશ્રી વારંવાર નિહાળી રહ્યા હતા.

બીજે દિવસે, સ્વામીશ્રીએ સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં વિદાય લીધી હતી. સુરતમાં મગનભાઈ, મનસુખભાઈ, આશાભાઈ, ઈશ્વરભાઈ રંગવાળા વગેરે હરિભક્તોને લાભ આપ્યો.

## વૈદ્યરાજની નાડી-પરીક્ષા કરી

અહીં લાલ દરવાજા ધર્મશાળામાં રમણભાઈ વૈદ્યને તેમના સત્સંગી મિત્ર આગ્રહપૂર્વક સ્વામીશ્રીનાં દર્શને લઈ આવ્યા. મિત્રે ઓળખાણ કરાવી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'અહો, મોટા વૈદ્યરાજ છે.' એમ કહી બોલ્યા : 'મને સાત રોગ છે. મને નાડી જોઈને રોગની દવા આપો. ખાધું પચતું નથી, ગ્યાસ (ગેસ) થાય છે, ઊંઘ આવતી નથી, ગળામાં ખરેરી વળે છે.' એમ સ્વામીશ્રી રોગ ગણાવવા લાગ્યા. પછી તેમણે રમણભાઈને કહ્યું : 'શું કરીશું ?'

સ્વામીશ્રીની નિખાલસતાની સાથે મુખ પર દંભ કે કોઈ પ્રકારનો કટાક્ષ કે ઉપાલંભરહિત હાસ્ય જોતાં રમણભાઈને થયું કે એક દરદીને સાત રોગ હોય અને તે પણ આટલી સહજતાથી હસતાં મુખે વાત કરી શકે તે કેવળ આશ્ચર્ય જ ગણાય.

તેમને સ્વામીશ્રી લોકોત્તર પુરુષ લાગ્યા. તેમનું સૌમ્ય અને પ્રેમાળ સ્વરૂપ જ તેમના ગુણોનું પ્રતિબિંબ પાડતું હતું. તેમણે કહ્યું : 'આવતીકાલે વહેલી

સવારે નયણે કોઠે નાડી જોઈને દવા આપીશ.'

રમણભાઈએ સવારે આવવાનું કહ્યું તેથી સ્વામીશ્રી વિશેષ આનંદમાં આવી ગયા અને વાંસામાં બે ધબ્બા મારી, મગજની પ્રસાદી આપી, રજા આપી.

રમણભાઈનું આશ્ચર્ય હજુ શમતું ન હતું : એક દરદી સાધુ તેમની દવા લઈ રોગ મટાડવા ઇચ્છા રાખે છે અને વાંસામાં આશીર્વાદના ધબ્બા મારે છે. વળી વાતવાતમાં હસી પડે !' એ અનેક નાસીપાસ થયેલા, હારી ગયેલા દર્દીઓના અનુભવો જોતાં સ્વામીશ્રીનું વ્યક્તિત્વ તેમને વિલક્ષણ લાગ્યું. બહુ જ સ્વાભાવિકપણે સ્વામીશ્રી ભક્તો-દર્શનાર્થીઓ સાથે એક જ આનંદથી મળતા હતા. વળી, વાંસામાં ધબ્બા મારે અને હસીને વાતો કરતા જાય. પ્રત્યેક વ્યક્તિ તેમની પાસેથી રાજી થઈને જતી ! દરેકના પ્રશ્નોનું ત્વરિત સમાધાન થઈ જતું ! રમણભાઈ જેમ જેમ વિચારતા હતા તેમ તેમ આ સંતમાં અનેક વિશેષતાઓ તેમને દેખાવા લાગી.

બીજે દિવસે વહેલી સવારે ૬-૦૦ વાગે તેઓ સ્વામીશ્રીની નાડી-પરીક્ષા કરવા માટે આવી ગયા. સ્વામીશ્રીએ હાથ ધર્યો. પ્રફુલ્લિત વદને રમણભાઈને નિહાળી રહ્યા. થોડી વારે રમણભાઈએ હાથ લઈ લીધો. એટલે સ્વામીશ્રીએ પૂછ્યું : 'શું નિદાન આવે છે ?'

રમણભાઈએ કહ્યું : 'બાપા ! આપ દિવ્ય વિભૂતિ છો. રોગ તો આપ ગ્રહણ કરી શકો અને ધારો તે ક્ષણે મૂકી શકો છો, પરંતુ અમારા જેવા સેવકોને સેવા આપો છો. રોગમાં પચનતંત્રમાં થોડી ખામી જણાય છે, કારણ કે આપ સતત વિચરણ કરો છો. જેથી જમવાનું નિયમિત ન હોય તેથી થોડી તકલીફ છે. હું દવા આપીશ જેથી સારું થઈ જશે.'

વૈદ્યરાજના નિદાનથી સ્વામીશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો અને બોલ્યા : 'અમારે તમારી નાડી-પરીક્ષા કરવાની છે.' એમ કહી પાસે ઊભેલા સેવકને કહ્યું : 'કંઠી લાવો.' પછી રમણભાઈના હાથમાં જળ આપી, મંત્ર બોલ્યા. વૈદ્યરાજ પણ એ પ્રમાણે બોલ્યા. સ્વામીશ્રીએ કંઠી પહેરાવી દીધી. પૂજા આપી.

વૈદ્યરાજે વર્તમાન ધરાવ્યાં તે જાણી, તેમના સત્સંગી મિત્રે પૂછ્યું : 'તમે સત્સંગી કેવી રીતે બન્યા ?'

તેઓ કહે : 'હું નાડી-પરીક્ષા કરવા ગયો પણ મારી નાડી-પરીક્ષા થઈ ગઈ ! *વૈદ્યો નારાયણો હરિઃ !* સાચા વૈદ્ય તો નારાયણ પોતે જ છે. તેમણે તો મારું અંતઃકરણ પકડી લીધું ને આ કેમ બન્યું તેની સમજ પડી નહીં.'

સત્સંગી મિત્રે કહ્યું : 'સ્વામીશ્રીનો પ્રભાવ જ એવો છે. જેણે એમનાં એક ક્ષણમાત્ર દર્શન કર્યાં હોય અથવા અલ્પ પરિચયમાં આવેલ હોય, તે એમને કદી વીસરી શકતો નથી.'

વૈદ્યરાજે આ પછી તો વિશેષ ભાવના વ્યક્ત કરી : 'મારા આખા કુટુંબને હવે વર્તમાન ધરાવી સત્સંગી બનાવવા છે.'

રમણભાઈની ભાવનાથી આખું કુટુંબ સત્સંગી બન્યું.

સ્વામીશ્રી અહીંથી અટલાદરા પધાર્યા. ગુજરાતના ભક્તો દર્શને ઊમટ્યા હતા. તેમને મળીને ચંપકભાઈ શેઠને હાર્ટએટેક આવ્યો હોવાથી, એમને જોવા સ્વામીશ્રી સીધા અમદાવાદ આવી પહોંચ્યા. શેઠ તથા તેમનાં કુટુંબીજનોને ખૂબ આશ્વાસન અને ધીરજ આપી, શાંતિ પમાડી.

## ભેદરહિત મહિમા-દૃષ્ટિ

સ્વામીશ્રી અહીં પધારે ત્યારે નરનારાયણ મંદિરે દર્શન કરવા અવશ્ય પધારે. હેતવાળા સંતો-પાર્ષદોનાં આસને જઈ મળે, ખબર-અંતર પૂછે.

આ વખતે દર્શને પધાર્યા ત્યારે આત્મારામ ભગતના આસને આવ્યા. તેઓ બહુ જૂના હજૂરી સેવક. છેલ્લા થોડા દિવસોથી બીમારીને કારણે પથારીવશ જ રહેતા. બે પાર્ષદો તેમની સેવામાં હતા. તેમની ખબર કાઢતાં સ્વામીશ્રી ગાતરિયાથી તેમને પવન નાખવા લાગ્યા. રૂમમાં ગરમી વધુ વર્તાતી હતી.

ભગત કહે : 'સ્વામી ! આપ પંખો નાખો તો પાપ મને લાગે. માટે રાખો.'

સ્વામીશ્રીએ સાથે આવેલા ડૉ. મધુભાઈ તથા રમેશ દલાલને આજ્ઞા કરી કે 'તેમને અહીં ટેબલફેન લાવી આપવો.' પછી ફળો વગેરેની વ્યવસ્થા પણ કરી આપી. ભગત તો ગદ્‌ગદ થઈ ગયા.

ડૉ. મધુભાઈએ તેમને એક જૂનો પંખો મોકલી આપ્યો. એક મહિના પછી સ્વામીશ્રી ફરી અમદાવાદ પધાર્યા ત્યારે મંદિરે દર્શને જઈ ભગતના આસને પધાર્યા. જૂનો પંખો જોતાં જરા નારાજ થઈ ગયા. તરત જ બીજા સેવકને નવો પંખો લાવી આપવા આજ્ઞા કરી. બીજે દિવસે તેમને નવો પંખો મળી ગયો.

સ્વામીશ્રીએ તેમને દર બે-ત્રણ દિવસે ચીકુ, મોસંબી વગેરે મળે તેવી વ્યવસ્થા પણ કરી આપી. શ્રીજીના સંબંધવાળા દરેકને માટે સ્વામીશ્રીના અંતરમાં મહિમાનો ભાવ રહ્યા જ કરતો.

અમદાવાદથી સ્વામીશ્રી જયંતીભાઈ કોઠારીને સાથે લઈ, લીંબડી થઈ,

મોજીદડ પધાર્યા. અહીં ગુરુ ગણેશ ભક્ત બીમાર હતા અને સ્વામીશ્રીનાં દર્શનની ઝંખના કરતા હતા. સ્વામીશ્રીના આશીર્વાદથી તેમની તબિયતમાં સુધારો થવા લાગ્યો. ગુરુમહારાજના સંકલ્પ મુજબ, 'હરિલીલાકલ્પતરુ'ના દ્વિતીય સ્કંધની પારાયણ ભૂધરભાઈએ બેસાડી. સંતસ્વામીએ મીઠી હલકે વાંચી સંભળાવી. શ્રીહરિનાં દિવ્ય ચરિત્રોનું રસપાન કરાવ્યું. ત્રણ દિવસની પારાયણના અંતે ગુરુમહારાજની તબિયતમાં સારો સુધારો થયો. સ્વામીશ્રી જ્યારે શાસ્ત્રીજી મહારાજ સાથે આવતા, ત્યારે રસોઈ કરતા તે ચૂલો અને કબાટ વગેરે સંતોને દેખાડી, જૂની વાતો કરી, સૌને ખૂબ આનંદ કરાવ્યો.

## બાળકની મનોકામના પૂર્ણ કરી

અહીં મૂળજીભાઈ મિસ્ત્રીના નાના પુત્ર નંદલાલને ઇચ્છા થઈ કે 'સ્વામીશ્રી નારિયેળની કાચલીનો જે ઓરસિયો પૂજામાં રાખે છે તે પ્રસાદીનો ઓરસિયો પોતાને મળે.' તેથી તેણે જાતે જ નારિયેળની કાચલીમાંથી સુંદર મજાનો બીજો ઓરસિયો બનાવ્યો અને સ્વામીશ્રીના સેવક યોગેશ્વર સ્વામીને વાત કરી. તેમણે સ્વામીશ્રી પાસે નંદલાલની ઇચ્છા વ્યક્ત કરી.

સ્વામીશ્રી તિલક-ચાંદલો કરતાં, આ વાત સાંભળી હસવા લાગ્યા. પછી નંદલાલને પાસે બોલાવી કહે : 'તમે ઓરસિયો બનાવ્યો છે તે લાવો, એટલે પ્રસાદીનો ઓરસિયો આપીએ.'

તેઓ લઈ આવ્યા. સ્વામીશ્રી તે ઓરસિયો હાથમાં લઈ બોલ્યા : 'ઓરસિયો સારો બનાવ્યો. ઠાકોરજી સેવા અંગીકાર કરશે. ચંદન શ્રીજીમહારાજને ધરાવાશે.' એમ કહી પ્રસાદીનો પોતાનો ઓરસિયો નંદલાલને આપી દીધો.

ઠાકોરજીના અર્થે, શ્રીજીમહારાજને અર્થે જ સર્વે વસ્તુ હોય તેવી ભક્તિ-ભાવનાથી જ અંગીકાર કરવું, એ સ્વામીશ્રીની સહજ ભાવના હતી. આજે એક બાળકની ભાવના પૂરી કરી તેને ચિરંજીવ સ્મૃતિ આપી દીધી.

મૂળજીભાઈએ લીંબડી સ્ટેટની ઉતારાની જગ્યા વેચાતી રાખી હતી. આ ઉતારો વિશાળ જગ્યામાં ગામની બરાબર વચ્ચે આવેલો હતો. વળી, તેમાં પીરની દરગાહ હતી. તેથી ઘણી વાર અત્તરની સુગંધ, ધૂપની સુવાસ આવતી. કોઈ કોઈ વાર વાજિંત્રોના અવનવા અવાજ આવતા. ગામલોકો કહેતા : 'આ વહેમવાળી જગ્યા છે. આમાં તો કંઈક પ્રકારનાં કૌતુક થાય છે.'

મૂળજીભાઈ હજુ તેમાં રહેવા ગયા ન હતા. તેમણે ગુરુ ગણેશ ભકતનાં

પગલાં કરાવ્યાં, ને ત્યાં નવાં મકાન ઉતારવાં હતાં તેથી તેનું ખાત પણ કરાવ્યું. ત્યારે ગણેશ ભક્તે કહ્યું : 'સ્વામીશ્રીનાં પગલાં કરાવજો અને તેમના પાસે પાણી-પુષ્પ છંટાવજો.'

સ્વામીશ્રી પધાર્યા ત્યારે મૂળજીભાઈએ સ્વામીશ્રીને બધી વાત કરી. ઉતારાની જગ્યામાં લઈ ગયા. સ્વામીશ્રી પીરની દરગાહ પાસે આવી બોલ્યા : 'જે હોય તે આ જગ્યા છોડી તપ કરવા ચાલ્યા જાવ.' એમ કહી પુષ્પ અને પ્રસાદીનું જળ છાંટ્યું. પછી સ્વામીશ્રી કહે : 'હવે વહેમ કાઢી નાખજો. બધું ચોખ્ખું થઈ ગયું.'

ગામલોકોને આશ્ચર્ય થયું. સૌને લાગ્યું કે મૂળજીભાઈને જરૂર મોટું વિઘ્ન આવશે, પરંતુ સ્વામીશ્રીનાં ઐશ્વર્ય-પ્રતાપનો બીજાને શો અનુભવ હોય ?

પછી એ જગ્યામાં જે કાંઈ સુધારા-વધારા કરવાના હતા તે તૈયાર થઈ જતાં તેઓ ઉતારાના મકાનમાં રહેવા આવી ગયા. તેમને તથા તેમનાં કુટુંબીઓને કોઈ મુશ્કેલી નડી નહિ.

## શાસ્ત્રીજી મહારાજની શક્તિનો પ્રવેશ

તા. ૨૧-૨-'૬૪, ઊંટડી હરિમંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. ગ્રામજનો ઘણા રાજી થયા. મોટરમાં લીંબડી આવ્યા. રસ્તામાં કહે : 'મુંબઈ મોટા મેળાવડા થયા હતા. ઘણા મોટા માણસો આવ્યા ને મહિમા ગાયો. પણ ચમત્કારમાં માને નહિ. શાસ્ત્રીજી મહારાજે બહુ ચમત્કાર કર્યા હતા. નંદાજી, વિનાયકરાવ અને મોટા મિલમાલિકોને ખેંચ્યા. એ શાસ્ત્રીજી મહારાજની શક્તિ આપણામાં પ્રવેશી તો બધાને થાય છે કે જોગી ચમત્કારી છે !'

પછી લીંબડી, સાયલા, રાજકોટ થઈ, રાત્રે ગોંડલ આવી પહોંચ્યા. સંતોએ ભાવભીનું સ્વાગત કર્યું. ઘનશ્યામ મહારાજનાં દર્શન કરતાં સ્વામીશ્રીને નિર્ગુણ સ્વામીએ હજારી ફૂલનો હાર પહેરાવ્યો. ત્યારે સ્વામીશ્રી હાર મસ્તકે અડાડીને ઘનશ્યામ મહારાજને સંબોધીને બોલ્યા : 'મહારાજ ! રાજી છો ને ! આજે અમારે બહુ મોડું થયું છે.' એમ દીનવચને બોલ્યા અને બે વખત, બે હાથ જોડીને વિનયપૂર્વક મસ્તક નમાવ્યું. સંતોને દર્શનનું અલૌકિક સુખ આપ્યું.

તા. ૨૬મીએ, સારંગપુર જવા નીકળ્યા. ઢસા આવતાં સ્વામીશ્રી કહે : 'ચાલો, ગઢડા ગોપીનાથજીનાં દર્શન કરીને જઈએ.' એમ એકાએક કાર્યક્રમ ફેરવ્યો. મોટાપુરુષની આ લીલામાં કોઈને સમજ પડે નહિ કે સ્વામીશ્રીએ

એકદમ શા માટે કાર્યક્રમ ફેરવ્યો હશે ?

રાત્રે ૮-૩૦ વાગે ગઢડા આવી પહોંચ્યા. મોટા મંદિરમાં થાળ આવ્યો હતો. છતાં બ્રહ્મચારીએ હેતથી ગોપીનાથજીનાં દર્શન સ્વામીશ્રીને કરાવ્યાં.

રાત્રે ૯-૦૦ વાગે ટેકરા ઉપર મંદિરે પધાર્યા. દર્શન કરી, સ્નાન કર્યું. મોડું થયું હોવાથી રાત રોકાઈ ગયા. કોઠારી હરિજીવનદાસજી બહુ રાજી થયા.

અહીં હરિભક્તો સ્વામીશ્રીનું પૂજન કરી રહ્યા હતા. તેમાં એક અજાણ્યા ભક્ત આવ્યા. તેમને એમ કે સાધુને અડાય નહિ; તેથી કંકુની ચપટી ભરી મોટાસ્વામીના કપાળ ઉપર નાખવા પ્રયાસ કર્યો. મોટાસ્વામી જોઈ ગયા. તેથી તેના હાથને ઝાટકો મારી, તેમ કરતાં રોક્યો.

બાજુમાં બેઠેલા સ્વામીશ્રીએ આ જોયું. તેથી તે ભક્તને સામેથી સ્વામીશ્રીએ કહ્યું કે 'તું મારી ઉપર કંકુની ચપટી નાખ.' તેને કાંઈ ગમ નહોતી. તેથી તે જ પ્રમાણે તેણે સ્વામીશ્રીના કપાળ ઉપર કંકુની ચપટી નાખી અને સ્વામીશ્રી હસવા લાગ્યા. આમ, એક અબુધ ભક્તનો ભાવ પૂરો કર્યો. પોતાનાં કપાળ, આંખ, નાસિકા ને કપડાં ઉપર કંકુ ઢોળાયું તેની એમને ચિંતા નહોતી; એક ભક્તને પૂજા કર્યાનો સંતોષ થયો તેનો જ સ્વામીશ્રીને પરિતોષ હતો.

બીજે દિવસે વહેલી સવારે નીકળી મંદિરે, લક્ષ્મીવાડીએ દર્શન કર્યાં. છત્રી પાસે ડભાણિયા આંબા નજીક થોડી વાર બિરાજ્યા અને કહે : 'પહેલેથી ગઢડા આવતા. ગોપીનાથજી મહારાજનાં દર્શન કરવા, એવું નિ'મ. ઈ નિ'મ સચવાઈ ગયો. હવે સારંગપુર ફૂલદોલ સમૈયો થશે.'

પછી સારંગપુર જવા નીકળ્યા. રસ્તામાં બોટાદના હરિભક્તો દર્શનાર્થે ઊભા હતા. સ્વાગત માટે એક મંચ બાંધ્યો હતો. આગલી રાત્રે બોટાદના હરિભક્તોએ રાત્રે ૧-૩૦ વાગ્યા સુધી સ્વામીશ્રીની રાહ જોઈ હતી.

એકાએક ગઢપુર પધારવાથી સૌને સારું ભજન તથા તપ થયું. હરિભક્તોને તો સ્વામીશ્રીની દરેક ક્રિયામાં દિવ્યભાવ જ દેખાતો. સૌને દર્શનનો લાભ આપી, સ્વામીશ્રી ૧૧-૩૦ વાગે સારંગપુર પધાર્યા.

## દિવ્યતાના રાશિમાંથી આશિષનો સતત આવિષ્કાર

બીજે દિવસે વહેલી સવારે ૫-૩૦ વાગે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ 'ભક્તચિંતામણિ'માંથી ફગવાંનું ૬૪મું પ્રકરણ મોઢે બોલી, સુંદર નિરૂપણ કર્યું. સવારની સભામાં અંબાલાલભાઈ નૈરોબીવાળા, હરમાનભાઈ તથા હકાભાઈએ

પ્રસંગોચિત પ્રવચનો કર્યાં.

જે હરિભક્તો હાજર હતા તથા જે હાજર ન હતા, તેમજ આફ્રિકાના સર્વ હરિભક્તોને સર્વ રીતે સુખી થવાના રૂડા આશીર્વાદ સ્વામીશ્રીએ આપ્યા હતા. મહારાજે સુંદર શણગાર ધારણ કર્યા હતા. કેસૂડાનો રંગ સૌને ઉડાડ્યો.

રંગોત્સવમાં હરિભક્તોએ ધન્યતા અનુભવતાં, જીવનનાં સુખ-દુઃખને હુતાશનમાં - મૂર્તિમાન બ્રહ્મમાં હોમતાં, સ્વામીશ્રીના આશીર્વાદ મેળવ્યા. બ્રહ્મ સાંનિધ્યે ચિદાકાશમાં ઘૂમતા, સૌ કૃતાર્થ થયા. રાત્રે ફરીથી સ્વામીશ્રીએ સૌને નિર્દોષબુદ્ધિનાં ફગવાં આપ્યાં.

કેટલીક ક્રિયા સ્વામીશ્રી વારંવાર કરતા. એમાં એમને મજા આવતી, ભક્તો આનંદમાં ડૂબી જતા. સૌને દેવાનું - આપવાનું એમને બહુ ગમતું. દષ્ટિ-દાન આપે, પ્રસાદ આપે, ધબ્બો આપે, આશીર્વાદ આપે. આપ્યા જ કરે. એમાં કંટાળો નહિ. અનેક વાર એકના એક આશીર્વાદ આપતાં તેઓ અકળાતા નહિ. હોંશે હોંશે આપતા. એમના દિવ્યતાના રાશિમાંથી - આશિષ થોકે થોકે આવિષ્કાર પામતા રહેતા. જે સૌને ન્યાલ કરી દેતા. પાત્ર બનવું પડે. મળ્યા પછી જીરવતાં શીખવું પડે.

એમાં પણ ફગવાં દિવ્યભાવનાં ! નિર્દોષબુદ્ધિનાં ! આશીર્વાદનો તો સ્વામીશ્રીએ જંગી વેપાર ચલાવેલો. કોઈ ખપવાળો મળી જાય તો ખાટી જાય. કૃતાર્થ થઈ જાય.

ઐહિક આશીર્વાદો આપવામાં એમણે કોઈ મણા રાખી નહોતી. ભક્તોનું દુઃખ જેના દિલમાં વસ્યું છે, એવા સ્વામીશ્રી સૌને સદા સુખિયા કરવા લૌકિક આશિષ-ગંગા પણ સતત વહાવતા; પણ તેનો અમલ કરવાનું પોતાના ઈષ્ટદેવ મહારાજ ઉપર છોડતા. પોતે પ્રાર્થના કરતા. સારું થવું - ન થવું, લાભ થવો - ન થવો, એ બધું મહારાજ ઉપર ઢોળી દેતા. મહારાજ તો પોતાના લાડીલા ભક્તનું સાંભળવા બેઠા જ હતા; પણ ભક્ત ભગવાન પાસે કોઈ આગ્રહ કેમ સેવે ? મહારાજની ઈચ્છાથી ક્યારેક કાર્ય થાય અને ન પણ થાય; પણ મોટાપુરુષના આશીર્વાદથી ભક્તોને કાર્ય થઈ ગયાનો સંતોષ મળતો, આશ્વાસન મળતું. મોટાપુરુષના આશીર્વાદરૂપ હૂંફ કાર્યસિદ્ધિના આનંદ કરતાં પણ ભક્તોને વધુ લાગતી.

તા. ૨૮મીએ સવારે ફરી ગઢડા - જૂના મંદિરે, લક્ષ્મીવાડીએ દર્શન કરી, રાત્રે ગોંડલ પધાર્યા. પાંચ દિવસ ગોંડલમાં સૌને સુખ આપી, સ્વામીશ્રી

રાજકોટ, સાયલા, લીંબડી, ચચાણા થઈ, તા. ૬-૩-’૬૪, અડવાળ પધાર્યા.

## પ્રેમમાં નેમવાળું મંડળ

અહીં વજુભા બાપુને ઉતારે વહેલી સવારે સ્વામીશ્રી ઊઠ્યા ને ફાનસ ઊંચું કરાવી, ઓરડામાં તદ્રૂપાનંદ સ્વામીના શિષ્ય, મૂળીના હરિનારાયણ સ્વામીની મૂર્તિનાં દર્શન કર્યાં અને તે પછી વાત કરવા લાગ્યા.

અહીં પાંચ દિવસ કરસનસંગ બાપુ, જામભા, ગોવિંદસિંહ, વજુભા, બળવંતસંગ વગેરે ભક્તોને કથાવાર્તાનો સારો લાભ આપ્યો. બપોરે સ્વામીશ્રી દરબારોને જાતે પીરસતા અને પછી જ પોતે જમવા બેસતા. છેલ્લે દિવસે એકાદશી હતી. મહારાજની પ્રસાદીના ઓટે દર્શન કર્યાં. અડવાળના હરિભક્તોએ મંદિરમાં જ સ્વામીશ્રીની સામૂહિક પધરામણી કરી, સ્વામીશ્રી પ્રત્યેની પોતાની સાચી ભક્તિ પ્રદર્શિત કરી. હંમેશાં શિસ્ત અને સંયમના હિમાયતી આ મંડળે, પોતાના જીવનમાં એનો દૃઢપણે અમલ કરી, સ્વામીશ્રી માટે સાચો આદર વ્યક્ત કર્યો.

અડવાળથી ખસતા પધાર્યા. સ્વામીશ્રીનો ઉતારો દયાળભાઈના ઘરે હતો. ઓરડામાં એક પલંગ રહે તેટલી જ જગ્યા હતી. ઓરડાના અડધા ભાગમાં ઘઉં ભરેલા હતા. સ્વામીશ્રીના પલંગની બાજુમાં ઘઉંના ઢગલા ઉપર ગુણવંતભાઈએ સૂવાનું આસન ગોઠવ્યું હતું. એ જોઈ સ્વામીશ્રી બહુ હસ્યા ને બોલ્યા : ‘ગુણુ ભગત ! ઊંઘમાં ભાઈસા’બ ક્યાંક ઘઉંના ઢગલામાં ઊતરી જતા નહિ.’

પછી કહે : ‘કેવી બુદ્ધિ લડાવી !’ એમ હસતા જાય ને બોલતા જાય. સૌ સતો ને યુવકોને પણ આમ આનદ કરાવ્યો.

## બગાસું ખાતાં સાકરનો ગાંગડો

સવારે ઊઠ્યા. સંતો-હરિભક્તો તથા યુવકો પગ તથા શરીર દબાવતા હતા. સ્વામીશ્રી કહે : ‘અહોહો, કેવી પ્રાપ્તિ થઈ છે ! આ તો બગાસું ખાતાં સાકરનો ગાંગડો મળ્યો છે; પણ બધું ઊંઘ અને આળસમાં જાય છે. વરસાદ વરસે ત્યારે બધું પાણી દરિયામાં જતું રહે, પણ કોઈ પૂરતો લાભ લે નહીં તેના જેવી વાત છે.’

પછી એક યુવકને સાધુ બનાવવાની વાત નીકળી એટલે કહે : ‘હવે ક્યાં જશે ? ભમરો તોલમાં આવ્યો છે.’ એમ કહી સૌને આનંદ કરાવ્યો.

પુરુષોત્તમભાઈ તથા દયાળભાઈની જાદરિયાની રસોઈ હતી.

ધંધુકાના વતની સોની મફતલાલ મેઘજીભાઈને ઝાડેશ્વરમાં સ્વામીશ્રીનાં દર્શન થયેલાં અને સ્વામીશ્રીનો અપાર મહિમા સમજાયો હતો.

એ પછી તેઓ ફરી ધંધુકામાં સ્થાયી થયા. તેમને સમાચાર મળ્યા કે 'સ્વામીશ્રી ખસતા બિરાજમાન છે,' તેથી ધંધુકાથી ઘોડાગાડી કરીને મિત્રો સાથે ખસતા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ પછી રજા માગી, ત્યારે સ્વામીશ્રી કહે : 'જમીને જજો. રોકાઈ જાવ.'

તેમણે કહ્યું : 'બાપા ! ઘોડાગાડી લઈને આવ્યા છીએ.'

સ્વામીશ્રીએ એક હરિભક્તને આજ્ઞા કરી : 'ઘોડાને ઘાસ નીરો, ને આ ભક્તોને જમાડ્યા પછી જવા દેવા છે. ગાડીવાળાને પણ જમાડીશું.'

સ્વામીશ્રીના પ્રેમભાવનો વિશિષ્ટ અનુભવ સૌને થયો. ઘોડાગાડીવાળાને પણ આ સ્મૃતિ કાયમ માટે રહી ગઈ અને વર્ષો સુધી સ્વામીશ્રીને યાદ કરતો રહ્યો કે 'યોગીબાપાએ અમને તો જમાડ્યા, પણ મારા ઘોડાને પણ ભૂલ્યા નહિ.'

રસોઈ જમી, બપોરે ૨-૦૦ વાગે ગાડામાં બેસી, રાયકા સ્ટેશનથી અમદાવાદ જવા નીકળ્યા. ટ્રેનમાં સંતો પાસે સ્વામીની વાતો, વચનામૃતો તથા કીર્તનો મોઢે બોલાવ્યાં. આમ, પળેપળ પોતે ભગવદ્-ભક્તિમાં જ પસાર કરે અને બીજાને પણ ભક્તિ કરાવે.

## હરમાનભાઈને અક્ષરધામનો પ્રત્યક્ષ અનુભવ

ગાંધીધામ સ્ટેશને ઊતરી, ચંપકભાઈ શેઠની તબિયત જોઈ, સ્વામીશ્રી રાત્રે મંદિરમાં પધાર્યા.

અહીં આફ્રિકા સત્સંગના મોવડી, ભક્તરાજ હરમાનભાઈના તા. ૧૦-૩-'૬૪ના રોજ અચાનક અક્ષરવાસ થયાના સમાચાર મળ્યા : 'તેઓ આફ્રિકા જઈ રહ્યા હતા. વચ્ચે એડન ઍરપોર્ટ ઉપર હરિભક્તોને મળ્યા પછી પ્લેનમાં બેઠા, ત્યાં હાર્ટઍટેકથી અચાનક ધામમાં ગયા.' આ સમાચારથી સ્વામીશ્રી, સંતો તથા સમગ્ર સત્સંગ-સમાજને ઘણું જ દુઃખ થયું.

હરમાનભાઈએ આફ્રિકામાં સત્સંગનો ઘણો પ્રચાર કરેલો અને મગનભાઈને પણ તેમણે જ સત્સંગ કરાવેલો. શાસ્ત્રીજી મહારાજ અને સ્વામીશ્રીની તેમના ઉપર ઘણી કૃપા હતી.

તેઓ એડનમાં ધામમાં ગયા તે પહેલાં તેઓ સ્વામીશ્રીને ગોંડલમાં મળેલા. સ્વામીશ્રીએ તેમને આગ્રહ કરીને, ત્યાં રોકીને પોતાનું અલૌકિક સુખ

આપ્યું હતું. અહીં તેઓ મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દર્શન કરતા હતા. ત્યાં તેમને તેજ, તેજનાં દિવ્ય દર્શન થયાં. તેમને લાગ્યું કે તેઓ સાક્ષાત્ અક્ષરધામમાં હતા. તેમના મુખમાંથી ‘અહોહો ! અહોહો ! શું તેજ ? શું તેજ ?’ એવા શબ્દો સરી પડ્યા. ‘તેઓ સાક્ષાત્ અક્ષરધામમાં જ છે,’ એવો અનુભવ સ્વામીશ્રીએ તેમને છેલ્લે છેલ્લે કરાવ્યો હતો.

અમદાવાદમાં યોજાયેલ શોકસભામાં સ્વામીશ્રીએ અતિ ગદ્ગદ કંઠે જણાવ્યું હતું કે ‘છેલ્લા બે મહિનાથી હરમાનભાઈને હું જાતે થાળી પીરસી જમાડતો. ‘સારંગપુરના ફૂલદોલનો ઉત્સવ કરી, આરામ લઈ, પછી જાઓ તો સારું !’ એમ મેં કહ્યું. સારંગપુર સમૈયામાં હરમાનભાઈએ ઘણો આનંદ કરાવ્યો. મુંબઈમાં વિદાય સમારંભ થયો અને તેઓ ભારે હૈયે નીકળ્યા હતા. તેમણે શાસ્ત્રીજી મહારાજને સેવા કરી રાજી કરી દીધા અને એમની પાસે ચાલ્યા ગયા.’ એમ કહી, સ્વામીશ્રીએ ઘણો સમય ધૂન કરાવી. એમના સુપુત્ર વિનોદભાઈનો તાર આવ્યો હતો. તેનો તુરત જવાબ આપ્યો.

પ્રમુખસ્વામી પણ બોલતાં બોલતાં અત્યંત ગળગળા થઈ ગયા હતા. ભારે હૈયે એમણે શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## ‘અંતર નિર્મળ થઈ જાય...’

સવારે મંદિરે દર્શન કરી, પધરામણીઓ કરી, ચંપકભાઈ શેઠને ત્યાં ઠાકોરજી જમાડી, દંઢાવ્ય દેશમાં વિચરણ શરૂ કર્યું.

સૌ પ્રથમ પુરુષોત્તમદાસ મારફતિયાને ત્યાં કિયોલ થઈ, દાસભાઈના મામા વીહાભાઈ તથા મણિભાઈ કેશવલાલને ત્યાં આનંદપુરા પધાર્યા. ગામોગામ સ્વામીશ્રીને પ્રમુખસ્વામી તથા સંતસ્વામી સાથે માફામાં પધરાવી, અદ્ભુત સામૈયાં થયાં. પધરામણી તથા સભાઓ પણ સારી થઈ.

દંઢાવ્ય દેશની પંચતીર્થી કરવા અહીંથી ડાંગરવા થઈને કરજીસણ જવાનું હતું. તેથી ડાંગરવાના કરસનદાસ અંબાલાલે સ્વામીશ્રીને વિનંતી કરી કે ‘બાપા ! આપ અમારા ગામના મંદિરમાં દર્શને આવો તો સારું.’

સ્વામીશ્રી કહે : ‘ભલે અમે આવશું.’

આથી કરસનદાસ ઉત્સાહમાં આવી ગયા અને ડાંગરવા ગામના પાટીદારોને વાત કરી. તે બધા જૂના મંદિરના પક્ષના; એટલે ચોખ્ખી ના પાડી દીધી. આથી સૌ રજપૂતના મંદિરે ગયા, પણ તેઓએ પણ નન્નો ભણ્યો. આથી

તેઓ બહુ મૂંઝાયા, અને ફરીથી સ્વામીશ્રી પાસે ગયા અને બધી વાત કરી.

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા કે 'ચિંતા કરશો નહીં, આપણે તો ઠાકોરજીનાં દર્શને આવવું છે. તે જઈશું. આપણે ક્યાં સન્માન જોઈએ છે ?'

કરસનદાસ તથા બીજા હરિભક્તોને થયું કે 'પાટીદારો સ્વામીશ્રીને મંદિરનાં દર્શન પણ નહીં કરવા દે અને દરવાજે તાળું મારી દેશે.' પરંતુ સ્વામીશ્રી હજી તો ડાંગરવાની સીમમાં પહોંચ્યા કે ગામના માણસોનાં અંતઃકરણ ફરી ગયાં. બધાં જ સ્વામીશ્રીનું સ્વાગત કરવા ગામની ભાગોળે પહોંચી ગયા ! અને સ્વામીશ્રીને વાજતે-ગાજતે સન્માન સહિત ગામમાં પધરાવ્યા !

ગામના લોકોમા આવેલ પરિવર્તન જોઈ કરસનદાસ તથા અન્ય હરિભક્તો તો ખૂબ જ આશ્ચર્યચકિત થઈ ગયા અને સ્વામીશ્રીના પ્રભાવની અસર જોઈને દિગ્મૂઢ થઈ ગયા.

સર્વત્ર દિવ્યતા છવાઈ ગઈ. પાટીદારો તથા દરબારો વચ્ચે ખેંચતાણ થઈ. દરેક કહે : 'પહેલાં યોગીજી મહારાજ અમારા મંદિરે આવે.'

પછી સ્વામીશ્રીની હાજરીમાં નક્કી થયું કે 'પ્રથમ જે મંદિર આવે ત્યાં દર્શને જવું.' પ્રથમ દરબારોનું મંદિર આવતું હોવાથી ત્યાં દર્શન કરી, પછી પાટીદારોના મંદિરમાં દર્શને ગયા. એ પછી મહારાજનાં મળેલાં જતનફોઈનાં ઘરે પ્રસાદીની વસ્તુઓનાં દર્શન કર્યાં.

રામુભાઈ કોઠારી, મોતીભાઈ વગેરેએ ઘણી સેવા કરી.

કરજીસણમાં પણ એ જ રીતે સ્વાગતયાત્રાનો ભક્તોએ લાભ લીધો. કેશવભાઈને ત્યાં સ્વામીશ્રીનો ઉતારો હતો. પધરામણીઓ ઘણી થઈ હતી. સ્વામીશ્રીને થાક પણ સારો લાગ્યો હતો.

અહીં સવારે બાથરૂમમાં એક યુવકને ગળામાં હાથ નાખીને કહે : 'સાધુ બનાવવા છે, પણ લગન કરવાના ઘોડા ઘડે છે. અમે આમ ખેંચીએ (હાથનું લટકું કરીને) ને માયા એની કોર ખેંચે. જીવમાં બળ રાખો તો માયાનો પરાભવ થાય. પણ આ તો ઉપરથી કહે : 'સ્વામી ! તમારો છું;' ને માંહી માયાની ભાઈબંધી રાખે.' એમ કહીને ખૂબ હસ્યા. સાથે સૌ સંતો-યુવકો પણ હસી પડ્યા.

## દર્શનથી થાક ઊતરી ગયો

કરજીસણમાં શ્રીજીમહારાજ બત્રીસ વખત પધારેલા. ત્યાં પ્રસાદીનાં ઘણાં સ્થાનો છે. તેમજ હરિભક્તોને ઘરે પ્રસાદીની વસ્તુઓ છે. તેમાં શ્રીજીમહારાજે

ફેરવેલા સૂતરના દોરાના પારાની માળાનાં દર્શન કરતાં સ્વામીશ્રી ખૂબ જ રાજી થઈ ગયા. અને માળા હાથમાં દબાવી, ગળે, છાતીએ તથા મસ્તકે ચડાવીને બોલ્યા : 'બધા મહિમાથી દર્શન કરો. આપણને કરજીસણમાં પધરામણીનો બહુ ભીડો પડ્યો. તે આ દર્શનથી થાક ઊતરી ગયો.' કરજીસણમાં લગભગ સો - સવાસો ઘરે સ્વામીશ્રીની પધરામણી એક જ દિવસમાં થઈ હતી.

પછી વડુ બહેચરદાસ બાપુદાસને ત્યાં પધાર્યા. અણસમજણને લીધે શરૂમાં થોડો વિરોધ હતો, પણ સ્વામીશ્રીના આગમનથી સમસ્ત ગામે સ્વાગત કર્યું અને ત્રણ દિવસ દર્શન-સમાગમનો સારો લાભ લીધો. શંકરભાઈ, કેશવલાલ, જોઈતારામ વગેરેએ સારી સેવા કરી. 'સત્સંગિજીવન'ની પારાયણથી સૌને નવચેતન મળ્યું. આજુબાજુનાં ગામોના ભક્તોએ પણ સારો લાભ લીધો. આખા ગામમાં સ્વામીશ્રીની સાધુતાની છાપ પડી ગઈ. પધરામણીઓ ઘણી થઈ.

અહીં સ્વામીશ્રી બાથરૂમમાંથી સ્નાન કરીને નીકળ્યા. જેમના ઘરે ઉતારો હતો તે બહેચરભાઈ બાપુદાસ તે બાથરૂમની બહાર હાથ જોડીને ઊભા હતા. સ્વામીશ્રીએ તેમને બોલાવી થાપો આપતાં કહ્યું : 'તમારા ઘરે અમારો ઉતારો રાખવાનો સંકલ્પ પાંચ વરસથી કરતા હતા તે પૂરો કર્યો. રાજી થયા ને ?'

બહેચરભાઈની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. સ્વામીશ્રીએ કેટલાંય વર્ષોનો તેમનો સંકલ્પ પૂરો કર્યો હતો.

તા. ૧૬મીએ સત્સંગિજીવનની પારાયણની પૂર્ણાહુતિ ધામધૂમથી થઈ. વ્યાસપીઠ ઉપર ચીમનલાલ શાસ્ત્રી હતા. અંબાલાલભાઈ બકરી પોળવાળા સ્વામીશ્રીને કહે : 'બાપા ! શાસ્ત્રી અને શંકર કવિએ ગામ આખામાં અક્ષર-પુરુષોત્તમનો ડંકો વગાડી દીધો. ગામ વિરુદ્ધ હતું એ આપના ગુણગાન ગાવા મંડ્યું છે. મંદિર પણ દર્શન માટે ખુલ્લું છે.'

સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'પહેલાં એમ થતું હતું કે દંડા પડશે; પણ શાસ્ત્રી અને કવિ મળ્યા એટલે કાંઈક શ્રદ્ધા અને કાંઈક જોરાવરી !' એમ બોલતાં ખૂબ જ હસવા લાગ્યા. પ્રતાપ તો એમનો જ હતો, પણ સૌના સૂરમાં પોતાનો સૂર મેળવી સ્વામીશ્રીએ સૌની જેમ શાસ્ત્રી અને કવિને જ મોટપ આપી સૌને ભૂલમાં નાખી દીધા.

પારાયણના મંડપમાં સ્વામીશ્રીનું સુંદર સિંહાસન બનાવ્યું હતું. સ્વામીશ્રી તેના ઉપર બિરાજતાં ત્રણ વખત બોલેલા કે 'આપણે જ્યાં બેઠા છીએ ત્યાં મંદિર થશે અને મહારાજ-સ્વામી બિરાજશે;' તે વાત પણ ભવિષ્યમાં સિદ્ધ થઈ.

## દૃષ્ટિના તેજથી વિરોધનું શમન

આ વખતે જૂના મંદિરના કેટલાક સત્સંગીઓનો જ વિરોધ હતો. તેમાં બળદેવભાઈના મામા ગોવિંદલાલ જીજીદાસ પટેલ, વડુના નરનારાયણ દેવની ગાદીના મંદિરના કોઠારી તથા વહીવટકર્તા હતા. તેમનો વિરોધ વિશેષ હતો.

વડુ પારાયણમાં સાથે આવેલા મોહનભાઈ બગડ ઘણા વિચક્ષણ. તેથી બળદેવભાઈએ તેમનો ઉતારો ગોવિંદલાલને ઘરે જ રાખ્યો, જેથી મોહનભાઈની વાતોથી તેમને સ્વામીશ્રીનો મહિમા સમજાય. અને થયું પણ એમ જ. તેમને સ્વામીશ્રીનાં અદ્‌ભુત કાર્યોની કાંઈક ઝાંખી થઈ અને અંતરમાં થયું કે 'બીજે ક્યાંય આવા સ્ત્રી-ધનના ત્યાગી સાધુ નથી.' તેમના અંતરમાં જે વિરોધ હતો તે શમી ગયો અને 'સ્વામીશ્રી મોટાપુરુષ છે' તેવો ભાવ થયો. ગ્રંથિ ટળી નહીં, પણ અભાવ હતો તે દૂર થયો અને ગુણ આવ્યો. એ પછી જ્યારે જ્યારે સ્વામીશ્રી અમદાવાદ પધારતા ત્યારે હાર લઈને દર્શન કરવા - આશીર્વાદ લેવા માટે બળદેવભાઈની સાથે જતા. પોતાના અક્ષરવાસ પહેલાં તેમને એવો સંકલ્પ કે કંઈક સેવા સ્વામીશ્રીનાં ચરણોમાં કરવી. અને સ્વામીશ્રીએ તેમની હયાતીમાં જ એ સંકલ્પ પૂરો કરાવ્યો.

તેઓ સ્વાનુભવથી કહેતા કે 'સ્વામીશ્રીની દૃષ્ટિમાં એવું તેજ છે, પ્રેમ-મમતા-વાત્સલ્ય છે, જે દ્વારા ગમે તેવા વિરોધીઓનો વિરોધ તત્કાળ શમી જાય અને તે સ્વામીશ્રીને અનુસરવા લાગે છે !'

કરજીસણમાં પધરામણીઓ બાકી રહી ગઈ હતી. તેથી ત્યાંના હરિભક્તો સ્વામીશ્રીને તેડવા આવ્યા હતા. એ જ દિવસે સાંજે કરજીસણ પધારી લગભગ ૫૦ જેટલી પધરામણીઓ કરી, સ્વામીશ્રી રાત્રે વડુ પાછા ફર્યા હતા.

પારાયણ દરમ્યાન શંકર કવિએ રોજ રાત્રે ૧-૦૦ વાગ્યા સુધી સંકીર્તન દ્વારા સાચા સંતનાં લક્ષણો વર્ણવી, સ્વામીશ્રીનો મહિમા સમજાવ્યો હતો.

બીજે દિવસે સવારે ભાવપુરા મગનભાઈને ત્યાં પધાર્યા.

અહીં રાત્રે બાથરૂમમાં સ્નાન કરતી વખતે ઠેર ઠેર નગરયાત્રામાં કેવું ભવ્ય સ્વાગત થાય છે, તેની વાત મુંબઈના એક યુવકે કરી. એટલે સ્વામીશ્રી કહે : 'નગરયાત્રામાં બૈરાંને છેટે રાખવાં. આપણી ગાડી પછી હરિભક્તોની ભજન મંડળીને રાખવી, પછી છેટે એને રાખવાં.'

સાંજે નારણભાઈને ત્યાં વેડા પધરામણી કરી. અહીં હાઈસ્કૂલના પ્રિન્સિપાલ

દવે સાહેબે સ્વામીશ્રીની આજ્ઞાથી યુવક મંડળની પ્રવૃત્તિ હાથ ધરી હતી.

મોખાસણ જતાં કોઠાના પ્રેમી હરિભક્તોએ સ્વામીશ્રીની રુચિ જાણી, તકલીફ ન પડે તે હેતુથી મંદિરમાં જ પધરામણી-પૂજા કરી. તેથી સ્વામીશ્રી ઘણા જ રાજી થયા અને કથાવાર્તાથી સૌનાં અંતર ઠારી દીધાં. એવા અઢળક ઢળ્યા.

## વાંકિયાના ભગતને દંડવત્

મોખાસણમાં માધવદાસને ત્યાં ઉતારો હતો. સાંજે સ્વામીશ્રી જૂના મંદિરે દર્શન કરવા પધાર્યા. અહીં એક પાર્ષદ સેવા-પૂજા કરતા.

સ્વામીશ્રીએ દર્શન કરી પાર્ષદને પૂછ્યું : 'કયું ગામ ? કયો દેશ ?'

'ગામ વાંકિયા, જૂનાગઢ દેશનો છું.' પાર્ષદે નમ્રતાથી કહ્યું.

'અહોહો !' સ્વામીશ્રી આનંદમાં આવી ગયા : 'તમે તો બહુ પ્રસાદીના. વાંકિયામાં તો સદ્‌ગુરુ નારણદાસ સ્વામી જન્મ્યા હતા. સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામીના શિષ્ય. ચાલીસ વર્ષ સુધી જૂનાગઢના કોઠારી હતા. વચનસિદ્ધિ અમારા ગુરુ કૃષ્ણચરણદાસજી સાથે તેમને બહુ હેત હતું. ગામડે હમેશા સાથે જ ફરે. અમે તેમનાં બહુ દર્શન કરેલાં.' એમ કહી ભગતને દંડવત્ કરવા લાગ્યા ! આજુબાજુ ઊભેલો ભક્ત-સમુદાય તો અવાક્ બની આ ભક્તિ-નમ્રતાને જોઈ રહ્યો.

એવામાં સ્વામીશ્રીએ એક મોટેરા હરિભક્તને કહી પાર્ષદને ભેટ અપાવી. તેઓ ખૂબ રાજી થઈ ગયા.

પછી ૪-૦૦ થી રાતે ૯-૦૦ સુધી ગામમાં સતત પધરામણીઓ થઈ. મંદિરમાં સ્નાન કરી, ઉકાળા-પાણી લઈ, ફરી બાકી પધરામણીઓ પૂરી કરી. રાતે જાહેર સભામા લાભ આપ્યો.

આમ, લગભગ આઠ દિવસના દંઢાવ્ય પ્રદેશના વિચરણમાં અનેક ગામોમાં પધાર્યા. દરેક જગ્યાએ સામૈયા અને સત્સંગ સભાઓ પણ અપૂર્વ થયાં અને પધરામણીએ તો માઝા મૂકી. સ્વામીશ્રીએ ૭૩ વર્ષની ઉંમરે પણ દેહની પરવા કર્યા વગર, કોઈ કષ્ટ જણાવ્યા વગર, સૌને રાજી કર્યા.

તા. ૧૯-૩-'૬૪, વહેલી સવારે અમદાવાદ આવી, નિત્યકર્મથી પરવારી, ચંપકભાઈ શેઠને ઘરે પધારી તેમની તબિયત જોઈ.

આ અરસામાં સ્વામીશ્રીની આજ્ઞા મુજબ અનેક હરિભક્તો 'હરિલીલા-કલ્પતરુ'ના તાજેતરમાં પ્રકાશિત થયેલા પ્રથમ બે ભાગ ખરીદી સ્વામીશ્રીને રાજી કરતા. મૂળ ઝાડેશ્વરના વેરાવળ બંદર ખાતાના ડેપ્યુટી એન્જિનિયર

મોતીભાઈ માધવભાઈએ પણ આ આજ્ઞા ઝડપી લીધી. તેઓ અમદાવાદ આવ્યા ત્યારે એ બંને પુસ્તકો ખરીદી, પોતાની પેન અને પુસ્તકો પ્રસાદીનાં થાય અને વ્યવહારમાં પણ સાનુકૂળતા રહે, તેવી ભાવનાથી તેમણે વિચાર્યું કે 'સ્વામીશ્રી પોતાના હસ્તાક્ષર પાડી, પેન અને પુસ્તક બંને પ્રસાદીનાં કરી આપે તો સારું.'

મંદિરમાં દર્શનની લાઇનમાં તેમનો વારો આવતાં સ્વામીશ્રીએ પુસ્તક લઈ લખવાનો પ્રારંભ કર્યો અને તરત જ અટકી ગયા. ને કહે : 'આવી કેવી પેન ! સારી ચાલતી નથી. લાવો બીજી !' અને મોતીભાઈનો સંકલ્પ સાકાર થયો. તેમણે તરત જ પોતાની પેન ધરી. સ્વામીશ્રીએ માર્મિક સ્મિત કરતાં બંને પુસ્તકો પ્રસાદીનાં કરી આપ્યાં.

સાંપ્રદાયિક ગ્રંથો વચનામૃત, સ્વામીની વાતો કે જીવન ચરિત્રના ગ્રંથો કોઈ ખરીદે તો સ્વામીશ્રી બહુ ઉત્સાહથી પોતાના હસ્તાક્ષર તેમાં પાડી આપતા. પોતાની આજ્ઞાથી 'કલ્પતરુ' ગ્રંથ ખરીદનાર ઉપર તો વળી રાજીપો જ જુદો !

અહીંથી જેતલપુર, અસલાલી, ડભાણ દર્શન કરતાં કરતાં ૧-૦૦ વાગે આણંદ રાવજીભાઈ દૂધવાળાને ત્યાં પધાર્યા.

અહીં સ્વામીશ્રીના ગુરુભાઈ અને જૂનાગઢના સંત અક્ષરપુરુષદાસ એક સંતને સાથે લઈ સ્વામીશ્રીને મળવા આવ્યા હતા. તેમને માહિતી મળી હતી કે 'પંચાળાનો ઝીણાભાઈનો દરબાર જે હાલ જીર્ણ હાલતમાં પડ્યો છે, તે ખરીદી સ્વામીશ્રીએ ત્યાં ભવ્ય મંદિર અને સ્મારક રચવાનો સંકલ્પ કર્યો છે.' તેથી તેઓ તરત જ સ્વામીશ્રીની ભાળ કાઢી અત્રે આવી પહોંચ્યા હતા.

સ્વામીશ્રી તેમને જોઈ ખૂબ રાજી થયા અને ઊભા થઈ ભેટ્યા. પછી અક્ષરપુરુષ સ્વામીએ આવવાનું કારણ જણાવતાં કહ્યું : 'મેં સાંભળ્યું છે કે આપે ઝીણાભાઈનો દરબાર લેવાનો સંકલ્પ કર્યો છે; પણ ત્યાં અમારે મંદિર કરવાની ઇચ્છા છે. વળી, અમારું મંડળ ઘણાં વરસથી પંચાળા રહે છે. તો એ જગ્યા અમે ખરીદવા ઇચ્છીએ છીએ.'

સ્વામીશ્રી તરત જ બોલી ઊઠ્યા : 'એ તો ઘણું સારું કહેવાય. આપણે ક્યાં જુદા છીએ ? એક જ ગુરુના શિષ્ય છીએ. ગુણાતીત જ્ઞાનવાળા છીએ. માટે હવે અમે નહીં લઈએ. બીજી કાંઈ સેવા હોય તો કહો.'

અક્ષરપુરુષદાસે પ્રસ્તુત દરબાર ખરીદવા નાણાકીય સહાયની વાત કરી. સ્વામીશ્રીએ તરત જ મણિભાઈ જીવાભાઈ, મણિભાઈ નારણભાઈ, જીવાભાઈ હરિભાઈ, રાવજીભાઈ વગેરે હરિભક્તો પાસેથી તેમને જોઈતી રકમ અપાવી.

અક્ષરપુરુષદાસને સ્વામીશ્રીની ઉદાર-ઉદાત્ત ભાવનાનો એક વધુ પરિચય થયો.

રાત્રે વિદ્યાનગરમાં વી.પી. સાયન્સ કૉલેજના હૉલમાં, ચીમનભાઈ દેસાઈના પ્રમુખપદે યોજાયેલ જાહેર સત્સંગ સભામાં, સેંકડો યુવાનો સહિત કૉલેજોના પ્રિન્સિપાલો તથા પ્રોફેસરોને દર્શન અને વાણીનો અનેરો લાભ આપ્યો. પ્રમુખસ્વામી અને એ.પી. પટેલે પણ સંબોધન કર્યું હતું.

## સમાગમનો મોંઘેરો પ્રસાદ

અહીં મણિનગર રહેતા સરદાર પટેલના ભત્રીજા કરમસદના શંભુ-પ્રસાદભાઈ એન. પટેલ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી સવારે પૂજા કરવા બિરાજ્યા હતા. અચાનક જ એમણે શંભુભાઈને પાસે બોલાવ્યા અને તિલક-ચાંદલો કર્યો. પછી કહે : 'હવે પૂજા પછી રોજ તિલક-ચાંદલો કરજો.'

અત્યાર સુધી તેઓ તિલક-ચાંદલો કરતા ન હતા. તેથી તેમને હા પાડતાં સંકોચ થતો હતો. ત્યાં તો સ્વામીશ્રીએ પૂછ્યું : 'અમારી સાથે પંદર દિવસ ગામડે ફરવા આવશો ?'

તેઓ વિચારમાં પડી ગયા. પછી હા પાડી, ત્યારે સ્વામીશ્રી ખૂબ રાજી થયા અને માતા-પિતા જેમ બાળકની સંભાળ લેતાં હોય તેમ પૂછ્યું : 'કપડાં પૂરતાં છે ને ? વાંધો નહીં આવે ને ?' એમ કહી તેમને ગામડે ફરવામાં સાથે લીધા.

શંભુભાઈને ગામડાં ફરવાનો પ્રથમ જ અનુભવ હતો. તેથી ભીડો વધુ પડતો હોય તેમ લાગતું. વળી, વહેલી ચા પીવાની ટેવ. તે પણ શરૂઆતમાં બે દિવસ તો મળી - ન મળી એવું થયું. તેઓ મનમાં મૂંઝાવા લાગ્યા અને વિચાર્યું : 'ઘરે જઈએ તો સારું.'

સ્વામીશ્રીએ બીજે જ દિવસે તેમની મૂંઝવણ પારખી અંતર્યામીપણે એક સંતને બોલાવી કહ્યું : 'શંભુપ્રસાદભાઈને પૂછો જોઈએ, ચા પીવો છો ?' પછી સ્વામીશ્રીએ તે સંતને આજ્ઞા કરી : 'તમારે વહેલી સવારે બે કપ ચા શંભુપ્રસાદ-ભાઈને માટે કરી દેવી.' આમ તેમનું વિચરણ ચાલવા લાગ્યું.

સ્વામીશ્રી તેમને જમવા માટે સાથે બેસાડે. યોગેશ્વર સ્વામીને કહે : 'ગરમ ગરમ ફૂલકાં શંભુપ્રસાદભાઈને જમાડો.' એમ બહુ હેત કરીને પીરસે.

જે જે ગામડે જાય ત્યાં સ્વામીશ્રીનો ઉતારો અગાઉથી નક્કી જ હોય, પરંતુ સ્વામીશ્રી શંભુભાઈની પથારી-ઉતારા અંગે પૂછપરછ કરી લે અને જરૂરી સૂચનાઓ પણ આપે.

એક દિવસ શંભુભાઈને સંકલ્પ થયો કે 'સ્વામીશ્રી બહુ આગ્રહ કરીને ગામડાં ફેરવે છે અને મહેમાનને સાચવે તેવી રાખ-રખાવટ કરે છે, તેનું શું કારણ હશે ?'

આ સંકલ્પ થયો અને બીજે જ દિવસે સ્વામીશ્રીએ મંગલ પ્રવચનમાં વાત કરી : 'ભગવાન અને સંત ભીડો આપે છે, અને લાડ લડાવે છે. ભક્તના મનોરથ પૂરા કરે છે. અને કોઈ વાર આગ્રહ કરીને જમાડે છે અને કોઈ વાર પધરામણીમાં બપોરે ૨-૦૦ વાગી જાય. આ બધું ઘરે ગયા પછી સ્મૃતિ માટે છે. સ્મૃતિ દુઃખને હરે અને સુખ આપે છે.' શંભુભાઈની શંકાનું સમાધાન થઈ ગયું.

સાથે ફરતાં પંદર દિવસ પૂરા થયા એટલે શંભુભાઈને થયું : 'હવે રજા આપશે.' પરંતુ સ્વામીશ્રીએ કહ્યું : 'હજુ બીજા પંદર દિવસ સાથે આવો તો સારું.' એમ કરતાં બીજા પંદર દિવસ પસાર થઈ ગયા અને ત્રીજા પંદર દિવસ પણ પૂરા થયા ! વચ્ચે રજા માગી તો કહે : 'તમે સાથે ફરો છો તો અમને બહુ મજા પડે છે ! મોટાસ્વામી, પ્રમુખસ્વામી બહુ રાજી થાય છે.' એમ કહી બરાબર બે મહિના સાથે ફેરવ્યા.

એવામાં તેમના ઘરેથી પત્ર આવ્યો. સંબંધીના અવસાનના સમાચાર હતા, તેથી ગયા વિના છૂટકો ન હતો. સ્વામીશ્રીએ પણ તેમને રજા આપી. આમ, સ્વામીશ્રી અનેક હરિભક્તોને સાથે ફેરવી સમાગમનું સુખ આપતા.

આમ, બે મહિનાનું સ્મૃતિનું ભાથું બાંધીને સ્વામીશ્રીએ તેમને કૃતાર્થ કરી દીધા.

## છાત્રાલયનું ભૂમિપૂજન

વિદ્યાનગરમાં અંબાલાલભાઈએ આપેલી જગ્યા પર આ વખતે તા. ૨૧-૩-'૬૪, બોર્ડિંગ હાઉસનું સ્વામીશ્રીએ વિધિપૂર્વક ભૂમિપૂજન કર્યું. અંબાલાલ ભગતને ખૂબ આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રી છાત્રાલયને ઘણી વાર 'બોર્ડિંગ હાઉસ' કહેતા. આ પ્રસંગે આણંદના હરિભક્તો તથા વિદ્યાનગરના યુવાન ભક્તોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

અહીંથી ૧૦-૩૦ વાગે નડિયાદ એક હરિભક્તની દુકાનનું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા. થોડી પધરામણીઓ કરી. ૧-૩૦ વાગે આણંદ આવી, ઠાકોરજી જમાડી, સાંજે ગાના જતાં માર્ગમાં મોગરી ગામે પધરામણી કરી. ગાના ચંદુભાઈને ત્યાં આવી પહોંચ્યા. સાંજે જાહેર સભામાં હરમાનભાઈને શ્રદ્ધાંજલિ આપી.

આમ, એક જ દિવસમાં આણંદ, નડિયાદ, મોગરી, ગાના એમ કેટકેટલાં ગામોમાં સ્વામીશ્રી ઘૂમી વળતા. કોઈને નાખુશ કરતા નહિ. એક ઉદ્‌ઘાટન માટે વિદ્યાનગરનો મહત્ત્વનો કાર્યક્રમ જલદી આટોપી નડિયાદ પહોંચે, વળી પધરામણીઓ પણ કરે. તો વળી આણંદ આવી, સાંજે મોગરી થઈ, ગાના આવી પહોંચે. આ દિનચર્યા એમને મન ભક્તોની પરિચર્યા હતી.

વિદ્યાનગરમાં છાત્રાલયનો સ્વામીશ્રીનો સંકલ્પ હવે સાકાર થવાનો હતો. આજથી લગભગ ૪૦ વર્ષ પહેલાંથી સ્વામીશ્રીએ યુવાશક્તિને નજરમાં રાખી હતી. પછી તો યુવક મંડળો ગામોગામ શરૂ કર્યાં. એમાં પણ યુવાનોમાં વિશેષ સંસ્કાર સિંચવા છાત્રાલયનો સંકલ્પ સ્વામીશ્રીના મનમાં વર્ષોથી ભંડારાયેલો હતો. લંડનમાં પણ બોર્ડિંગ હાઉસ કરવા તેઓ ૧૯૫૯થી ત્યાંના હરિભક્તોને પત્રો લખતા. તે જ રીતે, વિદ્યાનગરમાં પણ બોર્ડિંગ હાઉસ સ્થાપી, યુવાનોમાં સત્સંગ-પ્રવૃત્તિને વેગ આપવાનો એમનો દૃઢ સંકલ્પ હવે સાકાર થઈ રહ્યો હતો. તેનો સ્વામીશ્રીને આજે ઉમંગ હતો. વર્ષો પહેલાં ડૉ. રમણભાઈને કહેલું કે અહીં બ્રહ્મવિદ્યાની કૉલેજ સ્થાપવી છે. તે શબ્દો હવે છાત્રાલયની પ્રવૃત્તિ દ્વારા તેઓ સાકાર કરવા માગતા હતા.

રાત્રે અટલાદરા આવી પહોંચ્યા. અહીં સ્વામીશ્રીનાં દર્શને હરિવલ્લભ સ્વામી આવ્યા. એટલે સ્વામીશ્રી તેમને મળ્યા ને ‘જય સ્વામિનારાયણ’ કહ્યા.

તેઓ કહે : ‘જોગી મહારાજ ! તમે પહેલાં ઓળખાયા નહીં પણ શાસ્ત્રીજી મહારાજનો ડંકો માર્યો.’

ત્યારે સ્વામીશ્રી કહે : ‘બધો સ્વામીનો પ્રતાપ કહેવાય. તમારા ઉપર સ્વામી રાજી થઈ ગયા તે આખું મંદિર સાચવો છો. કેવી સ્વામીની દયા !’ બધા સંતો-યુવકો તરફ ફરીને બોલ્યા : ‘સ્વામીએ સાત સમેલિયા કરી દીધા. મોટાની દૃષ્ટિથી બધું થાય.’

ત્યાં મોટાસ્વામી આવ્યા ને કહે : ‘જોગી ! આ તો વાતોડિયા છે. તે તમને વાતોએ વળગાડી મૂકશે. ચાલો, પધરામણીની ઉતાવળ છે અને તમે અહીં બેસી ગયા.’ મોટાસ્વામીની વાણી સાંભળીને સ્વામીશ્રી તથા સૌ સંતો-હરિભક્તો હસી પડ્યા.

## કાનમનું કઠણ વિચરણ

તા. ૨૨-૩-’૬૪, કાનમ તથા વાકળનું કઠણ વિચરણ શરૂ થયું. મોટા-

સ્વામી, પ્રમુખસ્વામી તથા મણિભાઈ સલાડવાળા વગેરે પણ સાથે હતા. પ્રથમ રાવજીભાઈ તથા ચતુરભાઈને ત્યાં માણેજા થઈ, ગોરિયાદ પધાર્યા.

રાત્રે પ્રમુખસ્વામીએ 'હરિલીલામૃત'ની કથા વાંચી. સૂતી વખતે સ્વામીશ્રી કહે : 'પ્રમુખસ્વામીનો રાગ બહુ સારો. શાસ્ત્રીજી મહારાજ 'ભક્તચિંતામણિ'નાં દસ-દસ પ્રકરણ વંચાવે. મોટાની દૃષ્ટિ પડે એટલે આવા ગુણ આવે.'

પછી સૌને વારાફરતી પૂછ્યું : 'કથા સાંભળી ?' એટલે બધા કહે : 'બહુ સરસ કથા હતી.' એક યુવક કહે : 'તેમાંય આપ નિરૂપણ કરતા હતા એટલે શી વાત કરવી ?'

એટલે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'મૂળગો મોચીડાનો મોચીડો ! મોટાસ્વામી ! કો' જોઈએ. આ બધું આપણા માથે જ લાવે.' એમ કહીને હસી પડ્યા ને સૌ સંતો-યુવકોને આનંદ કરાવ્યો.

બીજે દિવસે વીરપુર જતાં સરસવણી પધાર્યા ને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં અહીં શિક્ષક હતા, ત્યાં દર્શન કર્યાં. શ્રીજીમહારાજ અહીં ઘણી વખત પધારેલા. જેઠાભાઈ, રમણભાઈ તથા રાવજીભાઈને ત્યાં વીરપુર પધારી, રાવજીભાઈ, પુરુષોત્તમભાઈ તથા રણછોડભાઈને ત્યાં મેઢાદ થઈને ઊંટિયા આવ્યા.

ગામને પાદર ઢાઢર નદીમાં પાણી હતું. તેથી સ્વામીશ્રીને ખુરશીમાં બેસાડીને સામે કાંઠે જવાનું હતું. તે પહેલાં સ્વામીશ્રી કહે : 'આપણે ઠાકોરજીને સ્નાન કરાવીએ. આવું ચોખ્ખું જળ ને પ્રસાદીની નદી છે.'

પછી સ્વામીશ્રીએ હાથ-પગ ધોઈ ઠાકોરજીને સ્નાન કરાવ્યું. સૌનાં માથે પાણી ચઢાવ્યું. પોતે પાણી ચઢાવી સૌને સંતોની સ્મૃતિ કરી. પછી ખુરશીમાં બેસતા કહે : 'મોટાસ્વામીને પહેલાં ખુરશીમાં લઈ લ્યો. પછી આપણે જઈએ.'

ત્યારે સંતો કહે : 'મોટાસ્વામી, પ્રમુખસ્વામી બધાં ડમણિયામાં આવે છે. આ તો આપની પિચોટી ન ખસે તે માટે ખુરશીમાં જવાનું ગોઠવ્યું છે.'

એ સાંભળી સ્વામીશ્રી હસી પડ્યા. પછી ખુરશીમાં બેસી નદી પાર કરી ગામમાં પધાર્યા. અહીં બેચરભાઈ, હીરાભાઈ તથા રણછોડભાઈએ સારી સેવા કરી.

વળતે દિવસે વણસરા જતાં રસ્તામાં પાદરા નટુભાઈને ત્યાં પધરામણી કરી. તેમણે મોભાપુરમાં, 'વાકળ કેળવણી મંડળ'ની હાઈસ્કૂલમાં સ્વામીશ્રીના આશીર્વાદનો કાર્યક્રમ રાખ્યો હતો. પ્રિન્સિપાલ તથા ખુશાલભાઈએ સ્વામીશ્રીનું હારતોરાથી સ્વાગત કર્યું. પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીનાં જીવન અને કાર્યનો સુંદર

પરિચય આપ્યો. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. હાઈસ્કૂલના કૂવામાં ખારું પાણી હતું, તે મીઠું થાય એવા આશીર્વાદ મેળવવા સંચાલકો સ્વામીશ્રીને કૂવા ઉપર લાવ્યા. સ્વામીશ્રીએ કૂવામાં પ્રસાદી પુષ્પો નાખ્યાં.

બપોરે વણસરા પહોંચી પધરામણીઓ કરી, જંબુસરમાં ઈશ્વરભાઈ નારણભાઈની લાકડાની લાટીમાં પધાર્યા. સાંજે જાહેર સભા પણ ઘરના વિશાળ ચોકમાં જ રાખી હતી. સભા બાદ સ્વામીશ્રી ઉતારે પધાર્યા. ઈશ્વરભાઈએ સ્વામીશ્રી માટે એક પલંગ તૈયાર રાખ્યો હતો. સેવક સંતોની વિનંતીથી સ્વામીશ્રીએ તેના પર આરામ કર્યો.

## સત્સંગી માંકડ

સવારે શૌચવિધિ બાદ સ્નાન કરવા જતા હતા ત્યારે સ્વામીશ્રીએ જોયું કે સાથે ફરતા યુવક ધીરેન્દ્રભાઈ વીંછી હાથમાં પાણીની વાટકી રાખી તેમાં કંઈક નાખી રહ્યા હતા. સ્વામીશ્રી તેમની નજીક આવ્યા અને મિત્રની જેમ ખભે હાથ મૂકી કહે : 'આજે ઊંઘ બહુ સારી આવી.'

'શું વાત કરો છો ! આપના પલંગ પરથી ચાદર સંકેલતાં તો માંકડ નીકળવા માંડ્યા ! તેમાં સારી ઊંઘ કેવી રીતે આવે ?' ધીરેન્દ્રભાઈએ વાટકીમાં ભેગા થયેલા ૨૦-૨૫ માંકડ બતાવતાં કહ્યું : 'અત્યારે આટલા માંકડ નીકળ્યા તો રાતે તો કેટલાય કરડ્યા હશે ?'

'ગુરુ ! એમ નો બોલાય.' સ્વામીશ્રીએ કહ્યું.

'પણ બાપા ! આ માંકડ તો કરડે જ.'

'જો પાછું બોલ્યા. ગુરુ ! આ તો સત્સંગીના માંકડ ! કરડે જ નહીં.' સ્વામીશ્રીએ સહજભાવે કહ્યું.

'પણ બાપા ! માંકડ થોડા સત્સંગી હોય ?' ધીરેન્દ્રભાઈએ દલીલ કરી.

સ્વામીશ્રી તરત જ બોલી ઊઠ્યા : 'હવે બીજી વાર બોલશો તો ઉપવાસ કરવો પડશે !' અને તેમણે ઉપવાસના ભયથી બોલવાનું બંધ કર્યું. તેમને થયું સ્વામીશ્રીને મન સત્સંગીના માંકડનોય કેટલો મહિમા છે !

## મનની તાણ શું ?

સ્વામીશ્રી સ્નાન બાદ પૂજા કરવા બેઠા. સામે યુવકો બેઠા હતા. તેમાં ધીરેન્દ્રભાઈની ઘણા દિવસની વધેલી દાઢી અને તેલ વગરના ઓળ્યા વિનાના

વાળ જોઈ સ્વામીશ્રી તેમને કહે :

'નાહ્યા ?'

'હા, બાપા !'

'પૂજા કરી ?'

'હા.'

'લો,' સ્વામીશ્રીએ પોતાની શિક્ષાપત્રી - નિત્યવિધિ આપતાં કહ્યું : 'પ્રભાતિયાં ગાવ. નાહ્યા વિના આને ન અડાય.'

ધીરેન્દ્રભાઈએ પોતાની શિક્ષાપત્રી - નિત્યવિધિ બાજુ પર મૂકી, સ્વામીશ્રીની પ્રસાદીની જાણી, સ્વામીશ્રી આપતા હતા તે લેવા ગયા. ત્યાં સ્વામીશ્રી કહે : 'આ તમારી છે, તો તમારી જ વાપરો, ન હોય તો આપત. મારે પૂજામાં પુષ્પ ચડાવીને પૂજવા જોઈએ ને !' એમ કહી લઈ લીધી.

પ્રભાતીમાં આવ્યું : *'મેલ મન તાણ ગ્રહે વચન ગુરુદેવનું.'* તેમાં 'તાણ' શબ્દનો કોઈ સ્પષ્ટ અર્થ ન સમજાતાં ધીરેન્દ્રભાઈએ પૂછ્યું : 'બાપા ! તાણ શું હશે ?'

માળા ફેરવતાં સ્વામીશ્રીએ ઉત્તર કર્યો : 'મનમાં ભગવાન વિના જે સંકલ્પ-વિકલ્પ થાય તે મનની તાણ કહેવાય.' પછી કહે : 'જુઓ, હે મારા મન ! તારા માનેલા સંકલ્પ મેલી દે. શું કામ મેલવા ? કારણ કે તો જ ગુરુનું વચન ગ્રહણ થાય ને સેવા પણ થાય. પણ શું કામ ગુરુના વચન ગ્રહણ કરીને સેવા કરવી ? કારણ કે તે ગુરુ, આપણા શાસ્ત્રીજી મહારાજ છે. તે શુદ્ધરૂપ છે. ભગવાનનું શુદ્ધરૂપ છે.' સ્વામીશ્રીની પ્રેરણા વાણીનો સ્રોત કોઈપણ સમયે વહ્યા જ કરતો.

પછી નોંધણા, સામોજ થઈ, રામસંગભાઈને ત્યાં નહાર પધાર્યા. તા. ૨૭મીએ કીમોજ જવા નીકળ્યા. મૂળ ભાઈલીના ડર્બન રહેતા કાંતિભાઈ પોતાની મોટર સાથે સ્વામીશ્રીની સેવામાં હતા.

કીમોજ જતાં રસ્તામાં કનગામ આવ્યું, ત્યારે કોઈ જ પૂર્વયોજિત કાર્યક્રમ વગર સ્વામીશ્રી કાંતિભાઈને કહે : 'મોટર ગામમાં લ્યો.'

'બાપા ! ત્યાં કાર્યક્રમ નથી. વળી, કોઈ સત્સંગી પણ નથી.'

'ત્યાં શાસ્ત્રીજી મહારાજના ભક્ત રહે છે. તેમનાં દર્શન કરવાં છે.' સ્વામીશ્રીએ કહ્યું અને કાંતિભાઈને માર્ગ બતાવવા લાગ્યા : 'હવે ડાબે હાથે લ્યો. હવે જમણે હાથે... હજુ જમણી શેરીમાં... હવે ડાબી બાજુ વાળો... એ

સામે ડેલી દેખાય ત્યાં ઊભી રાખજો.'

સ્વામીશ્રી ઊતર્યા. ડેલી ખખડાવી ત્યાં આધેડ વયના એક ભાઈ આવ્યા.

'જય સ્વામિનારાયણ.' સ્વામીશ્રીએ કહ્યું : 'દાદા શું કરે છે ?'

'ધ્યાનમાં છે.' એમ કહી તે ભાઈ તો અંદર જતા રહ્યા.

સ્વામીશ્રી કહે : 'સંતો ! આ દોઢીના ઓટે બેસો. સ્વામીની વાતું બોલો.'

આમ ને આમ પા કલાક... અડધો કલાક... દોઢ કલાક વીતી ગયો. એવામાં સો એક વર્ષના પ્રજ્ઞાચક્ષુ વૃદ્ધ પેલા ભાઈના ટેકે માંડ માંડ આવી રહ્યા હતા. એ હતા તેજા ભગત, જેમણે આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ અને ઘણા નંદ સંતોનાં દર્શન કર્યાં હતાં. તેમણે ડેલીની દોઢી સુધી આવીને ચડતાં શ્વાસે પૂછ્યું : 'કોણ આવ્યું છે'

'ઈ તો જોગી. શાસ્ત્રીજી મહારાજનો સેવક.' સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો.

તેજા ભગત આ સાંભળતાં જ દંડવત્ કરવા લાગ્યા. આંખોમાંથી હર્ષનાં આંસુ આવી ગયાં. વાણી ગદ્‌ગદ થઈ ગઈ. ખાંખાખોળા કરતાં સ્વામીશ્રીનાં ચરણ પકડી લીધાં. સ્વામીશ્રી તેમને ઊભા કરી ભાવથી ભેટ્યા. પોતાનું ગાતરિયું પાથરી, તે ઉપર તેજા ભગતને બેસાડ્યા ને કહે : 'કેમ ભગત ! હવે રાજી છો ને ? શાસ્ત્રીજી મહારાજે સંકલ્પ પૂરો કર્યો. બળમાં રહેજો અને શ્રીજીમહારાજનું ભજન કરજો.'

તેજા ભગત ભાવવિભોર બની ગયા હતા. તેઓ કહે : 'જોગી ! બાપલા ! એક વાર મેં જંબુસરમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કર્યાં હતાં. પણ પાંસઠમે વર્ષે આંખો ગઈ, તેની આગલી સાલ શાસ્ત્રીજી મહારાજના વારસનાં દર્શનની ઇચ્છા હતી. પણ અપંગ અવસ્થા, તે મને કોણ તમારી પાસે લાવે ? આજે આપે મારી ઇચ્છા પૂરી કરી ! આપ તો અંતર્યામી છો...'

તેઓ એકધારું બોલવા લાગ્યા હતા... 'હું આંખે દેખતો નથી, પણ તમારા સ્પર્શથી રૂંવાડે રૂંવાડે દેખી શકું છું, એવી તેજસ્વી મૂર્તિ આપ છો.'

સ્વામીશ્રી કહે : 'સો વરસ પૂરાં થશે ત્યારે મહારાજ લેવા આવશે...' એમ કહેતાં તેમનો હાથ પોતાના હાથમાં લઈ કોલ આપતાં હોય તેમ કહે : 'લ્યો ભગત ! અમારો કોલ. સો પૂરાં થયે અમે અને આ મોટાસ્વામી જરૂર આવશું...'

બાદ તેજા ભગતે થોડી પ્રસાદીની જૂની વાતો કરી. જૂના ભક્ત પ્રત્યે કેટલી હમદર્દી !

પછી મોહનભાઈ તથા ઈશ્વરભાઈને ત્યાં કીમોજ પધાર્યા.

વહેલી સવારે સંતો-યુવકો સ્વામીશ્રીનું શરીર દબાવવા લાગ્યા ત્યારે સ્વામીશ્રી એક સંતને કહે : 'તમારે ઘરડા સાધુની ઠેકડી ન કરવી. યુવકોએ પણ મશ્કરી ન કરવી. બ્રહ્મભાવ સ્રવી જાય અને સંતની સેવાથી સારા ગુણ આવ્યા હોય તે નાશ પામી જાય. માટે તમે કોઈ સામાન્ય પાસે નથી રહેતા. મોટા રાજા - મહારાજા પાસે રહો છો. તો અમને રાજી કરવા સ્વામીની વાતું મોઢે કરવી, કીર્તન શીખવાં - સેવા કરવી.' આ અંગે ઘણી વાત કરી. પછી સૌને મજાક-મશ્કરી ન કરવા માટે પાણી મુકાવ્યું.

અહીં સત્સંગ, પધરામણીનો લાભ આપી આમોદ, સરભાણ થઈ, મણિભાઈ ભટ્ટને ત્યાં ઠીકરિયા આવી પહોંચ્યા. તેમણે આમંત્રણ પત્રિકાઓ મોકલી સર્વને તેડાવેલા. સુંદર સભામંડપમાં બૅન્ડ-વાજાંથી સ્વામીશ્રીને સન્માન્યા. ચુડાસમા સાહેબ વગેરે મહેમાનો ખાસ વડોદરાથી આવેલા. મણિભાઈએ સ્વામીશ્રીની પૂજા કરવા, પુષ્પોનો પોષાક ને પાઘ તૈયાર કરેલાં. તેમણે તથા ચુડાસમા સાહેબે સ્વામીશ્રીને પ્રાર્થના કરી. સ્વામીશ્રીએ ઘણી ના પાડી. તેમના અતિ આગ્રહથી થોડી ક્ષણો માટે અરજી સ્વીકારી. ભક્તોએ પુષ્પની ચાદર તથા પાઘ સ્વામીશ્રીને ધારણ કરાવ્યાં. ક્ષણવારનું પણ આ દૃશ્ય અદ્‌ભુત હતું. દેવોને દુર્લભ આ દર્શન પામી ભક્તો કૃતકૃત્ય થઈ ગયા. સર્વત્ર જયનાદો થવા લાગ્યા. ભક્તોના આનંદે માઝા મૂકી દીધી.

અહીંથી જયશંકરભાઈને ત્યાં સિમલિયા, માત્રોજ, સારીંગ થઈ, મંગુભાઈ, ભાઈલાલભાઈ તથા શનાભાઈને ત્યાં ધાવટ, કંડારી, અણખી, મેનપુરા થઈ, શાંતિભાઈ તથા જયંતીભાઈને ત્યાં કારવણ પધાર્યા.

પછી લીંગસ્થળી થઈ, સલાડ નરહરિભાઈને ત્યાં આવ્યા. તેમનો પણ મણિભાઈ જેવો જ ઉત્સાહ હતો. અજિતપુરા, રૂંવાદ થઈ, તા. ૩-૪-'૬૪, સ્વામીશ્રી વડોદરા આવી પહોંચ્યા.

## અક્ષરધામની મોટરના શૉફર

કાન્તિભાઈ તથા તેમના વડીલબંધુ રાવજીભાઈએ આફ્રિકાથી લાવેલી મોટી મોટરમાં સ્વામીશ્રીને કાનમ-વાકળમાં ૧૦ દિવસ વિચરણ કરાવ્યું. સ્વામીશ્રી તેમની મૂકસેવાથી ખૂબ જ રાજી થઈ ગયા અને રૂડા આશીર્વાદ આપ્યા.

કાનમ-વાકળના કાચા રસ્તાઓમાં ધૂળ પુષ્કળ ઊડતી. તેથી હંમેશાં મોટર સાફ કરવા છતાં ધૂળ ભરેલી જ રહેતી. ધૂળથી કાચ પણ બંધ-ઉઘાડ ન થતા.

સ્વામીશ્રી કહે : 'મોટર બહુ સારી, તેથી આપણે ધૂળ ન ફાકવી પડે. નહીંતર આપણે માંદા પડી જાત. આ દસ દિવસમાં કાન્તિભાઈએ તેનું કામ કાઢી લીધું ને અક્ષરધામનું ભાથું બાંધી લીધું. આપણે તેને અક્ષરધામની મોટરમાં બેસાડીને લઈ જવા પડશે.' એવાં આશીર્વચનો બોલીને ઘણો રાજીપો દર્શાવ્યો.

આમ, ૧૦ દિવસમાં ૨૮ ગામોમાં સામૈયાં સ્વીકારી, સત્સંગ સભા યોજી, પધરામણીઓ કરી, હરિભક્તોના કોડ પૂરા કર્યા. ૭૩ વર્ષની ઉંમરે પણ વીજળી વેગે યોજાતા આવા ઝડપી કાર્યક્રમોમાં નાના-મોટા દરેકને સંતોષ આપી, સુખિયા કરી, પોતાની શારીરિક વેદના વિસારી દઈ, પ્રસન્ન ચિત્તે એક નહિ અનેકનાં મન સાચવી, રાજી કર્યા. એ જ બ્રહ્મની શક્તિ અને સર્વ વ્યાપકતા !

વડોદરાથી ફાસ્ટમાં નીકળી આણંદ, નડિયાદ સ્ટેશને ભક્તોને મળી, અમદાવાદ ચંપકભાઈ શેઠને ઘરે પધરામણી કરી. તબિયત જલદી સારી થઈ જાય એવા રૂડા આશીર્વાદ આપી, મંદિરે પધાર્યા. શિવાભાઈ અમીન તથા મંદિર-નિર્માણમાં મુખ્ય નિમિત્ત બનેલા ભક્તરાજ ભોગીભાઈ ચોકસીને લાભ આપી, વઢવાણ દર્શન કરી, સુરેન્દ્રનગર, ચોટીલા પધરામણી કરી, બપોરે ૨-૦૦ વાગે સ્વામીશ્રી રાજકોટ પધાર્યા.

તા. ૬-૪-'૬૪, લુહાણા મહાજન વાડીમાં પ્રમુખસ્વામીએ 'સત્સંગિજીવન' ગ્રંથની પારાયણનો પ્રારંભ કર્યો.

ચંદુભાઈ વિદ્યાધિકારી બીમાર હોવાથી સ્વામીશ્રી તેમને આશીર્વાદ આપવા ગોંડલ પધાર્યા હતા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'તમે ગોંડલના રખોપિયા છો. સ્વામી તમારા ઉપર બહુ રાજી હતા ને હજુ પાંચ વરસ તમારો દેહ સ્વામી રાખશે.' સ્વામીશ્રીએ ધૂન-પ્રાર્થના કરી. તેમની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

રાજકોટમાં કોનાટ હૉલમાં જાહેર સત્સંગ સભાનું આયોજન કર્યું હતું. પ્રમુખ સ્થાનેથી જેઠાલાલ જોશીએ કહ્યું હતું કે 'દેશમાં આજે યોગીજી મહારાજ જેવા યુગપુરુષની અત્યંત જરૂર છે.' સ્વામીશ્રીએ આશીર્વાદરૂપ પરાવાણી રેલાવી શહેરની ભાવિક જનતાને બ્રહ્માનંદથી તૃપ્ત કરી હતી. શોભાયાત્રા તથા વિશ્વશાંતિ યજ્ઞનું આયોજન પણ ઘણું સફળ રહ્યું હતું.

તા. ૧૩મીએ સ્વામીશ્રી ગોંડલ આવી પહોંચ્યા.

❀ ❀ ❀

# સુખની સીમા રે ગોંડલવાસી માણે



ચાતકની જેમ રાહ જોઈ રહેલા સંતો-હરિભક્તોને સ્વામીશ્રી મળ્યા અને દિવ્ય સુખ આપ્યું.

સ્વામીશ્રી ગોંડલમાં વધુ નવયુવાન બની જતા. આખો દૈનિક કાર્યક્રમ જાતે જ ઘડે. સવારે ૫-૩૦ વાગે સુંદર જ્ઞાનવાતો કરીને સૌને ક્રિયામાં પ્રેરે. આ સવારની વાતોના પ્રભાવથી દરેક કાર્યમાં સૌને ભગવાનનું જ અનુસંધાન રહે. બરાબર ૬-૪૫ વાગે સ્નાનાદિક ક્રિયાથી પરવારીને દેરીમાં પૂજા કરવા જાય ત્યારે અત્યંત નમ્રતાપૂર્વક દેરીમાં દર્શન કરે, પાંચ પ્રદક્ષિણા ફરીને પૂજામાં બેસે. પછી શણગાર આરતી કરવા પધારે. સ્વામીશ્રી જ્યારે ઘનશ્યામ મહારાજની આરતી ઉતારતા હોય, ત્યારે એ દિવ્ય દર્શન હોય. 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ સાથે' – આ પંક્તિ સાચા અર્થમાં અહીં સિદ્ધ થતી લાગે. પછી નીચે મહાપૂજાની આરતી ઉતારે અને ભંડાર, કોઠાર વગેરે સ્થળોએ ખુરશીમાં ફરીને સભામંડપ તથા શાસ્ત્રીજી મહારાજના ઓરડે દર્શન કરવા આવે.

ઉકાળા-પાણી લઈને સભામંડપમાં બિરાજે અને કથા વંચાવે. પોતે ટપાલમાં સહી કરે તથા ટપાલો વાંચે. રાજભોગની આરતીમાં સૌને દર્શને મોકલે. ત્યારબાદ 'હરે' કરાવે. હરેનો સાદ પડાવવાનો એમને ભારે ઉમંગ. હરિભક્તોને જાતે જ પીરસે. સંતોનાં પત્તર પણ ખૂબ જ પ્રેમથી છલકાવી દે. ભોજન કરીને ૧૨-૪૫ વાગે સભામાં આવે અને વચનામૃત વંચાવે. કોઈ વાર નિરૂપણ કરે અથવા ટપાલ વાંચે. કથાની સમાપ્તિ પછી બોલે : 'કરતા હોય એમ કરો.' ભક્તોને આરામ કરવાની આજ્ઞા કરે અને પોતે પોઢી જાય.

બપોરે ૩-૩૦ વાગે ઊઠીને દેરીમાં પધારે. કોઈનો પણ હાથ ઝાલ્યા વિના એકાવન પ્રદક્ષિણા ફરે, સાથે સંતો-હરિભક્તો પણ ફરે. ધ્યાનમાં બેસે. ૪-૦૦ વાગે ઠાકોરજી જાગે એટલે દંડવત્ કરીને, પાસે જઈને, નીરખીને દર્શન કરે.

સભામંડપમાં બિરાજે. ત્યારપછી ફરી ટપાલનું કામકાજ શરૂ થાય.

મંદિરનાં વિધવિધ સ્થળે પ્રતિદિન વારાફરતી સભા ભરે. ખેતર, ઘાટ, લીંબડા પાવન કરી સૌને સ્મૃતિ આપે. સાંજે દેરીમાં આરતી જાતે જ ઉતારે. મંદિર ઉપર પણ એવાં દિવ્ય દર્શનનો અનેરો લાભ આપે. પછી સ્નાન કરવા પધારે. સભામાં થોડી વાર બેસીને ઉકાળા-પાણી લઈ, રાત્રિની સભામાં સુંદર વાતો કરીને પોઢી જાય. સ્વામીશ્રીનાં આ દૈનિક ચરિત્રોને નિરંતર દિવ્યભાવથી નીરખતા હરિભક્તો બ્રહ્મધામનું સુખ મેળવતા અને સદાય નવો ને નવો જ આનંદ અને આશ્ચર્ય અનુભવતા.

## સુખની વ્યાખ્યા

કોઈ વિશેષ સમજ આપવાની કે ઉપદેશ આપવાની સ્વામીશ્રીની શૈલી સચોટ પણ વિવિધતાયુક્ત હતી. જાયવાના ઘનશ્યામસિંહ બાપુના નાના દીકરા શંભુસિંહ પડછંદ કાયાના ભાવિક યુવાન ભક્ત હતા. જાડા માણસો સાથે હળવી ગમ્મત કરવાનો સ્વામીશ્રીને સહજ સ્વભાવ હતો. આજે સભામાં શંભુસિંહને જોઈને પડકારો કર્યો : 'એ શંભુ ! સુખિયા છો ને ?' સ્વામીશ્રી શંભુસિંહજીને ક્યારેક એક વચને બોલાવતા.

શંભુસિંહ જૂનાગઢમાં એસ.ટી.માં નોકરી કરતા હતા. આર્થિક મુશ્કેલી તેમજ વ્યાવહારિક ઉપાધિ ઘણી હતી. આટલી મોટી સભામાં સ્વામીશ્રીએ તેમને પૂછ્યું, ત્યારે ઘડીભર તે ડઘાઈ ગયા. છતાં તેમણે કહ્યું : 'હા, બાપા !'

'ઊંઘ આવી જાય છે ને ?'

'હા, બાપા !'

'શરીરમાં કોઈ રોગ છે ?'

'ના, બાપા !' શંભુસિંહ ટૂંકમાં ઉત્તરો આપતા હતા.

'સૌ સાંભળો, આથી વધારે શું સુખ જોઈએ ? હૉલ (આખા) હિન્દુસ્તાનમાં આના જેવા સુખિયા કોણ ? મોટા મોટા શેઠિયાને ઊંઘની ગોળી લેવી પડે. ખાધું પચતું ન હોય તો ગોળી લેવી પડે. તે શું સોનાની કઢી ખાય છે ? ના, આપણા જેવું જ. મહારાજ, સ્વામીના પ્રતાપે આપણે સુખિયા છીએ.'

શંભુસિંહનું મિષ લઈ સ્વામીશ્રીએ સહજમાં સુખની વ્યાખ્યા કરી. સત્પુરુષના સંબંધનું સુખ એ જ સાચું સુખ છે. બીજું બધું સુખ હોય તોપણ દુઃખરૂપ જ છે. જેટલું કંઈ માયામય સુખ છે તે સર્વે દુઃખ વિનાનું હોય નહીં, એ

વાત પણ એક જાણી રાખવી. એમ સત્પુરુષના અને ભગવાનના સંબંધ વિનાનું સુખ એ માયામય સુખ જ જાણવું. એવો ધ્વન્યાર્થ સ્વામીશ્રીની વાણીમાંથી નીકળતો હતો.

ગોંડલના મોહનભાઈ પટેલની સેવા અંગીકાર કરી, સાંજે મેવાસા તથા ચરખડી પધરામણી કરી. તા. ૧૬મીએ ઘોઘાવદરમાં, નદી કાંઠે પ્રસાદીની દેરી – જ્યાં ગુણાતીતાનંદ સ્વામીએ જાગા સ્વામી પાસે પાંચ વચનામૃતો વંચાવ્યાં હતાં – ત્યાંથી ભક્તોએ શોભાયાત્રા કાઢી. ગામમાં સ્વામીશ્રીએ સૌને દર્શન આપ્યાં. સંધ્યા થતાં પહેલાં બંધિયા પધારી, દરેક પ્રસાદી સ્થળનાં દર્શન કરી, પાછા ઘોઘાવદર આવી, સભા કરી, ગોંડલ આવી પહોંચ્યા.

ગોંડલ મંદિરના દરેક વ્યવહારમાં સ્વામીશ્રી પૂરું લક્ષ આપતા. જ્ઞાનયજ્ઞ બાગનાં મકાનોનું બાંધકામ ચાલતું હતું. તેમાં સેવા આપતા રામજીભાઈ મિસ્ત્રી, જી.કે. સ્વામી તથા મોતીકાકાને બોલાવીને સ્વામીશ્રીએ કેટલીક સૂચનાઓ આપી. વ્યવહાર અને મોક્ષ બંને માર્ગની સ્વામીશ્રી સારી સમજ આપતા.

સ્વામીશ્રી બધું કાર્ય નિહાળી પ્રસન્ન થયા. પછી દરવાજા પાસેની ઓરડીની બાજુમાં ખુરશીમાં બિરાજ્યા. સ્વામીશ્રી કહે : 'અક્ષર મંદિરની દુકાનો થશે એટલે ગોંડલ શહેરનો વિકાસ થશે. અહીં પછી જગ્યા પણ નહીં મળે. પહેલાં આ જગ્યા લીધી ત્યારે સૌ કહે : 'આ ખાડાવાળી જગ્યા શું લેવી છે ?' પણ અમે સ્વામીની મરજી પ્રમાણે કરીએ છીએ એમ ન જાણે. પછી જોગીના ગુણ ગાશે. મંદિરની આજીવિકા બંધાઈ જાય.' આ પ્રમાણે ઘણી બધી વાતો કરી.

પછી રામજીભાઈ, જી.કે. સ્વામી તથા મોતીકાકાને આશીર્વાદ આપી મંદિરે પધાર્યા.

## મનોરથ તુરત કરત સુફલ મનમોહન

વેકરીના બાઘુભાઈ વ્યવસાયે દરજીકામ કરતા. અક્ષર મંદિરમાં કાંઈપણ કામકાજ હોય ત્યારે સ્વામીશ્રી તેમને બોલાવતા. બાઘુભાઈ જૂનાં મોદિયાં અને ફાટેલાં ગાદલાં-ગોદડાં એકઠાં કરે, તેને સાંધે અને વ્યવસ્થિત મૂકી દે.

એક વાર સ્વામીશ્રી બાઘુભાઈ કામ કરતા હતા ત્યાં પધાર્યા. બાઘુભાઈ થાક્યા-પાક્યા મોદના મોટા ઢગલા પર જ સૂઈ ગયા હતા. સ્વામીશ્રી નજીક ગયા. તેમનો ચરણસ્પર્શ કર્યો ને યુવકોને કહે : 'એમને ટેકો દઈને ઊઠાડો.'

પછી કહે : 'બહુ સેવા કરે છે. મંદિરનું મમત્વ રાખીને કામ કરે છે.'

બપોરે ભોજન સમયે સ્વામીશ્રીએ તેમને બોલાવવા એક યુવકને મોકલ્યો. બાઘુભાઈ આવ્યા. તેમને હેતે થાળી પીરસી આપી, પછી પોતે જમવા પધાર્યા.

એક વાર સ્વામીશ્રીએ બાઘુભાઈને બોલાવી કહ્યું : 'તમે સંતોને વેકરી, ચરખડી લઈ જાવ. ધર્માદો-લખણી કરી લેજો.'

બાઘુભાઈને થયું કે 'સ્વામીશ્રી પધારે તો લખણી થાય.' પણ તેઓ બોલી શક્યા નહીં ને સાંજે ગાડામાં વેકરી જવા નીકળી ગયા.

બીજે જ દિવસે સ્વામીશ્રી સંતો સાથે વેકરી પધાર્યા ને મંદિરમાં બિરાજ્યા. બાઘુભાઈને મળતાં જ સ્વામીશ્રી કહે : 'તમારો સંકલ્પ હતો તેથી આવ્યા. સવારે મોરબીથી જગુભાઈ ગાડી લઈને આવ્યા તે કહ્યું : 'ગાડી આપો તો વેકરી જઈ આવીએ.' તેમણે ગાડી આપી તે આવી ગયા. લાવો ખરડો કરી લઈએ.' એમ કહેતાં લખણી કરી લીધી. ગોંડલ જવા નીકળ્યા ને બાઘુભાઈને કહે : 'હાલો, તમારે ઘરે પધરામણી કરી લઈએ !'

બાઘુભાઈએ તો એક પછી આ બીજું આશ્ચર્ય અનુભવ્યું. તેમનો બીજો સંકલ્પ પધરામણીનો પણ પૂરો થયો કે 'સ્વામીશ્રી પધારે તો વ્યવહાર સારો ચાલે. વળી દુકાન નવી કરી છે, તો બાપાનાં પગલે કામ સારું થાય.'

સ્વામીશ્રીએ પગલાં કરી આશીર્વાદ આપ્યા. સાધારણ સ્થિતિ, પણ સ્વામીશ્રી વિશે હેત તેથી સત્સંગ ખૂબ સારો રાખ્યો. સ્વામીશ્રીની પણ કેવી ભક્તવત્સલતા !

ગોંડલ મંદિરમાં સેવા કરતા પોતાના પૂર્વાશ્રમના નાના ભાઈ છગનભાઈ સાથે સ્વામીશ્રી કદી બોલતા નહિ તથા ઊંચી આંખ કરી તેમની સામું જોતા પણ નહિ. તેથી તેઓ હંમેશાં સ્વામીશ્રીના પ્રેમથી વંચિત રહેતા. તેનો તેમને તથા તેમના પરિવારને સદા ઘણો રંજ રહેતો. છતાં સ્વામીશ્રીના સખા દાજી બાપુ જેઓ છગનભાઈ સાથે જ સેવામાં હતા, તેમને સખાભાવે સ્વામીશ્રી સાથે ઘણી છૂટ હતી, તેઓ છગનભાઈ માટે પણ સ્વામીશ્રીની ના મરજી છતાં આશીર્વાદ મેળવતા.

નાનજીબાપા, છગનભાઈ તથા તેમના સુપુત્ર નંદલાલભાઈએ મળીને દેવચડીમાં સુંદર હરિમંદિર બાંધેલું. તા. ૧૮-૪-'૬૪, સવારે સ્વામીશ્રીના વરદ હસ્તે અહીં વિધિપૂર્વક મૂર્તિપ્રતિષ્ઠા થઈ.

અહીંથી નીકળી સુરેન્દ્રનગર, વઢવાણ થઈ, સ્વામીશ્રી અમદાવાદ ચંપકભાઈ શેઠને દર્શન-આશીર્વાદ આપી મંદિરે પધાર્યા.

## દરેકમાં ફર્સ્ટ નંબરનો આગ્રહ

હરિજયંતીનો ઉત્સવ અહીં શાનદાર રીતે ઊજવાયો.

રાત્રે ૧૨-૦૦ વાગે સ્નાન કરી, પૂજા કરી, કેટલાક યુવકો બરાબર ૧-૦૦ વાગે લીંબુનું શરબત બનાવીને પીતા હતા. સ્વામીશ્રીના ઓરડાની બાજુના ઓરડામાં સૌ બેઠા હતા. તેથી યુવકોની વાતચીતનો અવાજ સંભળાતો હતો. સ્વામીશ્રી રાત્રે ઊઠીને બારણું ખોલીને સૌ યુવકો બેઠા હતા ત્યાં આવ્યા. સૌ પગે લાગ્યા ને બે યુવકોએ સ્વામીશ્રીનો હાથ ઝાલી લીધો. સ્વામીશ્રી હસીને કહે : 'પારણાં કરો છો ને ! સારું, ઉપવાસ લાગ્યો હશે.' એમ કહી થોડી વારે આરામમાં પધાર્યા.

બીજે દિવસે સવારે દાતણ કરી, સાથે ફરનાર સંતો તથા યુવકોને સ્વામીશ્રીએ બોલાવ્યા ને કહે : 'આજે નીમ લો કે રાત્રે ૧૨-૦૦ વાગે પારણાં ન કરવાં. સવારે ૪-૦૦ વાગ્યા પછી પારણાં કરવાં. બહુ ઉપવાસ લાગે તો ઠાકોરજી બપોરે જાગે પછી સાદું પાણી પીવું; પણ રાત્રે પારણાં ન કરાય. રાત્રે પારણાં કરીએ તો ફર્સ્ટમાં નંબર ન આવે.'

સ્વામીશ્રીએ રાત્રે સૌ શરબત પીતા હતા ત્યારે વાત ન કરી પણ સવારે કરી. ત્યાગ, વૈરાગ્યની અત્યંત દૃઢતા છતાં સહજ રીતે નિયમપાલન કરાવવાની સ્વામીશ્રીની અલૌકિક રીત હતી.

## ભક્તિની વેલી અંતરથી ફાલીફૂલીને ખૂબ ફળે

છેલ્લા બે માસના વિચરણમાં સ્વામીશ્રી ઝાલાવાડ, ગોહિલવાડ, દંઢાવ્ય, ચરોતર, કાનમ, વાકળ તથા રાજકોટ, ગોંડલ વિસ્તાર જે રીતે ઘૂમી વળ્યા, તે ઉપરથી એમના અવિરત વિચરણની કાંઈક ઝાંખી થાય છે. આ બધા દિવસોમાં કરેલો પ્રવાસ, વિવિધ ગામોમાં થયેલાં સામૈયાં, જાહેર સત્સંગ સભાઓ તથા પધરામણીઓનું વિગતે શબ્દચિત્ર શક્ય જ નથી, પરંતુ વિચરણની ગતિવિધિ ઉપરથી, ગામો તથા પધરામણીની સંખ્યા ઉપરથી સ્વામીશ્રીને પડેલી તકલીફોનો અંદાજ કદાચ કોઈ કાઢી શકે ! પણ એ કલ્પના જ કંપારી છૂટે એવી હતી.

કોઈને એમ થાય કે 'આ બધું શા માટે ?' અથવા તો 'એમના જીવનનું મહત્ત્વનું કાર્ય શું ?' બંને પ્રશ્નોના જવાબો એકબીજામાં અંતર્હિત છે, તેથી એક જ છે. જેમ હિમાલયમાંથી નીકળેલી ગંગા પહાડો, ખડકો, ખીણો તથા વૃક્ષો જેવાં

અનેક આવરણોને ભેદીને એક સમુદ્રને મળવા દોડે છે; તેમ કેવળ પરમાત્માના આદેશથી જ અવતરેલા આવા ગુણાતીત સંતપુરુષ અનેક મુશ્કેલીઓને ન ગણકારતાં, દેહના ભાવને સદંતર ઉપેક્ષી, એકમાત્ર ભગવાનનું ભજન તથા સત્સંગ કરવા અને કરાવવાનો આગ્રહ રાખે છે. એ માટે અવિરત વિચરણ ખેડે છે. દિવસ-રાત જોયા સિવાય પધરામણીઓ કરે છે. પત્રોના ઉત્તરો આપે છે. સૌને રમાડે-જમાડે છે. સેવા કરે છે. મંદિરોમાં જાય છે. તીર્થો તથા પ્રસાદી સ્થાનોનાં વારંવાર દર્શન કરે છે. સમૈયા-ઉત્સવો, પારાયણો યોજે છે. ઉપદેશ આપે છે. મંદિરો રચે છે. એક જ હેતુથી; જીવ કોઈ વાતે શ્રીજીમહારાજની ભક્તિ અને સત્સંગને અનુસરે. મહારાજનું અવિનાશી સુખ પ્રાપ્ત કરે.

એમના જીવનમાં આ વિવિધલક્ષી કાર્યોથી ધાર્મિક-અધાર્મિક સર્વને અસાધારણ પ્રેરણા મળે છે. શ્રદ્ધાનાં બીજ રોપાય છે. સત્સંગનું સિંચન થાય છે. આમ, દરેકનાં હૃદયમાં ભક્તિની વેલી ફૂલે-ફાલે છે. વૃક્ષ બને છે. ભક્ત બને છે. મુક્ત બને છે. અનેકોનાં જીવનમાં અનુભવાતી આ જ સત્સંગ પ્રક્રિયા, ભક્તિની ફળશ્રુતિ માટે જ એમનું જીવન, અને આ દોડધામ ભગવત્આજ્ઞા, અને મરજીના ચાલકબળથી અવિરત ગતિમાન એમનું જીવન એ જ ભગવત્-મિશન ! અને ભાગવત ધર્મ !

તા. ૨૧-૪-'૬૪, સવારે બોચાસણ દર્શન કરી, બોરસદ - વાસણા પારાયણ પ્રસંગે પધાર્યા. કાશીભાઈ, શંકરભાઈ, છોટાભાઈ, ઈશ્વરભાઈ વગેરે ભક્તોએ સ્વામીશ્રીની પ્રેરણાથી આ પારાયણ યોજી હતી. સૌએ પુષ્પો અને અબીલ-ગુલાલ વરસાવી ભાવભીનું સ્વાગત કર્યું. પ્રમુખસ્વામીએ 'હરિલીલા-કલ્પતરુ'ના દ્વિતીય સ્કંધની પારાયણનો પ્રારંભ કર્યો. એમની મીઠી વાણીમાં સૌ હરિચરિત્રોમાં એકતાર થઈ ગયા. સ્વામીશ્રીની અમૃત વાણીનો પણ ગામના આગેવાનો તેમજ આમજનોએ સારો લાભ લીધો. શોભાયાત્રા ગોઠવી હતી. હકાભાઈએ અહીં અગાઉથી આવી તૈયારી માટે સારી પ્રેરણા આપી હતી. કાશીભાઈના કુટુંબીઓનો ઉત્સાહ અનેરો હતો. પારાયણની પૂર્ણાહુતિ કરી, સ્વામીશ્રી બોચાસણ પધાર્યા.

સ્વામીશ્રી સાથે રહી ટપાલની સેવા હંમેશાં ગુણવંતભાઈ દાણી કરતા. સંસ્થાના એક મંદિર માટે કોઈ વસ્તુ આણંદથી એક યુવક ખરીદી લાવેલા. તેથી સંતોએ તે રકમ ચૂકવવા ગુણવંતને કહ્યું. તેમની પાસે મહાપૂજાની રકમ હતી. તેમાંથી તેમણે રકમ ચૂકવી આપી. સાંજે સ્નાન કરતી વખતે તેમણે સ્વામીશ્રીને

આ વાત કરી. તેથી તેઓ નારાજ થઈ ગયા ને બોલ્યા : 'અક્ષર દેરીની મહાપૂજાની રકમમાંથી ખર્ચ થાય જ નહીં. મને વાત કરવી હતી, તો હું કોઈ હરિભક્તને કહી દેત એટલે ખર્ચની રકમ ચૂકવી આપત. પણ મારી રુચિ તમારે સમજવી. અક્ષર દેરીની સેવા મન-કર્મ-વચને કરવી એ રુચિ છે.'

પછી ઈશ્વરભાઈને બોલાવીને આજ્ઞા કરીને ગુણવંતભાઈને તેટલા રૂપિયા સ્વામીશ્રીએ અપાવી દીધા ને મહાપૂજાની રકમ પૂરતી કરી દીધી.

આજે સ્વામીશ્રી અત્યંત પ્રસન્ન હતા, કારણ કે મુંબઈથી યોગેશ્વરો આવવાના હતા. અટલાદરા દર્શન કરી સંતો બસમાં બોચાસણ આવ્યા અને સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. મંદિરની જમીન પર લાલ ચાદર બિછાઈ ગઈ. સ્વામીશ્રી સૌ મોટેરા સંતોને પ્રેમપૂર્વક મળ્યા ને બધા સંતોને થાપા મારી આશીર્વાદ આપ્યા. રાત્રે સભામાં સ્વામીશ્રીએ યોગેશ્વર સંતોનો મહિમા કહ્યો.

બોચાસણમાં ચૈત્રી પૂર્ણિમા-ઉત્સવ હજારો હરિભક્તોની હાજરીમાં ધામધૂમથી ઊજવાયો. મુંબઈથી આવેલા સંતો સ્વયંપ્રકાશ સ્વામી તથા નારાયણ ભગતે તેમજ મગનભાઈ, હર્ષદભાઈ, મણિભાઈ, પ્રમુખસ્વામી તથા મોટા-સ્વામીએ ગુરુગુણાનુવાદ કર્યા. સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા.

## છાત્રાલયનું ખાતમુહૂર્ત

વિદ્યાનગરમાં છાત્રાલય કરવાના સ્વામીશ્રીના સંકલ્પને સાકાર કરવા અંબાલાલભાઈએ પોતાની કિંમતી જમીનનું દાન કર્યું હતું. ત્યાં સ્વામીશ્રીએ ભૂમિ-અર્પણ વિધિ સાથે ભૂમિપૂજનનો કાર્યક્રમ અગાઉ યોજ્યો હતો, પણ છાત્રાલયનો ખાતમુહૂર્ત પ્રસંગ મોટા પાયે યોજી, સાથે શ્રમયજ્ઞ કરવાનો પણ સૌને સંકલ્પ હતો. એ નિમિત્તે સ્વામીશ્રીએ મુંબઈથી સૌ સંતોને ચૈત્રી પૂર્ણિમા ઉપર તેડાવ્યા હતા.

તા. ૨૭-૪-'૬૪, સવારે ૧૦-૩૦ વાગે, વિદ્યાનગરના આયોજક ભાઈકાકા, ઉપકુલપતિ ઈશ્વરભાઈ પટેલ, મંત્રી ચીમનભાઈ દેસાઈ તથા સી.સી. પટેલ, મહેન્દ્ર બાપુ, બકુભાઈ અમીન, જમનાદાસભાઈ અમીન તેમજ આણંદ સત્સંગ મંડળના અગ્રણી કાર્યકરો મણિભાઈ જીવાભાઈ, અંબાલાલભાઈ, મણિભાઈ નારણભાઈ વગેરેની હાજરીમાં સ્વામીશ્રીએ ખૂબ ઉત્સાહપૂર્વક છાત્રાલયનું ખાતમુહૂર્ત કર્યું. વિવિધ કૉલેજોના પ્રિન્સિપાલો પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

આશરે પાંચસો યુવકો તથા મુંબઈના યોગેશ્વરોએ પાયા ખોદવાની શરૂઆત કરી. ભાઈકાકા તથા સર્વે આગેવાનોને સ્વામીશ્રીએ કહ્યું : 'તમે અહીં કૉલેજો કરી વિદ્યાદાનની સારી પ્રવૃત્તિ શરૂ કરો. શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે વિદ્યાદાનને શ્રેષ્ઠ કહ્યું છે. તો આ છાત્રાલય થવાથી મોક્ષની વિદ્યા પણ પ્રવર્તશે. શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ આપના દ્વારા પૂરો થયો.' એમ સૌને રાજી કર્યા.

છાત્રાલયના પાયાના ખોદકામ અંગે સાત દિવસની શ્રમ-શિબિર યોજવામાં આવી હતી. સ્વામીશ્રીની આજ્ઞાથી ૧૬ યુવક મંડળોના ૫૦૦ યુવકોએ ૭ દિવસ સખત શ્રમ કરી, ૬ ફૂટ ઊંડા પાયા જોતજોતામાં ખોદી નાખ્યા. સ્વામીશ્રીના પ્રેરક બળની ઝાંખી સૌને થઈ. મહેન્દ્ર બાપુ જેવા વડીલોએ પણ સતત યુવકો સાથે સેવામાં રહી ઉત્સાહ પ્રેર્યો હતો.

મુંબઈથી આવેલા સંતોએ પણ શ્રમકાર્યમાં યુવકો સાથે ખભેખભા મિલાવીને સેવા કરી હતી. તેમજ શ્રમયજ્ઞ સાથે જ્ઞાનયજ્ઞનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. જેમાં સંતો નિયમિત યુવકો સાથે જ્ઞાનગોષ્ઠિ કરતા. સ્વામીશ્રી પણ શ્રમકાર્ય દરમ્યાન હંમેશાં ત્યાં જ બેસી રહેતા. વડીલ હરિભક્તો સાથે વાતોચીતો કરતા, ટપાલ લખતા અને સેવા કરતા સંતો-યુવકો તરફ દૃષ્ટિ અને હાથનાં લટકાં કરી, અપાર પ્રેરણા, આનંદ ને જુસ્સો સૌને આપતા હતા.

એક વાર મહેન્દ્ર બાપુએ વાતવાતમાં સ્વામીશ્રીને કહ્યું : 'મેં પણ ૨૦૦ થી ૩૦૦ તગારાં ઉપાડ્યાં હશે !'

ત્યારે તરત સ્વામીશ્રી બોલ્યા : 'જાવ, એક એક તગારે એક એક યજ્ઞનું ફળ છે.' એમ કહેતાં હાથ ઊંચો કરી લટકું કર્યું. સ્મૃતિ સાથે સૌનાં અંતરમાં પુણ્યના પુંજ ભરી દીધા. સૌને પુલકિત કરી દીધા.

## ભાંગેલા ભેરુને શીરાના ઓસડ !

પાયા ગાળવા માટે શ્રમયજ્ઞમાં પિનાકિન જોશી અને સૂર્યકાન્તભાઈ પટેલ વસોવાળાને કામ કરતાં સારું એવું વાગેલું. આથી તેઓ પથારીવશ હતા.

સાંજે સ્વામીશ્રી તેમની ખબર-અંતર પૂછવા માટે આવતા ત્યારે કહેતા કે 'શીરો જમ્યા ને ? પછી શરીરે હાથ ફેરવીને કહેતા કે સારું થઈ જશે. શૂળીનું દુઃખ કાંટે ગયું. બન્ને જણા ગોષ્ઠિ કરજો અને કથાવાર્તા કરજો. મનને નવરું પડવા ન દેવું.'

સ્વામીશ્રીનું હેત જોઈને બન્નેની આંખોમાં આંસુ આવી જતાં. જનેતા

પોતાના બાળકને હેત-પ્રીત કરે તેથી અનેક ગણું વિશેષ હેત સ્વામીશ્રી યુવકોને કરતા અને તેમની સેવા-પરિચર્યા માટે ખૂબ જ ખબર રાખતા અને રખાવતા. બન્ને યુવકોને પણ એવો કેફ ચડી જતો કે જાણે ઈજા થઈ જ નથી !

## માટીના પિંડામાં શું જોવું ?

આ વખતે ગુજરાતના જાણીતા શિલ્પી કાંતિભાઈ પટેલે સ્વામીશ્રીના સિટીંગ લઈ સ્ટેચ્યુ માટે મોડેલિંગ કરવાની ઇચ્છા દર્શાવી. તેમનો સ્ટુડિયો ત્યારે વિદ્યાનગરમાં જ હતો. તેમણે સ્વામીશ્રીને વિનંતી કરી. સ્વામીશ્રીએ કંઈ ઊંડી પૂછપરછ કરી નહિ કે મોડેલિંગ શું ? વગેરે. પણ એમણે અનિચ્છા દર્શાવી. કાંતિભાઈ જેવા કુશળ શિલ્પી આ કાર્ય કરવાના છે, એ લાલચથી હરિભક્તો પણ કાંતિભાઈના પક્ષે ભળ્યા અને સ્વામીશ્રીની સંમતિ મેળવી. કાર્યક્રમ ગોઠવાયો. બે-ત્રણ દિવસ સવાર-સાંજ કલાકથી વધુ સમય સ્વામીશ્રીએ ફાળવ્યો.

કાંતિભાઈના સ્ટુડિયોમાં સ્વામીશ્રી પધારે એટલે તેમણે ગોઠવેલા એક આસન ઉપર બેસી જાય. અમારી પાસે તુરત 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથ વંચાવવો શરૂ કરાવે. કાંતિભાઈ જવાની રજા આપે એટલે ધાબળો ખભે નાખી, બે સેવકોના હાથ પકડી, સ્ટુડિયોની બહાર નીકળી જાય. પણ આ દરમ્યાન 'કાંતિભાઈ શું કરે છે ?' એવું આંખ ઊંચી કરી સ્વામીશ્રીએ ક્યારેય જોયું નથી. નજરના એક ખૂણાને પણ તે તરફ વાળ્યો નથી. પોતે તો બસ કથા સાંભળતા જાય, માળા ફેરવતા જાય ને મહારાજનાં ચરિત્રોમાં ગુલતાન થઈ હસતા જાય. એક શિલ્પી અત્યંત શ્રમપૂર્વક અને કુશળતાથી, પોતાના જ મુખારવિંદને માટીના પિંડામાં આકાર આપી રહ્યો છે, એ જોવાની કે જાણવાની સુધ્ધાં સ્વામીશ્રીએ દરકાર કરી નહિ, કુતૂહલતાનો પણ ભાવ સરખો દર્શાવ્યો નહિ. એમની દેહથી અતીત અવસ્થાનો આ સીમાચિહ્નરૂપ પ્રસંગ આજે પણ નજર સમક્ષ તરવરે છે.

એક સવારે સ્વામીશ્રી કાંતિભાઈ શિલ્પીના સ્ટુડિયોમાંથી નીકળ્યા. ઉતારો કોંગો હાઉસમાં હતો. મહંત સ્વામી અને સંતોએ કહ્યું : 'ત્યાં કામ પૂરું થઈ ગયું છે (પાયા ખોદવાનું). કોઈ હશે નહિ.'

તોપણ સ્વામીશ્રી કહે : 'ના, ના, જઈ આવીએ.'

બધા ભૂલી ગયા હતા પણ સ્વામીશ્રીને ખ્યાલ હતો કે 'મોટાસ્વામી ત્યાં છે. તેમને કોણ લાવશે ?' તેથી પોતાની ગાડી જમીન ઉપર લેવરાવી. દરેકને જાળવવાની કેવી દૃષ્ટિ ! કેવી સજ્જનતા ! કેવો વિવેક !

## એક તગારે અક્ષરધામ !

શ્રમયજ્ઞના પૂર્ણાહુતિ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ રાજીપો વરસાવ્યો કે 'શ્રમકાર્યમાં એક તગારું માટી ઊંચકનારને અક્ષરધામની પ્રાપ્તિ.'

પ્રમુખસ્વામીએ પણ અહીં સૌના દિવ્ય જીવનનું ઘડતર થાય તેવી શુભ-કામના વ્યક્ત કરી હતી.

સ્વામીશ્રીના રાજીપાથી છાત્રાલય બાંધકામમાં પણ સૌએ સારી સેવા નોંધાવી હતી. દરેક સેવા કરનાર યુવકને સ્વામીશ્રીએ પ્રસાદ આપ્યો. આમ, સ્વામીશ્રીના સાંનિધ્યમાં સાત દિવસનો જ્ઞાનયજ્ઞ સાથેનો શ્રમયજ્ઞ વિશિષ્ટ રીતે યોજાયો. તેમજ સતત દર્શન અને પ્રેરણા આપી સ્વામીશ્રીએ - ભજન કરતાં ક્રિયા કરવી - એ આદેશની વ્યાવહારિકતા સફળતાપૂર્વક બતાવી.

અહીંથી વડતાલ દર્શન કરી, સાંકરદા પધાર્યા.

રાત્રે સ્વામીશ્રીના સાંનિધ્યમાં સુંદર સભા થઈ. થોડા હરિભક્તો તથા યુવકો હતા. સ્વામીશ્રી કહે : 'અમે સ્વામી સાથે અહીં આવતા. ફાનસ હાથમાં લઈને આવતા ને ઘેર ઘેર ફરતા. ભીડો જ ખમવાનો.'

પછી ગુણવંતભાઈને સંબોધીને કહે : 'ગુણુભાઈને કેવી લહેર ? મોટરમાં ફરવું અને બધે સારું સારું જમવાનું. એ વખતે હોત તો ટકે જ નહીં. હાથ જોડીને મારગ દઈ દો, કેમ ખરું ને ?'

'હા બાપા ! તેમજ થાય.'

'આ લ્યો, વાણિયાની મૂંછ નીચી. એમ કહેતા નથી કે ભીડો ખમવાનું મળે તો સારું.'

'બાપા ! ભીડો ખમવાનું મળે તો સારું.' ગુણવંતે કહ્યું.

'જીપૂજ - જીપૂજ.' એમ કહી સ્વામીશ્રીએ ઢુંઢિયાનું દૃષ્ટાંત આપીને સૌને ખૂબ જ હસાવ્યા.

## જગત નો ગરવા દેવું

પછી જૂની વાત સંભારતાં કહે : 'અહીં એક પટેલ હતા. અમે આવતા ત્યારે રોજ આવે. ઓટલે બેસે ને વાતું કરે. ગામની ચોવટ કરે : 'આને ઘેર આમ થયું. ઓલાને આ થયું.' પછી હું કહું : 'હાલો, આપણે વચનામૃત વાંચીએ.' તરત માથે પાઘડી ઘાલે. 'સ્વામી ! હમણાં આવું,' એમ હાલવા માંડે. ગ્રામ્યવાર્તાથી શું

સમાસ થાય ? આપણે ભેગા ફરીએ છીએ તો જગત નો ગરવા દેવું.'

પછી રાત્રે લઘુ કરવા પધાર્યા. ત્યારે સ્વામીશ્રીએ ગુણવંતનો હાથ ઝાલી સ્નેહથી પૂછ્યું : 'ગુણુ ભગત ! ખોટું લાગ્યું નથી ને !'

ગુણવંતની આંખમાં આંસુ આવી ગયાં. સ્વામીશ્રી કેટલા દયાળુ છે !

બીજે દિવસે અંજેસર થઈ, વાસણા કોતરિયા પધાર્યા.

તા. ૩-૫-'૬૪, અહીં સ્વામીશ્રીનું વડોદરાના દરબારી બૅન્ડથી સ્વાગત થયું. રાત્રે સ્નાન કરતી વખતે સ્વામીશ્રી કહે : 'ગાયકવાડ સરકારે મહારાજનું દરબારી સ્વાગત કર્યું હતું, તેવું આવા નાના ગામડામાં થયું !'

પછી ગુણવંતને કહે : 'આ બધું લખો છો ને ?'

એટલે તેમણે કહ્યું : 'હા, બાપા ! આપનો સ્નેહ એવો છે કે લખીએ નહીં તોપણ યાદ રહી જાય.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તમારે બધું લખી લેવું. નારણભાઈ (નારાયણ ભગત), ઈશ્વર સ્વામી, રમેશભાઈ, કિશોરભાઈ મુંબઈમાં બધું લખી લે. કેવો મહિમા ! ત્યારે તમે તો જોડે ફરો છો. માટે લખી લેવું. ભવિષ્યમાં તમને સાંભરશે કે સ્વામી સાચું કે'તાતા.'

આ પછી શાસ્ત્રીજી-વર્ગમાં અભ્યાસ કરતા નારાયણ ભગત તથા સંતોને સંસ્કૃતમાં આચાર્ય પદવી પ્રાપ્ત કરી લેવા આજ્ઞા કરી.

અહીં 'સત્સંગિજીવન'નું પારાયણ પ્રમુખસ્વામી પોતાની મધુર શૈલીમાં સંભળાવતા. સવારે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી સંતો-યુવકોને સંબોધીને કહે :

'આ વાસણામાં અમે પહેલાં આવતા ત્યારે બત્તી નહીં. ફાનસ લઈ કોતરોમાં જંગલ જઈએ. વરસાદ પડતો હોય. ફાનસ ઓલવાઈ જાય. અથડાતા-કુટાતા આવીએ. કૂવા ઊંડા. હરિભક્ત જે ડોલ ખેંચે તે થાકી જાય. અત્યારે બત્તી થઈ ગઈ. મુંબઈ, કલકત્તા જેવી બત્તી અહીં ! નહીં તો વાસણામાં બત્તી ક્યાંથી ?'

## મોક્ષ મેળવવાના સવળા વિચાર કરવા

સવારે ૮-૦૦ વાગે ઉકાળા-પાણીને વાર હતી. તેથી સ્વામીશ્રી કહે : 'વચનામૃત વાંચીએ.' પછી ગ.પ્ર. ૫૫ વંચાવ્યું ને વાત કરી :

'સંત ભેળા રહે તેને અશુભ દેશ શું ? સંત તો પવિત્ર છે; પણ સંગદોષ લાગે. મોળી વાતમાં સૌ ભળે. સર્વોપરી કાર્ય થતું હોય પણ એક શબ્દ આવ્યો તો ઠબ !

'આપણે ઉત્તમ દૃઢતા કરવી. ડંકો મારવો છે. જીવમાં ઉતારવું. નિશ્ચય, સંગઠનભાવ, એકતા રાખવી. ભારે બીજબળ થાય. ભારે પુણ્ય મળે. આજ્ઞા ન પાળે તો દૃઢતા મોળી પડી જાય. સારા ભગવાનના ભક્તનો અભાવ, અવગુણ લેવાઈ ગયો તે નડે છે. શાથી દ્રોહ થયો ? પૂર્વનાં પાપ.

'ખબડદાર થાય, ટૂક ટૂક થાય, બળીને ભસ્મ થાય, એમ શૂરવીરપણું રાખે. પોલીસ ખબરદાર રહે, તેમ ખબરદાર થાવું. પોલીસ હાથ આડા અવળી ન કરે તો ગાડી ભુટકાઈ જાય ને પોલીસને સસ્પેન્ડ કરી નાખે. એમ અભાવ-અવગુણ લે તો મહારાજ સત્સંગમાંથી કાઢી નાખે. અભાવ-અવગુણ ન આવે, પાછો ન પડે. આ જેને સમજાઈ જાય તેને ૨૬૨ વચનામૃત સિદ્ધ થઈ જાય. માટે અવળા વિચાર કરી હેડ્યમાં પગ ન ઘાલવો.

'એક ગામમાં મોતી પટેલ રહેતા. તે રોજ સવારે ઓટે બેસી દાતણ કરે ત્યારે હંમેશાં એક પાડો સામો જ બેઠો હોય. તેનાં ગોળ શિંગડાં જોઈ મોતીભાઈ રોજ વિચાર કરે કે 'આ શિંગડાંમાં પગ ભરાવું તો ફીટ બેસી જાય !' આમ રોજ વિચાર કરે.

'એમ કરતાં છ માસ ગયા. પછી વિચાર આવ્યો કે 'આજે તો ભરાવું જ !' પછી ઊઠીને પાડાનાં શિંગડાંમાં પગ નાખ્યા ને ફીટ બેસી ગયા. પાડો તો ભડકીને ભાગ્યો. મોતીભાઈ ઢસડાય ને હાથ-પગ છોલાય. પછી ગામના માણસોએ માંડ પકડ્યો ને માથેથી ઝાલીને કાઢ્યા. ગામલોકો કહે : 'મોતી ભગત ! વગર વિચાર્યે આમ શું કર્યું ?' તો કહે : 'છ મહિના વિચાર કર્યો છે. પછી પગ ભરાવ્યા છે.' પછી માંડ બે મહિને સાજા થયા.

'આનું સિદ્ધાંત એ કે આ અવળો વિચાર કહેવાય. આપણે મોક્ષ મેળવવાના હંમેશાં સવળા વિચાર કરવા. ગુણ ગાવાના વિચાર કરવા. તો કોઈ દિવસ તે સિદ્ધ થઈ જાય.'

## ઠીક લ્યો, નમી પડ્યા

સાંજે સ્વામીશ્રી નેમીસરા પધાર્યા. અહીં સ્વામીશ્રીનું પ્રથમ આગમન હતું. વીસેક પધરામણી થઈ હતી. સ્વામીશ્રી કહે : 'ગામનું નામ સારું છે, 'નમીસરા.'

ત્યારે એક યુવક કહે : 'બાપા ! નેમીસરા નામ છે.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'ઠીક, લ્યો નમી પડ્યા, એમ જ કહોને !' આ સાંભળી સૌ ખડખડાટ હસી પડ્યા.

સૌને લાભ આપી, સ્વામીશ્રી સોખડા પધાર્યા. સવારે કથામાં વચનામૃત સારંગપુર ૧૮મું નિરૂપતાં બોલ્યા :

'સત્સંગ કરીએ છીએ, સાધુ પાસે બેસીએ છીએ, સ્વભાવ કેમ જતા નથી ? થૈકારો થઈ જાય છે, તેનું કારણ શું ? મનનો કુસંગ. મોટાપુરુષમાં દોષ પરઠે તે આપણામાં ખડો થાય. સંબંધવાળા શિષ્ય હોય તેનો ગુણ લેવો. ન લે તો પડી જાય.

'મોટાપુરુષ જે જે સ્વભાવ રાખે છે તે જીવના કલ્યાણને અર્થે છે, પણ એમાં કાંઈ દેખાય તો એ મારી કુમતિએ કરીને છે' – એમ ગુણ ગ્રહણ કરવો. તો સાધન ન કરવાં પડે. માળા ન ધમકાવવી પડે. સ્વભાવ ઊભો ન રહે. મોટાની દૃષ્ટિ પડે.'

સાંજે મંદિરમાં આરતી પહેલાં ગોડીના સમયે સ્વામીશ્રી બધાને હરતાં-ફરતાં જોઈ કહે :

'અમારા જૂનાગઢમાં ૫૦ સાધુ તુરત જ ગોડી બોલવા આવી જતા. અહીં બધા ફરે છે. માટે ગોડીમાં તરત આવી જવું. આ ૫૦ વરસ પહેલાંની વાત કરું છું. અહીં કોઈ કહેતું નહીં હોય. મારે જાતે કહેવું પડશે. જૂનાગઢમાં તો પાણી પીતા હોય તે મૂકીને ગોડીમાં આવી જાય. ગમે તે કામ હોય તે પડ્યું મૂકીને ગોડીમાં આવી જતા !'

બીજે દિવસે સાંજે ૫-૦૦ વાગે સ્વામીશ્રી ઉતારેથી મંદિરે પધાર્યા ને કહે : 'ચાલો, પાંચ વાત કરી લઈએ.' પછી થોડી વાત કરી. તેમાં આઇસક્રીમની વાત નીકળતાં કહે : 'અમે ને સંતસ્વામી ભાવનગર પ્રભુદાસને ત્યાં ઊતરેલા. તેમને આઇસક્રીમ બનાવવાની ઘરની કોઠી. તેમાં આઇસક્રીમ કરેલો. અમે કોઈ દી' દીઠેલો નહીં. પછી લાવ્યા ને આંગળી અડાડી ત્યાં શરીર ઠંડું થઈ ગયું ! બીજી વાર આફ્રિકામાં રમણભાઈએ કર્યો ત્યારે હાથ અડાડ્યો ને હાથ પડી ગયો !

'અમે સ્વામી સાથે સુરત ગયેલા. તે મઠો સ્વામી પંડે પીરસે. હું કહું, 'નથી ખાવું, નથી ખાવું,' ત્યાં બીજો વાટકો દઈ દે !'

## ધૂડના સાધુને ધૂડ ભલે ઊડે

આસોજ થઈ, સાંજે જીપ દ્વારા બાજવા જવા વિદાય થયા. રસ્તામાં ધૂડ બહુ ઊડતી હતી. કોઈ બોલ્યું કે 'ધૂડ બહુ ઊડે છે.'

'ધૂડના સાધુને ધૂડ ઊડે તેમાં શું નવું છે ?' એમ બોલતાં, બાજવામાં

સૌના ભાવ પૂરા કરી, સ્વામીશ્રી અટલાદરા પધાર્યા.

અહીંથી મુંબઈના સંતો વડોદરાથી લોકલમાં અને સ્વામીશ્રી દહેરાદૂન એક્સપ્રેસમાં મુંબઈ પધાર્યા.

તા. ૧૪-૫-'૬૪, પવઈ વાડીમાં પારાયણ પ્રસંગ સાથે વિશ્વશાંતિ યજ્ઞનું આયોજન કર્યું હતું. નંદાજી તથા ભારદે ખાસ સ્વામીશ્રીનાં દર્શન તથા આશીર્વાદ લેવા આવ્યા હતા.

વૈશાખ સુદ ૪ નિમિત્તે આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'બોચાસણ સંસ્થામાં ૧૦૦ ભણેલા સાધુ તૈયાર થાય ને નારણ સ્વામીની આજ્ઞા સૌ પાળે તે આ શાસ્ત્રીજી મહારાજની તિથિનો આશીર્વાદ છે.'

સાંજે પવઈ વાડીની જમીન ઉપર યજ્ઞ સ્થળે પધાર્યા. વિધિ થયા પછી જમીન પર બધે પગલાં કર્યાં. એક જગાએ પાણીનો ઝરો હતો. તે જોઈ સ્વામીશ્રી કહે : 'પાણી હોય ત્યાં ભગવાન હોય.'

તા. ૧૭મીએ, પ્રમુખસ્વામીના પારાયણ-વાચન બાદ ૯-૩૦ વાગે કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'ભગવાનનું કામ ભગવાન કરે છે. કોઈ કહે : 'જોગી કરે છે.' પણ જોગી શું ધૂડ કરતો'તો ! શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ કરે છે. આપણે શું કરીએ છીએ ? મોટાપુરુષના પ્રતાપે ને સ્વામીના સંકલ્પે થાય છે.'

બીજે દિવસે સવારે મંગળ પ્રવચનમાં સંતોને સંબોધતાં કહે :

'વડોદરા અમે અપવાસી હતા. કંઈ સાધન જમવાનું નહીં. સવારે પૂજા-પાઠ કરી, ઠાકોરજીને નવરાવી, સ્વામીએ પાંચ કેરીનાં પારણાં કરાવ્યાં. તે દી' કેરીનો સમય હતો. સ્વામીની પ્રસાદી ભુલાતી નથી.'

સાંજે મોટરમાં પવઈથી દાદર મંદિરે આવી રહ્યા હતા. ત્યારે પ્રમુખ સ્વામીએ કહ્યું : 'આપણે ચિન્મયાનંદ સ્વામીનો આશ્રમ જોવા જવાનું છે.'

ત્યારે મોટાસ્વામી કહે : 'શું જરૂર છે ?'

તે સાંભળી પ્રમુખસ્વામીનો પક્ષ રાખતાં સ્વામીશ્રી ધીરેથી કહે : 'જોવામાં શું જાય છે ? કરવું ઘટે તેમ.'

## મસ્તક અને અંતર ન ઢળે તેના ભોગ !

આજે મંદિરે સભામાં હીરાલાલ સોઢા, જમનાદાસ કવિ વગેરે લુહાણા સમાજના મોવડીઓ આવ્યા હતા. સૌ સ્વામીશ્રી ઉપર અપાર સ્નેહ ધરાવતા. કવિહૃદય જમનાદાસભાઈએ, સ્વામીશ્રીની આજ્ઞાથી બે શબ્દ બોલતાં કહ્યું :

'અહીં જેનાં મસ્તક અને અંતર ન ઢળી પડે તેના ભોગ !' ત્યારે સ્વામીશ્રીએ પણ સૌ સાથે સભામાં તાળી વગાડી. આથી શહેરના નામાંકિત ઇન્કમટૅક્સ સલાહકાર હીરાલાલ સોઢા સ્વામીશ્રીની નિર્દોષતા જોતા જ રહ્યા ! આજે રામકૃષ્ણ મઠના સુરેશ્વરાનંદજીને સ્વામીશ્રીનાં દર્શન કરાવવા તેઓ સાથે લાવ્યા હતા.

તા. ૨૧-૫-'૬૪, ગુજરાત એક્સપ્રેસમાં સ્વામીશ્રી અમદાવાદ થઈ, વઢવાણ દર્શન કરી, સુરેન્દ્રનગર, રાજકોટ થઈ ગોંડલ પધાર્યા.

અક્ષર મંદિરનું સૌંદર્ય શાંતિદાયક છે. સંસારના દુઃખદવમાં બળતા માનવીઓ અહીં શીતળતા મેળવે છે. અહીંના વાતાવરણની દિવ્યતા અજાણ્યાના અંતરમાંય સચ્ચિદાનંદ-સુખની ઊર્મિઓ ઉછાળે છે. એવા ભવ્ય સ્થાનમાં સ્વામીશ્રી પધારે ત્યારે અહીંનો રંગ અનેકરંગી બની જતો. અક્ષરબ્રહ્મના વૈવિધ્ય અને વિપુલતા ધરાવતા અનંત સુખ-સદ્‌ગુણોનો સાગર અહીં હિલોળતો. ગુલાબી મિજાજથી સ્વામીશ્રી પળેપળ નવીન આકર્ષણ ધરાવતા અને હરિભક્તોનાં વૃંદોને રસ-તરબોળ કરી દેતા. ઝીંઝાવદરમાં શ્રીજીમહારાજ બિરાજમાન હતા ત્યારે મક્કા-મદીના હજ કરીને આવેલ પઠાણને એ ગામના સીમાડામાં જ દિવ્ય શાંતિનો અનુભવ થયો અને કાંઈ અદ્‌ભુત આકર્ષણથી મહારાજનાં દર્શને પહોંચી ગયો; તેમ ગોંડલ શહેરની હદમાં આવતા દરેક માનવી અદ્‌ભુત ખેંચાણથી અક્ષર મંદિરમાં આવે અને સ્વામીશ્રીનાં દર્શનથી કૃતાર્થ બનતો.

ગુણાતીત પુરુષનું વિચરણ, એમની દિનચર્યા અને ક્ષણેક્ષણની એમની અલૌકિક ક્રિયા જીવાત્માઓને સાચી શાંતિ આપનારું લીલાકથાનું ક્ષેત્ર બને છે. એમની બધી જ લીલા ચિંતનીય છે, દર્શનીય છે. એમના જીવનમાં ઝળકતા સદ્‌ગુણો અનુકરણીય પણ છે. તેથી જ હંમેશાં એમના સ્વરૂપનું ચિંતન કરવું જોઈએ. મૃગજળ સમા સંસારનાં સુખની મરુ ભૂમિમાં ભૂલા પડેલા માટે મીઠા પાણીની પરબ જેવું સ્વામીશ્રીનું સૌમ્ય જીવન અતૃપ્ત જીવોને સદા સાંત્વન અને પ્રેરણા આપતું.

આણંદના છોટાભાઈ મોતીભાઈનાં બહેનનાં દીકરી કુમુદબહેન આ અરસામાં એમનાં માતુશ્રી સાથે અક્ષર મંદિર, ગોંડલ આવ્યાં હતાં. આફ્રિકામાં ઉછેર થયો હોવાથી તેમના આચાર-વિચાર પાશ્ચાત્ય થઈ ગયા હતા. ડુંગળી, લસણ તો ઠીક, તેઓ માંસાહારના પણ હિમાયતી બની ગયાં હતાં. ભારતમાં પણ તેમને અભક્ષ્ય વાનગીઓ ખાવા જોઈતી અને તેઓ છેક વડોદરા જઈને પોતાની સ્વાદ-વૃત્તિને પોષતાં.

પરંતુ મંદિરમાં પ્રવેશતાં જ અગમ્ય દિવ્ય શાંતિનો તેમને અનુભવ થયો. માંસાહાર ન કરવા તેમણે અંતરથી જ સંકલ્પ કર્યો. સ્વામીશ્રીની દિવ્યતાનો, ભક્તિભર્યા પુનિત વાતાવરણનો અને ચોતરફ છવાયેલી સ્વામીશ્રીની આધ્યાત્મિકતાનો કેટલો તીવ્ર પ્રભાવ હોય છે તેની તેમને પ્રતીતિ થઈ. દૈવી સંસ્કારો જાગ્રત થયા અને વિદેશ ગયા ત્યારે સ્વામીશ્રીની સ્મૃતિ સાથે પવિત્ર જીવનની ભેટ પણ લેતાં ગયાં.

અહીંના મુકામ દરમ્યાન મંદિરનો વાર્ષિક પાટોત્સવ ઊજવાયો. સ્વામીશ્રી સાંજના જુદે જુદે સ્થળે સભા કરતા. ક્યારેક ઘાટ ઉપર પણ જતા અને પ્રસાદી-જળ પોતાના મસ્તકે ચઢાવતા અને સૌના માથે પણ ચઢાવતા. અહીં જ પથ્થરની પીઠિકા ઉપર સભા ભરી, નદી કિનારે અલૌકિક સ્મૃતિ આપતા.

જૂના મંદિરે તથા ઠેઠ કૈલાસ બાગ મહારાજની પ્રસાદીની દેરીએ પણ અવાર-નવાર દર્શને જતા. એક વાર ચંદુભાઈ વિદ્યાધિકારીને ત્યાં પધરામણી કરી, તેમની તબિયત સારી થાય એવા આશીર્વાદ આપ્યા હતા. ચુડાસમા સાહેબને ત્યાં પણ બે વાર પધરામણી કરી હતી. તેમજ ગામમાં બાંધકામ ચાલતું હતું તે કારખાને સ્વામીશ્રી અવશ્ય મુલાકાત લેતા અને વ્યાવહારિક માર્ગદર્શન આપતા. બાંધકામમાં માલની ચોરી ન થાય, કામ સારું થાય, ખોટો વ્યય ન થાય, તેની વધુ ચીવટ રખાવતા. દેવનું દ્રવ્ય જાણી તેની પાઈએ પાઈનો યથાર્થ ઉપયોગ કરવાનું સ્વામીશ્રીનું અર્થશાસ્ત્ર સમજાય એવું નહોતું.

આજે બંધિયા દર્શન કરી, નવાગામ પધરામણી કરી, બપોરે ઘોઘાવદરના હરિભક્તોના આગ્રહથી ત્યાં ઠાકોરજી જમાડ્યા હતા. બચુભાઈ, ભાયાભાઈ, દેવરાજભાઈ, વેલજીભાઈ તથા રણછોડભાઈએ સારી સેવા કરી હતી.

તા. ૧-૬-'૬૪, અક્ષર મંદિરમાં સ્વામીશ્રીએ હરિલીલાકલ્પતરુ ગ્રંથની પારાયણનો આરંભ કરાવ્યો. સ્વામીશ્રી કહે : 'પુસ્તક છપાયા પછી પારાયણો ઘણી જગ્યાએ થઈ, પણ ગોંડલમાં નથી થઈ. અહીં તો પહેલા થવી જોઈએ. માટે આપણે સાત દિવસની પારાયણ કરવી છે.' પ્રમુખસ્વામી કથામૃતનું પાન કરાવતા હતા. સાંજે સિદ્ધેશ્વર સ્વામી 'સ્વામીની વાતો' સમજાવતા.

પારાયણ દરમ્યાન રોજ સાંજે સ્વામીશ્રી કારખાને જતા અને કાર્યકર્તાઓને વિશેષ સૂચના આપતા. લૌકિક રીતે સામાન્ય જણાતી બાબત આવા પુરુષના સંબંધને લીધે નિર્ગુણ બની જાય છે. સ્વામીશ્રીની આજ્ઞાથી થઈ રહેલી દરેક સેવા તથા કાર્ય નૈષ્કર્મ્યરૂપ બની જાય છે. આ સેવાકર્મ અકર્મ છે. આ મર્મને જે જાણે

છે તે મહારાજના વચનામૃત પ્રમાણે બુદ્ધિમાન અને પરમપદને યોગ્ય છે.

## સાદગીભર્યો જન્મોત્સવ

તા. ૭-૬-'૬૪, સ્વામીશ્રીના પ્રાકટ્યનો શુભ દિવસ હતો. આ શુભ પ્રસંગે મુંબઈ, વડોદરા, આણંદ, વસો, અમદાવાદ, રાજકોટ, ભાવનગર વગેરે શહેરોના તથા અન્ય ગામડાંઓના હરિભક્તો આવ્યા હતા. મહાન પુરુષોની જન્મ જયંતી પ્રેરણા આપે છે, જીવનનો માર્ગ ચીંધે છે; પરંતુ ગુણાતીત પુરુષની જન્મ જયંતી પ્રેરણાદાયી તો છે, સાથે ચિંતનીય છે. એ પુરુષનાં જન્મ અને કર્મ દિવ્ય હોય છે. આ પુરુષ જ અહંગ્રંથિ, મમત્વગ્રંથિ, હૃદયગ્રંથિ વગેરે ગ્રંથિઓ છેદી શકે છે. એમના સ્વરૂપમાં આપણા આત્માની ભાવના કરીને તે રૂપ થઈને, શ્રીજીમહારાજની ઉપાસના કરવાથી બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત થાય છે. જયંતી ઊજવવાનો મોટો આશય તો ગ્રંથિઓ - દોષો ટાળવા અને એમના ગુણાનુવાદ કરીને એમના જ સંબંધ થકી બ્રહ્મરૂપ થવું – એ હોય છે.

સ્વામીશ્રીના ૭૩મા જન્મ જયંતી પ્રસંગે સંતોએ અક્ષર મંદિરના સભામંડપ - 'પ્રાગજી ભક્ત ભુવન'માં મોગરા અને ગુલાબની હારમાળાઓથી સુંદર સિંહાસન સજાવ્યું હતું. પ્રાતઃ વિધિથી પરવારી સ્વામીશ્રી સભામાં પધાર્યા. વિશ્વશાંતિ માટે યોજાયેલી 'હરિલીલાકલ્પતરુ' કથાની આજે પૂર્ણાહુતિ થઈ. સ્વામીશ્રીનાં દિવ્ય જીવન પ્રસંગો, ઐશ્વર્યો અને એમના અનંત સદ્‌ગુણોનું ગાન ભક્તોએ મુક્ત કંઠે આનંદવિભોર બનીને કર્યું.

ચુડાસમા સાહેબે જણાવ્યું કે 'આપણામાં અને સંતમાં ફેર એટલો કે આપણે કરીએ તે ક્રિયા અને સંત કરે તે લીલા.'

હર્ષદભાઈએ કહ્યું કે 'સ્વામીશ્રીનું જીવન આપણા માટે જ છે. આ પુરુષનું જીવન જન્મથી જ દિવ્ય છે. એમના જીવનમાં પરમાત્મા સિવાય કાંઈ છે જ નહિ. પણ એમની કૃપા વિના એમના સ્વરૂપનું જ્ઞાન થતું જ નથી.

'એક વખત કમળશીબાપાને મેં સ્વામીશ્રીના બાળપણના પ્રસંગો સંબંધી પૂછ્યું, ત્યારે તેમની આંખમાં આંસુ આવી ગયાં. તેમની બાળચેષ્ટા દિવ્ય હતી. અમે ધારી ગયા. ત્યાં પાતળિયે ઘુને સ્વામીશ્રી બબ્બે કલાક ધ્યાન કરતા અને એ અવસ્થામાં જ તેમને ઊંચકીને ઘરે લાવવા પડતા. એ સ્થળે દર્શન કર્યાં.

'શાસ્ત્રીજી મહારાજને યોગીજી મહારાજ વિના સૂઝતું નહીં. બાબરાની પારાયણમાં શાસ્ત્રીજી મહારાજની આંખો જોગી મહારાજને નીરખવા માટે

આજુબાજુ ફરતી હતી.

સ્વામીશ્રીના જીવનમાં પ્રેમ છે, ભક્તિ છે, જન્મથી જ તેઓ પરિપૂર્ણ છે. આ અંગો આપણાંમાં વિકાસ પામે તે માટે એમનો જન્મ છે. આપણા મનોરથો પૂર્ણ કરવા તેઓ સદા વિચરણ કરે છે. સંત સ્વયં હરિ છે. તુલસી મહારાજે સભામાં ગુણાતીતાનંદ સ્વામીની આરતી ઉતારવા માંડી. ત્યારે એક સાધુ બોલ્યા 'સાધુની આરતી હોય નહીં.' ત્યારે તુલસી મહારાજ બોલી ઊઠ્યા : 'એમને હું સાધુ દેખતો નથી. એમને સાક્ષાત્ ભગવાન દેખું છું. શ્રીજીમહારાજને દેખું છું.' પણ એવી સ્થિતિ થયા વિના આ રહસ્ય સમજાતું નથી. પોતે બ્રહ્મરૂપ થાય ત્યારે જ આ સ્વરૂપમાં પરબ્રહ્મ દેખાય.

'આપણાંમાં ધર્મ, નિયમ, શુદ્ધ ઉપાસના, સંપ, સુહૃદભાવ હશે તો સ્વામીશ્રી આપણી વચ્ચે હજારો વરસો સુધી રહેશે.'

અજાગિયા સાહેબના પ્રવચન પછી સત્યપ્રિય સ્વામી, નારાયણ ભગત, અનુપમ ભગતે તથા મેં સ્વામીશ્રીના ગુણાનુવાદ કરતા શ્લોકોનું ગાન કર્યું હતું.

ખેંગારજીભાઈ, બકુભાઈ અમીન બાદ, પ્રમુખસ્વામીએ એમની નમ્રતા ભરેલી વાણીમાં શરૂઆત કરતાં કહ્યું : 'ન ધારેલી વાત બની. આ જન્મ જયંતી મહોત્સવ સુંદર રીતે ઊજવવાની ઇચ્છા સુરતના હરિભક્તોએ કરી. પછી મુંબઈમાં પણ ઘણા પ્રેમથી તૈયારી કરી; પરંતુ *શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ.* ભારતના વડાપ્રધાનનું અવસાન થયું અને બીજે જયંતી બંધ રહી. પરંતુ સ્વામીશ્રીજીની શું ઇચ્છા હોય ? સ્વામીશ્રીને જ આ કાર્યક્રમ મુલતવી રાખવો હશે.

'અહીંના હરિભક્તો છોટુભાઈ, દાજી બાપુ, નાનજીભાઈ તથા સંતોએ સમારંભ ખૂબ જ ઉત્સાહથી ઊજવ્યો. પારાયણ પણ વિશ્વશાંતિ માટે થઈ ગયું.

'આ સ્થાન સર્વોપરી. આજે ખૂબ આનંદ થઈ રહ્યો છે.'

## દાસત્વની માનતાઈ

એમના પછી સ્વામીશ્રીએ આશીર્વચન ઉચ્ચાર્યાં,

'જન્મ્યા કૌશલ દેશ... સાંખ્ય વિચાર કરવા શીખવો... સાંખ્ય એટલે જગત ખોટું છે. આપણે દેહ ધર્યો તે જવાનું નક્કી જ છે. આ સમજી રાખવું અને સત્સંગ પ્રધાન રાખવો.

'ભગવાન ને સાધુના મહિમાની વાતો નિરંતર કરવી અને સાંભળવી. શ્રીજીમહારાજ પોતાનું ધામ, પાર્ષદો અને સમગ્ર ઐશ્વર્ય લઈને પધાર્યા છે.' એમ

કહી પરાવાણી રેલાવી :

'આમાં સ્વામીએ બતાવ્યું, અનાદિ સાધુ સ્વામી છે. એના મળેલા ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજનો મહિમા સમજવો. જયંતી એમની છે. આપણે એકતા, સંગઠનભાવ રાખવો. એવો મહિમા હોય તો જયંતી ઊજવી ગણાય. મહિમા સમજવામાં પણ ભેદ રહે છે.

'નિર્દોષબુદ્ધિ, સંગઠનભાવ તથા નિયમ, નિશ્ચય અને પક્ષ. ત્રણ વાતમાં શૂરાતન આવે, તો મહિમા સમજાય. આપણે તો શાસ્ત્રીજી મહારાજની જયંતી ઊજવીએ છીએ. શાસ્ત્રીજી મહારાજ અનાદિના છે. એમની જયંતી ઊજવાય, મહારાજ-સ્વામીનો જ અનાદિનો મહિમા છે. નિર્દોષભાવ રાખવો. ભગવાન ને ભગવાનના ભક્તમાં સુહૃદભાવ રાખવો, આજ્ઞા પાળવી, આજ્ઞા-ઉપાસના દૃઢ થાય, પ્ર. ૧૬મું વચનામૃત સિદ્ધ કરવું પડે. કયાં અંગે પાકા છીએ તથા કયાં અંગે કાચા છીએ તે જાણીએ.

'ચાલીસ વર્ષથી સેવા કરીએ છીએ. વાસણ ઘસીએ, સેવા કરીએ, એ જ ગમે. ગાદી કેવી ? બીજા તો સો માણસ માને એટલે ગંડવા ઊપડે. પણ,

*'દાસી થઈ રહેજે તું દીનદયાળની, નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો;*
*ભવ-બ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી, પુરુષોત્તમ પાસે, બેઠાની જાગ્ય જો...*

'એમ મુક્તાનંદ સ્વામીએ દાસાનુદાસ થઈને રહેવું એમ કીધું છે. અભિમાન ન આવવા દેવું. એ જ ભક્તિ. સારંગપુરમાં હુતાશણીના સમૈયે ફગવાં શું માગ્યાં ? મહારાજ પાસે બાર જાતનાં ફગવાં માગ્યાં : અભાવ-અવગુણ ન આવે. માન-મોટાઈ ન આવે... તો ભગવાન દાસપણાથી રાજી થાય છે. પાયખાનાં સાફ કરવાં, વાસણ માંજવાં વગેરે સેવા કરવી.

'જૂનાગઢમાં ગુણાતીત સ્વામી હતા. સ્વામીનાં દર્શને તરણેતરના મહંત આવ્યા. સ્વામી સાવરણો ને ટોપલો લઈને વાળતા હતા. મહંતને એમ કે ગાદી ઉપર બેઠા હશે. પછી પૂછ્યું, એટલે સ્વામી કહે : 'સભામાં જાવ, હમણાં આવે છે.' પછી સ્વામી હાથ-પગ ધોઈને ગયા. ત્યારે કહે : 'હમણાં તો તમે વાળતા હતા ને ?' સ્વામી બોલ્યા : 'અમારામાં વાળે ઈ જ મોટેરા.'

'સ્વામી (ગુણાતીતાનંદ) ગાદી-તકિયે બેઠા. પછી મહંતે પૂછ્યું : 'તમોને કેટલાં વરસ થયાં ?' ત્યારે સ્વામી કહે : 'એંસી.' પછી મહંત કહે : 'તમે આટલાં વરસ કેમ જીવો છો ? અમારામાં ચેલા એક વરસમાં મારી નાખે ને ગાદીએ ચડી બેસે !'

'પછી સ્વામી કહે : 'આ ઝોળી ભરાવીએ છીએ પણ આચાર્યનો કાગળ આવે એટલે લઈને બીજે જઈએ. મમત્વ ન રાખીએ. અમે તો સાધુ વધારીએ. મંદિર સાચવીએ.' પછી પૂજા મંગાવીને બતાવી. કાચલી ને લાકડાનું તિલકિયું. સોનામહોર કે કશું નહીં. પછી તરણેતરના મહંતને બહુ ગુણ આવી ગયો : 'સ્વામી ! તમે આ વાત ન કરી હોત તો કાંઈ ખબર પડત નહીં.' માનતાઈ હુકમની નથી, દાસત્વની છે. દરેકની સેવા કરવી.

'અહીં અક્ષર મંદિરનું કામ ચાલતું હતું. દેરીમાં નિર્ગુણ સ્વામી તથા અમે કથા કરતા હતા. ત્યારે દીવાન સાહેબ આવ્યા - સ્વામીનાં દર્શન કરવા. પછી નિર્ગુણ સ્વામી કહે : 'સ્વામીને અહીં બોલાવીએ.' દીવાન સાહેબ કહે : 'નહીં. જ્યાં સ્વામી હોય ત્યાં જવું છે. સ્વામી મોટાપુરુષ છે.' સ્વામી ગાર્ય કરતા હતા. દીવાનને દર્શન થયાં. એને થયું : 'સ્વામી કેવા મોટાપુરુષ, ગાર્ય કરે છે !' બહુ ગુણ આવી ગયો. શાસ્ત્રીજી મહારાજનો મહિમા વધી ગયો.

'મહારાજે દાસત્વ-ભક્તિવાળાનાં લક્ષણ કહ્યાં છે. વચનામૃત પ્ર. ૧૪મું છે. દેહને મિથ્યા જાણે અને આત્માને સત્ય જાણે.

'માટે આપણે તો શાસ્ત્રીજી મહારાજનો, ગુણાતીતાનંદ સ્વામીનો સમૈયો ઊજવીએ છીએ. આપણે તો દાસ છીએ. આ બધાને આશીર્વાદ છે.

'નિર્દોષબુદ્ધિ, સંગઠન, સુહૃદભાવ મહારાજ-સ્વામી આપે ને બધાને સુખી રાખે. બોલો સહજાનંદ સ્વામી મહારાજની... જય.'

ગોંડલ રસશાળા ઔષધાલયના વૈદ્યરાજ ચરણતીર્થ મહારાજે જણાવ્યું કે 'આ સત્સંગના મૂળ પુરુષ ગુણાતીતાનંદ સ્વામી અમારા ગામ મેવાસે, અમારે ઘરે ખૂબ જ રહેતા. આજે યોગીજી મહારાજ એ ગુણાતીતાનંદ સ્વામીના વંશ છે. એ ગુણાતીતાનંદ સ્વામી આજે યોગીજી મહારાજમાં રહીને સત્સંગ વધારે છે અને બધાને શાંતિ આપે છે.'

પછી સંતોએ તૈયાર કરેલો મોટો હાર પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીને પહેરાવ્યો. આ દિવ્ય દર્શન અવર્ણનીય હતું. બાદ સંતોએ તથા હરિભક્તોએ સ્વામીશ્રીનું પૂજન કર્યું.

આ ઉત્સવ ઊજવ્યો ત્યારે અમદાવાદમાં ૧૦-૩૦ વાગે સ્વામીશ્રીની ચિત્ર-પ્રતિમાની આરતી ઉતારી. તે જ વખતે આકાશમાંથી સમગ્ર મંદિર ઉપર ચંદનવૃષ્ટિ થઈ હતી. મંદિરના વિશાળ પ્રાંગણમાં તેમજ પ્રદક્ષિણામાં બહાર ખુલ્લામાં બેઠેલાં નર-નારીઓનાં વસ્ત્રો ઉપર પણ આ ચંદન-છાંટણાં પડ્યાં હતાં.

તા. ૮-૬-'૬૪ના દૈનિક પત્ર 'સંદેશે' આ વિગતની ખાસ નોંધ લીધી હતી.[૨૧]

બીજે દિવસે સ્વામીશ્રી રાજકોટ થઈ, ગુણાતીતનગર (ભાદરા) પધાર્યા.

અહીં જાયવાવાળા ઘનશ્યામસિંહજી બાપુ કહે : 'બાપા ! જાયવા પધારવું પડશે.' ત્યારે સ્વામીશ્રી કહે : 'ભાદરાની સેવા તમને સોંપવી છે. તે પહેલાં હા કહો તો આવીએ.'

ત્યારે બાપુ કહે : 'બાપા ! આપની આજ્ઞા મુજબ કરવાનું છે.'

તે પછી સ્વામીશ્રી ખૂબ જ રાજી થયા અને રાત્રે જાયવા તેમના ઘરે સ્નાન, ઉકાળા-પાણી કરી, સભા બાદ રાત્રે ૧૨-૪૫ વાગે રાજકોટ આવી પહોંચ્યા.

## અક્ષર સ્વામી આશ્ચર્યો અનુભવે છે

બીજે દિવસે ગોંડલ આવી, સાંજે જેતપુર થઈ, જૂનાગઢ પધાર્યા.

અહીં મંદિરમાં દર્શન કરી, અક્ષરપુરુષદાસ સ્વામી પાસે પધાર્યા. તેઓ બહુ બીમાર હતા. આથી તેમણે ભક્તિતનય સ્વામીને કહેલું કે 'મહારાજને કહો, મને ધામમાં લઈ જાય.' તેમણે પ્રાર્થના કરી; પણ હજુ મહારાજની મરજી નહીં હોય, તેથી શ્રીજીમહારાજે દર્શન આપીને ના કહી.

પછી તેમણે વિચાર કર્યો કે 'મહારાજને અરજ કરીને મને ધામમાં મોકલી શકે એવા સાધુ કોણ છે ?' બહુ વિચાર કરતાં એક હરિભક્ત મારફત સ્વામીશ્રીને ગોંડલ સંદેશો મોકલ્યો.

અને આ વખતે સ્વામીશ્રી ત્યાં આવી પહોંચ્યા. તેમનાં ખબર-અંતર

---

૨૧. ચમત્કાર !!!

સ્વામિનારાયણ સંપ્રદાયના અક્ષરપુરુષોત્તમ પંથના પ્રવર્તક અને જેમને માનનીય શ્રી ગુલઝારીલાલ નંદા પોતાના ગુરુ માને છે એવા સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી કે જેઓ યોગી મહારાજ તરીકે વિખ્યાત છે, તેમના ૭૩મા જન્મ દિવસ નિમિત્તે આજે અત્રેના શાહીબાગ રોડ પર એડવાન્સ મિલની સામે આવેલ અક્ષરપુરુષોત્તમ મંદિરમાં સવારે ઉત્સવનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

અત્રેના આ સંપ્રદાયના અનુયાયીઓ શ્રી યોગીજી મહારાજ હાલમાં ગોંડલ હોઈ તેમની છબી સમક્ષ ભજન-પૂજન માટે એકત્ર થયા હતા. અને તેમના જન્મ દિન નિમિત્તે આજે સવારે ૧૦-૩૦ વાગે તેમની છબીની આરતી ઉતારી, તે જ વખતે આકાશમાંથી સમગ્ર મંદિર ઉપર ચંદનવૃષ્ટિ થઈ હતી. મંદિરના વિશાળ પ્રાંગણમાં શિખરની બહાર ખુલ્લામાં બેઠેલાં નર-નારીઓનાં વસ્ત્રો પર પણ આ ચંદન-છાંટણાં પડ્યાં હતાં. (સંદેશ : તા. ૮-૬-'૬૪)

પૂછી, ધૂન કરાવી સ્વામીશ્રી કહે : 'તમને હજુ પાંચ વરસ રાખવા છે.'

'આમ ખાટલામાં પાંચ વરસ કેમ નીકળે ?' તેઓ કરગરવા લાગ્યા.

'હરતાં-ફરતાં થઈ જાશો.' સ્વામીશ્રીએ આશીર્વાદ સાથે હિંમત આપી. અને ખરેખર થોડા સમયમાં તેઓ હરતાં-ફરતાં થઈ ગયા. સ્વામીશ્રી હંમેશાં હરિભક્તો દ્વારા તેમની સેવા કરાવતા.

એ પછી એક વખત તેમને સ્વપ્ન આવ્યું. તેઓ અક્ષર મંદિરના દરવાજા પાસે બહાર સડક ઉપર ઊભા હતા. મંદિરમાંથી ૨૫-૩૦ હરિભક્તો નીકળ્યા. પહેરવેશ ઉપરથી ગુજરાતના હરિભક્તો લાગ્યા.

થોડી વારે એક હાથી નીકળ્યો. તે જોઈ તેમણે વિચાર્યું : 'આ હાથી ક્યાંથી આવ્યો ? ગોંડલ રાજ્યમાં તો હાથી નથી.'

ત્યારે ગુજરાતના હરિભક્તોએ કહ્યું : 'મંદિરમાંથી આવ્યો.'

'મંદિરમાં તો પાણાના હાથી છે.' તેમણે કહ્યું.

'સ્વામીશ્રી તો પાણાના હાથીને હલાવી-ચલાવી શકે છે.' હરિભક્તો બોલ્યા.

થોડી વારે સ્વામીશ્રી એક સાધુ સાથે આવતા દેખાયા. અક્ષર સ્વામીએ પૂછ્યું : 'તમે ક્યારે આવ્યા ?'

'અક્ષર સ્વામી સાજા થયા છે માટે હાથી ઉપર બેસાડીને ફેરવવા છે.' એમ કહેતાં સ્વામીશ્રી તે સંત સાથે અક્ષરમંદિરમાં ચાલ્યા ગયા.

અક્ષરપુરુષદાસ સ્વામી હાથી ઉપર ગામમાં ફર્યા. પાછા મંદિરે આવ્યા ત્યારે અનંત મુક્તો અને શ્રીજીમહારાજ સાથે ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન થયાં.

અનંત વિમાનો ઊડી રહ્યાં હતાં. તેમને થયું : 'આ બધું શું છે ?' પણ સ્વામીશ્રીને પણ સાથે જતાં જોઈને અત્યંત આશ્ચર્ય પામ્યા. તેમણે વિચાર કર્યો કે 'હાથી ક્યાં જાય છે તે જોવું.' મંદિરમાં આવ્યા પછી જ્યાં પથ્થરના હાથી હતા તે જગ્યા ખાલી હતી. તે સ્થળે આવીને હાથી પહેલાંની જેમ ઊભો રહી ગયો. ત્યાં અક્ષરપુરુષદાસ સ્વામીની આંખ ઊઘડી ગઈ !

આવું અલૌકિક આશ્ચર્ય તેમણે જોયું. સ્વામીશ્રીનો અધિકાધિક મહિમા તેમને સમજાયો. તેઓ સ્વામીશ્રીના ગુણગાન ગાતાં કદી થાકતા નહીં.

✧

રાત્રે ૧૧-૩૦ વાગે 'હરિલીલાકલ્પતરુ'ની પારાયણ નિમિત્તે માણાવદર પધાર્યા. પ્રમુખસ્વામીએ પારાયણનો લાભ આપ્યો. સાંજે બાળમુકુંદ સ્વામી સ્વામીની વાતો સમજાવતા. મૂર્તિપ્રતિષ્ઠા તથા પારાયણની પૂર્ણાહુતિ કરી,

સ્વામીશ્રી જૂનાગઢ જગજીવનદાસ માલવિયા શેઠને ત્યાં પધાર્યા.

## ભોજિયોએ ભાવ પૂછતું નહિ

સવારે મંદિરે દર્શન કર્યાં. બે યુવકોના હાથ ઝાલી ચાલતા, દર્શન કરીને નીચે ઊતર્યા. પછી સભામંડપમાં જતાં ગુણવંતનો હાથ ઝાલ્યો ને ચોગાનમાં જગ્યા બતાવીને કહે : 'અહીં સર્વે સંતો, પાર્ષદો અનાજ સાફ કરતા. હું કીર્તનો ગાતો. બાલમુકુંદ સ્વામી, કૃષ્ણચરણ સ્વામી, નારણદાસ સ્વામી બધા સદ્ગુરુઓ બહુ રાજી થતા. કૃષ્ણચરણ સ્વામી કહેતા : 'તમારો સાદ બહુ મીઠો.' એમ ચાલતાં ચાલતાં વાત કરી.

ત્યારે ગુણવંતે કહ્યું : 'બાપા ! એ વખતે આપ બહુ મોટા છો. એમ સૌ ઓળખતા હતા ?'

ત્યારે હસી પડ્યા ને કહે : 'ભોજિયોએ ભાવ પૂછતું નહિ.'

રવિવારે સાંજે જાહેર સત્સંગ સભામાં, ગામની ભાવિક જનતાને લાભ આપી, સ્વામીશ્રી ગોંડલ પધાર્યા.

અહીં સ્વામીશ્રી એક યુવકને કહે : 'સાથે સેવામાં ફરો છો, તેનું ફળ શું ?'

તે કહે : 'બાપા ! અક્ષરધામ.'

'એ તો ખરું, પણ સાધુ થવું એ ફળ છે. માટે શિરને સાટે સંકલ્પ દઢ કરવો.' એમ સ્વામીશ્રીએ ઘણી જ વાતો કરી.

જૂનાગઢમાં એક શ્રીમંત ભક્તે સ્વામીશ્રીને પોતાના દુઃખની વાત એકાંતમાં કરી હતી. તે અનુસંધાનમાં સ્વામીશ્રી સંતો સાથે ગોષ્ઠિ કરતાં કહે : 'સંતો તમે તો સુખિયા છો ને ?'

'બાપા ! આપની છત્રછાયામાં શું દુઃખ છે ?' સંતોએ કહ્યું.

'જૂનાગઢના ઓલ્યા મોટા શેઠિયા દુઃખી છે.' એમ કહીને બોલ્યા :

*'રાજા બી દુઃખિયા, રંક બી દુઃખિયા, ધનપતિ દુઃખિત વિકારમેં,*
*વિના વિવેક ભેખ સબ દુઃખિયા, ઉધો, સંત સુખી સંસારમેં.'*

'સુખમાત્ર અહીં છે. બાકી ક્યાંય ફાકીને ફાકડો ભરવા જેવું નથી. માટે સૌ કેફ રાખજો.' એમ ઘણી વાતો કરી.

## તમે સાચા છો ગરીબનિવાજ રે

આ વખતે સુરેન્દ્રનગરના જગદીશચંદ્ર પ્રભુદાસ વ્યાસ સ્વામીશ્રીનાં દર્શને

આવેલા. તેમને મનમાં ઊંડે ઊંડે ઘણા વખતથી એમ લાગતું કે 'સ્વામીશ્રી ફક્ત પૈસાવાળાના જ છે.' આવું તેઓ વિચારતા હતા ત્યાં બપોરે અક્ષર દેરીમાં સ્વામીશ્રી માનસી કરવા પધાર્યા. બાજુમાં કેશવચંદ્ર અમીન, બકુભાઈ અમીન તથા મહેન્દ્ર બાપુ વગેરે બેઠેલા. દરમ્યાન ગોંડલ રાજ્યના ભૂતપૂર્વ ઇજનેર સાહેબ મંદિરે દર્શને આવ્યા. તેમને સ્વામીશ્રી પ્રદક્ષિણા કરતાં કરતાં ભાવથી મળ્યા. જેથી જગદીશભાઈને નક્કી થઈ ગયું કે સ્વામીશ્રી શ્રીમંતોના જ છે.

એવામાં એક એસ.ટી.ના કંડક્ટરભાઈ આવ્યા કે જેમનાં કપડાં થીંગડાંવાળાં લઘરવઘર હતાં. દાઢી પણ વધેલી અને દેખાવ ઘણો કગાળ હતો. સ્વામીશ્રીએ પ્રદક્ષિણા ફરતાં જ તેમને પોતાની પાસે બોલાવ્યા અને પ્રેમથી ખભે હાથ મૂકી પોતાના સ્વજનની જેમ પચ્ચીસેક પ્રદક્ષિણા ફરતાં સુધી તેના દેશકાળ, આર્થિક સ્થિતિ વિશે ઊંડાણથી ખબર-અંતર પૂછ્યાં. પછી પ્રદક્ષિણા ફરતાં ફરતાં જ તેમને તેમના વાંસામાં આશીર્વાદના ઉપરાઉપરી થાપા આપ્યા.

આ દૃશ્ય જોઈ જગદીશભાઈ ગદ્‌ગદિત થઈ ગયા કે 'આવા ભગવાનના સત્પુરુષ માટે મારા મનમાં આવો ક્ષુદ્ર ભાવ ઊપજ્યો !' તેમની આંખોમાંથી અશ્રુ સરી પડ્યાં.

## પ્રમુખસ્વામી દ્વારા મહારાજ મોટાં કાર્યો કરશે

અહીં એક દિવસ પ્રમુખસ્વામીનો અણધાર્યો મહિમા સંતો-યુવકોને કહેવા લાગ્યા : 'આપણે તો શાસ્ત્રીજી મહારાજના પ્રતાપે સતજુગ વરતે છે. અહીં સમૈયો થયો તે બ્રહ્મયજ્ઞ. તેમાં જે આવ્યા ને વાતો સાંભળી તેનું કલ્યાણ થશે. આ પ્રમુખસ્વામીના શબ્દો જેના કાને પડ્યા તે બધાનું આત્યંતિક કલ્યાણ થઈ ગયું. 'આ સાધુ નાના છે' - એમ માનવું નહીં. શાસ્ત્રીજી મહારાજ ગયા જ નથી; આ પ્રમુખસ્વામી એમનું સાક્ષાત્ સ્વરૂપ છે. એમ મનાય તો કામ થઈ જાય. નારાયણ સ્વામીને શાસ્ત્રીજી મહારાજે પોતે જ પોતાના સ્થાને નીમ્યા અને પ્રમુખ બનાવ્યા. કહેવાનું શું ? આગળ તો પ્રમુખસ્વામીને મળવાનું કઠણ થઈ પડશે, એમના દ્વારા મહારાજ મોટાં મોટાં કાર્યો કરશે. જગતમાં અક્ષર-પુરુષોત્તમ બોચાસણ સંસ્થાનો ડંકો વાગશે...' સ્વામીશ્રીની આટલી સ્પષ્ટ ભવિષ્યવાણી સૌ વિસ્મિત બની સાંભળી રહ્યા.

રાજકોટ, વઢવાણ થઈ, અમદાવાદ ચંપકભાઈ શેઠને મળીને મંદિરે પધાર્યા.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી આંબલી પોળથી મોટા મંદિરે મોટરમાં જઈ

રહ્યા હતા. એક હાથમાં માળા હતી ને બીજા હાથની આંગળીઓ દાઢી પર ફરતી રાખી સ્વામીશ્રી સ્વગત બોલતાં હોય તેમ કહેવા લાગ્યા : 'અહીં નત હાલીને જાતા. ગીગા ભગત હતા. દૂધ લાવતા. રાજીપો લેતા. અમે તો અહીં અમદાવાદમાં ખૂબ ઝોળી માગતા. બધી શેરીએ ફરેલા. પ્રસાદીની. મહિનો મહિનો રહેતા. વિજ્ઞાન સ્વામી, મહાપુરુષદાસ બધા સંતો ઓશરીમાં સભા ભરતા. મહિમાની અને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાની વાતો કરતા.

'જ્યારે ગોંડલ મંદિરનો ખરડો કર્યો, ત્યારે દુકાને દુકાને જાતા. કલ્યાણભાઈ સાથે આવતા. સાંજના ૪-૦૦ વાગે શરૂ કરીએ તે ૭-૦૦ વાગ્યા સુધી ફરતા. કોઈ સો રૂપિયા લખાવે, કોઈ બસો લખાવે.

'અર્જુનભાઈ કોન્ટ્રાક્ટર હતા તે ખબર પડી. ત્રણ દિવસે તપાસ કરતાં જડ્યા. મોટા સાહેબ હતા. અહીં તો પગ વાટી નાખ્યા છે. અમદાવાદમાં રહેવાનું ઠેકાણું નહિ. ત્રણ મહિના પણ રહેતા. નંદુભાઈ મંછારામને ત્યાં ઊતરતા. બ્રાહ્મણ ન મળે. હાથે રસોઈ કરતા. છેવટે ખેંગારજીભાઈને ત્યાં હેઠે એક ઓરડીમાં રસોઈ કરતા. ઘણો આનંદ આવતો.'

## એવા ભક્તની સેવા તો હું ખડે પગે રહીને કરું

પછી આંબલીવાળી પોળે પધાર્યા. દર્શન કર્યાં. ત્યાં કોઈએ ખબર આપી કે ખોડાભાઈ બ્રહ્મભટ્ટને ગંભીર બીમારી હોવાથી વી.એસ. હૉસ્પિટલમાં દાખલ કર્યા છે.

સ્વામીશ્રી કહે : 'હાલો, હૉસ્પિટલમાં તેમની તબિયત જોઈ આવીએ.'

સાથે આવેલા સ્થાનિક સંતે ઘસીને ના પાડી કે કંઈ જવાની જરૂર નથી.

સ્વામીશ્રી એકદમ ભાવમાં આવીને બોલ્યા : 'એમ કેમ ના કહો છો ! ખોડાભાઈ જેવા ભગતની સેવા તો મારે ખડે પગે રહીને કરવી જોઈએ; તો તમે તબિયત જોવાની ના પાડો છો ! ખોડા ભગતે ભગતજી મહારાજના આખ્યાનનું કીર્તન બનાવ્યું હતું,[૨૨] અને બીજાં કીર્તનો રચીને સ્વામીને બહુ રાજી કરેલા.' એમ કહી સ્વામીશ્રી તેમને લઈને રમેશ દલાલ સાથે વી.એસ. હૉસ્પિટલમાં ખોડાભાઈને જોવા પધાર્યા.

એ પછી થોડા જ દિવસોમાં ખોડાભાઈએ ખંભાતમાં દેહ મૂકી દીધો.

રાત્રે ગુજરાત મેલમાં નીકળી સ્વામીશ્રી સંતમંડળ સહિત તા. ૧૭-૬-'૬૪

---

૨૨. 'માગો માગો ભગતજી આજ...'

સવારે મુંબઈ પધાર્યા. માર્ગમાં નડિયાદ, આણંદ, ભરૂચ, સુરત, બિલીમોરા, બોરીવલી વગેરે સ્ટેશનો પર ભક્ત-સમુદાયો વરસતા વરસાદમાં રાતના કાજળઘેરા અંધકારમાં પણ દર્શન તથા હારતોરા કરવા આવ્યા હતા.

દાદર મંદિરે આવી પહોંચતા મોટાસ્વામી તથા મહંત સ્વામીએ સ્વામીશ્રીને હારતોરા કર્યા. ઠાકોરજીનાં દર્શન તથા દંડવત્ કરી, સ્વામીશ્રી સૌ સંતો તથા હરિભક્તોને 'જય સ્વામિનારાયણ' કહી, આસન ઉપર બિરાજ્યા. પછી સૌ સંતોને વારાફરતી મળ્યા. ધબ્બો મારી, ઘણા વખતથી સંતોનાં હૈયાંમાં ભરેલી વિરહ-વેદનાને ટાઢી કરી, સૌનાં હૃદયમાં આનંદ આનંદ પ્રસરાવી દીધો.

❀ ❀ ❀

## પ્રેમલધારા ૨૪

# સાચા ભક્તિ કેરા સજાવોને સાજ રે



સ્વામીશ્રીનો કાર્યક્રમ અક્ષર ભવનમાં હંમેશાં આ પ્રમાણે રહેતો :

સવારના ૫-૦૦ વાગે ઊઠી, પાંચ મિનિટ ધૂન્ય કરાવી, બાદ સંસ્કૃતમાં બે પ્રાર્થનાઓ અથવા કોઈ વાર પ્રભાતિયાંનાં બે પદો બોલાવડાવી, પછી પોતે અમૃત વાણીનો લાભ આપતા. ૫-૪૫ વાગે મંગળા આરતીમાં પધારે, પછી સ્નાન વિધિ માટે જાય. ૬-૩૫ મહાપૂજાની આરતી કરવા પધારે ને પૂજામાં બિરાજે. ૭-૩૦ પૂજાનું વિસર્જન કરી, સૌને 'જય સ્વામિનારાયણ' કરવા બધા જ ઓરડામાં ફરી વળે. બાદ, અલ્પાહાર કરવા પધારે. ચાર-પાંચ સંતો તથા દસ-બાર હરિભક્તોને સાથે બેસાડે જ.

૮-૧૫ વાગે 'શ્રી યજ્ઞપુરુષ વ્યાખ્યાન મંદિર'માં વચનામૃતની કથા કરે. ૯-૩૫ સુધી એક-બે વચનામૃતનું નિરૂપણ કરી બ્રહ્મકિલ્લોલ કરાવે. આ રીતે પોતે સાક્ષાત્ સ્વરૂપ હોઈ શ્રીજીમહારાજની પરાવાણીનું પ્રત્યક્ષ સુખ આપતા. પછી ટપાલ લખે. હરિભક્તોને વાતચીત કરવી હોય કે મળવું હોય તો ૧૧-૩૦ સુધી તે લાભ આપે.

પછી નીચે મંદિરમાં ઠાકોરજીનો થાળ બોલવા આવે. પાંચ થાળ બોલે. પછી જૂનાગઢમાં સદ્‌ગુરુઓ બાલમુકુંદ સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી, મહાપુરુષદાસ સ્વામી આદિકની સાધુતાયુક્ત દૈનિક ક્રિયાઓની તથા સત્સંગની દૃઢતા સંબંધી જૂની વાતો કરે. ૧૨-૪૫ વાગે 'વાસુદેવ હરે' થાય એટલે જમવા પધારે. ઘણી વાર પોતે પીરસે ને મૂર્તિની સ્મૃતિ આપી દે, આગ્રહ કરીને ધરાર જમાડે. ૧૨-૫૦ વાગે બપોરની કથામાં બે વચનામૃત વંચાવે ને ક્યારેક ક્યારેક નિરૂપણ કરે અને ૧-૧૫ વાગે પોઢે.

૩-૩૦ વાગે ઊઠી, ઠાકોરજીની માનસી કરી, હરિલીલામૃત, ભક્ત-ચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય કે મુકુંદબાવનીમાંથી એક પ્રકરણ વંચાવે. પછી

સંતો પાસે એક સ્તોત્ર બોલાવરાવે. સ્વામીશ્રી કોઈ વાર જૂના મંદિરે દર્શનાર્થે પધારે. ઘણું કરીને ૪-૦૦ થી ૭-૦૦ વાગ્યા સુધીમાં ટપાલ વધુ હોવાથી આસન પર બેઠાં બેઠાં પત્રો લખે. આળસ તો ભાગતી ફરે. ૭-૪૫ વાગે *'સંત સમાગમ કીજે હો નિશદિન...'* એ ગોડી બોલે ને સંધ્યા આરતી કરે. પછી સ્નાન કરવા જાય. સ્નાન કરતી વખતે બાથરૂમમાં યુવકસેવકો તથા સંતો પાસે સ્વામીની વાતુંનો મુખપાઠ લે. ૮-૦૦ વાગે ઉકાળા-પાણી કરી સભાખંડમાં બિરાજે.

રાત્રિસભામાં પ્રથમ ધૂન-ભજનો થાય. ત્યારબાદ બે સંતો તથા એકાદ બે હરિભક્તોનાં પ્રવચન થાય. પછી સ્વામીશ્રીની અમૃત વાણીનો લાભ મળે. કોઈ વાર સારા રેડિયો કલાકારોના કાર્યક્રમો રાખવામાં આવે. સ્વામીશ્રી સંગીતના ભારે રસિયા. નવા નવા સંગીતકારોને વર્તમાન ધરાવી, પ્રસાદી તથા આશીર્વાદ આપી રાજી કરે. આ રીતે ૧૦-૩૦ સુધી સભા થાય. પછી વિસર્જન કરી, સૌને દર્શનનો લાભ આપી તૃપ્ત કરે. પછી ચેષ્ટા બોલે. ૧૧-૦૦ વાગે પોઢવા માટે 'યોગીછાયા' ખંડમાં પધારે. ક્યારેક ક્યારેક સંતોને બોલાવે ને કહે : 'હાલો મળી લઈએ.' 'મહારાજ મિલતે હૈ.' પછી કોઈને સંસ્કૃત સંબંધી પૂછે. કામની સોંપણી કરે. સૂચનો આપે. પછી ૧૧-૧૫ વાગે પોઢે.

આ રીતે ૭૪ વર્ષની વયે પણ અનહદ પરિશ્રમ વેઠી, પોતે જે મૂર્તિના સુખે સુખિયા હતા તેના સહભાગી બનાવવા સંતોને સાત સમેલિયા કરવાની તાલીમ આપતા.

બીજે જ દિવસે સવારે ૮-૦૦ વાગે વ્યાખ્યાન મંદિરમાં ગ.પ્ર. ૩ વચનામૃત સમજાવતાં બોલ્યા : 'હેત એટલે શું ? મનુષ્યભાવ ન પરઠવો. દિવ્યભાવ - સંબંધનો મહિમા જાણવો. દેહની ક્રિયામાં તો અવગુણ આવી જાય; પણ 'દિવ્ય છે' એમ મહિમા જાણવો.'

બપોરે થાળ પહેલાં સ્વામીશ્રી ઠાકોરજી પાસે આસને એકલા બેઠા હતા. પછી શ્રીહરિ સ્વામીને બોલાવીને પગ દાબવા કહ્યું. ધીરેથી હેત કરતાં શ્રીહરિ સ્વામીને કહે : 'શૂરવીર થાવું. ઉપાધિ કાંઈ થાશે નહીં.' વળી કહે : 'તમે મને સંભારતા હતા ? તમારું સ્થાન મારા હૈયામાં જડાઈ ગયું છે. હું તમને નત સંભારું છું. તમે માળાના મણકામાં આવી ગયા છો...!'

## અક્ષર ભવનના ટાવરનું ઉદ્‌ઘાટન

તા. ૧૯મીએ અક્ષર ભવન - મંદિર ઉપર તૈયાર કરેલ સુશોભિત ટાવરનું

વેદોક્ત વિધિથી સવારે ૯-૩૦ વાગે સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું. ટાવરનું સઘળું ખર્ચ પારસી સદ્‌ગૃહસ્થ બમનજી બહેરામે આપ્યું હતું. આ પ્રસંગે ટાવર ઉપર ધજા ફરકાવવાની સેવા ઈશ્વરભાઈ પ્રભુદાસ પટેલે (દાજીએ) યોગેશ્વરોના વિદ્યાદાનમાં કરી. સ્વામીશ્રીએ સૌ હરિભક્તોને અક્ષરપુરુષોત્તમ મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ સદા તન-મન અને ધનથી સુખી રાખે તેવા શુભ આશિષ આપ્યા હતા.

આજની પ્રાસંગિક સભામાં સ્વામીશ્રીએ સર્વે સંતો તેમજ મુંબઈના વડીલ હરિભક્તો હર્ષદભાઈ, માણેકલાલભાઈ તથા વજુભાઈની હાજરીમાં મોટા-સ્વામી(યજ્ઞપ્રિયદાસ)ને અક્ષરપુરુષોત્તમ મંદિર, મુંબઈના મહંત તરીકે નીમ્યા. તેમને ચાંદલો કરી, મહંતાઈની ચાદર ઓઢાડી હતી. સ્વામીશ્રીએ અત્યંત આનંદમાં આવી જઈ સભાને સંબોધીને કહ્યું કે 'મોટાસ્વામીએ શાસ્ત્રીજી મહારાજનો શિર સાટે પક્ષ રાખ્યો હતો ને તન, મન, ધનથી સેવા કરી અત્યંત રાજીપો મેળવેલો છે. આવા મોટા સંત શાસ્ત્રીજી મહારાજના મળેલા છે અને સત્સંગમાં અનુભવી છે. તેથી સર્વે સંતો અને હરિભક્તોએ મહંત મોટાસ્વામીની દોરવણી મુજબ કાર્ય કરવું.'

વળી જેઠ સુદ એકાદશીનો ઉત્સવ સ્વામીશ્રીએ ઊજવ્યો. આ પ્રસંગની મહત્તા સમજાવતાં જણાવ્યું કે 'જેઠ સુદ દશમ, શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા પછી મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ આ સમૈયો બાંધ્યો. જેથી ગુજરાત, કાઠિયાવાડ બધેથી મોટા મોટા સંતો, હરિભક્તો જૂનાગઢ જઈ અષાઢ સુદ એકાદશી સુધી રોકાઈ એક માસ પર્યંત અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરતા ને અક્ષરધામના અધિકારી બનતા. *'વરસોવરસ એક માસ રે, કરવો આ મંદિરમાં નિવાસ રે'* એ શ્રીજીમહારાજની આજ્ઞા સૌ પાળતા.'

એકાદશીએ સ્વામીશ્રી સંતો તથા હરિભક્તો સહિત જૂના મંદિરે દર્શને પધાર્યા હતા.

અક્ષર ભુવનમાં એક વાર એક હરિભક્તે સ્વામીશ્રીને કહ્યું કે 'આ હરિભક્ત ચા પીવે છે.'

સ્વામીશ્રી એકદમ બોલ્યા કે 'હોલ હિંદુસ્તાન ચા પીવે છે.'

આ સાંભળી સૌ હસી પડ્યા. સ્વામીશ્રીએ હરિભક્તનો પક્ષ રાખ્યો.

પછી પાછળથી એકાંતમાં પેલા હરિભક્તને બેસાડીને પ્રેમથી વાત કરી, ચા ન પીવા મનાવી લીધા. આમ, સ્વામીશ્રીએ તેનો પક્ષ રાખ્યો અને હરિભક્તો

વચ્ચે તેનું હીણું દેખાવા ન દીધું.

આ પણ એક પ્રકારનો વિવેક હતો. સાથે ભક્તજનનું હિત કરવાની વિશિષ્ટ કરુણા તો અંતરમાં ખરી જ. ખોટો પક્ષ કે અવગણના બિલકુલ નહિ.

## મેવા ખાધા હોય તેનો કેફ જુદો

તા. ૨૧મીએ, રવિસભામાં સાંજે વરતાલનું ૧૧મું વચનામૃત નિરૂપ્યું :

'બે કીર્તન દરેકે મોઢે કરી લેવાં : *'મારા હરજી શું... મારા વ્હાલાજી શું...'* જૂનાગઢમાં સ્વામી ૪૦ વરસ રહ્યા. કોઈએ ન ઓળખ્યા. સ્થિતિ થઈ હોય તે ઓળખે. તમે ઇંગ્લિશમાં મને ગાળ ઠપકારો તો હું શું સમજું ?

'ઘણાને પૂછીએ : 'તમે ભગવાનનાં દર્શન કર્યાં છે ?' તો કહે : 'અમારાં એવાં પુણ્ય ક્યાંથી કે દર્શન થાય ?' પણ સંતનાં દર્શન થયાં તે મહારાજનાં સાક્ષાત્ દર્શન છે. માટે કેફ રાખવો. સાચા સંત મળ્યા છે. તેનો અનુભવ થયો છે.

'એક કોળીનો છોકરો અને એક શેઠનો છોકરો રોજ મલ્લકુસ્તી કરે ને કોળીના છોકરાને શેઠનો છોકરો પાડી દે. એક દી' કોળીના છોકરે પૂછ્યું : 'તમે રોજ શું જમો છો, તે આટલું બળ છે ?' ઓલ્યો કહે : 'દૂધપાક જમું છું.'

'કોળીનો છોકરો ઘરે જઈને કહે : 'મારી માડી, મને દૂધપાક કરી દે. મારે શેઠના છોકરા હારે કુસ્તી લડવી છે.' કોળણ બીચારી ભારા વેચે. તે ક્યાંથી દૂધપાક ખવરાવે ? એટલે ખાટી છાશનો બોળો કરી મીઠું નાખીને દીધું.

'બીજે દી' મલ્લકુસ્તીમાં વહેલો પડી ગ્યો ને ત્રણ ગડથોલાં ખવડાવ્યાં. તેણે શેઠના છોકરાને પૂછ્યું : 'આમ કેમ ? હું તો આજે દૂધપાક ખાઈને આવ્યો છું.'

'શેઠનો દીકરો કહે : 'કેવો હતો ?'

'ખાટો.'

'પછી શેઠનો દીકરો પોતાના ઘરે લઈ ગયો. ને દૂધપાક ખવડાવ્યો. તે ખુશ થઈ ગયો કે 'આ તો મીઠો સાકર જેવો છે. મારી મા તો મને ખારા પાણા જેવો ખવરાવતી'તી.' પછી મસ્તી ચડી ગઈ ને શેઠના છોકરાને હરાવી દીધો.

'સાચા મેવા ખાધા હોય તો કેફ જુદો આવે. જેને ભગવાનનો અનુભવ નથી થયો તે શું સંભારે ? મોટા સંતનો રાજીપો ન મેળવ્યો તે કોઠાં-બોરાં ખાધા જેવું છે. આપણે સાચું મળ્યું તેનો કેફ, રાજી કર્યા તેનો કેફ રહે.'

આ દિવસો દરમ્યાન એક દિવસ મણિનગરના શિવાભાઈ પટેલે રસોઈ આપી હતી. ઠાકોરજી જમાડી તેઓ હૉલમાં સ્વામીશ્રીનું પૂજન કરવા આવ્યા.

પૂજન બાદ સ્વામીશ્રી અને સંતોને ધોતિયાં ઓઢાડ્યાં. સ્વામીશ્રી તેમના ભક્તિભાવથી ખૂબ રાજી થયા અને કહે : 'અમને ધોતિયાં ઓઢાડ્યાં, હાર પહેરાવ્યા તે પૂજા કહેવાય; અને બધા સંતોને હાર પહેરાવ્યા તે મહાપૂજા કહેવાય. આવો મહિમા બધાએ સમજવો. બધાને હાર ન પહેરાવાય, તો માનસીમાં બધાનું પૂજન કરવું. તોપણ મહાફળ મળે.'

એમ વાત કરતા હતા ત્યાં એક હરિભક્તે પગે લાગી નોકરીના આશીર્વાદ માગ્યા. સ્વામીશ્રી કહે : 'અક્ષરધામના આશીર્વાદ આપવા છે.' એમ કહેતાં ચપટી વગાડીને કહે : 'નોકરી તો આમ મળી જશે; પણ અક્ષરધામના આશીર્વાદ લો.' એમ કહી પોતાની લાક્ષણિક ઢબે ધબ્બો આપ્યો. પેલા હરિભક્ત તો ખૂબ રાજી થઈ ગયા.

બીજે દિવસે, સવારે મંગળ પ્રવચનમાં રુચિરાષ્ટક સંતો પાસે ગવરાવ્યાં ને સ્વામીશ્રી કહે : 'આમાં રાધિકાપતિ લખ્યું છે તે અક્ષરપતિ થાય કે નહીં ?'

ત્યારે નારાયણ ભગત કહે : 'બાપા ! આમાં ક્યાં રાધિકાપતિ છે ?'

તો કહે : 'રુચિ-રાધિપતે... આવ્યું કે નહીં ?' પછી 'સંધિ છે' એમ સમજાવ્યું, ત્યારે સ્વામીશ્રી કહે : 'હા, હા, બરોબર છે !'

સ્વામીશ્રી ક્યારેક પોતાનું લૌકિક અજ્ઞાન પ્રગટ કરતા ત્યારે વાતાવરણ નિર્દોષ આનંદથી છલકાઈ જતું. સૌને સ્વામીશ્રી અલૌકિક સ્મૃતિ પીરસી દેતા.

સાંજે આઇસક્રીમની ઉજાણી હતી. સ્વામીશ્રી પધાર્યા હતા. બધા સંતો આઇસક્રીમ જમતા હતા. તેમની વચ્ચે પોતે બેઠા. કોઈ કહે : 'બાપા ! આઇસક્રીમ ખાવ.'

સ્વામીશ્રી કહે : 'મને સાજો રાખવો છે ?' પછી સંતોનાં પત્તરને આંગળી અડી જાય તોય ઝાટકો મારી હાથ ખેંચી લે. ને આંગળી ઘસવા મંડી પડે ને બોલતા જાય : 'બધામાં સ્વામી શાસ્ત્રીજી મહારાજ જમે છે !'

પછી વાતના પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'આખાય જૂનાગઢમાં જે આવે તે કહે, 'ગિરનાર જાવું છે.' પછી દત્તાત્રેય જઈ માથાં કૂટે. પણ મૂકોને માથાકૂટ, ગુણાતીતનાં ચરણમાં તીરથમાત્ર આવી ગયાં.'

વળી કહે : 'આપણે એક દિવસમાં ૨૬૨ વચનામૃતની કથા કરવી છે. કોણ કરી શકશે ? નાહવા ગયેલા ત્યાં વિચાર આવ્યો કે આવી પારાયણ કરીએ. વિજ્ઞાન સ્વામી સાથે ફરતો ત્યારે ત્રીસ વર્ષ પહેલાં મેં તાજપરમાં એક દિવસે ૨૬૨ વચનામૃતની પારાયણ કરેલી. સવારે ૬-૦૦ વાગે બેઠેલો, તે રાત્રે ૯-૦૦

વાગે કથા પૂરી થયેલી. વચ્ચે દૂધ કે કંઈ નહિ. ખાલી પાણી પીતો. ગોરેગાંવની પારાયણ પછી વચનામૃતની પારાયણ કરીશું.' એમ હંમેશાં શુભ સંકલ્પો કરી, સૌને તેમાં જોડી રાખવાનું સ્વામીશ્રીને ખૂબ ગમતું.

## ઈતિહાસમાં દુર્લભ દાખલો

અવારનવાર સ્વામીશ્રી સંતોને સાથે જમવા બેસાડતા. કોઠારી ભક્તિપ્રિય સ્વામીને પણ ઘણી વાર લાભ આપતા અને તેમનું પત્તર મિષ્ટાન્નથી ભરી દેતા. કોઠારી સ્વામીને જમતાં પરસેવો છૂટી જાય. સાથે બીક પણ રહે કે 'આટલું કેમ પચશે ?' પણ સ્વામીશ્રીએ ભાવથી પીરસેલી પ્રસાદી - ભારે મિષ્ટાન્ન પણ ઉદરમાં રહેલા વૈશ્વાનર દેવ ભસ્મીભૂત કરી દેતા. બધું જ પચી જતું. ત્યારે કોઠારી સ્વામીને પણ આશ્ચર્ય થતું.

ખૂબ ચાવીને જમવાની ટેવવાળા કોઠારી સ્વામીને જમવામાં ઘણી વાર લાગતી. તેથી ઘણી વાર સ્વામીશ્રી જમીને ચળું કરીને વહેલા ઊભા થઈ જતા. પણ જતાં જતાં અવશ્ય સેવકને સૂચના આપતા કે 'કોઠારીને દાળ આપજો.' જમ્યા બાદ કોઠારી સ્વામીને દાળ પીવાની ટેવ હતી એ સ્વામીશ્રીએ જાણી લીધું હતું. ગુરુ શિષ્યની કોઈ ટેવ કે રુચિ જાણે અને એ પ્રમાણે પોતે વર્તે, એ કદાચ ગુરુ-શિષ્ય સંબંધના ઈતિહાસમાં દુર્લભ દાખલો હશે.

## સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે

એક હરિભક્ત સુરત જઈ રહ્યા હોવાથી રજા લેવા આવ્યા. સ્વામીશ્રી કહે : 'ઘડીક ખમો, પત્ર લખી આપું. ત્યાં આપી દેજો.'

પેલા હરિભક્ત ઊભા રહ્યા. મનમાં ચિંતા હતી કે 'ટ્રેન ઉપડવાને પંદર મિનિટ બાકી છે, તો પત્ર જલદી લખાઈ જાય તો સારું.'

સ્વામીશ્રી લખી રહ્યા હતા. એવામાં એક હરિભક્ત આવ્યા અને એકદમ જ સ્વામીશ્રીને હાર પહેરાવી દીધો. સ્વામીશ્રીએ પત્ર પડતો મૂકી તેમને હાર પહેરાવ્યો. ફરી પત્ર લખવો શરૂ કર્યો. ત્યાં બીજા હરિભક્ત આવ્યા અને હાર પહેરાવ્યો. સ્વામીશ્રીએ પત્ર પડતો મૂકી તે ભક્તની ભાવના પણ સ્વીકારી. આમ ને આમ નવ હરિભક્તો અજાણતાં પણ સ્વામીશ્રીને વિઘ્નરૂપ થયા. દસમા હરિભક્ત તો એવા વેગમાં હાર પહેરાવવા આવ્યા કે સ્વામીશ્રી પત્ર-પેન બાજુએ મૂકે એ પહેલાં તો હાર માથા સુધી લઈ આવ્યા. સ્વામીશ્રી એકદમ

બોલી ઊઠ્યા : 'ગુરુ ! ઠાકોરજીને ધરાવો.'

પણ પેલા ભાઈ વેગમાં હતા. તે હા, ના કરતાં હાર પહેરાવવાનો આગ્રહ કરતા રહ્યા; પણ ભીના હારને કારણે સ્વામીશ્રીએ લખેલા પત્ર પરની શાહી રોળાઈ ગઈ અને પત્ર બગડી ગયો.

પરંતુ સ્વામીશ્રીના મુખારવિંદની શાંતિ, સ્વસ્થતા ખરેખર અદ્‌ભુત રીતે સ્થિર રહી. ક્રોધ કે ગ્લાનિની લકીર સુધ્ધાં એમના પ્રસન્ન ચહેરા પર જોવા ન મળી. જાણે કાંઈ બન્યું જ ન હોય તેમ સ્વામીશ્રીએ રોળાઈ ગયેલો પત્ર ગોટો વાળી બાજુમાં મૂકી દીધો અને નવેસરથી પત્ર લખવાનું શરૂ કર્યું. સુરત જનાર હરિભક્ત અને બાજુમાં ઊભેલા મહંત સ્વામી આ લીલા નિહાળતા દિંગ બની ઊભા હતા. તેમને આ એક જ પ્રસંગે પ્રવચનો, કથા કે શાસ્ત્રોના વાચનથી પણ ન થાય એટલી ઘેરી અસર થઈ કે સહનશીલતા, ધીરજ અને ટાણે વર્તી બતાવવું એ જ સાધુતા, તે આનું નામ !

તા. ૨૫મીએ, રાત્રે ૪-૩૦ વાગે ચંદ્રગ્રહણ હોવાથી સ્વામીશ્રીએ યજ્ઞપુરુષ વ્યાખ્યાન મંદિરમાં સવારના ૮-૩૦ સુધી સભા યોજી, સંતો તથા હરિભક્તોને સતત ચાર કલાક ભજન અને કથાનું સુખ આપ્યું. ત્યારબાદ 'જૂહુ બીચ' ઉપર સંત-સમુદાય તથા હરિભક્તોને લઈ સમુદ્ર-સ્નાન કરવા પધાર્યા. આજની શુભ તિથિના વિશેષ આશીર્વાદ આપવા સ્વામીશ્રી જ્યારે દરિયા કિનારે પધાર્યા ત્યારે આ મહાન સંતવર્યના પાદારવિંદનો સ્પર્શ કરી કૃતકૃત્ય થવા સાગર હર્ષથી ગાંડોતુર બની મોજાંની મોટી છોળો ઉછાળતો ઝડપથી આગળ ધપી રહ્યો હતો. સ્નાન વિધિ પછી સ્વામીશ્રી, મોટાસ્વામી તથા અન્ય સંતોનું પૂજન થયું.

ત્યારબાદ સૌ હરિભક્તોને આશિષ આપતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'આ ગ્રહણ થયું તે ભગવાને ભજન કરવાનું સાનુકૂળ કરી આપ્યું. માટે આજને દિવસે શુભ આશીર્વાદ આપીએ છીએ - 'સૌને નિર્દોષબુદ્ધિ રહેશે. અંદરોઅંદર દિવ્યભાવ રહેશે.' માટે કથાવાર્તામાં રુચિ રાખી, ધર્મ-નિયમમાં યથાર્થ રહેવું. જીવનો સત્સંગ કરી લેવો.'

બે દિવસ પછી, દિલીપસિંહ જાડેજાને ત્યાં પધરામણીમાં માજી પોલીસ કમિશનર માનસિંહજી ચુડાસમા, પશ્ચિમ રેલવેના ડેપ્યુટી જનરલ મૅનેજર ધીરુભાઈ પટેલ, ચીફ એન્જિનિયર મણિભાઈ પટેલ, ડિવિઝનલ કોમર્શિયલ સુપ્રિન્ટેન્ડન્ટ એમ.આર.કે. કૃષ્ણને સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદનો લાભ લીધો. સામાન્ય, સાદા, સરળ લાગતા પુરુષની દિવ્ય મૂર્તિમાં સૌ ખેંચાઈ ગયા.

સ્વામીશ્રીની આશ્ચર્યકારક પ્રતિભા અનેરી જ હતી.

સ્વામીશ્રી કહે : 'હર્ષદભાઈ ! અંગ્રેજીમાં વાત કરો.'

હર્ષદભાઈએ અંગ્રેજીમાં ઉપાસના, શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને સંતોનો મહિમા સુંદર રીતે વર્ણવ્યો. સૌ તાજુબ થઈ ગયા. કૃષ્ણ સાહેબ શાસ્ત્રના અભ્યાસી હતા. તેમણે ભાગવતમાંથી શ્લોકો બોલી સંતમહિમા વર્ણવ્યો. જીવનું જીવન, આધાર સાચા સંત છે, તે વાત સાંભળી સૌ વિચારમગ્ન થઈ ગયા. સ્વામીશ્રીનાં દર્શનથી સૌએ પરમ શાંતિ અનુભવી. જાણે આખી જિંદગીનો થાક ઉતારતા હોય તેમ સૌ આનંદમાં આવી ગયા.

ગોરેગાંવમાં શંકરભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, મગનભાઈ વગેરે ભક્તોએ પારાયણનું આયોજન કર્યું હતું. તેથી સાંજે સ્વામીશ્રી ગોરેગાંવ પધાર્યા. તા. ૨૯-૬ થી ૫-૭-'૬૪, સાત દિવસ હરિલીલાકલ્પતરુ ગ્રંથના દ્વિતીય સ્કંધની પારાયણ યોજાઈ. મુંબઈના હરિભક્તો વરસાદમાં પણ ૧૫ માઈલ દૂર, સવાર-સાંજ પારાયણમાં લાભ લેવા પહોંચી જતા.

## સાચા મળે ત્યારે નમો ને !

પારાયણ દરમ્યાન શેઠ હરિલાલ ત્રિવેદીનાં દીકરીનાં લગ્ન પ્રસંગે, આશીર્વાદ આપવા સ્વામીશ્રી જહાંગીર આર્ટ ગેલેરીમાં સન્માન સમારંભમાં પધાર્યા હતા. તેમણે ઈન્દ્રપુરી જેવી શોભા સજાવી હતી. મુંબઈના લક્ષ્મીપતિઓ દર્શને આવ્યા હતા. આધુનિક જીવનમાં રાચતા સૌ સ્વામીશ્રીના દિવ્ય પ્રેમમાં તણાઈ ગયા. દર્શનથી મુગ્ધ બન્યા. શેઠ કહે : 'બાપા ! હજુ સુધી કોઈ સંતને નમ્યો નથી.'

'સાચા મળે ત્યારે નમો ને !' સ્વામીશ્રીએ સહજભાવે કહ્યું. પોતે જુદો જ પ્રભાવ અહીં ધારણ કર્યો હોય તેમ જણાતું હતું. આધુનિક વિષયી વાતાવરણમાં પ્રભુતા આવા દિવ્ય પુરુષ જ પ્રગટાવી શકે. સૌ રાજી થયા.

ગોરેગાંવમાં એક દિવસ ઉત્સવનું આયોજન કરી સ્વામીશ્રી કહે : 'કથા-વાર્તા તો નિત્ય કરીએ છીએ, પણ આવા ઉત્સવ ઊજવવા એ આપણી ભક્તિ છે.'

પૂર્ણાહુતિમાં ૨,૦૦૦ જેટલા ભક્તોએ લાભ લીધો. ઈન્દ્રરાજાએ ખમૈયા કર્યા પણ ભોજન સમારંભ પૂરો થયા પછી પૂરા ખાબક્યા.

## તમારે પણ અમારે ઘરે આવવું પડશે

અહીં સ્વામીશ્રીનો ઉતારો બાબુભાઈને ત્યાં રાખવામાં આવેલો. તેમના

મોટા પુત્ર હરીશભાઈને આ પસંદ ન હતું. હરીશભાઈ સ્વામીશ્રી પાસે જતા નહીં. એક વાર કોઈએ તેમની ઓળખાણ આપી. તેથી સ્વામીશ્રીએ તરત જ તેમને પાસે બોલાવ્યા. વર્તમાન ધરાવ્યાં ને કંઠી બાંધી દીધી. એટલું જ નહીં, પૂજા પણ આપી દીધી. સ્વામીશ્રીએ બધી મૂર્તિનો પરિચય કરાવ્યો. પણ હરીશભાઈને સત્સંગ નહીં તેથી એ કંઠી-પૂજા તેમણે અંદર જઈને એક બાજુ મૂકી દીધાં.

સંતો કોઈ વસ્તુ મંગાવે તો તે ઘરમાં લેવા ન જાય. વળી, સ્વામીશ્રીની રૂમમાં તેમણે જાણીને ફિલ્મ અભિનેતાનું કેલેન્ડર લગાવ્યું. જો સંતો કાઢી નાખે તો સંતોને જરા કહેવાય કે 'શા માટે કેલેન્ડર કાઢી નાંખ્યું ?' પણ સંતો વિવેકી હતા. તેમણે કેલેન્ડર ઊંધું કરી દીધું !

છેવટ સુધી તેમણે ઘરમાં સ્વામીશ્રી તથા સંતો હેરાન થાય તેવી પ્રવૃત્તિ કરી, પણ તે સૌને આનંદમાં જોઈને હરીશભાઈ વિચારમાં પડી ગયા.

પારાયણની પૂર્ણાહુતિના દિવસે તેમણે વિચાર્યું કે 'સ્વામીશ્રીનાં દર્શન કરીને કહેવું કે મારી ભૂલ થઈ હોય તો ક્ષમા કરશો.' આ વિચાર સાથે તેઓ હરિભક્તોની લાઇનમાં દર્શન કરવા ઊભા રહ્યા.

તેમને દૂરથી જોયા એટલે સ્વામીશ્રીએ જ તેમને પાસે બોલાવીને હેતપૂર્વક કહ્યું : 'ગુરુ ! તમારે ઘરે અઠવાડિયું રહ્યા, તમને બહુ ભીડો આપ્યો. તેથી તકલીફ થઈ હોય તો માફ કરશો.' વળી કહે : 'હરીશભાઈ ! અમે તમારા ઘેર આઠ દી' રહ્યા, તો તમારે પણ અમારે ઘરે આવવું પડશે.'

આ અનર્ગળ પ્રેમ સામે બીજું કહેવું પણ શું ? હરીશભાઈ ભાવવિભોર થઈ ગયા. તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : 'કયું તમારું ઘર છે ?'

સ્વામીશ્રી બોલ્યા : 'દાદર - અક્ષર મંદિર અમારું ઘર છે. તમે ત્યાં દર્શને આવજો.' હરીશભાઈ પાસે સ્વામીશ્રીએ વચન લીધું.

ધીરે ધીરે હરીશભાઈનું જીવન પરિવર્તન થઈ ગયું અને તેઓ સંસ્થાના આજીવન સેવક થઈને રહ્યા.

## જોનારા ઝડપાયા

આ સમયે ગોરેગાંવ સત્સંગ-સમાજ તરફથી બેચરભાઈ વાઘમશીને પારાયણનો લાભ લેવા આમંત્રણ મળ્યું હતું. આમ તો તેમને પરંપરાથી ચાલ્યો આવતો જૂનો સત્સંગ. તેઓ ધારી તાલુકાના કેરાલા ગામના વતની અને તેમના

પિતાશ્રીના મોટાભાઈ રામભાઈ ધારીની શાળામાં શિક્ષક હતા,[૨૩] તેમણે શિક્ષાપત્રી અને વચનામૃત પર બહુઅર્થી ટીકા પણ લખી હતી. પરંતુ જૂના મંદિરમાં બેચરભાઈને અભાવના શબ્દો પડેલા કે 'અક્ષરપુરુષોત્તમવાળા બંડિયા છે.'

છતાં કોઈ દૈવી શક્તિ તેમને આકર્ષી રહી હતી અને તેઓ 'કોઈ જૂના મંદિરના સત્સંગી ન જુએ તો સારું' - એવા ડર સાથે પારાયણમાં આવવા લાગ્યા. તેમની બધી માન્યતાઓ અને સ્વામીશ્રી માટે સાંભળેલાં દ્વેષ ભરેલાં વિધાનો અંતરમાંથી સરવાં લાગ્યાં. અહીં તો કેવળ સાધુતા અને દિવ્ય ભક્તિથી પૂર્ણ રસથાળ હતો. તેમને સ્વામીશ્રીએ પરિચય પૂછી ફૂલહાર પહેરાવ્યો. આશીર્વાદનો ધબ્બો આપ્યો અને કહ્યું : 'આવતીકાલે પૂર્ણાહુતિ છે. તમે કુટુંબ સહિત જમવા આવજો.'

સ્વામીશ્રીનું ભાવભર્યું આમંત્રણ બેચરભાઈએ સ્વીકારી લીધું. જૂના

---

૨૩. રામભાઈ પૂજાભાઈ વાઘમશી ધારીની શાળામાં શિક્ષક રહ્યા બાદ થોડાં વર્ષો બાજુના ગામ કમી કેરાળામાં પણ પ્રાથમિક શિક્ષક તરીકે હતા. જૂનાગઢના બાલમુકુંદદાસ સ્વામીના શિષ્ય અને ગાયકવાડ સરકારના માનીતા પટેલ રામભાઈ ખૂબ પવિત્ર તથા વિચક્ષણ હતા. તેમણે શિક્ષાપત્રીનું બહુઅર્થી ભાષાંતર પણ કરાવ્યું હતું.

તેમણે કમી કેરાળામાં ચોથા ધોરણના એક વર્ગમાં લાલજીભાઈ કે. ડોબરિયા અને અન્ય વિદ્યાર્થીઓ સમક્ષ એકાએક જ કંઈક વાત નીકળતાં યોગીજી મહારાજની સ્મૃતિ કરી હતી. તેમણે કહ્યું : 'હું ધારીમાં માસ્તર હતો ત્યારે એ યોગીરાજને મેં પણ ભણાવેલા. શાંત, વિવેકી, નમ્ર એ ઝીણો ઠક્કર આજે પણ વીસરાતો નથી...' તેમની આંખો ભૂતકાળ પર ચડી ગયેલાં સમયનાં પડળો ખસેડી, દૂર એ કૃશકાય મૂર્તિ શોધી રહી હતી.

તેમણે કહ્યું : '...છેવટે એ સાધુ જ થઈ ગયો. શાળાનું રતન હતો એ તો. અરે ! ગામનું જ રતન કહો ને ! એક વાર તે સાધુમાં ભાવનગર આવેલા. મારે પણ કોઈ કામસર ત્યાં જવાનું થયેલું. મને જાણ થઈ કે જ્ઞાનજીવન સ્વામી એટલે કે ઝીણો અહીં છે. હું તેમના ઉતારે પહોંચ્યો. એટલાં વર્ષે પણ મારા એ વિદ્યાર્થી મને ઓળખી ગયા...' રામભાઈ ભાવવિભોર થઈ બોલતા જતા હતા :

'એ તપસ્વી જોગી મારી સામે દોડ્યા, અને મારા પગે પડી ગયા ! આવો આદર, સ્નેહ તો મેં ક્યાંથી કલ્પ્યો હોય ? એટલું ઓછું હોય તેમ એમણે મને દંડવત્ કર્યા. મેં હાથ પકડીને ઊભા કર્યા, કહ્યું : 'જોગી ! જોગી ! આ શું ? હવે તમે તો મહાપુરુષ થયા; અમને ગૃહસ્થને દંડવત્ ન હોય.'

'ત્યારે એમણે ભાવથી કહેલું : 'ખરા વિદ્યાગુરુ તો તમે છો.' અને એ મને ભેટી પડ્યા ! એ દિવસ, એ સ્પર્શ, આજે પણ મને અલૌકિક રોમાંચ આપે છે...'

સત્સંગીઓને આની ખબર મળતાં બેચરભાઈની ટીકા કરવા લાગ્યા કે 'બંડિયા સાથે ભળી ગયા ! ભૂરકી નાખી તેથી ભરમાઈ ગયા !' વગેરે.

બેચરભાઈ જાણતા હતા કે શ્રીજીમહારાજે વચનામૃતનાં પાને પાને જે સંતની વાત કહી છે, તે ગુણાતીત સંતની વાત છે. સદ્ગુરુ વિના તે સમજાતી નથી. બકરાં-ઘેટાં વાડામાં પુરાય, પણ સિંહ કદી પુરાતો નથી. સૂર્ય પાસે અંધારું ટકી શકતું નથી. તેમજ જ્યાં સુધી સદ્ગુરુરૂપી સૂર્ય મળે નહીં, ત્યાં સુધી અજ્ઞાન-અંધકાર ટળે નહીં. સાચું જ્ઞાન પ્રગટ થયા વિના રહેતું નથી. સમાગમ વિના વિશાળ અમૃત સરોવરમાં સ્નાન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું નથી અને મોક્ષનો માર્ગ હાથમાં આવતો નથી.

તેમનો સત્સંગનો રંગ અવિરત વૃદ્ધિ પામતો ગયો અને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સમજાઈ ગઈ. તેમને લાગ્યું કે આ કેવળ સ્વામીશ્રીની કૃપાને કારણે જ થયું છે.

## કાખના મુવાળા જેવું છે

સ્વામીશ્રી એક દિવસ પવઈ પધાર્યા. અહીં બપોરે આરામમાંથી ઊઠીને એક સંતનો હાથ ઝાલીને બહાર આવ્યા. ગુણવંતભાઈ બહાર પ્રકૃતિનાં સૌંદર્યનું નિરીક્ષણ કરતા હતા. સ્વામીશ્રી કહે : 'ગુણુ ભગત ! શું જુઓ છો ?'

તેઓ કહે : 'બાપા ! નિસર્ગની સુંદરતાનું પાન કરું છું !'

સ્વામીશ્રી એકદમ તેમનો હાથ ખેંચીને ઘેરા સ્વરે બોલ્યા : 'એમાં કાંઈ માલ નથી. કાખના મુવાળા જેવું છે ! હાલો, વાતો મોઢે કરો.'

પછી રાત્રે એક સંતને કહે : 'ગુણુ ભગતની પાસે વાતો મોઢે લ્યો છો ? વાતો મોઢે લેવી, નીકર મન ક્યાંય ફર્યા કરે.'

અક્ષર ભવનમાં કથા પ્રસંગમાં સ્વામીશ્રી સંતોને સંબોધીને કહેતા હતા : 'આત્મા માને તો શબ્દ ન લાગે. લાગે તો સમજવું કે દેહને પોતાનું રૂપ માન્યું છે.'

ત્યારે એક સંત કહે : 'કોઈ આપણને કાંઈ કહે તો વ્યાજ સાથે પાછું આપવું ને ?'

તે સાંભળી એકદમ સ્વામીશ્રી કહે : 'આમ કેમ બોલ્યા ? પાંચ દંડવત્ કરજો ઠાકોરજીને ! સાધુને એવો શબ્દ ન બોલાય.'

આમ, બોલવામાં પણ વિવેક રાખી, ક્યારેય અવળ વાણી કહેતાં મોટા-પુરુષની મરજી વિરુદ્ધ ન બોલવું, તે સ્વામીશ્રી શીખવતા. સવળી વાત જ

સાંભળવા - બોલવાનો આગ્રહ રાખતા.

## એક દી'ની વચનામૃતની પારાયણનો ઈશક

રાત્રે બધા સંતોને બોલાવી નક્કી કર્યું કે 'આવતીકાલે એક દિવસમાં આખા વચનામૃતની પારાયણ કરવી. કહો કોણ કરશે ?' પછી સ્વામીશ્રી એક પછી એક વાંચનાર પુરાણી સંતનાં નામ બોલતા જાય અને વારા ગોઠવતા જાય. એમ નક્કી કરી દીધું. આવી પારાયણ થશે એ વિચારે પોતે ખૂબ ઉત્સાહમાં હતા. તેથી કહે : 'કાલે વહેલા ઊઠી ચાલુ કરી દેવું. અમૃત વાણી ! અમર કરી દે.' એમ કહેતાં આરામમાં પધાર્યા.

તા. ૯-૭-'૬૪, આજે સવારે ૪-૫૦ વાગે ઊઠી ગયા. પછી સીધા આરતીમાં પધાર્યા. ૫-૦૦ વાગે આરતી કરી. સ્નાન કરી ધોતિયું પહેરતાં મને કહે : 'આજે કથામાં મેલ ટ્રેન દોડાવજો !' એમ કહેતાં હસી પડ્યા.

પછી પૂજા કરી, સવારે ૬-૪૫ વાગે મહિલા ગૅલેરીમાં હાર બનાવતાં હરિભાઈ વગેરેને દર્શન દઈ, વ્યાખ્યાન મંદિરમાં પધાર્યા.

આજે પોતે ખૂબ જ આનંદમાં હતા. કથા તો એમનો ખોરાક હતો ને ! માંદા સંતોને પણ એમણે કહ્યું : 'કથામાં આવી જાવ.' પછી વાત કરતાં કહે :

'વચનામૃત શાસ્ત્રીજી મહારાજને પ્રિય. ઉલ્લાસરામભાઈ પાસે વંચાવે. સાંભળીએ તો અમર થઈ જઈએ. ચોમાસું બેઠું, વચનામૃતનો પાઠ કરવો. ફળ મળી જાય. અમાસ પર્વણી છે.

'પ્રથમ તો સર્વે કામ...' એકાગ્ર ચિત્ત એટલે વિચાર નહીં. જવા-આવવાનું કંઈ રહેતું નથી. 'સાક્ષાત્ શ્રીજીમહારાજ વાત કરે છે,' એમ સમજી સાંભળે તે જ્ઞાન. આ સમજીને એ પ્રમાણે વર્તવું. અમહિમાની વાત ન સાંભળવી. હવે ૭-૦૦ વાગ્યા. શરૂ કરાવી દઈએ. પરથારો વાંચીએ ત્યાં હર્ષદભાઈ આવી જશે.'

બાદ પૂજન શરૂ કર્યું ને કહે : 'પાંચ હરિભક્તો સવા-સવા રૂપિયો લઈ તૈયાર થઈ જાવ...' પૂજન-આરતી પછી મને વ્યાસપીઠ પર બેસવા આજ્ઞા કરી ને કહે : 'માઇકમાં બોલો - નવરા હોય તે સર્વે આવી જાવ. કથા શરૂ થાય છે... અમૃત વાણીનો લાભ ફરી નહીં મળે.'

આજે મહંત સ્વામીએ વ્યાસપીઠ આંબાનાં પાંદડાંથી શણગારી હતી.

પછી ૧૦-૪૫ વાગે પ્ર. ૬૧ વંચાતું હતું તે પર વાત કરી : 'ભગવાન બળીના બંધનમાં આવ્યા તેમ આપણે જો આખો દી' કથામાં બેસીએ તો બંધનમાં

આવે કે ન આવે ? લાખો રૂપિયા ખોટા કરીને આ પારાયણ સાંભળવી. આખી પારાયણ એક દી'માં સાંભળી સૌને એનો કાંટો રહે.

'આ પરાવાણી, શાસ્ત્રીજી મહારાજે ઉલ્લાસરામભાઈ પાસે વડતાલમાં આવી પારાયણ કરાવી. મેલ ટ્રેન હાલે. સાંજે પૂર્ણાહુતિ.'

પછી પોતે કહે : 'મેં તાજપરમાં પારાયણ કર્યું હતું. ત્યારે સવારે ૫-૩૦થી બેઠેલો તે રાત્રે ૯-૦૦ વાગે પૂર્ણાહુતિ કરી હતી.'

સવારે ૭-૦૦ વાગે સભા ભરચક થઈ ગઈ હતી. ૭-૦૦ થી ૧૨-૦૦ મેં વાચન કર્યું. પછી ૧-૦૦ થી ૫-૦૦ અનુપમ ભગત અને ૫-૦૦ થી ૯-૦૦ નારાયણ ભગતે વાચન કર્યું. ૧૭૫ વચનામૃત વંચાયાં. પારાયણ બીજા દિવસ ઉપર મુલતવી રાખ્યું. વળતે દિવસે સવારે અને રાત્રે સ્વયંપ્રકાશ સ્વામીએ વાચન કરી, રથયાત્રાના ઉત્સવમાં પારાયણની પૂર્ણાહુતિ કરી. સૌને અલૌકિક આનંદ થયો. ટૂંકી મુદતમાં વચનામૃતનું સળંગ પારાયણ અને સ્વામીશ્રીની એકાગ્રતાથી શ્રવણ કરતી મૂર્તિનાં દર્શનનો લાભ અવર્ણનીય હતો.

મહંત સ્વામી, દાસ ભગત વગેરે સંતો તથા કેશવજીભાઈએ ખૂબ મહેનત કરી, પર્વતમાળા ઊભી કરી, લાકડાંનો સુંદર રથ અશ્વો સાથે બનાવી, હરિકૃષ્ણ મહારાજને પધરાવી, રથયાત્રાનું સુંદર દૃશ્ય ખડું કર્યું હતું. પ્રાસંગિક પ્રવચનો પછી સૌએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. ૧૦-૪૫ વાગે સ્વામીશ્રીએ ઉત્સવની આરતી ઉતારી.

બીજે દિવસે મંગળ પ્રવચનમાં કહે : 'બગાસું ખાતાં સાકરનો ગાંગડો મોઢામાં આવી ગયો ! બ્રાહ્મણ ચપટી લોટ ઘો એટલે 'કલ્યાણ' બોલે; પણ 'પુનરપિ જનનં...' પ્રધાનપુરુષ કલ્યાણ માટે ફાંફાં મારે છે. તે સત્સંગીને ઘરે જન્મે ત્યારે કલ્યાણ થાય.'

સ્વામીશ્રી મુંબઈ પધારે ત્યારે મોટેરા હરિભક્તોને યાદ કરાવે : 'મોરારકા શેઠને ટેલિફોન કરો. ધૂળાભાઈ બકોરભાઈને ટેલિફોન કરી બોલાવો. ગોરધનભાઈ હાથીભાઈને તથા રામજી કેશવજીના દીકરા નારણભાઈ આર્કીટિકને ફોન કરો.' એમ જૂના જૂના ગુણભાવવાળા કે પ્રવૃત્તિવાળા હરિભક્તોને સામેથી યાદી અપાવે ! કલ્યાણ કરવાનો કેટલો ખપ !

## ફેરા ભવના ટાળે યોગીરાજ જો

તા. ૧૪મીએ, સ્વામીશ્રી થાળ વખતે માથે ગાતરિયું ઓઢી ધ્યાન કરતા

હતા. બમન બહેરામ આવ્યા. સ્વામીશ્રી તેમને બહેરામ શેઠ કહેતા. તેમને વાત કરી : 'પૂર્વના સંસ્કારથી તમને આ જોગ મળ્યો છે, તે વધારવો. બેંગલોર (તેમનું ત્યાં ફાર્મ હતું) ગયા પછી 'જય સ્વામિનારાયણ' એવું નહીં. કાગળ લખવા. તમને ઘણા બાવા મળ્યા છે, વચનસિદ્ધ, ઐસા તૈસા કરનારા; પણ બ્રહ્માએ લેખ મારેલો તેથી તમને આ જોગ થયો. માટે સમાગમ કરવો. જીવને બળ મળે.'

આ પારસી સજ્જન દેશ-વિદેશના ઘણા જાણીતા મહાત્માઓના યોગમાં આવેલા; પણ સ્વામીશ્રીએ કહ્યું એમ પૂર્વના કોઈ બલિષ્ઠ સંસ્કારથી પ્રગટ ગુણાતીત સંતના યોગમાં આવી ગયા. બહુ વિવેકી, મુમુક્ષુ અને વિચક્ષણ હતા. તેથી સ્વામીશ્રી તેમને અવારનવાર ઉપરોક્ત વાત સમજાવતા અને સત્સંગમાં હેત કરાવતા.

વળી કહે : 'બહેરામ બાપુ ! પૂર્વનો સંસ્કાર છે. અંદર જોવું. નક્કી કરવું. સ્વાર્થ અમારે નથી. અમારે મોક્ષનો સ્વાર્થ છે. દંભથી મારું-તારું નથી. એક ભગવાન અમારી પાસે છે. મુંબઈ આવો ત્યારે બે દી' આવી જવું.

'પ્રથમનું ૧૬મું વચનામૃત તમને નિરાંતે સમજાવી દેશું. આવતીકાલે તમે ઉપવાસ કરી નાખો. તમે મને કહેતા'તા કે 'એક ઉપવાસ કરવો છે.' તો કાલે આખો દી' કાંઈ ન લેવું. સાધુ દર પાંચ દી'એ ઉપવાસ કરે છે. તેને દાક્તરની જરૂર ન પડે. સાંજે તમને ભૂખ લાગશે, તો ઉકાળો-બુકાળો પીવડાવશું.'

બહેરામ શેઠને વાતો કરતાં કરતાં સ્વામીશ્રી પલંગને કિનારે આવી ગયા હતા. એક સંસ્કારી જીવને ભગવાન સન્મુખ કરવાનો સ્વામીશ્રીને કેટલો ઇશક હતો તે પ્રસંગે પ્રસંગે જણાઈ આવતું.

આજે કથા પ્રસંગમાં ગ.મ. ૪૫મું સમજાવતાં સ્વામીશ્રી કહે : 'આમાં ૫૧ ભૂત મહારાજે ગણાવ્યાં. વળી અયોગ્ય સ્વભાવ અને વાસના મળીને ૫૩ ભૂત જીવને વળગ્યા છે.'

આમ, ઘણી વાર સ્વામીશ્રી મહારાજની પરાવાણી અદ્‌ભુત રીતે નિરૂપતા. ક્યારેક નવા સંદર્ભો ને અર્થો રજૂ કરતા, ત્યારે પ્રતીતિ થાય કે ગુણાતીત સંત વગર આ કહેવા કોણ સમર્થ છે ?

બીજે દિવસે, ૧૧-૩૦ વાગે થાળમાં પધાર્યા. પછી સંતોને *'અનુભવી આનંદમાં...'* પદ ગાવા કહ્યું ને બોલ્યા :

'આ કીર્તન સ્વામીને બહુ પ્રિય. ખેંગારજીભાઈને મેડે આ કીર્તન ગાય. ને એવું સુખ આવે, ન ભૂતો ન ભવિષ્યતિ...'

## ફૂલને બદલે મેવો લાવવો

એટલામાં પારસી શેઠ બહેરામજી આવ્યા અને પગે લાગી સ્વામીશ્રી આગળ ફૂલ મૂક્યાં. સ્વામીશ્રી કહે : 'બહેરામજી ! નત કેટલાનું (ફૂલ) લાવો છો ? બે રૂપિયાનું લાવવું. વધુ ન લાવવું. દસ રૂપિયાનું ન લેવું. મેવો લાવવો.'

તેઓ લગભગ રોજ દર્શને આવે ત્યારે ૨૦ થી ૨૫ રૂપિયાનાં સુંદરમાં સુંદર દેશ-વિદેશનાં ફૂલો, જીલેટીન કાગળમાં રેશમી રિબનથી બાંધીને દુકાનમાંથી સજાવેલાં તૈયાર લાવે. સ્વામીશ્રી આ જોતા. તેથી આજે ટકોર કરી. એક વાર ઠાકોરજી આગળ ફૂલો રાખવા માટે ચાંદીની મોટી ફૂલદાનીઓ પણ લાવ્યા હતા. આમ, સ્વામીશ્રી તેમનો ભક્તિભાવ સ્વીકારતા.

કથા પ્રસંગમાં એક સંત સ્વામીશ્રીને આડેધડ પ્રશ્ન પૂછતા. તેમને જાહેરમાં પૂછવાનો કોઈ સંકોચ નહિ. તેમાં ક્યારેક વિવેક-આમન્યા ચૂકી જાય. છતાં માવતર જેમ બાળકને સાંખી લે તેમ સ્વામીશ્રી દરેક વખતે શાંતિથી તેમના પ્રશ્નોના ઉત્તર આપતા. ક્યારેક નિર્દોષ ગમ્મત સાથે જડબેસલાક ઉત્તર આપતા, સમગ્ર સભામાં હાસ્ય ફરી વળતું.

'૧૦૦ માળા આજે ફેરવે ને કાલે બંધ થઈ જાય, તે કરતાં માળા ન ફેરવે તો ?' એ સંતે આજે એક પ્રશ્ન પૂછ્યો.

'એવો પ્રશ્ન ન પૂછવો.' સ્વામીશ્રીએ કહ્યું : 'ઠામુકો નિયમ ન રાખે તો તે ડબલ કરવું, એવું થયું. નિયમ તો રાખવો. ન થાય તો માફી માગવી.' સ્વામીશ્રીએ હેતથી સ્પષ્ટતા કરી. નિયમ ન રાખવા કરતાં શિથિલતા નભાવી લેતાં, માફી માગી લેવાનું પ્રાયશ્ચિત્ત પણ સાથે બતાવ્યું. વ્યવહારુ માર્ગદર્શન આપ્યું.

આજે રાતે રેલવે ઑફિસર મિ. એમ.આર.કે. કૃષ્ણન્ દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમની પાસે પ્રવચન કરાવ્યું અને કહે : 'કિશોરભાઈ તેનો અનુવાદ કરશે.'

કૃષ્ણન્‌ના સુંદર પ્રવચન પછી કિશોરભાઈ પોતે કરેલી નોંધ સાથે તેમના પ્રવચનનો અનુવાદ કરવા લાગ્યા. તે પૂરું થતાં બેસવા ગયા ત્યાં સ્વામીશ્રીએ કિશોરભાઈ પાસે મુદ્દાઓ લખેલો કાગળ જોવા માગ્યો. તેમણે સ્વામીશ્રીને કાગળ આપ્યો. એટલે સ્વામીશ્રી કહે : 'મુદ્દા બરાબર છે ને !'

'હા, બાપા !' કિશોરભાઈએ કહ્યું.

પરંતુ ચોથો મુદ્દો અનુવાદમાં રહી ગયો હતો. સ્વામીશ્રીએ બરાબર ત્યાં

જ આંગળી મૂકી અને કહે : 'આ મુદ્દો કહેવાનો રહી ગયો !'

કિશોરભાઈને સાદા લાગતા આ ઓલિયાની સર્વજ્ઞતાની ઝાંખી મળી. તેઓ વિસ્મિત થઈ સ્વામીશ્રીનો મહિમા વિચારવા લાગ્યા કે આ પુરુષને ભાવ અને ભક્તિનાં બંધન હોય છે; ભાષાનાં નહીં !

## પ્રસન્નતા માટે તપ કરવું પડે

સ્વામીશ્રી રોજ બપોરે ૩-૩૦ વાગે ઠાકોરજી ઊઠે ત્યારે ધ્યાન અને કથા કરવા પધારે. પહેલાં બેસવા માટે ગાદી રાખતા. આ આસનની સેવા મનુભાઈ ફૂલચંદભાઈ મહેતા(જુગલચંદભાઈના ભાઈ)એ કરી હતી. પછીથી મઝગાંવ-વાળા મોહનભાઈ અને ચુનીભાઈએ લાકડાંનું પાછળ ટેકાવાળું સુંદર આસન સ્પન્જની ગાદીએ સહિત બનાવરાવ્યું.

તા. ૧૮મીએ, સ્વામીશ્રી ૩-૧૫ વાગે ઊઠી ગયા. એકલા એકલા મંદિરમાં આવ્યા. સંતોએ નવા આસન ઉપર બેસવા કહ્યું. સ્વામીશ્રી કહે : 'ન બેસાય. ઠાકોરજીને પધરાવી, પૂજન કરીને પછી બેસીશું.' બાજુમાં બીજું આસન નાખ્યું ત્યાં બિરાજ્યા. પછી કોઠારી સ્વામીને કહે : 'નિર્ણય લાવો. કાલથી ચાતુર્માસ બેસે છે. સંતોને ધારણાં-પારણાંનો નિર્ણય કરીએ.'

પછી અષાઢ સુદિ ૧૪થી શ્રાવણ સુદિ ૧૩ સુધીના ઉપવાસ સ્વામીશ્રીએ નક્કી કર્યા. કહે : 'બે દિવસ જમવાનું આવે તો એક દિવસ વધુ કરવો પડે.'

ઘનશ્યામચરણ સ્વામી કહે : 'તમે મળ્યા છો, પછી તપ શાનું ?'

સ્વામીશ્રી ભક્તચિંતામણિની કડી બોલ્યા : '*તપ જેવું વહાલું છે વ્હાલમને, એવું નથી બીજું કાંઈ.*' આ કડી સાંભળી છે ? લાવો કાઢી બતાવું. પ્રસન્નતા માટે તપ કરવું પડે.' એમ કહેતાં પોતાની રુચિ જણાવી. પછી કહે : 'મુંબઈમાં અમે બે ઉપવાસ સામટા કરતા. અહીં વાતાવરણ સારું એટલે ઉપવાસ લાગે નહીં. ખબર પડે નહીં. દેશમાં તો બપોરે ભૂખ લાગે. રહેવાય નહીં.

'નવાં ધોતિયાં પહેરવાનાં હોય તો ઠાકોરજીને ધરાવીને પે'રવાં... કોપીન ન ધરાવવી.' પછી ૩-૩૦ વાગ્યા એટલે ઠાકોરજી જગાડવા કહ્યું : 'ટકોરા મારો, નગારાં વગાડો.' પછી ઠાકોરજીને જળપાન કરાવ્યું.

## અભ્યાસનો આગ્રહ

કોઠારી સ્વામી, નારાયણ ભગત, અનુપમ ભગત તથા શ્રીહરિ સ્વામી

રોજ બપોરે ૧-૩૦ થી ૩-૩૦ સુધી મસ્જિદ બંદર નજીક માધવાચાર્યજી પાસે 'રામાનુજ વેદાંત' ભણવા જતા. પહેલાં ટ્રેનમાં જતાં, તેમાં ઉપવાસ પડતો. તેથી સ્વામીશ્રીએ વજુભાઈ શેઠને કહ્યું : 'તમારી ગાડી મોકલવી.' એટલે તેમની ગાડી રોજ આવે.

આજે ગાડી આવી ન હતી, એટલે સંતો ભણવા ગયા ન હતા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'આજે ભણવા કેમ ન ગયા ?'

'બાપા ! ગાડી નહોતી આવી.'

'તો ટેક્સી ભાડે કરીને જાવું. પાઠ પડવા ન દેવો. હવે જવાય ?'

'બાપા ! હવે તો મોડું થયું છે, તેથી જવાય નહીં.'

'પાઠ પડવા ન દેવો, ભાડે ટેક્સી કરીને જવું, એટલામાં પાછા વળવા બીજી મોટર મોકલી દેવાય.' સ્વામીશ્રીએ સંતોને ભણાવવાનો પોતાનો આગ્રહ કેટલો છે તે જણાવ્યું. નહિતર ટેક્સી ભાડે કરવાની કોઈ સંજોગોમાં સંમતિ ન આપે; પણ ભણવા માટે તેની પણ છૂટ આપી. સંતોને સંસ્કૃત ભણાવવાનો એમનો અભિપ્રાય જણાવ્યો.

પછી જયનાદો સાથે સ્વામીશ્રીને નવા આસને પધરાવ્યા. હરિપ્રકાશ સ્વામીએ હાર પહેરાવ્યો. સ્વામીશ્રી કહે : 'દાખડો બહુ કર્યો, પણ આવું (આસન) ન કરવું.'

'આજે આપ વહેલા કેમ ઊઠ્યા ?' અમે પૂછ્યું.

'આજે હરિજયંતી છે.' સ્વામીશ્રીએ ક્ષણના પણ વિલંબ વગર જવાબ વાળ્યો. ત્યારે એમની શ્રીહરિ સાથેની સન્નિધિનો સૌને ઝબકારો મળ્યો.

'બીજા કોઈ સેવકને હાથ પકડવા કેમ ન ઉઠાડ્યા ?'

'ઉપવાસ છે તે સૂવા દીધા. સૂવે તેથી આરામ મળે.' એમ કહેતાં સ્વામીશ્રીએ સેવકો ઉપર હેત જણાવ્યું.

ઉપવાસને દિવસે ન સૂવાનો અનેક વાર સંતોને ઉપદેશ આપવા છતાં, સ્વામીશ્રી વર્તાવવામાં જડતા નહોતા અપનાવતા, પણ વારંવાર કહીને દરેક વાતની અંતરમાં દૃઢતા કરાવવા મથતા; જેથી નિયમ કે આદેશ જીવમાં વણાઈ જાય. પછી કહેવું જ ન પડે.

## વ્રત-ટેકના પ્રબળ પ્રેરક

દેવપોઢી એકાદશીએ, કપોળ વાડીમાં સવારે ૫-૧૫ વાગે મંગળ

પ્રવચનમાં સંતો *'બ્રાહ્મે મુહૂર્તે... માનસ ચિંતય...'* અષ્ટકો બોલ્યા. પછી સ્વામીશ્રી કહે : 'આ અષ્ટક દરેકે મોઢે કરવું. મહારાજની મૂર્તિનું વર્ણન કરે તો શાંતિ થઈ જાય.' એમ કહી બોલ્યા : 'સ્વામી કહેતા કે મહારાજનાં ૬ કમળ. (૧) ચરણકમળ, (૨) નાભિકમળ, (૩) હસ્તકમળ, (૪) મુખકમળ, (૫) નેત્ર-કમળ, (૬) હૃદયકમળ ! મહારાજને સંભારવા, હૃદયમાં શાંતિ થઈ જાય.'

કથામાં જબરેશ્વર મહારાજની બંને મૂર્તિઓ પોતાની સામે પધરાવી સંતોને નિયમ આપ્યા. દરેક સંત બબ્બે દંડવત્ કરી, નિયમ લેતા જતા હતા. પછી એક માસનાં ધારણાં-પારણાં અને બીજા ત્રણ માસ એકટાણાં આપ્યાં. વળી, એક વચનામૃત, અગિયાર વાતું, એકાવન માળા, ૪-૩૦ વાગે ઊઠવું, ૧૧-૧૫ વાગે સૂવું અને સંસ્કૃતમાં પારંગત બનવું, એ નિયમો આપ્યા.

પછી ચશ્માં પહેરી માઇકમાં હરિભક્તોને નિયમો વાંચી સંભળાવ્યા અને પોતાની પાસે પડેલાં પુષ્પો માઇકને ચડાવી, પૂજન કર્યું ! અને કહે :

'સાંભળો, હરિભક્તોને નિયમો અપાય છે. એકાવન માળા, એક વચનામૃત, અગિયાર વાતું, ભગતજી મહારાજ(જીવન ચરિત્ર)નાં ચાર પાનાં, શાસ્ત્રીજી મહારાજ(જીવન ચરિત્ર)નાં ચાર પાનાં, દાદર મંદિરે સવારે કે સાંજે દરેકે દર્શને આવવું.

'રવિવારની સભામાં દરેકે આવવું, ત્રણ એકાદશી નકોરડી કરવી, શ્રાવણ મહિનાનાં એકટાણાં કરવાં, પાંચ સત્સંગી નવા કરવા, દરેકે ચાર મહિનામાં અંદરોઅંદર સંપ, સુહૃદભાવ, એકતાપણું રાખવું. આટલા નિયમો ચાતુર્માસમાં આપેલા છે. શ્રીજીમહારાજને પ્રાર્થના કે નિયમ પૂરા કરાવે. અક્ષરધામમાં જવા શીખાય તેવા સ્વભાવ દરેકે કરવા.'

✧

એક મહિનો અને પાંચ દિવસ સ્વામીશ્રીનું દિવ્ય સુખ લીધા પછી વિદાય વેળા મુંબઈના સંતો-હરિભક્તોને વસમી બની ગઈ. દરેક જગ્યાએ ભક્તોને થતું કે સ્વામીશ્રી વધારે રોકાય તો કેવું સારું ! પછી ભલે ને મહિના સુધી લાભ લીધો હોય, પણ એ મહિનો એક દિવસ બની જતો ! ગમે તેટલો ભીડો પડે પણ એમના સાંનિધ્યની, દર્શન-સમાગમની કોઈને તૃપ્તિ જ થતી નહિ. તાણ રહ્યા કરતી.

## વિદાય શિક્ષા

સ્વામીશ્રી વિદાય લઈ રહ્યા હતા. ટ્રેન ઉપડવાની વાર હતી. સૌ હરિભક્તો

સ્વામીશ્રીની આજુબાજુ બેસી સમાગમ કરી રહ્યા હતા. એક હરિભક્ત કહે : ‘બાપા ! આપ આટલું બધું રોકાણા, આટલો લાભ આપ્યો, પણ અમને કાંઈ યાદ નથી. માટે ટૂંકમાં કહો કે શું કરવાનું છે ?’

સ્વામીશ્રી ઉત્તરરૂપે સાખી બોલ્યા :

*‘નાને સે હો નાના રહીએ, જૈસી નાની દૂબ;*

*ઘાસ ફીસ સબ ઊડ ગયા, દૂબ ખૂબ કી ખૂબ.’* આમ રહેવું.’ એમ કહેતાં પોતાના આસનેથી ઊભા થઈ ગયા અને કહે : ‘હાલો, કટ કટ, ગાડી પકડવાની છે.’ પછી હસતાં હસતાં સ્ટેશને આવવા નીકળ્યા.

મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન ઉપર હજારો હરિભક્તોએ ફૂલહાર કર્યા, એક જ આશાએ કે સ્વામીશ્રી જલદી પધારે. ગાડી ઊપડતાં, સ્વામીશ્રીના મુખારવિંદનાં દર્શન કરતાં સૌ આશ્ચર્યવત્ થંભી ગયા. પાછાં પગલાં ભરવાનું આબાલવૃદ્ધ કોઈને મન થતું ન હતું.

✧

વડોદરાથી મુંબઈ તથા મુંબઈથી વડોદરા જતાં માર્ગમાં આવતાં સ્ટેશનો પર ગાડી ઊભી રહે, ત્યારે હરિભક્તોને દર્શન આપવા માટે સ્વામીશ્રી ટ્રેનના દરવાજા પર ઊભા રહે ને બધા હરિભક્તોને આશીર્વાદ આપે. સ્ટેશને સ્ટેશને હરિભક્તોની બહુ ભીડ થાય.

આ પ્રસંગે નવસારી સ્ટેશને હરિભક્તો દર્શને આવ્યા હતા. તેમને સ્વામીશ્રીએ પૂછ્યું : ‘જાદવજીભાઈ કેમ દેખાતા નથી ?’

હરિભક્તોએ કહ્યું : ‘અમને બધાને બસમાં બેસાડવામાં તેઓ પાછળ રહી ગયા છે. હમણા આવશે.’

આ બાજુ ટ્રેન ઉપડવાનો સમય થઈ ગયો. ઉપર મિનિટો પસાર થવા લાગી. ગાર્ડ લીલી ઝંડી બતાવે ને સીટી મારે, પણ ટ્રેન શરૂ થઈ નહીં. સૌને કારણ સમજાયું નહીં.

જાદવજીભાઈ દોડતાં, હાફતાં-હાફતાં આવી પહોંચ્યા. સ્વામીશ્રી રાહ જોતાં હસી રહ્યા હતા. સૌએ રસ્તો કરી આપ્યો ને સ્વામીશ્રીએ બે ધબ્બા આશીર્વાદના આપ્યા. જાદવજીભાઈ કહે : ‘બાપા ! હું મોડો પડ્યો.’

સ્વામીશ્રી કહે : ‘તમે આવ્યા વિના ગાડી કેમ ઊપડે ? અમારે રોકવી પડી. હવે ગાડી ઊપડશે.’ એમ બોલતાં જ ગાડી ઊપડી.

સ્વામીશ્રીના આ સામર્થ્યનું દર્શન એ વખતે સેંકડો માણસોએ નજરે

નિહાળ્યું હતું. સ્ટેશન માસ્તરને પણ આ વાતનું આશ્ચર્ય થયું. જાદવજીભાઈને સ્વામીશ્રીનાં દર્શનની ખેંચ હતી, તેથી પણ વધુ સ્વામીશ્રીને પણ પોતાના ભક્તને મળવાની તાણ હતી. અને સૌથી વિશેષ તો મંડળના બધા હરિભક્તો સ્ટેશને જલદી પહોંચે તેની વ્યવસ્થા કરવામાં ને કાળજી રાખવામાં તેઓ મોડા પડ્યા હતા. આ વાત સ્વામીશ્રી કેમ ભૂલે ? આ સુહૃદભાવની સેવા સ્વામીશ્રીને મન ઘણી મોટી હતી.

સુરત સ્ટેશન ઉપર એટલી બધી ભીડ થઈ હતી કે સ્વામીશ્રીને પ્લૅટફૉર્મ ઉપર સભા ભરી દર્શન આપવાં પડ્યાં. વલસાડ, બિલીમોરા, સુરત, ભરૂચ વગેરે સ્ટેશનો પર સર્વત્ર ફૂલોની કોમળ પાંદડીઓ પથરાઈ ગઈ હતી. જાણે હરિભક્તોનાં અંતરના વિનમ્ર ભક્તિભાવનું આલેખન કરતી ન હોય ! સ્વામીશ્રી હસતાં હસતાં સૌને આશીર્વાદ આપતા અને ખબર-અંતર પૂછી આત્મીય સ્વજન જેવું સૌને સુખ આપતા.

તો બપોરે ૧-૪૫ વાગે પણ વડોદરા સ્ટેશન ઉપર શહેરના અને આજુબાજુ ગામડાંના અસંખ્ય હરિભક્તો દર્શને ઊમટ્યા હતા. જયનાદોના પ્રચંડ ઉદ્‌ઘોષથી સ્ટેશન ગાજી ઊઠ્યું. મુસાફરો પણ સ્વામીશ્રીના સ્વાગતનું અને હરિભક્તોના પ્રેમ-મિલનનું અપૂર્વ દૃશ્ય જોઈ ચકિત થઈ ગયા.

સ્વામીશ્રી જ્યાંથી વિદાય લે અને જ્યાં પધારે ત્યાં હંમેશનું આ જ દૃશ્ય. દિન-પ્રતિદિન ભક્ત-સમુદાય વધતો. ભાવસાગર ઊભરાતો. કાંઈ નવું ને નવું અજબ આકર્ષણ, ભક્તહૃદયને સતત ખેંચ્યા કરતું હતું. સ્વામીશ્રી તો એ જ હતા ! ભક્તબીજ પણ એ જ હતું. જેમ જેમ સ્વામીશ્રીનો મહિમા આત્મસાત્ થતો તેમ અપરિમિત ભાવ છલકાતો.

વડોદરા થઈ અટલાદરા દર્શન કરી, ગુરુપૂર્ણિમાના ઉત્સવ ઉપર સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. તા. ૨૪-૭-'૬૪, સભામાં પ્રમુખસ્વામી, મોટા-સ્વામી, હર્ષદભાઈ, ખેંગારજીભાઈ, બકુભાઈ, મહેન્દ્ર બાપુ, શિવાભાઈએ ગુરુ-મહિમા દોહરાવ્યો. હરિલીલાકલ્પતરુ ગ્રંથના બીજા ભાગનું ભારે આનંદોત્સવમાં સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું.

અમેરિકા કેલિફોર્નિયાના વતની રોબર્ટ (બૉબ) નામના એક યુવાનને આફ્રિકામાં પ્રભુદાસ પટેલ(કંપાલા)ના યોગથી સ્વામીશ્રીનો મહિમા સમજાયો. દેશમાં સ્વામીશ્રીનાં દર્શન કરતાં તેણે દીક્ષા લેવાની તત્પરતા બતાવી. તેણે જણાવ્યું કે 'મારા અનુભવ પ્રમાણે હું જાતે સ્વામીશ્રી પાસે આવી શક્યો નથી,

પણ હું એમનાથી ખેંચાયો છું.'

તેઓ સ્વામીશ્રીની એક એક આજ્ઞા તત્પરતાથી પાળવાનો પ્રયત્ન કરતા. દીક્ષિત જીવનના નિયમો, શુદ્ધ શાકાહારી આહાર વગેરે તેમણે મહિમા સહિત આત્મસાત્ કરવાનો પ્રયત્ન કર્યો હતો.

## ગુરુમૌનનો સાચો અર્થ

અહીં સ્વામીશ્રી સ્નાન કરતા હતા ને એક યુવકે પ્રશ્ન પૂછ્યો : 'ગુરુ મૌન રહે ને શિષ્યના સંશય છેદી નાખે છે. આપ તો વાતો દ્વારા શિષ્યના સંશયો છેદી નાખો છો, તેનું કેમ સમજવું ?'

આ સાંભળીને સ્વામીશ્રી હસી પડ્યા ને બોલ્યા : 'ગુરુ ! તેનો અર્થ એવો નથી. શિષ્યની સેવા-ભક્તિ ગુરુ ઘણા વખત સુધી જુએ છે; પણ શિષ્યને અહંકાર આવી જાય તેને માટે તે વખાણે નહીં, ટોકે ખરા. આમ, શિષ્યની સેવાથી ગુરુ પ્રસન્ન થાય. પછી બધા દોષો ટાળી સુખિયો કરી દે. પણ ગુરુએ મૂંગા રહેવું એવો અર્થ નથી.' આ પ્રમાણે હસતાં હસતાં સ્વામીશ્રીએ ખુલાસો કર્યો.

અહીંથી પોરડા પધાર્યા. અહીં દેવશંકર સોમેશ્વર ભટ્ટ એક હરિભક્તને ત્યાં નોકરી કરતા હતા. તેથી સહેજે સહેજે સત્સંગનો યોગ થયો.

તેઓ મૂળ તો વડતાલ પક્ષના હતા. છતાં સ્વામીશ્રીને મોટા સંત જાણી દર્શને આવ્યા અને દંડવત્ કરવા લાગ્યા. ત્યારે સ્વામીશ્રી બોલ્યા કે 'રાખો, આ તો આપણા છે.' આ શબ્દો દેવશંકરભાઈને હૃદય સોંસરવા ઊતરી ગયા. અને તેઓ અક્ષરપુરુષોત્તમના સારા સત્સંગી બન્યા. તેમણે સ્થાનિક સત્સંગ સભા પણ ગામમાં શરૂ કરી.

બાદ મહેળાવ થઈ, વિદ્યાનગર આવી પહોંચ્યા. વિદ્યાનગરના કુલપતિ ભાઈકાકા સ્વામીશ્રીનાં દર્શને આવેલા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'મારી દૃષ્ટિએ આપ નાના બાળકો તેમજ કૉલેજિયનોને સાધુ બનાવો તે યોગ્ય નથી, કારણ કે વૈરાગ્ય વિના ત્યાગ પાર પડતો નથી.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'શ્રીજીમહારાજે ઘણા નાના નાના સાધુ બનાવેલા. મહારાજે હેતથી સાધુ કરેલા. ભગવાન ને સંતમાં હેત હોય તો ત્યાગ-વૈરાગ્ય આવી જાય છે. તે વિના ત્યાગ-વૈરાગ્યથી સાધુ થયો હોય તોપણ દેશકાળે વિઘ્ન આવે છે ને સંસારની વાસના ઊભી થાય છે. સગાં-સંબંધી સાંભરી આવે છે. પણ ભગવાનના સંતમાં જોડાઈને સાધુ થાય છે, એની રક્ષા

ભગવાન ને સંત કરે છે. મહારાજ ને સ્વામીના સિદ્ધાંત પ્રમાણે શાસ્ત્રીજી મહારાજે સાધુ બનાવ્યા.'

આ પ્રમાણે સ્વામીશ્રીનો ખુલાસો સાંભળીને ભાઈકાકાને સંતોષ થયો. તેઓ ખુશ થઈ બોલ્યા : 'આપનો ખુલાસો સાંભળીને મારો સંશય ટળી ગયો છે. આ પ્રશ્નનો આવો સુંદર ઉત્તર આપશો એવી મને કલ્પના પણ ન હતી.'

## પાંચસો વર્ષમાં પૃથ્વીનો કોઈ ખૂણો બાકી નહિ હોય

બપોરે છાત્રાલયની લૉબીમાં બેસી સ્વામીશ્રી કેફમાં વાતો કરી રહ્યા હતા. યુવકોને જોઈ આવી પરભાવની વાતો એમના મુખકમળમાંથી વહી આવતી. સ્વામીશ્રી કહે : 'પાંચસો વર્ષમાં પૃથ્વીનો કોઈ ખૂણો બાકી નહીં હોય કે જ્યાં સ્વામિનારાયણનું ભજન નહીં થતું હોય. પાંદડે પાંદડે ભજન થાશે એ વાત સાચી ઠરશે.'

સાંજે શાંતિલાલ શર્માના નવા મકાનમાં પધરામણી કરવા ઠાસરા પધાર્યા. બીજે દિવસે સવારે સ્વામીશ્રી સ્નાન કરતા હતા ત્યારે શાંતિલાલ ફોજદાર તથા જયંતીલાલ ગાંધી સ્વામીશ્રીનાં દર્શન કરતાં બોલ્યા : 'બાપા ! આપ ઠાસરા પધારો એવો મારો ઘણાં વરસનો સંકલ્પ હતો.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'સંકલ્પ પૂરો કરવા જ બેઠા છીએ. અમનેય એમ થતું હતું કે તમને ક્યારે રાજી કરીએ !'

આ સાંભળીને હરિભક્તો ઘણા જ રાજી થયા.

અહીંના ડૉ. મહેન્દ્ર ચંદુલાલ પંડ્યા, જેઓ પાછળથી ભોપાલમાં રિજિયોનલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં ગુજરાતીના પ્રાધ્યાપક હતા, તેમને આ પ્રસંગે સ્વામીશ્રીનો વિશિષ્ટ અનુભવ થયો હતો.

ત્યારે તેઓ ઠાસરામાં શિક્ષકની નોકરી કરતા હતા. સાથે 'સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓ' ઉપર મહાનિબંધ લખતા હતા. સ્વામીશ્રી ઠાસરા પધાર્યા. ઘેર ઘેર પધરામણી થતી હતી. તેઓ કુતૂહલતાથી સ્વામીશ્રીનાં દર્શને ગયા. ત્યારે કોઈ હરિભક્તે તેમના વિશે સ્વામીશ્રીને પરિચય આપતાં કહ્યું : 'આ ભાઈ સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓ ઉપર મહાનિબંધ લખે છે.'

સ્વામીશ્રી આ જાણી રાજી થયા અને તેમને પાસે બોલાવી ધબ્બો મારી આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રી કહે : 'તમે સંતોનાં કીર્તનો વિશે લખો છો, તેમાં સ્વામિનારાયણ ભગવાન તમને જરૂર સફળતા અપાવશે.'

બીજે દિવસે ફરીથી સ્વામીશ્રીનાં દર્શને ગયા ત્યારે એમણે સ્વહસ્તે કંઠી પહેરાવી અને તેમને સ્વામિનારાયણ ભગવાન તથા શાસ્ત્રીજી મહારાજની ચિત્રપ્રતિમા પ્રસાદીની કરી આપી. વળી, પાંચ માળા ફેરવવા કહ્યું.

તે જ દિવસે ગામમાં પધરામણીએ જતાં, શાસ્ત્રીજી મહારાજે જ્યાં એક માસ પારાયણ કર્યું હતું તે સ્થળે, મોટા ફળિયાની સામે ટેકરે, ભૂમિસ્પર્શ કરી, ગદ્‌ગદભાવે સ્વામીશ્રી બોલ્યા : 'આ તો મારા ગુરુની પ્રસાદીની ભૂમિ છે, મારે મન તીર્થભૂમિ છે.' સ્વામીશ્રીની આંખો તરલ બની ગઈ. ઝળઝળિયાં આવી ગયાં.

ગુરુ પ્રત્યેનો આટલો તીવ્ર ભક્તિભાવ વ્યક્ત કરતી સ્વામીશ્રીની એ છબી તેમની આંખ સમક્ષ વર્ષો સુધી તરવરતી રહી.

ઠાસરા આખું ગામ લગભગ સત્સંગી. મહાજનની વાડીમાં, જાહેર સત્સંગ સભામા પ્રમુખસ્વામી તથા હર્ષદભાઈએ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતની સુંદર છણાવટ કરી, રસ જાગ્રત કર્યો. સ્વામીશ્રીની અમૃત વાણીથી સૌનાં અંતરના સંશય ટળી ગયા અને અનંત દિવ્ય શાંતિનો અનુભવ કર્યો. સ્વામીશ્રીની સાધુતાના અદ્‌ભુત વ્યક્તિત્વની સૌનાં હૃદયમાં ભારે છાપ પડી. સૌએ કૃતાર્થતા અનુભવી. પધરામણીઓ પણ થઈ.

ઠાસરાથી નડિયાદ, ડભાણ દર્શન કરી, અમદાવાદ જતાં માર્ગમાં જેતલપુર દર્શને પધાર્યા. એક વૃદ્ધ બ્રહ્મચારી ત્યાં રહેતા હતા. તેમને મળવા ગયા. બ્રહ્મચારી મહારાજ રૂમમાં મળ્યા. સ્વામીશ્રીએ તેમને ખુશી-ખબર પૂછી. એક હરિભક્ત પાસે ભેટ મુકાવી. બ્રહ્મચારી બોલ્યા : 'જોગી ! તમે શ્રીજીમહારાજના નંદ-પંક્તિના પરમહંસ છો. તમારા દ્વારા શ્રીજીમહારાજ સત્સંગમાં પ્રગટ છે. મને દુઃખ આવે છે ત્યારે તમને સંભારું છું ને મારું દુઃખ ટળી જાય છે.' આમ, સ્વામીશ્રીનો અપરંપાર મહિમા કહ્યો.

કેવા કેવા સ્થળે અને કેવા કેવા મનુષ્યોનાં હૃદયનાં ઊંડાણમાં સ્વામીશ્રીનું સ્થાન હતું !

અસલાલી દર્શન કરી, ચંપકભાઈ શેઠને બંગલે થઈ, અમદાવાદ મંદિરે આવી પહોંચ્યા.

સવારે બાથરૂમમાંથી સ્નાન કરી નીકળ્યા ત્યાં ગઢડાથી દેવપ્રસાદ સ્વામી આવ્યા. તેઓ સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. પછી સ્વામીશ્રીએ પૂછ્યું : 'તબિયત સારી છે ને ?'

તેમણે કહ્યું : 'પેટમાં ઝીણું ઝીણું દુઃખે છે.'

ત્યારે સ્વામીશ્રી પોતાના પેટ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં બોલ્યા : 'સારણ હશે. મને પણ સારણ થયેલી. ઑપરેશનથી મટેલી. શાસ્ત્રીજી મહારાજની દયાથી સારું થઈ જશે.' એમ બોલીને પૂજામાં પધાર્યા.

દેવપ્રસાદ સ્વામીનો દુઃખાવો ઘણો વખત રહ્યો, પણ પાછળથી નિદાનમાં જણાયું કે સારણ જ છે ને ઑપરેશન કરાવ્યું. જાણે સ્વામીશ્રીએ અંતર્યામીપણે આગળથી જ તેમને પોતાના મિષે વાત કરી દીધી.

## સદાચાર એટલે શું ?

નંદાજીનો અહીં ત્રણ દિવસનો કાર્યક્રમ હતો. તેઓ જ્યારે પણ સમય મળે ત્યારે સ્વામીશ્રીનાં દર્શને દોડી આવતાં અને સરકારી કાર્યોની વચ્ચે પણ સ્વામીશ્રીના સાંનિધ્યનો લાભ છોડી શકતા નહિ.

તા. ૨૯-૭-'૬૪, સવારે નંદાજી આવ્યા. ત્યારે તેમણે સદાચાર સમિતિ સંબંધી વાતો કરી હતી. વળી, સ્વામીશ્રીએ તેમની અદ્‌ભુત વાણીમાં સદાચારનો અર્થ સુંદર સમજાવ્યો હતો :

'સદાચાર પહેલો મહારાજે પળાવ્યો. પોતે લોજમાં પધાર્યા ત્યારે મુક્તાનંદ સ્વામીને કહે : 'ગોખલો બંધ કરો.' સાધુઓએ સ્ત્રીઓ સાથે બોલવું નહિ. તેનું મોઢું જોવું નહિ. સદાચાર એટલે શું ? નિર્માન, નિષ્કામ, નિઃસ્વાદ, નિઃસ્નેહ ને નિર્લોભ એ પંચ વર્તમાન પાળવા એ સદાચાર છે. આ સદાચાર મહારાજ, સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ કરાવે. માટે સૌએ એમાં ભળવું.'

સ્વામીશ્રીની મર્માળી અને પ્રેમાળ છતાં વેધક વાણીથી સૌનાં અંતઃચક્ષુઓ ખુલી ગયાં. એમની દૃષ્ટિમાં તો બ્રહ્મરૂપ થવું અને મહારાજની ઉપાસના કરવી એ એક જ સદાચાર હતો, નીતિ હતી, ધર્મ હતો. અને સાચે જ પોતે એવી અલૌકિક સ્થિતિમાં વિચરતા, તે હજારોને ધર્મ અને સદાચારને માર્ગે ઉપદેશ વિના પણ દોરી શકતા. સ્વામીશ્રીનું સમગ્ર જીવન એ હકીકતનું પ્રત્યક્ષ સમર્થન હતું.

## રામકૃષ્ણ પરમહંસનાં દર્શન

તા. ૧-૮-'૬૪, સ્વામીશ્રી વડતાલ થઈ, વિદ્યાનગર પધાર્યા. 'રામકૃષ્ણ મિશન હૉલ'માં સારી સત્સંગ સભા થઈ. ત્યાંના સંચાલક અને ચારુતર કેળવણી મંડળના મંત્રી નટવરલાલ દવેએ આ સભા ગોઠવેલી.

બીજે દિવસે વહેલી સવારે તેઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી

પૂજા કરીને ઊઠ્યા એટલે તેમને આશીર્વાદનો થાપો માર્યો. સ્વામીશ્રીને તેઓ કહે : 'આપનામાં મને રામકૃષ્ણ પરમહંસનાં દર્શન થાય છે. આપનું મુખારવિંદ તેમજ જીવન સંપૂર્ણ રામકૃષ્ણદેવ જેવું છે. આપ જેવા સંતની ઉપસ્થિતિથી ગુજરાતે ગૌરવ લેવું જોઈએ.'

સ્વામીશ્રી હસી પડ્યા ને સહજભાવે બોલ્યા : 'આપ બુદ્ધિશાળી તે ઓળખી ગયા !'

અહીં અંબાલાલ કરસનદાસે સ્વામીશ્રીને ભોજન માટે આમંત્રણ આપ્યું. સ્વામીશ્રીએ કહ્યું : 'રાત્રે ઉકાળો પીવા આવીશું.' સાથે સંતો-હરિભક્તો મળીને આશરે સાઠ-સિત્તેર માટે ઉકાળો-નાસ્તો વગેરે તૈયાર રાખવા જણાવ્યું.

અંબાલાલ ભગત તો ખૂબ ઉત્સાહી. તેમણે પડોશમાં રહેતી બહેનોને અને અન્ય સત્સંગી બહેનોને પણ બોલાવી અને કહ્યું : 'તમે જે જે વાનગી રસોઈમાં જાણતાં હો તે આપણે બનાવવી છે.' પછી તે માટે જોઈતી સામગ્રી એકઠી કરી દીધી.

ઘરમાં જે જે રજાઈ, ચાદરો તથા પાથરણાં, ગાદલાં, ઓશીકાં વગેરે બધું જ પ્રસાદીનું કરવા માટે યથાસ્થાને પાથરી દીધું. ઘરના દરવાજાથી છેલ્લા ઓરડા સુધી તથા ઉપર મેડી સુધી ગાલીચા બિછાવી દીધા.

સ્વામીશ્રી સંધ્યા આરતી પછી પધાર્યા. ઘરના દરવાજામાં ફૂલહાર પહેરાવી, અંબાલાલ ભગતે સ્વામીશ્રી તથા સંતોનું સ્વાગત કર્યું તથા સૌને ફૂલોથી વધાવ્યા.

સ્વામીશ્રી ભક્તની ભક્તિભાવના નીરખતાં નીરખતાં સ્મિત કરતાં ઉપર આવ્યા. અંબાલાલ ભગતે આ જ સમયે સ્વામીશ્રીની મૂર્તિમાંથી તેજનો પ્રવાહ નીકળતો જોયો. સાથે બધા સંતો તથા હરિભક્તોનાં પણ તેજનાં અંબારરૂપે દર્શન થયાં. અંબાલાલ ભગતે સ્વામીશ્રીને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. કેટલીક ઘડી સુધી તેઓ દંડવત્ કરતાં સૂઈ રહ્યા. સ્વામીશ્રીએ તેમને ઊભા કર્યા અને કહ્યું : 'ભગત ! હવે રાખો.' તેજ બધું શમી ગયું હતું. અંબાલાલ ભગતની આંખમાં આનંદાશ્રુ વહી રહ્યાં હતાં.

એ પછી ઠાકોરજીને થાળ ધરવામાં આવ્યો. આટલી બધી વાનગી જોઈ સ્વામીશ્રી કહે : 'બહુ પ્રેમ ! આવો અન્નકૂટનો સમૈયો આફ્રિકામાં થયો હતો, તેવો જ સમૈયો આજે થયો !'

અંબાલાલ ભગત આજે ધન્ય બની ગયા !

બીજે દિવસે વાસદ બેચરભાઈના પેટ્રોલ પંપનું ઉદ્ઘાટન કર્યું. બપોરે ઠાકોરજી પણ અહીં જ જમાડ્યા અને કથા કરી. આરામ પણ તેમની ઑફિસમાં જ કર્યો. અહીં વડોદરા શહેરના ઘણા અગ્રણીઓ દર્શને દોડી આવ્યા હતા.

અહીંથી બપોરે નીકળી, ડભાણ દર્શન કરી, અમદાવાદ આવી પહોંચ્યા.

## ટીખળ મૂકીને વાતું મોઢે કરોને ભાઈસા'બ !

અમદાવાદથી રાજકોટ જતાં બપોરે સુરેન્દ્રનગર ત્રિકમભાઈના ઘરે ભોજન લેવાનું હતું. માર્ગમાં વિરમગામ-લખતરની વચ્ચે એક સ્થળે સ્વામીશ્રી લઘુશંકા કરવા ઊતર્યા. ઝાડની ઓથે પવન ન લાગે તેમ બેઠા. પછી હાથ ધોવડાવ્યા ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં સેવકને કહે : 'તમે ને ગુણુ ભગત શું વાત કરતા હતા ?'

એટલે સેવક કહે : 'આપ જ્યાં જ્યાં રસ્તામાં રોકાવ તે ઝાડના થડને રંગી દેવું, જેથી નિશાની રહે કે સ્વામીશ્રી અહીં પધાર્યા હતા. તે માટે રંગનો ડબ્બો સાથે લાવવો જોઈએ, તેમ હું ગુણુ ભગતને કહેતો હતો.'

ત્યારે સ્વામીશ્રી હેતથી કહે : 'તમારે કાંઈક ટીખળ જોઈએ. પણ સ્વામીની વાતું પાકી કરવાનું કહીએ તે ન કરે. વાતુ વાંચો ને ! એ સુખ આપો ને ! બીજી લીલા ભાઈસા'બ મૂકી દો ને !' એ પ્રમાણે ઘણો આનંદ કરાવ્યો.

પછી કહે : 'ગુણુભાઈને આપણી મોટરમાં રાખવા. જેથી બધું લખી લે.'

આમ, વાતું મોઢે કરી બોલ્યા કરવાનો - ભજન કરતાં રહેવાનો સ્વામીશ્રીને ખૂબ આગ્રહ રહેતો.

બપોરે સુરેન્દ્રનગર આરામમાંથી ઊઠ્યા પછી ત્રિકમભાઈને આશીર્વાદ આપતાં કહે : 'અમદાવાદથી રાજકોટ જતાં અને રાજકોટથી અમદાવાદ આવતાં ત્રિકમભાઈનું ઘર આપણું થાણું. અહીં જમીએ ને આરામ લઈએ ત્યાં બોંતેર કોઠા ટાઢા થઈ જાય.' એમ કહી બહુ રાજીપો બતાવ્યો.

પછી મૂળી દર્શન કરીને રાજકોટ રાત્રે ૧૦-૦૦ વાગે પધાર્યા.

બીજે દિવસે જૂના મંદિરમાં ઘુમ્મટમાં તથા આજુબાજુ કમાનોમાં શ્રીજી-મહારાજનાં લીલાચરિત્રોનાં સુંદર શિલ્પચિત્રો સ્વામીશ્રી લગભગ ૧૫ મિનિટ સુધી નીરખી રહ્યા અને ભક્તિભાવથી થયેલી કળાની પ્રશંસા કરી. મંદિરના સભામંડપમાં બેસીને ટપાલોમાં સહી કરી, થોડી પધરામણીઓ કરી, સ્વામીશ્રી ગોંડલ આવી પહોંચ્યા.

## 'ધોકાપંથી'નો જગત કાઢવાનો ધંધો !

અહીં સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર ગોવિંદસિંહ ચુડાસમા, ભટ્ટ સાહેબને સાથે લઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી ૨૫-૩૦ હરિભક્તોની સભા ભરી બિરાજ્યા હતા. ચુડાસમા સાહેબે ભટ્ટ સાહેબને પરિચય કરાવ્યો કે 'આ યોગીબાપા આખા સૌરાષ્ટ્રના જ નહીં, આખા ભારતના અજોડ સંત છે. આ મારો અનુભવ છે. ભગવાન તેમનામાં અખંડ રહ્યા છે. તે મને પણ જોવા મળ્યું છે. વળી, વચનસિદ્ધ પણ એવા જ છે. તપસ્વી છે. અને શાસ્ત્રીજી મહારાજની તેમના પર બહુ જ કૃપા હતી. આ મેં જોયું છે...'

સ્વામીશ્રી આ સાંભળી રહ્યા હતા. ભટ્ટ સાહેબ તો રાજી થયા, પણ સ્વામીશ્રી તેમને આશીર્વાદ આપતાં બોલવા લાગ્યા : 'બાપુ બહુ બળિયા છે. શાસ્ત્રીજી મહારાજને રાજી કર્યા છે. આ જે તેમણે મહિમા કહ્યો તેવા અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ હતા. આપણામાં કાંઈ માલ નહીં. ધોકાપંથી. પણ અમને શાસ્ત્રીજી મહારાજ મળ્યા તે ભગવાન ભજવાનો સાચો રસ્તો બતાવી દીધો ને સુખિયા કર્યા. જગત જીવમાંથી કાઢી નાખ્યું.'

પછી એકદમ ભાવમાં આવી બોલ્યા : 'સાહેબ ! અહીંયા તો જીવમાંથી જગત કાઢવાનો ધંધો આવડે છે, બીજું કાંઈ આવડતું નથી !'

ચુડાસમા સાહેબ આ સાંભળી દિંગ થઈ ગયા. ભટ્ટ સાહેબને પણ ખુબ ગુણ આવ્યો. એ પછી તેઓ અવારનવાર સ્વામીશ્રીનાં દર્શને આવવા લાગ્યા.

અહીં એક સાંજે ૪-૩૦ વાગે સ્વામીશ્રી ઘાટ પર પધાર્યા અને જળઝીલણીના સમૈયા માટે તૈયાર કરેલા સુંદર નાવમાં ઠાકોરજી સાથે સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામી બિરાજ્યા. ઘાટની મધ્યમાં નાવને લાવવામાં આવી. આ દિવ્ય દર્શનનું વર્ણન કરવું અશક્ય છે, પણ એ પ્રેમાળ મૂર્તિ સૌનાં હૃદયમાં વસી ગઈ એ નિઃશંક છે. લગભગ પંદર મિનિટ સુધી આ મધુર દર્શન આપીને સ્વામીશ્રીએ સૌને અપાર સુખ આપ્યું.

રાજકોટમાં શ્રાવણ સુદ પાંચમે કૃષ્ણજી અદાની જયંતી અદાની દેરીએ ઊજવી હતી. અનડા સાહેબ, અજાગિયા, ચંદુભાઈ મહેતા, સિદ્ધેશ્વર સ્વામી તથા બાળમુકુંદ સ્વામીએ ગુણાનુવાદ કર્યા. બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપી, અહીં જ સંધ્યા આરતી કરી. બીજે દિવસે ચંદ્રકાંતભાઈ ત્રિવેદીને ત્યાં પધરામણી કરી, સ્વામીશ્રી મોજીદડ જવા નીકળ્યા.

## ગણેશ ભક્તનો સંકલ્પ પૂર્ણ કર્યો

રાજકોટથી નીકળી, સાયલા મંદિરમાં દર્શન કરી, સ્વામીશ્રીએ લીંબડી મંદિરમાં સંધ્યા આરતી કરી. રાત્રે ૮-૩૦ વાગે મોજીદડ પહોંચ્યા.

ગણેશ ભક્તના શુભ સંકલ્પથી 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથની પારાયણનો પ્રસંગ અહીં યોજ્યો હતો. તેઓ છેલ્લા આઠ મહિનાથી બીમાર હતા. પ્રથમથી જ તેમને શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે ગુરુભાવ અને યોગીજી મહારાજ પ્રત્યે સખાભાવ અને અનન્ય પ્રીતિ હતી.

ગણેશ ભક્ત પ્રજ્ઞાચક્ષુ, પરંતુ મહાજ્ઞાની હતા. તેઓ સ્વામીશ્રીનો મહિમા પ્રથમથી જ જાણતા. સ્વામીશ્રીની નાની ઉંમર હતી ત્યારે પણ સર્વે હરિભક્તોને કહેતા કે 'જોગી સ્વામીમાં શ્રીજીમહારાજ સર્વ પ્રકારે વાસ કરીને રહ્યા છે.'

તેમણે સ્વામીશ્રી પાસે એક વચન માગ્યું હતું કે 'તમારા સાંનિધ્યમાં હું ધામમાં જાઉં.' સ્વામીશ્રીએ પણ તેમને તેમ કરવા વચન આપ્યું હતું. બીજી તેમની એક ઇચ્છા હતી કે 'મોજીદડમાં ભવ્ય પારાયણ થાય અને જોગી મહારાજ આ પારાયણ પ્રસંગે બિરાજે.'

ગુરુ ગણેશ ભક્તની ઇચ્છા મુજબ શ્રાવણ સુદ સાતમથી હરિલીલા-કલ્પતરુનું પારાયણ ગોઠવ્યું હતું. તેમાં રામજીભાઈ ખત્રી, રામભાઈ, ઘનશ્યામભાઈ, ચીમનભાઈ, મૂળજીભાઈ આદિ સર્વે હરિભક્તોએ ખૂબ સેવા કરી.

આગલે દિવસે રાજકોટમાં બપોરે ૨-૩૦ વાગે સ્વામીશ્રી આરામમાંથી અડધા જ કલાકમાં ઊઠી ગયા અને સર્વે સંતોને કહે : 'તૈયાર થાઓ, હમણાં જ મોજીદડ જવું છે.' આમ, સાંજે નીકળવાને બદલે બપોરે વહેલા નીકળી અત્રે આવી પહોંચ્યા હતા.

અહીં ગુરુ ગણેશ ભક્તને છેલ્લી અવસ્થા જેવું થઈ ગયું હતું. વર્ષાઋતુ હતી તેથી લીંબડીથી કારોલના રસ્તે થઈને સ્વામીશ્રી સીધા જ મોજીદડ પધાર્યા. ગણેશ ભક્ત તો ઉપશમ અવસ્થામાં હતા. સ્વામીશ્રીએ 'સ્વામિનારાયણ' મંત્રની ધૂન કરી, હૃદય પર હાથ ફેરવ્યો. થોડી વારે તેઓ ભાનમાં આવી ગયા. સ્વામીશ્રીએ કહ્યું : 'ગુરુમહારાજ ! ઉદાસ થયા છો ?'

'મને ધામમાં લઈ જાવ. મહારાજ તમને વશ છે.' તેમણે કહ્યું.

'આપણે કાલથી હરિલીલાકલ્પતરુનું પારાયણ કરવું છે અને તમારો સંકલ્પ પૂરો કરવો છે.'

'એ સંકલ્પ સાચો, પણ તમારા સાંનિધ્યમાં ધામમાં લઈ જવાનું વચન આપ્યું છે, તે પણ તમારે પૂરો કરવો પડશે.'

સ્વામીશ્રી કહે : 'મહારાજ સર્વે સંકલ્પો પૂરા કરશે.'

થોડી વારમાં તેઓ સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયા અને સ્વામીશ્રી મૂળજીભાઈને ત્યાં ઉતારે પધાર્યા.

આ પારાયણનો રંગ જ જુદા પ્રકારનો હતો. આખા ગામનું વાતાવરણ આનંદપ્રદ હતું. સૌ અપાર ઉત્સાહમાં હતા. વ્યાસપીઠ ઉપરથી સિદ્ધેશ્વર સ્વામી, રામચરણ સ્વામી, અનુપમ ભગત વગેરે સંતોએ 'હરિલીલાકલ્પતરુ' દ્વિતીય સ્કંધમાંથી હરિલીલાચરિત્રોને સુંદર શૈલીથી નિરૂપ્યાં હતાં. બે દિવસ પછી પ્રમુખસ્વામી પધાર્યા હતા. તેઓ પણ પોતાના મધુર કંઠથી થોડા અધ્યાયો વાંચીને શ્રોતાજનોને મુગ્ધ કરતા હતા.

## સચ્છાસ્ત્રોનો મહિમા

સાંપ્રદાયિક ગ્રંથોનો મહિમા સ્વામીશ્રીને કેવો હતો તે એમના પત્રો ઉપરથી સમજી શકાય છે. 'હરિલીલાકલ્પતરુ' શ્રીજીમહારાજના મહિમાનો ગ્રંથ અને 'સ્મૃતિ ગ્રંથ' શાસ્ત્રીજી મહારાજના મહિમાનો ગ્રંથ. આ બંને ગ્રંથોનો સ્વામીશ્રી મહિમા વર્ણવે છે :

*આશીર્વાદ પત્ર*

*'જુઓ, મુંબઈ મંડળે, સાક્ષાત્ હર્ષદરાયભાઈએ દાખડો કરીને 'હરિલીલાકલ્પતરુ' બહાર પાડેલ છે. તો જેમણે દુ:ખ ટાળવું હોય, તેમણે હરિલીલાકલ્પતરુના ગ્રાહક બનીને મુંબઈથી મંગાવી લેવું. તે ગ્રંથ પછીથી મળી શકશે નહીં. માટે આગળથી ચેતી લેવું. બીજું, સ્વામીના અગાધ મહિમાનો સ્મૃતિ ગ્રંથ સર્વોપરી ગ્રંથ થશે. તે મુંબઈના સંતો પ્રેમપૂર્વક તથા હર્ષદરાયભાઈ દાખડો કરીને બહાર પાડી રહ્યા છે. સંવત ૨૦૨૧ના મહા સુદિ પાંચમે બહાર પડશે. તે તેમના ગ્રાહક બનવું. તેમાં તે સ્મૃતિ ગ્રંથમાં મદદ કરવી. તે ટાણે મદદ મુંબઈ-દાદરને શિરનામે મોકલી દેવી. તે ગ્રંથ પછી નહીં જડે. સ્વામીના જન્મથી પ્રગટ થયા તે દેહ મૂકવા સુધી તેમના - સ્વામીના ફોટા આવશે. તે અલૌકિક ફોટા છે. તો તે ગ્રંથ સર્વોપરી થશે. માટે સૌ ભાઈઓ મદદ શ્રદ્ધા પ્રમાણે કરશે.*

*'અહોહો ! સ્મૃતિ ગ્રંથ પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજનો ગ્રંથ મળી શકશે નહિ. જુઓ, ગ.મ. પ્રકરણ ૫૮ વચનામૃત પ્રમાણે મહારાજે*

*મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી જે, 'તમારે મારા જન્મથી દેહ મૂક્યા પર્યંત ચરિત્રો લખવાં.' તેવી આજ્ઞા કરી છે. તો જુઓ, હર્ષદરાયભાઈ તથા સંતો અત્યંત દાખડો બુદ્ધિપૂર્વક કરે છે, તો સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સ્મૃતિ ગ્રંથ થશે. તેમાં પરમ પૂજ્ય સ્વામીનાં તમામ મહિમા, કથાવાર્તા તથા સ્વામીએ જે જે વાતું કરી છે તે બધું આ ગ્રંથમાં આવી જાશે. આ અલૌકિક ગ્રંથ, તમામ હરિભક્તોને પ્રિય ગ્રંથ મહા સુદ પાંચમે બહાર પડશે. જે વાંચશે તથા ખરીદશે તથા જે મદદ કરશે તેને સ્વામી શાસ્ત્રીજી મહારાજ તેમની પાસે સાક્ષાત્ બેસાડશે.*

*બોલો સહજાનંદ સ્વામીની જય, બોલો મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની જય, બોલો પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજની જય !*

*દ. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા*
*હેતથી જય સ્વામિનારાયણ*

✧

ગુરુમહારાજની બીમારી વધતી જતી હતી. પારાયણ સ્વામીશ્રીના સાંનિધ્યમાં થઈ અને પોતાનો સંકલ્પ પૂરો થયો, તેથી તેમને હવે સંતોષ થયો હતો. સ્વામીશ્રીએ ગામેગામથી, ઠેઠ ગુજરાતમાંથી પણ હરિભક્તોને તેડાવ્યા. લગભગ ૬૧ ગામના હરિભક્તો આવ્યા હતા. 'ગુરુમહારાજનાં છેલ્લાં દર્શન કરવા આવો' એમ અંતર્યામીપણે દરેક પત્રમાં સ્વામીશ્રીએ લખ્યું હતું.

એકાદશીના શુભ દિવસે બરાબર ૧૦-૪૦ કલાકે ગુરુમહારાજ ધામમાં પધાર્યા. સ્વામીશ્રીએ તથા સંતો-હરિભક્તોએ તેમના ભૌતિક દેહનું પૂજન કર્યું. પછી મંદિરમાં જ મોટા હરિભક્તોએ તેમના ગુણાનુવાદ ગાયા અને પાલખી તૈયાર થતાં તેમાં બેસાડવામાં આવ્યા. પાલખીમાં આખા ગામમાં ફેરવીને નદી કિનારે એક સુંદર જગ્યાએ તેમને અગ્નિદાહ આપ્યો. ગુરુમહારાજે પોતાના ઉમદા ગુણોથી મોજીદડના લોકોમાં અદ્ભુત સ્થાન મેળવ્યું હતું. આખા મોજીદડ ગામના લોકોની આંખમાંથી અંજલિ અર્પતાં અશ્રુબિન્દુ ખરી પડ્યાં હતાં. સ્વામીશ્રી, પ્રમુખસ્વામી તથા સંતો પણ તેમને જે સ્થળે અગ્નિદાહ આપવાના હતા ત્યાં પધાર્યા હતા. સ્વામીશ્રીએ નદીમાં જ સભા કરીને - દિવ્ય દેહે ગુરુ-મહારાજ આપણી પાસે જ છે - એવી જ્ઞાનવાતો કરી સૌનું દુઃખ હળવું કર્યું હતું.

ગુરુ ગણેશ ભક્તની ઇચ્છાથી પૂર્ણાહુતિને દિવસે સમસ્ત ગામને પ્રસાદ લેવાનું આમંત્રણ હતું. સર્વત્ર જયજયકાર થઈ ગયો. દરેકનાં હૃદયમાં ઊંડી છાપ પડી ગઈ કે 'સ્વામીશ્રી જેવા સમર્થ પુરુષ જ ગણેશ ભક્તનો સંકલ્પ પૂરો કરી

શકે. તેમને માટે જ પારાયણ યોજી. પારાયણ દરમ્યાન જ સ્વામીશ્રીની ઈચ્છાથી મહારાજ તેમને ધામમાં તેડી ગયા.' આ ચમત્કાર મોજીદડ ગામમાં તો શું, પણ આખા પંથકમાં ગવાવા લાગ્યો.


સ્વામીશ્રીનો ઉતારો મૂળજીભાઈ મિસ્ત્રીને ત્યાં હતો. મૂળજીભાઈના પરિવારે ખૂબ સેવા કરી. રામજીભાઈ, નારણભાઈ, ભૂદરભાઈ તથા મુખી વગેરે ભક્તોએ પણ શ્રદ્ધાપૂર્વક સારી સેવા કરી હતી.

તા. ૨૧-૮-'૬૪, નવાગામ થઈ, ચૂડા પધાર્યા. અહીંથી સાંજની લોકલમાં બોટાદ જવાનું હતું. ચૂડામાં એક ફેક્ટરીમાં પધરામણી હતી. પણ ગામમાં સ્વામીશ્રીના આગમનના વાવડ પહોંચતા, આખું ગામ સ્વામીશ્રીનાં દર્શને હિલોળે ચઢ્યું. મોજીદડમાં જણાવેલા સ્વામીશ્રીનાં ઐશ્વર્યની વાત વાયુવેગે સર્વત્ર પહોંચી ગઈ હતી. લગભગ ૨,૦૦૦ ભાવિકો ભેગા થઈ ગયા હતા. હકાભાઈએ સ્વામીશ્રીના મહિમાની વાતો કરી. લોકોની ભીડ એટલી થઈ હતી કે નીકળવું મુશ્કેલ હતું. ફરી આવવાનું વચન આપી, ચાર માઈલ દૂર સ્ટેશને સ્વામીશ્રી માંડ માંડ પહોંચ્યા. બરાબર તે જ સમયે ટ્રેન પણ આવી ગઈ હતી.

સ્વામીશ્રી બોટાદથી સારંગપુર પધાર્યા.

❀ ❀ ❀

# સારંગ સ્મૃતિ



સ્વામીશ્રીનો દૈનિક કાર્યક્રમ અહીં આ રીતે રહેતો.

સવારે ૫-૧૫ વાગે ઊઠીને દસ મિનિટ ધૂન કરે. પછી ૬-૦૦ વાગ્યા સુધી વાતો કરે. પછી સ્નાનાદિક કરવા પધારે. પૂજા બાદ મંદિર ઉપર આરતી કરવા પધારે. સવારથી હરિભક્તો તો આ રસઘન મૂર્તિનાં દર્શન કરતાં સાથે જ હોય અને થાકે જ નહીં. સ્વામીશ્રી રંગમંડપમાં પધારે. કાંતિભાઈ મિસ્ત્રી તથા તેમના પિતાશ્રી મોહનભાઈ અહીં આરસનું સુંદર કામ કરતા હતા. સ્વામીશ્રી તેમને રૂડા આશીર્વાદ આપે અને કામ જોઈ ખૂબ જ રાજી થાય.

પછી શાસ્ત્રીજી મહારાજની દેરીએ પધારે. આરતી ઉતારે. પ્રદક્ષિણા ફરીને સભા કરે. પ્રસાદીના ખીજડાના વૃક્ષની પ્રદક્ષિણા ફરે. ૯-૦૦ વાગે ઉકાળા-પાણી કરી, ૧૧-૦૦ વાગ્યા સુધી પત્રલેખન કરે. સંતસ્વામી હરિભક્તોને વચનામૃતોનું રહસ્ય સમજાવે. પછી સ્વામીશ્રી એક વચનામૃત કઢાવીને શ્રીજીમહારાજનો હૃદ્ગત અભિપ્રાય સમજાવે અને હરિભક્તોને જ્ઞાન-આનંદરસમાં તરબોળ કરી દે.

૧૧-૩૦ વાગે રાજભોગની આરતી થાય એટલે સ્વામીશ્રી સૌને દર્શને મોકલે, સૌ ભોજન કરવા બેસે ત્યારે કોઈ વખત પીરસવા પણ પધારે. મૂર્તિનું સુખ આપે. બપોરે પોતે જમીને પછી બે વચનામૃતની કથા કરાવે.

સાંજે ૪-૦૦ વાગે ભક્તચિંતામણિની કથા કરાવે. પોતે કાગળોમાં સહી કરે અથવા આવેલી ટપાલ વાંચે. સાંજે ૬-૦૦ વાગે દેરીએ જાય. પ્રદક્ષિણા ફરીને આરતી ઉતારે તથા સભા કરીને દર્શન તથા વાતોનું સુખ આપે. સંધ્યા આરતી વખતે મંદિર ઉપર આરતી કરવા પધારે અથવા સીધા જ સ્નાન કરવા પધારે. પછી સભામાં બિરાજે. શયન આરતી પછી સંતો સાથે ઉકાળો લે. રાત્રિસભામાં સુંદર વાતો કરીને હરિભક્તોને બ્રહ્માનંદ કરાવી આરામમાં પધારે.

આ રીતે સારંગપુરમાં ચાર દિવસ રહીને સૌને અપાર સુખ આપ્યું.

અહીં એક બપોરે કથામાં ગ.મ. ૨૭મું વચનામૃત સ્વામીશ્રીએ નારણભાઈ પાસે વંચાવ્યું. તે વચનામૃતમાં મહારાજ મુક્તાનંદ સ્વામીને ક્રોધ આવવા વિશે પૂછે છે. તે વાત આવતાં મોટાસ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'તમારે કદી ક્રોધ આવે છે ખરો ?'

ત્યારે સ્વામીશ્રી ધીરેથી કહે : 'મને કોઈ દી' ક્રોધ આવ્યો જ નથી !'

બીજે દિવસે મંગળ પ્રવચનમાં એક હરિભક્તે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : 'બાપા ! હાલ આપની અનુવૃત્તિ અને અભિપ્રાય શું છે ?'

બરાબર એ જ સમયે મંગળા આરતીનો ડંકો પડ્યો, એટલે સ્વામીશ્રીએ કહ્યું : 'પહેલાં દર્શન કરી આવો, પછી જવાબ આપીશું.'

સર્વ હરિભક્તો દર્શન કરી આવ્યા. પછી ફરીથી આ પ્રશ્નનો ઉત્તર આપવા વિનંતી કરી, ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તાવવી એ અમારો અભિપ્રાય છે અને ભગવાનના ભક્તમાં નિર્દોષબુદ્ધિ રાખવી એ અમારી રુચિ છે.'

છેલ્લે દિવસે સમાધિ સ્થાન નજીક વાડીમાં ખેતી સંબંધી પૂછપરછ કરી, સાંજે જૂના મંદિરે હનુમાનજીનાં દર્શને પધાર્યા.

## કલ્પતરુના આસ્વાદમાં વરસાદ થંભી ગયો

અહીંથી ગઢપુર દર્શન કરી, નિંગાળાથી મેલમાં બેસી રાત્રે અમદાવાદ થઈ, બીજે દિવસે ક્વીનમાં અટલાદરા આવી પહોંચ્યા. જન્માષ્ટમીનો ઉત્સવ ઊજવી, શ્રાવણ વદ ૯, તા. ૩૧-૮-'૬૪થી અમદાવાદમાં 'હરિલીલાકલ્પતરુ ગ્રંથ'ની પારાયણનો પ્રારંભ કર્યો.

શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'આજે આ દર્શન બહુ સહેલાં અને સુગમ છે; પણ વખત એવો આવશે કે દર્શન માટે પડાપડી થશે, દર્શન દુર્લભ થઈ જશે.' એ મુજબ તત્‌સ્વરૂપ સ્વામીશ્રી જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં સહેજે જ હજારો મુમુક્ષુઓ, સત્સંગીઓ એકત્રિત થઈ જતા અને દર્શન માટેની વ્યવસ્થા જાળવવામાં ઘણી મુશ્કેલી પડતી.

'વરસાદના દિવસો હોવાથી બહાર મંડપ કરવો કે કેમ ?' એ ભારે વિમાસણ હતી. સ્વામીશ્રીએ મોજીદડથી જણાવ્યું હતું કે 'મોટો ભવ્ય મંડપ બહાર બંધાવજો. કથાના દિવસોમાં મહારાજ રક્ષા કરશે. અમદાવાદમાં વરસાદ

બંધ રહેશે. જરાય ચિંતા કરશો નહિ. કથા સર્વોપરી થશે.' તેથી મોટો મંડપ બનાવ્યો હતો.

સવારે વચનામૃત ઉપર સ્વામીશ્રી વાતો કરતા. તેનાં રહસ્યો અને સૂક્ષ્મ મુદ્દાઓ બહુ જ હૃદયંગમ મધુર વાણીમાં, પોતાની અનોખી શૈલીમાં, દાખલા-દૃષ્ટાંત આપી, જેમ કોઈ વિદ્યાપીઠના જ્ઞાનદાતા પોતાના અંતેવાસીઓને સમજાવે, તેમ સર્વજ્ઞ અને અંતર્યામી સાક્ષાત્ ગુણાતીત સ્વરૂપ સ્વામીશ્રી પોતાના વહાલા ભક્તોને સમજાવતા, જ્ઞાનામૃત પાતા.

સાંજે 'હરિલીલાકલ્પતરુ'ની કથા થતી. રાત્રે પણ સ્વામીશ્રીની અમૃત વાણીનો લાભ લેવા જનતા ઊમટતી. મંદિરના બહારના રસ્તા ઉપર માણસો સાંભળવા બેસતા હતા અને હજારો મુમુક્ષુઓ અલૌકિક ઉપદેશામૃતનું પાન કરી, કૃતાર્થ થતા. સવાર-સાંજ સ્વામીશ્રી પધરામણીઓમાં જતા. અમાસના દિવસે સવારે સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે નારાયણ ઘાટે સ્નાન કરવા પધાર્યા અને ત્યાં જ પૂજા કરી સૌને અપાર સુખ આપ્યું હતું.

પરમ દયાળુ યોગીમૂર્તિ શાસ્ત્રીજી મહારાજે સં. ૧૯૯૨માં શ્રીનગરમાં કથા કરી ત્યારનું વરસ મહાદુષ્કાળનું હતું. ચોમાસું છેડે આવ્યા છતાં વરસાદનું ટીપુંય ધરતીએ જોયું ન હતું. સ્વામીશ્રીના આશીર્વાદથી ભગવાને અન્યથાકર્તું શક્તિ વાપરી અચાનક અણધાર્યો સાચા મોતીની કિંમતનો વરસાદ વરસાવી ભૂમિને તૃપ્ત કરી, જગતને જિવાડ્યું. આ વખતે વરસાદની ભારે ઋતુમાં વરસાદ રોકી સ્વામીશ્રીના આશીર્વાદ-સંકલ્પે ભગવાને આકાશમાં દસ-બાર દિવસ વરસાદ અધ્ધર રાખ્યો. તે દરમ્યાન જ્ઞાનામૃતનું સિંચન કરી, અનેક જીવાત્માને સચેતન કર્યા. જેના પરિણામે, કથાની સમાપ્તિ પછી ઝળુંબી રહેલો વરસાદ કથા પૂરી થતાં બારે મેઘે તૂટી પડ્યો. દસ-બાર દિવસ ભગવાનની આજ્ઞાથી રોકાઈ રહ્યા પછીનો આ વરસાદ ખેડૂતોને કાચું સોનું વરસ્યા જેવો લાગ્યો.

## અભાવ એ જ મરણદોરી

આજે શ્રાવણ વદ અમાવાસ્યા ને તા. ૬-૯-'૬૪, પારાયણની પૂર્ણાહુતિ હતી. બપોરે અમદાવાદના બે હરિભક્તો અને એક સંતે સ્વામીશ્રીને એકાંતમાં બોલાવ્યા. સંત કહે : 'અહીં શિખર થઈ રહ્યાં છે તેના ખર્ચના રૂપિયા ૩૦,૦૦૦/- થશે. તે અમને ગોંડલથી મગાવી, વ્યવસ્થા કરી આપો.'

'એને બદલે બીજેથી વ્યવસ્થા કરી આપીએ તો ?' સ્વામીશ્રીએ સમજાવ્યું.

'ના, અમારા જિલ્લામાંથી નહીં, કારણ કે તમે મહાપૂજાઓ લખાવીને ઘણી રકમ ગોંડલ મોકલો છો. તેથી અમારે તેટલો ધર્માદો પણ ઓછો આવે છે.'

સ્વામીશ્રીએ ફરી સમજાવ્યું કે 'અમે તમને બીજા સ્થળેથી રકમની વ્યવસ્થા કરી આપશું.'

આથી તે સંત જરા આવેશમાં આવી ગયા અને બોલ્યા કે 'તમારે ગોંડલનું આટલું મમત્વ શા માટે છે ? તમે તો બીજાનું મમત્વ તોડાવો છો. તેથી તમારે ગોંડલનું મમત્વ રાખવું ન જોઈએ.'

સ્વામીશ્રીએ એ વખતે જ દાજી બાપુને પત્ર લખ્યો અને અમદાવાદ મંદિરના શિખર માટે રૂ. ૩૦,૦૦૦/- મોકલી આપવા લખ્યું અને સ્વામીશ્રી સાથે ઉગ્ર ચર્ચા કરનાર પેલા સંતનો પણ ઘણો મહિમા પત્રમાં લખ્યો, કારણ કે સાચા સંત તો અજાતશત્રુ અને મા જેવા પ્રેમાળ હોય છે.

સાંજે પારાયણની પૂર્ણાહુતિ થઈ. સ્વામીશ્રી જરા ઉદાસ થઈ ગયા હતા. તેથી પૂર્ણાહુતિમાં બહાર આવ્યા નહીં. તેથી સેવા પણ સામાન્ય આવી. કોઈ હરિભક્તને સ્વામીશ્રીની ગેરહાજરીમાં આનંદ-ઉલ્લાસ જણાયો નહીં.

સાંજે રમેશભાઈ દલાલ સ્વામીશ્રી પાસે ગયા. ત્યારે સ્વામીશ્રી કહે : 'રમેશભાઈ ! આપણે રૂ. ૩૦,૦૦૦/- આપ્યા તે ઠીક થયું ને ?'

'ઠીક તો નથી થયું, પણ તેઓએ જીદ પકડી તેથી શું થાય ?' રમેશભાઈએ કહ્યું.

'તેણે કહ્યું હોત તો ગમે ત્યાંથી રકમ ગોઠવી દેત; પરંતુ બધાની નજર અક્ષર દેરી ઉપર છે.' સ્વામીશ્રીએ કહ્યું.

રમેશભાઈ તો આ સ્વામીશ્રીના શબ્દોથી ધ્રૂજી ગયા, કારણ કે વર્તમાન-કાળે પ્રગટ સત્પુરુષની રુચિમાં જે ભળે તેનું કામ થઈ જાય છે. શાસ્ત્રોમાં પણ તેમને જ ભક્ત ગણ્યા છે. રમેશભાઈ વિચારવા લાગ્યા : સ્વામીશ્રીની મરજીની વિરુદ્ધ પોતાથી તો કશું અજાણતા પણ થઈ ગયું નથી ને !

## પ્રત્યક્ષ મનાય તો સાક્ષાત્કાર થાય

છેલ્લે વિદાય સભામાં સ્વામીશ્રીએ સર્વે હરિભક્તોને આશીર્વાદ આપતાં કહ્યું કે 'તમે સૌએ અમારી ખૂબ સેવા કરી છે. સર્વે હરિભક્તો તન-મન-ધનથી સુખી થશે એવા શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ છે. હવે તમે બધા અમને રજા આપો તો અમે જઈએ.'

સર્વે હરિભક્તોની આંખોમાં આંસુ ઊભરાઈ ગયાં. સ્વામીશ્રીને વિદાય આપવાનું કોને મન હોય ?

સ્વામીશ્રી વિદાય લેતાં પહેલાં ઠાકોરજીનાં દર્શન કરવા ઉપર મંદિરમાં પધાર્યા. ઠાકોરજીને દંડવત્ કર્યા. પછી અંબાલાલભાઈ બકરી પોળવાળાને બોલાવ્યા અને કહ્યું : 'જેવો આ મૂર્તિઓમાં ભાવ થાય છે, તેવો સાધુમાં કેમ થતો નથી ?'

અંબાલાલભાઈએ કહ્યું કે 'બાપા ! એમાં દેહ આડો આવે છે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા કે 'દેહ આડો ન આવે તો સાક્ષાત્કાર થાય એ ખરું, પણ મનુષ્યરૂપમાં પરોક્ષ જેવી પ્રતીતિ આવતી નથી. જો પ્રત્યક્ષ મનાઈ જાય, તો સાક્ષાત્કાર થઈ જાય ! શ્રીજીમહારાજે પણ ગઢડા અંત્યના બીજા વચનામૃતમાં આ જ કહ્યું છે.'

પછી ચંપકભાઈ શેઠને ઘરે પધરામણી કરી, વઢવાણ મંદિરે દર્શન કરી, સુરેન્દ્રનગર ઠાકોરજી જમાડી, સ્વામીશ્રી રાજકોટ પધાર્યા.

અહીંથી ભાદરા આવી પહોંચ્યા. અહીં ગામ બહાર મળેલી દસ હજાર વાર જમીનની મોજણી કરાવીને ખૂંટા નંખાવ્યા અને રસ્તો બંધાયો હતો તેનું નિરીક્ષણ કર્યું. બારદાનવાલા શેઠ જામનગરથી આવ્યા હતા. તેમની આ ઉત્સવમાં ખૂબ સેવા હતી. તેમને પણ ખૂબ આશીર્વાદ આપ્યા. મંદિરે દર્શન કરી, ઊંડ નદીએ સ્નાન કરી, ધ્રોળ પધરામણી કરી.

રાત્રે રાજકોટ થઈ, બીજે દિવસે સવારે ગોંડલ પધાર્યા.

## અકળ વ્યવહાર

અહીં પડવલાથી બળદગાડું જોડી ભીખુભા વજુભા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. ગાડા સાથે પાળેલો કૂતરો બાંધીને લાવ્યા હતા. કૂતરાને જોઈને પગી ખિજાયા અને બોલ્યા કે 'મંદિરમાં કૂતરા લાવવાની મનાઈ છે.' કૂતરો પણ પગીને પોતાના વિરોધી જાણીને ઓળખી ગયો હોય તેમ બહુ ભસવા લાગ્યો.

પગી તો તરત જ સ્વામીશ્રી પાસે પહોંચ્યા અને 'ભીખુભા ગાડા સાથે કૂતરો લાવ્યા છે,' તે વાત કરી. ત્યારે સ્વામીશ્રીએ પગીને હસતાં હસતાં કહ્યું : 'આ તો બાપુનો પાળેલો કૂતરો છે. તેને તો લાડવા ખાવા આપવા જોઈએ !'

પગી બહુ આજ્ઞાપાલક હતા. તેમને થયું : 'આપણે બાપુને બે વેણ સંભળાવ્યા છે.' માટે ભંડારમાંથી લાડવા લઈ આવ્યા અને કૂતરાને ખવડાવવા

લાગ્યા, પણ કૂતરાએ લાડવા સામે જોયું પણ નહીં. તેથી પગી ફરી સ્વામીશ્રી પાસે આવ્યા. એ વખતે ભીખુભા બાપુ પણ સ્વામીશ્રીની પાસે બેઠા હતા. પગીએ કહ્યું : 'બાપા ! કૂતરો લાડવા ખાતો નથી.'

સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા ને પ્રસંગને રસમય બનાવતાં કહે : 'બાપુનો કૂતરો લાડવા ન ખાય તો લાડવા બાપુના બળદને આપી દ્યો. બળદ ખાઈ જશે.' પગી તરત જ બે હાથ જોડીને બળદને લાડવા ખવરાવવા લઈ ગયા. સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. બાપુ પણ હસી પડ્યા અને સભામાં પણ હાસ્યનું મોજું ફરી વળ્યું.

સામાન્ય રીતે અક્ષર મંદિરમાં કૂતરા ફરે તે સ્વામીશ્રીને ગમતું નહિ. તેથી તેમની કાયમની સૂચના હતી કે 'મંદિરમાંથી કૂતરાં હાંકી કાઢવાં. કોઈ કૂતરું રખડતું ફરતું હોવું જોઈએ નહિ.' પણ આ પ્રસંગે બાપુની સાથે સ્વામીશ્રીએ તેમના કૂતરાને પણ આવકાર્યો અને લાડુ ખવડાવવા સુધીનું સ્વાગત કર્યું. મોટા-પુરુષની કળા અકળ છે.

## મારા પેટમાં દુ:ખવા લાગે છે

એક સવારે, અક્ષર મંદિરની ગાયો-ભેંસો માટે ચરવા બીડ રાખ્યું હતું તે જોવા પધાર્યા. ગૌશાળા અને પશુઓની સુવિધાઓ માટે પણ સ્વામીશ્રી ઊંડો રસ લેતા.

બપોરે દેરીમાં પ્રદક્ષિણા ફરીને, ઘાટ ઉપર નાહવા પધાર્યા. અક્ષર ઘાટનાં પગથિયાં ઉપર બેસી સ્નાન કર્યું. હરિભક્તો ફોટા પાડતા હતા. તે સ્વામીશ્રીએ તેમને ના પાડી, દૂર જવા કહ્યું. ત્યારે એક સંતે પૂછ્યું : 'ફોટા પાડે તેમાં આપને શું વાંધો છે ?'

'મારા પેટમાં દુ:ખવા લાગે છે !' સ્વામીશ્રીના આ રમૂજી ઉત્તરથી સૌ હસી પડ્યા.

સાંજે ડમણિયામાં બેસી, શહેરમાં કારખાને થઈ, બંધિયા પધાર્યા. માર્ગમાં ઘોઘાવદર દેરીએ દર્શન કર્યાં. બંધિયાના દરેક પ્રસાદી સ્થાનમાં ફરી, સ્વામીશ્રીએ દર્શન કર્યાં. સ્વામીશ્રી અવારનવાર અહીં પધારતા. ઉતાવળ હોય, સમય થોડો હોય, તોપણ ગામ બહાર ઠેઠ વડ સુધીનાં બધાં પ્રસાદી સ્થાનોનાં દર્શન કરે. સાથે કોઈ નવીન હરિભક્ત હોય કે સંત હોય તેને વિગતે મહિમા સમજાવે. સાચે જ સ્વામીશ્રી આવાં ભગ્ન સ્થાનોને સજીવન કરતા; ચેતન

બક્ષતા; ભુલાયેલાં આવાં સ્થાનોનું માહાત્મ્ય વધારતા. તેમના જેવી અલૌકિક દૃષ્ટિ અને માહાત્મ્ય અતિ દુર્લભ છે.

રાત્રિસભામાં બંધિયા તીર્થસ્થાનનો મહિમા સમજાવ્યો. સ્થાનિક દરબારોને ખબર-અંતર પૂછી, મંદિર તથા પ્રસાદી સ્થાનોની જાળવણીમાં સહકાર આપવા કહ્યું. બીજે દિવસે ઘોઘાવદર મંદિરે દર્શન કરી, પાછા ગોંડલ પધાર્યા.

## ધૂનના તાલે વરસાદ

તા. ૧૬મીએ સાંજે ઘોઘાવદર, રામોદ, પાળિયાદ, બોટાદ વગેરે ગામે રોકાઈ, હરિભક્તોને મળી, રાત્રે સારંગપુર આવી પહોંચ્યા.

નારાયણ ધરે જળઝીલણી-ઉત્સવ ધામધૂમથી ઊજવાયો. એકાદશી હોવાથી રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી મદિરમાં કથા-કીર્તન થયાં. રાત્રે વરસાદની ધૂન પણ કરી હતી. સ્વામીશ્રીની કૃપાથી સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પુષ્કળ વરસાદ થયો.

ચોમાસામાં વરસાદનું પ્રકરણ સારું ચાલતું. દર બે-ત્રણ વર્ષે વરસાદ ખેંચાય ત્યારે સ્વામીશ્રી ઉપર હરિભક્તોના પ્રાર્થના પત્રોની ઝડી વરસે. સ્વામીશ્રી સૌને ધીરજ આપે. મહારાજને પ્રાર્થના કરવાનું કહે, અને ધૂન કરાવે. સૌરાષ્ટ્રમાં બધે સરખો વરસાદ ન પડે. ક્યાંક તો ખેંચ હોય જ. તેથી સ્વામીશ્રીની વરસાદની ધૂન ચોમાસા દરમ્યાન અખંડ ચાલુ રહેતી. આ એમનું અમોઘ શસ્ત્ર. પણ કોઈ દિવસ પોતે ઉતાવળા થઈને નથી કહ્યું કે 'જાવ વરસાદ પડશે.' હંમેશાં મહારાજ ઉપર જ આધાર રાખ્યો છે ને પ્રાર્થના કરી છે. નહિ તો મહારાજ પોતાના લાડીલા સંતનું વચન તો જરૂર માને જ ! ક્યારેક વરસાદ વધુ પડે ત્યારે તેને ખમૈયા કરાવવા માટે પણ સ્વામીશ્રી ધૂનનો આશરો લેતા. આમ, એક યા બીજી રીતે મહારાજનો જ આશરો દૃઢ રખાવી, સૌને ભજન કરાવતા.

## જીવની જેમ જતન કરજો

અહીં એક દિવસ સ્વામીશ્રીએ કૃષ્ણાભાઈ આદિ નડિયાદ મંડળને આજ્ઞા કરી કે 'ગામમાં જીવાખાચરનાં ઓરડા-ઓસરી વાળીને રજ ભેગી કરીને લાવો.' તેથી તેઓ મંડળ સાથે ત્યાં ગયા.

તેમણે ઓરડા વાળીને-ચાળીને રજ એક કથરોટમાં ભેગી કરી, સ્વામીશ્રી પાસે હાજર કરી. તે જોઈ સ્વામીશ્રી બહુ રાજી થયા અને બોલ્યા : 'આ રજ શ્રીજીમહારાજ અને પરમહંસોની મહા-પ્રસાદીની છે. મોટા મોટા દેવતા અને

અવતારોને પણ મળતી નથી. દરેક હરિભક્ત અહીં વારાફરતી આવો. અમે આ રજ આપીએ છીએ, તે પ્રસાદીની રજ રાખજો. આંખે અડાડવી અને મસ્તકે મૂકવી. ઘરમાં આ રજ બધા રોગ-દોગ ટાળશે અને શાંતિ થઈ જશે. માટે સાચવીને જીવની જેમ જતન કરજો.'

પછી દરેકને મૂઠી મૂઠી રજ આપી અને નડિયાદ મંડળ ઉપર રાજીપો દેખાડીને બધાને વ્યક્તિગત આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રીના અંતરમાંથી મહિમાની સરવાણી અવિરત વહ્યા કરતી. આવા પ્રસંગોએ એની નિગૂઢતાનાં દર્શન થતાં.

## સ્વરૂપ ભુક્કા કાઢશે

આ સમૈયે બાઢડા મંડળ પણ આવ્યું હતું. શાસ્ત્રીજી મહારાજની દેરીએ નારણભાઈ *'કેમ ભૂલું નાથ મારા, સ્વરૂપ જે મુજને મળ્યું'* એ કીર્તન બોલ્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'સ્વરૂપ મળ્યું છે પણ ભુક્કા કાઢશે.'

તેથી નારણભાઈ કહે : 'ભલે ભુક્કા કાઢે.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'આ બગીચામાંથી ખડ બધું કાઢી નાખો.'

પછી બાઢડા મંડળ એ સેવામાં લાગી ગયું અને સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા. નારણભાઈને થયું કે 'બાપાએ ભુક્કા કાઢવાનું કહ્યું અને ખડ કાઢવાની સેવાનો પ્રસંગ ઊભો કર્યો, તે આપણા માટે જ છે. માટે સેવા કરી લેવી.'

એ પછી સાંજે સ્વામીશ્રી દેરીએ પધાર્યા. બગીચામાં બધું ચોખ્ખુંચટ જોઈને રાજી થયા અને બોલ્યા : 'બાઢડા મંડળે કીર્તન ગાયું કે *'સ્વરૂપ મુજને મળ્યું'* એ કીર્તન હવે સાચું ઠર્યું.' બાઢડા મંડળની સેવા-ભક્તિથી સ્વામીશ્રી રાજી થયા.

અહીંથી બોટાદ પધાર્યા. ચાલુ વરસાદમાં હરિભક્તોએ સામૈયું કર્યું. શોભાયાત્રા નીકળી. વરસાદની જળધારા વચ્ચે તાજપુર મંડળીએ ડાંડિયારાસ લઈને સૌને આશ્ચર્ય પમાડ્યા. સ્વામીશ્રીએ અહીં હરિમંદિરનું ખાતમુહૂર્ત કર્યું. સ્વામીશ્રીનો ઉતારો નટુભાઈને ઘરે હતો. રાત્રે જાહેર સભામાં શહેરની ધર્મપ્રેમી જનતાએ તથા પ્રતિષ્ઠિતોએ સ્વામીશ્રીનાં દર્શન, પ્રવચનનો લાભ લીધો હતો.

ત્યારબાદ ધરમશી પટેલને ત્યાં તાજપુર પધારી, પધરામણીઓ કરી, ઘોડાગાડીમાં સારંગપુર પાછા આવ્યા. પછી ગાડામાં લાઠીદડ જવા નીકળ્યા. સ્વામીશ્રી ગાડામાં બિરાજે, ડમણિયામાં બિરાજે, એ દર્શનનો લાભ અનેરો હતો.

પાદરે આખું ગામ ઊમટ્યું. સારું સામૈયું થયું. પોપટભાઈને ત્યાં ઉતારો હતો. ડૉ. વામનભાઈ, લખમણભાઈ વગેરેએ સારી સેવા કરી. સાથે એ.પી. પટેલ હતા. તેમણે અહીં બાળ મંડળની સ્થાપના કરી. જાહેર સભા સારી થઈ. ઘણા નવા મુમુક્ષુઓએ વર્તમાન ધરાવી આશ્રય કર્યો.

અમદાવાદથી પુરુષોત્તમદાસ ગજ્જર દર્શને આવેલા. તેમની મોટરમાં કારિયાણી દર્શન કરી, સ્વામીશ્રી સારંગપુર પાછા આવ્યા.

## આવું બધું પૂછીએ નહિ

તા. ૨૪મીએ અહીં હનુમાનજીના મંદિરે દર્શને ગયા. ત્યાં ગોપાળાનંદ સ્વામીની મૂર્તિ સામે ઊભા રહીને હાથ જોડતાં બોલ્યા : 'ગોપાળ સ્વામી ! જય સ્વામિનારાયણ !'

એટલે એક યુવકે કહ્યું : 'ગોપાળ સ્વામીએ જય સ્વામિનારાયણ કહ્યા ?'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'ગોપાળ સ્વામીએ કહ્યા. તમે જોયા નહીં ?'

તે યુવકે કહ્યું : 'અમારી સાથે કરતા નથી.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અમે કહીએ તો કરે. તમારા જય સ્વામિનારાયણ સ્વામીએ સ્વીકારી લીધા જ છે.' એમ કહીને હાથ દબાવતાં બોલ્યા : 'હાલો ગુરુ, આવું બધું પૂછીએ નહીં.'

એમ કહીને સંતોના ઉતારામાં આશરે સો વરસની ઉંમરના એક સંત બીમાર હતા તેની તબિયતના ખબર-અંતર પૂછવા મેડી ઉપર ગયા. તે સંત સ્વામીશ્રીના હાથ પકડી રડી પડ્યા અને બોલ્યા : 'સ્વામી ! તમે સંકલ્પ કરો તો મહારાજ ધામમાં લઈ જાય.'

કરુણામૂર્તિ સ્વામીશ્રીએ તરત જ ધૂન કરાવી, પછી તે થોડા જ વખતમાં ધામમાં ગયા હતા.

## પચાસ વર્ષ જૂનું ભાથું

બીજે દિવસે મંગલ પ્રવચન પછી સ્વામીશ્રી દિશાએ જઈ રહ્યા હતા, પરંતુ વરસાદની ઋતુ હોવાથી જાજરૂમાં મકોડા બહુ ઊભરાયા હતા. તેથી સ્વામીશ્રી કહે : 'રાખ નાખો, એટલે હમણાં ચાલ્યા જશે.' પછી સેવકોએ શાસ્ત્રીજી મહારાજની રૂમ પાસે આસન પાથર્યું. તે ઉપર બેઠા અને પ્રસાદીની વાત કરી :

'ભગવાન ને ભગવાનના ભક્તના ગુણ ગાવા. તેમાં શાંતિ છે. પણ અભાવ-અવગુણમાં પડવું નહિ. અમે પચાસ વરસથી સત્સંગમાં છીએ, પણ મોટા સદ્‌ગુરુઓ થકી એક જ વાત શીખ્યા છીએ કે નિર્દોષબુદ્ધિ રાખવી, દિવ્યભાવ રાખવો, ભગવાનના ભક્તના ગુણ જ જોવા, પણ અભાવમાં ન પડવું. સાધુ થવા આવ્યા હતા ત્યારે અદાએ એક જ વાત કરી હતી કે 'સત્સંગમાં રહી એકાંતિક ધર્મ સિદ્ધ કરવો હોય તો આ શીખ રાખજો - *નાને સે હો નાના રહીએ...'*

પછી ઊઠતાં કહે : 'આ ભાથું બાંધજો.' ગુણવંતભાઈને કહે : 'આ વાત લખી લેજો.' એમ કહી સ્નાનાદિકથી પરવાર્યા.

સ્વામીશ્રી રાઠોડ ધાધલને ત્યાં પ્રસાદીના ઓટે દર્શને પધાર્યા. દંડવત્ કરી, પ્રદક્ષિણા કરી. ઓટો બહુ જૂનો હોવાથી ચારે તરફ તૂટી ગયો હતો. ઓટાના જીર્ણોદ્ધાર માટે સ્વામીશ્રીએ સાથે આવેલા હરિભક્તો પાસે સેવા કરાવી. દોઢસો રૂપિયા થઈ ગયા.

તે પછી સાંજે બાથરૂમમાં તે સંબંધી વાત નીકળી. સ્વામીશ્રીને એક યુવકે કહ્યું : 'બાપા ! આપના વચને તરત સેવા થઈ જાય.'

ત્યારે સ્વામીશ્રીએ સહજભાવે કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજને સેવાથી રાજી બહુ કર્યા. તેથી સ્વામીએ આશીર્વાદ આપ્યા કે 'તમારું વચન કોઈ નહીં વાઢે. તમારી આજ્ઞામાં આખો સત્સંગ રહેશે.' તે વચન સિદ્ધ થયું.' એમ કોઈપણ પ્રસંગે પોતાના મહિમાની વાત આવે એટલે ગુરુના આશીર્વાદને જ સ્વામીશ્રી આગળ ધરતા.

## ઉપાસનારૂપી થડ હાથમાં રાખવું

શાસ્ત્રીજી મહારાજની શ્રાદ્ધતિથિ અહીં ઊજવી. ઠેઠ મુંબઈથી લઈને ગુજરાત, કાઠિયાવાડના ઘણા ભક્તો આ પ્રસંગે આવતા લગભગ ૧,૫૦૦ થી ૨,૦૦૦ જેટલા ભક્તો એકત્રિત થઈ ગયા હતા. સ્વામીશ્રીએ ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજનો મહિમા સમજાવ્યો :

'શાસ્ત્રીજી મહારાજ મહાન પુરુષ હતા. તે કદી સંપ્રદાયનું વાંકું બોલ્યા ન હતા. કોઈ મારે, ગાળ દે, તો સહન કરી લે. *'તુલસી જા કે મુખન સે'* એવો મહિમા શાસ્ત્રીજી મહારાજ સમજતા.

'આપણે ઉપાસના દૃઢ રાખવી. આપણે કદાચ કૂવામાં પડ્યા પણ ઝાડનું થડ કે મૂળ હાથમાં આવી જાય તો બચી જવાય. તેમ પુરુષોત્તમ ભગવાન

સહજાનંદ સ્વામીની ઉપાસના રાખીએ તો થડ હાથમાં આવી ગયું.

'ધર્મ પાળે તે સંપ્રદાયની અંદર છે. મહારાજની આજ્ઞા ન પાળે તે સંપ્રદાયની બહાર છે. શિક્ષાપત્રી શ્લોક ૨૦૭ પ્રમાણે.' આ રીતે સ્વામીશ્રીએ સુંદર વાતો કરી.

બોટાદમાં એક સોસાયટીનો ખાત વિધિ કરી, સ્વામીશ્રી ગઢપુર પધાર્યા. ગામમાં પ્રવેશતાં હંમેશાં સ્વામીશ્રી પહેલાં લક્ષ્મીવાડીએ દરેક સ્થળે દર્શન કરે. પછી મોટા મંદિરે તથા અક્ષર ઓરડીએ દર્શન કરી, ટેકરા ઉપર આપણા મંદિર પધારે.

લાઠી દરબારના કુમાર ધામમાં જવાથી તેમનાં અસ્થિ ઉન્મત્ત ગંગામાં પધરાવવાનાં હતાં. સ્વામીશ્રીને પ્રાર્થના કરી. તેઓ જાતે જ ઘેલા નદીએ પધાર્યા અને વિધિપૂર્વક અસ્થિ-વિસર્જન કર્યું. સ્નાન કરી, જૂના મંદિરે તથા લક્ષ્મી-વાડીએ દર્શને પધાર્યા.

સ્વામીશ્રી ઘણી વાર ઘેલામાં સંતો-હરિભક્તો સાથે સ્નાન કરી, ઘાટ ઉપર સભા કરતા અને મહારાજનાં લીલાચરિત્રો વર્ણવતા.

બાદ બોટાદ આવ્યા. ગાડી આવી ગઈ હતી, પણ ગાર્ડે થોડી વધુ ઊભી રાખી તેથી સૌ ચડી શક્યા. લીંબડી આવી મંદિરે ઉતારો કર્યો.

અહીં બ્રહ્મક્ષત્રિયની વાડીમાં જાહેર સભા રાખી હતી. વૈષ્ણવ મંદિરના મહંત બાલકૃષ્ણદાસજી, કબીર આશ્રમના મહંત, રાજકુમાર ભરતસિંહ તથા આગેવાન વેપારીઓ - અધિકારીઓ વગેરે સારી સંખ્યામાં હાજર રહ્યા હતા. હકાખાચરના વક્તવ્ય તથા સંતસ્વામી અને પ્રમુખસ્વામીની મનનીય વાણીથી સૌ રાજી થયા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપી સૌને ભગવત્સુખનો અનુભવ કરાવ્યો હતો.

## ઝાલાવાડના ખૂણાનાં ગામોની ગરિમા

અહીંથી સવારે નીકળી, સવકા, ચોકી, ઊંટડી પધરામણી કરી, બપોરે લીંબડી પાછા પધાર્યા. સાંજે વૈષ્ણવ મંદિર તથા કબીર આશ્રમમાં પધરામણી કરી, લોકલમાં રાણપુર આવી, વાગડ પહોંચ્યા.

ત્રણ વર્ષે સ્વામીશ્રી અહીં પધારતા હતા. હરિભક્તોનો ઉત્સાહ અનેરો હતો. સ્વામીશ્રીએ વાગડનો મહિમા જણાવ્યો : 'મહાપ્રસાદીનું ગામ છે. મહારાજ અહીં ત્રણ વખત પધારેલા. સદ્‌ગુરુ ભાયાત્માનંદ સ્વામી અહીં ૩૦

વર્ષ રહ્યા. શાસ્ત્રીજી મહારાજ પણ અહીં આવતા. નદીએ સ્નાન કરતા. અમે પણ નદીએ નાહતા. સૌએ નદીએ સ્નાન કરવા જવું.'

મહારાજ અને મોટા સંતના અલ્પ સંબંધવાળું વાગડ એક ખૂણાનું ગામ, પણ સ્વામીશ્રીને મન એની મહત્તા જરાપણ ઓછી ન હતી. ઉતારો અમુભાને ત્યાં હતો. મંદિરે પ્રસાદીની વસ્તુઓનાં દર્શન કર્યાં. બે દિવસ પધરામણીઓ કરી. રાત્રે સભામાં સ્વામીશ્રી પ્રસાદીની વાતો કરતા. ભુરુભા, કેશુભા, રુખડભા, મહિપતસંગ વગેરે ભક્તોએ ખડે પગે સેવા કરી.

તા. ૧-૧૦-'૬૪, ભાયાત્માનંદ સ્વામીના સમાધિ સ્થાન મોરશિયા પણ સ્વામીશ્રી દર્શને ગયા હતા. ત્યાંથી ડમણિયામાં વાગડ આવીને ગલસાણા તથા સોનકા ગામે પધરામણીઓ કરી, રાત્રે ૧૦-૩૦ વાગે કંથારિયા પધાર્યા. આવો અત્યંત પરિશ્રમ વેઠી સ્વામીશ્રી ઝાલાવાડનાં દૂર દૂરનાં ખૂણાનાં ગામડાંઓમાં પણ પહોંચી જઈ હરિભક્તોને રાજી કરતા.

નવા નવા મુમુક્ષુઓ વર્તમાન ધરાવી સત્સંગ કરે, મંડળની સ્થાપના થાય, સૌ ભગવાનના માર્ગે વળે, એ જ એમને મન પરમ આનંદ હતો. તેથી ગાડાં, ડમણિયાં, ટ્રેક્ટરની કષ્ટદાયી મુસાફરી કે દૂર દૂરનાં ગામડાંનો પ્રવાસ એમને નડતો નહિ. ગામોગામ સત્સંગ વધતો અને મંડળો સ્થપાતાં તેથી એમનો બધો થાક ઊતરી જતો.

અહીંથી ટ્રેક્ટરમાં ચચાણા પધાર્યા. ઘરે ઘરે પધરામણીઓ થઈ. ભાદરવા વદ અમાસનો સમૈયો નારાયણ ઘરે ઊજવ્યો. અચારડા થઈ મોજીદડ આવ્યા.

## દૂધપાકમાં ઘીની માત્રા

અહીં સ્વામીશ્રીનો ઉતારો મૂળજીભાઈ ગિરધરભાઈ મિસ્ત્રીને ઘરે રહેતો. મૂળજીભાઈની રસોઈ હતી.

સ્વામીશ્રી કહે : 'દૂધપાકની રસોઈ કરો.'

'બાપા ! દૂધપાક કેટલો બનાવવો ?' મૂળજીભાઈએ સહજ પૂછ્યું.

'ત્રણ મણ દૂધનો દૂધપાક બનાવશો એટલે થઈ રહેશે.'

બપોરે જમવાની પંગત પડી, પરંતુ હરિભક્તો તો ગામોગામથી આવ્યા હતા. તેથી રસોઈ ખૂટી પડે તેવી પરિસ્થિતિ થઈ.

મૂળજીભાઈએ સ્વામીશ્રીને વાત કરી. સ્વામીશ્રી હસીને બોલ્યા : 'ચાલો, દૂધપાક જોવા જઈએ.'

દૂધપાકના તાવડા પાસે ઊભા રહીને સ્વામીશ્રી બોલ્યા : 'અહોહો, માલ બહુ સારો બન્યો છે. ખૂટશે નહીં, વધી પડશે.' પછી કહે : 'થોડું ઘી લાવો.'

એ પછી દૂધપાકમાં ઘી નાખીને પોતાના વરદ હસ્તે દૂધપાક ચમચા વતી આમ-તેમ હલાવ્યો. પછી બોલ્યા : 'હવે સાંજ સુધી દૂધપાક પીરસો, ખૂટશે નહીં.'

સ્વામીશ્રીએ આ અદ્‌ભુત ચરિત્ર કર્યું. સર્વે હરિભક્તોને આગ્રહ કરીને દૂધપાક ખૂબ પીરસ્યો ને જમાડીને તૃપ્ત કર્યા, છતાંય દૂધપાક વધ્યો. પછી ગામના લોકોને જમાડ્યા. છતાં દૂધપાક વધ્યો. રાત્રે સૌને ઘરે આપ્યો. આ રીતે જેમ દૂધપાક પીરસે તેમ તાવડામાં કેવી રીતે વધી જાય તે કોઈને સમજ ન પડી.

જામભાના આમંત્રણથી ત્રાડિયા પધાર્યા. તેમના જિનમાં પાણશીણામાં પણ પધરામણી કરી.

પછી વસ્તડી, ખારવા, વઢવાણ, કેરોલ, સુરેન્દ્રનગર, મૂળી, ચોટીલા, રાજકોટ થઈ, સાંજે સ્વામીશ્રી ગોંડલ આવી પહોંચ્યા. યુવક મંડળે બૅન્ડ-વાજાંથી સ્વાગત કર્યું. સંતોએ સુંદર પુષ્પહાર પહેરાવી સ્વામીશ્રીને વધાવ્યા.

સ્વામીશ્રીના આગમનની સાથે શરદ પૂનમના ઉત્સવ નિમિત્તે હરિભક્તોની ભીડ વધવા લાગી. એક સાંજે ખેતરમાં સ્વામીશ્રીએ પ્રસાદીના લીંબડે સભા ભરી હતી અને ગુરુકુળનો સંકલ્પ કર્યો હતો.

દશેરાને દિવસે સ્વામીશ્રીના વરદ હસ્તે ગામમાં મંદિરની નવી દુકાનોનું ઉદ્‌ઘાટન થયું. એ દિવસે ગોંડલ મહારાજા વિક્રમસિંહજી બાપુ જાતે સ્વામીશ્રીને તેડવા આવ્યા અને પોતાના બંગલે પધરામણીએ લઈ ગયા.

ઉત્સવની આગલી રાત્રે એ.પી. પટેલે સ્વામીશ્રીની દિનચર્યા તેમજ આફ્રિકાના યુવક અધિવેશનોની ફિલ્મ બતાવી. તા. ૨૦-૧૦-'૬૪, પ્રતિવર્ષ મુજબ શરદોત્સવ ખૂબ જ દિવ્યતાપૂર્વક ઊજવાયો.

આ સમૈયા પ્રસંગે હંમેશ મુજબ ધોલેરાના હિંમતસિંહજીને ગાદલાં-ગોદડાં આપવાની સેવા સોંપેલી. એક વખત સ્વામીશ્રી અચાનક ત્યાં ગયા. હિંમતસિંહ તથા અન્ય સેવામાં રહેલા યુવકો સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. ત્યારે સ્વામીશ્રી ગાદલાં-ગોદડાંના રૂમમાં પ્રવેશ્યા અને બોલ્યા : 'અહોહો ! આટલો બધો માલ ખપી ગયો !' એમ કહીને આશીર્વાદ આપ્યા. પછી ગાદલાં-ગોદડાં કેમ ગોઠવવાં, કોઈ ચાલે તો તેનો પગ પડે નહીં, તેમ સાર-સંભાળ રાખવા અંગે સૂચના આપી, સભામાં પધાર્યા. અક્ષર મંદિરમાં ચાલતી દરેક પ્રવૃત્તિમાં સ્વામીશ્રી ખૂબ જ ઊંડો રસ લઈ, સૌને ઉત્સાહ તેમજ બળ પ્રેરતા.

## ભીમ માંદો પડ્યો

શરદ પૂનમના સમૈયા પછી અન્નકૂટ-ઉત્સવ માટે કેળનું પાણી કૃષ્ણાભાઈનું નડિયાદ મંડળ તથા હિંમતસિંહ બાપુ કાઢતા. એવામાં હિંમતસિંહજીને ખૂબ તાવ ચઢ્યો. કૃષ્ણાભાઈએ સ્વામીશ્રીને વાત કરી કે 'બાપુ માંદા પડ્યા ને કામ બંધ પડ્યું છે.' ત્યારે સ્વામીશ્રી કહે : 'અમે ત્યાં આવીએ છીએ.'

સ્વામીશ્રી ભંડાર પાછળ લીંબડા પાસે હિંમતસિંહજી સૂતા હતા ત્યાં પધાર્યા અને હસતાં હસતાં બોલ્યા : 'ભીમ માંદો પડ્યો.' આ સાંભળી સૌ હસી પડ્યા.

પછી સ્વામીશ્રી નીચા વળી, ધૂળની ચપટી લઈ, હિંમતસિંહને માથે ઉતારી ફેરવતાં બોલ્યા : 'ઓળઘોળ તરિયો-તાવ ઘાટમાં જાવ.'

સ્વામીશ્રીનું આ ચરિત્ર નીરખી સૌ સંતો-હરિભક્તોને અલૌકિક આનંદ થયો અને સૌ ખૂબ જ હસી પડ્યા. હિંમતસિંહજી પણ તરત જ કેળનો રસ કાઢવા લાગ્યા અને તાવ પણ ક્યાં ગયો તે ખબર પણ ન પડી !

આ વખતે હિંમતસિંહજીના આગ્રહથી ધોલેરા હવેલીના મુખિયાજી સ્વામીશ્રીનાં દર્શને આવેલા. સ્વામીશ્રીનાં દર્શન કરી તેમણે આશીર્વાદ મેળવ્યા. મુખિયાજીને વિચાર આવ્યો કે 'મારે જાતે રસોઈ બનાવી જમવાનો નિયમ છે, તે અહીં આટલા ભીડામાં સચવાય તેમ નથી. પણ ઠાકોરજીના મગજના લાડુ તેમજ દૂધ જમવા મળે તો સારું !'

સ્વામીશ્રીએ તો અંતર્યામીપણે હિંમતસિંહજીને કહ્યું 'મુખિયાજી મહારાજને રાંધેલું ચાલશે નહીં. માટે મગજના લાડુ તથા દૂધ જમાડશો. જાવ તમે કોઠારે જઈને વ્યવસ્થા કરો.'

આ સાંભળીને મુખિયાજીને સ્વામીશ્રીની આત્મીયતા તેમજ એમની અંતર્યામી શક્તિનો અનુભવ થયો. તેમને સ્વામીશ્રીનો ખૂબ જ ગુણ આવ્યો.

## માસ્તરમાંથી મૅનેજર

આ સમૈયે ચાણસ્માથી પ્રહ્લાદભાઈ આવ્યા હતા. તેઓ સ્વામીશ્રીનાં દર્શન કરવા ગયા ત્યારે પીઠમાં ધબ્બો મારી સ્વામીશ્રી કહે : 'તમને મૅનેજર બનાવવા છે.'

પ્રહ્લાદભાઈને ફેફસાંનું દર્દ થયેલું અને તેમને વ્યવસાય બદલવા માટે ડૉક્ટરે પણ ભલામણ કરી હતી. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા તેથી તેમના

અંતરમાં ઘણી શાંતિ થઈ ગઈ. પરંતુ બૅંકની તેમની લાઇન ન હતી. વળી, મૅનેજર તો કેવી રીતે બની શકે ? અથવા મૅનેજર બનવા માટે કોણ તેમને બોલાવે ? સ્વામીશ્રીના આશીર્વાદથી તેમને એમ થયું કે 'સરળ સ્વભાવના સ્વામીશ્રી સૌને જેવો સંકલ્પ હોય તે પ્રમાણે આશીર્વાદ આપે જ છે.'

તેઓ ચાણસ્મા આવ્યા. એ અરસામાં જ 'ધી ચાણસ્મા નાગરિક સહકારી બૅન્ક લિ.'ની સ્થાપના થઈ અને એ બૅન્કના બૉર્ડ ઑફ ડિરેક્ટર્સે સામેથી પ્રહ્‌લાદભાઈને મૅનેજરની જવાબદારી આપી. પ્રહ્‌લાદભાઈ તો શિક્ષક તરીકે નોકરી કરતા હતા. ત્યાં ત્રણ વરસનો કરાર હતો. પણ કેળવણી મંડળના સભ્યોમાં પણ જાણે સ્વામીશ્રીએ પ્રવેશ કર્યો હોય તેમ તેમણે પણ તેમને બૅન્ક મૅનેજર પદ સ્વીકારી લેવા માટે કહ્યું. તેમના છૂટા થવાની અરજી કોઈપણ પ્રકારના વાંધા વગર મંજૂર કરી દીધી ![૨૪]

સમૈયા પછી પણ સેંકડો હરિભક્તો આવે-જાય ખરા. તેથી 'સ્વામીશ્રી જ્યાં બિરાજે ત્યાં સમૈયો' એ લોકોક્તિ બની ગઈ હતી. સ્વામીશ્રી પણ ગોંડલમાં વહેલી સવારથી અદ્‌ભુત સુખ આપતા. એમની દરેક ક્રિયા ભગવાન અને ભક્તના અર્થે જ હોય.

શરદનો સમૈયો વિખરાયો પણ સ્વામીની વાતુંનું પારાયણ ચાલુ હતું. સિદ્ધેશ્વર સ્વામી વાંચતા અને મોટાસ્વામી વાતો કરતા. સ્વામીશ્રી અવારનવાર મંદિરના ખેતરમાં સંતો-હરિભક્તો સાથે પધારતા અને સૌને મગફળી વીણવાની આજ્ઞા કરતા. ઘણી વાર પોતે પણ આ ઉંમરે, સૌ સાથે ખેતરમાં મગફળી વીણવા લાગતા. આ અપૂર્વ અને દિવ્ય શક્તિનું શાશ્વત સુખ સંતો-હરિભક્તો નયનો ભરી ભરીને પીતા. ઘણી વાર હરિભક્તો વીણતા હોય ને સ્વામીશ્રી ખેતરમાં જ બેસીને પત્રલેખન કે વાચન કરે. કોઈ હરિભક્તને અંગત મુલાકાત આપે, આશીર્વાદ આપે, એમ સૌને રાજી કરવાનો કાર્યક્રમ ચાલુ જ હોય.

---

૨૪. પ્રહ્‌લાદભાઈને મૅનેજર થવાના આશીર્વાદ સ્વામીશ્રીએ ગોંડલમાં આપ્યા તે વખતે સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'પહેલાં મૅનેજર, પછી ભવિષ્યમાં આપણી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ બનાવવા છે.' તે વખતે પ્રમુખસ્વામી તથા સિદ્ધેશ્વરદાસ સ્વામી પાસે ઊભા હતા.

ત્રણ વર્ષ મૅનેજર તરીકે તેઓ રહ્યા. તેવામાં સ્વામીશ્રીનો પત્ર આવી ગયો કે 'હાઈસ્કૂલ શરૂ કરવાની છે. ઘરના માણસની જરૂર છે. માટે આવી જાઓ.' તેથી તેમણે હાઈસ્કૂલનું આચાર્ય પદ સંભાળ્યું અને ગોંડલ આવીને વસ્યા.

સ્વામીશ્રી અવારનવાર ગોંડલ ગામમાં ચાલતા બાંધકામના કારખાને જતા તેમજ ગામમાં પધરામણીઓ કરતા.

તા. ૨૫-૧૦-'૬૪, વડિયા-દેવલિયા પધાર્યા. અહીં મહિલા ભક્ત નર્મદાબહેન તરફથી ભેટમાં મળેલા મકાનમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા વિધિપૂર્વક કરી. ચુનીભાઈ પારેખે વ્યવસ્થા અને સેવા સારી કરી. અમરનગર બાપુના આગ્રહથી તેમને ત્યાં પગલાં કરી, ઠાકોરજી જમાડ્યા. સ્વામીશ્રીએ તેમને વચનામૃતનું પાન કરાવ્યું હતું. હકાભાઈ તથા હર્ષદભાઈએ સ્વામીશ્રીના મહિમાની વાતો કરી હતી.

## ગોંડલમાં ગુરુકુળનું ખાત

તા. ૧-૧૧-'૬૪, ધનતેરસના શુભ દિને ઐતિહાસિક ઘટના બની ગઈ. ઘણાં વર્ષોથી સ્વામીશ્રીનો સંકલ્પ કે 'ગોંડલમાં ગુરુકુળ કરવું છે;' પણ તેનો આરંભ આજ દિવસ સુધી કોઈ કારણોસર થઈ શક્યો નહોતો. મુંબઈથી સિદ્ધેશ્વર સ્વામી તથા રામચરણ સ્વામી સ્વામીશ્રીની આજ્ઞાથી ગોંડલ આવ્યા. સ્વામીશ્રીને વ્યવહારકુશળ અને સમર્થ સંતોની જોડી મળી ગઈ. રામચરણ સ્વામીએ નૈરોબી, આફ્રિકામાં સિવિલ એન્જિનિયરીંગનો સારી રીતે અભ્યાસ કરેલો હતો. તેથી બાંધકામમાં તેમની દૃષ્ટિ પડતી હતી. વળી, પીઢતા પણ ઘણી. જ્યારે સિદ્ધેશ્વર સ્વામી ગુરુકુળ જેવી શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે કુશળ આયોજનકાર હતા. વળી, બાલ્યકાળથી જ સ્વામીશ્રીના સમાગમ ને દૃષ્ટિથી દરેક પ્રકારની કળા અને હુન્નર તેમને વરેલાં હતાં. બંને સંતો કર્મઠ હતા. સ્વામીશ્રીને યોગ્ય કાર્યકર સંતો મળી ગયા અને એમણે ગુરુકુળનાં મંડાણ કરાવ્યાં.

ધનતેરસના શુભ દિવસે ગોંડલ નરેશ વિક્રમસિંહજી તથા શિવરાજસિંહજી તથા રાજકોટ શહેરના પ્રતિષ્ઠિત આગેવાનોની હાજરીમાં 'અક્ષરપુરુષોત્તમ ગુરુકુળ'નું ખાતમુહૂર્ત સ્વામીશ્રીના વરદ હસ્તે થયું. ચુડાસમા સાહેબ, ડી.ડી. શુક્લ સાહેબ, હર્ષદભાઈ, બાલુભાઈ ટી.ટી. તથા સિદ્ધેશ્વર સ્વામીનાં વક્તવ્યો બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

## દુર્લભજીને દુર્લભ શ્રદ્ધા જડી

આ વખતે સભામાં બેઠેલા શહેરના જાણીતા વકીલ દુર્લભજીભાઈ શુક્લને સાયેટિકાનું દર્દ હતું. તેથી મહામુશ્કેલીથી જમીન ઉપર પગ ઊભો રાખી શકતા

હતા. એવામાં સ્વામીશ્રીએ તેમને આજ્ઞા કરી કે 'ઊભા થઈને વાત કરો.' તેમણે સ્વામીશ્રીને પોતાના પગના દર્દની વાત કરી. એ વખતે સ્વામીશ્રીએ સહેજ સ્પર્શ કર્યો અને વિદ્યુતપ્રવાહ શરીરમાં વહી રહ્યો હોય તેમ અજબ સ્ફૂર્તિથી શુક્લ સાહેબ ઊભા થઈ ગયા. સારી રીતે પ્રવચન આપ્યું. તેમનું મહિનાઓનું દર્દ તે એક જ ક્ષણમાં ગાયબ થઈ ગયું. જે શ્રદ્ધાથી તેઓ પ્રસંગમાં આવ્યા હતા તેનાથી અનેક ગણી શ્રદ્ધા અને ઉમંગ તેમના હૃદયમાં ઉત્પન્ન થયાં. અને સ્વામીશ્રીનાં ચરણકમળમાં તેઓ વારંવાર પ્રણિપાત કરવા લાગ્યા.

શુક્લ સાહેબને સ્વામીશ્રીમાં પરિપૂર્ણ શ્રદ્ધા થઈ. તેમની દૃષ્ટિએ શ્રદ્ધાવાન એટલે ગમે તે વસ્તુને માની લેનારો, એમ નહીં; શ્રદ્ધાવાન એટલે સત્યમાં શ્રદ્ધાવાળો. તેમને સ્વામીશ્રી ગુણાતીત સત્પુરુષ છે એ શ્રદ્ધા બેસી ગઈ. આ પછી તેઓ સ્વામીશ્રીમાં વિશેષ આકર્ષાયા અને સત્સંગનો - સેવાનો લાભ લઈને સ્વામીશ્રીની પ્રસન્નતા મેળવતા.

દીપોત્સવીના મંગળ દિને સ્વામીશ્રીએ દેરીમાં મંગળ પ્રવચન કરી, સૌનાં અંતરમાં દીવા પ્રગટાવ્યા. બપોરે અક્ષર દેરીમાં ચોપડા-પૂજન કરી, સાંજે રાજકોટમાં જુદે જુદે છ સ્થળે ચોપડા-પૂજન કરી, રાત્રે ૧૨-૦૦ વાગે ગોંડલ પધાર્યા.

## દર્શન-પ્રણામનો વિવેક

બીજે દિવસે સ્વામીશ્રીએ સંતો-યુવકોને કહ્યું કે 'આરતી-અષ્ટકમાં ટેકો દઈને ન ઊભા રહેવાય. સીધા હાથ જોડી ઊભા રહેવું. સ્તુતિ કરવી.'

પછી દંડવત્ કરતી વખતે સ્વામીશ્રી એક નાના સંતને જોઈ રહ્યા. તેઓ અડધા અડધા દંડવત્ કરતા હતા. સ્વામીશ્રી હસ્યા. મહંત સ્વામીને કહે : 'આ શું કરે છે ?'

'દંડવત્.' તેમણે કહ્યું.

પછી ફરીથી તેમનો હાથ દબાવીને ખૂબ હસ્યા. અને કહે : 'આવા તો હજાર દંડવત્ હું ખેંચી નાખું !' એમ કહી તે સંતને કહે : 'નાના સ્વામી, આખા દંડવત્ કરવા, હાથ લાંબા કરી ભગવાનનાં ચરણને અડાડવાં (માનસીમાં).' પછી કહે : 'કહો, આખા દંડવત્ કરીશ.'

એવામાં આરતી થઈ. સ્વામીશ્રી આરતી પછી કહે : 'જે સંતે જે ખંડમાં આરતી ઉતારી હોય, તે ખંડમાં તે સંતે તો જરૂર દંડવત્ કરવા જ અને

કોઈપણ મૂર્તિ આગળ દંડવત્ કરતાં બીજા ખંડમાં આપણા પગ મૂર્તિ આગળ ન જવા જોઈએ.'

'અંદર નિજ મંદિરમાં પ્રવેશ કરો ત્યારે સીધા મહારાજને ચાર આંખ ભેગી કરી દૃષ્ટિ એક કરવી. પછી નમસ્કાર કરી માનસીમાં 'જય સ્વામિનારાયણ' કહેવા અને પછી જ બીજી ક્રિયા કરવી.'

સ્વામીશ્રી આવો વિવેક શીખવી દે ત્યારે સાધકને ભક્તિનો નવો દૃષ્ટિ-કોણ મળી જતો.

સંતો તથા મથુરભાઈ વગેરે સેવકોની સાત દિવસની સતત મહેનતથી લગભગ ૨૫૦ વાનગીઓ અન્નકૂટ નિમિત્તે તૈયાર થઈ હતી. બપોરે ૧૨-૩૦ વાગે અક્ષર દેરીમાં અને પછી મંદિરમાં સ્વામીશ્રીએ અન્નકૂટની આરતી ઉતારી હતી. તે પહેલાં સવારે શહેરમાં નવા વર્ષ નિમિત્તે ઘણી પધરામણીઓ કરી હતી. અન્નકૂટ-દર્શન માટે આખું શહેર ઊમટ્યું.

તા. ૫-૧૧-'૬૪, સવારે ૪-૦૦ વાગે અક્ષર દેરીમાં નવા વર્ષના આશીર્વાદ સ્વામીશ્રીએ સૌને આપ્યા હતા. સવારે રીબડા અને પીપળિયા ગામે પધારી અન્નકૂટ પ્રસાદ વહેંચ્યો. પીઠડીઆ બાપુ તથા અમરનગર બાપુ પણ નવા વર્ષના આશીર્વાદ લેવા આવ્યા હતા.

ત્યારબાદ રાજકોટમાં વિશ્વકર્મા મંદિરમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં રવિસભા યોજાઈ હતી. છેલ્લાં પાંચ-સાત વર્ષથી રાજકોટમાં નિયમિત રવિસભા થતી. સ્વામીશ્રીની આજ્ઞાથી દેશમાં તેમજ પરદેશમાં પણ લગભગ ૭૦૦ થી ૮૦૦ જેટલાં કેન્દ્રોમાં રવિસભા નિયમિત થતી. છેલ્લા એક વર્ષથી રાજકોટ મંડળે વિશિષ્ટ આયોજન કર્યું હતું. અલગ અલગ વિસ્તારમાં ફરતી સભા ગોઠવાતી. સ્વામીશ્રીની હાજરીમાં ભારત સાધુ સમાજના કન્વીનર પ્રાણલાલભાઈ જોશી, ભાનુભાઈ શાહ તથા ચંદ્રકાંતભાઈ ત્રિવેદીના નિવાસ સ્થાને એમ ત્રણ જાહેર રવિસભા થઈ હતી.

વિશ્વકર્મા મંદિરના આગેવાન કાર્યકર વાલજીભાઈ રામજીભાઈના પ્રમુખપણા નીચે આજની સભા હતી. જાહેર આમંત્રણ પત્રિકાઓ વહેંચવામાં આવી હતી.

નગરપાલિકાના માજી પ્રમુખ હિંમતભાઈ શેઠ, ચુડાસમા સાહેબ, હરિભાઈ કથરેચા વગેરે વક્તાઓએ સ્વામીશ્રીની સાધુતાને બિરદાવી હતી. સિદ્ધેશ્વર સ્વામીએ સ્વામીશ્રીનાં દિવ્ય કાર્યની ઝાંખી કરાવી, મહિમા સમજાવ્યો હતો. સ્વામીશ્રીએ પોતાની અનોખી, આકર્ષક અને અલૌકિક શૈલીમાં, સાચા

સંતનાં લક્ષણો, સાચા સંતને કઈ રીતે ઓળખવા, અને મનુષ્ય દેહની દુર્લભતા અને સાર્થકતા શેમાં રહેલી છે, તે વિગતે સમજાવી સભાજનોને મંત્રમુગ્ધ અને ભક્તિરસમાં તરબોળ કરી દીધા હતા. ચુનીભાઈ ચાતુર્વેદી તથા મનસુખભાઈ બદીકીઆએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## લાભની પરંપરા

લાભપાંચમને દિવસે સ્વામીશ્રીએ ગોંડલથી સંતોને સંબોધીને મુંબઈ આશીર્વાદ પત્ર લખ્યો. જેમાં લાભની પરંપરા વર્ણવી. આપણને ભગવાન અને સંતનો યોગ થયો છે, તો આપણે લાભમાં જ બેઠા છીએ. એ તાત્પર્ય એમણે તે પત્રમાં ઘૂંટ્યું છે :

*(૧) આપણે સર્વ હરિભક્તોમાં નિર્દોષબુદ્ધિ તે લાભ.*

*(૨) સુહૃદભાવ ને એકતાપણું કરવું તે લાભ.*

*(૩) આપણે સ્વામી શાસ્ત્રીજી મહારાજ મળ્યા, તેની સંસ્થાને શોભાડવી. ને બટ્ટો ન લાગે તે લાભ.*

*(૪) આપણે છેલ્લો જન્મ કરીને ભગતજી મહારાજ જેવી સ્થિતિ કરવી તે લાભ.*

*(૫) આપણે ત્યાગી થયા છીએ. તે ત્યાગીના ધર્મ સાચવવા તે લાભ.*

*(૬) માન-અપમાન સહન કરવું તે લાભ.*

*(૭) સુખ-દુ:ખ સહન કરવું તે લાભ.*

*(૮) સદાય ભગવાન ને સંત મળ્યા તેમનો કેફ રાખવો તે લાભ.*

*(૯) ભણવામાં હોશિયાર થાવું. આળસ-પ્રમાદ છોડવો તે લાભ.*

*(૧૦) આપણે ત્યાગી વાતું કરીને વધારવા તે લાભ.*

*(૧૧) ગ.છે. ૮નું વચનામૃત વાંચીને સદાય સુખિયા રહેવું તે લાભ.*

*'આ ૧૧ કલમ લખી છે તે લાભદાયક છે. તે વાંચીને જીવમાં ઉતારવી. મનન કરીને યાદી રાખવી. બેસતાં વર્ષનો - લાભપાંચમનો આશીર્વાદ લખેલ છે.'*

તા. ૧૨મીએ, મંદિરના પ્રાંગણમાં ગેસ્ટ હાઉસનું ખાત કરી, અન્નકૂટનો પ્રસાદ વહેંચવા જાતે નીકળ્યા. નાનું વેરાવળ, દેવચડી, ખોખરી, ઘોઘાવદર, રામોદ, મોટા માંડવા થઈ, નવા દેવડિયામાં પ્રથમ વાર જ પધરામણી કરી હતી.

પછી સુરેન્દ્રનગર, વઢવાણ થઈ, વિરમગામ પધાર્યા. અહીં મંદિરમાં ઉતારો હતો. હરિભક્તોના આગ્રહને વશ થઈ, રાત્રે સત્સંગનો લાભ આપી,

સ્વામીશ્રી કારતક સુદ ૧૧, વહેલી સવારે અમદાવાદ પધારી, પ્રાતઃ વિધિ કરી.

## ગુરુનાં કાર્યમાં સૌએ ટેકા અડાડવા

અહીં મુંબઈથી ફડિયામામા સાથે અમેરિકન યુવાન રોબર્ટ ઉર્ફે ઘનશ્યામ ભગત સ્વામીશ્રીનાં દર્શને ખાસ આવ્યા હતા. સાંજની સભામાં આરોગ્ય પ્રધાન મોહનભાઈ, જસ્ટીસ દીવાન સાહેબ પધારેલા. સંગીતકાર રતિકુમાર વ્યાસે ભજનો ગાયાં હતાં. સાંજની સભામાં સત્સંગોપદેશ કરી, સ્વામીશ્રીએ જણાવ્યું :

'વસંત પંચમી શાસ્ત્રીજી મહારાજનો જન્મ દિવસ. અટલાદરામાં હજારો હરિભક્તો પધારશે. સૌને સેવા તથા દિવ્ય દર્શનનો લાભ મળશે. આપણે સૌએ ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજની શતાબ્દી ઊજવવામાં ટેકા કરવા. મહારાજ અને સ્વામી બહુ રાજી થશે. આ સેવામાં જે ભાવથી રૂપિયાની સેવા કરશે તેને ભગવાન ચાર ગણાં દેશે. પહેલાં અમો અમદાવાદ આવતા ત્યારે ૩ હરિભક્તો હતા. અત્યારે ૩,૦૦૦ હરિભક્તોની સભા થાય છે. માટે સૌ ટેકા અડાડો. શાસ્ત્રીજી મહારાજે મહાન કાર્ય કર્યું છે. મંદિરની અભિવૃદ્ધિ કરી છે. તેમને સંભારતાં દર્શન દે છે. માટે સમર્તિ કરવી.'

આમ, સ્વામીશ્રીએ નજીકના ભવિષ્યમાં આવતા શાસ્ત્રીજી મહારાજના જન્મ શતાબ્દી મહોત્સવની સેવા માટે સૌને હાકલ કરવાનું શરૂ કરી દીધું.

એક દિવસ સ્વામીશ્રીએ મણિનગર શિવાભાઈ અમીનને ત્યાં પધરામણી કરી હતી. કૉંગ્રેસ પ્રમુખ ત્રિભોવનદાસ પટેલ તથા રવિશંકર મહારાજ દર્શને આવ્યા હતા.

## વિદ્યાર્થીઓને સ્થિતપ્રજ્ઞનાં દર્શન

આ પ્રસંગે જયહિંદ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ મહેતા સાહેબે ગીતાના સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોના શ્લોકોથી પ્રારંભ કરતાં કહ્યું કે 'મારી હાઈસ્કૂલમાં બે હજાર વિદ્યાર્થીઓ છે. તેમને જ્યારે ગીતાનું શિક્ષણ આપું છું, ત્યારે બધા મને પૂછે છે કે 'એવો સ્થિતપ્રજ્ઞ પુરુષ કોણ છે ?' મેં તેમને કહ્યું : 'એવા સ્થિતપ્રજ્ઞ પુરુષનાં દર્શન હું તમને જરૂર કરાવીશ.' એમ મેં તેઓને વચન આપ્યું છે. આજે યોગીજી મહારાજને હું પ્રાર્થના કરું છું કે તેઓશ્રી જરૂર મારી હાઈસ્કૂલમાં જ્યારે સમય હોય ત્યારે એક વાર પધારે અને તે વિદ્યાર્થીઓને તેમનાં દર્શન આપે. કારણ કે ગીતામાં ઉપદેશેલ સ્થિતપ્રજ્ઞ જ આ યોગીજી મહારાજ છે. તેમાં

જરાપણ શંકાને સ્થાન નથી.'

તેમના સુંદર પ્રવચન પછી સ્વામીશ્રીએ બ્રહ્મસુખની અલભ્ય વાતો કરી હતી અને *'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે'* એ મુક્તાનંદ સ્વામીના કીર્તનનાં બે પદ બોલીને સુંદર નિરૂપણ કર્યું હતું.

સાંજે ચંપકભાઈ શેઠને ઘરે તેમને આશીર્વાદ આપી, જેતલપુર દર્શન કરી, રાત્રે વસો પધાર્યા. બીજે દિવસે ડભાણ દર્શન કરી, નડિયાદ હૉસ્પિટલમાં એક હરિભક્તને આશીર્વાદ આપી, વિદ્યાનગર, આણંદ થઈ, રાત્રે ૧૦-૦૦ વાગે સ્વામીશ્રી બોચાસણ આવી પહોંચ્યા.

કાર્તિક પૂર્ણિમાનો ઉત્સવ સારી રીતે ઊજવાયો.

બીજા દિવસથી આણંદનાં હરિબા તરફથી 'હરિલીલાકલ્પતરુ'ના દ્વિતીય સ્કંધની પારાયણનો લાભ પ્રમુખ-સ્વામીએ આપ્યો. વચ્ચે આશીના જૂના ભક્તરાજ ધનેશ્વર મહારાજે પણ કથા કરી હતી. અહીંથી એક દિવસ સ્વામીશ્રીએ વીરસદ દર્શન કરી, તારાપુર પધરામણી કરી હતી.

પૂર્ણાહુતિની આગલી સંધ્યાએ બોચાસણમાં સ્વામીશ્રી તથા સંતોની અપૂર્વ શોભાયાત્રા કાઢી. આખું બોચાસણ ગામ હિલોળે ચડ્યું. ભજન મંડળીએ રંગ રાખ્યો હતો. સૌ એક જ વાત કરતા કે બોચાસણના ઇતિહાસમાં આવી નગરયાત્રા પ્રથમ વાર નીકળી.

જશભાઈ, શનાભાઈ, ચીમનભાઈ માસ્તર વગેરે ભક્તોએ અપાર સેવા કરી. પૂર્ણાહુતિ પછી, બપોરે ઠાકોરજી બોરસદમાં જમાડ્યા.

❀ ❀ ❀

પ્રેમલધારા ૨૬

# મહોત્સવની ગામોગામ ઘોષણા



ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના જન્મ શતાબ્દી મહોત્સવની ઘોષણા સ્વામીશ્રીએ કરી દીધી હતી. ગુરુહરિને શ્રદ્ધાંજલિ અર્પવા અભૂતપૂર્વ મહોત્સવ ઊજવવા સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો હતો અને આ કાર્યમાં સાથ આપવા ઠેર ઠેર હરિભક્તોને પણ સ્વામીશ્રી હાકલ કરી રહ્યા હતા. સ્વામીશ્રીના ગુરુમહિમાના એક એક શબ્દથી ગામોગામ હરિભક્તોનાં હૈયાં નાચી ઊઠ્યાં હતાં અને 'શાસ્ત્રીજી મહારાજ માટે શું ન થાય ?' એવા અસાધારણ ભક્તિભાવથી સૌ સેવા કરી રહ્યા હતા.

સ્વામીશ્રી ગામોગામ કહેતા : 'આ વખતે સ્વામીની ૧૦૦ વરસની જયંતી અટલાદરા મંદિરમાં સૌ હરિભક્તોએ ઊજવવા નિર્ણય લીધો છે. સર્વોપરી સમૈયો થશે. તમામ હરિભક્તોને અમારી આગ્રહભરી વિનંતી છે. સૌએ આ સમૈયાનો અમૂલ્ય લાભ જયંતીનો લેવો.'

આ રીતે ગામોગામ હરિભક્તોને મળીને, ગુરુભક્તિની તક ઝડપી લેવા, જાગ્રત કરવા સ્વામીશ્રીએ કારતકની કાતિલ ઠંડીમાં ૭૪ વર્ષની ઉંમરે, ગુજરાતમાં અવિરત વિચરવાનું શરૂ કર્યું.

ભાદરણથી શરૂઆત કરી વાલવોડ, સીસ્વા, ધર્મજ, પેટલાદ, પાળજ, પીપળાવ, ઈસણાવ, આણંદ, વિદ્યાનગર થઈ, મહેળાવ પધાર્યા. અહીં સાક્ષાત્ ગુરુસ્થાનમાં ગુરુચરણે પ્રાર્થના કરી હતી. અહીંથી નાપાડ, નાપા, ખાંધલી, ગાના, મોગરી, કરમસદ, વલાસણ, ચિખોદ્રા થઈ, સારસા પધાર્યા.

અહીં રામજીભાઈની વાડીમાં ગલગોટાનાં સુંદર ફૂલ હતાં. સ્વામીશ્રી તે જોઈ પ્રસન્ન થયા અને રામજીભાઈને કહે : 'આ ફૂલો આપો તો બોચાસણ ઠાકોરજીના હાર સારા બનાવીને ઠાકોરજીને પહેરાવીએ.'

તેમણે તરત જ કહ્યું : 'બાપજી ! પૂછવાનું હોય ? આ વાડી તમારી જ

છે. જે જોઈએ તે લઈ જાઓ.'

ત્યારે સ્વામીશ્રીએ ઉત્તર વાળ્યો : 'શિક્ષાપત્રીમાં મહારાજે લખ્યું છે કે ધણીને પૂછ્યા વિના કોઈ વસ્તુ લેવાય નહીં !'

શિક્ષાપત્રીનું અક્ષરશઃ પાલન કરનારા સ્વામીશ્રી પળે પળે ભક્તજનોને તેમના જીવન પ્રસંગોમાંથી પ્રેરણાનું પાન કરાવતા.

## હવે ગોદડી ઓઢીને સૂઈ રહેવું ?

અહીંથી ઓડ પધાર્યા. વિદાય લેતી વેળા સ્વામીશ્રીએ ઓડ મંડળને સમીપે બોલાવ્યું. વાત કરતાં કહે : 'લ્યો, હવે અમે તમારી રજા લઈએ છીએ. તમો બધાએ ખૂબ સેવા કરી, અમો ખૂબ રાજી થયા. તમો ગામના મોટા મોટા હરિભક્તો આવ્યા. જુઓ, બધા મોટા સંતો પણ આવી ગયા ! કેવું શોભી ગયું ! હરિભક્તો-સંતો આટલા બધા ન આવે. તમારો ભાવ હતો. મહારાજે દયા કરી અને મોકલી આપ્યા. સ્વામી શાસ્ત્રીજી મહારાજની સેવા થઈ ગઈ. આશીર્વાદ મળી ગયા. અમારા પણ આશીર્વાદ છે.

'હવે કરવાનું શું ? ગોદડી ઓઢીને સૂઈ રહેવું ? ના, હઠ, માન, ઈર્ષ્યા કાઢવાં. શ્રદ્ધા, ખપ, સમાગમ વધારવાં. સંપ, સુહૃદભાવ, એકતા રાખવી.'

પછી એક યુવક સામે જોઈ બોલ્યા : 'ધર્મ-નિયમમાં રહેવું. નાટક-ચેટક ન જોવું. છ કલાક ભણવું... મોટાએ સંપ રાખવું. કથા કરવી.' એમ બોલતાં ઊભા થયા. ફરીથી લળી લળીને અડધા નમી જતાં સ્વામીશ્રીએ ખૂબ હસતાં થકા સૌની વિદાય માગી. કહે : 'બધાને જય સ્વામિનારાયણ.'

## વિચરણનો વિવેક વિધિ

સ્વામીશ્રી જે જે ગામોમાં જતા ત્યાં વિદાય વેળાએ આ રીતે અવશ્ય વિદાય માગે, શીખ આપે, આભાર-દર્શન પણ કરી લે, અને ઉત્સવો કે પારાયણો હોય તો સમાપન પણ અદ્‌ભુત રીતે કરે. ક્યારેક છેલ્લી ક્ષણોમાં કોઈ મોટેરા હરિભક્ત ન હોય તો તે આવતાં સુધી તેમની રાહ જુએ અને ખોટી થાય. સ્વામીશ્રી જ્યારે આ બધું બોલતા ત્યારે જેટલા દિવસ સ્વામીશ્રી રહ્યા હોય તેની સ્મૃતિ હૃદયમાં કોતરાઈ જાય અને આ શિષ્ટાચારની ભાવનાની પણ અપૂર્વ અસર થાય. એમની આવી ક્રિયાઓ ઘણી સૂક્ષ્મ કહેવાય; પરંતુ તેનાથી થયેલાં મોટાં મોટાં કામ, કહેતાં અનેક મુમુક્ષુઓ સત્સંગમાં નભી પણ ગયા હોય એવું

પણ બન્યું હતું.

સ્વામીશ્રી એક ગામના વાહનમાં બીજે ગામ ગયા હોય, તો તે વાહન પાછું જતું હોય તે જ ઘડીએ સ્વામીશ્રીએ એક ચિઠ્ઠી લખી દીધી હોય : 'આપની દયાથી સુખરૂપ પહોંચી ગયા છીએ. તમારી ગાડી આવી તે બહુ સેવા થઈ ગઈ.' એમ આભાર માને. ક્યારેક પ્રસાદ પણ મોકલે. પછી ભલેને બે જ કલાક પૂર્વે તે ગામમાંથી નીકળ્યા હોય ! આત્મીયતા કેળવવાની સ્વામીશ્રીની અગણિત રીતોને કેવી રીતે શબ્દસ્થ કરી શકાય ?

તા. ૮-૧૨-'૬૪, સાંજે ૪-૩૦ વાગે ઉમરેઠ પધાર્યા. અહીં ખૂબ અવ્યવસ્થા, બૂમરાણ, ગિરદી હતી. સ્વામીશ્રી કહે : 'કોઈ ભાષણ કરો... હકાભાઈ ક્યાં ગિયા ? મને આવડતું હોત તો હું વાત કરી નાખું, પણ આપણને આવડે નહીં.' પછી દર્શન વખતે પડાપડી થઈ ત્યારે વળી બોલ્યા : 'પોપનું શું થાતું હશે ? ત્યાં તો ૧૫ લાખ માણસ !'

નારાયણ ભગત કહે : 'બાપા ! ત્યાં તો પોલીસ ઊભી હોય. પત્તો ન લાગે.'

આ અરસામાં ક્રિશ્ચિયન ધર્મના વડા પોપ ભારતમાં આવેલા અને મુંબઈમાં તે નિમિત્તે યુકેરિસ્ટિક કૉંગ્રેસ ભરાયેલી, તેના અનુસંધાનમાં સ્વામીશ્રી બોલ્યા : 'કોઈ મર્યા હશે ને !'

'હા, ફોટા પાડનારા બે-ચાર મરી ગયા...'

અહીં સંતરામ મંદિરે દર્શને પધાર્યા. પછી સંપ્રદાયના જૂના અને નિષ્ઠાવાન ગોર કરુણાશંકરને ત્યાં પધરામણી કરી. તેમણે પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. ભેટ મૂકી. સ્વામીશ્રીએ તે પાછી અપાવી. તેઓ *'કસ્તૂરીતિલક...'* એ શ્લોક બોલતા હતા, ભેગાં ભેગાં સ્વામીશ્રી પણ બોલવા પ્રયત્ન કરવા લાગ્યા, ને કહે : 'મને આવડે છે !' પછી સ્વામિનારાયણ મંદિરે દર્શન કર્યાં.

સાંજે ખંભોળજ આવી પહોંચ્યા. અહીં ડૉ. મધુભાઈ ઘરઆંગણે સુંદર મંડપ બાંધી સ્વામીશ્રીની વાટ જોતા હતા. વ્યવસ્થા સારી કરી હતી. અહીં સ્વામીશ્રીએ સ્નાન કર્યું. પછી સભામાં *'હાંજી ભલા સાધુ...'* અને *'માણસનો અવતાર...'* એ કીર્તનો પોતાની બ્રહ્મસુલભ શૈલીમાં સમજાવ્યાં. સ્વામીશ્રીની પધરામણી બંધ હતી, કારણ એમનો પગ મચડાઈ ગયો હતો. લંગડાતાં ચાલવું પડતું હતું. છતાં ડૉ. મધુભાઈના આગ્રહથી એક મુમુક્ષુને ત્યાં પધરામણી કરી. ચાલે ત્યારે એટલા લંગડાય ને થાકેલા લાગે કે હમણાં પડી જશે. છતાં ભક્તને રાજી કરવા સ્વામીશ્રી દાખડો કરતા.

## શુદ્ધ લક્ષ્મીથી જ સેવા ને સેવાથી લક્ષ્મીની શુદ્ધિ

બાદ બોચાસણ આવી પહોંચ્યા. આમ, લગગભ ૧૦ દિવસમાં ૨૪ ગામોમાં વિચરણ કર્યું. ઠંડી પુષ્કળ પડતી હતી. શારીરિક અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે સ્વામીશ્રી ગામોગામ ફરતા. દરેક જગ્યાએ સામૈયાં થાય. જાહેર સભાઓ થાય. તેમાં કલાકો સુધી ઠંડીમાં બેસી રહેવું પડે. પધરામણીનો પાર નહિ. સૌનાં મન સાચવી, રાજી કરી, શાસ્ત્રીજી મહારાજના મહોત્સવની સ્વામીશ્રી સેવા કરાવતા.

સ્વામીશ્રી એક જ વાત કહેતા કે 'જેની લક્ષ્મી શુદ્ધ હશે તે શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી મહોત્સવના કામમાં આવશે. એક શેઠિયો કાલ આવે અને ત્રણ લાખ રૂપિયા આપે તેમાં આપણું શું વળ્યું ? ન આવે તો સારું. જો તે આવે તો આપણે સેવા ખોશું. કોઈ સેવા ન ખોશો. આપણે તન, મન, ધનથી ખૂબ સેવા કરવી. ભગવાન શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ ચાર ગણું દેશે.'

સાંજે ભાદરણ ભાઈલાલ મેમ્બરના નવા મકાનનું વાસ્તુ કરવા પધાર્યા. અહીં કારિયાણીનું ૧૨મું વચનામૃત સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું હતું :

'મહિમાનો વિચાર કરવો. મહિમામાં મૂર્તિ આવી જાય. આ ટાઈમે આ વાત કરી હતી. આમ બેઠા હતા. તેનું મનન કરવું જોઈએ. તો સાક્ષાત્કાર થઈ જાય. જીવમાં વાત પેસે. સાક્ષીમાં બેસે તો સાચી. મનન કરે તો પાકું થાય. બોલે કંઈ ને કરે કંઈ, તે લંપટ. દુર્ગુણોનો ભરેલો. પ્રીતિપૂર્વક આ વાત સાંભળે તો વિકાર ટળી જાય.'

## ખજીનો દાટ્યો છે

પછી ડભાણ પધાર્યા. અહીં જ્યાં મહારાજે યજ્ઞ કર્યો હતો અને ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપી હતી, ત્યાં 'સો સાધુ થાય' તેની ધૂન કરાવી સંકલ્પ કર્યો. પછી દેરીને પગથિયે બેસી ડભાણ મંદિરના પ્રસાદીના લાડુની પ્રસાદી સૌને વહેંચી. એક પગ લંબાવીને સ્વામીશ્રી પગથિયે બિરાજ્યા હતા. માતા બાળકને આપે તેમ પ્રસાદી આપી રહ્યા હતા. પછી પોતે પણ સહેજ પ્રસાદી લીધી.

અહીં ત્રણ વર્ષ પહેલાં '૭૫ જેટલા ગૃહસ્થો મંદિરોની સેવામાં આવશે' એ સંકલ્પ કર્યો હતો. તે કોઈએ યાદી કરાવી. એક હરિભક્ત કહે : 'એ સંકલ્પ લય પામી ગયો...'

સ્વામીશ્રી તુરત બોલ્યા : 'કોણ કહે છે લય પામી ગયો ? ખજીનો દાટ્યો છે. તે જરૂર પડે કાઢશું ! કાંઈ નાશ નથી પામ્યો.'

## કેડના મંકોડા તૂટી જાય છે

સાંજે ૭-૩૦ વાગે નડિયાદ પધાર્યા. અહીં જમનાદાસભાઈના બંગલે ઉતારો હતો. સભામાં શતાબ્દી અંગે લખણી કરી રહ્યા હતા. દરેકને વ્યક્તિગત બોલાવીને વાત કરી. ખરડા પછી કહે : 'મહારાજની જય તો ઘણા બોલાવે છે; પણ ગુણાતીત સ્વામી, શાસ્ત્રીજી મહારાજની જય બોલાવવી. એ ભક્તિ ! અને અમારા જેવા ફાસફુસિયાની જય ન બોલાવવી. ભગવાન સહજાનંદ છે. એને લઈને સત્પુરુષ કહેવાય. બધા આપણા પર તહોમત મૂકે છે : 'ભગવાન થાય છે;' પણ કેડના મંકોડા તૂટી જાય છે. હવે ચેષ્ટા બોલીને સભા પૂરી કરજો.'

પછી કહે : 'શતાબ્દીમાં ટાઢ ન પડે. હિમ ન પડે. રાધાકૃષ્ણ મહારાજ (ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્) આવે એવી ધૂન કરો.'

નડિયાદમાં હરિભક્તોનો ઉત્સાહ એટલો બધો હતો કે 'શાસ્ત્રીજી મહારાજની શતાબ્દી નિમિત્તે સ્વામીશ્રી ગામમાં પધારે છે, એટલે ભવ્ય શોભાયાત્રા કાઢવી.' તે નિમિત્તે શહેરમાં ઠેર ઠેર ૫૧ જેટલાં દરવાજાઓ અને કમાનો ગોઠવી ભારે સુશોભન કર્યું હતું. પરંતુ આ અરસામાં પુરુષોત્તમપુરાના રમણભાઈ આશાભાઈના દીકરા અક્ષરનિવાસી થતાં, સ્વામીશ્રીએ શોભાયાત્રાનો કાર્યક્રમ બંધ રખાવ્યો તેમજ રસોઈમાં મિષ્ટાન્નની પણ બંધી કરાવી.

## વર્તમાન પાળે તેને જ ઝપાટામાં લે

અહીં કથા પ્રસંગમાં ગ.પ્ર. ૭૬ વચનામૃત સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'વચનનો ભીડો ખમે તે પાકો હરિભક્ત. પંચ વર્તમાન પાળે છે તેને ઝપાટામાં લીધો. ન પાળે તેને કહેતા નથી. ધાર્યું ન થવા દે. અપવાસ ન કરવો હોય તોય કરાવે. ધર્માદો વધારે લે. ઊંઘવું હોય તો ઊંઘવા ન દે. એવું થાશે. એમ જાણ્યું હોય તો મૂંઝવણ ન થાય. આ તો આઘુંપાછું થાય તો જય સ્વામિનારાયણ !

'પછી 'માથે હાથ મૂકો, આશીર્વાદ દ્યો,' એમ ન કહેવું પડે. સહેજે જ હેત થાય. સંબંધવાળા હરિભગતનો ભીડો તો વેઠવો જ.

'ભીડો વેઠે નહિ ને આગળ બેસે. સહેજે કારસો આપ્યો હોય ને મન પાછું પડે. આ વાત સમજાણી હોય તો મન પાછું ન પડે. મોટાસ્વામીએ ભીડો

વેઠ્યો તો છાતીએ પાણી છે.

'ભીડો એ જ ભક્તિ, એ જ માળા, એ જ ધ્યાન. ૫૦૦ માળાનો નિયમ કરે ને ભીડો વેઠે તે એક !'

આમ, પ્રગટ સત્પુરુષના વચને - એમને રાજી કરવા ભીડો વેઠવા ઉપર સ્વામીશ્રીએ સર્વોચ્ચ શબ્દો કહ્યા.

તા. ૧૩મીએ, નડિયાદ ટાઉનહૉલમાં જાહેર સત્સંગ સભા યોજી હતી. નડિયાદ સાક્ષરોની ભૂમિ. શહેરના પ્રતિષ્ઠિતો અને અધિકારીઓએ સભામાં હાજરી આપી, સ્વામીશ્રીની અમૃત વાણી અને દર્શનનો લાભ લીધો.

હરિભક્તોને ગામોગામ જાહેર જનતા સ્વામીશ્રીનો લાભ લઈ શકે એવાં આયોજનો કરવાનો ઉમંગ થતો. સ્વામીશ્રીનું આકર્ષણ જ એવું હતું કે ઘણા લોકો એમનાં દર્શન ને આશીર્વાદની હંમેશાં ઝંખના કરતા. તેથી આવા જાહેર કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેતા. મંદ મંદ હસતા, ડોલતા, પ્રસન્નતાનાં પુષ્પો વેરતા સ્વામીશ્રીની મોહક મૂર્તિનાં સૌ ધરાઈ ધરાઈને દર્શન કરતા. એમાં પણ જ્યારે તેઓ બ્રહ્માનંદની છોળો ઉડાડી, ભાવવાહી વાણી રેલાવતા, ત્યારે સૌ મંત્રમુગ્ધ થઈ જતા. આમ, અનેક ભાવિકો સ્વામીશ્રીના સાંનિધ્યથી પાવન થઈ, સ્વામિનારાયણના આશ્રિત બનતા.

ગોરધનદાસ ડૉક્ટરને ત્યાં જમીને, ફરી એક પધરામણી કરી ઉતારે પધાર્યા. અહીં જમણી બાજુની એક દુ:ખતી દાઢ ડૉક્ટર પાસે પડાવી હતી.

## ગુરુહરિના ટહેલિયા

બપોરે પાંચ પધરામણી કરી, સાંજે પીપલગ પધાર્યા. બૅન્ડ-વાજાંથી સામૈયું થયું. આરતી કરી સ્નાનાદિક બાદ મંદિરે સભામાં પધાર્યા.

ભાઈકાકા કહે : 'રવિવારની સભા કરીએ.'

'આપણે જે કામ કરવા આવ્યા છીએ તે જ કરો. જેને માટે વેહ કાઢ્યો છે તે પૂરું કરવું.' એમ કહી ખરડો કરાવ્યો. બાદ રવિસભા કરી. પત્રિકાવાચન બાદ પ્ર. ૩૬ ઉપર વાત કરી :

'ભેખ લીધો પણ ભેખડ પડે. દાટી પણ દે. સંત ન કીધા. ભેખ કીધા. ભેખ અને એકાંતિક એમ ભેદ પાડ્યા.

'કેવળ ખાવું, પીવું, મોજશોખ, બાદશાહી કરવી તે પાપી. આ આટલી મોટી જયંતી થશે, (શાસ્ત્રીજી મહારાજનો શતાબ્દી મહોત્સવ) પણ કોઈ સાધુ

ખાનગી પૈસા રાખશે ? ૫૦/- રૂપિયા પણ રાખશે ? અમારે તો ભેગા કરવાનાય નહીં, જોવાનાય નહીં. પરમાર્થમાં જાય છે. એમ અમે ટહેલિયા, સેવક, નોકર કહેવાઈએ. તમારા ૨૫/- રૂપિયા લઈને હજાર ગણું દેવું છે. આ તો 'ફઈની ખારેક' છે. પચે નહીં.'

બીજે દિવસે સવારે સ્વામીશ્રી વડતાલ દર્શને પધાર્યા. સ્વામીશ્રી કહે : 'દર્શન અલૌકિક, સારાં, ખૂબ શોભાએ યુક્ત થયાં.' પછી એવી ધૂન્ય કરી કે 'હે મહારાજ ! તમો અલૌકિક સમૈયો કરાવી આપજો. કારણ કે ગુરુ શાસ્ત્રીજી મહારાજની જયંતી ઊજવાય તેમાં કોણ લાભ ન લે ? સૌ લાભ લે. આવો પ્રસંગ તો ક્યારેક આવે છે. અહોહો ! સ્વામીએ કાર્ય કર્યું છે તેનો મહિમા કહેતા પાર ન આવે.'

## આ દેહ આકડાનો માંડવો

સાંજે પીપલગ આવ્યા. મોટાસ્વામીએ મંદિરમાં સ્વામીશ્રીને કહ્યું : 'બહુ ભીડો વેઠ્યો !'

'આ દેહ આકડાનો માંડવો છે. શાસ્ત્રીજી મહારાજની દષ્ટિથી ચાલે છે.' સ્વામીશ્રીએ હુંહાટા વગર સહજભાવે કહ્યું.

અહીંથી નીકળી ઓડવાળા ચતુરભાઈના કારખાનાનું ખાત કરવા ઠેઠ વડોદરા પાસે પાદરા રોડ ઉપર પધાર્યા. બપોરે પાછા પીપલગ આવી ગયા.

પછી પાડગોલ, મહેળાવ, તારાપુર, સાયલા, નાર, લીંબાસી, માતર થઈ, ખેડા પધાર્યા. તા. ૧૮મીએ, ચંદ્રગ્રહણની અસર હતી. તેથી રાત્રે મોડે સુધી કથા-કીર્તન કર્યાં. સવારે વાત્રક નદીએ સૌ સાથે સ્નાન કરવા ગયા. નદીના પુલ પાસે જ્યાં નદીનો ધીરગંભીર પ્રવાહ વહે છે ત્યાં સ્નાન કર્યું. પછી રઢુ, શાંતિપુરા, પુરુષોત્તમપુરા, નાગજીપુરા, નાયકા, શ્રીજીપુરા, ચિત્રાસર, ધરોડા, નવાગામ, મહીજડા, નાજ, વસઈ, સમાદરા થઈ, ભાલિયાપરા રામચંદ્રકાકાને ત્યાં પધાર્યા. નડિયાદથી કૃષ્ણાભાઈ દર્શને આવ્યા હતા.

## લાખ રૂપિયા આપે તોપણ આપશો નહિ

બીજા દિવસે તેમણે નડિયાદ જવા સ્વામીશ્રીની રજા લીધી. ત્યારે સ્વામીશ્રી કહે : 'ઊભા રહો, અમારે પ્રસાદીની આ માળા તમને આપવી છે.'

પછી માળા હાથમાં રાખીને સંતોને સંબોધીને બોલ્યા કે 'બધા સંતો આ

માળાને હાથ અડાડો.'

બધા સંતોએ માળાનો સ્પર્શ કર્યો. તે પછી સ્વામીશ્રીએ માળા આપતાં કૃષ્ણાભાઈને કહ્યું કે 'આ માળા પ્રસાદીની છે. તેના કોઈ લાખ રૂપિયા આપે તોપણ કોઈને આપશો નહીં.'

પછી સાંખેજ પધાર્યા. બપોરે આરામમાંથી સ્વામીશ્રી વહેલા ઊઠી બહાર આવ્યા. ત્યારે ડાહ્યાભાઈ સોમાભાઈ પટેલની વાડીમાંથી જામફળ આવેલાં તે એક સંત ઠાકોરજીના બપોરના મેવા માટે સુધારતા હતા. સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : 'જામફળ પાણીથી ધોયાં ?' તેઓ કાંઈ બોલ્યા નહીં. સ્વામીશ્રી સમજી ગયા. તેથી સ્વામીશ્રી આખો કરંડિયો ઉપાડીને ધોવા લઈ જવા નીચા નમ્યા, ત્યાં તેમણે રોક્યા અને પોતે કરંડિયો લઈને કૂવા પર ધોવા ગયા. બળદેવભાઈ નારણભાઈ પટેલ વગેરે હરિભક્તોને થયું : સ્વામીશ્રી ઝીણી ઝીણી વાતમાં કેવો ખટકો રાખે છે !

## રેલબાબુની ટ્રોલી પાવન કરી

નેનપુરથી મહેમદાવાદ જવાનું હતું. સ્વામીશ્રીએ રેલવેમાં નોકરી કરતાં રતિભાઈ પંડ્યાને કહ્યું કે 'આજે તમારી સેવા લેવી છે. અમે ગાડામાં બેઠા છીએ, પ્લેનમાં બેઠા છીએ, પણ ટ્રોલીની મુસાફરી નથી કરી. તો એમાં વ્યવસ્થા કરો. મહેમદાવાદ જવું છે.'

તેથી રતિભાઈએ રેલવેના પાટા પર ચાલતી ટ્રોલી જે રેલવેના ઈન્સ્પેક્ટર માટે જ હોય છે, તેની વ્યવસ્થા માટે પેરવી કરી. જો કે આ વ્યવસ્થા અસંભવિત જ હતી. તે સમયે નંદા નામે P.W.I.ના સ્થાનિક અધિકારી હતા. તેમના ચાર્જમાં ટ્રોલી હતી. રતિભાઈ તેમને લઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. પરિચય આપ્યો અને પળમાત્રમાં સ્વામીશ્રીએ તેનું દિલ જીતી લીધું. કાયદાકીય દૃષ્ટિએ અસંભવિત વાત સ્વામીશ્રીએ શક્ય બનાવી અને ક્યારેય જે વાહનમાં બેઠા નહોતા તે વાહનમાં બિરાજી પંદર-વીસ મિનિટમાં સ્વામીશ્રી મહેમદાવાદ આવી પહોંચ્યા. આ દરમ્યાન અમદાવાદ - નડિયાદ બંને તરફથી ટ્રેનો બંધ થવાથી ફોન પર ફોન આવવા લાગ્યા, પરંતુ નંદા અને રતિભાઈ પંડ્યાએ સ્વામીશ્રીની સાનુકૂળતા પહેલી જોઈ.

ટ્રોલીમાંથી ઊતરી સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'આ બેય સાહેબે આપણને નવી મુસાફરી કરાવી. અમે ગાડીમાં બેઠા, પ્લેનમાં બેઠા, ડમણિયે બેઠા,

પણ આ મુસાફરી પહેલી.' એમ ગમ્મત કરાવી સહુને સ્વહસ્તે પ્રસાદ વહેંચ્યો.

સ્ટેશન ઉપર સ્વામીશ્રીના સ્વાગત માટે ભારે જનમેદની ઊમટી હતી. તાલુકા પંચાયત પ્રમુખ બંસીભાઈ પંડ્યા, નગરપતિ જનુભાઈ પંડ્યા, સ્વાગત પ્રમુખ રાવજીભાઈ પટેલ, શંકરલાલ વ્યાસ વગેરે ધર્મપ્રેમી જનતા સ્વાગત-યાત્રામાં જોડાઈ હતી. પ્રથમ નગર પંચાયતની ઑફિસમાં સ્વામીશ્રીનું પૂજન કર્યું. બૅન્ડ-વાજાં, દારૂખાનું તથા ઘીની સળગતી મશાલો સાથે લગભગ ૫,૦૦૦ની જનમેદની ઊભી હતી. જાહેર સભામાં હકાખાચર, એ.પી. પટેલ, બંસીલાલ પંડ્યા તથા પ્રમુખસ્વામીનાં સંબોધન પછી સ્વામીશ્રીએ આશીર્વચનો ઉચ્ચાર્યાં હતાં. જડીલાલ પંડ્યા, ચીમનભાઈ પંડ્યા, પ્રભાશંકર પંડ્યા વગેરેએ સેવાનો લાભ લીધો.

તા. ૨૭મીએ અડાસ થઈ, અટલાદરા પધાર્યા. અહીં જન્મ જયંતી અંગેની અગત્યની મિટિંગ હતી. જેમાં મહોત્સવનો કાર્યક્રમ તથા અન્ય આયોજનો અંગે સક્રિય વિચારણા કરી નિર્ણયો લેવાયા. સ્વામીશ્રી તો આવી મિટિંગોમાં માળા ફેરવતા બેસતા અને દરેકના મંતવ્ય સાંભળતા. દરેકનો ઉત્સાહ જોઈ એમને આનંદ થતો. જો કે પ્રેરણામૂર્તિ તો પોતે જ હતા. નિર્ણય અંગે જ્યારે એમને પૂછવામાં આવે, ત્યારે હસતાં હસતાં સંમતિ આપે. પણ એટલો આગ્રહ રાખે કે સમૈયામાં આવનારની વ્યવસ્થા બરાબર સચવાય. સ્વયંસેવકો ખડે પગે સેવા કરે. જમણવારની યાદીમાં શું મીઠાઈ બનાવવી એમાં પોતાનો અભિપ્રાય ઘણી વાર આપે ખરા; પણ મોટાસ્વામી હોય તેથી ઘણુંખરું એમના વિચારો માન્ય રાખે. બાદ પોતાને વિશ્વાસ કે પ્રમુખસ્વામી અને ઉત્સાહી સંતો-હરિભક્તો છે, તેથી આયોજન સારું જ થશે. છેવટે ક્રિયાશક્તિ બક્ષનાર તો એ જ હતા ને !

અહીંથી નીકળી વડોદરા, સયાજીપુરા, જેસિંગપુરા, વાઘોડિયા, વેરા, અંટોલી, જાંબુવાડા, આસોજ, અંજેસર, વાસણા કોતરિયા, સોખડા, મીરસાપુરા, સાંકરડા, રણોલી, વિદ્યાનગર, આણંદ, નડિયાદથી ધોળકાને રસ્તે મીઠાપુરના ભોગાવાથી જ સીધા લીંબડી પહોંચી ગયા. રાત્રે રાજકોટ થઈ, તા. ૬-૧-'૬૫ ગોંડલ પધાર્યા.

## વિચરણની ભીંસમાંથી ગુરુભક્તિનો આનંદ-સ્રોત

લગભગ ૨૭ દિવસમાં ૫૩ ગામોમાં સ્વામીશ્રી પધાર્યા. આ ઉંમરે પણ

એ જ સ્ફૂર્તિ ! અધિકાધિક ઉત્સાહ ! લોકોને માટે તો શતાબ્દી મહોત્સવ વસંત પંચમીએ હતો; પણ સ્વામીશ્રીનો મહોત્સવ-કાર્યક્રમ જ્યારથી એમણે નિર્ણય લીધો કે ઉત્સવ કરવો છે, ત્યારથી જ શરૂ થઈ ગયો હતો. નહિતર માગશર અને પોષની કડકડતી ઠંડીમાં એક ગામથી બીજે ગામની આ દોડાદોડ, રોજની આશરે ૫૦ જેટલી થતી પધરામણીની પરંપરાનો અસહ્ય ભીડો કોણ ખમી શકે ? આ અસાધારણ વિચરણના પરિશ્રમમાં જ સ્વામીશ્રીની ગુરુભક્તિ રોમ-રોમમાંથી પ્રગટ થતી હતી. કોઈ અલૌકિક ઉત્સાહ એમના અંતરમાંથી ઊછળતો હતો. અખંડ હાસ્ય વેરતું મુખારવિંદ એની સાક્ષી પૂરતું હતું.

તા. ૧૦મીએ રાજકોટમાં ધારેશ્વર મંદિરમાં ધર્મપ્રેમી શેઠ નરોત્તમદાસ નંદાણીના પ્રમુખપદે સત્સંગ સભાનું આયોજન કર્યું હતું. ગણાત્રા સાહેબે સ્વાગત-પ્રવચન કર્યું હતું. વિદ્વાન પંડિત મણિશંકરભાઈ, મેં, સિદ્ધેશ્વર સ્વામીએ તથા પ્રમુખસ્વામીએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. સ્વામીશ્રીએ અમૃત વાણીથી સૌને ભક્તિભીના કરી દીધા.

અહીં ભક્તિનગરમાં ચંદ્રકાંતભાઈ ત્રિવેદીના ઘરે પધરામણી કરી. શતાબ્દી મહોત્સવમાં શાસ્ત્રીજી મહારાજની મુદ્રાઓ પ્રકાશિત કરવામાં જેમનો ખૂબ સહયોગ હતો તે શાંતિભાઈ છનીઆરા અહીં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમની મુદ્રા બનાવવાની સેવા લીધી અને ખૂબ રાજીપો દર્શાવ્યો.

રાજકોટના 'જયહિંદ' પ્રેસમાં છપાતા 'યજ્ઞપુરુષ સ્મૃતિ ગ્રંથ' જોવા સ્વામીશ્રીએ પ્રેસના માલિક બાબુભાઈ શાહના આગ્રહથી પ્રેસમાં પધરામણી કરી હતી. આ ગ્રંથ પ્રકાશનમાં સ્વામીશ્રીએ ખૂબ જ ઊંડો રસ લીધો હતો અને અમને સંતોને ખૂબ પ્રેરણા આપી હતી. હું તથા સત્યપ્રિય સ્વામી આ કાર્ય માટે ગોંડલ રોકાયા હતા, તો લગભગ રોજ એમના પત્રો આવતા અને અમને આ સેવા બદલ ખૂબ ખૂબ બળ પ્રેરતા. આ માટે નોર્વેથી ખાસ ઊંચા પ્રકારનો આર્ટ પેપર, આફ્રિકાના હરિભક્તો મારફત સ્વામીશ્રીએ સેવામાં મંગાવ્યો હતો અને પોતાના ગુરુનો સ્મૃતિ ગ્રંથ અપૂર્વ બને, તે દ્વારા ગુરુનો મહિમા પ્રવર્તે, એવી ભાવના પોતે સતત સેવતા.

બીજે દિવસે સોમવારે બારદાનવાળા શેઠની મોટરમાં સુરેન્દ્રનગર, ખારવા, વઢવાણ થઈ, રાત્રે અમદાવાદ પધાર્યા. અહીં પ્રેમી ભક્તરાજ ભોગીલાલ ચોકસીની ખબર કાઢવા હૉસ્પિટલમાં ગયા હતા.

શતાબ્દી નિમિત્તે અનેક ગામોનું અથાક-અવિરત વિચરણ કરી, તા. ૧૨-

૧-’૬૫, સૌરાષ્ટ્ર એક્સપ્રેસ દ્વારા રાતે ૮-૨૫ વાગે મુંબઈ સેન્ટ્રલ સ્ટેશને પધાર્યા. સ્વાગત પછી સ્વામીશ્રી મંદિરે આવ્યા. સંતોએ *‘મારે આજ પ્રીતમ ઘેર આવ્યા...’* એ કીર્તન ગાયું. અક્ષર ભવનના નવા દાદરેથી સ્વામીશ્રીને ઉપર લાવ્યા. સભામાં બિરાજ્યા ત્યારે એક પાર્ષદે ઉપરથી પુષ્પવૃષ્ટિ કરી. તે આજુબાજુ જોતાં સ્વામીશ્રી આશ્ચર્ય સાથે બોલી ઊઠ્યા : ‘પુષ્પવૃષ્ટિ થઈ !’

કોઠારી સ્વામીએ હાર પહેરાવ્યો. સ્વામીશ્રી કહે : ‘મહંત સ્વામી અને સંતોએ ‘જય સ્વામિનારાયણ’ કહ્યા છે.’ પછી કહે : ‘પાંચ વાતું બોલીએ...’

‘સ્વરૂપનિષ્ઠા વરને ઠેકાણે છે...’ ‘જાણપણારૂપ દરવાજે...’ બાદ સ્નાન માટે પધાર્યા.

## મહાકાળ ઉડાડી મૂક્યો

ડૉક્ટર સ્વામીને બોલાવી સ્વામીશ્રીએ બધાના ખબર પૂછ્યા. સંતો કહે : ‘તબિયત ઠીક છે ?’

‘જુઓને સારી છે !’ પછી કહે : ‘પ્રેસમાં યજ્ઞપુરુષ સ્મૃતિ ગ્રંથ જોયો. શાસ્ત્રીજી મહારાજના ફોટા છપાતા હતા.’ ગ્રંથ જોઈ બહુ રાજી થયા, તે વાત અહીં સંતોને કરી.

પછી કહે : ‘સોખડા ૧૦-૩૦ વાગે રાતે પહોંચ્યા. મોટાસ્વામીને લકવાની અસર હતી. ખૂબ ધૂન કરી. દાક્તરે ઈન્જેક્શન આપ્યું. અડધો કલાક ધૂન કરી. ફેર પડ્યો. ફરી ધૂન કરી. બીજું ઈન્જેક્શન દીધું. સારું થયું. મહારાજે રક્ષા કરી. આશરો બળવાન. મહાકાળ ઉડાડી મૂક્યો.’

પછી જમીને સભામાં ગ.મ. ૫૩ વંચાવતાં કહે : ‘મને તો આખી રાત વાતું કરું એમ થાય છે; પણ હવે ટટ્ટુ ચાલતું નથી...!’

‘ભગવાનની અલૌકિક સમજણ એટલે શું ?’ ૧૦-૩૦નો ટકોરો થયો ત્યારે સ્વામીશ્રી કહે : ‘જો, સાક્ષી પૂરે છે. ભગવાન અને સંતની અલૌકિક સમજણ હોય છે. આ લોકમાં ન મળતી હોય તેવી.’

રાત્રિસભામાં સ્વામીશ્રી કહે ‘કાલે પર્વણીનો દિવસ. શાસ્ત્રીજી મહારાજની (ઉત્સવની) સેવા લેવી છે. તે ઉત્તમતિથિ. છાતી કેટલી ફૂલવી જોઈએ ! સુવર્ણ જયંતી આવે તો મોઢું પહોળું થવું જોઈએ. બૈરાંની ઊજવે, રાજાની ઊજવે છે, તો આ તો પુરુષોત્તમ નારાયણના લાડીલા ! કેટલી શ્રદ્ધા જોઈએ ! કેટલો ખપ જોઈએ !’

ઓરડામાં આરામ વખતે સેવકોને વાતમાં વાત કરી કે 'દાક્તર-વૈદ્ય ઘરના લાવવા. ફી ભરવી ન પડે અને તેને અક્ષરધામની પ્રાપ્તિ થાય. પ્રસાદીનો પડિયો દેવો. સંસ્કાર લાગે. ઢાળી દેવા.'

સ્વામીશ્રીના સ્વાસ્થ્યની તપાસ માટે કોઈ મોટા ડૉક્ટરો કે વૈદ્યોને હરિભક્તો લાવે, ત્યારે તેઓ જો સ્વામીશ્રીને જોવાની ફી લે તો સ્વામીશ્રીને તે ગમતું નહિ. તેથી સ્વામીશ્રી આ રીતે પોતાનો મત જણાવતા. જો કે મોટા ભાગે કોઈ ડૉક્ટર કે વૈદ્ય ફી લેતા જ નહિ. સ્વામીશ્રી તેમનું ખૂબ ધ્યાન રખાવતા.

એકાદશીએ બપોરે ૩-૧૫ વાગે ઠાકોરજી સમક્ષ આવીને બિરાજ્યા. 'સ્તોત્રસિંધુ'ની એક પ્રત મંદિરમાં સ્વામીશ્રી પધારે ત્યારે તેમને વાંચવા માટે જુદી રાખેલી. તે ઉપર પોતે સહી કરી અને લખ્યું : 'મારા વાંચવા માટે દાદર મંદિર તરફથી ભેટ મળી છે તો અહીં જ રાખવી.'

આમ, પોતે સમગ્ર મંદિરો - સંસ્થાના ધણી હોવા છતાં એનો અણસાર આવી નાની ક્રિયામાં પણ જોવા મળતો નહિ.

## કહેશે આ ટાવર તો બહુ સારું રે

મકરસંક્રાંતિનો સમૈયો કપોળ વાડીમાં ઊજવ્યો. પછી બોરીવલી પધાર્યા. અહીં ત્રણ દિવસનું હરિલીલાકલ્પતરુનું પારાયણ યોજ્યું હતું.

અહીં સભા પ્રસંગમાં ખૂબ ભાવમાં આવી સ્વામીશ્રી કહે :

'અક્ષરપુરુષોત્તમનું દાદરનું સેન્ટ્રલ મંદિર, વાવટો ફરકાવી દીધો. તે વાવટાનાં દર્શન કરશે, ટાવરનો ટકોરો સાંભળશે, તેનો મોક્ષ થશે. સંતના દર્શન, પ્રસાદી તે જુદી વાત છે.

*'કહેશે આ સંત તો બહુ સારા છે...'* હવે આપણે *'કહેશે આ ટાવર તે બહુ સારું રે, ખરું કલ્યાણનું કરનારું રે... એટલો જ ગુણ કોઈ લેશે રે, એ તો બ્રહ્મમો'લે વાસ લેશે રે...'* એમ પોતાના સંબંધનો અલૌકિક મહિમા સહેજે સમજાવ્યો. વળી, *'અનુભવી આનંદમાં...'* કીર્તન બોલ્યા અને કહે :

'મહારાજના છતાં જે કીર્તન ગવાતું હતું, પાંચસો પરમહંસ બિરાજમાન તે વખતે આ કીર્તનનો જેવો રસ આવતો હતો તેવો અત્યારે આવે છે કે નથી આવતો ? આવે જ. તે રસમાં ઊતરી જઈએ તો તેવો રસ આવે.

'અમદાવાદમાં સ્વામી જ્યારે આંબલીવાળી પોળમાં પધારતા, ત્યારે મારી પાસે આ કીર્તન ગવરાવે. એનો અર્થ સ્વામી કહે. જે મઝા પડે, વાત મૂકી દ્યો.'

## અત્યારની શોભા શું ?

તા. ૧૮મીએ, અક્ષર ભુવનમાં સભામાં સ્વામીશ્રી બિરાજ્યા હતા. સ્વામીશ્રીના આસનનાં બધાં ઓશિકાંનાં કવર લાલ મખમલ અને ઉપર પીળી રેશમની પટ્ટીવાળાં કર્યાં હતાં. શોભા સારી લાગતી હતી. તે વખતે સ્વામીશ્રીએ ગ.પ્ર. ૨૬મું વચનામૃત કઢાવ્યું. તેમાં આવ્યું કે 'મહારાજે બે કાનની ઉપર ગુલદાવદીનાં મોટાં મોટાં બે પુષ્પો ખોસ્યાં હતાં.'

સ્વામીશ્રી કહે : 'અત્યારના કરતાં પણ સારી શોભા તે દી' સંતો કરતા.'

પછી એકદમ બોલ્યા : 'અત્યારની શોભા શું ? આ રેશમી કવર કાઢી નાખો અને ભગવાં ચડાવી દેજો. તમને આ આજ્ઞા છે.' એક સંતને કહ્યું.

કોઈએ વચમાં કહ્યું : 'બાપા ! રેશમી અને ભગવાં બેય માટીનાં જ છે તો.'

'બેય માટીનાં, પણ એક અંગીકાર થાય - એક ન થાય. ગુણ આવે તેવી ક્રિયા કરવી. ગુણાતીત સ્વામી અમદાવાદમાં આચાર્ય મહારાજને ત્યાં ચાંદીના ટાટમાં ન જમ્યા.' સ્વામીશ્રી ઠાવકાઈથી પણ ગંભીરતાથી બોલ્યા. કોઈ આગળ બોલી શક્યું જ નહીં. એમની આવી જ્ઞાન-ગરીબી પણ ઘણી વાર લોકોને સ્થિર કરી દેતી.

## શાસ્ત્રીજી મહારાજ મળવા કઠણ

પછી કથા પ્રસંગમાં બોલ્યા : 'સંપ્રદાયો તો લાખો ચાલે છે, તેમાં આપણો પણ ચાલે છે. તેમાં શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ મળવા કઠણ. ફર્સ્ટ ડિગ્રી મળવી કઠણ. ગુણાતીત પુરુષ મળવા કઠણ. આવા સંતની સેવા કરવાથી સંબંધ થાય, પછી તે ન છોડે. આપણે છોડવા હોય તોય ન છોડે. *'જીવને જાવું હશે બીજે, ત્રીજે, તોય જાવું પડશે રીજે, ખીજે રે...'* આ તેમની દયા છે.

'આવી રાત-દી' વાતું કરીએ છીએ ને બીજે રસ મનાય છે તેનું શું કારણ ? કહો. એવો મહિમા નથી સમજાતો - મહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી, રસના મહોદધિ છે. જે રસ દેખાય છે તે આ મૂર્તિમાંથી નીકળ્યો છે. એવો મહિમા અક્ષરબ્રહ્મનો જણાય તો બીજે રસ ન મનાય.

'પાંચ-પચાસ હજારનો વકરો થતો હોય તો ખોટી થવાય ? મહિમા હોય તો છોડીને આવવું. ભગવાનની મૂર્તિનો સ્વાદ લેવો. તે જ્ઞાન હોય, પણ મહિમા ન હોય તો લૂખું રહે. મહિમાની ચીકાશ હોય તો પ્રાણ પથરાય.'

## વાતે વાતે આનંદ - લહરી

પછી સભામાં ઝોલાં ખાતા એક સંત સામે જોઈ એકદમ બોલ્યા : 'આમને ન બોલાવીએ તો ઊંઘી જાય અને આગળ બેસાડીએ તો પ્રશ્ન નાખે. બેય વાતે દુ:ખ.' એમ કહી એવું લટકું કર્યું કે સૌ હસી પડ્યા. સભામાં બેઠેલા કેટલાકનું આળસ ઊડી ગયું.

વળી, સભામાં ભીડ ઘણી થઈ હોય તે સ્વામીશ્રી માઇકમાં જ હસતાં હસતાં જાહેરાત કરે : 'પારવે વાંકડિયા.' કોઈ સમજે નહિ એટલે ખૂબ હસે ને પછી સમજાવે : 'બધાએ સાંકડે-માંકડે બેસી જવું.' કહેતાં બધા નજીક આવો.

તો ઈશ્વરભાઈ દેસાઈ સામું જોઈને કહે : 'ઈશ્વરભાઈ તો આકાશમાં વહાણ હલાવે એવા છે.' આ સાંભળતાં જ સભામાં હાસ્યનું જબ્બર મોજું ફરી વળે. સૌના કાન સરવા થઈ જાય. સભામાં જાગૃતિ આવી જાય. આમ, ગંભીર જ્ઞાનચર્ચાની વચ્ચે પણ સ્વામીશ્રી વાતાવરણ હળવું કરતા. સૌને જ્ઞાન સાથે ગમ્મત મળતી. વાતે વાતે રમૂજ કરવાની સ્વામીશ્રીને સહજ ટેવ હતી. તેથી પણ સૌ આનંદમગ્ન રહેતા. અને વિશેષ આનંદ તો સૌને સ્વામીશ્રીની હસતી અલૌકિક મૂર્તિનાં દર્શન કરવામાં આવતો. નાના-મોટા સૌ તેમાં ખોવાઈ જતા.

વળી, કથામાં સમય બહુ સાચવતા. ૯-૦૦ને ટકોરે કથા બંધ કરી જ દે. કારણ, સૌને નોકરી-ધંધે જવાની ઉતાવળ હોય. એટલે સ્વામીશ્રી થોડી વાર પહેલાં સામે બેઠેલા ભક્તને સમય પૂછતાં કહે : 'તમારા ટાવર(કાંડા ઘડિયાળ)માં કેટલા વાગ્યા ?' એમ ચાર જણને પૂછે. સૌને અલૌકિક સ્મૃતિ મળી જાય.

## મહારાજ, સ્વામી દિવ્ય દેહે પધારશે

આજે સ્વામીશ્રીએ આવી રહેલા શતાબ્દી મહોત્સવનો અદ્‌ભુત મહિમા જણાવતો અને ભક્ત-સમુદાયને તેમાં આવવા આમંત્રણ આપતો એક સુંદર પત્ર સ્વામિનારાયણ પ્રકાશ દ્વારા લખ્યો :

*સંવત ૨૦૨૧ના પોષ વદી ૧, વાર સોમ,*
*રાતના ૯॥ વાગે, અક્ષર મંદિર - દાદર,*
*મુંબઈ-૧૪, તા. ૧૮-૧-'૬૫*

*આશીર્વાદ પત્ર*

*'અહોહો ! સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ જન્મ જયંતી શતાબ્દી ઉત્સવ*

*ઊજવાશે, તા. ૬-૨-'૬૫ના રોજ ઊજવાશે, તે નિમિત્તે હજારો હરિભક્તો પધારશે, દેશદેશના સંતો પધારશે. તેથી ભવ્ય જયંતી ઊજવાશે.*

*'તે વખતે અનંત કોટિ મુક્ત, શ્રીજીમહારાજ ને મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી દિવ્ય દેહે પધારશે. આપણાં અંતરમાં શાંતિ કરી આપશે. તો હજારો હરિભક્તો અટલાદરા પધારશો. મહાલાભ મળશે.*

*'અહોહો ! સ્વામી શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ મહારાજનુ સ્થાપન કરેલ છે. લાખો હરિભક્તોને સ્વામીએ સુખિયા કરી આપ્યા છે. તેમની જયંતી ઊજવવા પધારો તેવું અમારું હાર્દિક જાહેર આમંત્રણ છે.*

*'તેમાં સંતોએ દાખડો કરીને 'સ્મૃતિ ગ્રંથ' રાજકોટમાં છપાવી બહાર પાડ્યો છે. તે ગ્રંથ સર્વોપરી થયેલ છે. તેમનાં દર્શન પણ થશે, ભારે ડંકો વાગશે, આનંદના ફુવારા છૂટશે. તો સંતોએ સ્મૃતિ ગ્રંથ કરેલો છે તેમાં સ્વામીનો અગાધ મહિમા આવશે, તેમજ સંતોએ તથા મહંત સ્વામીએ પ્રદર્શન કરેલું તેમનાં દર્શન કરાવશે. રા.રા. ખેંગારજીભાઈ સ્વામીના મહિમાનું અંગ્રેજી લખાણ તૈયાર કરી અલૌકિક કાર્ય કરી રહ્યા છે.*

*'આવી રીતે સ્વામીનો મહિમા અતિશે વર્ણવાશે તો એ સર્વોપરી ગ્રંથ, સર્વોપરી પ્રદર્શન, સર્વોપરી સમૈયો ને સર્વોપરી મુમુક્ષુ જીવને દીક્ષા વિધિ, તે સર્વોપરી મહિમા પંચમીએ સ્વામીના જયંતીને દિવસે થશે.'*

✧

બીજે દિવસે, સવારે મંગળ પ્રવચનમાં અમૃત વચનો કહ્યાં :

'અમારી એવી પ્રકૃતિ – જેના હૃદયમાં એવી પરિપૂર્ણ ભક્તિ હોય તે ઉપર હેત થાય. ભીડો વેઠવાના ગુણ ન હોય તે ઉપર હેત ન થાય. મન જ ન ચોંટે.

'હું ગોંડલમાં હતો. માંદો પડ્યો. શાસ્ત્રીજી મહારાજ ધર્મશાળામાં પંડે આવે. કલાક બેસે ને કહે : 'જાવ, સારું થઈ જશે.' પછી બળ મળે. નવું જીવન ! કાંટો ચડી જાય ! સમાગમથી કેટલા સાધુ-હરિભક્ત થઈ ગયા. ફેલફતૂર જતા રહ્યા.'

## ભગવાનની નોકરી

સવારે ચંદ્રકાન્ત મૂળજીભાઈ જોશી અમદાવાદ જવાના હોઈ, આરતી પછી સ્વામીશ્રી બ્લેન્કેટ ઉપર પત્ર લખવા બિરાજ્યા. પત્ર પૂરો થઈ ગયો તો તેનું કવર હતું તેના પર લખવા માંડ્યા ને કહે : 'આખી દુનિયામાં કોઈ અહીં લખતું નહીં હોય. લંડનમાંય નહીં લખતું હોય.

'આપણે તો ભગવાન ભજાવવા. સવારના ૪-૩૦ થી રાતના ૧૨-૦૦ સુધી ભગવાનની નોકરી. સૌને માયા પાર લઈ જવા છે.'

રાત્રે સભામાં હરિભક્તોને આનંદ કરાવતાં કહે : 'હવે બચુભાઈ પાંચ મિનિટ વાત કરશે. સાંભળો, વાત કરી દઈએ – હવે બે-ચાર દી' આપણે રહેવાનું છે. જયંતીમાં લખાવેલું દઈ દેવું. છેલ્લો વારો છે. જયંતી પહેલાં ઉપયોગમાં આવી જાય. મુંબઈ મંડળે સેવા સારી કરી. આશીર્વાદ આપવામાં આવે છે.'

એટલામાં હરિભાઈ પાર્લાવાળા રજા લેવા આવ્યા. સ્વામીશ્રી કહે : 'જાવું જ છે ને સૌને ! ક્યાં રહેવું છે ?' એમ કહી કાવ્ય-પંક્તિ બોલ્યા : *'ચેતી લે ચિત્તમાં વિચારી, ચાલજે ડરી.'* એ મરમ કર્યો. પછી મોહનભાઈ તથા હર્ષદભાઈને બોલવા આજ્ઞા કરી.

વળી એક હરિભક્ત ઊભા થઈ સ્વામીશ્રી પાસે રજા લેવા આવતા હતા. તેમને કહે : 'બેસો, મોટરમાં મોકલીશું.' પછી કહે : 'ટેક્સી તો મળે છે ને ! મારે સૂવાનો દસનો ટાઈમ છે. કેમ બેઠો છું ? માટે બેસો.'

૧૦-૩૦ વાગે ચેષ્ટા બાદ સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

## તમે મને થાપો મારો

તા. ૨૦મીએ, ૧૧-૩૦ વાગે થાળમાં પધાર્યા. સ્વામીશ્રીને વાંચીને બોલવા માટે કોઠારી સ્વામીએ કાગળમાં *'જમો જમોને મારા...'* થાળ લખેલો. મરોડદાર અક્ષર જોઈને રાજી થયા. પછી કહે : 'મારા આવા અક્ષર થાય તેવા આશીર્વાદ આપો.'

'આપના આવા જ અક્ષર છે.' પોતાની ડાયરી બતાવતાં નારાયણ ભગતે કહ્યું. પછી સ્વામીશ્રીએ નારાયણ ભગતની ડાયરી લીધી ને નજર ફેરવી. તેમને આશીર્વાદનો થાપો મારતાં કહે : 'અક્ષર સારા થશે.'

પછી કહે : 'તમે (મને) થાપો મારો. મારા અક્ષર સારા થાય...!' સ્વામીશ્રીએ નારાયણ ભગત પાસે આશીર્વાદ માગ્યા. ત્યારે અવાક્ બની નારાયણ ભગત ભીની આંખે સ્વામીશ્રી સામે જોઈ રહ્યા !

બપોરે ૧૨-૫૦ વાગે ઠાકોરજી જમાડી સભામાં બિરાજ્યા ને કહે : 'હાલો, પાનના હરે ! ઈશ્વર દેસાઈ ! આવો.'

આમ દરેકને પાસે બોલાવી, હથેળીમાં ઠાવકાઈથી પાનબીડું આપતા સ્વામીશ્રી અલૌકિક સ્નેહપાન સૌને કરાવતા. પંગતમાં ફરીને તે સૌને આગ્રહ

કરીને જમાડ્યા જ હોય, છતાં શિરમોડરૂપે પાનની પ્રેમ-પ્રસાદી અવશ્ય આપતા.

એવામાં શંકર ભગત (મૂર્તિવાળા) પાનની પ્રસાદી લેવા આવ્યા. તેમને સ્વામીશ્રી કહે : 'તમારે ન ખવાય.'

## જમવું એ સમાગમ !

પૂજન થયું, એટલામાં ઉરણથી ડાહ્યાભાઈની સાથે માછીમારો આવ્યા હતા. તેમને જમવા મોકલ્યા ને કહે : 'ભોજન કો પાન કરના ! જમવું એ સમાગમ !'

પછી વાત જોડતાં કહે : 'નવા આવ્યા હોય તેને બોલાવવા, ચલાવવા, ઉપેક્ષા ન કરવી.'

મહેળાવવાળા ઈશ્વરભાઈ સાથે એક ભાઈ આવ્યા હતા. તેમને કહે : 'કહો, ઓળખાણ કરાવો. આ કોણ છે ?'

'છોટાભાઈ, ધર્મજના છે.'

'શું બિઝનેસ કરે છે ?'

'કાપડનો.'

'ક્યાં ? જેઠા મારકીટમાં ? મસ્કતી મારકીટમાં ?'

'ના, ત્યાં સ્વદેશી મારકીટ છે તેમાં...'

'બહુ સારું...' એમ ત્યાં બેઠેલા દરેક ભક્તમાં અંગત રીતે સમાઈ જઈને સ્વામીશ્રી હળવેકથી આરામમાં જવા ઊઠ્યા. પણ સંતો-ભક્તો તો ક્યારનાય દેહભાન ભૂલીને એમની એ કામણગારી મૂર્તિમાં ખોવાઈ ગયા હતા. જાણે એ અક્ષર ભવનમાં ઠાકોરજીના ઓરડામાં સ્વામીશ્રી હજુ બેઠા જ છે, એવો સૌને ભાસ રહી ગયો. આ એમનો આધ્યાત્મિક પ્રભાવ હતો !

એક વહેલી સવારે સ્વામીશ્રીએ સંતોને સંબોધતાં કહ્યું :

'હું અને નિર્ગુણ સ્વામી સાંકરદા ગયેલા. રસોઈ માટે પાંચ મણનો દૂધપાક અને પાંત્રીસ શેરની પૂરી કરવાની હતી. અમે બે જ સાધુ હતા. નિર્ગુણ સ્વામી રસોઈવાળાને કહે : 'તમે લોટ ઘરે લઈ જાવ. બશેર લોટ જ મોકલો. તેટલી પૂરી અમે કરી લઈશું.' પછી નિર્ગુણ સ્વામીએ મને કહ્યું : 'તમે કરશો ?' મેં કહ્યું : 'સ્વામી ! હું તો મણનીય કરી નાખું. લાવો લોટ.'

'લોટ ચાળીને ઉપર થાળી ફેરવી. (લોટ ઉપર ઊંધી થાળી ધીરે ધીરે દબાવીને ફેરવવાથી જીવાત હોય તો તે ઉપર આવી જાય). પછી લોટમાં પાણી નાખીને લોટને પલળવા દીધો, જેથી સારો થાય.

'પછી હું પૂરી વણવા બેઠો. નિર્ગુણ સ્વામી તળવા બેઠા. પૂરી ફૂલીને દડા થાય. અડધા મણની પૂરી એક કલાકમાં થઈ ગઈ. કેમ કર્યું ? ભગવાન ભળ્યા.

'નિર્ગુણ સ્વામી કહે : 'હું નહોતો ધારતો કે તમે આટલું કરશો. તમારી શ્રદ્ધા હતી તો કઠણ ન પડ્યું. નહીંતર હું તો બશેર લોટ રખાવી બીજો લોટ પાછો મોકલવાનો હતો.'

'પણ મને એમ કે 'ઠાકોરજીની પૂરી આપણા હાથે કરેલી જે જમશે તેને સંસ્કાર થાય. તેનું કલ્યાણ થાય. ને આપણી સેવા થઈ જાય.' લોટ મોકલી દીધો હોત તો સેવા થાત ?'

તા. ૨૨મીએ, સવારે ૯-૩૦ વાગે પવઈ જવા નીકળ્યા. ખાસ તો અહીં સંતોનાં ધોતિયાં રંગવાનો કાર્યક્રમ હતો. ૧૦૦ ધોતિયાં રંગાવ્યાં.

બપોરે ૧-૪૫ સુધી વાતો કરી, આરામમાં પધાર્યા.

સાંજે ૫-૧૫ વાગે જમીન ઉપર નવા બાંધેલા મકાનમાં સ્વામીશ્રી બિરાજ્યા. પછી ભીખાભાઈ રાજુલાવાળા અને ભક્તોએ જમીન સુધારી. પછી સ્વામીશ્રી બધાં ખેતરોમાં ફરવા નીકળ્યા ને કહે : 'જોડા પહેરીને ખેતરમાં ન ચાલવું. ઠાકોરજીનો થાળ થાય છે !'

સંધ્યાકાળે ખુરશી દ્વારા બાજુની ઊંચી ટેકરીઓ ઉપર જઈ આ ભૂમિને રમણરેતી બનાવી.

## ચાર વેદનો સાર એમાં છે

કથા પ્રસંગમાં ગ.પ્ર. ૫૬ પર વાતો કરતાં કહે :

'આ વચનામૃતમાં લીંબડો ને દાદાખાચર બે વાત છે. તેમાં શું વાંચો છો ?' એમ અજાણ્યો બોલે. પણ ચાર વેદનો સાર એમાં છે.

'મહારાજને પ્રસન્ન કરવા હોય તો ગુણે અટંટ થાવું નહીં. આપણે દાસ-ભાવ રાખવો. મહિમા સમજાય તો માન જાય. જેની વાંહે ભગવાન ફરે એવી ભક્તિવાળો પણ અહંકાર કરે તો ભગવાન છેટે જતા રહે ને આપણને તો ભગવાન વશ નથી તોય અભિમાન ! માન આવે તો ભગવાનની આપણા પર કરડી નજર થાય. નમ્રતા રાખે તો અતિ પ્રસન્ન મૂર્તિ દેખાય.'

તા. ૨૩મીએ, સ્વામીશ્રી શામજી અદાની રાઈસ મિલનું ઉદ્‌ઘાટન કરવા મુંબઈથી થોડે દૂર અંબાડી પધાર્યા. અહીં સંતો-હરિભક્તોની સભામાં સ્વામીશ્રી કહે : 'પોતાના ઇષ્ટદેવ સિવાય બીજાના વખાણ થાય એ પતિવ્રતાની ભક્તિ

નહીં – એમ સ્વામી શાસ્ત્રીજી મહારાજ કહેતા.'

## અમે તો ચિરંજીવ છીએ

પછી અંબાડીથી નીકળી, ૪-૩૦ વાગે વજ્રેશ્વરી પધાર્યા. બગીચામાં પલાંઠી વાળી બેઠા અને વાતો બોલવા લાગ્યા. બે પધરામણી કરી, ગરમ પાણીના કુંડે પધાર્યા. અહીં હજારો રક્તપિત્તિયા અને ઘણા પ્રકારના રોગીઓ સ્નાન કરતા હતા. સ્વામીશ્રી ખુરશીમાં બેસી અહીં પધાર્યા અને સભા કરીને બેઠા.

એક હરિભક્ત ફોટા પાડતા હતા. સ્વામીશ્રી કહે : 'શું ફોટા પાડે છે ?'

તેણે કહ્યું : 'આપની ૧૦૦મી જયંતી(શતાબ્દી)એ સુવેનિયર છાપતી વખતે કામ લાગે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'અમે તો ચિરંજીવ છીએ.'

પછી ઠેઠ કુંડ સુધી ખુરશી લઈ ગયા. કુંડમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને સ્નાન કરાવ્યું. બીજા કુંડમાં પણ પગ બોળ્યા અને બધાને માથે જળ ચડાવ્યું. પછી બોલ્યા : 'આમાં જે નાહશે તેનું કલ્યાણ.'

અહીંથી નીકળી, ૫-૩૦ વાગે ગણેશપુરી પહોંચ્યા. સીધા સમાધિ કુંડે ગયા. અહીં ત્રણ કુંડ છે. અહીં પણ હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવ્યું. પાણીમાં હાથ બોળ્યા ને કહે : 'બહુ ગરમ પાણી. આમાં જે નાહશે તેનું કલ્યાણ.' વળી કહે : 'બીજા કુંડમાં હાથ બોળવા છે.' પછી ત્યાં પ્રસાદીનું જળ છાંટ્યું.

અહીં ગણેશપુરીમાં બમન બહેરામે સ્વામી નિત્યાનંદજીનું મ્યુઝિયમ બનાવ્યું છે. મૂળ તેઓ સ્વામી નિત્યાનંદના શિષ્ય. એક હરિભક્તના યોગથી સ્વામીશ્રીના સંબંધમાં આવ્યા હતા. તેઓ સ્વામીશ્રીને કહેતા કે 'આપ કોઈ વાર આ મ્યુઝિયમ જોવા પધારજો.' આજે સ્વામીશ્રી ગણેશપુરી આવ્યા ત્યારે યાદ કરીને આ મ્યુઝિયમ જોવા પધાર્યા. પ્રવેશ કરતાં જ ડાબી બાજુએ દત્ત અને ગણપતિની મૂર્તિઓ જોઈ તેનો ચરણસ્પર્શ કર્યો.

સ્વામીશ્રી અહીં આવવાના છે તેવી બમન શેઠને ખબર ન હતી. સ્વામીશ્રીનું પણ અહીં આવવાનું નક્કી ન હતું. ફક્ત અંબાડી જ આવવાનું હતું. પણ યોગાનુયોગ બમન શેઠ પણ આજે અહીં જ હતા. તેમને સમાચાર મળ્યા કે સ્વામીશ્રી પધાર્યા છે, એટલે તેમના એક અમેરિકન મિત્ર સાથે એકદમ મ્યુઝિયમમાં આવ્યા. સ્વામીશ્રીએ મ્યુઝિયમ જોઈ લીધું હતું. મ્યુઝિયમના દરવાજે જ મળી ગયા. સ્વામીશ્રી બહુ રાજી થયા અને કહ્યું : 'તમને પૂર્વના સંસ્કાર છે.

આપને મળવાની ઇચ્છા હતી. બિલ્જિયમ (મ્યુઝિયમ) જોવા તમે કહેતા ગયા હતા, તે ભગવાનની ઇચ્છાએ જોગ થઈ ગયો. તમે સાક્ષાત્ મળી ગયા.'

'દાદર ક્યારે આવશો ? અટલાદરા અમારા ગુરુની જયંતી ૫-૬ ફેબ્રુઆરીએ છે. તો આપને આમંત્રણ છે. બેંગ્લોર જવું નથી. (ત્યાં તેમને યેલેહેન્કા ગામમાં એક ફાર્મ હતું). મુંબઈ રહો ને ખેતીવાડી ભગવાન કરી જશે. અટલાદરા આવો તો અમને સંભારણું રહેશે કે બહેરામ બાપુ આવી ગયા. કહો, અટલાદરા કેટલું રોકાશો ?'

સ્વામીશ્રીના પ્રેમથી ભીંજાઈ ગયેલા બમન શેઠે કહ્યું : 'આપ રજા દેશો ત્યારે જઈશું.'

અહીં સ્વામીશ્રી મ્યુઝિયમની નીચી પાળી ઉપર પલાંઠી વાળી બિરાજ્યા અને વાતો બોલ્યા : 'વ્યવહારમાર્ગ તો કાંઈ કઠણ નથી... આ જમીન કાળાંતરથી તપ કરતી હતી.' ખરેખર ! સ્વામીશ્રીનું કોઈ સ્થળે જવું એ આકસ્મિક નહોતું.

અહીંથી નીકળી, ૭-૪૦ વાગે દાદર મંદિરે આવી પહોંચ્યા.

## શાસ્ત્રીજી મહારાજને કંકોતરી લખી

બીજે દિવસે સવારે શાસ્ત્રીજી મહારાજ શતાબ્દી મહોત્સવની કંકોતરી છપાઈને આવી. સ્વામીશ્રીએ કંકોતરી ઠાકોરજી આગળ મુકાવી અને ઉપર પુષ્પો મુકાવ્યાં. પછી કથા શરૂ કરાવી. ડૉક્ટર સ્વામી અને હર્ષદભાઈને કહ્યું : 'બધા કંકોતરી લખવા જાવ.'

સ્વામીશ્રીએ પહેલી કંકોતરી શાસ્ત્રીજી મહારાજના નામથી બોચાસણ લખી : 'પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજ - બોચાસણ.' બીજી પત્રિકા ગોંડલ લખી : 'શ્રી અક્ષર મંદિર, ગોંડલ - સ્વામી શાસ્ત્રીજી મહારાજ,

દ : સાધુ જ્ઞાનજીવનદાસ. તા. ૨૪-૧-'૬૫.'

રાત્રે શતાબ્દી નિમિત્તે તૈયાર કરેલ ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજનું રૂપક, પિનાકિનભાઈ ત્રિવેદીએ સ્વામીશ્રીને સંભળાવ્યું હતું. તે સાંભળી સ્વામીશ્રી ઘણા જ રાજી થયા હતા. આ રૂપક અમદાવાદ-વડોદરા રેડિયો ઉપરથી પ્રસારિત થયું હતું.

## સબ્બી જાનતા હૈ

સંતોને અભ્યાસ કરાવતા શંકરમતના પ્રખર વિદ્વાન અને ભારતીય વિદ્યા-

ભવનના સંસ્કૃત પાઠશાળાના પ્રધાન આચાર્ય દીક્ષિતારજી તેમજ ડૉ. કૈલાસે મંદિરમાં પ્રવચનો આપ્યાં હતાં.

તેમના ગયા પછી એક હરિભક્તે સ્વામીશ્રીને પૂછ્યું : 'દીક્ષિતારજી સંસ્કૃતમાં બોલ્યા તે આપ સમજ્યા હતા ?'

'બધી ખબર ન પડી.' પછી કેફમાં આવી જતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'સબ્બી જાનતા હે !' અને સભામાં અહોભાવ સાથે હાસ્યનું મોજું ફરી વળ્યું.

તા. ૨૫મીએ સવારની કથામાં વચનામૃત ગ.મ. ૩૨ સમજાવતાં કહ્યું :

'સંત ને ભગવાનને ઓળખવા તે જ્ઞાન. તેના મહિમાનો વિચાર કરવો તે ધ્યાન. અતિ મોટાઈ શું ? ગુણાતીતરૂપ થાય તે. પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન શું ? હર્ષદભાઈ ! જવાબ દ્યો.'

'આપ દ્યો બાપા !'

'આપ નહીં દે. તમે જાણો છો. આખો સત્સંગ આ વચનામૃત વાંચે છે, પણ ક્યાંનું ક્યાં બેસાડે.

'આ બ્રહ્માંડમાં છોકરાં કેટલાંય ભણે છે. બી.એ. થાય, પણ First તો એક-બે થાય. અક્ષરપુરુષોત્તમનું ક્યાંથી ખબર પડે ? અનંત જન્મની કસર પૂર્વનાં પુણ્ય હોય તો ટળે. સર્વોપરીની ગેડ બેસવી મુશ્કેલ.

'અક્ષરધામમાં જેવા સહજાનંદ સ્વામી છે, તેવા આપણને મળ્યા છે. તે વિશેષ ભાવ.'

સંતોએ મંદિર માટે તબલાં ખરીદ્યાં હતાં. સ્વામીશ્રીએ તેની પૂજા કરીને થોડું વગાડ્યું. સંતોએ પૂછ્યું : 'બાપા ! કયો તાલ વગાડ્યો ?'

સ્વામીશ્રી બોલ્યા : 'અક્ષરધામનો તાલ ! બીજો કયો હોય ?'

## ભગવાનની ચિઠ્ઠીથી ભગવાનનો મેળાપ થાય

બીજે દિવસે મંગળ પ્રવચનમાં સંતોને સંબોધતાં કહે :

'સારંગપુરનું મંદિર બંધાતું હતું. એક શેઠે શાસ્ત્રીજી મહારાજનો મહિમા સાંભળેલો તે દર્શન કરવા આવ્યા. હું ઓસરીમાં ઊભો હતો. તેમણે પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજ ક્યાં છે ?' તેમના મનમાં ગાદીએ બેઠા હશે. પણ શાસ્ત્રીજી મહારાજ વાડીએ પાંચ સાધુને લઈને ગયેલા. હું તેમને વાડીએ લઈ ગયો. સ્વામીએ કછોટો મારેલો. હાથમાં કોદાળી લઈ ખોદતા હતા. શેઠના મનમાં એમ કે કોદાળીવાળા બીજા કોઈ સાધુ હશે. મેં કહ્યું 'આ જ શાસ્ત્રીજી મહારાજ !'

પછી શેઠે દંડવત્ કર્યા.

'કહેવાનો હેતુ શું ? નિર્માનીપણું.

'એક વાર વાસુદેવ સ્વામીએ કહ્યું : 'સ્વામી ! મજૂર નથી મળતા.' શાસ્ત્રીજી મહારાજ કહે : 'હું આવું.' પછી સ્વામી બે ભગત લઈને ઊપડ્યા. માથે ગાતરિયું બાંધ્યું. છોગું ફરકતું હતું. પોતે ટોપલા ઉપાડતા. ખાતર કાઢ્યું. નિર્ગુણ સ્વામી ના પાડવા આવ્યા ત્યારે સ્વામી કહે : 'તમેય આવો !' આ ઇદમ્ સાંભરે છે.

'જેણે હજારોને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવ્યો, તેવા પુરુષનો જેટલો મહિમા ગાઈએ તેટલો આપણો થાય અને તે તો અપાર ને અપાર સમુદ્ર જેવા.

'રાષ્ટ્રપતિ આગળ સાત ચોકી. રાષ્ટ્રપતિને ત્યાં નંદા સાહેબની ચિઠ્ઠી બતાવવી પડે. સિપાઈ ભાલા લઈને ઊભા જ હોય. અહીં આટલી બંધી, તો અક્ષરધામમાં કેટલી બંધી ? રાષ્ટ્રપતિના સેક્રેટરી કહે : 'તમે શતાબ્દીનું આમંત્રણ આપવા વહેલા કેમ ન આવ્યા ? હવે મહિના પછી ખબર આપશું. પછી કહેવરાવશું. નહીં આવી શકાય.' આવી ત્યાં ચોકીઓ છે.

'તો પછી મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ પાસે એમ ને એમ જવાય ? નો જવાય. તેવા ગુણ આવવા જોઈએ. ભગવાનની ચિઠ્ઠીથી ભગવાનનો મેળાપ થાય.'

તા. ૨૭મીએ, અક્ષર ભુવનમાં સવારે ૫-૪૦ વાગે સંતોને સંબોધતાં કહ્યું :

'આપણે ત્યાગીને બે વસ્તુ - સ્ત્રી ને ધનનો ત્યાગ. બ્રહ્માંડમાં નથી. આપણા માટે કોડી જેવી વસ્તુ, રૂપિયો ખાનગીમાં રાખ્યો, તો સો હજાર ગાયો માર્યાનું પાપ લાગે. વસ્તુ તો કોઠારમાંથી મળે છે, પણ સ્વભાવ પડ્યા પૈસા રાખવાના ! બોચાસણના સંતોની પ્રખ્યાતિ આખા દેશમાં ! ધન, સ્ત્રી, કોઈ વસ્તુ ન રાખે. જાડાં લૂગડાં પહેરે તો ભાર પડે. ત્યાગ રાખવો. કોઈ પદાર્થનો સંગ્રહ નહીં. અમે દાંડિયું કરી ધોતિયું દોઢ વરસ ચલાવીએ.

'અમારા ગુરુ કૃષ્ણચરણદાસ ૪-૦૦ વાગે ઉઠાડે. વાતો કરે ને એક કલાક બધા વાંચે. કીર્તન-વાતો કરે તેનો પાઠ લે. પાઠ ન આપે તો ૧૦૦ માળા દે. કડપવાળા. હું ને ભગવાનજી શેઠ મંડ્યા હતા. નત એક વચનામૃત કરીએ. આખો ચોપડો ગોખવો હતો. પાંસઠ-છાંસઠ સુધી પહોંચ્યા. મોટેરાએ ખટકો વધારે રાખવો. નહીં તો ગુરુ સૂઈ રહે તો ચેલો ડબલ સૂઈ રહે.'

આજે કપોળ વાડીમાં પધાર્યા હતા. અહીં ૪-૦૦ વાગે હરિલીલામૃત

વંચાવ્યું. ત્યાં દિલીપસિંહ જાડેજા આવ્યા ને કહે : 'ધ્રોળ બાપુ નીચે આવ્યા છે.'

તેઓ ઉપર આવી શકે તેમ ન હતું. તેથી સ્વામીશ્રી વાડીમાં નીચે પધાર્યા. સભા જેવું થઈ ગયું. લાઠી દરબાર પ્રવીણસિંહ ચુડાસમા તથા મોરબી ઠાકોર પણ સાથે દર્શને આવ્યા હતા. હારતોરા થયા. સ્વામીશ્રી પાંચ વાતું બોલ્યા. પછી સંતો પાસે '*હે હરિ...*' કીર્તન ગવરાવ્યું. કોઠારી સ્વામી પાસે વાતું બોલાવી, નિરૂપણ કરાવ્યું. ને પોતે '*અનુભવી...*'ના ચાર પદ ખૂબ ભાવથી અનુભવીની ખુમારીમાં બોલ્યા અને થોડી વાત કરી. અમેરિકન પાર્ષદ ઘનશ્યામ ભગતે ધૂન બોલાવી. દરેકની તબિયત સારી રહે તેવા આશીર્વાદ આપી, સ્વામીશ્રીએ બાપુ અને અન્ય અતિથિઓને ગળે હાથ ફેરવ્યો અને આશીર્વાદના હેતથી થાપા આપ્યા.

સ્વામીશ્રીની બ્રહ્માનંદ રેલાવતી હસતી-ડોલતી મૂર્તિ, સ્વામીશ્રીને ફરતી યુવાન સંતોની તેજસ્વી સંતમાળ, આ બધું જોઈ વિચક્ષણ અને પીઢ રાજવીઓ ખૂબ ખૂબ પ્રભાવિત થયા અને સ્વામીશ્રીને વારંવાર પગે લાગતા ફૂલહાર-પ્રસાદ લઈ વિદાય થયા.

## મોક્ષની ખુલ્લી બજાર

બીજે દિવસે, સવારે ૭-૩૦ વાગે સભામાં સ્વામીશ્રી કહે : 'આજે બજાર બંધ. (એકાદશી હોવાથી). એક મોક્ષની બજાર અહીં ખુલ્લી છે, પણ કોઈ આવતો નથી.'

આજે મંદિરે દર્શન કરી, પછી સૂર્યનારાયણની વાડીએ દર્શને પધાર્યા. બધે દંડવત્ કરે અને રજ માથે ચડાવે. વળી કહે : 'અહીં નીચે રસોડામાં હું ગાતરિયું કાઢી બધા હરિભક્તોને પીરસતો. સ્વામી અહીં પૂજા કરતા. હું બાજુમાં પૂજા કરતો. સ્વામીએ વાસુદેવ માહાત્મ્યની પારાયણ કરેલી. નિર્ગુણ સ્વામી અને હું અહીં બેસતા. સ્વામીની વાતું હું વાંચું. શાસ્ત્રીજી મહારાજ નિરૂપણ કરે. હર્ષદભાઈ લખે. નાનુભાઈ રસોઈ કરે. હું અહીં રાઘવદાસના સલોકા બોલું. પ્રેમજી ભગત 'હરે' કરતા.' આમ, સૂર્યનારાયણની વાડીમાં બધે ફરીને પોતે શાસ્ત્રીજી મહારાજની 'સમર્તિ' કરી. જ્યાં જ્યાં શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીની જગ્યા હતી, ત્યાં ત્યાં દંડવત્ કરી, ચરણરજ લઈ માથે ચડાવી, સૌને ગુરુભક્તિની અલૌકિક સ્મૃતિ આપી.

સભા પ્રસંગમાં સ્વામીશ્રીએ અમૃત વચનો કહ્યાં :

'આપણે ત્યાં મહાપૂજાની શરૂઆત ગુણાતીતાનંદ સ્વામીએ કરી.

અચિંત્યાનંદ બ્રહ્મચારી કરતા ને સ્વામી બેસતા.

'શાસ્ત્રીજી મહારાજે ગોંડલમાં પ્રવર્તાવી. મને કહે : 'તમે (મહાપૂજા) કરો.' મેં કહ્યું : 'મને આવડતી નથી.' સ્વામી કહે : 'હું શીખવાડું !' અમે ઠોઠ બોઠિયા. પૂરું આવડે પણ નહીં. પણ સ્વામી કહે : 'દીધે રાખો. આવડી જશે.' ઓછુંવત્તું બોલાય તો વાંધો નહીં. મોટાના શબ્દ ઝીલીએ તો આવડી જાય. મંડ્યા રહેવું.

'બ્રહ્મઅગ્નિ ગુણાતીતને આત્મા માનીએ તો દેહભાવ ન રહે. ભગવાનનો સાક્ષાત્કાર થાય તે ફળ છે. હૃદયમાં કે બહાર ભગવાનને જોવા, તે અંતર્દષ્ટિ. આપણે સ્વામીની જયંતી ઊજવશું એ અંતર્દષ્ટિ. સત્સંગીને કાયમ અંતર્દષ્ટિ.

'જેને સંબંધ થયો તે બધા નિર્ગુણ. બાકી આ ગૃહસ્થો બૈરાં-છોકરાંવાળા; તેમને નિર્ગુણ કહેવાતા હશે ? પણ હેત-સંબંધ થયો, તે બધા નિર્ગુણ. સંબંધ થયો તેનાં ભાગ્યનો પાર નહીં. કેટલા જન્મ પછી સંબંધ થયો !'

પછી ઠાકોરજી જમાડવા પધાર્યા. ત્યારે વાત કરી : 'લૂખું દર્શન ન કરવું, મહિમા સહિત.' એમ કહી ફરાળ કરવા બિરાજ્યા અને કહે : 'યોગેશ્વર સ્વામી ! ચોકઠું લાવો ને ! પહેરાવી દ્યો ! (પછી) હાથ ધોઈ નાખજો.' એમ કહેતાં વાત જોડી દીધી. સ્વામીશ્રી આગળ કહે : 'મહિમા વગર અવગુણ આવે. સંત-હરિભક્તમાં જો જો કરે. પણ એમાં શું લાડવો કાઢવો છે ? આંખો જ બંધ કરી દેવી.'

બપોરની સભામાં ૧૨-૫૦ વાગે વચનામૃત ગ.મ. ૪૪ વંચાવ્યું. થોડી વાત કરી ત્યાં ઉરણથી માછીમાર ભક્તો આવ્યા. તેમની પાસે હારનાં પડીકાં હતાં. સ્વામીશ્રીએ તે લીધાં ને કહે : 'કાલે ઠાકોરજી માટે વાપરશું. ભગત ! ત્યાં મૂકી આવો.'

ભગતે પડીકું લઈને બાજુમાં જ મૂક્યું. તો સ્વામીશ્રી કહે : 'હમણાં ત્યાં મૂકી આવો. અહીં તો હું ય મૂકત ! જાવ, કાલે શોભા ખરેખરી આવશે.'

## વૈષ્ણવાચાર્ય દીક્ષિતજી મહારાજ દર્શને

તા. ૨૯મીએ, કપોળ વાડીમાં સ્વામીશ્રીએ બપોરે ઠાકોરજીનાં ઉત્થાપન પછી રોજના નિયમ મુજબ ઠાકોરજી આગળ ભક્તચિંતામણિનું ૬૪મું પ્રકરણ વંચાવ્યું. પછી કહે : '૬૫મું વાંચો.' અડધું વાંચ્યું ત્યાં ખબર આવ્યા કે 'ત્રીજા ભોઈવાડાની મોટી હવેલીના વૈષ્ણવાચાર્ય ગોસ્વામી દીક્ષિતજી મહારાજ નીચે હૉલમાં આવ્યા છે.' તેઓને પગે ખોડ હતી એટલે દાદરો ચડાય તેમ ન હતું.

તરત જ પાઘ પહેરીને સ્વામીશ્રી તૈયાર થઈ ગયા અને બોલ્યા : 'મોટા આવે ત્યારે બધાએ માથે બાંધીને જાવું. માળા લાવો.'

સ્વામીશ્રી નીચે વાડીના હૉલમાં આવ્યા. અરસપરસ અભિવાદન કર્યાં. સ્વામીશ્રીએ *'હરિગુણ ગાતાં'* બે પદો સંતો પાસે ગવરાવ્યાં. પછી ગોસ્વામીજીને કહ્યું : 'તમે વાત કરો.'

'ના, સ્વામી ! તમે વાત કરો.' ગોસ્વામીજીએ કહ્યું.

તેથી સ્વામીશ્રીએ શરૂ કર્યું : 'સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી, 'અહોહો ! માણસ બધા...' આટલું બોલી તરત જ અટકી જઈને બીજી જ વાત ઉપાડી લીધી : 'સંગ થાય પણ સત્સંગ વિના... ભજન કરતાં કરતાં...' 'એક દિવસ સ્વામી નાના નાના સાધુ, પાળા...' એમ વાતો બોલ્યા અને કહે : 'ફડિયામામા, આભાર માનો.' પોતે આંખો ઢાળીને ગાતરિયામાં હાથ નાખી માળા ફેરવવા મંડ્યા. પછી સ્વામીશ્રીએ તેમને શતાબ્દી મહોત્સવની કંકોતરી આપી અને કહ્યું : 'તમે કંઈક વાતો કરો. સંતો રાજી થાય. હિન્દીમાં બોલો.'

એટલે ગોસ્વામીજીએ હૉલમાંની શ્રીનાથજીની મૂર્તિને વંદન કરી, શુદ્ધ ગુજરાતીમાં શરૂ કર્યું : 'તમારે ગૃહસ્થોને કાંઈ જ્ઞાનની કસરતની જરૂર નથી. તમને તો આવા સત્પુરુષ મળી ગયા છે. પણ સંતો ! તમારે એની જરૂર છે. તમારે માથે ધર્મનો ભાર છે. તમે મને મહિનામાં એક વખત બોલાવશો, તો ભણાવવા ચોક્કસ આવીશ. આત્મોદ્ધાર માટે આવા પુરુષનો સંગ બધું છે; પણ પ્રતિવાદીનું મુખમર્દન કરવા માટે વિદ્વત્તાની જરૂર છે. ધર્મપ્રચાર માટે આવી કસરતની જરૂર છે.'

પછી સ્વામીશ્રીએ બધા સંતોને કહ્યું : 'મહારાજને બધા પગે લાગો.' એટલે બધા સંતો હારબંધ પગે લાગ્યા. અમેરિકન પાર્ષદ ઘનશ્યામ ભગતને પણ પગે લગાડ્યા.

આચાર્ય દીક્ષિતજી મહારાજ સ્વામીશ્રીનું નિર્માનીપણું જોઈ અત્યંત આકર્ષાયા. આવા મહાપુરુષને ભણેલા-ગણેલા યુવાન શિષ્યો સાધુ બનીને અનુસરે, છતાં બીજાનું બહુમાન કરે ! એવો તેમને ભારે ગુણ આવ્યો. પોતે મહિનામાં એક વખત દાદર મંદિરે પધારી, સંતોને શાસ્ત્રીય જ્ઞાનનો લાભ આપવા રાજીખુશીથી સામેથી તૈયાર થયા. તેમની ભાવનાનો આ રણકાર જ સ્વામીશ્રી પ્રત્યેની તેમની સદ્‌ભાવનાનો પર્યાપ્ત પુરાવો હતો.

અહીં પધરામણીએ જતાં સ્વામીશ્રી હંમેશાં પુરુષોત્તમભાઈ ફડિયાની મોટી

મોટરનો ઉપયોગ કરતા.

એક વાર બપોરે બાર વાગે પધરામણી કરીને વાડીએ આવ્યા. ડ્રાઇવરને થયું કે હવે બહાર જવાનું નહીં થાય. તેથી તે ગાડી લઈને જતો રહ્યો. એવામાં સ્વામીશ્રીને યાદ આવ્યું કે બોરીબંદર સ્ટેશન સામે સોવરીન વૉચ કંપનીમાં કાંતિભાઈ પટેલને ત્યાં પધરામણીમાં જવાનું ભૂલી જવાયું. સ્વામીશ્રીએ ત્યાં જવા ઇચ્છા દર્શાવી, પણ ડ્રાઇવર કે મોટર કાંઈ જ નહીં !

ત્યારે કેશવજીભાઈ ચુડાસમાની તદ્દન જૂની, ખખડી ગયેલી ગાડી હાજર હતી. એ ગાડીમાં બેસવા કોઈ તૈયાર થાય નહીં. પણ કેશવજીભાઈને સંકલ્પ કે 'બાપા એક વાર મારી મોટરમાં બેસે.'

કોઈએ સ્વામીશ્રીને કહ્યું કે 'કેશવજીભાઈની ખખડેલી ગાડી છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે તો પધરામણી કરવા જાવા સાથે સંબંધ છે. નવી-જૂની ગાડી સાથે કાંઈ નહીં.'

પછી કેશવજીભાઈએ પૂછ્યું : 'બાપા ! મારી મોટર તૈયાર છે. આવશો ?'

'હાલો, નીકળીએ.' સ્વામીશ્રીએ મોટાસ્વામીને પણ બોલાવ્યા. કેશવજીભાઈને તો આનંદનો પાર ન રહ્યો.

કાંતિભાઈ રાહ જોતાં દુકાને બેઠા હતા. આવી સામાન્ય મોટરમાંથી સ્વામીશ્રી ઊતર્યા તે જોઈ તેઓ તો આભા જ બની ગયા અને કહે : 'બાપા ! મને જણાવ્યું હોત તો મારી મોટર મોકલત !'

સ્વામીશ્રી સ્મિત કરતાં રહ્યા. કાંતિભાઈ ક્યાં જાણતા હતા કે સ્વામીશ્રીએ ભક્તનો મનોરથ પૂર્ણ કર્યો છે !

વળતાં એ જ મોટરમાં પાછા આવતા હતા. રસ્તામાં સંતોને વાત કરતાં કહે : 'સારંગપુર મંદિર માટે ઘડિયાળ લીધું તેના પૈસા આપવા પડશે ? મારા વાલીડે પૈસા ઓછા ન કર્યા. હવે કોને કહીશું ?'

મોટર ચલાવતાં કેશવજીભાઈ કહે : 'બાપા ! આ રકમ હું આપી દઈશ.'

સાંજે જ કેશવજીભાઈએ રકમ જમા કરાવી દીધી. સ્વામીશ્રીએ સવારે પૂછ્યું. સેવા નોંધાવી દીધી છે તે જાણી, તેમની ઉપર ખૂબ પ્રસન્ન થયા અને તેમને ખૂબ થાપા મારીને કહ્યું કે 'તમે આજે ટાણાની સેવા કરી લીધી.'

તેમનો સાચો ભાવ હતો તો સ્વામીશ્રી તેમની મોટરમાં બેઠા પણ ખરા. જે ભાગ્યે જ બને. કારણ, બીજા હરિભક્તોની મોટર હોય જ. વળી, તેમની મોટર ક્યારે બંધ પડી જાય અને સ્વામીશ્રીને અધવચ્ચે મૂકી દે તે કહી શકાય જ

નહિ. એવી તેમની સુદામાની વહેલ જેવી જૂની ખખડધજ નાની ગાડી હતી. પણ સ્વામીશ્રીએ તેમનો ભાવ પૂરો કર્યો. ટાણાની સેવા કરી, તેમણે સ્વામીશ્રીને રાજી પણ કર્યા.

## આફ્રિકાના હરિભક્તોનું સ્વાગત

આજે આફ્રિકાથી પચાસેક હરિભક્તો મોઝામ્બિક સ્ટીમરમાં શતાબ્દી-ઉત્સવનો લાભ લેવા આવી પહોંચ્યા. કપોળ વાડીએ સાંજે ૭-૦૦ વાગે સૌ આવ્યા. કમ્પાલાથી ત્રિભોવનદાસ અહીં આવવા તેમનાં ધર્મપત્ની સાથે નીકળેલા; પણ વચ્ચે નૈરોબીમાં જ તેમનાં પત્ની ધામમાં ગયાં છતાં તેઓ તો સમૈયે આવ્યા જ.

સ્વામીશ્રી પધરામણીથી ૮-૦૦ વાગે વાડીમાં પધાર્યા. બધાને મળ્યા, ભેટ્યા. સી.ટી. પટેલને બથમાંથી મૂકે જ નહીં : 'મારા લાડીલા લાલ આવ્યા.' એમ કહ્યું. રાત્રે સભા થઈ.

નૈરોબીથી સાધુ થવા આવેલા ૧૧ વર્ષના બાળક જયકૃષ્ણે[૨૫] *'યોગીજી સ્વામી, તમે બહુનામી'* એ કીર્તન ગાયું. સ્વામીશ્રી કહે : 'બહુ હુશિયાર, આફ્રિકાથી બહુ તેજ આવ્યું.'

સ્વાગત-હારતોરા બાદ ત્રિભુવનદાસ પટેલ તથા ભટેસા વગેરેએ પ્રાસંગિક સંબોધન કર્યાં.

## '૭૪' વર્ષે કેવો ઉચ્છાહ !

બીજે દિવસે સ્વામીશ્રી સવારે ૫-૩૦ વાગે ઊઠ્યા. ૧૫ મિનિટ ખાનગી કરી. ૫-૪૫ વાગે ધૂન શરૂ કરાવી.

બે-ત્રણ દિવસ પહેલાં સ્વામીશ્રીએ સંતોને કહેલું : 'મારે તમને એક વાત કરવાની છે, પણ પછી કરીશ. મારો વાત કરવાનો સંકલ્પ છે.' પછી ત્રણ દિવસ સુધી વાત તો કરી નહીં. એટલે સાંજે સંતો મંડ્યા કે 'બાપા ! તમારા મનમાં હોય તે કહો.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આ વાત તમને બહુ કઠણ પડશે.' પછી કહે : 'તમે બધા નિર્જળા એકાદશી કરો છો, તો મને એમ ઉચ્છાહ (ઉત્સાહ) આવી જાય છે કે હું પણ નિર્જળા એકાદશી કરું. મને કરવા દ્યો. ભેગાભેગું સારું. ત્રણ

---

૨૫. હાલ, યોગીચરણ સ્વામી.

દિવસથી મને આ વાત ગૂંચાતી હતી.'

સંતોએ કહ્યું : 'બાપા ! આપ ફરાળ કરો છો, તે ભેગાં અમે આવી જઈએ છીએ.' એમ સ્વામીશ્રીને માંડ માંડ સમજાવ્યા. ૭૪ વર્ષે કેવો 'ઉચ્છાહ !'

તા. ૩૧-૧-'૬૫, સ્વામીશ્રી ગુજરાત એક્સપ્રેસમાં મુંબઈથી નીકળી, બે દિવસ સુરત રહ્યા. અહીં આશાભાઈ બીમાર હતા. તેમના ખબર-અંતર પૂછી આશીર્વાદ આપ્યા.

## નાસ્તિકતાની મરુભૂમિ ઉપર અમીછાંટણાં

આ અરસામાં પ્રિન્સિપાલ મહેન્દ્રભાઈ કોન્ટ્રાક્ટર સ્વામીશ્રીના યોગમાં આવ્યા.

આમ તો તેમને ચાર પેઢીનો સત્સંગ. તેમના પ્રપિતામહે સુરતમાં સ્વામિનારાયણ મંદિર થયું ત્યારે ઘણો સાથ આપેલો. એના ફળસ્વરૂપે વૈષ્ણવોની ખફગી વહોરી લીધેલી. અને તેમની યજમાનગીરીની પોતાની કાયમની આજીવિકા પણ ગુમાવેલી.

પણ સમય જતાં અને આધુનિક શિક્ષણની અવળી અસરે તેઓ શુષ્ક વેદાંતી અને લગભગ નાસ્તિક થઈ ગયેલા. માતુશ્રીના આગ્રહથી તેમના સંતોષ ખાતર વરસમાં ફક્ત બે જ વાર તેઓ મંદિરે દર્શને જતા. પોતાની વર્ષગાંઠે અને નૂતન વર્ષના શુભ દિવસે. તે પણ શરમ, સંકોચ અને ડર સાથે, રખે કોઈ જોઈ જશે !

પરંતુ પૂર્વનાં પુણ્ય ઊગી નીકળ્યાં અને સુરતમાં આશાભાઈને ઘરે સ્વામીશ્રીનાં તેમને દર્શન થયાં. એમનો જગવિખ્યાત ધબ્બો ખાધો. પ્રથમ દૃષ્ટિએ જ પ્રેમભાવ જાગ્રત થઈ ગયો. નાસ્તિકતાની મરુભૂમિ પર આસ્તિકતાનાં અમી-છાંટણાં થયાં.

તેમનું રોમરોમ પોકારી ઊઠ્યું કે 'ભગવાન ક્યાંય હોય તો અહીં જ છે, અહીં જ છે !' આ તેમનો જાત-અનુભવ તેઓ અનેક વાર ભાવવિભોર બની વર્ણવતા અને પોતાના મિત્રોને પણ કહેતા.

સુરતથી નીકળી ભરૂચ થઈ, તા. ૩-૨-'૬૫, સ્વામીશ્રી શતાબ્દી મહોત્સવ પ્રસંગે સંતો-હરિભક્તોના વિશાળ સંઘ સાથે અટલાદરા આવી પહોંચ્યા.

❀ ❀ ❀